JEHANGIR B. KARANI'S GUJARATI SERIES.

THE

ARABIAN NIGHTS' ENTERTAINMENTS.

Translated by

JEHANGIR BEJUNJI KARANI

Editor of the "Dnyan Wardhak."



IN TWO VOLUMES—VOL. 1.

WITH ILLUSTRATIONS BY EMINENT ARTISTS,

ENGRAVED BY THE BROTHERS DALZIEL.

Bombay:

JEHANGIR BEJUNJI KARANI.

STANDARD PRINTING WORKS, 17 & 18 PARSI BAZAR, FORT.

3७५०

જેહાંગીર કરાંણીવાળી

અરેબીયન નાઇટ્સ.

ગુજરાતીમાં તરજુમો કરનાર

જેહાંગીર બેજનજી કરાંણી

અધીપતી. "જ્ઞાનવર્ધક."

બે પુસ્તકમાં—પુસ્તક ૧ લું.

વીલાયતના નામીચા કારીગરોનાં પાડેલાં ચિત્રો ઉપરથી 'હાલત્રેલ બ્રધર્સ' કોતરેલાં

સુંદર ચિત્રો સાથે.

મુંબઇ:

જેહાંગીર બેજનજી કરાંણીએ 'સ્ટેનડર્ડ પ્રીંટીંગ પ્રેસ' માં છાપ્યું છે.

નાં૦ ૧૭ તથા ૧૮ પારસી બજાર સ્ટ્રીટ, કોટ.

ખુલાસો.

અરેબીયન નાઇટ્સનો આ ગુજરાતી તરજુમો અમોએ અમારા 'જ્ઞાનવર્ધક' ચોપાનિયામાં ૧૮૮૭ નાં સાલથી શરૂ કીધો હતો અને દર માસે છપાતા અકેક ફારમથી તે પુરો થતાં ઘણાં વરસો થશે એમ જાણી, કેટલાક સજ્જેનોએ આ તરજુમો પુસ્તકના આકારમાં જલદી બાહેર પાડવાની ભલામણ કીધાથી, બનતી ઉતાવળે આ પેહેલું પુસ્તક બાહેર પાડયું છે. અને બીજાં પુસ્તકનું કામ આગળ ચલાવવામાં આવ્યું છે, જે બનતી કોશેસથી પુરૂં કરવામાં આવશે.

અરેબીયન નાઇટ્સનું આ પેહેલું પુસ્તક પ્રસીદ્ધ કરતાં અમારાં કદરદાંન વાંચનારાઓને એટલુંજ જણાવવાની રજા લઇએ છીએ કે આ તરજુમાં મધે જેમ બને તેમ સમજ પડતા શબ્દો અને સલીસ ઇબારત વાપરવાની અમોએ તજવીજ કીધી છે. વલી આ જગત પ્રસીદ્ધ પુસ્તક વગર હરખતે દરેક કુટું-બમાં એક સારાં વાંચન તરીકે વંચાય માટે તેનો તરજુમો કરતાં ખાસ સંભાલ રાખવામાં આવી છે. આ તરજુમો અમોએ "દાલઝેલસ ઇલસ્ટ્રેટેડ અરેબીઅન નાઇટ્સ," જે દાકટર એચ. ડબલ્યુ. દલર્કનની ખાસ તપાસ હેઠલ વીલાયતના જાણીતા પુસ્તકો પ્રગટ કરનાર મીશીઅરસ વૉર્ડ લૉકની કું૦એ પ્રગટ કીધી છે તે ઉપરથી ઘટતા ફેરફાર સાથે કીધો છે. એજ મોટાં પુસ્તકમાં આવેલાં નામીચા ચિતારાઓના ચિતારેલાં ચિત્રો ઉપરથી 'દાલઝેલ' નામના જાણીતા ચિત્ર કોતરનાર ભાઇઓના હાથના કોતરેલાં સુંદર ચિત્રો વીલાયતથી મોટા ખર્ચે મંગાવી અમારા તરજુમાનો ખાસ શૃંગાર કરવામાં આવ્યો છે.

અમોને જણાવવાને ખુશી ઉપજે છે કે અમારી અરેબીયન નાઇટ્સ સલીસ એબારતમાં પોતાને અવલ દરજ્જે મેલવાને ફતેહમંદ ઉતરી છે એ મત, જેઓએ તે આ પુસ્તકના આકારમાં બાહેર પડ્યા આગમચ 'જ્ઞાનવર્ધક' માં કકડે કકડે વાંચી છે તેઓએ આપ્યુંછે. અમોએ આપેલાં ચિત્રો આજ સુધી ગુજરાતીમાં પ્રસીદ્ધ થયલી તમામ અરેબીયન નાઇટ્સની પ્રતોથી તદન જુદાં, સુંદર ને ખાસ વીલાયત દરમ્યાનથી મોટો ખર્ચ કરી મંગાવી છાપેલાં હોવા છતાં અમારી અરેબીયન નાઇટ્સની કીંમત એટલી સસ્તી રાખી છે કે તેની સેંકડો નકલો શોકીન ખરીદદારોએ આગમચથી નાણું ભરી ખરીદી અમને આસરો આપી અમારી કદરશનાસી કીધી છે. ફકત ત્રણ રૂપીઆમાં આટલી મોટી તખ્તીની, તેમજ સુંદર ચિત્રો સાથની સંપૂર્ણ ને સલીસ એબારતની અરેબીયન નાઇટ્સ ખરીદતી વખતે ઘણાંક ગ્રાહકોએ પોતાનો સંતોષ જાહેર કરયો છે તેઓ જાણી ખુશી થશે કે આ પેહલાં પુસ્તક કરતાં બીજાં પુસ્તકમાં વધુ ચિત્રો તેમજ વધુ સફાઓ આપવામાં આવનાર છે.

પુસ્તક પેહેલાંનું સાંકળિયું.

પેહેલાં પુસ્તકમાં આવેલાં ચિત્રોનું સાંકળ્યું.

૧૦૦૧ રાતની શરૂઆત

સુલતાન શેહરીયારને શેહરાઝાદી વાર્તા કહી સંભળાવે છે



(જુઓ સફો

જેહાંગીર કરાણીવાલા

અરેબીયન નાઇટ્સ.

---:o:---

ઇરાંન દેશના પુરાતન પાદશાહો જેઓએ પોતાનુ રાજ હિંદ તથા ચીન સુધી વધારી મેલ્યુ હતુ તે પાદશાહોની તવારીખમાં જણાવેછે કે તે વંશનો એક જબરદસ્ત પાદશાહ તે દેશનુ રાજ ચલાવી જ્યારે મરણ પાંમયો તે વેળા તેના બે પુત્રો હતા. સેહરીયાર જે વડો છોકરો હતો તેને બાપેગે રાજનો મોટો ભાગ મળ્યો હતો. બીજો છોકરો જેનુ નામ શાહ ઝેનાન કરી હતુ તે પોતાના વડા ભાઇની માફક એક નેક શાહાજાદો હતો; તથા જેને તેની પ્રજા સારી પઠે ચાહતી હતી. તે શમરકંદનો રાજા થયો હતો.

બન્ને ભાઇઓને એક બીજાથી જુદા પાડ્યાને દસ વર્ષ થયા બાદ સેહરીયારે પોતાનાં વજીરને મોકલી તે ભાઇને પોતાની દરબારમાં બોલાવી લાવવાનો ઠરાવ કીધો. તે અમલદાર પોતાનાં મરતબા લાયકનો રસાલો પોતાની સાથે લઇ બાહેર પડયો અને જેટલી બની એટલી શૈતાબીથી તે સમરકંદ જઇ પોહચ્યો. તે વજીરને પાદશાહે ઘણોજ માંન ભરેલો આવકાર ખુશાલી સાથે આપ્યો. અને વજીરે ત્યારે પોતાની મુસાફરીની હકીકત તથા મકશુદ પાદશાહને કહી સંભલાવી. તે વિષેનો જવાબ શાહ ઝેનાને આપ્યો કે "દાનાવ વજીર, શુલતાંન મને ઘણીજ આબરૂ અને મરતબો આપેછે. જેટલો તે મને જોવાને ઈનતેજાર છે તેટલો હું તેને જોવાને અંતકરણથી શોખ રાખું છુ. મારા દેશમાં શુલેહ સપજ મચી રહીછે અને તમારી સાથે મારા ભાઇની દરબારમાં જવાની તૈયારી કરવા સારૂ મને દશથી વધારે દીવસ લાગશે નહી માટે એટલા થોડા વખતને ખાતર શેહરમાં તમુને દાખલ થવાની કાંઇ જરૂર નથી. તેથી હુ તમુને અરજ કરૂછું કે તમે તમારા ડેરા તંબુ અત્રે મારો. હું તમારે તથા તમારા રીશાલાને માટે જેટલી બાવે એટલી ખાધ ખોરાકી પોહચતી કરવાનો હુકમ કરીશ

દસ દીવસની આખરીએ પાદશાહે પોતાની રાણી પાસેથી રવાનગી માંગી લીધી અને સાંજ પડતાં પોતાના રીશાલા સમેત શેહર બાહેર નીકલ્યો અને પોતાનો પાદશાહી ડેરો વજીરનાં તંબુ પાસે મારયો અને મધરાત સુધી વજીર સાથે વાતચીત કરવાનુ જારી રાખ્યું હતું. પણ તેની મરજી થઇ કે એકવાર ફરીથી પોતાની રાણી, જેને તે ઘણોજ ચાહતો હતો. તેણીને મલી ભેટી આવું. તેથી એકલો પોતાના મેહલ તરફ તે પાછો ફરયો અને પાધરો તેના ઓરડામાં ગયો.

પાદશાહ કાંઇ પણ ગડબડ કરયા વગર અંદર દાખલ થયો અને રાણીના તેની ઉપર હેત પ્રીત વિષે તેના મનમા કાંઇ પણ શક ન હતો તેથી તેની આગળ અણચીતો જવાથી તે ખુશી હતો. રાણીના ઓરડામાં પડતાં અજવાળાંની મદદથી જોતાં તેને અચરતી સાથે માલમ પડયું કે ત્યાં એક ગોલામ હાજર હતો. તે પોતાની આંખોને વધારે ચોલી જોવા લાગ્યો કે તેને જે દીસ્યુ તે બરોબર

છે કે નહી. તે પોતાના મન સાથે વાત કરવા લાગયો કે હજુરતો શમરકંદ શેહર મેં છોડયું નથી તેટલામાં મને ફીનપસ્તી લગાડવાનુ કામ કરવાની તેઓએ છાતી ચલાવી છે. એટલું બોલીને તેને પોતાનુ ખંજર ખેચ્યું અને તેથી બન્નેનો પ્રાણ લીધો અને બેમાલમ રીતે શેહરમાંથી પાછો ફરી પોતાની મુશાફરીએ ચાલ્યો.

જ્યારે હિંદની રાજધાણી તરફ આવી પોંહચયો ત્યારે સુલતાન સેહરીયાર તથા તેની દરબારને લગતા સર્વે અમીર ઉમરાવ તેને મળવાને બાહેર આવ્યા અને બન્ને ભાઇઓ એક બીજા સાથે મળ્યાથી ઘણીજ ખુશાળીમાં આવ્યા અને એક બીજા સાથે બગલગીરી કરી લોકોની ખુશાળીના આવાજ સમેત તેઓ શેહરમાં દાખલ થયા અને પોતાના ભાઇને વાસ્તે જે મેહળ તૈયાર રાખ્યો હતો તેમા સુલતાન તેને લઇ ગયો.

પણ તેની ઓરતની બેવફાઇનુ કાંમ તેના મનમાથી નીકળ્યું નહી, તે ફંદ આવ્યાથી શાહ ઝેનાનના ચેહરા ઉપર એટલી તો અસર થઇ કે સુલતાનને તે માલમ પડ્યા વીણા રહી નહીં તેને પોતાના ભાઇના દીલને રીજવવા સારૂ દર રોજ નવી નવી તરેહની ખેળવતો સોધી કાહડી અને દર રોજ રચનાભરેલી જ્યાફતો આપતો પણ તેની સર્વે કોસેશ સામી તેના ભાઇના ગમને વધારવા લાગી. એક દીવસે સેહરીયાર પોતાના રાજધાણીથી બે દીવસની મંજલની વેગળાઇ તરફ શીકાર કરવા નીકળ્યો અને શાહ ઝેનાને માંદગીનુ બાંનુ કાહાડી પોતાના ભાઇની સાથે જવા ના પાડયાથી તેને પડતો મેલી સુલતાન ચાળતો થયો. શાહ ઝેનાન પોતાના ઓરડામાં ભરાઇ બેઠો અને એક બારી, જેમાંથી જોવાથી હેઠલનો બાગ દેખાતો હતો, તે બારી આગળ આવી બેઠો.

એકાએક તે મેહલને લગતો એક છુપો દરવાજો ઉંઘડી ગયો અને તે રસ્તેથી આસરે વીસ સ્ત્રીઓ નીકલી આવી. તેઓની વચમાં સુલતાનાં પોતે હતી. જે બાંદીઓ સુલતાનાં સાથે હતી તેઓએ પોતાના મોહડા ઉપરનો બુરકો ઉઠાવી લીધો તથા મોહટો જભો પેહરેલો હતો તે તેઓએ કાહાડી નાખ્યો. શાહ ઝેનાન જોઈ અરત થયો કે તેઓમાં દશ ગોલામો હતા અને તેઓ દરએકે એકકી સ્ત્રી પશંદ કરી લીધી. સુલતાનાં પોતાના હાથની તાલી વજાડી 'મશૌદ! મશૌદ!!' એ રીતે પોકાર કરવા લાગી. તેજ વેળા એક ગોલામ તેની આગળ દોડી આવ્યો અને તેઓ ત્યાં સર્વે એક બીજા સાથે છુટથી વાતચીત કરતાં રહ્યાં હતાં.

શાહ ઝેનાને આ કૌતક જોયું ત્યારે બોલવા લાગ્યો કે "મેં મારા મનમાં વીચારયું હતુ કે મારા સરખો કંમબખત બીજો કોઈ હશે નહીં પણ આ હીશાબે તો મને એમ વીચારવાને કાંઇ પુરતો સબબ રેહતો નથી. આ વખત પછી પોતાનાં દીલમાંથી વેરાગ કહાડી નાંખ્યો. તેને પ્રથમની પેઠે ખાવા પીવા માંડયુ અને ઘણોજ સારો સ્વભાવ અખતયાર કીધો અને જ્યારે સુલતાંન શેકાર કરી પાછો ફરયો ત્યારે તે ભાઇને હસ્તે મુખડે ઈસ્તકેબાલ લેવા ગયો.

સુલતાંન પોતાનાં ભાઇને દીલચમન જોઇ ઘણોજ ખુશી થયો અને આ મુજબ બોલવા લાગ્યો "પ્યારા ભાઇ હું જોઉં છુ કે જે દીવસથી તમે મારી દરબારમાં આવ્યા છો, તે દીવશથી ઉદાશીથી તમો હેરાંન છો, પણ હાલ હું તમુને ઘણાજ ખુશ મીજાજમાં જોઉ છું તેથી મને કહો કે પેહલાં એટલા ઉદાશ કેમ હતા અને હાલ ખુશ મીજાજમાં છો તેનું કારણ શું.?

એ ઉપરથી ટારટરી દેશનો રાજા કેટલોએક લખત સુધી મોટા વીચારમાં પડયો કે પોતાના ભાઇને કઇ પ્રકારનો જવાબ આપવો પણ અંતે તેણે નીચે મુજબ જવાબ આપ્યો:—"તમો મારા સુલતાંન તથા માલીક છો પણ હું વીનંતી કરી અરજ કરૂંછું કે તમારા સવાલનો જવાબ મારેથી અપાતો

નથી તેથી માફ કરો." સુલતાંને કહ્યું કે ના પ્યારા ભાઇ તમુને મને જવાબ આપવો પડશે. હું કાંઇ વાલેલો વલનાર નથી. તે કેટલોએક વખત શુધી અંદેસામા પડયો કે મારા ભાઇને જવાબ તે શું આપું અને જ્યારે તેને જોયું કે તેના ભાઇની જીદની સામે તે થઈ શકતો નથી ત્યારે શમરકંદની રાણીની દગલબાજીની સઘળી વાત તેની આગળ કહી અને બોલ્યો કે મારા દીલમાં જે ગમ હતો તે આ સબબથી થયો હતો. તેથી તમેજ વીચાર કરોકે તેવી રીતનો ગંમગીન રેહવાને મારી પાસે પુર્તો સબબ હતો કે નહી.

ત્યારે સેહરીયારે કહ્યું કે તમારા ઉદાશ દીલને માંટે હવે હું અચરત રેહવાનુ બંધ કરીશ. પણ ખોદાને વાસ્તે મને કહો કે તમુને એવો દીલાસો કોણે આપ્યો, અથવા તમુને એવો તો શું દીલાસો મલ્યો તેમને કેહવો. મારી આગળ કસું છુપાવશો ના. જ્યારે શાહ ઝેનાને જોયું કે પોતાના ભાઇની અરજ તે વધારે વાર થોભાવી શકતો નથી ત્યારે તેને જે કાંઇ કૌતક બારી વાટેથી જોયું હતું તે સઘળુ વીગતવાર પોતાના ભાઇને કહી સંભળાવ્યું શેહરીયારે કહ્યું કે આ બીના એટલીતો અગતની છે કે તેં મને મારી નજરે જોવી જોઇએ છે અને મને મારી ખાતરી કરી લેવી જોઇએછે. શાહ ઝેનાને કહ્યું કે પ્યારાભાઇ તે કામ તમે ઘણીજ આશાનીથી કરી શકશો. શેકાર કરવાનો બીજો એક દીવસ મુકરર કરો અને આપણે શેકાર કરવા ગયા પછે તમે અને હું મારા ઓરડામાં છુપી રીતે પાછા આવી રહીશું. મેં જે કૌતક જોયું હતું તે બીજે દીવસે તમો જોઇ લેજો. આ ગોઠવણ સુલતાનને પસંદ પડી તેથી જલદીથી શેકાર કરવા ફરીથી જવાનો એક દીવસ મુકરર કીધો અને જે જગા મુકરર કરવામાં આવી તે જગા ઉપર તેજ દીવસે તંબુ મારયા હતા.

બીજે દીવસે બન્ને શાહજાદા બાહેર પડ્યા અને પોતાની મુકામ કરવાની જગા પર કેટલોક વખત સુધી થોભી રહ્યા. તે ત્યાર પછી પોતાનો વેશ બદલી શેહરમાં પાછા આવ્યા અને શાહ ઝેનાનના ઓરડામાં દાખલ થયા. તેઓ જઇને બારીએ બેસે શું કે તેવામાં પેલો છુપો દરવાજો ઉઘડી ગયો અને સુલતાનાં પોતાની બાંદીઓ તથા ગોલામો સાથે બાગમાં દાખલ થઇ. ફરીથી રાણીએ મસૌડને પોકાર મારી બોલાવ્યો અને સુલતાનની પતીજ થઇ કે તેના ભાઇએ જે હકીકત કહી તે ખરી હતી. તે બોલ્યો કે રે ખોદા આ કેવુ અપમાન! અફશોસ, અફશોસ મારા ભાઇ આપણને આપણાં મુલકમાં રેહવું સજાવાર નથી આપણ દેશ તજી પરદેશ જવું બેહતર છે કે ત્યાં છુપી જીંદગી ભોગવી આપણ પર વીતેલી આફતો વિસરી જઇએ.

શાહ ઝેનાને જવાબ વાલ્યો કે પ્યારા ભાઇ હું તમારી સાથે આવવાને તૈયાર છું પણ એટલી સરતે કે જો આપણને એવા લોકો મળે કે જે આપણાં કરતાં વધારે બદખખતીમાં ગીરફતાર હોય તો આપણે આપણા વતનમાં પાછા ફરીએ. સુલતાને તે વાત કબુલ કર્યાથી છુપા છુપ તે જગાથી તેઓ બાહેર નીકળી ગયા. જ્યાં સુધી દીવસનું અજવાલું જરા રહ્યું ત્યાંસુધી તેઓએ મુશાફરી ચાલુ રાખી અને પેહલી રાતતો કોઇ ઝાડ તલે કાહાડી અને બીજે દીવસે બાંમદાદના વખતથી પાછી મુશાફરી સરૂ કરી અને અંતે સમુદ્રને કાંઠે એક મોટા અને ખોલ્લા મેદાંનમાં તેઓ આવી પોહાચ્યા અને આરામએશ પાંમવા શારૂ એક મોહટા વૃક્ષની હેઠલ બેઠા.

થોડા વારમાં તેઓએ એક ભય ભરેલો આવાજ સાંભળ્યો, સમુદ્ર ફાટો અને તેમાંથી એક મોટો કાલો થાંભ નીકળી આવ્યો. જે ચહડતો ચહડતો આકાશે ગયો. આ દેખાવ જોઇ તેઓ ભયમાં પડ્યા તેથી ઝાડ ઉપર ચહડી ગયા અને તેના પાદડાંની અંદર ભરાઇ બેઠા. તે કાલો થાંભ સમુદ્રને કીનારે

આવવા લાગો અને તેમાથી એક શીહા રંગનો જીન બાહેર નીકલી આવ્યો જે ઘણાજ બુલંદ કદનો હતો તે તેના માંથા ઉપર એક બીલોરી સંદુક લાવ્યો હતો, તેને લોખંડના ચાર ટાલાં દીધેલાં હતાં. તે જીન મેદાનમાં આવ્યો અને જે ઝાડ ઉપર બન્ને શાહાજાદા ચહડી બેઠેલા તે ઝાડને ટલીએ તેને પેલી સંદુક ઉતારી મેળી. તે જીને પોતાનાં પટામાં રાખેલી ચાર કુંચી કાહડી અને તેથી પેલી સંદુકને ખોલી, ત્યારે તેમાંથી એક ઘણુંજ સુંદર રૂપની તથા સુંદર પોશાકવાળી સ્ત્રી નીકળી આવી. ત્યારે તે જીન બોલ્યો રે બાંનુ તારાં લગણની મીજલસમાંથી હું તુને ઉચકી લાવ્યો માંટે તુ મને જરાકવાર આરાંમ લેવા દે. એ પ્રમાણે બોલી તે સ્ત્રીના ગુહણ ઉપર પોતાનુ માંથુ મેલી તે તરત ઊંઘમાં પડયો. તે બાંનુએ ઝાડ તરફ ઉંચે જોયું તો બે શાહાજાદા તેની નજરે પડયા ત્યારે તેણીએ ઇસારત કરી તે શાહજાદાઓને નીચે બોલાવ્યા કે વગર ગડબડ કરવે ઉતરી પડવું. પણ તેઓ તે જીનથી બીહતા હતા તેથી ઝાડ પરથી નીચે ઉતરવા ના પાડી. ત્યારે તે સ્ત્રી જીનનું માંથુ પોતાંના ગુહણ પરથી ખસાડી મેલી બાહેર આવી તે શાહાજાદાઓને કેહવા લાગી કે અગરજો તમો નીચે ઉતરી આવશો નહી તો જીનને હું જાગૃત કરીશ જેથી તે ઉઠતાને વાર તમોને મારી નાખશે. એમ જોઇ તે શાહાજાદા નીચે આવ્યા. કેટલોએક વખત શુધી તેણીએ તેઓની સાથે ગમત કીધા પછી પોતાની પાસેથી તેણીએ ભાતભાતની વીટીઓનો જુમખો બાહેર કાહાડયો અને તેઓને બતલાવી કહ્યુંકે સઘળી મલીને આ અઠાંણું વીટી છે. તેથી તમારી બે વીટી મને આપો કે બરોબર તે સો થાય. આ નાપાક જીન મને જરાક પણ વીહલી મેલતો નથી પણ તેને જોઇએ તેમ મને સંદુકમાં બંધ કરે અને જોઇએ એવા ઉંડા સમુદ્રમાં લઇ જઇ મેલી આવે તોપણ યુકતીથી તેને ઠગયા વીણા રેહતી નથી. આ વીટીઓ ઉપરથી તમો જોઇ લેવો કે જ્યારે હરેક સ્ત્રી પોતાના પરાક્રમ કરવાને ખંતી થાયછે ત્યારે તે પાર પાડતાં તેણીને કોઇ અટકાવી શકતું નથી. તે વાત સાંભલી તે શાહાજાદા બોલ્યા કે આ જીન કરતા વધારે માઠાં ભાયગના કોઇ લોકો હશે નહીં. તે આપણ કરતાં પણ વધારે દુખી છે. તેથી તેઓ પોતાની છાવણી તરફ પાછા આવી શેહરમાં જઇ પોહચયા.

સેહરીયારે હુકમ કીધો કે સુલતાનાંને ફાંશી દે અને તેની જેટલી બાંદીઓ હતી તેને પોતાને હાથે સુલતાને ગરદન મારી. એ કાંમ કીધા પછી તેને ઠરાવ કીધો કે દરરોજ અકેકી કુમારી કન્યા સાથે લગણ કરી બીજે દીવસે તેને મારી નાખવી. એ પ્રમાણે દરરોજ તે કુમારી કન્યા સાથે પરણતો અને બીજે દીવસે તે તેણીને ગરદન મારતો.

ઘાટકીપણાનો આ અનુપંમ દાખલો જેની બરોબરી કરનાર દાખલો કદી પણ તવારીખમાં આવનાર નથી તે વિષેની ખબર શેહેરમાં ફેલાયાથી લોકોમાં ભારી ધાસ્તી પેઠી અને જે લોકો પોતાના રાજાને તારીફ અને સ્તુતીથી વધાવી લેતા હતા તેઓ તેની ઉપર ફીટકાર નાખવા લાગયા. તેનો વડો વજીર પોતાની તરફની ઘણીજ દીલગીરી સાથ તેને આ દુષ્ટ કરમમાં મદદ કરતો હતો. તેને પેટ **શેહરાજાદી** તથા **દીનારજાદી** નાંમની બે રાજ કન્યા હતી. દીનારજાદી સદગુણી કન્યા હતી પણ શેહરાજાદી જે બેમાં વડી બેહન હતી તેનામાં હીમત, બુદ્ધી અને અકળ હદથી જ્યાદા હતી. તેણીને વાચવા પઢવાનો પુશ્કળ શોખ હતો અને તેની સ્મરણ શકતી ઘણીજ ચાલાક હોવાથી જે ચીજ એકવાર વાંચતી ને કદીપણ વીસરતી ન હતી. ફીલસુફી, હકીમુ, તવારીખ, અને બીજા હુનરો તથા વીદ્યા પઢીને તે પાવરધી થયલી હતી અને તે કવીપણામાં તો એટલી પુરવીણ હતી કે તેના વખતના સાહેરો તેની બરોબરી કરી શકતા ન હતા. તે ઉપરાંત તે ખુબસુરતીમાં ચૌદમી રાતના ચાંદને શરમીનદગી લગાડે એવી હતી. તેણીના સઘળા સદગુણો ઉપર શંગીન નેકીનું તાજ જેબ

આપતું હતું. આ પુત્રો પોતાના પીતાના હેત અને પ્રીતને લાયકની હતી તેને તે અંતકરણથી ચાહતો હતો.

એક દીવસે જ્યારે બાપ દીકરી એક બીજા સાથે વાતો કરતાં હતાં તે વેળાએ દીકરીએ બાપને કહ્યું કે બાવાજી હું તમારી પાસેથી મેહરબાની તરીકે એક ચીજ માંગી લઉ છું તે મને બખસવી. બાપે જવાબ દીધો કે જો તે તમારૂં માંગવું વાજબી અને યોગય હશે તો હું તેના પાડનાર નથી. તે પુત્રી વળી બોલી કે મેં એક એવી યુક્તી શોધી કાહાડી છે કે જેથી આપણો સુલતાન જે દરરોજ પોતાના શેહરના આબરૂદાર કુટુંબોમાં ધાટકીપણુ ચલાવી લોહીની નેહર વેહતી કરી રહ્યોછે તે નેહરનો હું અટકાવ કરૂં. "દીકરી તારી ધારણા તો ઘણીજ તારીફ લાયક છે પણ તું તે શી રીતે અમલમાં લાવવા માંગેછે" શેહરાજાદીએ કહ્યું કે "બાવાજી તમારી મારફતે જ્યારે શુલતાન દરરોજ પોતાના લગણ કરે છે તે વેળા મેરબાની કરીને એકવાર મારા લગણ તેની સાથે કરાવી આપજો."

આ માંગણી સાંભલી વજીર મોટા ધભરાટમાં પડયો. તે બોલ્યો રે ખુદા! રે દીકરી શું તમારી અકલ ગુમ થઇ છે કે તમે આવી જોખમ ભરેલી અરજ કરો છો. તમે સારી પડે જાણોછો કે સુલતાને પોતાના જીવના સોગંદ ખાઇ કહ્યું છે કે હરકોઈ સ્ત્રી સાથે પરણેલો બે દીવશ સુધી કદી રેહનાર નથી. એમ છતાં પણ તમે મને કેહવો છો કે એવા ધાટકી માણસ સાથે મારી દીકરીને પરણાવુ. તે છોકરીએ જવાબ દીધો કે, મેહરબાન બાવાજી હું કેવા જોખમમાં ઝીપલુ નાંખુછું તે હું સારીપડે સમજુ છું પણ તેથી હું કાંઇ ડર રાખતી નથી. જો કદાચ હું મરણ પામીશ તો મારૂં મરણ કીર્તીભરેલું ગવાયા કરશે. અગર હું જો મારી હીકમતમાં ફાવી નીકલીશ તો એમ બોલાશે કે આ પુત્રીએ પોતાના દેશનાં હકમાં એક અગતની નોકરી બજાવી છે. વજીરે કહ્યું કે ના નહી. આ ભયંકાર આપદામાં તમુને નાખવાને તમારે જોઇએ એટલું મને કહો પણ જરાક પણ ભરૂશો રાખતા ના કે એવું કનીષ્ટ કામ હું કરીશ. જ્યારે સુલતાન મને ફરમાવે કે તમારા પેટાખાનામાં ખંજર લગાવો ત્યારે મોટા અફશોસથી મને તેમ કરવાની ફરજ પડશે અને તમેજ વીચાર કરો કે એક વાહલો પીતા એવુ કામ પોતાને હાથે કેમ કરી શકે? શેહરાજાદીએ કહ્યું કે બાવાજી હુ એકવાર ફરીથી વીનંતી કરી એટલી નવાજેશ તમારી પાસથી માંગી લઉં છું. વજીરે કહ્યુંકે દીકરી તમારી હટીલાઇથી મને ચીડ ચહડશે. તમે તમારે હાથે કરીને ઉંધે મસ્તકે પાયેમાલીનાં ગારમાં ઝીપલુ નાખવા માંગોછો. મને ભયે લાગેછે કે એક ધધેડો જે સારી અવવસ્થા ભોગવતો હતો પણ તેમા તે પાધરો ચાલ્યો નહી અને તેથી તેની ઉપર જે વીપતી પડી તેમજ તમારી ઉપર પડશે. શેહરાજાદીએ પુછ્યુકે ધધેડા ઉપર શું વીપતી ગુજરી. વજીરે કહ્યું કે સાંભલો હું તે તમુને કહુંછુ.

ઘોડા, બળદ અને મજુરની વાર્તા.

એક માતબર સોદાગરને જાનવરોની ભાષા સમજવાનુ જ્ઞાન હતું પણ તે એટલી સરતથી શીખવેલું હતું કે જાનવરોની જે વાત સાંભળે તે કોઇની આગળ કેહવી નહી. એ સરતને લીધે જે ખબર અંનતર તે મેળવતો તે બીજા લોકોને કેહવાથી તેણે અટકાવ થયો હતો.

તેના ઘરને લગતા તબેલામાં એક બળદ તથા ધધેડાને સાથે બાંધેલા હતા. એક દીવસે તે શોદાગર તેઓની આગળ બેઠેલો હતો તે વખતે બળદને ધધેડાને કેહતાં સાંભળ્યું કે "રે ધધેડા જ્યારે હું વિચાર કરૂ છું કે તું કેટલી આશાએસ ભોગવેછે અને તારી પાસેથી કેટલી થોડી મેહનત લીધામાં આવે છે ત્યારે હું તુને કેવો સુખી ગણુ છું. તારૂં મોટામાં મોટું કામ એટલુજ છે જે જ્યારે તારો

શેઠ કાંઇએક દુરની મુશાફરીએ જવા ચાહે ત્યારે તુને લઇ જાય અને અને અગર તુને એટલુબી કામ કરવું ન પડે તો તું પુરો આળસુ થઇ જાય. મને તો જુદીજ રીતે વાપરવામા આવે છે. અને જેટલી મારી હાલત દુઃખભરેલી છે તેટલી તારી હાલત સુખી છે. દીવસ ઉગે નહીં ત્યારથી મને નાંગર સાથે બાંધે છે અને મારી પાછળ જે બેગારી રેહ છે તે મને માર મારતાં જરાક પણ અચકતો નથી. અને સવારથી તે સાંજ સુધી મેહનત કરયા પછી મને તબેલે લાવે છે, ત્યાં સુકી વાલપાપડી મને ખવાડે છે. આ કચરો ખાવાથી મારી ભુખ ધરાયા પછી ગંધાતા ઘાસ ઉપર આખી રાત મને સુવાની ફરજ પાડે છે તેથી તને માલમ પડશે કે મારી પાસ ફરીયાદ કરવાનો તથા તારા ભાયેગની અદેખાઇ કરવાનો સબબ છે. ”

ઘધેડાએ જવાબ દીધો કે લોકો જે તુને અપત્ત બળડયો કેહછે તે કાંઇ ખોટું બોલતા નથી. તું એવા લોકોની આશાએશ, લાભ અને મોજ મજાને માટે તારો જીવ કાહાડેછે કે જેઓ તારી ચાકરીની કદર મુદ્દલ બુજતા નથી. પણ જેટલુ તારામા જોરછે તેટલી તારામાં હીમત હતે તો તું એમ કરતે નહી. જ્યારે જે લોકો તુને ઠાંણુ સાથ બાંધવા આવે ત્યારે તેઓને તારા શીંગડાં મારતો કેમ નહીં ? તુને આબરૂ મળવા સારૂ કુદરતે હથયાર આપેલાં છે પણ તું તેનો ઉપયોગ કરતો નથી. તેઓ તારે માટે સુકી વાલપાપડી અને ગંધીલું ઘાસ લાવી મેલેછે તે તું ખાતો ના પણ સુંઘીને પડતુ મેળજે. તું જો મારી સલાહ પ્રમાણે ચાલશેતો જલદીથી તારી હાલતમાં ફેરફાર જોશે અને તેટલા માટે તું મારો ઉપકાર માનશે.

તે બલદે ઘધેડાની સલાહ માંની અને તેની ભલી શીખામણને સારૂ તેનો ઉપકાર માન્યો. આ વાતચીતનો એક પણ શબ્દ તે સોદાગરે જતો મેલ્યો હતો નહી. પછી તેઓ મુગા રહી ગયા.

બીજે દીવસે તે બેગારીએ બલદને નાગર સાથે બાંધયો અને તેનું દરરોજનુ કામ કરવા લઇ ગયો. આખો દીવશ તે બેગારીને ઘણીજ મેહેનત આપી અને જ્યારે સાંજને વખતે તેને તેના ઠાણ આગળ લાવ્યો ત્યારે ઘણોજ ફીશાદ કરવા લાગયો અને તે બેગારીને શીંગડાં ભોકવા ગયો. ટુકમાં બોલ્યે તો જેમ ઘધેડાએ તેને કહ્યુ હતુ તેમ તેને કીધું. બીજે દીવસે તબેલામાં પેલી વાલ પાપડી જેમની તેમ તે બેગારીને માલમ પડી અને બલદતો લાંબા ટાંટીઆ કરી જમીન ઉપર સુઇ રહો અને હાંફવા લાગ્યો. તે ઉપરથી તે બેગારી તો ધારવા લાગયો કે તે જાનવર માંદુ પડયું છે તેથી તેની હાલત ઉપર દયા આણી તે વિષે તેના શેઠને ખબર આપી. તે વેપારી પાંમી ગયો કે બલદને ઘધેડાએ જે ફીશાદી સલાહ આપી તેજ પ્રમાણે તે ચાલ્યો તેથી બેગારીને હુકમ આપ્યો કે ઘધેડાની જગોએ બલદને બાંધજે અને તેની પાસેથી શકત મજુરી સાથનુ કામ લેવાને ચુકવુ નહીં. તેના ફરમાવ્યા મુજબ તે બેગારીએ કીધું. આખો દીવસ ઘધેડાને નાગર ખેંચવુ પડયુ હતુ તે સાથે તેને એટલો તો પુસ્કળ માર ખાધો કે જ્યારે તે ટબેલામા પાછો આવ્યો ત્યારે તેનેથી ઉભુ પણ રહી શકાયું નહી.

તે દરમ્યાંનમા બળદને તો ઠીક થયુ. તેના ઠાંણુમાં જેટલુ મેલ્યુ તેટલુ તે ખાઇ ગયો અને તેને આખો દીવશ આશાએશ લેવાની તક મલી અને ઘધેડો જ્યારે પાછો આવ્યો ત્યારે તેની સલાહને માટે તેનો ઉપકાર માનયો. ઘધેડાને મળેલી બરદાસ્તથી તેને એટલો તો ગુસ્શો આવ્યો હતો કે એક હર્ફ પણ બોલ્યો નહી પણ તે પોતાના દીલ સાથે બોલવા લાગ્યો કે જે કાંઇ મારી ઉપર વીતેછે તે હું મારી પોતાની બેવકુફીથી મારી ઉપર ખેંચી લાવ્યો છું અને અગરજો તતકાળ એ આફતમાંથી નીકલી

પડવાની કાંઇપણ તજવીજ કરીશ નહી તો મારો ખરાબી થશે અને એટલુ બોલ્યો શું કે તેનુ જોર ઘટી પડયાથી તે અધમુવો જમીન પર પડ્યો.

બળદ તથા ઘધેડા વચે ત્યાર પછી વાત ચીત થઇ તે વેળા તે ઘરધણી તથા તેની બાયડી બન્ને જનાં ટએલા આગળ જઇ બેઠાં. જ્યારે તેઓ જઇ લાગ્યાં ત્યારે બળદને ઘધેડો કેહવા લાગ્યો કે ભાઇ તુ મને કેહ કે જ્યારે બેગારી આવતી કાલે તારૂં ભોજણ લાવશે ત્યારે તું શું કરવા ધારેછે. બળદ બોલ્યો હું શું કરવા ધારૂ છું? વળી જેમ તેં મને સલાહ આપી છે તે પ્રમાંણે હું કરીશ. ઘધેડાએ કહ્યુ કે જે કાંઇ કરે તે તું સંભાલીને કરજે નહીતર તારી ખરાબી થશે. કારણકે આજ રાત્રે જ્યારે હું અત્રે આવ્યો ત્યારે આપણા વેપારી શેઠને બેગારીને કેહતાં મેં સાંભલ્યુ કે બળદ જ્યારે જમતો નથી અને તે કાંમ કરવાને સક્તીવાંન નથી ત્યારે મારી મરજી છે કે એને આવતી કાલે કાપી નખાંવુ તેથી કશાઇને બોલાવ્યા વીણાં રેહતો ના. આ વાત મારે તુને કેહવાની હતી એમ ઘધેડો બોલ્યો, "તારા જીવને સારૂ મને જે ફીકર લાગે છે તે સાથે જે મને મીત્રાચારીનુ નાતુછે તે સબબોથી મને એ વાત તુને જણાવવી પડી તથા નવી સલાહ આપવી પડીછે. તેથી જેવા તે લોકો તારે માટે થુલું અને ઘાસ લાવે તેવોજ તુ ઉઠીને તે પેટભરી ખાઇ જજે."

આ રીત પકડયાથી આપણો ધણી સમજશે કે તું સાજો થયો છે અને તુંને મારી નાખવાનો હુકમ બેશક પાછો ખેંચી લેસે અને અગરજો આ સલાહ પ્રમાણે તું નહીં ચાલશે તો ખચીત સમજજે કે તારૂં મોત નજદીક આવ્યું છે.

જેમ ઘધેડાએ ધાર્યું હતું તેમ વાતચીતની અસર થઇ. તે સોદાગર જેને તે વાત સાંભલી હતી તે ખરખર હસી પડયો, અને અણચીતો તે હસી પડયો તેથી તેણી બાયડીને અચંબો લાગ્યો કે તે શાથી બન્યું હશે. તેથી તે પોતાના ધણીને પુછવા લાગી કે "રે ખાવીંદ તમુને ખરખર હસવું શા ઉપરથી આવ્યું તે મને કેહવો, કે હું પણ તમારી સાથે હસું." તે સોદાગર બોલ્યો કે "રે મારી સ્ત્રી હું તો માત્ર આપણા બળદને જે કાંઇ ઘધેડાએ હાલ કહ્યું તે ઉપરથી હસ્યો છું. આ વાત જાહેર કરવાની મને મનાઇ છે તેથી તમુને કહી શકતો નથી." તેણીએ પુછયું કે તે જાહેર કરવાને તમુને અટકાવ શાનો? તેને કહ્યું કે અગરજો હું એ ભેદ ફોડું તો મને મારો પ્રાણ બરબાદ કરવો પડે. તે કેહવા લાગી કે જે વાત ઘધેડાએ બલદને કહી તે જો તમે મારી આગલ કરશો નહીં તો ખુદાનાં કશમ લઇ કહુંછુ કે હું હવે પછી તમારી સાથે રેહનાર નથી.

એટલું બોળી મનમા ભારી રીસ ચહડાવી તે ઘરમાં ગઇ અને ખુણે બેસી આખી રાત રડી બીજે દીવસે જ્યારે તેણીને તેજ હાલતમાં દીઠી ત્યારે તેને કહ્યું કે રે સ્ત્રી તું એટલી નાદાન કેમ થાય છે અને તારા શરીરને ઇજા આપેછે. તેને જવાબ દીધો કે જ્યાં સુધી તે વાતનો ભરમ મારી આગળ ખોલ્લો કરો નહીં ત્યાં સુધી રડવાનું કદી બંધ કરનાર નથી. તે સોદાગરે જવાબ દીધો જે રે ઓરત જો તારી નાદાનીને તાબે થઇશ તો મારો પ્રાણ ખોઇશ. તે બોલી કે જોઇયે તે થાય હું તો આ વાત તમારી પાસેથી જાણવા માંગુંછુ તે જાણયા વગર રેહનાર નથી. તે સોદાગરે કહ્યું કે આ રીતથી તારી સુધ ઠેકાણે આવે એમ મને લાગતું નથી કારણકે તું હટ પકડીને જ્યારે મોહતને તેડું કરેછે તો હું તારા બાળકોને બોલાવવા મોકલું છું કે તારી હૈયાતી ખતમ થયા

તેની આયમય તેઓ તુને આવી મળે. તે પ્રમાણે તેને તે છોકરાંઓને તથા તેના માબાપ તથા સગાં વાહલાઓને બોલાવ્યા. જ્યારે તેઓએ તેમને બોલાવી મંગાવવાનું કારણ જાન્યું ત્યારે તે સોદાગરની બાયડીની ભુલ બતલાવી આપવાને જેટલી મેહનત લીધી તે ફોકટ ગઇ કારણ કે તે લોકોને સાફ કહ્યું કે મારા વીરાની વાત કબુલ રાખું તેનાં કરતાં મરવુ બેહતરછે. ખરેખર તે સોદાગર કોઇ દીવાનો આદમી હતો તેથી તથા તે પોતાની બાયડી ઉપર ભારી મમતા રાખતો હતો તેથી તેનો બચાવ કરી પોતાની જાનફેશાંની કરવાને તૈયાર થયો હતો.

એ સોદાગરના વાડામાં પચાસ મરઘી, એક મરઘો અને એક કુત્રો પલતાં હતાં અને સોદાગરને ત્યાં જે બનતું હતું તે ઉપર સારૂ લક્ષ આપતાં હતાં અને જે વેળા તે વિચાર કરતો હતો કે હવે તેને કીયો માર્ગ પકડવો ત્યારે તેને જોયું કે તેનો કુત્રો મરઘા આગળ દોડી આવ્યો અને તેને કેહવા લાગ્યો કે તું ઝાજો વખત જીવવા પાંમે એમ મને લાગતું નથી કારણકે આજ રોજે ખુશાલીની બરાડ મારતાં જરા પણ તું લજવાતો નથી. તે મરઘાએ પુછ્યું કે જેમ દર રોજ હું ખુશાલીનાં પોકાર કરૂં છું તેમ આજરોજે પણ કાંયે નહીં કરૂં ? તે કુત્રાએ જવાબ દીધો કે અગરજો તુને ખબર નહીં હોય તો તુને જણાઉં છું કે આપણો માલેક આજ રોજે મોટા સંતાપમાં આવી પડયોછે કેમકે તેની બાયડી એવા એક છુપા ભેદની વાત તેની પાસેથી જાણવા માંગેછે કે જે જો તે કહી દે તો તેનો પ્રાણઘાત થાય. તે મરઘાએ કુત્રાને જવાબ દીધો કે શું આપણા માલીકને એથી વધારે અકલ નથી ? તેને તો એકજ બાયડી છે અને તેણીને તે જેર કરી શકતો નથી અને જોકે મારી તો પચાશ બાયડી છે તોપણ મારી મરજી પ્રમાણે તેમને ચલાઉ છું. તેને પોતાની અકલ વાપરવી જોઇએછે અને તેમ જો તે કરશે તો આ સંતાપમાંથી જલદીથી છુટશે. તે કુત્રાએ પુછ્યુંકે તે કેમ ? તેની પાસે તું શું કરાવા માંગેછે ? મરઘો બોલ્યો કે તે સોદાગરને ઘટારત છે કે જે ઓરડામાં તેની બાયડી હોય ત્યાં તેને જવું અને બારણું બંધ કરીને એક શકત શોટી વતે તેણીને સારી પઠે ફટકાવી કહાડવી અને પછી જોવું કે તેની શુદ્ધી ઠેકાંણે આવેછે કે નહીં તથા જે વાત ઉઘાડી પાડવી ઘટે નહીં તેવી વાતની અસરે પણ તે જાયછે કે નહીં. મરઘાની આ વાત સાભલતાંને વાર તે સોદાગરે એક મજબુત લાકડી લીધી તેની બાયડી પાસે ગયો, અને પ્રથમની પેઠે તેને રડતી જોઇ બારણું બંધ કરી સારી પઠે બરફાટી કાહાડી. ત્યારે તે બોલી "રે ખાવીંદ હવે બસ કરો, હવે બસ કરો, હાલ મને છોડી મેલો અને હવે પછી કાંઇ પણ સવાલ પુછીશ નહીં." પછી શેહરાજાદીને મોટો વજીર કેહવા લાગ્યો કે દીકરી જેમ તે શોદાગરે પોતાની બાયડીને હટ પકડી બેસવાનો સ્વાદ ચખાડયો તેમ તમુને મારે કરવું ચોગ્ય છે.

શેહરાજાદીએ જવાબ દીધોકે બાવાજી અગરજો હું મારા વીચારને વલગી રેહવા માગું તો તમોએ તમારા મનમાં માંઠું લાવવું નહીં. તે સ્ત્રીની વારતાથી હું જરા પણ હાલતી નથી. ટુકમાં તે બાપે પોતાની દીકરીનો નીશ્ચય ઠરાવ જોઇ હારી ખાધી અને તેણીએ જેમ કરવા માંગ્યુ તેમ કરવા દીધું અને જોકે તેને જે મોતનાં પંજામાં જાણી જોઇને જવાનો ઠરાવ રાખ્યો તેથી તે વજીર ઘણોજ દુ:ખી હતો તોપણ તેજ વખત તે શુલતાન પાસે ગયો અને સુલતાનને જણાવ્યુ કે બીજી રાત્રે તેની આગળ શેહરાજાદીને લાવશે.

તે વજીરને પોતાની વહાલી દીકરીનો જાન કુરબાન કરતો જોઇ સુલતાન ઘણોજ હેરત પામ્યો. સુલતાને પુછયું કે રે વજીર તારી પોતાની દીકરીને મારી આગલ લાવવાનો ઠરાવ તું કેમ કરી શકયો? વજીરે જવાબ દીધો કે એ ઠરાવ તેણે પોતેજ કીધો છે અને તે પોતેજ તમારી પાસે આવવા માગે છે. સુલતાને કહ્યું કે ઓ વજીર રખેને તું ભુલઠાપ ખાતો હોય! આવતી કાલે ગરદન મારવા સારૂં જ્યારે શેહરાજાદીને તારે હવાલે કરીશ ત્યારે તેણીને ગરદન મારવા શીવાય તુને છુટક નથી અને તેમ કરવાને તું ચુકશે તો હું સોગન ખાઇને કહુંછું કે તુંને મરવું પડશે.

હવે સુલતાન આગલ જવાની તૈયારી કરવામાં શેહરાજાદી મસગુલ થઇ. પણ પોતાનો શોલે શીંગાર પુરો કરવાની આગમચ તેણીએ પોતાની બેહન દીનારજાદીને એક ખુણામાં લઇ જઇને કહ્યું કે મારી વહાલી બેહન એક ઘણાજ અગતનાં કામમાં મને તારી મદદની ભારી જરૂર છે. તેથી હું વીનંતી કરી કહું છું કે તમારે તે ના પાડવી નહીં. જેવી હું સુલતાનની હજુર જઇ પોંહચીસ તેવી હું તેને અરજ કરીશ કે જે આજ રોજે છેલો દિવસ છે તેથી છેલી વારનો મેલાપ કરી લેવા સારૂ મારી બેહન દીનારજાદીને બોલાવી મંગાવવાની રજા આપવી. હું જેમ ઉમેદ રાખું છું તે પ્રમાણે જો સુલતાન એ રજા આપસે તો આવતી કાલે પોરોઢયાની એક કલાક આગમચ મને ઊંઘમાંથી ઉઠાડવાની યાદ રાખજે અને આ રીતે મને કેહજે "મારી બેહન તું જો ઊંઘાયેલી ન હોય તો તેં કેટલીક વાર્તા વાંચીછે તે માહેલી પોહર ફાટે ત્યાંસુધી એક દીલપસંદ વાત તો કર." તેજ વેલા હું તારી આગલ એક વાત કરીશ; અને ઉમેદ રાખું છું તેમ કરી આ શેહરમા જે લોકોમાં ભારી ધાસ્તી આવી પેઠી છે તેમાથી લોકોનો છુટકો કરીશ.

જ્યારે આરામગાહમા જવાનો વખત થયો ત્યારે વડો વજીર શેહરાજાદીને મેહલમાં લઈ ગયો અને તેણીને ત્યાં મેલી ચાલતો થયો. તે ઓરડામાં સુલતાન તથા શેહરાજાદી એકલાં પડયાં ત્યારે સુલતાને તેના મુખડા ઉપરનો બુરખો કાહડી નાખવા કહ્યું. તેનો ચેહરો એવો ખુબસુરત જોઇ સુલતાન ઘણોજ ખુશી થયો પણ તેણીને રડતી જોઇ તેને પુછયું કે પ્યારી તું રડે છે કેમ? તેણે જવાબ દીધો જે "સાહેબ મારી એક બેહન છે જેને હું ઘણીજ ચાહું છું અને તેમજ તે મને પણ ચાહે છે. તેથી મારી મરજી છે કે તેની સાથે આ ઓરડામાં એક રાત ગુજારૂં કે તેણીને જોઇ હું ખુશી રેહવું અને છેલી સલામ કરી જાંઊં. મેહરબાંની કરીને મારા હેતની આ છેલી ઇંધાણી જાહેર કરવાની મને તક આપો"— સેહરીઆરે તેની અરજ કબુલ રાખી અને દીનારજાદીને બોલાવી મંગાવી. તે તેજ વેળા આવી પોંહચી. સુલતાન અને શેહરાજાદીએ તે રાત એક ઉંચા પલંગ ઉપર ગુજારી અને દીનારજાદી તે પલંગ હેઠળ જે ગાલીચો પાથરેલો હતો તે ઉપર સુતી. સુર્ય ઉગ્યાની એક કલાક આગમચ દીનારજાદી જાગી ઉઠી અને તેની બેહેને જેમ ફરમાવ્યું હતું તે પ્રમાણે તે બોલવા લાગી.

પોતાની બેહેનને જવાબ આપ્યા વગર શેહરાજાદીએ દીનારજાદીની મરજી માફક એક વાત કરવાની પરવાનગી સુલતાન પાસે માંગી. સેહરીયારે તે કબુલ રાખી. શેહરાજાદીએ પોતાની બેહેનને સુલતાન તરફ જોઇ કહ્યું કે બેહન તું ધ્યાન ધર અને તેણીએ નીચે મુજબ પેહલી રાતની વાર્તા શરૂ કીધી:—

સોદાગર તથા જીનની વાર્તા.

આગળા વખતમાં એક સોદાગર હતો, જે જમીન, રોકડ તથા માલમતા મળી મોટી મીલકત ધરાવતો હતો. તે સાથે તેને ત્યાં કેટલાએક ગુમાસ્તા, કારભારી અને ગોલામો રાખવામાં આવતા

હતા. એક દીવસે તેને લાંબી મુસાફરીએ જવાની જરૂર લાગી તેથી તે ઘોડેસ્વાર થયો અને બીશકોટ તથા ખજુર એક જોલામાં ભરી પોતાની ખાંધ ઉપર લટકાવ્યો; કારણ કે તેને એક જંગલ પસાર કરવું હતું કે જ્યા કાંઇ પણ ખોરાક તેને મળી શકે નહીં. કાંઇ પણ અકસ્માત બનાવ તેની ઉપર વીત્યા વગર સલામત પોતાની મુસાફરી સમાપ્ત કીધી અને પોતાનું કામ જલદીથી બજાવી શકયો તેથી પોતાને ઘરે પાછો ફરવા સારૂ પોતાના ઘોડાને તૈયાર કીધો.

તેની મુસાફરીના ચોથે દીવસે તેને ખાધાપીધાની તથા આસાયશ લેવાની હાજત થઇ તેથી ઘોડા ઉપરથી ઉતરીને પાણીના ફુવારા આગળ બેઠો અને જોલામાંથી બીસકોટ તથા ખજુર કાહડી બીશમલ્લા કરવા મંડયો અને ખજુર ખાઇને તેના ઠલીયા આજુબાજુએ નાખવા લાગ્યો. તે જાતે એક પરહેજગાર મુસલમાન હતો તેથી જમી રહી મોહડું, હાથ અને પગ ધોઇ નીમાજ કરવા લાગ્યો, તે ભોંય ઉપર પોતાનું સીર નમાવી બંદગીમાં મસગુલ હતો એવામાં એક જીન ત્યાં આવી પોંહચ્યો, જે જઇફ તથા બુલંદ કદનો હતો. તે પોતાના હાથમાં તલવાર લઇ તેની આગળ આવ્યો અને ભયભરેલા આવાજથી તે બોલ્યો કે "ઉઠી ઉભો થા, તેં મારા દીકરાને મારી નાંખ્યો છે માટે હું તુને મારી નાંખુંછુ." તે રાક્ષસનો બીહામણો ચેહરો જોઇ તે સોદાગર દેહશતમાં પડયો અને કેહવા લાગ્યો કે મેં તારા દીકરાને કેમ મારી નાખ્યો? નથી હું તેને ઓલખતો કે નથી મેં તેને કદી જોયો! તે જીને કહ્યું કે તેં તારા જોલ્લાંમાથી ખજુર કાહાડી ખાવા પછી તેના ઠલીયા ચોતરફ નાખ્યા કે નહીં? તે સોદાગરે જવાબ દીધો કે તે કાંઇ હું ના પાડતો નથી. તે જીને કહ્યું કે "ત્યારે તેંજ મારા દીકરાને મારી નાખ્યો છે અને તે એ રીતે કે જ્યારે તે ખજુરનાં ઠલીયા આજુબાજુએ નાખ્યા તે વેલા તે રસ્તેથી મારો છોકરો જતો હતો તેથી એક ઠલીઓ તેની આંખમાં વાગ્યો કે જેથી તે તરત મરણ પામ્યો માટે હું તને મારી નાખુંછું." તે સોદાગરે જવાબ દીધો જે "રે મારા સાહેબ તમે મને માફ કરો, કારણ કે અગરચે તમારો છોકરો મારે હાથે મારયો ગયો હોય તો ન ધારેલો બનાવ થયો છે તેથી મને મારી નાખવું તમને સજાવાર નથી." તે જીને કહ્યું કે "જ્યારે તેં મારા દીકરાને મારી નાખ્યો ત્યારે હું તુને છોડનાર નથી." એમ કહીને તે જીને તે સોદાગરને જમીનદોસ્ત કીધો અને તેનું ડોકું કાપી નાખવા સારૂ તલવાર ઉઠાવી.

જ્યારે એ સબ્દો શેહરાજાદી બોલી ત્યારે તેને જોયું કે સવાર પડી અને તે જાણુતી હતી કે સુલતાનને વેહલે ઉઠવાની તજેહ હતી તેથી આ વાત કરતી બંધ પડી. દીનારજાદી બોલી રે બેન આ કેવી ચમતકારીક વાત છે. શેહરાજાદી બોલી કે તેની બાકીની વાત વધારે અજબ સરખી છે અગરજો સુલતાન મને આજરોજે જીવતદાન બખસસે અને રજા આપશે તો આવતી કાલે પાછલી રાત્રે એ વાતનો છેડો લાવીશ. આ સઘલી વાત સેહરીયારે સાંભળી તેથી ઘણોજ સંતોષ તેને થયો હતો. તેથી તે પોતાના મન સાથે કેહવા લાગ્યો કે "હું આવતી કાલ સુધી થોભીશ કે એની વાર્તા પુરી થયા પછી જ્યારેબી હું એનો જીવ લેવા ચાહીશ ત્યારે લઇ શકીશ" તેથી ઠરાવ કીધો તેણીને આવતે કાલ સુધી મારવી નહીં. તે બંદગી કરીને પોતાની દરબારમાં ગયો.

એ દરમ્યાનમાં વડો વજીર ઘણોજ અંદેશામાં ગીરફતાર થઇ રેહ્યો હતો કે મારી દીકરીનો કેવો હાલ થશે! તેની ધાસ્તીમાં તેની ઊંઘ ઉડી ગઇ અને આખી રાત પોતાની દીકરીના કમનસીબ ઉપર રૂદન અને માહેતમમાં કાહાડી કારણ કે તેનેજ હાથે તેને મારી નાખવાનું હતું. પણ સુલતાન જ્યારે તેને ધારેળાં ફરમાન આપ્યા વીણા દીવાનખાનામાં હાજર થયો ત્યારે વડા વજીરની અચરતીનો ઠાગ રહ્યો નહીં.

હમેશના રાબેતા મુજબ સુલતાને તે દિવસ પોતાનાં રાજપાટનાં કામકાજ ઉપર લક્ષ આપી કહાડયો અને રાત પડી ત્યારે શેહરાજાદી સાથે પોતાના મેહલમાં ગયો. બીજે દીવસે બામદાદને વખતે દીનારજાદી પોતાની બેહનને કેહવાને વીસરી નહીં. તે બોલી કે "મારી વાહલા બેહન અગર જો તમો નીંદમાં ન હોવો તો હું તમુને વીનંતી કરૂં છું કે તમોએ તમારી વાર્તા પોહર ફાટે તેની પુર્વે ચાલુ કરવી." સુલતાને શેહરાજાદીના પુછવાની રાહ જોયા વગર કહ્યુ કે તે જીન તથા સોદાગરની વાર્તા પુરી કરો—તેનો અંત કેવો આવે છે તે જાણવાને હું ખંતી છું. તેજ વેલા શેહરાજાદીએ તે વાત ચાલુ કીધી.

સાહેબ, જ્યારે તે સોદાગરે જોયું કે તે જીન તેને રેંહસવાજ બેઠો છે ત્યારે તે બોલ્યો કે "રે જીનના પાદશાહ હું તને વીનંતી કરી એક શબ્દ વધારે કહેવા માગું છું તે એ છે કે મેહરબાની કરીને થોડી એક મને મહેતલ આપવી. મેં મારૂં વસ્યતનામું હજી લગી તૈયાર કીધું નથી તેથી મને થોડા વખતની મેહતલ આપ કે હું મારે ઘર જઇ મારી બાયડી તથા છૈયાં છોકરાંને મલી ભેટી મારી મતા તેઓમાં વેંહચી આપી તેમની રજા લઇ પાછો આવું. જ્યારે મારા ઘરબારી ખટલાનું સર્વે કામ નકી થઇ રેહશે ત્યારે આ જગાપર પાછો ફરી તારે તાબે થઇ રહેશ, એમ હું તુંને કબુલાત આપું છું". પણ તે જીન બોલ્યો કે "અગરજો હું તુને તારા માંગ્યા પ્રમાણે મહેતલ આપું અને તું તે મુજબ પાછો નહીં આવે ત્યારે હું શું કરૂં ? હું આસ્માન તથા જમીનના ખોદાના કશમ લઇને કબુલ થાઉંછું કે અત્રે આવ્યા વીણા હું ચુકનાર નથી." જીને કહ્યું કે "તુને અત્રે પાછો ફરવાને કેટલી મુદત જોઇએ છે?" સર્વે પ્રકારની ગોઠવણ કરતા મને એક આખ્ખું વર્ષ લાગશે. પણ હું તુને વચન આપુ છું કે બાર માસ ગુજર્યા બાદ આ જગોએ આ ઝાડ તળે હું તુને આવી મળીશ. ત્યારે તે જીને તે સોદાગરને તે ફુવારા આગળ મેળી દીધો અને તેજ વેળા ગેબ થયો.

જ્યારે તે સોદાગરના દીલમાં પેઠેલી ધાસ્તી નીકળી ગઇ ત્યારે તે પોતાના ઘોડા ઉપર સ્વાર થયો અને મુસાફરીની મંજલ કાપવા લાગ્યો. જો કે હાલ તરત તો તે મોહતના પંજામાંથી છટકયો હતો પણ તેને પોતાનો જાન એક વર્ષમાં પાછો કુરબાન કરવાને જે કબુલાત આપી હતી તે વિચારતાં તેને ઘણુજ દુ:ખ થયું હતું. જ્યારે તે પોતાને ઘરે આવી પોહચ્યો ત્યારે તેની બાયડી તથા છોકરાંઓએ તેને ઘણોજ ખુશાળીભરેલો દીલજાન આવકાર આપ્યો પણ તેવા ખુશાળીભરેલા આવકારથી પોતે ખુશી થયાને બદલે તે એટલો તો ઝાર ઝાર રડવા લાગ્યો કે તેની બાયડી તથા છોકરાં મોટા અંદેશામાં પડ્યાં કે એટલો તે શું મોટો ગજબ તેની ઉપર આવી પડયો હશે. તેના મોટા ગમનો અને ભારી રદનનો સબબ તેની બાયડીએ તેને પુછયો. તેણીએ કહ્યું કે તમો ઘર આવ્યાથી અમને બેહદ ખુશાળી ઉત્પન્ન થઇ હતી પણ તમારાં મનનો હાલનો ધબરાટ જોઇને અમને ઘણીજ ફીકર લાગી છે તેથી હું વિનંતી કરી અરજ કરૂં છું કે તમારા ગમનો સબબ શું છે તે કહો. તેને જવાબ દીધો કે અફશોસ છે કે જ્યારે હું જાણુ છું કે હવે મારે તો એકજ વર્ષ જીવવું છે ત્યારે હું દીલથી ખુશી તે કેમ રહું? ત્યારબાદ તેની ઉપર જે ગજબ ગુજરયો હતો હતો તેની હકીકત તેઓની આગળ કહી સંભલાવી અને બોલ્યો કે પાછો ફરવાને મેં વચન આપ્યો છે કે એક વર્ષની આખરીએ મરણને સરણ થવું. જ્યારે તેઓએ તેની આ દુખદાયક કહાણી સાંભળી ત્યારે તેઓ નાસીપાસ થયા અને તેની બાયડી માહેતમમાં પડી બાલ પીખવા અને છાતી કુટવા લાગી અને તેજ પ્રમાણે તેના બાળકો તેની સાથે રડીને આખ્ખા ઘરમાં સોહર ઉઠાવવા લાગ્યાં અને તે પણ તેમની સાથે માહતમ કરવા મંડયો.

બીજા દીવશથી તે સોદાગર પોતાનો સઘલો કારભાર અને વહીવટ દરૂસ્ત કરવા લાગ્યો. સર્વેથી પેહલાં તેનુ કરજ જે હતું તે ચુકવી આપ્યું. દોસ્ત આશનાવોમાં અમુલ્ય કીંમતની વસ્તુઓની ભેટ કીધી, અને ગરીબ ગુરબાને મોટી રકમની ખેરાત આપી. પોતાના ઘરબારને લગતા ગોલામો તથા બાંદીઓને આજાદ કીધી, પોતાની માલ મીલકત પોતાંનાં બચ્ચાંઓને વેંહચી આપી. જે બાલકો કુવલી વયનાં હતાં તેઓને માટે વાલીઓ મુકરર કરી રાખ્યા. પોતાની બાયડી જે પોતાની સાથે પરણુતી વેળા રીત લાવી હતી તે તેણીને પાછી આપી અને શરેહ પ્રમાણે વધારે દોલત તેણીને બક્ષી શકાય એટલી બીજી દોલત તેણીને પોતાની તરફથી બક્ષીંદા કીધી.

એમ કરતાં એક વર્ષ તો પુરૂં થવા આવ્યું તેથી રવાંનગી લેવાની તેને ફરજ પડી. તેની પેહલીવારની મુસાફરીની વખતે જોલ્લાંમાં ખજુર અને બીશકોટ ભરી હતી પણ હાલની શફરમાં જોલ્લાંમાં પોતાના કફનનાં કપડા ભરયાં પણ જ્યારે તે પોતાની બાયડી તથા છોકરાં પાસે રજા માગવા ગયો ત્યારે તેના ગમથી એટલા તો તે ગાલેબ થયલો હતો કે તેનાં મોહડાંમાંથી એક હરફ વટીક નીકલી શકયો નહીં. તેમનાં ઘરનો વડો આવી રીતે ઘરબાર છોડી પોતાનો વચન પાલી મોહતને શરણ થાય એ દુઃખ તેઓથી ખમાયું નહીં તેથી તેઓએ ઠરાવ કીધો કે તેની સાથે જવું અને તેની સાથે પોતાનો પણ પ્રાણ આપવો. જ્યારે તેને જોયું કે તેઓથી છુટું પડયા વીણાં તેનો છુટક નથી ત્યારે તેઓને તેને કહ્યું કે "મારા વાહલાં બાળકો આ રીતે તમને મેલી જતાં હું ખોદાનાં હુકમને માંન આપું છું—એજ પ્રમાણે તમો પણ ચાલજો અને આ તમારી વીપતીને આપણા ભાયગનો વારસો કરી ગણજો. યાદ રાખજો કે મરણ માંનવીને ભાયગે સરજેલુ છે તેથી કોઇનો પણ છુટક નથી." એટલું બોલી તેઓથી તે છુટો પડયો અને બાહેર ચાલતો થયો. તે જગોએ જે દીવશે આવી પોહચવાની તેને કબુલાત આપી હતી અને તેજ દીવશે તે આવી પોહચ્યો. તે તેના ઘોડા ઉપરથી નીચે ઉતરયો અને ફુવારા પાસે બેસીને ગમ ભરેલા વિચાર સાથે તે જીનની રાહ જોવા લાગ્યો કે મને મારી નાખસે કે નહીં—મારો શુ હાલ થસે, એવા એવા વિચાર કરતો તે બેઠેલો હતો એવામાં એક જઇફ આદમી પોતાનાં હાથમાં એક હરણી લેઇ તેની આગળ આવી પોહચ્યો કે એકએક સાથે સલામ આલેકુમ થયા બાદ તે પીર મરદ બોલ્યો કે રે ભાઇ તમુને નમનતાઇ સાથે પુછવા માંગુછું કે તમારે આ વનમાં શા કાજે આવવું પડયુ છે? હીયાં તો બદમનસનીનાં જીન લોકો વસે છે જેથી કોઇના પ્રાણનાં બચાવની આશા રહેતી નથી. આ આસપાસના ઝાડો જોઇ કોઇ ધારે કે આ વસ્તીવાલી જગ્યા છે પણ ખરૂં બોલાવો તો, એ એક વેરાન જંગલ છે, જ્યા વસલુ ધાસ્તીભરેલુ છે

તે બુજરગ આદમીની તેની હકીકત જાણવાની ઇચ્છા પુરી પાડવા સારૂ તેના સહાસ કર્મની હકીકત તેને કહી સંભળાવી. એ હકીકત સાંભળી તે જઇફ મરદ ઘણીજ અચરતી પામ્યો અને જ્યારે તે વાત પુરી થઇ ત્યારે તે બોલ્યો કે દુનિયાંના દરમ્યાનમાં આથી વધારે અચરતી ભરેલી વાર્તા કેઇ કાળે મારાં સાંભળ્યામાં આવી નથી પણ વધારે ઓચંબા ભરેલુ તો તમે જે વચન આપેલો પાળવા માગો છો તે દીશે છે. ખરેખર તમો તથા તે જીન વચ્ચે થતી મુલાકાત જોવાને ખુશી છું. તે બુજરગ તેની પાસે જઇ બેસે શુ કે એટલામાં એક બીજો ઘરડો ડોસો ત્યાં આવી લાગ્યો. તેના હાથમાં કાલા રંગના બે કુતરા હતા તેને આવતાંને વાર ફુંવારા આગળ બેઠેલા મરદોને સલામ આલેકુમની કુનશ બજાવી પુછવા લાગ્યો તમો સાહેબો અત્રે શા સારૂ બેઠા છો? જે ઢપ અને ચોકસાઇથી તે સોદાગરે પહેલા પીરમરદ આગળ પોતાની સાહસકર્મની વાર્તા કીધી હતી તેજ વલણે તે પીરમરદે બીજા બુજરગને કહી સંભળાવી અને કહ્યુ કે તે મુકરર કીધેલો દીવસ આજ આવી પોંહચ્યો છે તેથી તે બનાવ મારી નજરે જોવાને મેં ઠરાવ રાખ્યો છે. તે બીજા બુજરગ આદમીને જોકે એ વીગત

ઘણીજ તાજુબ સરખી લાગી તેથી તેને પણ તે કૌતક જોવાનો શોખ થયો અને તે પણ તેઓની સાથે બેઠો અને એક બીજા સાથે વાતચીત કરવા લાગ્યા.

તેઓ પોતાની વાતમાં મશગુળ હતા એટલામાં મેદાન તરફ એક ભારી ધુવાડાનુ વાદલ તેઓની નજરે પડયુ. તે વાદલ તેઓની નજદીક આવવા લાગ્યું અને તે ધુવાડાનો પરદો ખરી ગયાથી ત્યાં તેઓને તે જીને દેખાવ દીધો. તે જીન તેઓને ગણકાવ્યા વગર પોતાના હાથમાં સમસેર લઇ તે સોદાગર તરફ ચાલ્યો અને તેનો હાથ ધરી કેહવા લાગ્યો કે ઉઠ જેમ તેં મારાં ફરજંદને મારી નાખ્યો છે તેમ હું તને જબેહ કરૂં. તે સોદાગર તથા ત્રણે બુજરગ મરદો આ વાતથી ભય ખાવા લાગ્યા કે તેજ વેળા તેમને રડવુ આવ્યું અને તેમના રદનના આવાજથી હવામાં એક સોહર ઉડી રહ્યા.

જ્યારે પેહલો પીરમરદ જે પોતાની સાથે એક હરણી લાવ્યો હતો તેને તે સોદાગરને મારી નાખવા સારૂ તેની ઉપર તલવાર ઉચકતાં જોયો ત્યારે તે પગે પડી તેના પગ ઉપર બુસ્સા દેઇ તે રાક્ષશને કહયુ કે રે જીન લોકોના પાદશાહ તુને વીનંતી કરી કહુંછુ કે તારા ગુશ્શાને જરા નરમ કર અને હું જે વાત કહુંછુ તે મેહરબાની કરીને સાંભળ. મારી ઉપર વીતેલી તથા આ મારી સાથે આવેલી હરણીની વાર્તા તારી આગલ કહી સંભળાવું અને અગરજો આ સોદાગરની વાર્તા કરતાં તુને વધારે ચમતકારીક અને અજાયબ સરખી લાગે તો આ સોદાગરને તુ મારી નાખવાને તૈયાર થયો છે તે કામમાં તું કાંઈ પણ રેહમદીલ બતાવી તારા હુકંમની શકતીનો એકત્રત્યાંઉસ ભાગ પણ કમતી કરશે તો મારી ઉપર મોટી નવાજેસ થશે એમ હું ઉમેદ રાખુંછુ. કેટલોએક વાર વિચાર કરીને તે જીને કહ્યું કે ઠીક છે તમારી અરજ હું કબુલ રાખુછું.

પહેલા બુજરગ આદમી તથા હરણીની વાર્તા.

તેને કહ્યું કે હવે હું મારી વાર્તાનો પ્રારંભ કરૂં છું અને તે તમો ચીત ધરી સાંભળસો એવી ઉમેદ રાખું છું. આ હરણી જે તમો જોવો છો તે મારી સગી થાય છે એટલુંજ નહી પણ મારી ધણીઆણી થાય છે. જ્યારે હું એની સાથે પરણયો ત્યારે એની ઉમર બાર વર્ષની હતી. તેથી તેણીએ મને પોતાનો સગો તથા ધણી કરીને ગણવો એટલુજ નહીં પણ પોતાનો પીતા કરી ગણવો જોઇએ છે.

અમો એક બીજા સાથે ત્રીશ વર્ષ સુધી રહ્યાં હતાં પણ તે મુદતમાં હમારે ત્યાં કાંઇ પણ બાળક થયું નહતું તોપણ એ બનાવને લીધે તેની ઊપરના મારા હેત તથા પ્રીતમા કાંઇ પણ ઘટાડો કરયો નહતો. પણ મારે ત્યાં એક પણ વારસની વૃદ્ધી થાય એવી મારી મોટામાં મોટી હોંશ હતી તેથી એક ખુબસુરત બાંદી વેચાતી લીધી અને વખત વેળાએ તેણીને પેટે એક સુંદર અને ચંચળ પુત્ર અવતર્યો. આ પુત્રનો જનમ થયાથી મારી બાયડીની આંખમા અદેખાઇ પેદા થઇ તેથી મા તથા દીકરા ઉપર તે કડવી નજરે જોતી હતી પણ તે પોતાના દીલમાં અદેખાઇનાં પર એવી તો સંભાલથી છુપાવી રાખતી હતી કે મારી તરફથી કાંઇ બુરૂ થશે એવો તેની ઉપર કાંઇ પણ ભ્રાંત રહ્યો નહતો.

એ અરસામાં મારો દીકરો પુખ્ત ઉમરે આવવા લાગ્યો અને જ્યારે તે દશ વર્ષની વયનો થયો ત્યારે મુશાફરી કરવા જવાનો મારો શોખ થયો તેથી મારી બાંદી તથા દીકરાને મારી બાયડીને હવાલે કીધાં અને તેને અરજ કરી કહ્યું કે મારી ગેરહાજરી તેમની સંભાળ રાખે, હું વર્ષ એકની અંદર

પાછો આવીશ. એક તરફથી મારૂં રવાને થવું અને બીજી તરફથી મારી ગેરહાજરીનો ફાયદો લેઇ મારી સ્ત્રીએ પોતાની અદેખાઇને પુરતી રીતે અમલમાં લાવવાનો માર્ગ શોધ્યો. તેને મંત્ર વીદ્યા શીખવાનો ઠરાવ કીધો અને જ્યારે તે કાલા હુન્નરમા પુરતી પાવરડી થઇ ત્યારે પોતાના મનમા રાખેલો દુષ્ટ વિચાર અમલમાં લાવવા સારૂં મારા દીકરાને કોઈ દુરની જગાએ લઇ ગઇ, ત્યાં પોતાના જાદુઇ હુન્નરના બળથી તે છોકરાને વછેરાનો અવતાર આપ્યો અને ઘરે લાવી ખાનશાંમાંને કેહવા લાગી કે તેને તે ખરીદયોછે અને હવાલે કીધો કે તેને પાલી પોશી મોટો કરે. એટલુંજ પાપી કરમ કરીને તે અટકી નહીં. તેને મારી બાંદીને ગાયનો અવતાર આપ્યો અને તેને પણ ખાનશાંમાને હવાલે આપી.

જેવો હું મુસાફરી કરી પાછો ફરયો તેવોજ મારી બાંદી તથા દીકરા વિષે પુછપરછ કરવા લાગ્યો. તે વેલાએ મારી સ્ત્રીએ કહયું કે તમારી બાંદી તો ગુજરી ગઇ અને તમારો છોકરો બે માસ થયા ઘરમાંથી જતો રહયો છે ને હું જાણુતી પણ નથી કે તેનું શું થયું. મારી બાંદીના મરણના સમાચાર સાંભલી મને ઘણુજ દુઃખ થયું પણ મારો છોકરો ઘર છોડી જતો રહ્યો તે સાંભલીને થોડી પણ મને ધીરજ આવી કે તે જીવતો છે તો કોઇ દાહડે મલી આવશે. આઠ માસ વતી ગયા પણ મારો દીકરો પાછો આવ્યો નહી અને તેને વિષે કાંઇ પત્તો પણ હાથ લાગ્યો નહીં. એ દરમ્યાનમા બેહરામના જશનનો હીંગામ આવી લાગ્યો. તે તેહવાર પાલવા સારૂં મેં મારા ખાનશાંમાંને ફરમાવ્યું કે હલાલ કરવા એક ફરબે ગાય જે હોય તે લાવવી. તે મારા હુકમને તાબે થઇ એક ગાય લાવ્યો જે મારા દીકરાની કમનસીબ મા હતી. તેને બંધાવીને હું મારાં ખાનશાંમાંને હવાલે કરવા જતો હતો પણ તે ગાય અફસોસ ભરેલી રીતે પોતાનું દુઃખ જાહેર કરવા લાગી અને પોતાની આંખોમાંથી આંસુનાં રેલા નાખવા લાગી. આ ચમતકાર મને એટલો અચંબા સરખો લાગ્યો કે તે દેખાવથી મારા મનમાં ઘણીજ દયા આવી અને તેને ફટકો મારી તેને મારી નાખવાની છાતી ચાલી નહીં તેથી મેં તેને પાછી લઇ જવાનો અને તેને બદલે બીજી નવી ગાય લાવવાનો હુકમ આપ્યો.

મારી બાયડી જે તે વેળા હાજર હતી તેને મને ગાય ઉપર દયા લાવતો જોઇ ગુસ્સો કીધો ને જે હુકમ તેની કીના ભરેલી ચાલની વીરૂધ હતો તેની સામે થવા લાગી. તે કહેવા લાગી કે રે મારા ધણી તમે એ શું કામ કરો છો. એજ ગાયનો ભોગ કાંય નહીં તમે લેતા. એથી વધારે ખુબશુરત અને આ કારણને વધારે લાયક ગાય તમારા ખાનશાંમાં પાસે નથી. મારી ધણીઆણીને રાજી રાખવા સારૂં તે ગાય આગળ હું પાછો ગયો અને જે દયાથી મેં મારો હાથ અટકાવી રાખ્યો હતો તેને બદલે મારૂં હૈડું શખ્ત કરતાં મને ઘણુજ કુંમકંમવું પડયું, અને જેવી મેં તેને મારી નાખવાની યત્ન કીધી તેજ વેળા તે ફરીથી આંખમાં આશુ લાવી પોતાના દુઃખને જાહેર કરી રડવા લાગી. તેજ વેળા તેને મારી નાખવાની હીંમત ટુટી ગઇ તેથી મારી નાખવાના હથિયાર ખાનસાંમાંને મેં આપી દીધાં અને મેં તેને કહ્યુ કે આ હથિયારો તું લે અને તારે હાથે આ ગાયને હલાલ કર, એના રદનનાં આસુ મારેથી ખમાઇ શકાતાં નથી.

ખાનસાંમાંના દીલમાં કાંઇપણ દયા હોય એમ મને લાગ્યુ નહીં. તેને તો તેજ વેળા તે જાનવરને તમામ કરી મેલ્યું. તેનું ચામડું ઉખેડી કાહડતાં માલમ પડયું કે તે ગાય બીલકુલ દુરબલ થયેલી હતી. મારા જીવ સાથે હું ઘણોજ રંજીદા થયો. ખાનસાંમાંને મેં કહ્યુ કે આ મારી આગળથી ઉંચકી લે હું તે તુને આપુ છું તારે ગમે તે તેનું કર. તારે ગમે તે દોસ્ત સાથે બીસમીલા કર અને જો તારી પાસે એક ઘણોજ ફરબે વછેરો હોય તો લાવ. તે મારી નાખેલી ગાયનું તેને શું કીધું તે વિષે મેં કાંઇ તેને પુછયું નહી. પણ તેને મારી પાસેથી ગયાને ઝાઝો વીલંબ ન લાગતાં મારી આગળ

એક ઘણોજ સરસ વછેરો લાવી મેળ્યો. જો કે એ વછેરો મારો દીકરો છે એમ હું બીલકુલ જાણતો ન હતો તોપણ તેને જોતાનેવાર મારા દીલમાં તેને માટે મયા છુટવા લાગી. મને જોતાને વાર મારી આગળ આવવાને એટલાતો જોરથી તેને કોશેશ કીધી કે તેને બાંધેલુ દોરડું તોડી નાખ્યું અને પોતાનુ માથું જમીન ઉપર મેળી મારે પગે લાગ્યો. તે ઉપરથી સાફ માલમ પડયું કે તે વછેડો ગોયા કેહતો હતો કે "રે બાપ તું મારી ઉપર દયા કર અને આટલો બધો કુર દીલનો થઇ મારો જાંન ના લે. એવી કાકલુદી કરી તે મને જણાવતો હતો કે તે મારો દીકરો છે.

ગાયના રદન અને આંસુથી મારા દીલ ઉપર અસર થઇ હતી તે કરતાં આ વછેરાની ચાલથી વધારે અસર થઇ હતી. તેની ઉપર મારી પ્રીત દોડવા લાગી અને ગોયા તેને વિષે પુછપરછ કરવાનો શોખ થયો, પણ જો ખરેખરું કહુંતો એવા બારીક સમેમાં ફરજ શું હતી તે ગોયા કુદરત અદરખાને મને કહી આપતી હતી. તેથી તેજ વેળા મેં કહ્યું કે પાછો જા અને આ વછેરાની ઘણી સારી રીતે માવજત કર અને મારે માટે એક બીજો વછેરો લાવ.

મારી ધણીઆંણી આ મારા ઠરાવ સાંભળતાં વાર ચોંકી ઉઠી અને કેહવા લાગી કે રે ખાવીંદ તમો શું કરવા માગો છો હું તમુને અરજ કરી કહું છું કે આ વછેરા શીવાય બીજા જાનવરનો ભોગ લેના ના. સોદાગર બોલ્યો કે " રે મારી પ્યારી એ પ્રાણીને હું મારનાર નથી, મારી મરજી છે કે એને હું સંભાલી રાખુ તેથી મારી મરજી સામે ના થા." પણ એ દુષ્ટ ઓરત મારી મરજી સાથે મળતી નહીં થઇ. મારા દીકરાનો તે એટલો તો તીરસ્કાર કરતી હતી કે તેને જીવવા દેવા દે એ મુશકેલ હતું. તે તેને મારી નાખવા પછવાડે એટલી તો ખાઇ પીઇને પડી હતી કે તેની હટ છોડાવવાને મને ઘણું મુશકેલ થઇ પડયું, તેથી અંતે હું હાકયો અને તેને શરન થવાની મને ફરજ પડી. મેં મારે હાથે વછેરાને બાંધ્યો અને છરો મારવાની તજવીજમાં હતો તે મામલો જોઇ તેને આંસુથી ભરેલી આંખ મારી તરફ કીધી અને ગોયા તેને એટલી તો કાકલુદી બતલાવી કે મારી ધારણાં પ્રમાણે તે છરો તેનાં ગલાં ભોકવાની મારા હાથમાં મુદલ તાકાત રહી નહીં. તે છરો મારા હાથમાંથી નીકળી પડયો ત્યારે મેં મારી ધણીઆણીને કહ્યું કે મેં બીજો વછેરો મંગાવવાનો નીસ્ચય ઠરાવ કીધો છે. મારો વિચાર ફેરવવા માટે મારી સ્ત્રીએ કાંઇ પણ એલાજ લેવાને બાકી રાખ્યું નહી. તેને ગમે એટલાં ફાંફાં મરયાં પણ હું મારા વિચારને વલગી રહ્યો અને તેને ઠંડી મીથી રાખવા સારૂં તે જાનવરને બીજે વર્ષ બેહરામનાં જસનને ટાંકણે કાપી નાખવાની મેં કબુલાત આપી.

બીજે દીવસે મારા ખાનસાંમાંએ મારી સાથે એકાંત વાત કરવાની ખાયશ બતલાવી. તે કેહવા લાગ્યો કે સાહેબ હું તમુને કાંઇ ખુશ ખબર આપવા આવ્યો છું. મારી એક દીકરી છે જે મંત્ર વિદ્યા કાંઇએક પઢેલી છે. ગઇ કાલે તમે જે વછેરાને મારી નાખવાને નારાજી હતા તે લઇને હું તબેલા તરફ પાછો ફરતો હતો ત્યારે મેં જોયું કે તે જાનવરને જોઇ તરત તે હસી પડી પણ વળી તેજ વેળા તે રોવા લાગી, તેના દીલમાં એકજ વેળા આ ઉલટાસુલટા બે જોસ્શા આવ્યા તેનો સબબ મેં તેને પુછયો. તેને જવાબ દીધો કે "રે પ્યારા બાપ જે વછેરો તમો પાછો લઇ જાવો છો તે આપણાં શેઠનો દીકરો છે તેને હજુર જીવતો રેહવા દીધો છે તેની ખુશાલીમાં મને હસવુ આવ્યું પણ ગઇ કાલે તેની મા જેને ગાયનો અવતાર આપ્યો હતો અને જેને જબેહ કીધી હતી તે બનાવની યાદ આવ્યાથી મને દલગીરી ઉપજી થઇ. આપણા શેઠની ધણીઆણી એ બન્ને માં દીકરા ઉપર એટલો તો કરોધ રાખેછે કે તે વેરભાવનાં જોશમાં તેણીએ તેઓને આ બે જુદા જુદા અવતારો આપ્યા છે." તે ખાનશાંમાં કેહવા લાગ્યો કે આ પ્રમાણે મારી દીકરી બોલી તે વિષેની ખબર હું તમોને આપવા આવ્યોછું. રે

જીનના પાદશાહ તમેજ ખેઆલ કરો કે આ શબ્દોથી મારા મનમાં કેટલી અચરતી ઉપ્તન્ન થઇ હશે. તે હકીકત સાંભળતાંને વાર મારા ખાનશાંમાંને સાથે લઇ તેની બેટી સાથે વાત કરવા હું પોતે ગયો. જે તબેલામાં તે વછેરાને બાંધ્યો હતો ત્યાં હું પહેલાં ગયો અને તેને સારી પઠે પટાવ્યો, પસવારયો અલબત્તે તે કાંઇ તેની ખુશાલી જણાવી શક્યો નહીં પણ તેને કેટલાએક એવા તો ચેનચારા દેખાડયા કે તે ઉપરથી મારી પતીજ થઇ કે તે ખરેખર મારો દીકરો છે.

જ્યારે ખાનસાંમાંની બેટી મારી હજુરમાં આવી લાગી ત્યારે મેં તેણીને પુછયું કે આ ગરીબ જાનવરને તમો તેના પેહલા સ્વરૂપમાં પાછો લાવી શકસો. તેને જવાબ દીધો જે હા હું લાવી શકશ. મેં કહ્યું કે હા અગરજો એ મોજેજો તમો બનાવી શકો તો મારી પાસે જે કાંઇ ધંનદોલત છે તેની માલીક હું તમને કરીંસ. ત્યારે તે છોડીએ હસીને કહ્યું કે "તમે હમારા શેઠ છો અને હું સારી પઠે સમજું છું કે હમોએ તમારી સેવા કેવી રીતે કરવી જોઇએ પણ મારે તમુને જણાવવું જોઇએછે કે તમારા દીકરાને બે સરતોથી પોતાના આગલા સ્વરૂપમાં લાવવાને હું તૈયાર છું. પેહલી સરત તો એછે કે તે છોકરા સાથે મને પરણાવી તેને મારો ખાવીંદ થવાની પરવાનગી આપવી અને બીજી સરત એ છે કે જે સખસે તેને વછેરાનો અવતાર આપ્યો છે તેને મારે હાથે સજા કરાવવી." મેં જવાબ દીધો જે પેહલી સરત મારાં અંતઃકરણથી કબુલ રાખુંછું પણ તે ઉપરાંત જે દોલત મારા દીકરાને આપીશ તેના કરતાં કાંઈએક વધારે ભાગ તમુને આપીશ કે તમે તે પોતાના સ્વતંત્ર ખપમાં લેવો. એ ઉપરથી તમુને માલમ પડશે કે તમે જે અગતની સેવા મારે માટે બજાવી આપશો તેની ઘટતી કદર બુજી તેનો ઘટતો બદલો વાળવાને હું રાજી છું. તમે જે મારી સ્ત્રી વિષે સરત કરવા માંગો છો તે પણ મારે કબુલ છે. કારણકે તેણીએ જે ભય ભરેલો ગુનાહ કીધો છે તે સજાને પાત્ર છે. તમારે ગમે એવી શીક્ષા તેને કરજો પણ તેને મારી નાખવી નહીં. તે છોકરીએ કહ્યું કે જેમ તેને તમારા દીકરાનો અવતાર ફેરવી નાખ્યો છે તેમ તેનો પણ હાલ હું કરીશ. મેં કહ્યું કે પેહલાં મારા દીકરાને જેવો હતો તેવો કરો પછી બીજી વાત.

તે છોકરીએ પાણી ભરી વાસણ મંગાવ્યું અને કાંઇ મંત્ર પઢી, કે જે મને કાંઇ સમજ પડયું નહીં, તે વછેરાને કેહવા લાગી કે "રે વછેરા જગતનાં સર્વ સકતીવાંન માલેકે જે હાલતમાં હાલ તુ છે તે હાલતમાં પેદા કીધો હોય તો એ તારી હાલત તુંને મુબારક છે પણ અગરજો તું ઇનશાનનાં અવતારમાં જનમ્યો હોય અને તે અવતાર જાદુઇથી બદલાયલો હોય તો તું તારી અશલી હાલતમાં પાછો આવ." એટલું બોલી તે છોકરીએ વછેરા ઉપર પાણી છાંટયું તેજ વેલા તે છોકરો પોતાના અસલી અવતારમાં આવ્યો.

હું બોલ્યો કે રે મારા બાળક, મારા પ્યારાં બાળક જે ભય ભરેલી જાદુઇથી તને પશુનો અવતાર મળ્યો હતો તે તોડી નાંખી તુંને ઇનશાન્યતમાં પાછો લાવવા સારૂ તથા તમોને તથા તમારી માતાને જે હાંણી પોહચાડી છે તેને સજા કરવા સારૂ ખોદાએ આ અબછરાને મોકલી છે. મારી ખાતરી છે કે જેમ મેં કબુલાત આપી છે તેમ આવા પુન્યવંત કાંમના ઉપકારમાં તમો તેને તમારી ધણીઆણી દાખલ કબુલ રાખશો. એ વાત મારા દીકરાએ ખુશી સાથે કબુલ રાખી પણ તેઓની કદખોદાઇ કરયા આગમચ તે ખાનશાંમાંની છોકરીએ મારી સ્ત્રીનો અવતાર બદલી તમે જે હરણી જોવો છો તેવા રૂપમાં તેણીને લાવી નાખીછે. હરેક બીજા પ્રાણીના અવતારમાં મારા ઘરમાં તેને રાખવાને મને પસંદ આવ્યું નહીં તેથી આ હરણીનો અવતાર તેને અપાવ્યો છે.

ત્યારબાદ મારા દીકરાની બાયડી તેના કમનસીબે ગુજરી ગઇ છે અને તે મુસાફરી કરતો ફરેછે.

કેટલાંક વર્ષ ગુજરી ગયાં પણ તેને માટે મેં કસું હજુર સુધી સાંભલ્યું નથી કે તે જીવેછે કે મરી ગયો છે તેથી તેનો કાઇપણ પત્તો મેલવવા સારૂં આ મારી મુસાફરી કરવા નીકલ્યો છું અને મારી ગેર-હાજરીમાં મારી સ્ત્રીને કોઇને શોંપી જવાને મને દરૂસ્ત લાગ્યું નહી તેથી તેને મારી સાથે લેઇ ફરૂં છું. આ હરણીની તથા મારી આ વાર્તા છે. આથી વધારે અજબ કરનારી બીજી કઈ વાર્તા છે. તે જીને કહ્યુંકે તમારી સાથે હુ એકમત છું અને આ સોદાગરને માટે ઠેરવેલી શજામાથી એક ત્રસાઉસ ભાગ કમતર કરૂ છું.

શેહરાજાદીએ કહ્યુંકે પેહલા બુજરગ આદમીએ પોતાની વાર્તા પુરી કીધા પછી બીજો બુજરગ આદમી જે બે કાલા રંગના કુતરા પોતાની સાથે લાવ્યો હતો તે તે જીનને કેહવા લાગ્યો કે મારી તથા આ બે કુતરા ઉપર શું શું વીપતી પડીછે તે વિષેની હું વાત કરવા માગુછુ, અને મારી ખાતરી છે કે તમે હાલ જે હકીકત સાંભલી છે તેના કરતાં મારી તવારીખ તમુને વધારે ચમતકારીક લાગશે. પણ હું ઉમેદ રાખુંછું કે તે સાંભળી રહ્યાબાદ આ સોદાગરની સજાનો બીજો એક ત્રસાંઉસ ભાગ કમતર કરશો. તે જીને જવાબ દીધો જે હા જો હરણીની વાત કરતા વધારે અચરતી ભરેલી માલમ પડશે તો હું તેમ કરીશ. આટલું નક્કી થયા પછી નીચે લખ્યા મુજબ બીજા જઇફ મરદે પોતાની વાર્તા શરૂ કીધી.

એક બુજરગ આદમી તથા તેના બે કુતરાની વાર્તા.

રે જીન લોકોના બુલંદ મરતબાના પાદશાહ તમારે જાણવું જોઇએછે કે હું અને મારી સાથે આ બે કુતરા તમો જે જુવો છો તેઓ અમે ત્રણ ભાઇઓ છીએ. જે વેળા અમારો પીતા ગુજર્યો તે વેળા અમો પ્રત્યેકને હજાર અસરફી આપી ગયો હતો. ત્રણ હજાર અશરફી લઇ હમો ત્રણે ભાઇઓએ શોદાગરનો ધંધો પકડ્યો અને અમોએ જુદાજુદા માલની વખારો ઉંઘાડી. મારો વડો ભાઇ જે આ બે કુતરા માહેલો એક કુતરો છે, તેને એક સોદાગર તરીકે મુસાફરીએ જવાનો તથા પરદેશોમાં વેપાર ચલાવવાનો શોખ થયો. આ ધારણાથી તેને પોતાનો સઘલો માલ વેચી નાખ્યો અને જે જે મુલકોમાં તે મુશાફરીએ જવાનો વિચાર રાખતો હતો તે મુલકોની બજારને બરનો માલ ખરીદ કરવા લાગ્યો.

તે પોતાની મુસાફરીએ રવાને થયો અને એક વર્ષ સુધી ગેરહાજર રહ્યો. તે વેલાએ એક મુફલેશ આદમી જે મને ખેરાત માગતો દીસવા લાગ્યો તે મારી વખાર આગળ આવી ઉભો. મેં તેને કહ્યું કે ખોદા તારો મદદગાર થાય. તે બોલ્યો કે તારો પણ મદદગાર ખોદા થાય પણ તું મને ઓલખતો નથી એમ કેમ થાય. સારી પઠે ચીત રાખી તેની તરફ જોયાથી મને માલમ પડ્યું કે તે મારો ભાઇ છે. તેને કોટી કરીને હું બોલ્યો કે રે મારા ભાઇ આ તારી હાલત જોઇ હું તને કેમ ઓલખી શકું કે તું મારો ભાઇ છે. મેં તેને મારી વખારની અંદર લીધો અને તેની ખેરઆફયત પુછી તેની શફર ફતેહમંદ ઉતરી કે નહીં તે વિષે તલાશ કીધી "તે વિષે તમારે મને પુછવું નહીં. મારી હાલત જોઇ તમે મારૂં કીસમત પીછાની લેવુ. ગયા સાલમા જે જે નુકશાની મેં ખમી છે તેનું બ્યાન કરવા માંગું તો મારી ઉપર પડેલા દુઃખને પાછું નોતરૂં કર્યા બરોબર છે." તેજ વેલા મારી દુકાન મેં બંધ કીધી અને દુકાનનુ સર્વે મારૂં કામ એક કોરે રાખીને હમામખાને તેને હું લઇ ગયો અને મારી શંદુકમાં જે સરસ કપડા હતાં તેને પેરાવ્યાં. મેં મારો હીસાબ તપાસ્યો તે ઉપરથી માલમ પડ્યું કે મારૂં ભંડોલ બેવડું થયું હતું અને મારા વીટની કીંમત બે હજાર અશરફી ગણાઇ હતી.

તે વેલા મેં મારી દોલતનો અરધો ભાગ તેને આપ્યો. મે કહ્યું કે ભાઇ આ તું લે ને તારી નુકશાનીને વીશરાવી નાંખ. તે એક હજાર અશરફી ખુશી થઇ તેને લીધી. તેને પોતાનો વહીવટ પાછો નક્કી કીધો અને આગળ જેમ અમો રેહતા તેમ એક બીજા સાથે રેહવા લાગ્યા.

આ બનાવ બન્યા પછી થોડીએક મુદતે આ બીજો કુતરો, તે મારો બીજો ભાઇ, મારી પાસે આવ્યો અને કેહવા લાગ્યો કે તેની મરજી છે કે તેની જે મીરાસ હોય તે વેચી નાંખે. મેં તથા તેના વડા ભાઇએ તેને ઘણો પણ વાલ્યો પણ તે વિચાર તેને ફેરવ્યો નહી. તેને પોતાની સઘલી મીલકત વેચી નાંખી અને તેના જે પૈસા ઉપજ્યા તે વટે જે માલ તેની મુશાફરી લાયક તેને ઘટતો ધાર્યો તે તેને ખરીદ કીધો અને અમોને છોડી બાહેર પડી સોદાગરોની એક વંજાર જતી હતી તેમની સાથે મુસાફરી કરવા લાગ્યો. એક વર્ષની આખરીએ પોતાના ભાઇની પઠે મુફલેસ હાલતમાં આવી તે પણ પાછો આવ્યો. મેં તેને કપડાં પોહચતાં કીધાં અને મને બાજો એક હજાર અફરસીનો લાભ થયો હતો તે મેં તેને આપ્યો. તેજ વેલા તેને એક દુકાન ખરીદ કીધી અને ધંધો ચલાવવા માંડયો.

એક દીવશે મારા બન્ને ભાઇઓ મારી પાસે આવ્યા અને કહેવા લાગ્યા કે ધંધો કરવા ત્રણે ભાઇઓએ મુસાફરીએ જવું. પેહલાં તો મેં તેઓની આ ગોઠવણની સાંમે અડચણો નાખી. મેં કહ્યું, કે તમો મુસાફરી કરી શું કાંદા કાપ્યા કે વળી તમે મારી પાસે મુસાફરી કરાવા આવ્યા છો? તમારાં કરતાં હું વધારે ભાયગવાંન થઇશ એમ કોણ ખચીતાઇથી કહી શકશે.? મારૂં ભાયગ અજમાવવા સારૂ તેઓએ ઘણી પણ જીકરી કીધી પણ તેમાં કાંઇ તેમનું વલ્યું નહીં. તેમની ધારણા સાથે એકમત થવા મેં ના પાડી. પણ તેઓએ મારો પીછો છોડયો નહીં. જયારે તેઓ મારી પાસે આવે ત્યારે એની એજ વાત કાહડે એવી રીતે પાંચ વર્ષ ગુજરી ગયાં ત્યારે અંતે હું ઠાકયો અને તેઓની માગણી મેં કબુલ રાખી.

મુસાફરી કરવા જવાની તૈયારી કરવાનો જયારે વખત આવ્યો અને જયારે અમો વિચાર કરવા લાગ્યા કે કઇ પ્રકારનો સામાન ખરીદ કરવો ત્યારે મને માલુમ પડયું કે તેઓએ પોતાનું સઘલુ ભંડોળ ખરચી ખાધું હતું અને મેં જે દરેકને એક એક હજાર અસરફી આપી હતી તેમાંથી એક કોડી પણ તેઓએ જાલવી રાખી ન હતી. તોપણ મેં તેઓને કાંઇ ઠપકો આપ્યો નહીં. પણ મારૂં ભંડોળ વધીને છ હજાર અસરફીની રકમ એકઠી થઇ હતી તેથી મેં તેનો અરધો ભાગ તેઓ વચે વેંહચી આપ્યો. અને મેં તેઓને કહ્યુંકે જેવો ભાઇઓ આ ત્રણ હજાર અશરફીની મદદથી આપણે ધંધો કરએ અને બાકીની ત્રણ હજાર એક ઠેકાણે સંતાડી રાખ્યે કે જો કદાચ ખોદા ન કરેને જેમ તમે ખાખાવરખા થઇ ખાલી હાથે પાછા ફરયા તેમ જો એ ત્રણ હજાર અસરફી આપણે વેપારમાં ગુમાવી આવ્યે તો આ સંતાડેલી ત્રણ હજારની રકમ લઇ આપણે આગળની પઠે આપણો રોજગાર પાછો શરૂ કરી શકયે. તમો દરેકને હું એક એક હજાર અસરફી આપવા માંગુછુ અને એક હજાર મારી પાસે રાખુછુ અને બાકીની ત્રણ હજાર અસરફી મારા ઘરનાં એક ખુણામાં શંતાડી રાખું છું. એમ તેઓને કહીને અમે માલ ખરીદ કીધો અને એક બારકશ આખું નોલે માંડી તેમા અમારો માલ ચડાવ્યો. અને એક માસની અંદર એક બંદરે સલામત જઇ પોહચ્યા અને ત્યાં અમારો માલ ઘણાજ સારા નફા સમેત વેચાયો. મેં મારો માલ અગત કરીને એટલાતો સારા ભાવથી વેચાયો કે મારી એકકી અસરફીએ દશ દશ અસરફીનો મને નફો થયો. ત્યાર બાદ આ નવા દેશમાં જે માલ મલ્યો તે અમોએ ખરીદ કીધો કે તે અમારે દેશ લઇ જઇ વેચી નાંખ્યે.

જે વેળા અમો અમારે વતંન જવાની વેતરણ કરતા હતા તે વખતે સમુદ્રને કાંઠે એક સુંદર પણ ચીઠડેહાલ સ્ત્રી આવી મને મલી અને મારા હાથ ઉપર બુરસા દેવા લાગી અને મને વીનંતી

કરી કેવા લાગીકે મને તમારી સાથે લઇ જાવો અને તમારી સ્ત્રી કરી રાખો. એવી કાંઇ પણ રીતની ગોઠવણુની સાંમે મેં ઘણીએક અડચણો બતલાવી પણ જ્યારે મારૂં દીલ પીગલાવવાને તેણીએ ઘણીએક અશરકારક તદબીર વાપરી અને મને કહ્યું કે તેની મુફ્લેશ હાલત ઉપર મારે નીઘા રાખવી નહીં પણ તેની ચાલચલણ જોવી અને પુરતી પતીજ કરી લેવી ત્યારે અંતે હું બીલકુલ હાર્યો અને તેણીને લાયકનો પોશાક મંગાવ્યો. મેં તેની સાથે કાયદા પ્રમાણે નેકા કીધા અને અમો બંને એક વાહાણ ઉપર સ્વાર થઇ હંકારી ગયા.

અમારી શફરનાં દરમ્યાનમાં મારી બાયડીમાં ઘણાએક તારીફ લાયેક ગુણો જોયા તેથી દીનપર દીન તેણીને હું વધતો ચાહવા લાગ્યો અને મારા બે ભાઇઓ જેઓએ વેપારમાં મારી પેઠે ફત્તેમંદી મેલવી ન હતી તેઓ મારી ચડતી દિશા જોઇ શકયા નહીં અને મારી અદેખાઇ કરવા લાગ્યા એટલુંજ નહીં પણ મને મારી નાખવાને મનસુબો કરવા લાગ્યા અને એક રાત્રે જ્યારે અમો બંને સુતેલાં હતાં ત્યારે મને તથા મારાં ધણીઆણીને સમુદ્રમાં નાંખી દીધાં.

પણ ખોદાના કરવાથી મારી ધણીઆણી તો એક પરી નીકલી આવી તેથી તેનામાં માનવીની શક્તી કરતાં હદથી જ્યાદા શક્તી જણાઇ. તેના એક બાલને પણ ઇજા થઇ ન હતી પણ તે હાજર ન હતે તો હું ખચીત મરણ પામતે. જેવો હું પાણીમાં પડયો કે તેજ વેળા તેણીએ મને ઉંચકી લીધો અને ત્યાંથી થોડીએક વેગળાઇ ઉપર એક જંજીરો હતો ત્યાં તે મને લઇ ગઇ. એટલામાં આફતાબે પોતાનુ ઝળકતું તાજ પેહરી આ જગતને શોનેરી રંગનો લેબાશ પેહરાવ્યો અને તમામ ચીજો હસ્તી કીધી. તે વેળાએ તે પરીએ મને કહી શંભળાવ્યું કે "રે મારા ખાવીંદ તમે હવે જોશો કે તમે મારી ઉપર દયા લાવી મારી ભલી રીતે સેવા બજાવી તેનો ઉપકાર હું કહીને માનતી નથી પણ તમારો જાંન બચાવી અત્યંત ખુશાલી ભોગવુંછું. તમારે જાણવું જોઇયે છે કે હું પરી છું. જ્યારે તમે હંકારી જતા હતા ત્યારે મેં તમુને કીનારે જોયા હતા અને તમુને જોઇને મને તમારી તરફ માંનભરેલી રીતે ચાલવા ગમ્યું. મારી મરજી થઇ કે તમારૂં દીલ કેહવું છે તેની પરીક્ષા કરૂં અને તે સબબને લીધે મને જે કંગાલ લેબાશમાં તમે જોઇ તે વેશ મેં ધારણ કીધો. તમે તો તમારી તરફથી મારી ધારણા કરતાં વધારે સખી દીલ બતલાવ્યું તેથી મારી તરફનો ઉપકાર તમુને જણાવવાને મને ઘણીજ ખુશી પ્રાપ્ત થઇ છે. પણ તમારા ભાઇઓ ઉપર મને ઘણોજ કરોધ આવે છે તેથી જ્યાં સુધી તેમના પ્રાંણ હું લઇશ નહીં ત્યાં સુધી મારો બખ પુરો પડશે નહી.

તે પરીના એવા શબ્દો સાંભળીને મને ઘણીજ અચરતી ઉપ્તંન થઇ અને તેને જે મારી ઉપર મોટો ઉપકાર કીધો તે વિષે મારીથી બને તેવા સુભ વચનથી મારો ઉપકાર કહી સંભળાવ્યો. પછી કહ્યું કે "બાંનુ હું તમુને વીનંતી કરી કહુંછું કે મારા ભાઇઓને તમો માંફ કરો કારણકે જો કે તેઓએ મારી સાથે ચલાવેલી ચાલ વિષે ફરીઆદ કરવાને મારી પાસે ઘણાજ પુખ્ત કારણો છે તોપણ મારા ભાઇઓની પાએમાલી મારે હાથે કરવી મને સજાવાર નથી." તે દરેકને માટે મેં શું શું કર્યુ હતું તેની વીગત તે પરીને કહી સંભલાવી પણ તે વાત સાંભલીને તેનો ગુસ્સો વધારે સલગ્યો. તે બોલવા લાગી કે "આ બેવફા દલદરીઓની પુઠે હું આએજ વખતે જાઉંછું અને તમને ઘટતી સજાએ પોહચાડુ છું. તેઓનું બારકસ ભાંગી ફોડી તેઓને સમુદ્રને તલીએ મેલી આવું છું." મેં જવાબ દીધો કે "રે શુંદર બાંનુ તમારે એમ કરવું નહીં. ખોદાને વાસ્તે તમારો મીજાજ નરમ કરો અને આ પ્રકારનો ભય ભરેલો વિચાર અમલમાં ના લાવો. તમો વિચાર કરો કે તેઓ હજુર મારા ભાઇઓજ છે અને ભુંડાઇનો લતીજો ભલાઇથી આપવાની આપણી ફરજ છે."

આ શબ્દોથી તે પરીને મેં ઠંડી પાડી અને આટલી વાતચીત પુરી થતાંને વાર તે મને મારા ઘરની અગાશી ઉપર લઇ ગઇ. પછી તે ગેબ થઇ. મેં મારા ઘરનાં દરવાજા ખોલ્લા કીધા અને જે જગોએ ત્રણ હજાર અશરફી મેં દાતેલી હતી ત્યાંથી તે બાહેર કાહાડી. ત્યારબાદ મેં મારી દુકાન ઉઘાડી. અને હું સલામત પાછો આવ્યો તે વિષેની સર્વે સોદાગરોએ મને મુબારકબાદી આપી જ્યારે હું મારે ઘર પાછો ફ્રર્યો ત્યારે આ બે કાલા કુતરા મને દેખાયા. તેઓ મારી આગળ રમત કરતા આવ્યા. તેનો અર્થ હું સમજ્યો નહીં પણ તે પરી જે તેજ વેલા ત્યાં આવી લાગી તેણીએ તેનો ખોલાશો કીધો. તેને કહ્યુંકે મારા વાહલા ખાવીંદ આ વાત સાંભલીને તમો અજબ થતા ના કે આ બે કાલા કુતરાછે તે તમારા ભાઇઓ છે. મેં પુછ્યું કે તમે એ કામ કઇ શક્તીથી કીધુછે. તેણીએ જવાબ દીધો કે એ કામ મેં કીધુ નથી બળકે મારી બેહન પાસે કરાવ્યું છે અને તેણીએ તેઓનું વાહાણુ પણ ડુબાવી નાંખ્યું છે. તે વાહાણમાં જે તમારો માલ હતો તે તમુને મલશે નહી પણ તેનો પાર કોઇ બીજી રીતે હું તમુને વાલી આપીશ. તમારા ભાઇઓ આ નવા અવતારમાં દસ વર્ષ સુધી રેહસે એવી મેં દુહાઇ કરીછે અને તેઓની દગલબાજીને માટે એ સજા બસછે એમ તમો પણ ધારશો. મારી મુલાકાત કઇ જગોએ થઇ શકસે તેની ઇધાંની આપી તે ગુંમ થઇ ગઇ.

તે દસ વર્ષ હવે પુરા થયાંછે તેથી તેની સોધ કરવા હું નીકલ્યો છું. આ રસ્તેથી જતાં આ સોદાગર મને મળ્યા અને ત્યાર પછે આ ભલા બુજરગ આદમી સાથે તેની હરણી વિષે વાતચીત થઇ. રે જીનીઓના પાદશાહ આ મારી કહાણીની વાતછે એ તમુને ઘણીજ અચરત સરખી શું નથી લાગતી? તે જીને જવાબ દીધો કે હા હું કબુલ કરૂં છું કે તે વાત ઘણીજ ચમતકારીક છે અને તેટલા શારૂ આ સોદાગરને મલેલી સીક્ષાનો બીજો ત્રત્યાંઉસ ભાગ કમી કરૂં છું. જ્યારે બીજા બુજરગ આદમીની વાર્તા પુરી થઇ ત્યારે ત્રીજાએ પોતાનું દાસ્તાન માંડયાની આગમચ તે જીનને પુછ્યું કે જેમ આ સોદાગરની સજાના બે ત્રત્યાંઉસ ભાગ તે વાર્તા ઘણીજ રસીલી માલમ પડયાથી તમે કમતર કીધા તેમ મારી વાર્તા જો તેઓ કરતાં વધારે સરસ માલમ પડે તો ત્રીજો ભાગ પણ સજાનો તમો કાહડી નાખશો એમ તમે કબુલ થાવોચ કે નહી. તે જીને પોતાની આગલી કબુલાત પ્રમાણે ચાલવાને કબુલ કીધું.

તે ત્રીજા બુજરગ મરદે પોતાની વાર્તા માડી અને કહી સંભળાવી પણ તે વાર્તા હજુર મારા સાંભળવામાં આવી નથી તેથી ત્યાં તેનું વર્ણન કરી શકતી નથી પણ આટલું તો હું જાણુ છું કે એ બીજી આગળી વાર્તા કરતા એટલી તો રસીલી અને સરસ થઇ પડી હતી કે તે જીન ઘણોજ ખુશી થયો. તે વાત પુરી થતાને વાર તેને કહ્યું કે આ સોદાગરની શીક્ષાનો બાકી રહેલો ભાગ હું તેને માફ કરૂં છું. તમો સર્વે લોકોએ પોતપોતાની ઉપરની જફાની વાર્તા સંભળાવ્યાથી તેનો છુટક થયો છે તેથી તેને તમારો ઉપકાર માનવો જોઇએ છે અગરજો એ મદદ તેને મળી ન હતે તો આ દુનિયામાં તે એટલો વાર રહી શકતે નહી.

પોતાનો છુટક કરનારા લોકોનો ઉપકાર માનવાને તે સોદાગર ચુકયો નહીં. તેઓ પણ બચાવ થયાથી ખુશી થયા અને તેને સાહેબ મેહરબાન કહી પોતપોતાને માર્ગે ચાલતા થયા. તે સોદાગર પોતાને વતન જઇ પોંહચ્યો અને પોતાની બચાં છોકરાં સાથે આરામ અને સંતોષ સાથે પોતાની બાકીની જીંદગી ગુજારી. પછી શેહરાજાદીએ સુલતાનને કહ્યું કે આજે જે વાર્તા તમો સાહેબને કહી સંભલાવી તે ગમે એવી ચમત્કારીક હતી તોપણ તે એક માંછીની વાર્તા કરતાં સરશ નથી. જ્યારે દીનારજાદીએ જોયું કે પાદશાહે કાંઇ ના કે હા ભણી નહીં ત્યારે તેણીએ કહ્યું કે પોહર ફાટવાને હજુર વખત છે તેટલા મારી પ્યારી બેહન તે વાર્તા ચલાવો. હું ઉમેદ રાખું છું કે સુલતાન તે વિષે વાંધો

લેશે નહીં. શાહ સેહરીયારે તે માંગવું કબુલ રાખ્યું અન શેહરાજાદીએ નીચે મુજબનું દાસ્તાન કહી સંભળાવ્યું.

માંછીની વાર્તા.

સાહેબ એક વખતે એક જઇફ અને દુરબળ કોલી વસ્તો હતો. અને તે એટલો તો મુફલેસ હતો કે તે પોતાને પોતાની બાયડી તથા ત્રણ છોકરાને માટે પોશાક મેળવી શકતો ન હતો. તે દર રોજ મોટે પરોઢીયે માછલા મારવા જતો હતો અને તેને ચોક્કસ ન્યમ બાંધી રાખ્યો હતો કે આખ્ખા દીવસમાં ચાર વેળાથી વધારે વાર પોતાની જાલ નાંખવી નહીં. એક દીવશે ચંદ્ર અસ્ત પામ્યાંની આગમચ તે માછલી મારવા ગયો અને સમુદ્ર કાંઠે આવી પોતાની જાલો નાંખી. તે જાલોને જમીન તરફ ખેંચી કાહડતાં તે એટલી તો ભારી થઇ પડી કે તે વિચાર કરવા લાગ્યો કે આજે કાંઇ હું ખાટશ ખરો. અને તે મનમાં ઘણો મગન થવા લાગ્યો. પણ તે જાલો ખેંચી કાહડતાં તેને માલમ પડયું કે માછલાને બદલે મુવેલા ગધેડાનું મુરદું તેને હાથ લાગ્યું. એવો માઠો બનાવ જોઇ તે ઘણોજ ખીજવાયો અને દુખી થયો. તેની જાલો જે ગધેડાના મુરદાંના ભારથી કેટલીએક જગોથી ટુટી ગઇ હતી તે જ્યારે તેને સમારી ત્યારે બીજી વાર તેને તે સમુદ્રમાં નાંખી. તે જાલ ખેંચી કાહડતા તેજ માફક તેને અટકાવ થયો અને ફરીથી તેને વમાસ્યું કે તેમાં માછલાં પકડાયા હશે પણ તેને બદલે એક ટોપલો ભરી રેતી તથા કાદવ હાથ લાગ્યાથી તે અતી ઘણો નાસીપાશ થયો. મનનાં ઘણાજ દુખથી નીરાશી ભરેલા આવાજથી તે બોલ્યો કે રે કીશમત હવે મારી ઉપરથી તારો કરોધ કાહડી નાંખ. એક માઠાં ભાયગના આદમી ઉપર તું જફા ના પાડ. તે બીચારો તુને વીનંતી કરે છે કે હવે તું બસ કર. હું મારે ઘરથી ઉદરપોષન શોધવા આવ્યો ત્યારે તું મને ગરદન મારે છે. કોઇ પણ મને ધંધો માલમ નથી કે જેથી હું મારૂં ગુજરાણ કરી શકુ અને આખ્ખો દીવશ ભારી મહેનત લેતાં હું એટલુ પણ પેદા કરી શકતો નથી કે જેથી મારા કુટંબની ઘણીજ અગતની હાજતો પાર પડી શકે. પણ જે કીસ્મત ભલા લોકોને ભમતા જોઇ ખુશી થાય છે અને સારી મનસ્નીનાં લોકોને અંધારામાં ગોતા ખવડાવે છે અને દુષ્ટ લોકો ઉપર મેહરબાનીનો વરસાદ વરશાવે છે અને જે લોકોની ભલામણ થવા લાયક એક કોડીભાર પણ નેકીનો ગુણ ન હોય તેઓને તું આસમાન સુધી ઉંચે દરજ્જે પોંહચાડે છે એવી રીતનાં કીસમત આગલ મારી મુફલેશ હાલતની ફરીઆદ કરવી વેર્થ છે.

એ પ્રમાણે પોતાની ફરીઆદને આવાજ આપી તે ટોપલી ગુસ્શાથી એક બોરદુએ મેલી અને પોતાની જાલોમાથી કાદવ, કીચલ ઢોઇ નાખી ત્રીજી વાર તેને સમુદ્રમાં નાંખી પણ પથર, ખુપડી અને કાદવ સીવાયે તેને બીજુ કાંઇ મલ્યુ નહી. તેને ઉપજેલી નીરાસીનુ બ્યાન કરવું મુસકેલછે. એ નીરાસીથી તે દીવાનો થયો. એટલામાં પોહર ફાટી દીવશનું આજવાલુ પડવા લાગ્યું તે વેળા એક એકીનદાર મુસલમાનની નીમાંજ કરવાની ફરજ તે વીશરયો નહી અને તે સાથે તેને હેઠલ ઉતારી લીધેલી બંદગી કીધી હતી.

"રે ખોદા તું જાણેછે કે હું એક દીવસમાં ચારથી વધારે વાર મારી જાળ નાંખતો નથી તેમાં ત્રણ વાર નાંખ્યા છતાં મારૂં કસ્સું વળ્યું નથી. હવે એકજ વાર નાંખવાની રહી છે તેથી હું વીનંતી કરી અરજ ગુજારૂંછું કે જેમ મુશા પેગંબર ઉપર નવાજેશ કીધી હતી તેમ શમુદ્રને ફરમાવ કે એક વાર મારી ઉપર કરમ બક્ષીશ કરે."

જ્યારે તે માછી પોતાની નીમાજ પઢી રહ્યો તેણે ચોથી વાર પોતાની જાળ નાંખી. તે જાળ આગળની પઠે ભારી માલમ પડયાથી તેને ઉમેદ આવી કે તેમાં અંતે કાંઇ માછલાં આવ્યાં હશે.

પણ માછલાંને બદલે પીતળનું એક વાસણ મલ્યું. તેના ભાર ઉપરથી લાગ્યું કે તેમાં કાંઇ ભરેલું હશે. પણ તે વાશણ બધી તરફથી શીસાં વટે ચની લીધેલું અને તે ઉપર મોહર કીધેલી હતી.

તેણે તે વાશણ બધી બોરડુએથી તપાસી જોયું તથા તેને હલાવી જોયું કે અંદરથી નીકળતા અવાજ ઉપરથી માલમ પડે કે તેમાં કાંઇ છે કે નહીં. પણ તેમાંથી કાંઇ પણ ખખરાટ તેને સંભળાયો નહીં. તે વાસણ ઉપર મોહર કીધેલી તેથી તેણે વમાસ્યું કે તેમાં કાંઇ ધન હશે. એ બાબત વિષે ખોલાસો થવા સારૂ તેણે પોતાની છરી વટે તે વાશણ ઉઘાડયું અને જલદીથી તે વાશણ ઉંધુ વાલ્યું કે તેમાં જે કાંઇ હોય તે નીકળી આવે. પણ તેમાંથી તો દમ બાંધી ધુમાડો નીકળવા લાગ્યો અને જમીન તથા સમુદ્ર ઉપર પંથરાઇ ગયો. તેમાથી આ નવો દેખાવ જોઇ ઘણોજ અજબ થયો. બધો ધુમાડો નીકળી ગયા પછી તેનો એક સંગીન ગોલો થયો અને તેમાંથી એક જીન નીકળી આવ્યો જે રાક્ષસો કરતાં બેવડા કદનો હતો. એવા ભયંકર દેખાવના રાક્ષસ આગળથી તે માછીએ નાશી જવાનો ઠરાવ કીધો પણ તેનાં દીલમાં એટલી તો ધાસ્તી પેઠી હતી કે તેનેથી ત્યાંથી હાલી પણ શકાયું નહીં. તે જીન પોકાર કરી બોલવા લાગ્યો કે રે સુલેમાન—સુલેમાન અલ્લાના મોટા પેગામ્બર હું તુને અરજ કરૂં છુ કે તું મને માફ કર. હું તારી મરજીની સામે કદી થનાર નથી પણ તારા સઘલા હુકમોને માન આપીશ.

એ શબ્દો તે જીને કાહડતાંને વાર તે માછીને કાંઇએક હીંમત આવી અને તે બોલ્યો કે રે તકોબરીભરેલા જીન એ તું શું બોલ્યો? બુલંદીના ખાવીંદ ખોદાતાળાનો પેગાંમબર આજ અઢારશોથી વધારે વર્ષ થયાં વસી ગયોછે. તેથી તું તારી હકીકત મને કેહે કે આ વાશણ મધે તુને શા સારૂ બંધ કીધો હતો.

તે જીન માછી તરફ ધીક્કારની નજરથી જોઇ બોલવા લાગ્યો કે રે ભલા આદમી જરા વધારે નમનતાઇથી તો બોલ. તું પોતે તકોબરી ભરેલો છે કે મારી સાથે એમ વાત કરેછે. તે માછીએ કહ્યુંકે ત્યારે તુને શુભ શગનનો પંખી કહું તો બેહતર પડશે. તે જીને કહ્યુંકે હું તુને મારી નાંખુ તેની પુર્વે તું ભળમનસાઇથી વાત કર. તે માછીએ પુછ્યું કે તું મને શા સારૂ મારી નાખવા માંગેછે. તું શું વીશરી ગયો કે આ વાશણમાંથી મેં તુને બાહેર કાહાડી છુટો કીધો. તે જીને જવાબ દીધો જે તે મને સારી પઠે યાદછે પણ તેથી તારો પ્રાણ લેવાને મને અટકાવ થનાર નથી અને હું તારી ઉપર એકજ મેહરબાની કરવા માગું છું. ત્યારે તે કોલીએ પુછ્યું કે તે કઇ છે? તે જીને કહ્યુંકે તું કઇ રીતે મરવા માગેછે તે મને કેહ તે રીતે હું તુને મારી નાખીશ. તે માછીએ પુછ્યું કે મેં તુને એટલું તે શું મોટુ દુઃખ દીધું કે તું મને મારી નાખવા નીકલ્યો છે. મેં તારી આવી મોટી સેવા બજાવી તેનો અવેજ એવી રીતે આપેછે? જીને કહ્યું એથી બીજી રીતે તારી સેવાનો પાર મારીથી વલાતો નથી માટે તારી ખાતરી કરવા મારી હકીકત તુને કહી સંભલાઊં છું.

હું જાતે એક ખવીશ છું અને ખોદાની સલતનતની સામે થયો હતો. ખોદાનો પેગામબર સુલેમાન છે એમ બધા જીનો માનતા તથા તેને તાબે થયા હતા. પણ તે છતાં મેં તેને તાબે રેહવા ના પાડી. મારી હઠીલાઇના પારમાં તે બળવંત પાદશાહે તેના વડા વજીર બરાખ્યાનાં છોકરા અશફને ફરમાવ્યું કે આવીને મને પકડે. મને પકડયો, અને અશફે મને કેદ કરી પોતાના માલીક પાહદશાની હજુરમાં લાવી હાજર કીધો.

દાઉદના દીકરા સુલેમાને મારી જીંદગીની રીતભાત છોડી દઇ સુધરવા તે સાથે પાદશાહની હકુમતને માન આપવા તથા તેને તાબે રેહવા ફરમાવ્યું. મેં ભારી ગુરરાજીથી તેને માન આપી ચાલવાને ના

પાડી અને તાબેદારી તથા ઇમાનદારીથી રેહવાના સપત લીધાને બદલે મેં મારા દીલ ઉપર પાદશાહનો કાબુ ખેંચા લીધો. મને તે માટે સજા કરવા આ વાસણમાં બંધ કીધો અને તેમાંથી હું નીશરી નહીં પડુ એટલાં માટે તે વાસણનું મોહડું ચની લીધું અને તે ઉપર પોતાની મોહર ખોદાના નામ સાથે કીધી અને તે વાસણ એક જીનને હવાલે કીધું અને મને સમુદ્રમાં હોમાવી દેવાને તેને ફરમાવ્યું અને મે ગમગીનીથી જોયું કે તેમાં તેને કાંઇ પણ વીલમ લગાડયો નહી.

મેં જે મારૂ બંદીખાનું ભોગવ્યું તેના પેહળા તબકામાં મારા દીલ સાથે શોગંદ લઇ રાખ્યા કે પેહલા એકશો વર્ષ ગુજસ્યાની આગમચ જે આદમી મારો છુટકારો કરશે તો તેને તેના બચાં છોકરાં સાથે હું તવંગર કરીસ. તે વખત તો નીકલી ગયો અને મારો કોઇએ છુટકારો કીધો નહી બીજી સદીમાં એજ પ્રમાણે મેં સોગંદ લીધા કે તે સદી વીતાં આગમચ જે સખસ મને છોડવશે તેને આખ્ખી જગતનો ખજાનો હું બતલાવી આપીશ. તો પણ મને કસી મદદ મલી નહી. ત્રીજી સદીમાં મેં માનત લીધા કે હરેક સખસ જે તે સદીની આખેરી અગાઉ મારો છુટકારો કરશે તેને હું એક બળવંત પાદશાહ બનાવીસ, સદા તેને તાબે રહીસ, અને આખા દીવસમાં ત્રણવાર જે જે ચીજ તે માગશે તે તેને હું આપી દેઇશ. આગલની પડે એ તબ્બકો પણ પસાર થઇ ગયો અને હું તો જેમનો તેમ બંદીવાન રહી ગયો આવી રીતે ત્રણશો વર્ષ સુધી કેદખાનું ભોગવ્યાથી હું એટલો તો કંટાલી ગયો અને તેથી મને એટલી તો રીશ ચહડી આવી કે મેં નીસચય સપત લઇ ઠરાવ રાખ્યો કે જે શખસ હવે મને છોડાવશે તેને હું તરત મારી નાખીશ અને તેને મારી નાખવાની એક શરત કરીશ કે જે મોહતે તે મરવા માંગશે તે પ્રમાણે તેને મરવા દેઇશ. આજ રોજે તું અતરે આવ્યો છે અને મને ત્રાંબાનાં વાશણમાંથી બાહેર કાહાડયો છે તો તું હવે બોલ કે તારો જાંન કેઇ રીતે તું બરબાદ કરવાને રાજી છે.”

આ ભાષણ સાંભળીને તે માછીને ઘણુજ દુખ ઉત્પન થયું. તે બોલ્યો કે અતરે આવીને આ બેવફા ખવીશની આટલી મોટી સેવા બજાવી એ મારા હીના નશીબની કેવી કાહાંણી છે. “રે અબલીશ તારા આ ગેરવાજબી ઠરાવ ઉપર તું કઇ વિચાર કર અને તારા અવિચારી શપતને પાછો ખેંચી લે. તું મને માફી બખશ અને ખોદા તુને પણ માફ કરશે. અગરજો તું મને જીવતદાન બક્ષેસ કરશે તો ખોદા તારા આફતની વખત તુને નીભાવી લેશે.” તે જીને કહ્યું નહીં તુને મારી નાખ્યા વીણાં ચાલનાર નથી. તું આટલુ નકી કર કે કેઇ રીતે હું તુને પોંહતો કરૂં. તેના જીવનો ભખ લેવાને એટલો ખંતી જોઇ તે માછી મોટા સંતાપમાં પડયો. તે પોતાના જીવને માટે નહીં પણ પોતાના ત્રણ બાળકોને માટે ફીકરમાં હતો કારણ કે તેના મરણથી તેઓ ઉપર કેવો ભુખમરો અને કેવી આફત ગુજારશે તેનો અટકલો તેનીથી બની શકયો નહીં. તે અબલીશને ઠંડો પાડવાની ફરીથી તેને તજવીજ કીધી. તે બોલ્યો કે રે અફસોશ છે તારે માટે મેં શું કીધું છે તેનો વિચાર રાખી તું મારી પર કાંઇ પણ મયા કર. તે જીને જવાબ દીધો કે મેં તુને કહ્યું તો ખરૂ કે એજ કારણને લીધે તારો જાંન લીધા વીણા હું રહેનાર નથી. તે માછી બોલ્યો કે ભલાઇનો બદલો તું ભુંડાઇ કરી આપે છે એ કેવું અજબ સરખું છે. કહેવત છે કે જે માણસને ઘટે નહી તેની ઉપર ભલાઇ કરીએ તો ભલાઇનો બદલો ભલાઇ સાથે મલનાર નથી. હું તને કહું છું કે તે કહેવત મેં માની નહીં કારણ કે તે આપણી વિચાર શકતીથી બીલકુલ ઉલટી છે અને મંડલીના હકોને ઉંધા વાલે તેવી છે. જો કે હું તો એમ ધારતો હતો પણ હાલ મારી ઉપર આવી પડેલી આફતથી મારી ખાતરી થઇ છે કે એ કેહવત ખરી છે. તે અબલીશે કહ્યું કે વખત ખોહવો દરૂશત નથી. તારી તકરાર સાંભલ્યાથી મારો ઠરાવ કાંઇ ફરનાર નથી. માટે સેતાબી કર અને મને કેહ કે તને કઇ પ્રકારનું મોહતભાવેછે.

કહેવત છે કે ગરજ આપણને કાંઇ પણ યુકતી શોધી કહાડવાના કાંટા ભોકેછે તેમ આ માછીએ મોતના પંજામાંથી છટકવાની કાંઇ યુકતી શોધવાની મહેનત લીધી. તે માછીએ કહ્યું કે "રે અબલીશ જ્યારે મને મરવા વીના છુટક નથી ત્યારે ખોદાની મરજીને હું શરણ થાઉંછું પણ હું કઇ પ્રકારે મોહતને આધીન થાઉં, તેની રીત પસંદ કરવા આગમચ હું અલ્લાના મોટા નામથી તુને વીનંતી કરૂં છું કે એક સવાલ તુને હું પુછવા માગુછું તેનો તું ખરેખરો જવાબ આપજે. જ્યારે તે અબલીશે જોયું કે તેને ખરેખરૂં બોલવું પડશે ત્યારે ધ્રુજવા લાગ્યો અને બોલ્યો કે રે માછી તારે જોઇએ તે પુછ, પણ તું શીતાબી કર.

જ્યારે તે જીને ખરેખરૂં બોલવાનો વચન આપ્યો ત્યારે તે માછીએ તેને કહ્યું કે હું તારેથી જાણવા માંગુ છું કે તું ખરેખરો પેલા ત્રાંબાંનાં વાસણમાં ભરાયલો હતો તે તું અલ્લાના નાંમના કશમ લઇને કહે છે? તે જીને જવાબ દીધો કે હા અલ્લાના મોટા નામના કશમ લઇ કહું છું કે ખરેખર હું તે વાસણમાં ભરાયલો હતો તે માછીએ કહ્યું કે સાચુ પુછાવે તે તું જે કેહ છે તે મારા માન્યામાં આવતું નથી. આ વાસણમાં તું તો શું પણ તારો એક પગ પણ સમાય? હું તારા પોતાના કસંમ લેઇ કહું છું કે તે છતાં પણ જેમ તું મને હાલ જોય છે તેમજ તેમાં હું સમાયલો હતો. આ પ્રકારના ભારી કસંમ ખાતાં છતાં પણ તું હજુર માનતો નથી! તે માછીએ જવાબ દીધો કે હા ખરેખર તું જે કેહ છે તે મારેથી માની શકાતું નથી. જ્યાં સુધી હું મારી નજરે જોઉ નહીં ત્યાં સુધી હું તારી વાત માનનાર નથી.

તેજ વેળા તે જીનનું શરીર બદલાઇને ધુમાડો થયું અને આગલની પઠે તે ધુમાડો કીનારે તથા સમુદ્ર ઉપર પથરાઇ ગયો અને તે એકઠો થઇને તે વાસણમાં દાખલ થયો, અને જ્યાં સુધી બાહેર કશું રહ્યું નહીં ત્યાં સુધી સરખી ગતીથી આસતેથી તે સઘળો વાસણમાં દાખલ થયો. તેજ વેળા તે વાસણ માંથી આવાજ નીકળ્યો કે રે અવિસ્વાશુ માછી હવે કેમ? તારી ખાતરી થઇ કે હું આ વાસણમાં દાખલ થયો છું?. પણ તે જીનને જવાબ આપ્યાને બદલે તે માછીએ તે શીશાનું ઢાંકણ લઇ તે વાસણ ઉપર ઢાંકી લીધું અને તે બોલ્યો કે રે જીન હવે માફ માગવાની તારી વારી આવી છે અને તને કંઇ રીતે મારવા ગમે છે તે કેહે; પણ નહીં હું તુંને સમુદ્રમાં પાછો નાંખી દેઉ છું તે બેહતર પડશે, અને આ જગા ઉપર એક છાપડી બાંધી તેમ હું વસવા માંગુ છું કે જે કોઇ કોલી માછલાં મારવા આવે તે તારા સરખા બેવફા અબલીસને બાહર કાહડે તો તેને હું અટકાવીશ.

આ ભાષાણ સાભળી તે જીન ઘણોજ રશ પર આવ્યો અને તે વાસણમાંથી બાહેર પડવાના ઘણાં પણ ગોતા માર્યા પણ તેનું કાંઇ વલ્યું નહીં. જ્યારે તે જીને જોયું કે તે માછીની ચઢતી થઇ. તેને પોતાનો ગોસ્સો નરમ પાડી નાંખ્યો અને કહ્યું કે રે માછી તું જે કાઇ કરે તે સંભાલી કરજે. મેં જે કાંઇ તુને કહ્યું છે તે માત્ર મજાક કરવા કહ્યુંછે અને તારે કાંઇ તે ખરેખરૂં માનવું નહી. તે માછીએ જવાબ દીધો રે અબલીસ તું એક પલની વાત ઉપર જીન લોકોમાં સર્વેથી મોહટો અને મસ્તાન જીન કેહવાતો હતો અને હવે એક કોડીનું પણ વજન ધરાવતો નથી તેથી આ તારી ચાપલુસી ભરેલી વાંત છોડી દે એમાં કાંઇ તારૂં વલવાનું નથી. તુને ખચીત સમુદ્રને તલીયે જવું પડશે અને તારા કહ્યા પ્રમાણે તું બામુદત થઇ ત્યાં વસી આવ્યોછે ત્યારે હવેતો ક્યામત સુધી તું પડી રેહશે તો કાંઇ ચીંતા નહીં. મેં તુને ખોદાને ખાતર વીનંતી કીધીકે મને મારી ના નાખ અને જ્યારે મારી પ્રાથનાને તેં તુચ્છકારી કહાડી ત્યારે હવે તારી અરજને હું કેમ માન આપું?

તે જીને તે માછીનું દીલ પીગલાવવાને અનેક પ્રકારની તકરાર લીધી પણ તે સર્વે વેથે ગઇ. તે જીન બોલ્યો કે "રે માછી હું તુને વીનંતી કરી માંગી લઉછુ કે આ વાસણને તું ઉઘાડ. તું જો મને મારૂં છુટાપણું પાછું આપશે તો તેનો જે બદલો હું વાળી આપીસ તેથી તુને સંતોષ થવાનું કારણ મળશે." તે માછીએ જવાબ વાલ્યો કે "મારા હકમાં તું ઘણોજ દગલબાજ છે, તેથી હું તારી ઉપર હવે ઇતબાર લાવનાર નથી. જો હું તુને છોડી દેઉતો મને મારી નાખવાની તક બીજીવાર તુને આપ્યા બરોબર કેહવાય. એ બેવકુફી જીનહાર હવે હું કરનાર નથી. કારણકે જેમ યુનાંની રાજાએ દુબાંન હકીમને જસ વાલી આપ્યો તેમ તું પણ મારી સાથે ચાલે. હું તારી આગળ તે વાર્તા કરૂં છું:—

યુનાંની રાજા તથા દુબાંન હકીમની તવારીખ.

ઇરાંન દેશમાં ઝોમાન શહેરમાં એક પાદશાહ વસ્તો હતો. તેની રૈયત યુનાન દેશથી આવેલા લોકોથી વસેલી હતી. તે પાદશાહ કોહડના મરજથી ઘણો હેરાંન હતો. તેના મુલકના દરેક હકીમે તે મરજ ટાલવાની દવા કીધી પણ તેને તેથી કાંઇપણ ફાયદો થયો નહીં. એ પ્રસંગે દુબાન નામનો એક વીદ્વાન હકીમ ત્યાં આવી લાગ્યો. તેને યુનાની, લાટીન, મોગલાઇ, અરબી, તુરકી, સીરીક, અને યાહુદી ભાષામાં લખેલાં હકીમાંને લગતા ગ્રંથો વાંચી અને તેમનો અભ્યાસ કરી તે હકીમું શીખ્યો હતો, તથા તે ઉપરાંત ફીલસુફીમાં તે કાબેલ હતો, તથા તે વખતની ઝાડ પાનની વીધ્યા વિષે અરીશતોટલ ફીલશુફે લખેલાં પુસ્તકોથી વાકેફ હતો. તેથી જડી બુટી, પાન પાદડાં તથા સુકાં વશાંનાંની ખુબીથી તે વાકેફ હતો. એ સઘળાં સબબોથી તેણે હકીમામાં ભારી ફતેહ મેલવી હતી.

એ હકીમના સાંભળવામાં આવ્યું હતું કે યુનાની પાદશાહને કોહડનો રોગ થયલો છે, અને તે રોગ કોઇ પણ તબીબથી કાહડી શકાતો નથી. તેજ વેળા તે સફાઇદાર કપડાંનો લેબાસ પહેરી પાદશાહની હજુરમાં જઇ ઉભો અને કહેવા લાગ્યો કે "નામદાર સાહેબ તમો કોહડના મરજથી હેરાંન છો અને તમારી દરબાર તથા મુલકના હકીમોથી એ રોગ તમારા શરીરમાંથી કાહડી શકાતો નથી. પણ અગરજો આ કામમાં મારી સેવા કબુલ રાખી મને સરફરાજ કરશો તો દવાઇ અથવા મલમ પટો લગાડયા વીણા હું તમો નામદારને બીલકુલ આરામ કરવાને કબુલ થાઉં છું." આ માગણી તથા વચન સાંભળી પાદશાહ ઘણો ખુસ થયો અને જવાબ દીધો જે "જેવો તું ફાંકો રાખે છે તેવોજ તું ખરેખર ખબરદાર અને હીકમતી હશે તો તારી તથા તારી આળઔલાદ ઉપર દોલતનો પુષ્કળ વરશાદ વરસાવવાને હું કબુલ થાઉં છું—અને બીજી બક્ષેશ તથા નજરાંનાની ભેટ ઉપરાંત તું મારો વાહલો અને પેહલો મીત્ર થઇ પડશે. પણ તું મને ખરેખરૂં એમ કેહવા માગેછે કે મને કાંઇપણ દવા પાયા વીણા તથા કાંઇપણ દવા બાહેરથી લગાડયા વીણા તું મને આરામ કરી શકશે? તે હકીમે જવાબ દીધોજે હા સાહેબ હું મારા દીલમાં હીંમત રાખી કહુછુ કે ખોદાની મદદથી એ મરજ હું કાહાડીશ અને આવતી કાલે મારો ઇલાજ ચાલુ કરીશ.

પછી દુબાંન હકીમ પોતાને ઘર આવ્યો. દડો રમવાનો એક દાંડો બનાવી તઇઆર કીધો તેનો હાથો પોકલ રાખ્યો કે જે દવા તેને ધારેલી હતી તે તેમાં મેલવામાં આવે. એટલું બનાવ્યા પછી તેને એક દડો પણ બનાવ્યો અને બીજે દીવસે તે પાદશાહની હજુરમાં ગયો અને તેનાં પગ પર પોતાનું માંથુ નાંખીને તેની આગલની જમીનને બુસા દીધા.

દુબાંન ઉભો થયો અને પાદશાહને માન ભરેલી કુનશ બજાવી અરજ કીધી કે સાહેબ તમે ઘોડે સ્વાર થાવો અને જે ચોગાનમાં તમો દડીદાવ રમોછો ત્યાં ચાલો જેમ હકીમે ફરમાવ્યું તેમ પાદશાહે કીધું અને પાદશાહ જ્યારે ચોગાંનમાં જઇ પોહતો ત્યારે તે હકીમ તેની પાસે આવ્યો અને તેને તૈયાર કીધેલો દાંડો તેના હાથમાં આપ્યો અને કહ્યું કે રે પાદશાહ આ દડો અને દાંડો લઇ તમે જ્યાં સુધી પરેસવાથી ગરકાવ થાવો ત્યાંસુધી કશરત કરો. આ દાંડાના હાથામાં જે મેં દવા પુરીછે તે તમારા હાથની ગરમીથી પીગળશે અને તમારાં શરીરની રગે રગમાં તે પેવશ થશે. પછી તે રમત તમે મેલી દેજો અને મેહલમાં જાવો ત્યારે ગરમ પાંણીએ સનાન કરજો અને તમારાં શરીરને સારીપઠે રગડાવજો અને પછી આરાંમ લેવા જજો અને બીજે દીવસે તમો બીલકુલ સાજા થશો.

રાજાએ તે હકીમના ફરમાવ્યા મુજબ કીધું, રાજા એક તરફથી દાંડી મારતો અને બીજી તરફથી તેની દરબારનાં અમલદારો તે દડો તેની તરફ મોકલી આપતા. એ પ્રમાણે તે રમત કેટલોએક વાર સુધી ચાલી, પછી તેને માલમ પડયું કે તેના હાથ તથા બધું શરીર ગરમીથી તપી આવ્યું અને જેમ તે હકીમે આગમચથી કહ્યું હતું તેમ તે દવા તેની ઉપર અસર કરવા લાગી. પાદશાહે ત્યારે રમત બંધ કીધી અને મેહલમાં પાછો આવ્યો, સ્નાંન કીધું અને હકીમે જેજે કીયા કરવા કહી હતી તે કીધી.

પાદશાહને હકીમે ફરમાવેલા નુસ્ખાથી જલદીથી આરામ થયલો જણાયો કારણ કે બામદાદને વખતે ઉંઘમાથી જાગૃત થયો ત્યારે તેનો કોહડનો ભુંડો મરજ બીલકુલ નજર પડયો નહીં, તેથી રાજા જેટલો અચરત થયો તેટલો ખુસી થવા લાગયો. પાદશાહ પાદશાહી લેબાસ પેહરી દીવાનખાને ગયો અને પોતાના તખત ઉપર બીરાજ્યો અને સઘળા દરબારીઓ અગત કરીને નવા હકીમની હીકમત જોવા આવ્યા હતા એવામાં ત્યાં દુબાન આવી હાજર થયો અને જમીન તરફ સર નમાવી પાદશાહને તખત આગળ માન આપવા જતો હતો પણ તેમ તેને કરવાથી અટકાવીને પાદશાહે તેને બોલાવી પોતાની પાસે બેસાડયો અને તેની આસપાસ જે મીજલસ ભરાઇ હતી તેઓનું ધ્યાન પાદશાહે હકીમરાજ તરફ ખેચ્યું અને તેને જે તારીફ ઘટતી હતી તે કહી સંભળાવી. પાદશાહ એટલુંજ કરીને અટકયો નહીં પણ તે દીવસે દરબારમાં એક મોટી જીઆફત આપવામાં આવી તેમાં પાદશાહે પોતાની પાસે ખુરશી મંગાવી તે હકીમને સાથે જમાડયો અને જીઆફતની મીજલસ બરખાશત થયા પછી તમામ દરબારીઓની હજુરમાં સરપેચ સાથનો ઉંચી કીંમતનો સરપાવ ભેટ કીધો તથા બે હજાર અસરફી આપી. ત્યારબાદ કેટલાએક દીવસ સુધી પાદશાહે તેને પોતાનો વાહલો મીત્ર તરીકે ગણ્યો અને ટુકમાં બોલ્યે તો રાજા તે હકીમની હીકમત ઉપર એટલો તો કુરબાન થયો હતો કે તેના ઉપકારમાં દરરોજ કંઇ નવી પ્રકારની નવાજેશ તેની ઉપર કરતો હતો. તે યુનાંની રાજાનો એક વડો વજીર હતો. તે લોભી, અદેખો અને એટલો તો બદખવાશનો હતો કે પોતાની મતલબ સાંધવાને ગમે એવો બદ ગુનાહ કરવો પડે તે કરવાને જરા પણ આંચકો ખાતો ન હતો. તે હકીમને પાદશાહે ઉપરા સાપરી ભેટો આપી તે તેનાથી દેખી શકાયું નહીં તેથી કીનાથી રીશ ચહડાવી બેઠો અને ઠરાવ કીધો કોઇ પણ રીતે પાદશાહના દીલ પર અસર કરી તેને જે તેના મન પર તેના ગુણની અશર કીધી છે તે બરબાદ કરાવવી. એ બુરી મતલબનું કામ પાર પાડવા સારૂં તે પાદશાહ પાસે ગયો અને એકાંત જઇ પાદશાહને કહ્યું કે "બંદેનવાજને કાંઇ ઘણીજ અગતની ખબર કેહવી છે." પાદશાહે પુછ્યું કે તે શું ખબર છે? તેને કહ્યું કે સાહેબ જે આદમીની ઇમાનદારી ઉપર ભરૂશો નહીં હોય તેવા આદમીની ઉપર પાદશાહી ઇતબાર રાખવો એ ઘણુંજ ભય ભરેલુંછે. દુબાંન હકીમની ઉપર નવાજેશ ઉપર નવાજેશ કરો છો, તેની ઉપર દીનપરદીન હેત અને

પ્રીત વધારે રાખતા જાવો છો તો ખરા પણ તમો સાહેબને ખબર નથી કે તે એક પાપી ચંડાળછે અને તે આ દરબારમાં તમુને મારી નાખવા દાખલ થયોછે. પાદશાહે પુછ્યું કે એ તું શું મને કેહ-વાને છાતી ચલાવેછે. તું વિચાર તો કર કે તું કોણ સાથે બોલેછે અને તું એક વાત એવી કરે છે કે જે કદી પણ હું આશાનીથી માનનાર નથી. તે વજીરે કહ્યું કે ઓ પાદશાહ જે હું તમોને ખબર આપું છું તે મેં ખરેખરી મેળવેલી ખબર છે તેટલાં માટે એ હકીમ ઉપર એટલો ભય ભરેલો ભરૂશો ના રાખો. અગરજો તમો નામદાર ઊંઘમાંને ઊંઘમાં ફરતા હોવો તે કાહડી નાંખો અને ફરીથી કહુંછું કે દુબાંન હકીમ યુનાન સરખા દુરદરાજ મુલકમાંથી અત્રે આવ્યો છે તે પોતાનો ભય ભરેલો વિચાર પાર પાડવા આવ્યોછે.

પાદશાહે તેને કહ્યું કે નહીં નહીં મારી ખાતરી છે કે જે માણસને તું પાખંડી અને દગલબાજ વિચારે છે તે માણસ ઘણુંજ નેક ને અસીલ આદમીછે. હું જેટલું માન અને આદરભાવ એ હકીમને આપું છું તેવું બીજા કોઇને આ જગતમાં આપતો નથી. તું સારી પઠે જાણે છે કેવા ઉપાય બલકે કેવા મોજેજાથી કોહડનો મરજ મારાં શરીરમાંથી કહાડી મને સાજો કીધો છે. જ્યારે એ મને મારી નાખવાજ આવ્યો છે, ત્યારે તેને મારા પ્રાણને બંચાવ્યો તે શા સારૂ, તેથી મારા મનમાં ગેર-વાજબી વહેમ રોપવાનું કામ છોડી દે, કારણકે તારી વાતને સાંભલ્યાને બદલે આજ રોજથી એ હકીમને જીવે જાગે ત્યાં સુધી દર માસે એક હજાર અસરફીનું સાલીયાણું આપવાનો ઠરાવ કીધો છે અને વળી હું તુને બીજું એ કહું છું કે તેને મને જે સદા કાળની આપદા અને દુઃખમાંથી ટાલ્યો છે તેના બદલામાં, મારી સઘળી દોલત તથા મારૂં સર્વે રાજપાટ તેની સાથે વેંહચી લેઉં તોપણ મારો બખ પુરો પડનાર નથી. આવી તારી ચાલનો સબબ હવે મને સમજ પડતો જાય છે. તેની ઉપર થતી નવાજેશો તારેથી દેખી શકાતી નથી, પણ તું યાદ રાખજે કે તારી વાત ઉપર ધ્યાંન આપી હું તેની ઉપર જીનહાર પણ બેવીશ્વાસ થઇશ નહીં, સબબ કે પાદશાહ શીનબાદને તેના દીકરાને મારી નાખવાનો હુકમ આપવાથી અટકાવ કરવા સારૂં તેના વજીરે તેને શું કહ્યું હતું તે મને સારી પઠે યાદ છે.

આ ભાષાણ સાંભલી તે વજીરની જીગ્નાશા અતી ઘણી ઉશકેરાઇ, તેથી તેણે રાજાને ઘણીજ નમનતાઇથી અરજ કીધી કે મહેરબાની કરીને શીનબાદ પાદશાહ તથા તેના વજીરની વાત કહી સંભલાવવી. પાદશાહે તેની અરજ કબુલ રાખી અને કહ્યું કે શીનબાદ પાદશાહને તેના દીકરાની સાવકી માયે ઉંધું ચતું સમજાવી તેના દીકરાને મારી નાખવાને ઉશકેર્યો. પણ તેનો વજીર ઘણોજ દાનાવ હતો, તેથી તેને ભલામણ કીધી કે હરેક સખસની સાવકી માયની ઉશકેરણીથી આગલી માયનાં બાળકને મારી નાખવા સરખી ભયંકાર બાબદ વિષે પુરતો વખત લઇ તે વાત ઉપર વિચાર કરી કામ કરવું સજાવાર છે, સબબકે ઘણી વેળા તેવી સ્ત્રીઓ પાછળથી પોતાના કામનો પશ્ચાતાપ કરે છે. એટલું મંડાણ કરી નીચે પ્રમાણેની વાર્તા પાદશાહે કીધી:—

ભરથાર તથા પોપટની તવારીખ.

એક ચોકસ જમાનામાં એક ભલો આદમી વસ્તો હતો તેના ભાયગમાં એક સુંદર સ્ત્રી તેની બાયડી દાખલ મળી હતી. તેની ઉપર તે એટલો તો મોહી પડયો હતો કે તેણીને તે પોતાની નજર આગળથી હરગેજ થઇ ખીસ્વા ન દેતો હતો. એક દીવસે એક અગતના કારણસર ઘરમાંથી બાહેર જવું પડયું હતું. તે વેળા રસ્તે જતાં તેની નજર એક દુકાન ઉપર દોડી જ્યાં ભાતભાતના પક્ષીઓ વેચવા મેલ્યાં હતા. ત્યાંથી તેને એક પોપટ ખરીદ કીધો, જે વાતચીત કરવાનાં હુનરમાં પુરવીન

હતો એટલુંજ નહીં પણ જે કાંઇ બનાવ તેની હજુરમાં બનતો તે કહી આપવાનો અચરત સરીખો ગુણ ધરાવતો હતો. એક પીંજરામાં ઘાલી તેને પોતાને ઘર લઇ ગયો અને પોતાની બાયડીને અરજ કરી કે તે પોપટને તેણીના ઓરડામાં રાખે અને તેની ગેરહાજરીમાં તેની ઘણી સંભાળ લે. એટલી ફરમાસ કરી તે પાછો બાહેર ગયો. [જુઓ પાસેના સફાનું ચીત્ર.

જ્યારે તે ઘરે પાછો આવ્યો ત્યારે તેના ઘરમાં તેની ગેરહાજરીમાં શું શું બનાવ બન્યો તે વિષે તે પોપટને પુછવા વગર રહ્યો નહીં. તેજ વેળા તે પક્ષીએ કેટલીએક હકીકત કહી સંભળાવી. તે ઉપરથી તેને તેની બાયડીને કાંઇએક ઠપકો આપ્યો. તેણી પોતાના મનમાં વિચાર કરવા લાગી કે મારી કોઇ બાંદીએ મને છતી પાડી હશે પણ તેઓએ તેની ખાતરી કરી આપી કે તેઓ સર્વે તેની વિશ્વાશું શેવકીઓ છે અને તેઓ સર્વે પોપટ ઉપર ભ્રાંત લાવવા લાગ્યા. એ બાબતની સચ્ચાઇ વિષે પુછપરછ કરવાની તેની ઇચ્છા થઇ તેથી તે બાયડી પોતાના ખાવીંદના મનમાંથી એવો વેહેમ કહાડી નાંખવાનો કાંઇ ઇલાજ સોધવા લાગી કે અગરજો પોપટે તે ગુનાહ કીધો હોયતો તેની ઉપર વેર લે. બીજી વેળા જ્યારે તેનો ખાવીંદ ગેરહાજર રહ્યો ત્યારે રાતને વખતે પોતાની બાંદીને ફરમાવ્યું કે તે પંખીના પીંજરા હેઠલ ઘંટી ફેરવ્યા કરે અને બીજી બાંદીને ફરમાવ્યું કે પીંજરા ઉપર વરસાદની પડે પાણી છાંટે અને ત્રીજીને ફરમાવ્યુ કે દીવા આગલ આરશી ફેરવી તેનો ચમકાટ પોપટની આંખ ઉપર ફેંક્યા કરે. તે બાંદીઓ લગભગ આંખી રાત પોતાની શેઠાનીની ફરમાંસનાં કાંમમાં રોકાઇ હતી અને તે કાંમ તેઓએ મનમાંનતી રીતે પાર પાડ્યું.

બીજે દીવશે જ્યારે તેણીનો ખાવીંદ ઘર પાછો આવ્યો ત્યારે તે પોપટને પુછવા લાગયો કે તેની ગેરહાજરીમાં જે કાંઇ બન્યુ હોય તે કહી દે. તે પક્ષીએ જવાબ દીધો "કે મારા વાહલા શેઠ આખ્ખી રાત સુધી ગાજવીજ, વીજલી અને વરશાદથી હું એટલો તો એહરાન થયોછું કે તેનું બ્યાંન હું તમારી આગળ કરી શકતો નથી." તેણીના ખાવીંદને ખબર હતી કે તે રાત્રે કાંઇ તોફાંન તો થયું હતું નહીં તેથી તેની પતીજ થઇ કે પોપટ કાંઇ સાચ્ચું બોલ્યો નથી તેથી તેના મનમાં આવ્યું કે જેમ આજની રાતનો બનાવ તેને ખરેખરો કહ્યો નહીં તેમ પેલી રાતની વીગત જે તેને પોતાની બાયડી વિષે કહી તે પણ ખોટી હશે. તે પોપટ સંબંધી ખોટો વેહમ રાખી તેની ઉપર તે શેઠ બહુ રીશે ભરાયો અને તે પંખીને પીંજરાંમાંથી બાહેર કાહડી જમીન ઉપર ઝીકી નાંખી તેને ઠાર મારયો. પાછળથી તેના પાડ પડોશીઓએ તેને કહ્યું કે પોપટે કાંઇ તેને ઠગયો નથી તે ઉપરથી તે પોતાથી બનેલા બેવકુફી ભરેલાં કામને માટે તે પસ્તાવા લાગયો.

તે માછીએ તે જીન ને કહ્યું કે યુનાની રાજાએ જ્યારે આ વાત પુરી કીધી ત્યારે તેને વજીરને કહ્યું કે દુબાન હકીમે તારી સાથે કાંઇપણ બદી કીધી નથી તું તેને અદેખાઇનો મારયો મારી નાંખવા માંગેછે પણ પેલી સ્ત્રીના શેઠે પોતાની બાયડીનાં ભમાવ્યાંથી પોતાનાં ચંચળ પોપટને મારી પસ્તાવો કીધો તેમ હું કરનાર નથી.

તે વજીર હકીમ દુબાનને મારી નાખવા પર એટલો તો ખંતી થઇ પડ્યો હતો તે વિષેની વાત બંધ પડવા દેતો હતો નહીં. "રે રાજા પોપટને મારી નાખવાનું કામ એ ઘણીજ હલકી વાતછે અને હું ધારતો નથી કે તેનાં મરણને માટે તેનો શેઠ ઘણી મુદત સુધી શોગમાં રહ્યો હોય. અદેખાઇનો મારયો હું કાંઇ તેની સામે થતો નથી. હું તેની સામે થાઉંછું તેનું મુળ કારણ એજ છે કે મને તમારા પ્રાણ સંબંધી ધાસ્તી છે અને મારો જીવ એવી બાબતમાં ઘણોજ આતુરતા ભરેલો રહેછે તેથી મને એવી અગતની બાબત ઉપર મારી તરફની સહલા આપવાની મારી ફરજ સમજુછું. અગરજો મારી ખબર ખોટી

ભરથાર તથા પોપટની તવારીખ.

ભરથાર પોતાની બાયડીને તે પોપટ સ્વાધીન કરેછે.



"પોતાની બાયડીને અરજ કરી કે તે પોપટને તેણીના ઓરડામાં રાખે અને તેની ગેરહાજરીમાં તેની ઘણી સંભાલ લે."

[જુઓ સફો ૨૮.

ઠરે તો જેમ ખોટી ખબર આપનાર એક વજીરને સજા ખમવી પડી તેમ મને પણ કરવી." તે યુનાંની રાજાએ પુછયું કે વજીરે એવું તે શું કામ કીધું કે તેને સજા ખમવી પડી. તે વજીરે જવાબ દીધો જે તમો નામદાર પાદશાહ મેહરબાની કરી સાંભળો તો હું તે વાર્તા સરૂ કરૂં;—

જે વજીરને સજા થઇ તેની વાર્તા.

એક સમા ઉપર એક રાજા વસતો હતો જેનો દીકરો શીકાર કરવાનો ઘણોજ શોખ રાખતો હતો. તેથી તે ગમતમાં તે ચાહે એટલો લાડ તેનો બાપ લડાવતો હતો. પણ તેને તે સાથે પોતાનાં વડા વજીરને તાકીદનો હુકમ આપ્યો હતો કે શાહજાદો જ્યારે શીકારે જાય ત્યારે હંમેશ તેની સાથે રેહવું અને તેને નજર આગળથી વીલો મેળવો નહીં.

એક બામદાદે શીકાર કરતા સીકારીઓએ એક સસલાને ભડકાવ્યું અને શાહજાદો તેની પુઠે દોડયો તેના મનમાં એવું હતું કે વજીર તેની પુઠે આવેછે, તે છોકરો એટલો તો દુર નીકળી ગયો અને તે એટલો તો શીકારથી ઉલટમાં આવ્યો કે તેની સાથના સર્વે તેના સોબતીઓ પાછળ પડી ગયા અને તે એકલો વાએજાન થઇ પડયો. તેને આગળ વધવાનું એકદમ બંધ કીધું અને ત્યાંથી પાછો ફરયો પણ તે રસ્તો ભુલ્યો હતો. વજીર પણ ઝડપ બતલાવી તેની પુઠે દોડયો. પણ શાહજાદો ખરો માર્ગ મેળવી શકયો નહીં અને કયાં ત્યાં રખડવાલા ગયો. એટલાંમાં તેને એક સુંદર રૂપની સ્ત્રી મળી. તે ઝારઝાર રડતી હતી હતી. તે શાહજાદાએ પોતાના ઘોડાને અટકાવ્યો અને તેને તે પુછવા લાગ્યો કે તે એટલી રડે છે કેમ? તેણીએ કહ્યું કે હું એક હીંદી રાજાની છોકરી છું. હું મોટે પરોઢીયે ફરવા નીકલી હતી પણ રસ્તામાં ઉંઘાઇ ગઇ અને ઘોડા ઉપરથી પડી ગઇ તેવી હાલતમાં મને નાંખી મારો ઘોડો નાહસી ગયો છે. તે શાહાજાદાએ કહ્યું કે કાંઇ ચીંતા નહીં, તમારી મરજી હોય તો મારા ઘોડા ઉપર તમો પણ સ્વાર થાવો તે રાજ કન્યાએ હા કહ્યું. ત્યાર બાદ તેઓ કેટલીક વેગલાઇ ઉપર જઇ પોહતાં પછી એક પુરાંણી ઇમારત તેમની નજરે પડી ત્યાં તે છોકરી ઘોડા ઉપરથી ઉતરી તે ઇમારત તરફ ચાલવા લાગી, અને ઘોડાની લગામ પોતાના હાથમાં ધરીને તે શાહજાદો તેની પુઠે ગયો. તે સ્ત્રી અંદર દાખલ થતાંને વાર બોલવા લાગી કે "રે છોકરાંઓ તમો ખુશી થાવો, હું તમારે માટે એક જવાન ફરબે છોકરો લાવી છું." તે છોકરાંઓએ જવાબ દીધો કે મા તે કયાં છે, તેને સેતાબીથી અંદર લાવો કે તેને જબે કરી તેનો નાસ્તો કરીયે, કારણકે અમને ભારી ભુખ લાગી છે. આ શબ્દો સાંભલીને તે શાહજાદો કેવો અચરત થયો હશે તે તમો વિચારી લો.

તે શાહજાદો તરત પામી ગયો કે તે મોતની ચુંગાલમાં આવી ફસ્યો છે, અને તેની ખાતરી થઇ કે તે સ્ત્રી કાંઇ હીંદી રાજાની દીકરી નથી પણ કોઇ ભુખી દાકણ છે, અને જંગળમાં વેરાણ પડેલી હવેલીમાં રહી રાહાદારીઓને પતાવી પુસલાવી તે જગોમાં લઇ જઇ તેમનો ભક્ષ કરે છે. એ મામલો જોઇ તે પોતાના ઘોડા પર જલદીથી સ્વાર થયો, અને જાનવરને તેજ કરી હંકાલી જવા લાગો. તેટલામાં તે સ્ત્રી ત્યાં આવી લાગી, અને જોયું કે તેના હાથમાં આવેલો શીકાર જતો રહે છે. ત્યારે તે શાહાજાદાને પુછવા લાગી કે તમારે કાંઇ ધાસ્તી રાખવી નહીં પણ મને કહો કે તમો કોણ છો અને તમને શું જોઇયે છે. શાહજાદાએ જવાબ દીધો કે હું મારો રસ્તો ભુલ્યોછું અને તે શોધુછું. તે બોલી કે જો તમો રસ્તે ભુલ્યાછો તો અલ્લા ઉપર તવકલ કરો તે સાહેબ તમારાં શંકટમાંથી તમને છોડવસે.

તે જવાંન શાહાજાદાએ માન્યું નહીં કે તે સ્ત્રી જે બોલી તે ખરેખરૂં હતું પણ તેને ધારયું કે તે સ્ત્રી એમ સમજતી હશે કે શાહજાદો તેની ચુંગાળમા આવેલો છટકી ક્યાં જવાનો છે? તેથી તેને પોતાના હાથો આકાશ તરફ ધરયા અને બંદગી કરવા લાગયો કે રે સર્વ શક્તીવાન સાહેબ મારી તરફ જો અને મને આ મારા મુદઇનાં હાથમાંથી છોડવ. આ બંદગી સાંભળતાંનેવાર તે ડાકણી સ્ત્રી તે ભાગેલી ઇમારતમાં જતી રહી અને શાહજાદાએ પોતાનો રસ્તો પકડયો. સારાં ભાયગે તેને પાધરો રસ્તો જડયો, તે પોતાને મકાંને સલામત જઇ પોહચ્યો અને તે વજીરની ગફલતીથી તેની ઉપર જે જફા આવી પડી હતી તેનો તુલોતવીલ એહવાલ પોતાના બાપ આગળ કહી સંભળાવ્યો. તે રાજા પોતાનાં વજીર ઉપર એટલો તો રીશે ભરાયો કે તાબરતોબ તેને ચીરી નાંખવાનો હુકમ કીધો.

યુનાંની પાદશાહનાં વજીરે કહ્યું કે રે પાદશાહ હું હકીમ દુબાંન વિષે બોલવાં માંગુછું, અગરજે તમે સંભાળ રાખસો નહીં તો તમે જે તેની ઉપર ઇતબાર રાખોછો તેમાં તે તમુને ફસાવશે. હું સારી પઠે જાણુંછું કે તે કોઇ ભેદુછે અને તમારા મુદઇઓએ તમને ઠાર મારવાને એને મોકલેલો છે. તમે કહોછે કે તેને તમુને સારો કીધા પણ તે કોણ જાણેછે. વખતે બાહેરથી સારા કીધા હોય પણ અંદરખાંનેથી જેમનું તેમ હશે ત્યારે? અને એજ ઇલાજ કીધેલો કોઇ દીવશે પાછો ફાટી નહીં નીકળસે એમ કોણ કહી સકશે.

તે યુનાની રાજા કુદરતથી પોચ્ચા મનનો હતો અને તેનામાં વજીરની બુરી નીયત પકડી કાહડી શકે એટલી તીક્ષણ બુદ્ધી ન હતી તે સાથે જે પેહલાં તેને એ બાબતમાં જે પોતાનો વિચાર આપ્યો હતો તેને લળગી રેહવા લાયક તેનામાં મનશક્તી હતી નહીં. પોતાના વજીરની વાત ઉપરથી તેના મનમાં તરેહવાર ભ્રાંત આવ્યો. તેને કહ્યું કે ઓ વજીર તમો ખરા હશો. તે હકીમ મારો જાંન લેવા સારૂં આપણી દરબારમાં આવ્યો હશે. અને તે કામ મને તે કાંઇ એક દવાની ચીજો સુંઘાડીને પણ આશાનીથી કરી શકશે. આ કઠણ સમેમાં શું કરવું તે વિષે આપણને વિચાર કરવો દરૂસ્ત પડશે.

જ્યારે તે વજીરે જોયું કે જે વલણ ઉપર તે પાદશાહને તે લાવવા માગતો હતો તે વલણે રાજા આવ્યો છે ત્યારે તેણે રાજાને કહ્યું કે ઓ બુજરગ પાદશાહ તમારા સુખ અને શાંતીને પકડી રાખવાજોગ ઇલાજ એજ છે કે તે હકીમને તમોએ તાબરતોબ તમારી હજુરમાં બોલાવવો અને આવતાને વાર તેને ગરદન મારવાનો હુકમ કરવો. પાદશાહે જવાબ દીધો કે ખરેખર તેની બુરી ધારણાનો મારે અટકાવ કરવો ઘટે છે. એટલું બોલીને તેને પોતાના એક અમલદારને બોલાવ્યો અને તેને હુકમ કીધો કે દુબાન હકીમને બોલાવી લાવે. તે હકીમના મનમાં કાંઇપણ ભ્રાંત આવ્યો ન હતો કે રાજા તેને મારી નાખવા સારૂં બોલાવે છે તેથી તેનો પેગામ સાંભળતાનેવાર તે મેહલ તરફ દોડયો.

જેવો તે પાદશાહની હજુરમાં આવ્યો તેવોજ તે બોલ્યો કે રે દુબાન હકીમ તું જાણે છે કે મેં તુને શા સારૂં મારી પાસે બોલાવ્યો છે? દુબાને કહ્યું કે નહીં સાહેબ તમો નામદાર પાદશાહના હુકમની હું રાહ જોઉં છું. પાદશાહે કહ્યું કે મેં તને એટલા સારૂં બોલાવ્યો છે કે મને મારી નાખવાને તેં જે જાસો પાંથરી છે તેમાંથી મોકલો થવા સારૂં તુને હું મારી નાખવાનો હુકમ કરૂં છું.

દુબાંન હકીમે પોતાને વાસ્તે એવા સખુનો પાદશાહને મોહડેથી સાંભળ્યા ત્યારે તે એટલો તો ધબરાત અને અચરતીમાં પડયો કે તેનું બ્યાંન કરી શકાતું નથી. તેણે કહ્યું કે ઓ પાદશાહ તું મને શા સારૂં મારી નાંખવા માંગેછે? મેં એવો તે શું ગુનાહ કીધો છે? પાદશાહે કહ્યું કે મને ભરૂશો રાખવાજોગ સત્તાથી ખબર મલી છે કે તું કોઇ ભેદુ છે અને મારી દરબારમાં મારો પ્રાણ લેવા સારૂ તું આવ્યો છે પણ તેમ કરવાથી અટકાવ કરવા સારૂં હું તારો જાંન લેવાને ખંતી છું.

એક અમલદાર જે ત્યાં હાજર હતો તેને રાજાએ ફરમાવ્યું કે આ ચંડાળને ઠાર માર કે જે ચંડાળ આ દરબારમાં આવી દગલબાજીથી સ્રી મારો પ્રાણ લેવાની યુક્તી કરેછે તેમાંથી મારો છુટક થાય.

દુબાન હકીમ વિચારવા લાગ્યો કે તેની ઉપર દ્રવ્યનો તથા મરતબાનો વરસાદ વરસાવ્યો તે ઉપર અદેખાઇ થયાથી રાજાને કોઇએ ભમાવ્યો હશે અને રાજા પોતે કબુદ્ધી છે તેથી તેવા લોકોનું ખરૂં માન્યું હશે. અને ખરેખર તેમજ થયું હતું. તેને રાજાને સારો કીધો તેથી પસ્તાવો કરવા લાગ્યો. પણ આ અગીઆરમે કલાકે કીધેલો પશ્ચાતાપ તેને કાંઇ કામ લાગ્યો નહીં. પણ તેની કાકલુદી ઉપર રાજાએ કાંઇ ધ્યાન આપ્યું નહીં. હકીમે ફરીથી કહ્યું કે તુને મેં સાજો કીધો તેનો લતીજો તું આવી રીતે આપે છે કે ? તે રાજાએ તે અમલદારને બીજી વાર ફરમાવ્યું કે હવે તું જોયા શું કરે છે, તું મારૂં ફરમાવેલું કામ શીતાબીથી બજા લાવ. તે હકીમે રાજાને છેલી વાર કહ્યું કે "સાહેબ અગરજો તું મને જીવતદાન બક્ષેસ કરશે તો ખોદા તારી જીંદગી બરકરાર રાખશે. તું જો મને મારી નાંખશે તો ખોદા તુને સલામત રાખશે એવી ઉમેદ તું રાખતો ના."

તે માછીએ પોતાની વાત અત્રે અટકાવી તે જીનને કહ્યું કે તમો જોવો કે જે પ્રમાણે યુનાંની રાજા તથા દુબાન હકીમ્ વચ્ચે બંન્યું છે તેજ રીતે તમારી તથા મારી વચ્ચે થયું છે.

તોપણ તે યુનાંની રાજાએ તે હકીમની કાકલુદી જે તેને ખોદાનાં નામને ખાતર છેલ્લીવાર કીધી હતી તે ઉપર પણ ધ્યાન નહીજ આપ્યું અને કહ્યું કે ના નહીં તુંને મરવું જોઇએ છે નહીતર જે ભેદ ભરેલી રીતે તેં મારી જીંદગીનો બચાવ કીધો છે તેથી વધારે છુપી રીતે તું મારો પ્રાણ લીધાવિણા રેહનાર નથી. દુબાંન હકીમે જે નાદર નોકરી બજાવી તેનો એવો ભુંડી રીતે બદલો મળતો જોઇ તે ઝાર ઝાર રડવા લાગ્યો અને અંતે તે મોતને આધીન થયો. જલાદે તેની આંખે પાટા બાંધ્યા તથા તેના હાથ પણ બાંધ્યા અને તલવાર ખેંચી કાહડવાની તૈયારીમાં હતો એટલામાં રાજાની દરબારના લોકો જે ત્યાં હાજર હતાં તેઓ હકીમ ઉપર દયા કરવા લાગ્યાં અને રાજાને કેહવા લાગ્યાં કે રે રાજા એ હકીમને તું માફ કર. તે બીલકુલ નીરદોષ છે અને તે વિષે તેઓ તેના જવાબદાર છે. પણ રાજાએ પોતાની હટ છોડી નહીં અને તે દરબારીઓ સાથે એટલો તો તનાઇને બોલ્યો કે તેઓને ચુપકીદી અખત્યાર કરવાની ફરજ પડી.

ગુઠણ મંડયે બેસીને તથા આંખે પાટા બાંધેલા અને હાથે જંજીર પેહરેલી તથા તેને મારી નાખવાની તલવાર ખેંચેલી એવી હાલતમાં તે હકીમે રાજાને એક વાર ફરીથી કહ્યું કે રે પાદશાહ તમે નામદારે મને મારી નાખવાને જે હુકમ આપ્યો છે તે જ્યારે તમો પાછો ફેરવતા નથી તો ખેર પણ હું વીનંતી કરી કહુંછું કે મને મારે ઘર જવાની રજા આપો કે મારી મયૈતની ક્રીયાની ગોઠવણ કરૂં, મારા કુટંબને મારી છેલી વારની ભેટ આપી આઉં, કાંઇ ધર્મ દાંન કરૂં, અને જે લોકો કેતાબખાનાનો સારો ઉપયોગ કરી શકે તેવા લોકોને મારી કેતાબો આપી જાઉં.

તે કેતાબોમાં એક કેતાબ છે જે તમો નામદાર પાદશાહને હું આપી જવા ઇચ્છું છું. તે એક અમુલ્ય અને ચમતકારીક પુસ્તક છે, અને તમારા પુસ્તકખાંનાંમાં ઘણીજ સંભાળથી રાખવા લાયક છે. તે પાદશાહે જવાબ દીધો કે તે કેતાબ એવી તે શું અમુલ્ય છે કે જેને આટલી મોટી આબરૂ ઘટે છે. તે હકીમે જવાબ દીધો કે સાહેબ તે કેતાબમાં ચમતકારીક ભરેલી શકતીઓ છે અને એક મુખ્ય અસર જે તેથી થશે તે એ છે કે જ્યારે મારૂં માથું ધડ ઉપરથી કાપી નાંખવામાં આવશે તે વેળા જો તમો નામદાર પાદશાહ તજદી લઇ તે કેતાબ ખોલી તેનું છઠું પાણું કાહાડી તેનાં ડાબા હાથના સફા ઉપર લખેલી ત્રીજી સતર વાંચશો અને તેમાં મને જે સવાલ પુછવા માંગશો તેનો જવાબ મારૂં

કાપેલું માથું તમુને આપશે. એવું ચમતકારીક પુસતક જોવાની રાજાની ખાહેશ થઇ કે તે હકીમને મારી નાખવાનું કામ બીજા દીવસ ઉપર મુળતવી રાખી, તેને મજબુત ચોકી પેહરા સમેત ઘર મોકલ્યો

ત્યારબાદ તે માહા ભાયગના કેદીએ પોતાના વહીવટના સઘળો બંદોબસ્ત કીધો અને તે હકીમને ગરદન માર્યા પછી એક ઘણોજ અચરત શરીખો મોજેજો બનનાર છે, એવી ખબર ચોતરફ ફેલાયાથી પાદશાહનાં દીવાંનખાનામાં તમામ વજીરો, અમીર ઉમરાવો, દરબારીઓ, તથા બીજા અમલદારો તે જોવા સારૂ બીજે દીવસે ત્યાં એકઠા થયા હતા.

હકીમ દુબાન તાબરતોબ હાજર થયો અને પોતાના હાથમાં એક મોટું પુસ્તક લઇ પાદશાહના તખત આગળ ગયો પછી તે પુસ્તક એક વાસણ ઉપર મેળ્યું અને તેની ઉપર કીધેલું કવર કાહડી નાંખી તે પુસ્તક પાદશાહને આપ્યું અને આ પ્રમાણે તેણે પાદશાહને કહ્યું કે તમો નામદારની ખુશી હોયતો આ દફતર લેવો અને મારૂં માંથુ કાપી નાખતાંનેવાર તમારા એક અમલદારને ફરમાવજો કે તે વાસણ ઉપર આ કવર મેળી તેની ઉપર મારૂં માંથું મેળે. જેવું જલદીથી તેમાથી નીકળતું લોહી બંધ થાય ત્યારે તે ચોપડી ઉઘાડજો કે તમે જે સવાલો પુછશો તેનો જવાબ તે માથામાંથી નીકળશે. પણ સાહેબ એકવાર ફરીથી તમારી પાસે માગી લેઉ છું કે મારા ઉપર દયા કરો. હું ખોદાના નામથી તમુને કહુ છું કે હું બેગુનાહ છું તે ઉપર તમો વિચાર કરો. પાદશાહે જવાબ દીધો તમારી અરજ નકામી છે. વળી અગર તારા મરણ પછે અગર તારૂં ધડ બોલવા ચાહશે તો તે પણ હું કાપી નખાવીશ. એટલું બોલી તે પુસ્તક તેના હાથમાંથી લેઇને જલાદને તેનું કામ બજાવવાને ફરમાવ્યું.

તે ધડ એટલીતો ચાલાકીથી કાપ્યું કે આબાદ તે વાસણની અંદર પડયું અને પડતાંને વાર તેમાથી વેહતું લોહી બંધ પડયું અને તેજ વેળા તેને પોતાની આંખો ઉઘાડી ! તે જોઇ પાદશાહ તથા સર્વે તમાસગીરો અચરત થયા. તે માથામાંથી આવાજ નીકળ્યો કે રે પાદશાહ તે કેતાબ ઉઘાડો. રાજાએ તે કેતાબ ઉઘાડી અને જ્યારે તેણે જોયું કે તેનું પેહલું પાણું બીજા સાથે વળગી ગયલું હતું તેથી તેને પોતાનું આંગલું મોહડામા લીધું અને તે ભીજવ્યું કે તે પાણા વધારે સેહલાઇથી ઉલટાવી શકાયે એ પ્રમાણે જ્યાં સુધી તે છઠે પાને આવ્યો ત્યાં સુધી કરયા કીધું અને તે કહેલા પાના ઉપર કાંઇ લખેલું નજર ન પડ્યાથી તે બોલ્યો કે રે હકીમ હીયાં લખેલું તો કાંઇ મળે નહીં. તે માંથાએ જવાબ આપ્યો કે થોડાએક પાના બીજાં ફેરવો. તે પ્રમાણે રાંજાએ કીધું અને વારંમવાર આંગલું મોહડામાં લીધાથી હકીમે ધારેલી અસર થવા માંડી. કારણકે તે પાણાને વળગાવેલું ઝેર પીગલ્યું અને આંગળાં વાટે તેના શરીરમાં દાખલ થવા લાગ્યું. પાદશાહનાં આંગમાં ભારી ધ્રુંજરી ચહડી આવી, આંખે તમ્મર આવ્યાં અને તખ્ત ઉપરથી નીચે ગગડી પડી ભાંય ઉપર તફડવા લાગ્યો.

જ્યારે તે હકીમના માંથાએ જોયું કે પાદશાહના સરીર ઉપર તે ઝેરે પુરતી અસર કીધી અને તે ઝાઝો વાર જીવે એમ લાગ્યું નહીં ત્યારે તે માથામાંથી અવાજ નીકળ્યો કે ઓ જુલમગાર હવે તમો જેવા પાદશાહો જુલમી ચલાવે છે, તેઓ પોતાના હાથમાં ધરેલો અખત્યાર બદ રીતે વાપરે છે અને નીર્દોષ લોકોનો જાંન લેછે તેઓનો હાલ કેવો થાય છે તે જુઓ ! મોડે વેહલે તેઓની બેદાદી તથા ઘાટકીપણાંનો ફેજ ખોદા વાલી આપે છે. તે માંથામાંથી નીકળતા શબ્દો જ્યારે બંધ થયા તેજ વેળા રાજા મરણ પામ્યો અને તે માથામાં જે હૈયાતીનો ચેરાગ થોડોક બળતો રહ્યો હતો તે પણ બુજાઇ ગયો.

શેહરાજાદી કેહવા લાગી કે મારા ખાવીંદ તે યુનાંની રાજા તથા દુબાન હકીમનો છેડો આ રીતે આવ્યો હતો, હવે તે માંછી તથા જીનની તરફ મારૂં ચીત પાછું લગાડું છું.

જ્યારે તે માંછીએ યુનાંની પાદશાહ તથા દુબાન હકીમનું દાસ્તાન પુરૂં કીધું ત્યારે તે જીનને તે લાગું પાડયું અને તે ત્રાંબાના વાસણમાંથી તેને બાહેર કાહાડયો નહીં. તે માછી બોલ્યો કે અગરજો યુનાંની રાજાએ દુબાંન હકીમને જીવતદાંન બક્ષયું હતે તો ખોદા તેજ પ્રમાણે તેને હૈયાતી આપતે પણ તેને તે હકીમની નમનતાઇ ભરેલી અરજને સાંભળી નહીં તેથી ખોદાએ તેને સીક્ષા કીધી. રે જીન એજ પ્રમાણે તેં કીધું છે. જો મારી અરજથી તારૂં દીલ પીગલ્યું હતે અને તારી પાસેથી જે દયા મેં માંગી હતી તે મને કીધી હતે તો જે હાલતમાં હાલ તું છે તે ઉપર હું દયા લાવતે પણ જ્યારે તું તો ખાઇપીઇને મને મારીજ નાખવા બેઠો જોકે તુંને છોડવી કહાડી તારા હકમાં એક મોટી સેવા બજાવી તો હવે તુને મયા તે શી રીતે બતલાવું. આ વાસણમાં તુને રહેવા દીધાથી અને સમુદ્રમાં ફેંકી દીધાથી જમાનાની આખેરી સુધી તારી જીંદગીથી તુને નકામો કરી નાખીશ.

તે જીને જવાબ દીધો કે રે મારા ભલા મીત્ર, એક વાર ફરીથી તુને કાકલુદી કરી કહું છું કે એવું ક્રૂરપણું કરવાનો ગુનાહ તું તારે માથે ખેંચી ના લે. યાદ રાખ કે વેરભાવ કાંઇ નેકીનો એક ભાગ નથી, પણ તેથી ઉલટું બદીનો બદલો નેકીથી વાળવો એ વધારે તારીફ લાયક છે. વાસ્તે આગલા વખતમાં જેમ ઇમમાએ અટેકા સાથે ચાલ ચલાવી તેમ તું ના કર. તે માછીએ પુછ્યું કે તે કેમ? તે જીને કહ્યું કે અગર તે વાત તુને જાણવી હોય તો આ વાસણ ઉંઘાડ. તું શું એમ સમજે છે કે આ સાંકડાં વાસણમાં કેદ રહી તારી આગળ વાતો કરૂં એવો મારો સ્વભાવ છે? જ્યારે તું મને બાહેર કહાડશે ત્યારે તું કહેશે એટલી વાતો તારી આગળ કરીશ. તે માછીએ કહ્યું કે ના નહીં, હું કાંઇ તને છોડનાર નથી. મને લાજમ છે કે તુંને સમુદ્રને તલીયે હોબાવી દેવો. તે જીને કહ્યું કે રે માછી હવે મારે તુંને એક શબ્દ કહેવો છે. તું જો મને છોડશે તો અગણોત પૈસો પેદા કરવાનું કામ હું તને બતલાવીશ.

મુશ્કેલીમાંથી નીકળી જવાની તથા ભુખમરામાંથી ટલવાની ઉમેદથી તેને તે જીનને કહ્યું કે તું જે કહે તે સાંભળવા માગું છું અને તેપણ ક્યારે કે તુંને ખરો માનવાને પુરતાં કારણો હશે તોજ! વાસ્તે તું અલ્લાના કસમ લઇ કહે કે તું તારા એકીનથી તારો વચન પાલશે તો હું આ વાસણ ઉઘાડું મેલીશ. હું ધારૂં છું કે આવા ધધરતા કસમ તોડવાને તું કદી પણ હીંમ્મત ચલાવશે નહીં. તે જીને કસમ ખાધા તેજ વેલા તે માછીએ તે ઢાંકણું ઉઘાડયુ, અને તેજ વેલા તેમાંથી ધુમાડો નીકળવા લાગ્યો, તેમાંથી બહાર નીકળતાંને વાર પેલાં વાસણને તેણે સમુદ્રમાં લાત મારી નાખ્યું એ કામ કરવાથી તે માછી ધબરાયો, અને કેહવા લાગ્યો કે રે જીન આ વાસણને ઉરાડી નાંખવાનું કારણ શું? શું એ રીતે કરી તું તારો વચન તોડવા માંગે છે. અથવા તારી મરજી છે કે જે શબ્દો દુબાંન હકીમે પાદશાંહને કહ્યા તે શબ્દોમાં તુને કહું કે જો તમો મને જીવંતદાન બક્ષેસ કરશો તો ખોદા તમુને ઉમર દરાજી આપશે.

તે માછીએ બતલાવેલી ધાસ્તીથી તે જીનને હસવું આવ્યું અને તે માછીને કેહવા લાગ્યો કે રે માછી તું કાંઇ ચીંતા ના કર. તે વાંસણ સમુદ્રમાં મજાકને ખાતર નાખ્યું છે કે જોઉં તેમ કરવાથી તું કાંઇ ધબરાય છે. પણ હું મારો વચન પાલું છું કે નહીં તે જો તારે જોવું હોય તો તારી જાલો ઉઠાવ અને મારી પાછળ આવ. તે પ્રમાણે તેઓ બાહેર પડયા અને શેહર આગળથી પસાર થયા એને એક પાહડની ટોંચને પસાર કરી આગળ ચાલ્યા ત્યારે તેઓ મેદાનમાં આવી પોંહચ્યા. ત્યાંથી તેઓ ચાર ડુંગરોની વચોવચમાં આવેલા એક તલાવ આગળ આવી પોહચ્યા.

જ્યારે તે સરોવરને કાંઠે તેઓ આવ્યા ત્યારે તો જીને તે માછીને કહ્યું કે તારી જાલો નાંખ અને માછલી પકડ. તે માછીને તલાવમાં ઘણા માછળાં નજર આવ્યા તેથી તેને ધીરજ આવી કે કાંઇ પણ માછલી આજ રોજે હાથ લાગશે. જ્યારે તેને જાળો બાહેર કાહડી ત્યારે તે જોઇને ઘણોજ અજબ થયો કે જાળમાં ચાર માછલાં ચાર જુદા જુદા રંગનાં એટલે સુફેદ, લાલ, આશમાની તથા પીલા રંગના હતાં. તે જીને કહ્યું કે એ માછલા મેહલમાં લેઇ જા અને સુલતાનને નજર કર તે તુને એટલા તો પૈસા આપશે કે તારા આખ્ખા ભવમાં કદી જોયા ન હશે. તું દરરોજ ત્યાં આવી આ તળાવમાંથી માછળાં પકડજે પણ દરરોજ એકજ વાર જાલો નાખવાની સંભાળ લેજે અગરજો મારા હુકમથી ઉલટો ચાલશે તો તારી ઉપર કાંઇ આફત આવી પડશે. એટલું બોલી તેણે જમીન ઉપર પગ મારયો જેથી જમીન ફાટી તેમાં તે ગરક થયો અને જમીન પાછી સંધાઇ ગઇ!

તે જીને આપેલી નસીયત તથા ભલામણ પ્રમાણે બોલેબોલ ચાલવાને તથા બીજી વાર તેજ દીવશે જાલ નહીં નાખવાની સંભાળ રાખવાનો તે માછીએ ઠરાવ કીધો. પોતાની ફતેહથી સારી પેઠે ધરાઇને તે શેહર તરફ પાછો ફરયો અને માછળાં લેઇને સુલતાનનાં મેહલમાં હાજર થયો.

તે માછી સુલતાનની આગળ ચાર જુદા જુદા રંગના માછલાં લાવી ઉભો તેથી તે સુલતાન કેટલો અજબ થયો હશે તે તમો નામદાર પાદશાહ પોતેજ વિચારી લેવો તે દરેક માછલી ઉંચકી અને સારી પેઠે તપાસી જોયાથી તે માછલાં તેને બહુ પસંદ પડયા તેથી પોતાના વડા વજીરને કહ્યુંકે આ માછલી જે નાદર સ્ત્રી બાવરચી યુનાન શાહનશાહે આપણે ત્યાં મોકલીછે તેની પાસે લઇ જા. હુ ધારૂંછું કે જેટલાં તે શુંદરછે તેટલા તે લેજતદાર હશે.

તે પ્રમાણે તે વજીર બવરચી પાસે તે માછલાં લઇ ગયો અને તેને હવાલે કરી બોલ્યો કે આ ચાર માછલાં જે સુલતાનને નજર કરવામાં આવ્યાં હતાં તે લો. તેવણે ફરમાવ્યુંછે કે એને સાફ કરી પકાવો. ત્યારબાદ તે પોતાના સાહેબ સુલતાંન પાસે પાછો આવ્યો. સુલતાને ફરમાવ્યું કે માછીને ચારશો સોનેરી અસરફી આપે, તે પ્રમાણે વજીરે તેને તે આપી. તે માછી જેને નાણાની એવડી મોટી રકમ એક વેલામાં પોતાના ભવમાં કદી દીઠેલી ન હતી તે એ રકમ મલેલી જોઇ ઘણોજ ખુસી થયો અને આ સઘળા બનાવને એક સ્વપ્ના સરખો ગણવા લાગ્યો. પણ તે રકમતો ખરેખરી તેના હાથમાં આવી હતી તેથી તે લઇ પોતાને ઘરે ગયો અને પોતાના ગરીબ બાળકોને તથા કુટંબને માટે ખોરાક લાવ્યો.

શેહરાજાદીએ કહ્યુંકે મારા ખાવીંદ હવે સુલતાનના બવરચીખાંનામા જે બનાવ બનયો તેનો મારે કાંઇ ખોલાશો કરવો જરૂરછે. ત્યાં મોટો ધભરાટ ઉઠયો અને સર્વે કોઇ મોટી અડચણમાં આવી પડયા. તે બાવરચીએ માછલાં સમારીને વાસણમાં તેળ રેડી તળવા નાંખ્યાં. જ્યારે તેણીએ જોયુ કે એક બોરદુથી પુરતી રીતે તે તળાઇ ત્યારે તેણે ઉલટાવી બીજી બોરદુથી તળવા માંડી. એ કામ કરે શું કે તેજ વેળા તે બબરચીખાનાની દીવાળો ફાટવા લાગી અને તેમાંથી એક શુંદર અને દબદબા ભરેલી શીકળની અબછેરા નીકળી આવી. તેણીએ સાટીનનો લેબાસ પહેરેલો હતો, જે મીસરી લોકોની રીતભાત પ્રમાણે ચીકનના ફુલોથી શીંગારેલો હતો. તેના કાનમાં એરીંગ અને ગળાંમાં મોતીની માળા અને હાથે શોનેરી જડતની મોતીની પોંહચી પહેરેલી હતી. તેના હાથમાં સોપારીના ઝાડની એક ડાહળી હતી. તેને બવરચીખાનામાં આવી ઉભેલી જોઇને બબરચી હેરત પામી અને એક ઠામની પેઠે સ્થીર થઇ. તે સ્ત્રી તે માછળાંના વાસણ આગળ ગઇ અને એક માછલાંને લાકડી મારી તે બોલી કે "રે માંછલાં, માંછલાં, તું તારી ફરજ પાલે છે કે નહીં?" તે માછળાંએ એક શબ્દ વટીક કહાડયો નહીં. તે સવાલ ફરીથી તેને પુછ્યો. ત્યારે તે ચારે માછળાં ઉભાં થયાં અને સાફ રીતે બોલ્યાં કે "હા, હા, જો તમો ગણશો

તો હમો ગણીશું, જો તમે તમારૂં કરજ અદા કરશો તો હમો હમારૂં કરીશું. જો તમો નાસી જશો તો હમો ફતેહ પામીશું અને સંતોષ પકડીશું.” આ શબ્દો માછળાંઓ બોલતાંને વાર તે અબળાએ તે વાસણ ઉંધું વાલ્યું અને તે દીવાલમાં પાછી દાખલ થઇ તેજ વેલાં તે ચીનાઇ ગઇ, તે એવી રીતે કે કદી તે ફાટેલીજ ન હોય.!

જ્યારે તે બબરચી હોશમાં આવી ત્યારે ચુલામાં પડેલાં માછલાંને ઉચકવા ગઇ પણ તે એટલાં તો બલી ઝલીને કોલશી સરખાં થયલાં હતાં કે સુલતાનના જમવા લાયક નજર આવ્યાં નહીં. આ બનાવથી તે મોટાં દુખમાં પડી અને ઝાર ઝાર રડવા લાગી. તે બોલી કે અફશોશ! મારૂં શું થશે? મેં જે કૌટક મારી નજરે જોયું છે તે જ્યારે સુલતાનને કહીશ ત્યારે તે મારી વાત કદી માનનાર નથી, અને મારી ઉપર કેટલો રીશે ભરાશે તે હું કહી શકતી નથી.

જ્યારે તે બવરચી સ્ત્રી એવી આપડામાં પડી હતી તેવામાં વડો વજીર આવી લાગ્યો અને પુછ્વા લાગ્યો કે માછળી તૈઆર થઇ કે નહીં. જે કાંઇ બનાંવ બન્યો હતો તે સઘલો વીગતવારે તેની આગળ તે બાવરચીએ કહી સંભળાવ્યો. તે સાંભળી તે વજીર ઘણોજ અચરત થયો, પણ તે વિષે તેણે સુલતાનને કાંઇ પણ જણાવ્યું નહીં. તે માછલી તેની આગળ લાવી ન મેલ્યાનો કાઇ બીજો સબબ સુલતાંનને સમજાવ્યો જેથી તે રાજી થયો ત્યાર પછે તેણે પરભાડો તે માછીને બોલાવ્યો અને કહ્યું કે જેવી ચાર માછલી તું પેહલાં લાવ્યો હતો તેવીજ બીજી ચાર માછલી લાવ કારણ કે કાંઇ અકસ્માત ને લીધે સુલતાન આગળ તે મેલવાને બનયું નથી. તે કોલીએ તેની ઉપર મેલેલી બંદીની વાત વજીરને કહી નહીં પણ કહ્યું કે તે માછલાંવાલો તલાવ મેહલથી કેટલોએક દુર છે તેથી તેને તે દીવસે કાંઇ માછલી મલશે નહીં પણ બીજે દીવશે લાવી આપીશ એવી કબુલાત આપી.

તે માછી બરોબર વખતે તલાવ આગળ જઇ પોહચવાનું સાંધણુ સાંધી બામદાદને વખતે પોનાની જાલો લેઇ બાહેર પડયો, અને તલાવ આગળ આવી પોહતાં પછી તેને જાલો નાંખી અને થોડાવારમાં પાછી ખેંચી કાહડતાં તેમાંથી ચાર માછલાં પરચુરણ રંગનાં મલી આવ્યાં. તે ઠેડબેલા વખતે વડા વજીર આગળ લઇ ગયો. વજીર તે માછલાં પોતે બવરચીખાનામાં લઇ ગયો. તેને બવરચીખાનું બંધ કીધું અને તેની હજુરમાં તે માંછલા તેણીએ સમારયાં અને જેમ આગળા દીવશે કીધું હતું તેમ તળવા સારૂં વાસણ ઉપર મેલ્યાં. એક બોરદુ તળાઇ રહ્યાથી તે ફેરવી બીજી બોરદુએ મેલવા જાય શું કે તે દેવાલ ફાટી અને તેમાંથી પેલીજ અબછરા પોતાના હાથમાં સોપારીના ઝાડની લાકડી લેઇ નીકળી પડી. તે વાસણની નજદીક આવી, અને એક માછલા ઉપર લાકડી મારી અને આગળે દીને જે શબ્દો બોલી હતી તેજ પ્રમાણે બોલ્યાથી તે માછલીઓ ઉભી થઇ અને તેજ જવાબ આપ્યો. ત્યારબાદ તે સ્ત્રીએ તે વાસણ ઉંધું વાલ્યું અને ભીતમાં પડેલી ફાટને જે રસ્તે આવી હતી તે રસ્તે સ્ત્રી પાછી ફરી. એ જે બન્યું તે સર્વે વડા વજીરે જોયું. તે બોલ્યો કે આ બનાવ એટલો તો ચમતકાર ભરેલો છે કે તે સુલતાનથી છુપાવવો દરસ્ત નથી. એ મોજેજાની વાત હું પોતે જઇ સુલતાનને કહું છું. તેજ વેળા તે તેની આગળ ગયો અને સઘળા બનાવથી તેને વાકેફ કીધો.

તે સુલતાન આ બનાવની હકીકત સાંભળી ઘણોજ અજબ થયો અને તે પોતે પોતાની નજરે જોવાની મોટી ખાયશ બતલાવવા લાગ્યો. તે કારણસર તેણે તે માછીને પાછો બોલાવ્યો અને કહ્યું કે કે ભાઇ તું મારે માટે એવાજ ચાર માછલાં લાવી આપ. તે માછીએ જવાબ દીધો કે જો તમો મામહાર અને ત્રણ દીવસની મેહલત આપશો તો હું જરૂર લાવી આપીશ. તેમે માગેલી મેહલત તેને

મળી તેથી ત્રીજીવાર તે તળાવ ઉપર ગયો. તેની જાલ નાંખતા વાર ભાંતભાંતના ચાર રંગની ચાર માછલી તેને પકડી અને તેજવેળા તે સુલતાન પાસે લઇ ગયો. તેથી સુલતાન ઘણોજ ખુશી થયો સબબ કે એટલી જલદીથી માછલી મળી આવશે એવી વકી તેને રાખી ન હતી. તેને તે ખુશાલીમાં ચારશો સોનાની અસરફી તેને આપી.

તે માછલાં સુલતાનને આપતાંને વાર તે પોતાનાં એક ખાસ ઓરડામાં લઇ ગયો અને તે સમારવા તથા તળવાનો સઘળો સામાંન પણ ત્યાંજ મંગાવ્યો. તે ઓરડામાં સુલતાન પોતે તથા વડો વજીર ભરાયા અને વજીરે તે માછલી સાફ કરી તળવા માંડી. એક બોરદુથી તળાયા પછી બીજી બોરદુએ તળવા સારૂ ફેરવતાંને વાર તે સુંદર અબછરાને બદલે એક બુલંદ કદનો શીધી ગોલામનો વેશ લઇને તે દીવાલમાંથી નીકલી આવ્યો. તેના હાથમાં એક લીલા રંગનો દાંડો હતો. તે વાસણ આગલ આવ્યો અને એક માછલીને તે દાંડો લગાડી તે ભય ભરેલા મોટા અવાજથી બોલ્યો "રે માછલાં, તું તારી ફરજ અદા કરેછે?" આ સવાલનો ઉતર વાલતાં તેઓએ પોતાના ડોકાં ઉભાં કીધાં ને કહ્યું કે "હા, હા, હમો હમારી ફરજ અદા કરીએ છીએ. જો તમો ગણશો તો હમે ગણીશું, જો તમો તમારૂં કરજ આપશો તો હમો હમારૂં આપીશું, જો તમો નાહસી જશો તો હમો જીતશું અને સંતોષી રહીશું." એ શબ્દો સાંભળી તે સીધીએ વાસણ ઉંધું વાળ્યું, અને માછલીને બાળી નાખી કોલસા સરખી કીધી. એટલું કરી રહ્યા પછી જે દીવાલ માહેલી ફાટને રસ્તે તે આવ્યો હતો તે રસ્તે મોટી તોછડાઇ બતલાવી ગેબ થયો અને તે ભીંત જેવી હતી તેવી બની ગઇ

સુલતાને પોતાના વડા વજીરને કહ્યું કે આ સઘળો બનાવ મારી નજરે દીઠા પછી હીયાંજ હું અટકનાર નથી. આટલું તો ચોકશ છે કે આ માછલાં વિષે કાંઇ અચરત સરખો ભેદ છે, અને તે ભેદ શું છે તે મને શોધી કહાડવો જોઇએ છે. તેને તે માછીને બોલાવ્યો અને તેને કહ્યું કે તું જે માછલાં લાવ્યો તેથી મને ઘણી મહેનતમાં પડવું થયું છે. એ માછળાં તું ક્યાંથી લાવ્યો? તે માછીએ જવાબ દીધો જે રે સુલતાન આ મોટા પરવતો જે તમને દીશે છે તેની પેલી મેર ચાર નાધલા ડુંગરોની વચોવચમાં એક સરોવર છે તેમાંથી એ માછલાં પકડી લાવ્યો છું. સુલતાને પોતાના વજીરને પુછ્યું કે તે તલાવ કયાં છે તે તમો જાણો છો વારૂ? તેણે જવાબ દીધો, ખોદાવંદ નહીં. એ લતા તરફ અને પેલી મેર હું સાહાઠ વરશ થયાં શેકાર કરૂં છું પણ એ વિષે મેં કશું સાંભળ્યું નથી. સુલતાને તે માછીને પુછ્યું કે મેહલથી તે તળાવ કેટલો દુર છે. તેણે જવાબ દીધો જે ત્રણ કલાક કરતાં વધારે વખતની મંજલ જેટલો દુર નથી. સુલનાંને જોયું કે દીવશનો વખત તે મંજલ કાપવાને પોંહચી શકશે તેથી પોતાની દરબારના તમામ લોકોને ફરમાવ્યું કે તે મુશાફરી કરવા જવા સારૂં તઇઆર થવું. આ માછી તલાવ તરફ જવાનો રસ્તો બતલાવશે.

તે પાહડ ઉપર તેઓ સર્વે ચહડયા અને તે પાહડનું ટોંચ પસાર કરી બીજી બોરદુએ હેઠલ ઉતર્યા ત્યારે તેઓને એક મોટું ચોગાંન નજર આવ્યું કે જે આગળ કોઇની પણ જાણમાં આવ્યું ન હતું. તે ચોગાનનો દેખાવ જોઇ સર્વે અચરત થયા હતા. અંતે તેઓ તે સરોવર આગળ આવી પોહચ્યા. તે માંછીએ જેમ વર્ણન કરી બતલાવ્યું હતું તેજ રીતે તે સરોવર ચાર દુંગરોની વચોવચમાં આવ્યું હતું. તેના પાણી એટલાં તો નીર્મળ હતાં કે તે મધેનાં તમામ માછલાં ચાર રંગના હતાં તે સાફ જણાઇ આવતાં હતાં.

સુલતાને તે તળાવની એક બોરદુએ ધામો નાંખ્યો અને તે માછલાં ઘણીજ વાખવાખીની નજરે જોઇ રહ્યા પછી તેને પોતાના અમીરો તથા દરબારીઓને પુછવા લાગ્યો કે આ સરોવર જે શેહરથી

ઝાઝા અંતરે નથી તે તેઓમાંથી કોઇએ દીઠો નથી તે વાત કેમ માન્યામાં આવે? તેઓ સઘળાઓએ કહ્યું કે એ તલાવનું નામ પણ અમને કોઇએ કહ્યું નથી. જ્યારે તમો સર્વે કોઇ કહો છો કે તે વિષે તમને કસી ખબર નથી અને જેમ તેની ઉત્પત્તી વિષે જેટલા તમો અચરતીમાં પડયા છો તેમ મને પણ અચરતી લાગે છે. ત્યારે એ સરોવર ચાર પાહડોની વચોવચમાં શા કારણસર બાંધ્યું છે અને તે મધેની માંછલી પણ ચારથી વધારે રંગની નથી તેનું કારણ શું છે તે જ્યાંસુધી હું શોધી કહાડીશ નહીં ત્યાંસુધી મારા મેહલ તરફ પાછો ફરનાર નથી. તે ઉપરથી તેઓને ફરમાવ્યુ કે તેની આસપાસ તેઓએ પોતાનાં ડેરા તંબુ મારવા. જ્યારે સાંજ પડી ત્યારે સુલતાન પોતાના ડેરામાં ગયો, અને પોત્તાના વજીર સાથે એક ઘણીજ અગતની વાતચીત ચલાવી. તેણે કહ્યુંકે "મારૂં મન મોટા ધભરાતમાં પડયું છે. આ સરોવર એકાએક અતરે લાવી મેલ્યાથી—તે મધેની માછલી બોલતી, વાતો કરતી અને તેપણ ચાર જુદાજુદા રંગની, મારા ઓરડામાં સીધીનું આવવું, એ સર્વે બનાવોનો સબબ જાણવાને મારા દીલમા એટલીતો ચટાપટી ભરાઇછે કે મેં ઠરાવ કીધોકે તે સર્વેનું કારણ જાણી લઉ. એટલાં માટે મારી ધારણા પાર પાડવાને મેં જે ઠરાવ કીધોછે તે હું તતકાળ અમલમાં લાવવા માગુંછુ.

તે સરોવર આગળ સુલતાન તથા તેની દરબાર આ છાવણીમાંથી હું એકલો કુચ કરી જાઉછું અને તમુને હુકમ કરૂંછું કે તે વિષેની કોઇપણ આગળ વાત કરવી નહીં. મારા તંબુમાં તમે રેહજો અને બામદાદને વખતે જ્યારે અમીરો તથા દરબારીઓ ડેરા આગળ આવે ત્યારે તેમને કેહજો કે સુલતાન કાંઇએક બીમારછે તેથી એકાંત રેહવાને ચાહેછે. જ્યાં સુધી હું પાછો આઉ ત્યાંસુધી દરરોજ તમારે એજ રીતે ચાલવું.

તે વડા પ્રધાને સુલતાંનને આ ઠરાવ અમલમાં લાવતાં અટકાવ કરવા સારૂં ઘણો પણ સમજાવ્યો, પણ તે કાંઇ વલ્યો નહીં. તે કામથી કેટલા મોટા જોખમમાં આવી પડશે અને નકામી મેહનત અને જંજાળ ખમવી પડશે. અને તેનું પરીનામ તો ચોકસ મલે નહીં. એ સઘળી વાતો તેને સુલતાંનને સમજાવી પણ તેનું સઘળું ભાષણ વેર્થ ગયું. સુલતાને તેનું કાંઈ પણ સાંભલ્યું નહીં અને પોતાની મુસાફરી કરવા બાહેર પડયો. પેદલ ચાલવા લાયક તેણે લેબાસ પેહસ્યો અને પોતાની પાસે એક બરછી રાખી અને જ્યારે તેને જોયું કે તે છાવણીમાં સર્વે ચુપકીદા થયા ત્યારે રાતને સમે એકલો તે બાહેર પડયો.

તે સુલતાને એક નાંધળા ડુંગર તરફ જવાનો રસ્તો ધરયો. તે ઉપર ઝાઝી મેહનત વગર ચહડયો અને પેલી મેર ઉતરવાનું કામ તો કાંઇ પણ તેને ભારી પડયું નહીં અને સુર્ય ઉગે ત્યાં સુધી મેદાનમાં ચાલ્યો. એ વખતે તેને દુરથી એક ઇમારત નજર આવી અને તે દીઠાથી તેને ઘણીજ ખુશાલી ઉપન્ન થઇ કારણ કે જે જે બીના જાણવાની તેની ખાયશ હતી તે હવે જણાઇ આવસે એવી તેને ઉમેદ આવી. જ્યારે તે ઇમારતની નજદીક આવી પોંહચ્યો ત્યારે તેણે જોયું કે તે એક સુંદર મેહલ હતો બળકે એક મજબુત કીલ્લો હતો જે પાલીસ કીધેલા કાલા સંગેમરમરના પથરનો બાંધેલો અને તેની ઉપર બારીક લોખંડના સફાઇદાર પતરાં જડેલા અને તે એટલાં તો ચલકતાં હતાં કે તેમાંથી આપણી સીકળ દેખાઇ આવે. કાંઇ પણ ચીજ તપાસ કરવા સરખી અને તેનું ચીત ખેંચે એવી એટલી જલદીથી મળી આવ્યાથી તે ખુસી થયો અને તે કીલ્લાની સામે ઉભો અને ખુબ ધ્યાન રાખી તપાસ લીધી. ત્યારબાદ તે કીલ્લાના દરવાજા આગળ આવ્યો. તે માહેલો એક દરવાજો ખોલ્યો હતો. તે અંદર જવા માંગતે તો જઇ શકતે પણ બારણું ઠોકવાનું તેણે દરૂસ્ત વિચારયું. પેહલાં તે આસ્તેથી ઠોકયું અને જરાક વાર થોભયો, પણ જ્યારે તેને જોયું કે તેના ઠોકવાનો કાંઇ ઉત્તર મળ્યો

નહીં ત્યારે તેને ધારયું કે તે ઠોકવાનો અવાજ સંભળાયો હશે નહીં તેથી બીજીવાર વધારે જોરથી તે બારણું ઠોકયું, તોપણ કોઇ આવ્યું નહીં પાછલથી ઘણુંજ જોરથી ઠોકયું પણ તેનું કાંઇ વલ્યું નહીં. એ બનાવથી તે ઘણોજ અજબ થયો અને જે કીલ્લો એવી સરસ બાંધનીથી બાધેલો તેમાં કોઇ પણ વસનાર નહીં હોય એમ તેણે માન્યું નહીં. તે સુલતાન પોતાના મન સાથે બોલવા લાગ્યો કે અગરજો તેમાં કોઇ પણ વસ્તુ ન હશે તો ચીંતા નથી અને અગર કોઇ આવશે તો મારો બચાવ કરવા સારૂ મારી પાસે હથીયાર છે.

અંતે તે કીલ્લામાં તે દાખલ થયો અને ચોકમાં થોડો વાર ઉભો રહ્યો અને પોકાર મારી બોલ્યો કે એક પરદેશી જે ભુખ્યો તરસ્યો છે તેની દાદ લેનારૂં અત્રે કોઇ નથી શું? એ પ્રમાણે તે બે ત્રણ વાર જેમ મોટેથી બોલાય તેમ બોલ્યો, તોપણ તેને કાંઇ પણ જવાબ મલ્યો નહીં. આ સમસાંનપણું જોઇ તેને ભારી અચરતી ઉપજી. ત્યાંથી એક વધારે કોશાદે જગા તરફ જઇ લાગ્યો, અને ચોતરફ નજર દોડાવતાં તેને કોઇપણ જીવતું પ્રાણી દીસ્યું નહીં. તે જગ્યા છોડીને મોટા દીવાનખાનામાં પેઠો. ત્યાં રેશમી ગલીચા બીછાવેલા અને આંતરે આંતરે સોફા ગોઠવેલા જેની ઉપર મક્કાના કીંમતી કપડાં જડેલાં હતાં. બારણા બારી ઉપર હીંદુસ્થાનની બનાવતના ઉંચી કીંમતના કપડાંની કુરતનીઓ નાંખેલી જેની ઉપર સોનેરી કસબ ગુંદેલો હતો. તે મેલી સુલતાન આગળ ચાલ્યો ત્યારે તેના દીઠામાં એક ઘણીજ તારીફ લાકય મોટું દીવાનખાનું આવ્યું. તેની વચોવચમાં એક પાણીનો મોટો ફુંવારો ઉભો કીધેલો હતો જેના દરેક ખુણાં પર સોનેરી બનાવટનો અકેકો સીંહ બેસાડેલો હતો. તે ચાર સીંહના મુખડાંમાંથી પાણીની ધારો નીકળતી હતી, અને તેમાંથી પડતાં પાણીથી હજારો મોતી તથા હીરા બંધાતા હતા. તે કીલ્લાની ત્રણ બાજુએ બાગો બનાવેલા હતા તેમાં ફુલના ક્યારા ફલવંત ઝાડો, પાણીના ફુવારા વગેરેથી શીંગાર આપેલો હતો, પણ એ બાગ વધારે દીલને ખુશ કરનારો હોવાનો એક બીજો સબબ એ હતો કે સેંકડો પક્ષીઓ તરેહવાર રંગના અને ખુબ-સુરતીના હીંયાં ત્યાં નજરે આવતાં જેઓ તે બાગની ગુલાબી લપટને મધુર અવાજનાં તેમના સરોદથી વધારે ખુશાલી આપતા હતા.

સુલતાન એક ઓરડામાંથી બીજા ઓરડામાં અને એક દીવાનખાનામાંથી બીજા દીવાનખાનામાં ઘણોએક વાર સુધી ફરે છે અને તેમ કરતાં તેની આસપાસ જે જે ચીજો તેણે જોઇ તે એવી હતી કે તેનું બયાન આ જગાએ થઇ શકતું નથી.

તે સુલતાન ઘણોક વખત સુધી એક ઓરડામાંથી બીજા ઓરડામાં ફરવા લાગ્યો અને કાંઇક થાકેલો હતો તેથી તે એક ખોલ્લા ઓરડામાં બેઠો. જે જે ચીજ તેની નજરે પડી હતી તે ઉપર તે વિચાર કરવા લાગ્યો, અને મનમાં ધારવા લાગ્યો કે હવે પછી કાંઇ મોહટા બનાવો નજર આવશે એવા વિચારમાં તે ગરક થયલો હતો એવામાં અણુચીતો તેનાં કાંન ઉપર એક શોગ ભરેલો, અવાજ આવ્યો જે રદન અને સોહર એટલાં તો દુઃખ ભરેલી રીતે કરવામાં આવ્યા હતાં કે આપણું કલેજું પણ ફાડી નાંખ્યા વીણા રહેજ નહીં. તે રદનમાં આ પ્રમાણે શબ્દો બોલ્યામાં આવ્યા હતા "રે કીસમત! મારા સારા ભાગ્યનાં ફળ તેં મને લાંબા દીવસ ચાખવા દીધાં નથી અને મને ઘણોજ દુઃખી અને દર્દમંદ કીધો છે હવે તું મને હેરાન કરવાનું બંધ કર નહી તો મને શીતાબીથી મારી નાંખ. આટલું બધું દુખ ખમ્યાં છતાં હું હજુર હૈયાત છું એ કેવું અજબ સરખું છે."

આ શોકભરેલાં રદનથી સુલતાનનાં દીલમાં ઘણુંજ દુખઃ ઉત્પંન થયું હતું તેથી તે જગ્યા ઉપરથી ઉઠી જે તરફથી તે અવાજ નીકળતો હતો તે તરફ તે ગયો. તે એક મોઠા દીવાનખાનાના દરવાજા

આગળ આવ્યો, અને ત્યાંથી કુરસીની ખીસાડી કે એક જવાન આદમીને એક તખત ઉપર બેઠેલો જોયો, તે તખ્ત જમીનથી થોડુંએક ઊંચુ ઉભું કીધેલું હતું. આ આદમી દેખાવે ખુબસુરત હતો, અને ઊંચી કીંમતનો લેબાશ તેણે પેહરેલો હતો. તેની સીકળ ઉપર ગમે બેઠક કીધેલી હતી તે સુલતાંન તેની પાસે ગયો અને તેને નમસ્કાર કીધા. તે જવાને ઘણીજ ગંભીરાઇથી પોતાનું માથું વાકું કરી પોતાંની તરફથી નમસ્કાર કરી બતલાવ્યા પણ તે ઉભો થયો નહીં. તેને સુલતાનને કહ્યું કે અલબતે મને ઉઠીને તમને આવકાર આપવા નથા જેટલું તમને ઘટે એટલું માન આપવું જોઇએ છે. પણ એક ઘણુંજ માકુલ સબબ તેમ કરતાં મને અટકાવ કરેછે માટે તમારે એ બાબતમાં તમારા દીલમાં કાંઇ ઓછું લાવવું નહીં. સુલતાને જવાબ દીધો કે સાહેબ તમે મારે માટે સારો વિચાર આપ્યો તેથી તમે મને મોટું માન આપ્યું છે એમ હું સમજુ છું. તમે ઉઠયા નહીં તેનો ગમે એવો સબબ હોય પણ તમે મને તે વિષે દરગુજર કરવા કહ્યું તે મોટી ખુસીથી કરૂં છું. તમને મોટાં રૂદંન અને ગમથી ફરયાદ કરતાં સાંભળી હું તમારો આગળ આવ્યો છું કે તમને મારી તરફથી બનતી કાંઇ મદદ આપું. હું ઉમેદ રાખું છું કે આ તમારી આફત ભરેલી હાલતમાં મારી તરફથી કાંઈ પણ દીલાશો તમને આપવાને મને રજા આપશો અને તમુને દીલાસો આપવાને મારેથી બનશે એટલી કોશેશ કરીશ. મારા મન સાથે મલકાઇને કહુ છું કે તમારા ગમને લગતી હકીકત મારી આગળ કહી સંભળાવવાને તમે અડચણ લેસો નહીં. પણ પેહલાં તો મને કહો કે પેલા સરોવરમાં ચાર જુદા જુદા રંગના માછલાં છે તેનું કારણ શું? મને તમે કહો કે આ કીલ્લો આ જગ્યાએ કેમ બંધાયો અને તમે એમાં એકલા કેમ રહ્યા છો.

આ સવાલોનો જવાબ આપવાને બદલે તે જવાન આદમી ઝાર ઝાર રડવા લાગ્યો. તે બોલ્યો કે "કીસમત કેવું ફરેબબાજ છે. જે લોકોને તેને આસમાન સુધી બુલંદ કીધાં તેઓને તે નીચે ગગડાવી લાવવાને હરખ પામે છે. કયો સખ્સ એમ કહી શકસે કે મેં કીસમતના બળથી સ્થીર જીંદગી અને સુખી ભવ કાહડયો છે.? તેની હાલત ઉપર દયા ખાઇને તે સુલતાને તેને ફરીથી વીનંતી કીધી કે તેને જે આટલો બધો ગમ થયો છે તે વિષેનો સબબ જણાવવો. તે જવાને જવાબ દીધો જે મારા સાહેબ અફસોશ છે કે હું ગમગીન નહીં હોઉ તો બીજો શું હોઉ, અને આ મારી આંખો તે ગમના આશું રડતી કયારે બંધ પડશે તે હું કહી શકતો નથી." એટલો શબ્દો બોલી તેને પોતાનો જબ્બો ઉંચકયો અને સુલતાને જોયું કે તે કમર સુધીજ ઇસાન્યતમાં હતો અને ત્યાંથી તે પગ સુધી કાલો સંગેમરમરનો પથર થઇ રહ્યો હતો.

તે જવાંન આદમીની એવી અફસોસ ભરેલી હાલત જોઇ તે સુલતાંન કેટલો અજબ થયો હશે તે સેહલથી વિચારી લીધામાં આવશે. તે બોલ્યો કે "રે ભાઇ તમે જે મને દેખાડો છો તેથી મારા દીલમાં કમકમાત છુટે છે પણ તેજ વેળા તમારી હાલતની તવારીખ જાણવાની મારી ઇનતેજારી વધે છે. તમારી તવારીખ જાણવાને હું ઘણોજ ખંતી છું. તે હકીકત બેશક ઘણીજ અચરતી ભરેલી હશે અને પેલો તલાવ તથા તે માહેલાં માછલા તેની સાથે કાંઇ પણ સંબંધ ધરાવતાં હશે. તેથી હું તમને વીનંતી કરી કહું છું કે તમારી તવારીખનું વર્ણન કરો અને તેમ કરવાથી ખચીત તમુને દીલાસો મલ્યા વીણુ રેહનાર નથી કારણકે દુઃખી લોકો પોતાના દુઃખની કાંહણી કહી સંભળાવ્યાથી કાંઇ પણ મદદ મેલવી શકે છે. "જો કે મારાં દુઃખ અને ગમની કાહણી કહી સંભલાવ્યાથી તો ઓર તેમાં વધારો થશે તોપણ કહી સંભળાવવાને હું ચુકતો નથી. માટે તમારૂં સઘળું ધક અને ધ્યાંન એકઠું કરીને તે સાંભળજો."

કાલા ટાપુના જવાન રાજાની વાર્તા.

તે જવાન બોલ્યો "કે મારે તમને પેહલેથી વાકેફ કરવું જોઇએ કે મારો પીતા જેનું નામ **મેહમુદ** હતું તે આ મુલકનો પાદશાહ હતો. એ મુલકનું નામ કાલા ટાપુઓનું રાજય કેહવાય છે. આ મુલકની પડોસમાં ચાર નાધલા પરવતો જે હતા તે પાછલથી બેટો થઇ ગયા તે ઉપરથી એ નામ આપ્યું છે અને જે જગ્યા ઉપર પેલી તરફ સરોવર થયલું છે તે જગ્યા તરફ મારા બાપના રાજની રાજધાણી હતી. જેમ જેમ મારી વાર્તા કેહતો જઇશ તેમ તેમ તમને સમજ પડશે કે એ ફેરફારો કેમ થયા છે.

મારો બાપ જે રાજા હતા તે સીતેર વર્ષની વયમાં મરણ પામ્યો. તેના ગુજરવાબાદ મેં નેકા કીધા અને જેણીને મેં મારા રાજ્યની ભાગયણ કીધી તે મારી સગી હતી. તેણીના હેત પ્રીતની સાબેતી મેં જે તેની તરફથી મેલવી હતી તે ઉપર શંતોષ રાખવાને મારી પાસે પુરતાં કારણો હતાં. તેમજ તેની ઉપર મારી તરફથી મારાં હેત પ્રીતની ઇધાની મેં કાંઇ ઓછી બતલાવી હતી નહીં. અમારા એક બીજા સાથે લગણને પાંચ વર્ષ થયાં ત્યાં સુધી હમો એક બીજા સાથે સુખચેનથી રહ્યાં હતાં. પણ તે મુદતની આખરીએ મને માલમ પડયું કે મારી રાંણી અને સગી આગળની પડે મને ચાહતી ન હતી.

એક દીવશે ભોજણ લીધા પછે જ્યારે તે સ્નાન કરવા ગઇ ત્યારે મને આરામગાહમાં જવાનો શોખ થયો તેથી એક શોફા ઉપર હું સુતો. તે વેળા મારી રાણીની બે બાંદીઓ ઓરડામાં હતી તેથી એક મારા પગ આગળ અને બીજી મારા માથાં આગળ આવી બેઠી કે મારી ઉપરથી માંખોને ઉરાડી મેલે તે સાથે ઠંડા પવનીની લેહેકી આવે તો મારી ઉંઘમાં ખલલ પોહોંચે નહીં. એ સ્ત્રીઓએ મને ઉંઘમાં પડેલો જાણી એક બીજા સાથે હરૂશેથી વાતો કરવા માંડી. પણ મેં મારી આંખો વીચેલી રાખી અને તેમની વાતચીત ધ્યાન દઇ સઘળી સાંભળી.

એક બાંદીએ બીજીને કહ્યું કે આપણો રાજા જે આટલો મમતાવાલો પુરૂષછે તેને તેની રાંણી ચાહતી નથી એ શું અફશોશ કરવા જોગ નથી? બીજી બાંદી બોલી અલબતે એમજ છે અને મને સમજ પડતી નથી કે તેને એકલો મેલી દરરોજ રાતને સમે તે શા સારૂ બાહેર જતી રેહછે? શું તે રાજાને માલમ પડતું નથી.? પેહલી બાંદી બોલી કે તેને તે કેમ ખબર પડે? કારણ કે દર રાત્રે બાહેર જતી વેલા તે રાણી રાજાને કાંઇ વનસપતીનો રસ ડોહવીને પાયછે કે જેની કેફથી તે એટલોતો ચકચુર થાયછે કે આખ્ખી રાત એક મુરદાંની પડે સુઇ રહેછે અને તેને એવી હાલતમાં નાંખીને રાણી આખી રાત જ્યાં તેને ભાવેછે ત્યાં ભટકે છે. અને જ્યારે પોહર પડે છે, રાણી પાછી આવે છે ત્યારે તેનાં નાંખ આગળ કાંઇ ખુશબો લગાડે છે કે જેથી તે જાગી ઉઠે છે.

આ વાતો સાંભળ્યાથી મને કેટલી અચરતી લાગી હશે તથા મારા મનમાં કેટલું દુખ ઉત્પન થયું હશે? તે વિષે તમે પોતે વિચારી લેજો. તોપણ જે સોચના મારા દીલમાં ઉત્પન થઇ તે દાબી નાખવાની પુરતી તાકાત હું ધરાવતો હતો. જાણે હું ઉંઘમાંથી બેદાર થયલો હોઉં તેમ હું જાગી ઉઠયો અને તે વાતનો એક શબ્દ પણ સાંભળ્યો ન હોય એમ જણાવ્યું.

તેટલામાં રાણી હમામખાનામાંથી પાછી આવી. હમે રાતનું ખાણું સાથે ખાધું અને હમો આરામગાહમાં ગયા આગમચ તેણીએ પાણીનું પ્યાલું મને આપ્યું પણ તે પીધા વગર આગળ એક બારી ઉઘાડી હતી તે વાટે તે જોય નહીં એવી રીતે નાંખી દીધું. પછી તે પીયાલું તેને પાછું આપ્યું કે તે જાણે કે મેં તે માંહેલું પાણી પીધું હતું. હમો પલંગ ઉપર સુવા ગયા. ત્યાર પછી

કાળા ટાપુના જવાન રાજાની વાર્તા.

જવાન રાજો દાસીઓની વાત સાંભળે છે.



"મારી રાણીની બે બાંદીઓ ઓરડામાં હતી તેથી એક મારા પગ આગળ અને બીજી મારા માથાં આગળ બેઠી. એ સ્ત્રીઓએ મને ઉંઘમાં પડેલો જાણી એક બીજા સાથે હરૂસેથી વાત કરવા માંડી પણ મેં મારી આંખો વીચેલી રાખી અને તેમની વાતચીત ધ્યાન દઈ સાંભળી."

[જુઓ સફો ૪૦.

થોડો વખત રહી તે રાણીએ સદાની પઠે ધાર્યું કે હું ભર ઉંઘમાં પડેલો હોઇશ તેથી કાંઇ પણ શાવચેતી રાખ્યા વીણા ઉઠી ઉભી થઇ અને મોટે અવાજે બોલી કે "રે તું ઉંઘ, અને હું ઇચ્છું છું કે તે ઉંઘમાંથી કદી પણ પાછો ઉઠતો ના." તેણીએ પોતાનો લેબાશ પહેર્યો અને ઓરડામાંથી જલદીથી બાહેર ગઇ.

જેવી તે રાણી બાહેર પડી કે હું ઉઠયો, અને જેમ જલદીથી બને તેમ મેં મારાં કપડાં પહેરી લીધાં અને મારી, બરછી કમ્મરે મારી, તેની પુઠે એટલી તો લગોલગ જઇ લાગ્યો કે તેનાં કદમ મારા સાંભળવામાં આવ્યાં હતાં. જેવાં કદમ તે ભરતી તે પ્રમાણે મેં ચાલવા માંડયું અને મારા કદમનો અવાજ રખેને તે સાંભળે તેની ધાસ્તીથી હું ધીમે ધીમે કદમે ચાલવા લાગ્યો. ને કેટલાએક દરવાજા પશાર કરી ગઇ અને તે કાંઇ જાદુઇનાં શબ્દો બોલતી કે તેજ વખત દરવાજા ઉઘડી જતા હતા છેલો દરવાજો જે તેણીએ ઉઘાડયો તે બાગનો દરવાજો હતો. તે બાગમાં દાખલ થઇ. એ દરવાજા આગળ હું ઉભો રહ્યો કે તે મને જોય નહીં, તે એક મેદાન ત્યાંથી વટાવી ગઇ. તે દીવસની રાત અંધેરી હતી તેથી મારી આંખને ખેંચેલી રાખવાની મને ફરજ પડી હતી. અને એક વંનમાં તે દાખલ થઇ જે ઝાડીઓથી ભરાયલું હતું. ત્યાં હું બીજે રસ્તેથી ગયો અને રસ્તાની કીનારીએ ઝાડીઓ હતી ત્યાં હું ભરાઇ બેઠો અને મને માલમ પડયું કે તે એક આદમી સાથે ચાલતી હતી. તેઓએ એક બીજા સાથે જે વાતચીત કીધી તે મેં ધ્યાંન ધરી સાંભળી; તેમાં રાણી બોલી કે મને તમારો આપેલો ઠપકો ઘટતો નથી કારણ કે મારીથી જેમ જલદી આવવાનું બન્યું તેમ હું આવી છું. તેનું કારણ તમે સારી પઠે જાંણો છો. અગરજો મારાં તમારી ઉપરના હેતની સાબેતીથી તમે ધરાતા નહીં હોવો તો મને ફરમાવો કે જોઇએ તે હું તમુને પોહચતું કરૂં, કારણ કે મારામા કેટલી કુદરત છે તે તમને ખબર છે. જો તમારી મરજી હોય તો સુર્ય ઉદય થાય નહીં એટલાંમાં આ સુંદર શેહર તથા આ નાંમીચા મેહલ તથા બાગ બાલી ભસ્મ કરી નાંખુ કે તેમાં વરૂં વંનવાગલા તથા કાગડા આવી વસે. તમો બોલો એટલા વારમાં આ જગતની બાંધનીનો ફેરફાર કરી જુદુંજ ડોલ તમુને દેખાડું.

આ વાત તે રાણીએ બંધ કીધી. તે તથા તેનો યાર તે વન માહેલી પગડીને નાંકે આવી પોહચ્યા અને બીજી પગતી ઉપર ચાલવા જતા મારી પાસે થઇને ચાલ્યાં. મેં મારી તલવાર ખેંચી રાખેલી હતી અને તે માણસ મારી અડોઅડથી ચાલ્યો, મેં તેની ગરદન ઉપર તલવાર મારી તેવોજ તે જમીનદોસ્ત થયો. હું ધારૂં છું કે મેં તેને ઠાર માર્યો; અને તે વીશેની તેહકીક કરી ત્યાંથી ગુમ થયો કે રખેને મારી રાંણી મને ઓળખી કાહડે? મારી રાણીને પણ ઠાર મારતે પણ તે મારી સગી હતી તેથી મેં તેને જવા દીધી.

જો કે રાણીના યારને થયલો જખમ ધાતકી હતો તોપણ તેણીએ પોતાની જાદુઇની હીકમતથી સહેજસાજ જીવતો રહે તેમ અસર કીધી. જ્યારે મેહલમાં જવા સારૂં હું બાગમાંથી પસાર થતો હતો ત્યારે રાણીને ઝારઝાર રડતા સાંભળી અને તેણીના રદન ઉપરથી તેના દીલમાં થયલા ગમનો વિચાર બાંધતાં તેના યારને એકદમ મારી ન નાંખ્યો તેથી હું દીલગીર થયો નહીં. હું મારા દીવાનખાનામાં પાછો આવ્યો ને હું આરામ કરવા ગયો અને જે નાપેકારે બદફેલી કરી મને દુઃખ પોહચાડયું હતું તેનુ વેર લીધાથી સંતોષ પામી હું ઊંઘમાં પડયો. બીજે દીવશે જાગી ઉઠયો ત્યારે મારી પાસે રાણી સુતેલી હતી. હું ચોકશ કહી શકતો નથી કે તે ખરેખરી ઊંઘમાં હતી કે સજાગરૂ હતી પણ તેને છેડયા વીણા હું ઉઠયો અને હમામખાનામાં ગયો અને ત્યાં આંગ પાક કરી નવાં કપડ

પેહેર્યાં. ત્યારબાદ હું મારા કારભારી તથા દરબારીઓની મીજલસમાં ગયો. જ્યારે હું ત્યાંથી પાછો ફરયો ત્યારે રાણી રડતી કુટતી બાલ પીખતી મને મલવાં આવી. તેણીએ શોકનો લેબાસ પેહેરેલો હતો. તે મારી પાસે આવી બોલવા લાગી કે "રે મારા ખાવીંદ હું તમુને અરજ કરૂં છું કે આ મારી હાલત જોઇ તમો દીલગીર થશો ના. હમણાજ મેં મારે ત્યાં ત્રણ ઘાત થઇ છે તેના સમાચાર સાંભળ્યાછે તેથી મને એટલું તો દુઃખ થયું છે કે હું તે વિષે એક હરફ પણ કાહડી શકતી નથી. મેં પુછ્યું કે રે પ્યારી, ત્રણ ઘાત થઇ છે તે કઇ કઇ છે? તે મને કહો. તે બોલી મારી મેહરબાન માની, મારા પ્યારા બાપની તથા મારા ભાઇની. મારો બાપ લડાઇમાં મારયો ગયો અને મારો ભાઇ પાહડ ઉપરથી ગગડી પડી મરણ પામ્યો. મારી રાણીએ પોતાનાં દુઃખનું ખરેખર કારણ છુપાવી નવું ઉભું કીધું તેથી હું કાંઇ દીલગીર થયો નહીં અને મેં ધાર્યું કે હું તેના યારનો ખુની છું તે તેને ખબર નથી. મેં કહ્યું કે રે બાનું તમારા ગમને માટે હું કાંઇ તમને દોષ દેતો નથી બલકે આર હું તમારો સરીગત છું. આ પ્રકારના ગજબથી જેન તમારા દીલમાં દુઃખ ઉપંન નહીં થાય તો હું ઘણોજ અજબ થાઉં માટે તમે બેલાશક રડો કારણકે તમારાં આશુ જે છે તે તમારાં દીલની મયાલુપણાની અચુક ઇધાણીઓ છે. હું ઉમેદ રાખું છું કે જેમ જેમ વખત જતો જશે તથા ધીલસુરીના ઉમદા વિચારો તમારા મન પર અસર કરશે તેમ તેમ તમે તમારૂં દુઃખ વીસરતાં જશો અને હમેશની પડે તમારો ખુશ મીજાજ બતલાવતાં રહેશો.

રાણી પોતાના ઓરડામાં જઇ બેઠી અને એક દુઃખાચારી સ્ત્રીનો અવતાર ધરી એક આખું વરશ પોતાના યારનાં મરણને માટે શોક અને રડનમાં કહાડયું. તે મુદત ગુજરવા બાદ મેહલની વચોવચમાં એક કબરસ્તાન બાંધવાની મારી રજા માંગી કે તેમાં તેના બાકીના દીવસો ગુજારે. મેં કાંઇ તે અરજ પાર પાડી નહીં. તેણીએ ત્યાં ભપકાદાર મેહલ બાંધ્યો, તેની ઉપર એક ઘુંબજ ઉભો કીધો કે જે આ જગ્યા આગળથી દેખાય છે. તે મહેલનું નામ તેણીએ માહેતમ મહેલ કરી રાખ્યું.

જ્યારે તે મહેલ તયાર થયો ત્યારે તેના યારને ત્યાં લાવી રાખ્યો અને જે રાત્રે મેં તેને જખમી કીધો હતો ત્યાર પછે તેને કોઇ બીજી જગોએ રાખ્યો હતો અને તે મકાન બંધ કીધું હતું. કાંઇ દવા પીવાની આપ્યાથી તેની હૈયાતીનો ચેરાગ તેને રોશન રાખ્યો હતો. તે દવા તે તેને પોતાને હાથે આપતી હતી અને માહેતમ મેહલમાં લઇ જવા પછી પણ તેને દવા આપવાનું જારી રાખ્યું હતું.

તેણીએ ચલાવેલાં જાદુથી કાંઇ પણ ફાયદો થયો નહીં. કારણકે તેના યારથી ન ચલાઇ શકાય કે ન ઉભું રહી શકાય કે નહીં બોલી શકાય એવો તે થયો હતો. તેના ડોલા ઉપરથીજ જણાતું હતું કે તેની ધાંટીમાં કાંઇ દમ છે. જોકે તે રાણીને એટલોજ દીલાશો મળતો કે તેને જોવા પામતી અને પોતાના તેની ઉપર દોડતા પ્યારના જોરથી જે જે મીઠાશદાર સબ્દોથી તેને દીલાસો અપાય તેમ તે આપતી હતી અને દીવશમાં બે વાર તેની મુલાકાત લેતી. એ બનાવથી હું સારી પઠે વાકેફ હતો. પણ હું જાણે જાણતો નહીં હોઉં તેમ ડોલ ઘાલતો હતો.

હું ગુસાનો માર્યો એક દીવસે તે રડન મેહલમાં ગયો કે જોઉં તો ખરો કે મારી રાણી ત્યાં પોતાનો વખત શી રીતે ગુજારે છે અને જે જગ્યાથી મને દેખાય તથા સંભળાય ત્યાં સુધી હું ભરાઇ બેઠો ત્યારે તેણીએ પોતાના યારને આ રીતે કહેતાં મેં સાંભલ્યું. "રે આ અવસ્થામાં તને જોઇને મને કેટલું દુઃખ પેદા થાય છે, તું જે જે દુઃખ ખમે છે તેમાં મારો ભાગ ચાલુજ છે, પણ મારા જીગરના હાર હું તમારી સાથે હમેશ વાતો કરૂં છું તોપણ તું મને એક પણ જવાબ દેતો નથી

એ પ્રમાણે દુઃખ ઉપજાવનારી રીતે તું ક્યાં સુધી ચુપકીદી અખત્યાર કરી રહેશે? એક વારતો બોલો તો હું સંતોષ પામીશ. અફશોશ છે કે આ જે વખત તારી સાથે હું ગુજારૂં છું અને તારા દુઃખને ટાળવાની જે કોશેશ કરૂંછું તે હું મારે મનસે ઘણોજ સુખ ભરેલો મારો ભવ ભોગવું છું. તારેથી વેગલું મારીથી રહેવાતું નથી અને આખી જગતનું રાજ્ય મેલવી જેટલી ખુશાલી હાશલ કરૂં તે કરતાં તારી સંગતમાં રહ્યાથી મને વધારે ખેશાલી પેદા થાય છે.

આ ભાષાણુ કેરતાં વારંવાર તે રડતી અને ડચકાં ખાતી હતી તે જોઇ મારેથી વધારે વાર ખમાયું નહીં તેથી હું તેની આગળ ગયો અને બોલ્યો કે રે મારી બાંનુ હવે તમે પુશકળ રડયાં છો. હવે જે દુઃખના રડન કરવાથી આપણુ બન્નેને હીનપસ્તી લાગે છે તે દુઃખને વીશરી જાવો. તમે મારી સાથે કેમ ચાલવું જોઇએ તથા તમે તમારો મરતબો તમારી તરફ શી રીતે જાલવી રાખો તે બીલકુલ વીશરી જાવો છો. તેણીએ જવાબ દીધો જે "સાહેબ તમે મારી તરફ કાંઇ પણુ મમતા રાખતા હોવો તો હું તમને અરજ કરી કહું છું કે આ મારી દુઃખી હાલતમાં મને પડી રેહવા દો. એ મારો ગમ જમાનાથી વીસરાવશે નહી અથવા કમતર પણુ થઇ શકતો નથી.

તેની ફરજ શું છે તે મેં તેને સમજાવવાને ઘણી પણુ કોશેશ કીધી પણુ સર્વે વ્યર્થ ગઇ અને જ્યારે મેં જોયું કે મેં જે તેની સાથે તકરાર લીધી તેથી ઓર પોતાની હુજત વધારતી ચાલી ત્યારે અંતે હુંજ થાકયો અને તેને પડતી મેલી. બે વરશ સુધી એજ ઢંગ તે પકડી બેઠી હતી.

જ્યારે તે રદન મેહલમાં હતી ત્યારે બીજી વાર હું તેની પાસે ગયો આગળની પઠે હું સંતાઇ બેઠો ત્યારે તેણીના યારને મેં કેહતા સાંભળ્યું કે ત્રણ વરશની વાત ઉપર તમે મારી સાથે બોલ્યા હતા અને ત્રણ વરશ થયાં હું રદન રડી આંસુ આણી મારા પ્યારની શાબેતી આપું છું પણુ તમો તો તેબી કસ્શું જાણે જાણુતા નથી. એ પ્રમાણે તમો ધીકારથી કરો છો કે તમારી શક્તીઓ જડ થઇ ગયાથી કરો છો? રે મારા યાર તું જે આટલું બધું હેત પ્રીત મારી તરફ બતલાવતો તે તે શું કમ કરી નાખ્યું છે? જે આખોમાંથી મોહબતનો ઝળકાત નીકળતો હતો અને જે મારી ખુશાલીનો મુળ હતો તે શું સદાકાળ સુધીની વીચાવી નાંખે છે શું? ના હું એમ ધારતી નથી. તોપણુ મને કેહવું પડે છે તારા પાશામાં તારે લાયકનું જે ધન આ દુનિયામાં હું ગણું છું તે અમુલ્ય ધન તું લેઇ બેઠો છે.

રે સુલતાન હું તારી આગળ ખરેખરૂં કહું છું કે આ શબ્દો સાંભળી મને ભારી રીશ ચડી આવી. વળી જે આદમી ઉપર તે મોહી પડી હતી—જેની તે દાસી થઇ પડી હતી અને જેની પુંજા કરતી હતી તે કાંઇ પણુ ખુબસુરતી ધરાવતો ન હતો. તે રંગમાં સીદીભાઇ સરખો કાલો સીહા હતો. પ્રાચીનકાળમાં એવા જંગલી આદમીઓ ઘણું કરીને આ દેશમાં વસ્તા હતા. એ ભાષાણુથી મારા મનમાં એટલો કરોધ આવ્યો કે તેજવેળા હું તેની આગળ ગયો—અને જે પ્રમાણે મારી બાયડી કબર સાથે વાત કરી બોલી હતી તેમ મેં પણુ કબરને કહ્યુંકે રે કબર જે અબલીશને તું તારા પેટામાં લઇ બેઠીછે જે ઇનસાનને એબ લગાડેછે તેને તું ગરક કેમ કરી નથી નાખતી? બળકે એ આશક અને તેની રાખેલી માશુકને તું પામાગાલ કાંય નથી કરતી?

તે રાણી જે સીદીભાઇ પાસે બેઠેલી હતી તે આ શબ્દો સાંભળીને ઘણીજ રીશમાં આવી ચોંકી ઉઠી. તે મને કેહવા લાગી કે રે કમબખ્ત—મારા ગમનો મુલ સબબ તુંજ છે. તું એમ ધારતો ના કે તમારા કારસ્તાનથી હું વાકેફ નથી. હવે વધારે વાર તે છુપાવી રાખવાની મારામાં શક્તી નથી. મારા યારને તારા ઘાતકી હાથે જે હાલતમાં તે છે તે હાલતમાં તું તેને લાવ્યો. છેવતે વલી દુઃખ ઉપર

ડાંમ દેવા હું નીરાશને વધારે દુઃખ દેવા તુ આવ્યોછે એ કેવું ઘાતકી ભરેલું છે. મારી બાયડીના આ સખુનો સાંભળી મને વધારે ચીડ લાગી તેથી તેની સનમુખ જઇ તેને મેં કહ્યુંકે હા—તે પલીતને જે સજા કરવી ઘટેછે તે મેં કીધીછે—અને તેને જે સજાએ મેં પોહચાડયોછે તેમજ તુંને પણ તારી ધીકાર ભરેલી ચાલનો સ્વાદ ચખાડવો જોઇએ છે. મેં તેમ પેહલે ઘરથી નહીં કીધું તેથી હું પસ્તાઉં છું કારણકે તારી સાથે કીધેલી ભલાઇની કદર આજ સુધી તેં બુજી નથી. એમ બોલી મેં મારી તલવાર ખેંચી અને તેણીને મારી નાખવા મારો હાથ લંબાવ્યો. ધીકારના હસ્તા ચેહરાથી તે બોલી કે "તારા ગુસ્સાને નરમ પાડ." તે મારી તરફ બીલકુલ બેદરકારીથી જોવા લાગી અને થોડોક વખત ગયા પછી તે કેટલાક શબ્દો બોલી કે જે મને સમજ પડ્યા નહીં. તે બાદ તે બોલી કે "મારા જાદુઇના હુંન્નરની ખુબીથી હું તુને આજથી ફરમાઉં છું કે તું અરધુ આદમી અને અરધો પથર થઇ જા." ખોદાવંદ તમે તે હાલતમાં આજે જોવો છો ગોયા જીવતા લોકોમાં મુવેલો અને મુવેલામાં જીવતો હું છું.

જેને રાણીના નામનો મરતબો ન ઘટે તેને મેં રાણી કરીને સદા બોલાવી હતી પણ આ નાપેકાર જાદુગરે આ અવતાર મને આપી આ ઓરડામાં મને લાવી નાખ્યો છે. તેણીએ મારા રાજની રાજધાંની ને પાયામાલ કીધી વસતી જે આબાદ અને સુખી હતી તેને બરબાદ કીધી. મેહલો મંદીરો, મસીદો, જાહેર મકાંનો તથા બાજારો એ સર્વેને પાયમાલ કરી નાખી ત્યાં એક સરોવર ગોયા લાવી મેલ્યો, અને તમે જોયું હશે કે દેસને એક બીયાંબાન જંગલ કરી નાંખ્યું છે. તમે જે તે તલાવમાં ચાર જુદા જુદા રંગની માછી જોઇ તે ચાર જુદા જુદા ધર્મ પાલનારા લોકોની પ્રજા હતી. મુસલમાંન લોકોને સુફેદ માછી કરી નાખી, ઇરાની લોકોને લાલ રંગની, તથા ક્રીશચીયન લોકોને આશમાની રાતી, અને યાહુદી લોકોને પીલા રંગની માછલી કરી નાંખી. જે ચાર નાધલાં ડુંગરો હતા તે ચાર બેટો હતા અને તે ઉપરથી કાલા બેટોનું નાંમ અવલ મલ્યું હતું. એ જાદુગરે એ સઘલી બીનાં મને પોતાંના ગુસ્સાના બાહરમાં કહી હતી. પણ તેણીનો ગોસ્સો હીયાંજ અટકતો નથી. મારા રાજપાટનો નાસ કરીને તેનું વેર ધરાઉ નહીં કારણકે દરરોજ મારી પાસે આવી ગોધાના ચામડાના ચાબુકથી સો સો ફટકા મારા શરીર ઉપર તે મારતી હતી. અને દરેક ફટકા એટલા તો જોરથી મારતી કે તેથી ચામડીમાંથી લોહી ખેંચી કાહડતી. એટલી સજા કરી રહ્યા પછી હલકું બકરાંનું ચામડું તેના બાળ સાથનું તે મારા શરીર ઉપર ઢાંકે છે અને તેની ઉપર કીંમતી શોનેરી કશબનું કપડું તે મુકે છે અને આબરૂ આપવા માટે નહીં પણ તે મને ખીજવવાને માટે એમ તે કરે છે. તે કાલા ટાપુનો જવાન રાજા એટલું બોલ્યા પછી આંખમાંથી આંશુ આણી રોવા લાગ્યો અને તે શુલતાનનું દીલ એટલું તો દુખાયું હતું કે તેને તે કાંઇ પણ દીલાસો આપી શક્યો નહીં. ત્યાર બાદ તે જવાન સાહજાદાએ આશમાન તરફ પોતાની આંખો કરી બોલ્યો કે સર્વે ચીજોના બળવંત પેદા કરનાર તારા હુકમને તથા તારા તમામ કરવાને હું સરણ થાઉં છું. જ્યારે તું સાહેબની મરજી છે ત્યારે હું મારી પર પડતું દરેક દુઃખ ધીરજથી ખમું છું તોપણ હું ઉમેદ રાખું છું તેનો બદલો કોઇબી દીને તારી બેહદ મહેરબાંનીમાંથી અપાઇ જશે.

આ અચરતી ભરેલી હકીકત સાંભળીને તે સુલતાનને ઘણુંજ લાગ્યું અને તે કમનસીબ રાજા ઉપર પડતી ઝફાનું વેર લેવા આતુરમંદ થયો. તે બોલ્યો કે મને કહે કે આ દગલબાજ જાદુગર ક્યાં રહે છે? તથા તેનો નાપેકાર યાર જેને તેના મરણની આગમચથી કબરમાં નાંખી રાખ્યો છે તે પણ ક્યાં છે? તે શાહજાદાએ જવાબ દીધો કે રે ખોદાવંદ મેં જેમ તમોને આગળ કહ્યું તેમ માહેતમ મહેલમાં એક ઘુંબજવાલી ઘોરમાં તેને દાતેલો છે અને જે તરફથી દાખલ થવાનો માર્ગ છે તે તરફથી

તે ઇમારત તથા કીલ્લા વચ્ચે આવજાવ કરવાનો રસ્તો છે. હું તમોને ચોકશ કહી શકતો નથી કે તે જાદુગર કીલ્લાના કયા ભાગમાં વશે છે પણ દરરોજ સુર્ય ઉગતાં મને માર માર્યા પછે તે કબર આગળ જાય છે. તે પોતાની સાથે હમેશ કોઇ જાતનો શરાબ લાવે છે અને તેથી કરીને તે જીવતો રહે છે અને જે વખતથી તે જખમી થયો છે તે વખતથી તેણે જે ચુપકીદી અખત્યાર કીધી છે તેને માટે તે સ્ત્રી કાંઇ પણ ફરીઆદ કરતી નથી.

તે સુલતાને જવાબ દીધો જે રે શાહજાદા તકસીલ ઉપરથી જેટલી મયા તારી તરફ દેખાડવી ઘટે છે તેટલી કોઇ બીજા ને ઘટતી નથી અને તારા દુઃખને માટે મને જેટલી મયા આવેછે તેવી કોઇને પણ આવતી હશે નહી. એ કરતાને વધારે અજાયબ સરખી જફા કોઇ પણ આદમી ઉપર પડેલી મેં સાંભળી નથી અને જે લોકો તારી તવારીખનુ દાસ્તાન લખસે તેઓને માટે આ અચરતી ભરેલી તવારીખ નોંધી રાખવાને ઘણીજ પસંદ થઇ પડશે. એકજ બાબત તેને સંપુર્ણતા આપવાને રહેલી છે અને એ જે તમારૂં વેર લેવું જોઇએ છે અને તે મારી મતલબ પાર પાડવાને જેબી માર્ગ લેવો પડશે તે લીધા વીણા હું રેહનાર નથી. તે સુલતાને પેલાં શાહજાદાને પોતાનું નામ તથા પદવી જાહેર કીધા પછી અને તે કીલ્લામાં દાખલ થવાનો સબબ કહ્યાથી પછી તેનો વાજબી કીનો લેવાની સારામાં સારી રીત શોધી કહાડવા વિષે મનસુબો કરવા લાગ્યા અને સુલતાનને એક રીત નજર આવી અને તેજ વેલા તેણે તે શાહજાદાને કહી. તે કામને ફતેહમંદી મલવા માટે જે જે ગોઠવણ કરવી હતી તે વિષે તેઓ એક મત થયા હતા. તે ગોઠવણ બીજે દીવશે પાર પાડવાનો ઠરાવ તેઓએ રાખ્યો. એ દરમ્યાનમાં રાત ગુજરી ગયાથી સુલતાને કાંઇ પણ આરામ લેવાને દરૂસ્ત ધાર્યું. તે જવાન શાહજાદો આખ્ખી રાત સુધી ઉજાગરો રહયો, કારણ કે જે દીવસથી તેની ઉપર જાદુઇની અસર ચલાવ્યામાં આવી હતી તે દીવસથી તેની ઊંઘ જતી રહી હતી પણ તેનું દુઃખ નીવારણ થશે એવી તેને આસા આવ્યાથી તેનું મન તેના વિચારમાં રોકાયું હતું.

દીવસ ઉગતાવાર તે સુલતાન ઉઠયો અને પોતાના ઓરડામાં પોતાનો લેબાશ તથા શાયો છુપાવી રાખી તે મેહલ તરફ ગયો. તે માહેતમ મેહલને મોમબતીની કેટલીક મશાલોથી સલગાવીને રોશન કીધેલો હતો અને કેટલાક શોનાના વાસણો જે હારેદોર મુકેલાં હતા તેમાથી તરેહવાર ખુશાબો નીકળતી હતી. આગળ જતાં તે જખમી આદમીનો પલંગ તેની નજરે પડયો તેવોજ તે પલંગ આગલ જઇ પોતાની બરછી ખેંચી કાહડી અને તે વટે તે દુષ્ટ આદમીના દીલમાં જે કાંઇ થોડો ઘણો જીવ હતો તે તેણે વગર અટકાવે કાહડી નાંખ્યો. ત્યાર બાદ તેનું મુડદું તે કીલ્લાના ચોક આગળ ખેંચી લાવી તે એક વાવમાં નાંખ્યું. એટલું કામ કરી રહ્યા પછી તે પલંગ ઉપર તે શીદીની જગોએ તે સુતો અને પોતાની બરછી ચાદર હેઠલ સંતાડી અને તેને જે પુરતુ વેર લેવાની ધારણા રાખી હતી તે પાર પાડવાની રાહ જોતો પડી રહ્યો. ત્યાર પછી જલદીથી તે જાદુગર ત્યાં આવી લાગી. જે કોહડીમાં તેણીએ પોતાના ધણીને બંધ કીધો હતો ત્યાં તે ગઇ એ તેણીતું પેહલું કામ હતું. પેહલાંતો તે રાજાને નાંગો કીધો અને ધીકાર ભરેલા ઘાતકીપણાથી તેના બદન ઉપર સરેસ્તા પ્રમાણેના ફટકા માર્યા. તે ગરીબ શાહજાદાએ પોતાના રદનના પોકારથી આખ્ખું મકાન ભરી નાંખ્યું અને તેની ઉપર દયા કરવાને ઘણીજ કાકલુદીથી વીનંતી કરવા લાગ્યો પણ તે કરપીન જાદુગર જ્યાંસુધી એકશો ફટકા મારી નહીં રહી ત્યાં સુધી તે અટકી નહીં. તે બોલી કે તેં મારા યાર ઉપર કાંઇપણ દયા કીધી નહીં તેથી મારી દયાની તારે ઉમેદ રાખવી નહીં. પોતાનું કરપીન કામ કરી રહ્યા પછી તેણીએ તે શાહજાદાના બદન ઉપર ચામડાનો પેહરવાશ નાંખ્યો અને તેની ઉપર શોનેરી કીનખાબનું કપડું નાંખ્યું. તેને મેલી તે માહતમ મેહલમાં ગઇ અને ત્યાં

દાખલ થતાંવાર પોતાના રડનો રડવાં સરૂ કીધાં. અને પોતાના યારના પલંગ આગળ આવી બોલવા લાગી કે અફસોસછે કે મારાં સરખી મોહબત ધરાવનાર માસુકની સાંતી ભરેલી ખુસાલીનો ભંગ કરવો એ કેવું નીદયપણું છે? રે કરપીન શાહજાદા જ્યારે મારા કીનાનો જોર તુને કરી બતાઉં છું ત્યારે તું મને ઠપકો આપી કેહછે કે હું ઘાતકી છું, પણ મારા વેર કરતાં તારૂં ઘાતકીપણું વધારે થયું નથી શું? રે કંગાળ શાહજાદા હું જે સખશની પુંજા કરતી હતી તે સખસનો જાંન લગભગ કબજ કરી તે મને મારી નાખી નથી શું? તે પોતાના યાર તરફ જોઇને કેહવા લાગી કે "રે મારી જીંદગીના ચેરાગ તું શું આ પ્રમાણે હમેસ ચુપકીદી અખત્યાર કરી રેહશે? મારી ઉપર તારી મોહબતનાં મધુર વચન તારી તરફથી ફરીથી સંભળાવ્યા વીણા મને મારી નાખવાનો તેં શું ઠરાવ કરી રાખ્યો છે શું? રે હું વીનંતી કરી કહું છું કે તું એક બોલ તો બોલ?"

ત્યારે સુલતાન જાણે ભર ઉંઘમાંથી જાગી ઉઠયો હોય તેમ તથા ઇનડયન લોકોની ભાશાની નકલ કરી બોલ્યો કે "સર્વ શક્તીવાન સાહેબ તો ખોદાજ છે." તે જાદુગર રાંડ જે કદી પણ એવી આશા રાખતી ન હતી કે તેનો યાર એક હરફ પણ બોલસે અને જ્યારે આટલા સખુનો બોલ્યો ત્યારે તેની ખુશાળીના હરખમાં તે ચીપારી પાડી બોલવા લાગી કે "રે મારાં ખાવીંદ તું મને ઠગે છે શું? જે હું સાંભળું છું તે ખરૂં છે શું? જે બોલે છે તે ખરેખર તુંજ છે?" સુલતાને જવાબ દીધો જે "રે સ્ત્રી શું તેને જવાબ દેવો ઘટે છે?" તે રાણી બોલી કે તું શું મને ઠપકો આપે છે? તે સુલતાને જવાબ દીધો જે "તારો ખાવીંદ જેને તું દરરોજ આટલી બધી ઘાતકી રીતે રીબાવે છે તેથી તે એટલો તો રડે છે, એટલા તો આંશું પાડે છે, એટલી તો બોમ પાડે છે કે નહીં રાત્રે કે નહીં દીવશે મને ઉંઘ આવતી નથી. જો તેની ઉપરથી જાદુઇની અસર તેં કાહડી નાખી હતે તો આજ સુધીમાં હું સાજો થઇ મારી જબાન વાપરી શકતે. રે જાદુગર મેં જે ચુપકીદી અખત્યાર કીધી છે તેનો મુળ સબબ એજ છે." ત્યારે તે જાદુગર રાણીએ કહ્યું કે "તમારી મરજી રાખવા સારૂ તમે એ બાબમાં જેમ ફરમાવો તેમ કરૂં. શું તમારી મરજી એમ છે કે તેને તેના આગળા અવતારમાં પાછો લાઉ." સુલતાને કહ્યું "હા તું જલદી જઇને તેને આનંદ કર કે મારી ઉંઘને ખલલ પોંહચે નહીં."

તે રાણી સીતાબીથી તે માહેતમ મેહલમાંથી બાહેર ગઇ અને પોતા સાથે પાણીનું એક વાસણ લઇ તે ઉપર કાંઇ મંત્ર પઢી જેથી તે પાણી ગોયા આતશ પર મકેલું હોય તેમ ઉકળવા લાગ્યું અને ઓરડામાં તેણીનો ખાવીંદ પડેલો હતો ત્યાં તે ગઇ. અને તેના બદન ઉપર તે પાણી છાંટી તે બોલી કે "અગરજો આ અવતાર તુને ખોદાએ આપ્યો હોય અથવા ખોદા તારી ઉપર કફા હોયતો હાલ તું જે હાલતમાં છે તેમનો તેમજ રેહજે અગરજો મારી જાદુઇની ખુબીથી તું જો એ અવતાર પામ્યો હોય તો તું તારી અવલ હાલતમાં પાછો આવ અને આગળ જેવો હતો તેવો પાછો બની જા." એ શબ્દો બોલતાંને વાર તે શાહજાદો પોતાના આગળા આકારમાં આવ્યાથી ઘણીજ ખુસાલી સાથે ઉઠયો અને ખોદાના હજારો શુકરાના કીધાં. ત્યારે તે રાણીએ પોતાના ખાવીંદને કહ્યું કે જલદીથી આ મહેલમાંથી બાહેર જા અને કદી પણ અત્રે પાછો ફરતો ના. નહીં તો તું તારો જાન ખોહી બેસશે. તે જવાન શાહજાદો પોતાના કીસમતને તાબે થયો અને એક હરફ પણ બોલ્યા વગર તે રાણી આગળથી જતો રહ્યો. તે કોઇ છુપી જગોએ ભરાઇ બેઠો અને સુલતાનની ગોઠવણ જેની પહેલી ફતેહમંદીમાં તેનો છુટક થયો તે ગોઠવણ પુરતી રીતે પાર પડેલી જોવાની રાહ જોવા લાગ્યો.

તે જાદુગર તે માંહેતમ મેહલ તરફ પાછી ગઇ અને પોતાના યારની જગોએ જે સુલતાન ભરાઇ શુતેલો હતો તેને કહેવા લાગી કે રે મારા પ્યારા તમે જે મને ફરમાવ્યું હતું તે કામ મેં કીધું છે માટે તમે હવે ઉઠી ઉભા થઇ જે સુખ તમોએ મારી પાસેથી આટલી લાંબી

મુદત થઇ છીનવી લીધું છે તે મને પાછું આપો તો તમુને કશી પાંતીનો અટકાવ નથી. સુલતાન સીદીઓની ભાશાની નકલ કરી સખ્ત શબ્દોથી બોલ્યો કે તેં જે હાલ કામ કીધું છે તે મારા આરામને બસ નથી. જે ખરાબી તેં કીધી છે તેનો હજુર તો કાંઇક ભાગ સુધાર્યો છે પણ તું હવે દડમાંથી શુધારો કર. તેણીએ પુછયું કે મારા પ્યારા આશના એ તમો જે શબ્દો બોલ્યા તેનો અર્થ શું છે. સુલતાને કહ્યું કે અર્થ શું હોય? હું એમ કહેવા માંગુછું કે તે શહેર અને તેના રહેવાશીઓ તથા ચાર નાંધલા બેટો જે તેં તારી જાદુઇથી બરબાદ કીધા છે તે યાદ કર. દર રોજ મધ્ય રાત્રને સમે તે તળાવમાંથી માછલાં પોતાનાં ડોકાં બાહેર કહાડી આપણ બંન્નેં ઉપર વેર લેવાના પોકારો મારે છે. આટલી લાંબી મુદત સુધ્રી મને આરામ થયો નથી તેનો ખરેખરો સબબ એજ છે માટે તું જલદીથી જા અને જેમ આગળ સર્વ કાંઇ હતું તેમનું તેમ કરી આવ. જ્યારે તું પાછી આવસે ત્યારે હું તુને મારો હાથ આપીશ ત્યારે તું તારી મદતથી જેમને ઉઠાડી ઉભો કરજે.

તે જાદુગર રાણી આ શબ્દોથી જે ઉમેદ આવી તે ઉમેદમાં ખુશી થતી બોલી કે રે મારાં જીગરના હાર તમો જલદીથી તમારી તનદોરસ્તી પાછી પામશો કારણ કે તમે જે ફરમાવ્યું છે તે હું જલદી જઇને પાર પાડી આઉ છું. ખરેખર તેજ ઘડીએ તે ગઇ અને જ્યારે તે તલાવના કીનારા ઉપર આવી પોહતી ત્યારે તેણીએ પોતાના હાથમાં થોડું પાણી લેઇ આસપાસ છાંટયું તથા તેની સાથે કાંઇ મંત્ર ભણી જેથી તે શેહર, પાછું સજીવણ થયું. તે તલાવ માહેલા માછલા આદમીઓ, સ્ત્રીઓ, અને બાલકો બની ગયાં. જે મુસલમાન હતા તે મુસલમાંન દેખાયા, જે ક્રીશચ્યન હતા તે ક્રીસચ્યન લાગા, અને જે ઇરાની તથા યાહુદી હતા તે પણ તેવાજ બની ગયા. ગોલામો તથા આજાદ લોકો બાહેર નીકલ્યાં. ટુકમાં જેવાં લોકો આગળ હતા તેવાંજ સર્વ થઇ ગયાં. ઘરો તથા દુકાનો આગળની પઠે વસ્તીથી ભરાઇ અને તેઓ જોય શું કે તે રાણીએ જાદુઇની અશરથી કાંઇ પણ ફેરવ્યું ન હોય એમ તેમને લાગ્યું. તે સુલતાનનાં અમલદારો તથા બીજા અમલદારોએ જે ત્યાં છાંવણી કીધી હતી તેઓ એક રચના ભરેલું અને આબાદ શેહર નીકળી આવેલું જોઇ ઘણાંજ અજબ થયા.

પણ હવે તે જાદુગર ભણી પાછું ફરવું છે. આ ઉપર કહેલો ફેરફાર કરવા પછી માહેતમ મેહલમાં પોતાની મેહનતનું ફલ ચાખવા પાછી ફરી. તે ત્યાં દાખલ થતાં વાર બોલી કે "મારા પ્યારા ખાવીંદ તમારી નવેસરથી તાજી થયલી જીંદગીના સુખમાં ભાગ લેવાને હું પાછી ફરી છું કારણ કે જે કાંઇ તમે મને ફરમાવ્યું તે બજાવ્યું છે માટે ઉઠો અને તમારો હાથ મને આપો." શીદી જેવી ઢપ પકડી રાખી તે સુલતાન બોલ્યો ત્યારે મારી આગળ આવ. તે પ્રમાણે તેણીએ કીધું. તે બોલ્યો કે હજુર નજદીક આવ. તેમજ તેણીએ કીધું. તેવોજ તે જલદીથી ઉઠયો અને એટલીતો ઝડપથી તેણે તેણીનાં હાથ પકડી લીધાકે કાંઇ પણ વિચાર કરવાને તેણીને તક મલી નહીં. તેની તલવારના ફટકાથી તે જાદુગર રાંણીના બે ફાડચા કરી નાખ્યા અને તે દરેક ભાગ તેની એકકી બોરદુએ પડયો એટલું કામ કીધા પછી જ્યાં તે મુરદુ પડેલું હતું ત્યાં રેહવા દઇ તે કાલા ટાપુઓના રાજાને તે સોધવા નીકલ્યો. તે રાજા તેની રાહ જોતો બેઠો હતો. તેને કોટી કરીને કહ્યુંકે રે શાહજાદા તમે ખુસી થાવો હવે તમારે કાંઇપણ પ્રકારની ધાસ્તી રાખવી નહી કારણ કે તમારા કરપીન સત્રુનો મેં કાંટલો કાહડી નાંખ્યો છે.

તે જવાન સાહજાદાએ સુલતાનનો ઉપકાર એવા રીતથી માન્યો કે જે ઉપરથી સાબેત થયું કે તેના દીલમાં ઉપકાર ઘણોજ મજબુતીથી ઠસી બેઠેલો હતો અને તેના છુટકારો કરનારને તેની

આવી નોકરી આપી તેના બદલામાં. તેની ઉમરદરાજી તથા આબાદાની તેણે ચાહી. સુલતાને જવાબ દીધો જે તમો પણ તમારી રાજ્યધાણીમાં સુખ અને શાંતીથી લાંબી જીંદગી ભોગવતા રેહજો અને અગરજો તમો મારી રાજ્યધાણી જે કાંઇ દુર નથી ત્યાં આવવાની દરકાર રાખસો તો હું તમુને ખરેખરાં દીલની ખુસી સાથનો અને આબરૂ ભરેલો આવકાર આપીશ અને જે પ્રમાણે તમુને તમારા મુલકમાં માન મરતબો આપવામાં આવેછે તેવોજ માન અને મરતબો તમુને મલશે. રે બળવંત સુલતાન તે શાહજાદાએ પુછ્યું કે તમે ધારોછો શું કે તમારી રાજ્યધાની હીયાંથી નજદીકછે? સુલતાને કહ્યુંકે અળબતે હું ધારૂં છુ કે મારી રાજધાંની તરફ જઇ પોહચતાં વધુમાં—વધુ પાંચ કલાક લાગસે. તે શાહજાદાએ કહ્યુંકે મારા સેહરની ઉપર જાદુની અસર લગાડી હતી તેથી જોકે એક વરસની મુશાફરી જેટલું દુર હોય ત્યાં તમે પાંચ કલાકમાં આવી લાગ્યા. જ્યારથી તે સજીવન થયું છે ત્યારથી તે સઘળું બદલાઇ ગયુંછે. પણ તે બનાવથી તમારી સંગત ધરી તમારે મુલક જતાં મને કસી ચીજનો અટકાવ નથી બળકે જમીનને બીજે નાંકે તમારે ખાતર જવું પડે તો હું ના કેહનાર નથી. મારો છુટક કરનાર તમે છો અને મારા ઉપકારીપણાની સઘળી સાબેતી આપવા સારૂં હું તમારી સાથે ખોલ્લા દીલથી તમારે મુલક આવવા માંગુછું અને કાંઇ પણ રીતની દલગીરી વગર મારૂં મુલક છોડી દઉછું.

જ્યારે સુલતાને જાયું કે તેના મુલકથી એટલી લાંબી મંજલે દુર છે ત્યારે તે ઘણોજ અજબ થયો અને એ રીતે કેમ બન્યુ તેનો ભેદ સમજી શક્યો નહીં. કાળા ટાપુના જવાન શાહજાદાએ તે વિષે પુરતો ખોલાસો કીધાથી તેની ખાતરી થઇ અને તે બાબતમાં તેના મનમાં કાંઇ પણ સંદેહ રહ્યો નહીં. સુલતાંને કહ્યું કે મારાં દેશ તરફ પાછું ફરતા ઘણા દીવસ લાગશે તેની ચીંતા નહીં પણ તેનો બદલો બીજી ખુસાલી હાસલ થયાથી મને મળશે તે એ કે તમો મારી સાથે આવ્યાથી હું એમ જાણીસ કે મારી સાથે મારો દીકરો આવ્યો અને એમ ગણીને હું તમુને મારો વારસ ઠેરવી જઇસ કારણકે મારે પેટે કાંઇ પણ ફરજંદ નથી. સુલતાન તથા કાલાટાપુના રાજા વચ્ચેની મુલાકાતનું સેવટ આવી ખુસાલી સાથ આવ્યા પછી તેઓએ એક બીજા સાથ બગલગરી કીધી અને તે જવાન શાહજાદાએ પોતાની મુસાફરી જવાની તૈયારી કીધી. તેના દેશના લોકો તથા દરબારીઓ તેની જુદાઇથી દલગીર થયા સબબ કે તેમનો તે વાહલો રાજા હતો. તેને જે સખસને પોતાના સગાંઓમાંથી રાજા તરીકે પસંદ કીધો તે સખસને તેઓએ કબુલ રાખ્યો. અંતે તે સુલતાન તથા શાહજાદો મુશાફરી કરવા નીકલ્યા અને પોતાની સાથે સો ઉઠ ભરી અમુલ્ય ચીજો તથા ખજાનો લીધો હતો તે સર્વે તે જવાન રાજાના ખજાનામાંથી ચુંટી કાહડયું હતું તથા તેઓની સાથે પચાશ ચુનંદા ઉંચી કીંમતના લેબાશ પેહરેલા તથા તેવી ઉંચી કીંમતના અરબી ઘોડા ઉપર સ્વાર થયલા અમીરજાદાઓ આવ્યા હતા. તેઓની સફર ખુસનુમા રીતે થઇ હતી. સુલતાનને પોતાના મુલક તરફ જતાં જે ઢીલ થઇ હતી તેનો સબબ જણાવવા સારૂ તથા સહેજ દીવસમાં તે પોતાને શેહેર આવી લાગશે તેની ખબર આગમચથી પોહચાડવાને કીજે તેણે કાસદો મોકલ્યા હતા તેથી જ્યારે તે પોતાને મુલક જઇ પોહચ્યો ત્યારે મોટી પદવી ધરાવનારા તેના અમલદારો તેને એશતેકબાલ મળવા આવ્યા અને તેઓએ તેને ખાતરી જણાવ્યું કે જો કે રાજા સાહેબને પોતાના મુલકમાં પાછુ ફરતાં વીલંમ લાગ્યો હતો તોપણ તેની ગેરહાજરીમાં કાંઇ પણ ફેરફાર તેના મુલકમાં કરવામાં આવ્યો ન હતો. તે દેશના તમામ લોકો એકઠાં થઇ તેને મળવા આવ્યા અને ખુશી ખુશાળીના અવાજથી તેને આવકાર આપ્યો અને તે ખુશાલી કાયમ રાખવા સારૂ કેટલાક દીવસ સુધી સુલતાનના મુલકમાં ઉપરાસાપરી જીયાફતો તથા નાચરંગ કરવામાં આવ્યો હતો.

સુલતાનની પધરામણી થયા પછી બીજે દીવસે તેણે પોતાના દરબારીઓને દરબારમાં એકઠાં કીધા અને તેની મરજી ઉપરાંત કેટલાક ન ધારેલા બનાવોથી તેને જે અટકી રેહવું પડયું હતું તેને તેઓને વીગતવાર ખોલાસો કહી સંભળાવ્યો. પછી તેણે તેઓને જાહેરદારીથી કહ્યું કે તેની મરજી તેનું સઘળું મુલક કાળા ટાપુના રાજાને આપી જવાની છે કારણ કે તે શાહજાદો પોતાનો તમામ મુલક છોડીને આપણા મુલકમાં આવી રહ્યો છે તે સાથે જે દરબારીઓએ ઇમાનદારીથી તેની સેવા બજાવી તેથી તેનો પુરતો બદલો વાળવાને તેને ઇચ્છયું છે. એટલું બોલી સુલતાને તેઓની નોકરીના પ્રમાણ અને તેમના દરજ્જા પ્રમાણે સર્વેને ઇનામો બખસ્યાં.

પેલો માછી જવાન શાહાજાદાના છુટકરાનો મુળ સબબ થયો હતો તેથી ઇનામો ઉપર ઇનામો આપી તે માછીને એટલી દોલત બખસી કે જેથી તેને તથા તેના બાળગોપાળને તેમના ભવ સુધી શુખી અને આબાદ રાખ્યા હતા.

ફકીર થયલા રાજાના ત્રણ દીકરા તથા બગદાદ શેહરની પાંચ બાનુંઓની વાર્તા.

કલીફ હારૂન અલ રસીદના રાજમાં બગદાદ શેહરમાં એક હેલકરી રેહતો હતો. જોકે તેનો ધંધો નીચ અને મેહનત ભરેલો હતો તોપણ તે જાતે ઢોંગી અને લતરાજખોર હતો. એક દીવશે તે પોતાનો ટોપલો પોતાની આગળ રાખી ઉભેલો હતો અને તે જગ્યા આગળથી તેને હંમેશ કામજ મળતું હતું ત્યાં એક જવાન સ્ત્રી ખુશનુમાં ચેહેરેની જેના ચેહેરા ઉપર મજલીનનો મોટો બુરખો નાખેલો તે આવી લાગી અને હસ્તી હસ્તી તે હેલકરીને કેહવા લાગી કે "રે હેલકરી તારો ટોપલો ઉંચક અને મારી પાછળ આવ." આ શબ્દો જે, તેણીએ ઘણાજ ધીરા અને મધુર આવાજથી કહ્યા હતા તે સાંભલીને તે મજુર ઘણોજ ખુસી થયો અને ટોપલો પોતાને માથે મુકી, કેહવા લાગ્યો રે આજનો દીન મુબારક! આજનો દીન મુબારક.

તે સ્ત્રી એક બંધ કીધેલા દરવાજા આગળ ઉભી અને તે ઠોકવા લાગી. એક બુજરગ ક્રીશચ્યન જેની દાઢી લાંબી અને સુફેદ હતી તેને દરવાજો ઊઘાડયો અને એક પણ શબ્દ બોલ્યા વીણા તેણીએ તેના હાથમાં કાંઇ પૈશા મેલ્યા પણ તે ક્રીસચ્યન સારીપઠે જાણતો હતો કે તેણીને કઇ ચીજ જોઇએ છે તેથી તેજ વેલા તે અંદર ગયો અને ઘણો સરસ સરાબનો એક સીસો ભરી લાવ્યો. તે સ્ત્રીએ તે મજુરને કહ્યું કે આ સીસો લે અને તારા ટોપલામાં મેળ, તેમ તેને કીધા પછી તેણીએ તેની પુઠે આવવા તેને ફરમાવ્યું અને પોતે આગળ ચાલતી થઇ. તે હેલકરી પોતાના મનમાં તે દીવસની ફતેહના ફરીથી શુકરાણાં કરવા લાગ્યો.

તે સ્ત્રી મેવા અને ફળ વેચનારની દુકાંન આગળ આવી અને ત્યાંથી ભાંતભાંતના ફુલ તથા તરેહવાર મેવો ખરીદ કીધો અને તે સર્વે ચીજો ટોપલામાં મેલાવી આગળ ચાલી. ત્યારબાદ એક ખાટકીની દુકાને ગઇ, ત્યાંથી પચીસ રતલ ગોસ્ત ખરીદ કરી તે પણ તે ટોપલામાં મેલાવ્યું.

એક બીજી દુકાન ઉપરથી તે સ્ત્રીએ સુકો મેવો તથા અચાર ખરીદ કીધા અને તે પણ તેણીએ તે ટોપલામાં મેલાવ્યા. એ સઘળું તે ટોપલામાં મેળતાં તે ભરાઈ ગયો તેથી તે બોલવા લાગ્યો કે રે બાઇ તમને આગમચથી કેહવું હતું કે તમારે આટલો બધો સામાન ખરીદવો છે તો તે લઇ જવા સારૂં હું એક ઘોડો અથવા ઉંટ લાવતે. આ ટોપલામાં જેટલો માલ ભરેલો છે તે ઉપરાંત જો તમો બાજો

લાવી નાંખસો તો ટોપલો મારેથી ઉંચકાઇ શકશે નહીં. તે મજુરની આ વાત સાંભળી તે સ્ત્રી હસવા લાગી અને કહ્યું કે તું મારી પછવાડે આવ.

ત્યારબાદ તે એક ગાંધીની દુકાને ગઇ અને ત્યાંથી ભાતભાતની ખુસબો તથા મસાલો ખરીદ કીધો જેથી મજુરનો ટોપલો બીલકુલ ભરાઇ ગયો તોપણ તેણીએ તેને પોતાની પુઠે ચાલવા કહ્યું. અંતે તેઓ એક મોટા અને રોણકદાર મકાન આગળ આવી પોંહચ્યાં. તે હ્વેલીની આગળનો ભાગ સુંદર શોભઇતાં ઠામોથી સીંગારેલો અને તેમાં દાખલ થવાનો દરવાજો હાથીના દાંતનો બનાવેલો હતો. એ મકાન આગળ આવી તેઓ અટકયાં અને તે સ્ત્રીએ આયસ્તેથી તે દરવાજો ઠોકયો. દરવાજો ઉઘડવાની તેઓ વાત જોતાં હતાં તેટલાં તે હેલકરીના મનમાં કોઇ શેહકડો જુદા જુદા વિચાર આવ્યા. પેહલાં તો આ ઉમરાવજાદી સરખી સ્ત્રીને ઘરની ખીદમતગાર સ્ત્રી તરીકે કામકાજ કરતી જોઇ તે અજબ થવા લાગ્યો કારણ કે તે એક બાંદી હોય એમ તેને માનવું મુસકેલ લાગ્યું. તેણીનો દેખાવ એટલો તો અમીરજાદી જેવો દીસ્તો હતો કે તે આબાદ હોય તેમ લાગતી હતી. તે સ્ત્રીના દરજ્જા તથા મોભા વિષે તે પુછવા જતો હતો એટલામાં એક બીજી સ્ત્રી જેણે તે બારણું ઉઘાડયું તે પેહલી કરતાં એટલી તો વધારે ખુબસુરત તેને માલમ પડી કે જેથી અચરતીનો મારયો મુગોજ થઇ રહ્યો બલકે તે સ્ત્રીની ખુબસુરતી જોઇ પોતાના માથા ઉપર જે તમામ ચીજોથી ભરેલો ટોપલો હતો તે તે નાંખી દે એવું થઇ પડયું હતું. તેણે ધારયું કે તેની આગળ ઉભેલી સ્ત્રીની બરોબરી કરનારી સ્ત્રી તેના ભવમાં કોઇ કાલે પણ તેને દીઠી હશે નહીં. જે સ્ત્રી તે હેલકરીને બોલાવી લાવી હતી તેણીએ તેને ઘભરાતમાં પડેલો જોઇ તેનો સબબ પામી ગઇ. તે સોધથી તેણીને ગમત થઇ હતી અને તે હેલકરીના કૌતકો જોવાના કામમાં એટલી તો ખુશ થઇ હતી કે બારણું બંધ કરતાં વીસરી ગઇ. બીજી સુંદર સ્ત્રીએ કહ્યુંકે બેન અંદર આવો. તમે શા કાજ થોભી રહ્યાં છો? તમો જોતાં નથી કે આ ગરીબ આદમીને માંથે એટલો તો ભારી બોજો છે કે તે તેણેથી મુદલ ખમાંતો નથી.

પેહલી સ્ત્રી તથા દરબાન તે હવેલીમાં દાખલ થયાં, પછી બીજી સ્ત્રી કે જેણીએ બારણું ઉઘાડયું હતું તેણીએ તે બંધ કીધું. તે ત્રણે આશામીઓ આગળ ચાલતાં તે હેલકરીને માલમ પડયું કે પેહલાતો શોભઇતી બાંધનીની દેવડી પસાર કીધી અને ત્યાંથી એક કોસાદે ચોક મુકી આગળ ચાલ્યાં. તે ચોકની આસપાસ ખોલ્લી ગેલરી હતી અને તે ગેલરી ઉપરથી ઘણાક મોટા અને ભપકાદાર ઓરડામાં જવાઇ સકાય તેવી હતી. એ ચોકને નાકે એક જાતનું દીવાનખાનું બનાવેલું હતું અને તેની વચોવચમાં કેરબાનું એક તખત મેલેલું હતું. અને તે તખત અબનુસના લાકડાં ઉપર ઉભું કીધેલું હતું. તેના થાંભા ઉપર મોટા મોટા હીરા તથા મોતી જડેલા અને તેની ઉપર લાલ સાટીનની સુનેરી કોરની ચાદર પાંથરેલી હતી.

જોકે તે હેલકરીને માંથે ભારી બોજો હતો તો:પણ તે મેહલની દબદબા ભરેલી રચનાં તથા તે મધેની સઘળી ચીજોની ગોઠવણ તથા સફાઇને જોવાથી તથા તેની તારીફ કરવાથી તે અટકયો ન હતો પણ તેનું દીલ એક ત્રીજી સ્ત્રી તરફ ખેંચાયું હતું—તે બીજી કરતાં પણ વધારે સુંદર હતી અને તે સ્ત્રી તે કેરબાના તખત ઉપર બેઠેલી હતી. બીજી બે સ્ત્રીઓને જોતાંવાર તે તખત પરથી ઉતરી પડી અને તેઓની તરફ ગઇ. પેહલી બે સ્ત્રીના દેખાવ તથા ચળકાત જોઇ તે દરબાને ધાર્યું કે તે ત્રણે સ્ત્રીઓમાં વધારે મોભાદાર તખત ઉપરથી ઉતરી આવેલી સ્ત્રી હતી અને તેની ધારણા કંઇ ખોટી ન હતી. એ છેલ્લી સ્ત્રીનું નામ **ઝોબીદા** કરીને હતું. બીજીનું નામ **સફીય** અને ત્રીજીનું નામ **અમીના** કરીને હતું.

ઝોબીદા તેઓની આગળ આવી કેહવા લાગી કે મારી પ્યારી બેનો તમો જોતાં નથી કે આ આદમી પોતાના બોજા તલે લગભગ દબાઇ જાયછે એને જવા કાંય નથી દેતાં. **અમીના** અને **સફીય** બન્ને જને પોતાને હાથે તે ટોપલો ઉતાર્યો અને **ઝોબીદાએ** પણ મદદ કીધાથી તે ટોપલો ત્રણ જનાની મદદથી ઉતારી ભોંય ઉપર મેલ્યો. ત્યાર પછે તે ખાલી કરવા માંડયો. તે ખાલી કીધાપછી **અમીનાએ** પોતાની પાસેથી એક થેલી કાહડી તેમાંથી તે હેલકરીને એટલા પૈસા આપ્યા કે તે બીલકુલ ખુશી થયો અને ત્યાંથી જવા સારૂં પોતાનો ટોપલો ઉંચકતો હતો પણ ત્યાંથી તેને જવાની પુરતી મરજી ન હતી કારણકે ત્રણ આટલી ખુબસુરત બાનુંઓને જોઇ તે ઘણોજ ખુસી થયો હતો. પણ તે ઘરમાં એક પણ મરદ ન જોવામાં આવ્યાથી તે વધારે અજબ થયો હતો અને તે સાથે બજારમાંથી જે સુકો મેવો કેક અને મીઠાઇ તે લાવ્યો હતો તે ખોરાક જે લોકો દારૂ પીએ અને ભારી ખોરાક ખાય તેને લાયકનો ન હતો.

ઝોબીદાએ પેહલાં તો એમ ધાર્યુંકે તે હેલકરી થોભ્યો છે તે દાંમ લેવા થોભ્યો છે પણ જ્યારે તેણીએ જોયું કે તેતો ત્યાંથી સસરતોજ નથી ત્યારે તેને તેણીએ પુછ્યું કે તમે જતા કેમ નહીં? અને તને તેની મજુરીનું પુરતુ દાંમ મલ્યું છે કે નહીં. તે હેલકરી જવાબ આપયો કે હું કાંઇ તે કારણસર થોભ્યો નથી પણ મારી મહેનતનું દાંમ મને પુર્તી રીતે મલી ચુકયું છે. હું સારીપઠે જાણું છું કે જે જ્યાં મારે ઉભુ રેહવાનુ કામ નથી તે જગ્યાપર આજે વાર ઉભો રહીને બેઅદબી બતલાવું છું પણ આ છુટ લઇ કહુંછું તે માંફ કરજો કે તમો ત્રણ સ્ત્રીઓ જેની ખુબસુરતીની કદી પણ બરોબરી કરી સકાય નહી તેઓનાં ઘરમાં એક પણ મર્દ દીઠામાં આવતો નથી. તેથી મને ઘણી તાજુબી લાગેછે. સુંદર સ્ત્રીની મંડલીમાં મર્દ નહી તે જેવી સુસ્ત લાગે તેવીજ સુસ્ત જે મર્દાની મંડળીમાં ઓરતો નહીં હોય તે મંડળી લાગે. એ તેની દલીલની સાથે બીજી તેને કેહવતો કહી સંભળાવી. તેને કહ્યું કે બગદાદ શેહરમાં એક કેહવત છે કે જે ટેબલ ઉપર ચાર સખસો ન હોય ત્યાં કંઇ પણ મજાહ પડે નહીં તેમ ત્રણ બાનુઓની સાથે જ્યાંસુધી ચોથો સખશ હોય નહીં ત્યાંસુધી તમારી મંડળી મજાહ ભરેલી લાગે નહીં.

તે હેલકરીની વિચારશક્તીને માટે તેઓને ઘણુંજ હસવાનું થયું. તોપણ **ઝોબીદાએ** તેને ગંભીરાઇથી કહ્યું કે મારા ભાઇ તમે જે મજાક કરો છો તેમાં તમો તમારી હદની બાહેર ગયલા દીસો છો અને જો કે તમારા બોલવા વિષેનો મારી તરફથી તમુને કાંઇ પણ ખોલાસો ઘટતો નથી તો પણ હું તમને કહું છું કે અમો ત્રણ બેનો છીએ અને અમો અમારો વહીવટ એટલી તો છુપી રીતે ચલાવ્યે છીએ કે તે વિષે કોઇને કાંઇ પણ ખબર નથી. અમારા ભેદની વાત બાહેર પડે એજ અમારી મોટી ધાસ્તી છે. તેથી અમો અમારી ગોઠવણ બાહેર પાડતાં નથી. વળી એક નામીચો ગ્રંથ અમોએ વાંચ્યો છે તેમાં તે લખે છે કે "તમારા ભેદની વાત તમારી પાસેજ રાખજો અને તે કોઇને કેહતા ના કારણ કે જે સખસ છુપી વાતને જાહેર કરે તે તેનો ધણી નથી. તારી છુપી વાત જો તું તારા હૈડામાં છુપી રાખી શકે નહીં તો જે સખસને તું તારા ભેદની વાત કેહે તે સખસ તે કેમ છુપી રાખી શકશે?"

તે મજુર બોલ્યો "રે બાનુઓ તમારા દેખાવ ઉપરથી હું પામી ગયો હતો તમો અચરત સરીખા ગુણો ધરાવનારા છો અને હાલ હું જોઉ છું કે મેં જે તરક બાંધી તે ખોટી નથી, મારા માઠા ભાયગે જો કે હેલકરીનો ધંધો મેં અખત્યાર કીધો છે તોપણ એલમોની કેતાબો મેં પણ વાંચી છે અને મારા ગ્નાનમાં વધારો કીધો છે અને એક બીજા ગ્રંથમાં આ બાબતમાં જે મેં વાચ્યું છે તે હું તમોને કેહવાની રજા માગું છું. તે કેહવત મેં ઘણીક વાર સારી રીતે વાપરી છે. તે લખનાર કેહ છે કે જે લોકો નાદાન હોય તેઓ આગળથી તમારા ભેદની વાત છુપી રાખજો કારણ કે તેવા લોકો તમારા

ભેદની વાત જાણે તો તેનો ઉપયોગ તેઓ સારી રીતે કરે નહીં. પણ દાનાવ લોકોને તમારા ભેદની વાત સુખેથી કેહજો કારણકે તેનો ઊપયોગ શી રીતે કરવો તે તેઓ સમજે છે. જેથી તમારા છુપા ભેદની વાત મને કહો તો એમજ જાણજો કે તે ભેદની વાત એક તીજોરીમાં બંધ કીધીછે પણ તેની કુચી ખોવાઇ ગઇ છે અને તેના બારણા ઉપર મોહર કીધી છે.

ઝોબીદાએ જોયું કે તે હેલકરી હુસ્યારીમાં કાંઇ કમ નથી પણ તેણીએ વિચાર કીધો કે કદાચ તેઓ જે જીઆફ્ત કરનાર છે તેમાં સામેલ થવાની તેની મરજી હશે તેથી હસવામાં તેણીએ જવાબ દીધો જે તમને ખબર છે કે અમો આજરોજે મેજબાની કરનાર છીએ અને તે સાથે તમને વલી જાણવું જોઇયે છે કે તે કામમાં મોટો ખરચ કરવો પડે છે માટે જમનમાં તમે સાંમેલ થાવો અને તેનાં ખરચમાં તમારો ભાગ નહીં રોખો તો કાંઇ વાજબી કેહવાય નહીં. તેની બેન સફીયનો પણ એવોજ વિચાર હતો. તે બોલી કે મારા મીત્ર તમે આ સાધારણ કેહવત કદી સાંભળી નથી શું? કે "તુ ભરેલે હાથે આવસે તો ભરેલે હાથે પાછો ફરસે—જો તુ ખાલી હાથે આવસે તો ખાલી હાથે પાછો ફરસે."

તે હેલકરીને ત્યાંથી આનાકાણી સાથે પાછું ફરવું પડતે અગરજે **અમીના** વચ્ચે પડી તેનો નીભાવ કરતે નહીં તો. તેણીએ તેનો પક્ષ ખેંચી કહ્યું કે "મારી વાહલી બેનો હું તમને વીનંતી કરી કહુંછું કે આ હેલકરીને જવા ના દેવો. મને તમુને કેહવાની કસી જરૂર નથી કે તેનેથી આપણને રમુજ મલસે કારણકે તે એક રમુજી આદમી છે. હું તમુને ખાત્રીથી કહુંછું કે અગરજો એ આદમી મારી સાથે જલદીથી ચાલાકીથી, તથા હીંમત ધરી આવ્યો ન હતે તો એટલાં ટુક વખતમાં આ મોટી બજાર લાવવાનું કામ હું પાર પાડી શકતે નહીં. વલી બજાર લેતાં રસ્તામાં તેણે મારી આગળ એટલી તો રમુજી વાતો કીધી છે કે અગરજો હું તે તમારી આગળ કહું તો તે સાંભળી ખચીત તમો કેહસો કે હું તેનો પક્ષ ખેંચી બોલુંછું તેમાં નવાઇ જેવું કાંઇ નથી.

અમીનાનું આ ભાષાણ સાંભળી તે હેલકરી એટલો તો ખુશાલી ભરેલા હરખમાં આવ્યો કે **અમીના**ના પગ આગળ જમીન ઉપર પોતાનું સર નાંખી જમીનને બુસ્શા દેવા લાગ્યો અને ઉભો થઇ બોલ્યો કે મારી નેક બખત બાનું આજ રોજે મારા સુખનો પાયો તમે નાંખ્યો છે તેમજ મારો પક્ષ ખેંચી તે સુખમાં અતીઘણો વધારો કીધો છે કે જે વિષેનું તમારૂં હેસાન પુરતા સબ્દોથી હું માંની શકતો નથી. ત્યારબાદ તે ત્રણે બેનો તરફ જોઇ તે બોલ્યો કે "બાનુંઓ તમો ધારસો ના કે તમે જે આ વેલા મને માન આપ્યું છે તે હું ધેરરીતે વાપરીશ અથવા હું એમ ધારીશ કે ઇનસાંન તરીકે એવા માંનને હું લાયક છું તેથી એ માન મને મલ્યુંછે પણ તેથી ઉલટું હું સદાનો તમારો ગોલામ છું એમ ગણીશ. એટલું બોલીને તેને મળેલા પૈશા તેને પાછા આપવા માંગ્યા પણ ગંભીર **ઝોબીદા**એ તેને ફરમાવ્યું કે તમારી પાસે રેહવા દો. તેણીએ કહ્યું કે જે શખસે અમારે માટે કામ કરી અમારી ખીદમત બજાવી તેના અવેજમાં જે કાંઇ તે સખસને બદલો આપ્યે તે પાછો લેવાની અમારી ચાલ નથી. પણ તમે અમારી સાથે સામેલ થાવો તે વાત કબુલ રાખતાં અમે એટલીજ સરત કરયે છીએ કે જે છુપો ભેદ અમો તમારે હવાલે કરીએ છીએ તે તમારી પાસેજ રાખવો તથા મર્યાદા તથા યોગ્યતાના કાયદા પ્રમાણે ચાલવું. જ્યારે તેની બેન વાત કરવામાં ગુતાયલી હતી તે વેલા તેની બેન સુંદર અમીના પોતાનો બાહેર જવાનો લેબાશ કાહડી નાંખી સાદા લેબાશથી ટેબલ ઉપર ખાણું બીછાવવા તથા શરાબના સીસા લાવી ગોઠવવાના તથા સોનાના પ્યાલા લાવી મેળવાના કામમા રોકાઇ હતી. તે સ્ત્રીઓ ત્યારબાદ તે ટેબલની આજુબાજુએ બેઠી અને પોતાની આગળ તે હેલકરીને

બેસાડયો. વિસેષ ખુબસુરતી રાખનારી ત્રણ મોહ્ભાવાલી સ્ત્રીઓની પાસે બેસવાનું માન મળ્યાથી તે ગરીબ માણસ અતીઘણો ખુસી થયો હતો.

જમવાનું કામ આરંભ્યા પછી **અમીના** જે સરાબના સીસા તથા પ્યાલા આગળ બેહેલી હતી તેણીએ એક પ્યાલાંમા સરાબ રેડી અરબ લોકોના કાણુન પ્રમાણે પેહલાં તે પોતે પીધાં અને બીજું પ્યાલું ભરી તેણીએ પોતાની બીજી બેનને તથા ત્રીજું પોતાની ત્રીજી બેનને તથા ચોથું પેલા હેલકરીને ભરી આપ્યું. તે પ્યાલું લેઇને તે હેલકરીએ **અમીના**ના હાથ ઉપર બુસ્સા દીધા અને તે પીધા આગમચ તેણે એક ગાયન ગાયું. તે ગાયનની મકસદ એ હતી કે પવન જે ફુલોના બાગ પરથી પસાર થાયછે તે ફુલોની ખુસબો પોતાની સાથે લેતો જાયછે તેજ માફક જે સરાબ તેણીના હાથે આપેલો પીધામાં આવસે તે પોતાની જાતી લેજત કરતાં વધારે સરસ લેજત મેળવસે. આ ગાયનથી તે બાનુઓ ઘણી ખુસી થઇ અને તેઓએ પણ વારા ફરતી એકકુ ગાયન ગાયું. ટુંકમાં લખ્યે તો તે મંડલી ખાતા પીતા ઘણીજ લેહરમાં આવેલી હતી અને એ ગમતમાં તેઓએ ઘણોક વખત કાહડ્યો હતો.

સુર્ય અસ્ત પામવાની અણીપર આવ્યો તે વેળા **સફીય**એ પોતાની બેનોને નામે તે હેલકરીને કહ્યું કે હવે તમે હીયાંથી વીદાય થાવો કેમકે આરામગાહમાં જવાનો વખત થયો છે પણ તે હેલકરીને ત્યાંથી મુદલ ખીસવા ગમતું ન હતું તેથી તેને જવાબ દીધો જે રે બાનુઓ તમો આ મારી હાલતમાં ક્યાં મને મોકલવા માગોછો. તમારી ખુબસુરતી જોતાં જોતાં લગભગ હું દીવાનો બન્યો છું અને તમારે ત્યાંનું લેજતદાર ખાણું ખાઇને એટલો તો લેહરી બન્યો છું કે મને મારે ઘરે જવાનો રસ્તો સુજનાર નથી. આજની રાત તો મને રેહવા દો. તમો જ્યાં કેહસો ત્યાં હું જઇશ તે બોલી કે એનુ માગણું વાજબીછે એમ મારી પતીજ થઇછે એને પુરતી રીતે આપણને ગમત આપી છે તેથી તમો જો મને ચાહતા હોવો તો એને આજની રાત આપણી સાથે રાખો. **ઝોબીદા**એ જવાબ દીધો કે રે પ્યારી બેન તમારી કાંઇ પણ અરજ કબુલ રાખ્યા વગર હમો જવા દેનાર નથી. તેણીએ પછી તે હેલકરી તરફ જોઇને કહ્યું કે "આ તારી અરજ કબુલ રાખવાને અમો ખુસી છીએ પણ તે એક બીજી સરતથી કે તારી હજુર તારે લગતું અથવા હરેક બીજી ચીજને લગતું અમો કાંઇ પણ કામ કરીએ તે વિષે તું અમને કાંઇ પણ સવાલ પુછે નહીં કારણ જેમાં તારૂં કાંઇ લાગેવલગે નહીં તેમાં તું જો સવાલ પુછશે તો તું એવું સાંભળશે કે જે તુને પસંદ પડશે નહીં. તેથી સંભાળ રાખજે અને હરેક કામમાં હમારી મતલબ જાણવાની તજવીજ કરવા ઘણો આતુરમંદ રેહતો ના.

તે હેલકરીએ જવાબ દીધો જે બાઇ આ તમારી સઘળી સરતો હું એટલીતો ચોકશાઇથી પાળવાને કબુલ થાઉ છું કે તેમાની એક પણ સરત મેં તોડી એમ ફરીયાદ કરવાનો અથવા ઠપકો દેવાનો સબબ હું તમોને આપીશ નહીં. મારી જબાનને હું હાલવીસ નહીં અને મારી આંખો એવી રીતે વાપરીસ કે જે ચીજોનું પ્રતિબીંબ તેની ઉપર પડશે ને હું યાદ રાખીસ નહીં. **ઝોબીદા** બોલી કે હમારે ત્યાં શું થાય છે તે જોવા અથવા સાંભળવાની મનાઇને માટે આ ઓરડાના માંથાં ઉપર સુનેરી હરફે જે કોતરેલું છે તે વાંચી જોવો. તેમાં કોતરેલું હતું કે **જેને જે વાત લગતી ન હોય તે વિષે તે વાત કરે તેને વારંવાર એવુ સાંભળવું પડે છે કે તેને તે અનગમતું થઇ પડેછે.** આ લેખ વાંચીને તે પાછો આવ્યો અને તે ત્રણે બેનોને કેહવા લાગ્યો કે રે બાનુઓ હું કસમ લેઇને કહુછું કે—કોઇ પણ ચીજ જેની સાથે મને લાગેવળગે નહીં પણ તમારે લાગતું વળગતું હોય તે વિષે તમો મારે મોહડેથી એક શબ્દ પણ સાંભળશો નહીં.

આ બાબત નક્કી થયા પછી **અમીના** સપર કરવાનું ખાણું લાવી અને ભાંતભાતની ખુશ·બોની મેળવણી કીધેલી મેમબતી સળગાવ્યાથી તે ઓરડામાં ભપકાદાર રોશની થઇ એટલુંજ નહીં પણ તે બળતી બતીમાંથી ઘણીજ દીલપશંદ ખુસબો નીકળતી હતી. એટલું કામ બજાવી **અમીના** પોતાની બેનો તથા તે હેલકરી સાથે જમવા બેઠી. તેઓએ ખાવા પીવા ગાયન ગાવા તથા બેતો કહી સંભલાવવાનું કામ ચલાવ્યું હતું. તે બાનુંઓએ પોતાની સલામતી લેવાડવાને બાહને સરાબ પાઇને હેલકરીને છાકટો બનાવી મેલ્યો. હશાહશ અને મજાક મસકરીની કાંઇપણ ખામી હતી નહી. તેઓ જ્યારે મોજમજાક કરવાની ઉંચી હદ પર આવ્યા તેવામાં તે મકાનનું બારણું ઠોકવાનો આવાજ તેઓના કાન પર આવ્યો. તેઓ સર્વે ત્યાંથી તાબરતોબ ઉઠયા અને દરવાજો ઉઘાડવા ગયાં પણ એ કામ અગત્ય કરીને **સફીય**નું હતું તે પેહેલી દોડી ગઇ હતી બીજી બેનોએ જ્યારે જોયું કે તે બેન રાબેતા મુજબ પેહલી ગઇ ત્યારે તેઓ થોભ્યાં અને તેણીના પાછી ફરવાની રાહ જોવા લાગાં કે તે આવીને કેહ કે એવો તે કોણ સખસ છે કે જે મધરાત્રને સમે તેઓના મકાનનું બારણુ ઠોકેછે. એટલામાં **સફીય** આવી કેહવા લાગી કે રે બેનો આ રાતનો બાકીનો ભાગ વધારે ગમતથી તથા વધારે મજાહથી ગુજારવાની આ ઘણીજ સારી તક આપણે હાથ લાગી છે અને તમારી જો મરજી હોય તે આપણા હાથમાંથીજ જવા દેઇએ નહીં. આપણા ઘરના દરવાજા આગળ ત્રણ ફકીરો આવ્યા છે. તેઓ પોતાના લેબાશ ઉપરથી માલમ પડે છે કે તેઓ ફકીરો છે. પણ તમે સાંભલીને અજબ થશો કે તે ત્રણે ફકીરો જમની આંખે આંધલા છે અને તેઓનાં માંથાં, દાઢી અને ભવાં બોડી નાંખેલાં છે. તેઓ કેહ છે કે તેઓ હમણાંજ બગદાદ શેહરમા આવી પોહચ્યા છે"અને અત્રે તેઓ આગલ કદી આવ્યા ન હતા અને હાલ રાત વહી ગઇ છે અને અંધા-રાંમા તેમને સુજ પડયું નહી કે તેઓ ક્યાં જઇ વીસામો લે તેથી નજદીકનું મકાંન જાંણી આ ઘરનું બારણું ઠોક્યું છે અને તેઓ અરજ કરે છે કે ખોદાને ખાતર તેઓની ઉપર રેહમ લાવી તે-ઓને ઘરમાં દાખલ કરે. જ્યાં તેમને વીસાંમો આપવામાં આવશે ત્યાં તેઓ જઇને સુશે, તબેલો હશે તોપણ ચાલશે. તેઓ જવાન અને સોવામના છે, અને ચાલાકી ધરાવે છે. પણ તેઓનાં એક સરખા રમુજી દેખાવ ઉપર અને હસવા વીણા ચાલતું નથી. ખરેખર **સફીય**થી હસવાનું બંધ કરી શકાયું નહીં તેમજ તેની બેનો તથા તે હેલકરી પણ તેમની સાથે હસવા મંડી ગયો. **સફીય** બોલી કે તેઓને આપણે અંદર લઇએ કે? ખરેખર એવા આદમીઓની સંગતથી દીવશ કરતાં રાત ઘણીજ રમણીય જશે. તેઓ આપણુને ઘણુંજ ખુશી કરસે અને તેઓનો ખરચ કાંઇ આપણે માથે પડનાર નથી કારણ કે તેઓ એકજ રાત રેહવા માંગે છે અને પોહર ફાટતાંને વાર અત્રેથી ચાલી જશે.

સફીયની અરજ મંજુર રાખવાને **ઝોબીદા** તથા **અમીના**એ કેટલીક અડચણો લીધી. અને તેઓ શા કારણથી નાખુસી હતી તે તે સારી સમજતી હતી પણ તે લોકોને અંદર લેવાની તેની ઘણીજ મરજી હતી તેથી તેઓ તેણીને ના પાડી શકયા નહીં. **ઝોબીદા**એ કહ્યું કે જાવો અને તેમને અત્રે બોલાવી લાવો પણ તેમને ચેટવણી આપજો કે જે બાબત તેમને લાગે વળગે નહીં તેમાં માથું ઘાલે નહીં અને બારણાં ઉપર જે લેખ કોતરેલા છે તે તેઓને વંચાવજો. આ હુકમથી **સફીય** સંતોષ પામી અને બારણું ઉઘાડવા દોડી ગઇ અને જલદીથી તે ત્રણ ફકીરોને પોતાની સાથે લઇ અંદર આવી.

તેની બેનો તે ફકીરોને સારો આવકાર આપવા સારૂ ઉભી થઇ તેથી તે ફકીરોએ દેવડીમાં દાખલ થતાંને વાર વાંકા વલી તેમને નમસ્કાર દીધા. વળી તે બેનોએ તેમને કહ્યું કે તેઓ પર ઉપકાર કર·વાને તેઓને ઘણી ખુશી ઊપજી છે અને તેઓની મુસાફરીની થાક ઉતરવાના સમાચાર જાણી વધારે

ખુશાલી હાશલ કરીશું. ત્યારબાદ તેમનાં નવા મેજબાંનોને પોતાની સાથે બેસવાની એલતેમાશ કીધી. તે મકાનનો ભપકા ભરેલો દેખાવ તથા તે સ્ત્રીઓની મરીયાદા ભરેલી ચાલથી તેઓના માન અને મરતબા વિષે તે ફકીરોને મોટો વિચાર આવ્યો હતો પણ તેઓ બેઠા તેની આગમચ તેઓની અંચીતી નજર પેલા હેલકરી ઊપર પડી અને જ્યારે તેઓએ જોયું કે તેનો લેબાસ પણ બીજા ફકીરોની બરોબરનો હતો જોકે બીજી કેટલીક બાબતોમાં એક બીજામાં ફરક રાખતાં હતાં, જેમકે કેટલાકો પોતાની દાઢી અને ભવાં બોડી નાંખતા હતા કે તેઓમાંથી એકે કહ્યું કે "આ આદમી તો આપણા અરબ બીરાદરો જેઓએ બળવો ઉઠાવ્યો છે તેઓ માંહેલો એક દીસે છે."

તે હેલકરી જે કુતરાની પેઠે અરધી ઉંઘમાં હતો અને જે સરાબ પીધાથી ગરમ થયલો હતો તે ફકીરના બોલો સાંભળી ઘણો ઘભરાતમાં પડયો અને ઉઠી ઉભો થયા વગર તે ફકીરની તરફ સખ્ત નજર ફેંકીને કેહવા લાગ્યો મુગો મુગો બેસી રહે અને જેમાં તારૂં લાગેવલગે નહીં તેમાં માથું ના ઘાલ. તે બારણાં ઉપર કોતરેલું લેખ શું વાંચ્યું નથી? ત્યારે તમારી રીત પ્રમાણે લોકોને ચલાવવાનો ફાંકો નઃ રાખો પણ જે રીતભાત આપણી પોતાની હોય તે પ્રમાણે ચાલો. તે ફકીરે કહ્યું કે મારા ભલા મીત્ર તમે ગોસ્સો ના કરો. ગોસ્સો કરવાનો કાંઇ પણ સબબ તમુને આપવા માટે અમો દીલગીર છીએ બલકે તે કરતાં તમારો હુકમ લેવાને અમો તયાર છીએ. અગરજો તે સ્ત્રીઓ વચ્ચે પડી તેમને ઠંડા પાડતે નહીં તો ઝઘડાનું શેવટ આવતે નહીં.

જ્યારે તે ફકીરો બેઠા ત્યારે તે બેનોએ તેઓને માટે જેટલું જોઇએ એટલું ખાણુંપીણું પુરૂં પાડયું અને ખુશાળીમાં આવેલી **સફીય**એ તેઓને અગસ્ત કરી સરાબ આપ્યો. જેટલું તેઓને ભાવે એટલું ખાણું તેઓએ ખાધું તથા સરાબ પીધો ત્યારે તેઓએ તે સ્ત્રીઓને કહ્યું કે તમારી પાસે જો લાયકના વાજીંતરો તથા સાહજ હોય તો અમને આપો અમે તમારી આગળ ગાયન ગાઇ વજાડીએ. તેઓએ તેઓની માગણી ખુશી સાથે કબુલ રાખી અને સુંદર **સફીય** જલદીથી વાજીંતરોના હથ્યારો લેવા ગઇ અને ફકીરોના હાથમાં ઇરાની વાંસલી અને તંબુરો લાવી આપ્યો. દરેક ફકીરને જોઇએ તેવાં હથયારો મળ્યાથી તેઓ સર્વે ગાયન ગાવા લાગ્યા. તે સ્ત્રીઓ આ ગાયનને લગતા શબ્દોથી વાકેફ હતી અને તેઓ પણ ગાવામાં સામેલ થયાથી ગાયનનાં તાંન અને સુરને અગત્યની મદદ મળી હતી અને ગાયનને લગતા શબ્દોમાં હસવાનું તથા રમુજ મેળવા સરખુ આવતું તે વેલા તે મીજલસમાં ભારી હસા હસ ચાલતી. •

આ ગમત ચાલતી હતી અને તેમાં સામેલ થયલા આસામીઓ ઘણાજ ખુસમીજાજમાં આવેલાં હતાં તેવામાં તેઓના મકાનના દરવાજા ઠોકવાનો આવાજ તેઓનાં સાંભળવામાં આવ્યો. **સફીય**એ તેજ વેળાએ ગાયન મેળી દીધું અને તે દરવાજો ઠોકનાર કોણ હતો તે જોવા ગઇ.

શેહેરાજાદીએ **સુલતાન**ને કહ્યુંકે મારા ખાવીંદ હાલ મારે તમને જણાવવું જોઇએ છે કે અને શા સબબ ઉપરથી મધરાતને વખત આ ઘરનું બારણું ઠોકવામાં આવ્યું. તે તમો નમદાર પાદશાહને જાણવુ જોઇએ છે. **કાલીફ હારૂન અલ રસીદ**ને હંમેસ એવી આદત હતી કે રાતને વખ્ત વેસ બદલીને શેહરમાં ફરવા નીકળે કે સઘળી જગ્યામાં સલાહ અને સંપજ ચાલેલો છે કે નહીં તે પોતાની નજરે જોઇ લે. આ દીવશે પોતાના રાબેતા મુજબ પોતાના વડા વજીર તથા ખોજાઓના સરદાર **મસરૂર**ને પોતાની સાથે લઇ તે પોતાના મેહલમાંથી નીકલી શેહરમાં ફરવા નીકળ્યો હતો અને તે ત્રણે સખસોએ સોદાગરનો વેસ પેહરેલો હતો. શેહરને લગતા જુદાજુદા મોહલામાં ફરતાં જે મોહલામાં આ સ્ત્રીઓ રેહતી હતી ત્યાં તેઓ જઇ પોહચ્યા અને તેઓના ઘરમાંથી ગાયન વાજીંતર અને સ્ત્રી

તથા મરદોના હસવાનાં આવાજ આવ્યાથી તે ઘર આગળ તેઓ અટકયા. તે કાલીફે પોતાના વજીરને કહ્યુંકે આ ઘરમાંથી નીકલતો આટલો બધો ઘોઘાટ જે સાંભળવામાં આવેછે ત્યાં જઇ તે ઘરનું બારણું ઠોક, હું તે ઘરમાં દાખળ થઇ તે ઘોંઘાટનો સબબ જાણવા માગું છું. તે વજીરે કાલીફને તે કામમાં પડવાથી મના કીધો અને તેને કહ્યું કે તેઓ માત્ર સ્ત્રીઓછે અને તે રાત્રે કાંઇ ગમત કરતી હશે. અને સરાબની કેફમાં આવ્યાથી લેહરી બન્યાં હશે તેથી કાલીફને જ્યાં વખતે અપમાન મળે તે જગ્યામાં જઇ પડવું બેહતર નથી. તે ઉપ્રાંત વખત પણ કઢંગો છે તેથી તે લોકોની ગમત અને રંગરાગમાં ખલલ નાખવી તે નકામું છે. તે છતાં પણ કાલીફે કે કહ્યું કે હું તમુને ફરમાવું છું કે તમે બારણું ઠોકો.

કાલીફના હુકમથી આખરે વડા વજીર જાફરે તે બારણું ઠોકયું. **સફીય**એ તે ઉઘાડયું અને તેણુંના હાથમાં બતી હતી તેની રોશનીથી વજીરે જોયું કે તે એક સુંદર બાનું હતી. આ જગ્યાએ તે વજીરે પોતાની ચતુરાઇ ખુબ રીતે વાપરી. તેણે પેહલાં તો ઘણીજ નમનતાઇનો નમસ્કાર દીધો અને ઘણીજ આબરૂ ભરેલા દેખાવથી તેને કહ્યું કે "બાઇ અમો મોસલ શેહરના ત્રણ સોદાગરો છીએ. અમો અત્રે દસ દીવસ થયા આવ્યા છીએ અને અમો ઘણો કીમતી સામાન અમારી સાથે લાવ્યા છીએ અને એક ધર્મશાળા જ્યાં અમો ઉતરયા હતા ત્યાં અમે દીવસ ગુજારયો હતો કારણ કે તેણે અમને નોતરૂં દીધું હતું. સઘળી પ્રકારની અમારી ખીદમત બજાવવામાં તેઓએ કસી ખામી રાખી નથી. સરાબ પીધાથી અમો ખુશ કેફમાં આવ્યા હતા તેથી ગાયન સાંભળવાનો સોખ થયો અને તે માટે ગવૈઆઓને બોલાવી મંગાવ્યા. રાત ઘણી વહી ગયલી હતી અને સર્વે ગાતા તથા વાજીંતર વજાડતા તથા નાચતા હતા. એવામાં તે રસ્તેથી પેહરેદારો જવા આવ્યા અને બારણું ઉઘાડવાની અમને ફરજ પાડી. ત્યાં એકઠા મળેલા મેજબાનોમાંથી કેટલાને કેદ પકડયા અને અમો સારાં ભાયગે દેવાલ કુદાવી ગયાથી બચી ગયા. પણ અમોએ સરાબ કાંઇક વધારે પીધો છે અને અમે અત્રે પરદેશી છીએ તેથી અમને ભય લાગે છે કે પેહરાગીરોનો બીજો ભાગ જો આવી લાગશે તો તેઓ અમને જરૂર પકડી જશે નહીંતર જે અમલદારોથી હાલ અમો છટકયા છીએ તેઓ આવી લાગશે અને જે ધર્મશાળામાં અમોએ ઉતારો લીધો છે તે ઘણી દુર છે અને અમો કદાચ ત્યાં જઇ પણ પોંહચ્યે પણ તેના દરવાજા બંધ હશે તેથી સહવાર પડે ત્યાં સુધી કોઇને અંદર દાખલ કરતા નથી. જ્યારે અમો આ રસ્તેથી પસાર થયા ત્યારે અત્રે અમે ગાયન, વાજીંતર તથા નાચનો આવાજ તથા ઘોંઘાટ સાંભળ્યો ત્યારે ધાર્યું કે આ ઘરનાં કેટલાક લોકો હજુર સુવા ગયા નથી તે ઉપરથી તમારા ઘરનું બારણું ઠોકવાની છુટ લીધી કે તમને અરજ કરીયે કે સહવાર પડે ત્યાં સુધી તમારા મકાનમાં અમને વીસામો લેવા દો. અગરજો તમારી રમુજ અને ગમતમાં ભાગ આપવા લાયક અમને ગણાશો તો અમારી તાકાત પ્રમાણે તમારી રમુજને વધારે તાજી રાખવાની અમારેથી બનતી કોસેસ કરીશું. અગરજો એટલા માનને લાયકનાં તમો અમુને ન ગણો તો તમારી દેવડીમાં સુવાની રજા આપો.

જાફરનું આ ભાષણ સાંભળતી વેળા તેને તથા તેનાં સોબતીઓને સારી પઠે તપાસી જોવાની **સફીય**ને તક મલી અને તેઓનાં પેહરવાશ તથા રૂપ ઉપરથી જોતાં તેણીને અનુમાન કરવાને બની આવ્યું કે તે આદમીઓ કાંઇ જેવાં તેવાં હતાં નહીં, તેથી તેણીએ કહ્યું કે હું કાંઇ આ ઘરની માલેક નથી પણ તમો જો થોડો વાર થોભશો તો તુમારી અરજનો જવાબ લઇ પાછી આવું છું. પછી જઇને તેણીએ જાફરની સઘલી હકીકત પોતાની બેનોને કહી. તેઓ શું કરવું તે વિષે વિચારમાં પડયા પણ જાતે તેઓ મયાળુ દીલનાં હતાં અને એજ રીતનો ઉપકાર તેઓ તે ત્રણ ફકીરોની ઉપર કીધો;

ત્યારે તેઓએ તે સોદાગરોને પણ અંદર દાખલ થવા દીધા. હવે કાલીફ, વડો વજીર તથા મસરૂર એઓની મુલાકાત સુંદર સફીયએ કરાવી ત્યારે તેઓએ સ્ત્રીઓ તથા ત્રણે ફકીરો તથા હેલકરીને નમનતાઇ ભરેલી કુનસ બજાવી સલામ કીધી અને તેઓએ નવા આવેલા મેજબાનોને સોદાગરો ગણી તેવુંજ માન આપ્યું. તે ઘરની પ્રમુખ દાખલ ઝોબીદાએ ઘણીજ ગંભીરાઇ તથા દબદબાથી કહ્યું અને તેનો દેખાવ તેણીને ઘણોજ છાજતો હતો કે તમો આવ્યા તો ભલે આવ્યા પણ હું તમારી પાસેથી એક સરત માંગી લઉછું તેથી તમારે તમારા દીલમાં માઠું લાવવું નહીં. તે વજીરે જવાબ દીધો કે સરત જણાવો. ઝોબીદાએ જવાબ દીધો જે તે સરત એ છે જે તમોએ તમારી આંખો સુખેથી વાપરવી પણ જબાંને બંધ રાખવી એટલે જે જે બનાવો તમારા જોયામાં આવે તે વિષે સવાલો તમારે પુછવા નહીં અથવા તેનો સબબ જાણવા સારૂ તજવીજ કરવી નહીં તથા જે બાબતમાં તમારૂં કાંઇ લાગે વળગે નહીં તેમાં તમારે કાંઇ બોલવું નહીં, નહીંતર તમને એવું સાંભળવું પડશે કે તે તમને પશંદ પડશે નહીં. તે વજીરે જવાબ દીધો કે બાઇ તમારા હોકમને તાબે છીએ. અમો નાદાન નથી, અમો કાંઇ કોઇને ઠપકો આપવા આવ્યા નથી અથવા કોઇ ચીજ જાણવાને આતુરમંદ નથી. પારકા લોકોનાં કામમાં માંથું ઘાલ્યા વીણા અમને અમારૂં કામ જે હોય તે ઉપર ચીત આપવું બસ છે. આ વાતચીત થયા પછે તેઓ સર્વે ઘટતી જગાએ બેસી ગયા અને જુદી જુદી બાબતો વિષે વાતો કરવા લાગ્યા.

વજીર જાફર જ્યારે તે લોકોને પોતાની વાર્તા સંભળાવી ગમત આપતો હતો, તે વેલા કાલીફ, તે સ્ત્રીઓની અસાધારણ ખુબસુરતી, તેઓના ચંચળ સ્વભાવની, અને દીલપશંદ ચાલચલણની તારીફ કર્‌યા વીણા રહ્યો નહીં. પેલા ત્રણ ફકીરો જેઓ સર્વે જમની આંખે આંધલા હતા તેમનો દેખાવ જોઇને તે વધારે તાજુબ થયો હતો. આ અચરત સરીખાં દેખાવનો તે સબબ જાણવા ચાહતો હતો પણ તે સ્ત્રીઓએ તેની તથા તેના સોબતીઓ ઉપર મુકેલી ફરજોને લીધે તે વિષે સવાલ પુછવાને તેનાથી બન્યું નહીં. તે ઉપરાંત તે દીવાનખાનાંમાં જે અમુલ્ય ચીજો બરોબર રીતે ગોઠવેલી તથા સરસામાનનો ભપકા ભરેલો દેખાવ કીધેલો જોઇ તેના મનમાં એજ વિચાર બેઠો કે ગોયા તે દેખાવ જાદુઇથી ઉત્પંન થયો હશે.

તે વખતની વાતચીત ભાંતભાંતની બાબતો તથા ગમતોને લગતી હતી, તથા જીંદગી જોગવવાની રીતો વિષેની હતી. તે ફકીરો ઉઠી ઉભા થઇ પોતાની રીત પ્રમાણે નાચવા લાગ્યા અને તેઓએ નાચવાના હુન્નરની ચાલાકી બતલાવ્યા ઉપરથી તે સ્ત્રીઓએ તેને માટે બાંધેલા સારા વિચારોમાં વધારો થયો એટલુંજ નહીં પણ કાલીફ તથા તેના સોબતીઓ તેઓની ઘણીજ તારીફ અને વાખવાખી કરવા લાગ્યા. તે ફકીરોનો નાચ પુરો થયા પછી ઝોબીદા ઉઠી ઉભી થઇ અને અમીનાનો હાથ ધરી તેને તેણીએ કહ્યું કે ચાલો બેન આ મંડલી એમ નહીં વિચારશે કે આપણે તેઓ ઉપર કાંઇ પણ અટકાવનો ભાર મેલ્યો હતો માટે જે પ્રમાણે આપણે હંમેસ કરતાં આવ્યા છીએ તેમ હાલ પણ કરવાને આ મંડલી એકઠી મલ્યાના સબબથી આપણને અચકાવું જોઇએ નહીં. અમીના સારીપઠે સમજી ગઇ કે તેની બેન તેની પાસે શું શું કરાવવા માંગેછે તેથી તે જલદીથી ઉઠી અને ત્યાં બીછાવેલા સુફરા ઉપરથી રકાબી, પીયાલા, બાટલી, શીસા વીગરે જે ચીજો પડેલી હતી તે તમામ ઉંચકી લીધી તે સાથે ફકીરોને આમન ગાવા જે વાજીંતરો આપ્યાં હતાં તે પણ ત્યાંથી ઉંચકી લીધાં. વલી એ વેલા સફીય કાંઇ આમસ્થી બેસી રહી ન હતી. તેણીએ તે દીવાનખાનામાં જે જે કચરો પડેલો તે ઝારી સાફ કીધો, સર્વે ચીજોને બરોબર રીતે પોતપોતાની જગ્યા પર ગોઠવી, બતીઓની ગુલ કાપી, વધારે રોશની આપતી કીધી અને અગરબતી વધારે સલગાવી. તે ત્રણ ફકીરોને સોફા ઉપર એક બોરદુથી બેસાડ્યા, અને બીજી બોરદુએ કાલીફ તથા તેના સોબતીઓને બેસાડ્યા. ત્યારે બાદ તે હેલકરી જે તરતનોજ સરાબની

કેફમાંથી મોકલો થયલો હતો તેની આગળ જઇ કહ્યું કે હેલકરી ઉઠ અને અમે જે કામ કરવા માંગ્યે તેમાં અમને મદદ કર, તારા સરખા જોરાવર આદમીને આલસાઇ નહીં કરવી, તાબરતોબ તે ઉઠયો અને પોતાનો ડગલો કમરે બાંધી કેહવા લાગ્યો કે ફરમાવો તમારૂં જેબી કામ હશે તે હું કરીશ. **અમીનાએ** કહ્યું કે દરૂસ્ત છે હું હમણા તુને કામ આપુંછું. ત્યારપછે અમીના એક પાટલો લઇ આવી અને તે ઓરડાની વચોવચમાં તે મેલ્યો. ત્યારપછે તે એક કોઠડીના બારણાં આગળ ગઇ તે કોઠડી ઉઘાડી, અને તે હેલકરીને એશારતથી પોતાની આગળ બોલાવ્યો. તે કેહવા લાગી કે આવ અને મને મદદ કર. તેણે તેમ કીધું તે ઓરડીમાં બે કાળા કુતરાં હતાં અને ગલાંમાં પટા હતા અને તેઓને સાંકળથી બાંધેલાં હતા. તે દરેક કુતરાંની સાંકળ ઝાલી તે તેમને લઇ બાહેર આવ્યો અને ઓરડાની વચોવચમાં મેલ્યા. તે કુતરાંઓ ચાબકાથી મારેલાં અને ઘણી ઇજા પામેલાં દીસતાં.

ઝોબીદા જે કાલીફ તથા ફકીરોની વચ્ચે બેઠેલી હતી તે ત્યાંથી ઉઠી અને હેલકરી આગળ ગઇ અને ઘણીજ ગંભીરાઇથી હાય મારી બોલી કે અમને અમારી ફરજ છે તેમ કરવું જોઇએ છે. તે પછે તેણીએ પોનાના હાથના ગુઠણ સુધી પોતાની બાંહે ઉંચી કીધી અને **સફીયએ** તેણીને જે ચાબુક આપ્યો હતો તે ઉઠાવ્યો અને હેલકરીને કહ્યું કે એક કુતરાને મારી બેન અમીના આગળ લઇ જા અને બીજાને મારી પાસે લાવ. તે હેલકરીને જેમ ફરમાવ્યું તેમ કીધું અને તેની આગળ એક કુતરો તે લાવ્યો. તે **ઝોબીદા** આગળ આવતાંને વાર બુમ મારી ભોસવા લાગ્યો અને તેની તરફ ઘણીજ કાકલુદી ભરેલી નજરથી જોવા લાગ્યો પણ તેણીએ તેની બુમ ઉપર અથવા તેના દુ:ખ ભરેલા દેખાવ ઉપર કાંઇ પણ લક્ષ આપ્યું નહીં અને જ્યાંસુધી તેના હાથમાં જોર હતું ત્યાં સુધી તે કુતરાને તેણીએ ચાબુક વતે માર્યો અને જ્યારે તે ઘણીજ હાંફવા લાગી ત્યારે તેણીએ પોતાનાં હાથમાંથી ચાબુક ફેંકી દીધો, ત્યારપછી તે સાંકળ હેલકરીના હાથમાંથી લેઇને તે કુતરાના આગલા પગ પોતાનાં હાથમાં લઇ તેને ઉચકયો અને તેઓ બંને યાને **ઝોબીદા** તથા તે કુતરો એક બીજા તરફ ઘણીજ ઉદાસીથી જોવા લાગ્યાં અને રડીને પોતાના આંસુ એક બીજા સાથે મેલવ્યાં. ત્યારપછે **ઝોબીદાએ** પોતાનો રૂમાળ બાહેર કાહડયો અને કુતરાંની આંખમાંથી આંસું નુંછયાં અને તે ઉપર બુસ્સા દીધા ત્યાર પછી તે સાંકળ પેલા હેલકરીના હાથમાં પાછી આપી અને તેને તેણીએ ફરમાવ્યું કે જે જગ્યા ઉપરથી તેને લાવ્યો હતો ત્યાં તેને પાછો લઇ જાય અને બીજા કુતરાને તેની આગળ લાવે.

જે કુતરાને માર માર્યો હતો તેને પેલો હેલકરી કોઠડીમાં પાછો લઇ ગયો અને તેને ત્યાં મેલી પાછો ફર્યો ત્યારે **અમીનાના** હાથ માહેલો કુતરો તેણે પોતાના હાથમાં લીધો અને તેને **ઝોબીદા** આગળ લઇ ગયો. જે પ્રમાણે પેહલા કુતરાંને ચાબુકે માર માર્યો હતો તેજ પ્રમાણે બીજાનો પણ હાલ કીધો અને તેને માર માર્યા પછી તેના આગલા પગો ઉંચકી એક બીજાની આંખો મેલવી આંસું પાડી અને રૂમાલ વતે આંસું નુછી **ઝોબીદાએ** તે હેલકરીને હવાલે કીધો અને તે હેલકરીએ અમીનાને તે પાછો આપ્યો અને તેણીએ તે કોઠડીમાં તે બીજા કુતરાને બંધ કીધો.

તે ત્રણ ફકીરો તથા કાલીફ તથા તેના શોબતીઓ આ કૌતક જોઇ ઘણાજ અજબ થયા હતા. **ઝોબીદાએ** પેહલાં તે કુતરાઓને ફટકાવી કાહડ્યા ત્યાર પછી તેઓની સાથે રડી તેઓના તથા તેણીના આંસું પોતાના રૂમાલ વતે નુંછયાં તથા તેઓની આંખો ઉપર બુસ્સા દીધા. એ કૌતકનો ભેદ તેઓ સમજી શક્યા નહીં. વલી મુસલમાંન લોકોના કાયદા પ્રમાણે કુતરાંને નજીશ પ્રાણી ગણવામાં આવ્યાં છતાં **ઝોબીદાએ** તેમણે બુસ્સા દીધાં તે કામ દીઠાથી તેઓનું દીલ ઘણુંજ કચવાયું હતું. તે મેજબાનો પોત પોતામાં આ દેખાવ વિષે વાતો કરવા લાગ્યા અને આ કૌતક જે કાલીફને ઘણુંજ અચરતભરેલું લાગ્યું હતું તેથી તેનો સબબ

જાણવાનો તે ઘણોજ ઇંતેજાર હતો. તે બાબમાં પુછપરછ કરવા સારૂ પોતાનાં વજીરને તેને ઇસારત કીધી પણ તે અમળદારે પોતાનું માંથુ બીજી તરફ ફેરવ્યું. પણ કાલીફે જ્યારે તેને ઘણોજ કંટાલો આપવા માંડયો ત્યારે તેણે ઘણીજ નમંનતાઇભરેલી રીતથી જણાવ્યું કે કાલીફની મરજી પ્રમાણે પુછપરછ કરવાનો હીંગાંમ હજુર આવ્યો નથી.

ઝોબીદા કેટલોએક વખત સુધી તે દીવાનખાનાની વચોવચમાં થોભી રહી હતી કારણ કે બે કુતરાંને માર મારતાં તેં હાકી ગઇ હતી તેથી વીસામો લેવામાં તેની સુંદર રૂપની **શફયાએ** તેણીને કહ્યુંકે મારી પ્યારી બેન તમો તમારી જગ્યા ઉપર આવો કે મારૂં કાંમ જે કરવું છે તે હું કરૂં. **ઝોબીદા** તેજ વેળા સોફા ઉપર જઇ બેઠી. તેની એક બોરદુએ કાલીફ, જાફર, તથા મસરૂર બેઠેલા હતા અને બીજી બોરદુએ ત્રણ ફકીરો તથા પેલો હેલકરી હતા.

તે મંડલીમાં કેટલોક વખત સુધી કોઇ પણ કઇ બોલ્યું નહીં. અંતે **સફીય** જે તે ઓરડાની વચમાં મેલેલા તખ્ત ઉપર બેઠેલી હતી તેણીએ **અમીનાને** કહ્યું કે બેન ઉઠ. તમારી પાસે હું શું કરાવવા માંગું છું તે તમો સમજો છો. **અમીનાં** ઉઠીને એક બીજા ઓરડામાં ગઇ અને ત્યાંથી એક પીળી સાટીનથી જડેલો એક બૉકસ લાવી અને તેની ઉપર સોનાના કસબની કીનારી કીધેલી હતી. તેણીએ તે ઉઘાડયો અને તેમાંથી એક વાંસલી કાહડી પોતાંની બેનને આપી. તેણીએ તેને બરાબર વાજતી કરી પોતાનો આવાજ સાથે કહાડી વજાડવા લાગી. જુદાઇનાં ગમને લગતી બાબતનું ગાયન તેણીએ ગાયું અને તેથી કાલીફને તથા તે મંડલીનાં બીજા લોકોનાં મંન પર જાદુઇની પેઠે અસર કીધી હતી. જ્યારે તેણીએ તે ગાયન પુરૂં કીધું ત્યારે તે તાન સુરથી ગાતાં હાકી ગયાથી તે વાંસલી તેણીએ અમીનાને આપી કહ્યું કે બેન હવે મારો હલક ચાલતો નથી, વાંસલી તમે લેવો અને મારે બદલે ગાઇ તથા વજાડી આ મંડલીની ઉપર ઉપકાર કરો.

તે વાંસલીથી બરૅાબર ગવાય છે કે નહીં તેની તપાસ કરી તેને ઘટતા ગાયનની રાહ પર લાવી એકજ બાબત ઉપર ગાયન ચાલુ રાખ્યું પણ જે શબ્દોથી તેણીએ ગીત ગાયું તેથી તેના દીલ ઉપર એટલી તો અસર થઇ કે તેનેથી તે ગીત પુરૂં કરી શકાયું નહીં. **ઝોબીદા** પોતાની બેનની તારીફ કરવા લાગી. તેણીએ કહ્યું કે તમે મોટાં પ્રાકરમો કીધાં છે. તમારા દેખાવ ઉપરથી સાફ માલમ પડે છે કે જે દુ:ખનું તમે ગાયન કરો છો તે તમારાં દીલ ઉપર અસર કરે છે. આ ભાષાણનો જવાબ આપવા અમીનાને વખત ન હતો તે વંખતે તે એટલા તો ઉકલાતમાં પડી કે પોતાના શરીર ઉપર હવા આવે તેવી કાંઇ હીકમત કરવી. તેથી દીલમાં પેહેરેલા જબ્બાનાં બંધ ખોલી પોતાની છાતીને તેણીએ ખોલ્લી કીધી. જેવી તેણીની શીકલ ગોરી ચામડીની હતી તેવી તેણીની છાતી ન હતી. તે દાંમના ચાટાંથી ભરાયલી, કાલી મારી ગયલી હતી અને તેને જોનારાઓને તે વખતે ઘણોજ કમકમાત છુટયો હતો. જોકે આંગ ઉપર પવન લીધાથી તેને આરામ થવાની વકી રાખી હતી પણ તેને બદલે ઓર તે બેહોશ થઇ હતી.

ઝોબીદા તથા **સફીય** પોતાની બેનની મદદે દોડી ગઇ તેટલાં એક ફકીર બોલ્યો કે આ જગ્યા પર આવી એવો દેખાવ જોયા કરતાં હું બાહાર ખોલ્લી હવામાં શુતો હતે તો બેહતર પડતે.

કાલીફ તેને બોલતાં સાંભલી તેની પાસે આવ્યો અને પુછવા લાગ્યો કે આ બધા ઢોંગ શાના છે? તે ફકીરે જવાબ દીધો જે આ બાબતમાં તમારા કરતાં અમો કાઇપણ વધારે જાણતા નથી. કાલીફે પુછયું કે શું ત્યારે તમે આ ઘરના આદમી નથી? આ બે કાલા કુતરા વિષે તથા આ સ્ત્રી જેને આવી રીતનું અપમાન આમવામાં આવ્યું છે તેને વિષે તમે મને કાઇપણ ખબર આપી શકતા નથી? તે

ફકીરે જવાબ દીધો જે સાહેબ આગલ કોઇ દાહડે પણ આ ઘરમાં અમો આવ્યા નથી અને આજ રોજે જે તમો અમને જોવોછો તે તમારેથી થોડીજ મીનીટ આગમચથી અમો આવ્યા હતા. આ વાત સાંભળ્યાથી કાલીફને વધારે અચરતી ઉપન થઇ. કાલીફે કહ્યુંકે કદાચ જે આદમી તમારી સાથે હતો તે આ બાબતો ઉપર કાંઇ અજવાલુ કરશે. ફકીરે તે હેલકરીને ઇસારત કરી પોતાની આગળ બોલાવ્યો અને તેને પુછયું કે આ કાલા કુતરાઓને શા સારૂં માર માર્યો તથા અમીનાની છાતી ઉપર દાંભ શાને માટે દીધાછે તે બાબતમાં તમને કાંઇ ખબરછે? તે હેલકરીએ કહ્યુંકે સાહેબ હું અલ્લાના કંસમ લેઇ કહુછુ કે જેમ તમે એ બીનાથી અનજાણછો તેમ હું પણ છું. ખરૂછે કે હું આ શેહરમાં વસું છું પણ આજ સીવાય આ ઘરમાં હું કદી આવ્યો નથી અને અગરજો તમે મને અત્રે જોઇને અજબ થયાછો તેમ તમારી મંડલીમાં હું આવી પડયો છું તેથી હું થોડો અચરત થતો નથી. પણ સર્વેથી વધારે અચરતી મને જે લાગેછે તે એકે આ ઘરમાં એક પણ મરદ દીસ્તો નથી.

તે કાલીફ તથા તેના સોબતીઓ અને તેજ માફક તે ફકીરો એમજ વિચારતા હતા કે તે હેલકરી તે ઘરને લગતો આદમી હશે અને જે જે બીના જાણવાની આરજુ રાખતા હતા તે તે જણાવી શકશે. કાલીફે કહ્યુંકે જે બને તે ખરી, આ કૌતકોનો ભેદ જાણ્યા વગર રેહવું નહીં. તે બીજું એમ બોલ્યો કે "તમે મારી વાત સાંભળો, આપણે સાત મર્દો છીએ અને આ ત્રણ સ્ત્રીઓછે તેથી જે ખબરોની આપણુને જરૂરછે તે તેઓ પાસેથી આપણે જબરદસ્તીથી કહડાવી લેઇએ તેમ છતાંપણ જો તેઓ ના પાડશે તો આપણે તેથી વધારે સખ્ત ઉપાય કામે લગાંડીશું. કાલીફનો વડો પ્રધાન જાફર તે ગોઠવણની સામે થયો અને તે ગોઠવણ બતલાવનાર ગ્રહસ્થને ફકીરો આગળ છતો પાડયા વગર તે ગોઠવણથી કાલીફનાં હકમાં કેટલું નુકશાન થશે તે તેણે કાલીફને સમજાવ્યુ કારણકે જ્યારે તે વજીર કાલીફની સાથે વાતચીત કરતો ત્યારે ગોયા એ સોદાગરો એક બીજામાં વાતો કરતા હોય તેમ તે બોલતો હતો. વજીરે કાલીફને કહ્યું સાહેબ તમેજ વિચાર કરો કે આપણુને આપણી હોરમત જાલવવી છે. આપણુને આ ઘરમાં દાખલ કરતી વેલા એ સ્ત્રીઓએ આપણી સાથે કેઇ સરતો કીધી છે તે તો તમે સારી પઠે જાણો છો. અલબતે આપણી મતલબ હતી તે માટે તે સરતો આપણે કબુલ રાખી. અગરજો તે કરારને આપણે તોડીએ તો તેઓ આપણુને શું કહેશે? જો આપણી મરજીને આધીન થઇ જો આપણે કાંઇ જબરદસ્તી વાપરયે તો તેનું કાંઇ ખરાબ પરીણામ આવે તો તે માટે ફકત આપણે પોતેજ જવાબદાર છીએ. એમ ધારવુંજ નહીં જોઇએ કે આ સ્ત્રીઓ આપણી પાસેથી જે કબુલાત લીધી છે તે જો આપણે તોડીયે તો તે માટે ઘટતી રીતે બદલો લેવાને તેઓ શકિતવાન નહીં હશે.

એટલું બોલી જાફર હવે કાલીફને એક બાજુએ લઇ જઇ કેહવા લાગ્યો "કે મારા નામદાર સાહેબ, હવે રાત થોડીજ રહી છે અને આફતાબ તલુ થવાને ઘણોજ થોડો વખત બાકી છે તેથી જો તમો નામદાર જરા ધીરજ ખમી જશો તો હું બામદાદમાં તમારા તખ્ત નજદીક એ સ્ત્રીઓને હાજર કરીશ અને ત્યાં તમો નામદાર જે જાણવાની ઇચ્છા ધરાવો છો તેની સર્વે ખબર પડશે." જોકે આ સંલાહ ઘણી વાજબી હતી તોપણ કાલીફે રદ કીધી, અને વજીરને ચુપ રહેવાની તાકીદ કીધી અને બોલ્યો કે મારે એટલી ધીર ખમવી નથી પણ તેજ ઘડીએ તેનો ખોલાસો થવો જોઇએ. હવે સવાલ એ રહ્યો કે પેહલી જબાન કોણ ખોલે? કાલીફે ફકીરોને સવાલ કરવાને ઘણું કહ્યું પણ તેઓએ ના પાડયું. છેલ્લે તેઓએ ઠેહવ્યું કે આપણી તરફથી હેલકરીએ સવાલ પુછવો. તેઓ પેલો સખ્ત સવાલ કેમ કરવો તેની ગોઠવણ કરતા હતા તેટલાં ઝોબીદા જે અમીનાને બેસુદ્ધીમાંથી તરતનીજ હુશીઆર કરીને આવી હતી, તેણીએ પોતાના પરોણાઓને જરા મોટા અવાજથી ચકચાર કરતાં સાંભળી સવાલ કીધો કે "તમો શા માટે વાતો કરો છો? એમાં તમોને શું કાંઇ લાગે વળગે છે?"

ફકીર થયલા રાજાના ત્રણ દીકરા તથા બગદાદ શેહેરની પાંચ બાનુંઓની વાર્તા.

મેજબાનોના મુસ્કાતાટ!



"તણીએ ગુસ્સાથી પોતાના પગ ભાંયપર અફાડયા અને બોલી 'જલદી બાહેર આવો'! તેવાંજ બારણાં ઉગડી ગયાં અને સાત માહ જબરા કાલા હબસી ગુલામો પોતાના હાથમાં નાગી કટારો સહીત દાખલ થયા અને દરેક પરોણાને તુરતજ પકડી કેદ કરી લીધા, તેઓએ દરેકને જમીન પર પટકી નાખી, દીવાનખાનાની વચોવચ લાવી તેઓના માંથા કાપવા માટે તૈયાર થઈ ઉભા!" [જુઓ સફા ૬૧.

આ સાંભળી પેલો હેલકરી તેણીને કહેવા લાગ્યો :—" મેહરબાન બાનું, આ ગ્રહસ્થો તરફથી હું તમોને પુછવાની રજા લઇ લઊંછું કે મેહરબાની કરી અમને સમજાવશો કે આ કુતરાઓને તમોએ ધાટકી-પણે માર્યા અને તે પછી તેઓને આંખે લગાડીને રડયાં શું કામ? વલી જે બાઇ હમણાં બેસુદ્ધ થઇ પડી હતી તેણીની છાતી ઉપરના કારી જખમોના દાઘનું કારણ શું? "

આ શબ્દો સાંભળતાંજ ધીકાર તથા ગુસ્સાભરેલા ડોલા કરી ઝોબીદા પેલા ફકીરો તથા કાલીફ તરફ ફરી અને બોલી કે " આ શું ખરૂં છે કે આ માણસને તમોએ મને સવાલો કરવા ફરમાવ્યું છે? " વજીર જાફર સીવાયે સર્વે જણાએ પોતાના ડોકાં ધુનાવી હા કહ્યું.

તેણીએ જે રૂઢીએ જવાબ આપ્યો તે ઉપરથી માલમ પડતું હતું કે તેણીને લાગણીને કેટલું નુકસાન થયું છે. તેણીની બોલી "તમોએ માંગી લીધા મુજબની મેહરબાંની અમોએ તમોને બક્ષી કે તમોને કોઇબી રીતે અમારેથી અસંતોશી થવાનું કારણ નહીં મલે, જો કે અમો એકલાં હતાં તે છતાં તમોને અત્રે રેહવાની પરવાનગી આપી તે ફક્ત એકજ બોલથી કે જેમાં તમોને લાગતું વલગતું નહીં હોય તેમાં માંથું મારવું નહીં, પછી તે તમોને પસંદ પડતું હોય યા નહીં તોપણ તે તમોએ મુંગે, મોહડે સાંભલ્યાં કરવું અને વગર બોલવે જોયા કરવું. તમોને માન ભરેલી રીતે આવકાર આપવા પછી તથા દરેક મનમાનતી રીતે ખુશ કીધા પછી, તમોએ તમારો વચન બે શરમીથી તોડયોછે માટે તમોને તેની ઘટતી શીક્ષા જરૂર થવીજ જોઇએ." એટલું બોલી તેણીએ ગુસ્સાથી પોતાના પગ ભાંય પર અફાલ્યા અને બોલી " જલદી બાહેર આવો "! તેવાજ બારણા ઉગડી ગયા અને સાત માહ જબરા કાલા હબસી ગુલામો પોતાના હાથમાં નાંગી કટારો સહીત દાખલ થયા અને દરેક પરોણાને તુરતજ પકડી કેદ કરી લીધા. તેઓએ દરેકને જમીન પર પટકી નાંખી, દીવાનખાનાંની વચોવચ ઘસડી લાવી તેઓનાં માંથા કાપવા માટે તૈયાર થઇ ઉભા! [જુવો પાસેના સફાનું ચિત્ર.

હવે કાલીફનો ધભરાત આપણે શું વિચારી શકયે? પોતાનાં વજીરની સારી સલાહ નહીં માનવા માટે તે ઘણો પસતાવા લાગ્યો પણ તે હવે ઘણું અસુરૂં હતું! અભાગ્યો કાલીફ, જાફર, મસરૂર, હેલકરી અને પેલા ત્રણ ફકીરો એક નહીં સમજાય એવી અજાયબી વચે પોતાની જીંદગી ખોહવાની અણી ઉપર હતા; પણ તેઓ પોતાને ફેજે પુગે તે આગમચ પેલા ગુલામોમાંના એકે ઝોબીદા તથા તેની બેનોને પુછયું કે, "મોટાં બાઇસાહેબો તમારો હોકમ છે કે આ લોકોનાં ડોકાં છટકાવી નાખ્યે?" " સબુરા " ઝોબીદાએ જવાબ દીધો "પહેલાં એઓને મારે સવાલો પુછવા છે." " બાઇ સાહેબ " હેબતાયલો હેલકરી બુમ પાડી ઉઠયો, " અલ્લાના નામથી કહું છું કે મને બીજાઓના વાંક માટે મારી નાખશો નહીં, હું ગુનેહગાર નથી, પણ આ સર્વે જણ ગુનેહગારછે. " અફસોસ! તે રડતો રડતો બોલવા લાગ્યો " આપણે આપણો વખત કેવો ખુસીમાં ગુજારતાં હતાં. આ કાણા ફકીરો બધી પંચાત અને બદબખતીના મુળછે. એવા અભાગ્યાઓના પાગલાંથી આખું શેહર નાશ પામે તેમાં નવાઇ નથી. હું અરજ કરૂં છું, મેહરબાંન બાનું, કે અપરાધીઓ સાથે મુજ નીરઅપરાધીને ભેલતાં ના; યાદ રાખજો કે મારા જેવા એક કંગાલ મુફલીસને માફ કરવામાં તમારી મોટાઇ છે. "

ઝોબીદા અમે એવી ગુસ્સે હતી તોપણ પેલા હેલકરીનો ધભરાત તથા તેના કાલાવાલાના સખુનો સાંભળી મનમાં હસવા વગર રહી શકી નહીં. તેના બોલવાપર કાંઇબી ધ્યાન અપવા વગર બીજા-ઓને તેણી કેહવા લાગી કે મને જવાબ આપો કે તમો કોણ છો? જો તમો કેહેશો નહીતો બીજી ઘડીએ તમારો જાન જશે. હું માનતી નથી કે તમો આબરૂદાર માણસો છો, અથવા તો હોધેદાર, અથવાતો તમારા દેશમાં તમો ગ્રહસ્થ તરીકે રેહતા હોવો, કારણકે જો તમો આબરૂદાર ગ્રહસ્થોજ હતે તો

અમારી તરફ આવી આડી રીતે ન ચાલતાં, અમારી હાલત તથા મોભા તરફ માનથી વર્તી તમારી લાયકી દેખાડતે.

કાલીફ જે ખુદરતીજ અધીરો હતો તેને બીજાઓ કરતાં ઘણીજ ધાસ્તી લાગી કે તેની જીંદગી **ફકત** આ વાજબી રીતે ગુસ્સે થયલી ઓરતના હોકમ ઉપરજ આધાર રાખેછે ત્યારે તે વધારે ઘભરાયો પણ જ્યારે તેને જોયું કે તેણે સારૂં તથા તેમજ બીજાઓને સારૂં કાંઇક આશા છે કે તેઓ કોણ છે, તે જણાશેતો, તેનો જાન સલામત રેહશે ત્યારે તેને ધીરજ આવી. તંવોજ તે વજીર જે નજદીકજ હતો તેને કાનમાં કેહવા લાગ્યો તે કોણછે તે તુરતજ જાહેર કરી દે. પણ તે દાહ્યા અને પાક્કા વજીરે પોતાના ધણીની આબરૂ જાળવવા માટે, અને પોતાના બુલંદ દરજ્જેના માલેકની આબરૂ જાહેરમાં નીચી ન પડે માટે એટલોજ જવાબ દીધો કે "આપણે જેવું કીધું તેવું પામ્યે છીએ." તોપણ **કાલીફ**ના હોકમને માન આપી તે **ઝોબીદાને** કાંઇક કેહવા જતો હતો પણ તેણીને તે બોલવાની ટક ન આપતાં પેલા ત્રણ ફકીરો તરફ ફરી અને તેઓને પુછવા લાગી કે "તમો ત્રણે જણા અકેકી આંખે કાણા છે તેથી શું તમો ત્રણે ભાઇઓ છો?" "નહીં બાનું અમો ત્રણે સગા ભાઇઓ નથી" તેઓમાંના એકે જવાબ દીધો, "પણ અમો ત્રણે ફકીરો છીએ તેથી ભાઇબંધતો ખરા, કારણકે અમારો પેસો તેમજ પેહરવાસ અને દેખાવ એકસરખોછે." તેણીએ તેઓમાંના એક તરફ ફરીને કહ્યું કે "તમારી આંખ શું જણમથીજ ગયલીછે?" "ખરેખર નહીં" પેલાએ જવાબ દીધો, "મારી આંખ તો એવા ચમતકારીક બનાવથી ગઇ છે કે તેની હકીકત જો લખી હોય તો તે જેટલી ગમતભરી છે તેટલીજ શીખામણથી પણ ભરપુર છે. મારી જમણી આંખ ગયા પછી મેં મારી ડાઢી તથા ભવાં બોડાવી નાખ્યાં અને એક ફકીરનો વેશ લીધોછે."

બીજા ફકીરોને પણ **ઝોબીદાએ** ઉપર મુજબના સવાલો કીધા અને તેઓ પણ પેહલા ફકીરને મલતાજ જવાબો આપ્યા પણ છેલા ફકીરે એટલું ઉમેર્યું કે "બાનું અમો કાંઇ સાધારણ માણસ નથી પણ તમારે જાણવું જોઇએ કે અમો ત્રણે જણ પાદશાહના બેટા છીએ. જોકે અમો ત્રણે જણા આજે સાંજેજ એકઠા મલ્યાછીએ તોપણ અમોએ એક બીજાની હકીકત જાણી લીધી છે. અને જે શાહોએ અમોને જણમ આપ્યો છે તે કાંઇ જેવા તેવા પાદશાહો નહીં હતા, માટે અમારો ગુનાહ તમારે માફ કરવો જોઇએ." આ સાંભળી **ઝોબીદાનો** ગુસ્સો થોડો નરમ પડયો અને પેલા હબસી ગોલામોને તેઓ સર્વેને છોડી મુકવાનો હોકમ કીધો, પણ તેઓની આગળ ત્યાંજ ઉભા રહેવાને ફરમાવ્યું. **ઝોબીદા** બોલી "જે તેઓ પોતાનો અહેવાલ મને કહેશે અને આ ઘરમાં આવવાનો ખરેખરો હેતુ તેઓ જણાવશે તો તેઓને કસીબી હરકત વગર જવા દીધામાં આવશે અને જો તેમ કરવા ના પાડશે તો તેઓનાં ડોકાં છટકાવી મુકવામાં આવશે." એ પછી ત્રણ ફકીરો, કાલીફ, વજીર, મસરૂર, અને હેલકરી એટલા જણા દીવાનખાનાની વચમાં ગાલીચા પર બેઠા અને તેઓ દરેકની પછવાડે અકેકો હબસી નાગી તલવાર સાથે, હોકમ મુજબ, ઉભો રહ્યો. પેલી ત્રણ ખુબશુરત બાનુંઓ એક કોચ પર બેઠી હતી.

હેલકરી સમજ્યો કે હું મારી હકીકત પેહલી કહી દઉં કે પેહલો અને વેહેલો હું મોતનાં પંજા-માંથી છુટો થઇ જાઉં તેથી તે પોતાની હકીકત કેહવા લાગ્યો કે "બાનુઓ તમો મારી હકીકતથી પેહલાંજ માહેરછો, અને કેવા સંજોગથી હું ત્યાં આવી પુગો છું તે પણ તમને ખબર છે. તેથી હું જે કહેવા માગું છું તે બહુ ટુંકું ને ટચ છે. તમારી બેને મને હેલ કરવા માટે બોલાવ્યો, હું ખુશીથી તેણીની સાથે ગયો, એક સરાબવાલાની દુકાણેથી સરાબ લીધો, ફુલવાલા પાસેથી ફુલ લીધાં, ઓરેંજવાલા

પાસેથી ઓરેંજ લીધાં, પછી બદામ, પીસતાં અને બીજો સુક્કો મેવો લીધો, ત્યારપછી મીઠાઇવાળા પાસેથી મીઠાઇ લીધી અને ગાંધી પાસેથી વસાના લીધાં અને મારી પાંતી ખીચોખીચ ભરાયા પછી આ ઘરમાં પુગા, અને ત્યાર પછી હમણાં સુધી તમો નામદારના મકાનમાં મેં શું શું કીધું તે તમોને ખબરછે છેલ્લે તમો નામદારોની મેહરબાંની હું કદી વીસરસ નહીં. આ મારી આખી તવારીખ છે."

જ્યારે હેલકરીએ પોતાની હકીકત પુરી કીધી ત્યારે ઝોબીદા બોલી કે "ઉઠ, અને જા તારૂં મોહડું અમને કદીબી ફરી દેખાડતો ના." પેલા હેલકરીએ કહ્યું, "માફ માગીને કહુંછું, મેહરબાન બાનું કે મને થોડો વખત અત્રે રેહવા દો. આતો વાજબી નહીં કેહવાય કે મારી તવારીખ આ લોકોએ ખુશ ખુશાલ સાંભળી અને તેઓની તવારીખ હું નહીં સાંભળું." એટલું બોલી તેણે પેલા કોચના છેડા આગળ પોતાની જગા લીધી, અને જે મોટી ધાંરતીથી તેના હોસકોશ ઉડી ગયા હતા તેમાંથી મોકલો થવાથી ખરેખર તે ઘણો ખુશ થવા લાગ્યો. તે પછી ત્રણ ફકીરોમાંના એકે પોતાની વાર્તા નીચે મુજબ સરૂં કીધી:—

પેહલો ફકીર, જે એક રાજાનો છોકરો હતો તેની વાર્તા.

મેહરબાન બાનું, મારી જમણી આંખ કેમ ગઇ, અને શા કારણસર મને ફકીરનો વેશ લેવો પડચો તેનું કારણ જણાવવા માટે મારી હકીકત પ્રથમથીજ તમોને કહી સંભળાવતાં જણાવુંછું કે હું એક રાજાનો પુત્ર છું. મારા બાપને એક તેનાજ જેવો રાજવંસી ભાઇ હતો, જે પણ એક પાસેનાજ મુલકનો રાજા હતો. તેને એક છોકરો અને એક છોકરી મલી બે ફરજંદો હતાં. તે છોકરાની ઉમર મારા જેટલી હતી. હું પુરતી ઉમ્મરે આવ્યો અને મારો વિદ્યાભ્યાસ પુરો થયાથી મને મારા બાપે પુરતી રીતે સ્વતંત્ર કીધો. હું દર વરસે મારા કાકાના મુલકમાં મુલાકાતે જતો હતો, અને ત્યાં એક બે માસ ગાળી કાહડતો; જેમ કરતાં મને અને મારા કાકાના દીકરાને મજબુત દોસ્તી થઇ અને એક બીજામાં કરસો અંતર રહ્યો નહીં. રાબેતા મુજબ એક વરસે જ્યારે હું તેની મુલાકાતે ગયો ત્યારે મને તેણે અતી ઘણાં માંન સાથે પ્યારભર્યો આવકાર દીધો અને હંમેશ કરતાં વધારે પ્યારથી મારી સાથે વર્તવા લાગ્યો. એક દીવશે મને તેણે મોટી ધામધુમ સાથે જમાડ્યા પછી અમો ખુશ ગોફતેહગુહ કરવા લાગ્યા. વાત કરતાં તેણે કહ્યું કે "બીરાદર તારા ગયા પછી મેં આખાં વરસમાં શું શું કીધુ તથા કેવી રીતે મારો વખ્ત ગુજાર્યો તે તુને ખબર છે? મેં ખબરદાર અને વિશ્વાસુ કારીગરો પાસે એક સુંદર મેહલ બંધાવ્યો છે અને તે હવે તૈયાર થઇ રહ્યો છે જો તારી મરજી હોય તો તે હું તુને દેખાડું પણ તે જગ્યા છુપી છે અને તમામ રૈયતમાંથી તે કોઇને ખબર નથી માટે તે વિષે તું કોઇને નહીં કહેવાને કસમ લે તો હું તે છુપી જગ્યા અને મેહલ તને દેખાડવા માટે મારી સાથે લઇ ચાલું. મારી અને તેની દોસ્તી ઘણી ગાડી હતી, માટે તેની મરજી મુજબ ચાલવા સિવાય મને બીજો રસ્તો નહીં હતો તેથી તેને કબુલાત આપવાથી તથા તેની મરજી મુજબ કસમ લીધાથી તે ખુસી થયો અને મને જરા બેસાડી થોડાં વખતમાં પાછો આવવા કહી ગયો. તે તુરતજ થોડા વખતમાં પોતા સાથે એક જવાન સ્ત્રીને ઘણાજ ભપકાભર્યા લેબાશ સાથે લઇ આવ્યો તેણી કોણ હતી તે વિષે તેણે મને કસ્સું કહ્યું નહીં તેમ મેં પુછવાનેબી વાજબી વિચાર્યું નહીં. અમો પેલી સ્ત્રી સાથે પાછા ટેબલ પર ખાણું ખાવા બેઠા થોડો વખત જુદી જુદી બાબદો પર વાત ચલાવી, અને અકેકની સલામતીમાં સરાબના ગલાસો ખાલી કરવા લાગ્યા. પછી શાહાજાદો બોલ્યો "આપણને વખત ખોહયો નહીં જોઇએ; આ બાનુંને તારી સાથે લઇ જવાની મેહરબાંની કર, તેણીની સાથે પાછલે દરવાજેથી

જશો તમને ત્યાં એક ઘોર નજર પડશે, જે નવીજ બાંધેલી છે. તે તમો તુરતજ પીછાનશો, કારણકે તેના દરવાજા ઉઘાડાજ છે ત્યાં બન્ને જણા સાથે દાખલ થઇ મારી રાહ જોતાં ઉભાં રેહેજો, હું તમોને ત્યાં આવી મલીશ."

મારા કસમને અનુસરી હું એક શબ્દ પણ બોલ્યો નહીં. મેં મારો હાથ પેલી સ્ત્રીને આપ્યો અને શાહજાદાએ જે પ્રમાણે ફરમાવ્યું હતું તે પ્રમાણે ચાલતો થયો. ચંદરમાંની રોશનીની મદદથી નીશાનીબંધ અમો તે જગ્યાએ જઇ પુગાં ત્યાં અમોને શાહજાદો મલ્યો. જે પોતા સાથે એક શીસામાં પાણી, એક કોદાલી, અને વાસણમાં થોડોક ભીજવેલો ચુનો લેતો આવ્યો હતો. પેલી કોદાલીથી તેણે એક ઘોર જે પેલા ગુંબજની વચમાં હતી. તે ભાંજી નાખી તેના પથ્થરોને એક પછી એક ખીસાડીને એક ખુણામાં મુક્યા અને તેમ કીધાથી તેણે જમીનમાં એક મોટું બાકું પાડયું તેમાં જોતાં મને એક ચોર દરવાજો નજર પડયો, જે તેણે ઉઘાડી નાંખ્યો તો એક દાદર નજરે પડયો, તે પછી તે પેલી સ્ત્રીને કેહવા લાગ્યો કે "બાનું, આએજ પેલી જગ્યા પર જવાનો રસ્તો છે કે જે વિષે મેં તમોને કહ્યું હતું." આ શબ્દો સાંભળી તે સ્ત્રી દાદર ઉપરથી ઉતરવા લાગી. શાહજાદો તેણીની પછવાડે ઉતરવાને તૈયાર થયો; પણ તે પેહલાં મારી તરફ ફરીને કહેવા લાગ્યો કે "ભાઇ હું તમારો મોટો ઉપકારી છું, ભાઇ તમોને ઘણી તસદી પડી તે માટે તમારો મોટો આભાર માનું છું. સાહેબ મેહરબાંન!" મેં કહ્યું "પ્યારા ભાઇ, આ બધાંનો શું સબબછે તે મને સમજાવશો?" તેણે જવાબ આપ્યો "તે કાંઇ નથી, પણ તું જે રસ્તે આવ્યો તે રસ્તે પાછો ફર."

તેની તરફનો કાંઇબી ખુલાશો મલી શકે એવું નહીં દીસવાથી મેં તેને સલામ અલેકુમ કીધી. મારા કાકાના મેહલમાં હું આવી પુગો કે જે સરાબ મેં પીધો હતો તેથી મારૂં માથું સખ્ત દુઃખવા લાગ્યું. માહ મુશકેલે હું મારા ઓરદામાં પુગો અને સુઇ ગયો. બીજે દીને બામદાદમાં હું જાગી ઉઠયો ત્યારે ગઇ રાત્રે બનેલા બનાવો વિષે વિચાર કરવા લાગ્યો, અકેક પછી દરેક બાબદ મને યાદ આવવા લાગી અને તે સર્વે ખરેખર એક અજાયબ સ્વપ્ન જેવી મને લાગી. મને તેના ખરાપણા વિષે શક પડવાથી ખાતરી કરવા સારૂં મેં મારો પીતરાઇ ભાઇ હજુર સુધી ઉંઘમાંથી ઉઠયોછે કે નહીં તે જોવા માણસ મોકલ્યું, પણ જવાબ ફરી વલ્યો કે તે આજ રાતના મેહલમાં ઉંઘયોજ નથી અને કોઇને ખબર પણ નથી કે તે ક્યાં ગયોછે અને તેનું શું થયું છે! તેથી મેહલના સર્વે લોકો મોટા ધભરાટમાં પડયાં છે. હવે મારી પુર ખાતરી થઇ કે ગઇ કાલની વાત સ્વપ્નું નહીં પણ ખરેખરીજ બીનાછે તેથી પેલી કબરની સોધ કરવા હું કબરસ્તાનમાં છુપ્યો દાખલ થયો પણ ત્યાં સંખ્યાબંધ બીજી ઘોરો હોવાથી હું પેલી ચોકસ ઘોર શોધી કાહડવામાં નીશફલ થયો. આખો દીવસ મેં સોધ ચાલુ રાખી પણ હું જે ઘોરની શોધમાં હતો તે ઘોર મલી નહીં. મેં ચાર આખા દહાડા મારી છુપી સોધમાં કાઢયા પણ તેમાં મને ફતેહ મલી નહીં.

તમોને જણાવવાની જરૂર છે કે મારો કાકો આ બધો વખત પોતાની રાજધાણીથી દુર હતો. તે શીકારે ગયલો હતો. તે આવે ત્યાં સુધી રેહવાને મને ગમ્યું નહીં, અને તેના વજીરોને મારી તરફથી મારા જતાં રેહવા માટે પાહદશાહથી મારી ચાહવાની અરજ કરી મારા બાપની દરબારમાં જલદી જવુંછે એવું બાહનું દેખાડી મેં મારા કાકાની રાજધાણી છોડી. મારા કાકાના વજીરો મારા પીતરાઇના ગુમ થવાથી ઘણા ધભરાત તથા અફસોસમાં હોવા છતાં હું તેને વિષે જે જાણતો હતો તે મેં લીધેલા સખ્ત સોગંદને લીધે કહી શકયો નહી.

હું મારી બાપીકી રાજધાણીમાં આવી પુગો પણ મેહલના દરવાજામાં પગ મુકતાંજ, અસાધારણ રીતે, ત્યાં પુશ્કળ પોહરેગીરોને મેં જોયા, તેઓએ તુરત મને ઘેરી લીધો. મેં તેમ કરવાનું કારણ

જાણવા માંગ્યું ત્યારે તે તોલીના સરદારે મને જણાવ્યું કે "શાહજાદા! લશ્કરે મોટા વજીરને પાદદશાહ તરીકે કબુલ કીધો છે કે કારણ કે તારો બાપ પોતાના ઓરદામાં મુએલો પડેલો છે અને નવા પાદદશાહના નામથી તુને અમો કેદ કરીએ છીએ." આ શખુનો કહેતાંજ મને પકડી લીધો અને પેલા ધાઇખોરા પાદદશાહ હજુર મને લઇ ચાલ્યા. મેહરબાન બાનું, મારી અજાયબીનો તથા દલગીરીનો હવે તમો ખ્યાલ કરી સકશો.

આ બલવાખોર વજીરને મારી તરફ મજબુત ધીક્કાર હતો અને લાંબા વખતથી તે વેર લેવાને ટાંપી રહ્યો હતો. મારી તરફના ધીક્કારનું કારણ આ હતું: જ્યારે હું ન્હાનો હતો ત્યારે મને પક્ષીનો તીર અને કાંકડીથી શીકાર કરવાનો ઘણો શોખ હતો. એક દીવસે જ્યારે હું મારા ન્હાના હથ્યાર સાથે મેહલના ઉપલા ભાગ ઉપરથી મારી રમત કરતો હતો, તે વખતે એક પક્ષીને ઉડી જતું જોઇ, મેં તેને મારા તીરથી એક કાંકડી લગાવી, પણ નેમ ચુકી, અને મારો વજીર જે પોતાના ઘરની અગાસી ઉપર હવા ખાતો હતો તેની આંખમાં લાગી, અને તેની એક આંખ ફુટી ગઇ. જેવી આ અકસ્માતની મને ખબર પડી તેવોજ હું વજીર આગળ દોડી ગયો અને તે બનાવ વિષે ઘણી દલગીરી બતાવી માફ માગી. આ બનાવ પછી તેણે મારી તરફ ઘણી ઇરસા રાખી અને વખતે વખત તે પોતાની અદેખાઇ હરેક બાહણે મને દેખાડતો હતો. હવે જ્યારે હું તેના કબજામાં આવ્યો ત્યારે તો પોતાનો ધીક્કાર તેણે ઘણા જંગલી ગુસ્સાથી દેખાડયો. જેવો તેણે મને જોયો તેવોજ ગુસ્સાથી લાલ પીલો થઇ મારી તરફ દોડી આવ્યો અને પોતાનાં આંગળાં મારી જમણી આંખમાં ભોકી દઇ, મારો ડોલો બાહાર ખેંચી કાહડયો અને મને હંમેસ સુધીનો એક આંખે આંધળો બનાવ્યો.

પણ તે નાપાક વજીર આટલી જફા પાડી કાંઇ અટકયો નહીં. તેણે હુકમ કીધો કે મને એક ન્હાના પીંજરાંમાં કેદ કરી થોડેક દુર જંગલમાં લઇ જઇ કતલ કરવો અને મારાં બદનને જંગલી જાનવરોના ખોરાક દાખલ ફેંકી દેવું. એક માણસ સાથે મારો ઠેડવેલો ખુની ઘોડે સ્વાર થઇ મને લઇ ચાલ્યો. જ્યાં સુધી મને મારી નાખવા લાયકની જગા આવી ત્યાં સુધી તેઓ થોભયા નહીં. જ્યારે તેઓ થોભયા ત્યારે મેં તેઓથી દયા મેળવવા માટે ઘણી કાકલુદી કીધી, પુસ્કલ આંસુઓ પાડ્યાં અને મારો જાન બચાવવાને તેઓને ઘણા વીનવ્યા. આખરે તેઓ પીગલ્યા અને પેલા ખુનીએ મને કહ્યું કે "આ ઘડીએ તારે આ દેશ છોડી નાહસી જવું અને ફરીથી કદીબી ત્યાં પગ મુકવો નહીં, જો તું જીવતો માલમ પડશે તો તારી તેમજ મારી બંનેની ખુવારી થશે". તેણે બતાવેલી દયા માટે મેં તેનો ફરી ફરીથી ઉપકાર માનયો અને જ્યારે હું તદન એકલો પડયો ત્યારે મેં મારી એક આંખ ગઇ પણ જીંદગી બચી તેથી સંતોષ માની લીધો.

મારી આવી દુ:ખી હાલતને લીધે હું જલદી મુસાફરી કરી શકયો નહીં, આખો દીવસ ધાસ્તીનો મારયો હું છુપી જગાઓમાં ભરાઇ બેસતો અને રાતના મારી મુસાફરી, જેમ મારાથી બનતી તેમ, લંબાવતો. આખરે હું મારા કાકાના મુલકની સરહદે પુગો. મેં તુરતજ મારા કાકાની રાજધાણી તરફ રસ્તો લીધો. મેં ત્યાં પુગતાંજ મારૂં પાછું ફરવાનું કારણ તેને જણાવ્યું અને મારી કંગાલ હાલતથી તેને જાણીતો કીધો. તે બોલ્યો "અફસોસ! મેં મારો છોકરો ખોહયો તે ગોયા પુરતું નહીં હોય તેમ મારા અતીઘણા પ્યારા ભાઇના મરણના સમાચાર મને દુ:ખના દરયાવમાં વધુ દુબાડે છે. વળી તે સાથે તારા બુરા હાલથી મારી છાતી ફાટી જાય છે" પછી તેણે મને જણાવ્યું કે ઘણીબી સોધ કીધી પણ મારા પીતરાઇનો પત્તો મળ્યો નહીં. વાત કરતાં એટલાંતો આશું તેની આંખમાંથી પડ્યાં કે તેની દલગીરીથી મારી છાતી ભરાઇ આવી અને જે પ્યારનો ઉભરો મને તેની તરફ થયો તેથી મારા પીતરાઇએ

આપેલા સોગંદ મારેથી વધુ વખત સચવાઇ શકાયા નહીં અને મેં મારા કાકાને બધી વાતે વાકેફ કીધો, અને તે કેમ ગુમ થયો તેની સર્વે હકીકત તેને કહી સંભળાવી.

તેને જેજે મેં કહ્યું તે તેણે ઘણી ધીરજથી સાંભળ્યું અને તે પુરૂં થતાં તેને કાંઇક આસા આવેલી જણાઇ. તે બોલ્યો "મારા પ્યારા બેટા તારી વાતથી મને આસા આવે છે કે આપણે તેનો પત્તો મેળવી શકશું. જે ઘોર વિષે તેં જણાવ્યું તે ઘોર તેને બાંધેલી મને ખબર છે અને તે તેણે છુપી રીતે બાંધી હતી તથા તારી પાસેથી પણ તે છુપી રાખવાને કબુલાત લીધી હતી ત્યારે આપણે આપણી સોધ પણ છુપી રીતેજ કરવી કે તે વિષે વધુ ચકચાર થાય નહીં." મારા કાકાને આ પ્રમાણે છુપી સોધ કરવાને એક બીજુંબી કારણ હતું જે તેણે મારેથી છુપાવ્યું હતું પણ તે કારણ મારી વાર્તા પુરી થતાં તમને માલમ પડશે કે તે ઘણું અગત્યનું હતું.

અમો બાગને એક છુપે દરવાજે કબરસ્થાનમાં દાખલ થયા. અમો જેની સોધ કરતા હતા તે જલદીથી સોધી કાહડવાને ભાગ્યસાલી થયા. મેં પેલી ઘોર તરતજ ઓલખી, કે જે માટે મેં આગળ ફોકતમાંજ ઘણી તજવીજ કીધી હતી તોપણ મને મલી નહીં હતી. અમોએ પેલો છુપો લોખંડનો દરવાજો જોયો જે ઉઘાડયાથી નીચે ઉતરવા માટેનો દાદર મળી આવ્યો પણ તે ઉગાડતાં અમને ભારી મેહનત પડી કેમકે મારા પીતરાઇએ તે ચુનાથી ઘણી સરસ રીતે ચની લીધો હતો. મારો કાકો પેહલો નીચે ઉતરયો અને હું તેની પાછલ ગયો. પચાસેક પગઠયાં નીચે ઉતર્યા કે દાદર પુરો થયો અને અમો એક ન્હાના ઓરડામાં આવી ઉભા પણ તે ધુમાડાથી તદન ભરાઇ ગયલો હતો, જે ધુમાડાનો વાસ ઘણોજ ખરાબ હતો, અને તેથીજ ત્યાં મુકેલા એક સુંદર અને સરસ ઉજાસવાલા દીવાનો પ્રકાશ પણ ઝાંખો પડતો હતો.

તે ન્હાના ઓરડામાંથી અમો એક મોટા દીવાનખાનામાં દાખલ થયા જેના છાપડાને મોટા થાંભલાથીઓથી ટેકો આપેલો હતો અને વળી ત્યાં વધારે દીવામાંઓ રોશની કીધેલી હતી. તે ઓરડાની વચોવચમાં એક મેજ ગોઠવેલી હતી જે ઉપર તહરેવાર જાતના મેવા મીસતાનો મુકેલાં હતાં. પણ ત્યાં કોઇબી આદમીને નહીં જોવાથી અમો ઘણા અજબ થયા. અમારી નજરે ત્યાં એક મોટા છતર પલંગ પડયો, જેની ઉપર ચહડવાને થોડાંક પગઠયાં હતાં, તેની આસપાસ સુંદર રંગબે-રંગી કપડાંની કુરતની નાંખેલી હતી. મારો કાકો તે પલંગ આગળ ગયો અને કુરતની ખીસાડી નાંખી તો તેની નજરે શાહજાદો પડયો જે એક સ્ત્રી સાથે પલંગ પર સુતેલો હતો. પણ તે બંને જણાઓ અર્ધા બલેલાં હતાં, તેઓ કાલા મારી ગયાં હતાં. ગોયા કોઇએ તેમને એક મોટી આતશની ભથીમાં ભુંજી કાહડ્યાં હોય એવો તેઓનો ભયંકર દેખાવ હતો. જેટલી અજાયબી મને તેઓના આવા હાલથી ઉપજી તેથી વધુ મારા કાકાની શાંતી જોઇ ઉપજી; તેણે પોતાના દીકરાના આ બુરા હાલ જોઇ જરાબી દલગીરી કે શોક બતાવ્યો નહીં તે પોતાના દીકરાનાં મોહ ઉપર થુકયો અને ઘણા ગુસ્સા ભર્યા આવાજથી બોલ્યો કે "આ દુનીયામાં તને આ શીક્ષા થઇ છે પણ પેલી દુનીયામાં એથી વધારે બુરી શીક્ષાને તું સજાવાર છે". એટલું કરી તે ધરાયો નહીં પણ પોતાના પગમાંથી જોડો કાહડી તેના મોહડા પર મારયો.

આ પ્રમાણે પોતાના મુએલા પુત્ર સાથે તેને કૃરપણે વરતતો જોઇ મને જે અજાયબી લાગી તે હું કહી શકતો નથી. "પ્યારા કાકાજી" મેં કહ્યુંકે "ગમે એવો આ દુઃખદાયક બનાવ છે અને તેથી હું ઘણોજ શોકમાં ગીરફ્તાર છું તોપણ મને પેહલાં તમો નામદારને પુછયા વગર ચાલતું નથી કે મારા પીતરાઇએ એવો તે શું મોટો ગુનાહ કીધોછે કે તેની પ્રાણ વગરની લાસને તમો આવુ મોટું

અપમાન આપવાને વાજબી વીચારો છો?" શાહે જવાબ દીધો "ભાઇ, ખરેખર મારે તને જણાવવું તો જોઇએ કે મારો આ નાલાયક બેટો ન્હાનપણથીજ પોતાની બેહનને અતી ઘણી ચાહતો હતો અને તેમજ તેણી પણ તેને ચાહતી હતી. મેં આ પવીત્ર પ્યારને ઉત્તેજન આપ્યું કારણ કે મારા સ્વપ્નામાં પણ નહીં હતું કે તેથી કાંઇ ભયંકર પરીનામ નીપજશે. આ તેઓનો પવીત્ર પ્યાર ઉમરના વધારા સાથે વધ્યો ગયો અને તે એવી ટોંચે પુગેલો મને જણાયો કે તેના પવીત્રપણા વિષે મને ધાસ્તી લાગવા માંડી. હવે એકજ ઉપાય રહ્યો તે મેં અજમાવ્યો. મેં મારા બેટાને સખત ઠપકો આપ્યો તથા પુશકળ ધાસ્તી આપી સમજાવ્યો કે તે જે રીતે વર્તેછે તે રીત ઘણી ભયંકર તથા આપણા કુટુંબને બેઆબરૂ કરનારી છે. એજ મુજબ મેં મારી દીકરીને કહ્યું. સેવટે મેં તેણીને એક ઠેકાણે બંધ કરી રાખી કે તે પોતાના નાપાક ભાઇ સાથે વાતચીતબી કરી શકે નહીં. પણ તે કમનસીબ છોકરીમાં ખરાં બીના બીયાં પેવસ થયલાં હતાં, તેથી મારી શીખામણથી તે તથા તેનો ભાઇ ઉલટાં વધારે હવસી થયાં. જ્યારે મારા દીકરાને માલમ પડયું કે મારી દીકરી તેને વધારે ચાહેછે ત્યારે તેણે પોતાની બુરી મતલબ પાર પાડવા માટે તજવીજ ચાલુ રાખી અને એક ઘોર બાંધવાને બાહણે આ છુપુ મકાન તેણે બાંધવા માંડયું કે લાગ ફાવતાં તેમાં તે પોતાની બેહનને લઇ નાહસી ભરાઇ બેસે. મારી ગેરહાજરીનો લાભ લઇ તે પોતાની બેહનને જ્યાં બંધ કીધી હતી ત્યાં ગયો અને જોરજુલમથી તેણીને છુટી કરી આ ઠેકાણે ભરાઇ ગયો. અને તેની મને ખબર પડી પણ શરમને લીધે તે બીના મેં જાહેર થવા દીધી નહીં. આ ગુનાહ કીધા અગાઉ તેણે સર્વે જાતના ખોરાકથી પોતાનું આ છુપું મકાન ભર્યું હશે અને ત્યાં મોજ મજાહ મારવાના ઇરાદાથી તે તથા તેની બેહન રહ્યાં, પણ ખોદાવનતાલા એવાં પાપીઓને સીક્ષા કરવા વગર કદી રેહતો નથી અને તે પ્રમાણે આ પાપીઓને બાલી ખાખ કીધાં છે." એટલુ બોલી મારો બુજોરગ કાકો પુસ્કળ રડવા લાગ્યો જે જોઇ મને પણ બેહદ રડવું આવ્યું.

થોડેક વારે મુગો રેહતા પછી તેણે મારા તરફ જોયું અને બોલ્યો "મારા પ્યારા બેટા, જો કે મેં એક નાલાયક બેટો ખોહયો છે તો તેની ખુટ પુરી પાડવા માટે તું છે એટલે બસ." એટલું કહી તેણે મને બગલગીરી કીધી અને તે તથા હું બંને મોટા ગમ સાથે રડવા પાછા લાગ્યા.

અમો પેલા દાદર પરથી પાછા ઉપર આવ્યા અને પેલું લોખંડતું છુપું બારણું પાછું જેમનું તેમ બંધ કરી તે ઉપર પાછી માટી પુરી લીધી અને તે જેમ બને તેમ નહીં જણાય એવી રીતે બેમાલુમ કરીને આ ખુદરતી કેહરનો અજાયબ દાખલો છુપાવ્યો.

અમો મેહેલ તરફ પાછા ફરયા તે વેલાએ, થોડા વખત પછી, અમોએ બીયુગલો, નગારાંઓ, અને એવાંજ બીજાં લડાયક વાજીંત્રોના મોટા અવાજો સાંભલ્યા. આસમાન સાથે લાગેલી ગેરદ ઉપરથી અમોએ તરતજ જાણયું કે દુશમનની ફોજ મારા કાકાના રાજપર ચહડી આવેછે. પેલોજ નાપાક વજીર જેને મારા બાપને તખ્ત પરથી ઉઠાડી મેલી તેનું રાજ છીનવી લીધું હતું તેજ મુજી માર કાકાના રાજ્ય ઉપર ચહડી આવતો હતો.

મારા કાકા પાસે એટલું બધું લશકર નહીં હતું કે તે આવા જબરાં ને મોટાં લશકરની સાંમે થઇ શકે. તેઓએ તે શેહર ઘણી સેહલાઇથી જીતી લીધું કારણકે કોઇ સામે થયું નહીં અને તેથી શેહેરના દરવાજા વગર અટકાવે તેઓ આગલ ખુલ્લા હતા. તેઓએ શાહના મેહલ પર હુમલો કીધો, શાહે પોતાનો બચાવ કરવાની ફોકત કોશેશ કીધી જેમ કરી લડતાં તેણે પોતાનો પ્યારો જાન ખોહ્યો. હું પણ જીવ પર આવી લડયો પણ મારા કાકાના મરણ પછી, કાંઇ આરો નહીં રેહવાથી, નાહસીને મારા કાકાના એક વીશ્વાસુ અમલદારના ઘરમાં ભરાઇ બેઠો.

મારી ઉપર પડેલી આફતથી મને અતીઘણી દલગીરી લાગી પણ જીવ બચાવવાની કાંઇ યુક્તી તો કરવીજ જોઇએ તેથી મેં જોગીનો વેશ ધારણ કીધો. મારી દહાડી તથા ભવાં બોડી નાખ્યાં ને એક જોગી બની ગયો કે મને કોઇ પીછાની શકે નહીં. એ વેશ લીધા પછી મારા કાકાનું દેશ છોડી નહાસી જવાનું મને સેહલ થઇ પડયું. ઘોરી ને જાહેર રસ્તાને બદલે નહીં જણાયલા આડા અવલા રસ્તાઓ પરથી મેં મારી મુસાફરી સરૂ કીધી અને જ્યાંસુધી મોટા ધરમી અને પ્રાકરમી નામદાર કાલીફ હારૂન-અલ-રસીદનાં બોહોલાં રાજની સરહદમાં આવી પુગ્યો ત્યાંસુધી કોઇબી શેહરમાં હું થોભ્યો નહીં. મારો વિચાર બગદાદમાં આવી ત્યાં આ મોહટા ઇનસાફી કાલીફના પગ પર માથું નાખી મારી હકીકત તેને કહી સંભલાવી તેનેથી દાદ ચાહવાનો છે. મારી ખાતરી છે મારી કમનસીબ હાલત તથા મારી દલગીરીભરી હકીકત સાંભળી મારા જેવા કંમબખ્ત શાહજાદાને તે નામદાર જરૂર ઘટતો આસરો આપશે.

છેલ્લે ઘણાક મહીનાની મુસાફરી પછી હું આ શેહરના દરવાજા આગળ આવી પુગો. જ્યારે સાંજ થવા આવી ત્યારે હું દરવાજામાં દાખલ થયો, થોડો વખત થાક ખાધાથી હું જરા વધારે તતાર થયો અને હવે કેવું પગલું ભરવું તે નકી કરૂં છું કે આ બીજો જોગી મારી સામે આવી ઉભો, તેણે મને સલામ અલેકુમ કીધી મેં તેણે પુછયું કે "તમો પણ મારી માફક આ શહેરથી અજાણ્યા લાગો છો." "તમો ખરૂં કહો છો" એમ તેણે જવાબ આપ્યો. તેજ ઘડી ત્રીજો જોગી અમારી પાસે આવી ઉભો. તેણે પણ અમને જણાવ્યું કે તેબી તદન નવોજ અને આ શહેરથી નાવાકેફ છે અને હમણાજ બગદાદ આવી પુગો છે. અમો ત્રણેજણા ભાઇઓ તરીકે જોડાયા અને ઠેડાવ કીધો કે હવે કદી પણ જુદા પડવું નહીં.

પણ અસરૂં ઘણું થયું હતું અને જે શહેરમાં અમો કોઇકાલે પણ પગ મુકેલો નહીં ત્યાં રાત કયાં ગુજારશું તેની ફીકરમાં પડ્યા. અમારા સારા નસીબે અમો તમારા દરવાજા આગળ આવી પુગા અને તમારો દરવાજો ઠોકવાની છુટ લીધી તમોએ ઘણા સખી દીલગુરદાથી અમને અંદર લીધા અને તે માટે તમારો જેટલો ઉપકાર માન્યે તેટલો થોડો છે. આ મારી હકીકત છે જે તમારી ખાયસથી મેં ખરેખરી જાહેર કીધી છે. મારી જમણી આંખ કેમ ગઇ, મારી દહાડી તથા ભવા શા કારણથી બોડાવવાં પડ્યાં અને તમારા મકાનમાં શા કારણથી આવવું પડયું તે સર્વેનો ખુલાશો તમોને કીધો છે."

ઝોબીદીએ કહ્યું કે "બસ તમારી હકીકત સાંભળી તમોને હું જીવતદાન આપું છું, તમે હવે તમારે ગમે ત્યાં જાવો" પેહલા ફકીરે માગી લીધું કે જ્યાં સુધી સર્વે જણા પોતાની તવારીખ કહી રહે ત્યાં સુધી તેને ત્યાં હાજર રહેવા દેવો.

પેહલા ફકીરની વાર્તા સર્વેને ઘણી અજાયબ જેવી લાગી તેમાં મુખ્ય કરીને નામદાર કાલીફને તો તે ઘણીજ અદભૂત્ત લાગી. પણ પેલા ઉગાડી કટાર સાથના હબસી ગોલામોની હાજરીથી તે કાંઇ બોલી શકયો નહીં, તોપણ પોતાના વજીરનાં કાણમાં તેણે કહ્યું કે "જો કે મેં ઘણીબી તાજુબી ભરી હકીકતો સાંભળી છે પણ જ્યાં સુધી મને યાદ છે ત્યાં સુધી આજના જેવી અજાયબ વાર્તા મેં આજ સુધી સાંભળી નથી." પછી બીજા ફકીરે ઝોબીદાને નમસ્કાર કરી પોતાની વાર્તા નીચે મુજબ સરૂ કીધી.

બીજો ફકીર, જે એક રાજાનો પુત્ર હતો તેની વાર્તા.

તમારા હોકમને તાબે થઇ હું મારી જમણી આંખ કેમ ખોહી બેઠો તેની અજાયબ જેવી હકીકત તમો નામદાર બાનું આગળ કહી સંભળાવવાની રજા લઉં છું, તેમ કરતાં મારી આખી જીંદગીનો અહેવાલ કહીશ.

હું પણ એક શાહજાદો છું. જ્યારે હું લગભગ એક બચું હતો ત્યારથી મારી હુશીયારી જોઇ મારા પાદશાહી બાપે મારી કેળવણી ઉપર ઘણી મેહનત લેવા માંડી અને પોતાના રાજ્યના દરેક ભાગમાંથી ઘણા હુશીઆર અને જાણીતા ઓલમાઓને મારી તરબીયત માટે બોલાવ્યા. જેવો હું વાંચવા લખવા શીખયો કે મેં આપણું પવીત્ર ધર્મ પુસ્તક 'કુરાન' આખું મોહડે કીધું. જે મધેની દરેક બાબદ, ફરમાનો અને ધર્મ સંબંધી રીતીઓનો મેં પુર્ણ અભ્યાસ કીધો. મારો અભ્યાસ કોઇબી રીતે કાચો ન રહે તે માટે મેં દરેક ઓલમાઓના કુરાન સંબંધી ટીકાઓનો પણ પુરતા ધ્યાનથી અભ્યાસ કીધો. એ સીવાય બીજી દરેક ધર્મ સંબંધી બાબદોની વાકેફગારી મેં મેળવી હતી. ધર્મ સંબંધી જ્ઞાન મેલવીને હું ધરાયો નહીં પણ તે ઉપરાંત તવારીખ સંબંધી, નીતી સંબંધી અને કવિતા સંબંધી પણ પુરૂં જ્ઞાન હાંસલ કીધું. તે પછી ભૂગોળવિદ્યા તથા જ્યોતીસવિદ્યાનો પણ સારો અભ્યાસ કીધો, તેમ કરતાં એક શાહજાદાને છાજે તેવી બીજી તરબીયત લેવાને ચુકયો ન હતો. દરેક જાતની મરદાંની કસરતથી હું જાણીતો હતો. અરેબીક ભાષામાંતો મારી બરોબરીઓ કોઇ હતોજ નહીં અને મારા દસ્તખત એટલાતો શરસ હતા કે મોટા મોટા વખનાયલા લહીયાઓ કરતાં હું સરસ રીતે લખી શકતો હતો.

મારી તારીફ હદથીજ્યાદા થવા લાગી. મારા બાપીકા રાજમાંજ મારી હુશીયારી અને વાખવાખી થવા લાગી એટલુંજ નહીં પણ તે ઉપરાંત હીંદુસ્થાન તરફ પણ મારી તારીફ થવા લાગી. હીંદુસ્થાનના જબરદસ્ત રાજાની મરજી મને નજરે નજર જોવાની થઇ તેથી તેણે ઘણી ઉમદા ભેટો સાથે એક એલચીખાતું મારા બાપની દરબારમાં મોકલ્યું અને તેની મારફતે મને ખાસ તેડું મોકલ્યું. આ એલચીખાતાંનાં આવી પુગવાથી મારા બાપને ઘણી ખુશી ઉપજી કારણ કે મારા જેવા તેના ફરજંદની તારીફ પારકા દેશમાં થઇ અને મારી ઉમરના એક શાહજાદાને તેની હુંશીયારી માંટે છેક ભરતખંડથી તેડું આવે એ કાંઇ થોડી ખુશીની વાત નહીં. વલી મારે લીધે હીંદુસ્તાનના મોટા રાજા સાથે મારા બાપને દોસ્તીનું નાતું બંધાય એબી ઘણી ફાયદાભરી વાત ગણાય. હું તે એલચીઓ સાથે જવા નીકલ્યો, પણ મારી સાથે ઘણાજ થોડા સ્વારો તેમજ થોડોજ અસબાબ લીધો હતો કારણ કે રસ્તો ઘણો બીકત તેમજ મંજલ ઘણી લાંબી હોવાથી વધુ અસબાબ અને સ્વારો લઇ જવાય એમ હતું નહીં.

અમોએ એક માસ સુધી વગર હરકતે મુસાફરી કીધી પણ એક દીવસે અમારી નજરે દુરથી મોટું ધુલારૂં ઉડતું દેખાયું અને તે પછી તુરતજ પચાસ હથ્યારબંધ આદમીઓની ટુકડી અમારી તરફ કુચ કરતી નજર પડી. તેઓ ચોરો હતા અને અમોને લુટવા માટેજ અમો તરફ ધસારાબંધ આવતા હતા. અમારી સાથે ફકત દસ ઘોડા, અસબાબ તથા હીંદી રાજાને આપવાની ભેટોથી લાધેલા, હતા અને અમારી સાથે માણસો પણ ઘણાજ થોડાં હતા તેથી તે ચોરોએ અમારી ઉપર તુટી પડવાને કાંઇ વીલમ લગાડયો નહીં. અમો તેઓની સાંમે થવાને બીલકુલ અશક્ત હોવાથી અમોએ તેઓને જણાવ્યું કે અમો હીંદુસ્તાનના નામદાર રાજાના એલચીઓ છીએ માટે અમારી સાથે તમોએ એવી ચાલ ચલાલવી નહીં અને અમને અમારે રસ્તે સહીસલામત જવા દેવા નહીંતો તમો ઉપર રાજાનો કોપ ઉતરશે. પણ અમારી એવી વાતની તેઓએ રતી ભારબી દરકાર કીધી નહીં અને સાંમાં હસીને કેહવા લાગયા કે "હીંદુસ્તાનના રાજાની અમને શું દરકાર છે? અમો કાંઇ તેની પ્રજા નથી અને અમો કાંઇ તેની સરહદમાં પણ નથી." એટલું બોલી તેઓ ચોતરફથી અમારી ઉપર હુમલો લાવ્યા. મેં મારો બચાવ મારેથી થયો એટલો કીધો પણ જ્યારે હું જખમી થયો ત્યારે મેં જોયું કે સર્વે એલચીઓ અને અમારા ખીદમતગારો પણ જમીનદોસ્ત થયા ત્યારે મેં નાહસવાનો

કસદ કીધો. મારો ઘોડો પણ જખમી થયો હતો તેનામાં જેટલું જોર બાકી હતું તેટલો આધાર રાખી મેં નહાસવા માંડયું. પણ તે જલદીથીજ મારા ભાર સાથેજ જમીનદોસ્ત થયો કારણ કે તેને થયલા જખમથી તે એટલોતો નાતવાન થઇ ગયો હતો કે પડતાંને વારજ તેને પોતાનો પ્રાણ મુકયો. મેં મારા ઘોડાને ત્યાંજ પડતો મુકયો અને નાહસવા માંડયું. મારી દુમબાલે કોઇ આવ્યું નહીં કારણ કે તે ચોરો અમારો અસબાબ વેંહચી લેવામાં રોકાયલા હશે.

આ પ્રમાણે હું ઘાયલ થયલો અને કાંઇપણ યારી વગરનો એવાં એક દેશમાં ભટકવા લાગ્યો કે જે મેં કદી જોયલું પણ નહીં. મેં ઉજડ જંગલનો રસ્તો મેળી દીધો કે વળી રખેને બીજા ચોરોને હાથ ફસી જાઉં. મેં મારા જખ્મો, જે કાંઇ ઘણાં ભયંકર નહીં હતા, તે ઉપર પાટા બાંધ્યા અને તે દીવસનો બાકીનો આખો વખત ચાલવામાં ગુજારયો. સાંજ પડતાં સુધીમાં હું એક ગુફા આગળ આવી પુગો. તેમાં હું દાખલ થયો, રસ્તે ચાલતાં ભેગાં કરેલાં ફળો મેં ત્યાં બેસી ખાધાં અને બાકીની રાત તેજ ગુફામાં ગુજારી.

થોડાક દીવસ મેં મારી કંગાલ મુસાફરી ચાલુ રાખી પણ એવી એકબી જગ્યા મને નજર નહીં આવી કે ત્યાં હું થોભી શકું. પણ તે મહીનો પુરો થતાં હું એક મોટા શહેરમાં આવી પુગો. તે શહેર મોટી વસ્તીવાલું, ઘણું રોણકદાર તથા ફળદ્રુપ હતું કારણ કે તેની આસપાસ ઘણીક નદીઓ વેહતી હતી અને તેની રૂતું પણ ઘણી ખુશનુમાં લાગતી હતી. આ સર્વે જોઇને મને ખુશી પેદા થઇ પણ તેજ ઘડીએ મારી કંગાલ હાલત જોઇ મારી છાતી ફાટી જવા લાગી. સુરજના તાપથી મારો આખો ચેહરો, હાથ પગ સર્વે પીળા મારી ગયા હતા, અને ગોયા હું બળી ગયો હોવું એવો થઇ ગયો હતો. મારા જોડા બીલકુલ ફાટી ગયા હતા અને જે મજબુત રખડ મેં કીધી હતી તેથી હાલ મને બીલકુલ ઉગાડે પગે ચાલવું પડતું હતું. તે સાથે મારા કપડાંના વાવતે વાવતા ઉડી ગયા હતા અને હું એક કંગાલ ભીખારી જેવો દીસ્તો હતો.

હું તે શહેરમાં દાખલ થયો કે ત્યાં કેઇ ભાષા બોલાય છે અને તે કયું શહેર છે તેની ખબર કાહડું. મેં એક દરજીને તેની દુકાનમાં કામ કરતો બેઠેલો જોયો તેણે મારો સવાલ પુછયો. મારી જવાની અને મારી અદબ અદાથી તેણે ધાર્યું કે હું કાંઇ જેવો તેવો આદમી દીસ્તો નથી અને મારા હાલ ઉપર જેવે હું દેખાતો હતો તે કરતાં ઉંચી પદવીનો હું માણુસ છું એવું દેખાવાથી તેણે મને પોતા પાસે બેસાડયો અને હું કયાંથી આવ્યો, કોણ છું, અને શા કારણ સંર આવ્યો તે વિષે મને સવાલો પુછયા. મે તેનેથી કાંઇ પણ છુપાવ્યું નહીં અને જેબી કાંઇ બન્યું હતું તે સર્વે સાચે સાચું કહી દીધું એટલુંજ નહીં પણ તે સાથે મારૂં નામ થામ પણ તેને ખુલ્લું કહી દીધું. આ સર્વે પેલા દરજીએ ઘણાં ધ્યાણથી સાંભળી લીધું, પણ મારી હકીકત સાંભળ્યા પછી તેણે મને કાંઇ દીલાસો આપ્યો નહીં પણ સામી મારી જીજ્ઞાસા અને ફીકર વધારી આપી. તે બોલ્યો "જે પ્રમાણે મારી આગળ તેં બધી વાતનો ખુલાસો કીધો, તે પ્રમાણે બીજા કોઇ આગળ કરતો ના કારણ કે આ શેહરનો રાજા તારા બાપનો મોટો દુશ્મન છે અને તે જો જાણશે કે તું તેના શેહરમાં આવી પુગોછે તો તે તુને ઘણો હેરાન કરશે." જ્યારે તે શેહરના રાજાનું નામ મને તે દરજીએ જણાવ્યું ત્યારે મારી ખાતરી થઇ કે ખરેખર તે રાજા મારા બાપનો મોટો દુશ્મન હતો.

તેની સારી સલાહ માટે મેં તે દરજીનો ઉપકાર માનીયો અને તેની નેક સલાહ મુજબ ચાલવાને હંમેશ તૈયાર છું એમ તેણે મેં કહ્યું. મને ભુખ્યો ધારી તે મારે સારૂં કાંઇક ખાવાનું લાવ્યો અને પોતાના ઘરમાં મને ઉતારો લેવાને કહ્યું. મેં ઉપકાર સાથે તેની પરોણાગત કબુલ કીધી.

થોડા દીવસ ગુજર્યા પછી મને તે દરજીએ કહ્યું કે "હવે તમો તમારી મુસાફરીની થાક તથા દુ:ખથી મોકલા થયલા લાગોછો અને આપણા મુસલમાન શાહજાદાઓમાંથી ઘણા શાહજાદાઓ આગળથી ચેતીને કોઇ પણ જાતનો હુંનર અખત્યાર કરે છે કે નસીબના ચકરના ફરવાથી વખતે ગરીબાઇ આવી પડેતો તે કામ લાગે માટે તે પ્રમાણે તમોબી કાંઇ હુંનર જાણોછો કે જેથી તમો તમારૂં ગુજરાન સ્વતંત્રપણે ચલાવી શકો ?" મેં કહ્યું કે "હા હું ઘણી સરસ રીતે ધર્મસાસ્ત્ર તથા ધારાસાસ્ત્ર તેમજ વ્યાકરણ ઘણું સારૂં જાણુંછું તે સાથે હું સાહેર છું અને મારા અક્ષર અતીઘણા સુંદર છે." તે સાંભળી દરજી બોલ્યો "ભાઇ એ તમારી વિદ્વતા આ દેશમાં એક રોટીનો ટુકડોબી તમોને મેળવી આપશે નહીં, અત્રેતો વિદ્યા કરતાં હુંનર ઘણો કામ લાગે છે પણ હુંનરતો તમો જાણતા નથી ત્યારે મજુરી કર્યા વગર તમારો છુટક નથી અને તમારાં શરીરનો બાંધોબી ઠીકછે તેથી તમો પાસેના જંગલમાં જઇ લાકડાં કાપી લાવી શેહરમાં વેચી આવી તેના પૈસાથી તમારો નીભાવ કરો, તે માટે હું તમોને એક કુહાડી તથા દોરડું આપીશ."

મારા ગુજરાનની આ માફકની ફીકર મને પડવાથી દરજીએ દેખાડેલા રસ્તા સીવાય બીજો દીરગ નહીં હોવાથી મેં તે ધંધો કબુલ કીધો. બીજે દીવસે દરજી મારે સારૂં એક ટુંકુ કુરતું તથા દોરડું ને કુહાડી લઇ આવ્યો અને બીજા ગરીબો જેઓબી લાકડાં કાપી લાવી વેચવાનો ધંધો કરતા હતા તેઓની સાથે મને મેળવી આપી રવાને કીધો. તેઓ મને જંગલમાં લઇ ગયા, અને તે દહાડેથી હું દરરોજ લાકડાનો એક મોટો ભારો મારા માથાં પર મુકી લાવતો અને તે ત્યાં ચાલતા એક ન્હાના સુનાના સીકા માટે વેચતો. ત્યાનું જંગલ જોકે કાંઇ ઘણું દુર નહીં હતું તોપણ લાકડાનો ભાવ ઘણો સારો આવતો હતો કારણ કે ઘણાં થોડાં માણસો જંગલમાંથી લાકડાં કાપી લાવવાનો મેહનત ભર્યો ધંધો કરતાં હતાં. થોડા વખતમાં મેં એક સારી રકમ ભેગી કીધી અને પેલા દરજીએ જે મારી ઉપર ખરચ્યું હતું તે તેને ઉપકાર સાથે પાછું આપ્યું.

આ પ્રમાણે એક વરસ સુધી મેં મારૂં ગુજરાન ચલાવ્યું, એક દીવસે હું જે જંગલમાં લાકડાં કાપતો હતો તે જંગલમાં જરા વધારે આગળ ચાલ્યો ત્યારે મને એક ઘણી ખુશનુમાં જગા નજર આવી ત્યાંથી મેં લાકડાં કાપવા સરૂ કીધાં. એક મોટું ઝાડ કાપવા માટે તેના થડને મારી કુહાડી મારતાં તે કાંઇ લોખંડની ચીજ સાથે અઠડી. તપાસ કરતાં તે એક લોખંડનાં છુપાં બારણાને જડેલું કડું નજર આવ્યું. તે ઉપરથી સર્વે માટી કાહડી નાંખી તેને મેં ખેંચ્યું તો તે તરત ઉગડયું અને એક દાદર નજર પડયો. હાથમાં કુહાડી રાખી હું નીચે ઉતરયો. જેવો હું દાદર પરથી નીચે ઉતરયો કે મારી નજરે એક મોટો સુંદર મહેલ નજરે પડયો, જેની ચકચકીત રચના જોઇ મને ઘણી અજાયબી લાગી. તે જાણે ખુલ્લાં ચોગનમાં બાંધ્યો હોય તેમ રોશનીથી પુર હતો. તેની ગેલેરી સંગીન સોનાના મજબુત થાંભલાઓ પર ઉભેલી હતી, પણ એ સર્વે રચના પર ધ્યાન આપું તે આગમચ મારી નજર એક અતીઘણી ખુબસુરત અને અમીરી દેખાવ તથા ખુશ સ્વભાવની એક સ્ત્રી ઉપર પડી. મેં તે ખુબસુરત બાનુંને મારી તરફ આવવાની તસદી લેવા દીધી નહીં પણ હું તેણીની તરફ ઝડપથી ગયો અને ઘણી નમનતાઇથી હું તેણીને કેહવા જાઉં તે આગમચ તેણી બોલી ઉઠી કે "તમો કોણ છો, માણસ કે જીન ?" "હું ઇનસાન છું, બાનું" મેં જવાબ દીધો, "અને મને જીન સાથે કાંઇ લાગતું વલતું નથી." ઘણીજ ખુશાલી સાથે તેણી બોલી "જ્યાં તમો આવવાને કેમ ફાવ્યા, હું આજ પચીસ વર્ષે થયાં રહેલી છું, તે આખા વખતમાં તમો સીવાય કોઇબી ઇનસાનનું મોહડું જોયું નથી."

તેણીની અતીઘણી ખુબસુરતીએ મારી ઉપર ઘણી અસર કીધી હતી તેથી અને તેણીએ જે નરમ તેમજ ખુશ સ્વભાવે મને આવકાર આપ્યો હતો તેથી મને બોલવાની હીંમત આવ્યાથી મેં કહ્યું કે "માનું, હું તમારી અજાયબીનો ખુલાશો કરૂં તે આગમચ તમો સાથની મારી મુલાકાત માટે મારી ખુશી જાહેર કરતાં તમોને જણાવું છું કે તમારી મુલાકાતથી મને મારાં દુઃખમાં પણ દીલાસો મલશે અને તમોને પણ તમારી દુઃખી હાલતમાંથી વધારે સારી હાલતમાં હું લાવવાને કદાચ ભાયગશાલી થઇશ, કારણ કે તમો આ મેહલમાં કાંઇ સુખી દેખાતાં નથી." એ પછી મેં તેણીને મારો અજાયબ જેવો અહેવાલ કહી સંભળાવ્યો અને મારા જેવા શાહજાદાને તેણીએ જે મજુરના કપડાંમાં જોયો હતો તેનું કારણ પણ કહી સંભળાવ્યું, તેમજ તેણીના આ દબદબા ભર્યા કેદખાનામાં હું કેમ આવી પુગો તેનીબી હકીકત કહી, જે સાંભળી તે તરત દચકાં ખાતી બોલી "અફસોસ! શાહજાદા તમોએ મારી હાલતનું ખરૂં અનુમાન કીધું છે આ અતી સુંદર દેખાતો મેહલ મારૂં કેદખાનુંછે, મારી મરજી ઉપરાંત મને અત્રે રાખ્યામાં આવીછે તેથી આ બેહસ્તખાના જેવો મેહલ મારે મનસે એક દોજખખાનું છે. તમોએ અબનુસી તાપુના માહારાજા **ઇપીટીમાસ**નું નામ સાંભલ્યું હશે તે જાણીતા ને મોટા રાજાની હું રાજપુત્રી છું. મારા બાપે મારા પીત્રાઇને મારા ભરથાર તરીકે પસંદ કીધો અને અમારાં લગનને દીવસે આખાં અબનુસી તાપુમાં ભારી ધામધુમ અને રંગ રોશની ચાલી રહી; ઘરે ઘર આનંદ થઇ રહ્યો, અને અમારાં લગનની ક્રીયા શરૂ થઇ અને મારા ધણી સાથે જેવો મારો હાથ મેળવવા માંડયો કે એક નાપાક જીને આવી મને પકડી લીધી અને સર્વેની નજર આગળથી ગુમ થઇ ગયો. જેવી મને પકડી કે હું બેહોશ થઇ ગઇ અને જ્યારે હું સુધીમાં આવી ત્યારે મને આ મેહલમાં જોઇ. ઘણો લાંબો વખત સુધી મેં તદન ચુપકીદી પકડી અને એક બોલબી બોલી નહીં; પછી આસ્તે આસ્તે નાચારીથી મેં તે જીન સાથે મેં વાતચીત કરવા માંડી અને સેવતે હલી ગઇ. પચીશ વર્ષ થયાં હું આ મેહલમાં વસું છું અને શાહજાદીને છાજતો સર્વે શીંગાર તથા કપડાં ને ગ્રહેના વગેરે દરેક ચીજ તે મોટા જથામાં પુરી પાડેછે અને મને આ મેહલમાં કોઇબી જાતની કમી નથી તે છતાં મને તે સર્વે ગમતું નથી. દશ દશ દીવસે તે મને મલવા આવેછે અને એક રાત રહી પાછો જાયછે તે કોઇબી વખત બે દીવસ રેહતો નથી, તેના કારણમાં તે મને જણાવેછે કે તેની પરણી બાયડી છે તેને જો ખબર પડે કે મને એક જુદા મેહલમાં તેણે રાખીછે તો તે અદેખી પડી મોટું રમખાન કરી મુકે તેથી તે ફક્ત એકજ રાત મારી સાથે ગુજારી શકે છે. વચમાં જો મને તે જીનની ગરજ પડે છે તો આ ઓરદાની વચોવચમાં એક થાંભલો છે જેમાં એવું તલેસમ છે કે તેને હાથ લગાડયાથી તે તુરત જ્યાંબી હોય ત્યાંથી હાજર થાયછે. આજે ચાર દીવસ પર તે અત્રે આવી ગયોછે અને હવે તેને આવવા માટે બીજા છ દીવસનો વીલંબમ છે તેટલાં જો તમો અત્રે પાંચ દીવસ સુધી તમારી મરજી હોય તો રહેવો. હું તમારી ઘટતી બરદાસ્ત અને પુરતી માવજત કરીશ."

આ પ્રમાણેની માંગણી ઉપરથી મને ઘણી ખુશાલી ઉમંન થઇ અને મારા જેવો ભાગ્યશાલી બીજો કોઇ નહીં હશે એમ ધારી મેં તે માગણી મોટી ખુશીથી કબુલ રાખી. શાહજાદી મને એક ઘણુંજ સુંદર, કુસાદે, અને સીનગારેલાં હમામખાનામાં લઇ ગઇ કે જેવું સુંદર હમામખાનું તમોએ કદાચજ જોયું હશે. જ્યારે હું મારૂં આંગ સાફ કરી બહાર આવ્યો ત્યારે મેં મારા પોતાના પોશાકને બદલે એક ઘણોજ સુંદર પોશાક મારે માટે ત્યાં મુકેલો જોયો જે મેં ખુશીથી પેહેરયો.

અમો એક સરસ સોફા ઉપર બેઠાં જે ઘણી ઉંચી બનાવતનો હતો અને તે ઉપર ઘણી સરસ લેલીન કીધેલી હતી. ત્યાર પછી શાહજાદી મારે માટે ઘણું ઉમદા ખાણું લાવી જે અમોએ સાથે બેસી ખાધું અને એક બીજાની સંગતમાં અમોએ અમારો વખત ઘણીજ ખુશીમાં ગુજારયો.

મારી પરોણાગત ઘણી સારી રીતે કરવાના ઇરાદાથી તેણીએ બીજે દીને ખાણા સાથે ઘણો સરસ ને જુનો વાઇન રજુ કીધો કે જેવો વાઇન મેં મારા જણમમાં પણ ચાખ્યો ન હોતો. મને ખુશી કરવા તેણીએ પણ કેટલાંક ગલાશો મારી સાથે તે વાઇનનાં પીધાં. આ લેજતદાર સરાબથી જેવી મારા માથાંમાં ગરમી આવી કે મેં છુટથી બોલવા માંડયું. મેં કહ્યું "પ્યારી શાહજાદી ખરેખરી સુંદર રોશનીને બદલે આ બનાવતી રોશનીથી તમો સંતોષ માની લો છે તેથી મને ઘણી દલગીરી લાગે છે, માટે ચાલો આ બંદીખાનામાંથી બાહાર, અને સુર્યની ખરી રોશની તથા ખુદરતી રચના જોઇ તમારા જીવને ખુશી કરો." તેણીએ હસીને જવાબ દીધો કે "પ્યારા શાહજાદા એવી બાબદો વિષે આપણે જેમ થોડી વાત કરયે તેમ સારૂં. મારે મનશે તેજ મોટો નસીબવાન બનાવ ગણાશે કે જ્યારે તમો નવ દીવસ મારી સાથે મોજ મજાહ કરશો અને એક દીવસે તે જીન આવે તેટલો વખત તમો દુર રેહશો તો ફક્ત એક માસમાં ત્રણ દીવસનીજ જુદાઇ કાંઇ ઘણી નહીં કેહવાશે." મેં કહ્યું કે "પ્યારી શાહજાદી તમો જે બોલો છો તેનું કારણ મને ખબર છે, તમો તે જીનથી ઘણાં બીહો છો પણ હું તેથી એક રતી ભાર પણ ડરતો નથી; તે મારી આગળ કુચ બીસાદ નથી, તેનું તલેસમ હું એક લેહજામાં ભાંજી ટુકડા કરી નાખું છું અને પછી તેને મારી સામે આવવા દો, તેને મારી નાખવાની હું તાકાદ ધરાઉં છું. મેં બધા જીનોને મારી નાખવાના સોગંદ લીધા છે અને તેની સરૂઆત આ નાપાક જીનથી કરવા માંગું છું." આવી મારી ફોકતની હીંમતથી શું બુરૂં પરીણામ નીપજશે તે શાહજાદીને બરાબર ખબર હતી. તેથી તેણીની મને સમજાવવા લાગી કે "પ્યારા શાહજાદા તમો આ તલેસમને બીલકુલ હાથ લગાડતાજ ના, જો જરાબી હાથ લગાડી તેને છેડસો તો તમારો તથા મારો બંનેનો નાશ થશે. તે જીનની શક્તી વિષે હું જેટલી માહીતગાર છું, તેટલા તમો બીલકુલ નાવાકેફ છો." પણ મારાં માંથામાં પેલા સરાબથી જે ગરમી ચહડી હતી તેથી મેં શાહજાદીની વાત પર બીલકુલ ધ્યાન આપ્યુંજ નહીં અને જુમમાંને જુમમાં પેલાં તલેસમને લાત મારીને તેના ટુકડે ટુકડા કરી નાખ્યા.

જેવું તે તલેસમ ભાંગી ગયું કે એક મોટો ધડાકો થયો અને જાણે ધરતીકંપ થયો હોય તેમ આખો મેહલ ધ્રુંજવા લાગો અને જાણે હમણા બધું જમીનમાં ગરક થઇ જશે એવું લાગ્યું અને રોશની નાબુદ થઇ અંધારૂં ગાર થવા લાગ્યું. આ ધાસ્તીભરેલો ફેરફાર જોઇ મારો દારૂ ઉતરી ગયો અને મારો વાંક જેથી આ સઘલું થયું તે માટે હું ધાસ્તી ખાઇ ગયો અને પસ્તાવા લાગ્યો પણ તે ઘણું અસરૂં હતું. મેં તે શાહજાદીને કહ્યું કે "આ બધાનું કારણ શું છે" તેણી પોતાની જીંદગીની કાંઇ પણ દરકાર ના કરતાં મારે વિષે ઘણીજ ફીકરમંદ થઇ કેહવા લાગી કે "અફસોસ! જો તમો નાહસી નહી જસોતો તમારૂં આવી બન્યું જાણજો. તમારો જીવ બચવો મુશ્કેલ છે." મેં તેણીની સલાહ માની અને નાહ-સવા માડયું, હું એટલો બીધેલો હતો કે નાહસતાં નાહસતાં મારૂં દોરડું અને કુહાડી ત્યાંજ ભૂલી ગયો. માહ મુશકેલ હું હજુરતો દાદર પર જઇ પુગો એટલાંજ મેહલમાં મોટો ધડાકો થયો અને જીન દાખલ થયો. મોટા અવાજ અને ગુસ્સાથી પુર તેણે શાહજાદીને પુછયું કે "તને શું કામ પડયું કે મને તેડયો" તેણીએ ઉતાવળમાં જવાબ આપ્યો કે મને કાંઇ દુઃખી આવ્યું તેથી મેં આ શીસામાનો સરાબ બે ત્રણ ગલાસ ભરી પીધો અને તેથી મારા પગો લડડવા લાગ્યા અને પગ ચુકવાથી હું પડી ગઇ અને તેથી આ તલેસમને અટડી અને તે ભાગી ગયો. આ સર્વે સાચી બીના છે." આ જવાબ સાંભલી તે જીન ઘણુાજ ગુસ્સામાં આવી બરાડવા લાગ્યો. "બેશરમ અને બદઇલ્લત ઓરત ત્યારે આ દોરડું અને કુહાડી ક્યાંથી આવી?" શાહજાદીએ હીંમતથી જવાબ દીધો, "તેની મને ખબર નથી. તમોજ ઉતાવળમાં આવ્યા તેથી તે કેડેથી સાથે ઉડી આવ્યું હશે." આથી જીને તેણીને ખુબ મારવા માંડી અને તેથી થતાં દુઃખની ચીચીઆ-રીઓ હું ઘણી દલગીરી સાથે બાહરથી સાંભળતો હતો. મારે લીધે બીચારી શાહજાદીને આટલું બધું

ખમવું પડયું તેથી મને ઘણું દુઃખ થયું અને મારો જુનો પોશાક પાછો પેહરી પેલો હમામખાનામાં બદલેલો પોશાક ત્યાંજ દાદર પર મુકી હું મારી ભુલ માટે બેહદ પસ્તાવો કરતો ત્યાંથી ચાલતો થયો. આ તો ખરૂં છે કે તેણી પચીસ વર્ષે થયાં આ મેહલમાં કેદ છે પણ છુટાપણા શીવાય દરેક વાતે તેણી સુખી હતી લેકીન મારી હુલડાઇથી તેણીના એ સુખનો હંમેસ સુધી છેડો આવ્યો અને તેણીના સાંમે એક બુરામાં બુરો દુશમન મેં ઉભો કીધો. એ પછી મેં પેલાં ભોંયરાંનું બારણું બંધ કીધું તે ઉપર મટોડી વાલી અને તહરેવાર ભય ભરેલા વિચારોથી ભરપુર થઇ મેં પેલા દરજીના ઘર તરફ ચાલવા માંડયું.

મને જોઇ દરજી ઘણોજ ખુશી થયો. તે કેહવા લાગો કે "તારી ગેરહાજરીથી મને ઘણી ફીકર લાગી કારણ કે તને કોઇએ શાહજાદા તરીકે ઓલખી કાહાડયો કે શું? પણ ખોદાના સુકરાના કરૂં છું કે તું સલામત પાછો આવ્યો." મેં તેની મેહરબાંની માટે મોટો ઉપકાર માન્યો, પણ પેલા મેહલમાં બનેલી વાતથી તેમજ મારી કુહાડી તથા દોરડું ત્યાં ભુલી આવ્યો તે માટે તેણે કાંઇ પણ જણાવ્યું નહીં. પછી હું મારા ઓરડામાં ગયો અને મારી ભુલ માટે મારા જીવને હજારો કદુવા દેવા લાગો અને બોલવા લાગો કે જો પેલો તલેસમ મેં ભાગી નહીં નાખ્યો હતે તો હું તથા શાહજાદી કેટલાં સુખી થતે અને અમારો વખત કેવો આનંદમાં ગુજારતે.

આવા આવા વિચારોમાં હું મારા ઓરડામાં બેઠેલો હતો તેટલાં દરજી મારા ઓરડામાં દાખલ થયો અને કેહવા લાગો કે એક ઘરડો આદમી તારી કુહાડી તથા દોરડું લઇને આવ્યો છે જે મારો ઓલખીતો નથી, તે તને પુછે છે. તે કહે છે કે તેને તારી કુહાડી તથા દોરડું રસ્તામાંથી મલ્યું છે અને તારા સોબતીઓથી તારી નીસાની મેલવી અત્રે આવ્યો છે અને તે તારી ચીજો તનેજ હાથો હાથ આપવા માગે છે માટે ચાલ અને તે તારે સ્વાધીન લે." આ સાંભલી મારા મોહનો રંગ ઉડી ગયો અને હું થરથર ધ્રુજવા મંડી ગયો, તે જોઇ પેલો દરજી તેનું કારણ પુછવા લાગો અને હું તેણે ખુલાસો કરવા જાઉં છું, તેટલામાં તો મારા ઓરડાનું બારણું જોશથી ઉગડી ગયું અને પેલો ઘરડો માણુસ જે ઘણો વખત બાહાર થોભી નહીં શકયો, તે પોતાના હાથમાં મારી કુહાડી તથા દોરડાં સાથે દાખલ થયો. તે ઘરડો આદમી કોઇજ નહીં પણ પેલોજ જીન હતો કે જે અબનુસી ટાપુની શાહજાદીને ચોરી લાવ્યો હતો અને તેણીને જંગલીપણે સારી પેઠે માર્યા પછી મારી શોધમાં નીકળ્યો હતો તે ગુસ્સાથી બોલ્યો કે "હું જીન છું, અને એબલીસની છોકરાંનો છોકરો થાઉ છું." તે મને પુછવા લાગો કે "શું આ કુહાડી તારી નથી? અને આ દોરડાંનો તું ધણી નથી?"

તે નાપાક જીને મને જવાબ આપવાનો વખત આપ્યોજ નહીં અને હું જવાબ આપવા જેવી હાલતમાં હતો પણ નહીં. તેણે મને કમરમાંથી પકડી ઉંચકીને ઓરડામાંથી બાહર કાહડયો અને હવામાં ઉડી ગયો! તે કેટલો ઉંચે ગયો તેનો હું ખ્યાલ કરી શકતો નથી. તે જેટલી ઝડપથી ઉંચે ઉડયો તેટલીજ ઝડપથી પાછો નીચે ઉતરયો અને ભાંય પર આવતાં વારજ તેણે પોતાના જબરા પગ જમીન પર અફાડયા. જમીન તુરતજ ફાટી અને અમો પેલી અબનુસી ટાપુની શાહજાદીવાલા મેહલમાં દાખલ થયા. અફસોસ! મેં શું જોયું? પેલી અતી ખુબસુરત શાહજાદી તદન વસ્ત્ર વગર ત્યાં લોહી લુહાન થઇ, નહીં જીવતી કે નહીં મુવેલી, એવી અધર હાલતમાં પડેલી હતી. તેણીની આંખમાંથી નવધાર આસુઓ ગળતાં હતાં અને તેણીના આંગપર હજારો જખમો પડેલા હતા.

તે જીન મને પેલી શાહજાદી આગળ લઇ જઇ ગુસ્સાથી બુમ પાડી બોલ્યો "રે હરામખોર ચંડાળ શું આએજ તારો આશક નથી?" તેણીએ પોતાની આંખ મારી તરફ ફેરવી અને દલગીરી

ભર્યા આવાજથી જવાબ દીધો કે "હું એને ઓળખતી નથી અને આએ ઘડી સીવાય મેં એને કદી જોયોબી નથી." "શુ?" પેલા નાપાક જીને બરાડ મારી કે "તું જુઠું બોલવાની એટલી બધી હીંમત કરે છે, આએજ તે ઘણી છે કે જેને લીધે તુને આ વાજબી શીક્ષા ખમવી પડી છે." તેણીએ જવાબ આપ્યો કે "તે મારેથી તદન અજાણ્યો છે. શું હું ખોટું બોલી આ બીચારા બીગાના મરદનો નાશ કરાઉં?" ત્યારે તે જીને કહ્યું કે "ઠીક છે જ્યારે તું એને બીલકુલ ઓલખતી નથી ત્યારે આ તલવાર લે અને એનું ડોકુ છટકાવી નાખ!" તેણીએ જવાબ દીધો કે અફસોસ! તારા મારથી મારી તમામ શક્તી જતી રહી છે તેથી હું કાંઇ હીલચાલ કરી શક્તી નથી, પણ જો મારામાં શક્તી હતે તો પણ એક બેગાનો મરદ જેને મેં મારા જનમમાં આજેજ જોયો તેનું ખુન હું કદીબી કરતે નહીં." તે જીને કહ્યું "હા! હવે મારી ખાતરી થાય છે કે તું તથા એ બન્ને ગુનાહગાર છો" પછી મારી તરફ ફરી તે કેહવા લાગો કે "તું આ ઓરતને ઓળખે છે?" હું ઘણોજ કંગાલ હોઉં તોજ તેણીએ જે વફાદારી મારી તરફ દેખાડી હતી તે વીસરી જઇ બેવફા થઇ તેણીને બદનામ કરવાને રાજી થાઉં તેથી મેં જવાબ દીધો કે "હું તેણીને કેમ ઓળખી શકું? મેં આજેજ પેહલવેહલી તેણીને જોઇ છે." "ઠીક છે ત્યારે જો એ ખરૂં હોય તો લે આ તલવાર અને છટકાવ તેણીનું ડોકું કે મારી ખાતરી થાય કે તું તેણીથી તદન બેગાનો છે. માત્ર તારા છુટકારાનો ફકત આએજ એક ઇલાજ છે." મેં જોયું કે પેલા નાપાક જીનના હેવાનીયત ભરયા જુલમમાંથી છોડવવા માટે મારે તેણીને મારી નાખવાને કબુલ કરવું જોઇએ, તેથી મેં તે જીનને કહ્યું કે "હા, મોટી ખુશી સાથે હું તેણીને કતલ કરવાને કબુલ થાઉં છું." મારી હીલચાલ ઉપરથી શાહજાદી પાંમી ગઇ કે હું શું કરવા માગું છું. મારી ધારણા એ હતી કે જો તેણીની પોતાની જીંદગીનો ભોગ આપવાને રાજી હોય તો, હું પણ મારો અંત લાવવાને રાજી હતો. તેણીની મરવાને રાજી દેખાતી હતી પણ જ્યારે તેણીએ જોયું કે હું પણ મરવાને રાજી દેખાતો હતો ત્યારે તેણી દલગીર દેખાઇ. આ જોઇ મેં તલવાર મારા હાથમાંથી ફેંકી દીધી અને પેલા નાપાક જીનને કહ્યું કે "જેણીને મેં આજ અગાઉ કદી જોયલી નહીં, જેણી કોણ છે તે હું જાણતો નથી અને તેવી એક અનાથ અબલાને મારી નાખવાનું હીચકારાપણું મારેથી કદીબી થશે નહીં. આ સ્ત્રી હમણાં મરી જશે એવી થઇ રહી છે. તારે ગમે તે મને કર, હું તારા કબજામાં છું, પણ તારા જંગલી અને હીચકારા હોકમને હું કદીબી તાબે થઇશ નહીં."

"મને બરાબર ખબર છે," તે જીન બોલ્યો, "તમો બન્ને જના મારી રૂબરૂ તદન ખોટું બોલો છો અને મને જાણી જોઇને અપમાન આપો છો, પણ મને માલમ છે કે તેનો બદલો કેવી રીતે લેવો." એમ બોલી તે નાપાકે તલવાર પોતાના હાથમાં લીધી અને તુરતજ પેલી અબનુસી ટાપુની ખુબસુરત શાહજાદીનો એક હાથ કાપી નાંખ્યો અને બદનથી તદન છુટો કીધો. આથી તેણી તુરતજ મરણ પામી પણ તેણીએ પોતાની છેલ્લી નજર મારી તરફ પ્યાર ભરી ફેરવી અને તેજ ઘડીએ પોતાનો પ્યારો જીવ તે કીરતારને સ્વાધીન કીધો. આ દેખાવ જોઇ હું બેસુધ થઇ પડી ગયો.

જ્યારે હું સુધીમાં આવ્યો ત્યારે મેં તે જીનને કહ્યું કે "મને શું હજી તેં જીવતો રાખ્યો છે? કાપી નાખ! હું મોતનો જખમ ખમવાને તૈયાર ઉભો છું અને તું જો મને મારી નાખશે તો તેં મારા ઉપર મોટી મેહરબાંની કીધી એમ હું સમજીશ." મારી અરજ ઉપર ધ્યાન આપવાને બદલે તે બોલ્યો કે "તેં જોયું હશે કે બેવફા ઓરતોને જીનો કેટલી શખ્ત શીક્ષા કરેછે, તેણીએ તને અત્રે દાખલ કરવાનો વાંક કીધો અને તે માટે જો હું તેણીને એક વાર જતી મેલું તો તે મને વધારે નુકસાન કરવાને હીંમત કરે. મારી ખાતરી નથી કે તેણીએ પોતાની દામાન બગાડીછે, જો તેમ મારી ખાતરી થતે તો આ ઘડીએ તારો પણ પ્રાણ હું લેવાને વીલંબ કરતે નહીં. તારા વાંક માટે તુને કુતરા, ગધેડા,

સાંઢ, કે પક્ષીના આકારમાં ફેરવી નાખવા માગુંછું. બોલ તારી શું મરજી છે? એ બાબદમાં હું તારી મરજી વીરૂધ કરવા માગતો નથી.'' આ શબ્દો સાંભળી મને આસા આવી કે હું તેને કોઇ રીતે પીઘલાવી શકીશ. મેં કાલાવાલા કરી કહ્યું કે "એ મોટા શક્તીવાન જીન હજુર વધારે દયાવંત થઇ મને માફ કરો અને જ્યારે તમો મારી જીંદગી બચાવવા માગોછો ત્યારે તે પુરેપુરીજ બચાવો અને મને જેવોને તેવો છુટો મુકી દો. જો તમો મને માફ કરશો તો હું હંમેશ તમારી ભલી ચાલ માટે તમોને યાદ કરતો રહીશ અને જે પ્રમાણે એક ભલા આદમીએ પોતાનો કટ્ટો દુશ્મન જે તેની પડોસમાંજ રેહતો હતો તેને માફ કીધું હતું, તેની વાખવાખી આજ સુધી થાયછે. તે પ્રમાણે તમારી પણ થશે. તે જીને પુછયું તે બે પાડોશીઓ વચ્ચે શું બન્યું હતું તેનું બ્યાન કર. મેં કહ્યું કે તમોને જાણવાની ખાયસછે તો હું તે જણાઉ છું :—

એક અદેખા આદમીની વાર્તા.

એક જાણીતા શેહરમાં બે સખશો એક એકની પાડોસમાં રેહતા હતા. તેમાં એકની હાલત માટે તેનો બીજો પડોસી હંમેસ અદેખાઇ કરયા કરતો તેથી પેહલાએ પોતાનું રેહેથાન બદલવાને દરૂસ્ત વિચાર્યું કેમકે પેલાની અદેખાઇનું કારણ વખતે તે નજદીક રહેછે તે હોય તો તેટલાથીજ તે પીડા પતી જાય. તે દરેક રીતે પોતાના અદેખા પડોસીને રાજી રાખવાની તજવીજ કરતો પણ તેથી ઉલટો પેલો અદેખો પડોસી તેને સામો વધારે ધીકારતો હતો. તેથી આખરે પોતાનું ઘર વેચી નાંખી પોતે તે શેહરની રાજધાણી જે કાંઇ ઘણી દુર નહીં હતી ત્યાં જઇ રહ્યો. ત્યાં તેણે થોડીક જમીન ખરીદ કીધી ત્યાં એક સુંદર મકાન બાંધી રહ્યો. તે મકાનની આસપાસ એક રલીયામણો બાગ હતો તેમાં એક જુનો કુવો હતો જે હાલમાં વપરાસમાં નહીં આવતો હતો પણ પડત પડેલો હતો.

તે ભલા આદમીએ આ પ્રમાણે પોતાનો વખત એકાંતમાં ગુજારવા માટે પોતે એક દરવીસની જીંદગી ગુજારવા માંડી અને પોતાના મકાન પાસે ઘણીક કોટડીઓ બાંધી થોડા વખતમાં ત્યાં એક ન્હાની જેવી દરવીસોની કોમ વસાવી. આ તેની સખાવતની વાત આખા શેહરમાં ફેલાઇ અને તેની મુલાકાતે હજારો ન્હાના મોટાં આસામીઓ આવવાં લાગ્યાં. ઘણા દુરદરાજથી લોકો તેને ત્યાં આવતાં અને તેની મારફતે બંદગી કરી પોતાના મનની જીગ્નાસા પુરી પાડી સંતોષ મેળવતાં હતાં.

આ તેની વાખવાખી તથા પાકીસાકીની વાત ફેલાતી ફેલાતી તેના અસલ શેહર મધે જઇ પુગી જ્યાં પેલો અદેખો માણુસ રહેતો હતો. તે અદેખાએ જ્યારે પોતાના આગલા પડોશીની આવી બુલંદ હાલતની વાત તથા વાખવાખી સાંભળી ત્યારે ઘણોજ બલાપો કરવા લાગ્યો અને તેનો નાસ કરવાનો ઠેરાવ કરી તેને મકાને જવા નીકળ્યો. તે પેલા દરવીસોના મકાન તરફ જઇ લાગ્યો અને તેને પેલા ભલા આદમીએ ઓળખી મોટાં માન સાથે પોતાના મકાનમાં દાખલ કરી તેની અચ્છી મદારત કીધી. પેલા અદેખા માણુસે કહ્યું કે એક અગત્યની બાબદ વિષે તેને વાત કરવી છે પણ તે એકાંતમાં થવી જોઇએ. "ટુકમાં," તે બોલ્યો કે "આપણી વાત કોઇ નહીં સાંભળે માટે હું અરજ કરૂં છું કે તમો બાગમાં મારી સાથે રાતના, જ્યારે બધા દરવીસો પોતાના ઝુપડામાં સુવા જાય ત્યારે, તમો એકલાજ આવજો અને ત્યાં એકાંતમાં આપણે વાત કરી શકશું." તેની અરજ ઉપરથી પેલો ભલો દરવીશ રાતના એકાંતમાં બાગમાં પેલા અદેખા આદમીને મળ્યો.

પેલા અદેખા આદમી સાથે પેલો ભલો આદમી એકલો વાત કરતો બાગમાં ફરવા લાગો. તહરેવાર વાતો પેલા અદેખા આદમીએ કીધી અને એમ વાતો કરતા પેલા પડત કુવા આગળ

તેઓ આવી પુગા કે પેલા અદેખાએ એક સખ્ત આંચકો મારી પેલા ભલા આદમીને કુવામાં ફેંકી દીધો. આ તેનું અઘોર કર્મ કોઇએ જોયું નહીં. તે પછી તે તુરતજ તે મકાન છોડી ચાલતો થયો અને કોઇની પણ નજરે પડયા વગર પોતાના શેહેર તરફ પાછો ફરયો. પોતે જે કામ માટે મુશાફરી કરી હતી તે પાર પડી અને પેલા દરવીશને ઠેકાણે પાડી પોતાની અદેખાઇને તૃપ્ત કીધાથી તે ઘણો ખુશમાં આવ્યો પણ તે પોતાની ધારણામા ઠગાયો હતો.

હવે પેલી તરફ પેલા દરવીસને જે પડત કુવામાં પેલો અદેખો આદમી નાંખી ગયો હતો તે કુવામાં પરીઓ તથા જીનોનો વાસ હતો, જેઓ તે ભલા આદમીને મદદ કરવા માટે તૈયાર ઉભાં હતાં. તે જેવો અંદર પડયો કે તુરતજ જીન પરીઓએ પોતાના હાથમાં તેને જીલી લીધો જેથી તે ભલા આદમીને એક રતી ભારબી નુકશાની થઇ નહીં. આ પ્રમાણે ઉપરથી કુવામાં પડવા છતાં કાંઇબી તેને વાગ્યું નહીં અને તે સલામત રહયો તેથી તે ઘણો અજાયબ થયો, કારણ જેવો તેને કુવામાં ફેંકી દીધો તેવોજ તે સમજ્યો કે હવે હું જીવવાનો નથી. પોતાનો બચાવ કેમ થયો તેનો હજુર તો તે વિચાર કરે છે તેટલાંજ તેને કાને અવાજ પડયો કે "આ માણુસ જેનો આપણે જીવ બચાવ્યો તેને તમો ઓલખો છો?" બીજા થોડાકનો અવાજ સંભળાયો કે "નહીં." પેલો પેહલો બોલનાર પાછો બોલ્યો કે "એ કોણ છે તે હું તમોને કહું છું. આ માણુસ ઘણો ભલો અને ધરમી છે. જે શેહેરમાં એ રેહતો હતો ત્યાં તેનો એક પાડોસી તેની ઘણી અદેખાઇ કરતો હતો તેથી તે પોતાનું શહેર છોડીને આ જગ્યા પર આવી રહેલો છે અને ત્યાં પોતાની નેક ચાલથી દુન્યામાં ભલા અને ધરમી આદમી દાખલ આશકારા થયો છે. હવે પેલા અદેખા આદમીથી તેની આ ચહડતી જોવાઇ શકાઇ નહીં અને તેને મારી નાખવા માટે તે અત્રે આવ્યો હતો અને તેને મારી નાખવાના ઇરાદાથી આ આપણા કુવામાં તેને નાંખી દીધો પણ આપણે આ ભલા આદમીને ઝીલી લઇને મરતો બચાવ્યો છે. કાલે આ શેહરનો રાજા આ ભલા દરવીસની મુલાકાતે આવનાર છે અને પોતાની શાહજાદી માટે તેની ભલી દુવા માગવાનો છે." એક બીજે અવાજ સંભળાયો કે "તે શાહજાદીને શું છે કે તે માટે આ દરવીસની દુવા માગવામાં આવે છે.?" પેહલાએ જવાબ દીધો કે "ત્યારે તમને ખબર નથી કે તેણીના દીલમાં જીન **મયમુન** જે **દીમદીમ**નો છોકરો થાય છે તે ભરાયલો છે? એ **મયમુન** શાહજાદીના પ્યારમાં પડયો છે તેથી તે શાહજાદી ઘણી હેરાન થાય છે પણ મને તેણીને સારી કરવાનો ઇલાજ ખબર છે અને તે મુજબ આ ભલો દરવીસ ઇલાજ કરશે તો જરૂર શાહજાદી સારી થશે. તે કાંઇ ઘણો મુશકેલ ઇલાજ નથી. આ દરવીસના મઠમાં એક કાલી બીલાડી છે જેની પુછડી ઉપર એક સીક્કા જેવડો સફેદ ડાગ છે તેમાંથી જો સાત બાલ ખેંચી કાહડી તેને આતસ ઉપર સલગાવી તેનો ધુવો શાહજાદીનાં મસતક ઉપર જવા દીધામાં આવે તો તુરતજ શાહજાદીના આંગમાનો **મયમુન** જીન નાહસી જશે અને તે કદીબી તેણીની નજદીક આવવાની હીંમત કરશે નહીં."

પેલા ભલા આદમીએ ઉપલી જીનો અને પરીઓ વચેની વાતો ઘણાજ ધ્યાનથી સાંભળી અને તેનો એકેએક બોલ બરાબર યાદ રાખ્યો અને આખી રાત ગુપચુપ કુવામાં બેસી રહ્યો અને સવાર પડતાંજ તે ઉપર આવ્યો. કુવો ઘણો વખત પડત પડેલો હતો તેથી તેમાં હમેશ કચરો તથા સુકાં ઝાડપાન નાંખતા હતા તેથી પેલા ભલા આદમીને ઉપર આવતાં કાંઇ મુશકેલી પડી નહીં.

બીજા દરવીશો જે પોતાના વડા અને પાલનહારને શોધતા હતા તેઓની નજરે જ્યારે તે ભલો મર્દ પડયો ત્યારે તેઓ ઘણાજ ખુશી થયા. તેણે થોડાજ બોલોમાં પેલા અદેખા અને નાપાક પરોણા વિષે તેઓને જણાવ્યું અને પછી પોતાના મકાનમાં ગયો. જ્યાં પેલી કાળી બીલાડી વિષે પેલા જીન પરીઓએ જણાવ્યું હતું તે તેની નજરે પડી તેવીજ તેણે પેલી બીલાડીને પકડી અને તેની પુછડી

પરના સફેદ દાગમાંથી સાત બાલ ટુંપી કાહડ્યા કે જ્યારે કામ પડે ત્યારે તેનો તુરત ઉપયોગ કરવાને બની આવે. જેવો સુરજ બરાબર ઉગ્યો કે તે શેહરનો સુલતાન પોતાની દુ:ખી થતી શાહજાદી માટે તે દરવીસના મકાનના દરવાજા પર આવી પુગો. સુલતાન પોતાની શાહજાદીના દુ:ખથી એટલોતો બેજાર હતો કે કોઇબી ઉપાય અજમાવવા તે ચુકતો હતો નહીં. તે પોતાના સ્વારો સાથે આવ્યો હતો પણ તેઓને દરવાજા બાહાર ઉભા રાખી પોતે પોતાના મુખ્ય અમલદારો સાથે તે દરવીશને પેહલાં મલવા ગયો. તે દરવીશે મોટાં માન સાથે સુલતાનની મુલાકાત લીધી અને તેને ઘટતું આદરમાન આપ્યું. તે પછી સુલતાન તે દરવીસને એક બાજુએ લઇ જઇ કેહવા લાગો કે "નેક સખસ મારી મુલાકાતનું કારણ કદાચ તુને ખબર હશે." તે દરવીશે જવાબ આપ્યો કે "જો હું ભુલતો નહી હોઉતો તમારી મુલાકાતનું કારણ શાહજાદીની માંદગી હોવી જોઇએ; જે માટે મારા જેવા અદના અને મુફલેસ માણસને તમારા જેવા મોટા નામદાર સુલતાને મુલાકાતનું માન આપ્યું છે જે માન માટે સેવક કાંઇ લાયક નથી." "તું ખરૂં કહેછે અય નેક મરદ," તે સુલતાને જવાબ આપ્યો, "જો તું તારી બંદગીને પ્રતાપે મારી શાહજાદીને સારી કરી આપશેતો મને મારી જીંદગી પાછી બક્ષયા જેટલો તારો ઉપકારી થઇ રહીશ." તે દરવીશ નમનતાઇથી બોલ્યો કે "તમો નામદાર જો શાહજાદીને અત્રે બોલાવી મંગાવો તો પાક અલ્લાના નામથી તેણીને હું તદન સારી કરીને પાછી મેહલમાં રવાના કરવાને શક્તીવાન થઇશ."

સુલતાન આ સાંભળી ઘણો ખુશી થયો અને તુરતજ માણસો દોડાવી શાહજાદીને બોલાવી મંગાવી, તેણીને સેંહકડો દાસીઓ સાથે હાજર કરવામાં આવી. તેણીનો ચેહરો એવોતો બુરખામાં બંધ કીધેલો હતો કે તે કદીબી દેખાય નહીં. પેલા ભલા દરવીશે તે દાસીઓને તેણીના ચેહરા ઉપર એક સાલ પકડવા કહી અને તુરતજ પેલા સાત બાલો આતસપર મુક્યા અને તેનો ધુંવો પેલી શાહજાદીના ચેહરાપર જતો કીધો. જેવો તે ધુંવો શાહજાદીના ચેહરા પર ફેલાયો કે તુરતજ **મયમુન** જીન **તે દીમ-દીમ**નો બેટો શાહજાદીને છોડી જતો રહ્યો. જેવી તેણી તે જીનના કબજામાંથી છુટી થઇ કે તુરતજ તેણીએ પેહેલે પોતાના બુરખા ઉપર હાથ નાંખી તે ખીસેડી નાંખી પોતે કયાં છે તે જોયું અને બોલી કે "હું કયાં છું? મને હ્યાં કોણ લાવ્યું?" આ શબ્દો સાંભળી સુલતાનને અતી ઘણી ખુશી ઉપજી. તેણે પોતાની બેટીને બગલગીરી કીધી, તેણીની ચશમપર ચુંમીઓ લીધી અને પછી પેલા દરવીસનો હાથ પોતાના હાથમાં લઇ તે પોતાના અમલદારોને પુછવા લાગો કે "તમો શું ધારો છો? મારી બેટીને સારૂં કરનાર આ ભલા મરદને હું શું ઇનામ નવાજું?" તેઓએ જવાબ દીધો કે તેના બદલામાં તે તેણીનો હાથ મેલવવાને ભાગ્યવાન થવો જોઇએ. સુલતાને જવાબ દીધો કે "એજ ઇનામ આપવા હું પણ ધારતો હતો! આ ઘડીથી હું તેને મારા દામાંદ તરીકે જાહેર કરૂં છે."

થોડા વખત પછી તે સુલતાનનો વડો વજીર મરણ પામ્યાથી સુલતાને પોતાના જમાઇને વડો વજીર બનાવ્યો. ત્યાર પછી સુલતાન પોતે બેટાના ફરજંદ વગર મરણ પાંમવાથી તેની પ્રજાએ પેલા ભલા આદમીને પોતાના સુલતાન તરીકે મોટી ખુશીથી કબુલ કીધો.

એક દીવશે તે ભલો આદમી, જે હવે સુલતાન થયો હતો, તે પોતાની સલતનતમાં ફરતો હતો તે વખતે તેણે પેલા અદેખા આદમીને લોકોની ભીડ વચ્ચે જોયો. તેણે પોતાના વડા વજીરને બોલાવીને છુપી રીતે કહ્યું કે પેલા આદમીને મારી આગળ બોલાવી લાવ પણ સંભાળ રાખજે કે કોઇ રીતે તે ધભરાય નહીં. વજીરે ફરમાવ્યા મુજબ પેલા અદેખા માણસને સુલતાન નજદીક લાવી હાજર કીધો. તેને જોતાંવાર તે ભલો આદમી બોલ્યો "હું તને જોઇને ઘણોજ ખુશી છું" પછી પોતાના અમલ-દારને હોકમ કીધો કે "મારા ખજાનામાંથી એક હજાર સુનાનાં શીક્કા આ ધણીને આપ તથા મારા

ભંડારમાંથી વીસ બંદલ સરસમાં સરસ માલનાં એને સ્વાધીન કરી તે સંભાળથી એ સખસનાં ઘર સુધી પુગાડી આવ." આ હોકમ બરાબર અમલમાં લાવવાની તાકીદ કરી તે અદેખા આદમીને રૂખસત આપી તે સુલતાન આગળ ચાલતો થયો.

આ પ્રમાણે અદેખા માણસની વાત મેં પેલો જીન કે જેણે અબનુસી ટાપુની ખુબસુરત શાહજાદીને ક્રુરપણે મારી નાંખી હતી તેણે કહી સંભળાવી અને તેજ મુજબની ભલાઇ મારી સાથે કરવાની તેણે અરજ કરી. તે જીનને કાલાવાલા કરી કહ્યું કે "ઓ નામદાર જીન! તમો જુઓ પેલા ભલા આદમીએ કેવી રીતે પેલા અદેખા આદમીને માફ કીધું હતું જોકે પેલા અદેખા આદમીએ તો તેનો જીવ વટીક લેવાનો કસદ કીધો હતો તે સર્વે વીસરી જઇ માફ કીધું એટલુંજ નહીં પણ સામો ખજાનો આપી તેને નીહાલ કીધો." ટુંકમાં મારેથી જેટલું બોલાયું તેટલું છટાદાર ઢપે હું બોલ્યો અને મને માફ કરવા માટે તેને વીનવ્યો પણ તે સર્વે ફોકત ગયું અને તેણે પોતાનો ઠેરાવ બીલકુલ ફેરવ્યો નહીં.

તે જીન બોલ્યો "હું તારે માટે કાંઇ પણ કરૂં તો તે એટલુંજ કે તારો જીવ બચાઉં! પણ તારે એમ તો આશા રાખવીજ નહીં કે હું તને કાંઇબી શીક્ષા કરયા વગર એમનો એમ જવા દઇશ." એટલું બોલી તે નાપાકે મને જોરથી પકડયો અને મને લઇને તે મેહલના છાપડાંમાંથી આકાશ પર ઉડયો. તે એટલો તો ઉંચે ગયો કે મને જમીન એક સફેદ ન્હાના ધાબાં જેટલી લાગી. પછી તે એટલી ઉંચાઇથી પાછો ઘણીજ ઝડપથી નીચે ઉતરયો અને એક મોટા પાહડના મથાલા પર આવ્યો અને મને ત્યાં મુકી એક ખોબો ભરીને માટી પોતાના હાથમાં લઇ તે કાંઇ થોડા શબ્દો બબડયો જેનો અર્થ હું કાંઇ સમજી શકયો નહીં, પછી તે માટી મારી ઉપર નાખી તે બોલ્યો "ઇનસાનનો અવતાર તજી દે! અને વાંદરનો અવતાર ધારણ કર!" એટલું કરી તે ગુમ થયો. હું તદન એકલો, વાંદરના અવતારમાં, દલગીરીથી પુર, એક બેગાના મુલકમાં તદન નીરાધાર થઇ પડયો. મને માલમ પણ નહીં હતું કે હું મારા બાપના મુલકથી કેટલો દુર અથવા નજદીક છું.

હું પાહડ પરથી હેઠલ ઉતરયો અને સપાત જમીન ઉપર આવ્યો અને એક માસ સુધી હું સીધોને સીધો ચાલ્યો ત્યાંસુધી કોઇબી વસ્તીવાલી જગા મને મલી નહીં. આખરે હું એક બોહલા દર્યાવના કીનારા ઉપર આવી લાગ્યો. આ વખતે દરયો તદન સાંત હતો અને અરધી લીગને તફાવતે એક વાહણ મને દેખાયું. આ ટકનો લાભ લેવાના ઇરાદાથી મેં એક મોટાં ઝાડની ડાલી તોડીને તેનાં હલેસાં બનાવીને હું તરતજ દરયાવમાં તરવા લાગો અને તે વહાણની નજદીકમાં જઇ પુગો. મને જોતાં વારજ વહાણના ખલાસીઓ ઘણા અજાયબીમાં પડયા તથા ડેક પરના ઉતારૂઓ પણ ઘણા અજાયબ થઇ મારી તરફ જોવા લાગ્યા. થોડા વખતમાં હું વાહણની બોરદુએ જઇ પુગો અને ડેક ઉપરથી નીચે લટકતું એક દોરડું ધરી ટીંગાઇ પડયો. મારેથી બોલાતું નહોતું તેથી હું ઘણી ધાસ્તીમાં આવી પડયો. વાહણપર જે વેપારીઓ પોતાના માલ ખજાના સાથે હતા તેઓ ઘણા વેહમી હોવાથી મારા આવવાને એક અપસગન તરીકે ગણવા લાગ્યા અને પોતાને નુકસાન જશે એવા ઇરાદાથી મને હાંકી કાહડવાને તૈયાર થયા એટલુંજ નહીં પણ કોઇ બોલવા લાગો કે "એને મારી નાંખો," કોઇ બુમ મારવા લાગું કે "એનું મસતક ફોડી નાખો," બીજો બુમ મારવા લાગો કે "એક તીરે કરીને એને વીંધી નાખો," અને કોઇએ સુચવ્યું કે "એને દરયાવમાં પાછો હડસેલી મુકો." મને તેઓએ કોઇબી રીતે મારી નાંખ્યો હતે પણ હું જલદીથી કૅપટન પાસે ગયો અને તેના પગ પાસે પડયો અને તેને કાલાવાલા કરતો હોઉ તે મીસાલ ચાલા કરવા લાગો અને મારી આંખમાંથી નવધાર આશુંઓ વરસાવી તેની દયા માગવા લાગો. મારી જબાન બંધ હોવાથી હું બોલી નહીં શકયો પણ મારા ચાલાથી હું તે કૅપટનની દયા મેળવવાને ફતેહમંદ થયો અને તેણે મને પોતાના આ-

સરા હેહલ લીધા અને સર્વેને જણાવ્યું કોઇએ પણ મને હેરાન કરવો નહીં. આ તેના હોકમ માટે મેં ઈસારતથી તેનો મોટો ઉપકાર માનયો.

પવન સાંત પણ સારો હોવાથી અમો ૫૦ દીવસમાં એક મોટાં, સારાં અને પુશ્કળ વસ્તીવાલાં શેહરમાં સહીસલામત પુગા. ત્યાં અમોએ લંગર કીધું. શેહર ઘણું સારૂં બારૂં ગણાતું હતું તે સાથે વલી તે એક મોટી બાદશાહી રાજધાણી હતી. અમારાં વાહણની આસપાસ તુરતજ ન્હાની ન્હાની બોટો ફરી વળી અને તેમાં બેડેલા લોકોમાં કોઇ પોતાના સગાંવાહલાંને લેવા આવેલા, કોઇ પોતાના દેશની ખબર સાંભળવા આવેલા અને કોઇ તો ફક્ત ઘણે મહીને બારાંમાં વાહણ આવ્યું તે જોવાના શોખ માટેજ આવેલાં હતાં. તેઓમાં થોડાક સરકારી અમલદારો પણ વાહણ પર આવ્યા હતા. અને ત્યાનાં સુલતાનના નામથી અમારી સાથના વેપારીઓ સાથે વાત કરવા માંગી. તેમાનો એક અમલદાર તે વેપારીઓને કેહવા લાગો કે "તમો અત્રે આવ્યા તેથી નામદાર સુલતાન ઘણો ખુશી થયો છે અને આ અમારી સાથે લાવેલાં કાગજ પર તમારા હાથે થોડી થોડી સતરો લખો. એમ કરવાની મતલબ એ છે કે અમારો વડો વજીર હતો તે રાજ્ય કારોબાર બરાબર ચલાવવા ઉપરાંત ઘણાજ સરસ દસ્તખત લખી જાણતો હતો એટલુંજ નહીં તેબી વલી ઘણીજ સરસ ઢપે તે લખતો હતો. તે વજીર થોડા દીવસ થયા મરણ પામ્યોછે અને સુલતાનને તેની ખુટ ઘણી ભારી પડીછે અને તે વજીરના જેવો એક્કો લખનાર તે શોધેછે. ઘણાઓએ પોતાના લખાનના નમુના મોકલ્યા પણ એકબી નમુનો સુલતાનને પસંદ પડયો નહીં અને કોઇબી ઉમેદવાર વડા વજીરની જગા ઉપર હજુર મુકરર થયો નથી."

દરેક વેપારીએ પોતાથી બનતી તજવીજ કરી સરસમાં સરસ અક્ષરે અને અચ્છી ઢપે લખવાની કોશેશ કીધી. અને જ્યારે તેઓ લખી રહ્યા ત્યારે હું આગલ ગયો અને પેલા અમલદારના હાથમાંથી લખેલું કાગજ મેં લીધું. તે જોઇ સર્વે જનાં બુમ પાડવા લાગા, તેમાં મુખ્ય કરી પેલા વેપારીઓ બોલવા લાગ્યા, કે "અરે આ વાંદર પેલું કાગજ ફાડી નાખશે અથવા તો દરીયામાં નાખી દેશે." પણ તેઓએ તુરતજ પોતાની ભુલ જોઇ કારણકે મેં તે કાગજ રીત સર પકડયું અને તેઓને ઇસારતથી ધીરજ આપી કે હું પણ લખવા માગું છું. તેઓની ધાસ્તી હવે અજાયબીમાં ફેરવાઇ. એક વાંદરો આટલી બધી સમજ ધરાવે તથા હુશીયારી દેખાડે એ જોઇ સર્વેને તાજુબી લાગી તોપણ તેઓએ પેલું કાગજ મારા હાથમાંથી લઇ લેવાની તજવીજ કીધી જે જોઇ પેલો કૅપટન બોલ્યો કે "નહીં, એને લખવા દેવો, જો એ એક દાગ આ કાગજ પર પાડશે અથવા કાગજને કોઇબી રીતે ખરાબ કરશે તો હું એને તુરતજ શીક્ષા કરીશ; પણ જો એ સરસ રીતે લખશે અને પોતાની ચાલાકી બતાવશે તો હું એને મારા છોકરા દાખલ પ્યારથી પાલીંશ કારણકે એક વાંદર એટલો ચાલાક હોય એ કાંઇ જેવી તેવી વાત નથી." આ ઉપરથી સર્વે ચુપ રહ્યા અને મેં કલમ હાથમાં પકડી અને અરેબીક બાપામાં છ જુદી જુદી જાતની વલાણના જે અક્ષરો આવેછે તે દરેક જાતના અક્ષરોની લીટીઓ મેં લખી કાહડી. દરેક નમુનામાં ચાર લાઇનની એકેકી બેત સુલતાનની તારીફમાં ખાસ જોડીને લખેલી હતી. મારા અક્ષર તે વેપારીઓ કરતાં સારા હતા એટલુંજ નહીં પણ આખા શેહરમાં તેવા સરસ અક્ષરો કોઇ લખી શકતું નહોતું. જ્યારે હું લખી રહ્યો ત્યારે પેલા અમલદારો તે કાગજ લઇ સુલતાન પાસે ગયા.

તે નમુના જોઇ સુલતાને ફક્ત મારાજ અક્ષર પસંદ કીધા અને બીજાઓ તરફ આડી નજરે જોયું પણ નહીં. મારા અક્ષરથી સુલતાન જેટલો ખુશ થયો તેટલોજ મારી બેત જોડવાની શક્તી ઉપર મોહીત થયો. તેણે તુરતજ પેલા અમલદારોને હુકમ કીધો કે "મારા પાદશાહી તબેલામાંથી એક સરસમાં સરસ ઘોડો લઇ તથા એક સરસમાં સરસ પોશાક લઇ જઇ જે સખ્સે આ ઉત્તમ અક્ષરો લખ્યા છે તેણે બાઆબરૂ અને પુરતા ઠાઠમાઠ સાથે મારી દરબારમાં લઇ આવો."

આ હુકમ સાંભળતા વાર તે અમલદારોને પુશકળ હસવું આવ્યું.

આવી રીતે તેઓના હસી પડવાથી સુલતાન એટલે તો કફા થયો કે તેઓને સખત શીક્ષા કરી હતે પણ તુરતજ તેઓએ નામદાર સુલતાન પાસે માફ માંગી અને બોલ્યો કે "તમો નામદાર અમોને માફ કરો. અમને હસવું આવ્યું તેનું કારણ એ છે જે આ સુંદર અક્ષરો કોઇ માણસે નથી લખ્યા પણ એક વાંદરાના લખેલા છે." સુલતાને અજાયબીથી પુછયું "શું આ અક્ષરો માણસના નથી?" તેઓમાના એક અમલદારે જવાબ આપ્યો "નહીં સાહેબ, અમો તમો નામદારને ખાતરીથી કહયે છીએ કે આ નાદર અક્ષરો એક વાંદરાનાજ લખેલા છે." આ હકીકતથી સુલતાનને ઘણીજ અજાયબી લાગી તેથી તે અદભૂત વાંદરાને જોવાને તેને અધીરાઇ પેદા થઇ તેથી તેણે પેલા અમલદારને હોકમ કીધો કે "તે અસાધારણ બુદ્ધીના વાંદરાને મારી નજદીક પુર દબદબા સાથે હાજર કરવો."

પેલો અમલદાર પાછો અમારાં વાહણ પર આવ્યો અને સુલતાનનો હોકમ અમારા કૅપટનને જણાવ્યો, જે કૅપટને માથે ચહડાવ્યો અને મને પેલા અમલદારને સ્વાધીન કીધો. મને ઘણો સરસ પોશાક પેહડાવી કીનારે લાવ્યા પછી એક ઉત્તમ ઘોડાપર બેસાડી નામદાર સુલતાનની દરબારમાં લઇ ચાલ્યા દરબારમાં અમીર ઉમરાવોની ઠઠ લાગી રહી હતી ત્યાં નામદાર સુલતાન મારી રાહ જોતો હતો. શેહરમાં ખબર ફેલાઇ રહી હતી કે એક અજાયબ વાંદરો દેશાવરથી આવ્યો છે તેને સુલતાન પોતાના વઝીર તરીકે નેમનાર છે તેથી આખું શેહર હલમલી રહ્યું અને હું જે રસ્તે જનાર હતો તે રસ્તો લોકોથી ચીકાર થઇ ગયો અને મને જોવાને દરેક જણ આતુર થયું. તમાસગીર લોકોને એક વાંદરાને ઉમદા પોશાક પેહડીને અચ્છા ઘોડા પર બેઠેલો જોઇ ઘણી રમુજ પેદા થઇ એટલુંજ નહીં પણ તેઓ પુશકળ હસવા લાગ્યા, એમ કરતાં અમો દરબારમાં જઇ પુગા.

દરબારમાં અમીર ઉમરાવોની વચમાં સુલતાન એક ઉંચાં તખ્ત પર બીરાજ્યો હતો. દરબારમાં દાખલ થતાંવાર મેં ત્રણ વખત કુનસ બજાવી અને ઘુટણભંડયે બેસી જમીનની ખાક ચુંમી; પછી મારે માટે રાખેલી જગોએ જઇ બેઠો. આ મારી રાજદરબારી દપછપ જોઇ સુલતાન તેમજ તેની દરબાર છક થઇ ગઇ કે એક સાધારણ વાંદર આ મુજબની રાહ રીતીથી શી રવેસે માહીતગાર થયો હશે! માત્ર મારેથી બોલાતું ન હોતું તે સીવાય દરેક રીતે હું પુર્ણ ઇનસાન અને તેની વળી દરેક રાજદરબારી રાહરીતીથી માહિતગાર ઇનસાનની માફક વરતતો હતો, ફકત મને વાચા હતે તો બીજાં કસાંની જરૂર રેહતે નહીં! પણ બાચા વગર નાચાર હતો.

થોડાક વખત પછી સુલતાને દરબાર બરખાસ્ત કીધી તેથી સર્વે અમીર ઉમરાવો વીગેરે વીદાય થયા અને ત્યાં ફકત સુલતાન, જનાનખાનાનો વડો, એક હજુરયો અને હું એટલા સખ્સો બાકી રહ્યા તેથી સુલતાન સાથે અમો ખાનગી મેહલમાં ગયા. ત્યાં જવા પછી સુલતાને ફરમાવ્યાથી ખાણાંની તૈયારી થવા માંડી. નામદાર સુલતાને મને ઇસારતથી પોતા સાથે જમવા બેસવા કહ્યું તેથી મેં તુરતજ ઉપકાર માનવા માટે જમીનની ખાખ ચુંમી અને ફરમાવ્યા મુજબ ખાના પર બાઅદબ બીરાજ્યો.

જેવી ખાણાની ટેબલ સફા થઇ કે તુરત મેં ઇસારત કરી ખડયો કલમ માગ્યો જે મને તુરતજ આપવામાં આવ્યો. તેથી મેં થોડાક બીજા નવા બેતો જોડી તેમાં નામદાર સુલતાનના ભલા ગુણોની તારીફ કીધી. તે બેતો વાંચ્યાથી સુલતાન બેહદ ખુશી થયો, એટલામાં ખીદમતગારે ઉંચી જાતનો સરાબ હાજર કીધો તેમાંથી સુલતાને મને એક પ્યાલુ ભરી પીવા આપ્યું તે મેં ખુશી સાથે નોશ કીધું. પછી વલી પાછા થોડાક બેતો જોડી તેમાં મેં સરાબની તારીફ કીધી તથા મારા પર ગુજરેલી આફતનો ટુકમાં એસારો કીધો તે વાંચી સુલતાન ખુશ થયો એટલુંજ નહીં પણ તેને ઘણો આનંદ ઉપજ્યો તેથી તે

બોલ્યો કે "આ વાંદરો હોયા છતાં આવી સરસ બેતો જોડી જાણેછે તથા કવિતામાં પોતાનો હાલ વરણવી શકે છે એ એની કાબેલ્યત ઇનસાન કરતાં પણ ઘણી વધારે છે. મેં એટલો કાબેલ કોઇ માણસ પણ જોયો નથી." સુલતાને પછી સેતરંજનું પાટીયું મંગાવ્યું અને ઇસારતથી પુછયું કે "તને આ રતમ ખેલતાં આવડેછે અને જો ખેલી જાણતો હોયતો અમારી સાથે તું રમશે?" આ સવાલના જવાબમાં મેં તાજીમ બજાવી ઇસારતથી જણાવ્યું કે "તમારી મરજી હોય તો હું તૈયાર છું." પેહલી બાજી રમતાં સુલતાન જીત્યો પણ બીજી અને ત્રીજી બાજીમાં મેં તેને જીતવા દીધો નહીં અને હું બંને બાજીમાં ફતેહ પામ્યો. આ ઉપરથી સુલતાન જરારતી નાખુશ થયલો દેખાયો તેથી વલી મેં થોડાક બેતો જોડી તેમાં જણાવ્યું કે "એક જગાએ બે બળવંત ફોજો આખો દહાડો મોટા જોશથી લડતી હતી પણ સુરજ અસ્ત પામ્યા પછી તેઓએ જંગના મેદાનમાંજ આખી રાત મીત્રભાવથી ગુજારી હતી."

મારા આ સઘળાં કામોથી સુલતાન અતીઘણો અજાયબ થતો અને એવાં કામો એક વાંદરાથી થતાં તેણે કદીપણ જોયલાં તો નહીં હતાં પણ સાંભલ્યાંબી નહીં હતાં તેથી આ અજાયબી જોવા માટે તેણે પોતાની એકપુરી બેટી જેણીને "**ખુબસુરતીની માહરાણી**"ને નામે બોલાવતા હતા તેણીને તેડાવી મંગાવવાનો વિચાર કીધો. સુલતાને પોતાના હુજુરીઆને હુકમ કીધો કે "જા! જનાનખાનામાં જઇને શાહજાદીને અત્રે બોલાવી લાવ કે જે મોજ હું ભોગવુંછ તેમાં તેબી ભાગ લે." હુકમ મુજબ શાહજાદી સુલતાન નજદીક હાજર થઇ. તે વેળા તેણીના મોહપર બુરખો નહોતો પણ જેવી તે દીવાનખાનામાં અમો બેઠા હતાં ત્યાં દાખલ થઇ કે તુરતજ મોહપર બુરખો નાખી દીધો અને બોલવા લાગી "મેહરબાન બાપ! તમોએ આજે મોટી ભુલ કીધીછે! જ્યાં બાહરના મરદો છતાં તમોએ મને અત્રે બોલાવી એ ઘણી નવાઇની વાતછે!" [જુવો પાસેના સફાનું ચિત્ર.

સુલતાને જવાબ આપ્યો "બેટી તું સદનતર ભુલેછે! આ જગોએ હું, મારો હજુરયો અને જનાનખાનાનો વડો એ સીવાયે બીજો કોઇ નથી એ સર્વે આગળ તું હંમેશ ખુલ્લે મોહડે આવેછે તેમ આજે ખુલ્લે મોહડે આવવાને તને શું હરકત થઇ!" શાહજાદી બોલી "પીતાજી હું બોલું છું તેજ ખરૂં છે તેની સાબેતી હમણા મલશે. આ તમારી સાંમે બેઠોછે તે ખરેખરે વાંદરો નથી પણ એક શાહજાદો છે તેનો બાપ મોટો પરાક્રમી રાજા હતો. એક જીન જે **એબલીસ**ની છોકરીનો છોકરો થાયછે, તેણે અબનુસી તાપુના રાજા **ઇપીટીમારસ**ની શાહજાદીને મારી નાખ્યા પછી પોતાના જાદુના જોરથી આ શાહજાદાને વાંદરાની સુરતમાં ફેરવી નાંખ્યો છે."

આ સાંભળી સુલતાન અજાયબીથી દંગ થઇ મારી તરફ જોઇ ઇસારતથી પુછવા લાગ્યો કે શું આ વાત ખરીછે? હું બોલી નહીં શકયાથી મેં મારા બંને હાથો મારા માંથા પર મુકી ઇસારતથી કહ્યુંકે શાહજાદી કહેછે તે ખરી વાત છે. સુલતાને શાહજાદીને કહ્યુંકે "તેં કેમ જાણ્યું કે આ માણસનો વાંદરો થયો છે?" તેણીએ જવાબ દીધોકે "મેહરબાન બાપ! તમને યાદ હશે કે હું જ્યારે નહાની બાળક હતી ત્યારે મારી સંભાળ માટે તમોએ એક બુજરોગ દાયા રાખી હતી. તે જાદુ મંત્રની વીદ્યામાં ઘણી કુશલ હતી, તેનો મારાપર ઘણો પ્યાર હતો તેથી તેણીએ મને એ વીદ્યા પુર્ણું શીખવી હતી. એ મંત્ર વીદ્યાના પ્રતાપે આંખ વીંચીને પાછી ઉંગાડો એટલા વારમાં આપણા શેહરને એક મોટા દર્યાવમાં ફેરવી નાખું, અથવા તો કોકેસસ પર્વતની પેલીમેર લઇ જઇ શકું એટલી મારામાં શક્તી છે. તેમજ જાદુથી બદલાયલી હરેક ચીજ પીછાનવાનીબી હું પુર્ણું શક્તી ધરાઉં છું તેથી મેં આ વાંદરાને શાહજાદા તરીકે ઓળખી કાહડયો તેથી તમોએ અજબ થવું નહીં!" સુલતાને કહ્યુંકે "બેતી તું આવી વીદ્યા ધરાવેછે તેની મને આજ સુધી ખબર નહીં હતી." શાહજાદી બોલી "નામદાર બાપ એ વીદ્યા અતીઘણી સરસછે અને શીખવાથી ઘણા ફાયદા થાય છે, પણ મારી ઘણી તારીફ કીધાથી હું પહરેજ

બીજા ફકીરની વાર્તા.

‘ખુબસુરતીની માહારાણી’ વાંદર થયલા શાહજાદા હજુર દાખલ થાય છે.



“હુકમ મુજબ શાહજાદી સુલતાન નજદીક હાજર થઈ. તે વેળા તેણીના મોહપર બુરખો ન હોતો પણ જેવી તે દીવાનખાનામાં અમો બેઠાં હતા ત્યાં દાખલ થઈ કે તુરતજ મોહપર બુરખો નાખી દીધો અને બોલવા લાગી ‘મેહરબાન બાપ! તમોએ આજે મોટી ભુલ કીધી છે!’ હ્યાં બાહારના મરદ છતાં તમોએ મને અત્રે બોલાવી એ ઘણી નવાઈની વાત છે!”

[જુઓ સફો ૮૨

રહું છું." સુલતાન બોલી ઉઠયો "જો એમજ છે તો તું તારો ઇલમ આ શાહજાદાપર અજમાવી દેખાડી તેને પાછો માણુસનો અવતાર આપી શકશે?" શાહજાદી બોલી "હા! મોટી ખુશી સાથે હું એને ઇનસાનનો અવતાર આપીશ" સુલતાને જવાબ દીધો કે જો તું એને ઇનસાન બનાવશેતો મને ઘણો સંતોષ ઉપજશે એટલુંજ નહીં પણ હું એને મારો વડો વજીર બનાવીશ અને એની સાથે તારી સાહદી કરી આપીશ." શાહજાદી બોલી "ત્યારે હું તૈયાર છું અને તમો નામદારની દરેક મરજીને આધીન છું."

શાહજાદી તુરતજ પોતાના દીવાનખાનામાં ગઇ અને ત્યાંથી એક છરી લઇ પાછી ફરી, જેના પાના પર હીબ્રુ ભાષાના કાંઇક અક્ષરો કોટરેલા હતા. પછી તેણી સુલતાનને, જનાનખાનાના વડાને, પેલા હજુ-સ્આને તથા મને એક છુપા ચોકમાં લઇ ગઇ ત્યાં તેણીએ એક મોટું કુંડાળું પાડયું હતું તેની વચમાં અસલી અરેબીક ભાષા, જેને કીલ્યોપેટ્રાની લીપી કરીને કહેતા હતા, તેમાં કાંઇક લખેલું હતું. જ્યારે તેણીએ પેલું કુંડાળું જેમ જોઇતું હતું તેમ તૈયાર કીધું ત્યારે તેની વચોવચમાં ઉભી રહી કાંઇક મંત્રો તથા કુરાનના ચોકશ ફકરાઓ પઢવા લાગી જેથી આસ્તે આસ્તે અંધારૂ ઘોર થઇ રહ્યું અને દીવસનો ઉજાસ ફેરવાઇ સીહા રાત થઇ ગઇ તેથી અમો પુસ્કળ ધાસ્તીમાં પડયા કે દુનિયા ઉંધી વલેછે કે શું? તેટલામાંજ પેલો નાપાક જીન જેણે મને વાંદરો બનાવ્યો હતો તે એક ભયંકર સીંહનો આકાર ધારણ કરી ત્યાં આવી ઉભો! આ જોતાંજ અમો સર્વે ધાસ્તીથી તદન બેફામ બની ગયા અને તેની ભયંકર ગર્જના અને વીક્રાલ દેખાવ જોઇ અમારાંતો હાંજાજ ગગડી ગયા.

શાહજાદીએ તે નાપાક જીનને જ્યારે સીંહના આકારમાં પોતા સામે આવી ઉભેલો જોયો ત્યારે તે ધીક્કારથી બોલી "કુત્તા તું મારી સામે નમનતાઇથી આવવાને બદલે ભયંકર રૂપ ધારણ કરી મને ડરાવવા આવવાની હીંમત કરેછે પણ તેથી કાંઇ હું ડરી જવાની હતી કે?" તે સીંહે જવાબ દીધો "ત્યારે તું કેમ આપણુની વચ્ચે થયલા કોલ કરારો તોડવાની હીંમત કરેછે? જે કોલકરાર તારી અને મારી વચ્ચે પવીત્ર સોગંદ સાથે થયા હતા કે આપણે એક બીજાના કામની વચ્ચે જવું નહીં અને એક બીજાને રસ્તે આવવું નહીં તે તું કેમ ભૂલી જાયછે?" શાહજાદી બોલી "કંગાલ! સરૂઆત તારેથી થઇછે તોપણુ તું મને બદનામ કરવાની હીંમત કરેછે?" તે સીંહ ગુસ્સાથી પોકાર્યો કે "તેં મને આં બોલાવી જે ખાલી મેહેનત આપી છે તેનો બદલો આપવો ઘણો મોંઘો પડશે." એટલું બોલી તે સીંહ શાહજાદીના આંગપર પુર જોસ્સાથી ધસી ગયો પણ શાહજાદી સાવચેત હતી તેથી જરા પાછળ હટીને તુરતજ પોતાના સીરપરથી બેત્રણ બાલ તોડી કાહડી કાંઇ મંત્ર ભણી કે તે બાલની એક ઘણી સરસ તલવાર બની ગઇ! જેથી તેણીએ પેલા સીંહના બે ટુકડા કરી નાંખ્યા.

સીંહના બે ટુકડા થયા કે તુરતજ જે નાબુદ થયા ને ફક્ત તેનું માથું રહ્યું જે તુરતજ એક મોટા વીંછીના આકારમાં ફેરવાઇ ગયું. શાહજાદીએ તુરતજ સાંપનો આકાર ધારણ કરી તેની સાથે સખત લડત કરવા માંડી જેમાં જીન હારવાની અણીપર આવ્યો કે વીંછી પેલો ગીધ બની ઉડી ગયો. શાહજાદી પણુ સાંપનો આકાર છોડી દઇ ગીધ બની ગઇ અને તે જીનની પછવાડે પડી અને અમારી નજર. સાંમેથી બંને જણ ગુમ થયાં.

તે પછી થોડા વખતમાં જમીન ફાટી અને તેમાંથી એક કાલો બીલાડો બાહેર પડયો તે મોટા ભયંકર અવાજે પોકારવા લાગ્યો કે તુરતજ એક મોટું વરૂ બાહર નીકળી તે બીલાડા પાછળ લાગ્યું આખરે બીલાડો થાકયો અને એક કીડો બની ગયો અને ત્યાં દાડમના ઝાડ હેઠેલ પડેલાં એક દાડમમાં ગુસી ગયો તેથી તે દાડમ અસાધારણુ મોટું થતું ગયું અને તે મોટું થતાંજ ઉંચે ઉડયું અને પાછું જોરથી જમીન પર પટકાઇ પડયું કે તે ફાટી ગયું અને તેના સેકડો દાણા જમીન પર વીખરાઇ પડ્યા

તે જોઇ વરૂએ પોતાનું રૂપ બદલ્યું અને એક મરઘો બની તે દાડમના દાણાં તુરતા તુરત ચુંટી ખાવા લાગ્યો. બધા દાણાં ખાઇ રહ્યા પછી તે આસપાસ જોઇ મોટે મોટે પોકારવા લાગ્યો અને બીજા દાણાની સોધમાં હોય એમ દીસવા લાગ્યો. એક પલમાં તેની નજર પેલી નેહરના કીનારા આગળ પડેલા એક દાડમના દાણાં તરફ પડી કે તે તુરત તે તરફ દોડી ગયો ત્યાં જઇ જેવો તે દાણો ખાવા જાય શું કે તે પાણીમાં ગબડી ગયો અને એક માછલીનો આકાર ધારણ કીધો તે જોઇ મરઘાએ પાણીમાં નખાવી દીધું અને એક મોટી માછલી બની તેની પાછળ લાગી. તે માછલીઓ બે કલાક સુધી પાણીમાં રહી અને તેઓનું શું થયું તે અમો જાણી શકયા નહીં. પણ તેટલામાં અમોએ પાછા ભયંકર આવાજો સાંભળ્યા જેથી અમો ધાસ્તીના મારયા ધ્રુંજવા લાગ્યા. અમારી નજરે પેલો જીન તથા શાહજાદી પડ્યાં તેઓ બન્ને જણા પોતાના મોહમાંથી આતસના ભયંકર ભભુકા કાહડતા હતા અને એકેકની સામા સામી તે ફુકતાં હતા. એ આતસનું ફુકવાનું તેઓએ એટલું તો ચાલું કીધું કે તેના ધુંવાથી જમીન ને આશમાન તમામ ભરાઇ ગયું અને અમો તો એમજ સમજ્યા કે રાજ મેહલમાં મોટી આગ સળગી છે. એમ સામા સામી આતશના ભભુકા ફુકાતા હતા તેટલા પેલો જીન અમારી તરફ ફર્યો અને અમારી પર આતસ ફુકવા લાગ્યો તે જોઇ શાહજાદી તુરત અમારી મદદે આવી નહીં હતે તો અમો સર્વે બળી ખાખ થઇ જતે. શાહજાદીની વખતસરની મદદ મળવા છતાં સુલતાનનું મોહડું થોડું ઘણું બળી જઇ તેની દાહડીને નુકસાન થયું હતું. જનાનખાનાનો વડો તો તુરતજ મરણ પામ્યો અને મારી જમણી આંખ આતસની ચીંગારી ઉડવાથી તદન આંધળી થઇ ગઇ. મેં તથા સુલતાને તો ધારયું કે હવે મોત નજદીકજ છે અને સર્વે ખાખ થઇ જશે પણ તેટલામાં તો અમારે કાણે "ફતેહ! ફતેહ!!" એવા આવાજો પડ્યા અને શાહજાદી પોતાના ખરા આકારમાં અમારી નજર સામે આવી ઉભી અને પેલો નાપાક જીન રાખનો ઢગલો થઇ પડેલો અમારી નજરે પડયો.

તે શાહજાદીએ તુરત એક કપ ભરી પાણી ઘણી ઉતાવલથી માંગ્યું જે તુરતજ પેલો હજુરયો જેને કાંઇ પણ ઇજા નહીં થયલી હતી તેણે લાવી આપ્યું. શાહજાદી તે પાણી મંત્રી કાંઇ બબડી અને તેમાંથી થોડુંક પાણી લઇ મારી ઉપર છાંટી બોલી કે "જો તુને જાદુથી વાંદરો બનાવ્યો હોય તો તું તારો અવતાર બદલ અને માણસનો અવતાર ધારણ કરી જેવો અસલ હતો તેવો થા!" તેણીએ આ બોલો પુરા કીધા કે હું તરતજ અસલ જેવો હતો તેવો માણસાઇ અવતારમાં આવ્યો પણ પેલા આતશની ચીંગારીથી મારી જમણી આંખ બલી ગઇ હતી તેથી હું એક આંખે કાણો રહ્યો.

મારી ઉપર જે મોટો ઉપકાર તેણીએ કીધો હતો તેનો હું ઉપકાર માણવા જતો હતો તેટલાંમાંજ તેણીએ મને વખત ન આપતાં બોલવા માંડયું કે મેહરબાન "બાવાજી! તમોએ જોયું તેમ મેં તે જીનને જીતીયો ખરો, પણ તે ફતેહ મને ઘણી મોંઘી પડી છે. થોડી પલમાં હું આ જગત છોડી જઇશ તેથી આ શાહજાદા સાથે મારાં લગન કરવાની તમારી ઇચ્છા પુરી પડશે નહીં. જીન સાથની આ લડાઇમાં મારા આંગમાં આતશ પેવશ થયોછે તેથી મારાં તમામ દીલમાં આગના ભભુકા ઉઠે છે અને મારૂં અંતઃકરણ બળવા માંડયું છે તેથી હું પણ થોડા વખતમાં ખાખનો ઢગ થઇ પડીશ. જે વખતે હું મરઘો બની હતી તે વખતે પેલો છેલો દાણો જો હું ખાઇ ગઇ હતે તો આ આતસી લડાઇ લડવી પડતે નહીં. પણ તે દાણો મારી નજરે ઘણો મોડો પડવાથી તે જીન બચી ગયો અને આ આતસી લડાઇ લડવાની ફરજ પડી. મેં કેટલી સખ્ત લડાઇ લડી તેતો તમોએ જોઇછે અને તે નાપાક જીન મંત્ર તંત્રમાં ઘણો હુશીયાર હોવા છતાં તેના કરતાં મારૂં જ્ઞાન ઘણું મોટું હતું તે મેં તેને ખાતરીપુર્વક દેખાડી આપ્યું. મેં તેને ખાખ તો કરી નાખ્યો પણ હું જીવી શકનાર નથી અરે! હું બચી શકું તેમ નથી."

જ્યારે શાહજાદી બોલી રહી ત્યારે સુલતાન ઘણોજ દલગીર થયો અને મોટા સંતાપ સાથે બોલ્યો કે "મારી પ્યારી બેટી તારી હકીકત સાંભળી મારૂં જીગર ફાટી જાયછે અને હું અજબ થાઉ છું કે

એટલા બધા ગમ સાથે હું કેમ જીવી શકું છું. જનાનખાનાનો વડો મરણ પામ્યો છે; આ શાહજાદો જેની ઉપર તેં આટલો બધો ઉપકાર કીધો છે તેણે પોતાની જમણી આંખ ખોહીછે, મારૂં મોહડું દાઝ્યું અને દાહડી સલગી ગઇછે એ સર્વે ખમાયું પણ મારી પ્યારી બેટી તારી બુરી હાલત જોઇ મારી છાટી વીંધાઇ જાયછે." સુલતાન વધારે બોલતે પણ તે ગમથી એટલોતો ઘેરાઇ ગયલો હતો કે એક બોલબી તે વધુ બોલી શકયો નહીં અને તે જોઇ હું તથા શાહજાદી પણ પુશકળ રડવાં લાગ્યાં.

આ મુજબ અમો ગમમાં ગીરફતાર હતાં તેટલાં શાહજાદી બુમ પાડી ઉઠી કે "હું બળું છું! અરે હું અંદરથી બલું છું!" એટલું બોલતાંજ તે રાખનો ઢગલો થઇ પડી. જીન સાથે આતસી લડાઇ કરતાં તેણીના તનબદનમાં જે આતસની ચીંગારીઓ પેવશ થઇ હતી તેથી તે બચી શકી નહીં અને આખરે ખાખ રાખ થઇ પડી.

આ ભયંકર દેખાવ જોઇ અમારી હાલત ઘણી સંતાપકારક થઇ પડી. મારૂં ભલું ઇચ્છનારી શાંહજાદીનો આવો ભયંકર અંત આવેલો જોઇ હું વિચારવા લાગ્યો કે હજુર હું આખો ભવ સુધી વાંદરજ રહ્યો હતે તે પરવડતે અને તેથી આવું ભયંકર પરીણામ નહીં નીપજતે. સુલતાનને જે દુઃખ થયું હતું તે નહીં ખમી શકાય એવું હતું. તેણે પોતાની પ્યારી બેટીના આ દુઃખદાયક મરણથી મોટી બુમો પાડી તેથી મેહલના સર્વે આદમી ત્યાં દોડી આવ્યાં અને તેઓ જોઇને ઘણાંજ અજબ થયાં કે સુલતાન પોતાની છાતી તથા માથું કુટીને ઘણાંજ દુઃખ સાથે રદન કરતો હતો. તે એટલું તો રડતો હતો કે તેમ કરતાં તે બેસુધ થઇ ગયો અને ઘડીભર મને તેની જીંદગીનો પણ ભરૂશો રહ્યો નહીં.

ઘણો વખત તે બેસુધ રહ્યા પછી જ્યારે તે હુશીયાર થયો ત્યારે તેણે તે દુઃખદાયક બનાવ વિષે પોતાના અમીર ઉમરાવોને વાકેફ કીધા અને પેલા બે રાખના ઢગલા તેઓને દેખાડયા. સુલતાન એટલો તો નાતવાન થઇ ગયો હતો કે તેને પોતાના બે ઉમરાવોના હાથનો ટેકો લઇ મહેલમાં જવું પડયું.

જ્યારે આ ખબર મેહલમાં તથા શેહરમાં ફેલાઇ ત્યારે "ખુબસુરતીની રાણી"ના મરણથી તમામ લોકો બેહદ દલગીર થયું અને તે નામદાર શાહજાદીના શોગમાં સાત દીવસ સુધી પોતાનું કામ કાજ બંધ પાડયું તથા ધર્મની ક્રીયાઓ જારી કીધી. પેલા નાપાક જીનની રાખને હવામાં ઉરાડી મેલી અને શાહજાદીની રાખ એક કીંમતી ચંપુમાં સાચવી રાખી તે ઉપર એક મોટો મીનારો ઉભો કરી એક સુંદર ઘોરમાં તે ચપુ સંભાળીને મુકયો.

ત્યાર પછી સુલતાન ઘણોજ બીમાર પડયો અને લગભગ મોહતના મોહડાંમાં આવી પડયો અને એક માસ સુધી તેની બીમારી ચાલુ રહી પછી તે આસ્તે આસ્તે સારો થતો ચાલ્યો અને તદન સાજો થયો ત્યારે મને બોલાવી કહેવા લાગ્યો કે "સાંભળ શાહજાદા! જે દીનથી તું અત્રે આવ્યો છે તે દીનથી તું અમારા પર દુઃખ લેતો આવ્યો છે અને તેની અગાઉ અમો ઘણાજ સુખી અને આરામમાં હતાં તથા નસીબની ગીરદસ્તથી છુટાં હતાં. તુને તારા બદસુરત ચેહરામાં અમોએ જોયોજ નહીં હતે તો ઘણું બેહતર હતું કેમકે તારેથી અમો ઘણી દુઃખી હાલતમાં આવી પડયા છીએ. મારી પ્યારી બેટી તારે લીધે મરણ પામી, મારા જનાનખાનાનો વડો બલી મુઓ, અને હું એક મોજેજાથીજ ફકત મારી જીંદગી ખોહતાં બચી ગયો. આ સર્વ આફતનું કારણ તું છે. એ બધા માટે મને તુંને કેહવું પડે છે કે તું અમને તુરતજ છોડી જા કારણકે તું વધુ વખત અત્રે રહેશે તો ખચીત મારૂં પણ મોહોત નીપજશે. કારણ કે તું એટલો તો નેહસ કદમનો છે કે જ્યાં બી તું પગ મુકે છે ત્યાં સત્યાનાસનો પાયો નખાય છે

અને સર્વે ઉજડ થઇ જાય છે એટલુંજ મારે તેને કેહવાનું હતું. જા, અને ફરી તારૂં મોહડું મારા રાજમાં દેખાડતો ના. જો તું આ ફરમાનનો અનાદર કરશે તો તું ખચીત પસતાશે." હું કાંઇ બોલવાને ઇચ્છતો હતો પણ સુલતાન એટલો ગુસ્સે થયલો દીસ્યો કે મને મુગું મુગું તે મેહલ છોડી ચાલી જવું પડયું.

ત્યાંથી હાંકી કાહડેલો, સર્વે ઠેકાણેથી હાડમાર થયલો અને મારૂં શું થશે તે જાણ્યા વગર વળી હું પાછો રખડતો થયો. તે શેહર છોડયા આગમચ હું એક હમામખાનામાં ગયો અને મારી દાહડી તથા ભવાં બોરાવી નાખી એક ફકીરનો વેશ ધારણ કીધો. બે ખુબસુરત શાહજાદીઓના મોહતનું કારણ હું થવાથી મારાં કમનસીબને દોશ દેતો તથા પસ્તાવો કરતો હું મારી મજલ પુરી કરતો હતો. ઘણાક દેશોમાં હું ફરયો અને છેલ્લે બગદાદ આવવા નીકળયો કે ત્યાં જઇ ઇમાનના બચાવ કરનાર કાલીફ હારૂન અલરસીદને મારી અજાયબ જેવી કાહણી સંભાળાવી તેનેથી કાંઇ દાદ મેળવું. આજે સાંજે હું આ શેહરમાં આવી પુગો અને મારા સોબતી પેહલા ફકીરને હું મળ્યો જેણે પોતાની હકીકત તમોને કહી સંભળાવી છે. ત્યાર પછી શું બન્યું તે નામદાર બાનુંઓને બરાબર ખબર છે."

જ્યારે બીજો ફકીર પોતાની વાર્તા કહી રહ્યો ત્યારે ઝોબીદીએ તે બીજા ફકીરને કહ્યું કે "તમોએ તમારી હકીકત બરાબર કહી છે માટે તમોને ગમે ત્યાં જવાની હું તમને રજા આપું છુ." પણ તે ફકીરે જવાને બદલે માગી લીધું કે જેમ પેહલા ફકીરને બીજાઓની વાત સાંભળવાને રજા આપી હતી તેમ તેને પણ આપવી. પછી તે પેહલા ફકીરની પાસે જઇ બેઠો. પછી ત્રીજા ફકીરે પોતાની વારી આવેલી જાણી ઝોબીદાની રજા લઇ પોતાની હકીકત નીચે મુજબ કેહવાની સરૂ કીધી:—

ત્રીજો ફકીર, જે એક રાજાનો છોકરો હતો તેની હકીકત.

નામદાર બાનું હું જે મારી હકીકત જણાવવા માગું છું તે તમોએ આ બે ફકીરોની વાર્તા સાંભળી તેથી તદન જુદીજ છે અને તે ઘણી અજાયબી ભરી છે. આ બે શાહજાદાઓએ પોતાની જમણી આંખ અકસ્માતથી ખોહીછે પણ મેં મારી આંખ તો જાણીબુજીને મારા પોતાના વાંકથી ખોહી છે. હું તમને મારી હકીકત કહુંછું તે ઉપરથી તમને માલમ પડશે કે મારી કમબખતી હું પોતે લાવ્યો છું.

હું કાસીબ નામના પાહદશાહનો છોકરો અને વલી પોતે પાહદશાહ હતો. મારૂં નામ અજીબ છે. મારા બાપના મરણ પછી મને તેનું તખ્ત તાજ મલ્યું. જે શેહરમાં મારા બાપદાદા રેહતા હતા ત્યાંજ મેં પણ મારૂં મકાન રાખ્યું. એ શેહર ઘણું મોટું અને નામાકીત બંદર ગણાય છે કારણ કે તે એક દરયાવના સરસ કીનારા પર આવ્યું છે. જ્યારેબી જરૂર પડે તે વખતે કામ આવે માટે દોઢસો લડાઇના બારકસો, તમામ દારૂગોલા અને બીજા સરનજામ સાથે, હંમસાં તૈયાર રાખવામાં આવતાં હતાં. વલી બીજા પચાસ પરાઉઓ અને બીજી પાણીમાં મોજમજાહ કરવાની બોટો વીગેરે પુશકળ સરનજામ દરીયાવમાં તૈયાર રેહતો હતો. મારા રાજ્યના તાબા હેઠલ ઘણા મોટા સુંદર અને દોલતે પુર પ્રાંતો ઉપરાંત મારી રાજધાણીની આસપાસ બીજા કેટલાક બેટો પણ હતા.

તખ્ત પર આવ્યા પછી તુરતજ હું મારા સર્વે પ્રાંતોની ભેટ લઇ ચુક્યો. ત્યાર પછી અચ્છા અને સુંદર વાહણો તૈયાર કરાવી મારા દરેક બેટમાં ફરવા નીકલ્યો. મારો વીચાર એ હતો કે હું મારા રાજ્ય હેઠલ વસનારી પ્રજાને નજરે નજર મલું કે તેઓનો પ્યાર મારી ઉપર વધે અને તેઓની જેબી હાજત હોય તેની મને ખબર પડે. થોડો વખત એ પ્રમાણે દરયાવની મુસાફરી કરવાથી મારો શોખ એવી મુસાફરી પર વધુને વધુ થવા લાગો તેથી હું ફરી ફરીથી એવી મુસાફરીઓ કરવા લાગ્યો અને પછી

મારા બેટા ઉપરાંત બીજા બેટા દરીઆવમાં છે કે નહીં તેની સોધ કરવાનો મેં ઠરાવ કીધો. મેં દસ સુંદર ને મજબુત વાહણો તમામ સરનજામ અને ખોરાકીથી પુર ભર્યાં અને તેમાના એક વાહણમાં હું બેઠો અને નવ વાહણ રસાલા તરીકે રાખ્યાં.

રાજધાણીથી નીકલ્યા પછી ચાલીસ દીન સુધી અમોએ ખુશ ખુશાલીમાં દરીઆઇ મુશાફરી કીધી પણ એકતાલીસમે દીને રાતના પવને પીઠ ફેરવી અને દરીઆવ એવોતો ઉછાલા મારવા લાગ્યો કે ગોયા અમો હમણાંજ ડુબી મરશું એવું લાગ્યું. બીજે દહાડે બામદાદમાં તોફાન નરમ પડયું અને એક બેટ તુરતજ અમારી નજરે પડયો. ત્યાં અમોએ બે દહાડા ઉતારો કર્યો અને જોઇતું પાણી તથા ખાવા લાયક ફલ ફલાડી પણ ત્યાંજ અમારા વાહણ પર ચહડાવી લીધા. ત્રીજે દહાડે સહવારના પોહરમાં અમોએ અમારાં વાહણો આગળ હંકારવા માંડ્યાં. અમને લાગેલાં તોફાનથી દરીઆઇ મુસાફરીની મારી ઉલટ તુટી ગઇ અને મેં સર્વે વાહણોને મારી રાજધાણી તરફ હંકારવાનો હુકમ કીધો. મને મારી રાજધાણીમાં જવાની ઘણી જીગ્નાસા પેદા થઇ પણ દસ દહાડા નીકળી ગયા છતાં અમને જમીન નજરે પડી નહીં. દસમે દહાડે સાંજનાં મેં એક ખલાસીને વાહણના ડોલ પર ચહડી કેહેબી જમીન નજરે પડે છે કે નહીં તે જોવા ફરમાવ્યું. તેણે ડોલની અણી પર ચહડીને ચારો તરફ નજર દોડાવી જોયું અને પછી કહ્યું કે ડાબી અને જમણી બાજુ તો આસમાન અને પાણી સીવાય બીજું કસ્સું નજર પડતું નથી પણ બરાબર તેની સામે એક મોટું કાળુ ધાબું નજરે પડે છે.

આ સાંભળી વાહણના નાખોદાનો ચેહરો ફીકો મારી ગયો, અને એક હાથે પોતાની પાઘડી ફેંકી દઇ બીજે હાથે પોતાનું કપાળ કુટવા લાગ્યો અને પુકારવા લાગ્યો કે "ઓ ખોદા! આપણા સર્વેનો નાશ થયો! જે આફ્ત આપણી સામે પોતાના ડોળા ગુરકે છે તેથી આપણામાંથી એક પણ બચી શકશે નહીં. મારા અનુભવથી હું કહી શકું છું કે આ ભયથી બચાવી લેવાનું કોઇબી સાધન આપણી પાસે નથી" એટલું બોલી તે બચાંની માફક રડવા લાગ્યો અને તેનો ઘભરાટ આખાં વાહણ પર ફેલાઇ ગયો. મેં તેને આ માફક ઘભરાટ અને રૂદન કરવાનો સબબ પુછયો ત્યારે તેણે જવાબ દીધો કે "અફસોસ! તોફાન આપણને આડે રસ્તે ખેંચી લાવ્યું છે. કાલ બપોર સુધીમાં આપણે પેલું કાલું ધાબું જે એક મોટો લાહચુંબકનો પાહડ છે તેની નજદીક જઇ પુગશું જેથી કરીને આપણા કાફલાના દરેક વાહણ એક લેહજામાં પાણીને તળ્યે જઇને બેસશે કારણ કે વાહણના દરેક ખીલા તે પાહડને જઇ વલગશે અને આપણે સર્વે ડુબી મરશું. એ મુજબ સેંહકડો વાહણોનો નાશ થયાથી કાંઇ લખોબંધ લખો ખીલા તે પાહડને વળગેલા છે અને તેથી એ લોહચુંબકનો પાહડ આખો ભરાઇ ગયો છે."

તે નાખોદાએ વધુ એમ જણાવ્યું કે એ લોહચુંબકનો પહાડ ઘણો ઉભો છે અને તેની ટોંચ ઉપર એક ગોળ ગુંબજ જે કાંસાનો બનાવેલો છે તે કાસાના થાભલાઓ ઉપર ઉભો કીધેલો છે. તે ગુંબજ ઉપર એક કાંસાનો ઘોડો છે જે ઉપર એક માણસને કાસાનોજ બનાવીને બેસાડેલો છે. તે સવારની છાતી ઉપર એક તખતી કોટરેલી છે જે ઉપર તલેસમાતી ભાષામાં લખેલું છે. જે વિષે એવી વાત ચાલેલી છે કે આ પુટલું દરેક આફ્તનું કારણ છે જો તેને કોઇ તોડી પાડે તો આટલા બધા વાહણો તથા માણસોનો નાશ થતો અટકે. પણ અફસોસ તેવું બનવુંજ ઘણું મુશકેળ છે એટલું બોલી તે નાખોદા પાછો પુશકળ દુઃખ સાથે રડવા લાગ્યો જેને જોઇ વહાણના દરેક ખલાસીઓ પણ હાંજાં મેલી રડવા લાગ્યા. મારે મનશે હું મારા દહાડા આવી પુગેલા ધારવા લાગ્યો. દરેક માણસ પોતાના બચાવના સાધન સોધવા લાગ્યું અને અમારી જીંદગીનો અંત આવવાની અણી જોઇ અમોએ સર્વેએ મલી એવું ઠરાવ્યું કે ખોદાના હોકમથી જેબી કોઇ બચી જાય તે સર્વેનો વારસ થાય.

બીજી સવારે પેલો પાહાડ અમારી નજરે ખોલ્લો દેખાવા લાગ્યો અને જેમ જેમ તે તરફ જોતા તેમ તેમ વધુને વધુ ધાસ્તીથી દરેક જણ મરનતોલ થવા લાગ્યા. બપોર પડવા આવી કે નાખોદાની ભવીશવાણી ખરી પડતી દેખાઇ. વહાણના દરેક ખીલા તથા લોખંડની દરેક ચીજ પેલા લોહચુંબકના પાહડને જઇ વલગવા માંડી અને તેથી એટલો તો મોટો ઘોંઘાત થયો કે અમને અમારૂં બોલેલું પણ સંભળાવું મુશકેળ થઇ પડયું. તમામ ખીલા પાહડને જઇ વલગતાંજ અમારાં વાહણો તુકડે તુકડા થઇ ગયાં અને દરયાવને તલીએ જઇ પડયાં અને દરયાવ એટલો ઉંડો હતો કે કોઇનો ઠાગ કેઠે લાગો નહીં. મારાં તમામ આદમીઓ દુબી મુઆં પણ ખોદાવંદતાલાએ મારી ઉપર રહેમ કીધી અને એક ભાગેલા પાત્યાંની મદદથી હું દુબતાં બનચી ગયો. પવન મને બરાબર પેલા પહાડનાં તલ્યાં નજદીક ધસડી ગયો. મને જરાબી ઇજા થઇ ન હતી અને વલી સારાં નસીબે હું જે જગ્યા ઉપર ઘસડાઇ આવ્યો હતો તે જગાએજ પહાડ પર ચહડવાને પગઠયાં પાડેલાં હતાં. બીજી કોઇબી જગાએ એક ફુટ જગાબી નહીં હતી કે જ્યાં હું મારી જીંદગી બચાવવા માટે ઉભોબી રહી શકતે. મેં ખોદાનો બેહદ પાડ માન્યો અને તેનું પાક નામ જબાન પર લઇ મેં તે પગતી ઉપરથીજ પહાડ પર ચહડવા માંડયું. તે પહાડ એટલો તો ઉભો હતો ને તે સાથે પગતી એટલી તો સાંકડી હતી કે જો પવન ઘણો જોશમાં ફુકતો હતેતો હું તરત દરયાવમાં ઉડી ગયો હતે પણ માહ મેહનતે અને ખોદાની મેહરબાંનીથી હું પેલા કાંસાના ગુંબજ સુધી ઉપર ચહડી શકયો અને કાંઇબી ઇજા થવા વગર ગુંબજમાં દાખલ થયો કે મેં મારૂં સર જમીન પર પટકી તે સર્વે શકતીમાન ખોદાનો આભાર માન્યો અને મને બચાવી લીધો તે માટે હજારો હજાર દુવા દીધી.

તે ગુંબજમાં મેં આખી રાત ગુજારી અને જ્યારે હું ઉંગાયલો હતો ત્યારે એક બુજરેગ પીર મરદ મારા સ્વપ્નામાં આવ્યો અને કેહવા લાગ્યો કે "અજીબ સાંભલ! જ્યારે તું જાગે ત્યારે તારા પગ નીચેની જમીન ખોડજે અને તેમાંથી તને ત્રણ તીર અને એક કાંસાનું કામઠું મળશે, તે લેજે અને પેલા પુટલાં તરફ તે ત્રણે તીરો ફેંકેજે એટલે ઘોડા ઉપરનું પુટલું દરયામાં જઇ પડશે અને ઘોડો તારા પગ પાસે આવી પડશે. તે ઘોડાને જે જગ્યાએથી તુને તીર કામથું મળ્યું તે જગોએ દાટજે. જ્યારે તું દાટી રેહેશે કે દરયો ઉછળવા માંડશે અને ઉછળતો ઉછળતો એટલો તો જોશમાં આવશે કે આ ગુંમબજ જેટલાં તેનાં પાણી ઉપર ચહડશે અને તારી તરફ એક બોટ આવતી દેખાશે જેમાં ફકત એકજ આદમી પોતાના હાથમાં એક હલેસું પકડી બેઠેલો હશે. તે માણસ ત્રાંબાનો બનાવેલો હશે. તેની સાથે તું બોટમાં બેસજે પણ સંભાળ રાખજે કે તે વખતે ખોદાનું નામ બીલકુલ મોહ પર લાવતો ના. દસ દીવસમાં તે તને બીજા દરયાવમાં લઇ જશે ત્યાંથી તને તારા મુલકમાં સહી સલામત જવાનો રસ્તો નજરે પડશે. પણ તારી એ દસ દીવસની મુશાફરીમાં કદી પણ ખોદાનું નામ તારી જબાનપર લાવતો ના." એ પ્રમાણે બોલી તે પીર મરદ ગુમ થઇ ગયો.

જેવો હું ખાબમાંથી બેદાર થયો કે પેલા સ્વપ્નાથી મને ઘણો સંતોશ મલ્યો અને પેલા પીર મરદના કેહવા મુજબ કરવાને કસ્સો વીલંમ લગાડયો નહીં. જમીન ખોડી તો મને ત્રણ તીર ને એક કામથું મલ્યું મેં પેલા તીરો પેલાં પુટલાં તરફ ફેંકયા. ત્રીજા તીરે તે પુટલાંને દરયાવમાં ફેંકી માર્યું અને ઘોડો મારા પગ આગળ આવી પડયો. મેં તે ઘોડાને જ્યાંથી મને તીર ને કામથું મલ્યું હતું ત્યાં દાટયો; હજુરતો હું તે ઘોડાને દાટુંછું તેટલાંમાજ દરયાવ ઉલટવા માંડયો અને જ્યાં સુધી તે તે પાહડની ટોંચ સુધી પુગ્યો ત્યાં સુધી ઉભાયો જ્યારે પાણી બરાબર પાહડની ટોચની અડો અડ આવી પુગા ત્યારે એક બોટ મારી તરફ આવતી દેખાઇ. મેં ખોદાના સુકરાના કીધા કે મારા સ્વપ્નાની દરેક બામદ ખરી પડેછે. તે બોટ આખરે મારી નજદીક આવી અને તેમાં ત્રાંબાનો બનેલો માણસ બેઠેલો

મને દેખાયો. હું તે બોટમાં બેઠો અને ખોદાનું નામ નહીં લેવાના ઠરાવને મજબુતીથી વલગી રહ્યો. હું એક શબ્દ પણ બોલ્યો નહીં. જેવી મેં બોટમાં બેઠક લીધી તે ત્રાંબાના માણુસે પોતાનું હલેસું ચાલું કીધું અને પહાડથી અમો તુરતજ દુર થયા. તેણે કંઇબી હાક ખાધા વગર પોતાનું કામ ચાલુ રાખ્યું. જ્યારે મેં થોડાક બેટો જોયા ત્યારે દરેક ધાસ્તીમાંથી હું મોકળો થઇશ એમ મને લાગ્યું તેથી ઘણો ખુશી થઇ ગયો અને તે ખુશાલીના બાહારમાં પેલા પીરમરદના સખુનો ભુલી ગયો અને "ખોદા તારી મદદ મોટી છે!" "ખોદા તારી ખુદરત ન્યારીજ છે!" એમ હું પોકારી ઉઠયો.

હજુર તો હું આ શબ્દો પુરા પાધરા બોલ્યોબી નહીં તેટલામાંજ પેલી બોટ ઉંધી વળી ગઇ અને પેલું ત્રાંબાનું માણુસ તથા બોટ તુરતજ દરયાવને તલીએ જઇ બેઠી! હું પાણી પર રહી ગયો ને બાકીનો આખો દહાડો તરતો રહ્યો અને એક નજદીકના બેટ તરફ જવા લાગ્યો. હમણાં રાત એટલી તો અંધારી હતી કે હું કાંઇ પણ જોઇ શકયો નહીં અને હું કયાં છું તે જાણ્યા વગર યાતવકલ તરવા લાગ્યો. મારૂં તમામ કઉવત હવે પુરૂં થયું અને હું એટલો તો થાકી ગયો કે હવે હું જીવી શકશ નહીં એમ મને લાગ્યું. પવન એટલો તો જોરમાં ફુકવા માંડયો અને એક મોટો પાહડ જેવો મોજો આવ્યો તેણે મને એક મોટા પોહલા કીનારા પર ફેંકી દીધો. હું ઉતાવલથી કીનારા પર દોડી ગયો કે રખેને બીજો એકુ મોજો આવીને મને પાછો ખેંચી જાય. તુરતજ મેં મારાં કપડાં કાહડી નાખી તે નીચોવી કાહડયાં અને રેતી પર સુકાતા નાખ્યાં કારણકે રેતી હજુર દિવસના તાપથી તપેલીજ હતી.

બીજી સવારે જેવાં સુરજના તાપથી મારાં કપડાં સુકાઇ રહ્યાં કે મેં તે પાછા મારા આંગમાં પેહર્યાં અને તે કઇ જગ્યા છે તેની ખબર કાહડવા હું કીનારા પર ભટકવા લાગ્યો. થોડુંક ચાલ્યા પછી મને માલમ પડયું કે હું એક ફળવંત જંગલમાં છું, જ્યાં ઘણીક જાતના મેવા તથા ફુલ ફુલના ઝાડોનો ખુશનુંમા જમાવ હતો. મને લાગ્યું કે થોડેક દુર કોઈક શેહર હોવું જોઇએ. થોડા વખતમાં મારી નજરે એક ન્હાનું વાહણુ પડયું કે જ્યાં હું હતો ત્યાંજ આવતું દેખાયું. તેમાના લોકો બેશક મારી તરફજ લાંગરવા આવતાં હતાં એમાં તો શકજ નહીં હતો પણ તેઓ દોસ્ત છે કે દુશમન તે જાણુંવા વગર તેઓને દેખાવ દેવો મેં દરૂસ્ત નહીં ધાર્યું તેથી એક મોટાં અને ભરેલાં દરખત મધે છુપાઇ બેઠો જ્યાંથી હું સર્વે જોઇ શકતો હતો પણ મને કોઇ જોઇ નહીં શકે એવું હતું. તે વાહણુ એક ન્હાના જમીનના ટુકડા આગલ લાંગર્યું અને તેમાંથી દશ ગુલામો જમીન ખોડવા માટે ચાંચવા પાવડા લઇ ઉતરયા અને તે બેટની વચોવચમાં તેઓ અટકયા અને જમીન ખોદતા દેખાયા. તેઓની હીલચાલ ઉપરથી મને સમજ પડી કે તેઓએ એક ભાંયરાનું છુપું બારણું ખોલ્યું હતું. તેઓ પછી તુરતજ વાહણુ પર પાછા ગયા અને તરેહવાર જાતનો ખોરાક તથા સરસામાન કીનારે લાવ્યા અને દરે જને અકેકો બોજો પોતાના માથાં પર લીધો અને પેલા છુપા ભાયરાંવાળી જગ્યા ઉપર ગયા. તેઓની આ વર્તણુક ઉપરથી મેં ધાર્યું કે તે ભોંયરામાં એકુ છુપુ મકાન હશે. વળી બીજી વખતે તેઓ પાછા વાહણુ પર ગયા અને હવે પાછા ફર્યા ત્યારે તેઓ સાથે એક બુઢો મરદ હતો જેના પોશાક ઉપર તે તેઓનો શેઠ હોય એમ લાગતું હતું તેની સાથે એક જવાન ખુબસુરત છોકરો તેનો હાથ પકડી ચાલતો હતો. તેના દેખાવ પરથી તે ચૌદ અથવા પંદર વરસની ઉમરનો હતો. તેઓ સર્વે પેલાં છુપાં બારણાંમાંથી ભોંયરામાં દાખલ થયા અને થોડા વખતમાં તેઓ પાછા આવ્યા અને પેલું છુપું બારણું પાછું બંધ કીધું અને તે ઉપર માટી પુરી નાખી પાછા વાહણુ પર ગયા પણ મેં જોયું કે તે વખતે તેઓ સાથે પેલો ખુબસુરત છોકરો પાછો નહીં આવ્યો હતો. આ ઉપરથી મેં અનુમાન કીધું કે તેઓ તેને પેલાં ભોંયરામાં મુકી આવ્યા હશે અને તેથી મને ઘણી અજાયબી લાગી.

પેલો બુઢો આદમી તથા તેના ગુલામો વાહણ પર ચઢયા અને સડ ચહડાવી વાહણ હંકારી ગયા. જ્યારે વાહણ ઘણું દુર ગયું ત્યારે મેં ધાર્યું કે મને કોઇ જોઇ શકશે નહીં ત્યારે હું પેલાં ઝાડ પરથી નીચે ઉતરયો ને સીધો પેલી તુરતનીજ ખોદેલી જગો તરફ ગયો. તેઓની માફક મેં તે જગો પાછી ખોદી કે મને ત્રણ ચોરસ ફુટ જેટલી એક પથરની લાદી નજરે પડી. તે ઉપાડી જોતાં હેઠલ ઉતરવા માટે એક પથરનો દાદર નજર પડયો. તે ઉપરથી નીચે ઉતરતાં હું એક મોટાં દીવાનખાનામાં દાખલ થયો જેની જમીન ઉપર ગાલીચા પાંઠરેલા હતા. ત્યાં એક સરસ સોફા ઉપર એક જવાન પોતાના હાથમાં પંખો લેઇ બેઠેલો નજર પડયો. ત્યાં સલગાવેલી બે મસાલોનાં ઉજરડાંથી ત્યાં મુકેલા ફુલાવર વાસો અને તહરેવાર ફ્રુટ વીગેરે હું જોઇ શકયો. અને જોતાંજ તે જવાન શક્ષ ઘણો બીધો પણ તેની ધાસ્તી કમી કરવા અને તેણે હીંમત આપવા માટે હું દાખલ થતાંજ બોલ્યો કે "તું ગમે તે હો પણ બીહતો ના. હું પોતે રાજપુત્ર છું એટલુંજ નહીં પણ પાહદશાહ છું અને મારી ધારણા તને કાંઇબી નુકશાન કરવાની નથી. પણ તેથી ઉલટુંજ હું તારા સારા નસીબે આ ઘોર કે જેમાં તને જીવતા જીવત દાટવામાં આવ્યોછે તેમાંથી તને છુટો કરવા સારૂં આવ્યો છું, તો જોકે મને અજાયબી લાગેછે કે તું કાંઇબી આનાકાની કર્‌યા વગર આ ઘોરમાં દાખલ થયોછે, કારણ કે તને વાહણ પરથી અત્રે લાવ્યા તે સર્વે દેખાવ મેં છુપાઇને જોયો હતો."

મારા બોલવાથી તે જવાનને ઘણી હીંમત આવી અને તેથી મને નમનતાઇ સાથે અરજ કીધી કે મારે તેની પાસે બેસવું. પછી તે બોલવા લાગ્યો કે "શાહજાદા હું જે મારી હકીકત તને કેહવા માંગું છું તે સાંભલ્યાથી તને ઘણી અજાયબી લાગશે:

મારો બાપ એક ઝવેરી છે. અને તેણે પોતાના ઉદ્યોગથી મોટી દોલત પેદા કીધેલી છે. તેની પાસે ઘણાક માણસો અને ગુલામો છે, જેઓને તે માલ આપી પોતાના વાહણોમાં સફરે મોકલે છે કારણકે તેની પાસે પોતાના ઘણાક વાહણો પણ છે. તેણે દરબારોમાં મોટી ઘરાકી છે અને ઘણાક પાદશાહો તેની પાસે પોતા માટે જવાહીરો ખરીદ કરે છે. તે ઘણા વરસ થયાં પરણયો છે પણ તેણે કાંઇ ફરજંદ થયું ન હતું. એક રાત્રે તેને સ્વપ્નો આવ્યો કે તેને એક બેટાનું ફરજંદ થશે પણ તેની ઉમર ઘણી ટુંકી હશે. જ્યારે તે જાગ્યો ત્યારે તે સ્વપ્નાથી ઘણો બેચેન થયો. થોડા વખત પછી મારી માએ તેણે જણાવ્યું કે 'મને હમેલ છે'. બરવખતે મારો જનમ થયો અને મારાં કુટુંબમાં મોટી ખુશાળી બરપા થઇ. મારા બાપે મારા જનમની ઘડીપળ ઘણી સંભાળથી યાદ રાખી હતી અને એક કાબેલ નજુમીએ મારૂં નશીબ જોવાને અરજ કીધી. તે ભલા નજુમીએ મારૂં નશીબ જોઇ જણાવ્યું કે તમારો છોકરો પંદર વર્ષ સુધીતો કાંઇબી અકસ્માત અથવા આફ્ત વગર સુખી જીંદગી ગુજારશે પણ તે પછી તેની જીંદગી ઘણી ભયમાં છે તે કાંઇ સેહલાઇથી બચી જાય એવું દીસ્તું નથી. જો તે ભયમાંથી એ બચી જાય અને તે વરસ જો વગર અકસ્માતે વીતી જાય તો પછી એ બચું ઘણી લાંબી ને સુખી જીંદગી ભોગવશે. તે વખતે લોહચુંબકના પાહડ પર જે પીતળનું પુતળું ઉભેલું છે તે શાહજાદો અજીબ, તે કાસીબ નામના રાજાનો દીકરો, દરયાવમાં ઉરાડી નાખશે અને સેતારાની ચાલ દેખાડે છે કે તે શાહજાદને હાથે તે બનાવ પછી પચાસમે દહાડે તારા બચાંનો નાશ થશે.

આ ભવીશવાણી મારા બાપે જોયલા સ્વપ્નાને ટેકો આપવાને પુરતી હતી તેથી તે ઘણોજ દલગીર થયો. અને ઘણો ધાસ્તીમાં રહેવા લાગ્યો. તો પણ તેણે મારી કેલવણી ઉપર ઘણું ધ્યાન આપ્યું તથા હાલમાં હું બરાબર પંદર વરસની ઉમરનો થયો છું. તેને ગઇ કાલેજ ખબર પડી કે પેલું પુતળું દશ દીવસ થયા પેલા શાહજાદાએ દરયાવમાં નાખ્યું છે. આ ખબરથી તેણે અતીઘણી ધાસ્તી ખાધીછે અને તે પુશ્કલ રડે છે.

જેવું તેણે નજુમીથી સાંભળ્યું હતું ત્યારથી તે મારી જીંદગી બચાવવાના તથા પેલી ભવીશ વાણીથી મારો બચાવ કરવાના તહરેવાર ઉપાયો લેતો આવ્યો છે. ઘણો વખત થયો તેણે આ મકાંન બાંધ્યું છે કે જેવી પેલાં પુટલાં વિષેની ખબર પડે કે મને પચાસ દીવસ સુધી ત્યાં છુપો રાખે અને તેટલા દીવસ વહી ગયા પછી બાહર કાહડે કે તે ભય તલી જાય. જેવું તેણે સાંભલ્યું કે દશ દીવસ થયા તે પુટલું દસ્યાવને સ્વાધીન થયું છે તેવોજ તે મને અત્રે છુપાવી ગયો છે અને કબુલાત આપી છે કે ચાલીસ દીવસ પુરાં થતાં મને તે પોતાને મકાને લેઇ જશે. મને તો ખાતરી છે કે આવા છુપાં મકાંનમાં અને આ એકાંત બેટમાં અજીબ કયાં આવતો હતો અને આવે તો મને જમીનનાં પેટામાં કયાં જોઇ શકશે! આ મારી હકીકત છે તે મેં તમો નામદારને ખરેખરી જણાવી છે."

જ્યારે તે ઝવેરીનો બેટો મારી આગળ પોતાની હકીકત કહેતો હતો ત્યારે મને નજુમીઓનાં બોલવા માટે ઘણું હસવું આવતું હતું કે હું તેનો જાન લઇશ એવું ખોટું ભવીશ તેઓએ વરત્યું હતું કારણ કે હું એક જવાન પુરૂષનો શા કારણસર નકામો જીવ લઉ તેની મને સમજ પડી નહીં. મેં તે જવાનને ધીરજ આપી કહ્યું "ઓ પ્યારા જવાન! તું કોઇ પણ પ્રકારની ધાસ્તી ના રાખ અને ખોદાવનતાલા પર ભરૂસો રાખ. હું ઘણો ખુશી થયો છું કે મારા વાહણને તોફાન લાગ્યા પછી તે ભાગી ગયું અને હું સારા ભાયગે અત્રે આવી લાગો છું. તારા જાનને જરાબી અલવલ આવે એવું હું થવા દઇશ નહીં. ચાલીસ દીવસ પુરા થશે ત્યાંસુધી હું તારી સાથે રહીશ અને તારી સંભાળ રાખીશ અને જ્યારે તે નજુમીઓએ વરતેલો એકતાલીસમો દાહડો આવશે ત્યારે તારી સાથે તમારા બાપના હોકમથી હું તમારા વાહણમાંજ તમારી સાથે આવીશ અને ત્યાંથી મારે વતન જઇ તારે માટે મારેથી જે બનશે તે કરવાને ચુકીશ નહીં." આ મુજબનાં મારા બોલવાથી તેને ઘણો સધ્યારો આવ્યો તેમજ મારી ઉપર પુરતો વિશ્વાસ પણ આવ્યો. તેને મેં મારૂં નાંમ તથા નીશાન બીલકુલ જણાવ્યું નહીં અને જેનેથી તેનું મોહત નીપજવાનું નજુમીઓએ વરત્યું હતું તેજ સખસ હું છું એમ મેં તેને જણાવ્યુંજ નહીં એટલુંજ નહીં પણ તે વિષે તેને જરાબી શક આવે એવું મેં કાંઇ કીધું નહીં. રાત પડી ત્યાંસુધી તરેહવાર વાતચીત તથા ગપસપો ચલાવ્યા કીધી. વાતચીત ઉપરથી તે જવાન ઘણો ચંચલ માલમ પડયો. રાતે અમોએ સાથે ખાણું લીધું. તે ભોંયરામાં તેનાં બાપે એટલો તો ખોરાક ભર્યો હતો કે કદાચ બીજાં વધારે માણસને પણ તે ચાલીસ દીવસ સુધી પુરો પડે. ખાણું લીધા પછી થોડોક વાર વાતચીત કીધા પછી અમો બીછાના પર ગયા.

બીજે દહાડે ઉઠયા પછી મેં તેને એક વાસણમાં મોહડું ધોવા માટે પાણી આપ્યું. તેણે મોહડું હાથ ધોયા પછી મેં ખાણું તૈયાર કીધું તે જમ્યા પછી વખત ગુજારવા માટે મેં એક રમત સોધી કાહડી હતી તે રમ્યા પછી થોડીક વાતચીત ચલાવી કે સાંજ પડી. રાતનું ખાણું લીધા પછી અમો સુવા ગયા.

આ પ્રમાણે વખત ગુજારતાં અમો વચ્ચે મજબુત દોસ્તી થઇ. તેનો ચાહ મારા ઉપર પુરતો દોડતો હતો એતો ખરી વાત, હતી પણ મારો તો તેની ઉપર એટલો તો પ્યાર દોડતો કે વારંમવાર હું મનમાં બોલતો કે જે નજુમીઓએ આ જવાનના બાપને કહ્યું હતું કે મારે હાથે આ જવાન કતલ થશે તેઓ સર્વે ઠગારા હશે. કારણ કે આવું ઘાતકી કર્મ મારેથી બને એ માનવાજોગ નથી. ટુકમાં અમોએ ઓગણચાલીસ દહાડા આ બીઆબાનમાં ઘણીજ ખુશખુશાળી તથા એજ મજાહમાં પુરા કીધા.

આખરે ચાળીસમાં દહાડાની બાંમદાદ આવી પુગી. ઉઠતાં વાર તે જવાન એટલો તો ખુશીમાં આવ્યો કે તે પોતાની ખુશાળી છુપાવી શકયો નહીં. તે બોલ્યો ખુદાવનતાલાની મારા ઉપર અતીઅંત મેહેરબાની છે કારણ કે તેણે મને આજનો ચાળીસમો દહાડો દેખાડયો. તમારી સંગતથીજ હું જીવતો

રહ્યો છું. તમારો ઉપકાર મારો બાપ માનશે એટલુંજ નહીં. પણ પોતાથી બનતા દરેક ઇલાજો લઇ તમોને તમારી રાજ્યધાણીમાં પુગાડશે. પણ હવે મારી તમોને એટલી અરજ છે કે તમે મારે માટે થોડુંક ગરમ પાણી તૈયાર કરી આપો તો હું તેથી નાહી લઉં અને નવાં કપડાં પેહરી તૈયાર રહું કે જેવો મારો બાપ મને લેવા આવે તેવો તેને હું મોટાં માન સાથે મળું. તેની અરજ ઉપરથી મેં ચુલાપર પાણી ગરમ કરવા મુકયું જે પુરતું ગરમ થવાથી મેં તેને મારે હાથે નહવાડયો અને નાહયા પછી તે સેહજ વાર સુઇ ઉઠયો અને જાગયા પછી તે મને કેહવા લાગ્યો કે "ઓ શાહજાદા મને થોડીક ખાંડ અને ખરબુચું આપો કે તે ખાધાથી મને થંડક થશે."

મેં બાકી રહેલા મેવામાંથી એક ખરબુચું પસંદ કીધું અને તે એક રકાબીમાં મુકયું પણ તે કાપવા માટે મને છરી મળી નહીં તેથી મેં તે જવાનને પુછયું છરી કયાંથી મળશે? તેણે કહ્યું કે હું સુતો છું તેની ઉપરથી અભડાઇ ઉપર એક છરી છે તે લેવો. મેં ઉપર નજર કરી હું છરી મેલવવાની એટલી તો ઉતાવળમાં પડયો કે છરી લઇ જેવો હું ઉતરવા જાઉછું તેવોજ મારો પગ છટકયો અને હું છરી સુધાં પેલા જવાનના બીછાનામાં પડયો અને મારા હાથમાંની છરી તેના જીગરમાં પેવસ થઇ! અને બીજી પલે તો તે જવાને પોતાનો પ્રાણ તે કીરતારને સ્વાધીન કીધો!!

આ બનાવથી મારી છાતી ફાટી ગઇ અને હું અતીઘણો રડયો. મેં મારૂં કપાલ ફોડયું, મારી છાતી કુટી અને મેં મારા બાલો પીખ્યા અને જમીન પર પટકાઇ બુમો પાડવા લાગ્યો કે "અફસોસ! ફકત થોડા કલાક ગયા હતે તો આ બુરો બનાવ બનતે નહીં અને આ જવાન ખુશખુશાલ પોતાના બુજરોગ પીતાને મલી શકતે. અરે થોડા કલાકને માટે આ થયું અને હું ખુની ઠરયો! નજુમીઓની અગમચેતી ખરી પડી. પણ ઓ ખોદાવનતાલા મને આ મારા ગુનાહ માટે માફ કરજે અને જો મેં એ જાણી જોઇને કીધું હોયતો મારી જીંદગી ખતમ હોજો!"

આ કમનશીબ બનાવ પછી હું વીચારવા લાગ્યો કે હવે મારૂં મોત આવેતો હું ખુશીથી મારો પ્રાણ તે કીરતારને સ્વાધીન કરૂં. પણ આપણે સારૂં કે માથું જોખી વીચાર્યે છીએ તે પાર પાડવાનું તે કીરતારને હાથ છે. અને આપણું ધારેલું કાંઇબી બનતું નથી.

થોડો વખત વીલાપ કીધા પછી મેં વીચાર્યું કે હું ગમે એટલો રડીશ કે ગમે એટલાં આંસુઓ પાડીશ તોપણ તે જવાન મુએલો પાછો જીવતો થવાનો નથી. વલી ચાલીશમો દહાડો હવે પુરો થવા આવ્યો છે તેથી એ જવાનનો બાપ ઉમેદભર આવી પુગશે અને પોતાના બેટાને આ મુજબ કટલ થયલો જોશે તો પોતાના ગુલામો પાસે મને મરાવી નાખે તેથી મારે તે ભોંયરામાંથી નીકલી કેઠે છુપાઈ રેહવું જોઇએ કે જયારે તે જવાનનો બાપ આવે ત્યારે તેની નજરે નહીં પડું. હું તુરતજ તે ભોંયરાંમાંથી બાહેર આવ્યો અને પેલો મોટો પથર તેની ઉપર પાછો ઢાંકયો અને તે ઉપર મતોડું વાલી દીધું. જેવું આ કામ પુરૂં થયું કે દર્યાવની વચમાં નજર પુગાડતાં મને એક વાહણ આવતાં નજરે પડયું અને તે વાહણ પેલા જવાનને લેવા માટેજ આવતું હતું.

તે ગોફાની નજદીક એક મોહટું દરખત હતું તે ઉપર પુશકળ ડાલપાંખડાં હતાં તે ઉપર મેં ભરાઇ બેસવાનો ઠરાવ કીધો. હું તુરતજ તે ઝાડ પર ભરાઇ બેઠો કે મને કોઇબી જોઇ શકે નહીં. હું ઝાડ પર ભરાયો કે તુરતજ પેલું વહાણ જમીન તરફ વધારે નજદીક આવ્યું અને પેહલે જે જગોએ લંગર નાખ્યું હતું ત્યાં પાછું લાંગર્યું. પેલો બુજોરગ ઝવેરી અને તેના નોકરો તુરતજ વહાણ પરથી કીનારે આવ્યા. તેઓના મોહડાં પરથી જણાતું હતું કે કાંઇબી સારાં પરીણામની તેઓને આશા હતી. પણ જેવી તેઓની નજર પેલાં ભોંયરાંના માર્ગ આગળ

પડી અને તેઓએ ત્યાંની માટી ખોરાયલી જોઇ તેવાંજ તેઓના મોહડાં ફીકાં મારી ગયાં અને પેલા બુઢાનાં તો હાંજાજ ગગડી ગયાં. તેઓએ તુરતજ તે મટોડી ખોડી કાહડી અને દાદર પરથી અંદર ઉતરી પેલા જવાનનું નામ દઇ હાંકો મારવા લાગ્યા પણ પાછો જવાબ મલ્યો નહીં. આથી તેઓ ઘણાજ ઘભરાટમાં પડયા. શોધ કરતાં આખરે તેઓને તે એક કોચ પર પડેલો મલ્યો તેના જીગરમાં પેલી છરી હજુર સુધી એમની એમ ભોકાયલીજ હતી કારણકે તે ખેંચી કાહડવાની મારી હીંમત ચાલીજ ન હતી. આ ગજબનાક બનાવ જોઇ તેઓએ એટલા તો રૂદનના પુકારો જારી કીધા કે મને ઝાડ પર નવેસરથી રડવું આવ્યું. પેલો બુઢો બાપ દલગીરીથી એટલા તો રૂદનના પુકારો જારી કીધા કે મને ઝાડ પર નવેસરથી રડવું આવ્યું. પેલો બુઢો બાપ દલગીરીથી એટલો તો મુંજાયો કે તે તુરતજ બેસુધ થઇ પડયો. તેના નોકરો તેને બેસુધ હાલતમાંજ પોતાના હાથમાં બાહાર ઉંચકી લાવ્યા કે બહારની ખુલ્લી હવાથી તેને કાંઇક આરામ થાય અને તેની બેસુધીમાંથી તે મોકલો થાય. જે ઝાડ ઉપર હું છુપાઇ બેઠો હતો તે ઝાડની બરાબર હેઠલજ તે બીચારાને લાવીને મુકયો. ઘણાબી ઉપાયો કીધા પણ પેલો કમનશીબ બુઢો પોતાની બેશુધીમાંથી હુશીયાર થઇ શકયો નહીં. એકથી વધુ વારતો તેઓએ તેની જીવવાની આશા પણ મુકી દીધી હતી.

આખરે તે પોતાની લાંબી બેસુધીમાંથી હુશીયાર થયો. તે પછી તેના નોકરો ભોંયરાંમાં ગયા અને પેલા કમનશીબ જવાનનું મુરડું તેના સરસમાં સરસ પોશાકમાં લોહીથી ગગરતું ઉપર લઇ આવ્યા; અને તેઓએ તુરતજ તૈયાર કીધેલી ઘોરમાં તેનું મુરડું તેઓએ મુકયું. પેલો બુઢો ઝવેરી પોતાના બે ગોલામોના ટેકાથી જેમ તેમ ચાલતો આંસુઓથી ગગરતી આંખે ઘોર આગળ આવ્યો અને છાતી ફાટે એવાં રૂદન કરતો થોડીક માટી તે ઘોરમાં નાખી. જેવી પોતાની આ દુઃખદાયક ફરજ બજાવી તે રહ્યો કે ગોલામો ભોંયરામાંનો સરસામાન તથા વધેલો ખોરાક વીગેરે વાહણ પર પાછો લઇ ગયા. પેલો દુઃખી થયલો ઘરડો ઝવેરી દલગીરીથી એટલો તો નાકઉવત થઇ ગયો હતો કે તેને ચાલવાને બીલકુલ શકતી રહી નહીં હતી તેથી તે પોતાના નોકરોના હાથના ટેકા લઇને કીનારા સુધી ચાલી ગયો હતો તેઓ સર્વે વાહણ પર ગયા અને વાહણ ઉપડી ચાલ્યું તે જ્યાં સુધી મારી નજર પુજે ત્યાં સુધી મેં ચાલતું જોયું પછી તે એટલું તો દુર ગયું કે મારી નજર આગળથી ગુમ થયું.

હવે હું તે ટાપુ ઉપર તદન એકલો રહ્યો, અને તે રાત પેલાં ભોયરામાંજ ગુજારી કારણ કે તે તદન ખાલીને ઉગાડું તેઓ મુકી ગયા હતા. બીજે દહાડે હું આખા ટાપુમાં ફરી વલ્યો ને તપાસ લઇ રહ્યો જેમ કરતાં મને તે જગ્યા ઘણી ખુશનુંમાં લાગી. આવી એક મુશકેલ હાલતમાં મેં એક આખો માસ પુરો કીધો. તે માસની આખેરીએ તે જોયું કે દરયાવનાં પાણી ઓસરતાં જાય છે અને તે ટાપુ અસલ કરતાં લગાર વધારે મોટું થતું દેખાયું. તે પાંણી એટલું તો કમતી થઇ ગયું કે સાંમી બોરડું તથા મારી વચ્ચે એક નહાની નેહર જેટલી જગ્યા દેખાવા લાગી વલી હું તે બોરડું તરફ ચાલી ગયો તો ફકત મારાં ગુઠણપુર પાણી આવ્યાં હતાં. જ્યાં સુધી મારેથી ચલાયું ત્યાંસુધી હું તે પાણી વચ્ચેથી ચાલ્યા કીધો. સેવટે હું સુકી જમીન પર આવી પુગો જ્યાંથી તે દરયાવ પણ ઘણો દુર દેખાવા લાગ્યો. તે જમીન પરથી દુર મને આતસનો મોટો જથ્થો બળતો હોય એમ દેખાવા લાગ્યું જે ઉપરથી મને આશા આવી કે આ જગો માણસની વસ્તી હોવી જોઇએ કારણ કે માણસ વગર આતસ સળગાવે કોણ? પણ જેમ જેમ હું નજદીક આવતો ગયો તેમ મારી ભુલ મને જણાતી ગઇ કારણ કે જેણે હું આતસ ગણુતો હતો તે આતસ નહીં પણ એક ત્રાંબાનો મોટો કીલ્લો હતો જેનો તમામ લાલ રંગ દુરથી આતસના સોલાની માફક લાગતો હતો કારણ કે તે ઉપર સુરજના કીરણો પડતાં હતાં.

આ કીલ્લાથી થોડોજ દુર હું બેઠો અને તે કીલ્લાનો સુંદર દેખાવ નીહાલતો ઠાક લેતો હતો હજુરતો હું તે બરબર જોઇ રહ્યો નહીં તેટલાં તેમાંથી દશ જવાન ખુબસુરત પુરૂશો બાહાર નીકળ્યા અને તેઓ ફરવા જતા હોય તેમ દેખાવા લાગ્યા પણ તેઓને જોતાંજ મને અજાયબી લાગી કે તે દરેક જણ પોતાની જમણી આંખે આંધળા હતા અને તેઓની સાથે એક ઘણોજ બુજોરગ માણુસ જેનો દેખાવ ઘણો માન ભરેલો લાગતો હતો તેનું કદ ઉચું હતું. [જુવો ચીત્ર.

આ મુલાકાતથી હું ઘણો અજાયબ થયો આટલા બધા જવાન પુરૂશો એક સરખી રીતે જમણી આંખેજ કાણા હતાં. એ બાબે હું અજાયબી સાથે વીચાર કરતો હતો કે શા કારણથી અથવા ક્યા અકસ્માતથી આ સર્વે કાણાઓ સાથે મળ્યા હશે. તેટલાં તો તેઓ મારી સામે ગણીજ ખુશાલી સાથે આવ્યા અને મને જોઇ ઘણા ખુશી થયા. મુલાકાત થતાંજ તેઓએ મને પુછ્યું કે તમો અતરે શું કામ આવ્યા છો. મેં કહ્યું કે મારી હકીકત ઘણી લાંબી છે વાસ્તે તમો સર્વે જણા જો મારી પાસે બેસસો તો હું મારી હકીકત તેઓની ખાયસ મુજબ કહીશ. તેઓ બધા તોલું થઇને મારી આસપાસ બેઠા અને મેં મારૂં રાજ્ય છોડયું ત્યાર પછી જે જે મારી પર વીત્યું હતું તે સેવત સુધી મેં તેઓને કહ્યું. મારી હકીકતથી તેઓ ઘણા અજાયબ થયા. જ્યારે મેં મારી હકીકત પુરી કીધી ત્યારે તેઓએ મને પોતાના કીલ્લામાં લઇ જવા કહ્યું મેં તે ઉપકાર સાથે કબુલ કીધું. અને તેઓની સાથે ગયો. ઘણાક ઓરડાઓ, દીવાનખાનાઓ અને બીજા તહરેવાર કીંમતી સીંગારોથી સીનગારેલા ઓરડાઓ મુકી આવ્યા પછી અમો એક ઘણાજ મોટાં અને દબદબા ભર્યાં દીવાનખાનામાં આવી પુગા જ્યાં મેં દશ ન્હાના આસમાની રંગના કોચો કુંડાલામાં ગોઠવેલા જોયા તે દરેક અકેકથી જુદા મેલેલા હતા. આ કોચો દીસના બેઠક તરીકે અને રાતના બીછાના તરીકે કામે લાગતા હતા. એ કુંડાલા મધે એક બીજો કોચ હતો જે પેલા કોચોથી જરા નીચો હતો પણ તેજ રંગનો હતો જે ઉપર પેલો બુજોરગ માણુસ બેઠો. અને પેલા જવાન માણુસો પેલા દસ કોચો ઉપર બેઠા. તેઓમાંથી એક જવાન માણુસે મને કહ્યુંકે "દોસ્ત! દરેક કોચ ઉપર એકક જણુનેજ બેસવાનો હકછે માટે તમોએ આ ઓરડામાં પાંઠરેલા ગાલીચા ઉપર બેસવું અને અમારે વિષે કાંઇપણ જાણવાની જીગ્નાસા તમારે રાખવી નહીં. અથવા અમો સઘળાઓની જમણી આંખ કેમ ગઇ તે વિષે પણ તમારે કાંઇ પુછવું નહીં. પણ તમો અત્રે જે જોવો તેથીજ સંતોષ માણી લેજો અને તમોને કાંઈબી અજાયબી લાગે તેનું કારણ પુછવાની તસદી લેશો ના." પેલો બુજોરગ માણુસ ત્યાં ઘણો વાર બેઠો નહીં પણ તુરત ઉઠીને બાહાર ગયો પણ જલદીથી પોતા સાથે દસ માણુસને પુરૂં પડે એટલું ખાણું લઇને પાછો આવ્યો. અને દરેકને તેમાંથી ભાગે પડતું વેંહચી આપ્યું અને તેમાંથી મને પણ તેણે આપ્યું અને તેઓએ તેમજ મેં ખુશીથી ખાધું. જેવા અમો જમી રહ્યા કે અમને પેલા બુજરગ માણુસે અમને દરેક પ્યાલું સરાબનું આપ્યું.

મારી હકીકત પેલા માણુસોને એટલી તો અજાયબી ભરેલી લાગી કે ખાણા પછીબી તે ફરીથી કેહવાની મને તેઓએ અરજ કીધી તેમ કીધા પછી બીજી તહરેવાર વાતચીતોમાં અમોએ પોણીક રાત ગુજારી. પછી તેઓમાના એકે ચેટવ્યું કે રાત ઘણી ગઇ છે અને પેલા બુજરોગ માણુસને કહ્યું કે હવે આપણો આરામ કરવાનો વખત થઇ ગયો છે તે છતાં તમોએ આપણી ફરજ અદા કરવા માટે જે ચીજની જરૂર છે તે હજુર તમોએ હાજર કીધી નથી. એ સાંભળતાંજ પેલો બુજોરગ માણુસ ઉઠયો અને દીવાનખાનામાં ગયો અને પોતાના માથાં પર મુકીને દસ વાસણ એક પછી એક લાવ્યો અને તે દરેક ઉપર બલું રંગનું કપડું ધાંકેલું હતું. તે દરેક વાસણ તેણે દરેક જવાન માણુસ આગલ મુક્યું અને દરેક જવાને તે વાસણ ઉગાડયું તો તેમાં રાખ, મેસ, કોલસો વીગેરે હતું તે સર્વે ચીજો

ત્રીજા ફકીરની વાર્તા.

અજીબ ત્રાંબાનો કીલ્લો જોતો બેઠો છે.



"આ કીલાથી થોડેજ દુર હું બેઠો અને તે કીલાનો સુંદર દેખાવ નેહાલતો થાક લેતો હતો."

[જુઓ સફો ૯૪

સાથે મેલવી પોતાને મોહડે માંથે તેઓએ ચોપડી અને જ્યારે તેઓ સીધી ભાઇ જેવા કાલા ને બીહામણા થયા ત્યારે તેઓ માહેતમ કરીને રડવા લાગ્યા અને પોતાનું મોહડું અને છાતી કુટવા લાગ્યા અને આવી રીતે માંથું મોહડું કુટીને તેઓ બોલવા લાગ્યા કે "અમારી હુલડાઇ અને વ્યભીચારનું આ પરીણામ છે."

આ રીતે અજાયબી ભર્યા માહેતમમાં તેઓએ ઘણી ખરી આખી રાત ગુજારી અને છેલ્લે સરવાલે તેઓએ તે માહેતમ પુરી કીધી. તે પછી પેલો બુજોરગ માણુસ તેઓ માટે થોડુંક પાણી લઇ આવ્યો જેથી તેઓએ પોતાનાં ચેહેરા અને હાથ પગ સાફ કીધા. અને પોતાનાં પોશાક પણ બદલ્યા કારણ કે તે તમામ ફાટી તુટી ગયા હતા તે બદલી નવા પેહડયા કે જાણે તેઓ જેવા હતા તેવા થઇ ગયા કે તેઓએ આવી અજાયબ જેવી ક્રીયા કીધી હતી એમ કોઇ જાણીબી શકે નહીં. મને તો પુષ્કળ ચટાપટી થવા લાગી કે આવું કરવાનો સબબ શું હશે? મેં હજારો વખત સવાલો પુછવાને વીચાર કીધો પણ તેઓએ મને મુગો રહેવા ફરમાવ્યું હતું તેથી બોલી શકયો નહીં. અને એજ કારણથી મને બાકી રહેલી રાત વગર ઉંગથી પુરી કરવી પડી.

બીજી સવારે અમો હવા ખાવા બાહાર ફરવા નીકળ્યા અને ત્યાં ચાલતાં ચાલતાં મેં વાત છેડી અને હું બોલ્યો કે "ગ્રહસ્થો મારે તમોને જણાવવું જોઇએ કે ગઇ રાતે જે અજાયબ જેવો બનાવ મારી નજર આગળ બન્યો તેથી હું મુગો રેહેવાની મારી કબુલાત વધારે વખત નીભાવી શકતો નથી. તમો સમજુ અને ડાહ્યાં માણુસો છો અને તમોએ મને માણવાને કારણ આપ્યું છે કે તમો ઘણા અકળમંદ છો તે છતાં તમોએ ગઇ રાત્રે કોઇ દીવાના આદમીઓબી નહીં ચલાવે એવી ચાલ ચલાવી છે. મારા સવાલથી મારી ઉપર જેબી કાંઇ વીતે તેની દરકાર કરયા વગર હું તમોને પુછું છું કે તમોએ ગઇ રાતે તમારાં માથાં મોહડાં રાખ ને મેસથી શું કામ કાલાં કીધાં હતાં અને તમોએ શું કારણસર તમારાં માથાં મોહડાં કુટયાં હતાં તે સાથે તમો દરેક જણની જમણી આંખજ શું કામ ફુટેલી છે? એ સર્વે ઉપરથી માલમ પડેછે કે તમો કાંઇ ઘણીજ અજાયબી ભરી જીંદગી ભોગવો છો અને તેનું કારણ કાંઇ ઘણોજ મોટો ભરમ ધરાવેછે, માટે હું તમોને અરજ કરૂંછું કે મારી જીગ્નાસા પુરી પાડવા સારૂં તમો તમારી હકીકત મને જાહેર કરો. મારી અરજની તેઓએ કાંઇ ઘણી દરકાર કીધી નહીં પણ મને તેઓએ ચુપકીદી પકડવાને કહ્યું અને મને કહ્યુંકે જે બાબદમાં તમને લાગે વળગે નહીં તે ઉપર ચુનોચરા કરવી નહીં. અમોએ આખો દીવસ જુદી જુદી પ્રકારની તહરેવાર વાતો કરવામાં ગુજાર્યો અને જ્યારે રાત પડી ત્યારે અમોએ આગલ માફક જુદું જુદું ખાણું લીધું. પેલો બુજરગ માણુસ પાછો પેલાં વાસણો લાવ્યો અને તેઓએ ગઇ રાતની મુવાફેક પાછાં મોહડાં માથાં કાલાં કીધાં, રડયાં કુટયાં અને બોલવા લાગ્યા કે "હુલડાઇ અને વ્યભીચારથી આવાં પરીણામ ઉપજે છે" એજ મુજબ તેઓએ ત્રીજી અને ચોથી રાત્રે કીધું.

હવે તો મારી જીગ્નાસાને અટકાવી શકયોજ નહીં અને તેઓને સખતાઇથી કહ્યું કે કાંતો તેઓએ મને પોતાની અજાયબ જેવી વરતણુકનો ખુલાશો કરવો, કાંતો મને મારા દેશ તરફ જવાનો રસ્તો દેખાડવો, કારણ કે રોજ રાતના તેઓની અજાયબ જેવી વરતણુક અને રડન કુતણ સાંભળ્યાં કરવા ને તે વિષે કાંઇબી જાણવું નહીં એ નહીં બને એવી વાત છે. તેઓમાંથી એક જવાને બધા તરફથી જવાબ આપ્યો "અમો તમારી હજુરમાં જેબી કરયે છીએ તેથી બીલકુલ અજાયબ ના થાવો. અમો તમોને જો તેનો ભેદ ભરમ કહયે તો અમો તમારા દોસ્તને બદલે દુશમન ગણાઇએ. જે બુરા હાલ અમારા થાય છે તેવાજ બુરા હાલ તમારા પણ થાય. જો તમારી મરજી અમારી જેવી દુ:ખી હાલત ભોગવવાની થતી હોય તો અમારો ભરમ જાણવા માગો અને તેવી બુરી હાલતમાં તમો રાજીખુશીથી

જીપલાવવા માગતા હોવો તો અમો તમોને અમારો ભરમ કેહવાને દલગીરી સાથી તૈયાર છીએ." મેં તેઓને તે કોઇબી જોખમે મને કેહવાને કહ્યું એને તે સાંભળ્યાથી મારી ઉપર જે ગુજરે તે ખમવાને રાજીખુશીથી કબુલ કીધું. પેલોજ જવાન પાછો બોલ્યો "એકવાર ફરીથા અમો તમને કહીએ છીએ કે તમો તમારી જીજ્ઞાસાને નરમ પાડો અને જે જોખમ તમો ખેડો છો તે જોખમના ભોગ તરીકે તમને તમારી જમણી આંખ આપવી પડશે, તે શું કામ નકામી ખોહવા માગો છો?" મેં જવાબ આપ્યો કે "હું તેની કાંઇ દરકાર નથી કરતો અને તમારો ભરમ સાંભળ્યાથી જેબી જોખમ મને ખેડવો પડશે અને જેબી મને નુકશાન થશે તે માટે હું તમને બીલકુલ જોખમદાર નહીં ગણીશ" ફરીથી તેઓએ મને જણાવ્યું કે જો તેની જમણી આંખ ખોહયા પછી તમો અમારી સાથે રેહવા માગશો તો અમો તમોને અમારી સાથે રાખી શકીશું નહીં કેમકે હવે અમારી સંખ્યાની હદ આવી રહી છે અને અમો વધુ માણસને સાથે રાખી શકતા નથી. મેં તેઓને જણાવ્યું કે તેઓના જેવા લાયક અને સારાં માણસોની સંગત છોડી જવા તેને ગમતું નથી તોપણ તે સંગત છોડવીબી પડશે તો હું દલગીરી સાથે તેબી છોડી દઇશ અને મારા નશીબમાં જે બનવાનું હશે તે બનશે પણ મારે મારી જીજ્ઞાસા તો પુરી પાડવીજ છે અને તમારો ભરમ મારે જાણવોજ છે.

પેલા દશ જવાનોએ જ્યારે જોયું કે હું મારા ઠેરાવથી જરા પણ પાછો હટતો નથી ત્યારે તેઓએ નાચારે એક બકરો કાપ્યો અને તેનું ચાંમડું કાહડી લીધું અને તે પછી જે છરીથી તે બકરો કાપ્યો હતો તે છરી મારા હાથમાં આપી તેઓ બોલ્યા કે "આ છરી તમોને જ્યારે કામ પડશે ત્યારે ઘણી કામ લાગશે. અમો તમને આ ચામડાંમાં સીવી લઇશું અને આ જગા પર તમોને મુકીને અમો ચાલી જઇશું. પછી એક ઘણાજ રાક્ષસી કદનું પક્ષી, જેને રોક કરીને કહે છે, તે આવી તમને બકરો સમજી ઉંચકી આકાશમાં ઉડી જશે. તેથી તમો કોઇબી રીતે બીહતા ના પણ મુગા મુગા આ ચામડાંમાં પડી રહેજો. પછી તે થોડાજ વખતમાં આકાશ ઉપરથી જમીન તરફ ઉતરવા માંડશે અને તમોને એક પાહડના શીખર ઉપર મુકશે. જેવી તમોને જમીન લાગે કે તુરત તમો આ છરીથી ચામડું ચીરી નાખજો અને બાહર નીકળજો. તમોને જોતાં વારજ રોક બીહને ઉડી જશે તે જગ્યા ઉપર તમો થોભતા ના પણ તુરતજ આગળ ચાલવા માંડજો અને જ્યાં સુધી તમોને એક કીલ્લો નજર નહીં પડે ત્યાં સુધી ચાલ્યાજ કરજો અને વચમાં કેહેબી અટકતા ના. તે કીલ્લાની ભીંત ઉપર સોનાના પતરાં જડેલાં છે અને તે ઉપર હીરા માણેક વીગેરે કીંમતી ઝવેરોનો જડાવ કીધેલો છે. તેનો દરવાજો હમેશાં ઉઘાડોજ રહે છે. ત્યાં જઇ પહોંચતાં તમો વગર બીહકે અંદર દાખલ થજો. અમો સર્વે જણા તે કીલ્લામાં જઇ તથા રહી આવેલા છીએ, પણ ત્યાં અમોએ શું શું જોયું અને શું શું કીધું અને છેલ્લે તેથી અમને શું ગેરફાયદો થયો તે વિષે અમો તમોને કાંઇબી કહી શકતા નથી. તે સર્વે તમો તે કીલ્લામાં જાણી અને જોઇ શકશો. હાલ તુરત તો અમે એટલું કહી શકીએ છીએ કે ત્યાં જવાથી અમોએ અમારી જમણી આંખનો ભોગ આપ્યો છે. અમારી દરેકની હકીકત જો સીલ શીલાબંધ કહેવા બેસીએ તો તે એટલી લાંબી છે કે ટુંક વખતમાં તે કહેવાઇ શકાયજ નહીં તે કહેવાને ઘણા દીવસ જોઇએ તેથી અમો તે કહેવાનું મોકુફ કરીએ છીએ."

એ સર્વે સાંભલી રહ્યા કે પછી મને તેઓએ પેલાં ચાંમડાંમાં સીવી લીધો અને મને એકલો મુકી તેઓ કીલ્લામાં જતા રહ્યા. ત્યારપછી થોડા વખતમાં તેઓના કહ્યા મુજબ એક મોટાં પક્ષીએ આવી મને બકરો સમજી ઉંચકયો અને આકાશ તરફ ઉડવા માંડયું. આકાસમાં ઉડી છેલ્લે તે એક મોટા પાહડના શીખર પર બેઠું. જેવો તેણે મને જમીન પર મુકયો કે મેં તુરતજ પેલી છરીથી ચામડું ચીરી નાખ્યું અને એકાએક બાહેર નીકળ્યો જેથી તે પક્ષી બીહને ઉડી ગયું. આ પક્ષી એટલું તો

મોહટું અને બીહામણું હતું કે તે મને તો શું પણ મોટા મોટા હાથીઓને પણ ઉંચકી લઇ ઉડવાની શકતી ધરાવતું હતું. પાહડ પર આવ્યા પછી મને એટલી તો ઉલટ આવી કે હું તરતજ સીધો ને સીધો ચાલવા લાગ્યો. સપાટાબંધ ચાલવાથી હું માત્ર અર્ધા દીવસમાં તે કીલ્લા આગળ જઇ પુગો. તે કીલ્લો એટલો તો સરસ હતો કે તેના દબદબા ભર્યા દેખાવ આગળ પેલા જવાને કરેલું બયાન તો કુચ્છ બીસાદ નહીં ધરાવતું હતું. તેનો દાખલ થવાનો મોટો દરવાજો ઉંઘાડોજ હતો તેથી હું બેધડક અંદર દાખલ થયો. આગળ ચાલતાં મારી નજરે એક મોટો ચોક પડયો. એ ચોકને સો દરવાજા હતા, તેમાં ૯૯ દરવાજા સુધ સુખડના બનાવેલા અને એક તમામ સોનાનો બનાવેલો હતો. એ ઉપરાંત માળપર જવાને સેંકડો સરસ બનાવતની સીહડીઓ હતી તે ઉપરથી ક્યાં ક્યાં જવાતું હતું તે હું જાણુ નહી શકયો. તે સો દરવાજામાંથી કોઇ દરવાજો બાગમાં જવા માટે હતો, તો કોઇ તહરેવાર ચીજોથી ભરેલા ભંડારોમાં જવાનો હતો, તો કોઇ તહરેવાર અજાયબીઓથી પુર ઓરડામાં જવા માટે હતો.

મારી નજર સાંમે જે ઉઘાડું બારણું હતું તેમાંથી હું એક મોટાં દીવાનખાનામાં દાખલ થયો, જ્યાં ૪૦ જવાન સ્ત્રીઓ બેઠેલી હતી. તેઓની ખુબસુરતી એટલી તો સંપુર્ણ હતી કે તે ઉપર કાંઇબી સહરાગાત કરવી તે ગોયા સોના ઉપર ઘોર ચહરાવવા બરાબર હતું. તેઓ સર્વે અતી સુંદર પોશાક અને કીંમતી જરઝવેરથી બની ઠનીને બેઠેલી હતી. તેઓએ જેવો મને જોયો કે તુરતજ તેઓ ઉઠી ઉભી થઇ અને મારી તરફથી સલામ આલેકુમ લેવા માટે ખોટી ન થતાં એકદમ ખુશીમાં આવી પુકારી ઉઠી કે "ભલે પધાર્યા, મારા બાહદુર સરદાર! તમારૂં આવવું મુબારક હોજો!" અને તેઓમાંથી એકે સઘળીઓ તરફથી મને કહ્યું "આજ ઘણા દીવસ થયા અમો તમારા જેવા જવાનની રાહ જોતાં હતાં. અમોને તમારી ચાલ ચલણ તથા રીતભાત જોઇ ને ખાતરી થાયછે કે જે જે ગુણોની અમને ખાયસ છે તે સર્વે ગુણો તમો મધે દેખાય છે અને અમો આશા રાખ્યે છીએ કે તમો નામદારને પણ અમારી સંગત અને અમારી ચાલ ચલણ પસંદ પડશે." એ પછી તેઓ પોતા કરતાં લગાર ઉંચી એક બેઠક ઉપર મને તેઓએ બેસવા કહ્યું પણ તેમ કરવાને મેં ના પાડયું તોબી ઘણી ઓંહસ કરીને મને તે ઉંચી બેઠક ઉપર તેઓએ બેસાડયો અને કહ્યું કે "એમ બેસવાનો તમારો હક છે. આ ઘડીથી તમો અમારા રાજા, અમારા માલેક, અને અમારા ન્યાયાધીસ છો અને અમો તમારી કમીની ગોલામડીઓ છીએ." દુનિયાંમાં એવો કોઇબી બનાવ નહી હશે કે તેથી આ બનાવ કરતાં વધારે અજાયબ થાઉં. તેઓએ મારી એવી તો ચાકરી કરવા માંડીકે હુંતો દંગજ થઇ ગયો અને હું બેહસ્તના બાગમાં પરીઓનાં મંડલમાં હોઉ એવુંજ વીચારવા લાગ્યો. એક મારા પગ સેકવા માટે ગરમ પાણી લાવી, બીજીએ ખુશબો મારા હાથપર રેડી. કેટલીક સુંદર પોશાક લઇ આવી મને પેહેરાવા લાગી. કેટલીક મારે માટે સવાદદાર નાસતો લાવી. બીજીઓ શરાબના શીશા હાથમાં ધરી મારી આસપાસ ઉભી કે તેમાંથી મને જોઇએ તે વખત સીતાબ નામે. દરેક ચીજ એવી તો ધીરી ને ઠાવકી ગભરાટ વગર અજાયબ એક સરખી રીતે હાજર કરવામાં આવતી કે હું તેથી તદન અંજાઇ ગયો. હું ખાઇ પી તાજો થયો ત્યારે સઘળી બાનુંઓ મારી આસપાસ કુંડાલે બેઠી અને મને મારી મુસાફરીના બનાવાનું બયાન કરવાને કહેવા લાગી. મેં મારી મુસાફરીનું બયાન એવું તો સંપુર્ણ કર્યું કે તે તમામ થતાં રાતનો વખત થયો. ત્યારે તે ચાલીસ પરીજાદ બાનુમાંની કેટલીક મારી પાસ વાત કરતી બેસી રહી અને બીજીઓ રાત પડેલી જોઇને રોશની કરવા ચાલી. તેઓએ રોશની આપતી બેસુમાર સમેદાની સળગાવી જેથી રાતના દીવસ જેવો પ્રકાશ થઇ રહ્યો. રોશન સમેદાની એવી તો અછીપેર ગોઠવી દીધી હતી કે દીવસ રોશન થાય એવી ઇચ્છાજ મનમાં લાવ્યો નહી.

કેટલીક બાનુઓએ તમામ જાતની મીઠાઇ ને સુકા મેવાથી મેજ ચીકાર ગોઠવી નાંખી, અને બાજુની કબતમાં ઘણી જાતના શરાબ ને સરબતના શીશા લાવી મેલ્યા. બીજી કેટલીક બાનુઓ ઘણીક જાતના ગાવાના ઓજારો સાથ આવી. જ્યારે તમામ તૈઆરી બરાબર થઇ રહી ત્યારે તેઓએ મને પોતાની સાથે જમવા બેસાડયો. ખાઇ રહ્યા પછે કેટલીકો વાજીંત્ર વજાડી ગાવા લાગી. કેટલીક જોડી બનીને એક પાછળ એક નાચવા લાગી ને અદા ને નાચન ચાલા કરવા લાગી. મધરાત્ર લગી આ સઘળી મોજમોજ જારી રહી હતી. આ વખતે તેઓમાંની એક પરીજાદ બાનુંએ મને કહ્યું તમો જે દુર મંજલથી આવ્યાછો તેથી થાકયા હશો માટે આશાયશ લેવો. તમારો ઓરડો તઇઆર કરી મેલ્યોછે પછી તે મને તે શીંગારેલા દેવાનખાનામાં લઇ ગઇ. બીજી બાનુઓ મને ત્યાં મેલી ચાલી ગઇ.

સવારે જ્યારે બીજી બાનુંઓ મ્હારા દીવાનખાનામાં આવી ત્યારે હું માણુ માણુ મ્હારો પોશાક પહેરી તઇઆર થયો હતો. તે સઘળીઓ ગઇ કાલના કરતાં પણ આજ ઘણુાજ ભપકાદાર પોશાકમાં હતી તેઓએ શલામ અલેકુમ કરી હમામખાનામાં બીજીજ રવેસે લઇ ગઇ, જ્યારે હું આંગ સફા કરી રહ્યો ત્યારે તેઓ બીજો ઉમદા પોશાક મારે સારૂં લઇ આવ્યા જે ગઇ કાલના પોશાક કરતાં પણ વધારે કીંમતી ને તોફા હતો. ટુકામાં, બાઇ સાહેબ, એકની એક રૂઢીતું બયાન ફરી ફરી કરી તમને કંટાલો નહી આપતાં જણાવુંછું કે એ રવેસ મેં તે ચાલીશ માહતાબ માશુકો સાથ એક આખું વર્ષ અએશ આરામમાં ગુજાર્યું. તે તમામ વખત અમારી મોજ મજાહમાં કસાંથી કસો પણ ફેરકે ખલલ પડી નહીં.

પણ વરશની આખેરીએ તેઓએ હમેશના રાબેતા પ્રમાણે હાજર થવાને બદલે એક સવારે ચાળીશ બાનુઓ આશું ભરી આંખો સાથ મ્હારા દીવાનખાનામાં દાખલ થઇ ત્યારે હું ઘણો તાજુબ રહ્યો. દરેક જણી જુદી જુદી મ્હારી પાસ આવી મને કોટી કરી બોલી “છેલ્લી શલામ, પ્યારા શાહજાદા, છેલ્લી શલામ. સબબ હવે તમને અહીઆં મેલી જઇ અમને જુદું પડવાની ફરજ આવી પડી છે.”

તેઓના આશુંથી મારાં જીગરમાં બહુ લાગું તેથી મેં તેઓના ગમ ખેંચવાનો અને મારેથી જુદું પડવાનો સબબ જાણવાને આજેજી કરી. “ખુદાના કસમથી ઓ ખુબસુરત બાનુઓ મને જણાવો કે અગર જો મારા અખત્યારમાં તમને કાંઇ દીલાસો દેવાનું હોય અથવા મ્હારી મદદ ને મીત્રાઇ નકામી થઇ પડતી હોય, જે પણ હોય તે મને જણાવો, હું આજેજી કરૂં છું.” મેં એમ કહ્યું. પણ મ્હારા સવાલનો સીધો જવાબ વાળ્યા વગર તે સઘળી બોલી “અરે આપણે કદી મળ્યાંજ હતે નહીં. મારી પહેલાં ઘણાં આદમીઓ તમો મીસાલે અમને મળ્યાં હતાં પણ તે સઘળાંમાથી કોઇનામાં પણ તમો મીશાલની મોટાઇ, શીરીન જુબાની, દાનાઇ ને ઉદાર દીલલગી હતી નહીં અને અમો જાણતાં નથી કે તમો વગર હવે અમે પણ કેમ જીવી શકીશું!” આ કેહતાં તેઓની આંખમાંથી નવધાર આંશુઓ વહેવા લાગાં. “પ્યારી બાનુંઓ, મને લાંબો વખ્ત લગી વેહેમમાં ના રાખો પણ આ તમારી દીલગીરીનું કારણ શું તે મને જણાવો.” મેં કહ્યું. ‘અફશોશ!’ તે પરીજાદો બોલી ‘અમને શું દુઃખ હોય પણ તમારેથી જુદા પડવાની જરૂર થઇ પડી છે. કદાચ હવે આપણે આપણો જન્મ ગુજરતાં પણ મળનાર નહીં. તોપણ જો તમો ચાહો કે આપણે ફરી મલ્યે તો સદાના કરાર પ્રમાણે ચાલવાને મન ઉપર પુરતો અખત્યાર વાપરો તો ફરી મલવાનું નહીં બની શકે તેવું કાંઇ નથી.” હું બોલ્યો ‘પ્યારી બાનુંઓ હું સાચું કહું છું કે તમો શું ઇચ્છો છો, તે હું બીલકુલ સમજી શકતો નથી. મને તમો તદન ખુલું સમજ પાડી કહો.” ત્યારે તેઓમાંની એક બોલી “અમો સઘળીઓ શાહજાદીઓ છઇએ, અને મોટા પાદશાહોની છોકરીઓ છઇએ. તમોએ જોયું હશે કે અમો કેઇ કીસમની જીંદગી ગુજારીએ છીએ પણ દરેક વર્ષને છેડે અમને ચાલીશ દીવસ અહીંઆંથી કેટલીક ફરજ જે કદી પણ અમને ગુજાર્યા વના ચાલેજ નહીં તે બજાવવા સારૂ ગેરહાજર રહેવું પડે છે, જે બાબે અમારેથી કોઇ ખુલાશો કરાય નહીં

એવાં બંધનમાં બંધાયલાં છઇએ. ચાલીશ દીવસ ગુજરયા પછે આ કીલ્લામાં અમો પાછા ફરીએ છીએ. ગઇ કાલે વર્ષ પુરૂં થયું અને આજે અમો અહીઆં તમને મેલી જઇએ. આ અમારા અફશોશનું મોટું કારણ છે. અહીંઆથી અમારા જવા પહેલાં અમો તમને મહેલની તમામ કુંચીઓ સપુરણ કરી જઇશું. મુખ્ય તેમાં સો દરવાજાની કુંચીઓનો કે જે ઝુમખો અમારી ગેરહાજરીમાં તે દરમ્યાનની ઘણીક નવી નવાઇ જોઇ વખત આશાનીથી ગુજારવાને બનશે. પણ તમારા પોતા ખાતર, અને અમારા ખાસ હેતુ ખાતર અમો તને અરજ કરયે છીએ કે તમો સુનેરી દરવાજામાં દાખલ થવાથી પરહેજ રેહજો. અગર તે દરવાજો તમો ખોલશો તો અમો કદી ફરી તમને આ જગતમાંથી જોનાર કે મલનાર નથી. આ વાત યાદ આવેછ ત્યારે અમારી ફીકર વધેછે. અમને આશાછે કે અમારી આપેલી આ સલાહનો પુરતો ફાયદો મેળવશો. તમારૂ સુખ, બલકે તમારી જીંદગાનીની આ અમારી સલાહ પ્રમાણે ચાલ્યાથી સલામતી જાણો, તેટલાં માટે ખુબ સંભાળમાં રેહજો, અગર જો તમો તમારી બેઅકલી હોંશને તાબે થઇ તમારાં મનની અજાયબી પુરી પાડશો, તો તમો પોતાને પણ ઘણીજ ઇજા દેશો. ફરીને અમો હાથ જોડી અરજ ગુજરીએછે કે જે કામ નહી કરવાની અમારી સલાહ છે તેમ નહી કરયાના વાંકમાં આવશો નહી. પણ તે દરવાજાના ખ્યાલથી દુર રહેશો અને ચાલીસ દીવસને છેડે ફરી તમને લ્યાં મલ્યાની ખુશાલી અમને નવાજશો. અમો તે શોનેરી દરવાજાની ચાવી અમારી સાથ લઇ જતે પણ એવું બેવીસ્વાસનું કામ કરયાથી તમારા જેવા શાહજાદાને ગોયા અપમાન પોહોંચે!

આ ભાષાણથી મારા મનમાં ઘણું ઓછું આવ્યું. મેં તેઓને તેઓની ગેરહાજરીથી મને ઘણીજ દીલગીરી ઉપજશે એ ખુબ રવેસ સમજાવ્યું અને મને જે નેક સલાહ આપી તે માટે મેં તેઓનો ઘણો ઘણો ઉપકાર માન્યો. મેં તેઓને ખરાવીને કહ્યું કે તમારી સલાહનો પુરતો ઉપ્યોગ હું કરીશ પણ એ તો શું પણ એથી ઘણી બીકટ બોલી પ્રમાણે ચાલવાનું હોય તો તે પણ અગર તમારા જેવી પરીજાદ બાનુઓ સાથ હમેશાં મોજ જોક ને એશઆરામમાં જીંદગી ગુજારવા ખાતર અમલ કરવાને તઇઆર છું. અમો ઘણીજ હેત ભરેલી બગલગીરીઓ જુદાં પડયાં. જુદા પડતી વખ્તે તેઓએ મને કુંચીનો ઝુમખો સ્વાધીન કરયો. તેઓ કીલ્લામાંથી રજા લઇ ગયાં હવે હું ત્યાં એકલો રહ્યો.

હું આ જાદુઇ કીલ્લામાં વર્ષ રહ્યાં છતાં, ખુબસુરત સાથ, એશઆરામની જીંદગાની, નાચરંગ મોજમજા અને બેશુમાર જાતની બીજી મજાથી તે પરીજાદ બાનુઓએ મને ત્યાં એટલોતો આખાં વર્ષ લગી ચકચુર કરી રાખ્યો કે મને તે જોવાની બીલકુલ તક મળી નહી બલકે મને તે અજાયબ જાદુઇ મેહેલ જોવાની મંછા થઇજ નહી. દરરોજ જે સેંકડો છક કરતી વસ્તુઓ મને નજર પડતી તે ઉપર મેં કસું ધ્યાન આપ્યું હતું નહી. તે ખુબસુરત બાનુઓના નાઝ નખરાં ને માહતાબ મુખરાથી હું એટલો આશકીમાં ગરક થઇ ગયો તેમ તેઓ મને સદા મોજ મરાવાની કોશેશ જારી રાખતી કે હું બેસુમાર ખુશાળ રેહતો હતો. તેઓના ગયાથી હું બેહદ દીલગીર હતો. અને જોકે તેઓની ગેરહાજરી ફકત ચાલીસ દીન રેહનાર છે. પણ જેટલો વખત તેઓની સોબત મ્હારી પાસથી છીનવી લીધી તેટલો વખત ગોયા એક જમાના જેવો થઇ લાગો.

મેં મ્હારા મનસે વીચાર કરયો કે સોનાનો દરવાજો નહીં ઉંગાડવાની સલાહ પ્રમાણે તે મ્હારે ઉંગાડવો નહીં પણ તે વગેરે બીજાઓ માટે કશો અટકાવ નહીં હોયાથી મેં મ્હારા મનનો અચંબો તૃપ્ત કરવા મેં બીજા ઓરડાઓને લગતી કુંચી લીધી, જે બરાબર પોયલી હતી, તેથી પેહેલો દરવાજો ખોલ્યો કે હું ફળફલાદીના બાગમાં દાખલ થયો. તે જોતાં મારા મનમાં મેં વીચાર્યું કે જેહાનમાં તેની બરોબરી કરનારો કોઇ બાગ નથી બલકે બેહસતમાં તેવો કોઇ બાગ બગીચો, મોત પછી મોજ મારવાને હશે નહીં. અજાયબ રચનામાં દરખતો રોપેલાં, બેશુમાર જહામાં ફુલ, જેમાંના ઘણીક જાતના તો મે

મ્હારી જીંદગીમાં જોયલાં નહીં જેઓની તાજગી ને ખુબસુરતી, એટલી દીલ છક કરનારી, અને સોભાને સફાઇ ત્યાં દરેક જગાએ જોતાં મ્હારી તાજુબીનો પાર રહ્યો નહીં. આ પણ મને જણાવવાને ભુલવું જોઇયે નહીં કે તે બાગે બહેસ્ત દરમ્યાન ઝાડોમાં પાણી પોહચાડવાનું તો વીચીત્ર રીતે ગોઠવ્યું હતું, ત્યાં દરેક જરૂર જગોએ તે કરામત મીશાલે વેહતું ને ફરતું હતું, દરખતો ફકત પાનથી ભરાયલાં ને બીસ્યાર પાણી ચાલતું. મોર ફુટી જીના ફળ લાગેલાં દરખતોને તેથી સેજ ઓછું. મોટાં ખાસાં ફળ ઉગેલાં દરખતોને ઓહપણુ કમી અને જે દરખતો ઉપર ફલ પુર પાક ઉપર આવવાની અની ઉપર ત્યાં તો સેજ નામનું પાણી ચાલતું હતું ફલના કદ પણ આપણા બાગના સાધારણ ફલ કરતાં ઘણા મોટા ને ભરેલાં ને તેજ હાલતમાં ખીલેલા રાખવા સારૂં પાણી કાયદા પ્રમાણે પોંહોંચાયામાં આવતું હતું.

મને તે દીલને તાજુબ કરનારી ગુલસન જગો જોતાં કસો કંટાલો ઉપજ્યો નથી. મેં એવું પેહેલીથી ધાર્યું હતે કે એ કરતાં બીજી જગા વધારે તાજુબી ઉપજાવનારી જોવાની નથી તો એ બાગાયતમાંથી કદી બાહેર નીકલ્યો હતે નહીં. જે મેં ત્યાં જોયું તે અજાયબીથી ચીકાર થઇ હું મ્હારા મન સાથ ત્યાંથી પાછો ફરયો અને તે પેહેલો દરવાજો બંધ કરી મેં બીજો દરવાજો ખોલ્યો.

ફલફલાદીના બગીચાને ઠેકાણે મેં ત્યાં ગુલસ્થાન જોયું. એ ગુલસ્તાન પણ અજાયબીમાં કમ હતું નહીં. ગુલાબ ને ચંપેલી; મોગરા ને નરગેશને કઇં તરાંહ તરાંહના દીલને તાજગી ને દેમાગને તર કરનાર ફુલોના દરખતની ચોગરદમ હાર લાગી હતી. રંગ બેરંગીન ફુલો ખીલી તેનો શોરમ ચોતરફ બેહકી રહ્યો હતો. હવા બસ ચોગરદમ ખુશબો ને બેહકાત હતો.

ત્રીજો દરવાજો ખોલ્લો તો મેં ત્યાં એક ચોગાન જોયું, તે તરેહવાર રંગના સરસમાં સરસ સંગેમરમરથી ચુની લીધેલું. ત્યાં શુખડના ને અગર પીંજરામાં બુલબુલ, મેના, તુતી, ચંડોલ અને બીજાં પંખેરા કે જેઓના રાગ ને હલક મેં જનમમાં સાંભલેલા નહી એવા મધુર હતા. દાનો પાણી રાખવા તે પીંજરાના પ્યાલાં હીરામાણુકના હતાં. આ તરેહવાર જાતના પીંજરા ઘણીજ સફાઇથી રાખ્યામાં આવ્યાં હતાં. આ પીંજરાના બેસુમાર જહાથી મેં તે સાફ રાખવાની મેહનત કરનારા ઓછામાં ઓછા સો નોકરો રેહવા જોઇએ એમ ધાર્યું; તોપણ મેં કોઇ શખ્સને ત્યાં કે કોઇ બીજી જગ્યામાં જોયો નહી. તેમજ મેં એક પણ નકામી વસ્તુ જે નેગાહે પડતાં દીલ કમકમે એવી કોઇ ઠેકાણે જોઇ નહી.

સુરજ અસ્ત પામ્યો હતો. હું હજારો પંખેરાઓના મધુરા હલકો વચ્ચે દીલખુશ થયલો તે દરવાજો બંધ કરીને મ્હારા દીવાનખાના તરફ ફર્યો. મેં પેલા સોમા દરવાજા વગર બીજા સઘળા દરવાજા ખોલવાને પકો ઠેડાવ રાખ્યો. બીજે દીવસે મેં ચોથો દરવાજો ખોલ્યો પણ જે દેખાવો ગઇ કાલે મેં જોયાથી હું ઓચંબામાં પડયો હતો, અને આજે હમણા જોયાથી મ્હારી ખુશાલીનો પાર રહ્યો નહી. હું પેહેલાં એક મોટી દરબારી ઇમારતમાં દાખલ થયો, જે ઘણા વીચીત્ર ઓરડાઓથી ઘેરાયલી હતી. આ હવેલીને ચાલીસ દરવાજા હતા જે સઘળા ખુલ્લા હતા. દરેક દરવાજો દરેક ખજાનાના ભંડારમાં દાખલ થવાનો માર્ગ હતો ત્યાં જે ખજાણો હતો તે ઘણાં રાજસ્થાન કરતાં જાદા હતો. પેલા ઓરડામાં મેં મોટા મોટીના ઢગના ઢગ જોયા. નવાઇ જેવું એ હતું કે જે ઘણાજ કીંમતી મરઘીના ઇંડા જેવડાં મોતી હતાં. ત્યાં ન્હાના મોટી ઘણા હતાં. બીજામાં હતાં બેસુમાર હીરા, માણક ને ત્રીજામાં નીલમ, ચોથામાં સોનાના ગ્રહેના, પાંચમામાં સોનાના સીકા, છઠામાં ચાંદીના ગ્રહેના, તથા સાતમાં ને આઠમામાં ચાદીના સીકા હતા. બાકીના ઓરડામાં પોખરાજ, અકીક, ગોમેદર, સની, લસનીઆ, શીલોન્યા, રાજાવરક, કેરબા ને પરવાલાની દાખલીઓના ઢગના ઢગ ભરેલા સાથ તમામ જાતના અમુલ્ય પથરો ત્યાં હતા. આ તમામ જાતના ખજાનાના ભંડાર જોતાં હું અજાએબીથી છક થયલો બોલ્યો "દુન્યાના દરેક માહાન રાજાધીરાજોના ખજાના

અગર જમાવ કરેતો તે પણ એની બરાબરી કરી શકે નહી. અરે આ તમામ ખજાનો મારાં ને એવી દીલનવાજ પરીજાદ શાહજાદીઓનો હું માલેક થયામાં કેટલો બધો સુખી છું?"

બાઇ સાહેબ, તે મેહેલમાં બીજે દીવસોએ તું શું અજાયબ ને અમુલ્ય જીનસો જોઇ તેનું તુલો-તવીલ બ્યાન કરી તમારો વખત ગાળીશ નહીં પણ હું તમને માત્ર એટલુંજ જણાવીશ કે મેં ઓગણચાલીસ દીવસ દરરોજ અકેક ઓરડો ઉઘાડી તેમાની અજાયબ ને કરામતી વસ્તુઓ જોઇ બંધ કરવામાં ગુજાર્યા. હવે ચાળીસમો ઓરડો રહ્યો હતો જે ઉઘાડવા માટે મને સખ્ત મનાઇ કરવામાં આવી હતી. પેલી દીલ ખેંચનારી શાહજાદી વદાય થયાને ચાળીસમો દીવસ આવ્યો હતો. અગર તે ચાળીસમાં દીવસે મેં મનને વશ રાખી માર્યું હતે, અને તે દીવસ ગુજાર્યો હતે, જેમ મને કરવું જોઇતું હતું તો હું આજ જે કંગાલમાં કંગાલ છું તે ઠેકાણે સુખીમાં સુખી થયો હતે. શાહજાદીઓ બીજે દીવસે જરૂર પાછી ફરી હતે. અને ખંટ ઉપર કાબુ રાખ્યાને સબબ તેઓને મળ્યા પછે જે ખુશાલી મને ઉપજતે તેનું બયાન કોણ કરી શકે? પણ મનની નબળાઇ, જેનો શોક હું જીંદગીના છેડા લગી કરવાનો જારી રાખસ, હું તે દરૂઝની ઉસકેરણીને તાબે થયો કે જેણે મને જ્યાં લગી તેની ફુલવણીને વશ થઇ દુઃખ ને સજાને પોંહોચ્યો નહીં ત્યાં લગી મને થર પડવા દીધો નહીં.

જોકે મેં મ્હારા મનની ઉસકેરણી તૃપ્ત કરવા સારૂ પરહેજ રહેવાનું વચન આપ્યું હતું છતાં મેં તે ઘાતકી દરવાજો ખોલ્યો. આ દરવાજામાં હજી મ્હારૂં કદમ મેલું તે આગળ તેમાંથી એક દીલ બાગબાગ કરનારી સુગંધી મ્હારા દીલાગને પોંહોંચી. તે એટલી જલદ હતી કે હું તેથી તરત બેશુદ્ધ થઇ ગયો. તોપણ હું જલદી શુદ્ધીમાં આવ્યો, પણ આ ચેતવણીથી મ્હારૂં હીત સમજી લેવા અને સીતાબ મ્હારા મનની ઇનતેજારી તૃપ્ત કરવાનો સઘલો વીચાર માંડી વાળી દરવાજો બંધ કરી દેવા બદલે હું તે ઓરડો જોવાની કોશેશમાં મંડયો અને તેમાં દાખલ થયો. જ્યાં લગી સુગંધી હવામાં વીખરાઇ તદન બંધ પડી ત્યાં સુધી થોભ્યો. પછે મને તે સુગંધીથી કસી ઇજા થઇ નહીં. અગરના ને કપુરના લાકડાના દીવાઓ સળગેલા સોનેરી સ્ટાન ઉપર મેલેલા હતા. એ દીવાઓમાંથી ઘણો જલદ સુગંધ નીકળતો હતો. એ દીવાઓથી જે ઉજાસ પડતો હતો તેમાં વળી બીજો ઘણો વધારો તો ત્યાં ઘણી ચાંદી ને સોનાની દીવીઓ સુગંધી તેલથી ભરાયલી સળગીને થઇ રહ્યો હતો.

ત્યાં ઘણીક વસ્તુમાં મારૂં જે વધુ ધ્યાન ખેંચ્યું તે એક કાળો ઘોડો હતો. જે કદમાં ઘણોજ સરસ ઘટમદાર અને ઘણોજ ખુબસુરત એવો કે તેના જેવો કોઇ બીજો ઘોડોજ નહીં હોય. તે ઉપર ખોગીર ને લગામ જે શુદ્ધ સોનામાં હીરા જડીત હતા. તે ઘોડા પાસે એક વાસણ, જેમાં સરસ જવ હતા ને બીજી બાજુ બીજામાં ગુલાબનું પાણી ભરેલું હતું. મેં તે ઘોડાની લગામ ધરી અને રોશ્નની તરફ તે બરાબર તપાસવા ખાતર લાવ્યો. હું તે ઉપર સ્વાર થયો. હું તેને ચલાવવાને કોશેશ કરવા લાગો પણ તે હીલ્યો નહીં તેથી મેં ચાબુક લગાવ્યો, જે મને તેના તબેલામાંથી મળ્યો હતો. જેવો ચાબુક પડયો કે ઘોડો ખુનખાર ખંખારવા લાગો. પછે પોતાની પાંખો જે હમણા લગી મ્હારા જોયામાં આવી હતી નહીં તે ફફરાવી આશમાનતાઇ ઉડયો કે મ્હારી ચશ્મથી જમીન બીલકુલ અંધારી મારી ગઇ. હમણાં લગી મને ઘોડાથી કસી ઇજા થઇ હતી નહીં, માત્ર મને જે મોટી દેહસત પેઠી હતી, તેથી હું તેની પીઠ ઉપર મજબુત બેઠો. આખરે મ્હારો ઘોડો જમીન તરફ ઉતરવા લાગો. અને એક કીલ્લાની અગાસી ઉપર આવી ઉતરયો પછે મને ઉતરવાને સેજ પણ વખત નહીં આવતાં મને એવો તો ભયંકર હીલવ્યો કે હું પાછળ ગગડી પડયો. ત્યારે તેની પોતાની પુંછડીનો ફટકો લગાવી મ્હારી જમની આંખ ફોડી નાંખી.

આ રાતે હું આંધલો થયો; પેલા દસ જવાન પુરૂષોની ભવીસ્યવાણી મને તરતજ યાદ આવી. પેલો કરામતી ઘોડો તરતજ પોતાની પાંખ ફફડાવી ઊડી ગયો અને મારી નજર સાંમેથી ગુમ થયો. હું ઉભો થયો અને મારી પોતાની મુરખાઇથી જે મારા પર આફત આવી પડી તેથી ઘણો મુજાવા લાગ્યો. મેં તે આખી મંજલ મારી ફુટેલી આંખપર એક એક હાથ રાખીને પુરી કીધી કારણ કે મારી આંખને જે આંચકો લાગ્યો હતો તે નહીં ખમાય એવું દુ:ખ કરતો હતો. ત્યાર પછી હું નીચે ઉતરયો અને મને તરતજ માલમ પડયું કે પેલાજ કીલ્લા તરફ પાછો આવ્યો છું કે જ્યાંથી મને પેલું રોક પક્ષી લઇને ઉડી ગયું હતું.

પેલા દસ જવાનો તે કીલ્લામાં હતા નહીં. હું થોડો વખત થોભ્યો કે તુરતજ તેઓ પેલા બુજોર્ગ આદમી સાથે આવતા દેખાયા. તેઓ મને જોઇને જરાબી અજાયબ થયા નહીં. કે નહી તેઓએ મારી જમણી આંખ ફુટેલી જોઇને કાંઇ વધારે અજાયબ થયા. તેઓએ કહ્યુંકે "અમો ઘણાં દલગીર છીએ કે અમો તમોને અત્રે આવવા માટે મુબારકબાદી આપી શકતા નથી. તમો જે હાલતમાં આવ્યાછો તે માટે અમારો કસો વાંક નથી." મેં જવાબ આપ્યો કે "મારી આ હાલત માટે જો હું તમોને જરાબી ઠપકો આપુંતો બીલકુલ વાજબી નથી. બધો વાંક મારો પોતાનો છે અને જે થયુંછે તે મારી પોતાની હુલડાઇથી થયુંછે." તેઓ બોલ્યા "તમારાં માઠાં ભાગ્ય માટે અમો દલગીર છીએ પણ એમ કેમ થયું તેનો અમોને બરાબર અનુભવ છે વળી તમોને સંતોશ મલશે કે અમોબી તમારેજ ફેજે પુગ્યાછે તમારીજ માફક અમોએ પણ એક આખું વરસ મોજ મજાહ ભોગવી હતી, અને જો અમોએ પેલો અભાગ્યો સોનાનો દરવાજો ઉગાડયાનો લોભ નહીં કીધો હતે તો તે પછીબી તેવીજ મજાહ ભોગવતે. અમો પણ તે વાંકની સજા તમારી માફક ભોગવ્યે છીએ. અમો અમારી હુલડાઇ માટે જે પસ્તાવો રોજ રાતના કરયે છીએ તેમ કરવાને અમારી મંડળીમાં અમો તમોને દાખલ કરતે પણ અમો દલગીર છીએ કે બીલકુલ સાધન ન હોવાથી અમો તેમ કરી શકતા નથી અને તેનું કારણ તો અમો પેહલાંથી તમોને જણાવી ચુકા છીએ. હવે તમો બગદાદ શેહેર તરફ જાવો જ્યાં તમોને એક શખ્સ મલશે જે તમારા ભવીસ્ય માટે તમોને સારી સલાહ આપી શકશે." એવું કહી તેઓએ મને બગદાદ જવાનો માર્ગ દેખાડયો અને અમો જુદા પડયા.

રસ્તે ચાલતાં મેં મારી દાઢી, મુછ અને ભવાં બોડાવી એક જોગીનો વેશ ધારણ કીધો. મેં ઘણા દીવસ મુશાફરી કીધી અને સેવટે ગઇ કાલે સાંજે આ મોટાં શેહેરમાં આવી પુગો. ત્યાં મને મારા જેવાજ બીજા બે જોગી મળ્યા અને તેઓની પણ જમણી આંખ ફુટેલી જોઇ અમોને એક બીજાની મળતી આવતી હાલતથી ઘણું નવાઇ જેવું લાગ્યું. અમને એક બીજાની હકીકત સાંભળી લેવા રાત પડેલી હોવાથી અવકાશ મલ્યો નહીં. તે પછી મેહરબાન બાનું તમો નામદારે અમોને અત્રે ઉતારો આપ્યો છે તે માટે અમો તમારો ઉપકાર કદીબી ભુલસું નહીં.

જ્યારે ત્રીજા ફકીરે પોતાની હકીકત પુરી કીધી ત્યારે ઝોબીદા તેને તથા તેના બીજા બે સોબતીઓને કહેવા લાગી કે 'તમારૂં પણ બયાન સાંભલ્યું હવે તમો છુટા થયા છો માટે જાવો તમારો રસ્તો પકડો અને તમોને જોઇએ ત્યાં જાવો. તે ફકીરે અરજ કીધી કે "હજુર સુધી આ બીજા ગ્રહસ્થોએ પોતાની હકીકત કહી નથી તેથી તેઓની હકીકત સાંભળવાની અમારી મરજી છે તેથી તેઓ પોતાની હકીકત કહી સંભળાવે ત્યાં સુધી અમોને અત્રે બેસવા દેવાની રજા તમો નામવર બાનું આપશો એવી આશા છે." એ સાંભળી ઝોબીદા જ્યાં કાલીફ, વજીર જાફર તથા મસરૂર બોજો બેઠેલા હતા તે તરફ ફરી અને તેઓને પોતાની હકીકત કેહવાનો હોકમ કીધો કારણકે તેઓ કોણ છે તેથી ઝોબીદા હજુર સુધી જાણુંતી ન હતી.

વડો વજીર જાફર હંમેસ જવાર આપવામાં તૈયાર રહેતો હતો તે બોલ્યો કે "અમો તૈયાર છીએ, નામદાર બાનું, પણ અમો અમારી હકીકત તમારાં મકાનના દરવાજામાં દાખલ થતાંજ કહી ચુકા છીએ તેજ ફરી કહી સંભળાવવામાં અમોને કાંઇ હરકત નથી. અમો મૌસલના વેપારીઓ છીએ. અમો અમારો વેપારજોગ સામાન વેચવા માટે બગદાદ શેહેરમાં આવ્યા છીએ અને અમારા માલના દાગીના જે ખાનના ઘરમાં અમોએ ઉતારો લીધોછે તેને ત્યાં મુકેલા છે. આ શેહેરના જાણીતા વેપારીઓએ અમને મેજબાની આપવા માટે પોતાને મકાને બોલાવ્યા હતા ત્યાં ખાઇ પી ગમત કરી હતી. તે રમત ગમતમાં ગાયન કરવા માટે થોડીક ગાયનકર સ્ત્રીઓને બોલાવવામાં આવી હતી. અમારી આ રમત ગમત ચાલતી હતી તેમાં ઘણી હોહા તથા ગરબર સરબર છાંટાંપાણીના બાહરમાં થતી હતી તેથી કેટલાક સરકારી ચોકીબાનો અમારા મેજબાનના મકાનમાં દાખલ થયા અને અમારામાના કેટલાકને પકડી કેદ કરી લીધા પણ અમો નજર છટકાવી ભીંત કુદાવી બાહાર નહાસવામાં ફતેહમંદ થયા. રાત ઘણી થઇ હતી તેથી અમારા ઉતારાના મકાનના બારણાં બંધ થઇ ગયાં હતાં. હવે રાત કયાં ગુજારવી તેની અમો ફીકરમાં પડયા પણ તેટલાં તમો નામદારના મકાનમાં રંગ રાગ ચાલી રહયો હતો તેનો આવાજ આવ્યાથી અમોએ તમારા મકાનના દરવાજા ખોલ્વા માટે ઠોકયા અને તમોએ મેહરબાની કરી અમને તમારા મકાનમાં દાખલ કરી એક રાતનો ઉતારો આપ્યો. આ સીવાય અમારી હકીકત વધારે નથી."

આ હકીકત સાંભલ્યા પછી ઝોબીદાએ જે તે નીકાલ લાવવાનો ઠેરાવ કીધો. પેલા ત્રણ ફકીરોએ ઝોબીદાને અરજ કીધી કે જેમ તેણીની તેઓ તરફ મેહરબાન થઇ હતી તેમ પેલા મૌસલ કહેવાતા વેપારીઓ તરફ પણ મેહરબાન થવું. એ સાંભલી તેણી બોલી કે "થીક છે. હું સર્વેનો છુટકારો મોટી ખુશીથી કરૂં છું. અમારી મેહરબાંની સર્વે પર સરખી ઉતરવી જોઇએ. તેથી હું એક સરતે તમારો છુટકારો કરૂં છું કે આ ઘડીએ તમોએ અમારૂં મકાન છોડી જવું અને તમોને સુજે ત્યાં ચાલી જવું." ઝોબીદા એવા તો તોરથી બોલી કે પેલા વગર તેડે આવેલા પરોણાઓએ તેણીને તાબે થવા વગર છુટક જોયો નહીં તેથી કાલીફ, વજીર, મસરૂર, પેલા ત્રણ ફકીરો, અને પેલો હેલકરી એકબી શબ્દ બોલ્યા વગર ત્યાંથી ચાલી ગયા; પેલા સાત હથ્યારબંધ હબસી ગોલામોની ધાકથી તેઓ તુરતજ ઝોબીદાના હોકમને તાબે થયા! જેવું તેઓએ પેલું મકાન છોડયું અને તેઓ પાછળ જેવા તે મકાનના દરવાજા બંધ થયા કે કાલીફે પેલા ત્રણ ફકીરોને પોતે કોણ છે તે જણાવ્યા વગર કહ્યું કે "તમો તદન અનજાણ્યા છો, તે સાથે આજેજ આ શેહેરમાં આવ્યા છો તેથી તમો શું કરવા માંગો છો? કારણકે હજુર સવારૂં પડયું નથી." તેઓએ જવાબ દીધો કે "એજ બાબદનો અમો ત્યારનો વિચાર કરયે છીએ!" "ત્યારે અમારી સાથે આવો, અમો તમારી એ મુશકેલીનો ઉપાય કરશું." કાલીફે વજીરના કાનમાં ફુંક મારી કે પેલા ફકીરોને તેણે પોતાને ઘર જવા અને સવાર પડે કે મેહેલમાં હાજર કરજે. તેણે વધુ એ કહ્યું કે મારી મરજી છે કે તેઓની હકીકત અને પ્રાક્રમોની નોધ મારા રાજ્યના પુસ્તકખાનામાં હંમેશ સુધી રાખવી.

વડો વજીર પોતાના મકાનમાં પેલા ત્રણ ફકીર થયલા શાહજાદાઓને લઇને ગયો અને નામદાર કાલીફ મસરૂર સાથે પોતાને મેહેલ પધારયો. તે પોતાના સુંદર બીછાના પર ગયો પણ તે રાત્રે જે અજાયબ જેવી હકીકતો સાંભળી હતી તથા તહરેવાર બનાવો જોયા હતા તેથી તે એટલો તો અજાયબ થયો હતો કે તે બીલકુલ આંખ મીંચી શકયો નહી અને વિચારમાં ને વિચારમાં બાકી રહેલી રાત તે જાગૃત રહ્યો. તેની જીજ્ઞાસા મુખ્ય કરીને એટલા માટે ઉશકેરાઇ હતી કે ઝોબીદા કોણ હતી અને તેણીએ પેલા બે કુતરાઓને શા સારૂં ધાટકીપણે માર્યા હતા તથા અમીનાની છાતી ઉપરના ઘા શાના હતા. આખરે સવારમાં મુશકેલી પડી પણ નામદાર કાલીફની જીજ્ઞાસા પુરી પડી નહીં. તે

તુરતજ બીછાનાથી ઉઠયો અને આંગ સાફ સુફ કરી પોતાની બાદશાહી દરબારમાં બીરાજવાની તૈયારી કીધી અને પછી પોતાના બુલંદ તખ્તપર બીરાજ્યો.

જેવો વડો વજીર દરબારમાં હાજર થયો ને પોતાનું સરેસ્તાનું કામ શરૂ કરવા જાય છે તેવામાંજ નામદાર કાલીફે તેને કહ્યું કે "વજીર, જે કામકાજ હાલ રજુ કરવાનું છે તે કરતાં વધારે જરૂરનું અને અગતનું જે કામછે તે તમારે પેહલે કરવું. પેલી ત્રણ ખુબસુરત બાનુંઓ તથા પેલા બે કુતરાને તુરતજ મારી આગળ હાજર કરો કારણ કે તેઓ સંબંધી જે છુપી બીનાછે તે જાણવાની મારી ખાયસ હવે વધુ વખત હું થોભાવી શકતો નથી. જઇને તેઓને અત્રે હાજર કરો અને તેજ વખતે પેલા ફકીર થયલા શાહજાદાઓને પણ અત્રે હાજર કરો. જલદી કરો કારણ કે તમો આવશો ત્યાં સુધી મને અતીશ્ય અધીરાઇ પેદા થશે.

વડા વજીરને નામદાર કાલીફનો ઉતાવળો અને અધીરો સ્વભાવ સારીપેઠે રોશન હતો તેથી તે તુરતજ ઉતાવલેથી ફરમાવેલાં કામ પર મંડયો. તે તુરતજ પેલી બાનુંઓના મકાન તરફ જઇ પુગો અને જેટલીબી નમનતાઇ બની તેટલી નમનતાઇ અને સભ્યાતાથી તેઓને કાલીફ હજુર હાજર થવા માટેનો હોકમ કહી સંભલાવ્યો; પણ ગઇ રાતના બનાવ વીશે એક હરફ કહ્યો નહીં.

પેલી ત્રણે બાનુઓએ તુરતજ બુરખાથી પોતાના ખુબસુરત ચેહરાને ધાંકયો, અને વજીર સાથે તુરતજ નામદાર કાલીફની દરબારમાં જવા માટે તૈયાર થઇ. વજીર પોતાના મકાનને રસ્તેથી જતાં જતાં પેલા ત્રણ ફકીરોને પોતા સાથે તેડી લેતો ગયો. તેઓએ હમણાજ જાણ્યું કે તેઓએ કાલીફ સાથે તેણે પીછાણ્યા સીવાય તેની સાથે એક રાત ગુજારી હતી.

વજીર તે સર્વેને મેહેલમાં લઇ ગયો. ત્યારે જે ઝડપથી વજીર તેનો હોકમ બજાલાવ્યો તેથી તે ઘણોજ ખુશી થયો. કાલીફે પેલી ત્રણ બાનુઓને પોતાના ખાસ દીવાનખાનામાં પડદા પાછળ ઉભી રાખી કે તેઓનો મહલાજો પોતાના દરબારીઓથી પુરતી રીતે જળવાય. પેલા ત્રણ ફકીરોને તેણે પોતાની પાસે રાખ્યા અને તેઓએ પુરતી રીતે જાણ્યું કે તેઓ કોણ નજદીક ઉભાછે ત્યારે તે નામદારને પુરતાં માન સાથે નમ્યા.

જ્યાં પેલી બાનુંઓ ઉભી હતી તે તરફ ફરીને નામદાર કાલીફ બોલ્યો "બાનુંઓ જ્યારે તમોને માલમ પડશે કે તમારા મકાનમાં ગઇ રાત્રે હું એક વેપારીના લેબાસમાં આવ્યો હતો ત્યારે તમોને ગભરાટ થશે. તમો ખચીત ડરી જશો કે ગઇ રાત્રે તમોએ મારી તરફ જે ચાલ ચલાવી છે તેથી મેં તમોને શીક્ષા કરવા માટે અત્રે બોલાવ્યાં હશે પણ તેમ મારેથી બનશે નહી માટે તમારે કસી ફીકર કરવી નહીં કારણ જે બન્યું છે તે હું ભુલી જાઉં છું અને તમારી ચાલથી હું ઘણો સંતોશ પામ્યો છું. હું ઇચ્છું છું કે બગદાદની તમામ બાનુઓ તમારા જેવી લાયક ચાલ ચલણવાલી હોય. મને હમેશાં યાદ રહેશે કે તમો ગુનાહગારો તરફ કેવાં સારાં દીલથી ચાલો છો અને કેટલી રહેમદીલી બતાવો છો. તે વખતે હું ફકત એક મૌસલનો વેપારી હતો, નહીં કે કાલીફ હારૂન અલ રસીદ, જે નામદાર આબાસનાં નામીચા કુટુંબનો સાતમો કાલીફ જે ઇસલામીઓના મોટા પેગંમબરનો દરજ્જો ધરાવે છે તે હતો. તમોને મારી નજદીક હાજર કરવાનો સબબ ફકત એટલોજ હતો કે તમો કોણ છો તે જાણવું તથા તમોએ જે ચાલ પેલા બે કુતરાઓ સાથે ચલાવી તેનો શું સબબ હતો અને તે પછી વળી શું કામ રડયાં તે સાથે તમારામાંથી એક બાનુંની છાતી ઉપર પડેલા જખમોનું કારણ જાણવાની મારી ઘણી ખાયસ છે."

જોકે નામદાર કાલીફ બુલંદ અને ખોલ્લા આવાજે બોલ્યો હતો તોપણ વડા વજીરે તે પાછું પેલી ત્રણ બાનુઓને ધારા પ્રમાણે કહી સંભલાવ્યું. નામદારે કાલીફના ધીરજ ભરેલા શબ્દોથી

ઝોબીદાને ઘણી હીંમત આવી અને નામદાર કાલીફની ખાયસ મુજબ ઝોબીદાએ પોતાની હકીકત નીચે મુજબ કેહેવા માંડી :—

ઝોબીદાની અજાયબ જેવી તવારીખ.

મહજબની સંભાળ કરનાર અને પ્રજાના પાલનહાર નામદાર કાલીફ હારૂન અલ રશીદ! હું હમણા જે મારો અહેવાલ તમો આગળ કહી સંભળાવનાર છું તે ખરેખર ઘણોજ ચમત્કારીક છે. તમો નામદારે ગઇ રાત્રે જે બે કાલી કુતરીઓ જોઇ હતી તે મારી સગી બેહનો છે. હવે તેણીઓને કુતરીનું સ્વરૂપ કેમ લેવું પડયું તેનું ખુલાસા વાર બયાન હું તમો નામદારને કહી સંભળાવવાની રજા લઉં છું.

જે બીજી બે બાનુંઓ તમોએ મારે ઘેર જોઇ હતી અને જેણીઓ હાલ મારી પાસે બેઠેલી છે તેણીઓ મારી સાવકી બેહનો થાય છે. અમારો બાપ તો એકજ હતો પણ મા જુદી જુદી હતી. જેની છાતી ઉપર જખમના દાઘ છે તેનું નામ **અમીના** છે અને બીજીનું નામ **સફીય** છે તથા મારૂં પોતાનું નામ **ઝોબીદા** છે.

અમારો બાપ બેહસ્તનશીન થયા પછી તેની તમામ દોલતના પાંચ સરખા ભાગ કરી અમોએ વેંહેચી લીધા. મારી સાવકી બેહનો પોતાના ફાલાના પૈસા લઇ પોતાની માદર સાથે રેહેવા ગઇ. મારી બીજી બે બેનો તથા હું પોતે અમારી મા સાથે રહ્યાં. થોડાક વખત પછી અમારી માદર બીચારી આ ફાની જેહાંન છોડી ગુજરી ગઇ તેથી અમને દરેકને બીજા હજાર હજાર રૂપીઆનો વધુ ફાલો મલ્યો. હું સઉથી ન્હાની હતી. મારી મોટી બેહેનો પોતાનો ફાલો લઇ પરણી ગઇ અને પોતાના ખાવીંદ સાથે વસવા લાગી તેથી હું તદન એકલી પડી. થોડો વખત ગયા પછી મારી વડી બેહનનો ધણી પોતાનો સર્વે સરસામાન તથા મીલકત વેચી મીસર તરફ વસવા ગયો અને ત્યાં તેણે મારી બેહનની તથા પોતાની તમામ દોલત ખરાબ રસ્તે તથા મોજમજાહમાં ખુહાર કીધી. જ્યારે આ પ્રમાણે ખુહાર થઇ તે ખાખાવરખો થયો ત્યારે કાંઇ ભલતાંજ બાહણા કાહડી મારી બેહન સાથેથી છુટા છેડા કીધા અને તે બીચારીને કાહડી મુકી.

આવી હાલત થયાથી મારી વડી બેહન પાછી બગદાદમાં આવી. મુશાફરી કરતાં રસ્તામાં તેણીને એટલું તો દુઃખ સોસવું પડયું હતું કે જ્યારે તે મારે ઘેર આવી ત્યારે તેની હાલત ઘણી દયા આણવા જોગ લાગતી હતી. ગમે એવી કઠણ છાતીનું માણસ પણ તેની હાલત જોઇ તેની દયા ખાય તો હું તેની મા જણી બેહન કેમ જોઇ શકું? મેં તેણીને જોતાં વારજ ઘણી માયાથી બોલાવી અને તેણીની આવી દુરદશા કેમ થઇ તે વિષે પરપુછ કરી તેથી તેણીએ મને પોતાની તમામ હકીકત કહી સંભળાવી. તેનું બ્યાન સાંભળી મને ઘણું લાગ્યું તેથી હું તેણીને મારી છાતી સાથે દાબી ખુબ રડી. ત્યાર પછી તેણીનું આંગ સાફ કરાવી નવાં કપડાં લતાં પેહેરાવ્યાં અને કહ્યું કે "તમો મારા વડાં બેહન હોયાથી હું હંમેશ મારી મા મીસાલ તમોને ગણું છું અને ચાહું છું. તમારી ઘેરહાજરીમાં મને સારાં નસીબે બે પૈસાનો સારો નફો થયો છે અને ખોદાની મેહરબાનીથી સુખી છું. હું હાલ રેશમના કીડા લાઉ છું અને તેને સેવન બેસાડી તેમાંથી પેદાસ કરૂં છું અને એજ ધંધામાં મારો વખત ગુજારૂં છું. યાદ રાખજો તમો કે જે મારૂં છે તેમાં સરખો હીસ્સો છે અને મારી સત્તા તે તમારી સત્તા છે."

આ વખતથી અમો ઘણા માસ સુધી સારી સહલાસંપજ સાથે રહ્યાં. અમો ઘણી વેળા અમારી બીજી બેહન વિષે વાતો કરતાં હતાં અને અજબ રહેતાં કે તેને વિષે અમને હજી સુધી કાંઇજ

ખબર નથી મળતી તેનો શું સબબ હશે? પણ આખરે એક દીવસે તેણીની ન ધારેલી રીતે આવી મળી અને તેણીની હાલત પણ મારી વડી બેહનના જેવીજ કંગાલ દેખાઇ. તે પણ ચીંઠડેહાલ અને પરેશાન હાલતમાં રખડતી આવી હતી. તેના ભરથારે પણ તેની સાથે ઘણી ખરાબ ચાલ ચલાવી હતી અને સેવટે કાહડી મેળી હતી. મેં આ મારી બીજી બેહનને પણ પેહલીની માફકજ માન તથા માયાથી આવકાર આપ્યો અને મારી સાથે રાખી.

થોડો વખત ગયા પછી તેઓ મને કહેવા લાગી કે અમને લાગે છે કે અમો તમારી ઉપર નાહકના બોજા તરીકે પડ્યાં છીએ તેથી અમો ફરીને લગન કરી જઇએ તો અમારો બોજો તમારી ઉપરથી ઓછો થાય. આ પરથી મેં તેઓને જણાવ્યું કે તમો જો એવો વિચાર કરતાં હોવો તો તેમાં તમારી મોટી ભુલ છે. મારી આવક આપણ ત્રણ જણાનું ગુજરાંન કરવા માટે તથા આબરૂ દરકારથી રહેવા માટે પુરતી છે, અને તેઓનો બોજો મારી ઉપર બીલકુલ નથી પડતો એ તેઓએ ખરેખરૂં જાણવું, તે પછી મેં તેઓને વધુ એ જણાવ્યું કે "તમો જો ખરેખર ફરી પરણવાનો વિચાર ધરાવતાં હોવો તો તેથી હું અતી ઘણી અજાયબ થઇશ. તમોએ એક વાર પરણીને શું સુખનાં દહાડા કાહડ્યા કે ફરી એવી બુરી જંજાલમાં પડવા માગો છો? તમોને અનુભવ છે કે સારો વર મળવો કેટલી મુશકેલ બાબદ છે. મારૂં કહ્યું માનીને તમો મારી સાથેજ રેહશો તેમાજ ઘણો ફાયદો થશે."

મારી બધી સહલા તેઓ પર કાંઇબી અસર કરી શકી નહીં અને "પત્થર પર પાણી" મીસાલે તે સહલા ઉડી ગઇ. તેઓએ પોતાના મનમાં ઠેરાવજ કરી રાખેલો હતો તે પ્રમાણે આખરે તેઓ પરણી ગઇ. પણ થોડાજ માસ ગયા પછી તેઓ મારી પાસે રડતી કુટતી આવી અને હજારો હજાર માફ માગવા લાગી કે તેઓએ મારી સહલા માની નહીં તેથી પરણવા પછી તેઓ પાછી આગલે ફેંજે પુગી પાછી રખડતી થઇ છે. તેઓ બોલવા લાગી કે "ખરી વાત છે કે તમો અમારી ન્હાની બેહન છો પણ તમારામાં અમારાં કરતાં વધારે અકલ છે. હવે તમો અમને તમારા ઘરમાં ગોલામડીઓ તરીકે રાખો, અને અમો કબુલાત આપ્યે છીએ, કે અમો હવે પછી કદીબી તમારા હોકમ અને સહલા વગર એકબી પગલું ભરશું નહીં." મેં જવાબ દીધો કે "મારી પ્યારી બેહનો, તમારાં છુટાં થવાથી કાંઇ મારો તમારે વિષેનો સારો વિચાર ફરયો નથી માટે આવો અને મારી સાથે રહી જે મારૂં છે તેમાં તમો પણ ભાગ લેવો અને મોજ મજાહમાં રહો." એમ કહી હું તેઓને ભેટી પડી અને વલી અમો પાછાં એકવાર સાથે રહ્યાં.

એક વરશ સુધી અમો ઘણાંજ સહલાસંપજથી રહ્યાં. ખોદાવંદતાલાની બરકતથી માહરી ન્હાની દોલત દીવસે દીવસ વધવા લાગી અને તે ઉપરથી મેં વેપારને અર્થે દરયાઇ સફર કરવાનો નીશ્ચય કીધો. આ વિચારને અનુસરી હું મારી બન્ને બેહનો સાથે બસોરા ગઇ. જ્યાંથી એક અચ્છું વાહણ તેના સર્વે સામાન સાથે વેચાતું લીધું. અને તે મધે અમોએ બગદાદથી લાવેલો માલ ચહડાવ્યો. અમોને સારો પવન લાગવાથી અમો જલદીથી ઇરાની અખાત તરફ પુગા. જ્યારે અમો દરયો ડોહવતાં હતાં તે વખતે અમારો વિચાર હીંદુસ્તાન તરફ જવાનો હતો; પણ વીશ દીવશની સફર પછી અમોને કીનારો નજર પડયો. અમારી નજરે તુરતજ એક મોટો પાહડ નજરે પડયો અને તેની ટલેતી નીચે એક સુંદર અને મોટું શેહર નજર આવ્યું. પવન ઘણો ખુશનુમા હતો તેથી અમો થોડા વખતમાં બારામાં દાખલ થયા અને લંગર કીધું.

મને કીનારે ઉતરવાની ઘણીજ જીજ્ઞાસા થઇ અને મારી બેનો તૈયાર થાય તેની અગાઉ હું કીનારે ઉતરી પડી અને તે મોટાં શેહરની ભાગળમાં દાખલ થઇ. મારી નજરે ત્યાં મોટું લશકર પડયું; તેઓમાના કેટલાકો બેઠેલા હતા, કેટલાકો ઉભેલા હતા, અને તેઓમાંના ઘણાક હથીયારબંધ

હતા અને તેઓના ચેહરા ઘણા ભયંકાર દેખાતા હતા અને તેથી મને ઘણી ધાસ્તી લાગી. મારા જોવામાં આવ્યું કે તેઓના ડોલા બીલકુલ હાલતા ન હતા તેથી હીંમત પકડી આગળ ગઇ તો માલમ પડયું કે તેઓ સર્વે પત્થર થઇ પડયાં હતાં! તે પછી હું શેહરમાં દાખલ થઇ અને ઘણાક મોહલાઓમાં ફરી અને ત્યાં સર્વે ઠેકાણે તમામ પત્થરના માણસો જોયાં; તેમાના કેટલાંક કાંઇ કામ કરતાં હોય, કોઇ વાતચીત કરતું હોય, કોઇ ઉભેલું હોય એવી હાલતમાં દેખાતું હતું તે ઉપરથી મેં અનુમાન કીધું કે આ હાલતમાં તેઓ એકાએક ફેરવાઇ ગયાં હશે. શેહર વચ્ચે મોટું બજાર હતું ત્યાં ઘણીખરી દુકાનો ઉઘાડી હતી પણ તેમાં ડોકયું કરી જોવાથી માલમ પડયું કે તેમાંના માણસો પણ પત્થર બની ગયલાં હતાં. ઘર ઉપરની ધુમાડો જવાની ચીમનીઓ ઉપર નજર કરતાં કોઇબી ચીમનીમાંથી ધુમાડો નીકળતો ન હતો તેથી મેં ધારયું કે આખા શેહરમાં કોઇબી માણસ જીવતું હશેજ નહીં અને સર્વે પત્થર બની ગયલાંજ હશે.

શેહર વચોવચ એક મોટા ચોકમાં મારી નજરે એક મસ મોટો દરવાજો આવ્યો જે ઉપર તમામ સોનેરી પત્રાંઓ જડેલાં હતાં અને તે દરવાજાના બંને બારણાઓ ખુલ્લાંજ હતાં; અને તેની વચમાં એક રેશમી પડદો ટાંગેલો હતો; તેની પાછળ એક ચેરાગ બલતો મારી નજરે પડયો. તે દરવાજામાંથી નજર કરતાં ધારયું કે આ કોઇ બાહદશાહી મેહલ છે અને જે બાદશાહનું આ શેહર હશે તેનોજ આ મેહલ હશે. મને ઘણી અજાયબી લાગી કે આખા મેહલમાં એકબી જીવતું માણસ મારી નજરે પડયું નહીં. પણ ચેરાગ જોઇ કોઇબી જીવતું માણસ મેહલમાં મલશે એવી આશાથી હું અંદર દાખલ થઇ. ત્યાંબી મેહેલમાંના તમામ સીપાઇઓને પત્થરના પુટલાંના આકારમાં જોઇ હું અજાયબીમાં ગરક થઇ ગઇ. તેઓમાના કોઇ ઉભેલાજ હતા, કોઇ બેઠેલા હતા અને કોઇ તો એક પગલું ભરીનેજ પત્થર થઇ ગયલા નજર આવતા હતા!

મેં એક મોટો દરબાર રૂમ જોયો, જ્યાં પણ માણસો હીલચાલ કરતાં કરતાંજ પત્થર બની ગયલાં નજર આવ્યાં! કેટલાંક તો બહાર નીકલતાંજ અધવચ રસ્તેજ પત્થરનાં પુટલાં બની ગયલાં નજર આવતાં હતાં. તે પછી બીજા મોટા કુશાદે ઓરડામાં હું દાખલ થઇ અને ત્યાંથી ત્રીજામાં પણ દાખલ થઇ; તેપણ ઉજડ દેખાતો હતો અને ભયંકર ચુપકીદીથી આખો મેહલ એક દરામણા ગોફા જેવો લાગતો હતો. ચોઠો ઓરડો પસાર કરતાં મારી નજર સાંમે એક બીજો મોટો મેહલ દેખાયો તે એટલો તો શુંદર અને કીંમતી હતો કે તેની તમામ બારણાબારીઓ નક્કર સોનાનાં બનાવેલાં હતાં. મેં વિચારયું કે આ મેહલ રાણીનો હશે. હું તે મેહલમાં ગઇ તો ત્યાં ઘણીક દાસીઓ મારી નજરે પડી અને ત્યાં જનાનખાનાનો વડો ખોજોબી હતો; પણ તે બધાઓ પત્થરના પુતલાંના આકારમાંજ હતાં. આગળ ચાલતાં હું એક ઘણાજ ભપકાદાર અને ઉંચા સરસ સામાન તથા ઝરઝાલરોથી સીંગારેલા દીવાનખાનામાં દાખલ થઇ અને ત્યાં એક અતી ખુબસુરત બાનુને એક કોચ પર લેટેલી જોઇ, પણ અફસોસ તેબી પત્થરનું પુતલું બની ગયલીજ હતી. તેનીનાં માથાંપર જે ઝવેરાતથી મઢેલું સુનેરી તાજ હતું તે ઉપરથી મેં તુરતજ વિચારયું કે આએજ રાણી હશે. તેણીના ગલામાં જે નવસેરો હાર હતો, તેનાં મોતી અકેક ઇંડા જેટલાં મોટાં અને બરફ જેવાં સફેદ હતાં તે પણ તેણીનો મોભો બતાવતાં હતાં. વલી તેમાં જે ઝવાહેરો જડેલાં હતાં તે અકેક બદામ જેવડાં મોટા હતાં! આ જગાની રચના એટલી તો અજાયબ જેવી હતી કે થોડોકવાર હુંતો તે જોતીજ ઉભી રહી અને આગલ જઇ તે ઝવાહેરો મેં તપાસ્યાં તો તેવાં મેં મારા બાપ જન્મમાં જોયલા નહી એવાં માલમ પડ્યાં.

મેં થોડો વખત તો અજાયબી સાથે ત્યાંનો અતી કીંમતી સામાન જોયાજ કીધો. મેં ત્યાં ઉંચામાં ઉંચા ઇરાની ગાલીચા, ઉંચામાં ઉંચી ગાદી અને સુંદર તકીયા અને અતી કીંમતી પલંગો જોયા. તે દીવાનખાનામાં સોના રૂપાના સખ્યાબંધ રમકડાંઓ, તેમાં માણસ તથા પક્ષીઓના સુનેરી રૂપેરી પુતલાંઓ તથા હીંદી કસબના તહરેવાર પડદા વીગેરે એટલું તો મારી નજરે પડયું કે તેની કીંમતી કારીગરીએ મને હેરત કરી નાખી. આ સુંદર રાણીના દીવાનખાનામાંથી નીકલી હું બીજા તહરેવાર કારીગીરીથી ભરપુર દીવાનખાનાઓ પસાર કરી આવી અને આખરે એક અતી ઘણા મોટાં દીવાનખાનામાં દાખલ થઇ જ્યાં મેં એક નક્કર સોનાનું મોટું તખ્ત મુકેલું જોયું જે ઉંચું હોવાથી તે ઉપર ચહડવાને પગતીઓ બનાવેલી હતી જે ઉપર તહરેવાર ઝવાહેરો જેવાં કે હીરા મોતી જડેલાં હતાં. તે સોનેરી તખ્ત ઉપર ઘણીજ ઉંચી કસબી ખીનખાબ પાંથરેલી હતી, જેની ચારે બાજુની ઝાલર ઉપર મોતી જડેલાં હતાં. તે તખ્ત ઉપર અસાધારણ ઉજાસ પડતો મને દીસ્યો તેથી તે ઉજાસનું કારણ જાણવા માટે હું તે પગતીયો ઉપર ચહડી મેં જોયું તો મારી નજરે અતી ઘણો મોટો હીરો ઝકઝક કરતો દીસ્યો. આ હીરો શાહમૃગના ઇંડાં જેટલો મોટો હતો, વળી તેમાં જરાબી ખામી હતી નહીં અને તદન સ્વચ્છ વગર એબનો હતો. તે હીરો એટલો તો તેજ મારતો હતો કે હું તે તરફ વધારે વખત જોઇ શકી નહીં કારણ કે મારી આંખ અંજાઇ ગઇ.

તે તખ્તની બંને બાજુએ મોટી મસાલ બળતી હતી જેનું કારણ હું સમજી શકી નહીં. પણ આ બળતી મસાલો ઉપરથી મને ધારવાને કારણ મળ્યું કે ત્યાં કોઇ બીજી જીવતાં માણુસની વસ્તી હોવી જોઇએ, ત્યાં,વેર આ મસાલ બલતી રહી શકેજ નહીં. બીજી ઘણીબી ચીજો મેં ત્યાં અજાયબ જેવી જોઇ પણ પેલા હીરાએ મને એટલી તો અજાયબ કરી નાખી હતી કે બીજી તેથી વધારે અજાયબી મને કાંઇ લાગી નહીં.

જે જે ઓરડા અને દીવાનખાનાઓમાંથી હું પસાર થઇ હતી તેમાંના કોઇના બારણા તદન ઉઘાડાં હતાં અને કોઇના અર્ધા ઉઘાડાં હતાં. વળી કેટલાંક બીજાં દીવાનખાના, દરબારો, અને ભંદારો મેં જોયાં હતાં તે એકેકથી સરસ હતાં પણ તે સર્વેનું બયાન હું અત્રે કરી શકતી નથી.


દરેક ભંડારમાં તહરેવાર જાતનો માલ અને તહરેવાર જાતના રાચરચીલાં તથા અગણીત દોલતનો જઠો ને જઠો નજર પડતો હતો. આ અજાયબીઓ નીહાલતાં નીહાલતાં હું એટલી તો લીન થઇ ગઇ કે હું પોતાને પણ ભુલી ગઇ તો મને મારી બેહનો તો કયાંથી યાદ આવે? મને મારાં વાહાણુનીબી યાદ પડી નહીં કે નહીં મારી માલમતાની ફીકર પડી; બસ હું તો મારી અજાયબીથી બેફામજ બની ગઇ. પણ તેટલાં સાંજ પડી ગયાથી હું સાવધ થઇ અને ત્યાંથી બાહેર નીકલવાને ઉતાવલ કરવા લાગી અને જ્યાંથી હું દાખલ થઇ હતી તેજ રસ્તે પાછી જવાને નીકળી પણ પાછો રસ્તો મલે એ કાંઇ સેહલી વાત નહોતી. હું એટલા તો ઓરડા અને દીવાનખાના વીટાવી આવી હતી કે મને પાછો રસ્તો મલ્યોજ નહીં. હું ઘણીબી રખડી પણ બાહેર નીકળવાનો માર્ગ હાથ લાગો નહીં. આખરે હું પેલા કીંમતી હીરા અને તખ્તવાલાં દીવાનખાનામાં દાખલ થઇ. મેં ત્યાંજ રાત ગુજારવાનો ઠરાવ કીધો અને સવારે ઉઠી વાહણુ પર જવાનો વિચાર રાખ્યો.

હું ત્યાંના પલંગ પર સુતી પણ આવા ધંધાર જેવા મોટા મેહલમાં એકલી રેહતાં મને ઘણી ધાસ્તી લાગી અને તેથી મને બીલકુલ ઉંઘ આવી નહીં.

અરધી રાત ગુજરી હશે કે મને તે મેહલમાં કોઇ માણુસ કુરાન વાંચતું હોય એવો ખુલ્લો આવાજ સંભલાયો કે મને ઘણી ખુશાલી ઉપજી. હું તરતજ ઉઠી અને પેલી બલતી મસાલોમાંથી એક હાથમાં લઇને જે બાજુથી કુરાન વાંચવાનો આવાજ આવતો હતો તે બાજુ તરફ ચાલવા

ઝોબીદાની વાર્તા.

શાહાજાદો કુરાન પઢે છે.



"ઘણાક ઓરડા પસાર કીધા પછી જે ઓરડામાંથી આવાજ આવતો હતો તે ઓરડા આગલ હું આવી લાગી અને મશાલ હેઠલ મુકી તે ઓરડામાં દાખલ થવાના ન્હાના દરવાજામાં ડોકયું કરી જોવા લાગી." [જુઓ સફે ૧૦૪.

લાગી. ઘણાક ઓરડા પસાર કીધા પછી જે ઓરડામાંથી આવાજ આવતો હતો તે ઓરડા આગલ હું આવી લાગી અને મસાલ હેઠલ મુકી તે ઓરડામાં દાખલ થવાના ન્હાના દરવાજામા ડોકયું કરી જોવા લાગી.

[જુઓ પાસેના સફાનું ચિત્ર.

અંદર નજર કરતાં જણાયું કે આપણા ધર્મના મકાનમાં જેવી બંદગી કરવાની જગ્યા બાંધવામાં આવે છે તેવીજ તે ઓરડામાં બાંધણી કરી હતી અને જે દસા તરફ ફરી બંદગી કરવાનું ધર્મ પુસ્તકમાં ફરમાવ્યું છે તેજ તરફ બંદગી કરવાની જગો હતી. ત્યાં થોડાક ચેરાગો કીધેલા હતા અને બીજી બે સમેદાનીઓ મુકેલી હતી જેમાં સફેદ મીનની બે મોટી મીનબતીઓ સલગાવેલી હતી.

આપણે નીમાજ પઢતી વખતે જેવો ગાલીચો બીછાવ્યે છીએ, તેવો એક ગાલીચો ત્યાં હતો. ત્યાં એક ખુબસુરત ચેહરાનો જવાન પોતાની સામે એક સુંદર સ્ટુલપર કુરાન મુકી સુંદર આવાજે બંદગી કરતો હતો, તેને જોઇ હું અતીઘણી ખુશી થઇ. વળી હું બેહદ અજાયબ થઇ કે આખુ શેહર પત્થરના પુતળાના આકારમાં બદલાઇ ગયું છે ત્યારે આએજ માત્ર એક માણુસ જીવતો અને ખોદાવંતાલાની બંદગી કરતો કેમ ત્યાં બેઠેલો જણાય છે? માટે એમાં કાંઇક અજાયબ ભેદ હોવો જોઇએ.

તે ઓરડાના બારણાં ઉઘાડાંજ હતાં તેથી હું અંદર દાખલ થઇ, બંદગી કરવાના ખંડ તરફ જઇ મેં ગુંટણુમંડયે બેસી નીચલા શબ્દોમાં બંદગી કીધી:—

"ઓ ખોદાવંતાલા! ત્હારી બેહદ મેહરબાનીની નવાજેસ અમો ઉપર છે અને તુજ અમારી સફરને આબાદ કરી અમને આ દેશ તરફ લાવ્યો છે અને તુજ મેહરબાંનીની રાહે અમને અમારા દેશ પુગતાં સુધી ખુશખુશાલ રાખશે. સાંભળ! ઓ ખોદાવંતાલા અમારી અવલ બંદગી ને અમને પાર પાડ." આ બંદગીનો અવાજ સાંભલી પેલા જવાને મારી તરફ પોતાની નજર કીધી અને બોલ્યો. "ઓ ખુબશુરત બાનું તમો કોણ છો તે મને જણાવો અને ત્યાર પછી હું પણ તમને જણાવીશ કે હું કોણ છું અને આ શેહરની તમામ વસ્તી પત્થરના પુતલામાં કેમ ફેરવાઇ ગઇ તથા આ શુંદર શેહરની આવી બુરી દશા કેમ થઇ તથા તેમાથી મારા એકલાજ બચાવ કેમ થયો? તે સર્વે હું તમોને વીગતવારે જણાવીશ."

થોડાજ બોલોમાં મેં તેણે મારી હકીકત કહી કે હું ક્યાંથી આવી, આ સફર મેં શા માટે કીધી, અને વીશ દીવસની મુસાફરી કીધા પછી અત્રે કેમ આવી પુગી તે સર્વે કહ્યું અને તે જવાનને હવે પોતાની કબુલાત મુજબ આ શેહરની ભય ભરેલી હાલત કેમ થઇ તે મને જણાવવાની અરજ કીધી તથા તે પોતે કોણ હતો તે પણ જાણવા માંગ્યું. તે બોલ્યો કે "એક પલ સબુર કરો" પછી તેણે પોતાનું કુરાન બંધ કરી તે એક ઘણાજ ઉંચા કવરમાં બાંધી ઉંચુ કીધું. તે કુરાન બાંધી ઉંચુ કરવામાં રોકાયલો હતો તેટલા તેણે જોવાની મને ઘણી અચ્છી તક મળી. અને તે એક ખરેખર ઘણોજ ખુબસુરત અને લાયક જવાન હતો. તેણે મારા અતઃકરણમાં કંઇ નહી ખમાય એવો મોહબતનો જરબ મારયો અને તેની ઉપર મારો અપાર પ્યાર ઉભરયો. આવી રીતે મોહબત શું ચીજ છે તે મેં આંજે પેહલીજ વખત જાણ્યું. તેણે મને પોતાની પાસે બેસાડી વાત કરવા માડી. તે બોલતો હતો અને મારા દીલમાં પ્યાર ઉછલતો હતો, લેકીન તે પ્યાર બાહેર નહી પાડવાની મેં ઘણી તજવીજ કીધી પણ સર્વે ફોકત ગયું અને હું મારો પ્યાર છુપાવી શકી નહીં. મારા દેખાવ અને બોલવા ચાલવાની ઢપ ઉપરથીજ તે સમજી ગયો કે મારી હાલત શું છે. મેં તેને કહ્યું "મારેથી હવે બીલકુલ ધીરજવંત રેહવાતું નથી માટે મેહેરબાની કરીને તમો મને જલદીથી જણાવો કે આ સર્વેના આવા બુરા હાલ થવા છતાં તમો કેવી અજાયબ રીતે બચી ગયા છો અને શા કારણથી તમો અત્રે બંદગી કરતા બેઠા છો? તમો હવે મને મારા જીવ કરતાં વધારે પ્યારા લાગો છો."

તે જવાને મને જવાબ આપ્યો કે બાનું તમોએ જે ઢપથી બંદગી કીધી તે ઉપરથી મને માલમ પડેછે કે તમો ખોદાવંદતાલાને અચ્છી રીતે પીછાનો છો. હું તમોને હાલ જે હકીકત કહું છું તે ઉપરથી માલમ પડશે કે ખોદાવંદતાલાની મોટાઇ અને કાબુ કેટલો બુલંદ છે. તમોએ આ શેહેરના દબદબા ઉપરથી જાણવુંજ જોઇએ કે આ એક મોટું શેહર એક ઘણી મોટી રાજધાણી છે. મારો બાપ આ શેહરમા રાજ કરતો હતો. રાજા, તેના દરબારીઓ અને આ શેહરની પ્રજા સર્વે મુર્તી પુજક હતાં અને **નારદુન** નામના એક રાક્ષસોના જુના દેવને માનતા હતા જે નાસ્તીક હતો અને ખુદાવદતાલાનો ઇનકાર કરી બલવાખોર થયો હતો.

જો કે મારા માબાપ મુર્તીપુજક હતાં તોપણ ખોદાની મેહરબાંનીથી મારી જે દાયા હતી તે ખોદાને માનનારી હતી અને ખરો ધર્મ પાલનારી હતી. તેણી કુરાનથી પુરતી માહીતગાર હતી અને તે તેણીની જબાન પર હંમેશ તાજુને તાજુજ હતું અને તેના સર્વે ખુલાશા તે તુરતા તુરત કરી શક્તી હતી. તેણી વારંમવાર મને કહેતી કે "તારે ખચીત જાણવું કે ખરો ખુદા એકજ છે માટે સંભાળ રાખજે અને કદીબી બીજાને પુંજતો ના" તેણીએજ મને કુરાન વાંચવા માટે અરેબીક ભાષા શીખવી. જ્યારે હું અરેબીક ભાષાથી પુરતો વાકેફ થયો ત્યારે આ પવિત્ર કેતાબ મધેથી મને તેણીએ દરેક બાબદની સમજણ આપી અને મારા મનમાં એકજ ખોદાને માટે મક્કમ વિચારો ઠસાવ્યા અને ખોદાવનતાલાની સાચી બંદગી ઉપર મારો બધો ભાવ ઉતારયો. આ બધુ તેણીએ મારા માબાપની તેમજ બીજાં સર્વે લોકોથી છુપું મને શીખવ્યું હતું. તેણી મરણ પામી તેની આગમચ તેણીએ સંપુર્ણ રીતે મારા મનમાં ઠસાવ્યું કે મુસલમાની ધર્મ ખરેખર એક ખોદાને માનવાનો છે. તે ભલી દાયા મરણ પામ્યા પછી હું મહમદી ધર્મ પર ચુસ્ત રહ્યો; એ ધર્મના ફરમાનો બજાલાવવા લાગ્યો અને પાપી **નારદુન**ના મુર્તીપુંજક ધર્મ તરફ તીરસ્કાર કરવા લાગ્યો.

એક દીવસે એક મોટો ગગરાત જેવો આવાજ આકાશ ઉપરથી આવ્યો કે "અરે લોકો! નારદુનની બંદગી છોડી દઇ મુર્તી પુંજા તર્ક કરો અને ખરા ખુદાની બંદગી કરો કે તે તમારી ઉપર દયા કરે." આ આકાશવાણી પહેલવહેલી થયાને આજે ત્રણ વરશ ને થોડાક મહીના થયા હશે.

એ મુજબ ત્રણ વરસ થયાં આકાશવાણીની ચેટવણી મલતી હતી પણ આ શેહરના પાપી લોકો તેની ખુબી સમજ્યાજ નહીં અને નારદુનનો પાપી ધર્મ તજવાને એકબી માણસે તજવીજ કીધી નહીં અને ખરા ખોદાની બંદગીમાં મશગુલ રહેવાને કોઇએ દરકાર કીધી નહીં. સેવટે ત્રીજા વરસના છેલ્લા દીવસે સવારના પોહરમાં ચાર કલાકને અમલે આ શેહરના તમામ મુર્તીપુંજક લોકો પત્થરના પુતલાંના આકારમાં બદલાઇ ગયાં! મારા બાપની પણ તેવીજ દશા થઇ અને તે એક કાલા પત્થરના આકારમાં બદલાઇ ગયો છે, અને મારી માતા રાણી પણ એક પુતલાંના આકારમાં બદલાઇ મેહલ દરમ્યાન સુતી છે.

હું ફકત આખી પ્રજામાંથી આ ભયંકર શીક્ષા ખમતો બચી ગયો છું. મેં ખોદાવનતાલાની બંદગી કરવાનું વધારેને વધારે ઉલટથી જારી રાખ્યું છે અને તેનો બદલો વાલવા માટે ખોદાવનતાલાએ, ઓ પ્યારી બાનું, મારો છુટકારો કરવાને તમોને મારી તરફ મોકલી આપ્યાં છે કારણકે આ ઉજડ જગ્યાથી હવે હું બીલકુલ કંટાલી ગયો છું.

આ તેનું બોલવું સાંભલી મને ઘણી ખુશાલી ઉપજી અને ખાસ કરીને જ્યારે તે બોલ્યો કે હું આ જગ્યાથી કંટાલી ગયો છું ત્યારે તો હું ઘણીજ ખુશી થઇ ને મારો પ્યાર તેની તરફ વધારે ઉભરા સાથે દોડવા લાગ્યો તેથી મેં તે શાહજાદાને કહ્યું કે "તમો મારી સાથે આવવાને ખુશી દેખાવો છો

તથા ખોદાવનતાલાએ તમારો છુટકારો કરવાને મને અત્રે મોકલી છે એમાંબી કાંઇ શક નથી તેથી તમો બેલાસક મારી સાથે આવો. જે વાહણમાં હું સફ્ર કરતી આવી છું તે વાહણ મારૂં ખાનગી છે અને બગદાદ શેહરમાં મારી વધારે કીંમતી મીલકત હજી બાકી છે કારણકે હું કાંઇ બધી દોલત સાથે લઇને આવી નથી. વલી ત્યાં આપણા ધર્મના મોટા રક્ષક, નામદાર **"કાલીફ હારૂન અલ રસીદ"**ની આપણને મુલાકાત થશે અને તેથી તે તમારૂં દુઃખ જાણી તમોને મોટી મદદ કરશે કારણ કે તે આપણા પેગમબર સાહેબની ગાદી પર છે જે વિશે તમોએ જરૂર સાંભળ્યું હશે કે તે ઘણો દયાલુ તથા મેહરબાન છે તેથી તમોને ઘટતું માન અકરામ જરૂર આપશે. માટે આ માહરાં વાહણને તમારી મીલકત ગણી તે મધે તમો સવાર થઇ મારી સાથે બગદાદ આવો." તેણે મારી એલતેમાસ ખુશી સાથે કબુલ કીધી પછી બાકી રહેલી રાત અમોએ અમારી વાતચીતમાં ગુજારી.

જેવી સહવાર પડી કે અમોએ પેલો ઉજડ મેહલ છોડયો અને વહાણ પર આવ્યાં. મારી ગઇ રાત્રની વાહણ પરની ઘેરહાજરીથી મારી બેહનો તથા બીજાં મારાં માણસોને જે ફીકર તથા ઇનતેજારી લાગી હતી તેથી મને જોતાંજ તેઓની ધાસ્તી દુર થઇ અને સર્વે ખુશી થયાં. તે પછી મેં તે શેહરની ફેરવાયલી હાલત તથા તેની વસ્તીનું પથ્થરના આકારમાં ફેરવાવાનું કારણ અને પેલા શાહજાદાની સર્વે બીના મારી બેહનોને વીગતવારે જણાવી.

તે પછી શેહર મધેથી જેટલો લેવાય એટલો દોલતનો મોટો જથ્થો લેવા માટે અમારા વહાણના ખલાસીઓને અમોએ કેટલાક દહાડા સુધી રોકયા અને જેટલીબી કીંમતી જીનસો સોના, રૂપાં કે જર ઝવાહીરની મલી તેટલી અમોએ વહાણમાં સીંચી સીંચીને ભરી તોપણ પુશ્કળ કીંમતી સામાન જગો ન હોવાથી અમોને તે શેહરમાં છોડી આવવો પડયો. જો અમો તે બધો સામાન લાવવા માગ્યે તો તેં માટે સેંકડો વહાણો જોઇએ તે કયાંથી લાવ્યે?

ત્યાંથી જેબી બગદાદ લાવવાની અમારી ઇચ્છા હતી તે સર્વે વહાણ પર ચહડાવ્યા પછી ખોરાકીનો તથા પાણીનો બંદોબસ્ત કરી અમોએ સારો પવન જોઇ અમારૂં વહાણ હંકારયું.

શાહજાદાએ તથા મેં મારી બેહનો સાથે થોડા દીવસો તો ઘણી અચ્છી રીતે અને ખુશ ખુશાલ રીતે ગુજારયા પણ અફસોસ! આ સહલા સંપજ અને ખુશ ખુશાલી વધુ વખત નીભી શકી નહીં. મારી અને શાહજાદા વચ્ચે બેહદ મોહબત તથા એખલાસ જોઇ તેઓ અદેખાઇથી આંધલી થઇ અને બગદાદ પુગા પછી શાહજાદાનું કેમ કરવું તે વિશે તેઓએ મને સવાલ પુછયો. મારા મનમાં શું છે તે જાણવા માટેજ તેઓએ સવાલ કરયો છે એમ જાણી મેં ભોલાઇથી મારી બેહનોને હસીને કહ્યું કે "વલી હું મારી શાદી આ શાહજાદા સાથે કરીશ" પછી મેં પેલા શાહજાદા તરફ ફરીને કહ્યું કે "શાહજાદા મારો વિચાર તમોને મારા ધણી કરવાનો છે અને તમારી સેવામાં મારી જીંદગી અર્પણ કરવાનો મારો વિચાર, હું ધારૂં છું કે, તમો ખુશી સાથે સ્વીકારશો."

શાહજાદાએ જવાબ આપ્યો કે "તમો મશકરી કરો છો કે ખરૂં કહો છો તેની મને ખબર નથી પણ હું તો ખરેખરૂં કહું છું અને તેબી આ તમારી બે બેહનોની સામે કહું છું કે હું મોટી ખુશી સાથે તમારી માગની કબુલ કરૂંછું અને તેમ કરતાં હું ખુલ્લું જણાવું કે તમોએ જે મારી ઉપર મોટી કરમ બખ્શેસ કીધી છે તેથી મારી સેવા બજાવવા માટે હું તમોને પરણતો નથી પણ તમોને મારી ધણીઆણી અને પ્યારી મોહરદાર બનાવી મારો આખો ભવ ખુશીમાં ગુજારવાને ખુશી છું." શાહજાદાના આવા બોલો સાંભળી મારી બેહનોના ચેહરાનો રંગ તુરતજ ફેરવાયો, અને તેજ ઘડીથી મને માલમ પડયું કે આગળ જેમ તેઓ મેહેરબાની તથા હેતથી મારી તરફ વરતતી હતી તેમાં ઘણો મોટો ફેર પડી ગયો અને મારી તરફ અદેખાઇથી જોવા લાગી.

અમો પરશીઅન ગલ્ફમાં જઇ પુગાં અને ત્યાંથી બસોરા ઘણુંજ નજદીક હતું જો પવન સારો અને મજબુત હોય તો અમો બીજેજ દીને ત્યાં પુગી જઇએ એવું હતું. પણ તે રાત્રે જ્યારે હું ભર ઉંગમાં પડેલી હતી ત્યારે મારી બંને બેહનોએ મને ઉંચકીને ભર દરયા વચ્ચે ફેંકી દીધી, અને તેજ મુજબના બુરા હાલ તેઓએ બીચારા પેલા શાહજાદાના પણ કીધા તેથી માઠાં ભાયગે બીચારો તે શાહજાદો દુબી મરણ પાંમ્યો, અને ખુદરતી ચમતકારથી હું દુબી જતાં બચી ગઇ. તરતી હતી તેટલાં એકાએક મારા પગ જમીનને લાગ્યા! આસપાસ નજર કરતાં મને કાંઇ કાળુ કાળુ દેખાવા લાગ્યું અને વધારે ધ્યાન પુગાડતાં મને કીનારો નજર આવ્યો કે હું ઘણી ખુશી સાથે ત્યાં દોડી ગઇ. બાંમદાદ પડતાં મને માલમ પડયું કે હું એક ઉજડ તાપુ ઉપર આવી લાગી હતી જે બસોરાથી વીશેક માઇલને તફાવતે આવેલું હતું. મેં તરતજ મારાં કપડાં તડકામાં સુકવ્યાં અને આગળ ચાલતાં મને માલમ પડયું કે ત્યાં ઘણીક જાતના ફલોના ઝાડો હતાં તે ઉપરાંત વલી નીર્મલ તાજાં પાણીનો એક ઝરો પણ હતો. આ સર્વે જોઇ મને મારી જીંદગી વિશે પાછી આશા આવી.

હું એક છાયડામાં આસાએશ લેવા માટે બેઠી; હજુરતો હું ત્યાં આસાયશ લેવાની તૈયારીમાં છું તેટલાં એક અતી મોટો ને લાંબો પાંખવાલો સાંપ મારી નજરે પડયો. તે મારી તરફ ઝડપથી પોતાની જીભ બાહેર કાહડી દોડતો આવ્યો તેથી હું ચોંકીને ઉભી થઇ મારો બચાવ કરવા જાઉં છું તો મને પેલા સાંપની પાછળ લાગેલો એક બીજો મોટો સાંપ નજર આવ્યો જે પેલા આગલા સાંપને મારી નાખવા માટે તલપતો હતો. મેં જોયું કે આ ન્હાના સાંપને મોટાના હુમલાથી બચાવી લેવો તેથી મેં વગર ધાસ્તીએ પેલા મોટા સાપ ઉપર એક પથર ફેંકયો અને તેથી તેનું મસ્તક ચુરેચુરો થઇ ગયું અને તે તુરતજ મરણ પામ્યો. બીજો સાંપ તુરતજ ખુશી થઇ પોતાની પાંખ ફફડાવી આકાશ તરફ ઉડી ગયો. મેં થોડો વખત તો આ અજાયબ જેવાં જાનવર તરફ જ્યાંસુધી તે દેખાયો ત્યાં સુધી જોયાજ કીધું પણ થોડા વખતમાં તે મારી નજર આગળથી ગુમ થઇ ગયો ત્યારે હું પાછી મારી જગા પર બેઠી અને ઉંઘાઇ ગઇ.

જ્યારે હું જાગી ઉઠી ત્યારે મારી અજાયબી વચ્ચે મારી પાસે એક હબસી સ્ત્રીને ખુશ મીજાજ સાથે ઉભી રહેલી જોઇ. જેણીના હાથમાં એક સાંકળથી બાંધેલાં બે કાલા કુતરા હતા. હું તરતજ ઉઠી બરાબર બેઠી અને તેણી કોણ છે તે વિશે પુછપરછ કીધી. તેણીએ જવાબ આપ્યો કે હું પેલોજ સાંપ છું કે જેની ઉપર તમોએ તેના દુશમનથી બચાવા થોડા વખત ઉપર મોટો ઉપકાર કીધો હતો. હું ધારૂં છું કે તમારી એ ઉત્તમ સેવાના બદલામાં તમારી સેવા મેં જે હાલ બજાવી છે તેથી વધુ સારી રીતે બજાવી શકીશ નહીં. મને તમારી બહેનોના કરતુકની બરાબર ખબર હતી અને જેવી તમે મને મદદ કરી પેલા મારા દુશ્મન સાપને મારી નાખી બચાવી લીધી તેવીજ હું મારા ઘણાક સોબતીઓ, જેઓ મારી માફક પરીઓ છે, તેઓને એકઠા કરી તમારા વહાણુમાંથી તમારો તમામ સામાન બગદાદની તમારી વખારોમાં મુકી આવી છું અને તમારૂં વહાણ ડુબાડી દઇ અત્રે આવી છું. આ બે કાલા કુતરાઓ તમારી બે બેહનો છે. મેં તેઓને આ અવતારમાં બદલી નાંખી છે, પણ આ શીક્ષા એ નાપાકોને માટે પુરતી નથી તેથી હું જે મુજબ ફરમાવું છું તે મુજબ કુતરીઓને તમારે ચાલુ શીક્ષા કરવી.

આટલું બોલી તે પરીએ મને તથા પેલી બે કુતરીઓને પોતાની બગલમાં લીધી અને અમને એક પલમાં બગદાદ શેહેરમાં પુગાડી દીધાં! ત્યાં જઇ પુગા પછી મેં જોયું તો વહાણ પરનો સર્વે સરસામન તથા જર ઝવેર અને દરેક ચીંજ ત્યાં મારા મકાનનાં ભરી મુકેલાં હતાં. તે પરીએ અમોને છોડી જવા આગમચ નીચલા શબ્દો બોલી મારા હસ્તકમાં પેલી બે કુતરીઓને આપી. "જેના

હોકમથી દરયાવ પલકમાં ખુશ્ક થઇ જાયછે અને જેના પ્રતાપથી ઇનસાનના હેવાન હું કરી શકું છું તેનાં નામથી તને હું હોકમ કરૂં છું કે આ બંને કુતરીઓએ જે માહ જબુન કામ કીધું છે તેની શીક્ષા બદલે તું દરરોજ એઓને સો સો ફટકા ચાબુક વડે મારતી રેહેજે; જો આ હોકમ પ્રમાણે ચાલવાને તું ચુકશે તો તું પોતે પણ કુતરી બની જશે એમ 'ખાતરીથી જાણજે." તેનો આ ધાટકી હુકમ મને બજાવવાની આ ઉપરથી ફરજ પડી અને રોજ રાતના જોકે મારો ધણી ના મરજી છતાં, તમો નામદારે ગઇ રાત્રે જોયું. તેમ, હું મારી કુતરીનો અવતાર ધરાવનાર બેહનોને માર મારૂંછું. મારી નાખુશી અને દલગીરી હું માત્ર આંસું પાડી જણાવું છું તે કરતાં વધારે હું કરી શકતી નથી, કારણકે પેલા પરીના હોકમ આગળ હું નાચાર છું અને તે માટે તમો નામદાર પણ મને બદનામ કરવા કરતાં મારી ઉપર દયા કરશો. મેં જણાવ્યું તે કરતાં વધુ કાંઇ જાણવાની તમો નામદારની ખાયસ હોયતો મારી બેન અમીના તમોને પોતાની હકીકત કેહતાં જણાવશે અને તેમાંથી તમોને દરેક બાબદનો ખુલાશો મલી આવશે."

નામદાર કાલીફ, કે જેણે ઉલટ અને અજાયબી સાથે ઝોબીદાની હકીકત સાંભળી હતી, તેણે વજીર જાફરને એલતેમાસ કીધી કે અમીનાને તેણી છાતીપર ડાઘ પડવાનુ કારણ શું તેનો ખુલાશો કરવા કહે. આ ઉપરથી કાલીફ તરફ ફરી અમીના પોતાની હકીકત નીચે મુજબ કેહવા લાગી:—

અમીનાની હકીકત.

"ઓ ધર્મનાં રક્ષણ કરનાર નામદાર સરદાર! મારી બેહન ઝોબીદાએ પોતાની હકીકત કહી સંભળાવી તેમાં મારી જે હકીકત આવી ગઇ તે પાછી કેહવાની કાંઇ અગત્ય નથી તેથી બાકીનીજ વીગત કહુંછું. મારી માતાએ પોતાનો ફાલો લીધો અને જુદી રહ્યા પછી મારી શાદી કરવામાં આવી. મારો ખાવીંદ આ મોટાં શેહરનો એક સારો આબરૂદાર અને પૈસાદાર આસામી હતો."

મારી શાદી થયાને પુરૂં એક વરસબી નહીં થયું તેટલાંતો મારો ખાવીંદ મરણ પાંમ્યો. આ રીતે હું વીધવા થઇ અને મારા ખાવીંદની મોટી દોલત મારા હાથમાં આવી, જે નજદીક નેવું હજાર સીકવીનની હતી. આ મોટી દોલતનું ફકત બ્યાજજ મને સારી આબરૂદાર રીતે મારૂ ગુજરાન કરવાને પુરતું હતું. શોકના ૭ માસ પુરા થયા બાદ મારે માટે ઘણાજ સરસ ને ઉમદા દસ પોશાકો બનાવવાનો હોકમ આપ્યો જે તૈયાર કરતાં દરેક ઉપર એકેક હજાર સીકવીનનો ખર્ચ થયો હતો. મારા ખાવીંદના મરણને એક વરસ થયા પછી મેં તે ઉમદા પોશાકો પેહરવા માંડયા.

એક દીવશે હું તદન એકલી હતી અને મારા ઘર સંબંધી કામકાજમાં રોકાયલી હતી તે વખતે મારી દાસીએ આવી મને જણાવ્યું કે કોઇ ઓરત આવી છે અને તે તમારી સાથે કાઇ વાત કરવા માંગેછે. મેં તેણીને અંદર લાવવાનો હોકમ આપ્યો. તેણીની મારાં કરતાં ઉમરમાં ઘણી મોટી હતી અને બુઢયા જેવી દેખાતી હતી. તેણીએ દાખલ થતાંજ જમીનને બોસા દઇ મને સલામ કીધી અને ગુંટણ મંડયે પડી. તે બોલી "ભલી બાનું તમોને આપેલી તસદી માટે તમો મને માફ કરશો, તમો ઘણાં પરોપકારી તથા સખી છો તેથીજ હું હીંમત કરી તમારી પાસે આવી છું. મારી એક બાપ વગરની દીકરી છે જેણીની આજે શાદી છે. અમો શેહરમાં તદન અંજાણ્યા છીએ, અમારૂં કોઇ ઓળખીતું આ શેહેરમાં છે નહીં. નામદાર બાનું એમ હોવાથી મને ઘણો ધભરાત થાય છે કે હું લગ્ન તે કેમ કરી શકીશ. અમારી તરફથી લગનની મીજલશમાં હાજર થનાર કોઇ નહીં હોવાથી

સાંમી બાજુવાળાઓ અમને હીનશે તથા અમોને ઘણું ખરાબ લાંગશે માટે જો તમો નામદાર બાનું તે મીજલસમાં હાજર થશો તો અમોને ઘણી મોટી શોભા તથા આબરૂ મળશે અને અમો સામી બાજુવાલાઓ આગળ સરખરૂં થઇશું. જો તમો આવવાને ના પાડશો તો અમોને ઘણુંજ ખરાબ લાગશે અને અફસોસ અમને ઘણુંજ હીનાવું પડશે" એમ કહીને મારા પગ પર માથું મુકી કાલાવાલા કરવા લાગી અને તે ઉપરથી મેં તેણીને કહ્યું કે "બુજરૈગ માતા, હું તમોને વધારે કાલાવાલાં કરાવવા માંગતી નથી. હું મોટી ખુશીથી તમારે ત્યાંના લગનમાં સામેલ થઇશ, માટે તમારાં મકાનની મને ઇધાણી આપો, એટલે હું ત્યાં મારો પોશાક બદલી વખત સરે હાજર થઇશ." મારા આ સખુનો સાંભળી તે અતી ઘણી ખુશી થયલી દેખાઇ અને બોલી "કે તમારી મોટાઇ અને સખી દીલની આથી વધારે સાબેતી બીજી શું જોઇએ?" પછી તે મારા પગ ચુમીને આગલ બોલી કે "એ નામદાર બાનુ! તમોએ જેમ આજે મારી ઇચ્છા પુર્ણ કીધી છે તેવી ખોદા તમારી હંમેશ પુર્ણ કરો; અને મને જેવી ખુશી આજે પેદા થઇછે તેવી ખુશીમાં તમો હંમેશ રહો એવી દુવા ચાહું છું તે ખોદાવંતાલા પાર પાડે. લગન આજે સાંજે છે અને વખત પુરતો છે તેથી સાંજનાં હું પોતેજ તમોને લેવા આવીશ, હાલતો હું રજા લઉછું." એટલું કહી તે બુઢયા ચાલી ગઇ.

જેવી તે બુઢયા મને છોડી ગઇ કે મેં મારા પોશાકમાંથી સૌથી સરસ પોશાક મેં પસંદ કીધો; તે સાથે એક મોટાં ને ઉત્તમ મોટીનો હાર, સરસ પોંહચી, ઉંચી હીરાની વીંટીઓ, અને કાનમાં સુંદર એરીંગ લટકાવી હું એવાતો સરસ સંગારમાં સોભી રહી કે ઘડીભર મારા પોશાક તથા આભુષણુથી કોઇ છક થઇ જાય.

સાંજનો વખત પુરો થઇ રાતની સરૂઆત થવા માંડી તેટલાંમાંજ પેલી બુઢી ઓરત મારે ત્યાં પાછી આવી જે ઘણી ખુશ દેખાતી હતી. તેણીએ મારા હાથને ચુમી લીધી અને બોલી "મારા જમાઇના મા બાપ તથા સગાંવહાલાંઓ આવી પુગાં છે અને તેઓ સાથે આ શેહરની શ્રીમંત અને ખુબસુરત ઓરતોનો અચ્છો મેલાવડો થયો છે. ત્યાં ફકત તમારીજ ખોટી છે માટે મારી સાથે ચાલો. અમોએ તુરતજ ચાલવા માંડયું, તેણી મારી આગળ રસ્તો દેખાડતી ચાલતી હતી અને પાછળ હું મારી બાંદીઓ અને ગુલામો સાથે ચાલતી હતી. જેઓને પણ મેં તાંકણુાને સોભતા પોશાકોથી સંગારેલા હતાં. ચાલતાં ચાલતાં એક કુસાદે મોહોલામાં અમો એક મોટા દરવાજા આગળ થોભ્યાં. તે દરવાજા ઉપર એક ફાનસ લટકાવેલું હતું તેના ઉજાસથી અમારી નજરે તે દરવાજા ઉપર કોટરેલા સુનેરી હરફ સાફ દીસ્તા હતા કે "**આ હંમેશગીનું આનંદ અને ખુશખુશાલીનું મકાન છે.**" પેલી બુઢી ઓરતે જેવો તે દરવાજો થોકયો કે તુરતજ તે ઉઘાડવામાં આવ્યો. અંદર દાખલ થયા પછી મને એક મોટા ચોકમાથી થઇને એક વીસાલ દીવાનખાનામાં તે બુઢી લઇ ગઇ ત્યાં એક ઘણી અસાધારણુ ખુબસુરત જવાન બાનુંને મેં બેઠેલી જોઇ. મને જોઇ તે તુરત માનપુર્વક ઉભી થઇ અને ઘણા પ્યારથી આવકાર દઇ પોતાની પાસે એક ઘણાજ સુંદર અને હીરાથી જડેલા ઉત્તમ બનાવતના કોચ ઉપર મને બેસાડી પોતે મારી પાસે બેઠી. તે સોફા ઉપર ઉંચા કપડાંની સરસ ગાડીઓ મુકેલી હતી અને તે ઉપર કસબનું ઉત્તમ ભરત ભરેલું હતું. તેણી બોલી બાનું તમો અત્રે જે જાતના લગનમાં સાંમેલ થવા આવ્યાછો તેથી જુદીજ જાતના તે લગન નીવડશે એવું જ્યારે તમોને હું કહુંછું ત્યારે તમો અજાયબ થશો નહીં. મારો એક ભાઇ છે જે ઘણોજ ખુબસુરત અને બત્રીસ લક્ષનવારો છે, તેણે તમારી ખુબસુરતીની ઘણી તારીફ સાંભલી અને તેથી તે તમારી ઉપર દીલોજાનથી આશક થયો છે અને તમારી મોહબતમાં એટલો દીવાનો થયો છે કે જો તમો તેની મોહબત ના કબુલ કરો તો તેનો જાન જોખમમાં આવી પડે અને તેના સર્વે સુખનો નાશ થઇ જાય. તેના સર્વે સુખનો આધાર તમારી

ઉપર લટકેલો છે જો તમો તેની સાથે શાદી કરી તેની ઉપર દયા નહી કરશો તો અફસોસ તે કેટલો દુઃખી થશે તેનો મને ખ્યાલ-વટીક આવતો નથી. તમો દુન્યામાં શું મોભો ધરાવો છો તેથી તે વાકેફ છે તોપણુ તેના જેવો ખરો આશક તમારાં સુખ દુઃખનો ભાગ્યો થવાને બચીત લાયક છે. જો મારી અરજને તમો કાંઇબી માન આપવાને રાજી હોવો તો હું તમોને વીનંતી કરી કહુંછું કે તે તમારે લાયકનો ખાવીંદ છે."

મારા ભરથારના મરણ પછી બીજો ભરથાર કરવાનો વિચાર મેં કોઇ દીવસે કીધો હતો નહીં પણ આ અતી ખુબસુરત સ્ત્રીની અરજ નાકબુલ કરવાને મારૂં દીલ ચાલ્યું નહીં. હું જવાબમાં કાંઇ બોલી શકી નહીં પણ શરમથી મારૂં દીલ લાલ સુરખ બની ગયું. એ ઉપરથી મારી મુગી પસંદગી પેલી જવાન બાનુ પામી ગઇ અને તેણીએ ખુશાલીની તાલી પાડી જે સાંભલતાં વાર પાસેનું એક બારણું ઉઘડી ગયું અને એક જવાન પુરૂષ અમો જે ઓરડામાં હતાં ત્યાં દાખલ થયો. તેનો મુખડે એટલો તો ખુબસુરત અને મનહરણુ હતો કે મારાં નસીબ માટે હું મગરૂર થઇ અને આવાં મનમોહન સખસનું દીલ જીતવાને હું શકતીવાન થઇ તે માટે ખુશી થઇ. તેની બોલવા ચાલવાની ઢપ ઘણી સરસ હતી. તે ખુશ દીલથી મારી પાસે બેઠો અને વાતચીત ચલાવી જે ઉપરથી મને માલમ પડયું કે તેની બેહને જે તેની તારીફ કરી હતી તેથી તે વધારે તારીફ લાયક હતો.

જ્યારે તેની બેહનને માલમ પડયું કે અમો એક બીજાને પસંદ કરીએ છીએ ત્યારે તેની બેહને બીજી એક તાલી વગાડી કે તુરતજ એક કાજી ત્યાં દાખલ થયો. તેણે તુરતજ અમારાં લગનનું સાતુ નકી કીધું અને તે દસ્તાવેજ ઉપર સહી કરી પોતા સાથ લાવેલા ચાર સાખસીઓની સાખ કરાવી. મારા નવા ભરથારે મારી પાસેથી એક બોલીથી વચન માગ્યો અને તે એ હતો કે મારે કોઇબી બીગાના મરદ સાથે વાતચીત નહીં કરવી તેમજ કોઇબી મરદને મારો ચેહરો દેખાડવો નહીં. ત્યારપછી તેણુબી સોગંદ લીધા કે "જો તું આ વચન સદા પાળશે તો હું પણ તને હમેશ ચાહતો રહીશ અને આપણે હમેસ સુખી જીંદગી ભોગવીશું." આ મુજબ અમારી શાદી થઇ અને હું બીજાની શાદીમાં સામેલ થવા આવી હતી તેને બદલે મારી શાદી કરી બેઠી.

મારા લગન પછી એક મહીનામાં મને રેશમી કાપડ ખરીદવાની જરૂર પડી તેથી હું મારાં ભરથારની રજા મેલવી બજારમાં ખરીદી કરવા નીકળી. પેલી બુઢયા ઓરત જે મને પ્રથમ લગનમા લઇ જવા આવી હતી તેનેજ મારી દાસી તરીકે મારા ભરથારે રાખી હતી તેને તથા બીજીબી બે બાંદીઓને લઇ હું બાહર નીકળી.

જ્યારે અમો બજારના રસ્તા તરફ આવી પુગાં કે જ્યાં દરેક ચીજના વેપારીઓની દુકાનો હતી, ત્યારે પેલી બુઢી દાસી બોલી કે "બાઇ સાહેબ તમોને જોઇતું રેશમી કાપડ જો સારૂં ને ઉંચી જાતનું લેવું હોય તો મારો એક ઓળખીતો કાપડયો છે જે સર્વે જાતના સરસ કાપડનો જથ્થો રાખે છે તેથી ત્યાં ત્યાં જવાથી આપણુને જોઇતી ચીજ તુરત મલી આવશે અને દુકાને દુકાન રખડવાનું તળી જશે" એ ઉપરથી હું તેની ભલામણુ કરેલી દુકાને ગઇ. તે દુકાનદાર એક જવાન પુરૂશ હતો અને તે પાંચ પૈસે સુખી દીસ્તો હતો. મેં તે બુઢયાને કહ્યું પેલા વેપારીને કહે કે તમારી પાસે જે સરસમાં સરસ રેશમી કાપડ હોય તે દેખાડો. બુઢીએ જવાબ દીધો કે "તમોજ કેહેશો તો ઠીક પડશે, તમો કાંય નથી કેહેતાં?" મેં તેણીને જવાબ દીધો કે "શું તુને ખબર નથી કે મેં મારા ભરથારને કોલ આપેલો છે કે કોઇબી પર પુરૂષ સાથે મારે કદીબી વાતચીત કરવી નહીં. તે કોલ મુજબ હું આ વેપારી સાથે વાત કરી શકતી નથી!"

તે વેપારીએ મને જાત જાતનું સરસ રેશમી કાપડ દેખાડયું; જે મધેથી મને એક સરસ જાત પસંદ પડી તેનો ભાવ મેં પેલી બુઢી મારફતે પુછાવ્યો. તેણે તે બુઢીને જવાબ આપ્યો કે હું આ માલ શોનાં કે રૂપાંની કીંમત લઇ વેચતો નથી પણ જો તારી બાઇ ફકત મને એક બોસો આપે તો તેને બદલે આ કીંમતી રેશમી કાપડ હું બક્ષેસ કરીશ." આ સાંભળી મેં પેલી બુઢીને કહ્યું કે તેને કેહેકે તે કોઇ બરો બદજાત ને જંગલી માણુસ છે એટલુંજ નહીં પણ હલકો ને નીચ છે પણ મારા હોકમ પેલા વેપારીને કેહવાને બદલે પેલી બુઢી મને કેહવા લાગી કે પેલા વેપારીએ જે માંગની કીધી છે તે બીસાદ વગરની છે, તેમાં તેની સાથે તમોને કાંઇ બોલવું પડશે નહીં પણ માત્ર તમારો ગાલ એક પલ તેની તરફ ધરશો એટલે બસ. મારો જીવ પેલાં કાપડમાં એટલો ભરાયલો હતો કે પેલીબુઢયાના બેવકુફીભર્યાં સખુનોપર મેં અમલ કરવાને દરૂસ્ત વિચારયું. પેલી બુઢી અને મારી બે દાસીએ આડે ઉભી રહી કે કોઇ બીજાઓની નજરે એ બનાવ પડે નહી અને મેં મારો બુરખો ઉઘાડી પેલા દુકાનદાર આગળ મારો ગાલ ધરયો! પણ તે નાપાકે બોસો લેવાને બદલે મારા ગાલ પર એવું બાચકું ભર્યું કે તેમાંથી ધરધરાત લોહી વેહવા લાગ્યું.

મને એટલું જબુન લાગું અને દુઃખ થયું કે હું તુરતજ બેસુધ થઇ ત્યાં પડી ગઇ. હું એટલો બધો વખત બેસુધ રહી, તેટલામાં પેલા ચંદાલ દુકાનદારને પોતાની દુકાન બંધ કરી ત્યાંથી નહાસી જવાને પુરતો વખત મલ્યો. જ્યારે હું સુધીમાં આવી ત્યારે મને માલમ પડયું કે મારો આખો ગાલ લોહીથી ભરાઇ ગયલો હતો. પેલી બુઢયાએ તથા મારી બાંદીઓએ જેવી હું બેસુધ થઇ તેવોજ મારો બુરખો મારા ચેહરાપર ધાંકી દેવાની તજવીજ રાખી હતી તેથી મારી ઉપર શું વીત્યું તે બાહેર જમાં થયલા લોકો જાણી શક્યા નહીં પણ સેહજ નાકવતીથી બેસુધી થઇ હશે એમ વિચારી ચાલી ગયાં.

પેલી બુઢી દાસી જે મારી સાથે હતી તે હવે મને કેહવા લાગી કે મેહરબાન બાઇ મારો ગુનાહ મને માફ કરો કારણ કે મારી બેવકુફાઇભરી ભલામણથી તમો પેલા નાપાક વેપારીને બોસો આપવાને રાજી થયાં હતાં પણ મને શું ખબર કે તે એવું ચંદાલપણું કરશે. પણ તમો હવે વધારે અફસોસ ના કરો અને ઘર તરફ જલદીથી રવાને થાવો, મારી પાસે એક દવા છે તે જો તમો તમારા ગાલના ઘાહ ઉપર લગાડશો તો ત્રણ દીવસમાં તે તદન સાફ થઇ જશે અને જાણે કાંઇજ થયું નહી હોય તેમ થઇ જશે. બેસુધ થઇ જવાથી હું નાકઉવત થઇ હતી તેથી મારેથી જલદી ચલાતું ન હોતું તે છતાં બનતી ઝડપે પણ માહ મેહનતે અમો ઘરે જઇ પોહચ્યાં. ઘર પુગા પછી દીવાનખાનામાં પગ મુકતાંજ હું પાછી બેસુધ થઇ. સાવધ થયા પછી બુઢયાએ મારા ઘાહા ઉપર પોતાનું ઓશદ ચોપડયું અને પછી મારે બીછાને ગઇ.

રાત્ર પડી અને મારો ભરથાર આવ્યો. તેણે જોયું તો મારૂં મોહડું માંથું બાંધી રૂધીને હું સુતેલી હતી; આ પ્રમાણે કરવાનું તેણે મને કારણ પુછયું, મેં કહ્યું કે મારૂં માંથું ઘણું દુઃખે છે તેથી પાતા બાંધ્યા છે. હું ધારતી હતી કે આ જવાબથી તે સંતોષ પાંમશે પણ તેણે તો એક ચેરાગ ઉંચકયો અને મારો ચેહરો તપાસ્તાં તેને માલમ પડયું કે મારો ગાલ ઘાયલ થયલો હતો. તેથી તેણે પુછયું "આ કેમ થયું?" જોકે મેં કાંઇ મોટો વાંક કીધો હતો નહીં તોપણ ખરી વાત કેહવાની મારી છાતી ચાલી નહીં, તે સાથે આવી નાજુક વાત મારા પોતાના ભરથારને કેહતાં મને ઘણી સરમ લાગી તેથી બનાવત કરી મેં કહ્યું કે તમારી રજાથી હું બજારમાં રેશમી કાપડ ખરીદવા ગઇ હતી, ત્યાં જતાં એક સાંકડી સેરીના નાકાપરથી ફરતાં એક મજુર લાકડાંનો ભારો લઇ જતો હતો તેનો જબરો ધસારો મારા ગાલને લાગો ને તેથી હું જખમી થઇ છું પણ જખમ ઘણો નજીવો છે.

આ સાંભળી મારો ભરથાર ઘણોજ ગુસ્સે થયો અને બોલ્યો કે આવા ગુનાહ વગર શીક્ષા થવે પસાર થવા દેવા ન જોઇએ હું આવતી કાલે પોલીસના અમલદારને હોકમ આપીશ કે આવા જંગલી મજુરો પકડી એકે એકને ફાંસીને લાકડે લટકાવી દે. આટલા બધા બેગુનાહ માણસોનાં અકાલ મોતથી હું એટલીતો બીધી અને તેઓના મરણનું કારણ હું ન થાઉ તેથી હું બોલી "વહાલા ભરથાર આટલા બધા બેગુનાહ લોકોને મરાવી નાખનાર તમો થાવો એવું હું અંતઃકરણથી ના પાડું છું માટે મેહરબાંની કરી તેઓ ઉપર રેહમ લાવો અને મને તથા તમને બદનામીમાંથી છુટાં કરો." પણ તેથી તો ઉલટો વધારે વેહમાયો અને મને ફરી પુછ્યું કે "ખરૂં કહે ત્યારે તારા ગાલને કેમ નુકસાન થયું?" હું બોલી "એક ઝાડુ વેચનારની કસુરથી આવું થયુંછે. તે પોતાના ગધેડા સાથે હું જે રસ્તેથી જતી હતી ત્યાંથી પસાર થતો હતો પણ તેનું ધ્યાણ બીજી તરફ હોવાથી તેના ગધેડાએ મને લાત લગાવી તેથી હું ભોંયપર પડીને ત્યાં મને મારા ગાલપર એક કાચ લાગી ગયો તેથી મારા ગાલને આ મુજબ નુકશાન થયુંછે." આ સાંભલી મારો ભરથાર બોલ્યો "ઠીકછે ત્યારે એમ છે તો બધા ગધેડાવાળાઓને સુલીપર ચહડાવવાનો હોકમ વજીર જાફરને આપીશ." એ સાંભળી વળી હું બોલી "પ્યારા જાન ખોદાને વાસ્તે મારે માટે બીજા ગરીબોને મારતા ના, સર્વે ગધેડાવાલાઓનો શું વાંક?" પછી તેણે મને ફરીથી પુછ્યું કે "ત્યારે તે બાઇ સાહેબ મને હવે ખરેખરૂં કહો કે શું બનાવ બન્યોછે, કારણકે તમે એટલું તો ઉલટા સુલટી બોલો છો કે મારે શું માનવું તે મને સમજ પડતી નથી, માટે તુરતજ ખરો ખુલાસો કરશો નહીં ત્યાં સુધી તમોને હું છોડનાર નથી." તે ઉપરથી હું બોલી "મારા મેહરબાન ધણી ફકત મને ચકર આવ્યાથી હું બેસુદ્ધ થઇ તુટી પડી અને તેથી મારા ગાલપર જરા જખમ થયો છે. બીજું કાંઇ બન્યું નથી એ ખરી બીના છે." આ છેલ્લા સખુનોથી મારા ભરથારનો ગુસ્સો તેના હાથમાં રહી શકયો નહીં, "મેં તારી ઘણી લાંબી અને લબાડ વાતો સાંભળી! હવે મારાથી વધુ જુઠું ખમાતું નથી" એટલું બોલી તેને પોતાના બંને હાથની તાલી પાડી કે ત્રણ ગુલામો ત્યાં તુરતજ હાજર થયા. "ખેંચી કાહડો આ નાપાકને બીછાના પરથી!" તેણે બરાડ મારી. તેના હોકમને પેલા ગુલામો તુરતજ તાબે થયા. એકે મારૂં માંથુ ધર્યું અને બીજાએ પગ પકડ્યા અને ત્રીજાને કટાર લાવવા ફરમાવ્યું કે મારૂં માથું તત્કાળ કાપી છુટું કરે, જેવો તે ગુલામ પોતાના હથ્યાર સાથે દાખલ થયો કે મારા ખાવીંદે પાછી બુમ પાડી કે "કાપી નાખો! આ નાપાક ઓરતને અને એના બદનનાં બે ટુકડા કરી તાઇગ્રીસ નદીની મછીને સ્વાધીન કરો. હું જેનેથી નારાજ થાઉ છું અથવા જે મારેથી બેવફા થાય છે તેને આવી સજા કરૂં છું." જેવો તે "કાપી નાખો" કરીને બોલ્યો કે તુરતજ પેલા ગુલામે પોતાની કટાર ઉગામી કે મને બેજાન કરે, પણ તે ગોલામ ફરી અટકયો તેવોજ તે પાછો બુમ પાડી ઉઠયો કે "કાપી નાખો! શું કામ ખોટી થાવો છે?"

"બાનું" પેલો ગુલામ મારી તરફ મોહ કરી બોલ્યો "તમારી છેલ્લી ઘડી આવી પુગી છે માટે તમો આ જેહાનથી કુચ કરી જાવો તે આગમચ તમારી કાંઇ ઇચ્છા હોય તે માટે વિચાર કરી લેવો." મેં થોડા બોલો બોલવાની રજા માંગી. મારી આ અરજ સ્વીકારવામાં આવી તેથી મારૂં માથું ઉંચું કીધું અને ઘણી નરમીથી મારા ભરથાર તરફ નજર કરીને અરજ કીધી કે "અફસોસ! મારા આ શા હાલ થયા છે! શું હું મારી ભર જવાનીમાં મોતને સ્વાધીન થાઉ?" મેં વધુ બોલવાની ઘણી મરજી કીધી પણ મારાં આસું અને દચકલાંએ મારૂં ગળુંજ રૂંધી નાખ્યું. પણ આવી મારી હાલતે તેમંજ ઓજરખવાઇએ કાંઇબી અસર મારા ક્રૂર ભરથાર ઉપર કીધી નહીં. પણ તેથી ઉલટું તે એવી રીતે મને તાણા મારવા લાગો કે તેને જવાબ આપવાને મેં દરૂસ્ત નહીં વિચારયું પણ મેં છેલ્લી બંદગી કીધી કે તેણે પેલા ગુલામને પોતાનું કામ કરવાને તાકીદ કીધી. આ છેલ્લી ઘડીએ

પેલી બુઢયા ઓરત જે મારા ધણીની દાસી થતી હતી તે આવી પુગી અને મને બચાવવાની અરજ કરવા લાગી. તે તેને પગે પડી અને વીનંતી કરી માફી માગવા લાગી. તે બોલી, "મારા બેટા, મેં તારી ચાકરી કરી તને મોટો કીધો તેના ઇનામ તરીકે આજ દીને આ તારી ઓરતને માફી બક્ષી એનો ગુનાહ દરગુજર કર. યાદ રાખજે કે જેણે આપણને પેદા કીધાં છે તેજ આપણને મારનાર છે. વલી તું જે ક્રૂર કર્મ કરે છે તેથી તારી આબરૂ મંડળીમાં કેટલી ઓછી થશે તેનો ખ્યાલ કર. શું લોકો તને ખરાબ નહીં બોલશે કે એક નજીવા બાહણા ઉપરથી પોતાની હકદાર મોહરદારનો જીવ લીધો." આ શબ્દો તેણી એટલી તો અસરકારક રીતે બોલી અને તેમ કરતાં એટલાં તો આંસુઓ પાડયાં કે તેની ધારેલી અસર મારા ભરથાર ઉપર અંતે થઇ અને તે પીઘલ્યો.

"જા, જ્યારે તારી એવી મરજી છે તો હું તારે લીધે એનો જીવ બચાઉં છું." તે બોલ્યો "પણ તેના ગુનાહની શીક્ષા માટે તેના બદન ઉપર કાંઇ નીશાન તો રાખવીજ જોઇએ." એમ બોલી તેણે પોતાના એક ગુલામને હોકમ કીધો કે મારા બદન ઉપર એક પાટલી નેતરથી ફટકા મારવા. આ તેનો હોકમ પેલા ગુલામે બોલેબોલ બજાવ્યો અને મારાં નાજુક બદન ઉપર તેને ઘાટકીપણે એટલાતો ફટકા મારયા કે તેથી મારી ચામડીના ટુકડે ટુકડા થઇ તે તમામ ફાટી ગઇ અને હું તદન બેસુધ થઇ પડી. ત્યાર પછે પેલાજ ગોલામે મને ઘસડી લઇ જઇ એક બીજા ઘરમાં નાખી જ્યાં મારી જેટલી બની તેટલી મદારત પેલી બુઢી દાસીએ કીધી. મને ચાર માસ સુધી બીછાણામાં પડી રહેવું પડયું. છેલ્લે હું તદન સારી થઇ પણ પેલા ઘાટકી મારના દાઘ મારી છાતી ઉપર હંમેસ સુધીના રહી ગયા, જે તમો નામદારની નજરે ગઇ કાલ પડયા હતા. જેવી હું બાહર નીકળવાને શકતીવાન થઇ તેવીજ હું મારા પેહેલા ભરથારવાલાં મકાનમાં જવા નીકલી પણ ત્યાં જઇ જોઉં છું તો તે જગ્યા ઉપર તે મકાન બીલકુલ હતુંજ નહીં! મારા બીજા ભરથારે પોતાના કીનામાં તે ઘર તોડી ભાંજીને ભોંય બરાબર કીધું હતું એટલુંજ નહીં પણ તે આખો મોહલો ભાંજી નાખી તે મોહલાનું નામ નીશાન ગુમ કીધું હતું. આ તેણે બેશક ઘણોજ મોટો ગેરઇનસાફ કીધો અને ઉલટો કીનો લીધો પણ મારે ફરયાદ કોણ આગળ કરવી? હું તેને બીલકુલે ઓળખી શકું એવી હાલતમાં ન હતી. વળી તેને ખોળી કાહડું તોપણ તે એટલો તો વગવાળો દીસતો હતો કે તેની સામેની ફરયાદ કોઇ સાંભળી મને ઇનસાફ આપે એવું દીસતું ન હોતું.

જ્યારે હું બધી વાતે નાચાર થઇ અને કાંઇ ઉપાય નહીં સુજ્યો ત્યારે મેં મારી પ્યારી બેહન ઝોબીદાને મળવાનો ઠરાવ મેં કીધો. મેં મારાં કમ ભાયમનો સર્વે હેવાલ તેણીને કહ્યો. તેણીએ પોતાનો હંમેશનો મયાળુ ખવાસ બતાવી મને આવકાર આપ્યો અને મને બેહદ દેલાસો આપી પોતાની સાથે રાખી. તેણું બોલી "દુન્યાજ એવી છે. આપણાં ભાયગમાં જેવું હોય તેવું થાયછે, કોઇ પોતાની દોલત, કોઇ પોતાનાં પ્યારાં, અને કોઇબી પોતાનું સર્વે ખોહી બેસે છે." પછી પોતાને પર વીટેલી તમામ હકીકત **ઝોબીદા**એ મને કહી સંભળાવી; તેમાં પેલાં શાહજાદા સાથે કેમ મેલાપ થયો, તેની સગી બેહ્નોએ તેને તથા શાહજાદાને દરયાવમાં કેમ હોમાવ્યો, અને સેવટે તેઓની અદેખાઇથી શું પરીણામ નીપજ્યું તે સર્વે કહ્યું. કુતરીનો અવતાર તેની સગી બેહનોને કેમ લેવો પડયો તે મેં જ્યારે જાણ્યું ત્યારે મને તેઓ ઉપર ઘણી દયા આવી. **ઝોબીદા**એ મને હજારો દાખલા આપી મારી ન્હાની બેહન જે પોતાના ભરથારના મરણ પછી **ઝોબીદા**ની સાથે આવી રહી હતી તેની સાથે મારી મુલાકાત કરાવી.

અમો ફરી પાછાં સાથે મળ્યાં માટે ખોદાવનતાલાનો આભાર માની એવો ઠરાવ કીધો કે હવે સ્વતંત્રપણે રેહેવું અને કદીબી છુટું પડવું નહીં. આ મુજબ અમો કેટલાંક વરશ થયા સુખચેનમાં

જીંદગી ગુજારયે છીએ. મારે હસ્તક આખા ઘરનો કારોબાર છે અને ઘરમાં જોઇતો સરસામાન લાવવો કરવો હોય છે તે કામ હું મોટી ખુશી સાથે બજાઉ છું. એમ ખરીદી કરવા માટે મને વારમવાર બજારમાં જવું પડે છે તે મુજબ ગઇ કાલે હું ઘરમાં જોઇતા સામાન માટે બજારમાં ગઇ હતી. ખરીદેલો સામાન એક હેલકરીના સર ઉપર મેળી હું ઘરમાં લાવી. હેલકરી જાતે ઘણો રમુજી અને મશકરો માલમ પડવાથી ગમત મેળવવાના ઇરાદાથી તેને અમોએ રોકી રાખ્યો અને નમીને જવા કહ્યું. સાંજ પડવા પછી અંધારૂં થવા આવ્યું એટલે આ ત્રણ ફકીરોએ અમારા મકાનના દરવાજા ઠોકયા અને અરજ કરી કે રાતના ઉતારા માટે તેઓને જગા મળશે તો તો તેઓ ઘણા આભારી થશે. અમોએ અમારા ઘરમાં દાખલ કરવા આગમચ કેટલીક કબુલાત તેઓ સાથે કીધી તે તેઓએ કબુલ થવાથી તેઓને અમોએ ઉતારો આપ્યો. પછી તેઓને જમાડયા. સર્વે જમી રહ્યાં કે આપણા દેશની રૂઢી મુજબ ખુશી અને ગમત મેળવવા માટે અમોએ ગાયન ગાવાં સરૂ કીધાં એટમાં તો અમારા બારણા ઠોકવાનો આવાજ સંભલાયો જે ઉપરથી બારણું ઉઘાડી જોયું તો ત્રણ ગ્રહસ્થો નજર આવ્યા જેવો મોહડાં ઉપર ઉપરથી કોઇ સારા ને ઊંચા કુલના આસામીઓ દેખાતા હતા. તેઓએ પોતાની ઓળખ મૌસલનો વેપારી તરીકે આપી અને એક રાતનો ઉતારો માગ્યો. જેમ ફકીરો પાસેથી કબુલાત લીધી હતી તેમ તેઓ પાસેથીબી કબુલાત લઇ તેઓને ઉતારો આપ્યો. પણ તે વેપારીઓ તેમજ ફકીરો તથા હેલકરી પોતાની આપેલી કબુલાત પાલી શકયા નહીં. આવી તેઓની ખરાબ ચાલ માટે તેઓને શીક્ષા કરવાનું હમારા હાથમાં હતું તેમજ અમો તેમ કરતે તો વાજબી ગણાતે તે છતાં તેઓને માફી બક્ષી એટલુંજ કહ્યું કે તેઓએ પોતાની ખરી હકીકત જાહેર કરવી. તે મુજબ દરેક સખ્સે પોતાની હકીકત સંભલાવી જે સાંભલી લીધા પછી તુરતજ તેઓને અમારાં મકાન પરથી હાંકી કાહડ્યા, તો જોકે સહવારૂં પડવાને હજુર વીલમ હતો.

કાલીફ હારૂન અલ રશીદ આ બે બેહનોની ચમતકારીક હકીકત સાંભલી ઘણોજ ખુશી તેમજ અજાયબ થયો તેથી તેથી તે જાહેરમાં પોતાના દરબારીઓ હજુર પોતાના વિચાર જણાવ્યા કે આવી અજાયબ જેવી વાત મેં કદી સાંભલી નથી. પછી ઝોબીદા તથા તેની બેહનોને અને પેલા ત્રણે ફકરી લીધેલા શાહજાદાઓને પોતાની બોહલી શક્તી તથા બેહદ સખાવતપણાનો ભાસ આપવો જોઇએ એમ વિચારી પોતાના વડા વજીર મારફતે ન કેહતાં કાલીફે પોતેજ ઝોબીદાને કહ્યું કે "બાનું જે પરીએ તમારી બેહનોને કુતરીનો અવતાર આપ્યો તથા સર્પના આકારમાં તમારી નજરે આવી તે પરીનું રેહથાન તમને કાંઇ ખબર છે? અથવા કોઇ દીવસે તમારી કમનશીબ બેહનનો ઇનસાનનો અવતાર પાછો મળશે એવી કાંઇ તે પરીએ તમને આશા આપી છે?" ઝોબીદા બોલી ઓ ધર્મના પાલન કરનાર નામદાર કાલીફ! તમો નામદારને હું પેહલાંજ જણાવતાં ભુલી હતી કે તે પરી મને એક બાલનું ગુછલું આપ્યુ હતું અને ફરમાવ્યું હતું કે જ્યારેબી મારી તને ગરજ પડે ત્યારે તેમાના ફક્ત બે બાલ આતશ પર બાળજે એટલે હું કોકેશસ પર્વતની પાછળ હોઇશ તો ત્યાંથીબી તેજ ઘડીએ આવી તારી હજુરમાં ઉભી રહીશ. કાલીફે પુછયું "બાનું તે બાલનું ગુછલું તમારી પાસે છે?" ઝોબીદાએ જબાબ આપ્યો કે તે બાલ તે એટલા તો સંભાળી રાખે છે કે તેને તે કદી વીહલા મુક્તી નથી અને પોતાની સાથેના સાથેજ રાખે છે. તે પછી તેણીએ પોતાની પૉકીટ ખોલી અને તે મધેથી એક દાબડી કાહડી તે ઉઘાડી અને કાલીફને દેખાડ્યા તે જોતાંજ તે બોલી ઉઠયો કે ત્યારે તો હમણાજ તે પરીને અત્રે બોલાવો કારણ કે તેને જોવાની મારી ઘણી મરજી છે.

ઝોબીદાએ તે વાત તુરતજ કબુલ કીધાથી, આતસ મંગાવ્યામાં આવ્યો અને તે ઉપર પેલા બાલમાંથી બે બાલ બાળ્યા કે મેહલ ધુજવા લાગ્યો અને પેલી પરી એક ઘણીજ ખુબસુરત ઓરતના

અવતારમાં અને ઘણાજ ઉત્તમ પોશાકમાં હાજર થઇ સર્વેની નજર સામે ઉભી. કાલીફને નમન કરીને તે પરી બોલી "ઓ ધર્મના રક્ષન કરનાર નામદાર શાહ તમારો જેબી હોકમ હોય તે બજા લાવવા માટે હું હાલ હાજર થઇ છું. જે બાનુંએ તમો નામદારના હોકમથી મને અત્રે બોલાવી તે બાનુંએ મારી એક એવી તો કીંમતી સેવા બજાવી છે કે તેનો બદલો વાળવા સારૂ મેં તેની ઘાટકી અને બેવફા બેહનોને શીક્ષા કરી કુત્રીનો અવતાર આપ્યો છે પણ જો તમો નામદારની મરજી છે તો હું એ બંનેને તેઓના અસલ અવતારમાં લાવવાને તૈયાર છું."

"ખુબસુરત પરી" કાલીફે જવાબ આપ્યો "જો તું આ બે કુતરીઓને ઇનસાનનો અવતાર પાછો બક્ષેશ કરશે તો એથી વધારે મેહરબાની બીજી કોઇબી નહીં ગણાશે. એ પછી એઓએ જે આજ સુધી દુ:ખ ખમ્યું છે તે વીસરી જાય એવો ઉપાય હું લઇશ. પણ મારે તને એક બીજી અરજ કરવી છે તે એ જે આ અમીનાને ઘાટકી શીક્ષા કરનાર શખ્સ કોણ છે તે તું મને જણાવ કારણ તને ઘણી માહીતી હોય એમ લાગે છે; માટે આ ઘાટકી પુરૂશનું નામ બેશક તારી જાણમાં હોવુંજ જોઇએ. તે ધણીએ અમીનાને કદરૂપી બનાવી છે એટલુંજ નહીં પણ તેનાં ઘરબારનો પણ નાશ કીધો છે તો જોકે મારો અમલ કાંઇ કમ નથી તોપણ આવા ક્રૂર અને ઘાટકી બનાવો મારાં રાજમાં બને છે એ મોટી નવાઇની વાત છે એટલુંજ નહીં પણ વલી તે મારી જાણમાં પણ આવતા નથી એ વધારે અજાયબ જેવુંછે."

પેલી પરીએ જવાબ દીધો કે નામદાર કાલીફ હું આ બે કુતરીઓને તેઓની અસલ સુરત બક્ષી પાછી ઓરત બનાવીશ તેમજ અમીનાને પણ તેની અસલ ખુબસુરતી પાછી બક્ષેશ કરીશ એટલુંજ નહીં પણ એના બુરા હાલ કરનાર શખ્સ નાંમ નીશાન પણ તમને જણાવીશ.

નામદાર કાલીફે તુરતજ માણસ મોકલી ઝોબીદાને ઘરથી પેલી બે કુતરીઓને મંગાવી. પેલી પરીએ એક પ્યાલામાં થોડુક પાંણી માંગ્યુંઅને તે મંતર્યું. જે મંત્ર કોઇ સમજી શક્યું નહીં, તે પાણીમાંથી થોડુક **અમીના**ના આંગપર છાંટયું અને બાકીનું પેલી બે કુતરીઓ ઉપર રેડયું કે તુરતજ પેલી કુતરીઓનો અવતાર ગુમ થયો અને બે અતી ખુબસુરત ઓરતો ત્યાં ખડી રહી! તેમજ અમીનાનાં દીલ પરનાં બદસુરત દાઘો બી ગુમ થયા!! પછી પેલી પરી કાલીફ તરફ ફરી કેહવા લાગી કે નામદાર શાહ! **અમીના**ના છુપા ધણીનું નામ જાહેર કરવાની રજા લઉ છું. તમો જાણીને અજાયબ થશો કે તમારો ને તેનો સંબંધ ઘણોજ નજદીકનો છે. તે તમો નામદાર બેટો **આમન** છે તે **અમીના**ના પ્યારમાં દીવાનો થઇ ગયો હતો તેથી યુક્તી કરી, તેને પોતાને મેહેલ બોલાવી તેની સાથે છુપાં લગન કીધાં હતાં. **અમીના**ને માર મારવામાં તેનો વાંક હતો નહી કારણ તે બનાવ **અમીના**ની પોતાની મુર્ખાઇથી બન્યો હતો. વળી તે મુર્ખાઇ ઘાંકવા માટે જે જે બનાવતો તેણીએ કીધી હતી તે વધારે મુર્ખાઇભરી હતી. તે જેટલી ગુનાહગાર હતી તે કરતાં વધારે સીક્ષા તેણે કરવામાં આવી હતી તેબી તેની પોતાનીજ મુર્ખાઇથી થયું હતું એ માત્ર દલગીરી ભર્યું છે. આ સર્વે બીના તમારી મરજી મુજબ જાહેર કરી હવે હું રજા લઉ છું." એટલું બોલી તે પરી ગુમ થઇ ગઇ.

નામદાર કાલીફ આ બનાવથી તદન અજાયબ થયો અને જે ફેરફારો થોડાક વખતમાં થયા અને પોતાની જીજ્ઞાસા ફરી થઇ તેથી ખચીત સંતોષ પામ્યો. તેણે પેહલાં પોતાના બેટા **શાહજાદા-અમીન**ને બોલાવ્યો અને તેણે જણાવ્યું કે તારાછુપા લગ્નથી તે વાકેફ થઇ ચુકે છે એટલુંજ નહી પણ **અમીના**ના ગાલ પરનો ઘાહ શા સબબથી થયો હતો તે પણ તેણે જણાવ્યું. શાહજાદો પોતાનો શાહનશાહી બાપ હોકમ કરે તે અગાઉજ અમીનાને ભેટી પડયો અને પોતાની હકદાર ધણીઆણી તરીકે તેણીને કબુલ કીધી.

તે પછી તુરતજ કાલીફે પોતાનો હાથ ઝોબીદાને સવાધીન કીધો અને તેણીને શાહનશાહજાદી બનાવી અને ઝોબીદાની ત્રણે બેહનોના હાથ પેલા ત્રણ જોગી થયલા શાહજાદાઓના હાથમાં આપ્યા. નામદાર કાલીફે પેલા ત્રણે શાહજાદાઓને બગદાદ શેહરના મોટા અને દબદબાં ભર્યા મેહલો બક્ષેસ આપ્યા, અને પોતાની દરબારમાં મોટા ઓધા બક્ષી તેઓને લાયક મરતબો આપ્યો.

પછી બગદાદનાં વડા કાજીને બોલાવી મંગાવ્યો જેણે ઘટતા સાક્ષીઓ સાથે લગનના કોલ કરારો ઘડી કાહડયા અને જે આસામીઓએ વખતના ફેરફાર સાથે માહ દુઃખ તથા વેદના ભોગવી હતી, તેઓએ હવે ઉત્તમ સુખ અને બેહદ ખુશાલી વચ્ચે પોત પોતાના નશીબા પ્રમાણે પોતાની જગા લીધી અને નામદાર કાલીફ હારૂન અલ રસીદ જેવા અદલ શાહનશાહથી ઇનસાફ તથા બક્ષેસ મેલવી તે અદલ શાહના હકમાં હજારો હજાર દુવા ગુજારી પોતાને મકાને ગયાં.

સીનબાદ ખલાસીની વાર્તા.

કાલીફ હારૂન અલ રસીદ કે જેને વિષે આપણે આગલી વાર્તામાં ઘણું સાંભલ્યું છે તેજ કાલીફના અદલ રાજમાં બગદાદ શેહરમાં એક ગરીબ મજુર રેહતો હતો જેનું નામ હીનબાદ કરી હતુ. ઉનાલાના ઘણાજ શખ્ત અને ગરમ દીવસે તે હેલકરી એક ઘણોજ ભારે બોજો ઉંચકી એક જગાએથી બીજી જગાએ લઇ જતો હતો. રસ્તે ચાલતાં તાપ ઘણોજ લાગતો હતો તેમજ મંજલબી ઘણીજ લાંબી હોવાથી તે ઘણો થાકી ગયો હતો અને તેથી થાક લેવાના વીચારથી તે કોઇ વીસામાની જગો શોધતો હતો તેટલાં તે એક મોહલામાં આવી પુગો, જ્યાં ગોલાબના પાણીથી આખો મોહલો સીપેલો હતો તેથી એવી સરસ ને ગુલાબી લેહકી આવતી હતી કે હીનબાદને ઘણોજ કરાર થયો. આથી તેણે પોતાનો બોજો જમીન પર મુકયો અને પોતે એક મેહલના ઓટલા પર વીસામો લીધો. જે મોટા મેહલનાં ઓટલા ઉપર તે બેઠો હતો તે મેહલમાંથી જે સરસ ને મધુર અત્તર ને ગુલાબ વીગેરેનો સુગંધ નીકલતો હતો તેથી તેને અજાયબ સંતોષ ઉપજ્યો. વલી તે મેહલમાં તહરેવાર રાગ રાગણીઓ ચાલી રહી હતી અને નાચનીઓના નાચના સુંદર આવાજો નીકલતા હતા તથા તહરેવાર બુલબુલ, મેના, પોપટ, ઇત્યાદી સુંદર પક્ષીઓનાં મધુર સ્વરો નીકલતા તેથી હીનબાદે ધાર્યું કે આ મેહલ કોઇ મોટા માતબર અમીર ઉમરાવનો હશે. તે મેહલના ધણીનું નામ જાણવાની તેની ઘણી ખાયસ થઇ કારણ કે આ રસ્તેથી તે કોઇવાર ગયલો હતો નહીં તેથી તેણે ત્યાં ઉભેલા ભપકાદાર પોશાક પહેડેલા કેટલાક નોકરોને પુછ્યું કે આ મોટો મેહલ કોણનો છે. આ સાંભલી તે નોકરોમાના એકે કહ્યું કે "તું બગદાદનો રેહવાસી છે તે છતાં શું તને આ મેહલનાં માલેકનું નામ ખબર નથી એ ઘણું અજાયબ જેવું છે. આ મેહલ સીનબાદ ખલાસીનો છે જેણે પૃથ્વીની આસપાસ પુશ્કલ સફરો કીધી છે અને જે આખા બગદાદમાં દરયાઈ સફર કરનાર તરીકે મસહુર છે." પેલા ગરીબ હેલકરીએ જ્યારે સીનબાદ ખલાસીની મોટાઇ તથા શ્રીમંતાઇ વિષે તેનાં નોકરથી સાંભલ્યું ત્યારે પોતાની નાચારી સાથે તે મોટા શ્રીમંતની કાંઇબી સરખામણી કરી નહીં શકયો. કયાં તેનો મસ મોટો મેહલ અને કયાં તેની કંગાલ તો કંગાલ પણ વલી ભાડેની ઝુંપડી! આ નાચારી ભરી સરખામણીથી તે ઘણોજ દલગીર થયો અને પોતાનો જુસ્સો તે પોતાના મનમાં સમાવી શકયો નહીં, તેથી આસમાન તરફ હાથ કરીને તે મોટે અવાજે પુકારી ઉઠયો કે "ઓ પરવરદેગાર! સીનબાદ અને હીનબાદ વચ્ચે કેટલો ફરક છે તે તો તું જો! હું રોજ બ રોજ કેટલું બધું અઘઇ વહીતરું કરું છું ને કમાઉં છું ત્યારે તેમાંથી તો ફકત મારાં તથા મારાં બચ્ચાંને માટે ખરાબ બાજરીની પેટ

પુરતી રોટીબી નહીં મલતી અને કોઇવાર તો ખાવાનાંબી વાંધા પડે છે અને આ **સીનબાદ** પોતાના પૈસા ગમે તેવી રીતે ઉડાવે છે અને મોજ શોખ કરે છે. તેણે એવું શું સારૂં કામ કીધું છે કે તેને આ જાતનું શુખ ને આવી મોટી દોલતની બક્ષેશ કીધી છે અને મેં શું એવો તારો ગુનાહ કીધો છે કે આવી દલીદ્ર હાલત અને આવી શખ્ત હેજગારી મારે નસીબે ચોંહતાડી છે?" એટલું બોલી તે પોતાના દુ:ખી જુસ્સામાં એટલો તો આવી ગયો કે પોતાના પગ જમીન પર ઠોકવા લાગો અને હજુર વધારે પોતાના નશીબને માટે ફરયાદ પોકારતો હતો તેટલામાં એક ચાકરે આવી તેનાં ખભાં પર હાથ મેલ્યો અને કહેવા લાગ્યો કે "ચાલ, મારી પાછલ આવ, મારો શેઠ **સીનબાદ** તારી સાથે કાંઇ વાત કરવા માંગેછે."

હીંનબાદને આ પ્રમાણે સીનબાદ તરફથી તેડું આવ્યાથી તે ઘણો અજાયબ થયો. પોતે જે સુખનો બોલ્યો હતો તે મબાદા **સીનબાદે** સાંભળ્યા હોય અને તે માટે તેને તે બોલાવતો હોય તેથી ધાસ્તી ખાઇ તેની પાસે જવાને તે અખાડા કરવા લાગ્યો. તેણે બાહણું કાહડયું કે તેનો લાકડાંનો બોજો તે રસ્તા વચ્ચે મુકીને આવી શકતો નથી. પણ પેલા નોકરે કહ્યું કે તે તેનો બારો સંભાલશે અને તેને ઘણી બોંહસ કીધી ત્યારે તે આખરે મેહલમાં જવાને કબુલ થયો. પેલો ચાકર તેને એક ઘણા ભપકાદાર ને કુસાદે દીવાનખાનામાં લઇ ગયો જ્યાં ઘણાક માણસો એક મોટી ટેબલની આસપાસ બેઠેલાં તેણે જોયાં જેઓ સામે ઘણાં સરસ ને મસાલેદાર પકવાનો પીરસયામાં આવેલાં હતાં. તે ખાણાની ટેબલના પ્રમુખ તરીકે એક ગંભીર અને દબદબાભર્યો બુજોરગ સખ્સ બેઠેલો હતો, તેની મોટી અને દુધ સફેદ જેવી દહાડી તેની છાતી પર ગેલ કરતી હતી અને તેની પાછલ તેના પુશ્કલ કારભારીઓ તથા નોકરો તેનો હોકમ ઉઠાવવાને તૈયાર ઉભા હતા. આ સખ્સ તે **સીનબાદ** પોતે હતો. આ મુજબનો દબદબાભર્યો મેલાવડો જોઇ પેલો મજુર ઘણોજ ધભરાતમાં પડયો અને ધ્રુંજતો થરથરતો સર્વેને નમીને સલામ કરવા લાગ્યો. આ ધભરાત જોઇ **સીનબાદે** તેને પોતાની પાસે બોલાવી પોતાના જમણા હાથ પર બેસાડયો અને પોતાના હાથે તેની સાંમે પકવાનોની રકાબીઓ મુકી તથા સરસમાં સરસ સરાબની જામો તેને પીવા માટે આપી.

પોતાના પરોણાઓ જમી રહ્યા પછી સીનબાદે વાતચીત ચલાવી. હીનબાદ તરફ ફરી તે બોલવા લાગ્યો કે "ભાઇ તારૂં નામ શું?". અરેબીઅન લોકો જ્યારે કોઇનું નામ નહીં જાણતાં હોય અને જ્યારે તેની તરફ ઘણું માન ધરાવી ભાઇચારો રાખવાના હોય ત્યારે "ભાઇ" નો એલકાબ આપી તે સખ્સને બોલાવે છે, તે મુજબ **સીનબાદે, હીનબાદ**ને પણ તે એક ગરીબ મજુર હતો તે છતાં તેને "ભાઇ" કરી બોલાવી મોટું માન આપ્યું હતુ. પેલા મજુરે જવાબ દીધો "સાહેબ મારૂં નામ **હીનબાદ** છે." "હું તમને જોઇને ઘણો ખુશી છું," સીનબાદ બોલ્યો, "અને આ મંડલી પણ તમને અત્રે આવેલા જોઇ ખુશી છે. મારી ઇચ્છા, તમો હમણાં જે શબ્દો રસ્તામાં ઉભા રહી બોલ્યા તે તમારે મોહડેથી પાછા સાંભળવાની છે." આમ કેહેવાનું કારણ એ હતું કે સીનબાદે પેલો મજુર જે બોલ્યો હતો સર્વે સાંભલ્યું હતું અને તેથીજ તેને બોલાશો કરવા માટેજ ખાસ બોલાવ્યો હતો. આ સવાલ સાંભલી હીનબાદ બેહદ ધભરાતમાં પડયો અને સર નમાવી બોલ્યો કે સાહેબ ઘણો તાપ પડતો હતો તથા બોજાથી મારો જીવ કંતાલ્યો હતો તેથી કેહરનો મારયો મારેથી કાંઇ આડુ અવલું બોલાઇ ગયું પણ તે માટે મને ઘણો પસ્તાવો લાગે છે અને આશા છે કે તમો નામદાર મને તે માટે માફ કરશો." **સીનબાદે** કહ્યું કે "અહો તમો એમ તો કદી ધારતાજ ના કે તે માટે હું તમારી ઉપર જરાબી ગુસ્સે થયો હોઇશ. એમ ગુસ્સે થાઉ એવો હું અવિચારી નથી. તમારી આવી હાલત જોઇ મને ખચીત દયા લાગે છે અને તમો જે બોલ્યા તે માટે તમને એક બોલબી હું કહેવા માંગતો નથી પણ તમો મારે માટે બોલ્યા તેનો કાંઇ પાયો નથી; તમો બોલ્યા તે ઉપરથી જણાય છે કે તમો

ધારો છો કે જે મોટી દોલત તથા જાહોજલાલી હું ભોગવું છું તે મને આપોઆપ મલી હશે પણ તેમ ધારવામાં તમારી મોટી ભુલ છે. આ મોટી દોલત મેલવવા તથા આવી જાહોજલાલી ભોગવવા પેહલાં મેં એટલી તો મુશીબત અને એટલીતો જેહમત ખેંચી કે તે જ્યાં સુધી તમો વીગતવારે સાંભલો નહીં, ત્યાં સુધી તેનો એક રતીભાર ખ્યાલ વટીક તમને આવશે નહીં. "અહસ્થો", તે બુજર્ગ મેજબાન પોતાના પરોણાઓ તરફ જોઇ આગલ બોલ્યો, "હું તમને ખરેખર કહું છું કે આ ગંજાવર દોલત મેલવતાં મને જી જે દુઃખો સોસવાં પડયાં છે તે એવાં છે કે તેની વીગત સાંભળ્યા પછી દોલતમંદ થવાની ઇચ્છા ગમે એવો લોભી સખ્સ હોય તેનેબી થાય નહીં. મેં મુસાફરીઓ અને સફરો કીધી. તેમાં મારા ઉપર જે આફતો અને ગજબો પડયા છે અને જે મુશીબતો મને ભોગવવી પડીછે તેની સર્વે હકીકત તમોને મારે મુખથી કહી સંભલાવવાની મારી મરજી છે. જે સાંભળ્યાથી તમો ખચીત ઘણા અજબ થશો."

સીનબાદે પોતાની હકીકત કહી સંભલાવવાને માથે લીધું તેનું મુખ્ય કારણ હીંનબાદ હતો તેથી તે સર્વે બીના સાંભલી શકે તે માટે તેનો લાકડાંનો ભારો જ્યાં પુગાડવાનો હતો ત્યાં પોતાના નોકર પાસે પુગાડી દીધો અને પછી હીનબાદ તથા પોતાના પરોણાઓ આગલ પોતાનો અહેવાલ કહેવાની સરૂઆત નીચે મુજબ કીધી:—

સીનબાદ ખલાસીની પેહલી સફર.

"મારી બાપીકી દોલત જે પુશ્કલ હતી તે મેં મારી જવાનીમાં ઘણી ખરી ઉડાવી નાખી; પણ છેલ્લે મેં મારી ભુલ જોઇ, અને સમજ્યો કે દોલત કાંઇ ઘણી કામની નથી પણ મારો કીંમતી વખત જે મેં મોજ મજાહમાં ફોકત ગુમાવ્યો તે વધારે નુકશાનકારક થઇ પડયો છે કારણકે ગયલી દોલત તો કદાચ પાછી મલશે પણ ગયલો વખત તો કદીબી પાછો મલશેજ નહીં. વલી બુઢાપામાં કંગાલ્યત જેવી બીજી કોઇબી આફત માણસને માટે નથી. મારો બાપ વારંવાર મને મોટા બુદ્ધીવાન **સુલેમાન**ના આ કીંમતી શબ્દો કહ્યા કરતો હતો કે "ગરીબાઇ ભોગવવી તે કરતાં ઘોરમાં જવું ભલું." આ કીંમતી શીખામણ મને બરાબર યાદ હતી તેથી મેં મારો બાકી રહેલો થોડો ઘણો સરસામાન લીલાંઉ કરી વેચી નાખ્યો અને તેનું જે થોડુંક નાણું ઉપજ્યું તે લઇ કેટલાક વેપારીઓ જે દર્‌યાવની શફરે જતા હતા તેમાં હું ભાગીદાર થયો. કેટલાક અનુભવીઓના વિચારને મલતા થઇ અમો, પૈસા મેલવવાની આશાથી, બસરા બંદર તરફ અમોએ ભાગમાં ખરીદેલાં વાહણમાં હંકારી ગયા.

અમારૂં વહાણ ઇરાની અખાત મારફતે હીંદુસ્તાન તરફ હંકારયું, જ્યાંથી જમણી બાજુએ અરબસ્થાનનો કીનારો લાગતો હતો અને ડાબી બાજુએ ઇરાનનો કીનારો દીસ્તો હતો. તેની પોહલાઇ સીતેર લીગને આસરે કેહવાતી હતી. પુર્વ સમુદ્ર યાને હીંદી માહસાગર પુશ્કલ મોટો છે જેની પડોશમાં એબીસીનિયાનું જંગલી રાજ્ય આવ્યું છે અને ત્યાં વાક વાક નામનો એક બેટ આવ્યો છે ત્યાં સુધીની લંબાઇ ચાર હજાર ને પાંચસો લીગને આસરે છે. સરૂઆતમાં થોડા દીવસ મને દરયાવની હવા માફક નહીં આવી અને હું આજારી રહ્યો પણ પછી તો હું ઘણી સારી તંદરોસ્તીમાં રહ્યો અને દર્‌યાવની હવા મને એવી સદી કે હું કદી આજારી પડયોજ નહીં. રસ્તામાં અમોએ કેટલાક બેટો આગલ લંગર કીધું અને ત્યાં અમારી પાસેનો માલ વેચી તેને બદલે વળી બીજો માલ ખરીદયો અથવા અદલા બદલી કીધો. એક દીવસે જ્યારે અમારૂં વહાણ જોસબંધ ચાલતું હતું ત્યારે અમને પાસે એક બેટ જણાયો. તે દર્‌યાવના પાણીની બરાબર સપાટીએ દેખાતો હતો અને તમામ લીલોતરીથી ભર-

પુર દેખાતો હતો. તે ઉપરથી અમારા નાખોદાએ ત્યાં લંગર નાખવા ફરમાવ્યું અને જણાવ્યું કે જેઓને આ ટાપુ ઉપર ઉતરવાની ખુશી હોય તેઓએ બેલાસક ઉતરવું; તે સાંભલી ઘણા જણ ત્યાં જવાને તૈયાર થયા જેઓમાં હું પણ એક હતો. પણ ત્યાં અમો ખાતા પીતા, હુક્કા ફુકતા, તથા મોજ મજાહ કરતા હતા તેટલામાંજ તે બેટ એકાએક હીલવા લાગ્યો! અમોને એક મોટો અને સખ્ત આંચકો લાગ્યો.

વહાણ પરના બાકી રહેલા માણસોએ અમને આંચકો લાગતો જોયો તેથી તેઓ મોટેથી પોકારી અમને કેહવા લાગ્યાં કે તુરતજ પાછા વહાણ પર ચહડી આવો કારણ કે તમો જેને બેટ ધારો છો તે તો એક મોટું અને જબરૂં મગરમચ્છ છે! જેઓ ઘણા હુશીયાર ને ચપલ હતા તેઓ તો તુરતજ બોટમાં કુદી પડયા, થોડાક પાણીમાં પડીને તરી ગયા અને હું હજુર તો વિચાર કરૂં છું કે બોટમાં કુદી પડું તેટલાતો પેલાં મગરમચ્છે પાણીમાં ડુબકી મારી. મારા સારા નશીબે ત્યાં ખાણું પકાવવા માટે અમારી સાથે લાવેલા લાકડાના કકડાઓમાંથી એક કકડો મારા હાથમાં આવી ગયો જે મગરમચ્છે ડુબકી માર્યા પેહલાં મારા હાથમાં આવી ગયો હતો. હવે નાખોદાએ પેલાં મગરમચ્છની ધાસ્તીથી તથા પવન ઘણો સારો હોવાથી જેટલાં આસામીઓ બોટમાં ને તરતા તરતા આવી પુગા તેટલાંઓને ઝપાટાબંધ વહાણ પર લઇ લીધા અને સઢો ચહડાવી વહાણ ચાલુ કીધું કે મેં વહાણ આગલ પુગવાની આશા બીલકુલ છોડી. આવી વગર આધારની હાલતે હું દર્યાવમાં ગોટાં ખાતો આખો દહાડો તથા રાત રહ્યો. બીજી સહવારમાં નહીં મારામાં તરવાનું જોર રહ્યું કે નહીં મારી જીવવાની આશા રહી; પણ તેટલાં ખોદાની મેહેરબાંનીથી એક મોટા મોજાએ મને કીનારા પર લાવી પછાડયો. તે કીનારો ઘણો ઉંચો અને પથરની ઉભી જમીનવાલો હતો જેથી ઉપર ચહડવાને કાંઇબી ચારો હતો નહીં. પણ સારાં નસીબે મારી જીંદગી બચાવવાનું એક ખુદરતી સાધન મને મલી આવ્યું. ત્યાં ખડકમાં ઉગેલાં ઝાડોનાં લાંબાં મુલ્યાં મારી નજરે આવ્યાં, જે ઘણાં મજબુત ને ચીવત હોવાથી તે પકડી ઉપર ચહડવાને મને ઘણું ફાવતું થઇ પડયું; લેકીન આ મેહનતથી હું ઘણોજ થાકી ગયો અને જમીન પર પટકઇ નીસોસ થઇ અધમુવો થઇ સુરજ ઉગ્યો ત્યાં સુધી પડી રહ્યો.

થાક અને સાથે લાગી મજબુત ભુખથી હું દેવાના જેવો ખોરાક સોધવા લાગો, તો થોડાંક જંગલી ફલો મને મલ્યાં અને સારે નસીબે એક ઉત્તમ ઝરો નજરે પડયો તેમાંથી નીર્મલ પાણી પી, વધારે હુશીયાર થયો. પછી તે બેટમાં આગલ વધ્યો તો એક સપાત ને સુંદર મેદાન નજરે પડયું. ત્યાં મેં એક ઘોડાને ચરતો દીઠો; અને ખુશાલી તથા ભયથી ધ્રુજતો હું આગળ વધ્યો. કારણકે હું નહીં જાણતો હતો કે હું જીવતો રહીશ કે મોતનાં મોહમાં જાઉં છું. પાસે જઇ જોતાં મને માલમ પડયું કે તે જમીનમા ઠોકેલી ખુંટી સાથે બાંધેલી સરસ જાતની ઘોડી હતી, વલી જરા વાર રહી મારે કાને કોઇ આદમ જાતનો અવાજ આવ્યો કે ખુશી થઇ તે તરફ ફરી જોઉં છું તો એક આદમી મારીજ તરફ આવતો દેખાયો. તેણે મને સવાલ કરયો કે "તું કોણ છે?" મારી સર્વે હકીકત મેં પેલા સખ્સને કહી સંભલાવી. જે સાંભલી તે મને હાથ પકડી એક ગોફામાં લઇ ગયો જ્યાં મેં બીજાં થોડાંક માણસોને જોયાં જેઓ મને જોઇ ઘણાંજ અજબ થયાં.

તેઓએ મને થોડોક ખોરાક આપ્યો જે મેં મોટી ખુશી સાથે ખાધો, પછી મેં તેઓને સવાલ કીધો કે તેઓ કોણ છે તથા આવા જંગલી અને ઉજડ બેટ ઉપર શું કામ કરે છે. તેઓએ જણાવ્યું કે તેઓ **રાજા મીરજ**નાં ઘોડાવાલા હતા અને તેઓ આ બેટમાં દર વરસે આએજ રૂતમાં આવે છે કારણ કે આ વખ્તે એક દરયાઇ ઘોડો આ જગાએ આવે છે જેને માટે અમો રાજાની ઘણી સરસ ઘોડી લાવ્યે છીએ અને તેથી તે ઘોડી હમેલદાર થાયછે. તે

ઘોડામાં એવી ખાસ્યત હોય છે કે તે ઘોડીને હમેલદાર કીધા પછી તુરતજ મારવા મંડે છે તેથી જેવો તે મારવા માંડે છે કે અમો આ ગુફામાંથી બાહેર નીકલી ભારે ઘોંઘાટ કરયે છીએ કે તે બીહને સમુદ્રમાં નાહસી જાય છે અને અમો તે ઘોડીને આ ખુટી આગલથી છોડી લઇ જઈ અમારા બાહદશાહી તબેલામાં જતનથી રાખ્યે છીએ અને તેને પેટે અવતરેલા ઘોડા ઘણા તેજ અને સરસ હોવાથી પાહદશાહ પોતે પોતાની ખાસ સવારી માટે તે વાપરે છે. આવતી કાલે અમો અમારૂં કાંમ પુરૂં કરી અત્રેથી જવાના હતા, જો તમો એક દીવસ અસુરા અત્રે આવ્યા હતે તો ખચીત તમો રખડી રખડીને મરણ પામતે કારણ અમો એટલા તો દુર વસ્યે છીએ કે તમો ભોમ્યા વગર શેહેરમાં આવી શકતેજ નહીં.

હજુર તો અમો વાતો કરયે છીએ તેટલાં તો પેલો દરયાઇ ઘોડો, જ્યાં પેલી ઘોડી બાંધી હતી ત્યાં આવી પુગો અને જે મુજબ પેલાઓએ કહ્યું હતું તે મુજબ પેલી ઘોડીને હમેલદાર કીધા પછી તેને મારવા લાગ્યો એટલે અમોએ બુમાબુમ કરીને તેને ધભરાવીને દરયાવમાં નહસાડી મુક્યો.

બીજે દીને સહવારના પોહરમાં તેઓ પોતા સાથની ઘોડીઓ સહીત **મીરેજ** રાજાના મુલકમાં જવા માટે નીકળ્યા, અને તેઓ સાથે હું ગયો. ત્યાં પુગા પછી મને રાજા હજુર લઇ જવામાં આવ્યો અને તેના પુછવાથી મેં મારી તમામ હકીકત તેને કહી સંભલાવી, જે જાણી તે અજાયબ થયો, પણ મારા કમનસીબ માટે મારી દયા કરવા લાગ્યો. પછી તેણે મારી સંભાળ લેવાને પોતાના દરબારીઓને ફરમાવ્યું તથા મને જોઇતી દરેક ચીજો પુરી પાડવાનો ખાસ હોકમ કીધો. તેના હોકમ મુજબ મારી ઘણી અચ્છી બરદાસ્ત થવા લાગી અને તેથી તે પાહદશાહની મોટાઇ તથા ઉદારપણું સાબેત થયું એટલુંજ નહીં પણ તેના ભલા દરબારીઓનો પણ અમીરી ખવાસ સાબેત થયો.

હું પોતે વેપારી હોવાથી હું મારા ભાઇબંધ વેપારીઓ સાથ વધુ આવજાવ રાખતો હતો. હું હમેશ બીજે બંદરેથી આવતા વેપારીઓથી ખબર અંતર પુછતો તે એવી આશાથી કે કોઇબી સખ્સથી બગદાદ શેહેરની મને ખબર મલે અને તે ઉપરથી મારાં વતનમાં જવાને બની આવશે, કારણ **મીરેજ**નું બંદર ઓહલું હતું. ત્યાં દુન્યાનાં ઘણા ભાગો ઉપરથી વાહણો આવજાવ કરતાં હતાં. વલી મેં થોડાક હીંદુસ્તાનના પંડીતો સાથ દોસ્તી માંડી હતી કારણ કે તેઓની વિદ્વતાભરી વાતોથી મારૂં દીલ ખુશ રેહતું હતું, તો જોકે હું આ બધાં કામો કરતો હતો તોપણ દરબારમાં ન્યમસર જતો હતો તેમજ ત્યાંનાં મેહરબાન પાદશાહ તથા રાજદરબારીઓ, હાકેમો વીગેરેની મુલાકાત લઇ તેઓ સાથે વાતચીતમાં ગુંતાવાને ચુકતો ન હતો. તેઓ મને મારા દેશ તથા ત્યાંના રાજ વિષે હજારો સવાલો પુછતા હતાં તેમજ હું પણ તેઓના દેશ તથા રીવાજ વિષે તેઓથી પુરતી ખબર મેલવવાને ઘણો ખંતી રેહતો હતો.

પાદશાહ **મીરેજ**ના રાજમાં એક **કાસલ** નામનો બેટ છે. તે બેટ વિષે મારા સાંભલવામાં આવ્યું કે ત્યાં રાતનાં ઝાંજરનો આવાજ આવતો હતો તે ઉપરથી ખલાસીઓમાં એવો વિચાર ઉત્પંન થયો હતો કે ત્યાં **ડીજાયલ** નામના સેતાને પોતાનો વાસો કીધો છે. આ અજાયબી જોવાને મારો વિચાર થયાથી હું ત્યાં જવા નીકલ્યો. આ મારી સફરમાં દરયાવ મધે મેં સો થી બસો કયુબીત ફીટની લંબાઇની, ને ભયંકર દેખાવની માછલીઓ જોઇ જે જોકે દેખાવમાં તો ઘણા દરામણા હતા તોપણ કોઇને ઇજા દેતાં ન હતાં; ઉલટાં તે એટલાં તો બીકન હોયછે કે જો વહાણ પર ઉભા રહીને ફકત બુમ મારી હોય તો તેઓ તુરત નાહસીને દુર જતાં રહે છે. વલી મેં બીજી તહરેવાર જાતની માછલીઓ જોઇ તેમાં એક જાત એવી હતી કે તેની લંબાઇ ફકટ એક ફુટ જેટલી ને માથું આબેહુબ ઘુવડ જેવું હતું!

કાસલ તરફથી પાછા ફરયા પછી એક દીવસે હું બંદર પર ઉભો રહી જોતો હતો તો એક વહાણ કીનારા તરફ આવતું જણાયું. તે વાહણે લંગર કીધા પછી તે ઉપરનો માલ ઉતારવા માંડયો

અને જે જે વેપારીઓને લગતો તે માલ હતો તે તેઓ પોત પોતાની વખારમાં લઇ ગયા. તે ઉતરતા માલમાંની કેટલીક ગાંસડીઓ ઉપર મારી નજર પડી તો તે ઉપર મારૂં નામ લખેલું માલમ પડયું ! વધારે નજદીક જઇ જોતાં તો મારી ખાતરી થઇ કે તે મારોજ માલ હતો જે મેં બસરાથી નીકલતાં વહાણે ચહડાવ્યો હતો. વધારે તલાસ કરતાં તે વહાણના નાખુદાને મેં તુરત ઓલખ્યો અને તે તો મને બુડીજ ગયલો ધારતો હશે એમ વિચારી મેં તેણે સવાલ કરયો કે આ ગાંસડીઓ કોણ સખ્સની હતી. તેણે જવાબ આપ્યો કે "અમારી સાથે **સીનબાદ** નામનો એક બગદાદનો વેપારી હતો તેનો આ માલ છે. એક દીવસે અમારૂં વહાણ અમોએ એક બેટ સમજી એક ઠેકાણે ઉભું કીધું અને થોડાક બીજા સખ્સો સાથે તે પણ તે દેખઇતા બેટ ઉપર ઉતરયો પણ તે કાંઇ બેટ ન હતો પણ એક ગંજાવર મગરમચ્છ હતું, જે પાણીની સપાટી ઉપર ઉંઘમાં પડેલું હતું. તેઓ તેને બેટ સમજી તે ઉપર પોતાનું ખાણું પકાવવા માટે આતસ સલગાવ્યો તેની ગરમીથી તે મગરમચ્છ હાલવા લાગ્યું અને દરયાવમાં ડુબકી મારી, તેથી ઉપરના ઘણાઓ ડુબી મરણ પામ્યા અને થોડાક બચી ગયા તેઓને અમોએ વહાણ પર ખેંચી લીધા. જેઓ ડુબી ગયા તેમાં બીચારો **સીનબાદ** પણ ડુબી ગયો. આ દાગીનાઓ તેના છે અને મેં તે વેચી નાખવાનો ઠરાવ કીધોછે કે તેનું જે નાણું ઉપજે તે **સીનબાદ**ના કોઇબી ખેસી મલી આવે તેને આપી દઇશ. મેં જવાબ દીધો "ભલા નાખુદા તમો જેને મરણ પામેલો ધારોછો તે **સીનબાદ** હું પોતે છું અને આ માલના દાગીનાનો હું પોતે ધણી છું.

જ્યારે પેલા વાહણના નાખુદાએ મને આ મુજબ બોલતો સાંભલ્યો ત્યારે અજાયબીથી પુકારવા લાગો કે "ઓ ખોદાવનતાલા ! હવે કોણનો વિશ્વાસ કરયે, હવે સત્ય માણુસ માત્રમાં રહ્યુંજ નથી ! મેં મારી આંખે બીચારા **સીનબાદ**ને ડુબી મરતાં જોયો તે છતાં તું છાતી થોકીને કેહવાની હીંમત કરેછે કે તું પોતે **સીનબાદ** છે? આ તે કેવી બેહાઇ! પેહલી નજરે તો તું ઘણો ભલો માણુસ લાગેછે તે છતાં આવી લબાડી કરવાની હીંમત કરેછે અને પારકાનો માલ પચાવી પાડવાની લુચ્ચાઇ કરવાને બીહતો નથી?" મેં જવાબ આપ્યો "જરા ધીરજ ધરી મારી વાત સાભલશો, તમો મારી ઉપર આટલા બધા કફા થશો નહીં." તે સાંભલી તે બોલ્યો, "બોલો તમારે જે બોલવું હોય તે બોલો હું સાંભળવાને તૈયાર છું." આ પછી મેં તેની આગળ મારો બચાવ કેવી રીતે થયો તથા **મીરેજ** શાહના ઘોડાવાલાઓને હું કેમ મલ્યો તથા તેઓ મને **મીરેજ** શાહની દરબારમાં કેમ લાવ્યા તે સર્વે હકીકત વીગતવારે કહી સંભલાવી.

આ મારી હકીકત સાંભલી તે નાખોદા ઘણો અજાયબ થઇ વીચારમાં પડયો પણ તેની તુરતજ ખાતરી થઇ કે હું કાંઇ ઠગારો નહીં હતો કેમકે અમો જ્યાં વાત કરતાં હતાં ત્યાં વહાણ પરનાં કેટલાંક માણસો આવી પુગાં અને મને જીવતો જોઇ મુબારકબાદી આપવા લાગ્યાં. આખરે નાખોદાએ મને ટીકી ટીકીને જોયો ત્યારે પીછાની શકયો અને મને બગલગીરી કરી પડયો ને કહેવા લાગ્યો કે "તને જીવતો પાછો મલેલો જોઇ મને જે ખુશાલી ઉત્પંન થઇ છે તે જાહેર કરવાને મારી પાસે પુરતાં શબ્દો નથી. તારો માલ તને મુબારક છે. તે તારે સ્વાધીન લે અને તારે ગમે તે ઉપયોગ કર." તેની ઇમાનદારી તથા તેના સખી ખવાસ માટે મેં તેની ઘણી તારીફ કીધી અને મારા માલમાંથી તેને મેં હીસ્સો આપવા કહ્યો પણ તેને તે લેવા સદનતર ના પાડી.

મારા માલમાંથી ઘણીજ કીંમતી અને મુલદાર ચીજો ચુંટી કાહડી તે **મીરેજ**ના પાહદશાહને ભેટ દાખલ નજર કીધી. તે કીંમતી ભેટ જોઇ પાહદશાહે મને પુછયું કે આ સર્વે તમો કયાંથી લાવ્યા ? ત્યારે મેં પેલા ભલા નાખોદાથી જે રવેસે મારો માલ મને પાછો મલ્યો હતો તે કહી સંભલાવ્યું તેથી તે પાહદશાહ ઘણો ખુશી થયો ને મારી ભેટો કબુલ કીધી પણ તેના બદલામાં તેને મને બીજી ઘણી

કીંમતી ભેટો કીધી. આ પછી મેં મારે વતન જવાની તે પાહદશાહ પાસે રજા માંગી અને જે વાહાણુ સાથે મારો માલ મને પાછો મલ્યો હતો તેજ વાહણમાં જવાની મેં મારી મરજી બતાવી. મારો માલ મેં ત્યાનાં બીજા વેપારીઓને વેચી નાખ્યો ને તેને બદલે સીસમ, સુખડ, કપુર, જાયફલ, લવંગ, મરી અને સુંઠ વીગેરે વેપારને બરનો ઘણોક માલ ખરીદયો. અમોએ ઘણાંક બંદરો કીધાં અને સેવટે બસરા આવી પુગા. હું મારા કુટુંબને મલ્યો અને મારા માલના એક લાખ શીકવીન ઉપજાવ્યા. મેં બંને જાતના ગુલામો ખરીદયા અને એક મોટા મેહેલ તથા મોટી જમીનનો હું માલેક થયો. આ રીતે હું થરીથામ થયા પછી મારી પર પડેલી મુશીબત ભુલી જવાની કોશેશ કીધી અને મારી બાકીની જીંદગી સુખમાં ગુજારવાનો ઠરાવ કીધો.

આ રીતે **સીનબાદે** પોતાની પેહલી સફરની વાર્તા પુરી કીધી અને તે વાત કરતો હતો તેટલાં ત્યાં જે ગાનતાન ચાલતુ હતું તે બંધ કીધું હતું તે પાછું ચલાવવાનો તેને હોકમ આપ્યો. જ્યાં સુધી રાત પડી ત્યાં સુધી ગાન તાન અને ખાણુ પીનું ચાલુજ હતું, જ્યારે બધું ખલાસ થયું અને છુટા પડવાનો વખત આવ્યો ત્યારે **સીનબાદે** એક સો સીકવીનથી ભરેલી થેલી લાવવાનો હોકમ કીધો અને તે **હીનબાદ**ના હાથમાં આપતાં બોલ્યો કે "આ લે, **હીનબાદ** અને તારે ઘેરે જા, અને કાલે સવારે પાછો આવજે, હું તને મારી બીજી સફરનો અહેવાલ કહી સંભલાવીશ." પેલો મજુર પોતાને મલેલાં માન તથા કીંમતી બક્ષેસથી ઘણોજ અજાયબ થયો. **હીનબાદે** ઘેર આવી બનેલી વાત પોતાની બાયડી તથા છોકરાંઓને કહી સંભલાવી જેઓ તેથી ઘણાંજ ખુશી થયાં અને ખુદાવંદતાલા આગલ **સીનબાદની** આબાદી માટે ખરાં અઃતકરણથી દુવા ચાહી.

બીજે દીને હીનબાદ સારાં કપડાં પેહડી પોતાના સખી મુરબીના મકાનમાં ગયો ત્યારે **સીનબાદે** તેને હસ્તે મુખડે આવકાર આપ્યો અને એક દોસ્તની મુવાફેક તેને ભેટયો. જેવા સર્વે પરોણાઓ એકઠા થયા કે ખાણું બાહેર કાહડવામાં આવ્યું અને સર્વે જમવા બેઠા. ખાણું ખાઇ રહયા પછી **સીનબાદે** પોતાના પરોણાઓને કહ્યું "મારા દોસ્તો, મારી બીજી સફરનો જે અહેવાલ હું તમને આજે કહી સંભલાંવું છું તે ઉપર તમો મેહરબાંની કરીને તમારૂં ખાસ ધ્યાન આપશો. મને આશા છે કે મારી પેહલી સફર કરતાં આ બીજી સફરની હકીકત તમને વધારે પસંદ પડશે." બધા પરોણાઓ ચુપ થયા કે સીનબાદે નીચે મુજબ પોતાની બીજી સફરનો એહવાલ કેહવા માંડયો:—

સીનબાદ ખલાસીની બીજી સફર.

મારી પેહલી સફરની હકીકત કેહતાં મેં છેલ્લે કહ્યું હતું મારી જીંદગીના બાકીના દીવસ હું બગદાદમાં સુખ સાંતીમાં ગુજારવાનો વિચાર રાખતો હતો. પણ આળસુ બેસી રેહતાં મને તુરતજ કંતાલો આવ્યો અને નવા નવા દેશો જોવાં તથા દરયાઇ સફરો કરવાની મારી પાછી ઇચ્છા થઇ. મારે બરનો માલમતા ખરીદવાને મેં આરંભ કર્યો અને ઘણોક માલ લઇ સારા ને પ્રમાણીક વેપારીઓ સાથે વહાણુ માંડી મારી બીજી સફરે નીકલ્યો. અમારૂં વહાણુ ઘણું સારૂં હતું અને ખોદાવંદતાલાની મદદ ચાહી અમોએ અમારી મુશાફરી સરૂ કીધી.

અમોએ એક બેટથી બીજે બેટ સફરો કરવા માંડી અને અમારો માલ ઘણાં સારા નફાથી વેચવા માંડયો. એક દીવસે અમો ઘણા ફૂલવંત અને લીલોતરીથી ભરેલા બેટ આગલ આવી પુગા પણ ત્યાં અમને માણસ જાતની વસ્તી બીલકુલ માલમ પડી નહીં અને એકબી મકાન નજર આવ્યું નહીં.

અમો તે બેટ ઉપર કેટલાક જન સાથે થઇ ઉતર્યા. તેમાંથી કેટલાકો ત્યાંથી ફલફલાદી તોડી ખાવા લાગ્યા, કેટલાકો એકઠા થઇ બેસી વાતો કરવા લાગ્યા, કેટલાકો એકઠા થઇ ખાવા પીવા લાગ્યા, અને કેટલાકો અહીં તહીં ફરવા હરવા લાગ્યા. હું મારી સાથે વાહણુ પર થોડોક ખોરાક તથા સરાબ લાવ્યો હતો તે લઇ એક ઝાડને છાંયડે બેઠો જ્યાં મને એકાંતે ઠીક મજાહ પડી. મારી ભુખને સંતોખીને જરા લેટયો તો ઉંધે મારી પર ગલબો કીધો અને ત્યાંની ખુશ હવામાં હું ઉંધાઇ ગયો. હું કહી નહીં શકતો કે હું કેટલોવાર સુઇ રહ્યો હઇશ પણુ જ્યારે હું ઉઠયો ત્યારે મારૂં વહાણુ મારી નજરે બીલકુલ પડયું નહીં. હું ઘણોજ અજાયબ થયો અને મારા સોબતીઓને સોધવા લાગ્યો પણુ તેઓની કાંઇ ધનનસલ મને માલમ પડી નહીં અને જ્યારે હું દર્‌યાવમાં દુર વેર નજર કરી જોવા લાગ્યો ત્યારે મારી નજરે મારૂં વહાણુ ઘણુાજ જોસથી ઝડપથી ચાલતું નજરે પડયું તે દેખાવ પણુ થોડીક પલમાં મારી નજર આગલથી ગુમ થયો અને હું તદન એકલો વસ્તી વગરના ઉજડ બેટમાં રહ્યો.

મારી આવી એકલી અતુલી હાલતથી મને કેટલું દુઃખ લાગું હશે તેનો ખ્યાલ તમારેજ કરવો. મને વિચાર આવ્યો કે આ દુઃખથી મારી જીંદગીનો ખચીત છેડો આવશે. મેં ઘણી બુમો પાડી અને મારા કમનસીબને ખુબ રડયો, મારૂં મોહડું માંથુ કુટયું અને સેવતે નીસોસ થઇ જમીન પર પડયો અને પડયો પડયો હજારો વિચારો અને સોચનાઓનો ખ્યાલ કરતો હતો. મેં હજારો કડુવા મારા જીવને દીધી અને મારી પેહલી સફરથી મને જે દુઃખ સોસવું પડયું હતું અને સેવતે આટલો બધો પૈસો મેલવ્યો હતો તે ઉપર સંતોષ ન ધરતાં વધારે લોભ કીધો તેથી આ ફેજે પોંહચ્યો તે જોઇ ઘણોજ પસ્તાવો કરવા લાગો; પણુ તે પસ્તાવો હવે ઘણો અસુરો હતો. હવે તો ખોદાવંદતાલા ઉપર ભરસો રાખવા સીવાએ બીજો ચારો રહ્યો નહીં હતો પણુ આગલ શું કરવું તે સુજે નહીં. હું એક મોટાં ઝાડ પર ચહડી આસપાસ જોવા લાગ્યો તો કોઇબી રસ્તો એવો નહીં દેખાયો કે મને કોઇબી રીતની આશા આવે. દર્‌યાવ તરફ મારી નજર ઠેરવી તો પાણી અને આસમાન સીવાય બીજું કાંઇ દીસ્યુંજ નહીં. જમીન તરફ જોતાં ઘણે વારે મારી નજરે એક સફેદ ધાબું નજર આવ્યું કે હું ઝાડ પરથી નીચે ઉતરયો ને મારો બાકી વધેલો ખોરાક લઇને પેલાં ધાબાં તરફ ચાલુ મુકયું પણુ તે એટલું તો દુર હતું કે તે શું છે તે હું બીલકુલ પારખી શકયો નહીં. પણુ જેમ જેમ આગલ જતો ગયો તેમ તેમ તે ઘણો મોટો ગોલો દેખાવા લાગ્યો. છેલ્લે નજદીક જઇ પુગો ને તેને હાથ લગાડયો તો તે કાંઇ પોચો ને સફેદ ગોલો લાગો. તે એટલો તો મોટો હતો કે મેં ધાર્યું કે તેની અંદર જવાને કોઇ દરવાજો યા માર્ગ હશે પણુ તેવો કોઇ માર્ગ મને મલ્યો નહીં; તે ગોલો એટલો પોચો અને તે સાથે વળી એટલો તો સુવાલો હતો કે તે ઉપર ચહડી શકાય એમબી ન હતું. તેનો ઘેરાવો ખાસો ૫૦ ફીટ જેટલો હશે.

સુરજ અસ્ત પામવાંનો વખત થવા આવ્યો હતો; પણુ તેટલાં જાણે વાદલુ ચહડી આવ્યું હોય તેમ એકાએક અંધારૂં થઇ ગયું. આ ફેરફારથી હું ઘણો અજાયબ થઇ ઉંચે જોઉં છું તેટલાં એક ઘણુંજ મોટું રાક્ષસી કદનું પક્ષી મારી તરફ ઉડી આવતું જણાયું. મેં આગલ ખલાસીઓથી એવું સાંભલ્યું હતું એક ઘણું મોટું અને ભયંકર પક્ષી આવે છે જેને રૉક કરીને કહે છે. અને મેં ધાર્યું કે જે મોટો પોચો ગોલો મારી પાસે પડેલો હતો તે એ રૉક પક્ષીનું ઇંડું હશે. આ મારી ધારણા ખરી પડી કારણકે તે પક્ષી તુરતજ નીચે આવી પેલાં ઇડાં પર બેઠું. જ્યારે મને તે પક્ષી નીચે ઉતરતું જણાયું ત્યારે હું તેની છેક નજદીક જઇ ઉભો અને તેનો પંજો જ્યારે મેં જોયો ત્યારે તે એટલો તો મોટો હતો કે મોટા ઝાડનું ઠડ પણુ તેની આગલ ન્હાનું દેખાય. મેં ધાર્યું કે જો એના પંજા સાથે બંધાઉ તો એ જ્યારે સહવારે ઉડી જશે ત્યારે હું સાથે ઉડીશ અને તે મને આ

ઉજડ ખીનમાંથી બાહેર લઇ જઇ શકશે. આ મારી યોજના ફતેહમંદ ઉતરી અને જ્યારે તે રાક્ષસી પક્ષી સહવારે ઉડયું ત્યારે હું પણ સાથે ઉડયો. તે એટલું તો ઊંચે ગયું કે મારી નજરે જમીન તો દેખાઇજ નહીં, પણ તે પાછું એટલું તો ઝડપથી નીચે ઉતરવા લાગ્યું કે હું લગભગ બેસુધ્ધ થઇ ગયો અને મને નહીં સમજ પડી કે હું કયાં છું. જ્યારે તે રૉક, જમીનપર ઉતરયું કે તુરતજ મેં બાંધેલો ગાંઠ છોડી નાખ્યો અને હજુરતો હું બરાબર છુટો થાઉં તેની અગાઉ એક મોટા અને અસાધારણ લંબાઇના સાંપને પોતાની જબરી ચાંચમાં ઉપાડી પાછું તુરતજ ઉડી પણ ગયું.

પેલાં પક્ષીએ જયાં મને ઉતારયો તે એક ઘણી ઉંડી ખીણ હતી જેની ચારો બાજુએ ફરતા મોટા ઉભા ડુંગરો હતા. તે એટલાતો ઉંચા હતા કે તેનાં શીખરો આસમાનમાં ઘુસી ગયાં હોય એમ દીસવા લાગ્યા, વલી તે એટલા તો સીધા હતા કે તે ઉપર ચહડવાની કોશેશ કરવીજ વ્યર્થ હતી. આ વલી નવો સંતાપ હતો; પેલો બેટ છોડીને આ ખીણમાં આવવામાં મેં કાંઇ દાહપણ ખરચ્યું નહીં હતું કારણ તે બેટ આ ઉંડી ખીણ કરતાં હજાર દરજ્જે ઠીક હતો.

તે ખીણમાં હું ફરવા લાગ્યો તો મારી નજરે ઘણાંક હીરાઓ પડયા જેમાં કેટલાક તો અજાયબ જેવા મોટા કદના હતા. હું તે હીરાઓ ઘણી ખુશાલી સાથે તપાસતો હતો પણ તેટલાં મારી નજર જરા દુર ગઇ તો જે ખુશાલી મને તે હીરાઓ જોઇ ઉપજી હતી તે ગુમ થઇ અને સામી એટલી તો ધાસ્તી ઉપજી કે હું ધ્રુજવા લાગ્યો. મારી નજરે ત્યાં સંખ્યાબંધ સરપો પડયા, જે એટલાતો લાંબા ને એટલાતો મોટા હતા કે તેમાનો ન્હાનામાં ન્હાનો સરપ એક હાથીને સેહેલાઇથી ગલી જવાને શકતીવાન દીસતો હતો. દીસના તો તેઓ પાહડની કદનમાં ભરાઇ રહે છે કારણ કે તેઓના જણમ-વેરી 'રૉક'થી તેઓ એટલાતો બીહેછે કે જયાં સુધી રાતનું પુરતું અંધારૂં થતું નથી ત્યાં સુધી તેઓ બાહેરજ નથી નીકલતા. મેં આખો દીવસ તે ખીણમાં ફરી ફરીને પુરો કીધો અને જ્યારે સાંજ પડી ને અંધારૂં થવા માડયું કે હું એક ન્હાના ગોફામાં ભરાયો કે ત્યાં હું સલામતી સાથે આખી રાત ગુજારૂં. મેં તે ગોફાનું મોહડું, જે નાનું અને નીચું હતું તે, એક પથરાથી બંધ કરી લીધું કે તેમાં સાંપો દાંખલ થઇ મને હેરાન નહીં કરે, તોપણ હવાની આવજાવ માટે મેં થોડીક જગો ખુલ્લી રાખી હતી. મારી પાસેના ખાણાંમાંથી થોડુંક ખાઇ હું બેઠો અને સાંપોનો આવાજ ખુલ્લો મને આવવા લાગ્યો. તેઓ મારા ગુફાની નજદીકજ મોટા અવાજો કરતા ફરતા સંભળાતા હતા તેથી ધાસ્તીનો મારયો બોદા બોદા કરીને આખી રાત ધ્રુજવા થથરવામાં કાહડી. જ્યારે સવારૂં પડયું કે સાંપોએ પોતાના દરમાં ગુસવા માંડયું અને તે જોઇ હું ધ્રુજતો બાહર આવ્યો અને હું ખરૂં કહું છું કે હું હીરાઓના ઢગના ઢગ ઉપરથી ચાલતો હતો તોપણ તે કીમતી હીરાઓમાંથી એકબી લેવાને મારાં દીલમાં જીગ્નાસા થઇ નહીં. જયાં જીવ સતોસતની વાત ત્યાં જીવ કરતાં બીજું કાંઇબી પ્યારૂં લાગું નહીં. છેલ્લે હવે શું કરવું તેના વિચારોથી બહુ કંતાળ્યો અને કાંઇબી સેવટપર આવ્યા વગર હું જમ્યો અને ગઇ રાતે મેં એકવારબી આંખ મીચેલી નહીં તેથી મને ઉંગ આવવા લાગી ને હું હીરાના બીછાનાપર પડયો, હજુરતો મને ઉંગ આવવાની સરૂઆત થાયછે, તેટલાજ કાંઇ ધપ દઈ ને મારી પાસે પડયું કે હું ચોંકીને પાછો ઉઠયો. તે શું પડયું તે જોવા જાઉંછું તો તાજાં માંસનો એક મોટો કકડો હતો; વલી તેજ ઘડી બીજા તેવાજ મોટા કકડાઓ ઉપરથી ગગડી પડયા.

આ આગમચ મેં ઘણી વખતે ખલાસીઓ વીગેરેથી એવું સાંભળ્યું હતું કે હીરાની ખીણ જ્યાં છે ત્યાંથી અજાયબ જેવી યુકતીથી તેઓ હીરા મેલવે છે જે યુકતી મારા માનવામાં નહીં આવતી હતી પણ હાલ તે ખરી પડી. તે હીરા મેલવવાની યુકતી આ પ્રમાણે છે: હીરાના વેપારીઓ જે હીરાની ખીણ તરફ જાય છે તે ખીણ મોટા મોટા પાહડોથી વીંટલાયલી હોવાથી ને ત્યાં ગીધો વસેછે.

તે ગીધો જ્યારે પોતાના સેવન બેઠેલાં ઇંડાં ફોડે છે તે વખત સાંધીને વેપારીઓ ત્યાં જાય છે, કારણ કે જ્યારે ગીધોનાં બચ્ચાંઓ ન્હાના હોય છે ત્યારે તેઓના ખોરાક માટે મોટાં ગીધો સોધમાં રહે છે. હવે વેપારીઓ પોતા સાથે માંસના મોટા કકડા લાવે છે તે પેલી ખીણમાં નાંખે છે કે તેની ઉપર ખીણ માહેલા હીરાઓ, તે માંસ તાજું હોયાથી, વલગી જાય છે. તે વલગેલા હીરા સાથે પેલા માસના કકડાઓ ગીધો ખીણ માહેથી પોતાના બચાંના ખોરાક માટે પાહડ પર લાવે છે. આ ગીધો બીજાં દેશના ગીધો કરતાં કદમાં અસાધારણ મોટાં હોય છે. તેઓ જેવાં પેલા માસના કકડા ઉપર લાવે છે તેવા પેલા વેપારીઓ ઘોંગાત ને ગડબડ કરીને ગીધોને નહસાડી મેલે છે અને પેલા માસ પર વલગેલા કીંમતી હીરા પોતાને હસ્તક કરી લે છે. હું જ્યારે આ હીરાની ખીણમાં આવી પડયો ત્યારે મને એવીજ ખાતરી હતી કે આ હીરાની ઘોરમાંજ હું કબરવાસી થઇશ પણ જ્યારે મેં માસના કકડાઓને મારી નજદીક આવી પડતા જોયા ત્યારે મારાં દીલમાં ગોયા નવો જીવ આવ્યો. હવે હું સર્વેથી મોટા હીરાઓ એકઠા કરવા મંડયો અને જે મોટામાં મોટા હીરા હું મેલવી શકયો તે સર્વે મેં મારી ચાંમડાંની કોથલી, જેમાં હું મારો ખોરાક રાખતો હતો તેમાં તે ભર્યા અને મારી કંમરે બાંધી લીધી. તે પછી મેં મારી પાઘડી ઉખેડી અને એક મોટા માસના ટુકડા સાથે તેનો એક છેડો બાંધ્યો અને બાકીની મારી કંમરે મજબુત વીંટાલી હું ઉંધો પડયો. આ સર્વે તૈયારીઓ હું કરી રહયો તેટલાંમાં તો ત્યાં ગીધો આવતાં ગયાં અને અકેક પછી અકેક પેલા માસના કકડાઓ લઇ ઉંડી જવાં લાગ્યાં, છેલ્લે એક ઘણો મજબુત અને જોરાવર ગીધ મારી તરફ આવ્યો. મેં જે કકડો મારી કંમરે બાંધ્યો હતો તે ઉપર તરાપ મારી અને મારી સાથેજ તે પોતાના માલા તરફ ઉપાડી ઉંડી ગયો. જેવો મને પોતાના માલા તરફ લાવીને મુકયો કે પેલા વેપારીઓએ ત્યાં આવી મોટી મોટી બુમો પાડી પેલા ગીધને ત્યાંથી નસાડી મેલ્યો. તેમાંનો એક વેપારી મારી તરફ ગુસ્સાથી ધસી આવ્યો અને મારી સાથે ટંટો કરવા લાગ્યો કે તેની હદમાં હું કેમ ઘુસી આવ્યો. મેં કહ્યું કે "તમો મારી દયા ખાવાને બદલે મારી સાથે ગુસ્સામાં આવી કજીઓ કરો છો તેથી હું અજાયબ થાઉં છું. જ્યારે તમો જાણશો કે હું આ જગા તરફ કેવી રીતે આવ્યો છું ત્યારે ખચ્ચીત તમને મારી હાલત વિશે દયા આવશે. તમો જાણીને સાંત થશો કે મારી પાસે તમોને તથા મને પુરતા થઇ પડે તે કરતાં વધારે હીરાનો જથ્થો છે, વળી મારી પાસેના હીરા તમારા તથા તમારા સોબતીઓના બધા હીરા કરતાં ઘણાં કીંમતી છે. બલકે મારો ફકત એક હીરો એટલો કીંમતી છે કે તમારા બધા હીરાની કીંમત માટે પુરતો છે. આ આખી કોથલી ભરીને મારી પાસે કીંમતી હીરા છે." એમ કહી મેં મારી કંમરે બાંધેલી કોથળી તેને દેખાડી. હું મારૂં બોલવું પુરૂં કરી રહયો નહીં તેટલાંતો બીજા વેપારીઓ મને જોઇને મારી તરફ આવી લાગ્યા અને મારી આસપાસ ફરી વળ્યા અને મારી હકીકત સાંભળી ઘણા અજાયબ થયા. મેં મારી જીંદગી બચાવવાને જે હીંમત ભરી યુકતી કરી હતી તથા જીવ પર ખેડયું હતું તેથી તો તેઓ ઘણાજ વધારે અજાયબ થઇ દંગ થયા.

તેઓ મને જ્યાં તેઓ સાથે રેહતા હતા ત્યાં લઇ ગયા અને મારા હીરા જોઇને તેઓને ઘણું આશ્ચર્ય ઉપજયું; અને તેઓએ ખુલ્લું જણાવ્યું કે એવા મોટા અને કીંમતી હીરા તેઓએ કદી દીઠા નથી. જે માલામાં ગીધ મને ઉંચકી લાવ્યો હતો તે માલાનો ધણી જે પેલા વેપારીઓમાનો એક હતો તેને મેં ખુશીથી કહ્યું કે મારા હીરામાંથી જેટલા તેને જોઇએ એટલા લેવા; પણ તેમ કરવાને તેણે ના પાડી તોબી મેં ઘણી બોહસ કીધી ત્યારે તેણે મારી પાસેના હીરામાંથી ન્હાનામાં ન્હાનો એક હીરો લીધો મેં તેને બીજા વધારે લેવાને બોહસ કીધી પણ વધુ લોભ નહીં કરતાં તે બોલ્યો "બસ હું આટલા એક હીરાથીજ સંતોસ પામ્યો છું. એજ એટલો કીંમતી છે કે તેમાંથીજ

હું મારૂં ગુજરાન આબરૂથી ચલાવી શકીશ અને આવી જોખમભરી મુશાફરીઓ કરવાની મને જરૂર રેહશે નહીં."

રાતનાં મેં મારો વખત પેલા વેપારીઓ સાથે વાતચીતમાં ગુજારયો. મેં મારી મુશાફરીની હકીકત ફરીથી તેઓને કહી સંભળાવી કારણ કે થોડાકોએજ તે સાંભળી હતી. મારીપર પડેલું સંકત એટલું તો સખ્ત હતું કે તે વીટી ગયાથી મને એટલી ખુશાલી ઉપજી કે તે ખરેખરો બનાવ છે કે સ્વપ્નો છે તેબી હું જાણી શક્યો નહીં. મને કોઇવાર વેહમ જાય કે હું રખેને ખીણમાંજ હોઉ ને આ વેપારીઓ સાથે બેઠોછું તે ખ્યાલી સ્વપ્નોજ હોય! હવે મને ધારતી જેવું કાંઇ લાગ્યું નહીં અને હું આનંદમાં રેહવા લાગ્યો.

પેલા વેપારીઓ ઘણા દીવસના ત્યાં આવી રહેલા હતા અને જોઇતા હીરા મેલવી ચુકેલા હતા તેથી તેઓ બીજેજ દહાડે ઉપડી જવાના હતા, તેઓની સાથે જવાની મેં પણ તૈયારી કીધી. અમોએ પાહડોમાંથી અમારી મુશાફરી સરૂ કીધી કે જે પાહડોપર પુશકલ સાંપો ઉભાઇ જતા હતા પણ ખોદાની મેહરથી અમારામાનાં કોઇબી આ ઝેરી જનાવરોથી હેરાન થયા ન હતા. અમો ત્યાંથી જે નજદીકમાં નજદીક બંદર હતું ત્યાં સહીસલામત પુગા અને ત્યાંથી **રોહા**ના બેટ તરફ હંકારી ગયા જ્યાં કપુરની ઉત્પંતી થાયછે. આ કપુરના ઝાડો એટલાંતો મોટાં ને જબરાં હોયછે કે તેનાં થડમાં સેહલાઇથી સો સો આદમી સમાઇ શકેછે. આ કપુરના ઝાડનાં મથાલા પર એક મોટું કાણું પાડવામાં આવેછે અને તેની નીચે વાસણ ટાંગી રાખવામાં આવેછે અને જ્યારે તે ભરાઇ રહેછે ત્યારે ચોકસ વખતવેર રાખીને ઉતારી લેછે ત્યારે તે કપુર થાયછે. આ પ્રમાણે તેનો રસ કાહડી લીધા પછી તે ઝાડ સુકાઇને મરણ પાંમેછે.

આ બેટમાં ગેંડાઓની વસ્તી પુશ્કલ હોયછે: આ જાનવર હાથી કરતાં ન્હાનું તથા ભેંસ કરતાં મોટું હોયછે અને તેના નાક આગળ એક જબરૂં ને એક ફુટ લાંબુ સીંગડું જે સંગીન હોવા છતાં વચમાંથી ચીરાયલું હોય એવા દેખાવનું હોય છે એટલુંજ નહીં પણ તે ઉપર કેટલીક સફેદ લીટીઓ પડેલી હોયછે જે માણસને મલતી આવેછે. આ ગેંડાઓ હાથીઓ સાથે લડેછે અને લડતાં લડતાં હાથીના પેટમાં પોતાનું જબરૂં સીંગડું ભોકી દે છે અને તેને પોતાના મસ્તકપર ઉંચકીને લઇ જાયછે. પણ તેમ કરતાં તે હાથીનું લોહી તથા ચરબી તે ગેંડાની આંખમાં પડેછે તેથી તે બીલકુલ આંધલો થઇ જાયછે અને જમીનપર પટકાઇ પડેછે, વધારે અજાયબ જેવું તો એ છે કે આ બેની લડાઇમાં ત્રીજાને ફાયદો થાયછે. આ બે જબરાં પ્રાણીઓ આ રીતે મરણ પાંમે છે ત્યારે **રૉક** બંનેને પોતાના જબરા પંઝામાં પકડી ઉપાડી જાયછે અને ઉંચા પાહડો પર તેઓનું ભોજન પોતાના બચ્ચાં કચ્ચાં સાથે ખુશાલ રીતે કરેછે.

આ બેટમાં મેં એવી બીજી ઘણી અજાયબ જેવી બાબદો જોઇ જેનું બયાન કરવા બેસું તો તે એટલું લંબાન થાયં કે તમોને તેથી કંતાલો આવે. મેં મારા હીરાને બદલે કેટલોક કીંમતી વેપારજોગો સામાન ખરીદયો. હ્યાંથી અમો બીજે બંદરે હંકાલી ગયા અને એ મુજબ ઘણાક બંદરો કીધા પછી અમો છેલ્લે બસરા આવી પુગા; જ્યાંથી હું મારા સ્વદેશ બગદાદ ગયો. ત્યાં જતાં વાર પેહલે મેં નાચાર બેચાર તથા ગરીબ ગુરબાંઓને મારેથી બન્યું એટલું નાણું બક્ષીસ કીધું. આવી બક્ષીસથી મારૂં નામ દેશ પર દેશમાં પ્રખ્યાત થયું અને મોટી મેહેનત અને જબરી મુશકેલીથી જે દોલત મેં પેદા કીધી હતી તેનો આ રીતે સારો ઉપયોગ કરી સુખ ચેનથી રેહવા લાગ્યો."

હીયાં **સીનબાદ** પોતાની બીજી મુશાફરીની હકીકત પુરી કીધી. તેણે ફરીથી **હીનબાદને** સો સીકવીન આપવાનો હોકમ કીધો અને કહ્યું કે આવતી કાલે પાછો મારી ત્રીજી સફરનો અહેવાલ સાંભળવા આવજે.

સર્વે પરોણાઓ પોત પોતાને ઘરે ગયા અને બીજે દીને સવારે બરાબર વખતસર સર્વે જનાઓ હાજર થયા, જેમાં પેલો હેલકરીબી પોતાની મુફલેસી બીલકુલ ભુલી જઇ ત્યાં હાજર થવાને ચુક્યો ન હતો. તેઓ સર્વે ખાણું ખાવા બેઠા અને ખાણાંને સારીપેઠે ઇનસાફ આપવા બાદ સીનબાદે પોતાની ત્રીજી મુસાફરીની હકીકત કહી સંભળાવવાની ઇચ્છા દેખાડવાથી સર્વે જના તે ધ્યાનથી સાંભળવા બેઠા.

સીનબાદ ખલાસીની ત્રીજી સફર.

મારી બે સફરોથી જે જે સંકતો તથા દુઃખો મેં વેઠયાં હતાં તે સર્વે હવે હું ઘણો ખરો ભુલી ગયો હતો કારણ કે છેલ્લી સફર પછી મેં મારા દીવસો ઘણાજ સુખ ચેનમાં ગુજાર્યા હતા પણ હું જવાનીના પુરબાહારમાં હતો અને તેથી આ મુજબ આલસાઇમાં ને મોજ મજાહમાં મારા દીવસો ગુજરાવાને મને ગમયું નહીં તેથી આગલી મુશાફરીની મુશીબતો ભૂલી જઇ પાછો ધંધે રોજગારે લાગવાને હું લલચાયો અને બીજો ઘણોક ઉંચો અને ઉમદા માલ લઇ બસરા બંદર તરફ ગયો. વલી મેં બીજા વેપારીઓ સાથે વાહણમાં સફર કરવા માંડી. અમોએ ઘણાક વેપારી બંદરો કીધાં અને તે લાંબી મુશાફરીમાં ઘણોક નફો મેલવ્યો અને એ રીતે અમારો વેપાર ધુમધુકાર ફેલવા લાગ્યો.

એક દીવસે અમારૂં વહાણ ખુલ્લા દર્‌યાવમાં હતું તેટલા એકાએક એક જબરૂં તોફાન થઇ આવ્યું અને તેમાં અમો અમારા રસ્તાની ગણતરી બીલકુલ ચુકી ગયા. આ તોફાન કેટલોક દહડા સુધી ચાલુ રહ્યું અને તેમાં અમો એક બેટ તરફ ઘસડાઇ ગયા, અમારા નાખુદાની મરજી ત્યાં લંગર કરવાની નહોતી તોપણ અમોએ બોહસ કીધાથી તેણે થોડેક દુર લંગર કીધું. વાહણના સઢ ઉતાર્‌યા પછી અમારો નાખોદા બોલ્યો કે આ બેટ તથા તેની આસપાસના બીજા બેટોમાં પુશ્કલ જંગલી માણસો વસે છે, કે જેઓના આખ્ખા બદન ઉપર તમામ બાલ ઉગેલા હોયછે અને તેઓ બીલકુલ જંગલી અવસ્તામાં રહેછે, તેઓ આપણને જોતાંજ આપણી ઉપર હુમલો કરશે. વલી તેણે વધું એ જણાવ્યું કે તેઓ સાથે લડતાં આપણને પાલવશે નહીં કારણ કે જો આપણે હાથે તેઓનું એકબી આદમી મરણ પામશે તો તેઓ ટોળે ટોળાં આપણી ઉપર તુટી પડશે અને આપણો નાસ કરશે. આ ઉપરથી આખું વહાણ હલમલી રહ્યું અને અમો સર્વે અમારી જીંદગી વિશે ફીકરમંદ થઈ પડ્યા. થોડા વખતમાં નાખુદાનું બોલવું ખરૂં પડયું કારણ સંખ્યાબંધ જંગલી માણસો—જેઓના બદન લાલ બાલથી તમામ ભરેલાં હતાં અને તેઓ માત્ર બે ફીટ ઉંચા હતાં તેઓ—અમારા વહાણ તરફ આવવા લાગ્યાં. તેઓ તુરતજ દર્‌યાવમાં કુદી પડી તરતાં તરતાં અમારા વહાણ નજદીક આવી પુગાં અને અમારા વહાણને એક પલમાં ઘેરી લીધું. તેઓ કાંઇ બોલવા લાગ્યાં પણ અમો તેઓની ભાષા બીલકુલ સમજી શક્યા નહીં. તેઓ એટલાતો ઝડપથી વાહણના દોરડાં પકડી ઉપર ચહડી આવ્યા કે ગોયા તેઓ ઉડીને આવ્યા હોય એમ અમને લાગ્યું થોડા વખતમાં તો અમારૂં વહાણ તે જંગલી લોકોથી કીડીની માફક ઉભાઇ ગયું.

તમોજ વિચાર કરો કે આ વખતે અમારી હાલત કેવી થવી જોઇએ, કારણ કે નહીં અમો તેઓની સાંમે થઇ શક્યા કે નહીં અમો અમારો બચાવ કરી શક્યા. તેઓએ તુરતજ અમારા વાહણના સઢ કાપી નાખ્યા, લંગરના દોરડાં તોડી નાખ્યાં, અને અમારૂં વાહણ એક સપાટામાં કીનારે ઘસડી લઇ ગયા અને અમોને જોર જુલમથી કીનારે ઉતારી અમારા વાહણનો કબજો લીધો અને અમોને એક બીજા બેટ તરફ જોર જુલમથી ઘસડી લઇ ગયા કે જ્યાંથી તેઓ આવ્યા હતા. બધા વહાણવતીઓ આ ટાપુથી દુરના દુર રહેછે પણ અમારૂં કમનસીબ અમને ત્યાં ઘસડી ગયું ત્યાં નાચાર થઇ જે બને તે ઉપર આધાર રાખી નસીબ દેવીને આધારે પડયા.

આ ટાપુ ઉપર કીનારા પરથી અંદર જઇ જોતાં ત્યાં થોડાંક ફલો તથા ભાજી પાલો મલી આવ્યો જે ઉપર બને ત્યાં સુધી ગુજારો કરવાનો અમોએ ઠેરાવ કીધો. અમો હજુર આગળ ચાલતા હતા તેટલાં અમારી નજરે એક મોટી ઇમારત પડી જે તરફ અમોએ ઝડપથી અમારાં પગલાં ફેરવ્યાં. તે એક મોટો અને કુસાદે મેહલ હતો. જેના દરવાજા અબનુસના હતા, તે આંચકો મારતાં ઉગડી ગયા અને અમો અંદર દાખલ થયા. અમો ચોકમાં દાખલ થયા ને જોયું તો દરવાજાની સાંમે એક મોટી ચાલ હતી તે પાસે માણસનાં હાડકાંનો મોટો ઢગનો ઢગ પડેલો હતો! વલી ત્યાંજ રોસ્ત કરવા અને ભુંજવા માટે મોટી મોટી લોખંડની શીકો તૈયાર પડેલી હતી. આ ભયભરેલો દેખાવ જોઇ અમારા તો ટાંકાજ ઘીલા થઇ ગયા અને આ નવી બલાથી થરથર ધ્રુંજવા લાગ્યા, ને આગળ ચાલવાની તાકાતજ રહી નહીં અને પગો લહડીજ પડયા અને અમો બધા ભોંય પર ફસડાઇ પડયા જ્યાં અમો મુડદાં જેવા ઘણો વાર સુધી પડી રહ્યા.

સુરજ અસ્ત પાંમતો હતો; અને અમો આગળ જણાવ્યા મુજબ મુડદાં જેવા પડેલા હતા તેવામાં પેલાં મકાનનું બારણુ મોટા આવાજ સાથે ધડાકા બંધ ઉગડી ગયું અને તેમાંથી એક કાલો અને ભંયકર દેખાવનો ઉંચો તાડ જેવો રાક્ષસ બાહેર નીકળ્યો. તેના કપાલમાં વચમાંથી એક મોટી લાલ આતસ્યા આંખ ચકચક કરતી હતી, તેનું મોહડું ગોયા એક મસ્ત ઘોડાના જેટલું મોટું હતું અને તેનો નીચલો હોઠ તેની છાતી સાથે અઠડતો હતો, તેના કાનો હાથીના કાનને બરાબર મલતા હતા અને તેથી તેનાં ખભાં ધંકાતાં હતાં અને તેનાં લાંબા અને તીક્ષન નખો ગોયા રૉક પક્ષીના આંગલાંઓ હતાં. તેનો ભંયકર દેખાવ જોઇ અમો તો તુરતજ બેસુધ બની મુડદાંને અવતારે પડી રહ્યા.

અમો જ્યારે સુધીમાં આવ્યા ત્યારે અમોએ જોયું તો તે પેલી ચાલના બારણાની વચમાં બેસી તે અમારી તરફ બળતી આંખે જોતો હતો. જ્યારે તેણે અમોને હુશીયાર થયલા જોયા ત્યારે તે અમારી તરફ ધસી આવ્યો અને પોતાનો હાથ લાંબો કરી મને ગરદનમાંથી પકડયો અને જે માફક એક ખાતકી બકરાંને તપાસી જોય તે માફક મને દરેક બાજુએથી ફેરવી ફેરવીને તપાસવા લાગ્યો. જ્યારે તે મને બરાબર તપાસી રહયો ત્યારે તેને માલમ પડયું કે મારાંમાં માંસ જેવું તો કાંઇ નથી પણ ચામડાં ને હાડકાંજ છે ત્યારે મને છોડી દીધો અને એ મુજબ તેણે અમારામાંથી દરેકને વારા ફરતી તપાસી જોયા પણ કોઇ ફરબે માલમ પડયો નહીં, પણ અમારો નાખુદા તેને સર્વેથી ફરબે માલમ પડયો તેથી તે બીચારાને એક હાથે પકડી બીજે હાથે રોસ્ત કરવાની શીક તેના બદનમાં આરપાર ભોકી ઘાલી! મોટો આતસ સલગાવી તે ઉપર અમારા કમનશીબ નાખુદાને તે નાપાક દૈત્યે ભુંજવા મુકયો અને ભુંજાયા પછી તેને તે અંદર લઇ ગયો જ્યાં તે નાપાકે તેનો નાસ્તો કીધો. તે પછી તે ધરાઇને બાહાર આવ્યો અને ઉંઘવા માડયું. તે ઘોરતો હતો તે જાણે આસમાન ગગરતું હોય તેમ લાગતું હતું. તે સવાર સુધી એકી તગરે ઉંઘાયો અને જ્યારે તે ઉંઘતો હતો ત્યારે અમોતો ધાસ્તીથી આખી રાત ધ્રુંજતા થથરતા હતા. સહવારૂં પડતાજ તે ઉઠયો અને અમોને ત્યાં એકલા મુકી તે ચાલતો થયો.

અમો આખી રાત પેલો રાક્ષસ વખતે અમારી ગડબડથી જાગી ઉઠે અને અમારો નાશ કરી નાખે એવી ધાસ્તીથી ચું કે ચાંબી કરી શકયા ન હતા પણ પેલો રાક્ષસ જેવો અમારી નજર આગળથી દુર ગયો તેવાજ અમો આખી રાતના ધાસ્તીના મારયા ચુપકીદા પડી રહ્યા હતા તે એકદમ રડવા પડયાં અને અમારી કલાપીટથી આખો મેહલ હલમલી રહયો. જોકે અમોતો ઘણા આસામીઓ હતા અને અમારો દુશમન તો ફકત એકજ હતો તોપણ તે એકને મારીને અમારો જીવ બચાવવાની કોઇને તદબીર સુજ પડી નહીં. પણ તે રાક્ષસનો જીવ લેવો એ કાંઇ સેહલું કાંમ ન હોતું તોપણ કાંઇ યુકતી કરીને જીવ બચાવવાને કોઇને સુજયું નહીં.

અમોએ તરેહવાર યોજનાઓ રચી પણ એકબી ફતેહમંદ દેખાઇ નહીં; અને ફકત ખુદાપર ભરૂસો રાખી ત્યાં જેબી ફળ ફુલ મળ્યાં તે ખાઇને તથા વિચારમાને વિચારમાં આખો દીવસ પુરો કીધો. સાંજ પડતાં અમોએ સુવા માટે કોઇ બીજી સારી જગ્યા શોધી પણ કોઇબી મલી નહીં આવવાથી આખરે નાચારીથી પેલા મહેલ તરફ પાછા ગયા.

પેલો રાક્ષસ વખતસર હાજર થયો અને અમારામાંથી એક કમનસીબનો નાસ્તો કરવાને ચુકયો નહી. પોતાનાં કંગાલ ભોગનો ભક્ષ કરી પોતાની ભુખને સંતોષ પમાડી તે રાક્ષસ ઊંગમાં પડયો અને જયારે સુરજ ઉગયો ત્યારે તે ઉઠયો અને આગળની માફક ચાલતો થયો. અમારી હાલત એટલી તો ખરાબ હતી કે અમારી જીંદગી બીલકુલ આશા વગરની થઇ પડી તેથી અમારા કેટલાકો તો આવાં જબુન મોહતે મરવા કરતાં દરયાવમાં કુદી પડી આપઘાત કરવાને તૈયાર થયા કારણ કે આ રાક્ષસ તેમને ને કમકમાતભરી રીતે ભુંજી ખાય તે કરતાં દરયામાં ડુબી મરવું એ વધારે સાંત મોહત ગણાય; અને તેઓ બીજા બાકીનાઓને પણ એ પ્રમાણે આપઘાત કરવાને ઉશકેરવા લાગા, પણ તેટલાં અમારાંમાંથી એક બોલ્યો: "આપઘાત કરવો એ જબુન ગુનાહનું કાંમછે, વલી જે રાક્ષસ આદમજાત તને આવા ક્રુરપણે મારી ખાયછે તે નાપાકને મારી નાખવાની કોઇપણ યુકતી આપણે કરી શકતા નથી? આવી રીતની વાત નીકલતાંજ મેં મારા મનમાં જે યુક્તી આગળથી રચી રાખી હતી તે મારા સાથીઓને કહી સંભળાવવાને હીંમત ચલાવી; હું બોલ્યો "મારા દોસ્તો તમને ખબરતો છે કે કીનારા પર પુશ્કલ લાકડાંઓ પડેલાં છે. જો તમો મારી સલાહ માનતા હોવો તો તે લાકડાંના આપણુ જોઇતા તરાપા બનાવી રાખ્યે અને તે એક છુપી જગ્યાએ સંતાડી રાખ્યે અને મેં જે યુક્તી રચીછે તેમાં જો આપણે નીશફલ થઇએતો આ રાક્ષસથી બચી જવાને આ તરાપા આપણુને કીંમતી સાંધન થઇ પડશે પણ જો મારી યુક્તી પાડ પડીતો જયાં સુધી કોઇ વાહણ આપણી નજરે આવે ત્યાં સુધી આ બેટમાં પડી રેહવા આપણુને કાંઇ હરકત નડશે નહીં. તરાપામાં બેસી આવા મોટા દરયાવમાં મુસાફરી કરવી કાંઇ સેહલી નથી તેમજ ઓછી જોખમભરી નથી, તોપણ આ રાક્ષસને હાથમાં આપણે કયાં થોડા જોખમમાં છીએ? આપણા બે દોસ્તોની ઘોર આ નાપાક રાક્ષસના પેટમાં થઇ તેના કરતાં તો દરયાવના પેટાંમાં આપણી ઘોર થશે તે વધારે સુખી મોહત ગણાશે. મારી સલાહ તેઓના ધ્યાનમાં ઉતરી અને અમો તુરતજ મોટા તરાપા બનાવવા મંડી ગયા, દરેક તરાપો ત્રણ માણસને સેહલાઇથી લઇ જઇ શકે એવો બનાવ્યો.

અમો પેલા મેહલ તરફ સાંજના પાછા ફરયા, અમારા સોબતીઓમાંથી એકે પોતાનો ભોગ પેલા નાપાક રાક્ષસની ભુખને સંતોખવા આપ્યો પણ અમોએ તુરતજ તેનો બદલો અમારાં વેરમાં લીધો. તેણે પોતાનો ખોરાક લીધા પછી તે પોતાની સાધારણ રીત પ્રમાણે ભર ઉંઘમાં પડયો. જેવો તેનો ઘુરવાનો અવાજ સરૂ થયો કે અમારામાંથી નવ જબરા ને હીંમતવાન આસામીઓ સાથે લઇ હું તે રાક્ષસ જ્યાં ઉંઘતો હતો ત્યાં ગયો અને ત્યાં સલગેલા આતસમાં પેલી માણસ ભુંજવાની મોટી સીકો લાલચોલ તપાવી અને સાંમતા જોરે તેની આંખમાં ભોકી દીધી તેથી તે નાપાક રાક્ષસ આંધળો થઇ ગયો.

તેની આંખ ફુટવાથી તે જાગી ઉઠયો પણ તે ઉઠે તે આગમચ અમો તુરતજ દુર નાહસી ગયા. જેવો તે દુ:ખથી બરાડ મારતો ઉઠયો તેવોજ આસપાસ અમને પકડવા માટે ગુસ્સાથી હાથ ફેરવવા લાગ્યો પણ અમારામાંથી કોઇબી તેના હાથમાં આવી શકયું નહીં. થોડોક વખત શોધાશોધ કીધા પછી તે બુમો પાડતો દરવાજામાંથી બાહાર પડયો.

તે રાક્ષસના જવા પછી અમોબી તુરત પેલા મેહલમાંથી બાહાર પડયા અને જ્યાં પેલા તરાપાઓ છુપાવેલા હતા ત્યાં ગયા અને તેઓને દરયાવમાં નાખી તે ઉપર ચઢી બેઠા અને સહવારૂં પડતાંજ જો

પેલો રાક્ષસ અમારી પુઠે લાગે તો તે હંકારી જવાની તૈયારી રાખી, કારણકે તેની બુમ બરાડો હવે હવામાં નાબુદ થયલી હોવાથી અમો તેને મુવેલો સમજ્યા અને એમ જો હોય તો જ્યાં સુધી કોઇ વહાણ અમારી નજરે પડે ત્યાં સુધી ત્યાંજ પડી રેહવાને અમોએ ઠેરાવ કીધો. પણ હજુરતો સુરજ તલુ થયો નહીં હતો તેટલામાં અમોએ અમારા ક્રુર દુશમનને તેના જેવાજ બીજા બે મોટા રાક્ષસો સાથે આવતાં દીઠો, તે નાપાકને પેલાઓ રસ્તો દેખાડતા હતા વલી તેઓ સાથે બીજા પુશકલ રાક્ષસો પણ હતા, તેઓ ઝડપથી અમારી તરફ આવતા હતા.

આ આફત જોઇ અમો તુરતજ અમારા તરાપા જેટલી ઝડપથી બન્યા તેટલી ઝડપથી હંકારવા લાગ્યા. પેલા રાક્ષસોની નજર અમારી ઉપર પડતાંજ તેઓ મોટા મોટા પથરાઓ ઊંચકી અમારા તરાપાઓ ઉપર ધડોધડ ફેંકવા માડયા તેથી હું જે તરાપા પર મારા બે સોબતીઓ સાથે બેઠેલો હતો તે તરાપા સીવાએ બીજા બધા તરાપા ડુબી ગયા.

અમારામાં જેટલુંબી જોર હતું તે સર્વે જોર વાપડી અમોએ અમારો તરાપો ચલાવ્યો અને બનતી ઝડપે અમો પેલા પથરાઓ નહીં પુગી વલે એટલા દુર જઇ લાગ્યા.

અમો જયારે ખુલ્લા દરયાવમાં મોજા અને પવનને આધારે અને તેઓની દયાને સ્વાધીન થઇ ડોલતા હતા અને ઘડી બે ઘડીમાં દરયાવના ઓહલા પેટામાં અમારી કબર થશે એમ અમને લાગયું પણ તેટલા ખોદાની મેહરબાંનીથી અમોને એક ઉછલતા મોજાએ એક બેટ પર લાવી નાખ્યા જ્યાં અમો મોટી ખુશાલી વચ્ચે ઉતરયા. અમને ત્યાં ઘણાં સારાં ફળો ખાવાના મલ્યાં જે ખાધા પછી અમને ઠીક જીવ આવ્યો અને અમને તાકાત પણ આવી.

જ્યારે રાત પડી ત્યારે અમો કીનારાપરજ સુતા; પણ કાંઇ ગડબડ થવાથી હું જાગી ઉઠયો અને જોઉછું તો એક અતીઘણો મોટો સાંપ અમારી નજદીક આવી પુગો હતો અને અમારા એક સોબતીને તો અરધો ગલી પણ ચુકો હતો. અમોએ અતી ઘણી મેહનત લઇ અમારા સોબતીને આ સાંપના મુખમાંથી છોડાવાની તજવીજ કીધી પણ સર્વે ફોકત ગઇ અને તે મોટો સાંપ તેને બે ત્રણ વાર ભોંયપર પછાડી તુરત ગલી ગયો.

હવે અમો બીહકના માર્યા ઘણા દુર નાહસી ગયા, ત્યાં પણ તે સાંપનો અવાજ અમને સંભળાયો ત્યારે અમોએ ધારયું કે અમારા કમનસીબ સોબતીનાં હાડકાં તે જબરો સાંપ ચુરો કરી નાખતો હશે. બીજી સવારે અમોએ તે પ્રમાણે તેનાં ચુરેચુરા થયલાં હાડકાં જોયાં જે જોઇ હું દીલગીરીથી પુકારયો કે "ઓ ખોદા! અમારો આવો અંત લાવવાનોજ તારો વિચાર છે? ગઇ કાલે એક ક્રૂર રાક્ષસના હાથમાંથી અમને છોડવ્યા, ત્યાર પછી મોજાઓના દોરમાંથી બચાવ્યા અને આજે વળી તે સર્વે કરતાં વધારે દરામણા દેવને હસ્તક અમો ને તું કરવા માંગે છે?"

અમોએ આગળ ચાલતાં એક મોટું અને ઘણું ઉંચું ઝાડ જોયું જે ઉપર બીજી રાત ગુજારવાને નકી કર્યું, કેમકે તે ઉપર ચઢી બેસવાથી અમો પેલા સાંપના પંજામાંથી બચી જઇશું. અમોએ આગલા દીવસ માફક ફળફળાદી ખાઇને દીવસ પુરો કીધો અને રાત પડતાંજ પેલાં ઉંચા ઝાડ પર ભરાઇ બેઠા. અમો જેવા તે ઝાડપર ચઢી બેઠા કે તુરતજ પેલો સાંપ તેના થડ પર ટીંગાઇને વીંટલાઇ ગયો અને હું તથા મારો સાથી આટલા બધા ઉંચા ચઢી ગયા હતા તોપણ એકજ ફુંફારામાં મારા સાથીને તે ગલી ગયો અને ચાલતો થયો.

જ્યાં સુધી સહવારૂં પડયું ત્યાં સુધી હું તે ઝાડ ઉપરજ ભરાઇ રહ્યો અને જ્યારે હું તે ઝાડ પરથી નીચે ઉતરયો ત્યારે હું નહીં જીવતામાં કે મુવેલાંમાં હતો: કારણકે બીજી રાતે મારા પણ એવાજ

હાલ થવાના. આવા વિચારથી મને ઘણોજ કમકમાત લાગો તેથી હું એટલો તો ઉશકેરાઇ ગયો કે એવાં મોહતે મરવા કરતાં દરયાવમાં ડુબી મરવું વધારે સારૂં ધારી હું થોડાંક પગલાં દરયાવ તરફ વધ્યો અને આપઘાત કરવાની અણી ઉપર હતો; પણ જીંદગી સર્વેને પ્યારી હોય છે, તેથી આ છેલ્લી ઘડીએ ખોદા ઉપર ભરૂસો રાખી બેઠો કે તે સર્વેનો બચાવનાર છે.

મેં ઘણાક લાકડાંના ન્હાના કકડાઓ એકઠા કીધા અને તે પેલાં ઉંચાં ઝાડ ઉપર ગોળ ફરતા ગોઠવ્યા અને તેની આસપાસ કાંટા વીગેરે વલગાડયા કે તે એક પીંજરાં જેવું બની રહ્યું અને સાંજ પડી કે હું તેમાં ભરાઇ બેઠો અને બનતાં સુધી મારી જીંદગી બચે એમ કરવામાં કાંઇ બાકી રાખ્યું નહીં. પેલો સાંપ મને ગળવા આવ્યો પણ પેલાં મારાં બનાવેલાં કુંડાળાથી મારો બચાવ થયો અને તે મારી તરફ પોંહચી વળવામાં નીશફળ થયો. આખી રાત તે મારાં ઝાડ હેઠળ જેમ એક બીલાડી ઉંદરની ચોકી કરે તેમ મારી ચોકી કરતો ઉભો રહ્યો, પણ સહવારૂં પડતાં સુધી તે મારો કબજો મેલવવાને શકતીવાન થયો નહીં.

પેલા સાંપની આખી રાતની ધાસ્તીભરી ચોકીથી હું ઘણોજ નાતવાન બની ગયો હતો, વળી આગળે દીવસે મારા બચાવ માટે જે બાંધકાંમ મને કરવું પડયું હતું તેથીબી હું ઘણો ઠાકી ગયો હતો ને હજુર એવી ધાસ્તીભરી કેટલી રાત ગુજારવી પડશે તેનો વિચારજ મને ગોયા મારી નાખતો હતો. પેલા સાંપના ઝેરી ફુંફ્રારાથી મારા આંગપર સોજા આવ્યા હતા તેથી હવે તો ખચ્ચીત મેં ઠરાવ કીધો કે દરયાવમાં ડુબી મરવું. જેવો હું દરયાવમાં કુદી પડવા દોડયો તેવુંજ ખોદાંની મેહરબાંનીથી એક વહાણ ઘણે દુરથી મારી નજરે પડયું. મારામાં જેટલીબી શકતી બાકી હતી તે સર્વે એકઠી કરી મેં મોટી મોટી બુમો પાડવા માડી અને મારી પાઘડી ઉખેડી કાહડી તે હવામાં ઉડતી કીધી કે તેથી વાહણ પરના આસામીઓનું ધ્યાન મારી તરફ ખેંચાય. મારી કોશેશ ફલી અને વાહણપરના ખલાસીઓની નજર મારી ઉપર ખેંચાઈ અને નાખુદાએ મને લેવા માટે એક બોટ તે બેટ તરફ રવાના કીધી.

જેવો હું વાહણપર જઇ પુગો કે તે વાહણ પરના આદમીઓ મને પુછવા મંડયા કે આવા ઉજડ અને ભયભરેલા બેટ ઉપર હું કેમ આવી પડયો, જ્યારે મેં તેઓને સર્વે હકીકત કહી ત્યારે તેઓ ઘણા અજાયબ થયા અને તેઓમાં જે ઘણો બુજરગ હતો તે કેહવા લાગ્યો કે અમોએ ઘણી વખત સાંભળ્યું હતું કે આવા બેટ ઉપર જે રાક્ષસો રહે છે તે માણસોને કાચાં કે ભુંજેલાં ખાઇ જાયછે. તેણે વળી સાંપો વિશે પણ કહ્યું કે તે સાંપો એટલાતો જબરા હોય છે કે માણસને તો એક પલ વચ્ચે ગલી જાયછે. તેઓ આખો દીવસ દરમાં ભરાઇ બેસે છે ને રાતના પોતાના શેકારની શોધમાં બાહાર નીકલે છે.

આવી મોટી આફતોમાંથી હું બચી ગયો તે માટે તેઓએ મોટી ખુશાલી જાહેર કીધી અને પોતાથી બન્યું એટલું સરસ ખાણું મારી આગળ હાજર કીધું કારણ કે તેઓએ જોયું કે હું ઘણો ભુખો હતો. વળી વાહણના ભલા નાખોદાએ મારાં કપડાં ઘણાજ ખરાબ થયલાં તથા ફાટી ગયલાં જોયાથી મેહેરબાનીની રાહે પોતાનાં થોડાંક કપડાં મને પેહરવા માટે બક્ષીસ કીધાં.

અમો થોડો વખત દરયાવમાં ફરયા કીધા અને ઘણાક બેટ આગળ લંગર કીધાં અને છેલ્લે અમે **સાલહાત**નાં ટાપુ ઉપર ઉતરયા જ્યાં સુખડની ઉત્પંતી ઘણી થાયછે. અમો બારાંમાં આવ્યા એટલે બધા વેપારીઓએ પોતાનો માલ વેચવા અથવા બદલ કરવા માટે ઉતારવા માડયો. એક દીવસે નાખુદાએ મને પોતા પાસે બોલાવ્યો અને કેહવા લાગ્યો કે "ભાઇ, મારા હસ્તકમાં થોડોક માલ છે જે એક

વેપારીનો છે જે થોડાં વખત પર હમારા વ્હાણમાં હતો જે મરી ગયો છે. આ વેચી તેનું જે ઉપજે તે પેલા વેપારીનો કોઇ વારસ વકીલ મળે તેને હસ્કત કરવાનો મારો વિચાર છે." જે માલ વિષે તે નાખુદા બોલતો હતો તે માલ તુટક ઉપર પડેલોજ હતો તે દેખાડી મને પેલો નાખોદા કેહવા લાગ્યો કે "આ રહ્યો તે માલ; હું ઇચ્છું છું કે આ માલ તમારે સ્વાધીન લઇ તમો તેનું વેચાન કરો અને તેની દલાલી કાપી લઇને બાકીના પૈસા મારે સ્વાધીન કરજો." આ કાંમ મને સોંપ્યું તેથી મેં નાખોદાનો ઉપકાર માનયો અને મોટી ખુશીથી તેનું કહ્યું કબુલ કીધું.

જે કલાર્કને હસ્તક વ્હાન પરનો માલ નોંધવાની યાદી રહે છે તેણે નાખોદાને પુછયું કે આ માલ કોણનો છે તેનું નામ કહો કે તેના માલ ઉપરથી તે નામ આ ધણીના નામે ઉધારૂં. ત્યારે તે નાખોદાએ કહ્યું કે "સીનબાદ ખલાસીનો આ માલ છે." મારૂં નામ એકાએક સાંભળી હું થોડો અજાયબ થયો નહીં; પછી પેલા નાખોદાને નીહાલી નીહાલીને જોયું તો થોડા વખતમાં મને માલમ પડયું કે તેજ વ્હાણનો તે નાખોદા હતો જે વ્હાણ મને ઉંઘતો મુકીને ચાલી ગયું હતું અને હું તે ઉજડ બેટમાં તદન નીરાધાર પડી રહ્યો હતો. પેહલે હું તેને બરાબર ઓલખી શકયો નહીં. પણ પછી મારી ખાત્રી થઇ કે તે તેજ નાખોદા છે, તો જો કે ઘણો વખત વચમાં નીકલી જવાથી તેના ચેહરામાં ઘણો ફેરફાર થઇ ગયો હતો. મારામાં પણ ઘણો ફેરફાર થયો હતો તેથી તે મને તો ઓલખી શકયો નહીં, વળી તે મને તો મરણ પામેલોજ ધારતો હતો એટલે તેને મારો ભાશ પણ રહ્યો ન હતો. મેં તેને પુછયું "નાખોદા તમો જે વેપારીનો માલ મારે સ્વાધીન કરો છો તેનું નામ શું સીનબાદ હતું?" તેણે જવાબમાં કહ્યું કે "હા એજ નામનો તે વેપારી હતો. તે બગદાદનો રેહવાસી હતો અને બસરાથી મારા વ્હાણપર ચહડયો હતો. એક દીવસે અમારાં વ્હાણે પાણી લેવા માટે લંગર કીધું હતું ત્યારે એક બેટ ઉપર તે ઉંઘાયલો હતો તેટલાં અમોએ ભુલમાં અમારૂં વ્હાણ ચાલુ કીધું અને અજાયબ જેવી ગફલતથી તેને ઉજડ બેટમાં ઉઘાયલો નાંખી ચાલુ મુકયું. ચાર કલાક સુધી કોઇબી ખલાસી કે વેપારીને તેની યાદ પડી નહીં પછી યાદ પડતાં તેની વ્હાણ પર સોધ કીધી પણ તે હોયજ કયાંથી? પછી તે બેટ તરફ અમારૂં વ્હાણ પાછું હંકારવાના વિચારથી ફેરવ્યું પણ પવન ઉલટો હોવાથી ઘણુંબી ફાંફાં મારવા છતાં અમો તે બેટ ઉપર પાછા જઇ નહીં શકવાથી નાચારે આગળ ચાલું મુકયું." મેં પુછયું "તમો તેને મુવેલો ધારોછો?" તે નાખોદાએ જવાબ દીધો "બેશક હું ખાતરીથી માનુંછું કે સીનબાદ મરણ પામ્યો છે." મેં હસીને કહ્યું કે "ત્યારે તમો તમારી આંખો ઉઘાડો અને જે સીનબાદને તમો ઉજડ બેટમાં ઉઘાયલો મુકી ચાલી ગયા હતા ને જેને તમો મુવેલો ધારો છો તે તમારી સનમુખ ઉભો છે! તે બેટમાં મને ઉઘાયલો મુકી ચાલ્યા ને જ્યારે મારી આંખ ઉપડી ત્યારે હું જોઉંછું તો વ્હાણ ઘણું દુર નીકલી ગયલું હતું અને જરા વારમાં તે મારી નજર સાંમેથી ગુમબી થઇ ગયું."

આ સખુનો સાંભળી તે નાખોદા મને ટીકી ટીકીને જોવા લાગ્યો અને આખરે તેણે મને તરત ઓળખ્યો કે તે મને વલગી પડયો ને બગલગીરી કરીને બોલ્યો "સુકર ખોદાના કે તે કીરતારે મારી ભુલ સુધારવાને તથા મારાં વાંકની માફી ચાહવાને આજે જે ટક આપી છે તે માટે તેનો મોટો આભાર માનું છું. આ રહ્યો તમારો માલ. મેં ઘણી સંભાળથી સાચવ્યો છે એટલુંજ નહીં પણ તે માલ દરેક બંદરે જ્યાંબી અમો ઉતર્યા હતા ત્યાં સારે નફે વેચીને તેને બદલે બીજો ફાયદા પરતો માલ ખરીદી મુકતો કે માલ જુનો થઇ નકામો નહીં થઇ જાય. તમારા અસલ માલ કરતાં આ માલ નફા સાથે ઘણો વધ્યોછે તે તમો તમારે સ્વાધીન લેવો." આવી ઇમાનદારી તથા મેહરબાંની માટે મેં તે ઇમાનદાર નાખોદાનો મોટો ઉપકાર માની તે માલ મારે સ્વાધીન લીધો.

સાલાહાતના બંદરથી અમો બીજા બેટમાં ગયા જેમ કરતાં થોડો વખત ગયો અને તે બેટો- માંથી મેં તજ, લવંગ વીગેરે કરયાનાંની ઘણી ખરીદી કીધી. આ અમારી દરયાઇ મુસાફરીમાં ઘણાક ચમત્કારીક જનાવરો અમારા જોવામાં આવ્યાં, તેમાં એક મસ મોટો કાચબો જોયો જે વીસ ફીટ લાંબો અને વીસ ફીટ પોહલો હતો. એક અજાયબ જેવી માછલી દેખાઇ જેમાંથી ગાય જેવું દુધ નીકલતું હતું; વળી તેની ચામડી એટલીતો સખ્ત ને જાડી હતી કે તે ઢાલ બનાવવાને ઘણી ઉપયોગી થઇ પડે એમ લાગતું હતું. બીજું એક માછલું નજર પડયું તેનો આકાર ઊંટને મળતો આવતો હતો. એવાં એવાં અજાયબ જેવા જાનવરો જોતાં અમોને અમારી સફર ઘણી અચ્છી લાગી અને સેવતે અમો બસરા પુગા. ત્યાંથી હું મારે વતન બગદાદ પાછો આવ્યો. આ સફરથી મને એટલીતો મોટી દોલત મળી હતી કે તેની ગણત્રી હું પોતે પણ કરી નહીં શકયો. મારી અખુટ દોલતમાંથી મેં જેટલી બની તેટલી સખાવત કીધી અને ગરીબ ગુરબાંઓની હાજત પુરી પાડી તે- ઓને સંતોખ્યા તથા બીજી ઘણી નવી મીલકતો ખરીદ કીધી.

આ પ્રમાણે **સીનબાદે** પોતાની ત્રીજી સફરની હકીકત પુરી કીધી. વળી હીનબાદને એક સો સીકવીન રોજ મુઆફિક આપી અને બીજી સવારે ધારા મુજબ હાજર થવાને તેડું કીધું અને જણાવ્યું કે તે દીને તે પોતાની ચોથી સફરની હકીકત કહી સંભળાવશે. હીનબાદ તથા બીજા પરોણાઓ પોત પોતાને મકાને ગયા અને બીજે દીને સીનબાદનાં મકાનમાં ધારા મુજબ પાછા એકઠા થયા; જ્યારે ખાણું લઇ રહ્યા ત્યારે સીનબાદે ન્યમ મુજબ પોતાના પ્રાક્રમોનો રસીલો હેવાલ ચાલુ કીધો.

સીનબાદ ખલાસીની ચોથી સફર.

ત્રીજી સફરથી આવ્યા પછી મેં મોજમજાહ ને ખુશ ખુશાલીમાં મારો વખત ગુજાર્યો પણ તેથી કાંઇ મને ચેન પડયું નહીં અને મારી સફર કરવાની જીન્નાસા કાંઇ ઓછી થઇ નહીં, અને મારી સફરોનાં વિચાર મારા મનમાંથી ખીસ્યાજ નહીં. મેં મારો કારોબાર નક્કી કીધો અને વેપાર જોગો સામાન ખરીદ કીધો અને ઇરાન સરજમીન તરફ જવાના વિચારે હું ખુસ્કીને માર્ગે નીકળ્યો અને ઘણાક શેહરોમાં ફરી પછી એક વ્હાણ પર ચહડયો. અમોએ દરયાઇ સફર સરૂ કીધી અને ઘણાક બંદરો કીધાં. એક દીવસે અમારાં વ્હાણને એકાએક તોફાન લાગું અને પવનનો સખ્ત વંતો- ળ્યો થઇ આવવાથી અમારા નાખોદાએ સઢો ઉતારી નાખવાનો હોકમ કીધો; જેમ કરવા છતાં અમા- રા વ્હાણના તમામ સઢોના ફાટીને ટુકડે ટુકડા થઇ ગયા અને પવનના એક સખ્ત સપાટાથી અમારૂં વ્હાણ એક ખડક સાથે અઠડીને ભાગી ચુરે ચુરો થઈ ગયું અને અમારો સર્વે સરસામાન ટલ્યે જઇ બેઠો. અમો દરયાવમાં નીરાધાર તડફડયાં મારવા લાગ્યા જેમ કરતાં ઘણાં ખરાં સર્વે માણસો દર- યાવમાં ડુબી મરણ પામ્યાં.

બીજા થોડાક વેપારીઓ તથા ખલાસીઓ સાથે હું પણ સારાં નસીબે બચી ગયો અને વ્હાણના ભાંગેલાં પાટીયાને વલગી પડવાથી અમો પેલા ખડકની નજદીક અઠડાતા ઝીકાતા જઇ પુગા. તે ખડક પર અમોને થોડાંક ફળ તથા તાજું પાણી મળી આવવાથી અમો તેનો ઉપયોગ કરીને જરા આસુદા થયા અને આ કંગાળ ફેજે પુગા તેથી અમો એટલાતો નીરાશ થયા હતા કે અમો ક્યાં આવી પડયા છીએ તેની કાંઇબી ખબર કાહડયા વગર ત્યાંજ થાકી ગયલા હોવાથી ઉંઘાઇ ગયા. બીજી સવારે જ્યારે અમો ઉઠયા ત્યારે અમારી નજરે થોડાંક ઝુપડાંઓ પડયાં તેથી તે તરફ અમોએ અમારાં પગલાં લંબાવ્યા. જ્યારે અમો તે ઝુપડાં નજદીક જઇ પુગા કે ઘણાક કાલા જંગલી લોકો

અમારી તરફ ધસી આવ્યા અને અમારી આસપાસ ફરી વલી અમોને બંદીવાન કરી લીધા. તેઓએ પોતપોતા વચ્ચે અમોને વેંહચી લીધા અને પોતાના ઝુપડાંમાં લઇ ગયા.

મારા સોબતીમાના પાંચ જનાઓ સાથે મને પણ એક ઝુપડામાં સાથે લઇ ગયા. પેલા કાલા જંગલીઓએ અમોને બેસાડયા અને કોઇ જાતનો પાલો અમારી નજદીક મુકી તે ખાવા માટે ઇસારત કરવા લાગ્યા. મારા સોબતીઓ તેઓની બુરી મતલબ સમજ્યા વગરજ પોતાની ભુખને સંતોખવા પેલો પાલો ચાવી ગયા. મેં તે પાલો ખાધો નહીં એટલુંજ નહીં પણ ચાખ્યોબી નહીં કારણ કે હું સમજ્યો કે આ પાલો ખવાડવામાં તેઓની મતલબ કાંઇ ભલી નહીં હતી અને તે મુજબ મને માલમ પડયું કે થોડાજ વખતમાં મારા સોબતીઓ પેલો પાલો ખાધાથી બેસુદ્ધ જેવા થઇ ગયા અને પોતે શું કરતા હતા તેથી બેખબરા થઇ પડયા. તેઓએ ત્યાર પછી મારા સોબતીઓને થોડાક ચાવલ કોપરેલ તેલથી ગગરતા કીધેલા ખાવા આપ્યા જે તેઓએ દમ બાંધીને બેસુદ્ધીમાં ખાધા. મારી તે નજીસ ખોરાક ખાવાની નહીં મરજી હતી તે છતાં મને કકડીને ભુખ લાગેલી હોવાથી મેંબી તે થોડોક ખાધો.

તે કાલા માણસોએ અમોને પેલો ઝેરી પાલો આપ્યો હતો તેની મતલબ એ હતી કે અમારૂ ભેજું ફરી જાય અને અમો ગાંડા થઇ જઇએ તો અમારી હાલતનો અમને ભાશ રહે નહી તેથી અમો બેફીકરા થઇ જઇએ અને તેમ થવાથી અમો ફરબે બન્યે તો તેઓના ખોરાક માટે મજાહ પડે' કારણ કે તેઓ માસ ખાનારા જંગલીઓ હતા. જો અમો અમારી સુદ્ધીમાં હોઇએ તો અમારી ઉપર આવતી આફતની ધાસ્તીથી અમો સોહરાઇ સુકાઇ જઇએ તો તેઓને ખાધા લાયક સ્વાદીસ્ત પક્વાન મલે નહીં. મારા બીજા સોબતીઓને તેઓએ પેલો પાલો હરરોજ ખવાડવો જારી રાખ્યો હતો કે તેથી તેઓને જંગલીપણે ઘણી ભુખ લાગે અને તે મટાડવા માટે તેઓ પેલા તેલથી ચીકાર થયલા ચાવલ ધુમ ખાય અને તેથી તેઓ જોઇએ એવા ફરબે બન્યા કે થોડાજ વખતમાં તે જંગલીઓએ તેઓને પોતાના ખોરાક તરીકે મોટી ખુશીથી રાંધી ખાધા. હું તો ધાસ્તીનો માર્યો ઘણોજ નાતવાન બની ગયો કારણ કે હું મારી સુદ્ધીમાં હતો તેથી મને મોતની ઘણી ફીકર એટલી લાગતી કે ખાધેલું અનબી મને પાચન થઇ શકતું ન હોતું એટલુંજ નહીં પણ માથે ભમતી અજલની ધાસ્તી મને રાતે નીંદ પણ આવવા દેતી ન હોતી. એથી હું એટલો તો પાટલો ને આજારી બની ગયો હતો કે પેલા જંગલી માણસોએ મારો ભક્ષ કરવાનું મન કીધું નહીં પણ તેથી ઉલટું મને થોડું ઘણું છુટાપણું બક્ષયું કે હું વગર ધાસ્તીએ જ્યાં ત્યાં ફરૂં તો જરા ફરબે થાઉ ને તેઓને ખોરાક તરીકે ખાવા લાયક બનું ત્યાં સુધી તેઓએ પોતાનું ક્રૂર કામ મુળતવી રાખ્યું.

તેઓએ મને ઘણી છુટ આપી હતી તથા મારી હીલચાલ ઉપર તેઓ કાંઇબી ધ્યાન આપતા હતા નહીં. આ તકનો લાભ લઇ હું ત્યાંથી છટકી જવાનો વિચાર રાખતો હતો તેથી આ કાલા જંગલીઓના પંઝામાંથી નાહસવાનો ઠરાવ કીધો અને એક દીવસે હું નાહસતો હતો તેટલા એક બુઢા જંગલીની મારી ઉપર નજર પડી અને તે મને પકડી લેઇ જવાની ધમકી આપવા લાગ્યો પણ મેં તેની કાંઇ દરકાર કીધી નહીં કારણ કે હું જાણતો હતો કે તે બુઢો આજે એકલોજ ત્યાં રહેલો હતો અને બીજા જંગલીઓ પોતાને કામે ગયલા હતા જેઓ રાત સુધી પાછા આવવાના નહીં હતા, એમ રોજના અનુભવથી મારી ખાતરી હતી. આ મુજબની મારી ખાતરી હોવાથી મેં ઝડપથી નાહસવા માંડયુ અને સાંજ પડી ત્યાં સુધી જેમ બન્યું તેમ ઝડપ કરીને રસ્તો એટલો તો કાપી કાહડયો કે પેલા જંગલીઓ રાતે ઘર આગળ આવી મારી નાહસવાની ખબર સાભળે તોપણ તેઓ મારો દુમબાલો પકડી શકેજ નહીં એટલો દુર હું નાહસી ગયો હતો. એ મુજબ વગર ઠાક લેવે હું સાત દીવસ સુધી ચાલ્યા કીધો અને માર્ગમાં જ્યાં જ્યાં વસ્તી જણાતી ત્યાં ત્યાંથી દુરનો દુર રહી ચાલ્યા કીધો. રસ્તામાં સારા

ભાયગે નાળીયેરીના ઝાડો હોવાથી તે ઉપરથી નાળીયેર તોડીને તેના પાણીથી મારી તરસ છીભાવી તથા તેના કોપડાંથી મારી ભુખ ભાંજી. આઠમે દહાડે હું કીનારા પર આવી પુગ્યો, જ્યાં મેં થોડાંક ગોરા-માણસોને મરી એકઠાં કરતા જોયા; કારણકે ત્યાં મરીનો પાક ઘણો થતો હતો. આ દેખાવ મને સારા સગન તરીકે લાગ્યો, અને હું વગર ધાસ્તીએ તેઓ તરફ ઝડપથી ગયો. તેઓની નજરે જેવો હું પડયો કે તેઓજ મારી તરફ આવ્યા અને અરેબી જબાનમાં પુછયું કે તમો ક્યાંથી આવ્યા.

મારી પોતાની સ્વદેશી ભાષા સાંભળી મને અતીઘણો આનંદ થયો અને તેઓને મેં મારી હકીકત કહી સંભળાવી તથા મારૂં વહાણુ કેમ ભાગું તથા હું પેલા કાળા જંગલીઓના હાથમાંથી કેમ છુટી આવ્યો તે કહી સંભળાવ્યું ત્યારે તેઓ બોલવા લાગ્યા કે "તેઓ તો માંસ ખાનારાં જંગલીઓ છે. અને તમો તેઓથી બચી આવ્યા એ ખરેખર એક મોજેજો છે."

હું જ્યાં સુધી તેઓએ જેટલાં જોઇતાં હતાં તેટલાં મરી એકઠાં કીધાં ત્યાં સુધી તેઓ સાથે રહ્યો. તેઓ જે વ્હાણુમાં ત્યાં આવ્યા હતા તે વ્હાણુમાં પાછા જવા માટે સ્વાર થયા અને મને પણુ સાથે લીધો. થોડા વખતમાં તેઓના સ્વદેશી બેટ ઉપર જઇ લાગ્યા અને ત્યાં ઉતરયા. ત્યાં તેઓએ મને પોતાના શાહ સાથે મુલાકાત કરાવી જે શાહ ઘણો ભલો તથા અદલ હતો. મારી સફરની હકીકત સાંભળી તે ઘણોજ અજાયબ થયો; અને તેણે હોકમ કીધો કે મને સારો ને નવો પોશાક આપે તથા મારી જોઇતી બરદાસ્ત કરે તે હોકમ મુજબ મારી ઘણી અચ્છી બરદાસ્ત થવા લાગી.

આ બેટ વસ્તીવાળો અને ફળદ્રુપ હતો તેમજ વેપારને લગતી સર્વે ચીજોથી ભરપુર હતો અને જે શેહેરમાં શાહ વસ્તો હતો ત્યાં વેપાર ઘણો ધુમધુકાર ચાલતો હતો. આ શેહરમાં ત્યાંના શાહની મેહરબાનીથી મને જે સગવડ તથા સુખ મળતું હતું તેથી મારાં કમભાયગથી મને જે નુકસાન થયું હતું તેનું દુઃખ થોડું થોડું ભુલતો ગયો. ખરેખર હું તે શાહનો માનીતો ગણાવા લાગ્યો અને તેથી દરેક વર્ગના લોકો મને ખુશી રાખવા તથા માન આપવા લાગ્યા એટલુંજ નહીં પણ મને પરદેશી નહીં ગણતાં પોતાના સ્વદેશી જેવોજ ગણવા લાગ્યા.

આ શેહરમાં મને એક બાબદ ઘણી અજાયબ જેવી લાગી; તે એ હતી કે દરેક માણસ ઘોડા પર સ્વારી કરતી વખતે જીન કે લગામ વગર સ્વારી કરતો હતો અને શાહ ખુદ પોતે પણ ઘોડાની નાગી પીઠ પર સ્વાર થતો હતો! એક દીવસે મેં લગાર છુટ લઇને શાહને પુછવાની હીંમત કીધી કે આ મુજબ શું કામ જીન તથા લગામ વાપડવામાં આવતી નથી ત્યારે તેણે જવાબ દીધો કે જીન તથા લગામ વિષે હું પુછું છું તેવી કોઇબી ચીજ વિષે તેણે કદી કાંઇ સાંભળ્યુંબી નથી.

આ સાંભળી મેં એક કારીગર પાસે મારા ઉપરીપણા હેઠલ એક ખોગીર બનાવી મંગાવ્યું. જ્યારે તે ખોગીર મને મલ્યું ત્યારે મેં મારે હાથે તે ઉપર ચામડું ચહડાવ્યું અને તેમાં બાલ ભરીને તે ઉપર જરી કામના બુટ્ટાનું ભરતકાંમ કીધું. ત્યાર પછી લગામ તથા પટા વીગેરે બધું તૈયાર નમુના મુજબ કીધું.

[જુઓ પાસેના સફાનું ચિત્ર.

આ બધો સામાન તૈયાર થયો ત્યારે તે એક પાદશાહી ઘોડા ઉપર નાખી હું નામદાર શાહ પાસે લઇ ગયો. જ્યારે શાહ તે ઘોડા ઉપર સ્વાર થયો ત્યારે તેની સગવડથી તે એટલો તો ખુશ ખુશ થયો કે મને મોટી બક્ષેશો કીધી. આ ઉપરથી દરબારના દરેક અમલદારો માટે જીનો બનાવવા પડયા પણ તેથી મને અતીઘણો ફાયદો થયો અને મોટી મોટી બક્ષેશોથી મને પુસ્કલ દોલત મલી. વળી શેહરના બીજા શ્રીમંત ને શાઉકારો માટે મેં બીજાં જીનો એટલાંતો બનાવ્યા કે તેથી મને ઘણી સારી ઓલખાણુ તથા આબરૂ મળી.

સીનબાદ ખલાસીની ચોથી સફર.

સીનબાદ શાહ માટે જીન બનાવે છે.



"ખોગીર મને મળ્યું ત્યારે મેં મારે હાથે તે ઉપર ચામડું ચહડાવ્યું અને તેમાં બાલ ભરીને ઉપર જરી કામના બુટાનું ભરત કામ કીધું." [જુઓ સફા ૧૪૦.

હું દરરોજ દરબારમાં સલામ માટે જતો હતો તેમ ગયા પછી એક દીવસે શાહે મને કહ્યું "સીનબાદ હું તને ચાહુછું; અને મારી રૈયતમાંથી જેઓ તને ઓળખે છે તેઓ સર્વે તને ઘણુ ચાહે છે તેમાં શક નથી. હું તારી પાસે એક માંગની કરૂંછું જે મને આશા છે કે તું જરૂર સ્વીકારશે." મેં નમનતાઇથી જવાબ આપ્યો કે "નામદાર શાહ એવી કોઈબી ચીજ નહીં હશે કે હું તમો નામદારનો હોકમ થયા છતાં બજાવવાને પછાત પડું. તમો નામદારનો હક મારી ઉપર પુરતો છે અને તમો નામદારનો હોકમ બોલેબોલ બજાવવાને હું મોટી ખુશીથી કબુલ થાઉંછું." આ સાંભળી શાહે જવાબ આપ્યો કે "હું ઇચ્છું છું કે તું લગન કરે અને લગનના પવીત્ર ગાંઠથી તું બંધાય તો મારા રાજમાં હંમેશ સુધી રેહવાને લલચાય અને તારે સ્વદેશ જવાથી અટકે." મેં તેની માંગની ના પાડવાને હીંમત કીધી નહીં અને તે ઉપરથી શાહે પોતાની દરબારના એક અમીરની બેટી સાથે મારા લગન નક્કી કીધાં જે ભલી, ખુબસુરત અને વલી પૈસાદાર હતી એટલુંજ નહીં પણ સાથે લાગી ઘણી બાહોશ પણ હતી. મારાં લગન થયા પછી હું મારી બાયડીના ઘરમાંજ રેહવા ગયો. તોપણ આ મારી હાલતથી હું અસંતોષી થયો અને ત્યાંથી બચી મારાં પ્યારા વતન બગદાદ તરફ નાહસી જવાની તક જોતો હતો; આ નવાં શેહેરમાં મને આટલું બધું માન, સુખ, અને પૈસો મળતો હતો તોપણ મારા સ્વદેશ તરફનો મારો ચાહ જરાબી કમતી નહીં થયો હતો, અને મારા ધ્યાનમાથી મારા સ્વદેશની વાત ખીસ્તી હતી નહીં.

હજુર તો હું નહાસી બચી જવાના વિચારમાં હતો તેટલાંજ મારો એક પડોશી જેની સાથે મને ઘણી સારી બોલચાલ તથા ઓળખાન હતી તેની બાયડી આજારી પડી અને મરણ પામી. તે માત્ર પડોશીને હું દીલાસો આપવા ગયો અને તેને ઘણો વીલાપ કરતો જોઈ મેં તેણે કહ્યું "ખોદા•તમોને સલામત રાખે અને લાંબી જીંદગી બક્ષે" આ મારૂં બોલેલું સાંભળી તે ગ્રહસ્થ મોટા અફસોસથી બોલ્યો, "અફસોસ! તમો જે ભલી દુવા કરોછો તે ભોગવવાને મારી ઉમર કયાં હવે બાકી છે? હું તો માત્ર આ દુન્યામાં એક કલાકનો પારાણો છું." આ ઉપરથી મેં કહ્યું "દોસ્ત આ મુજબના ઘેલાગાંડા વિચાર તમારે નહીં કરવા જોઇએ અને હું તો તમારી દોસ્તી ઘણા વરસ સુધી ભોગવવાની પુરતી આશા રાખું છું." મારા પડોસીએ જવાબ આપ્યો કે "તમો ચાહો છો તેમ બને એમ હું મારાં અંતઃકરણથી ચાહું છું. ખોદા તને લાંબી ઉમર બક્ષે પણ ભાઇ મારી જીંદગી તો ફકત આજના દીવસની પણ નથી કારણ મને મારી બાયડી સાથે જીવતો ને જીવતોજ દાટવામાં આવશે. આ રીતે મરણ પામેલી બાયડી સાથે તેના ધણીને જીવતો દાટવાની રસમ આ દેશમાં હજારો વર્ષ થયાં ચાલતી આવી છે. જો ધણી મરણ પામે તો તેની સાથે તેની જીવતી બાયડીને દાટવામાં આવે છે. કોઇબી ઉપાયથી મારો બચાવ થઇ શકે એમ નથી કારણકે ન્હાનાથી મોટા સર્વે આ ક્રૂર અને જંગલી રસમની વાત સાંભળતાં મને જેટલો કમકમાત ઉપજયો તેટલીજ ધાસ્તીથી હું ધ્રુંજવા લાગ્યો. તેટલાં પેલા બીચારા પાડોસીનાં સગાં વહાલાં તથા દોસ્તો પેલી મરનારની પાયદસ્તની તૈયારી કરવા આવી પુગ્યા. તેઓએ પેલી સ્ત્રીના મુરડાંને લગનને દીવસે પેહેડાવેલાં ઘણાં ઉંચાં કપડાં તથા દાગીના પેહેડાવ્યાં. ત્યાર પછી તેઓએ તે લાસને એક ખોલ્લી ડોળીમાં સુવાડી અને પાયદસ નીકળી. તેનો ધણી શોકના કપડાંમાં પેલી લાસની પાછળ ચાલવા લાગ્યો અને તેની પાછળ બીજાં સગાં વહાલાંઓ ચાલવા લાગ્યાં. તેઓએ પોતાનો રસ્તો એક ઉંચા પાહડ તરફ લીધો ત્યાં પુગ્યા પછી ત્યાં મુકેલો એક મોટો પથર ઉંચકયો તો એક ઘણી ઉંડી ખાહી નજરે પડી તેમાં પેલી લાસને તેના સર્વે દાગીના તથા ઉંચા પોશાગ સાથે નાખી દીધી. તે પછી પેલા ધણી પોતાના દોસ્તો તથા સગાં વહાલાંઓથી મળી ભેટી કાંઇબી વધારે શોક કર્‌યા વગર પેલી ખાહીમાં જવા સારૂ એક બીજી ડોળીમાં

બેઠો. તેના ખોરાક માટે સાત ન્હાના ન્હાના નાન તથા એક કુજો પાણી સાથે આપ્યું હતું તે સાથે જેમ તેની બાયડી અંદર નાંખી હતી તે મુજબ તે બીચારાને પણ ખાહીમાં ફેંકી દીધો. પછી પેલો મોટો પથર પેલી ખાહીનાં મુખ પર ધાંકયો. આ ખાહી ઘણી ઉંડી હતી અને તે પાહડ છેક સમુદ્રના પેલી તરફના કીનારા સુધી લંબાયલો હતો. આ ભયંકર ને ક્રૂર ક્રીયા જોઇ મારા મનમાં શું શું આવ્યું તે હું કહી શકતો નથી. પણ બીજા લોકોને તો એ સાધારણ બનાવ હતો કારણકે એવી ક્રીયામાં સામેલ થવાનો તે દેશનો પુરાતમ ચાલ હતો. બીજે દીને જ્યારે હું દરબારમાં ગયો ત્યારે શાહને એ બાબદ વિષે કહ્યા વગર મારેથી રહેવાયું નહીં. મેં કહ્યું "નામદાર શાહ મારી નજરે ગઇ કાલે જે દેખાવ પડયો તે વિષેની મારી અજાયબી હું કહી શકતો નથી એટલી બધી છે. તમારા દેશમાં મુવેલાં આદમી સાથે જીવતાંને દાટવાનો રીવાજ ઘણોજ ક્રૂર છે. હું ઘણાં દેશોમાં ફરયો છું અને મારી આખી મુશાફરી દરમ્યાન આવી ક્રૂર ને જંગલી રૂઢી કેહે પણ જોઇ નથી." શાહે જવાબ દીધો "તેમાં હું શું કરી શકું, સીનબાદ તને માલમ નથી કે આ રૂઢી અમારાં દેશમાં ઘણાં વર્ષ થયાં ચાલુ છે અને તેને ન્હાના મોટા સર્વે એક સરીખું માન આપે છે. જો મારી રાણી હાલ મરણ પાંમે તો મારે પણ તેની સાથે જીવતો દટાવું પડે." મેં કહ્યું "મને પુછવાની રજા આપશો કે આ દેશના લોકો માટેજ આ રૂઢી છે કે બાહરથી આવેલા પરદેશી લોકોનેબી એ રીવાજ લાગુ પાડવામાં આવે છે!." શાહે મારા સવાલની મતલબ જાણી હસીને જવાબ આપ્યો "કે ખચ્ચીત જો તેઓ આ દેશની સ્ત્રી સાથે પરણ્યા હોય તો તેઓ પણ આ મુજબ જીવતા દટાવાને બંધાયલા છે."

ત્યાંથી હું અતીઘણો દલગીર અને વિચારવંત બની પાછો ફર્યો. મને ધાસ્તી લાગી કે શું મારી બાયડી મરણ પામે તો મને પણ જીવતા જીવત પેલી ભયંકર ખાહીમાં ફેંકી દીધામાં આવે ખરો! એ વિચારજ મને કમકમાતમાં ગીરફ્તાર કરી નાખતો હતો પણ તેનો ઉપાય તો કાંઈજ હતોજ નહીં; ફકત ખોદાપર ભરેશો રાખી બેસવું કે તે કરે તે ખરૂં. આથી જરાબી મારી બાયડી બેચેન દેખાય કે હું ધ્રુજવા માંડતો કે રખેને મરી જાય. પણ અફસોસ મારી ધાસ્તી આખરે ખરી પડી તે ભયંકર માંદગીમાં પડી અને પાછી સારી થવાને બદલે થોડા દીવસમાં મોતને સ્વાધીન થઇ! હવે જીવતા જીવત દટાવાની મારી ધાસ્તી ખરી પડી અને તે દેશની જંગલી રશમને તાબે થઇ જીવતા દટાવાની કમકમાત ભરી ફરજ બજાવવાને કોઈબી રીતે મારે તૈયાર થવા વગર છુટકો રહ્યો નહીં. આ બનાવથી શાહ પોતે પોતાની આખી દરબાર સાથે મને માન આપવા માટે મારી તથા મારી બાયડીની પાયદસે જવા માટે હાજર થયો, તેમજ શેહરના મુખ્ય અને મોટા રેહવાસીઓ પણ મને સેવતનું માન આપવાને મારા મકાન આગળ એકઠા થયા.

બીજી ક્રીયા થઇ રહી ને મારી બાયડીને ઘણાં ઉંચા કપડાં પેહડાવી તથા સરસમાં સરસ ઝવેરાતોથી સીંગારીને ડોળીમાં સુવાડી અને સર્વે સરઘસ પેલા પાહડ પાસે જવા માટે ચાલુ થયું. મુખ્ય શોક કરનાર તરીકે તે લાસની પાછળ હું ચાલતો હતો અને રડતાં રડતાં મારી આંખો સુજી આવી અને મારી કંગાલ હાલતથી હું તદન દુઃખી થઇ ગયો હતો. સાથે ચાલનારાં લોકો તથા શાહની અને અમીર ઉમરાવોની મારી તરફ દયા ઉશકેરાય તે માટે હું શાહ તરફ ફરીને બોલવા લાગ્યો કે "વિચાર કરો હું પરદેશી છું અને એક પરદેશીને તમારા દેશનો ધારો લાગુ પાડી જીવતાં જીવત દાટવાની સખતાઇ ગુજારવી તમને લાયક નથી. મારા દેશમાં મારી બાયડી તથા છોકરાંઓ જીવતાં છે તેઓ ઉપર તો દયા કરી મને જીવતો રેહવા દેવો." આ મુજબ મેં ઘણી આજેજીથી તથા અસરકારક રીતે કહ્યું પણ કોઇ પર કાંઈ અસર થઇ નહીં પણ તેથી ઉલટું તે લોકો પેલી લાસને ઝડપથી ખાહીમાં નાખવાની તૈયારી કરવા લાગ્યા અને પેલી લાસ ખાહીમાં, ફેંકી દીધા પછી મને સાત નાન તથા એક

કુજો પાણીનો આપી બીજી ડોળી પર સુવાડી પેલી ખાહીમાં મારી હજારો કાકલુદીની દરકાર કર્યા વગર ફેંકી દીધો, અને તે ખાહીના મોહ પર પેલો મોટો પથર મુકી સર્વે લોકો ત્યાંથી જતા રહ્યા.

હું અંદર સરી પડયો અને જે થોડું ઘણું અજવાળું ઉપરથી પડતું હતું તે ઉપરથી અંદરનો ભાગ મારી નજરે પડયો. તે ખાહી ઘણી મોટી હતી અને તેની ઉંડાઇ નજદીક ૫૦ કયુબીટ ફીટ હતી. ત્યાં એટલી તો દુર્ગંધ નીકળતી હતી કે મારેથી દમબી લેવાઇ શકાયો નહીં. આસપાસ જે મરણ પામેલાંઓની લાસો પડેલી હતી તે સડીને તેમાંથી આ ખરાબ ને મોત લાવનારો વાસ નીકળતો હતો. વળી ત્યાં અધમુવા થયલા ને મરવાની અણુંપર આવેલાં માણસોનો સ્વાસ મારા સાંભળવામાં આવ્યો. તે બીચારાંઓ પોતાનો છેલ્લો દમ ખેંચતાં હતાં. મારી ડોળી જેવી તે ખાહીને તળ્યે જઇ પુગી કે તે ઉપરથી હું તરતજ કુડી પડયો ને પેલા ખરાબ વાસથી થોડોક દુર જઇ ઉભો પણ મારી પર પડેલી આફતથી હું એટલો તો નાતવાન થઇ પડયો હતો કે હું જમીન પર પછડાઇ પડયો ને ત્યાં પડયો પડયો બેસુમાર આંસુઓ પાડી મારી છાતી ખુલ્લી કરવા લાગ્યો. પછી તહરેવાર રીતે મારા નસીબને ખાલી દોષ દેવા લાગો અને ગમનો મારયો મોટે મોટે બુમો પાડવા લાગ્યો પણ તે પોકારોથી પાહાડમાં પાછો પડઘા થવા શીવાય બીજો કોઇ ફાયદો થયો નહીં. તોપણ આવાં ભયંકર મોતે મરવા મને ગમ્યું નહીં અને મારી જીંદગીની દોરી હજુર લંબાવવાની મારી ઇચ્છા થઇ તેથી જે ડોળીમાં મને નાખીને ખાહીમાં ગગડાવ્યો હતો તે ડોળી તરફ આસ્તે આસ્તે હું ગયો અને જોકે અંધારૂં ઘણું હતું તોપણ તે ડોળી નજદીક હું જઇ પુગો અને પેલા નાનમાંથી એક ખાઇને થોડુંક પાણી પેલા કુજામાંથી પી લીધું. પેલી ખાહી ઘણી મોટી હતી અને હું પેહલાં ધારતો હતો તે કરતાં વધું લાસોનો તેમાં સમાવસ થાય એટલી કુસાદે હતી. ત્યાંના એક ગુફામાં હું પડયો રેહતો અને મારા ખોરાકમાંથી થોડું થોડું ખાઇને થોડા દીવસ ગુજાર્યા અને જ્યારે મારો ખોરાક ખલાસ થયો ત્યારે હું મરવાને તૈયાર થયો. પણ તેટલાંમાં ઉપરનો પથર ઊંચકાયો અને એક મુડદું અને એક જીવતું માણસ નીચે આવ્યું. તે લાસ એક મરદની હતી અને તેની સાથે જીવતી સ્ત્રી હતી. જ્યારે માણુસ મરણની છેલ્લી ટોંચે આવે છે ત્યારે પોતાનો જીવ કોઇબી રીતે બચાવવાને તે તૈયાર થાય છે અને તે છેલ્લી ઘડીએ સારાં કે નરસાં અથવા પાપ કે પુણ્ય કર્સાંનો તે ખ્યાલ કરતું નથી તેમ હું પણ જીવપર આવ્યો હતો તેથી જેબી બને તે બનાવી મારો જીવ બચાવવાને મેં ઠરાવ કીધો. પેલી જીવતી સ્ત્રીની ડોળી જેવી નીચે આવતી દેખાઇ કે હું બે ચાર મોટાં હાડકાં હાથમાં ધરી વાર જોતો ઉભો કે જેવી તે નીચે આવે કે તુરતજ તેના મસ્તક પર બે ચાર ફટકા મારી તેનો જાન લઇ તેની પાસનો ખોરાક લઇ લેવો. આ મુજબ જેવી તે નીચે આવી કે બે ચાર ફટકા માર્યા કે તે બચારી એકબી શબ્દ બોલ્યા વગર મરણ પાંમી અને એ રીતે મેં વલી થોડા દીવસનો ખોરાક એકઠો કીધો. વલી તે થઇ રેહવા આવ્યો એટલે એક સ્ત્રીની લાસ સાથે એક જીવતો મરદ તે ખાહી નીચે આવ્યો તેણે પણ પેલી સ્ત્રીની માફક પુરો કરી તેનો ખોરાક મેળવ્યો અને મારાં સારાં નસીબે તે શેહરની વસ્તી મુજબ મને ખોરાક પુગતો ગયો કે જે મેળવવાને મને અકેક માણસનું ખુન કરવાની ફરજ પડતી હતી.

એક દીવસે ધારા મુજબ એક કમનસીબ સ્ત્રીનું ખુન કરી મેં મારો ખોરાક મેળવ્યો ત્યારે મારા સાંભલવામાં કોઈનાં પગલાં તથા શ્વાસ આવ્યો. જ્યાંથી તે અવાજ આવતો હતો ત્યાં મેં મારા પગલાં ફેરવ્યાં અને આગલ વધ્યો. જેમ જેમ હું આગલ વધતો તેમ તેમ મને વધારે આવાજ આવવા લાગ્યો અને તે પગલાંના અવાજે કોઇ પ્રાણી નાહસ્તું હોય એવું મને લાગ્યું તેથી તે તરફ હું ઝડપથી ચાલવા લાગ્યો અને જેમ હું તેની પુઠે ચાલતો તેમ તેબી ચાલતું અને ઘડીકમાં થોડોવાર દમ લઇ વલી પાછું નાહસ્તું. એમ કરતાં હું તે ગુફામાં અતી ઘણો દુર જઇ લાગ્યો ત્યારે આખરે

મારી નજરે એક તારા જેવું અજવાળું પડયું તેથી હું ઘણી ઝડપથી તે તરફ ચાલ્યો અને તે અજવાલું મારા રસ્તા વચ્ચે કોઇ આવવાથી થોડે થોડે વારે ગુમ થતું હતું ને વળી પાછું નજરે પડતું હતું. તે પછી હું એક ખુલ્લાં ને મોટા આરકાં જેવા ગુફા આગળ આવી પુગો જે એટલો તો મોટો હતો કે હું તેમાંથી બાહાર પસાર થઇ જાઉ.

આ શોધથી હું એટલો તો થાકી ગયો હતો કે ત્યાં હું જરા થોભ્યો અને તે પછી હું તેમાંથી બાહાર પસાર થયો તો હું એક વીસાલ દરયાવના કીનારા પર આવી ઉભો. મને કેટલી બધી ખુશાલી ઉપજી હશે તેનો તમોજ વિચાર કરો. હું તો એમજ ધારતો હતો કે રખેને આ શોધ ખ્યાલી હોય અને હું સ્વપ્નો જોતો હોઉ. પણ જ્યારે મારી પુરતી ખાતરી થઇ કે આ ખરેખરો બનાવ છે અને હું ખરેખર એક કીનારા પર આવી પુગો છું ત્યારે મેં વિચારયું કે જે આવાજ મેં સાંભલ્યો તે કોઇ દરયાઇ જાનવરોનો હશે કે જે ગોફામાં પડેલી લાસનો ભક્ષ કરવાને આવ્યું હશે.

આ ઉપરથી હું પેલા ગુફામાં પાછો ગયો અને ત્યાં પડેલી લાસો ઉપરનું જરઝવેરાત તથા સોનાના કીંમતી દાગીનાઓ એકઠા કરવા પડયો અને જેબી કીંમતી દીસ્યું તે એકઠું કરીને બાહર લાવ્યો અને કીનારા પર બેસી તેનાં બંદલો બનાવ્યાં અને તે લાસ ઉપરથીજ મળી આવેલી રસીથી તે બાંધ્યાં. આ સર્વે કીમતી સામન મેં એક સારી જગ્યાએ મુકયો અને જ્યારે તક મળશે ત્યારે લઇ જવાને તૈયાર રાખ્યો. તે સામાન વરસાદથી ખરાબ થવાનીબી ધાસ્તી ન હોતી કારણકે તે રૂતુ વરસાદની નહીં હતી.

ત્રણ ચાર દીવસ ગુજરયા પછી ત્યાંથી એક વ્હાણ પસાર થતું મારી નજરે પડયું. મારામાં જેટલું જોર હતું તેટલું વાપરી મેં બુમો પાડી તથા મારી પાઘડી ઉખેડી તે હવામાં ઉડતી કીધી તેથી તેઓએ સાંભળ્યું અને મને લેવા માટે એક બોટ મોકલી. જ્યારે બોટ આવી ત્યારે તેઓએ હું ત્યાં કેમ આવી પુગો હતો તે વિષે મને પુછયું ત્યારે મેં તેઓને કહ્યું કે મારૂં વ્હાણ બે દીવસની વાત પર ત્યાં ભાગી ગયું અને હું મારા સરસાંમાન સાથે દરયાવમાં પડયો ને તરીને આ કીનારે લાગ્યો, તેટલાં તમારાં વ્હાણને જોઇ મને ઉંચકી લેવાને મેં બુમો પાડી. સારાં ભાયગે તેઓએ વધુ તપાસ ન કરતાં મારી વાત સાચી માની મને મારી પેલી જરઝવાહીરની કીંમતી ગાંસડી સાથે બોટમાં લીધો.

જ્યારે અમો વ્હાણમાં પોંહચ્યા અને નાખોદાએ મને બચેલો જોયો ત્યારે તે ઘણો ખુશી થયો તેમજ મારી વ્હાણ ભાગ્યાની વાત સાચી માની પોતાને કામે વલગ્યો પણ વખતે તેને કાંઇ વેહેમ ન જાય માટે મેં તેને મારી પાસેનાં ઝવાહેરોમાંથી થોડાંક આપવા કીધાં પણ તે લેવાને તેણે ના પાડયું.

ઘણાક ફળદ્રુપ બેટો તરફથી અમારાં વ્હાણે પોતાનો રસ્તો કાપ્યા પછી અમો **બૅલ્સ**નો ટાપુ જે સરનદીપના ટાપુથી દસ દીવસના રસ્તા ઉપર હતો ત્યાંથી ઉપડ્યા અને પવન ઘણો સારો હોવાથી અમો **કેલા**ના ટાપુ ઉપર સહીસલામત છ દીવસમાં ઉતરયા. આ ઠેકાણેથી સીસાંની ખાણો હતી તેથી સીસું, હીંદી નેતર તથા ઉત્તમ કપુરનો મોટો જથ્થો અમને મલ્યો.

કેલાના ટાપુનો રાજા ઘણો જોરાવર તથા પુષ્કળ દોલતમંદ હતો. **બૅલ્સ**ના ટાપુ ઉપર આ રાજાનો અમલ ચાલતો હતો, જે બે દહાડાના રસ્તા ઉપર હતો, અને ત્યાંના લોકો હજુર એટલાં તો જંગલી હતાં કે તેઓ માણુસનું માસ ખાતાં હતાં. આ બેટમાં અમો ઘણો અચ્છો નફો કીધા પછી પાછા હંકારી ગયા અને ઘણાક ફળદ્રુપ બેટો આગળ લંગર કરતા કરતા આખરે ખુશ ખુશાલ બગદાદ આવી પુગા અને એટલો તો પૈસો મેળવ્યો હતો કે તેની ગણુતરીબી થાય નહીં. પરવરદેગારની મેહરબાંનીનો ઉપકાર માનવા તથા તે દાદારે મારી જે દાદ લીધી હતી તેનો અદના બદલો વાલવા માટે મેં પુષ્કળ દાન ધર્મ કરવા માંડયો. મસીદોની મદદ માટે પૈસા આપ્યા અને ગરીબોના ગુજરાનનો બંદોબસ્ત કરી આપ્યો. હવે હું મારા સગા વહાલાઓ સાથે સુખચેનમાં રેહવા લાગ્યો અને દોસ્ત આસનાવોના મેળાવડામાં હંમેશ વીંટાયલો રેહતો હતો.

ત્યાં સીનબાદે પોતાની ચોથી સફરનો અહેવાલ પુરો કીધો, જે અહેવાલથી તેના સાંભલનારા વધારે અજાયબ થયા અને તેની ત્રણ સફરોની હકીકત કરતાં આ ચોથી સફરની હકીકત વધારે અજાયબ જેવી તેમને લાગી. તેણે પોતાની સો સીકવીનની બક્ષેસ પાછી હીનબાદને આપી અને તેણે તથા બીજા પરોણાઓને કહ્યું કે આવતી કાલે પાછા તેની પાંચમી સફરનો અહેવાલ સાંભલવા આવવું. હીનબાદ તથા બીજા પરોણાઓ રજા લઇ પોતપોતાને મકાને ગયા. બીજે દીને જ્યારે સર્વે જનાઓ એકઠા થયા ને ખાણું ખાઈ ફારેગ થયા ત્યારે સીનબાદે પોતાની પાંચમી સફરનો અહેવાલ નીચે મુજબ કેહવા માંડયો.

સીનબાદ ખલાસીની પાંચમી સફર.

છેલી સફર પછી જે મોજ મજાહમાં હું પાછો પડયો તે મોજ મજાહથી મારી ચોથી સફરમાં મારી પર પડેલાં સર્વે દુઃખો તથા આફતો હું પાછો ભુલી ગયો. અને વલી પાંચમી સફર કરવાની મારી જીજ્ઞાસા પાછી ઉસકેરાઇ તેથી પાછો મેં વેપાર જોગો સામાન ખરીદ કીધો અને પેક કરી નજદીકના બંદર પર મોકલી આપ્યો અને તે પછી મેં ઉપડી જવાનો ઠરાવ કીધો. વલી નાખુદાના ભરોસા પર રહેવું નહીં એ વિચારથી મેં પોતે એક વાહણ મારા પોતાના પૈસાએ ખરીદયું અને તૈયાર કરી હું હંકારી ચાલ્યો. મારા માલ ઉપરાંત જગો હોવાથી મેં જુદા જુદા વેપારીઓનો માલ પણ મારાં વહાણ પર ચહડાવ્યો અને તેઓ સાથે મારી સફર મેં સરૂં કીધી.

પવન સારો હોવાથી અમારૂં વહાણ થોડા દીવસ સડસડાત ચાલ્યું અને એક ઉજડ બેટ આગલ અમોએ પેહલવેહલું અમારૂં લંગર કીધું. ત્યાં અમોએ એક રૉક પક્ષીનું ઇંડું જોયું જે ઇંડું હું આગલ કહી ગયો તેટલું મોટું હતું અને તે ફોડીને તુરતતુંજ એક રૉકનું બચ્ચું પોતાની ચાંચ બાહર કાહડી ઇંડામાંથી નીકલતું હતું તે જોઇ મારી સાથેના વેપારીઓએ કુવાડીથી પેલું ઇંડું ભાંજી નાખ્યું અને તેમાંથી પેલાં "રૉક"ના બચ્ચાંને કાહડી કકડે કકડા કરીને ભુંજવા મુકયું. આ તેઓના અવિચારી કાંમ માટે મેં તેઓને ઘણા સમજાવ્યા અને તે ઇંડાને હાથબી નહી લગાડવાને તેઓને કહ્યું પણ મારૂં ન માણતાં તેઓએ પોતાનો શોક પુરો પાડયો. હજુર તો તેઓનું ખાણું બરાબર તૈયારબી નહી થયું તેટલાંજ આકાસપર બે મોટાં વાદલાંઓ નજર આવ્યાં અને સર્વે અંધકાર થઇ ગયું. વાહણપર જે નાખોદાને મેં ચાકરી રાખ્યો હતો તે ઘણો અનુભવી હતો તેને આકાસ તરફ જોતાંજ તુરત ધાર્યું કે પેલાં "રૉક"ના બચ્ચાનાં મા બાપ અમારી તરફ ઉડી આવતાં હતાં. તેથી તેણે અમને ચેતવ્યા કે જેમ બને તેમ તુરત વહાણ પર ચહડી આવવું કારણ કે જો તેઓ પોતાનાં બચાંને નહીં જોશે તો મોટી નુકશાની કરશે. અને એકે એકનો જાન લેશે. અમો તુરતજ વહાણપર ચહડી બેઠા અને સઢ ચહડાવી નાહસવા લાગ્યા.

તેઓ જેવાં જમીનપર ઉતર્યાં અને પેલું ઈંડુ ભાંજેલું જોયું તથા પોતાનાં બચાંનો નાશ થયલો જોયો કે એટલીતો મોટી ચીસો મેલી કે તે ઉજડ બેટ હજારો દેવોના શોરથી નહી ધ્રુજે એવો ધ્રુજી રહ્યો. તેઓ ગુસ્સા સમેત જેવાં આવ્યાં તેવાંજ પાછાં ઉડી ગયાં તેથી અમો તો સમજ્યા કે વઘન તલી ગયું તેથી અમો ઝડપથી રસ્તો કાપવા લાગા પણ અમને ખબર નહી હતી કે હવેપછી અમારીપર શું આફત પડવાની છે.

થોડાવાર અમારી નજરથી તેઓ ગુમ થયા પછી તે ભયંકર પક્ષીઓ પાછાં આકાશમાં દેખાયાં અને તેઓને જોતાં અમને માલમ પડયું કે તે રૉકોએ પોતાના બંન્ને પંઝામાં તથા પાંખોમાં

મોટા મોટા પથરાઓ પકડેલા હતા અને તેઓ અમારાં વહાણુની બરાબર ઉપર આવી હવામાં સ્થીર થયાં અને એક ઘણાજ મોટા પથરની લાડી પોતાના પંજામાંથી છોડી દીધી. પણુ અમારો સુકાણી ઘણોજ હુસ્યાર હતો તેને ઘણી ઝડપથી વહાણુને બીજી બોરડુએ ફેરવી નાખ્યું તેથી પેલી મોટા ડુંગર જેવી લાડી દર્યામાં એટલાતો જોરથી પડી કે અમારૂં વહાણુ પાણીથી બધું ભરાઇ ગયું એટલુંજ નહીં પણુ ગોયા દર્યાવનું તલ્યું પણુ દેખાયું. પણુ તેટલાં બીજા 'રૉકે' પોતાના પંઝામાંથી જે બીજી અતી ઘણી મોટી હતી તે લાડી ફેંકી. તે એવી આબાદ અમારાં વહાણુ પર પડી કે અમારાં વહાણુના ટુકડે ટુકડા થઇ ગયા, વહાણુ પરનાં ઘણાક માણુસો તેથી કચડાઇ ગયાં ને બાકીના ડુબી મુવાં. હું પોતે પણુ પાણીમાં પડયો અને થોડો વખત વલખાં મારવા પછી પાણીની સપાટી પરથી મને ભાગેલાં વહાણુનું એક લાકડું મલ્યું જે પકડી લેઈ ઘણોવાર પાણીની સપાટી ઉપર તર્યા કીધો જેમ કરતાં પવન તથા મોજા બંને સારાં નસીબે સાંત હોવાથી થોડા વખતમાં હું એક બેટના કીનારા તરફ જઇ પુગો તે કીનારો ઘણો ઉંચો તથા અગવડ ભરેલો હતો તેથી માહ મેહનતે હું તે ઉપર ચહડયો. ત્યાંની સુકી જમીન ઉપર બેસી થોડો વખત ઠાક ખાધી અને પછી આગલ ચાલું મુકયું. જેમ જેમ આગલ વધતો ગયો તેમ તેમ તે જગા ઘણી ખુશનુંમાં લાગવા લાગી. ગોયા તે એક રલ્યામણા બાગ જેવી દીસવા લાગી. ત્યાં જ્યાંબી હું ફરૂં ત્યાં મારી નજરે ખુશનુંમાં ઝાડો પડે; તેમાંનાં ઘણાકો લીલોતરી ભરેલાં, ઘણાંક ફુલોથી ભરેલાં અને ઘણાં ફલોથી ભરપુર હતાં. મેં ઘણાક ફલો તોડીને ખાધા અને તેથી મારી ભુખ અને તરસને સંતોખી. જ્યારે દીવસ પુરો થયો અને રાતનું અંધકાર રાજ ચાલું થયું કે મારા ખાબગાહની તજવીજ કીધી. એક સારી જગા સોધી ત્યાં બરડો નાખ્યો પણુ આવી વીશાળ ને વસ્તી વગરની જગામાં મને ઉંઘ આવી નહીં, જરા ઝોકો આવે કે ઝપકી ઉઠતો, એ રીતે ઘણીખરી આખી રાત મેં હાય અફસોસમાં ગુજારી કે સાહેબે શોખ જીંદગી મુકી આએ જીવ સંતોસતની સફર હાથે કરીને મેં પાછી માથે હોરી લીધી અને આવી આફતમાં જાણીજોઇને ગીરફતાર થયો. એ રીતે મારા જીવને હું પોતે કદુવા દેવા લાગો. આ હાલતથી હું એટલો તો જીવપર આવી ગયો કે આપઘાત કરવાનો વિચાર કરતો હતો પણુ તેટલાં રાતનો અંધકાર નાબુદ થયો અને ખુરશેદ ભભુકદાર કીરણો સાથ પ્રકાસ્યો. આ બામદાદના ખુશનુમાં દેખાવથી મારા મનની મુજવન હું થોડોવાર ભુલી ગયો. હું જ્યાં હતો ત્યાંથી ઉઠયો અને દગમગતી છાતીએ ઝાડોની ઘટામાંથી ચાલવા લાગો.

હું થોડુંક આગલ ચાલ્યો કે એક બુઢો આદમી મારી નજરે પડયો. તે ઘણો ઠાકી ગયલો દેખાતો હતો. તે એક પાણીના ઝરાના કીનારા ઉપર બેઠેલો હતો. પેહલાં તો મેં ધાર્યું કે તેબી મારી માફક મારાં ભાગેલાં વહાણુમાંથી કોઇ બચેલો આદમી હશે તેથી તેની નજદીક ગયો અને તેને સલામ કીધી પણુ તેને પાછી સલામ કરવાને બદલે ફકત પોતાનું માથું ધુનાવ્યું. મેં તેને સવાલ કીધો કે "તમો અતરે શું કરોછો." ત્યારે મને જવાબ આપવાને બદલે તેને મને અસારત કરી કહ્યું તારી ખાંધ પર મને ઉચક અને પેલા ઝાડ નજદીક લઇ જા કે કાંઇક ફલ તોડી ખાવું.

મેં ધાર્યું કે આ બુજોરગ આદમીને હું કાંઇ કાંમે લાગું તેથી મેં તેને મારી પીઠપર ચહડાવ્યો. અને પેલાં ઝાડો તરફ લઇ ચાલ્યો. જ્યારે હું મારા બુઢા બોજા સાથે તે ઝાડો તરફ જઇ લાગો ત્યારે મેં તેને મારી પીઠપરથી ઉતરવા કહ્યું પણુ તેને ઉતરવાને બદલે તે બુઢો જે ઘણો નાતવાન દીસ્તો હતો તેને એટલાતો જોરથી મારી ગરદન આસપાસ પોતાના પગો, જે ઉપર ગાયના પગ માફક બાલો હતા, તે વીંટાલીને મજબુતાઇથી મારાં ખભાં ઉપર બેઠો પછી મારી ગરદન એટલીતો ગુંગલાવા માંડી કે હું મારો અંત ચેતી ગયો. અને ધાસ્તીનો માર્યો હું બેસુધ થઇ ગયો. આ બુઢાની વાત જ્યારેબી મને યાદ આવે છે ત્યારે હું મારૂં હસવું બીલકુલ થોભાવી શકતો નથી.

મારી બેસુધ હાલતની કાંઇબી દરકાર કસ્યા વગર પેલો બુઢો મારી પીઠપરજ સ્વાર થઇ રહ્યો. અને એટલા જોરથી મારી ઉપર તે બેસી રહ્યો કે હું ફકત દમ લઇ શકું એટલાજ પોતાના પગો છુટા રાખ્યા હતા. જ્યારે હું થોડો ઘણો હુશીયાર થયો ત્યારે તેને એક પગે મારૂ પેટ દાબ્યુ અને બીજા પગે મને લાત મારી ઉભો થવાની ફરજ પાડી. તેણે આખો દીવસ મારી પીઠપર સ્વારી કરી રાખી અને ઝાડો ઉપરથી ફલો ઉતરાવ્યાં ને તે ખાઇ આસુદો થયો. એટલુંજ નહી પણ રાતનાંબી તે મારી પીઠપરથી ઉતરયો નહી ને મારી પીઠપરજ ઉંઘાઇ ગયો. એ મુજબ મારી ઉપર રાત દીવસ ગજબ પડવા લાગો. જેવું સવારૂં પડે કે તે મને જગાડી પોતાની સ્વારી ચાલુ કરતો તેમ કરતાં મને ઘણી વખતે મુકીઓ લગાવતો હતો. તમો વિચાર કરો કે મારી હાલત કેવી કંગાલ હતી. હું આ નાપાક બુઢાથી છુટવાનો એકબી રસ્તો સલામત જોઇ શકયો નહીં.

એક દહાડો મારાં સારાં નસીબે મારી નજરે થોડાક સુકાં તુમડાં પડયાં તેમાંથી એક મોટું તુમડું ઉપાડી લઇ તે સાફ કીધું અને તે બેટમાં પુશ્કલ દ્રાક્ષના ઝાડ હતાં તે ઉપરથી થોડીક પાકેલી દ્રાક્ષ તોડી તેનો રસ કાહાડી તેમાં ભરયો ને એક એક બાજુપર મુકયો. જ્યારે થોડા દીવસ પછી હું પેલા બુઢા સાથે તે જગાએ ગયો ત્યારે મેં તે રસ ચાખી જોયો તો તે ઘણો સ્વાદીસ્ત માલમ પડયો અને સરસમાં સરસ સરાબની બરોબરયો માલમ પડયો તેથી મેં તે એટલો તો પીધો કે હું મારા દુઃખો તુર્ત ભુલી ગયો. તે પીધાથી મને નવું લોહી આવ્યું અને પછી તેના ખુશ નીશામાં હું નાચવા કુદવા તથા ગાવા બજાવા લાગ્યો.

મારી ઉપર તે સરાબથી થયલી અસર જોઇને પેલા બુઢાએ મારી પાસે અસારત કરીને પેલી તુમડી માંગી જે મેં તેના હાથમાં આપી કે તેબી તેનો સ્વાદ ચાખે. તે તુંમડીમાં જેટલો. સરાબ બાકી હતો તેટલો તે બુઢો ગતાવી ગયો અને તેથી તેના છેડા ફેરફાર થઇ ગયા. તેના મગજમાં તે સરાબે જે ફેરફાર કસ્યો તેથી તેબી મારી પીઠ પરજ ગાવા બજાવા મંડી ગયો. આથી મારી ઉપર ધભા ધભ મુકી અને ધભા પડવા લાગ્યા પણ એમ નાચવા કુદવાથી તેના પગ મારી ગરદનથી છુટા થઇ ગયા અને તે તકનો લાભ લઇ મેં તેણે જમીન પર ફેંકી દીધો કે તે મુદડાંની માફક ચટોપાટ જમીન પર પડયો કે મેં તુરતજ એક મોટો પથર ઉઠાવી તેને માસ્યો કે તે એકબી શબ્દ બોલ્યા વગર ત્યાં મુદ્દડું થઇ પડયો.

આ નાપાક બુઢાનાં હાથથી હું જે છુટકારો પામ્યો તેથી બેહદ ખુશી થયો. પછી હું કીનારા તરફ ચાલ્યો જ્યાં હું થોડાંક માણસને મળ્યો જેઓ તુરતનાજ ત્યાં લાંગરેલા એક વાહણપરથી મીઠું પાણી લેવા તે બેટ ઉપર ઉતરેલાં હતાં. તેઓ મને જોઇ ઘણાજ અજાયબ થયાં અને મારો હેવાલ સાંભળી તેઓ બોલ્યા કે "તું જેના હાથમાં સપડાયો હતો બુઢું જલ માણુસ હશે અને તુંજ એકલો એક નસીબવાન ઇનસાન છે કે જે તેનો ભોગ નહીં યતાં તેનો જીવ લઇ શકયો છે. આ બેટ પર સેંકડોના ભોગ એ માણુસે લીધા છે અને તેથી આ બેટનું નામ આશકારા થયલું છે. આ બેટ પર જ્યાં સુધી પુરતાં ને જબરાં આદમીઓ હોતાં નથી ત્યાં સુધી કોઇબી ખલાસીઓ કે વેપારીઓ કીનારે ઉતરવાને હીંમત કરતા નથી."

આ વાતચીત થયા પછી મને તેઓ વહાણ પર લઇ ગયા જ્યાં તેના નાખોદાએ મને ઘણા પ્યારથી આવકાર આપ્યો તથા ઘણા ધ્યાનથી મારી મુસીબતની હકીકત સાંભલી લીધી. ત્યાર પછી તેને સઢ ચઢાવ્યા અને થોડા દીવસ પછી અમોએ એક મોટાં શેહરનાં બારામાં લંગર કીધું કે જે શેહરના ઘરો પથરનાં બાંધેલાં હતાં.

સફરે દરમ્યાન વહાણ પરના વેપારીઓમાંના એક વેપારી સાથે મને ઘણી દોસ્તી પડી હતી તે

જ્યારે વહાણ પરથી ઉતર્યો ત્યારે ધણી બોહસ કરીને જ્યાં પરદેશીઓને ઉતારો મલતો હતો ત્યાં મને પણ સાથે લઇ ગયો. તેણે મને એક મોટો કોથલો આપ્યો અને ત્યાં બીજા ધણાં લોકો તેવા કોથલા લઇને બેઠેલાં હતાં તેઓ સાથે મને ઓલખાણ કરાવી આપી, અને તેમને કહ્યું કે તમો આ માણસને સાથે લઇ જાવો. પછી મને કહ્યું કે "આ કોથલો લઇ આ લોકો જ્યાં જાય ત્યાં તારે જવું અને એ લોકો જેમ કરે તેમ તારે કરવું. પણ આટલું યાદ રાખવું કે તારે આ લોકોથી એક પલ પણ છુટું પડવું નહીં અને જો એઓથી તું છુટો પડશે તો મોટા જોખમમાં આવી પડશે એમાં કસો શક નથી." પછી મને તે દીવસ ચાલે એટલો ખોરાક આપ્યો અને હું મારા નવા દોસ્તો સાથે ચાલતો થયો.

અમો સર્વે એક મોટાં જંગલમાં આવી લાગ્યા જ્યાં ઉંચા અને એટલાં તો ઉભાં ઝાડો હતાં અને તેઓના થંડ એટલાં તો લીસાં હતાં કે તે ઉપર બીલકુલ કોઇથી ચહડી શકાય નહીં અને તે ઉપરના ફળો તોડી પણ શકાય નહીં. આ બધા નાલીયેરીના ઝાડો હતાં અને તે ઉપરના નાલીયેરથી અમારા કોથલા ભરી લેવા માટેજ અમો ત્યાં આવ્યા હતા. ત્યાં દાખલ થતાંજ અમોએ હજારો વાંદરાઓને જ્યાંથી ત્યાં નાચતા કુદતા જોયા. આ વાંદરાઓમાં ન્હાના મોટા સર્વે જાતના હતા. અમોને જોતાંજ તેઓ બીહને નાલીયેરીના ઝાડપર ચહડી ગયા. પછી પેલા મારી સાથવાલા વેપારીઓ ત્યાં પડેલા પથરા ઉંચકી પેલા વાંદરાઓ તરફ ફેંકવા લાગ્યા કે તેનાં વેરમાં ચીરડાઇ પેલા વાંદરાઓ અમોને નાલીયેર તોડીને પાછાં મારવા લાગા! આ જોઇ મેં પણ વાંદરાંઓ તરફ પથરા ફેંકવા માંડયા. વાંદરાઓ એટલાતો ચીરડાયા કે તેઓ પુશ્કલ નાલીયેર અમારી તરફ ફેંકવા લાગા. આ નાલીયેરો અમો અમારા કોથલામાં નાખતા જઇએ ને પાછા પથરા ફેંકતા જઇ વાંદરાઓને વધારે સુરપર ચહડાવતા જઇએ. એમ કરતાં સાંજ સુધી અમારા દરેકના કોથલાઓ જોઇતા નાલીયેરથી ભરપુર થયા કે અમોએ શેહેર તરફનો રસ્તો ધર્યો.

અમો અમારાં શેહેરમાં આવી પુગા કે જે વેપારીએ અમને નાલીયેર લાવવા મોકલ્યા હતા તે વેપારીએ અમો સર્વેને તેનું ઘટતું દાંમ આપી અમારા સર્વે નાલીયેર ખરીદ કરી લીધાં. છેલ્લે આ મુજબ નાલીયેર લાવવાનો ધંધો મેં થોડા દીવસ ચલાવ્યો કે મારી પાસે ઠીક પુંજી એકઠી થઇ.

જે વહાણમાં હું આવ્યો હતો તે વહાણના વેપારીઓને પુરતાં નાલીયેર મલવાથી તેઓ ત્યાંથી હંકારી ગયા અને હું કોઇ બીજાં વહાણની વાત જોતો બેઠો હતો તેટલાં એક બીજું વહાણ તેજ જાતનો માલ લેવા ત્યાં આવી પુગું. તે ઉપર મારી પાસનાં સર્વે નાલીયેરો મેં ચહડાવ્યાં અને જ્યારે તે વહાણ ઉપડી જવાની તૈયારીમાં હતું ત્યારે મેં પેલો વેપારી કે જેને મને નાલીયેરનો વેપાર શીખવ્યો હતો તેનો મોટો ઉપકાર માણી તેની રજા લીધી કેમકે તે વેપારીને ત્યાં બીજું કામ હોવાથી તે મારી સાથે આવવાનો નહી હતો.

અમારાં વહાણે જ્યાં મરીનો પાક થતો હતો તે તરફ હંકારવા માંડયું. ત્યાં પુગા પછી તેની પાસેજ કુમારી નામના બેટ તરફ ગયા કે જ્યાં ધણા સરસ એલીયાના ટુકડાઓ મળી આવતાં હતા. ત્યાંના રેહવાસીઓ સરાબ પીતા ન હોતા તેમજ ધણી સારી રીતે પોતાનો સંસાર ગુજરતા હતા અને દેશના ધારાને ધણું માન આપતા હતા. આ બંને બેટોમાં મારાં નાલીયેર બદલે મેં મરી અને એલીયો ખરીદ કીધો. વલી ત્યાં મોતી મેલવવાનો ધંધો પણ ચાલતો હતો તેથી બીજા વેપારીઓને જોઇ મેં પણ ધણાક ડુબકી મારનારાઓને રોક્યા. આ રીતે ધણાક ઉંચાં અને કીંમતી મોતી મેલવવાને હું શક્તીવાન થયો તેથી હું ધણી ખુશી સાથે તે બેટમાંથી મારાં વહાણ સાથે ઉપડયો અને પાછો બસરામાંથી જેવો ભર્યો પુર્યો ઉપડયો હતો તેવોજ ભર્યો પુર્યો પાછો બસરા આવી પુગો અને ત્યાંથી બગદાદ તરફ કુચ કરી ગયો. ત્યાં જઇ મેં મારી સાથના મોતી, મરી, અને એલીયો વેચી મોટી રકમ

એકઠી કીધી. મારા નફાનો દસમો ભાગ મેં ધર્મ ખાતે આપ્યો અને મારાં સગાં વહાલાંઓ વચ્ચે હસી ખુસીથી મારો વખત ગુજારવા લાગો.

સીનબાદ પોતાની પાંચમી સફરનો અહેવાલ પુરો કરી રહ્યો અને ધારા મુજબ **હીનબાદને** સો સીકવીન આપ્યા અને તે લઇ તેને બીજા પરોણાઓ સાથે રૂખસુદ લીધી. તેજ મંડલી પાછી બીજે દીને તવંગર સીનબાદના મકાન પર મલી અને આગલા દીવસો મુજબ તેઓની ઉત્તમ પરોણાગત કરી ને તેઓને સંતોખ્યા પંછી સીનબાદે પોતાની છઠી સફરનો અહેવાલ સરૂ કીધો.

સીનબાદ ખલાસીની છઠી સફર.

મારા દોસ્તો તમો સાંભળી વળી ઘણા અજબ થશો કે પાંચ સફરમાં આટલું બધું દુઃખ ખમ્યું તે છતાં વળી મને છઠી સફરે નીકળવાની લેહ લાગી. હું જ્યારે એ વીશે વિચાર કરૂં છું ત્યારે હું પોતે પણ મારી આ ચાલ માટે અજાયબ થાઉછું. મારા નસીબમાંજ હશે તેથી વરશ નહીં ગયું કે હું વળી છઠી સફરે નીકળવાની તૈયારી કરવા લાગો ને એક પળમાં ફેરફાર કરનાર દરયાવની પીઠપર સ્વાર થવાને જરાબી દર કીધો નહીં. મારા સગાંવહલાં, દોસ્ત આશનાવ તથા ઓળખીતાઓના કાલાવાલા તથા રડવા કુટવાની બીલકુલ મેં દરકાર નહીં કીધી ને વલી હું સફરે ચાલ્યો.

'પરસ્યન ગલ્ફ' તરફનો રસ્તો લેવાને બદલે ખુસ્કીને માર્ગે હીંદુસ્તાન તથા ઇરાન તરફ મેં ચાલુ મુકયું જેમ કરતાં એક બંદર આગળ આવી પુગો. જ્યાંથી એક સારાં વહાણ પર ચહડયો કે જેના નાખુદાનો વિચાર એક લાંબી સફર કરવાનો હતો. તે સફર લાંબી તો થઇ પણ તેટલીજ હીન ભાયગ પણ નીવડી, કારણ કે નાખુદા અને સુકાણી પોતાનો રસ્તો ચુકયા અને ક્યાં જવું તેની તેઓને ખબર રહી નહીં. આખરે માહ મેહનતે તેઓએ અમો ક્યાં હતા તે શોધી કાહડયું પણ આ શોધથી અમને ખુશી થવા જેવું કાંઇ હતું નહીં કારણ કે નાખોદાએ તુરતજ પોતાનું કામ છોડી દીધું અને પોતાની દહાડી તોડી પીખી નાખીને મોટે મોટે રડવા માંડયું, તેને પોતાની પાઘડી ડેક પર ફેંકી દીધી અને દીવાના માણુસની માફક માંથુ મોહડું કુટવા લાગો. અમોએ આ એકાએક ઉપજી આવેલા ગમનું કારણ ઘણા ઘભરાત સાથે તેણે પુછયું ત્યારે તે બોલ્યો કે "હું ઘણી દલગીરી સાથે તમને જણાવુંછું કે આપણે ઘણા મોટા ભયમાં છીએ. એક મોટા દરયાઇ પ્રવાહમાં આપણું વહાણ આવી ગયું છે અને એક પા કલાકમાં આપણું વહાણ ટુકડે ટુકડા થઇ જશે. ખોદાની બંદગી કરો અને તે સીવાય બીજો કોઇ આપણો બચાવ કરી શકે એમ નથી. જો તેને દયા આવશે તોજ આપણુ બચી જઇશુ." એટલુ બોલી તેને વાહાણના બધા સડો ઉતારી નાખવાનો હોકમ આપ્યો પણ તેટલાં તો તે તુટી ગયા અને વહાણુ સીધુ ચલાવવાને અમો અશક્ત થઇ પડ્યા. આથી અમારૂં વહાણ એક મોટા ખડક સાથે અઠડી પડયું અને ભાગીને ટુકડે ટુકડા થઇ ગયું. અમોને અમારો ખોરાક ઉતારવા જેટલી પણ ફુરસુદ મળી નહી તો અમારા કીંમતી માલનું તે ક્યાં ઠેકાણું રહે?

જ્યારે હમો કીનારાપર એકઠા થયા ત્યારે અમારા નાખોદાએ કહ્યું કે ખોદાએ જે ધાર્યું હશે તેજ થશે. ત્યાં આપણે આપણી ઘોર ખોડી રાખવી જોઇએ. અને એક બીજાને મલી ભેટી લેવું જોઇએ કેમકે આપણો બચવાનો કસ્સો દીરગ રહ્યો નથી. કારણ કે આ જગાથી કોઇબી ઇનસાન બચીને જીવતો પોતાને વતન જઇ શકયો હોય એમ મને ખબર નથી. નાખોદાના આવા નાસીપાસી ઉપજાવનારા સખુનો સાંભલી અમો પુરેપુરાજ ચસી ગયા. પછી રડતા કુટતા એકમેકને ભેટવા લાગ્યા અને અમારી કંગાલ હાલત માટે અફસોસ કરી છેલી ઘડીની રાહ જોવા લાગ્યા.

જે પાહાડની તલેટી આગલ અમો ઉભા હતા તે પાહાડની એક બાજુએ એક મોટું અને લાંબુ બેટ હતું. તેના કીનારા ઉપર ભાંગેલાં વહાણનો કાટ પડેલો હતો તેમજ માણસના હાડકાંનો એક જબરદસ્ત ઢગ પડેલો હતો જે ખુલ્લું દેખાડતો હતો કે અમારા પણ એવાજ બુરા હાલ જે વખત જાય છે તેમા થવાના. વલી ઢગલાબંધ વેપાર જોગો માલ, તહરેવાર જાતનો ત્યાં પડી પડીને સડતો હતો.

સાધારણ રીતે ન્હાની ન્હાની નદીઓ મોટા દરીઆવમાં પોતાના મુખો રાખે છે પણ ત્યાં ઉલટું એક મોટી નદી આ દરીઆવમાંથી પોતાનો રસ્તો લેતી હતી જે એક અંધારા ગોફામાંથી પસાર થતી હતી જેનું મુખ ઘણું મોટું અને ઉંચું હતું. વલી વધારે અજાયબ જેવું તો એ હતું કે તે પાહડપર હીરા, માણેક વીગેરે જવાહેરોની મોટી પેદાશ હતી. વળી ત્યાં સેલારસ જેવો એક પ્રવાહી રસ પાહડમાંથી વહેછે ને તે ઝરો દરીઆવમાં ખાલી થાયછે ત્યાંથી માછલીઓ ગલે છે અને પછી તે પાછી અંમબરના આકારમાં ઓકી કહાડે છે જે મોજા સાથે ધસડાઇને કીનારે ઢગલા ને ઢગલા એકઠા થાય છે. ત્યાં પુશ્કલ એલીયાના ઝાડો પણ થાયછે જે ઘણા ખરાં **કુમારી** બેટપર મેં જોયાં હતાં તેનેજ મલતાં આવે છે.

આ જગાનું વર્ણન પુરૂં કરયા આગમજ મારે એટલુંજ કેહવું છે કે આ જગાએથી કોઇબી વહાણ સલામત જાય એ ખુદરતી રીતે ન બને એવું છે. જો સમુદ્રનો પવન ઉલટે તો કાંઇ ઉપાય ચાલે એમ નથી. જો પવન જમીન તરફથી ઉલટે તો દરીઆવમાં વહાણ વંતોલ્યાના સપાટામાં આવી ચુરેચુરો થાય. ટુકમાં કોઇ તરફના પવનથી વહાણને કાંઇબી ફાયદો થવાને બદલે બધી તરફથી નુકશાનજ થાય છે.

મોતને હમણા મલશું, ઓય મલશું એવી ધાસ્તીથી અરધા થયલા, તુટેલા જીગરથી અમો કીનારા પર પડી રહયા. અમોએ અમારી પાસેનો ખોરાક એક એક વચે સરખે ભાગે વેંહેંચી લીધો કે જેબી વધારે જીવે કે જલદી મરી જાય તે પોતાના ફાલા મુજબ સંતોશ પાંમે.

જેઓ પેહલાં મરી ગયા તેઓને જેઓ જીવતા હતા તેઓએ દાટયા. મારે નશીબે મારા છેલ્લા સોબતીને દાટવાની ફરજ આવી પડી. જો કે મેં મારો ખોરાક ઘણી સંભાલથી અને કરકસરથી વાપડયો હતો એટલુંજ નહી પણ બીજો કેટલોક ખોરાક મેં મારા સોબતીઓથી છુપાવી રાખ્યો હતો. તોપણ જ્યારે મેં મારા છેલ્લા સોબતીને દાટયો ત્યારે મારી પાસે બીલકુલ થોડો ખોરાક બાકી હતો તેથી મેં ધાર્યું કે મારે પણ હવે જમને જલદી મળવું પડશે. પણ હવે મને દાટનાર કોઇ બાકી રહ્યો નથી તેથી મારી ઘોર મારે પોતે પોતાને માટે ખોદી રાખવી પડી. તે ઘોર હું ખોદી રહ્યો કે મેં વિચાર કીધો કે જીવતા જીવતજ તેમાં પડી મારો અંત લાવવો. આવો વિચાર જ્યારે હું કરતો હતો ત્યારે આ મારાં કમનશીબનું હું પોતે કારણ હતો અને તે માટે મારે કોઇને બદનામ કરવાનું હતું નહીં. આ મારી હાલતથી હું પોતે પોતાને કદુવા દેવા લાગો, મારા હાથો કરડવા લાગો અને મારો અંત જેમ જલદી આવે તેમ કરવા લાગો.

પણ ખોદાવનતાલાએ હજુર મારી પર દયા કીધી, અને આવા કટાકટીના વખતમાં મારા મનમાં તે દયાલુ કીરતારે એવો વિચાર ઉત્પન કીધો કે પેલી વેહતી નદી, જે ગોફામાંથી પસાર થતી હતી તે ગોફો તપાસવો. પછી તે ગોફાની છેક નજદીક જઇ ઘણા ધ્યાણથી તે ગોફો તપાસવા લાગો અને વિચારવા લાગો કે જે ગોફામાંથી આવી મોટી નદી પસાર થાય છે તે નદી કોઇબી શેહરને કીનારે લાગતીજ હશે. તેથી મેં એક મોટો તરાપો બનાવવાનો ઠરાવ કીધો અને તે ઉપર બેસી પેલા પાણીના રોહ ઉપર ઝોકાવું તો કદાચ કોઇ વસ્તીવાલી જગા તરફ હું ધસડાઇ જાઊં ખરો અને

જો હું તેમાં અટવાઇ જાઉ તો એક નહીં તો બીજે રસ્તે મારૂં મોત આવેલું ગણાય કારણ કે મોત તો નકીજ છે ત્યારે કોઇબી રસ્તે મરવામાં કાંઇ હરકત નથી. પણ જો સારા નસીબે હું કોઈ વસ્તી-વાલા દેશ કે શેહેરમાં જઇ પડું તો જે કંગાલ મોતે મારા સોબતીઓ મરણ પામ્યા તેવાં કંગાલ મોતથી બચી જવશ એટલુંજ નહીં બચવા પછી હું મારો રસ્તો પાછો દુન્યાંમાં લઇ શકશ.

આ આશાથી હું તરાપો બનાવવાના કાંમ ઉપર બેવડી ઉલટથી મંડી ગયો. ભાગેલાં વહાણુના લાકડાનાં ટુકડા તથા દોરડાંઓ જે કીનારે પુશ્કલ વીખરાઇ પડ્યાં હતાં તે જમાવ કરીને મેં એક મજબુત તરાપો બાંધી તૈયાર કીધો. પછી આસપાસ પડેલાં માણેક, હીરા, અંમબર, વીગેરે કીંમતીમાં કીંમતી ઝવેરાતો તથા સોના રૂપાંની ચીજો એકઠી કીધી અને તે પેલા તરાપા પર એક ગાંસડી બાંધી તે મુક્યું અને સંભાળ રાખી કે તે ગાંસડીથી પેલા તરાપાનું સમતોલપણું જતું નહીં રહે. મારી પાસે બાકી રહેલો ખોરાક મેં સંભાલથી સાથે લીધો અને મારાં બનાવેલાં બે હલેસાં લઇ હું તે તરાપા પર ચહડી બેઠો અને ખોદાના સત ઉપર પાણીમાં રસ્તો કાપવા માંડયો.

જેવો હું ગોફામાં દાખલ થયો કે ગોયા દીવસની રોશની ગુમ થઇ અને રાત પડી હોય એવું અંધારૂં ઘોર થઇ ગયું. પાણીનો પ્રવાહ મને આગલ ઘસડી જતો હતો પણ મને ખબર નહીં હતી કે હું કેઇ તરફ મારો રસ્તો કાપું છું. રોશનીનું એક કીરણબી ત્યાં પડતું ન હોતું તેવા અંધારા ગારમાં મે. કેટલા દીવસ સુધી મારો તરાપો ચલાવ્યો તેની મને ખબર વઠીક નથી. એક વખતે ગોફામાં એટલું તો નીચાન આવી ગયું કે મારૂં માથું ફુટી ગયું, આ ઉપરથી હું તરાપા પર સુઈ રહ્યો કે ફરી એવો બનાવ બને નહીં. વલી મારો ખોરાક ઘણી કરકસરથી વાપરવા છતાં ખુટી પડયો તેથી મને ઘણી ધાસ્તી લાગી, પણ ખુદરતે પોતાનો રસ્તો સીધી રીતે લીધો ને મારી ખોરાકની ફીકર તલી ગઇ કારણકે હું મીઠી ઉંઘમાં પડયો. હું કહી નહીં શકતો કે હું કયાં સુધી સુઇ રહ્યો હોઇશ. જ્યારે હું સજાગરૂ થયો ત્યારે જોઉછું તો હું એક ખુલ્લા કીનારા પર અજવાળામાં આવી પડેલો હતો. હું હજુર મારા તરાપા પરજ સુતેલો હતો પણ મારો તરાપો કીનારેના એક ઝાડ સાથ બાંધેલો હતો અને મારી આસપાસ ઘણાક કાલાં માણુસો ઉભાં રહેલાં હતાં. તેઓને જોઇ મેં નમનતાઇથી સલામ કીધી તેના ઉત્તરમાં તેઓ કાંઇ બોલ્યા પણ હું તેઓની ભાષા સમજી શકયો નહીં.

આ વખતે મને જે ખુશી ઉપજી તેનું હું વર્ણન કરી શકતો નથી, હું તો એમજ સમજવા લાગો કે હું સ્વપ્નોજ જોઉછું. પછી નજર ડેડવી બરાબર જોતાં છેલ્લે માલમ પડયું કે આ સ્વપ્નો નહીં પણ ખરેખરી બીના છે તેથી હું આરેબી ભાષામાં બોલી ઉઠયો કે: "પાક પરવરદેગારની મદદ માંગ! તે તારી મદદે આવી તને સીધે રસ્તે મુકશે. બીજા કોઇબી ઉપાયથી તારી પરની આફત તલશે નહીં. તારી આંખ બંધ કરીને પાછી ઉગાડ, એટલે તારી સર્વે આફત તલી ગયલી તને માલમ પડશે એવી તેની મોટી શક્તી છે."

પેલા કાલાં માણુસોમાનો એક જે આરબી ભાષા સમજતો હતો તે મારી નજદીક આવ્યો અને બોલ્યો "ભાઇ અમોને જોઇને તું અજાયબ ના થા, અમો આ દેશમાં વસ્યે છીયે. અમારાં ખેતર માટે આ નદીમાંનું પ્રાણી લેવા માટે અમો અત્રે આવ્યા હતા. એટલામાં આ પ્રવાહમાં કાંઇ ઘસડાતું હોય એમ અમને લાગું તેથી નદીમાં તુટી પડી નજદીક જઇ જોયું તો તારો તરાપો નજર પડયો કે તેને ઘસડી લાવી આ ઝાડ સાથે બાંધ્યો અને તું જાગે ત્યાં સુધી વાટ જોતાં તારી નજદીક ઉભા હતા. હવે તું કોણ છે ને ક્યાંથી આવ્યો તે વગેરે તારી સર્વે હકીકત અમને કહી સંભલાવ.કારણ તારી હકીકત જાણુવા માટે અમને ઘણી ઉલટ છે." મેં તેણે કહ્યું કે પેહલાં મને કાંઇબી ખોરાક આપો અને

તે ખોરાક ખાધા પછી મારી હકીકત તમોને હું તુરત કહી સંભલાવીશ અને તમારી જીજ્ઞાસા પુરી કરીશ.

તેઓએ મારી અરજ મુજબ ઘણીક જાતનો ખોરાક મારી હજુર લાવી મુકયો તે ખાઇને મેં મારી ભુખ મટાડી અને પછી તેઓને મારી ઉપર શું શું વીટયું હતું તથા હું ત્યાં કેમ આવી પુગો તે સર્વે હકીકત તેઓને કહી સંભળાવી, જે તેઓએ ઘણી અજાયબી સાથે સાંભળી. મારી હકીકત પુરી થવા પછી પેલા દુભાસ્યાએ મને કહ્યું કે તમારી હકીકત ઘણી અજાયબ જેવી છે તેથી તે અ-મારા પાદશાહને કહી સંભલાવી અને તે માટે તેની આગળ આવવું. મેં કહ્યું કે તેઓને જે ગમે તે કરે અને તેઓની મરજી પડે ત્યાં મને લઇ જાય તેમાં મને કાંઇ હરકત નથી. આ સાંભળી તેઓએ એક ઘોડો મંગાવ્યો જે જલદી આવી પુગો, તે ઉપર મને સ્વાર કીધો અને તેઓમાના થોડાક મારી આસપાસ મને રસ્તો દેખાડવા ચાલવા લાગા અને કેટલાકોએ મારો સામન જે પેલા તરાપા પર હતો તે ઉંચકી મારી પાછળ ચાલવા લાગા.

અમો સર્વે સાથે **સરંનદીપ**, જે પેલા કાલા માણુસોની રાજધાણી હતી, તે ટાપુમાં આવી પુગા કે પેલા કાલા માણુસોએ મને ત્યાંના રાજાની દરબારમાં રાજા હજુર ઉભો કીધો. મેં તેને તખત પર બેઠેલો જોયો કે હીંદી રીતભાત મુજબ મારા ગુઠણુપર પડી તેના તખત આગલની જમીનને બોસા દીધા અને તેને નમશકાર કીધો. તે રાજાએ મને ઉઠવા કહ્યું અને મારી ચાલચલનથી ખુશ થઇને મને પોતાની પાસે એક બેઠકપર બેસાડયો. તેણે પેહલે મારૂં નામ નીશાન પુછયું ત્યારે મેં જવાબ દીધો કે મને સીનબાદ ખલાસી કરીને કહે છે અને મેં દુન્યાની આસપાસ ઘણી સફરો કીધી છે. તથા હું બગૃદાદનો રેહવાસી છું. ત્યારે તે અજાયબ થઇ બોલ્યો કે તું મારાં દેશમાં કેમ આવી પુગો તે જણાવ. આ ઉપરથી મેં મારી તમામ હકીકત તે રાજાને કહી સંભલાવી જે સાંભલી તે એટલો તો રાજી તથા અજાયબ થયો કે તે મારી સર્વે બીના સુનેરી હરફે પોતાના દરબારી દફતરોમાં લખાવી રાખી કે તે હંમેશ સુધી જાલવી રાખવાને બની આવે.

પછી મારો પેલો તરાપો ત્યાં દરબારમાં લાવી રજુ કીધો અને તે ઉપરનો પેલો કીંમત બોજોબી મેં રાજા હજુર ખોલ્લો કીધો. તે પેલાં જરજવાહીરો જોઇને એટલો તો અજાયબ થયો કારણ કે જવાહીરો તેના પોતાના ખજાનામાંબી નહીં હતાં.

આ જવાહીરો તે એટલાં તો ધ્યાનથી અને ખુશી સાથે તપાસતો હતો કે ગોયા તે મારી ઉપર ફીદા થઇ ગયો હતો, તે જોઇ મેં નમનતાઇથી તેને કહ્યું કે " ઓ બલવંત પાદશાહ! હું પોતે તમારો ગુલામ છું એટલુંજ નહીં પણ આ મારા તરાપા પરનો સર્વે સામાન તથા જર જવાહીર પણ તમારૂંજ છે અને તેનો ઉપયોગ તમો નામદારની નજરમાં આવે તેમ કરવો એવી મારી અરજ છે."

આ સાંભલી તે પાહદશાહે હસીને જવાબ આપ્યો કે "મને તારા માલમાંથી કાંઇબી જોઈતું નથી પણ સામું મારે તને કાંઇ બક્ષેશ આપવું જોઇએ. અને જ્યારે તું અમારો દેશ છોડી જાય ત્યારે તે મારી યાદગારીમાં તમારી સાથે લેતો જજે." આ સાંભળી મેં તેના સખી સ્વભાવ માટે તારીફ કીધી અને તેનો મોટો ઉપકાર માનયો.

તે પાદશાહે પોતાના એક અમલદારને હોકમ કીધો કે મારી સારી રીતે બરદાસ્ત લે અને જોઇતા ચાકર નોકરો મારી હજુરમાં રાખે. તે અમલદારે પોતાને સોંફેલું કામ ઘણી પ્રમાનદારી તથા ઉલટથી બજાવ્યું તથા મારે માટે ઠેડવેલાં મકાનમાં મારો સર્વે સામાન તથા જરજવાહીરો તેને બરાબર પુગાડયાં. હું દરરોજ ચોકસ વખતે દરબારમાં પાદશાહની હજુર જતો હતો અને બાકીનો વખત શેહેરમાં ફરી જે જે જોવા તથા જાણુવાજોગ હતું તે જોવામાં ગુજારતો હતો.

આ સરનદીપનો ટાપુ મધ્ય રેષાપર આવેલો હોવાથી ત્યાં દહાડો તથા રાત્ર એક સરખાં રહેતાં, તથા તે ટાપુ ઍંસી ફરસંગ લાંબો અને તેટલોજ પોહલો હતો. ત્યાંનું મુખ્ય શેહેર એક ઘણી સુંદર ભોંય ઉપર આવ્યાથી ઘણું ખુશનુમાં તથા લીલોત્રીથી ભરપુર હતું. આ ટાપુની વચોવચમાં એક મોહટો પાહડ છે જે દુન્યામાં સર્વેથી મોટો પાહડ ગણાય છે; જે એટલો તો ઉચો છે કે દરયાવમાંથી ઘણે દુર વેરથી તે દેખાઇ આવે છે. હીરા માણેક વીગેરે કીંમતી ઝવાહેરો તે પાહાડપર મલી આવે છે. આ ટાપુ ઉપર ઘણાંકે અજાયબ જેવા તેમજ અસાધારણ કીંમતી ઝાડ પાંનો ઉગે છે તેમાં મુખ્ય કરી સાગ તથા તાડના ઝાડો મોટા જથામાં ઉગે છે. ત્યાંની નદીમાંથી મોટીની સીપો પુશ્કલ મલી આવે છે, અને ઘણીક ખીણો હીરાથી ભરપુર હોય છે. તે પાહાડના શીખરપર હું ગયો કારણ કે મારા સાંભલવામાં આવ્યું હતું કે તે જગા ઉપર બાવા આદમને તેના વાંક સારૂ બેહેસ્તના બાગમાંથી કાહડી મુકવામાં આવ્યો હતો. આ કેહતીવાલી જગા જોવાની મને ખુદરતી રીતે હોંશ થઇ અને તે હોંશ મેં પુરી પાડી.

આ જગાપરથી પાછો ફરી હું શેહેરમાં આવ્યો અને મારા સ્વદેશ તરફ જવા માટે મેં શાહા પાસેથી રજા માંગી જે તેણે ઘણી માનપુર્વક રીતે સ્વીકારી. તેણે પોતાના ખજાનાંમાંથી ઘણી કીંમતી બક્ષેશો મને કીધી અને મારા હાથો તેની બક્ષેશથી ભરપુર કીધા. જ્યારે હું જવા નીકલ્યો ત્યારે તેણે મારા હાથમાં એક કીંમતી રૂક્કો મુકયો અને કહ્યું કે "આ રૂક્કો નામદાર કાલીફ હારૂન-અલ રશીદને આપી અમારી તરફથી નમનતાઇ સાથે કેહેજે કે અમો તે નામદારની મેહરબાની ભરી દોસ્તીનાં ઇંતેજાર છીએ અને આશા રાખ્યે છીએ કે તે અમારી અદના દોસ્તી કબુલ કરશે." તે રૂક્કો મેં ઘણાં માન તથા ઇજત સાથે મેં મારે સ્વાધીન લીધો અને કહ્યું કે હું ઘણી સંભાલથી અને મોટી ખુશીથી તે કાંમ હું બજા લાવીશ. હું વહાણ પર સ્વાર થાઉં તે આગમચ તે વહાણના નાખુદા તથા બીજા વેપારીઓ જેઓ મારી સાથે આવનાર હતા તેઓને તાકીદ કીધી કે મારી ઘણી અચ્છી બરદાસ્ત કરવી અને મને દરેક સગવદ કરી આપવી.

જે રૂક્કો મને નામદાર કાલીફને આપવા માટે સોંપ્યો હતો તે રૂક્કો એક ઘણાજ કીંમતી ચાંમડાં પર લખેલો હતો કે જેવાં ચામડાં ઘણાંજ મોંઘા અને અસાધારણ હોય છે. તેનો રંગલ પીલાસ પર હોય છે. ખુદ તે રૂકકો આસમાંની રંગનો હતો તે હીંદી ભાષામાં નીચે મુજબ લખેલો હતો:—

"હીંદી રાજા જે બાહર આવે છે ત્યારે તેની આગલ એક હજાર હાથીઓ માંન માટે ચાલે છે; જેનાં મેહેલનું છાપડું લાખો માણેકથી ઝગઝગાટ મારે છે; અને જેનાં ભંડારમાં વીશ હજાર હીરાથી મઢેલાં તાજો છે તેની તરફથી કાલીફ-હારૂન-અલ-રશીદ જોગ—

"અમોએ જે નજરાણું આ રૂક્કા સાથે મોકલ્યું છે તે જોકે ઘણું કીંમતી તો નથીજ તોપણ "તે એક ભાઇ અને દોસ્ત તરફથી આવ્યુંછે, એમ ધારી તથા જે મીત્ર ભાવ અમો તમારી તરફ "રાખ્યે છીએ તેના બદલા તરીકે તે તમો કબુલ કરશો. અમારી દોસ્તી તમોને જાહેર કરવાની આ "તક મલી માટે અમો અતી ઘણા ખુશી છીએ. જે મુજબ અમો તમોને ચાહ્યે છીએ તે મુજબ "તમો પણ અમોને ચાહતા રેહેશો એવી ઉમેદ રાખ્યે છીએ. એક ભાઇ તરીકે સલામઆલેકુમ. "સલામ!"

જે કીંમતી નજરાણું નામદાર કાલીફ માટે આપ્યું હતું તેમાં એક 'વાસ' હતો જે ફકત એક માણેકમાંથી કોરેલો હતો જે એટલીતો કારીગરીથી કોતરેલો હતો તેવી અજાયબ કારીગરી મારા જોવામાં આજસુધી આવીજ નથી. બીજી ચીજ એક સાંપની કાંચલી હતી જે ઉપરનાં ભીંગડા એટલાંતો

મોટાં હતાં કે અકેકા સીકા જેવાં લાગતાં હતાં. આ સાંપની કાંચલીમાં એવો ગુણ હતો કે કોઇબી દર્દથી બીમાર આદમીને તે લગાડવાથી તેનું દર્દ એકદમ દફે થતું હતું. ત્રીજી ભેટ તરીકે પચાસથી વધુ મન ઉંચામાં ઉંચુ અગર અને તે સાથે ત્રીસ મોટા મોટા કપુરના કકડાઓ હતા. આ સર્વે ભેટો સાથે એક ઘણીજ ખુબસુરત પરીજાદ દાસી હતી જેનો પોશાક તમામ જર જવાહીરથી ભરપુર હતો.

અમોએ અમારૂં વહાણ હંકાર્યું અને એક લાંબી પણ ફતેહમંદ સફર કરી અમો બસરાના બંદરે આવી પુગા ત્યાંથી હું બગદાદ ગયો. ત્યાં જતાંવાર પેલો પાહાદશાહી રૂક્કો નામદાર કાલીફને પુગાડી સરનદીપના શાહનો હડયો તેને સ્વાધીન કરવાની પેહલી તૈયારી કીધી. તે રૂક્કો તથા પેલો કીંમતી હડયો મારી સાથે મારા કુટુંબના થોડાક માણસો તથા પેલી ખુબસુરત દાસી પાસે ઉંચકાવી નામદાર કાલીફના મેહેલમાં લઇ ગયો અને તેના પગ આગલ મુકયો. મેં તે નામદારને નમશકાર કરીને પેલો રૂક્કો તેણે સ્વાધીન કીધો અને સર્વે બાબદથી તે નામદારને વાકીફ કીધો. જ્યારે તે રૂક્કાની બાબદ તે વાંચી વાકેફ થયો ત્યારે મને પુછવા લાગ્યો કે "શું સરનદીપનો શાહ એટલો બધો દોલતમંદ છે કે પોતાના રૂક્કામાં પોતાની દોલત વીશે એટલી મગરૂરીથી લખવાની હીંમત કરે છે?"

હું બીજીવાર ગુઠણુ મંડયે પડયો અને પછી ઉઠીને બોલ્યો "ઓ નામદાર કાલીફ સરનદીપના શાહે જે લખ્યું છે તે બોલેબોલ ખરૂં છે. તેણે જે લખ્યું છે તેમાં કાંઇબી સહરાઘાત કીધેલી નથી કારણ કે મેં તેનો દબદબો અને બેસુમાર ખજાનો મારી નજરો નજર જોયો છે. તેના મેહેલની રચના કોઇબી જોનારને અજાયબીમાં છક કરયા વગર રેહ નહી એવી છે. જ્યારે તે શાહની મરજી શેહેરમાં ફરવા નીકલવાની થાય છે ત્યારે એક મોટા અને ખુબસુરત હાથીપર તે જર જવાહેરથી મઢેલું એક કીંમતી તખ્ત બાંધે છે, અને તે ઉપર પોતે સ્વાર થાય છે હાથીનો માહવત એક સોનાનો અંકુસ પોતા સાથે રાખે છે. તે પોતાના દરબારીઓ તથા વજીરો અને માનીતાઓની બંને બાજુએ અકેકી હાર કરે છે અને તેમાંથી પોતાની સ્વારી પસાર કરે છે. તેના તખ્તની પાછલ એક બીજો નોકર હાથમાં સુદ્ધ સોનાનો સોટો પકડી ઉભો રહે છે. તે શાહની નીગેહબાની માટે એક હજાર સ્વારો તમામ રેશમી તથા સોનેરી પોશાકમા હાથીઓપર સ્વાર થઇ ચાલે છે.

જ્યારે તે પોતાની સ્વારી શેહેરમાં ફેરવે છે ત્યારે તેની આગલ બેઠેલો માહવત વખતે વખતે પોકાર મારતો રહે છે કે "નીગાહ રાખો! નીગાહ! આ હીંદુસ્તાનના મોટા માહારાજાની સ્વારી ઉપર! આ મોટા જોરાવર અને દોલતમંદ હીંદી માહારાજાનો મેહેલ હજારો હીરા માણેકોથી સીનગારેલો છે. તેના ખજાનામાં વીસ હજાર હીરાના તાજો છે, આ માહરાજા મોટા સુલેમાંન તથા મોટા 'મીહરાજી' કરતાં ઘણો મોટો પાદશાહ છે."

આ સખુનો પેલો બોલી રહે છે કે શાહની પાછલે બેઠેલો આસામી પોકારે છે કે "જોકે આ માહરાજા ગમે એટલો મોટો અને દબદબા ભર્યો છે તોપણ તેને મોત છોડવાનું નથી! તે એક દહાડે મોતને સરન થશેજ!" ત્યારે પેહલો પાછો જવાબ આપે છે કે "ખોદાવનતાલા તેને સલામત રાખે અને મોહતથી બચાવે!"

સરનદીપનો શાહ એટલો તો અદલ ઇનસાફી છે કે તેણે કોઇબી ન્યાયાધીસ રાખ્યો નથી એટલુંજ નહીં પણ તેની પ્રજાને એવા કોઇ ન્યાયાધીસની ગરજબી પડતી નથી. તેઓ તેના અદલ ઇનસાફથી એટલા તો માહેર છે કે ઘણું કરીને કોઇ ગુનાહ તેઓ કરતાજ નથી અને પોતાની ફરજ એવી તો સ્વચ્છ રીતે બજાવે છે કે કાજી, મુફતી, કે કોટવાલની ત્યાં જરૂરજ રેહતી નથી.

મારા આ અહેવાલથી નામદાર કાલીફની ખાતરી થઇ અને તે બોલ્યો કે સરનદીપના શાહના રૂક્કા ઉપરથી તથા તમોએ કહેલી વીગતો ઉપરથી મારી ખાતરી થાય છે કે તે ઘણો મોટો અને દબ-

બગદાદનો શાહ છે, તે જેમ તેની પ્રજાને લાયક છે તેમ તેની પ્રજા પણ તેને લાયકનીજ છે." આટલું કહી તે નામદારે મને ઘણી સારી બક્ષેસ આપીને રખસદ કીધો.

આં સીનબાદે પોતાની છઠી સફરનો અહેવાલ ખતમ કીધો અને પોતાનાં પરોનાઓને રવાના કીધા પણ હીનબાદને ધારા પ્રમાણે શો શીકવીન આપવાને તે ભુલ્યો નહીં. બીજે દીને પાછા પેલા પરોનાઓ તથા હીનબાદ હાજર થયા કે સીનબાદે પોતાની સાતમી સફરનો અહેવાલ નીચે મુજબ કેહવો સરૂ કીધોઃ—

સીનબાદ ખલાસીની સાતમી તેમજ છેલ્લી સફર.

મારી છઠી સફરથી પાછો ફર્યા પછી મેં ઠરાવ કીધો કે હવે કદીબી દરયાઇ સફર મારે વિચારબી નહીં કરવો. હવે મારી ઉમરબી પોંહચી હતી અને મને આસયસની ઘણી જરૂર હતી. વલી તે ઉપરાંત મેં સાગંદ લીધા કે જે જે આફતો મેં ખમી હતી અને અનુભવ મેળવ્યો હતો તેવી આફતમાં ફરી કદી પડવું નહીં અને મારી જીંદગી ખુશખુશાલી અને એકાંતગીમાં ગુજારવી.

એક દીવસે હું મારા દોસ્ત આશનાવો સાથે બેસીને મજાહ મારતો હતો તેટલાં એક ચાકરે આવી મને જણાવ્યું કે નામદાર કાલીફ તરફથી એક અમલદાર તમને મલવા માંગે છે. હું તે સાંભલી ખાણા ઉપરથી ઉઠયો. અને તેની આગલ ગયો. મને જોતાં તે બોલ્યો "નામદાર કાલીફ તમોને બોલાવે છે." આ સાંભળી હું તુરતજ તૈયાર થઇ તે અમલદાર સાથે ગયો. નામદાર કાલીફ આગલ હાજર થતાંજ મેં ઘટતી રીતે તેણે નમશકાર કીધો અને મારાં ગુઠણ પર પડયો. નામદાર કાલીફ મને જોઇ બોલ્યો કે "સીનબાદ મને તારૂ કાંમ પડયું છે અને તે તમારે બજાલાવવું જોઇએ. સરનદીપના શાહ પાસે તમોને ફરી એકવાર જવુ જોઇશે, કારણ કે મારી તરફનો જવાબ તથા નજરાંણું-અરસપરસના રીવાજ માફક તેને પુગવું જોઇએ" નામદાર કાલીફના આ સખુનો સાંભલી મને જબરો આંચકો લાગો. મેં જવાબ દીધો "નામદાર શાહ તમારા દરેક હોકમનો હું તાબેદાર છું અને તમો જેબી ફરમાવો તે બજાલાવવાને હું સદા તૈયાર છું પણ તમો નામદાર જોશો તો માલમ પડશે કે હું કેટલો નાતવાન થઇ ગયો છું. એટલુંજ નહી પણ હવે મારી ઉમર પણ ઘણી થઇ છે અને ઘડપણ સરૂ થઇ ચુકું છે. વલી મેં સફરોમાં એટલી તો આફતો ખમી છે કે તેવી આફતોમાં હવે કદી નહીં પડવાના તથા બગદાદ નહીં છોડવાના મેં સખત સોગંદ લીધા છે." એ પછી મેં મારી છ સફરોનો લંબાન હેવાલ તે નામદારને કહી સંભલાવ્યો જે તેણે ઘણી ધીરજ ને ધ્યાનથી સાંભલ્યો. જ્યારે મારી હકીકત પુરી થઇ ત્યારે કાલીફ બોલ્યો કે "તારી હકીકત બચીત અજાયબ જેવી તેમજ આફત જેવી છે એતો મારે કબુલ કરવુંજ જોઇએ પણ મારે ખાતર તારે સરનદીપની મુસાફરીતો કરવીજ જોઇએ. જે કામ હું તને સોંપું છું તે કામ તું બજાવી તુરતજ પાછો ફરજે. પણ તારે જવુંતો જોઇએ કારણ કે તુંજ વિચાર કર કે સરનદીપના શાહનો ઉપકાર હું મારી ઉપર કેવી રીતે રાખી શકું? જો હું તેનો ઉપકાર પાછો નહીં વાલું તો મારા દરજ્જાને ઘણું હલકું લાગે અને હું સરનદીપના શાહની નજરમાં ઘણો નીચો દેખાવું."

મેં જ્યારે જોયું કે કાલીફે તો મને મોકલવાનો ઠરાવજ રાખેલો છે ત્યારે મેં કહ્યું કે તમો નામદારનો હોકમ બજાવવાને હું તૈયાર છું. આથી તે ઘણો ખુશી થયો અને મને મારી મુસાફરીના ખર્ચ વાસ્તે એક હજાર સીકવીન આપવાનો હુકમ કીધો.

થોડા દીવસમાં સફર માટે સઘલી તૈયારી નકી કીધી; અને જ્યારે નામદાર કાલીફ તરફથી

સરનદીપના શાહ માટેનું નજરાણું તથા કાલીફના પોતાના દસ્તખતે લખેલો રૂક્કો મને મલ્યો ત્યારે હું બસરા તરફ રવાના થયો અને ત્યાંથી વહાણ પર ચહડયો ને સરનદીપનો રસ્તો લીધો. થોડાજ વખતમાં હું ખુશખુસાલ સફર કીધા પછી સરનદીપના ટાપુ પર ઉતરયો. મેં તુરતજ ત્યાંના દરબારીઓને મારા આવી પુગવાના તથા કાલીફ તરફના રૂક્કા તથા નજરાણાં બાબતથી વાકીફ કીધા અને શાહની મુલાકાત જેમ બને તેમ જલદી કરાવવા માટે તેમને તાકીદ કીધી.

સરનદીપનાં શાહે તુરતજ મારી મોટી ખુશી સાથે મુલાકાત લીધી અને મને ઓલખી તુરત બોલ્યો કે "સીનબાદ હું તને જોઇને ઘણો ખુશ છું; મારા મુલકમાં તારૂં આવવું મુબારક હોજો. તારા ગયા પછી મેં તને ઘણી વખત યાદ કીધો હતો અને આજ દીન તારી મુલાકાત થયાથી મને બેહદ આનંદ થયો છે." મને જે આવકાર મલ્યો તેનો ઘટતા શબ્દોમાં ઉપકાર માની મેં નામદાર કાલીફ તરફનો પેલો રૂક્કો અને કીંમતી નજરાણું સરનદીપના શાહને હવાલે કીધું જે તેણે ઘણી ખુશી તેમજ માન સાથે કબુલ કીધું.

કાલીફે મોકલેલાં નજરાણામાં એક તમાંમ સોનેરી બીછાનું હતું જે એક હજાર સીકવીનની કીંમતનું હતું. પચાસ ઘણા કીંમતી રેસમી જભા, એકસો સનની બનાવતનાં ઉંચા જભા, જે કેરો, સુવેજ, અને એલેકઝાંડ્રયા તરફજ સરસમાં સરસ મલી આવેછે, તે મોકલ્યા હતા. તે ઉપરાંત એક રંગબેરંગીન બીછાનું હતું તથા એક ઘણું સુંદર અકીકનું વાસણ હતું તે ઉપર એક બાજુ એક માણસને સીંહનો શીકાર કરતો ચીતારેલો હતો. તે માણસ પોતાના ધુટણ પર બેઠેલો હતો અને એક હાથે કમાન ખેંચી સીંહપર પોતાનો તીર ટાંકતો હતો. એક ઘણીજ સરસ નકસીકાંમથી સનગારેલી ટેબલ જે સુલેમાન પાદશાહના વખતની હતી તે પણ મોકલી હતી. કાલીફ હારૂનઅલ રશીદનો રૂક્કો નીચે મુજબ હતો:—

"ખોદાવનતાલા જે સર્વેને નેક રસ્તે ચાલવાનો રસ્તો દેખાડે છે અને
જેને દબદબાવાલા અબદલા-હારૂન-અલ-રશીદને આવે બુલંદ
દરજજે પુગાડયોછે અને જે પોતાનાં બાપ દાદાના બુજોર્ગ
તખ્તે બીરાજેલોછે તેની તરફથી સરનદીપના દબદબા-
વાલા અને જોરેમંદ પાદશાહ જોગ:—

"અમોએ તમો તરફથી આવેલો રૂક્કો મોટી ખુશી સાથે વાંચ્યો છે; અને આ અમારી દર-
"બારના કાબેલ મગજોના બાગમાંથી ચુટી કાહડેલાં અકલના ફુલો તમો ઉપર રવાના કીધાં છે તે ઉપર
"તમારી નજર નાખતાંજ તમો અમારી ભલી ઇચ્છા અને નેક નેમ સમજી જશો અને અમારી
"દોસ્તીની પીછાન કરશો.—સલાંમ!"

આ રૂક્કો વાંચી સરનદીપનો શાહ ઘણોજ ખુશી થયો અને કાલીફ હારૂન અલ રશીદ તરફથી તેની દોસ્તીની પીછાન થઇ માટે પોતાને ભાયગશાલી સમજવા લાગો. હવે મેં શાહથી રજા માંગી મારા વતન તરફ પાછું ફરવા માંગ્યું જે માટે તેણે આનાકાની બતાવી પણ આખરે તેણે મને રજા આપી અને તેમ કરતાં મને ઘણી મોટી ને કીમતી બક્ષેસો કીધી. રજા મળતાંવારજ હું પાછો બગદાદ જવા માટે વહાણપર ચહડી બેઠો. પણ મારા નસીબમાં કાંઇ જુદુજ હોવાથી ખોદાવનતાલાએ મને બગદાદ તરફ પાછો મોકલવાને બદલે બીજોજ રસ્તો દેખાડયો.

ત્રણ અથવા ચાર દીવસ તો અમારૂં વહાણ સડસડાટ ચાલ્યું, પણ તેટલાં તો એક દીવસે દરયાઇ ચાંચીયાઓએ અમારાં વહાણપર હુમલો કીધો અને તુરતજ અમારા વહાણના ધણી થઇ બેઠા, કારણ અમો અમારો બચાવ કરવાને તદન અશક્ત જેવા થઇ પડ્યા. થોડાક હીંમતવાનો સામે થયા

પણ તેઓની હીંમત તેઓના જાનની કીંમત થઇ અને તેઓ મારયા ગયા. બાકીના જેઓ સરન થયા તેઓને ગોલામ કીધા. અમારાં આંગપરનો પોશાક વટીક તેઓએ ઉતારી લીધો અને અમોને ફાટાં ફુટાં કપડાં પેહડાવ્યાં, પછી પાસેના બંદર પર ઉતારી ગોલામ તરીકે વેચી નાખ્યા.

મને એક પૈસાદાર વેપારીને વેચ્યો હતો જેને મને પોતાને ઘર લઇ જઇ ખોરાક આપ્યો તથા એક ગોલામના કપડાં પેહડાવ્યાં. થોડા દીવસ પછી તેને મને પુછ્યું કે તું શું ધંધો કરી જાણે છે? મેં કહ્યું કે હું ધંધાદારી નથી પણ મોટો વેપારી છું અને જે ચાંચીયાઓએ તમોને મને વેચ્યો છે તેઓએ મારૂં સર્વ લુટી લીધું છે. એ ઉપર તે વેપારી બોલ્યો "તું તીર કમાન વાપડી જાણે છે?" મેં જવાબ આપ્યો "કે તીર કમાનની કસરત હું ન્હાનપણથી અચ્છી રીતે કરી જાણું છું અને આજે પણ તેથી ખાતો જઇશ નહીં." તે ઉપરથી તેને મને થોડાક તીર અને એક કમાન આપી, અને એક હાથીપર પોતે સ્વાર થઇ મને પોતાની પાછલ બેસાડી લીધો અને શેહેરથી એક કલાકની મંજલ ઉપરના એક મોટા જંગલમાં લઇ ગયો અને એક ચોકસ જગા જ્યાં પેલો વેપારી થોભવા માંગતો હતો તે જગા આવી ત્યાંસુધી તે થોભ્યો નહીં. તે ચોકસ જગા આવી કે તેને મને હાથીપરથી ઉતારયો ને એક મોટું ઝાડ દેખાડયું કે "આ ઝાડપર ચહડી જા અને જે જે હાથીઓ ત્યાંથી પસાર થાય તેને તીરથી વીંધી મારી નાખજે કારણ કે આ જંગલમાં પુશ્કલ હાથીઓ મલી આવેછે. જેવો એક હાથી મરે કે મને ચેતાવવા આવજે." પછી થોડોક ખોરાક મારી આગલ મુકી તે શેહેર તરફ ચાલતો થયો ને હું આખી રાત હાથીની વાત જોતો ઝાડ પર બેસી રહ્યો.

પેહલી રાતતો એકબી હાથી ત્યાં આવ્યો નહીં; પણ બીજે દહાડે એક મોટું ટોલું ને ટોલું સવારનાં સુરજ ઉગતાને વાર મારી નજરે પડયું કે મેં ધડાધડ તીરો છોડવા માંડયા. એમ કરતાં મારો એક તીર ફતેહમંદ ઉતર્યો ને એક હાથી જમીનદોસ્ત થયો. જે જોઇને બીજા હાથીઓ જીવ લઇને ત્યાંથી નાહઠા. તેઓના નાસી જવાથી હું શેહલાઇથી મારા ધણીને ખબર કરવા માટે જઇ શક્યો. આ ખુશ ખબર સાંભલી મારો ધણી ઘણોજ ખુશી થયો અને મને સારો ખોરાક આપવા ઉપરાંત મારી ઘણી તારીફ કરવા લાગો. બીજે દહાડે અમો પેલાં જંગલમાં ગયા અને પેલા હાથીના દાંત કાહડી લેઇ તેને એક ખાડો ખોદી દાટયો. મારા ધણીને ફક્ત હાથીનાં દાંત સાથેજ કાંમ હતું બાકી તેના શરીરનો તેને કાંઇ ખપ હતો નહીં.

આ મારો નવો ઉદ્યોગ મેં બે માસ સુધી ચલાવ્યો અને એવો એકુ દીવસ નહીં ગયો હશે કે જે દીવસે મેં એકબી હાથીને બેજાન નહીં કીધો હોય. હું કાંઇ દરરોજ એકનાએક ઝાડ પર બેસ્તો ન હોતો, પણ આજે આ તો કાલે બીજાં એમ ફેરબદલ કરયા કરતો હતો. એક સવારે હું હાથીઓની વાત જોતો હતો તેટલાં મારી મોટી અજાયબી વચ્ચે જોયું તો તેઓ જંગલનો રસ્તો લેવાને બદલે મારી તરફ મોટાં ઘોંઘાત સાથે આવી લાગા અને તેબી એટલા તો મોટી સંખ્યામાં કે તેઓના ભારથી ગોયા જમીનબી ધ્રુજવા લાગી. જે ઝાડ પર હું બેઠો હતો તે ઝાડની આસપાસ તેઓ ફરી વલ્યા અને પોતાની સુંઢો લાંબી કરી મારી ઉપર પોતાની નજર રાખી બુમો પાડતા ઉભા. આ અજાયબ જેવી આકૃતથી હું ઝાડને ગોયા વલગીજ ગયો અને એટલો તો બેફામ બની ગયો કે મારા હાથમાંથી તીર કમાનબી પડી ગયાં.

આ મારી આસ્તી કાંઇ બીનપાયાની નહીં હતી. થોડો વખત પેલા હાથીઓએ મને ટીકીટીકીને જોયો પછી એક જબરા હાથીએ હું જે ઝાડ પર બેઠેલો હતો તે ઝાડની આસપાસ પોતાની સુંઢ વીંટાલી અને એટલાતો જોરથી તે ઝાડને ઝટક મારી કે તે મોટું ઝાડ તેના થડથી છુટું પડી જઇ

જમીનદોસ્ત થયું. પણ તે ઝાડ સાથેજ હું જમીન પર પડયો, અને પેલા હાથીએ મને પોતાની સુંઢમાં ઉંચકી લીધો તથા પોતાની પીઠ પર બેસાડયો, જ્યાં હું એક મુડદાં જેવો પડી રહયો. તે જબરો હાથી હવે પોતાના સોબતીઓની હરોલમાં ચાલ્યો અને તેની પાછલ પેલું હાથીઓનું લશકર ચાલવા લાગ્યું. તેઓ મને એક દુરની ઉજડ ટેકડાવાલી જગામાં લઇ ગયા અને મને ત્યાં મુકી તેઓ ચાલતા થયા. આ મને એક સ્વપ્ના જેવું લાગ્યું.

છેલ્લે હું જરા હુશીયાર થયો કે મેં ફેરવીને જોયું તો કોઇબી હાથી મારી નજરે પડયો નહીં ત્યારે હું આગળ ચાલવા લાગયો તો તે ટેકડો તમામ હાથીના હાડકાં તથા દાંતોથી ચીકાર મેં જોયો. આ ઉપરથી મારી ખાતરી થઇ કે હાથીઓ પોતાના મરણ પામેલા ભાઇબંધોને ત્યાં લાવી નાખતા હશે યાને આ જગોને તેઓએ પોતાનું કબરસ્તાન બનાવ્યું હશે. આ જગા પર મને લાવી નાખવાનું કારણબી હવે મને સમજ પડયું! તેઓએ જોયું કે ફક્ત તેઓના દાંત માટે હું દરરોજ એક હાથીનું ખુન કરતો હતો તેવા દાંતો તો પુશ્કલ ને મોટા જથ્થામાં ત્યાં આઇતા મલી આવતા હતા તે લેવા અને તેઓનાં નાહેક ખુન નહીં કરવા માટે તેઓ મને અત્રે લાવ્યા હતા. આ તેઓની અક્કલ જોઇ મને ઘણી અજાયબી લાગી. હું તે ટેકડા ઉપર વધારેવાર થોભ્યો નહીં પણ ત્યાંથી તુરત ચાલુ મુકયું અને એક દીવસ અને રાત સુધી ચાલતો હું આખરે મારા ધણીના મકાન પર આવ્યો. મને કોઇબી હાથી માર્ગમાં મલ્યો નહીં કારણ કે તેઓ મારો રસ્તો મોકળો રાખવા માટે જંગલના ભીતરમાં જઇ રહ્યા હશે.

જેવો મને મારા શેઠે સલામત આવેલો જોયો ત્યારે ખુશ થઇ બોલ્યો કે "ઓ ગરીબ **સીનબાદ!** તારૂં શું થયું તે જાણવાને હું ઇંતેજાર હતો કારણકે તું વખતસર નહીં આવ્યો ત્યારે હું જંગલમાં ગયો તો એક ઝાડ તુરતનું થડમાંથી તોડી જમીનદોસ્ત કીધેલું મારી નજરે પડયું, અને ત્યાંજ તારી તીર કમાન પણ પડેલી હતી; એટલે મારી ખાતરી થઇ કે તારૂં આવી બનેલું હોવું જોઇએ. મેં આસપાસ ઘણી શોધ કીધી પણ કોઇબી જગોએથી તારી કાંઇ નીશાનબી મલી નહીં તેથી મેં તારી આશા છોડી અને તને ફરી જોવાથી હાથ ઉઠાવ્યા. માટે હું અરજ કરૂંછું કે મને તુરત જણાવ કે તારી ઉપર શું વીત્યુંછે અને તું કયા ભાગ્યશાલી બનાવથી બચી આવ્યોછે." મેં તેની અજાયબી નરમ પાડી અને બનેલી હકીકત તેને સર્વે કહી સંભળાવી. બીજી સવારે તે મારી સાથે પેલી ટેકડી ઉપર આવ્યો કે મારી હકીકત ખરી છે કે ખોટી તેની ખાતરી કરે. જે હાથી પર બેસી અમો તે ટેકડા આગલ ગયા હતા તે હાથી પર જેટલા સમાયા તેટલા હાથીદાંત ત્યાંથી લીધા અને મારા ધણીના ઘર આગલ આવ્યા. મારો શેઠ મારી તરફ જોઇ બોલ્યો કે "ભાઇ—કારણ કે જે શોધ તેં મારે માટે કરી છે તેથી હવે હું વધારે વાર તને મારા ગોલામ તરીકે ગણી શકતો નથી—આ શોધથી મને પુશ્કલ દોલત મલશે, ખોદા તને હંમેશ સુખી રાખે. હવે હું તને છુટાંપણું આપુછું. મેં આજ સુધી તારેથી છુપાવ્યું હતું પણ હવે તને જણાવું છું કે હમણા સુધી દર વરશે અમારા ઘણાક ગુલામો આ હાથીદાંત મેલવતાં પોતાનો જાન ખોહતા હતા. પણ ખોદાએ તારી ઉપરતો મેહરબાની કરી છે અને તે ઉપરથી જણાય છે કે તું બીજા ઘણાં કીંમતી કામો કરવા માટે સરજેલો છે. તેં મારે માટે એક ઘણો મોટો ખજાનો સોધી કાહાડયો છે. આજસુધી અમારા ગુલામોના ભોગ વગર અમો હાથીદાંત મેલવવાને અશક્ત હતાં પણ હવે તો અમો કસા પણ જોખમ વગર હાથીદાંત જેટલાં જોઇશે એટલાં મેલવી શકશું. હું તને મોટી રકમની ભેટ આપવા ધારૂં છું અને તે ભેટ માટે હું આખાં શેહેરને તેમાં સામેલ કરતે પણ તેમ કરતાં જે વાત હું છુપી રાખવા માગું છું તે ખોલી થઇ જાય, પણ કાંઇ ફીકર નહી હું એકલો તને નીહાલ કરીશ.

આ મેહેરબાની ભરેલા વિચારો માટે મેં તે વેપારીનો ઘણો ઉપકાર માન્યો અને હું બોલ્યો "મારો

શેઠ, ખોદા તમોને સલામત રાખો તમો મને છુટાપણુ બક્ષો છો તેજ પુરતું છે, અને એટલીજ તમારી મેહેરબાની પુરતી છે, મને વધુ જોઇતું નથી અને મને વધુની જરૂર પણ નથી. મારી ફકત એકજ ઇચ્છા છે તે એ છે કે તમો મને મારે સ્વદેશ જવાની રજા આપો. જો એટલી મારી ઇચ્છા પુરી પડશે તે મને મોટી દોલત મલે તે કરતાં પણ હું જ્યાદા મેહેરબાની સમજીશ." આ સાંભલી મારા શેઠે જવાબ દીધો "ઠીક છે હવે મોસમ ખુલયાથી પુશ્કલ વહાણો આ તરફ આવશે અને અત્રેથી હાથીદાંત ભરીને પાછાં ઉપડી જશે, ત્યારે હું તને કોઇબી વહાણમાં મોકલી આપીશ એટલુંજ નહીં પણ તને પુરતા પૈસા પણ આપીશ કે તું સેહલાઇથી તારે વતન જઇ શકે." આ ઉપરથી મેં તેનો ફરીથી ઉપકાર માન્યો. જ્યાં સુધી મોસમ ખુલી ત્યાં સુધી હું તેની સાથે રહયો અને તેટલા અરસામાં તેને ઘણી વખત પેલા તેકડાની ભેટ લીધી અને પુશ્કલ હાથીદાંત એકઠું કરવાને શક્તીવાન થયો. પણ પછી આ વાત કાંઇ છુપી રહી શકી નહીં, તેથી બીજા વેપારીઓએ પણ ત્યાંથી પુશ્કલ હાથીદાંત સંગ્રહ કરી રાખ્યું.

હવે મોસમ ખુલી અને વહાણો આવવા લાગ્યાં એટલે મારા શેઠે એક વહાણ પસંદ કીધું અને તે મધે પુશ્કલ હાથીદાંત ભરયું અને તેનો હરધો હીસ્સો મારા નાંમ ઉપર કીધો, એટલુંજ નહીં પણ મારો ખાવાપીવા વીગેરેનો સર્વે બંદોબસ્ત તેણે પોતે કીધો અને તે દેશની ઘણી નવાઇ જેવી ચીજો મને ઘણી બોંહસ કરીને ભેટ આપી જે ઘણી આનાકાની કરવા છતાં આખરે મને કબુલ કરવાની ફરજ પડી. આ તેની મેહરબાનીઓ માટે મેં તેનો ઘણો ઘણો ઉપકાર માન્યો અને તેને મલી ભેટી રજા લઇ હું વહાણપર ચહડયો.

અમોએ ખોરાકી વીગેરે લેવા માટે ઘણાંક બેટના બંદરો કીધાં. અમો થોડાક દીવસમાં હીંદુસ્થાન તરફ આવી લાગ્યા. તે પછી પાછું વહાણપર જઇ દરીયાઇ મુશાફરી કરવાનું મન નહીં થયું કારણ કે દરયાઇ આફતોથી હવે હું ઘણો કંતાલી ગયો હતો તેથી મારૂં હાથીદાંત વહાણ પરનાજ વેપારીઓને વેચી નાખ્યું અને મારી બાકી રહેલી મુશાફરી ખુશકીને માર્ગે કરવા માંડી. મેં મારૂં હાથીદાંત વેચી નાખ્યું તેથી મારા હાથમાં ઘણી મોટી રકમ આવી તેમાંથી મેં પુશ્કલ નવાઇ જેવી ચીજો તેમજ બીજો વેપાર જોગો તહરેવાર સામાન ખરીદ કીધો, મારો માલ મતા વીગેરે સર્વે નકી થયું કે એક વંજાર સાથે મેં મારી મુશાફરી સરૂ કીધી. અમોએ ઘણો લાંબો રસ્તો કાપ્યો ને ઘણીક અડચન તથા મેહેનત અમોને આ ખુશકી માર્ગે પડી પણ તે સર્વે આગલ દરયાઇ મુશકેલીઓ ઘણી સખ્ત હતી; દરયાવમાં તોફાન, ચાંચીયા, સાંપો, રાક્ષસો વગેરેનો જે દોર અને આફ્ત મેં ખમી હતી તે આફ્તો આગલ ખુશકીની થોડીક મુશ્કેલીઓ કુછ બીસાદ નથી.

હવે આ સર્વે મુશ્કેલીઓનો છેડો આવ્યો અને હું ખુશખુશાલ બગદાદ આવી પુગો. હું તુરતજ નામદાર કાલીફ આગલ ગયો અને મારી મુશાફરીનો હેવાલ તેને તુલોતવીલ જણાવ્યો અને સરનદીપના શાહ આગલ એલચી તરીકે હું ગયો તેની સર્વે હકીકત નામદાર કાલીફને કહી સંભલાવી. નામદાર કાલીફે મને કહ્યું કે તારી લાંબી ગેરહાજરીથી મને બેચેની તો ઘણી લાગી પણ મને તે ખોદાવનતાલા પર ભરૂસો હતો કે તે તને ગમે એવી આફતમાંથી પણ બચાવશે અને તે પ્રમાણે તું બચીને સહીસલામત આવી પુગો છે.

જ્યારે મેં પેલા હાથીઓની વાત નામદાર કાલીફ આગલ કહી ત્યારે તે ઘણોજ અજાયબ થયો અને જો તેને મારી સચાઇ ઉપર ઇતબાર ન હતે તો તે ખચીત માનતે નહીં. આ વાત તથા મારી બીજી સફરોનો અહેવાલ તેણે એટલો તો રસીલો તેમજ અજાયબ જેવો લાગો કે તેને પોતાના નવીસીંદાને ખાસ હોકમ આપ્યો કે આ મારી સાથે સફરોનો અહેવાલ સોનેરી હરફે દરબારી દફતરખાનામાં નોંધી રાખે. તે પછી તે નામદારે મને અતીઘણી ઉમદા બક્ષેસો કીધી તથા પુરતું માન અક-

શમ આપ્યું તેથી સંતોષ પાંમી હું મારે મકાને ગયો. ત્યાં મારા કુટુંબીઓ, મારાં સગાં વહાલાં અને મારાં દોસ્ત આશનાવો સાથે ખુશ ચેનથી રેહવા લાગ્યો.

સીનબાદે આ મુજબ પોતાની સાતમી અને છેલી સફરનો અહેવાલ પુરો કીધો અને પછી તે **હીનબાદ** તરફ ફરી બોલ્યો કે "કેમ મારા દોસ્ત હીનબાદ! તે કોઇ દીવસેબી સાંભલ્યું છે કે મારાં જેટલાં દુખો તથા આફતો કોઇ બીજાએ ખમી છે? આટલી બધી જંજાલ અને આફતો ખમી મેલવેલા પૈસા હું આવી રીતે સુખચેનથી વાપડું એ શું વાજબી નથી?" આ તેનું બોલવું પુરૂં થાય તેટલાજ **હીનબાદ** તેથી પાસે આવી હાથ જોડી નમનતાઇથી તેના હાથને ચુંમી લઇ બોલ્યો "મારે કબુલ કરવું જોઇએ કે તમોએ પૈસો તકો મેલવતાં પુશ્કલ દુઃખ વેઠયું છે કે જે દુઃખ પાસે મારૂં દુઃખતો કુચ્છ બીસાદમાં નથી બલકે તે સરખામણી કરવા જોગબી નથી. તમારી અજાયબ જેવી સફરોમાં જે ભયંકર આફતો તમોએ સહેલથી ખમી તેની આગળ મારી મજુરીનું દુઃખ કાંઇજ નથી. તમો તમારાં ઘડપણમાં એકાંત મોજ મજાહ અને દોસ્ત આશનાવ સાથે ખાણુપીનુંજ કરી તમારો કીંમતી વખત અને હલાલ દોલતનો ઉપયોગ કરો છો એમજ નથી પણ તે સાથે દુલાપણાથી સખાવતનો દસ્ત પણ લંબાવો છે તેથી ખોદાવનતાલા તમારી ઉપર ઘણી મેહરબાંની વરસાવે એમા કસી નવાઇ નથી. તમો આવી જાહેજલાલી તમારી છેલ્લી ઘડી સુધી ભોગવો અને સદા સુખચેનમાં રહો એવી મારી દુવા છે તે આમીન થાવો!

સીનબાદે તે દહાડે પણ એક સો સીકવીન **હીનબાદને** આપ્યા અને તેને પોતાના એક મીત્ર તરીકે કબુલ કરી તેનો હેલકરીનો ધંધો તેની પાસેથી છોડાવી દીધો અને દરરોજ પોતાના મેહલમાં આવવાને તેને હોકમ કીધો. આ પ્રમાણે તેને દલીદ્રતામાંથી છોડવી તેના કુટુંબ સાથે સુખી કીધો તે માટે તે **સીનબાદને** હજારો હજાર દુવા દેવા લાગયો અને **સીનબાદ ખલાસીના** નામની બોલબાલા પુકારવા લાગયો.

ત્રણ સેફ ફળની વાર્તા.

કાલીફ હારૂન અલરશીદે એક દીવસે પોતાના વડા વજીર જાફરને હોકમ કીધો કે રાતનાં તેને મેહલમાં આવવું, "કારણકે" તે બોલ્યો "મારી મરજી શેહરમાં ફરી તપાસ કરવાની છે કે મારા અમલદારો પ્રજાની સેવા કેવી રીતે બજાવે છે અને ઇનસાફનો રંગઢંગ કેવો છે. જો કોઇની ચાલ માટે ફરયાદ થતી માલમ પડી તો આપણે તેને બરતરફ કરશું ને તેને બદલે બીજો નેમી પ્રજાને સુખ કરી આપશું. વલી જેઓ પ્રજાને પોતાના ઇનસાફ તથા ચાલચલનથી સુખ આપતા હશે તેઓને ઈનામથી નવાજશું."

વડો વજીર ડેડવેલે વખતે મેહલમાં હાજર થયો. **કાલીફ, જાફર** તથા **મસરૂર,** જે ખોજાઓનો વડો હતો તે, મલી ત્રણે જના છુપા લેબાસમાં ત્યાંથી નીકળ્યા કે તેમને કોઇ ઓલખી શકે નહીં.

તેઓ બજારો અને મોહલાઓમાંથી પસાર થયા અને છેલ્લે તેઓ સાંકડા મોહલામાં આવી લાગા. જ્યાં ચંદ્રમાના પ્રકાશથી તેઓની નજરે એક સફેદ દહાડીવાલો ને ઊંચા કદનો બુઢો માછી નજરે પડયો જે પોતાની માંછલા પકડવાની જાલ પોતાના માંથાપર મુકી ચાલતો હતો. તેની બગલમાં એક નાલ્યેરના છટયાંની બનાવેલી ટોપલી હતી અને એક હાથમાં ટેકા માટે લાકડી ધરેલી હતી. કાલીફ બોલ્યો "આ બુઢાના દેખાવ પરથી જણાય છે કે તે હાલતે ગરીબ છે; ચાલો જોઇએ એની હાલત અને ધંધા વીશે તો એને સવાલ કરી જોઇએ." આ ઉપરથી વડો વજીર પેલા માછી તરફ ફરી બોલ્યો "તું કોણ છે અને શું ધંધો કરે છે." પેલા માછીએ જવાબ આપ્યો કે "મારા મુરબી હું માછીમારનો ધંધો કરૂંછું

હું ઘણોજ ગરીબ હાલતમાં છું એટલુંજ નહીં પણ મારૂં નસીબબી કંગાલ છે. આજે બપોરથી માછલી મારવા ગયો હતો. પણ ઘણો દલગીર છું કે હમણા સુધી ફાંફાં મારવા છતાં એકબી માછલી હું પકડી શકયો નથી તો જોકે મારી બાયડી તથા ન્હાના બચાંને ખવાડવાને મારી પાસે એક કોડીબી નથી."

કાલીફને આ ઉપરથી પેલા માછી ઉપર અતીઘણી દયા આવી તેથી તેને પેલા માછીને કહયુ "તું પાછો ફરશે અને તારી જાલ પાછી નદીમાં નાખશે તો જેબી તારી જાલમાં આવશે તેના દામ તરીકે અમો તને એક સો સીકવીન આપવાને કબુલ કરીયે છીએ." કાલીફના આ બોલો સાંભલી પેલો માછી પોતાની આખા દીવસની બધી રંજ ભુલી ગયો અને પોતાનું નસીબ અજમાવવા ઉલટથી કાલીફ, જાફર અને મસરૂર સાથે તાઇગ્રીસ નદીના કીનારા તરફ ગયો.

તેઓ નદીના કીનારા પર આવી પુગા કે પેલા માછીએ પોતાની જાલ પાણીમાં નાખી ખોદાનું નામ જબાનપર લઇ પોતાની જાલ ખેંચી તો તે એટલીતો ભારી લાગી કે તે ઘણોજ ખુશી થયો અને ઉલટમાંને ઉલટમાં જોર કરીને પોતાની જાલ ખેંચી તો તેમાંથી એક મજબુત ને બરાબર બંધ કીધેલી ભારી પેટી નીકલી. પેટી નીકલી તેવીજ કાલીફે પેલા માછીને એકસો સીકવીન ગણી આપવાને વજીર જાફરને હોકમ કીધો જે પ્રમાણે વજીરે સો સીકવીન આપીને તે માછીને રવાને કીધો. કાલીફના હોકમથી મસરૂરે પેલી પેટી પોતાનાં ખભાંપર ઊંચકીને તુરતજ સર્વેજના મહેલ તરફ રવાના થયા કેમકે કાલીફને તે પેટીમાં શું હતું તે જાણવાની ઘણી જીજ્ઞાસા થઇ. મહેલમાં જઇ તે પેટી ખોલતાં ખજુરાંના પાદડાંનો બનાવેલો એક મોટો કંડીઓ નીકલ્યો જેનો ઉપલો ભાગ લાલ દોરીથી શીવી લીધેલો હતો. કાલીફ એટલો તો અધીરો પડી ગયો હતો કે તેઓએ તે દોરી છરીથી કાપી કાહડીને એક સેતરંજીમાં બાંધેલું બંડલ તેમાંથી ખેંચી કાહડયું જે એક દોરડાંથી બાંધેલું હતું, તે છોડી જોતાંજ ઘણાજ કમકમાત સાથે તેઓની નજરે એક જવાન ખુબસુરત ઓરતનું આંગ નજર પડયું જે બરફ કરતાંબી સફેદ હતું અને તેના કાપીને કકડા કીધેલા હતા. આ કમકમાત ભર્યો દેખાવ જોઇને કાલીફને ઘણીજ અજાયબી લાગી પણ તે અજાયબી હવે ગુસ્સાના આકારમાં તુરત ફેરવાઇ ગઇ અને વજીર તરફ ગુસ્સાથી લાલ થયલી પોતાની ચશમ ફેરવી તે વાઘની માફક પુકાર્યો કે "કંગાલ! આએ રીતે મારી પ્રજાના ખુનો થાય છે અને તેઓના મુરદાં તાઇગ્રીસની માહીઓનો ભક્ષ થાય છે તેની ખબર રાખે છે? અને તે માટે ખોદાવન તાલાની જનાબમાં હું જવાબદાર ગણાઉ! જો આ જવાન ઓરતના ખરા ખુનીને તું સોધી નહીં કાહડશે અને તેના ખુનનું કારણ પણ મને બરાબર ખબર પડશે નહીં તો તે પાક ખોદાના નામના પવીત્ર સોગંદ લઇ હું જાહેર કરૂં છું કે તને તારા ૪૦ સગાં વાહલાઓ સાથે ફાંસીને લાકડે લટકાવી દેવાને વીલંબ કરીશ નહીં." આ સાંભળી વજીરે ઘણી નમનતાઇથી અરજ કરી કે "ઓ ધર્મના રક્ષન કરનાર નામદાર કાલીફ મને આ સોધ માટે થોડી ઘણી મેહતલ મળશે તો હું ખરા ગુનેહગારને સોધી કાહડી શકીશ." કાલીફે જવાબ આપ્યો "જા, તને હું ત્રણ દીવસની મુદત આપું છું તેટલા વખતમાં જો તું એની સોધ કાહડી લાવ્યો તો ઠીક છે નહીં તો ખચીત તારો જીવ ગયો એમ જાણજે."

વડો વજીર હાય અફસોસ કરતો પોતાને ઘર ગયો. તે તરેહવાર વિચારો કરવા લાગો અને બોલવા લાગો કે "અફસોસ! આવાં વીશાલ ને ગંજાવર બગદાદ શેહેરમાંથી એક ખરા ખુનીને સોધી કાહડવો એ કેટલું મુશકેલ કામ છે. ખરેખર આ ખુની કોઇ ઘણો હુશીયાર હોવો જોઇએ. વલી ખુન પણ એકાંત વખતે થયલું માલમ પડે છે અને ખુની ઘણો વખત થયો બગદાદ છોડી નાહસી પણ ગયો હોય તેમાંબી નવાઇ નથી. મારી જગાએ જો કોઇ બીજો અમલદાર હતે તો તેને કોઇ ભલવાંજ માણસને ખુની તરીકે હાજર કીધો હતે ને તે બીચારા બેગુનાહને ફાંસીને લાકડે ચહડાવી કાલીફને સમજાવી લીધો હતે પણ મારાથી એવું જબુન કામ કદીબી બનશે નહીં. એક બેગુનાહને ફાંસી દેવાડવો તેના

કરતાં મારો જાન જાય તે ભલો પણ કોઇ બીચારા ભલતા શક્ષનો જાન લઇ મારો જાન બચાઉ એવો નીચ તો હું કદી થવાનોજ નથી."

તેને પોતાનાં હાથ હેઠલનાં દરેક અમલદારને તથા શેહેરની પોલીસને આ ખુનની બારીક તપાસ કરવાનો તથા ખરા ખુનીની જોસતેજોઇ કરવાનો સખત હુકમ આપ્યો; તેઓએ ત્રણ દીવસ ને રાત બનતી મેહનત અને જોઇતી શોધ ખોલે ઘણીબી તજવીજ કીધી અને આખુ શેહર ધુંડી માર્યું કારણ કે આ બાબદમાં જેટલો વડો વજીર જોખમદાર હતો તેટલાજ બલકે વધારે જોખમદાર આ શેહરી અમલદારો પણ હતા. પણ આખરે તેઓની બધી મેહનત ને શોધ ખોલ બરબાદ થઇ અને તેઓ ખુનનો પત્તો તો શોધી નહીં શક્યા પણ એક રેસ ભાર કોઇ પર શકબી લાવી નહીં શક્યા. આ ઉપરથી વજીરે પોતાના જીંદગીનાં કલાકો ગણવા માંડ્યા અને મોતને તાબે થવાની સર્વે તૈયારી કરવા માંડી તોપણ તેને આશા તો રાખી કે જો ખોદાવનતાલા તેને બચાવવા માંગશે તો એજગેબી રીતે ખુનનો પત્તો મલી આવશે અને તેનો જાન બચી જશે.

ત્રીજે દીવસે કમનસીબ વડા વજીરનાં દરવાજા પર કલીફનો ખાસ સવાર હાજર થયો અને કાલીફ તેને બોલાવે છે એવો સંધેસો ઘણા શોકાતુર આવાજે કહી સંભલાવ્યો. વડો વજીર પોતાનાં જાનની આશા છોડી કાલીફ નજદીક હાજર થયો. કાલીફે ખુનનો પત્તો મેલવ્યો કે નહીં તે વિશે સવાલ કીધો ત્યારે વડા વજીરે આખમાં આજું લાવી કહ્યું કે "નામદાર સરદાર! આ ખુનનો પત્તો મેલવવાને હું તેમજ તારી આખી પોલીસ ફોજ નીશફલ ગઇ છે અને એક રેસ જેટલોબી પત્તો કોઇ મેલવી શક્યું નથી." આ સાંભલી ઘણા સખત શબ્દોમાં વડા વજીરને થથરાવી કાહડયો અને પછી ગોસ્સાથી હોકમ કીધો કે વજીરને તેના ચાલીશ સગાંવહાલાંઓ સાથે ફાંસીને લાકડે લટકાવી દીયે. ફાંસીના લાકડાઓની એક તરફથી તૈયારી થવા માંડી કે બીજી તરફથી વડા વજીરના કુટુંબના બીજાં ચાલીશ માણસોને પકડી લાવવા માટે પોલીશના માણસો ગયાં. કાલીફના હોકમથી એક જાહેર ધંધેરો આખાં શહેરમાં પીતવવામાં આવ્યો કે "શાહનશાહના મહેલ સાંમેનાં ચોકમાં વડા વજીર તથા તેના ચાલીશ સગાંઓને ફાંસીએ લટકાવાના છે તે દેખાવ જેઓને જોવાની મરજી હોય તેઓએ બેલાશક ચોકમાં હાજર થવું."

જ્યારે સઘલી તૈયારી પુરી થઇ રહી ત્યારે વડો ન્યાયધીસ પોતાના અમલદારો તથા મહેલના ચોબદારો સાથે હાજર થયો અને વડા વજીરને તથા તેના બેગુનાહ ચાલીશ સગાંઓને ફાંસીનાં લાકડાં આગલ એક હારમાં ઉભાં કીધાં અને તેઓના ગલાંમાં ફાંસીનાં દોરડાં નાંખ્યાં. જે લોકો ત્યાં હાજર હતાં તેઓ આ કમકમાત ભર્યો જુલમાત જોઇ પોતાની આંખમાં આવતાં આંશુ અટકાવી નહીં શક્યાં અને આ ગેરઇનસાફ માટે ઘણા કકલવાં લાગ્યાં. વડો વજીર તથા તેનું કુટુંબ જે "બરમીસઇડ" ના એલકાબથી આશકારા હતું તે પ્રજાને એટલુંતો પ્યારૂં હતું કે તેઓને થતી આ ગેરવાજબી શીક્ષા માટે તમાંમ રૈયત ઘણીજ દલગીર થતી હતી. ખુદ વજીર તથા આ વજીરનું કુટુંબ એટલાતો સખી ને ભલાં હતાં કે બગદાદ શહેરમાંજ તેઓની વાખવાખી થતી હતી એમ ન હોતું પણ કાલીફના આખા રાજ્યમાં તેઓની વાખવાખી થતી હતી અને તેને તથા તેનાં આખાં કુટુંબને પ્રજા ચાહતી હતી.

જ્યારે સર્વે તૈયારી થઇ અને કાલીફના કૃર હોકમ મુજબ બીજી પળે તો બગદાદ શેહરના ઘણા મોટાં અને આબરૂદાર કુટુંબના ચાલીશ શખ્સો અને ખુદ કાલીફનો માનવંતો વડો વજીર ફાંસીને લાકડે લટકી જવાની અણી પર હતા તેટલામા એક ઘણોજ ખુબસુરત અને એશકી જવાન લોકોની ભીડને બંને હાથે ખીસાડતો ઘણી ઝડપથી વડા વજીરના ફાંસીના લાકડા નજદીક જઇ પુગો અને તેણે વજીરનો હાથ ચુમ્યો, અને કહ્યું કે "ઓ બુજોરગ વજીર! આ શાહનશાતના થાંભ અને ગરીબોના [illegible]

પાલનહાર જે વાંકનો તું તકસીરવાર નથી તે વાંક માટે તું શું કામ શીક્ષા ખમે છે? જે ઓરતનું ખુન થયું છે અને જેની લાસ તાઇગ્રીસ નદીમાંથી મલી આવી છે તેનો ખુની હું છું! માટે મને એકલાનેજ ફાંસીને લાકડે ચહડવા દે."

આ સાંભળીને વજીરને જો કે ઘણી ખુશાલી ઉપન્ન થઇ તો પણ બીજી પજે પેલા જવાન પુરૂશનો ચેહરો જોતાંજ તેણે તેની જવાની માટે ઘણી દયા લાગી આવી. તેનો ચેહરોજ ગવાહી આપતો હતો કે તે કોઇ ઘણાં ઉંચા કુલનો સખસ હતો. વજીર તે સખસને જવાબ આપવા જતો હતો તેટલાંજ લોકોની ભીડમાંથી એક ઉચાં કદનો તથા બુઝોરગ ઉમરનો બીજો સખસ વજીર નજદીક આવ્યો અને કેહવા લાગ્યો કે "મારા મુરબી! આ જવાન માણસે જે કહ્યું તે ખોટું છે માટે તેનું કહેલું કાંઇબી માનવું નહીં. હુંજ એકલો પેલી ઓરત જેનું મુડદુ પેટીમાંથી મળી આવ્યું તેનો ખુનીછું, માટે મને શીક્ષા જોઇએ. ખોદાવનતાલાના પવીત્ર નામથી હું તમને અરજ કરૂ છું કે જે ગુનેહગાર નથી તેને નાહક શીક્ષા ન કરતાં હું જે ખરો ગુનેહગાર છું તેને ઘટતી શીક્ષા કરવી." આ સાંભળી પેલો જવાન સખસ બોલ્યો "ઓ ઇનસાફી વજીર મારા સીવાય બીજો કોઇબી સખસ ગુનેહગાર નથી; મેંજ એકલાએ આ ખુન કીધું છે માટે મને ફાંસીએ લટકાવી દેવાને વીલંમ કરવો નહીં." પેલો ઘરડો સખસ બોલ્યો "અફસોસ બેટા! નાસીપાસીએ તુને આ મુજબ બોલવાને ઉશકેરયો છે; પણ હજુર તું જવાન છે અને દુન્યામાં તારૂં ઘણું કામ છે પણ મેં તો દુન્યાની સર્વે મજાહ ચાખી છે અને મારો વખતજ મરવાનો છે માટે મને મરવા દે અને તારી કીંમતી જીંદગી બચવા દે. ઓ નામદાર વજીર! હું ફરીથી કહું છું કે હુંજ ખરો ગુનેહગાર છું અને મનેજ આ કરપીન ગુનાહ માટે શીક્ષા થવી જોઇએ. માટે મને ફાંસીએ લટકાવ અને ખરો ઇનસાફ આપ."

પેલા જવાન અને ઘરડા માણસ વચ્ચે તકરાર વધી પડી અને કોણનું માનવું અને કોણનું નહીં તેનો ગુંચવાડો વધવાથી વજીરે તેઓને કાલીફની નજદીક લઇ જવાને વાજબી વિચાર્યું. જે ઉપરથી વજીરે પેલા વડા ન્યાયધીસની રજા માંગી જે તેણે મોટી ખુશીથી આપીને વજીરને ઉપકારી કીધો.

જ્યારે તે કાલીફની નજદીક જઇ પુગો ત્યારે જમીનને સાતવાર બોસા દીધા પછી વજીર બોલ્યો કે "ઓ જેહાંનના ઇનસાફી શાહનશાહ આ જવાન અને બુઝોરગ બંને પેલી ઓરતના ખુની તરીકે પોતાને ઓલખાવે માટે મેં તેઓને તમો નામદાર આગલ ઉભા કીધા છે." કાલીફે તે બંનેને સવાલ કીધો કે શું કારણસર આવી ઘાતકી રીતે તે ઓરતને મારી નાખી તેનું મુડદું તાઇગ્રીસને હવાલે કીધું હતું. પેલા જવાને ખાતરીથી જણાવ્યું કે તે ઘાટકી કર્મ તેને કીધું હતું. પેલો બુઢો જીદ કરવા લાગો કે તે ખુન તેને પોતે કીધું હતું! આ સાંભલી કાલીફે હોકમ કીધો કે "જા! વજીર, આ બંનેને ફાંસીને લાકડે લટકાવી દે" આ સાંભલી વજીરે જવાબ દીધો કે "નામદાર સાહેબ જો એક શખસ ગુનેહગાર હોય ને બીજો બેગુનાહ હોય તો તે બેગુનાહને ફાંસી દેવો એ ખરેખરો ગેરઇનસાફ ગણાય."

આ સખુનો સાંભલી પેલો જવાન શખસ બોલી ઉઠયો કે "ખોદાવનતાલા જેને આસમાન અને જમીન તથા બેહસ્ત બનાવ્યું છે ને તે સર્વે ઠેકાણે હાજર રહે છે તેના બુલંદ નામના સોગન ખાઇને હું કહુંછું કે ચાર દહાડાની વાત ઉપર તે સ્ત્રીને મેં મારે હાથે ચાર ટુકડા કરીને પેટીમાં પેક કરીને તાઇગ્રીસના પાણીને હવાલે કીધી હતી. અગરજો આ હું ખોટું બોલતો હું તો જે સુખ રાસ્ત માણસોને મુવાં પછી મલે છે તેમાંથી હું બાતલ થાઉં. ફરીથી હું ખોદાને હાજર નાજર જાણી કહુંછું કે આ ખુન મેંજ એકલાએ કીધું છે." આ સખુનો ને સોગન સાંભલી કાલીફ ઘણો અજાયબ થયો અને તેને તે જવાનનું કહ્યું માનવાને કારણ મલ્યું કેમકે પેલા બુઝોરગ આદમીએ કાંઇબી જવાબ આપ્યો નહીં પણ ઘણોજ ગમખાર થઇ ઢીગમુઢ જેવો ઉભોજ રહ્યો. પછી પેલા જવાન સખસ તરફ જોઇ કાલીફ

બોલ્યો "એ કમનશીબ કંગાલ! શું કારણસર તેં આ ભયંકર ને કમકમાતભર્યું ખુન કીધું? અને શું સબબથી તું પોતે ચાલીચલાવી ફાંસીને લાકડે લટકવા આવ્યો?" પેલા જવાને જવાબ દીધો "નામદાર શાહનશાહ મારી અને પેલી સ્ત્રી વચ્ચે જે બન્યું છે તેનો અહેવાલ જો તારે જાણવાની ખાયશ હોય તો હું કહું. તે અહેવાલ એવો છે કે જો તે જાહેર થાય તો માણસ જાતને તે એક ઘણી અચ્છી શીખામણ આપે એવો કીસ્સો બને." "ત્યારે હું તને હોકમ કરૂંછું કે તું તારી હકીકત જાહેર કરે" એમ કાલીફે જણાવ્યું. કાલીફના હોકમને માન આપી તે જવાને પોતાની હકીકત નીચે મુજબ કહી સંભલાવી:—

જે ઓરતનું ખુન થયું હતું તેની તથા તેના ભરથાર પેલા જવાનની હકીકત.

મુસલમાનોના ધર્મરક્ષક શાહનશાહ! તમો નામદારને મારે પેહેલે જણાવવું જોઇએ કે જે ઓરતનું ખુન થયું છે તે મારી પોતાની બાયડી હતી અને આ બુજોરગ ગ્રહસ્થ જે અત્રે હાજર છે તે મારો કાકો અને મારો સસરો છે. જ્યારે મારા લગન થયાં ત્યારે મારી બાયડીની ઉમર ફક્ત દશ વર્ષની હતી અને લગન પછી અમોએ બીજાં અગીયાર વર્ષ ઘણી સલાહ સંપજમાં ગુજાર્યાં. તેણીને પેટે ત્રણ છોકરાઓનો જનમ થયો છે અને તેઓ હાલ સર્વે હૈયાત છે. મારે તેણીને ઇનશાફ આપવો જોઇએ કે અગીઆર વર્ષના અરસામાં એકબી વખતે મને નારાજ થવું પડે એવી ચાળ તેણીએ ચલાવી ન હતી. તેણીની ઘણી ભલી અને પતીવૃતા હતી; અને તેણીની મોટામાં મોટી મોજ એજ હતી કે મને હંમેશ રાજી રાખવો. આ તેની ભલી ચાલના બદલા તરીકે હું પણ તેણીને હંમેશ ખુશી અને સુખી રાખવાની તજવીજ કરતો હતો અને તેણીની જેબી ખાયશ કરતી તે ખાયશ કોઇબી જોખમે અને ખર્ચે હું પુરી પાડવાને હંમેશ તૈયાર રેહતો.

આસરે બે મહીનાની વાત ઉપર તેણી આજારી પડી, મેં તેણીની ઘણી સંભાલથી માવજત તથા દવા દારૂ કરવા માંડી અને તેણીને જલદી સાજી કરવા માટે મેહેનત કરવામાં કાંઇબી કસુર કીધી નહીં. એક મહીનાના અરસામાં તેણીની સારી હાલતમાં આવી, અને હમામખાનામાં નાહવા જવાની ખાયશ દેખાડી. હમામખાનામાં જવા આગમચ તેણીની મને મલી ભેટી અને પ્યારથી બોલી કે "મારા પ્યારા ખાવીંદ, મને સેફ ફલ ખાવા ગમે છે, માટે જો તમો મને થોડાં સેફ ફલ ખવાડશો તો મારી ઉપર મોટી મેહેરબાંની થશે. સેફ ફલ મને ઘણાં દીવસ થયા ખાવા ગમે છે અને હવે તે મારી ઇચ્છા એટલી હદ સુધી વધી ગઇ છે કે જો હવે મને તે નહીં મલશે તો વખતે કાંઇ ખરાબ પરીનામ નીપજશે એવી મને ધાસ્તી લાગે છે." મેં જવાબ દીધો કે "મારી પ્યારી મારેથી બનશે એટલી તજવીજ કરીને હું તે મેલવવાની કોશેશ કરીશ ને તારી ઇચ્છા પુરી પાડશ."

હું તરતજ દરેક બજારમાં ફરી વલ્યો અને દુકાને દુકાન સેફ ફલ માટે પુછપરછ કીધી અને એકેક સેફ ફલની એક એક સીકવીન વટીક આપવા કીધી પણ કેહેથી તે હું મેલવી શક્યો નહીં. હું ઘણો દલગીર થઇ ઘર તરફ પાછો ફર્યો અને મારી મેહનત બરબાદ થઇ તે માટે ઘણો અફસોસ કરવા લાગો. મારી બાયડી જ્યારે હમાંમખાનામાંથી પાછી આવી અને જ્યારે શેફ ફલ નહીં જોયાં ત્યારે એટલીતો બેચેન થઇ કે તે આખી રાત ઊંઘાઇ નહીં શકી, હું બડી બામદાદે ઘણો જલદી ઉઠ્યો અને શેહરના દરેક બાગમાં ફરી વલ્યો પણ એકબી સેફ ફલ મેલવવાને શક્તીવાન નહીં થયો. ખોલ કરતાં એક ઘરડા બાગબાનને હું મલ્યો જેને મને કહ્યું ફકત તમો નામદારનાં બસરાખાતેનાં બાગ સીવાય કેહેબી સેફ ફલ મલી શકશે નહીં બાકી બીજે બધે શોધ કરતાં તે બીલકુલ મલશે નહીં.

મારી બાયડીને હું અતી ઘણો ચાહતો હોવાથી તેણીની આ એક ઇચ્છા પુરી પાડવાનાં વિચારથી હું બસરા સુધીની મુશાફરી કરવાને તૈયાર થયો અને મારી બાયડીની રજા લઇ હું બસરા તરફ ચાલતો

ત્રણ સેફ ફળની વાર્તા

છોકરા પાસેથી હબસી ગોલામ સેફ ફળ છીનવી લેછે.



"મારા ન્હના ભાઈઓ સાથે તે ફળ વતી હું રમયો ; પણ તેટલાં એક કાલો હબસી આવી લાગો અને મારા હાથમાંથી તે ફળ છીનવી લીધું અને ચાલતો થયો ; હું તેની પાછળ દોડયો અને તેનો ઝભો પકડી તેની પાસેથી તે ફળ પાછું માગયું."

[જુઓ સફો ૧૬૫.

થયો. મેં એટલી તો ઝડપથી મુસાફરી કીધી કે એક પખવાડીઆંમાં તો હું મારે ઘર પાછો આવી પુગો. હું મારી સાથે ત્રણ સેફ ફલ લાવ્યો હતો જે મેં એકેક સીકવીનની કીંમતે ખરીદ કીધાં હતાં, કારણ કે બાગમાં માત્ર ત્રણજ સેફ ફલ બાકી હતાં તેથી બાગબાને ઓછી કીમતે આપવાને ના પાડી હતી. માટે ઘર જતાં વારજ મેં તે ફલો મારી બાયડીને આપ્યા પણ જેવી ઉલટથી હું તે લાવ્યો હતો તેવી ઉલટથી તે તેણીએ લીધાં નહીં કારણ કે વચમાં ઘણાં દીવસ નીકલી ગયાથી તેણીની ઉલટ તુટી ગઇ હતી. તેણીએં તે ગુપચુપ લીધાં અને પોતાનાં બીછાનાં પર તકયા હેઠલ મુકી રાખ્યાં. સેફ ફલ મલ્યાં તોબી તેણીની માંદગી ચાલુજ રહી અને મને સુજ નહીં પડયું કે હું તેણીને સારી કરવાને શું ઉપાય લઉં.

બસરાથી પાછો આવવા પછી થોડેક દીવશે જ્યારે હું ચોકમાંની મારી દુકાન પર બેઠો હતો ત્યારે તરેહવાર ચીજો ત્યાં આવતી હતી તેમાં મેં એક કાલા ને ઊંચા હબશી ગોલામને પોતાનાં હાથમાં સેફ-ફલ લઇ ઉભેલો જોયો, તે ફલ જોતાં વારજ મેં બસરાથી લાવેલાં મારાં સેફ ફલ તરીકે ઓલખ્યું કારણ કે મારી ખાતરી હતી કે આખા બગદાદમાં સોધ્યું મલતું નહીં હતું. મેં પેલા ગોલામને બોલાવ્યો અને પુછયું કે "ઓ ભલા ગોલામ આ સેફ ફલ તું કયાંથી લાવ્યો?" તેણે હસીને તુરતજ જવાબ દીધો કે "એ મારી માશુકે મને ભેટ આપ્યું છે. તે આજારી હોવાથી હું આજે તેણીને મલવા ગયો હતો ત્યાં તેણીના બીછાનાં પાસે આમાનાં ત્રણ સેફ ફલ પડેલાં હતાં તે જોઇ મેં પુછયું આ ક્યાંથી આવ્યાં ત્યારે તેણીએ મને જવાબ દીધો કે મારો મુર્ખ ધણી બસરા સુધીની એક પખવાડીઆંની મુસાફરી કરીને આ ફલો મારે માટે લાવ્યો છે. પછી અમો સાથે જમીયાં અને જ્યારે હું ઘર જવા ઉઠયો ત્યારે મને એક તેણીએ પ્યાર સાથે ભેટ આપ્યું.

આ સાંભલી મારો ગુસ્સો હદ બાહેર ઉશકેરાયો. હું તુરતજ ઉઠયો અને મારી દુકાન બંધ કરી ઘર તરફ જોશમાં ચાલુ મુકયું. ઘરમાં જતાંવારજ હું મારી બાયડીના ઓરડામાં દોડયો અને સેફ ફલ જોયાં તો ફક્ત બેજ નજરે પડ્યાં, મેં પુછયું કે ત્રીજું ફલ કયાં છે? મારી બાયડીએ પોતાનું માંથુ ફેરવી જ્યાં સેફ ફલો પડેલાં હતાં ત્યાં નજર કીધી અને જ્યારે ફક્ત બેજ ફલ જોયાં ત્યારે બેદરકારીથી તુકો જવાબ દીધો કે "મને માલમ નથી કે ત્રીજાં ફલનું શું થયું." આ જવાબથી મારી ખાતરી થઇ કે પેલો હબસી ગોલામ સાચું બોલ્યો હતો. મારૂં ઝનુન અદેખાઇથી એટલુંતો ઉશકેરાઇ ગયું કે મેં તુરતજ એક વેહતી છરીથી મારી કમનસીબ બાયડીની છાતી ચીરી નાખી! પછી મેં તેણીનું સર તનથી જુદું કીધું અને બદનના ટુકડા કીધા. તે ટુકડાનું એકે બંદલ બાંધ્યું ને તે એક કંડીઆમાં પેક કીધું અને તે કંડીઆનું મોહડું સીવી લઇને તે એક પેટીમાં બંધ કીધું અને જેવી રાત પડી કે તુરતજ મેં તે પેટી મારી ખાંધ પર મારી અને તાઇગ્રીસ નદીના પાણીમાં હોમાવી.

તે રાતે મારા બે છોકરાઓ ઉંઘાઇ ગયલા હતા પણ એક છોકરો ઓટલા પર બેસીને રડતો હતો. મેં તેના રડવાનું કારણ પુછયું તે ઉપર તે બોલ્યો "બાવાજી આજે સવારે મારી માએના બીછાના પરથી તેણી નહીં જાણે એવી રીતે, જે ત્રણ સેફ ફલ તમો બસરાથી લાવ્યા હતા તેમાંથી એક લઇને હું બાહેર ગયો અને થોડો વખત સુધી મારા ન્હાના ભાઇઓ સાથે તે વતી રમ્યો પણ તેટલામાં એક કાલો હબસી આવી લાગો અને મારા હાથમાંથી તે ફલ છીનવી લીધું અને ચાલતો થયો. હું તેની પાછલ દોડયો અને તેનો ઝબો પકડી તે ફલ પાછું માંગ્યું અને તેને કહ્યું કે એતો

[જુવો પાસેના સફાનું ચીત્ર.

મારી માએ આજારી છે તેથી મારા બાવા એક પખવાડીઆંની મુશાફરી કરીને તે લાવેલા છે માટે મને તે પાછું આપવું. મારી બધી કોશેશને કાલાવાલા રદ ગયા અને તેને તે મને પાછું આપ્યું નહીં.

જ્યારે તે ચાલી જવા લાગ્યો ત્યારે હું તેની પછવાડે દોડયો ને રડીને તેની પાસેથી તે ફલ માંગવા લાગ્યો ત્યારે તેને મને મારયો અને પછી દોડી ગયો તે એવે રસ્તે નહાસી ગયો કે પાછો મારી નજરે પડયો નહીં. આખો દહાડો હું શહેરમાં રખડયો અને તમારી વાત જોતો બેઠોછું તમો માએને સમજાવો કે તે ફલ માટે તેની વધારે અફ્રશોસ નહીં કરે." એટલું બોલી તે વલી પાછો ધસાંધસ રડવા લાગો.

મારા છોકરાની વાત સાંભલી હું તો દંગજ થઇ ગયો અને મેં શું નખોદ વાલ્યું તથા કેવો ગુનાહ કીધો હતો તેની મને ખોલ્લી સમજણ પડી અને પેલા કંગાલ ગોલામે મને કેટલું જુઠું કહ્યું હતું તેબી મને માલમ પડયું. મારી અશરાફ્ બાયડીના કમકમાત ભર્યાં ખુન માટે હવે હું અતીઘણો પસ્તાવા લાગ્યો પણ હવે તે પસ્તાવો ઘણોજ અસુરો હતો તેમજ નકામો હતો. આએ વખતે મારો કાકો પોતાની છોકરીને જોવા માટે આવી પુગો મેં તેને મારા કંગાલ કામથી વાકેફ કીધો અને તેની બેટીના મેં કેવા બુરા હાલ કીધા હતા તેથી તેને વાકેફ કીધો. આ મારા જબુન કામ માટે મને શીક્ષા કરાવવા તેને કાંઇ ઉપાયો લીધા નહીં તો જોકે હું મારા કામથી દરેક જબુનમાં જબુન શીક્ષાને લાયક હતો. આ ભલા ને બુજોરગ માણસે મારાં આંસુઓ સાથે પોતાનાં આંસુઓ મેલવ્યાં અને એ મુજબ અમોએ ત્રણ આખા દીવસ માહેતમમાં ગુજારયા. તે પોતાની વહાલી બેટી માટે માહતમ કરતો કે જે શીવાએ આ દુન્યામાં તેનું બીજું કોઇ હતું નહીં. અને હું મારી પ્યારી બાયડી જે મને આટલી બધી ચાહતી હતી અને જે સીવાય મને દુન્યામાં બીજું કોઇ વધારે પ્યારૂં લાગતું હતું નહીં તેનું ખુન એક નીચ ગોલામના જુઠાંથી મેં કીધું હતું તે માટે માહેતમ કરતો હતો.

આ મારો સાચો અહેવાલ છે અને ઓ નામદાર કાલીફ તું મને જે જોઇએ તે સજા ફરમાવ કારણ કે જેબી સજા અને જેટલીબી સખ્ત સજા તું નામદાર ફરમાવશે તે સજાને મારા તકસીર સાથે સરખાવતાં હું ઘણીજ હલકી સમજીશ અને વગર બોલવે તેને સરણ થઇશ."

આ અહેવાલ સાંભલી કાલીફ તો અજાયબીમાં ગીરફતાર થઇ ગયો. તેને આ જવાન તરફ ગુસ્સાને બદલે દયાથી જોવા માંડયું અને બોલ્યો કે આ જવાન સખસનું કામ ખોદાની નજરમાં પણ માફ કરવા લાયક દેખાશે કેમકે તેને જે મુજી ગોલામે જુઠું કહી ઉશકેરયો હતો તે ગોલામ આ જબુન કામનો ખરો ગુનેહગાર છે, માટે,"—તે પોતાના વડા વજીર તરફ ફરીને બોલ્યો—"હું તને હોકમ કરૂં છું કે તે મુજી ગોલામને ત્રણ દીવસમાં મારી નજદીક હાજર કરવો અને જો તેમ કરવાને જો તું નીશફલ થશે તો તને તારો જાન આપવો પડશે."

વજીર જાફર હજુર થોડોજ વખત થયો મોતના મોહડામાંથી છુટો થયો અને તેની તેને પુરતી મુબારકબાદીબી કોઇ આપી શકયું નહીં તેટલામાંજ કમનસીબ જાફર પાછો કાલીફના ફાંટામાં સપડાગો અને પેહલાં કરતાં વધારે મુશકેલ કામ તેને સર ચોંહટયું. કાલીફના દેખઇતા બેહુદા હોકમ માટે તે કાંઇબી બોલી શકયો નહીં કારણ તે તેના કરડા સ્વભાવથી સારી પેઠે વાકેફ હતો તેથી તે પોતાના ધણી આગળથી આંખમાં આશું સાથે પોતાને ઘર ગયો અને ખાતરીથી વિચાર્યું કે હવે તેની જીંદગીના ફક્ત ત્રણ દહાડા બાકી છે. તેને પેલા હબસી ગોલામનો પત્તો મેળવવાને કાંઇબી કોશેશ કીધીજ નહીં કારણ કે તેનો પત્તો મેળવવો એ એક ખુલ્લી નહીં બને એવી બીના હતી. તે બડબડવા લાગો કે "બગદાદ જેવા મોટાં વીશાલ શેહરમાં એવાતો હજારો હબસી ગોલામો પડેલા છે તેમાં હું ખુની તરીકે કોણને પીછાંની શકું? જો ખોદા પોતે મારા ઉપર મેહરબાન હોય ને જે માફક ખરો ખુની પોતાની મેળે જાહેર થયો તે મીસાલનો બનાવ ફરી બને તોજ મારી જીંદગી બચી જાય નહીં તો આખરે વગર તકસીરે મને મોતને સ્વાધીન થવું પડશે."

તેને આખા બે દીવસ પોતાના કુટુંબ સાથે માહેતમમાં ગુજારયા અને કાલીફના જુલમ માટે

હાય અફસોસ કરવા સીવાય બીજું કાંઈ તે કરી શકયો નહીં, ત્રીજે દહાડે તે હીંમતથી મોતને સ્વાધીન થવા તૈયાર થયો, અને ખાલેશ દીલથી જે બને તે ખમવાને તૈયાર ઉભો કારણ કે પોતાની વજીરાત વખતે તેણે એવું કોઇબી કામ નહીં કીધું હતું કે તે માટે આ આખર વખતે તેને શરમાવાનું કાંઇબી કારણ મળે. તેણે કાજી તથા બીજા અમીર ઉમરાવોને પોતે કીધેલાં વશીયતનામાં ઉપર શાખ કરવાને બોલાવ્યા. તેનું આખું કુટુંબ ગોયા આંસુના દરયાવમાં ડુબેલું હતું, જેના જેવો ગમગીન કરનારો દેખાવ બીજો કોઇજ હશે. છેલ્લે વકી રાખવા મુજબ પાદશાહી અમલદાર આવી પુગો અને કેહવા લાગો કે "નામદાર કાલીફ ઘણો ગુસ્સે થયો છે કે આજે ત્રણ દીવસ વહી ગયા તો પણ પેલા હબસી ગોલામના પત્તા વિશે તમોએ કાંઇબી જણાવ્યું નથી. વળી મને હોકમ થયો છે કે તમોને નામદાર કાલીફના તખત નજદીક હાજર કરવા." ગરીબ બીચારો વજીર કાલીફના હોકમને માન આપી પેલા અમલદાર સાથે જવા તૈયાર થયો એટલામાં તેની સૌથી ન્હાની છોકરીને તેને મળવા માટે લાવવામાં આવી કે જેણીની ઉમર માત્ર ૭ વર્ષની હતી.

આ છોકરી ઉપર જાફરનો અતીઘણો પ્યાર હોવાથી તેણીને છેલ્લી ભેટી લેવા માટે પેલા અમલદાર પાસે થોડો વખત માંગી લીધો અને તેણીને પોતાના હાથમાં ઉંચકી છાતી સાથે દાબી અને ચુંમીઓથી તેણીનો ન્હાનો ગાલ ભરી નાખ્યો. આ મુજબ તેણીને છાતી સાથે દાબતાં તેણીના પાસામાં કાંઇ મોટી ચીજ સંતાડેલી તેના હાથને લાગી જે ઉપરથી જાફરે પોતાની બેટીને પુછયું કે તેની પાસે શું છુપાવેલું છે? તેણીએ જવાબ દીધો "મારા પ્યારા બાવાજી, એ તો સેફ ફલ છે, જે ઉપર નામદાર કાલીફનું નામબી લખેલું છે. આપણા ગોલામ **રીહાને** તે મને બે સીકવીને વેચ્યું છે."

આ સખુનો સાંભલતાંજ વજીર જાફરે ખુશાલીનો મોટો પોકાર માર્યો અને પોતાની બેટીના પાસામાંથી પેલું સેફ ફલ બેંચી કાહડયું. તેને પેલા ગોલામને બોલાવવાનો હોકમ કીધો ને તે ગોલામ તુરતજ હાજર થયો કે વજીરે ગોસ્સાથી પુછયું "ઓ નાપાક ચોર આ સેફ ફલ તું કયાંથી લાવ્યો તેનો તુરત ખરો ખુલાસો કર." "મારા મુરબ્બી," તે ગોલામ હાથ જોડી બોલ્યો, "મેં આ સેફફલ નથી તમો નામદારના બાગમાંથી ચોર્યું કે નથી નામદાર કાલીફ હારૂન અલ રશીદના બાગમાંથી ચોર્યું એમ હું સોગન ખાઇને કહુંછું. હું થોડા દીવશની વાત પર એક મોહલ્લામાંથી પસાર થતો હતો તે વખતે કેટલાક છોકરાઓ ત્યાં રમતા નજર આવ્યા; તેમાં એકના હાથમાં આ સેફફલ જોયું અને તેની પાસેથી મેં તે લઇલીધું હતું. તે છોકરો મારી પાસે દોડી આવ્યો અને મને કહેવા લાગો કે તે તેનું નથી પણ તેની માએનુ છે, જે તે રમવા માટે તેની હરૂસે લઇ આવ્યો હતો. તેની મા આજારી હોવાથી તેનો બાપ મોટી મેહનતે ત્રણ સેફ ફલ લઇ આવ્યો હતો તેથી તે પાછું મેલવવા માટે તેને મને ઘણા કાલાવાલા કીધા પણ મેં તે ઉપર ધ્યાન આપ્યું નહીં અને તે ફલ હયાં લઇ આવ્યો. જે મેં આ મારી ન્હાની શેહાણીને વેચ્યું અને તેને બદલે બે સીકવીન મેલવ્યા છે. આ સર્વે ખરી બીના છે અને તે કહી હું તમો નામદારની દયા ચાહું છું." આ સાંભલી વજીર ઘણો નાખુશ થયો અને એક સેફ ફલ માટે આ ગોલામે એક નીરદોશ નારનું ખુન કરાવ્યું તથા તેની પોતાની જીંદગીથી બે વાર હાથ ધોયા તેથી તે ગોલામ ઉપર ઘણોજ ગુસ્સે થયો. તે ગોલામને પોતાની સાથે લઇ તે નામદાર કાલીફના મેહેલ તરફ ગયો અને ત્યાં પેલા ગોલામને ઉભો કરી પોતે તે ગોલામનો પત્તો કેવી રીતે મેલવવાને નસીબવાન થયો તે કહી સંભલાવ્યું.

કાલીફની અજાયબી હવે પોતાની હદ ઓલંગી ગઇ અને તે હવે પોતાનો મોભો ભુલી જઇ બેધડક હસવા લાગો. છેલ્લે જ્યારે હસતાં હસતાં થાકો ને પાછો શાંત થયો ત્યારે વજીર જાફરને કહ્યું કે "આ બધાં તોફાનનો આ ગોલામ જોખમદાર છે અને તેથી આ સર્વે ખરાબી નીપજી છે માટે તેને કાંઇ એવી શીક્ષા કરવી જોઇએ કે ફરી એવા જબુન ગુનાહ મારા રાજમાં બને નહીં." વજીરે જવાબ દીધો

કે "નામદાર કાલીફ મારે કબુલ કરવું જોઇએ કે આ ગોલામનો વાંક કાંઇ ન્હાનો નથી તથા તે માફ થઇ શકે એવોબી નથી. પણ આ બનાવ કરતાં વધારે અજાયબ જેવા બનાવથી ભરપુર એક વાત હું જાણુંછું જેમાં કેરો શેહરનાં વજીર **નુરદ્દીન અલી** અને બસરાના રેહવાસી **બદરૂદ્દીન હુસનની ઘણી** જાણુવા જોગ હકીકત છે જે તમો નામદારનો હોકમ હોયતો હું તમો આગલ કહી સંભલાવું પણ તે એવી બોલીથી કે જો તમો નામદારને તે આ બનાવ કરતાં વધારે અજાયબીમાં નાંખે તો આ મારા ગોલામને તેનો તકસીર માફ કરીને છુટો કરવો." "ઠીક મારે કબુલ છે" કાલીફે જવાબ આપ્યો, "પણ મને આશા નથી કે તું જે વાત કરશે તે આ સેફ ફલ કરતાં વધારે અજાયબ જેવી હોય અને તેથી તું તારા ગોલામને બચાવી શકે."

વજીર જાફરે નમીને નીચે મુજબ પોતાની વાર્તા સરૂ કીધીઃ—

નુરદ્દીન અલી અને બદરૂદ્દીન હસનની વાર્તા.

ધર્મના રક્ષન કરનાર નામદાર કાલીફ! ઇજીપ્તમાં એકવાર એક સુલતાન રાજ કરતો હતો જેનો ઇનસાફ ઘણોજ રાસ્ત અને ખરો હતો. તે દયાલુ, સખીવજુદ અને ધર્માં હતો, તેમજ એટલો તો જોરેમંદ હતો કે તેની આસપાસના મુલકોના રાજાઓ તેના જોરથી હરદમ નમેલા રેહતા હતા. તે ગરીબોની દાદ લેતો હતો, વીદ્વાનોને નવાજતો હતો, અને પોતાના રાજમાં સારા સારા ઓહદાઓ તે કાબેલ શક્ષોનેજ બક્ષતો હતો. તેનો વજીર ઘણો બાહોશ, ડાહયો અને દરેક વિદ્યમાં પુર્ણ હતો. તે વજીરને બેટાંના બે ખુબસુરત ફરજંદો હતા અને તેઓ તેનેજ મલતા ચેહરાના તથા તેનાજ ગુણના હતા એટલુંજ નહીં પણ તેના જેવાજ બાહોશ પણ હતા. વડાનું નામ **શમસુદ્દીન મહમદ** અને ન્હાનાનું નામ **નુરદ્દીનઅલી** કરીને રાખ્યું હતું. ન્હાનો નુરદીન એટલોતો હુશીયાર હતો કે તેવા બાહોશ થોડાજ માણસો દુન્યામાં મલી આવે. તે વજીરના મરણ પાંમવાથી સુલતાને તે વજીરના બંને બેટાઓને તેડું મોકલ્યું અને તેઓને વજીર દાખલનો સરપાવ આપીને પછી કહ્યું કેઃ "હું તમારા બાપના મરણથી ઘણોજ દલગીર છું, અને તમોને ગયલી નુકસાંની માટે ખચીત ખેદ પામુ છું અને તેની સાબેતીમાં તમો બંને ભાઇઓને એક સરખે દરજ્જે હું મારા વજીર તરીકે નેમુ છું અને આશા રાખું છું કે તમો બંને જણા સલાહ સંપજથી સાથે જોડાયલા રેહશો. જાવો અને તમારા બાપના પગલાં પર હમેશાં ચાલતા રેહેજો."

પેલા નવા ઠડેલા બને વજીરો શાહનો ઉપકાર માની પોતાને ઘર રવાના થયા અને પોતાના બાપને દફન કરવાની ક્રીયામાં રોકાયા. એક માસ પોતાના બાપનો શોક રાખીને આ નવા વજીરો સુલતાનની દરબારમાં હાજર થયા અને તે પછી દરરોજ જ્યારેબી દરબાર મળે ત્યારે તેઓ હાજર રેહવા લાગ્યા. જ્યારેબી સુલતાન શેકારે જાય ત્યારે બે માંથી એક ભાઇને પોતાની સાથે લેતો જાય અને એમ દરેકને આંતરે આંતરે આ મોટું માન આપતો હતો. એક સાંજે વડો છોકરો જે આવતી સવારે સુલતાન સાથે શેકારે જવાનો હતો તેને વાત કરતાં એવું કહ્યું કે "નુરદીનઅલી, હજુર આપણે શાદી કીધી નથી તેથી અને આપણ ઘણા સલાહ સંપજથી રહ્યે છીએ તેથી મને એક વિચાર સુજે છે. આપણે એકજ દીવસે શાદી કરીયે અને એકજ માબાપની બે બેટીઓને આપણી ઘણીઆણી બનાવ્યે. તે છોકરીઓ કોઇ આપણા જેવાજ મોભાદાર કુટુંબની શોધી કાહડયે. કેમ આ મારી દરખાસ્ત તને વાજબી લાગે છે?" **નુરદ્દીનઅલીએ** જવાબ દીધો ખચીત આપણે જે સલાહ સંપજથી રહ્યે છીએ તે ઉપર તારી દરખાસ્ત મને ઘણી વાજબી લાગે છે અને તારા કેહવા મુજબ કરવાને હું તૈયાર છું. તારી

દરેક મરજીને ઘણી ખુશી સાથે હું ટેકો આપવાને સદા તત્પર રહુંછું. આ ઉપરથી વડો ભાઇ બોલ્યો "અરે એટલામાંજ મારી દરખાસ્ત અટકતી નથી પણ આગલ વધારે મારે કેહવાનું છે. આપણા લગન થયાથી આપણને છોકરાં થશે તેમાં જો તારે ત્યાં છોકરો અવતરે ને મારે ત્યાં છોકરી અવતરે તો તે છોકરી સાથે તારા છોકરાને પરણાવવી."

નુરૂદીને જવાબ દીધો "હા, આ વલી ઘણુંજ સરસ તમો બોલ્યા છો. આ જોડાણથી આપણો સંપ સંપુર્ણ થશે અને એમ કરવાને હું દીલોજાનથી બંધાઉ છું. પણ પ્યારા ભાઇ જો ખરેખર તે લગન થાય તો પલ્લું કેમ આપ લે થાય તેનો સવાલ ઉઠે છે." શમસુદીને જવાબ દીધો કે "તે કાંઇ મુશકેલ કામ નથી. ધારા મુજબની પેહરામણી તું મારી દીકરીને કરજે અને તે ઉપરાંત મારી દીકરીને બીજા ત્રણ હજાર સીકવીન, ત્રણ ઘણી સારી જાગીર ને મીલકત, તથા ત્રણ ગુલામો આપવા." આ ઉપરથી ન્હાના ભાઇએ કહ્યું કે "એમ મારેથી કબુલ થાય નહીં, શું આપણે બંને ભાઇઓ એક સરખી પદવીના નથી? શું આપણે જાણતા નથી કે વાજબી શું છે? વલી ખુદાવંદતાલાની પેદાશમાં ઓરત કરતાં મરદનો દરજ્જો વધુ છે. માટે ત્યારે તારી બેટીએ ઉલટી વધારે રીત લાવવી જોઇએ, નહીં કે મારા બેટાએ રીત આપવી જોઇએ. હવે મને માલમ પડયું કે તું બીજાને ખર્ચે મોટાઇ લેવાને ઘણો ખંતી છે."

જો કે આ સર્વે નુરૂદીન તો મસકરીમાં બોલ્યો હતો તોપણ તેનો વડો ભાઇ ઘણો ઝનુની ને ગરમ મીજાજનો હોવાથી તેને ઘણું અપમાન માની લીધું અને ઘણો ચીરડાઇને બોલ્યો "તારા છોકરા પર સીતમ ગુજરો! કારણ કે મારી છોકરી કરતાં તારા છોકરાને તું ઉંચો ધારે છે. મને ઘણી અજાયબી લાગે છે કે તારી છોકરી કરતાં તારા છોકરાને તું શા સબબથી વધારે કીંમતી ધારે છે? તારૂં મગજ ઠેકાણે નહીં હોવું જોઇએ. અને તેથી તું મને તારી બરાબરનો ગણવાનો ફાંકો રાખે છે. આ તારી બેઅદબી પછી હું કદીબી મારી છોકરી સાથે તારા છોકરાને પરણાવીશ નહીં; તો જોકે તું હવે મારી છોકરીને ઘણી વધારે રીતબી આપવા કહે તોબી તે હવે હું કબુલ કરવાનો નથી, આ "ભેંસ આવ્યા અગાઉ ખુંટો દાતવા" જેવી વાત હતી! આ બંને ભાઇઓ હજુર તો પરણ્યા નથી, છોકરાં આવ્યાં નથી તેટલાં તેઓને પેહેરામણી વિશે વાંધો પડયો ને તેથી મીનાકેસો એટલો તો વધી ગયો કે વડા ભાઇએ ગુસ્સે થઇ ધમકી આપી કે "જો મને કાલે સુલતાન સાથે શીકારે જવાનું નહીં હતે તો આ તારી સરકશી માટે તુંને હમણાજ સ્વાદ ચખાડતે પણ કાંઇ નહીં, શીકારેથી આવ્યા પછી હું તુને બરાબર સમજ પાડીશ કે વડા ભાઇ સાથે ન્હાના ભાઇએ કેવી રીતે વરતવું જોઇએ અને મને વડા ભાઇ તરીકે જે અપમાન ખમવું પડયું છે તેનો હું પુરતો બદલો લઇશ." આટલા શબ્દો બોલી તે ઓરડો છોડી ગયો ને શમસુદીન બીજે દીને ઘણો જલદી ઉઠયો અને સર્વે તૈયાર હોવાથી તુર્તજ શાહનશાહી મેહેલ તરફ ચાલતો થયો જ્યાંથી સુલતાન સાથે શીકારે જવા બાહર પડયો અને કેરોની નજદીકના પીરામીદોની આસપાસ પોતાના શીકારોની શોધમાં તેઓ ગુતાયા. હવે નુરદીનઅલીએ રાત આખી ઘણી બેચેનીમાં ગુજારી હતી. તેને વિચાર કીધો કે આવા ભાઇ સાથે હવે વધારે વખત રહેવું બીલકુલ સારૂં નથી, જે ભાઇને તે બાપ કરતાં વધારે માન આપતો હતો, તે તેનાં દરેક બોલને માન આપતો તેના મત પ્રમાણે ચાલતો હતો તે ભાઇ તેને આ મુજબનો હલકો તથા પોતાથી ઉતરતો ગણે અને સખત અપમાન આપે તેની સાથે વસવું તેને ધાસ્તીભર્યું તેમજ ધીક્કારભર્યું લાગ્યું. આ ઉપરથી તેને પોતાનું દેશ તથા ઘર છોડી જવાનો મકમ ઠરાવ કીધો અને એક સરસ ને સારી ચાલતું ખચ્ચર તૈયાર કરાવી તે ઉપર સારી પેઠે પૈસાટકા, તથા હીરા મોતી લાઢયા અને થોડોક ખોરાક સાથે લઈ પોતાના ચાકર નોકરોને કહ્યું કે મને ત્રણચાર દીવસની મુસાફરીએ જવું છે અને તેબી ફક્ત એકલુંજ જવું છે એમ કહીને તેને ચાલુ મુક્યું.

કેરો છોડ્યા પછી તે અરબસ્થાનના જંગલ રસ્તે ચાલતો હતો પણ રસ્તે ચાલતાં તેનું ખચ્ચર લગડું થયું તેથી તેને છોડી મુકી પોતે પગે ચાલતો થયો. આ રીતે ઘણોક રસ્તો પગે કાપ્યા પછી તેને રસ્તામાં સારા ભાયગે એક કાસદ બસરા જતો મળ્યો તેને પોતાના ઉંટ પાછલ નુરદીનને બેસાડી લીધો. જ્યારે તેઓ બસરા પુગા કે પેલા કાસદનો ઉપકાર માનીને નુરદીન ઉંઠ ઉપરથી ઉતરયો. તે મોહલામાં કોઇ ઉતારાની જગો ઢુંઢતો ફરતો હતો તેટલામાં તેની સામેથી કોઇ ઉંચી પદવીનો આદમી મોહટા રેસાલા સાથે દબદબાથી આવતો તેની નજરે પડયો, જેને શેહરના તમામ લોક ઘણી નમી નમીને સલામ કરતાં ને તે પસાર થાય ત્યાં સુધી એક એક બાજુએ ઉભા રહી તેને ઘણું માન આપતાં હતાં, જે જોઇ નુરદીન પણ એક બાજુએ ઉભો રહી ગયો અને તે શખ્સને ઘણોજ નમીને સલામ કરવા લાગો. તે ઉંચી પદવીનો શખ્સ તે શેહરનો મોટો વઝીર હતો અને શેહરની સુલેહ તથા હાલત વિશેની ખબર લેવા માટે તેણે આ સવારી કાહડી હતી.

સારા નસીબે આ વડા વઝીરની નજર નુરદીન ઉપર પડી અને તેનો દબદબા ભર્યો તેમજ ઉંચી ખુનીઆદનો ચેહરો જોઇ તે ઘડીભર ત્યાં અટકગો અને તેને નેહાલીને જોવા લાગ્યો પછી તેની નજદીક આવતાં તેના દીલ ઉપર મુસાફરીનો પોશાક જોઇ તેણે નુરદીનને સવાલ કીધો કે તે કોણ છે તથા કયાંથી આવ્યો છે. "મારા મુરબી" નુરદીને જવાબ આપ્યો "હું કેરોથી આવ્યો છું. મારા એક સગા સાથે મને પંચાતી થવાથી હું કેરો છોડી આવ્યો છું અને દુન્યાની મુસાફરી કરવાનો મેં ઠરાવ કીધોછે તેમજ મરતાં સુધી કેરો શેહરમાં નહીં જવાનો નીશ્ચય કીધો છે." જયારે વડા વઝીરે આ સખુનો સાંભલ્યા ત્યારે તે ઘણો દયાલુ તથા મોટા દીલનો હોવાથી, બોલ્યો "મારા બેટા, જે ઠરાવ તેં કીધો છે તેને વલગી રહેવામાં કાંઇ ફાયદો નથી. આ ફાની દુન્યામાં કંગાલ્યત અને જેહમત સીવાય બીજું કાંઇ નથી અને દુન્યામાં કેટલી મુસીબત તથા કેટલી જેહમત તને ખેંચવી પડશે તેનો કસ્સો ખ્યાલ તને હોય એમ મને લાગતું નથી. માટે તું મારી સાથે આવ, કદાચ જે કારણથી તેં તારો દેશ છોડયો છે તે કારણ પણ ભુલાવી દેવાને હું શક્તીવાન થઇશ."

આ મયા ભર્યા સખુનો સાંભલીને નુરદીનઅલી વડા વઝીર સાથે તેના મકાન પર ગયો અને થોડાજ દીવસમાં તો વઝીરે તેના સર્વે સારા ગુણો જોઇ લીધા અને તેના ઉંચા કુલથી પણ વાકેફ થયો. એક દીવસે જ્યારે તેઓ એકલા હતા ત્યારે વઝીર બોલ્યો "મારા બેટા તું જોય છે તેમ હવે હું પુર બુઝોરગીએ પુગી ગયો છું અને દુન્યામાં થોડા દીવસનો પરોણો છું. કુદરતે મને ફકત એકજ બેટીનું ફરજંદ બક્ષયું છે અને તે તારા જેવીજ ખુબસુરત છે અને પરણવા લાયકની ઉમરે પુગી છે. દરબારના ઘણા ઉમરાવોએ પોતાના બેટા માટે તેણીની માગની કીધી નથી. પણ હું તને ચાહું છું અને મારા કુટુંબને જેબ આપે તથા મને મગરૂર થવાને કારણ મલે એવા મોટા કુટુંબનો તું હોવાથી હું તને મારા જમાઇ તરીકે કબુલ કરવાને ઘણોજ ખુશી છું. જો આ મારી દરખાસ્ત તું કબુલ કરે તો હું નામદાર સુલતાનને જણાવી શાદીનો દીવસ મુકરર કરૂં અને મારા બેટા તરીકે તને કરી લીધો છે એમ જણાવી તને મારો વડો વઝીરનો ઓધો બક્ષાવું અને હું મારી જીંદગીના બાકીના દહાડા ખોદાવનતાલાની બંદગીમાં ગુજારૂં અને આ ફાની જેહાનથી કુચ કરૂં તથા મરણ પાંમું ત્યાં સુધી એકાંતગી અખત્યાર કરૂં.

આવા શબ્દો જે વડા વઝીરનું ઉદારપણું તથા દયાલું દીલ બતાવી આપતા હતા તે સાંભલી નુરદીન તુરતજ તેના પગ પર પડયો અને ખુશાલીથી તેનું દીલ એટલું તો ભરપુર થયું હતું કે તે કાંઇ વધુ બોલી શકગો નહીં પણ એટલુંજ કહ્યું કે તે જેમ ફરમાવે તેમ કરવાને તે કબુલ છે. આ સાંભલી વડા વઝીરે પોતાના ઘરના મુખ્ય કારબારીઓને બોલાવ્યા અને પોતાના મહેલમાં મોટી

મેજબાનીને લાયકની સર્વે તૈયારીઓ કરવાનો હોકમ આપ્યો. તેણે દરેક દરબારીઓને તથા અમીર ઉમરાવોને ખાણાનાં તેડાં કરાવ્યાં. તેઓ વડા વજીરના તેડાંને માન આપી હાજર થયા ત્યારે ત્યાં નુર-દીનને લાવીને તેઓ સાથે ઓલખાણુ કરાવી અને બોલ્યો કે " મારા દોસ્તો, જે બાબદ મેં આજ સુધી છુપી રાખી હતી તે આજે તમો આગલ ખોલી કરતાં મને ખુશી ઉપજે છે. જેમ હું બસરાનો વડો વજીર છું તેમ મારો એક ભાઇ છે તે મીસર દેશનો વડો વજીર છે અને તેણે ફક્ત એક બેટાનુંજ ફરજંદ છે જેને મીસરની દરબારનાં કોઇ અમીર ઉમરાવની છોકરી સાથ ન પર-ણાવતાં મારી એક પુરી બેટી સાથેજ તેની શાદી કરવાની તેની મરજી હોવાથી તેણે પોતાના બે-ટાને અત્રે મોકલી આપ્યો છે તેની શાદી મારી બેટી સાથે કરીને અમારાં કુટુંબની બંને ડાલો સાથે જોડયે. આ જવાન ઉમરાવને તમો જોવો છો તે મારો એક પુરો ભત્રીજો છે જેને હું મારો જમાઇ કરવા માગુંછું. અને હું આશા રાખુંછું કે જે મારી આજની ખુશાલીમાં તમો દીલો જાનથી શામેલ થશો અને પરણુતાં જોડાંને તમારી હાજરીથી માન તથા મુબારકબાદી આપશો." વડા વજીરે આ ભાષાન એવી તો ગંભીરતાથી કીધું કે જે ઉમરાવોએ પોતાના બેટાની સગાઇ કરવા માંગી હતી તેઓએ જરાબી અપમાન લીધું નહીં અને વડા વજીરે પોતાના ભત્રીજાને પસંદ કીધો તેથી તેઓ ખુશી થયા અને તેઓને જવાબ દીધો કે "ખરેખર તમોએ ઘણું વાજબી કીધું છે અને અમો મોટી ખુશી સાથે લગનની ક્રીયામાં તથા ખાણાપીનામાં શામેલ થઇએ છીએ અને ખોદાવનતાલા પાસે તમો કાકા ભત્રીજાને ઘણી લાંબી ઉમર બક્ષે અને સદા સુખી રાખે એવી દુવા ચાહીએ છીએ." આ રીતે ભલી દુવા દઇ તથા મુબારકબાદી આપી તેઓ ખાણાની ટેબલપર બેઠા અને તરેહવાર સલામતી સાથે તેઓએ ખાણાને ઘણો સારો ઇનસાફ આપ્યો. ખાણું ખલાસ થયા પછી દેશના રેવાજ મુજબ મીઠાઇના ખુમચાઓ લાવવામાં આવ્યા જેમાંથી જેટલી જેને ગમી એટલી ખાધી અને જેને જેટલી જોઇતી હતી તેટલી પોતાની સાથે બાંધી લીધી! ત્યારપછી કાજી લગનનું ખત લઇને હાજર થયો તે ઉપર વડા ઉમરાવે સહી કીધી અને તે લગનની મીજલસ હસી ખુશી સાથે બરખાસ્ત થઇ.

જ્યારે સઘલા ગયા ત્યારે વડા વજીરે પોતાના નોકરોને નુરદીનઅલીને તે મેહલમાના પોતાના ખાસ હમામખાનામાં લઇ જવાનો હોકમ કીધો અને ત્યાં તેને સારીપેઠે મદારતથી નહવાડવાને તેઓને તાકીદ કીધી. તે હમામખાનામાં તેને માટે ઘણોજ ઊંચો પોશાક તૈયાર હતો તે જ્યારે નાહી ઉઠયો કે તે તેના કપડાંને બદલે તેને પેઢાવ્યો. આ રીતે ઊંચો પોશાક પેઢીને તથા સરસમાં સરસ અતરો છાંટીને તે પોતાના સસરા આગલ હાજર થયો જે તેનો ખુબસુરત દેખાવ જોઇ અતીઘણો ખુશી થયો અને પોતાની પાસે બેસાડી તેને કેહવા લાગો કે "મારા બેટા તેં તારી બધી વાત મને જણાવી તથા ઇજીપ્તમાં તારો શું ઓધ્ધો હતો તેબી તેં મને જણાવ્યો પણ તુને તારૂં વતન શું કામ છોડવું પડયું તે તેં મને ખુલાસા-વાર જણાવ્યું નહીં અને ફક્ત કજીયો થયો એટલુંજ જણાવ્યું તેથી તે કજીયો શું અને કોણની સાથે થયો તે હવે મને જણાવ કારણ કે તું અને હું કાંઇ હવે જુદા નથી માટે હવે ભેદ ભરમ તને રાખવો સજાવાર નથી.

નુરદીનઅલીએ પોતાના ભાઇ સાથે જે બોલવું થયું હતું તે સર્વે વડા વજીરને જણાવ્યું. જે સાંભલી વડા વજીરને એટલું તો હસવું આવ્યું કે તે થોડો વખત સુધી દમ બાંધીને હસયાજ કીધો. પછી બોલ્યો "આવો અજાયબ જેવો હવાઇ કજીયો મારા સાંભલવામાં કદીબી આવ્યોજ નથી." હું દલગીર છું કે તું તારા ભાઇ સાથે એક ઘણાં હસવા જેવાં ને નજીવાં કારણને વાસ્તે એટલો ગુસ્સે થઇ આએ તરફ નીકલી પડયો, પણ ખરૂં પુછાવો તો તારા ભાઇનો વાંક છે કેમકે તું જે કાંઇ મસકેરીમાં બોલ્યો તેને વાસ્તે તેણે એટલો ગુસ્સો કરવો નહીં જોઇતો હતો, પણ આએ કજીયો થયો તેથી ખુદાનો ઉપકાર

માનુંચ કેમકે તેથી મને આવો ખુબસુરત ચેહેરાનો અને ઉંચી બુનીઆદનો જમાઇ મલ્યો. પણ હવે રાત અતી ઘણી વીતી ગઇ છે ને સુવાનો વખત થયો છે માટે મારા બેટા તારી માશુક તારી વાત જોતી બેઠી છે તેની આગલ જા, કાલે હું તુને સુલતાનની આગલ લઇ જઇ અને હું આસા રાખુંછું કે તુને મોટી ખુશીથી તે પોતાની આગલ બોલાવશે."

નુરદીનઅલી પોતાના સસરાની રજા લઇને પોતાની માશુકના ઓરડામાં ગયો. વજીર જાફર બોલ્યો કે ઓ કલીફ વધારે અજાયબ જેવું એ છે કે જે દાહાડે નુરદીનઅલીનાં લગન બસરામાં થયાં તેજ દાહડે તેના વડા ભાઇ શમસુદીન મહોમદનાં લગન પણ કેરોમાં થયાં અને તેની હકીકત આએ પ્રમાણે છે.

નુરદીનઅલીએ પાછો કદી નહીં ફરવાનો વીચાર કરીને જ્યારે કેરો છોડયું ત્યાર પછી શમસુદીન મહોમદ જે મીસર દેશનાં સુલતાન સાથે શેકાર કરવા ગયો હતો તે ત્યાંથી એક મહીને પાછો આવ્યો. જેવો શમસુદીન ઘેર આવ્યો તેવોજ નુરદીનનાં ઓરડામાં દોડયો, પણ જ્યારે તેને માલમ પડયું કે બે ત્રણ દાહાડા મુસાફરી કરવા જાઊંછું કરીને એક ખચ્ચર પર સવાર થઇને જે દાહાડે તે સુલતાંન સાથે ગયો તેજ દાહાડે તે પણ જતો રહ્યો ત્યાર પછી તે પાછો આવ્યોજ નહીં તેથી તે ઘણો અજાયબ થવા લાગો. તે સમજી ગયો કે મારા કઠણ બોલો તેના ભાઇની છાતીમાં લાગા હશે અને તેજ કારણને લીધે તે દેશ છોડી ગયો હશે તેથી તે પસ્તાવા લાગો અને પોતા પર ફીતકાર નાખવા લાગો. તેણે દમાસકસ, અલેપો અને બીજા ઘણાએક શેહેરોમાં સોધને વાસ્તે કાસદો મોકલ્યા પણ તેનો ભાઇ બસરામાં હતો તેથી તે વિશે કંઇ ખબર મલી નહીં. શમસુદીન તેને બીજી જગાએ સોધવાનો વીચાર રાખતો હતો પણ તેટલામાં તેની પરણવાની મરજી થઇ તેથી કેરોનાં એક સૌથી મોટા અમીરની છોકરી સાથે જે દાહાડે તેનો ભાઇ બસરામાં વડા વજીરની બેટી સાથે પરણ્યો તેજ દાહાડે તે પોતે પણ પરણ્યો.

જાફર વજીર બોલ્યો કે ઓ જેહાંપના! એથી વલી વધુ અજાએબ જેવું એ છે કે નવ મહીના રહીને જે દહાડે શમસુદીન મહોમદને ત્યાં કેરોમાં એક છોકરી આવી તેજ દાહાડે નુરદીનઅલીને ત્યાં બસરામાં એક પુનંમના ચાંદ જેવો છોકરો આવ્યો, કે જેનું નામ તેણે બદરૂદીન હસન કરી રાખ્યું.

પેલા બસરાના વજીરે પોતાની છોકરીને ત્યાં છોકરો આવ્યો ત્યારે ઘણી મોટી ખેરાતો કીધી અને આખા શેહરમાં ખાણું આપ્યાં અને પોતાનાં જમાઇ તરફ પોતાનો પ્યાર દેખાડવાને તે તરત સુલતાંનનાં મેહેલમાં જઇને સુલતાનના પગ આગલ જમીન ઉપર સાત વખત બોસા દઇને બોલ્યો કે "ઓ નામદાર શાહ! મારી જગા મારા જમાઇ નુરદીન અલીને આપવાની મેહરબાંની કરવી કે જેથી મારા આ જેહાનથી કુચ કરી જવા અગાઉ મારા જમાઇ નુરૂદીનને મારી જગાએ જોઇને હું સંતોષથી મરૂં."

પેલો સુલતાંન કે જે નુરદીન અલીને ઘણો ચાહાતો હતો તેણે પેલા વજીરની અરજ કબુલ કીધી અને તેને વજીરનો ઓધો મોટી ખુશી સાથે બક્ષ્યો.

બીજે દહાડે નુરૂદીનના સસરાએ પોતાનાં જમાઇને જ્યારે પોતાની ખુરસીએ બેઠેલો અને મોટા વજીરનું સઘલું કામ કરતો જોયો ત્યારે તે ઘણો હરખાઇ ગયો. નુરદીન અલી પોતાની જગાનું કામ એટલું તો દાનાઇ અને બાહોશીથી ચલાવવા લાગો કે સઘલા અજાએબ થવા લાગા, અને લોકો આ-ગલા વજીરનાં જેવો બીજો વજીર આવેલો જોઇને ખુશીનાં પોકાર ઉઠાવા લાગાં. પેલો ઘરડો વજીર પોતાનાં કુટુંબને આએ રીતે વધેલું જોઇને ખુશીમાં ને ખુશીમાં ચાર વરસ રહીને મરણ પાંમ્યો. નુરદીન અલી પોતાનાં સસરાની છેલી ફરજો ઘણા પ્યાર અને આભારથી બજા લાવ્યો. વખત જતાં તેનો છોકરો બદરૂદીન હસન સાત વરસનો થયો ત્યારે તેને શીખવવાને વાસ્તે તેણે ઘણા કાબેલ શી-ક્ષકો રાખ્યા કે જેઓ તેની કાએનાત પ્રમાણે તરબીએત આપવા લાગા. તે છોકરામાં ઘણી અક્કલ

અને કાબેલીઅત માલમ પડતી હતી જેથી તેને જે શીખવતા હતા તે જલદી ધીઆનપર લેઇને શીખી જતો હતો.

આ શીક્ષકોનાં હાથ તલે બદરૂદીન હસન બે વરસ રહ્યો ને તે નવ વરસનો થયો તે વખતે તેને લખતાં વાંચતાં અને કોરાન મોહોડે પઢતાં આવડતું હતું. તેના બાપ નુરદીન અલીએ પોતાનાં છોકરાને શીખવવા બીજા ઉસ્તાદો રાખ્યા કે જેઓનાં હાથ તલે તે એટલો તો જલદી શીખ્યો કે જ્યારે બાર વરસનો થયો ત્યારે તેઓની કંઇ વધારે ગરજ પડી નહીં. તેના ખુબસુરત ચેહેરા ઉપ-રથી માલમ પડતું હતું કે તે મોટાં કામો કરશે, અને જેઓ તેના મોહોડાં ઉપર જોતા હતા, તેઓ તેનાં ગુલાબનાં જેવા ગાલ જોઇને અજાએબ થતા અને તેની કાબેલ્યત ઉપર આફ્રીન કરતા હતા.

હમણાં સુધીનો નુરદીન અલી તેનાં છોકરાનું શીખવા ઉપરથી ધ્યાન જાય નહીં માટે તેને કોયે બાહેર લઇ જતો નહીં હતો. પણ હવે તો તે તેને સુલતાનના મેહેલમાં લઇ ગયો કે જ્યાં તેણે સુલ-તાંને તે છોકરાને ઘણા પ્યારથી તથા લાયક માનથી પોતાની આગળ બેસાડયો.

પોતાની જગાએ તે વજીર થાય માટે તે કામ શીખવવાને સારૂં તેનાં બાપે મેહનત લેવામાં કંઇ પણ કસુર રાખી નહીં. પણ તે પોતાની મેહેનતના ફળો મેળવે તેવામાં તે એકાએક ઘણો આજારી પડયો ને થોડા વખતમાં મોતને તાબે થયો ને આ ફાની જેહાંનને સલામ કરી ગયો.

નુરદીન અલી આએ છેલી ઘડીએ પણ પોતાના છોકરા બદરૂદીન હસનને ભુલ્યો નહીં, પણ તેને પોતાની આગળ બોલાવીને કહ્યું કે મારા છોકરા તું જોય છે કે આ દુન્યા એક પલવારની છે, હું હમણાં જે દુન્યામાં જઇશ તે સીવાય બીજી કોઇ તકી શકે એવી દુન્યા નથી તેટલા માટે જેમ હું હમણાં તૈયાર થયો છું તેમ તુને પણ થવું જોઇશે. હમેશાં એક નેક, અદલ અને સાચો 'માણસ થઇ રેહજે કે જેથી મરતી વખતે તારૂં દીલ તુને દુઃખ નહીં દે. ધર્મને વાસ્તે તો મારી ખાતરી છે કે તારા શીક્ષકો પાસેથી તથા જે તું તારી મેલે શીખ્યો છે તે બસ છે, અને એક પ્રમાણીક માણસનું કામ શું તે વિશે હું તુને થોડીક શીખામણો આપું છું કે જેનો મારી ખાતરી છે કે તું સારો ઉપયોગ કરશે. પેહેલે તો આપણે કોણ છીએ તે જાણવું અગતનું છે અને હું કોણ છું તે હું તુને બરાબર કહું નહીં ત્યાં સુધી તું જાણશે પણ નહીં. તે બોલ્યો કે હું મીસર દેશનો રેહેવાસી છું. મારો બાપ તે દેશનાં સુલ-તાનનો વડો વજીર હતો. હું પણ કેહેવાને મગરૂર છું કે એક વખત હું બી તેનો વજીર હતો, અને મારો ભાઇ, કે જે તારો કાકો લાગે, તેને વિશે મેં સાંભળ્યું કે તે હજુર જીવે છે અને તે હમણાં સુધી મીસરનો વજીર છે તેનું નામ શમસુદીન મહોમેદ કરીને છે. મને કેટલાંક નજીવાં કારણોને વાસ્તે તેનાથી જુદું થવું પડયું ત્યારનો હું આએ દેશમાં આવ્યો છું કે જ્યાં તું મને હમણાં જોય છે તે પદવીએ પુગો છું પણ આએ સઘળી વાતો તુને હું એક મારા હાથની લખેલી ન્હાની ચોપડી આપીશ તેમાંથી તું બરાબર જાણશે."

નુરદીન અલીએ પોતાના હાથની લખેલી એક ચોપડી કાહાડી જે હમેશાં તે પોતાની સાથે લઇને ફરતો હતો. આ ચોપડી બદરૂદીન હસનનાં હાથમાં આપીને તે બોલ્યો કે "લે અને તું કોઇ વખત ફુરસદ હોય ત્યારે આ કીતાબ વાંચજે અને તેમાંથી તુને સઘળી ચીજો મળશે, તેમાં વળી તુને મારે પરણવાનો અને તારા જનમનો દાહાડો પણ મળશે અને એ બાબદો ઘણી અગતનીછે અને તેઓની તુને કોઇ દાહાડે ગરજ પડશે માટે તે સંભાલીને રાખજે."

બદરૂદીન હસન પોતાના બાપનાં દુઃખમાં એટલો તો ગરક થઇ ગયો હતો કે તેને આએ વાતથી ઘણું લાગું, તેણે પોતાના બાપનાં હાથમાંથી તે ન્હાની લખેલી ચોપડી લઇ કબુલાત આપીકે તેને કદી વીલી મુકશ નહીં. આએ કબુલાત સાંભળીને પેલા મરતા બાપને બેહદ ખુશી પેદા થઇ.

તેજ વખતે નુરદીન અલી બેસુધ થઇ ગયો તેથી બદરૂદીન હસન સમજ્યો કે હવે તે મરશે તેથી તે ઘણો રડવા લાગો, પણ તેટલામાં તે પાછો હુશીયાર થયો અને નીચલા શબ્દો બોલવા લાગ્યો:—

"મ્હારા છોકરા પેહેલી જે કંઇ તુને શીખામણ આપું છું તે એ કે સઘળી જાતનાં લોકો ઉપર વિશ્વાસ રાખવો નહીં. જો સુખી થવાનો રસ્તો સોધતો હોય તો તારા મગજની કુંચી તાહારી પાસે રાખજે અને તારા વિચારો કોઇને સેહેલાઇથી કહી દેતો ના.

બીજી શીખામણ આછે કે કોઇબી જાતનાં માણુસ ઉપર જુલમ કરતો નાં, કેમકે તેમ કરશે તો સર્વે ધીકાર તારા સર ઉપર ખેંચી લેવો પડશે. ત્રીજી શીખામણ એ છે કે જ્યારે ઠપકો મળે ત્યારે સામું બોલવું નહીં. એક આપણમાં કેહવત છે જે કોઇ પોતાની જબાંને સીવેલી રાખેછે તે હમેશાં ડાહ્યો કેહેવાએ છે આએ બાબદ ઉપર તુને ચોકસ બરાબર ધ્યાન આપવું જોઇએ કાંએકે તું જાણેચ કે આપણો એક શાહેર કહી ગયો છે કે મુંગુ રેહેવું એ આપણાં જીવનો બચાવ અને એક સીંગાર છે અને આપણું બોલવું એક તોફાની વરસાદનું ઝાપતું છે જે આવીને સઘળું ખરાબ કરી નાખે છે.

ચોથી શીખામણ એછે કે કોઇ પણ જાતનો દારૂ પીવો નહીં, કાંએ કે તે સઘળી બદીઓનું મુખ્ય કારણ શરાબ છે.

પાંચમી શીખામણ એ કે ઘેરનો સંસાર ચલાવામાં કર કસર કરવી; અગર જો તું તારી દોલત જે છે તે ખોહી નહીં બેસશે તો તે તુને તંગીની વખત કામ લાગશે. હું આ ઉપરથી એમ નથી કેહેવા માંગતો કે તું ઘણો સખી યા ઘણો કંજુસ થજે પણ જો તુને ઘણું મળતું હોય તોબી તું સારી પેઠે એકઠું કરશે તો અગતની વખતે તુને કામ આવશે.

નુરદીન અલીએ જ્યાં સુધી તેનાથી બોલાયું અને છાતીમાં દમ રહ્યો ત્યાં સુધી પોતાના છોકરાને શીખામણ આપી, પણ આખરે તે મરી ગયો ત્યારે તેણે તેના દરજ્જાની માફક ઘણાં મોટા દબદબાથી દફનાવ્યો. બસરાનો બદરૂદીન હસન, પોતાનાં બાપનાં મોતથી એટલો તો શોકમાં પડયો કે બે મહીના તેણે કોઇની મુલાકાત લીધી નહીં એટલુંજ નહીં પણ ધારા મુજબ તે સુલતાંનને સલામે પણ નહીં ગયો; આ તેની બેપરવાઇથી સુલતાંન ઘણો દલગીર થયો અને પોતાની દરબારને અપમાંન લગાડેલુ સમજીને ઘણો ગુસ્સે થયો અને ગુસ્સામાં ને ગુસ્સામાં તેણે પોતાના નવા વજીરને હોકમ કીધો કે નુરદીનની સઘલી મીલકત જપત કર અને બદરૂદીનને બંદીવાન તરીકે પકડીને લઇ આવ.

પેલો નવો વડો વજીર મેહેલમાંથી ઘણાંએક બીજા અમલદારોને લઇને તેને જે હોકમ થયો હતો તે બજાવાને બદરૂદીન હસનને ઘેર ગયો. ખોદાના કરવાથી બદરૂદીનનો એક ચાકર પેલી ભીડ આગળ જઇ પુગો અને પેલો વડો વજીર શું કરવા આવે છે તે જાણયું તેવોજ તે દોડતો પોતાનાં પ્યારા જવાન ધણીને ચેતાવા આવ્યો. પેલા ગુલામે જાણે તેનો બાપ તરતનો મરી ગયો હોય તે પ્રમાણે દલગીરીમાં બેઠેલો જોયો. તરત પેલો ગુલામ તેને પગે પડયો અને કેહેવા લાગો કે મારા ધણી નાહસ ને તારો જલદી બચાવ કર! બદરૂદીન તેની તરફ માથું ઊંચુ કરીને બોલ્યો કે શું બીના છે? તું શું ખબર લાવ્યો છે? પેલા ગુલામે જવાબ દીધો કે તમોને કંઇ વખત લેવો જોઇએ નહીં કાંએકે સુલતાને તમારી ઉપર ગુસ્સે થઇ તમોને પકડવાને માટે પોતાની દરબારમાંથી અમલદારોને મોકલ્યા છે. જે નવા વડા વજીર સાથે હમણાં આવી પુગશે અને તમારી માલમીલકત જપ્ત કરી તમને પોતાને કેદ કરી લઇ જશે.

પોતાનાં નીમખહલાલ અને દયાલુ ચાકરને મોહોડેથી આએ સખુનો સાંભલીને બદરૂદીન હસન ઘબરાયો અને બોલ્યો કે "હું થોડું જર ઝવેર અને પૈસા લઉં એટલો વખત છે કે નહીં?" ત્યારે તે ગુલામ બોલ્યો કે "નહીં સાહેબ પેલો વજીર હમણાં આં આવી પુગશે માટે તમો જલદી બાહેર જાઓ અને તમારો બચાવ કરો." બદરૂદીન તરત પોતાનાં કોચ ઉપરથી ઉઠયો અને પોતાની સપાટ પેહેરી

અને પોતાનું મોહોડું દેખાય નહીં માટે એક મોટા જભાથી ઢાંકીને આ આવતી આફત તજવાને વાસ્તે કયે રસ્તે જવું તે જાણ્યા વગર ચાલવા લાગો. તેણે પેહલે વિચાર કીધો કે શેહેરના નજદીકના દરવાજા તરફ જવું. અને જ્યાં સુધી મુડદાં દાટવાની જગા આવી ત્યાં સુધી તે દોડયો. આ વખતે અંધારૂ પડવા આવ્યું હતું તેથી તે રાતનાં તેણે પોતાનાં બાપની ઘોર ઉપર સુવાનો વીચાર કીધો કે નુરદીન અલીએ પોતાની ઘોર એક મોટાં ગુંબજનાં આકારમાં પોતે જીવતાં જીવત બંધાવી હતી. હજુર તો બદરૂદીન આ વિચાર કરે છે તેટલીમાં એક યાવધી સરાફ અને વેપારી પોતાનું બાહેરનું કામ કરીને શેહેર તરફ આવતો તેને ત્યાં મલ્યો.

પેલા યાવધીએ બદરૂદીનને ઓળખ્યો તેથી ઉભો રહીને વાંકો વલીને નમનતાઇથી સલામ કીધી. તે યાવધીનું નાંમ **ઐશાક** હતું તેને બદરૂદીનને સલામ કીધા પછે તેનાં હાથ ઉપર બોસા લીધા ને બોલ્યો કે "તમારો ફરમાબરદાર સેવક અરજ કરે છે કે આવી રાતનાં તમો એકલા અને એટલા દલગીર જેવાં ક્યાં જાઓ છો? તમારી ઉપર કંઇ આફત આવી પડી છે?" બદરૂદીને જબાબ દીધો કે "થોડા વખત પર હું ઊંઘાયલો હતો તેવામાં મારો બાપ મારા સ્વપ્નામાં આવીને મારી ઉપર ડોલા ધુરકવા લાગો અને ગુસ્સે થવા લાગો તેથી તરત હું ઘભરાઇને જાગી ઉઠયો અને ઘણો બીધો તેથી તરત તેની ઘોરની આગલ હું નીમાજ પઢવા આવ્યા છું." પેલો યાવધી જે બદરૂદીનના નાહાસી આવ્યાનું ખરૂં કારણ જાણતો નહીં હતો તેથી બોલ્યો કે "સાહેબ તમારો નેકનામ બાપ કે જે દુઃખીઓનો સાથી હતો તેનો ઘણોએક માલ જુદા જુદા વાહણોમાં હજુર દરીયાવમાં છે, અને જે હવે સઘલો તમારો કેહેવાય છે, તેથી હું તમારી પાસે માંગી લેઉ છું કે તે કોઇને આપો તેટલી કીમતે સઘલો મને આપજો; કાંયકે હું તમારી પાસે પેહેલી માંગણી કરૂ છું. તે સઘલા માલની કીંમત આપવાને મારી પાસે પુરતું નાણું છે, અને જે માલ વાહાણોમાં સહી સલામત આવે તે સઘલો મને વેચવાની કબુલાત આપો તો હું તેના બેઆનામાં આગલથી તમોને એક હજાર શીકવીન આપું" એમ કહીને, તેણે પોતાના જભા માંથી એક સીલ કીધેલી હજાર શીકવીનની કોથળી કાહાડી અને બદરૂદીનને બતાવી. બચારો બદરૂદીન હસન જે પોતાના ઘરથી બાતલ થયો હતો, અને જેનું દુન્યાંમાં સઘલું તારાજ થઇ ગયું હતું, તેણે આએ યાવધીનાં ઠેરાવને ખોદાની મેહેરબાની સમજી બેહદ ખુશીથી તે કોથળી કબુલ કીધી. પેલા યાવધીએ કહ્યું કે, "સાહેબ, જે કંઇ પેહેલું માલનું વહાણ તમારૂં ભરાઇ આવે તે મને તમે એક હજાર શીકવીને મને વેચ્યું એવું કબુલ કરો છો?" બદરૂદીને જવાબ દીધો કે "હા જે કંઇ મારૂં પેહેલું વાહાણું માલનું ભરાઇ આવે તે મેં તમુને આપ્યું." આએ સાંભલીને પેલા યાહુદીએ એક હજાર શીકવીનની કોથળી તેનાં હાથમાં આપીને ગણવા કહ્યું પણ બદરૂદીને જવાબ દીધો કે, "હું તમારા બોલપર વીશ્વાસ રાખું છું તેથી ગણવાની કંઇ ગરજ નથી." પેલા યાવધીએ જવાબ દીધો કે "જ્યારે સાહેબ એવું છે ત્યારે આપણે જે કંઇ સાતું કીધું તે મેહેરબાની કરીને મને એક કાગજનાં કટકા ઉપર લખી આપો." એટલું બોલી તેણે પોતાના ગજવામાંથી એક પૉકેટબુક ખેંચી કાહડી અને તેમાંથી એક કાગજનો કટકો કાહડી પોતાની પાસેના એક શીંગડાના ખબામાં શાહી હાજર કીધી અને એક કલમ આપી તે વટી યાવધીના કહ્યા મુજબ બદરૂદીને આ નીચે પ્રમાણે લખી આપ્યુ.—

"આએ લખવાથી હું બસરાનો બદરૂદીન હસન જણાવું છું કે એક હજાર શીકવીન હાથો હાથ રોકડા લઇને આએ બંદરમાં જે કંઇ મારૂં પેહેલું વાહાંણ આવે તેમાંનો સઘલો માલ હું ઐશાક યાવધીને વેચી ચુકો છું.

"લા૦ બસરાનો બદરૂદીન હસન."

પેલો યાવધી આએ ચીઠી પોતાની કોથળીમાં મુકી ઘણી નમનતાઇથી સલામ કરીને ખુશી થતો રસ્તો કાપી ગયો. ઐશાક યાવધી શેહેર તરફ રસ્તો કાપતો હતો ત્યારે બદરૂદીનહસન પોતાનાં બાપની

ઘોર આગલ ઘણો વાંકો વલીને સેજદો કરતો હતો. ઘણોક વાર નીમાજ કીધા પછે તે પોતાની કંગાલ હાલત ઉપર ઘણો રડવા લાગો. તે બોલ્યો કે "અફસોસ! કમબખ્ત બદરૂદીન તારૂં હવે કોણુ જાણે શું થાયછે? એક ગેરઇનસાફ અને ઘાતકી સુલતાનનાં જુલમમાંથી બચવાને વાસ્તે તું ક્યાં નાહાસી જશે? એક પ્યારા બાપના મોહોતનું દુઃખ શું બસ નહીં હતું? જે ખરૂં દુઃખ છે તેની ઉપર શું નસીબ નવાં દુઃખ ઉમેરવાજ માંગે છે?" આએ પ્રમાણે ઘણો વખત સુધી તેણે ફરીયાદ કીધી, અને ઘણો થાકી ગયો તેથી તે જમીન ઉપર લાંબો થઇને સુઇ ગયો.

તેને સુતાંને ઘણો વખત થયો નહીં હતો તેવામાં એક જીન કે જે હમેશાં તે તરફ રાત્રે ફરવા આવતો હતો, તેણે નુરૂદીન અલીની ઘોર આગલ કોઇને સુતેલો જોયો તેથી તે બદરૂદીનની આગલ આવ્યો, અને તેની ખુબસુરતી જોઇ ઘણો હેરત થવા લાગો. હવે પેલા જીને બદરૂદીનને જ્યારે બરાબર જોયો ત્યારે તે મનમાં બોલવા લાગો કે, "આએ માણુસનાં ચેહેરા ઉપરથી મને એવું માલમ પડે છે કે ખોદાએ જાણે બેહેસ્તમાંથી એક ફરેસ્તાને તેની ખુબસુરતીથી દુન્યાને અજાયબ કરવા મોકલ્યો છે" એમ વીચાર કરતો તે હવા ઉપર ઉડી ગયો જ્યાં ચાલતાં એકાએક તે એક પરીને મલ્યો; બંનેએ એક મેકને સલામ અકરાંમ કીધા પછી પેલો જીન બોલ્યો કે ઓ ખુબસુરત પરી મેહેરબાની કરી આએ નીચેની ઘોર આગલ જરા આવ કે જ્યાં તે કોઇ દાહાડે નહીં જોયો હોય એવો ખુબસુરત મરદ હું તુને દેખાડું અને જેથી મને જેવી અજનએબી લાગી છે તેવી તુને પણુ લાગય વીનાં રેહેશે નહીં. પેલી પરીએ કબુલ કીધું અને બેઉ જણાં નીચે ઉતરીને પેલી ઘોર આગલ આવ્યાં. પેલા જીને બદરૂદીન હસન તરફ આંગલી દેખાડીને પેલી પરીને કહ્યું કે, "શું એથી વધારે ખુબસુરત ચેહેરાનો જુવાન શખ્સ તેં કોઇ કાળે જોયોછે?"

પેલી પરીએ બદરૂદીન હસન તરફ ધ્યાનથી જોયા પછી જીનને કહ્યું કે "મને કબુલ કરવું જોઇએ કે, આએ એક ઘણો ખુબસુરત માણુસછે; પણુ હું હમણાજ કેરોમાં એથી વધારે ખુબસુરત એક ઓરતને જોઇને આવીછું અને અગરજો તારી ખુશી હોય તો તેણીને વિશે હું એક અજાએબ જેવી વાત કહું" પેલા જીને કહ્યું કે બોલ. ત્યારે પેલી પરીએ કહ્યું કે તમોને જાણવું જોઇએ કે, "મીસર દેશનાં સુલતાંનનો શમસુદીન મહમદ નામે એક વજીર છે, જેની વીસ વરસની એક ઘણી ખુબસુરત બેટી છે, કે જેનાં ચેહેરાનું મારેથી બયાન થઇ નહીં શકતું અને માનવી જાતમાં મેં આવી ખુબસુરતી આગલ કદીબી જોઇ પણુ નહીં હતી. ત્યાંના સુલતાંને આએ જુવાન બાનુંની ખુબસુરતીની વાત સાંભલી ત્યારે તેણીનાં બાપને બોલાવી મંગાવી કહ્યું કે, દાનાવ વજીર મારા સાંભલ્યામાં આવ્યુ કે તારી એક પરીને ચેહેરેની ખુબસુરત છોકરી છે, તેણીની સાથે મારૂં પરણુવાનું મન થયું છે માટે તું તે કબુલ કરે છે કે નહીં? વજીર આએ ઠેડાવ સાંભલીને ઘણો ઘભરાયો. તેની જગાએ કોઇ બીજો હોતે તો ખચીત ખુશીથી કબુલ કરતે, પણુ આ વજીરે તો તેમ કરવાને બદલે સુલતાનને જવાબ આપ્યો કે ઓ નામદાર સુલતાન જે માન તમે મને આપો છો તે માનને હું લાયક નથી, તેટલા વાસ્તે હું નમનતાઇથી માંગી લેઊં છું કે મને માફ કરો, કાંયકે જાંહાંપના એ અરજ મારાથી કબુલ કરી શકાતી નથી. તમો જાણોછો કે મારો નુરદીન અલી નામનો એક ભાઇ છે કે જે મારી માફક આગલ એક વખત તમારો વજીર હતો, તેને અને મને કજ્યો થયાથી તે એકાએક મને છોડીને જતો રહ્યો કે જેનું શું થયુ તે હું આજલગી જાણુતો હતો નહીં, પણુ ચોથે દાહાડે મને ખબર મળી કે બસરાના સુલતાંનનો વડો વજીર થઇ તે મરણુ પામ્યો છે. તે પોતાની પછવાડે એક છોકરો મુકી ગયો છે અને તેની અને મારી વચે અગરજો હમોને છોકરાં આવે તો માહો માહે પરણુાવવાની કબુલાત છે, તેથી, મેં મારી છોકરીને તેના છોકરા સાથે શાદી કરવા રાખી છે, માટે ઓ નામદાર શાહ તમારી પાસે માંગી

લઉ છું કે, એટલી મારી અરજ કબુલ કરો! આપણી દરબારમાં બીજા ઘણાએક ઉમરાવોની મારી છોકરી માફક ખુબસુરત છોકરીઓ છે, તેમાંથી કોઇને પસંદ કરશો તો મોટી મેહરબાંની થશે.

આએ સાંભળીને મીસર દેશનો સુલતાન ઘણો ચીરડાઇ ગયો, અને શમસુદીન મહમદ ઉપર મોટા ડોળા કહાડી બોલ્યો કે, "મારી પદવીથી નીચો ઉતરીને તારી છોકરી સાથે મેં નેકા કરવાને ઠેહરાવ કીધો તેનો તું આવી રીતે જવાબ દઇને પાડ વાલેછે કે? મને મુકી બીજાને પસંદ કીધો તેનો કીનો લેતાં મને સારી પેઠે આવડેછે. હું સોગન લઇને કહુંછું કે તારી છોકરીને મારા એક ધીક્કારવા લાયક ને બદસુરત ગુલામ સાથે હું જોર જુલમથી પરણાવશ!" આએ બોલો બોલીને સુલતાને શમસુદીનને પોતાની નજદીકથી જવાનો હોકમ કીધો કે જેથી તે ઘભરાતમાં નાચાર થઇને ઘેર ગયો.

આજે સુલતાને પોતાના એક ખુંધા, તુંમડાં જેવાં પેટના, વાંકાટીકા પગના, અને એક શેતાનના શીકલના ઘોડાવાલાને બોલાવ્યો અને ત્યાર પછી શમસુદીન મહમદને પોતાની છોકરીને આએ બીહામના ગુલામ સાથે પરણાવવાનો હોકમ કરીને, લગનનાં સાતાં ઉપર પોતાની હજુરમાં બીજા સાક્ષી પાસે સહી કરાવી. આ બેવકુફાઇ ભરેલી અને હસવા સરીખી લગનની તૈયારી સઘળી થઇ રહેલી છે, અને આએજ વખતે બીજા સઘળા ગુલામો અને મીસર દેશની દરબારનાં સઘળા અમીર ઉમરાવો, હમામખાનાનાં બારણા આગળ મશાલો લઇને, પેલા બદશીકલ ખુંધા ઘોડાવાલા સાથ પોતાની કન્યા જે તેને રડતી રડતી લેવા માટે ફરજની મારી અંદર બેઠીછે તેની વાર જોતા ઉભાછે. અને જ્યારે હું કેરોથી આવી, ત્યારે બીજી સઘળી ઓરતો પેલી કન્યાને તેણીના પરણવાનાં કપડામાં વજીરનાં ઘરનાં મોટા ઓરડામાં કે જ્યાં સઘળા પેલા ખુંધા ઘોડાવાલા સાથે વાર જોતા ઉભા છે ત્યાં તેણીને લઇ જતી હતી. મેં તેણીને પોતે જોઇ છે તેથી એ જીન હું ખાતરીથી કહું છું કે કોઇબી માણુસ તેણીની ઉપર અજાયબ થયા વગર જોઇ શકે નહીં એટલી તે ખુબસુરત છે."

જ્યારે પેલી પરી બોલી ત્યારે જીને કહ્યું કે, તે છોકરીની ગમે તેવી ખુબસુરતી હોય તોપણ આ જુવાન છોકરાની ફરેસ્તા જેવી ખુબસુરતીને તે હઠાવે એવું હું માની શકતો નથી. પેલી પરીએ જવાબ આપ્યો કે હું કંઇ તારી સાથે તકરાર નથી કરવા માગતી કારણકે મારે કબુલ કરવું જોઇએ અને મારી એવી મરજી થાય છે કે તે ખુંધા ઘોડાવાલાને બદલે તે અબલાને આએ ખુબસુરત જુવાન માણુસ સાથે પરણાવવી જોઇએ; અને હું ધારૂં છું કે મીસર દેશનાં સુલતાનની ઘાતકી મરજી પાર પડેલી જોવા કરતાં તે ગુલામને બદલે આ જુવાન શખ્સને પરણવાનાં ઓરડામાં મુકવો એ આપણાં નામને જેબ આપે એવું એક કામ છે. જીને જવાબ દીધો કે તું રાસ્ત બોલે છે અને તેં આએ વિચાર તેઓને માટે સોધી કહાડયો તેથી હું તારો ઘણો ઉપકાર માનું છું. તું મીસર દેશનાં સુલતાન ઉપર કીનો લેવા ચાહેય તેને હું એકમલતો છું. ચાલો આપણે એક દુઃખી બાપને દેલાસો આપ્યે, અને તેની છોકરી જે પોતે એવું સમજે છે કે, મારા જેવી કંગાલ દુન્યામાં કોઇ નથી, તેણીને દુન્યામાં સૌથી વધારે સુખી કરી નાખ્યે; આએ આપણી મતલબ પાર પડે માટે મારેથી તો જેટલી બનશે તેટલી હું મદદ કરશ, અને તું પણ મેહેનત કરવામાં પછાત ના રેહેતી; હું એને સજાગરૂં કરયા વગર કેરો લઇ જવશ, અને આપણી મતલબ પાર પાડયા પછી હું એને તારા હાથમાં પાછો આપશ અને તું એને ગમે ત્યાં લઇ જજે."

પેલી પરી અને જીન આ મુજબ નક્કી કરી રહ્યાં કે તુરતજ પેલા જીને તેને ફુલની માફક ઉચકીને નહીં વિચરાઇ શકાય એવી ઝડપથી ઉડી જઇ, જરા વારમાં પેલા હમામખાનાનાં આગળ ઉતારયો કે જ્યાંથી પેલો ખુંધો તથા સઘળું સરઘસ જવાને તૈયાર ઉભું રહેલું હતું.

બદરદીન તરતજ જાગ્યો અને એક શેહેર કે જે કોઇ દહાડે તેણે જોયું નહીં હતું તેની વચોવચ

પોતાંને જોઇને તે અજાયબ થવા લાગો. પેલા જીનને જોઇને તે બુમ પાડીને પુછવા જતો હતો કે તું કોણ છે, અને હું ક્યાં છું, પણ તેટલામાં પેલા જીને તેનાં ખભાં ઉપર નરમાસથી હાથ મુકીને કહ્યું કે 'એક બોલ બોલતો ના' એમ કહીને તેનાં હાથમાં એક મસાલ આપીને કહ્યું કે, "આ હમામખાનાં આગળ લોકોની ભીડ છે ત્યાં તું પણ ભેલાઇ જા, અને જ્યાં સુધી એક મોટું દીવાનખાનું કે જ્યાં લગન થવાના છે, ત્યાં પુગે ત્યાં સુધી તેઓની સાથે ચાલ્યા કરજે! વરરાજો એક ખુંધો માણસ છે તેથી તું તેને જલદી ઓલખી પાડશે, જ્યારે તું અંદર જાય ત્યારે વરરાજાના જમનાં હાથ તરફ રેહેજે, અને તરતજ તારી છાતી ઉપર જે અશરફીની કોથલી છે, તે ઉઘાડીને ચાલતાં ચાલતાં વાજાંવાલા અને નાચનારીઓને મુંઠી ભરી ભરીને આપજે અને જ્યારે તું દીવાનખાનામાં જાય ત્યારે કન્યાની આગળ જે કોઇ લોંડીઓ હોય તે તારી તરફ આવે, તેવોજ તું તેઓને પણ અશરફીઓ આપવાને ચુકતો ના, અને આ યાદ રાખજે કે જ્યારે તું તારી કોથલીમાં હાથ મુકે ત્યારે કંઇબી રીતે વિચાર કર્‌યા વગર મુઠી ભરીને અશરફીઓ કાહાડજે. મેં જે તુને કરવા કહ્યું છે તે તું યાદ રાખજે અને તારી સુદ્ધ ઠેકાણે રાખી સઘળું બરાબર કરજે; કોઇબી માણસ યા ચીજથી જરા ડરતો ના, અને બાકીનું કરવાનું તારી ઉપર જેની મદદ છે તેને સોંપજે!"

બદરૂદીન હસન પોતાને શું કરવાનું છે તે સઘલું સમજી લઇને હમામખાના તરફ ગયો; પેહેલાં તો તેણે પોતાની મશાલ સલગાવી લીધી અને પોતે પણ મીસર દેશનો મોટો ઉમરાવ હોય તે પ્રમાણે પેલી ભીડમાં ભરાઇ ગયો અને તેઓની સાથે પેલો ખુંધો કે જે હમામખાનામાંથી આવીને સુલતાનનાં તબેલાના ખાસ ઘોડા ઉપર સવાર થઇને ચાલવા લાગો, તેની પછવાડે પોતે પણ ચાલ્યો.

જ્યારે બદરૂદીન હસન કનચનીઓ અને વાજીંત્ર વગાડનારાઓ જેઓ વરરાજાની આગળ ચાલતા હતા, તેઓની આગળ આવી પુગો ત્યારે તે તેઓ વચે દરકાર કરયા વગર મુઠીઓ ભરીને અશરફીઓ વેંહચવા લાગો; તે પૈસા આપતી વખતે એટલો તો દમામ, મીથાસ અને દબદબો દેખાડતો હતો કે જેઓને તે પૈસા આપતો હતો તેઓ સઘલા તાંકી તાંકીને તેની તરફ જોતાં હતાં, અને જ્યારે તેઓ ઘણીવાર જોતાં હતાં ત્યારે તેઓને તે એટલો તો ખુબસુરત લાગતો હતો કે તેઓને ફરીથી તેની તરફ જોયા વગર ચાલતું હતું નહીં.

છેલે સઘલું સરઘસ શમસુદીન મહોમદનાં ઘર આગલ આવ્યું ત્યારે બદરૂદીન હસનનાં સ્વપ્નામા પણ નહીં હતું કે તે પોતાના કાકાની છોકરી આગલ જાય છે. દરવાજા આગલ ઉભા રેહેનારાઓએ અંદર ભીડ નહીં થાય માટે બદરૂદીન અને જેઓ મસાલ લઇને ચાલતા હતા તેઓને બારણા આગલ અટકાવ્યા. પણ પેલા વાજીંત્રવાલા તથા કનચનીઓ જેઓને અંદર જવાની છુટ હતી, તેઓ હઠ લઇને બારણા આગલ ઉભા, અને બોલ્યા કે, જ્યાંસુધી તેઓની સાથે બદરૂદીનને અંદર જવા નહીં દે ત્યાંસુધી તેઓ અંદર જવાના નથી. તેઓ સઘલા એક અવાજે બોલ્યા કે એ કંઇ ગુલામ નથી; જરા એનાં રૂપ તરફ જુવો અને તમારી તરત ખાત્રી થશે કે એ કોઇ મોટો મુસાફર છે, અને આએ દેશનાં લગનોનો રેવાજ જોવા આવેલો છે; એમ કહીને તેઓ તેને પોતાની વચમાં ઘેરી લઇને અંદર લઇ ગયા, અને તેનાં હાથમાંથી મશાલ લઇને જે કોઇ પેહેલો માણસ દેખાયો તેનાં હાથમા તે મશાલ આપી, ત્યારપછી તેઓએ તેને દીવાનખાના અંદર લઇ જઇને પેલો ખુંધો વરરાજો જે પેલા વજીરની પરી ચેહેરેની છોકરી સાથે એક ખુબસુરત તખત ઉપર બેઠેલો હતો તેની જમની બાજુએ બેસાડયો.

પરણુતી કન્યા ઘણુજ ઉંચા પોશાકમાં તથા કીંમતી ઘરેણામાં સીંગાર કરી બેઠી હતી, તેણીની ખુબસુરતી વીશે શું પુછવું પડે? પણ તેણીનાં ચેહેરા ઉપર ઘણો ગુસ્સો અને દલગીરી દેખાતી હતી. આએ દલગીરીનું કારણ સઘલાઓ પેલી ખુબસુરત કન્યા સાથે ખુંધો અને એબીઅલ શીકલનો વર-

શ્રાજો જેને પેલી કદી ચાહી નહીં શકે એવો બેઠેલો જોઇને તરત ચેતી જતાં હતાં. આ ખુબસુરત કન્યા અને બદસુરત વરરાજાનું તખ્ત એક કોચની વચોવચમાં મુકેલું હતું. અમીરો ઉમરાવોની બાયડીઓ અને સુલતાંનની ઓરતો તથા સાહુકારો અને વેપારીઓની બાયડીઓ તખ્તથી જરા નીચે સઘલી પોતાનાં દરજ્જા પ્રમાણે બેઠેલી હતી. સઘલીઓ એવો તો શુંદર સીંગાર કરી બેઠેલી હતી તેઓને જોયાથી દરેકનો જીવ ખુશ થઇ જતો હતો.

જ્યારે તે સઘલીઓએ બદરૂદીન હસનને અંદર આવતાં જોયો ત્યારે તેઓએ તેની તરફ આંખ ફેરવી, અને તેનો અજાએબ જેવો આકાર, તેની ચાલવાની ધપ, તેનાં મોહોડાંનો ઘાટ અને ખુબસુરતી અને તેનાં ગોલાબી રૂખશારા જોઇને કોઇને તેની તરફથી નજર ફેરવવા ગમતી નહીં હતી. તેઓને આ ખુંધા ઘોડાવાલા અને બદરૂદીન હસન વચે તફાવત એટલો તો માલમ પડવા લાગો કે લોકો પેહેલાં તો માંહે માંહે બડબડવા લાગાં અને પછે તો સઘલાં મોટે બોલવા લાગા કે, આ બદસુરત ઘોડાવાલાનાં કરતાં આએ ખુબસુરત શખ્સને કન્યા સાથે પરણાવવો જોઇએ. સુલતાંન પોતાનો બાહાદશાહ હક એટલો તો શું કામે લગાડી શકે કે ખુશી ઉપરાંત બદસુરતી અને ખુબસુરતીને આ પ્રમાણે જોડી નાખે? હવે તેઓ પેલા ખુંધા બદશીકલને પણ ચીડવવા લાગા તેથી તેનો મીજાજ ગયો ને તે બુમબરાડા પાડવા લાગો તેથી લોકોની ગડબડ વધી પડી, જેથી ઢોલીઓને થોડો વખત મુગા રેહેવું પડયું. છેલે સરવાલે ગવૈયા પાછા ગાવા અને વાજીંતરવાલા પાછા વજાડવા લાગા અને કેટલીએક સાહેલીઓ કન્યાને કપડાં પેહેરાવા ગઇ હતી તેઓ કન્યાને લઇને પાછી આવી.

હવે મીસરના ધારા મુજબ પેલી કન્યા સાત સાત વખત કપડાં બદલી આવી ત્યારે દરેક વખતે પેલા ખુંધા આગલથી મોહોડું ફેરવીને ચાલી જતી હતી અને બદરૂદીન આગલ આવંતી હતી ત્યારે નરમાસથી એક સલામ કરતી હતી; હવે આ વખતે બદરૂદીનને પેલા જીને જે કંઇ કરવાની શીખામણ આપી હતી તે તે વીસરી ગયો નહીં હતો, પણ મુંઠ્ઠી ભરી ભરીને સર્વેને સીકવીન આપતોજ ગયો. આએ પૈસા મલ્યાથી તેઓ ઘણું ખુશી થવા લાગા અને ઇશારતથી કેહવા લાગા કે આ કુમારી અબલા પેલા ખુંધાને વાસ્તે નહીં પણ તારે વાસ્તે છે. પેલી દાસીઓ જે કન્યા સાથે ચાલતી હતી તેઓ પણ તેણીને તેમજ કેહવા લાગી અને પેલો ખુંધો સાંભલે તેની જરા પણ દરકાર કીધા વગર તેની બેહદ મસકેરી તેઓ કરવા લાગી કે જેથી મીજલસ ઘણી ખુશી થતી હતી.

જ્યારે કપડાં બદલવાની ક્રીયા પુરી થઇ ત્યારે, વાજીંત્ર વાગતાં બંધ થયાં અને ઓરડામાંથી સઘલાં બાહેર ગયાં તોબી બદરૂદીન પોતાની જગાથી ખીસ્યો નહીં. ઘેરની દાસીઓ સીવાય સઘલી ઓરતો પોત પોતાને ઘેર ગઇ. પેલી પરણુતી કન્યા પોતાનાં ઓરડામાં ગઇ અને તેણીનાં કપડાં કાહાડવા તેણીની ચાકરડીઓ પણ તેણીની પછવાડે ગઇ. હવે ઓરડામાં કોઇજ નહીં પણ પેલો ખુંધો ઘોડાવાલો, બદરૂદીન હસન, અને થોડા ચાકરો બાકી રહ્યા હતા. પેલો ખુંધો, બદરૂદીન પોતાની બરાબરી કરવા આવ્યો છે એવું સમજીને ઘણો ગુસ્સે થયો અને તેની તરફ ડોલા કાઢી બોલ્યો કે તું હ્યાં શા વાસ્તે આવ્યો છે? સઘલાં ગયાં તેમ તું બી કાંય નથી જતો? બદરૂદીને પણ ઉભું રેહેવાનું કારણ કંઇ જોયું નહીં તેથી શું કરવું તે જાણુવા વગર તે બારણા તરફ ચાલ્યો પણ તે હજુર ઊબરની બાહેર નહીં ગયો હતો તેવામાં તેને પરી અને જીન મલ્યાં જેઓએ તેને ઉભો રાખીને પુછયું કે કયાં જાય છે? ઉભો રેહ કાંયકે પેલો ખુંધો હાલ ઓરડામાં નથી પણ કંઇ કામને વાસ્તે બાહેર ગયો છે; તુને કંઇજ કરવું નહીં પણ કન્યાનાં ઓરડામાં એકદમ જવું જોઇએ. જ્યારે તે તારી સાથે એખલી હોય ત્યારે તું તેણીને કેહેજે કે હું તારો વર લાગું અને સુલતાંનની મરજી તો પેલા ઘોડાવાલાની ખુશ મસકેરી કરવાની હતી અને આ નાસીપાસ થયલા વરરાજાને ખુશી કરવા માટે તબેલામાં તેનાં વાસ્તે સરસ પકવાનની રકાબી

તૈયાર કરાવી છે. અને ત્યાર પછી તેણીને પતાવવાને વાસ્તે સારી સારી વાતો કરજે, અને તું ઘણો ખુબસુરત છે તેથી થોડા વારમાં તે સમજી જશે અને ખુશી થઇને વીચારશે કે સુલતાને મને અંતે ખુશી કીધી. જા તું અંદર જા અને અમે બાહેર જઇને ખુંધાને અંદર આવવા દેશું નહીં તેથી તારી આશુક સાથે સારી પેઠે આખી રાત ગુજારવાને હરકત થશે નહીં કાંયકે તે તારીજ છે અને બીજા કોઇની નથી."

હવે જ્યારે આએ પરી બદરૂદીનને રાતના કેમ ચાલવું તેની શીખામણ આપતી હતી ત્યારે પેલો ખુંધો તો ખરેખર કંઇ કામને વાસ્તે બાહાર ગયો હતો. જ્યારે પેલા જીને તેને આએ પ્રમાણે પોતાનાં સપાતામાં આવેલો જોયો ત્યારે તે તરત મોટો કાલો બીલાડો બની ગયો અને મોટેથી મીઆંઉ! મીઆંઉ! કરતો ખુંધા પાસે ગયો. પેલો ઘોડાવાલો તેને નસાડી મુકવાને વાસ્તે મોટેથી તાબડા ફેરવા લાગો, પણ બીલાડો નાસી જવાને બદલે બે પાછલા પગ ઉપર ઉભો થઇને જાણે તેનો ટોટો પીસવા જતો હોય તેમ ડોલા ધુરકીને જોવા લાગો, અને ઉલટું વધારે જોસથી મીઆંઉ મીઆંઉ કરી તે આસ્તે આસ્તે મોટો થવા લાગો અને ગધેરા જેવો થઇને ઉભો રહ્યો. આ દેખાવ જોઇને ખુંધો મદદને વાસ્તે બુમ મારવા જતો હતો પણ તેને એટલી તો બીક ભરાઇ હતી કે એક બોલ બોલ્યા વગર તે ઉભોજ રહ્યો. આવો તે ધબરાતમાં ઉભો હતો તેવામાં, પેલો જીન એક મોટો પાડો બની ગયો, અને ખુંધાની બીક એમની વધે માટે તેજ આકારમાં તે મોટેથી બોલ્યો કે "ઓ ખુંધા ચોર!" આએ બોલો સાંભલીને તે એટલો તો બીધો કે તરત જમીન ઉપર બેસી ગયો અને પોતાનું મોહડું ઢાંકીને બોલ્યો કે ઓ પાડાઓના નામદાર રાજા તું મારી પાસે શું માગેછ? પેલા જીને જવાબ દીધો કે તારી ઉપર સીતમનાં વાદલ વરસજો! તારી એટલી તો શું તાકાત કે તું મારી શેઠાંણી સાથે પરણવા આવે? પેલો ખુંધો બોલ્યો કે, મને મેહરબાની કરી માફ કરજો હું ગુનાહગાર થયો છું તો અજાણપણે થયો છું હું નહીં જાણુતો હતો કે આએ બઇરીએ એક પાડાને પોતાનો યાર કરી રાખ્યો છે. તારી ખુશીમાં આવે તે વિશે મને હોકમ કર અને હું સોગન ખાઇને કહુંછ કે તે હું બજા લાવશ. પેલા જીને કહ્યું કે જો સુરજ ઉગે તેની અગાઉ કયે ગયો યા એક બોલ બોલ્યોચ તો હું તુને મારી તારાં ભેજાંનો ખીમો કરી નાખશ પણ માત્ર ત્યાર પછીજ હું તુને જવાની રજા આપું છું, પણ મેં જે કહ્યું છે તે યાદ રાખજે અને પાછું જોયા વગર જલદીથી જતો રેહજે; અને અગરજો તું હાં પાછો આવવાની હીંમત કરશે તો તુને તારી જીંદગી ખોહી બેસવી પડશે. આ બોલો બોલીને પેલો જીન તરત માણુસ બની ગયો અને પેલા ખુંધાને પગથી પકડીને તેનું માથું જમીન ઉપર નાખ્યું અને પગો દેવાલ ઉપર ચઢાવીને પેલા જીને પાછું કહ્યું કે મેં તુને ફરમાવ્યું છે તેથી ઉલતો ચાલીને અગરજો સુરજ ઉગે તેની અગાઉ હાંથી ગયોચ તો હું તારા પગ પકડીને તુંને દેવાલ સાથે એટલો તો જોરથી અફાલીશ કે જેથી તારા બદનનો ચુરે ચુરો થઇ જશે.

એટલા વખતમાં તો બદરૂદીન પેલા પરી તથા જીનનાં કહ્યાંથી ઉસકેરાઇને પાછો દીવાનખાનામાં ગયો અને હાંથી કન્યાનાં ઓરડામાં ગુસીને તેણીની વાત જોતો બેઠો. થોડો વાર રહીને પેલી કન્યાને એક ઘરડી દોસી સાથે લઇને આવી જે બારણા આગલજ ઉભી રહીને અંદર વરરાજો પેલો ખુંધોછે, કે કોઇ બીજોછે તે જોયા વગર તે બારણું બંધ કરી ચાલી ગઇ.

પેલી જુવાન કન્યા ઓરડામાં પેલા બદસુરત ઘોડાવાળાને બદલે બદરૂદીનને જોઇને ઘણી અજાયબ થઇ, તેની આગલ આવી, તે બોલીકે "કેમ મારા દોસ્ત! તમે આવી રાતની વખતે હાં કેમછો? હું ધારૂં છું કે તમે મારા ખાવંદના દોસ્ત હશો," જવાબ દીધો કે, "નહીં બાઇ તે બદસુરત ગુલામથી હું જુદી પદવીનો માણુસ છું તમો ખાતરી રાખોકે આટલી બધી ખુબસુરતીનો ભોગ દુન્યામાં એક સૌથી ધીકારવા લાયક માણુસ આગલ કોઇએ કીધો પણ નથી અને કરશે પણ નહીં. અને

સુલતાને તમારો ખરો ખાવંદ મને નેમીને તમારા બાપને ઠગવાને અને ઘોડાવાળાની રોસવાઇ કરી તેની મજાહ બનાવાને વાસ્તે આ તાલ સોધી કાહાડી છે. તમોએ જોયું હશેકે સઘલી બાનુંઓ અને તમારી લોંડીઓ અને તમારા ધરનાં માણસો આ હસવા સરીખી મજાહ જોઇને કેટલાં ખુશી થયાં હતાં. અમે પેલા ખુંધાને પાછો તબેલે મોકલી આપ્યો છે કે જ્યાં તેને વાસ્તે એક અછી વાણીની રકાબી તૈયાર કરાવીછે જે તે હમણાં ખાતો હશે અને હવે પછી તમારી ખાતરી રાખવી કે ફરીથી કોઇ દહાડે તમારી ખુબસુરત નજર આગલ તે આવશે નહીં."

પેલી વજીરની છોકરી જે પેહેલે એક અરધી મુવેલી જેવી પોતાનાં સુવાના ઓરડામાં આવી હતી, તેણીએ આએ વાત સાંભલી પોતાનો ચેહેરો હસ્તો કીધો, જેથી તે એટલી તો ખુબસુરત દેખાવા લાગી કે બદરૂદીન તેણીને જોઇને ઘણો મગન થઇ ગયો.

તે બોલી કે હું આવી રીતે અજાયબ થઈશ એવું મેં મુદલ ધાર્યું હતું નહીં. મેં તો એવુંજ વિચાર્યું હતું કે મારા બાકીનાં દહાડા હવે તો હું દુ:ખમાંજ કાહડવાની, પણ આવો બેહુદો વિચાર કરતી વખતે મેં મારા સ્વપ્નામાં પણ વિચાર્યું નહીં હતું કે તમારા જેવો ખાવંદ મને ખોદા બક્ષેસ કરશે કે જેને હું મારો સૌથી નરમ પ્યાર આપી શકું. બદરૂદીન આ સખુનો સાંભલી એટલો તો ખુશ થયો કે તે પોતાની ખુશાલી બીલકુલ હદમાં રાખી શકયો નહીં તેણે તરજ પોતાનો પોશાક કાહડ્યો અને પાસેની એક મેજ ઉપર મુકયો અને પેલા યાવધી વાલી કોથલીબી મુકી જે હજુર સુધી ભરેલી હતી તો જો કે તેમાંથી તેને પુશ્કલ સખાવત કીધી હતી.

હવે આએ આશક માશુકનું જોડું જ્યારે રાતની મોજ ભોગવતું હતું ત્યારે જીને પરીને કહ્યું કે જે કામ આપણે સરૂ કીધું અને જેને આપણે એટલું બધું પાર પાડ્યું તો હવે આપણી જલદીથી પુરૂં કરવાની ફરજછે. સવાર જલદી પડશે વાસ્તે ઝઝકલું થાય તેની અગાઉ આપણને આપણું કામ પાર પાડવું જોઇએ તેટલા માટે તું જા અને તેને ઉડાડ્યા વગર બાહેર લઇ આવ.

પેલી પરી જ્યાં આએ બે આશક માશુક પુર ઊંઘમાં પડેલાં હતાં ત્યાં ગઇ અને બદરૂદીનને ઉઠાડ્યા વગર આસ્તેથી બાહેર જીન આગલ લાવી; તેઓ એજગેબી ઝડફથી સીરીયામાં આવેલા દમાસકસનાં દરવાજા આગલ, કાજીઓની નીમાજ કરવાની વખતે આવી પુગાં. પેલી પરીએ આસ્તેથી તેને દરવાજા આગલ મુકી કે પોતે જીન સાથે જતી રહી.

તુરતજ પેલો શેહરનો દરવાજો ખોલવામાં આવ્યો ત્યારે બાહાર આવતાં લોકો બદરૂદીનને રાતના પેહડી સુવાનાં કપડાંમાં જોઇને ઘણા અજાયબ થવાં લાગાં. એક જણ એમ કેહેવા લાગોકે તેની રાખેલી માશુકનો ખાવંદ એકાએક આવી પડ્યો હશે તેથી કપડાં પેહેર્યા વગર એ નાહાસી આવ્યોછે. બીજો કેહેવા લાગો કે જુઓ માણસો હાથે કરીને પોતાની એબ કેવી ખોલ્લી કરેછે? ખચીત એણે આખી રાત પોતાનાં ઘરમાં શરાબબાજીમાં કાહાડી હશે અને પછે કંઇ કામ માટે બાહર જવું પડયું હશે તેથી ત્યાંથી પાછી આવવાની તાકાદ નહીં રહેલી તેથી તે હીંયાંજ લાંબો થઇને સુઇ ગયોછે એવું માલમ પડેછે. બીજાઓએ તહરેવાર વિચારો જણાવ્યા અને જેને જે ભાવ્યું તે બોલ્યા પણ કોઇબી શખ્સ ખરો ભેદ પામી શકયું નહીં કે બદરૂદીન હસન કેવી રીતે ત્યાં આવી પડયો હતો. બદરૂદીનનો ચેહેરો તેની તોપીથી ઢંકાયલો હતો તે સેહજ પવનની લેહકી આવ્યાથી જરા ખુલ્લો થયો કે તેના ચેહરાની ખુબસુરતી તથા સફેદાઇ જોઇ લોકો એટલાં તો અજાયબ થયાં કે તેઓએ મોટો ઘોંગાટ કરી મુકયો ને તારીફના સખુનો બોલવા લાગા તેથી ગડબડ થઇ કે બદરૂદીન હસન જાગી ઉઠયો. તે જાગતાંજ એક તદન અજાનાં શેહેરના દરવાજાપર પોતાને જોઇ પેલાં લોકો કરતાં પોતે વધારે અજાયબ થયો. જે શેહેર તેણે પોતાની જીંદગીમાં કોઇબીવાર જોયલું નહીં ત્યાં આવી પડેલો પોતાને જોઇ તે તો દંગજ

થઇ ગયો. પોતાની આસપાસ લોકોની ભીડ જોઇ તે બોલ્યો, "દોસ્તો તમો મને કેહેશો કે હું ક્યાં શેહેરમાં આવી પડયો છું અને તમો મારી પાસે શું માંગો છો?" લોકોમાંથી એક શખ્સ બોલ્યો કે અએ જવાન, આ શેહરના દરવાજા હમણુંાંજ ખોલ્લા થયા છે અને અમો જેવા બાહેર આવ્યા કે હાલ જે હાલતમાં તું છે તેજ હાલતમાં તને સુતેલો જોઇ અમો સર્વે તાજુબીથી તારી તરફ જોતા ઉભા હતા તેટલાં તું જાગી ઉઠયો છે. તેં રાત હયાંજ ગુજારેલી હોવી જોઇએ તે છતાં તું શું જાણુતો નથી કે આ દમાસકસ શેહરના એક દરવાજા આગલ તું છે?" બદરૂદીન ઘણો અજાયબ થઇ બોલ્યો, "દમાસકસ શેહેરના એક દરવાજા આગલ હું છું! નહીં નહીં, તમો મારી મશકરી કરો છો, જ્યારે રાતે હું સુતો ત્યારે તો કેરો શેહેરમાં હતો." આ સાંભલતાંજ ત્યાં એકઠાં મલેલાં લોકો બેધડક હસી પડયાં. એક શખ્સ બોલ્યો કે "ભાઇ જરા વિચાર કરીને બોલ, તેં આખી રાત જે સ્વમા જોયા છે તે હજુર તારા મગજમાં ભમે છે અને તેના તેજ વિચારો તને આવ્યા કરે છે માટે ચાલ જલદી હુશીયાર થઇ જા." ગરીબ બીચારો બદરૂદીન તદન બેવ્કુફ જેવો બની ગયો અને બોલ્યો "હું શું બોલું છું તે હું પોતે સમજતો નથી એમ તમારે ધારવું નહીં; મેં કાંઇ સ્વપ્નો જોયો નથી પણુ ખરેખર મારી શાદી કેરો શેહેર મધે ગઇ રાતે થઇ હતી અને મારી ધણીઆણી મારી નજર આગલથી સાત વખત સાત જુદા પોશાકો પેહડીને પસાર થઇ હતી. મેં મારી નજરે એક કંગાલ બદસુરત ખુંધાને જોયો હતો કે જેની સાથે તે બીચારીને પેહેલે પરણુાવવાની ગોઠવણુ થઇ હતી. પણુ મેહેરબાની કરીને તમો કહી શકશો કે મારો ઝભો, મારી પાઘડી તથા સીકવીનથી ભરેલી કોથલીનું શું થયું?"

જોકે નુરૂદીનઅલી તો પોતે જે બોલતો હતો તે વિશે ખાતરી ભરેલો હતો પણુ પેલા રાહદારીઓ તો એમજ સમજવા લાગા કે આ કોઇ દીવાનો આદમી છે અને તે જે જે બોલતો હતો તે તદન હસી કાહડવા લાગા તેથી નુરદીનઅલી પણુ પોતે ગભરાતમાં પડયો કે શું કરવું તે તેણે સુજયું નહીં. છેલ્લે તે ઉઠયો અને શેહરમાં જવા લાગો તો લોકો તેની પાછલ પડયા ને "ઘેલો! દીવાનો! ચશકેલો!" એવી અનેક બુમો પાડતા દોડવા લાગા. આ અવાજો સાંભલી લોકો પોતાના બારી બારણુાંમાંથી બાહેર આવ્યાં અને લોકો શા માટે બુમ પાડે છે તે સમજ્યા વગર તેઓબી સાથે બુમ પાડવા લાગ્યા. તે દોડતો દોડતો એક મીઠાઇગરની દુકાન આગલ આવી પુગો, હજુર તો તે મીઠાઇગર પોતાની દુકાન પુરી પાધરી ઉગાડી નહીં રહ્યો હતો તેટલામાંજ બદરૂદીન તેની દુકાનમાં ભરાઇ ગયો કે પેલા લોકોના તોલાંથી બચી જાય.

તે મીઠાઇગર જે આગલ આરબ લુટારાઓનો સરદાર હતો કે જેઓનો ધંધો વંજારો પર હુમલો કરી તેઓને લુટી લેવાનો હતો, તે હવે શુધરી ગયો હતો અને દમાસકસમાં પોતાનો ધંધો આબરૂથી કરતો હતો, તોપણુ જે લોકો તેની આગલી પાછલી વાતો જાણુતા હતા તેઓ હજુર તેણેથી બીહતા હતા. તેનો દેખાવજ જોઇને પેલું બદરૂદીન હસનની પુઠે લાગેલું તોલું ત્યાંથી વીખરાઇ ગયું. પછી પેલા મીઠાઇગરે બદરૂદીનને પુછયું કે તે કોણુ હતો અને દમાસકસ તરફ તે શું કામ આવ્યો હતો. બદરૂદીને પોતાની અવલથી તે આખર સુધીની હકીકત કહી સંભલાવી તથા તેણે પોતાનું જનમ શેહેર બસરા કેમ છોડવું પડયું, તેના બાપની ઘોર આગલથી તે એકાએક કેમ કેરો ગયો, ત્યાં તે કેમ પરણયો, અને જ્યારે પાછો ઉઠયો ત્યારે દમાસકસ આગલ તે કોણુ જાણે કેમ આવ્યો તે સઘલું કહી સંભલાવ્યું.

જ્યારે બદરૂદીન આ સઘલું કહી રહ્યો ત્યારે પેલા મીઠાઇગરે જવાબ દીધો કે તેં કહ્યું તે સઘલું ઘણું અજાયબ જેવું છે, પણુ જો તું મારી શીખામણુ પ્રમાણે ચાલે તો આએ જે કંઇ તેં મારી આગલ કહ્યું છે તે કોઇ બીજા આગલ કદી કેહતો ના, પણુ જ્યાંસુધી ખોદા તારા દુઃખનો છેડો લાવે

ત્યાં સુધી તે બારે હક્તાલાનાં સુગરાંનાં કરીને સબુરી પકડ; અને મને કંઇ છોકરાં નથી માટે અગર જો તુ કબુલ કરે તો તુને મારા છોકરા તરીકે રાખું, અને જ્યારે લોકો જાણુશે કે તુને મેં મારો છોકરો કરી લીધો છે ત્યારે તેઓ મારા ધાકથી તુને કંઇ કહેશે નહીં, અને તું રસ્તામાં છુટથી ફરી શકશે.

જોકે આ વિચાર તો એક મોટા વજીરના છોકરાને ઘણું માઠું લાગે એવો હતો તોબી બદરૂદીને પોતાની હાલત તરફ વિચાર કરીને પેલા મીઠાઇગરનો ઠેડાવ મોટી ખુશીથી કબુલ કીધો. પેલા મીઠાઇગરે તેને કપડાં પેહેરાવ્યાં, અને થોડાએક સાક્ષી બોલાવીને તે કાજી પાસે ગયો કે જ્યાં તેણે સઘલાઓની હજુર બદરૂદીનને પોતાનાં છોકરા તરીકે કબુલ કીધો અને બદરૂદીનનું નામ તેણે ફક્ત હસન કરી રાખ્યું અને તેને મીઠાઇગરનું કામ શીખવવા લાગો.

જ્યારે દમાસકસમાં આ મુજબ ગડબડ મચી રહી હતી ત્યારે પેલા શમસુદીનની છોકરી જેવી ખાબથી બેદાર થઇ ત્યારે પાસે બદરૂદીનને નહીં જોયો તેથી વિચારયું કે હું, નહીં ઉઠી માટે અલકસેથી બીછાના ઉપરથી ઉઠીને તે બાહેર ગયો હશે કે જ્યાંથી તે જલદી પાછો આવશે. એમ જ્યારે પેલી છોકરી પોતાના ખાવંદની વાટ જોતી બેઠી હતી ત્યારે શમસુદીને દલગીરીમાં પોતાની છોકરી આગલ જઇ તેનાં ખરાબ નસીબને માટે તેણીની સાથે શોક કરવાની મતલબથી તેણીનાં ઓરડાનાં બારણા જોરથી ઠોક્યાં ત્યારે તે તરત પોતાનાં બાપનો અવાજ ઓલખી બાહાર આવી. તેણીએ તેનાં હાથ ઉપર ચુમી લીધી અને તેની આગલ એટલી તો ખુશી દેખાડી કે, પેલો વજીર કે જેણે પોતાની છોકરીને રડતી અને ઘણા શોકમાં જોવાની આસા રાખી હતી તેને બદલે તેણીને આવી ખુશીમાં જોઇને ઘણો અજાયબ થયો. તે ગુસ્સામાં આવીને બોલ્યો કે "કમબખત છોકરી તુંજ મને દેખાય છે કે બીજી? મેં તારી ખુબસુરતીનો આવી રીતે ભોગ આપ્યો તોબી તું મને હસતે મોહડે જોય છે?" પેલી કન્યાએ પોતાનાં હસતાં મોહડાંથી બાપને ગુસ્સે થયલો જોયો ત્યારે કહ્યું કે "ખોદાને વાસ્તે બાવા મને જુઠો ઠપકો ના આપો. પેલા ખુંધાને વાસ્તે હું કંઇ ખુશી નથી કાંયકે તેને તો હું મોતનાં કરતાં વધારે ધીકારૂ છું હું કંઇ તે બદશીકલ સાથે નથી પરણી! તેને તો સઘલાઓએ ખીચ પાડાને નસાડી મુકયો પણ મારા નેકા તો એક ઘણા ખુબસુરત જુવાન શખ્સ સાથે થયા છે." શમસુદીન બોલ્યો કે "એ વાત શું છે? શું ગઇ રાત્રે તારી સાથે એબલગામણી શીકલનો ખુંધો પરણ્યો હતો નહીં?" પેલીએ જવાબ દીધો કે "નહીં? પણ મેં તમોને આગલ કહ્યો તે મોટી આંખનો અને કાલા ભવાંનો ખુબસુરત જુવાન શખ્સ મારી સાથે પરણ્યો હતો." આએ વાત સાંભલીને તો વજીરનો મીજાજ છેક હાથથી ગયો, તે સીંહની માફક છેડાઇને બોલ્યોકે "અરે દીવાની છોકરી તું મને દેવાનો કરી નાખવાની!" પેલી છોકરીએ કહ્યું કે "તમો મારૂં કહેલું નહીં માનીને ઉલટા મને દેવાની કરોછો" ત્યારે પેલા વજીરે કહ્યું કે "તું પેલા ખુંધા—" પેલી તરત વચમાંજ બોલી ઉઠીકે "ખુંધાનુ મારી આગલ નામ ના લેવો, મુઓ ખુંધો; મારા પ્યારા બાવાજી હું તમોને એક વખત ફરીથી કહુંછું કે હું રાતનાં તે બદશીકલ ખુંધા સાથે નહીં પણ માહારા પ્યારા અને ખુબસુરત વર સાથે હતી કે જે હમણા આવશે."

શમસુદીન મહોમદ તેને બાહેર જોવા ગયો પણ તેને જોવાને બદલે પેલા ખુંધાને તાંગેલો જોઇ તે ઘણો હેરત થયો. પેલો વજીર બોલ્યો કે "આનો અર્થ શું? તુંને એમ કોણે મુકયો?" પેલા ખુંધાએ વજીરને ઓલખ્યો તેથી તે તરત બોલ્યો કે "અફસોસ! અફસોસ! તું મને છેતરીને પારકા જીનની રાખેલી માશુક સાથે પરણાવેચ! પણ હું કંઇ એવો બેવકુફ ફરીથી બનવાનો નથી; તું મને હવે ફરી છેતરી શકશે નહીં."

શમસુદીન મહોમદે જ્યારે ખુંધાને આએ પ્રમાણે બોલતાં સાંભલ્યો ત્યારે વીચાર્યું કે તે દેવાનો થયો છે તેથી તેને હોકમ કીધો કે "ઉઠીને ઉભો થા અને તારા પગ પર ખડો રહે." પેલા ખુંધાએ

જવાબ દીધો કે "હવે તો હું મારી બરાબર સંભાલ લેવાનો અને સુરજ ઉગે ત્યાંસુધી ઉઠવાનો નહીં. સાહેબ તમોને જાણવું જોઇએ કે જ્યારે હું ગઇ રાત્રે હીયાં આવ્યો ત્યારે મેં એક બીલાડીને જોઇ કે જે જરાવારમાં ભેંસ બની ગઇ! તે મને શું કહી ગઇછ તે હું કંઇ વીસરી નથી ગયો તેટલા વાસ્તે તમો તમારા કામ પર જાવો." વજીરે જવાને બદલે તેને એડી ઉપરથી પકડીને ઉભો કીધો; જેવો તે ઉભો થયો તેવોજ તે પાછું ફરીને જોયા વગર દોડી ગયો, અને સુલતાંન આગલ જઇને જીનની તથા પોતાની વાત કહી કે જે સાંભલીને સુલતાંન તથા આખી દરબાર મોટેથી હસી પડી.

શમસુદીન મહોમદ આગલ કરતાંબી વધારે અજાયબ થઇને પોતાની છોકરીના ઓરડામાં ગયો. તે બોલ્યો કે "વારૂં ત્યારે મારી બેટી તું આ વાતનો વધારે પત્તા મને નહીં આપી શકતી?" પેલીએ જવાબ દીધો કે "બાવાજી આથી વધારે અહેવાલ હું આપી શકતી નથી, હીંયા મારા વરનાં કપડાં છે કે જે તેણે સુતી વખત ખુરસીપર મુક્યાં છે. એની અંદરથી તમારો શક ભાંજવાને કદાચ કંઇ મલી આવશે." ત્યારપછી તેણીએ બદરૂદીનની પાઘડી બતાવી જે તેણે બધે ખુનેથી બરાબર તપાસીને કહ્યું કે અગરજો આ બીજા દેશનાં ઘાત પ્રમાણે નહીં કીધી હોતે તો હું આ એક વજીરની પાઘડી સમજતે. પણ તેટલામાં પેલાં અસતર અને કપડાં વચે કંઇ સીવેલું જોયું તેથી, તેણે પોતાની કાતર મંગાવીને તે કાતર્યું જેમાંથી નુરદીન અલીએ મરતી વખતે બદરૂદીન હસનને જે કંઇ કાગજ આપ્યું હતું અને જે બદરૂદીનથી વધારે સારી રીતે જલવાય માટે પાઘડીમાં સીવી લીધું હતું તે શમસુદીનના હાથમાં આવ્યું. શમસુદીન મહોમદે કાગજ ઉંઘાડતાંને વાર પોતાના ભાઇ નુરદીનઅલીના દસ્તખત તરત પારખી કાહાડયા પણ હજુરતો આએ કાગજ તે ઉંઘાડીને વાંચવા જતો હતો તેવામાંજ તેની છોકરીએ તેનાં કપડાં તલે જે કોથલી હતી તે આપી જે અશરફીથી ખીચોખીચ ભરેલી માલમ પડી કારણ કે આગલ કહ્યું તે પ્રમાંણે જો કે તેમાંથી બદરૂદીને મુઠી મુઠીએ અશરફીઓ વેંહેંચી હતી તોબી પેલા જીને તથા પરીએ તે ભરેલી ને ભરેલીજ રાખી હતી, તે કોઠલીની ઉપર વલગાડેલી એક ન્હાની ચીઠીની પેહેલી લીટીમાંજ તેણે આએ બોલો વાંચ્યાઃ "**આએ હજાર અશરફીઓ એશાક યાવધીની છે.**" અને ત્યાર પછી પેલા યાઉધીએ બદરૂદીનથી જુદા પડતી વખતે લખ્યું હતું તે નીચે પ્રમાણે વાંચ્યું, "**નુરદ્દીનઅલીના છોકરા બદરૂદ્દીન હસન પાસેથી એક હજાર અશરફીએ બેહેસતનશીન નુરદ્દીનઅલીનું માલથી ભરેલું વાહાણ જે કંઇ પેહેલું બંદરમાં આવે તેમાંનો માલ મેં વેચાતો લીધો છે.**" જેવું શમસુદીન આ વાંચી રહ્યા તેવોજ એક મોટી બુમ પાડીને બેસુદ્ધ થઇ ગયો.

હવે જ્યારે શમસુદીન મહમદ પોતાની છોકરી તથા તેણીની દાસીઓની મદદથી પાછો હુશીઆર થયો ત્યારે બોલ્યો કે મારી બેટી હમણા હું બેસુદ્ધ થઇ ગયો તેથી તું અજાયબ ના થા; જે અજાયબ જેવો બનાવ બન્યો છે તેથી એ બધું થયું છે. જે શખ્સ સાથે તેં ગઇ રાત ગુજારી તે કોઇજ નહીં પણ મારા પ્યારા ભાઇ નુરદીનનો છોકરો છે. આએ હજાર અશરફીની કોથલી જોઇને મને મારા ભાઇ સાથે આગળ કજયો થયો હતો તે યાદ આવેછે અને મને માલુમ પડે છે કે આ પૈસા બેશક તારી રીતમાં આપવાના હશે. આ સર્વે માટે મારે ખોદાના શુકરાના કરવા જોઇએ. તેની બુલંદ શકતીની આ સાબેતી છે." ત્યારપછી પોતાનાં ભાઇનાં લખેલાંની ઉપર તેણે હજારો બોસા લીધા અને તેની ઉપર બેશુમાર આંજુઓ વરસાવ્યાં.

તેણે પેલી ચોપડી વાંચતાં નુરદીનનો બસરામાં જઇ પુગવાનો, તેનાં લગનનો, તથા બદરૂદીનનાં જનમનો દાહાડો એ સઘળું જ્યારે જોયું ત્યારે પોતાની ચોપડી સાથે સરખાવતાં તેને માલમ પડયું કે તેઓનાં લગનનો તથા તેઓનાં છોકરાંનો જનમનો દહાડો એકજ હતો. આ જોઇને તે ખોદાની

ખુદરત વિશે ઘણોજ મોટો વિચાર લાવ્યો અને આએ સોધથી તે એટલો ખુશી થઇ ગયો કે તુરત તે ચોપડી તથા પેલા પૈસાની કોથલી ઉપરથી તીકીત લઇને તે સુલતાન આગળ ગયો કે જેણે આવો અજાયબ જેવો બનાવ જોઇને પેલા વજીરને તેનો આગલો વાંક વીસરી સર્વે માફ કીધું અને તેને આ ઘણું તાજુબ જેવું લાગું તેથી પોતાની દરબારી તવારીખ લખનારાઓને તેણે હોકમ કીધો કે આ વજીરે કહ્યું તે સઘલું બોલે બોલ લખી લેવું કે જે આપણા બચાં અને તેઓનાં બચાંઓ વાંચીને ખુશી થાય.

હવે શમસુદીન મહોમદ પોતાનો ભત્રીજો હજુર સુધી પાછો નહીં આવ્યો તેનું કારણ સમજી શકયો નહીં. તે હમણા આવશે એવી તેની વાત જોતો બેઠો પણ તે તો કંઇ આવ્યો નહીં. સાત દહાડા લગી તેની ફોકટ રાહ જોઇને આખા કોરોમાં તેની શોધ કરાવી પણ કંઇ પણ તેની ખબર અંતર મલી નહીં તેથી તે ઘણો ઘબરાયો અને બોલ્યો કે, "આવો બનાવ તો કોઇએ પોતાનાં જનમમાં પણ જોયો નહીં હશે."

પેલા વજીરે જોયું કે એ વિશે આગળ ચાલતાં કામ પડશે તેથી પોતાનાં હાથે તે લગન કેમ થયાં, તેની આગલી કબુલાતો શું હતી તે, તેની છોકરીનાં ઓરડામાં શું શું હતું તે તથા બીજી સઘળી બીનાઓ લખી કાહાડી અને તેમજ બદરૂદીનની પાઘડી કોથલી અને બીજી જે કંઇ સઘળી ચીજો હતી તેની એક ગાંસડી બાંધીને પેક કરી જાળવી રાખી.

હવે થોડા મહીના રહીને વજીરની છોકરીએ એક પુનમના ચાંદ જેવા ખુબસુરત છોકરાનો જનમ આપ્યો જેની સંભાળ માટે આયા દાયા અને ગુલામો રાખ્યા અને આ છોકરાનું નામ તેના બપાવાએ **અજીબ** કરીને રાખ્યું.

જ્યારે જવાન **અજીબ** સાત વરસનો થયો ત્યારે એક લાયકી વાલો શીક્ષક હતો તેની નીશાળે બે ગુલામ સાથે મોકલ્યો. **અજીબ** પોતાનાં નીશાલ્યાઓ સાથે રમતો હતો ત્યારે તેઓ તેને ઊંચી પદવીનો અને અમીરી ખાનદાનનો જાણીને તથા તેઓનો શીક્ષક જે વાંકને વાસ્તે તેઓને સજર ફટકાવી કહાડતો હતો તે તેને હમેશાં માફ કરતો હતો અને તેને પતાવીને શીખવતો હતો તેથી તેને મોટું માન આપ્યા કરતા હતા. આ માનથી **અજીબ** એટલો તો છકી ગયો હતો કે તે હમેશાં મગરૂર અને તોછડો દેખાવ આપવા લાગો અને પોતાનાં જેવો આખી નીશાળમાં કોઇ નથી એવી રીતે બધાની ઉપર શેઠાઇ ભોગવવા અને બધાઓને ગાલો દેવા લાગો; અને અગરજો કોઇ પાછો તેને દમ ભરાવતો હતો તો તે તેની હજારો ખીચ પાડતો અને વલી તેને ફટકાવીખી કાહડવાને ચુકતો નહીં. ટુંકમાં તેની આવી ઊંધી ચાલથી નીશાળ્યાઓ એટલા તો કંટાલી ગયા કે એક દાહાડે સઘલાઓએ એકઠા મલી પોતાનાં શીક્ષક આગલ ફરયાદ કીધી. પેલા શીક્ષકે થોડા દાહાડા તેઓને સબુર કરવા કહ્યું. આ ઉપરથી શીક્ષકે જોયું કે અજીબ તો દાહાડે દાહાડે વધારે મગરૂર થતો જાય છે, ત્યારે શીક્ષકે પોતાનાં નીશાળ્યાઓને પોતાની આગલ બોલાવીને કહ્યું કે "છોકરાઓ તમને માલમ પડેછે કે અજીબ ઘણો તોછડો છોકરો છે, માટે એને સીધે રસ્તે પાછો લાવવાને હું તમોને એક રસ્તો બતાવું છું કે જેથી એ તમોને ફરીથી કોઇ પણ દાહાડે દુઃખ દેશે નહીં; વલી હુંતો એવું પણ ધારૂંછ કે કદાચ તેથી તે નીશાળ પણ છોડશે. જ્યારે કાલે સવારે તે આવે ત્યારે તમો સઘલાઓ તેની આસપાસ ફરી વલજો અને તમારામાંના એકે બોલવું કે જે કોઇ પોતાનાં બાપ અને માએનું નામ કેહે તેનેજ માત્ર સાથે રમાડશું અને બાકીનાઓને મારીને હાંકી કાહાડશું; જે પોતાના બાપનું નામ નહીં કેહેશે તેને ફરીથી અમારી આગલ આવવા દેઇશું નહીં." તે પછી શું કરવું તે તેઓને બરાબર સમજાવી રાખ્યું.

બીજે દાહાડે જ્યારે અજીબ નીશાળમાં આવ્યો ત્યારે તેઓ પોતાનાં શીક્ષકની શીખામણ પ્રમાણે ચાલવાને ભુલ્યા નહીં; તેઓ સઘલા અજીબની આગલ ગોલ ચકડું થઇને ઉભા અને બોલ્યા કે આમે

આપણે રમીએ પણ એક કબુલાતથી કે, જેઓ પોતાનું, પોતાનાં બાપનું, તથા પોતાની માએનું નામ કેહે તેઓનેજ માત્ર રમાડવા. અજીબ અને બીજા સઘલાઓ બોલી ઉઠયા કે હા હમો કબુલ કરીએ છીએ. હવે જે છોકરો પેહેલે બોલ્યો હતો તેણે અજીબ સીવાય બીજા સઘલાઓને તેઓનાં મા બાપના નામ પુછયાં અને જયારે છેલે વેલે તે અજીબને પુછવા આવ્યો ત્યારે તેણે જવાબ દીધો કે "મારૂ નામ અજીબ, મારી માએનું નામ ખુબસુરતીની રાણી, અને મારા બાપનું નામ શમસુદીન મહમદ જે હાલ સુલતાનનો વજીર છે."

આએ બોલો સાંભલીને સઘલા છોકરાઓ બોલી ઉઠયા કે ઓ અજીબ તું કંઇ ચરી બરી ગયો છે કે આ પ્રમાણે બકેછ? તે કંઇ તારા બાપનું નામ નથી પણ તેતો તારા મમાવાનું નામ છે. તે ગુસ્સામાં આવીને બોલ્યો કે ઓ કમબખ્તો વજીર શમસુદીન મારો બાપ નહીં એવું તમો કેહેવાની હીંમત ધરાવોછ? તેઓ સઘલા ઘણું હસી પડીને બોલ્યા કે નહીં નહીં તે તો તારા મમાવાનું નામ છે માટે તુને હમારી સાથે રમાડવાનાં નથી; અગરજો તું આયોચ તો તુને હમો હાંકી કાહાડશું, એમ કહીને પેલા છોકરાઓ માંહોમાહે રમતાં રમતાં હસવા અને મસકેરી કરવા લાગા કે જેથી અજીબને એટલું તો માઠું લાગું કે તે રડી પડયો.

હવે પેલો શીક્ષક પેલા છોકરાઓ અને અજીબ વચે શું બન્યું તે ભરાઇને સાંભલતો હતો માટે આએ વખતે તેઓ આગલ આવી લાગો અને અજીબનો હાથ પકડીને કહ્યું કે, અજીબ શમસુદીન મહમદ તો તારો બાપ નહીં પણ મમાવો લાગે, અને તારી માએ ખુબસુરતીની રાણીનો બાપ લાગે તે તું શું જાણુતો નથી? તું જેમ તારા બાપનું નામ નથી જાણુતો તેમ અમો પણ નથી જાણુતા; અમો તો માત્ર એટલુંજ જાણીએ છીએ કે તારી માએને સુલતાંને પોતાના એક ખુંધા ઘોડાવાલા સાથે પરણાવી હતી પણ તેતો તે રાતનાં એક જીનની ગોદમાં સુતી; હું દલગીર છું કે આથી તુને માઠુ લાગતું હશે, પણ એજ રીત કદાચ તુને તારા નીશાળ્યા ભાઇબંધો સાથે નરમાસથી ચાલવાને શીખવશે."

આએ પ્રમાણે સાંભળ્યાથી પેલા ન્હાનાં અજીબને એટલું તો માઠું લાગું કે નીશાલની તરત બહાર જઇ રડતો રડતો ઘર આવી તે પાધરો પોતાની માનાં ઓરડામાં ગયો; તેણીએ તેને આટલો દલગીર અને રડતો જોઇને તેનુ કારણ પુછયું પણ તેને દચકાં એટલાં તો આવતાં હતાં અને તે એટલી તો દલગીરીમાં ગીરફતાર હતો કે તેનાથી ખુલ્લો જવાબ આપી શકાતો નહીં હતો, અને જેવું કંઇ બોલવા જતો હતો તેવી તેની છાતી ભરાઇ આવતી હતી તેથી તરત મુગો રહી જતો હતો પણ જ્યારે તેનાં દચકાં જરા નરમ પડયાં ત્યારે તે બોલ્યો કે માયજી તમે મેહરબાંની કરીને મારો બાપ કોણુ છે અને તેનું નામ શું તે મને કહો? તેણીએ જવાબ દીધો કે મારા છોકરા શમસુદીન મહમદ જે તારી આટલી બધી બરદાસ્ત લે છે તે તારો બાપ લાગે. પેલાએ જવાબ આપ્યો કે તમો મને સાચું નથી કેહેતાં તે કંઇ માહરો બાપ નહીં પણ તેતો તમારે બાપ લાગે, પણ હું તો કહું છું કે હું કોણુનો છોકરો લાગું? આએ સવાલોથી પેલી ખુબસુરત બાઇને પોતાની પરણુવાની રાત અને ત્યાર પછી જેટલાં વરસો રંનદાપામાં કાહાડયાં હતાં તે સઘળા યાદ આવ્યાં તેથી તે મોટે રડવા લાગી, અને બદરૂદીન જેવો ખુબસુરત ખાવંદ ક્યાં ગુમ થઇ ગયો એમ બોલીને તે હાય નીસાસા મારવા લાગી.

આ ખુબસુરતીની રાણી અને અજીબ રડતાં હતાં તેવામાં શમસુદીન આવી લાગો તેણે તેઓનાં રડવાનું કારણ પુંછયું ત્યારે તેણીએ અજીબને જે કંઇ નીશાળમાં શરમ ખમવી પડી હતી તેથી તેને વાકેફ કીધો તે સાંભળીને પેલા વજીરને એટલું તો માઠું લાગું કે પોતે પણ તેઓની સાથે રડવા લાગો અને પછી વિચારવા લાગો કે મારી છોકરી ઉપર જે કંઇ સીતમ ગુજરયો છે તેની આખાં ગામમાં હોહા થઇ રહીછે માટે તેનો કંઇ પણ ઉપાય થવો જોઇએ. આએ વિચારમાં તે સુલતાન

આગળ ગયો અને તેનાં પગે પડી તેનાં પગ આગળની જમીન ઉપર સાત વખત બોસા લઇને બોલ્યો કે એ દાનાવ સુલતાન હું માંગી લઊંછું કે આસપાસનાં લીવેન્ટ આગલનાં દેશો, પરગણાંઓ તથા શેહેરોમાં અને ઘણું કરીને બસરામાં મારા ભત્રીજા બદરૂદીન હસનની સોધ કરવાની મને રજા આપો; કેમકે એ બુજરોગ સુલતાન લોકો મારાં નામને હીનપસતી લગાડે છે કે તારી છોકરીને પેટે જીનથી છોકરો પેદા થયો તે મારેથી ખમાઇ શકાતું નથી. પેલો સુલતાંન પોતાના વજીરની આબરૂને ધોકો લાગે તે પોતાને પણ હીનપસતી ભરેલું સમજવા લાગો તેથી આ ઠેરાવને તેણે કબુલ કીધો, અને તેને જવાની રજા આપી એટલુંજ નહીં પણ દરએક બાહાદશાહો અને શાહજાદાઓને સીફારસ પતરો લખી આપ્યાં કે મારા વજીરનાં ભત્રીજાની સોધ કરવાને બનતી કોશીસ અને મદદ કરજો અને જેઓના શેહેરમાં તે હોય ત્યાંથી છુટથી લાવવા દેજો.

પેલો વજીર પોતાનાં સુલતાંનની આવી મેહેરબાંનીનો બદલો કેમ વાલવો તે નહીં જાણીને તેને ફરીથી પગે પડયો અને જમીન ઉપર બોસા દઇને પોતાનો ઉપકાર જણાવાને માટે આંસુઓનો વરસાદ વરસાવા લાગો. છેલે સરવાલે સુલતાંનની ગાદી આબાદ રેહેજો એવી દુવા માંગીને સુલતાનની રજા લઇ પોતાનાં ઘર તરફ જઈને મુસાફરીનો સઘળો સામાન તૈયાર કરવામાં એટલી તો ઉતાવળ અને ઝડફ કીધી કે સુલતાંનની આગળથી આવ્યા પછી ચોથે દહાડે પોતે તથા પોતાની છોકરી ખુબસુરતીની રાણી, તેણીનો છોકરો અજીબ તથા ગુલામો અને લોંડીઓના એક મોટા રીસાલા સાથે શેહેરની બાહેર નીકળ્યાં અને મુશાફરી સરૂ કીધી.

શમસુદીન મહમદ, તેની છોકરી ખુબસુરતીની રાણી, તથા તેણીનો છોકરો અજીબ ઓગણીસ દહાડા વેર કેથે ઉભા રહ્યા વગર મુસાફરી કસ્યા પછી વીસમે દહાડે દમાસકસનાં દરવાજાથી થોડેક દુર એક ઘણા ખુબસુરત મેદાનમાં જ્યારે આવી પુગાં ત્યારે ત્યાં ઉભાં રેહવાનો ઠેરાવ કરીને નદી કીનારે તેઓએ તંબુ માસ્યા, કે જે નદી તુરકસ્તાંનનાં ઘણાંએક શેહેરો આગલથી વેહેછે અને પોતાની આસપાસની જગા નહીં બ્યાન થાય એવી સોભા આપે છે. શમસુદીને આ જગા ઉપર બે દહાડા રેહવાનો ઠેરાવ કીધો તેટલા વખતમાં દમાસકસ જોવાની તેનાં રસાલાંમાંથી જેઓની ખુશી હતી તેઓને તેણે રજા આપી. આએ રજાની તક લેવાને કોઇ પણ માણસ ચુકયો નહીં, કેટલાએકો તે શેહેર કે જેને વાસ્તે મીસર દેશમાં આટલી બધી વખાણ થાય છે તે, અને ત્યાંની મોટી મોટી ઇમારતો જોવાને; કેટલાએકો પોતા સાથે ફેરોથી માલ લાવ્યા હતા તે સારે ભાવે ખપાવાને; તથા કેટલાએકો તે શેહેરમાંથી માલ તથા બીજી નવી નવી ચીજો પોતાનાં દેશને વાસ્તે ખરીદ કરવાની મતલબથી તે શેહેરમાં ગયા. પેલી ખુબસુરતીની રાણીએ પોતાનો છોકરો અજીબ પણ આએ અજાયબ જેવું અને વખનાએલું શેહેર જોઇને ખુશી થાય માટે એક ગુલામ જેને હંમેશાં તેની સાથે રેહ... હોકમ હતો તેને ફરમાવ્યું કે એને શેહેરમાં ફેરવવા લઇ જા અને એને કાઇ પણ ઇજા નહીં થાય માટે એની ઘણી સંભાલ રાખજે.

અજીબ જે ગુલામ સાથે ફરવા ગયો તે ગોલામે કોઇ તેઓ આગલ આવે નહીં માટે પોતાનાં હાથમાં એક મોટી લાકડી રાખી હતી. જ્યારે તેઓ શેહેરમાં ગયા ત્યારે લોકો અજીબનો ખુબસુરત ચેહેરો જોઇને ઘણી આફરીન કરવા લાગાં. કેટલાએક તો તેનાં ચેહેરાનો ઘાત ઘતમ, તેનાં શરીરની સફેદાઇ, તેનાં આંગનો આકાર, તેની મોટી કાલી આંખો અને ઊંચું કપાલ જોવાને ઘેરની બાહેર આવ્યાં, કેટલાએકો તો બારીએ તીંગાઇ જોવા લાગાં; અને રસ્તે રસ્તે ચાલતાં લોકો તો તેની આગલ એક મોટી ભીડ કરવાં લાગાં, અને તેનો ખુબસુરત ચેહેરો જોયા કરે માટે તેની સાથે ચાલવા લાગાં; ટુકમાં એવું કોઇ નહીં હતું કે જે જોઇને ઘણું અજાએબ નહીં થતું હતું અને જે મા બાપે આવા છોકરાનો જનમ આપ્યો તે માટે તેની ઉપર હજારો આસીરવાદો દેતું હતું, એકાએક તેઓ

ચાલતાં ચાલતાં બદરૂદીન હસનની દુકાન આગલ આવી લાગાં અને ત્યાં લોકોની ભીડ એટલી તો વધી પડી હતી કે ત્યાં તેઓને ઉભા રેહેવાની ફરજ પડી.

પેલો મીઠાઇગર જેણે બદરૂદીન હસનને છોકરો કરી લીધો હતો તેતો ઘણુંએક વરસ થયાં મરણ પામ્યો હતો, અને પોતાની દુકાન અને સઘલી દોલત બદરૂદીન હસનને હસતક કરી ગયો હતો. જ્યારથી બદરૂદીન હસન આ દુકાનનો માલેક થયો ત્યારથી તેણે પોતાની દુકાનનું કામ એટલું તો ચાલાકીથી ચલાવ્યું હતું કે આખા દમાસકસમાં તેણે એક મોટું નામ મેલવ્યું હતું. બદરૂદીન પોતાનાં બારણાં આગલ ભીડ જોઇને પોતે પણ બારણાં આગલ આવ્યો અને જ્યારે અજીબ ઉપર તેની નજર પડી ત્યારે તે ઉપર તે તાંકી તાંકીને જોવા લાગો.

બદરૂદીને પેલા અજીબ તરફ જ્યારે ઘણો વખત તાંકી તાંકીને જોયું ત્યારે તેને ઘણી મયા લાગી આવી પણ શું કરવા અને શા વાસ્તે તે પોતે વિચારી શકયો નહીં. તે કંઇ લોકોની માફક તેની ખુબસુરતીથી અજાયબ યા હેરત થવા નહીં લાગો, પણ તેનામાં ખુદરતી બાપીકું લોહી તેની છાતી ઉપર ઉછલવા લાગું કે જેનું કારણ તે પોતે પણ જાણતો હતો નહીં; તે તરત પોતાનું કામ પડતું મુકીને અજીબ આગલ જઇને અમીરી દેખાવથી બોલ્યો કે "મારા ન્હાનાં શેઠ તમે મારૂં દીલ જીતી લીધું છે માટે મેહેરબાંની કરીને જરા મારી દુકાનમાં આવો અને જે કંઇ મારી પાસે સારૂં સારૂં ખાણું છે તે હું તમુને આપું; અને વલી જેથી તમારૂં મોહોડું પણ બરાબર જોવાને એક મને અચ્છી ટક મલશે." આ બોલો તે એવાતો નરમાસથી બોલ્યો કે તેની આંખમાં આંસું ભરાઇ આવ્યાં; ન્હાના અજીબને આ જોઇને ઘણી દયા આવી તેથી પોતાનાં ગુલામ તરફ ફરીને કહ્યું કે "આ ભલા માનસનો ચેહેરો એવો છે કે જેથી મને તે જોવા ગમે છે, એ એવો તો મયાથી બોલેછ કે એવું કંઇ પણ કહેલું ના કબુલ કરવું એ મને દરૂસ્ત લાગતું નથી. ચાલો જરા આપણે એનાં ઘરમાં જઇએ અને એનું પકાવેલું ખાણું ચાખ્યે." પેલો ગુલામ બોલ્યો કે "વાહ એક વજીરનો છોકરો મીઠાઇગરની દુકાનમાં ખાય એ ઘણી સારી વાત છે! એવું ના વીચારતો કે હું તુંને અંદર જવા દઉ!" બદરૂદીન બોલ્યો કે "અફસોસ મારા ન્હાના શેઠ એક ગુલામ જે તમારી સાથે આવી ખરાબ ચાલ ચલાવે તેનાં હાથમાં તમોને સોંપવા એ કંઇ થોડું ઘાતકીપણું નથી." ત્યારપછી બદરૂદીને ગુલામ તરફ ફરીને કહ્યું કે "ભલા માણુસ મેહેરબાંની કરીને એક અરજ માગી લઊં છું, તે તું કબુલ કર અને તારા ન્હાના શેઠને અટકાવીને મને દલગીર ના કર. તું બી અંદર આવ અને લોકોને દેખડાવી આપ કે જોકે તારૂં મોંહ કાલું મેસ જેવું છે તો પણ તારૂં દીલ બરફનાં જેવું સફેદ છે; તું જાણેછ કે મારી પાસે એક છુપી રીત છે કે જેથી તારા જેવા કાલા માણુસો ગોરા દેખાય." ગુલામે હશીને બદરૂદીનને પુછ્યું કે એવો તો શું તારી પાસે છુપો ભેદ છે? બદરૂદીન એક ઘણો ભણેલો માણુસ હતો, અને તે જે ન્હાનપણમાં શીખ્ઓ હતો તે હજુર વીસરી નહીં ગયો હતો, અને પેલા ગુલામને પીગલાવાને વાસ્તે કેટલાક બેતો જેમાં ગુલામોએ મોટા મોટા બાહાદશાહઓનાં નીમકહલાલીથી જાન બચાવ્યા હતા, અને બીજી ઘણીક દાનાઇ અને બાહાદુરી બતાવી હતી તેના બેતો એવા તો મધુર અવાજથી ગાઇ સંભલાવ્યા કે પેલો ગુલામ સાંભલીને ઘણો ખુશી થયો અને વધારે તકરાર કરવા વગર અજીબને પોતાની સાથે દુકાનમાં લઇ ગયો.

બદરૂદીન હસન તેઓને અંદર આવેલા જોઇને એટલોતો ખુશી થયો કે આગલ જે કંઇ હાથમાંથી કામ મુકી દીધું હતું તે પાછું હાથમાં લીધું, અને બોલ્યો કે "હું મલાઇના સમોસા બનાઊંછું તે તમોને હવે ખાવા પડશે અને મારી ખાતરી છે કે તે તમોને ખચીત પસંદ આવશે કારણકે મારી મા જે ઘણાજ સરસ બનાવતી હતી તેણીએ મને બનાવતાં શીખવ્યો છે, અને આ શેહેરનાં લોકોને

તે એટલાતો પસંદ પડેછ કે શેહેરનાં દરેક ભાગમાંથી ગરીબ યા તાલેવંન સઘલા મારી દુકાનમાં લેવા આવેછે." એમ કહીને એક સમોસો તેણે કઢાઇમાંથી કાહાડીને તેની ઉપર થોડી દરાખ અને સાકરનો છટકાવ કરીને પછી અજીબ આગલ મુકયો જે તેને ઘણો સ્વાદ લાગો; બીજો એક સમોસો ગુલામને આપ્યો તેણે પણ ખાઇને તેના બનાવનારની ઘણી તારીફ કીધી.

હવે જ્યારે આએ બન્ને જણા ખાતા હતા ત્યારે બદરૂદીન હસને અજીબને તાંકી તાંકીને જોયા કીધો અને જ્યારે ફરી ફરી તેની તરફ જોયું ત્યારે ખુદરતી રીતે તેનાં મનમાં વિચાર આવ્યો કે મારી બઇરી જેણીની ખુબસુરતી પરીના જેવી હતી, અને જેણીની આગલથી તે એકાએક અને આવી ઘાતકીપણેથી છુટો પાડ્યો તેણીએ પણ એવો ખુબસુરત છોકરો પેદા કીધો હશે, એવો વિચાર જેવો તેનાં મનમાં આવ્યો તેવોજ તેની આંખોમાંથી આંસુનો વરસાદ વરસ્યો, તેઓ દમાસકસ તરફ શું કરવા આવ્યા તે વિશે અજીબને પેહલાં કંઇ સવાલ તે પુછવાનો હતો, પણ તેટલામાં પેલાં ગુલામે તેનાં શેઠના તંબુ તરફ પાછો જવાની એટલી તો ઉતાવલ કીધી કે જેવો અજીબ ખાઇ રહ્યો તેવોજ પેલો ગુલામ તેને લઇને બાહેર નીકલી પડયો જેથી બદરૂદીનની અજાયબી પાર પાડવાને માટે પેલા છોકરાને કંઇ વખત મલ્યો નહીં. બદરૂદીન તેની પછવાડે થોડોએક વખત જોવાનું બસ નહીં સમજીને તરત પોતાની દુકાન બંધ કરીને તેઓની પછવાડે ચાલ્યો કે શેહેરના દરવાજા સુધી તે અજીબને જોઇને પોતાની આંખને સંતોખે. પેલો ગુલામ બદરૂદીનને પોતાની પછવાડે આવતો જોઇ ઘણો અજાયબ થયો, અને ગુસ્સામાં આવીને બોલ્યોકે ઓ બેવકુફ તુને શું જોઇએછ? બદરૂદીને કહ્યું "મારા દોસ્ત, તુંને નાખુશ થવાનું કાંઇ કારણ નથી મને શેહેર બાહેર કામ છે તે મને હમણા યાદ આવ્યું માટે હું તે કામ બજાવા જાઉછું." આએ જવાબથી પેલો ગુલામ કંઇ સંતોષ પામ્યો નહીં, પણ અજીબની તરફ ફરીને બોલ્યો કે "આ સઘલું તારાથી થયું; હું આગલથી જાણતોજ હતો કે મને પાછલથી પસ્તાવુ પડશે, તેં ઘણી ઓંહોંસ કરીને જવા માગ્યું અને મેં બેવકુફ જેવાએ તુને રજા આપી." અજીબે જવાબ દીધોકે "કદાચ એને ખરેખર બહાર કામ હશે અને જતો હશે કાંકે રસ્તો સર્વે માટે એક સરખી રીતે ખોલોછે." આએ પ્રમાણે વાત કરતા, પછવાડે જોયા વગર તેઓ વડા વજીરના તંબુની છેક નજદીક આવી પુગા, અને જ્યારે પાછલ ફરીને જોયું ત્યારે તેઓની પછવાડે બદરૂદીનને આવતો જોયો. અજીબે જ્યારે બદરૂદીનને પોતાથી થોડા કદમ દુર જોયો ત્યારે તે વારા ફરતી ગુસાથી રાતો અને ધાસતીથી ઉજલો થવા લાગો. તે મનમાં વિચારવા લાગો કે હું એક મીઠાઇગરની દુકાન ઉપર ખાવા ગયો હતો એવું મારો મમાવો જાણુશે તો કોણ જાણે તે મને શું કેહેશે? આવી બ્હીકથી આ છોકરાએ પોતાનાં પગ આગલથી એક મોટો પથરો ઊંચકીને બદરૂદીનનાં કપાલ ઉપર માર્યો કે જેથી તેને એવો તો ઘા પડયો કે તેનું આખુ મોહડું સઘલું લોહીથી ગરકાવ થઇ ગયું. અજીબ તો મારીને તરત દોડી ગયો પણ પેલો ગુલામ બદરૂદીન આગલ આવીને કેહેવા લાગો કે તુને કંઇ ફરીઆદ કરવાનું કારણ નથી, કેમકે અમારી પછવાડે આવવામાં તારો વાંકછે.

બદરૂદીન પોતાનાં જભાએ ઘાનું લોહી અટકાવતો શેહેર તરફ પાછો ફર્યો. તે પોતે મનમાં બોલવા લાગો કે "મારૂં ઘેર છોડીને આ છોકરાને વાસ્તે એટલી બધી મેહેનત લેવામાં મારીજ બેવકુફાઇછે, સબબ કે જ્યાંસુધી બેશક તેણે એવું જાણ્યું નહીં હશે કે મારો એની ઉપર કંઇ ખરાબ વિચારછે ત્યાંસુધી તેણે આ મને પઠરો માર્યો નહીં હતે." તેણે ઘેર જઇને ઘા ઉપર પાટા બાંધ્યા અને એટલુંજ થયું તેનો બલાપો ન કરતાં પોતા કરતાં વધારે દુઃખી આદમીઓ દુન્યામાં પડયાંછે એમ જાણી સંતોષ માની લીધો.

બીચારો બદરૂદીન હસન દમાસકસ રહી હજુર મીઠાઇગરનો ધંધોજ કરતો હતો અને તેનો કાકા

શમસુદીન મહમદે ત્રણ દહાડા રહી દમાસકસનાં મેદાનમાંથી પોતાના તંબુ ઉંચકી આગલ ચાલુ મુક્યું; તેણે ઇમેસ, હેનાં અને અલેપો તરફ પોતાનો રસ્તો લીધો; ત્યાર પછી યુફ્રેતીસ નદી પસાર કરીને મેસીપોતેમ્યામાં દાખલ થઇ ત્યાંથી મારદીન, મૌસલ, સીંગર, દીયારબેકર, અને બીજાં ઘણાંએક શેહેરોમાં થઇને છેલ્લે તે બસરા પુગો. જ્યારે તે ત્યાં જઇ પુગો ત્યારે સુલતાંનને મલવાની તેણે ઇચ્છા બતાવી; સુલતાને તેની પદવીનું અને તેના બાદશાહનું નામ સાંભળ્યું ત્યારે તરતજ તેને મોટાં માન સાથે પોતા પાસે બોલાવ્યો અને તેનું બસરા આવવાનું કારણ પુછ્યું ત્યારે તેણે જવાબ દીધો કે સાહેબ મારો ભાઇ નુરદીનઅલી કે જે તમો નામવરનો વજીર ગણાતો હતો, તેના છોકરા બદરૂદીન હસનનું શું થયું તેની ખબર કહાડવા હું આવેલો છું. સુલતાને કહ્યું કે નુરદીનઅલી તો ઘણાં વરસો થયાં મરી ગયો છે, અને તેના છોકરાને વાસ્તે તો હું એટલુંજ જાણું છું કે તેના બાપનાં મુવા પછી બે મહીને તે એકાએક ગુમ થઇ ગયો અને ત્યારપછી મેં તેની ઘણી પણ સોધ કીધી તોપણ તે ક્યાં છે તે મને હજુર સુધી ખબર પડી નથી. તેની મા કે જે મારા આગલા વજીરની છોકરી લાગે તે હજુર જીવે છે. શમસુદીન મહમદે આ વાત સાંભલીને તેણીને મલવાની અને તેણીને મીસર દેશમાં લઇ જવાની પોતાની ખાયસ બતાવી જે પેલા સુલતાને ખુશીથી કબુલ કીધી. જેવી રજા મલી તેવોજ વજીર બીજા દાહાડાની રાહ જોયા વગર તેણીનાં ઘરની ખબર કાહાડવા નીકળ્યો, અને તેણીને મલવાની એટલી તો તે ઉલટ રાખતો હતો કે તેજ ઘડી પોતાની છોકરી અને તેણીના છોકરાને લઇને પોતાની સાળીને ઘર ગયો.

નુરદીન અલીની બાયડી જ્યાં તેણીનો ખાવંદ આગળ રહેતો હતો તેજ ઘરમાં હજુર સુધી રહેતી હતી; તે ઘર ઘણું મોટું અને સંગેમરમરનાં થાંભાથી સીંગારેલું હતું; પણ શમસુદીન કંઇ રોનક જોવા ઉભો રહ્યો નહીં. ઘેરના દરવાજામાં પેસતાંજ એક સંગેમરમરના પથરાની તખતી ઉપર પોતાનાં ભાઇનું નામ સુનાના અક્ષરથી કોતરેલું હતું તેની ઉપર તે બોસા દેવા લાગો. તેણે પોતાના ભાઇની બાયડી વિશે પુછ્યું ત્યારે ચાકરોએ જવાબ દીધો કે તેતો એક ઘણી ન્હાની જેવી ઝુંપડીમાં જોગનનો લેબાસ પકડી બેઠેલી છે. આએ બીચારી દુઃખી સ્ત્રી જ્યારથી પોતાનો પ્યારો બેટો બદરૂદીન ગુમ થઇ ગયો હતો ત્યારથી પોતાનો આખો વખત શોકમાં કાહાડતી હતી; પણ છેલ્લે તે ઘણાં વરસ સુધી મુદલ નહીંજ જણાયો ત્યારે તેનાં નામનું એક ગુંબજ બાંધી તે મરી ગયો હોય તે પ્રમાણે તે પોતાનાં દાહાડા શોકમાં કાહાડવા લાગી. જે વખત શમસુદીન બારણા આગળ ચાકરો સાથે વાત કરતો હતો તે વખતે તેણીને પોતાનો છોકરો હેડે ચહડી આવ્યો હતો માટે તે મોટે મોટે રડતી હતી. થોડા વારમાં શમસુદીન મહમદ આવી પુગો, અને તેણીને આવાં દુઃખમાં જોઇને તેની તથા તેના છોકરાની છાતી ભરાઇ આવી માટે તેઓ પણ આંજુ પાડી શોક કરવા લાગ્યાં.

પણ શમસુદીન તરત ચુપ રહીને તેણીને દીલાસો આપવા લાગ્યો અને ત્યારપછી પોતે તેણીની સાથે શું સગાઇ ધરાવે છે તથા તેનું કેરો છોડવાનું શું કારણ તે અવલથી તે આખર સુધી કહ્યું. તેણે તેણીની આગળ કેરોમાં તેની છોકરીનાં લગનની રાતનું બરાબર બ્યાન કહ્યું તથા ત્યારપછી બદરૂદીનની પાઘડીમાં પેલાં કાગલો સીવી લીધાં હતાં તે કાહાડીને વાંચ્યાં, તથા પેલી પૈસાની કોથલી જોઇ ત્યારે પોતે કેવી અચરતીમાં પડયો તે સર્વે લંબાનથી કહ્યા પછી પોતાની છોકરી તથા બદરૂદીનનાં છોકરા અજીબને તેણીને દેખાડયો.

નુરદીનઅલીની વીધવા જે હજુર દુન્યાની મોજથી પોતાનો હાથ ઉઠાવી ભારે માહેતમમાં બેઠી હતી, તેણીએ જેવી આ વાત સાંભલી કે તેનો પ્યારો છોકરો બદરૂદીન હસન જેનાં ગુમ થવાથી તે આટલું રડન કરેછે, અને જેને તે ખચીત મરી ગયેલો સમજે છે તે હજુર સુધી જીવતો છે ત્યારે

નુરદીનઅલી અને બદરૂદીન હસનની વાર્તા.

શાહજાદા અજીમ તથા તેનો ગુલામ શેહરમાં ફરે છે.



બદરૂદીને અજીબને કહ્યું "મારા જવાન સાહેબ એક વાર ફરી તમો મારી દુકાનમાં આવો અને તમારા રખેવાલ સાથે થોડાક મારા બનાવેલા કરમાસુ સમોસા ખાવાની મેહરબાની કરો." [જુઓ સફા ૧૯૧.

તે તરત ઉઠી અને પોતાની વહુ તથા બદરૂદીનનાં છોકરા અજીબને પેટમાં ચાંપ્યો. શમસુદીન મહમદ બોલ્યો કે બાઇ હવે તમોને તમારાં દચકાં નરમ પાડવાં તથા તમારાં આંસુઓ નુછવાં જોઇએ ને તમોને અમારી સાથે મીસર દેશ તરફ આવવાનો વિચાર કરવો જોઇએ. બસરાના સુલતાને મને તેમ કરવાની પરવાનગી આપી છે, અને તમો ખચીત તે કબુલ કરશો એમાં મને કંઇ શક નથી. મારી ખાતરી છે કે છેલે સરવાલે તમારા છોકરા મારા ભત્રીજાને આપણુ શોધી કાહડશું અને અગરજો બારેહકતાલાની મદદથી આપણી સોધમાં ફતેહ પામ્યાં તો તમારી, મારી, મારા ભત્રીજાની અને મારી છોકરીની મુસીબતોનું એક ઘણું અચ્છું બયાન લખાવશું કે જે આપણાં બચાંકચાં વાંચીને ખુશી થાય.

નુરદીનઅલીની વીધવાએ આએ ઠેડાવ ઘણો ખુશીથી કબુલ કીધો અને પોતાની જવાની તૈયારી કરવાનો તરતજ હોકમ કીધો. પેલો વજીર એક વખત સુલતાનને ફરીથી મલ્યો કે જેણે તેને આબરૂથી પોતાની આગલ બેસાડયો અને જ્યારે તેણે જવાની રજા માંગી ત્યારે મોટાં આદરમાનથી આપી અને જતી વખતે મીસર દેશના સુલતાનને વાસ્તે ઘણાં મોટાં નજરાનાં અને કીંમતી વસતુઓ ભેટ આપી જે લઇને તે પોતાનાં રીસાલા તથા ઘરના માણુસો સાથે દમાસકસ તરફ જવા નીકલ્યો.

જ્યારે તે દમાસકસની બાજુએ આવી પુગો ત્યારે જે દરવાજામાં થઇને તે શહેરમાં જવાનો ઇરાદો રાખતો હતો તે દરવાજાની બાહેર પોતાનાં તંબુઓ તેણે ઠોકયા; પોતાના રીસાલાને થાક આપવાને માટે તથા મીસર દેશના સુલતાનને સારૂ તેને લાયકની શહેરમાં જે કંઇ અજાયબ જેવી ચીજો મલે તે લેવા માટે પાછો ત્રણ દાહાડા રેહવાનો ઠેડાવ કીધો. હવે જ્યારે શમસુદીન પોતાનાં તંબુમાં તે શહેરના મુખ્ય વેપારીઓ સરસ અને સારૂં કપડું તથા બીજો તરેહવાર કીસમનો માલ લઇ આવ્યા હતા તે જોવામાં તથા ખરીદ કરવામાં ગુઠાયો હતો ત્યારે અજીબે પોતાના ગુલામને તે શહેરમાં જે કંઇ આગલ જોયું નહીં હતું તે દેખાડવા માટે તથા પેલા મીઠાઇગરને મોટો પથરો મારયો હતો તેનું શું થયું તેની ખબર કાહાડવાને માટે લઇ જવાને હોકમ કીધો. પેલો ગુલામ તેનાં હોકમને તાબે થઇને પોતાની બાઇ ખુબસુરતીની રાણીનો હોકમ લઇ અજીબને શહેરમાં લઇ ગયો.

શમસુદીન મહોમદના તંબુ આગલથી જે દમાસકસમાં દાખલ થવાનો રસ્તો હતો તે દરવાજામાં થઇને તેઓ શહેરમાં દાખલ થયા. તેઓ મોટા રસ્તા ઉપરથી જે જગાએ સૌથી સરસ માલ વેચાતો હતો તે રસ્તા ઉપર થઇને ઓમયાદની મસજીદ આગલ આવ્યા; અને આસરે ત્રણ વાગે નીમાજ પઢાતી હતી તે સાંભલવા અને અંદરથી તે પોતાના નોકર સાથે મસીદ જોવા ગયા; ત્યાંથી તેઓ બદરૂદીન હસનની દુકાન આગલ આવી પુગા અને બદરૂદીનને તેઓએ હજુર સુધી પેલા ઉત્તમ જાતના સમોસા બનાવતાં જોયો તેથી અજીબ ખુશી થઇ બોલ્યો કે "સાહેબ મેહરબાન! તમો મને ઓલખો છો કે નહીં?" આ સખુન સાંભલતાં વારજ તે છોકરા તરફ બદરૂદીને જોયું કે તુરતજ તેણે ઓલખ્યો. તેજ પળે તેનો બાપીકો જુસ્સો પાછો ઉભરી આવ્યો અને તેના દીલમાં એવી તો લાગણી થઇ કે તે સમજી નહીં શકયો કે તે છોકરા તરફ તેનું ખેંચાન એટલું બધું શું કામ થાય છે; જોકે તેને તુરતજ યાદ આવ્યું કે તે છોકરાએ તેનું માંથુ ફાડી નાંખ્યું હતું તોબી તેની તરફ એટલી તો માયા ઉભરી આવી કે તે થોડો વખત સુધી તો એક બોલબી બોલી શકયો નહીં. છેલ્લે તે પાછો સુદ્ધીમાં આવ્યો અને બોલ્યો "મારા જવાન સાહેબ એક વાર ફરી તમો મારી દુકાનમાં આવો અને તમારા રખેવાલ સાથે થોડાક મારા બનાવેલા ફરમાસુ સમોસા ખાવાની મેહરબાંની કરો."

[જુઓ પાસેના સફાનું ચીત્ર.

પાછો બદરૂદીન બોલ્યો "તમારી પાછલ પાછલ હું તે દીવશે આવ્યો તે માટે હું તમારી પાસે માફ માંગુ છું પણ તેમ મેં જાણી જોઇને કીધું નથી પણ બેખબરીમાં કીધું છે મને પોતાને પણ ખબર નથી કે હું શા કારણથી તમો લોકોની પાછલ આવ્યો હતો. કોઇ જાતની એવી લેહ મને લાગી હતી કે ગોયા હું તમારી પાછલ ઘસડાઇજ આવ્યો હતો."

બદરૂદીન હસનના બોલવા ઉપરથી અજીબ ઘણો અજાયબ થયો અને બોલ્યો કે "મેં જે દોસ્તી તારી સાથે પાડી તેને તેં હદ બાહેર લંબાવી હતી તેથી તું જ્યાંસુધી મને કબુલાત નહીં આપે કે તું હવે અમારી પાછલ પાછલ નહીં આવશે ત્યાંસુધી હું તારી દુકાનમાં પગ મુકવાનો નથી. જો તું તારી કબુલાત પાલશે તો વલી હું પાછો કાલે મારા બપાવા સાથે શેહેરમાં ખરીદીપર આવવાનો છું ત્યારે તારી દુકાનની મુલાકાત લઇશ." બદરૂદીન બોલ્યો "મારા ન્હાના શેઠ તારી જેમ મરજી હશે તેમ કરવાને હું તૈયાર છું" તે સાંભલી અજીબ તથા પેલો રખેવાલ ગુલામ બદરૂદીનની દુકાનમાં દાખલ થયા.

બદરૂદીને તુરત તેઓ આગલ થોડાક ઉત્તમ સમોસા લાવી મુકયા ને તેઓને ખાવાને અરજ કીધી. તે સાંભલી અજીબ બોલ્યો "ચાલ આવ તુંબી અમારી પાસે બેસીને અમારી સાથે ખા."

બદરૂદીન હસન તેની નજદીક બેઠો અને તેના દીલમાં એટલો તો પ્યાર ઉભરી આવ્યો કે તે અજીબને બગલગીરી કરી બોસો લેવા ગયો તેથી અજીબે તેને ગુસ્સાથી કહ્યું કે "દુર રહે! તું મારી દોસ્તીનો ઘણો લાભ લેવા જાય છે, તારે મને દુરથીજ જોઇને સંતોષ માની લેવો જોઇએ અને મારી સાથે વાતચીત કરીને તારાં દીલને ખુશી કર." બદરૂદીને તુરત તેનું કહ્યું કબુલ કીધું અને એક ગાયન જે તેણે અજીબની તારીફમાં તુરતજ જોડી કાહડયું હતું તે ગાઇ સંભલાવ્યું. તેણે કાંઇ ખાધું નહીં પણ પોતાના પરોણાઓની મદારત કરવામાંજ રોકાઇ રહ્યો. જ્યારે તેઓ ખાઇ રહ્યા ત્યારે તેઓના હાથ ધોવા માટે પાણી આપ્યું અને હાથ નુછવા માટે એક ઘણોજ ઝીનો તથા ફરમાસુ રૂમાલ આપ્યો. ત્યારપછી બદરૂદીને એક શરબતનો શીશો લીધો અને એક 'બોલ'માં તે નાખીને તે મધે બરફ નાખ્યું. અને તેમાંથી એક પ્યાલો ભરીને અજીબને આપી બોલ્યો "આ ગોલાબી શરબત લેવો. આવું ઉત્તમ શરબત આખાં દમાસકસમાં મલશે નહીં. આના જેવું શરબત તમોએ કદીબી ચાખ્યું નહીં હશે." અજીબે તે મોટી ખુશી સાથે થોડુક પીધું અને ખુશ થયો. ત્યારપછી પેલું 'બોલ' ગોલામ આગલ મુકયું કે તે તેનું ટીપેટીપું ગટાવી ગયો.

જ્યારે અજીબ ને તેનો ગોલામ સારી પેઠે તૃપ્ત થયા ત્યારે બદરૂદીનનો ઉપકાર માની અસુરૂં હોવાથી તંબુ તરફ ચાલવા લાગા. જ્યારે તેઓ શમસુદીનનાં તંબુ આગળ જઇ પુગા ત્યારે પેહેલાં તેઓ અજીબની બપાઇ આગલ ગયા. તેની બપાઇ અજીબને પોતાની તરફ આવતો જોઇને તેને પેટમાં ચાંપવા ગઇ પણ જ્યારે તે અજીબને કોટી કરતી હતી ત્યારે તેણીને પોતાનો છોકરો હમેશાં યાદ આવતો હતો તેથી તે કેટલોએક વાર રડી અને તેના બેટા ઉપર હજારો આફરીન કરવા લાગી. તે બોલી કે મારા પ્યારા છોકરા હું જેમ તુને હમેશાં કોટી કરૂં છું તેમ આગળ હું બદરૂદીનને કોટી કરતી હતી. પછી તે ખાવા બેઠી ત્યારે અજીબને પોતાની આગળ બેસાડયો અને ગુલામ સાથે ફરવા ગયો હતો ત્યારે શેહેરમાં શું શું નવી ચીજો જોઇ તે વિશે તેને પુછવા લાગી. જ્યારે તેને ખાવા કહ્યું ત્યારે તે બોલ્યો કે મારૂં પેટ ઘણું ભરેલું છે અને આજ બપોરનું મને કંઈ ખાવા નથી ગમતુ. જ્યારે તેની બપાઇએ એવું સાંભળ્યું ત્યારે પોતાનાં હાથના બનાવેલા એક મલાઇનાં સમોસાનો કટકો ખાવા આપ્યો કે જે ઘણો લેજતદાર હતો કાંયકે બદરૂદીનની મા મલાઇનાં સમોસા ઘણા ફરમાસુ કરતી હતી. પેલીએ એક ન્હાનો કટકો પેલા ગુલામને પણ આપ્યો પણ તેઓ બદરૂદીનનાં ઘરમાં એટલું તો પુશકળ ખાઇ આવ્યાં હતાં કે કંઇ વધારે ખાવાની તેઓમાં તાકાત રહી ન હતી.

અજીબે જેવો પેલો સમોસાનો કટકો લીધો તેવોજ તેણે ચાખ્યા વગર પાછો મુકયો અને કહ્યું કે તે મને ગમતો નથી. પેલા શાબાન ગુલામે પણ તેમજ કીધું. પેલી નુરદીન અલીની વીધવા પોતાના છોકરાના છોકરાને પોતાનાં હાથનો સમોસો નહીં ગમતો જોઇને ઘણી દલગીર થઇ. તે ઘણી દલગીર થઇને બોલી કે શું મારો છોકરો મારા હાથનાં કામને ધીકારેચ? તું યાદ રાખજે કે દુન્યામાં આવા

મલાઇનાં સમોસા મારા અને મારા છોકરા બદરૂદીન હસન કે જેને મેં કરતાં શીખવ્યો છે તે સીવાય બીજું કોઇ કરી જાણતું નથી. અજીબ બોલ્યો કે "મારી પ્યારી મમાઇ મને કેહેવા દો કે આએ શેહેરની અંદર એક મીઠાઇગર છે તે તમારાં કરતાં ઘણાં વધારે સરસ મલાઇનાં સમોસા કરી શકે છે. હમો હમણાંજ તેની દુકાને જઇને સમોસા ખાઈ આવ્યા કે જે તમારા સમોસાને લેહજતમાં વધારે હટાવેછે." જ્યારે આ વાત સાંભળી ત્યારે તે ઘણી ગુસ્સે થઇને બોલીકે "ઓ શાબાન, મેં તારા હાથમાં મારા છોકરાને આપ્યો ને તેની સંભાળ લેવા કહી તે આવી લીધી કે? એક ભીખારીની માફક મારા છોકરાને એક ભડીઆરાની દુકાનમાં ખાવા લઇ ગયો?" પેલા ગુલામે જવાબ દીધો, કે અમે મીઠાઇગરની દુકાન આગળ ઉભા રહીને તેની સાથ વાત કીધી, એ વાત ખરી છે પણ અમોએ કંઇ તેની દુકાન ઉપર ખાધું હતું નહીં. અજીબ બોલ્યો, કે તું જુઠું ના બોલ. આપણે તે દુકાન ઉપર એક મલાઇનો સમોસો ખાધો અને ત્યાર પછી ઘણું સુંદર થંડુ શરબત પીધું. આએ સાંભલીને તે એટલી તો ગુસ્સે થઇ કે ઘણાં ગુસ્સામાં ટેબલ પરથી ઉઠી દોડતી દોડતી તે પોતે શમસુદીનનાં તંબુમાં ગઇ અને પેલા ગુલામનો વાંક વજીર આગળ એટલો તો ચહડાવીને કહ્યો કે તે પણ ઘણો ગુસ્સામાં આવી ગયો.

શમસુદીન મહમદ જે કુદરતથીજ ઘણાં તીખા મીજાજનો માણુસ હતો, તેણે જ્યારે આ વાત સાંભલી ત્યારે તે બેહદ ગુસ્સામાં આવ્યો. તે પોતાના ભાઇની વીધવાનાં તંબુમાં તરત ગયો અને પેલા ગુલામ આગળ આવીને કહ્યું કે શું ઓ કમબખત માણુસ મેં તારી ઉપર વીશ્વાસ મુકયો તેનો તેં આવી રીતે ઘાત કીધો કે? શાબાને વજીરને કહ્યું કે અમે તેની દુકાનમાં ખાધું નથી પણ પેલા છોકરાએ કહ્યું કે બાવા અમે ખચીત ખાઇ આવ્યા છીએ. અમોએ એટલું તો ખાધુંછે કે અમોને ખાવાની ભુખ પણ નથી અને એ સીવાએ અમોએ તે મીઠાઇગરની દુકાનમાં એક મોટું પ્યાલું ભરીને શરબત પીધું તે તો જુદું. શમસુદીન મહમદે કહ્યું કે શાબાન આ સઘલું મારો છોકરો કહે છે તે શું તું માનેછે કે નહીં? શાબાને ફરીથી પણ સોગન ખાઇને કહ્યું કે હમે કંઇ ખાધું નથી. વજીરે જવાબ આપ્યો કે ત્યારે તો તું જુઠો છે. હું મારા છોકરાનું તારા કરતાં વધારે માનું છું પણ હજુરબી આએ ટેબલ ઉપર જે કંઇ મલાઇનો સમોસો છે તે ખાઇ જશે તો હું તુને ખરો જાણુશ.

જો કે શાબાન તો ગલાં સુધી આવ્યું ત્યાં વેર બદરૂદીનની દુકાનમાં ખાધું હતું, તોબી સમોસો ખાવાને તેણે કબુલ કીધો અને એક સમોસાનો કટકો લઇને ખાવા ગયો પણ તેનેથી ખવાયું નહીં. શાબાને કહ્યું કે મેં બપોરે ઘણું ખાધુંછે માટે મારાથી ખવાતું નથી. પેલો વજીર આએ ગુલામના આવા જુઠા કારણોથી એટલો તો ગુસ્સે થઇ ગયો કે તે ગુનેહગાર છે એવી તેની ખાતરી થઇ તેથી તેને જમીન ઉપર ઉંધો નાખીને તેની પીઠ ઉપર ફટકા મારવાનો હોકમ કીધો. જે વખતે આ ફટકાના જપાતા પડવા લાગા ત્યારે તે ચીચારી પાડવા લાગો અને માર નહીં ખમાવાથી આખરે પોતાનો વાંક કબુલ કીધો ને પોકારી ઉઠયો કે "હા એક મીઠાઇગરની દુકાને અમો સમોસા ખાઇ આવ્યા છીએ અને તે આ ટેબલ પર પડેલા સમોસા કરતાં સેંકડો દરજજે સરસ હતા." નુરદીન અલીની વીધવાએ ધારયું કે તે ગોલામ તેણીની તરફની ઇર્ષા માટે તેણીના બનાવેલા સમોસાને વગોવે છે અને તેણીના જેવા સમોસા કોઇ કદીબી બનાવી શકે એ નહીં બને એવું હોવાથી તેણીની બોલી કે "નાપાક ગોલામ તું જુઠું બોલે છે મારા કરતાં સરસ સમોસા કોઇબી બનાવી શકેજ નહીં માટે જા તું તે મીઠાઇગરની દુકાન જાણે છે તો ત્યાં જઇને અતર ઘડી એક સમોસો ખરીદ કરી લાવ." એમ કહી તે ગોલામને થોડાક પૈસા આપવાનો હોકમ કીધો જે લઇ તે સમોસો લેવા ચાલ્યો. જ્યારે તે ગોલામ બદરૂદીન હસનની દુકાને ગયો ત્યારે તે બોલ્યો કે "આ પૈસા લે અને તારો બનાવેલો એક સમોસો આપ, તે ચાખવાની અમારી મોહાં બાઇની મરજી થઇ છે." ત્યાં તરતનાંજ ભઠીમાંથી કાહડેલા ગરમાં ગરમ સમોસા હતા, તેમાંથી

એક સોજો જોઇને બદરૂદીને પેલા ગુલામને આપ્યો અને કહ્યું કે "આ સરસમાં સરસ છે અને હું ખાતરીથી કહું છું આખી દુન્યામાં કોઇ આવા સમોસા બનાવી જાણતું નથી, પણ ફક્ત બીજું એકજ જણ તે બનાવી જાણે છે જે મારી મા છે અને જે કદાચ હજુર જીવતી હશે."

શાબાન ઝડફથી પેલો સમોસો લઇને તંબુ તરફ પાછો ફરયો ને પેલો સમોસો નુરદીન અલીની વીધવાની સામે મુકયો જે તેણીએ ઘણી અધીરાઇથી તપાસ્યો. તેણીએ તેમાંથી એક કકડો ભાંજ્યો અને ચાખી જોયો અને હજુર તો તે તેણીની જીભને લાગો નહીં તેટલાંજ તે એક મોટી ચીસ મારીને બેસુદ્ધ થઇ પડી. આ બનાવથી શમસુદીન મોહમદ જે ત્યાં હાજર હતો તે ઘણો અજાયબ થયો. તેણે પોતાની ભોજાઇને મોહપર પાણી છાંટયું અને તેણીને હુશીયાર કીધી, જેવી તે હુશીયાર થઇ તેવીજ પોકારી ઉઠી કે "ઓ ખોદા આ સમોસા બનાવનાર કોઇજ નહીં પણ મારો પ્યારો બેટો બદરૂદીન હસનછે."

જ્યારે શમસુદીન મહોમદે પોતાની ભોજાઇને મોહડેથી સાંભળ્યું કે તે સમોસા બનાવનાર બદરૂદીન હસન છે, ત્યારે તેની ખુશાલીનો પાર રહ્યો નહીં પણ તેની ભોજાઇ જે પાયા ઉપરથી તે સમોસા બનાવનારને બદરૂદીન તરીકે ગણુવા માગતી હતી, તે પાયો ઘણો લુલો લાગ્યો; તેથી તે બોલ્યો "બાઇ તમો એ શા ઉપરથી કહી શકો છો? શું દુન્યામાં તમારા છોકરા સીવાય બીજો કોઇબી એવા સમોસા બનાવીજ નથી જાણતો?" તેણીએ જવાબ દીધો હું કબુલ કરૂં છું કે મારા છોકરા સીવાય બીજા ઘણાબી પડ્યા હશે કે જેઓ વધારે સારા ને ઉત્તમ સમોસા બનાવી જાણતા હશે, પણ હું એક જુદીજ અને ચોકસ રીતે બનાવુંછુ, એ રીત કોઇજ નહીં પણ મારો છોકરો બદરૂદીનજ જાણેછે માટે મારી ખાતરી છે કે તે તેજછે. તે મારો પ્યારો છોકરો બદરૂદીન છે, તેટલા વાસ્તે મારા ભાઇ ચાલ ખુશી થા અને રામશનીના પોકાર ઉઠાવ; જેને આપણે એટલાં વરસ થયાં ઢુંડચે છીયે તે છેલે સરવાલે આપણને મલી આવ્યો છે. વજીરે જવાબ દીધો કે બાઇ હું તમારી પાસે માંગી લઉ છું કે જરા ધીરજ પકડો અને હું તમોને તેને લાવી દેખાડીશ. જે આપણને કરવાનું છે તે એજ કે તે મીઠાઇગરને આપણે બોલાવી મંગાવ્યે અને ત્યાર પછી તે બદરૂદીન છે કે નહીં તે તમો તરત ઓલખી કાહાડશો. પણ તમોને બંને ને સંતાવું જોઇશે કે જેથી તમો તેને જુવો પણ તે તમોને જોય નહીં, કાંકે દમાસકસમાં આપણુને એકમેકની ઓળખાન કરવી લાજમ દીસતું નથી.

એમ કહીને તેણીનાં તંબુમાંથી વજીર પોતાનાં તંબુમાં ગયો કે જ્યાં તેણે પોતાના માણસોમાંથી પચાસ માણસ બોલાવ્યા અને કહ્યું કે દરએક જણ એકકી લાકડી લેવો અને શાબાન આ શેહેરનાં એક મીઠાઇગરની દુકાન આગલ લઇ જાય ત્યાં જાવો; જ્યારે તેની દુકાન આગલ પુગો ત્યારે જે કંઇ તેની દુકાનમાં જુવો તેને ભાંજી ફોડી કટકા કરજો અને અગરજો તે તમોને પુછે કે આ સઘલો નાશ શા માટે કરોછો તો કેહજો કે શું પેલા માવાનો સમોસો તેં બનાવ્યો હતો? અગરજો તે હા કહે તો તેનાં દીલ પર એક ઘણી પટલી બેડી નાખીને તેને મારી આગલ લાવજો; પણ યાદ રાખજો કે તેને જરા પણ મારતા ના; તેના એક બાલને પણ જરા ઇજા દેતા ના; જાઓ વખત લગાડયા વગર જલદી આવો.

પેલા વજીરે જેમ તેઓને હોકમ આપ્યો હતો તેમ તેઓએ કીધું. જે માણસોની ટુકડી શાબાનની સાથે બદરૂદીનનાં ઘર આગલ ગઇ, તેઓએ ત્યાં રકાબીઓ, વાસણો, પેનાઓ, ટેબલો અને જે કંઇ સઘલું જોયું તે ભાંજફોડ કરી નાખ્યું અને જે શીશાઓમાં શરબત હતું તે જેટલું તેઓથી પીવાયું તેટલું પીને બાકીનું ઘોલી નાખી શીશાઓ ભાંજી નાખ્યા; જેટલા માવાનાં સમોસા ખવાયા તેટલા ખાધા અને બાકીનાં બાહેર ફેંકી દીધા. બદરૂદીન અજાયબ થઇને તેઓને દયા આવે એવી રીતે બોલ્યો કે બાઇઓ તમો મારી ઉપર એટલો જુલમ શા માટે ગુજારો છો? એ શું બીનાં છે? મેં શું ગુનાહ કીધો છે? આ

સવાલોના જવાબ આપ્યા વગર તેઓ સઘલું ભાંજતાજ ગયા અને છેલે સરવાલે બીચારાની ભઠ્ઠી પણ ખોડીખણી તેની નીશાન નાબુદ કરી નાખી.

હવે આ પચાસ હથીઆરબંધ માણસોને આવો બગાડ કરતાં જોઇને, આસપાસનાં પડોસીઓ ઘણા ગભરાયા અને તેથી તેઓ પુછપરછ કરવા લાગા. બદરૂદીને એક વખત ફરીથી આએ ગુલોમોને આટલો નાશ કરવાનું કારણ પુછયું અને કહ્યું કે મેં શું ગુનાહ કીધો છે કે તમો મારો આવી રીતે બગાડ કરો છો? તેઓએ જવાબ આપ્યો કે આએ ગુલામને જે મલાઇનો સમોસો વેંચ્યો તેનો બનાવનાર તુંજ કે કોઇ બીજો? તેણે જવાબ આપ્યો કે હા તે બનાવનાર હું અને હુંજ; હજુર પણ હું કહું છું કે તે ઘણો સરસ હતો, વાસ્તે મને આવી શીક્ષા ઘટતી નથી, પણ પેલાઓએ તો તેનું જરા પણ સાંભલ્યા વગર તેને પકડયો અને તેની પાઘડીએ તેનાં બંને હાથો તેની પીથ પછવાડે બાંધીને ઘસડતા ઘસડતા દુકાનની બાહેર લઇ ગયા. લોકોનું ટોલું જે બદરૂદીનની આસપાસ આસ્તે આસ્તે એકઠું થયું હતું તે પણ બદરૂદીનની તરફથી બોલવા લાગું, અને જેથી એક મોટી મારામારી થઇ; પણ આએ બારીક વખતે તે શહેરનો હાકમ આવી લાગો, જેણે બદરૂદીનને ફરીથી બાંધીને લઇ જવાને હોકમ કીધો અને લોકોને જલદી વીખરી નાખ્યા, સબબ શમસુદીન મહોમદ એક ગમથી પોતાના માણસો મોકલીને બીજી ગમથી ત્યાંનાં હાકમ પાસે ગયો હતો અને તેને પોતાની મકસદથી વાકેફ કીધો હતો. આ હાકમ જે મીસર દેશનાં સુલતાનનાં નામથી આખા સીરીઆમાં હકુમત ચલાવતો હતો તેણે સુલતાનનાં વજીરને કંઇ પણ ચીજ ના કેહેવાને દરૂસ્ત વિચાર્યું નહીં; આથી કરીને બદરૂદીનને તો આખરે પેલાઓ સાથ જવું પડયું.

તંબુમાં તેને લઇ ગયા. ગરીબ બીચારો બદરૂદીન આંખમાં આંસુ લાવીને બોલ્યો કે, "મારા શેઠ મેહરબાની કરીને મને કહો કે મેં તમોને શા માટે ગુસ્સે કીધા?" વજીર બોલ્યો કે "ઓ કંગાલ મારી ઉપર જે સમોસો તેં મોકલ્યો તે શું તેં બનાવ્યો?" બદરૂદીને જવાબ દીધો કે "હા તે મેં બનાવ્યો, પણ તેમાં મારો વાંક શું થયો?" શમસુદીને કહ્યું કે "હું તારા વાંક પ્રમાણે તુંને શીક્ષા કરશ; મને એવો ખરાબ સમોસો મોકલ્યો માટે હું તારો જીવ લેવશ." બદરૂદીન બોલ્યો કે "ઓ ખોદા આ શું ગજબ? એક ખરાબ સમોસો બનાવ્યો તેબી એક મોટો વાંક કેહેવાય?" વજીરે કહ્યું કે "હા અને તેટલા વાસ્તે તારી શીક્ષામાં હું કંઇ પણ દયાની નીશાન દેખાડનાર નથી."

શમસુદીન મહોમદે તેજ રાત્રે મીસર તરફ જવાનો ઠેરાવ કીધો હતો તેથી પોતાનાં તંબુઓ ઊંચકી નાખવાનો અને મુસાફરીને વાસ્તે સઘલી અગતની તૈયારી કરવાનો હોકમ કીધો. બદરૂદીનને તો એક જરીની મોટી પેટીમાં બંધ કીધો, અને તે પેટીને ઊંટપર લાઢી. જ્યારે સઘલી ચીજો તૈયાર થઇ ત્યારે વજીરે અને તેનાં રીસાલાએ કુચ કરવાનું સરૂ કીધું અને કયે આસાએશ લીધા વગર રાત દીવસ મુસાફરી કીધી. ત્યાર પછી તેઓએ બદરૂદીનને તેની પેટીમાંથી ખોરાક આપવા માટે થોડો વખત બાહેર કાહડયો પણ સંભાલ રાખી હતી કે તેની મા તથા બાયડી ઉપર તેની નજર નહીં પડે. એજ મુજબ વીસ દીવસની મુસાફરીમાં તેઓએ તેને ખોરાક આપવા માટે બાહેર કાહડ્યા કીધો હતો.

જ્યારે તેઓ-કેરો શેહેરમાં આવી પુગા ત્યારે તેઓએ ત્યાં પોતાની છાવણી કીધી. શમસુદીને બદરૂદીનને પોતાની આગલ બોલાવ્યો અને તેનાં દેખતાં એક સુથારને જલદીથી ફાંસીનાં લાકડાં તૈયાર કરવાને હોકમ કીધો. બદરૂદીન બોલ્યો કે ફાંસીનાં લાકડાંને શું કરો છો? પેલા વજીરે જવાબ દીધો કે તુંને ખીલા ઠોકીને ગામમાં ફેરવવો કે જે કોઇ મીઠાઇગર મરી વગર માવાનાં સમોસા બનાવે તેના એવા હાલ થાય. આએ સાંભલીને બદરૂદીન એવી તો હસવા સરખી રીતે રડવા લાગો કે શમસુદીન

દમ બાંધીને ચુપ બેસી રહ્યો. બદરૂદીન બોલ્યો કે ઓ ખોદા મલાઇનાં સમોસામાં મરી નહીં નાખ્યા માટે આવાં ઘાતકી અને હીનસપતી ભરેલાં મોતે મારી જીંદગી ખતમ કરૂં ?

બદરૂદીન હસન બોલ્યો કે મલાઇનાં સમોસામાં મરી નહીં નાખ્યા માટે શું મને બાંધવો, મારા ઘરનાં વાસનો ભાંજી નાખવાં, મને બંદીવાન કરી એક પેટીમાં મુકવો અને છેલે સરવાલે મને ખીલા મારવા? અરે ખોદા આવી વાત કોણે સાંભળી છે? શું આ મુસલમાનની રાજનીતી? શું એક માણુસ કે જેની ફરજ અદલ ઇનશાફ અને બીજાં સઘળાં સારાં કામો કરવાની છે તેંનું આ કામ? "આ બોલો બોલીને તે રડવા લાગો અને ત્યાર પછી પાછો આ પ્રમાણે ફરીઆદ કરવા લાગો કે, કોઇ પણ શખ્સ ઉપર આવી ગેરઇનસાફી અને જુલમ ગુજરયો નહીં હોશે! શું આએ બની શકે એવું છે કે મલાઇનાં સમોસામાં જે માણુસ મરી નહીં નાખે તેનો જાન લેવો? મારા જનમ કાળ ઉપર ફીતકાર હોજો! અરે ખોદા હું જનમ્યો તેવોજ શા વાસતે નહીં મરી ગયો?

રાત થોડી વીતી હતી માટે શમસુદીને બદરૂદીનને પાછો પેટીમાં મુકવાનો હોકમ કીધો અને કહ્યું કે ત્યાં કાલ સુધી રેહે, અને દાહાડો નહીં ચડશે તેટલામાં હું તુને મારી નાખવાનો હોકમ કરશ! ત્યાર પછી પેલી પેટી ઊંટપર લાધી અને સઘળાં ઊંટોને પાછો લાધવાનો હોકમ કીધો. વજીર પોતાના એક તેજી ઘોડા ઉપર સવાર થયો અને પોતાના ભત્રીજાનાં ઊંટને આગળ ચલાવાને હોકમ કીધા પછે તે પોતાના રીસાલા સાથે શેહેરમાં દાખલ થયો ત્યાં જઇ પેલી પેટી ઊંટપરથી ઉતરાવી અને એવો હોકમ કીધો કે મારા હોકમ વગર કોઇ પેટી ઉઘાડે નહીં.

પોતાનો સામાન સારી રીતે ઉતારવાનો હુકમ કરી વજીર બદરૂદીનની માને અને પોતાની છોકરીને એક ગમ લઇ ગયો અને પોતાની છોકરીને કહેવા લાગો કે તારા પીતરાઇ અને તારા ખાવંદને આ વખતે આપણે મળ્યા તેથી ખોદાનાં શુકર બજાવ. તારા પરણવાની રાતે તારો ઓરડો કેઇ રીતે સાંગારેલો હતો તે તુને ખબર છે? તેમાંની સઘલી ચીજો જેમ હતી તેમ પાછી મુક; અને અગરજો તુને યાદ નહીં હોય તો તે વખતની સઘળી ચીજો કેમ હતી તેની યાદદાશ્ત મેં લખી લીધી તે જઇને તપાસ, બાકીનું બીજું શું કરવાનું છે તેની હું સંભાળ લેવશ.

પેલી ખુબસુરતીની રાણી ખુશી થઇ પોતાનાં બાપનો હોકમ બજાવા ગઇ. પોતાના બાપે કીધેલી નોંધ મુજબ દરેક ચીજ બરાબર પોતાના સુવાના ઓરડામાં ગોઠવી તથા પેલી પાઘડી અને અશરફીની કોથલીબી જેમની તેમ જ્યાં હતી ત્યાં મુકી. વજીરે જ્યારે સઘળું બરાબર થઇ રહ્યું ત્યારે પોતાની છોકરીને કહ્યું કે 'મારી છોકરી તું ઘોલીઆ ઉપર સુઇ જા. જ્યારે બદરૂદીન આવે ત્યારે તેને કેહેજે કે તમો એટલો વખત કયાં હતા? હું ઉઠી ને મારા પાસામાં તમોને નહીં જોયા તેથી તમારી વાત જોયા કરૂં છું અને તેને બોંહોસ કરીને પાછો બીછાનાં ઉપર સુવરાવજે અને સવારનાં ઉઠીને તારી અને તેની વચે શું બનેછે તે મને તથા તારી સાસુને કહીને હમારાં દીલ ખુશી કરજે." એમ કહીને તે પોતાની છોકરીનાં ઓરડામાંથી બાહેર ગયો.

શમસુદીન મહોમદે પોતાનાં સઘળા ચાકરોને બે ત્રણ સીવાય ઓરડાની બાહેર જવાનો હોકમ કીધો. આ બે ત્રણ શખ્સોએ, બદરૂદીનને પેટીમાંથી કાહડીને આસ્તેથી રાતનાં પેહેરી સુવાનો સાયો તથા એક ઇજાર પેહેડાવીને ઓરડામાં મુકી બારણું બંધ કરવાનો હોકમ કીધો. બદરૂદીન હસન જો કે ઘણો દલગીર હતો તોબી તે ઘણો થાકી ગયો હતો તેથી ભર ઊંઘમાં પડયો હતો. તે એટલો તો ઉંઘમાં પડેલો હતો કે વજીરના ચાકરોએ તેને પેટીમાંથી બાહેર કાહાડયો, તેને બીજાં કપડાં પેહરાવ્યા અને તેને જ્યાં સુધી ઓરડામાં લઇ ગયા ત્યાં સુધી તે જાગૃત થયો નહીં અને જ્યારે ઉઠયો ત્યારે તે કયાં છે તે પોતે જાણી શકયો નહીં. જ્યારે તેણે પોતાને ઓરડામાં એકલો જોયા ત્યારે પોતે ધ્યાન રાખીને

આસપાસ જોવા લાગો. પોતાનાં લગનની વખતે સુલતાનનાં ઘોડાવાલાને જે ઓરડામાં જોયો હતો તેજ ઓરડામાં અને તેજ ચીજો આગળ પાછો પોતાને જોઇને તે હેરત થવા લાગો પણ જ્યાં પોતાનાં સુવાનાં ઓરડા આગળ જઇને બારણું ઉઘાડીને પોતાની પરણવાની રાતે જે જોયું હતું તે પાછું જોયું ત્યારે વધારે અજાયબ થવા લાગો અને આંખ ચોલીને પુછવા લાગો કે 'મારા ખોદા હું ઉઘાઊંછ કે જાગું છું?'

પેલી ખુબસુરતીની રાણી જે પેલાની અજાયબી ઉપર મોજ મારતી હતી, તેણીએ પોતાનાં સુવાનાં ઘોલીઆની મછરદાની ઊંઘાડી પોતાનું માથું બાહેર કાંહાડી ઘણુાજ મીઠા અવાજથી કહ્યું કે "મારા પ્યારા ધણી બારણાં આગળ શું કરો છો? મેં ઉઠીને તમોને મારા પાસામાં નહીં જોયા ત્યારે હું ઘણી અજાયબ થવા લાગી." જ્યારે બદરૂદીને જોયું કે જે બાયડી હાલ મારી સાથે વાત કરેછે તેજ ખુબસુરત બાયડી સાથે હું આગળ સુતો હતો ત્યારે તેના મોહોડાનો રંગ બદલાયો; તે પેલા ઓરડામાં દાખલ થયો પણ દસ વરસમાં જેટલું તેણે જોયું હતું તથા તેની ઉપર ગુજર્યું હતું તેટલું એક રાતમાં કેમ બને એવો વિચાર કરીને તે પોતાનાં કપડાં તથા અશરફીની આગળ ગયો અને તેઓને બરાબર તપાસવા લાગો. જ્યારે તપાસી રહયો ત્યારે તે મોટેથી બોલી ઉઠયો કે "હું ખોદાનાં સોગન ખાઇને કહું છું કે હું આએ જે જોઉ છું તે સઘલું સમજી નથી શકતો." પેલી ખુબસુરતીની રાણી જે આ સઘલું જોયા કરતી હતી તે બોલી "મારા પ્યારા ખાવીંદ હું એક વાર ફરી અરજ કરૂછું કે બીછાના પર આવો તમોને ધભરાટ શા માટે થાય છે?" આ અવાજ સાંભળી તેની તરફ ફરી બદરૂદીન બોલ્યો કે "બાઇ મેહેરબાંની કરીને મને કેહો કે શું તમારી આગલથી ઘણો વખત થયો હું જુદો નથી પડયો?" પેલીએ જવાબ દીધો કે "તમારો સવાલજ મને ઘણી અજાયબીમાં નાખે છે. શું તમો મારી આગલથી હમણાં નહીં ગયા? ખરેખર તમારા વિચારો કેથે ભમેછે" બદરૂદીને જવાબ આપ્યો કે "ખરેખર મારા વિચારો ઘણા ભમેછે. મને યાદ છે કે હું તમારી આગલ સુતો હતો પણ તેમ હું ત્યાર પછી દશ વરસ દેમાસકસમાં હતો એવું પણ મને યાદ છે. હવે અગરજો હું આજે રાતે તમારીજ સાથે સુતો હોઊં તો કદી હું એટલો લાંબો વખત બાહેર નહીં ગયો હોઇશ સબબ કે આ બે ચીજો સાથે તો કદી નહીં બની શકે એવીજ છે. મેહેરબાની કરીને મને કહો કે શું આ એક સ્વપ્નો છે?" તેણીએ જવાબ આપ્યો કે "મારા ધણી ખરેખર જ્યારે તમે એવુંજ વિચારોછો કે તમો દેમાસકસમાં હતા ત્યારે જરા તમારૂં મજખ ભમતું હશે ખરૂં" આ સાંભલીને બદરૂદીન ખડખડ હસી પડયો અને બોલ્યો કે "ખરેખર આ કેવો હસવા જેવો વિચાર છે. મારી ખાતરી છે કે જ્યારે મારા સ્વપ્નાની તમુંને વાત કેહેવશ ત્યારે તમોને તેથી ઘણી મજાહ લાગશે. તમે જરા દરીઆફ્ત કરો કે જેમ હમણાં હું તમારી આગલ છું તેમ એજ કપડાંમાં હું દેમાસકસનાં દરવાજા આગલ હતો. હું જ્યારે દરવાજાની અંદર ગયો ત્યારે સઘલાં લોકો મને ચીડવતાં મારી પછવાડે આવ્યાં; ત્યાર પછી હું એક મીઠાઇગરની દુકાન ઉપર ગયો કે જેણે મને પોતાનો છોકરો કરી લીધો અને પોતાનો ધંધો મને શીખવ્યો, અને જ્યારે તે મરી ગયો ત્યારે સઘલી દોલત તે મને આપી ગયો; ત્યાર પછી મેં મારાં નામથી તેની દુકાન ચલાવી, ટુકામાં મેં એટલી તો કાહાણીઓ ખમી છે અને જોઇછે કે જે કેહેતાં પણ મને કંતાલો લાગેછે. હા! હા! હા! શું આ વળી કદી સ્વપ્નું હોય? નહીં નહીં." પેલી ખુબસુરતીની રાણી જુઠો ઢોંગ કરીને ગભરાએલી બોલી ઉઠી કે "ઓ મારા ધણી આએ વીપતી તમારી પર શા માટે પડી? ખચીત તમોએ કંઇ સ્વપ્નામાં મોટો વાંક કીધો હશે. બદરૂદીને જવાબ આપ્યો કે કંઇબી નહીં, કંઇજ વાંક નહીં પણ એક ઘણોજ નજીવો, એક ઘણો હસવા સરીખો જે તમો સાંભલીને હસવા વગર રેહેશો નહીં. મેં જે કંઇ સઘળો વાંક કીધો તે આએજ કે મલાઇના સમોસા મરી નાખ્યા વગર વેચ્યા." પેલી ખુબસુરતીની રાણી ઘણી હસીને બોલી કે

"એટલાજ વાસ્તે ખરેખર તમારી ઉપર ઘણી બેઇનસાફી ગુજરી." તે બોલ્યો કે "હા ખરેખર કાંકે મારો વાંક બીજો કંઇજ નહીં હતો. આએ કમબખત સમોસાને વાસ્તે મારી દુકાન સઘલી, ભાંજી ફોડીને તેનાં કટકા કીધા અને મને બાંધી બેડી પેરાવીને એક પેટીમાં નાખ્યો કે જ્યાં હું ધારૂં છું કે હજુરવેર હું હતો અને ટુકમાં એક સુંથાર બોલાવીને મને ખીલા ઠોકવા માટે મોટા ખીલા જડેલું એક લાકડું કરાવ્યું પણ હું ખોદાનો ઉપકાર માનું છું કે તે કંઇજ નહીં પણ સ્વપ્નો હતો."

બદરૂદીન આખી રાત બેચેનીમાં રહયો તે વારે ઘડીએ ઉઠીને પુછવા લાગો કે હું સ્વપ્નો જોઉછું કે જાગું છુ? તેને પોતાનો વીશ્વાસ નહીં આવ્યો તેથી પડદો ઉઘાડીને પોતે આસપાસ જોવા લાગો અને બોલ્યો કે ખરેખર હુ કંઇ ભુલ્યો નથી. પેલા ખુંદા ઘોડાવાલાને બદલે હું જે ઓરડામાં આવ્યો હતો તે આએજ છે અને જે ખુબસુરત બઇરી તે બદશીકલને વાસ્તે નેમેલી હતી તે આએજ છે. એમ કરતાં સવાર પડવા આવી તોબી તેની બેચેની દુર થઇ નહીં. થોડા વારમાં વજીર શમસુદીન મહોમદે બારણું ઠોકયું અને અંદર જઇને તેણે પોતાનાં ભત્રીજાને સલામ કીધી. બદરૂદીને જ્યારે આ માણસ કે જેને તે સારી પેઠે ઓલખતો હતો અને જે તેને ખીલા મારીને મારી નાખવાનો હતો તેને જોયો ત્યારે તે ઘણો અજાયબ થઇને બોલ્યો કે "અહા! તેંજ મને મલાઇનાં સમોસામાં મરી નહીં નાખ્યા કરીને ગેરવાજબી રીતે પકડયો અને તુંજ મને પેલું ઘાટકી મોત કે જે વિચારવાથીજ મને ધુજરાં ચહડે છે તેને આધીન કરનાર હતો? શમસુદીન હસી પડયો અને તેણે કહ્યું કે તારાં લગન કરવામાં જીનનો ચારો હતો (એવું મને ઘોડાવાલાનાં કહ્યાથી માલમ પડેછે) અને તેજ ચારાના જોરથી બાદશાહના ઘોડાવાલાને બદલે તેં મારી છોકરી સાથે પરણી ખોદાની મરજી પાર પાડી." ત્યાર પછી નુરદીન અલીની ચોપડી ઉપરથી પેલા વજીરને બદરૂદીન પોતાનાં ભાઇનો છોકરો માલમ પડયો તે, તથા કેરોથી તેની બસરામાં સોધ કરવા તે કેમ ગયો તે, તથા સમોસો તેને હાથનો કેમ પકડાયો, વગેરે બીજી તરેહવાર ચીજથી બદરૂદીનને વાકેફ કીધો. તેણે કોતી કરીને નરમાસથી કહ્યું કે મારા પ્યારા ભત્રીજા, તુંને ઓલખ્યા પછી મેં તુંને દુઃખમાં રાખ્યો માટે હું તારી પાસે માફ માગું છું; મારી એવી મતલબ હતી કે તુંને મારે ઘેર લાવ્યા પછી તારા સુખની વાતથી વાકેફ કરૂં. હવે આ કપડાં પેહેર; તેટલામાં જઇને હું તારી માને ખબર આપું છું કે જે તુંને જોવાની ઘણી ઉલટ રાખેછે. હું તારા છોકરાને પણ તારી આગલ લાઉ છું કે જેને તું તરત ઓલખ્યા વગર રેહેશે નહીં. જેને તેં દમાસકસમાં જોયો હતો જેની તરફ તું અજાણપણે બાપીકા પ્યારથી ખેંચાયો હતો, તે છોકરાને તારા પોતાના બેટા તરીકે તુને મેલવી આપતાં મને ઘણી ખુશી ઉપજે છે.

કોઇબી સખુનો એવા મલી આવશે નહીં કે તે બદરૂદીનને કેટલી ખુશાલી ઉપજી તેનું પુરે પુરૂં બયાન કરી શકે! જ્યારે તે પોતાની મા તથા પોતાના બેટાને મલ્યો તે વખ્તે તેની ખુશાલીનો પાર રહ્યો નહીં, કુદરતે આ ત્રણ જણાને મેલાપ કરાવ્યો તેથી તેઓ અરસપરસ એવી તો દીલોજાનીથી ભેટયાં કે દરેક જોનારની આંખમાંથી ખુશાલીનાં આંસુ વરસ્યાં ને દરેક જણને અત્યંત આનંદ થયો. બદરૂદીન હસનને તેની માએ પોતા ઉપર તેની જુદાઈથી કેટલો ગમ આવી પડ્યો હતો તે કહી સંભલાવ્યો. અજીબ જે દમાસકસમાં બદરૂદીન હસનને હલકો મીઠાઇગર સમજી તેણેથી દુરનો દુર રેહેતો હતો તે હવે તેણે ખુશીથી વલગીને તરેહવાર રીતે તેની સાથે ગમત કરતો હતો.

જ્યારે શમસુદીન મહોમદના ઘરમાં આ મુજબ ખુશખુશાલી અને અરસપરસની મુલાકાતો ચાલતી હતી તે વખતે તે પોતે આ સર્વે બીનાની જાણ કરવા માટે મીસરના સુલતાનના મેહલમાં ગયો હતો, અને પોતાની મુસાફરીથી કેવી ફતેહમંદ શોધ કરી આવ્યો હતો તે સર્વે વીસ્તારીને નામદાર સુલતાનને કહી સંભલાવ્યું.

સુલતાન પોતાના વજીર શમસુદીન મહોમદની વાત સાંભલીને એટલો તો ખુશી થયો કે તે અજાયબ જેવી વાત પોતાના નવીસંદાને લખી લઇને પોતાના દફતરખાનામાં સાચવી રાખવાનો હોકમ કીધો' જ્યારે શમસુદીન મહોમદ પોતાના મહેલમાં પાછો આવ્યો ત્યારે તેને એક ઘણું સરસ ખાણું તૈયાર કરાવ્યું અને પોતાનાં નવાં કુટુંબ સાથે ખુશીથી જમવા બેઠો અને ખોદાવંદતાલાએ તેની સર્વે ઉમેદ પાર પાડી તે માટે તેના શોકર ગુજારવા લાગો.

વડા વજીર જાફરે નામદાર કાલીફ આગલ નુરદીન અલી ને બદરદીન હસનની વાતો ઉપર મુજબ પુરી કીધી અને નામદાર કાલીફ હારૂન અલ-રશીદને કહ્યું કે "ઓ દુન્યાના મોટા સુલતાન મેં મારી કબુલાત મુજબ એક ઘણીજ અજાયબ જેવી વાત તારી આગલ કહી સંભલાવી છે. માટે હવે હું આશા રાખુ છું કે તું નામદાર ખાલીફ મારા ગુલામ રેહાનને તેનો વાંક માફ કરીને જીવતદાન બક્ષેસ કરશે". કાલીફને ત્રણ સેફ ફલની વાત કરતાં આ વાત ઘણી અજાયબ જેવી લાગી તેથી તેણે પેલા ગોલામને માફી બક્ષી અને પેલા જવાન વેપારીને પોતાની એક ઘણી ખુબસુરત બાંદી સાથે નેકા કરાવી આપ્યા અને તેની પ્યારી બાયડીનો ગમ ભુલાવી નાખ્યો અને તે પછી તેને પોતાનો ખાસ દરબારી નેમી નેહાલ કરી નાખ્યો.

હવે પેલા **સુલતાન શેહેરયારને શેહરાઝાદીએ** કહ્યું કે આ સર્વે વાતો કરતાં બીજી ઘણી અજાયબ જેવી વાતો મને યાદ છે માટે તમો નામદારની ખાયશ હોય તો ફરમાવ્યાથી આવતી કાલે તમો નામદાર આગલ એક વાર્તા કહી સંભલાઉ? **સુલતાન શેહરયારે** કાંઇ જવાબ તેણીને આપ્યો નહીં પણ મનમાં બોલ્યો કે "આ સુલતાના એક લંબાન વાર્તા સરૂ કરે છે અને એકવાર તે સાંભલવી સરૂ કીધી તો કદીબી તે અધુરી મુકવા ગમતી નથી અને આખી સાંભલવાની ફરજ પડે છે. હું સમજી નથી શકતો કે આજે તેણીને ગરદન મારવાનો હોકમ આપવો યા નહીં. વારૂ કાંઇ નહીં એક નવી વાર્તા સાંભલ્યા પછી તેણીનો જાન લેવાનો ઠેરાવ કરૂં છું."

દીનારઝાદી પાછલી રાતના શેહરાઝાદીને ઉઠાડવાને ચુકી નહીં અને સુલતાનની રજા લઇ તેણીએ પોતાની વાર્તા નીચે મુજબ સરૂ કીધી:—

એક ખુંધા માણસની વાર્તા.

કાશગર શહેર જે, મોટા તાર્તરી દેશમાં આવ્યું છે, ત્યાં આગલ એક દરજી રેહતો હતો, જેને સારા નસીબે એક ઘણી ખુબસુરત ઓરત મલી હતી. જેઓ અરસપરસ ઘણાં પ્યાર તથા એખલાસથી વર્તતાં હતાં. એક દાહાડે પેલો દરજી પોતાની દુકાન ઉપર બેસીને કામ કરતો હતો તેવામાં એક ખુંધો માણસ આવીને તેની દુકાનનાં બારણા આગલ બેસી ગયો અને ડફ લઇને ગાયન ગાવા લાગો. આએ ગાયનથી પેલો દરજી એટલો તો ખુશી થઈ ગયો કે તેને પોતાને ઘેર લઇ જવા તૈયાર થયો કે ઘેરમાં બેસીને તેનાં ગાયન સાંભલે. દરજીએ ખુંધાને પુછ્યું કે મારે ઘેર આવશો કે જે માગણી પેલા ખુંધાએ કબુલ કીધી તેથી દરજી તરત દુકાન બંધ કરી ઘર ચાલ્યો.

જેવા તે લોકો ઘર ગયા તેવીજ પેલા દરજીની બઇરીએ એક સારી માછલીની વાણીની રકાબી બનાવીને મેજ પર મુકી હતી તે લઇને તરત ત્રણે જણાં ખાવા મંડી ગયાં. તેવામાં ભોગ ચોગડીએ એક મોટો કાંટો પેલા ખુંધાનાં ગળાંમાં ખુટો તેથી પેલો દરજી કાંયબી ઉપાય કરે તેની અગાઉ પેલાની ઘાંટી બંધ થઇ ગઇ. પેલાં માટી બઇયર બેઉ ગભરાઇ ગયાં કેમકે આવો બનાવ તે લોકોનાં ઘરમાં બન્યો તેથી તે લોકો વિચાર કરવા લાગાં કે જો કોઇ સરકારનાં માણસને ખબર પડશે તો આપણને ખુની ઠેરવશે. પેલો દરજી વિચાર કરવા લાગો કે હવે આએ મુડદાંનું શું કરવું ? તેને યાદ આવ્યું કે

તેની પડોસમાં એક યાવધી ડાકટર રેહે છે તેથી તે કંઇ ઉપાય સોધી કાહાડશે એમ જાણી પેલો દરજી અને તેની બઇરી બન્ને જણાં મલીને પેલા મુડદાંને ઉંચકી લઇ ગયા, અને પેલા ડાકટરનાં ઘરનાં દાદર આગળજ બારણું હતું તે ઠોકવા લાગાં. એક ચાકરડીએ દીવો લીધા વગર આવીને બારણું ઉગાડયું અને પુછવા લાગી કે તમુને શું જોઇએ છે? દરજી બોલ્યો કે મેહેરબાની કરી તારા શેઠને જઇને કેહે કે તારે ત્યાં એક ઘણાજ આજારી માણસને સારો કરવાની સલાહ લેવા આવ્યા છીયે. વળી દરજી બોલ્યો કે જરા ઉભી રેહે અને લે આએ દીરમ તારા શેઠને આપ કે તે જાણે કે હમો ખરેખર તેની સલાહ લેવા આવ્યા છીયે. હવે જેવી પેલી ચાકરડી પોતાના શેઠને આએ ખબર કેહેવા ગઇ તેવામાંજ પેલો દરજી અને તેની બઇરી દાદરપર ચહડીને પેલું મુડદું ઓરડાનાં બારણા આગળ મુકી જલદીથી નાસી ગયાં.

પેલી ચાકરડીએ પોતાનાં ધણીને જઇને કહ્યું કે નીચે એક મરદ અને ઓરત એક આજારી માણસને લઇ આવ્યાં છે તેથી તમુને મલવા માગે છે. એમ કહીને પેલીને જે પૈસા દરજીએ આપ્યા હતા તે પોતાના શેઠને આપ્યા; વળી આગળથી પૈસા મળ્યા તેથી પેલો ડાકટર ખુશી થઇ ગયો અને વિચાર કરવા લાગો કે આએ તો કોઇ મને ઘણાં સારાં ઘરાક મલ્યાંછે તેથી એવોની આગળ તો જરૂર જવું જોઇએ. પેલી ચાકરડીને કહ્યું કે એક દીવો લાવ અને મારી પછવાડે આવ. એમ કહીને દીવો હજુરતો લાવે તેટલાં તે ઉતાવલમાં દોડીને દાદર ઉપર ઉતરવા ગયો તેથી પેલા મુડદાંને એવી તો જોરથી લાત મારી કે તે ગગરતું ગગરતું ઉપરથી નીચે આવ્યું. તે બુમ પાડવા લાગો કે દીવો જલદી કેમ નથી લાવતી તેવામાં તે દીવો આવ્યો તેના ઉજાશે તે નીચે ઉતરયો; જ્યારે પેલા ડાકટરે જોયું કે એતો મુવેલું માણસ પડેલું છે ત્યારે એટલો તો ઘભરાઇ ગયો કે પોતાનાં પેગંબર મુસા, એરોન, જોસ્યુયા, ઇસડ્સ, વીગેરેની મદદ માગવા લાગો. તે બોલ્યો કે "હું કેવો કમબખ્ત! હું દીવા વગર શું કરવા એટલો ઉતાવલમાં નીચે આવ્યો કે જેથી મેં પેલા માણસને લાત મારી એકદમ મારી નાખ્યો. મારી લાતથીજ એ માણુસ મરી ગયો છે, હવે મને ખુની તરીકે પકડવામાં આવશે." જો કે તે આવા ગભરાટમાં હતો તોપણ રસ્તા ઉપર કોઇ નહીં તેટલા સારૂં પોતાનાં ઘેરનાં બારણાં બંધ કીધાં. તે પેલા મુવેલા માણસને પોતાની બાયડીના ઓરદામાં લઇ ગયો, કે જેને જોતાં વાર તે બેસુદ્ધ થઇ ગઇ. તે બોલી કે અફ્સોસ! અગર જો કાળ સવાર પડે તેટલામાં કાંઇ એનો ઉપાય નહીં કરશું તો ખચીત આપણ પીલાઇ જવાનાં. આપણે કેવાં કમબખ્ત! તમે એ માણસને એમ કેમ મારી નાખ્યું! તે યાવધી બોલ્યો કે "કંઇ નહીં હવે બન્યું તે તો બન્યું પણ હવે ધીરજથી એનો આપણુને ઉપાય કરવો જોઇયે."

તે ડાકટર અને તેની બાયડી પેલાં મુડદાનું શું કરવું તે વિશે મસલત કરવા બેઠાં, પેલા ડાકટરે ઘણું પણ માથું ફોડયું પણ તેને કાંઇ વિચાર આવ્યો નહીં. પણ તેની બાયડી જરા હુશીઆર હોવાથી તરત બોલી કે એક ઉપાય મારા મનમાં આવ્યો છે અને તે એજ કે આપણુ આએ મુડદાંને આપણી અગાશી ઉપર લઇ જઇને પાસેના મુસલમાનનાં ધુમારીઆં વાતે નીચે ઉતારી દઇએ.

પેલો મુસલમાન સુલતાનને ત્યાં તેલ, માખણ, અને તે સીવાય બીજી એવીજ ચીજો પુરી પાડતો હતો તેથી તેનાં ઘરમાં આએ બધો સામન રાખવાની વખાર હતી, જેમાં ઊંદરો ઘણો બીગાડ કરતા હતા તેથી તે કંટાલી જતો હતો.

હવે આએ ડેહાવ પેલા ડાકટરને પસંદ પડયો તેથી પેલા મુડદાંને અગાશી ઉપર લઇ જઇ આસ્તે રહી કમરે દોરડું બાંધીને ધુમરીઆં વાટે પાસેનાં ઘરમાં ઉતાર્યું, તે એવી રીતે કે પેલો જાણે જીવતો હોય તેમ તેને દેવાલ સાથે અઢેલીને ઉભો રાખ્યો, અને જેવો પેલાને અંદર મુકયો તેવુંજ પેલું દોરડું

ખેંચી લીધું. જેવાં પેલાં પોતાનાં ઓરડામાં ગયાં તેવામાંજ પેલો પડોસી પોતાની વખારમાં ગયો. તે કેથે લગનમાં ખાઇને બાહારથી આવેલો હતો અને તેના હાથમાં એક ફાનસ હતું, તે એક માણસને આવી રીતે દેવાલ સાથે અઢેલીને ઉભો રહેલો જોઇને તદન અજાયબ થઇ ગયો પણ જાતે હીંમતવાન હોવાથી એક લાકડી લઇને તે ચોર છે એવું જાણી તેની આગલ ગયો. તે બોલ્યો કે "આજસુધી મેં જાણ્યું કે મારૂં બધું માખણ ઊંદર ખાઇ જાય છે પણ તે તો કેથો તું લુચ્ચો ધુમારીઆંને રસ્તે આવીને એટલો મારા સામનનો એ રવેશ નાશ કરે છે! હવે ફરીથી તું કેમ આવશે!" એમ બોલીને પેલા ખુંધાને કેટલાક મજબુત ફટકા મારયા તેથી કરીને પેલું મુડદું પોતાનો ચેહરો જમીન ઉપર કરી પડી ગયું. પેલો મુસલમાન તેને વધારે માર મારવા લાગો, અને છેલે જોયું કે તે હીલતો નહીં તેથી ઉભો રહી ગયો. તેણે જોયું કે તે તો મુવેલો પડયો છે તેથી તેનો ગુસ્સો ઉડી ગયો, અને ધાસ્તીમાં પડયો, ને બોલ્યો "અરે મેં કમબખ્તે આએ શું કીધું? અતીશે ગુસ્સે થઇને મેં કામ બગાડી નાખ્યું. મેહેરબાન ખોદા મારી ઉપર દયા કર, નહીં તો હું નાહક મારયો જઇશ. આ માણસને મારી નાખ્યાનાં કરતાં મારૂં હજાર ઘણું માખણ અને તેલ બગડતે તો હું તેની પરવા નહીં કરતે." તે તદન ફીક્કો થઇ ગયો અને તેને એવું લાગું કે જાણે સરકારી માણસો તેને સજા કરવા આવી પોંહોંચ્યાં છે. પેલો મુસલમાન જ્યારે પેલાં મુડદાંને મારતો હતો, ત્યારે તેની ખુંધ દેખાઇ નહીં પણ હાલ તે ખુંધ જોઇને તેની ઉપર હજારો ફીટકાર નાખવા લાગો કે "અરે ઓ લુચ્ચા, અરે ઓ નીચ કુતરા તુંને મેં હીયાં જોયો તેનાં કરતાં મારી બધી ચરબી અને માખણ ચોરાઇ ગયું હોતે તો સારૂં થતે." તે બોલ્યો કે "ઓ આકાશી સીતારાઓ આવી ધાસ્તીમાંથી મને બચાવી લેવા માટે તમારી રોશની નાખો." એમ બોલી તરત તેણે મુડદાંને ખાંધ ઉપર મારી રસ્તામાં એક દુકાન ઉપર મુક્યું, અને પાછું જોયા વગર જીવ લઇ નાહાસી આવ્યો.

પોહોર ફાટતી વખતે એક તવંગર ખ્રીસ્તી વેપારી કે જે નવાઇ જેવી ચીજો પાદશાહને ત્યાં લઇ જતો હતો તે આખી રાત મોજ મજાહમાં કાહાડીને હમામખાનાંમાં નાહવા જતો હતો; જોકે તે ઘણોજ છાકટો હતો તોપણ તેને એટલી તો સુદ્ધી હતી, કે હમણા સવાર પડશે અને લોકોનો બંદગી કરવાનો વખત થશે. આ કારણસર તે ઘણોજ જલદીથી ચાલતો હતો કારણકે કોઇ મુસલમાન તેને છાકટો જોય તો પકડીને કેદ કરે. તે મોહોલાનાં નાકાં આગળ જ્યારે પેલી દુકાન ઉપર મુડદું મુકેલું હતું ત્યાં ઉભો અને જરા આંચકો લાગ્યાથી પેલું મુડદું તેનાં બરડા ઉપર આવી પડયું. પેલા વેપારીએ તેને કોઇ મારે છે એવું જાણીને પેલાને સજર ઠોકયો અને ચોર! ચોર! કરી બુમ મારવા લાગો.

તે બુમ સાંભળીને મોહોલાનો એક સીપાઇ તરત દોડી આવ્યો અને જોય છે તો એક ખ્રીસ્તી એક ખુંધા મુસલમાનને મારે છે. તે સીપાઇ બોલ્યો કે તું આએ મુસલમાનને એમ શા વાસ્તે મારે છે? પેલો વેપારી બોલ્યો કે તે ચોર છે અને મારી પાસેથી ચોરી કરી લઇ જવા થકી પછવાડેથી આવીને એણે મારૂં ગલું પકડયું હતું. તે સીપાઇ પેલા વેપારીનો હાથ ખેંચી બોલ્યો કે તમે હવે પુરતું વેર લીધું વાસ્તે હવે એને જવા દેવો; તેજ વખત પેલા ખુંધાને ઉઠાડવા થકી પેલા સીપાઇએ તેનો હાથ પકડયો પણ જોય શું કે પેલો ખુંધો તો મુવેલો પડેલો છે, તેથી બોલ્યો કે વાહ આએ શું જુલમ છે કે એક ખ્રીસ્તી એક મુસલમાનને એ પ્રમાણે મારી નાખે? એમ કહીને તે સીપાઇ પેલા વેપારીને પકડી કોટવાલ પાસે લઇ ગયો, જેણે ઇનસાફ થાય ત્યાં સુધી તેને બંદીખાનામાં કેદ કીધો; તેવામાં પેલા વેપારીનો દારૂ ઉતરી ગયો અને તે વિચાર કરવા લાગો કે મારી એક મુકીએ શું આ માણુસ મરી જાય?

પેલા સીપાઇની સાક્ષી ઉપરથી તે વેપારીની તપાસ થઇ અને તેને ગુનાહગાર ઠેરવ્યો કે જે

વાંક પેલા વેપારીથી ના પડાયો નહીં. પેલો ખુંધો માણસ તો પાદશાહની દરબારમાંનો એક ઠોલ્યો માણસ નીકળી આવ્યો તેથી ફાંસીનાં લાકડાં ઉભાં કરાવીને સારા શેહેરમાં થાલી ફેરવી કે એક મુસલમાનનું ખુન કરવાને વાસ્તે એક ખ્રીસ્તીને ફાંસી દેવામાં આવનાર છે.

છેલ્લે સરવાલે પેલા વેપારીને બદીખાનામાંથી ફાંસીની જગા ઉપર લઇ ગયા, જેવો જલ્લાદ પેલા વેપારીનાં ગલાંમાં ફાંસો નાખીને ખેંચવા જાય છે તેવોજ પેલો મુસલમાન કે જેણે ચોર જાણીને પેલા ખુંધાને માર મારયો હતો, તે તરત લોકોની ભીડમાંથી નીકળી આવ્યો, અને બોલ્યો કે ઉભો રહે એ વેપારીને ફાંસી ના દે, મને ફાંસી દે, કેમકે આ માણસને મેં મારી નાખ્યો છે. પોલીસનો ન્યાયાધીશ જે તે જગોએ આવેલો હતો તેણે પેલા મુસલમાનને બધી વાત પુછી. પેલા મુસલમાને તમામ હકીકત કહી અને બોલ્યો કે મેં એ ખુંધાને મારી નાખીને પેલી દુકાન આગળ આ વેપારી ઉભેલો હતો ત્યાં મુકયો હતો. ન્યાયાધીશ બોલ્યો કે તારે બીચારા પેલા વેપારીને અમસથો ફાંસી દેવા માટે આટલી તૈયારી થઇ? પણ તે ગુનાહગાર નથી તેથી તેને છોડી દેવો વાજબી છે. પેલા મુસલમાને પોતાનો વાંક બધો કબુલ કીધો તેથી તેને ફાંસી દેવાને ન્યાયાધીશે હોકમ કીધો. પેલા વેપારીનાં ગળાંમાંથી ફાંસો કાહાડી નાખ્યો અને મુસલમાનનાં ગળાંમાં નાખ્યો તેવામાંજ એક યાવધી ડાકટર નીકળી આવ્યો ને બોલ્યો કે એને ફાંસી ના દેવો.

તે યાવધીએ પેલા ન્યાયાધીશને કહ્યું કે વગર વાંકે તમો આ મુસલમાનને મારી નાખવા ઇચ્છો છો, વાંક બધો મારો છે વાસ્તે મને ફાંસી દેવી જોઇએ. ગઇ રાતનાં આસરે બાર વાગેલા હતા ત્યારે કોઇ બે અજાણા માણસો તેમાં એક મરદ અને બીજી સ્ત્રી હતી, તેઓએ એક આજારી માણસને લઇને મારૂં બારણું ઠોકયું, જે મારી દાસીએ ઉગાડયું જેણીને પેલાં માણસોએ આગળથી પૈસા આપીને મને બોલાવા મોકલી હતી. જેવી પેલી ચાકરડી મને કેહેવા આવી તેવાંજ પેલાં બેઉ જણાં પેલા આજારી માણસને મારા દાદરનાં મથાળાં ઉપર મુકી નાહાસી ગયાં. હું ઉતાવળમાં દીવો લીધા વગર નીચે ઉતરવા ગયો તેવામાં એકાએક મારી લાત પેલાં માણસને લાગી તેથી તે ઉપરથી ગગડતો ગગડતો નીચે આવ્યો; એ પછી જોયું તો તે માણસ મુવેલું પડેલું હતું અને તે જાતે ખુંધો મુસલમાન હતો. મેં અને મારી બાયડીએ ધબરાઇને આ મુડદાંને આ મુસલમાનનાં ઘરમાં એક ધુમાડીઆંને રસ્તે ઉતાર્યું. આ મુસલમાને તે મુડદાંને એક ચોર જાણી સજર ઠોકયો અને તેથી તે નીચે પડી ગયું, પણ એ મુવેલુંજ હોવાથી હીલવા વગર પડયું તેથી આ મુસલમાને જાણ્યું કે 'મારે હાથે મરી ગયો હશે.' જોકે મેં આ ગુનાહ અજાણમાં કીધો હતો તોંપણ મને મરવું જોઈએ. વગર વાંકે આ નીરદોષ મુસલમાન મારયો જાય તે મારૂં હૈડું કબુલ કરતું નથી.

જેવું પેલા ન્યાયાધીશે સાંભળ્યું કે આ ડાકટર ગુનાહગાર છે તેવોજ તરત તેણે પેલા ડાકટરનાં ગળામાં ફાંસો નાખ્યો કે પેલો દરજી નીકળી આવ્યો અને જલાદને બુમ મારી કેહેવા લાગો કે સબુર કર! પછી પેલા ન્યાયધીશની આગળ જઇને બધી વાત કરવા લાગો, તમે ત્રણ જણને ફાંસી દેવા તૈયાર થયા પણ જરા મારૂં પણ સાંભળશો તો તમુને ખરેખરૂં ખુન કોણે કીધુંછે તેની ખબર પડશે; ખરેખરો ગુનાહગાર તો હુંજ છું.

કાલે સાજનાં હું મારી દુકાન ઉપર બેસીને સીવતો હતો અને જરા અંધારૂં થયું હતું તેવામાં આ ખુંધો અરધો છાકટો થયલો મારી દુકાન ઉપર આવી ગાયન ગાવા મંડી ગયો, તેથી હું ખુશી થઇને એને મારે ઘેર લઇ ગયો કે રાત ખુશીમાં ગુજારૂં. અમે ઘેર જઇને ખાવા બેઠા તેવામાં ખાતાં ખાતાં એક માછલીનો કાંટો તેના ગલામાં ભોકાઇ ગયો તેથી તે તરત ગુંગલાઇને મરી ગયો. હમો ઘણુંજ બીધાં તેથી તેને ઉંચકીને આએ યાવધી ડાકટરનાં બારણાં આગળ લઇ ગયાં, મેં બારણું ઠોકયું તેવામાં

એક ચાકરડીએ આવીને બારણું ઉઘાડયું, તેણીનાં હાથમાં આગળથી પૈસા આપી મેં ડાકટરને તેડું મોકલ્યું; જેવી પેલી ચાકરડી ઉપર ગઇ તેવાજ અમોએ આ મુવેલાને ઉચકીને તરત તેનાં દાદર ઉપર મુકયો અને નાહાસી આવ્યા; ઉતરવા જતાં પેલા ડાકટરને હાથે તે નીચે ગગડી પડયો પણ જ્યારે હવે આ વાત બની છે ત્યારે એ ડાકટરને છોડી દઇ મારો જીવ લેવો.

પેલો ન્યાયધીશ અને બધાં લોકો આવી તરેહ તરેહની વાત સાંભલી અજાયબ થવા લાગાં, ન્યાયાધીશ બોલ્યો કે આ ડાકટરને છોડી દઇને આ દરજીનાં ગલાંમાં ફાંસો નાખો.

હવે એક તરફ પેલા દરજીને ફાંસી દેવાની તૈયારી ચાલતી હતી તેટલામાં બીજી તરફ સુલતાન કે જે પેલા ખુંધા મશકેરા વગર જરા પણ વખત ગુજારતો ન હતો તેણે તે ખુંધાને બોલાવી લાવવાનો હોકમ કીધો પણ થોડા વખતમાં માણુસ ખબર લાવ્યો કે તે છાકટો થઇ ત્યાંથી જતો રહ્યો, પણ બીજે દાહાડે સહવારનાં તો તે મુવેલો માલુમ પડયો, તેનું ખુન કરનાર એક માણુસ પકડાઇ આવ્યો છે જેની તપાસ કરી ન્યાયાધીશે ફાંસીનો હોકમ આપ્યો છે પણ તે ગુનાહગારને ફાંસી દેવા ગયા તેવામાંજ એક બીજો માણુસ નીકલી આવ્યો અને કેહેવા લાગો કે હું ગુનાહગાર છું, બીજાની પછવાડે ત્રીજો અને ત્રીજાની પછવાડે ચોથો શખ્સ નીકલી આવ્યો કે એ ખુંધાનું ખુન કરનાર હું છું. આટલો વાર એમ ગડબડ થયા કરતી હતી અને હમણાં કોણ ખરો ગુનાહગાર છે તેની ત્યાં તપાસ ચાલે છે.

પેલા સુલતાને આવો અજાયબ જેવો ખેલ સાંભલીને તરત એક માણુસને ઉતાવલથી ફાંસીની જગા ઉપર આ હોકમ સાથ રવાના કીધો કે "બધા ગુનાહગારોને અને પેલા મુવેલા ખુંધાને મારી આગલ લઇ આવે." જેવો જલાદ પેલા દરજીને ફાંસી દેવા દોરડું ખેંચવા જાય છે કે પેલો સુલતાનનો અમલદારજ જઇ લાગો, તે જેમ બને તેમ મોટેથી બુમ પાડીને બોલ્યો કે સબર કરો! તે અવાજ સાંભલીને બધા ચુપ રહી ગયા કે વળી કોઇ બીજો ખુની નીકળી આવ્યો કે કેમ? તે માણસે જઇને સુલતાનનો પેગામ કહ્યો જે સાંભલીને બધા ગુનાહગારોને તથા ચાર માણુસ પાસ ઊંચકાવીને પેલા ખુંધાના મુડદાને સુલતાનની આગલ લઇ ગયા.

સુલતાનની આગલ આવતાંને વાર ન્યાયાધીશે પાદશાહને સલામ કરીને બધી વાતે વાકેફ કીધો, સુલતાન આ સાંભલીને ઘણોજ અજાયબ થયો અને બોલવા લાગો કે આ વાત તરત લખી લેવી, પછી પેલા માણસોને પુછયું કે તમો કોઇબી એનાં કરતાં સરસ વાત જાણોછો? પેલો ક્રીસ્તી વેપારી પેહેલાં સલામ કરીને બોલ્યો કે ખુદાવંદ હું આ વાતનાં કરતાં એક વધારે રમુજી વાત જાણુંછું જો તમે હોકમ કરો તો હું તમારી આગલ કરૂં, આ વાત એવીછે કે કોઇબી અજાયબ થયા વગર રેહશે નહીં. સુલતાને હોકમ આપ્યો તેથી તેણે નીચે મુજબ પોતાની વાર્તા શરૂ કીધીઃ—

ક્રીસ્તી વેપારીએ કહી સંભલાવેલી વાર્તા

નામવર સુલતાન હું મારી વાત શરૂ કરૂં તેની અગાઉ મને કેહેવું જોઇએ કે હું કાંઇ તમારા દેશમાં નહીં પણ મીસર દેશની રાજધાણી "કેરો" શેહેરમાં જનમ પામ્યોછું. મારો ધર્મ ક્રીસ્તી છે; મારો બાપ એક દલાલ હતો તેથી તેણે સારો પૈસો એકઠો કીધો હતો જે તે મરતી વખતે મને આપી ગયો હતો; હું પણ મારા બાપની માફક દલાલીનો ધંધો કરતો હતો, એક દાહાડો હું બજારમાં જ્યાં બધા દલાલો ઉભા રહેછે ત્યાં ઉભો હતો. તેવામાં એક ઘણોજ એશકી અને ખુબસુરત વેપારી મારી આગલ આવ્યો, તેણે મારી આગળ આવીને મને સલામ કીધી અને એક રૂમાલ ઉગાડી તેમાંથી તલનો નમુનો દેખાડયો અને કહ્યું કે એ તલ કેમ ખપશે? મેં જવાબ દીધો કે એની

એક ખાંડીની કીંમત રૂપાનાં સો દીરમ આવશે. આ સાંભલીને તે બોલ્યો કે "ફતેહમંદ દરવાજા" આગળ તું આવજે ત્યાં તું એક ખાનનું ઘેર જોશે જ્યાં હું તારે વાસ્તે વાટ જોતો ઉભો રહીશ" મેં તે તલ બીજા વેપારીઓને દેખાડીને કહ્યું કે એક ખાંડીની શું કીમત થશે; બધા કેહેવા લાગા કે જો તું એક ખાંડી એકશોને દશ દીરમે વેચશે તો તુંને દશ દીરમનો નફો મળશે.

આટલા નફાથી ખુશી થઇને હું પેલા "ફતેહમંદ દરવાજા" આગલ ગયો, જ્યાં પેલો વેપારી મારી વાટ જોતો ઉભો હતો, મને તે એક વખારમાં લઇ ગયો કે જે બધી તલથીજ ભરેલી હતી; મેં તે સઘલા ભરી જોયા તેથી મને માલમ પડયું કે તે એક સો ને પચાશ ખાંડી થાય તેટલા હતા, મેં તે બધા ગધેડા ઉપર લાધ્યા અને બજારમાં આવીને પાંચ હજાર દીરમે વેચ્યા; હું દર ખાંડીએ દશ દીરમ કમાયો તે મને ખુશીથી પેલા વેપારીએ આપ્યા, અને બાકીનાં પૈસાબી મારી પાસેજ રાખવા કહ્યા કે જ્યારે મને ગરજ પડશે ત્યારે હું લઇશ. મેં કહ્યું કે જ્યારે તેને તે નાણા જોઇશે ત્યારે તે તુરત આપશે અથવા તો હુંડી લખશે તો તેબી તે તુરત સ્વીકારશે. પછી મેં તેનો હાથ ચુમ્યો અને તેના સખી સ્વભાવથી અતીઘણો ખુશ થઇ હું મારે ઘર ગયો.

એક મહીનો પુરો થયા પછી તે વેપારી મારી આગળ આવ્યો, તે મને પુછવા લાગો કે સાડાચાર હજાર દીરમ મારા તમારી પાસે માગતા છે તે કયાં છે? હું બોલ્યો કે મારી પાસે બધા તૈયાર છે અને હું તમુને હમણાં આપું છું. મેં તેને કહ્યું કે જરા મારે ત્યાં આવીને જમવાની તસદી લેશો? પણ તેણે ના પાડયું કે મને ઘણુંજ કામ છે વાસ્તે મારીથી થોભાય નહીં અને હું હમણા પાછો આવું છું તેટલાં મારા પૈસા તૈયાર રાખજો.

એમ કહીને તે ચાલી ગયો, હું તેની વાત જોતો ઘણો વાર સુધી ઉભો રહ્યો પણ એક મહીના સુધી તે પાછો આવ્યોજ નહીં; હું વિચાર કરવા લાગો કે આએ વેપારી મારી ઉપર ઘણો વીશ્વાસ રાખે છે ખરો; વળી ત્રીજે મહીને સારો પોશાક પેહેરી ગધેડાં ઉપર બેસીને તે વેપારી આવ્યો, જેવો તે આવ્યો તેવોજ હું તેની આગળ દોડી ગયો અને કેહેવા લાગો કે તમારા પૈસા લાઊં? તેથી તે ધીરે રહીને બોલ્યો કે તેની કાંઇ ફકર નહીં તે તમારા જેવાની પાસે છે તેથી મને કાંઇ ધાસતી નથી કેમકે જ્યારે મને જોઇશે ત્યારે તમારી પાસે લેવા આવીશ. એમ કહીને જતો રહ્યો, જતી વખતે તે કહી ગયો કે આઠ દહાડા પછી હું પાછો આવીશ. મેં ધારયું કે આઠ દહાડામાં તો શું આવશે પણ વખતે હવે કદી પણ હું એને જોઇશ નહીં. હું વિચારવા લાગો કે વારૂ હું એનાં નાંણા કોઇ સારે ઠેકાણે રોકુ તો કેવું? મને તેથી ઘણો ફાયદો થશે ને તે હું વેપારમાં રોકીશ તો મોટો નફો કરી શકીશ.

વલી તે વેપારી એક વરશ પછી પાછો ઘણોજ એશકી પોશાક પેહેરીને આવ્યો, મેં તેને કાલાવાલા કરીને કહ્યું કે મારે ઘેર આવો; ઘણીજ બોહોંસ કાધી ત્યારે તે કબુલ થયો અને બોલવા લાગો કે તમારે મારે થકી વધારે તસદી લેવી નહીં. એમ બોલી તરત મારા ઘેરમાં આવ્યો, મેં ખાવાનું તૈયાર કરાવ્યું તેટલામાં અમો વાત કરવા બેઠા. ખાણું પીરસીઆ પછી અમો ખાવા બેઠા ત્યારે તે ડાબે હાથે ખાવા લાગો અને કદીપણ તેનો જમણો હાથ કામમાં આવતો મેં જોયોજ નહીં. હું વિચાર કરવા લાગો કે ઘણીજ સારી રીતે મેં એની સાથે ચાલ ચલાવી છે તેના બદલામાં એ કંઇ એવો નીમખહરામ નથી કે મને એ પ્રમાણે અપમાન આપે પણ એનું કારણ શું હશે? અમો ખાઇ રહ્યા પછી મેં તેને મખવાશને વાસ્તે કેટલીક ઉત્તમ જાતની ટાંકલી આપી તેબી તેણે ડાબા હાથેજ લીધી ત્યારે હું બોલ્યો કે સાહેબ બેઅદબી માફ છે, પણ હું તમુને એટલુંજ પુછું છું કે તમે ડાબે હાથે કાંય ખાવો છો? હું ધારૂછું કે તમારા જમણા હાથને કાંઇ ઇજા થઇ છે. મારૂં બોલેલું સાંભલી તેણે એક હાય મારી અને પોતાનો જમણો હાથ જે હજુર સુધી તેણે ગળામાં રાખ્યો હતો તે બાહાર

કાહાડયો. કાહડતાંને વાર હું જોઉછું તો તે હાથ કાપી નાખેલો હતો; તે બોલ્યો કે "હવે તમોએ જોયું કે મારો હાથ કાપી નાખેલો છે તેથી હું ખાતી વખતે ડાબો હાથ વાપરૂં છું." મેં કહ્યું કે એમ શું થયું જે તમારો જમનો હાથ કપાઇ ગયો તે ઉપરથી તે બધી વાત મારી આગળ આ પ્રમાણે કેહેવા લાગો:—

તે વેપારી બોલવા લાગો કે હું બગદાદ શેહેરનો રહેનાર છું, મારો બાપ ઘણો પૈસાવાલો તેમજ આબરૂવાલો માણુસ ગણાતો હતો; જેમ હું દુન્યાદારીમાં પડયો તેમ લોકોને વારે ઘડીએ મીસર દેશમાં કેરો શેહેર છે તેની વંખાણુ કરતાં સાંભળ્યાં તે લોકોનાં બોલવા ઉપરથી હું ઘણોજ આતુર થયો અને તે શેહરમાં જવાને તૈયાર થયો. પણ મારો બાપ તે વખતે જીવતો હતો તેથી તેણે મને જવાની રજા આપી નહીં. તે મરી ગયા પછી કેરો શેહેરમાં જવાનો મેં ઇરાદો કીધો; મેં ઘણોક માલ ખરીદ કીધો અને મુસાફરી કરવાને તૈયાર થયો.

કેરો શેહેરમાં ગયા પછી હું એક ખાનમાં ઉતરયો, (ત્યાં ધર્મશાળાને ખાન કહે છે.) મેં એક વખાર ભારે લીધી અને તેમાં મારો બધો માલ રાખ્યો, આ બંધુ કામ કરીને મેં મુસાફરીનો થાક ઉતારવા થકી જરા આરામ લીધો; મેં મારા ચાકરો પાસે ખાણું તૈયાર કરાવ્યું તે ખાધા પછી બધા સારા સારા મેહેલો અને ઇમારતો શેહેરમાં ફરીને હું જોઇ આવ્યો.

બીજે દાહાડે સવારનાં હું મારો માલ મારા ચાકરો પાસે ઉંચકાવીને બજારમાં લઇ ગયો. જેવો બધો માલ ત્યાં લોકોને દેખડાવા મુકયો તેવાજ કેટલાક દલાલો અને લીંલાઉ કરનારાના માણુસો મારી આગળ આવ્યા, મેં મારો માલ પેલા લીલાઉવાલાનાં હાથમાં આપ્યો જેઓ બધા વેપારીઓને દેખાડી ને કીંમત પુછી આવ્યા, જે કીંમતે મને તે માલ મુદલ ભાવે પણ પડયો ન હતો તે કીંમત સાંભળી હું ઘણો ચીરડાઇ ગયો તેથી પેલા લીલાઉવાલા બોલ્યા કે જો તમે અમો જે પ્રમાણે કહે તેમ ચાલશો તો તમુને તમારા માલની સારી કીંમત મલશે. મેં પુછયું કે તમે કેઇ રીત બતલાવો છો? તે ઉપરથી તેઓ બોલ્યા કે તમારો માલ થોડો થોડો બધા વેપારીઓને વેંહચી આપો, અને આઠ દાહાડામાં બે વખત, એક સોમવારે અને એક બ્રેસપતવારે, આવીને વેચાયલા માલનાં પૈસા લઇ જાવો જેથી તમુને તેમજ વેપારીઓને પણ ફાયદો થશે. અને બાકીનાં દાહાડા શેહેરમાં ફરી બધી રચના જુવો, અને નીલ નદીનો દેખાવ કેવો છે તે તપાશો.

મેં તે લોકોનાં કહ્યા પ્રમાણે તરત મારી વખારમાં જઇને જે વીશ્વાસુ વેપારીઓ તે લીલાઉ-વાલાઓએ મને દેખાડ્યા હતા તેને મારો માલ થોડો થોડો વેંહંચી આપ્યો. એક મહીનો સુધી હું કાંઇ પૈસાની ઉઘરાણી નહીં કરૂં તેટલા વાસ્તે મેં બધા વેપારીઓને લખત લખી આપ્યું. મારૂં કામ પુરૂ કરીને હું મોજમજાહમાં પડયો અને મેં મારી વયનાં કેટલાક જુવાન શખ્સો સાથે દોસ્તી માંડી કે જેથી મારો વખત હું ખુશીથી ગુજારવા લાગો. એક મહીનો પુરો થયા પછી હું એક સરકારી માણુસને લઇને બધા વેપારીઓ પાસે અઠવાડ્યામાં બે વખત જવા લાગો અને તે લોકોની ચોપડી તપાસતો, અને જે પૈસા આવતા તે લેતો; એ પ્રમાણે હું મારા નાણાં એકઠાં કરવા લાગો. બે દાહાડા હું બજારમાં જતો અને બાકીનાં દાહાડા ફરી હરીને ગુજારતો.

એક સોમવારે હું એક બદરૂદીન નામના વેપારીની દુકાન ઉપર બેઠેલો હતો તેવામાં એક આબરૂ-દાર સ્ત્રી ત્યાં આવી પોંહોચી, કે જેની પછવાડે એક ચાકરડી ચાલતી હતી, અને તે સ્ત્રી પોતાનાં પોશાક અને દેખાવ ઉપરથી લાયકીવાલી જણાતી હતી. તેનાં નખરાં અને દેખાવ ઉપરથી તેણીની ઉપર હું મોહીત થઇ પડયો તેથી તે સ્ત્રી કોણ છે તે જાણવાની મારી જીજ્ઞાશા થઇ. હું નહીં જાણતો કે તે મારે વિશે શું ધારતી હતી, પણ તેણીએ પોતાનાં મોહોડાં ઉપરથી બુરખો ઉઘાડીને પોતાનો ખુબસુરત ચેહેરો અને કાલી આંખ દેખાડી. તેણીનાં બોલવા ઉપરથી અને તેણીની નમનતાઇ ભરેલી

ચાલ ઉપરથી હું તેણીના ઉપર ખચીત આશક પડયો. થોડોવાર વાત કરયા પછી તે બોલી કે મને સુનેરી કસબનું કપડું જોઇએ છે વાસ્તે જો તમારી દુકાન ઉપર હોય તો મેહેરબાની કરીને મને દેખાડો. બદરૂદીને કેટલાક તાકા ઉખેડી દેખાડ્યા તેમાનો એક તે સ્ત્રીને પસંદ આવ્યો તેથી તેની કીંમત પુછવા લાગી. બદરૂદીન બોલ્યો કે એની કીંમત અગીઆર સો દીરમ પડશે તેથી તે બોલી કે મારી પાસ હાલ નાણાં નથી તેથી જો તમે આજનો દાહાડો સબુર કરી મને આએ તાકો ઘેર લઇ જવા દેવો તો હું કાલની કાલ તમારા પૈસા મોકલી દઇશ. બદરૂદીને જવાબ દીધો કે બાઇ જો એ તાકો મારો હોતે તો સુખેથી આપતે પણ એ આએ જુવાન વેપારીનો છે કે જે મારી પાસે તરતને તરત હીસાબ લે છે. તે સ્ત્રી બોલી કે તમે આજે મારી સાથે એમ શું કરોછો? શું તમો મને ઓળખતા નથી કે એમ બોલો છો? આજ સુધી કોઇબી દાહાડે તમારાં નાણાં મેં ડુબાડ્યાં નથી. તે વેપારી બોલ્યો કે બાઇ તે ખરૂં છે પણ આજનાં આજ તે નાણાં મને જોઇએ છે! બદરૂદીનની હઠીલાઇથી તે ઘણીજ ગુસ્સે થઇ, અને તાકા ફેંકી દેઇને બોલી કે તમો બધા વેપારીઓની એવીજ ચાલ છે કે કોઇ પણ સારાં આદમીને ધારવું નહીં. એમ કહી તે દુકાન ઉપરથી ઉતરી પડી.

તે જેવી ઉતરી ગઇ તેવોજ હું પછવાડે જઇને બોલ્યો કે બાઇ મારી સાથે પાછાં આવો; હું નક્કી કરીને તમુને પેલાં કપડાંનો તાકો અપાઉ઼ં. તે સ્ત્રી મારી સાથે મારી ખાતરને વાસ્તે પાછી આવી, હું દુકાન ઉપર તેણીને લઇ ગયો અને મેં પેલા વેપારીને પુછયું કે તમુને આએ કપડાનું શું જોઇએ છે? તે બોલ્યો કે અગીઆરશો દીરમમાં એક અરધી ઓછી પડવાની નથી. હું બોલ્યો કે બાઇ એ કપડું એ બાઇને આપો અને તમારા નફાના સો દીરમ આપું છું તે લેવો, અને બાકીનાં હજાર દીરમ મારે નામે ઉધારો. એમ કહી મેં તેને રસીદ લખીને મારે નામની સહી આપી, મેં તે તાકો તે બાઇને આપ્યો, અને બોલ્યો કે બાઇ આએ તમે લઇને ઘેર જાવો, અને જોઇએ તો કાલે નાણાં મોકલજો ને જોઇએ તો એ તાકો મારે ખાતર રાખજો. તે બોલી કે ના મારાથી એમ બને નહીં, તમોએ મારી તરફ એટલી તો મેહેરબાની દેખડાવી છે કે તેનો બદલો આપ્યા વગર મને ચાલેજ નહીં. ખોદા તમુને વધારે તંદરોસતી બક્ષે, બેહેસ્તના દરવાજા તમારા મરવા પછી ખોલ્લા થાય, અને તમારી ભલમણસાઇથી તમારૂં નામ દુન્યામાં કાયમ રહે એવી મારી દુવા છે.

પેલીના આ મીસાલના બોલવા ઉપરથી મને હીંમત આવી તેથી હું બોલ્યો કે "બાઇ મને કાંઇ જોઇતું નથી પણ તમારો ચેહેરો જોવા ગમે છે તે જરાક દેખાવો." હું એમ બોલ્યો કે પેલીએ મારી તરફ ફરી પોતાનો બુરખો ઉઘાડીને પોતાનો ખુશનુમા ચેહેરો દેખાડ્યો, હું તેનાં ચેહેરા ઉપરથી એટલો તો ખુશી થઇ ગયો કે મારેથી કાંઇ બોલાયુંજ નહીં. તે સ્ત્રી રખે કોઇ બીજો શખ્સ તેણીનો ચેહેરો જોય તેટલા વાસ્તે બીહીને પોતાનો બુરખો નાખીને તરત પેલો તાકો લઇને ચાલી ગઇ. તેણીના ગયા પછી હું અફસોસમાં પડયો. હું મારા મનમાં ગુંચવાવા લાગો, અને ઘણો વાર સુધી તે દીવાના જેવો બની ગયો; હું ઘેર જવા આગમચ પેલા વેપારીને પુછવા લાગો, કે તે બાઇ કોણ હતી? તે વેપારી બોલ્યો કે એક તવંગર અમીરની એ છોકરી છે, અને એણીનો બાપ અખુટ ખજાનો મુકીને મરણ પામ્યો છે. હું જેવો ઘેર ગયો તેવાજ મારા ચાકરો ખાણુ લાવ્યા, પણ તેમાંનો એક બુક વટીક મારેથી ખવાયો નહીં. વળી પણ તે વતરોગે રાતનાં તે મને સુખેથી ઊંઘ પણ આવી નહીં. બીજે સવારનાં જેવો ઉઠયો તેવોજ હું સારો પોશાક પેહેરીને પેલી બાઇને જોવાનાં વિચારથી બદરૂદીનની દુકાને ગયો.

હું ત્યાં ઘણોવાર બેઠો નહીં, તેટલામાં તો પેલી ઓરત પોતાની પાછલ એક ચાકરડીને લઇને આવી પોહોંચી. પેલા વેપારી સાથે કાંઇ પણ બોલ્યા વગર તે મનેજ કેહેવા લાગી કે સાહેબ તમે

જોવો કે હું કેવી એકીનદાર છું. જે પૈસા કાલે તમે મને ઓળખ્યા વગર ધીરયા હતા તે હું આજે લાવી છું. આએ તમારી મેહેરબાની હું કદી પણ ભુલીશ નહીં. તમે મેહેરબાનીને રાહે પાછા તમારા પૈસા લેવો. એમ કહીને મારા હાથમાં પૈસા આપીને તે મારી આગળ બેઠી.

મારી પાસે તે બેઠી તે તક લઇને મેં તેણીને મારો પ્યાર જણાવ્યો, પણ તેથી તે તરત ઉઠીને ચાલતી થઇ. મેં એવું ધારયું કે તેણીએ કદાચ મારા બોલવાનો ગુસ્સો કીધો હશે; જ્યાંસુધી તે ગઇ ત્યાંસુધી મેં તેણીને જોયા કીધા પણ જ્યારે તે મારી નજર આગળથી ગુમ થઇ ગઇ ત્યારે હું તરત ઉઠયો, અને પેલા વેપારીની રજા લઇને ચાલતો થયો. હું કયાં જાઉં છું તેની મને પણ સુદ્ધ રહી નહીં. હું વિચારમાંને વિચારમાં ચાલતો હતો તેવામાં કોઇએ મને પછવાડેથી ખેંચ્યો. પાછળ ફરીને જોઉં છું તો પેલી સ્ત્રીની ચાકરડી મને ખેંચતી હતી. તે ચાકરડી બોલી કે મારી શેઠાણી કે જે પેલા વેપારીની દુકાન ઉપર હમણાં આવી હતી, તે તમારી સાથે વાત કરવાને તમુને બોલાવે છે. હું તરત તેણીની સાથે ગયો, ત્યાં મેં બાઇને એક શરાફની દુકાન ઉપર ઉભેલી જોઇ. જેવો તેણીએ મને જોયો કે પ્યાર કરીને પોતાની પાસે બેસાડયો, અને બોલી કે તમે એવું ના ધારતા કે તમારા બોલવા ઉપરથી ગુસ્સે થઇને હું ઉઠી આવી; પણ મને પેલા વેપારીનાં દેખતાં તમારી સાથે બરોબર વાત કરવાને ઠીક લાગ્યું નહીં. હું તમારા બોલવાથી જરા પણ ગુસ્સે થયા વગર ખુશીથી કબુલ કરૂં છું કે, તમારા જેવા લાયકીવાલા માણસને મારે વિશે વખાણ કરતાં ક્યારે જોઉં. હું નહીં જાણતી કે તમારી તરફ મારો કેમ પ્યાર દોડયો; પણ જેવા મેં તમુને પેહેલે દહાડે જોયા, તે દહાડેનીજ હું તમારી ઉપર આશક પડી છું. કાલ સવારની તમુને જોવા થકી હું ઇંતેજાર હતી. હું પ્યારમા ગરક થઇ ગયલો અને ખુશીમાં લપટાયલો બોલી ઉઠયો કે "બાઇ તમારા બોલવા ઉપરથી જેટલી હાલ મને ખુશી ઉપજી છે તેટલી કોઇ દહાડે પણ મને ઉપજી નહીં હશે. મારા સીવાએ કોઇબી બીજો શખ્સ તમારે વિશે હું નહીં ધારતો કે પેહેલેજ દેખાવે એટલું સારૂં મત ધરાવે. હું તમારી ખુબસુરતીથી ખુશીમાં ગરક થઇ ગયો છું. તે બોલી કે મેહેરબાની કરીને તમે મારે ઘેર આવો નહીં તો તમારે ત્યાં મને લઇ જાવો. મેં તેણીને જવાબ આપ્યો કે બાઇ હું તો પારકો શખ્સ આં આવી રહયો છું, હું એક ધર્મશાળામાં રેહું છું, પણ જો તમારૂં ઘેર મને તમો દેખાડો તો હું રોજ આવજાવ કરીશ. તેણીએ મારો ઠેરાવ કબુલ કીધો. તે બોલી કે આજથી પરમ દહાડે તમો નીમાજ કરવાના મોહોલામાં આવીને "એબન શામા" નામનાં અમીરોનાં સરદારનું ઘેર પુછશો તો તરત તમુને તે કોઇ પણ બતાવશે અને ત્યાં હું તમુને મલીશ.

ત્રીજે દહાડે મેં ઘણો એશકી પોશાક પેહેરયો અને મારી પાસે નજદીક પચાસ સુનાનાં સીક્કા રાખીને એક ગધેડાં ઉપર બેસીને પેલી બાઇને ઘેર રવાના થયો જેવો પેલા મોહોલામાં હું ગયો તેવોજ મેં મારી સાથે ગધેડાવાલો લીધો હતો તેને ઘેરની ખોલ કાહાડવા કહ્યું, તરત અમુને કોઇએ ઘર બતાવ્યું. હું તે ઘેર આગલ ઉતરયો અને ગધેડાવાલાને કહ્યું કે કાલે સવારનાં પાછો આં આવજે. મેં પેલા ઘેરનું બારનું ઠોકયું કે તરતજ બે ખુબસુરત બાંડીઓએ આવીને તે ઉઘાડયુ. તેઓ બોલી કે સાહેબ અંદર આવો અમારી બાઇ તમારે વાસ્તે વાટ જોતાં ઉભાં છે. આજ બે દહાડા થયા તેવન તમારીજ વાત કરયા કરે છે. હું તે ઘેરનાં ચોકમાં ગયો, કે જ્યાં મેં એક દેહેરો જોયો, તે દેહેરો જમીનથી નજદીક સાત હાથ ઉંચો મારેલો હતો, અને તેના આસપાસ એક ખુશનુમાં બાગ હતો, કેટલાંક ઝાડો ઉપર મેવો લટકતો હતો અને કેટલાંક ઝાડો ઠંડા છાયાને વાસ્તે રોપેલાં હતાં. હું તહરેવાર સુંદર પક્ષીઓના અવાજથી અને એક ફુવારો જે પોતાનું પાણી ઊંચે ઉડારતો હતો તેથી ઘણોજ ખુશી થઇ ગયો. તે ફુવારાને ચાર છેડે ચાર જેહેરી સરપોના પુતળાં પાડેલાં હતાં, કે

જેનાં મોહોડાંમાંથી ફુવારાનું પાણી બાહાર ઉડતું હતું. આએ જગ્યા બેહેસ્તનાં બાગના જેવી થઇ પડી હતી તેથી હું ઘણોજ મગન થવા લાગો. તેઓ મને એક મેહેલમાં લઇ ગયા, અને તેમાંની એક બાંડી મારા આવ્યાની ખબર પોતાની શેઠાણીને કેહેવા દોડી; અને બીજી મને પેલા મેહેલમાની ખુબસુરત ચીજો દેખડાવા લાગી.

જરા વાર નહીં થયો એટલા વારમાં પેલી બાઇ જેની ઉપર હું આશક પડયો હતો તે જરીન પોશાકમાં આવી ઉભી પણ તેણીનાં હીરા મોતીનાં ઝલકાટ કરતાં તેણીની આંખો વધારે ચલકાટ આપતી હતી. રસ્તામાં તો પોશાકથી તે બરોબર દેખાતી ન હતી, પણ લ્યાં જોવાથી મેં એવું ધાર્યું કે એના જેવી પરીજાદ કોઇ દુન્યામાં નહીં હશે. હું તેણીને જોવાથી કેટલો બધો ખુશી થઇ ગયો તે હું કાંઇ કહી શકતો નથી. પણ અમો બન્ને જણાં એક કોચ ઉપર બેસીને ઘણીજ ખુશીથી વાત કરવા લાગાં, ત્યાર પછી અમો ખાવા બેઠાં અને સાંજ પડી ત્યાં સુધી ખુશાલીમાં ગરક થઇ ગયાં હતાં, અમોએ થોડોક દારૂ પીધો અને મેવો ખાવા લાગા તેવામાં કેટલીક બાયડીઓ પોતાના નાજુક હલકે વજનતર વગાડીને ગીત ગાવા લાગી. મારી મોહોરદાર પણ સાથે ગાવા લાગી જેથી હું ઘણોક એશકમાં ગરક થઇ ગયો અને તરેહ તરેહની મોજ મજાહમાં મેં આખી રાત ગુજારી. સહવારનાં ઉઠયો ત્યારે આસ્તે રહીને પેલા પચાસ સુનાના સીક્કા જે હું સાથે લાવ્યો હતો તે તેણીનાં તકયા તળે મુકીને મેં જવાની રજા માગી. જતી વખતે મને પુછયું કે તમો પાછા કયારે આવશો? મેં કહ્યું કે ખચીત આજ સાંજનાં આવીશ. જેથી તે ઘણીજ ખુશ થઇ ગઇ અને મને બાહાર મુકવા આવી.

પેલો માણુસ પોતાનાં ગધેડા સાથે ઉભોજ હતો તેની ઉપર બેસીને હું મારે ઘર ગયો અને પેલા ટટુવાલાને પાછો રાતનાં લાવવાને હોકમ કીધો.

જેવો હું ધર્મશાળામાં આવ્યો, તેવોજ બજારમાં જઇ કેટલાંક નાન અને એક ન્હાનું બકલ્યું ખરીદ કરીને પેલી બાઇ ઉપર એક ભેટ મોકલ્યું, ત્યાર પછી મેં મારૂં અગતનું કામ કરી લીધું, અને સાંજ પડતાં જેવો પેલો ગધેડાંવાળો ત્યાં આવી લાગો તેવોજ હું ગધેડાં ઉપર બેસી પેલી બાઇને ત્યાં ગયો. પેલી બાઇએ મને ઘણાજ પ્યારથી અંદર લીધો, અને આખી રાત આરામ કરી હું પાછો સવારનાં આવવા નીકળ્યો. આવતી વખતે અગાઉની માફક તકયા તળે મેં પચાસ સુનાનાં સીક્કા મુકયા. પેલી બાઇની પાસે હું રોજ જવા લાગો, અને રોજ પચાસ સીક્કાની કોથલી મુકી આવતો, એમ કરતાં તો થોડા દહાડામાં મારા બધા પૈસા ખુટી ગયા અને ફરી બીજા મલશે એવી આશા બીલકુલ રહી નહીં; એવા બતંગ વખતમાં હું તરત નાસીપાસ થઇ ગયો.

હું મારા ઘરમાંથી બાહાર ફરવા નીકળ્યો, પણ મને કાંઇ સુજ્યું નહીં. આગલ ચાલતા મેં ઘણાએક લોકોને તે દેશના સુલતાનનાં ઘર આગળ ઉભેલાં જોયાં. હું ત્યાં જઇને પેલા લોકોમાં ભેલાઇ ગયો અને ત્યાં એક ઘણાજ એશકી માણુસને ઘોડા ઉપર બેઠેલો જોયો, તેના ઘોડાના જીન સાથે એક કોથલી બાંધેલી હતી કે જે કોથલીમાંથી એક લીલી દોરી મેં જોઇ. હું જરા આગળ ગયો અને તપાસીને જોઉંચ તો માલુમ પડયું કે તે દોરી બીજી કોથલીની હતી કે જે મોટી કોથલીમાં મુકેલી હતી. જે વખતે મેં પેલી કોથલી જોઇ તેજ વખતે એક હેલકરી પોતાનાં માથા ઉપર લાકડાંનો ભારો લઇ છેક તે ઘોડાની પાસેથી જતો હતો તેથી પેલો માણુસ સંભાલથી તેની તરફ જોવા લાગો કે રખે લાકડાંનાં આચકાથી તેનો પોશાક ફાટી જાય, આએ વખતે શેતાંને મને ભમાવ્યો તેથી મેં એક હાથે પેલી મોટી કોથલીનું મોડું પોહોલું કીધું અને બીજે હાથે પેલી ન્હાની કોથલી કોઇના જોવા વગર હલુસે કહાડી લીધી. તે ઘણી ભારી હતી તેથી મેં વીચાર્યું કે તે સુનાથી કે રૂપાંથી ભરેલી હશે.

જેવો પેલો હેલકરી ચાલી ગયો, તેવોજ પેલા માણુસને મારે વિશે કાંઇ વેહેમ આવ્યાથી પોતાની

કોથલી જોઇ તો તે ગેપ થઇ ગયલી હતી તેથી તેણે જોરથી મને મુક્કી મારી જેથી હું પછાત ખાઇને જમીન ઉપર પડયો. જે લોકોએ મને એ રીતે પડેલો જોયો, તે લોકો તરત મારી તરફથી નીકળી આવ્યાં, અને પેલાનો ઘોડો પકડી કેહેવા લાગાં કે એણે શું કીધું કે એ પ્રમાણે એક મુસલમાન સાથે એવી ચાલ ચલાવે છે? તે બોલ્યો કે એમાં પુછવાનું તમારૂં શું કામ છે? હું જે કરૂં છું તે વાજબી છે, આએ માણુસ એક ચોર છે, જેવો હું ઉઠયો તેવા બધા જણુ મારી તરફથી પેલા માણુસને કેહેવા લાગા કે તું જુઠું બોલેછે, આવો આબરૂવાળો અને લાયકીવાળો માણુસ એવી કદી પણુ ચાલ ચલાવે નહીં. તે લોકો બધાં મારી તરફથી બોલવા લાગાં, અને હું નાહાસી જાઉં તેટલા વાસ્તે તેના ઘોડાને પકડી રહ્યાં.

પણુ તેવામાં કમનસીબે ત્યાં એક સરકારી અમલદાર કેટલાક સીપાઇઓને લઇને આવી લાગો. તે અમારી આગળ આવીને પુછવા લાગો કે શું છે? બધા જણાં પેલા ઘોડા ઉપર બેઠેલા માણુસને ઠપકો આપવા લાગાં. પેલા અમલદારની આએ વાતથી બરોબર ખાતરી થઇ નહીં તેથી પેલા શખ્સને પુછવા લાગો કે આએ ધણી સીવાય કોઇ બીજા ધણી ઉપર તમુને ચોરીનો શક જાય છે? પણુ પેલો માણુસ બોલ્યો કે નહીં, એ વતરોગે બીજા કોઇ ઉપર નહીં. ત્યાર પછી બધી વાતે તેણે પેલા અમલદારને વાકેફ કીધો તે ઉપરથી અમલદારે મારા ઝાડા જોતાં તરત પેલી કોથલી નીકળી આવી. આએ બદનાંમી કાંઇ મારા ઉપર થોડી ન હતી; એથી મને ઘણુંજ લાગી આવ્યું અને હું તુરતજ બેસુદ્ધ થઇ જમીન ઉપર પડયો.

જેવી તે કોથલી મારી પાસેથી મલી આવી તેવોજ હું ફીક્કો પડી ગયો. તે અમલદારે પેલા ઘોડે સ્વાર માણુસોને પુછયું કે આ કોથલી તમારીજ છે તો જોઇએ કહો એમાં તમારા કેટલા પૈસા છે? તેણે તુરતજ પોતાની કોથલી ઓલખી અને કહ્યું કે તેમાં વીસ સીકવીન છે. તે અમલદારે તુરતજ કોથલી ઉખેડી તો તેમાંથી પેલાના કહ્યા મુજબ બરાબર વીસ સીકવીન નીકલ્યા તેથી તે કોથલી તેને સ્વાધીન કીધી. અને પછી મને પોતાની સાંમે ઉભો કીધો ને કહ્યું કે "અએ જવાન જે ખરૂં હોય તે તુરત કહે અને કબુલ કર કે તેં આ કોથલી ચોરી હતી? અને તને માર મારીને કબુલ કરાવ્યે તે આગમચ તારો વાંક કબુલ કરીને હલકો કર." મેં મારૂં સર શરમથી નીચું કીધું અને વિચાર્યું કે જ્યારે મારાં શરીર ઉપરથી તે કોથલી મલી આવી ત્યારે તો મારે કબુલજ કરવું વધારે સારૂં છે કારણુ કે ચોર તરીકે અને વલી જુઠા તરીકે બે શીક્ષાને પાત્ર થવા કરતાં ચોર તરીકેજ જાહેર થવામાં થોડી શીક્ષા થવાનો સંભવ હતો તેથી મેં મારૂં સર ઊંચું કીધું અને મોટા સંતાપ સાથે કબુલ કીધું કે મેં ચોરી કીધી છે. જેવું મેં કબુલ કીધું તે વખતેજ તેને સાક્ષી લખી લીધી અને પછી પોતાના માણુસોને મારો જમણો હાથ કાપી નાખવાનો હોકમ કીધો. આ હોકમ ત્યાંને ત્યાંજ તેના માણુસો અમલમાં લાવ્યાં જેથી ત્યાં ભેગા મલેલાં માણુસોને મારી ઘણી દયા આવી. મેં ઘણી કાકલુદી કીધી તેથી પેલો અમલદાર જે હજુર આ શીક્ષા થોડી ધારી મારો જમણો પગ પણુ કાપી નાખવાનો હોકમ કરતો હતો તે અટકયો નહીં પછી મેં જે માણુસની કોથલી ચોરી હતી તેને ઘણાં કાલાવાલા કીધા તેથી તેણે પેલા અમલદારને વધુ શીક્ષા નહીં કરવા માટે સમજાવ્યો તેથી તે અમલદાર મારો જમણો હાથજ કપાવીને સંતોષ પામ્યો.

તે અમલદારના ગયા પછી તુરતજ પેલો શખ્સ જેની મેં કોથલી ચોરી હતી તે મારી આગલ આવ્યો અને તે કોથલી મને આપી કેહવા લાગો કે "ઘણીજ તંગાસ તમોને પડવા વગર તમો આવું જબુન અને ગેરઆબરૂભર્યું કામ કરો એમ હું ધારતો નથી. તમારો ચેહરોજ કહી આપે છે કે તમો ઘણા સારા માણુસ છો. આ રેહી તે કંગાલ કોથલી કે જેને માટે તમોને આટલું બધું ખમવું પડ્યું; લેવો આ કોથલી તમારી પાસે રાખો તમોને જે નુકસાન થયું છે તે માટે હું ઘણો દલગીર

છું." આ મુજબ કહી તે મારી આગલથી ચાલતો થાય છે પણ મને ઘણું લોહી જવાથી હું ઘણો નબલો પડી ગયો હતો તેથી હું ત્યાંજ બેસુદ્ધ થઇ પડી ગયો. મારી આસપાસના માણસોએ મને ઊંચકી લીધો અને મારા જખમ ઉપર પાટા બાંધ્યાં અને પછી પોતાને ઘર લઇ જઇ ને મને હુસ્યારી આપવા માટે થોડોક વાઇન પાયો. મારો કાપેલો હાથ તેઓએ કપડામાં વીંટાલીને મને આપ્યો જે મેં મારી કંમર સાથે બાંધ્યો.

હું મારે ઘેર ગયો અને વિચાર કરવા લાગો કે હવે કેમ પેલી સ્ત્રીને ત્યાં જાઉં? જો મારે વિશે તે આવી વાત સાંભળશે તો મને બારણા આગલથી ઉભો નહીં રાખશે. તોપણ મેં હીંમત ધરી અને અજાણે રસ્તે તેને ઘેર ગયો, ત્યાં જતાંનેવાર થાક અતીશય ચહડવાથી એક કોચ ઉપરં હું સુઇ ગયો અને જમણો હાથ દગલામાં રાખ્યો કે તે જોય નહીં.

મારા આવવાની ખબર તેણીને થઇ અને માલમ પડયું કે હું આજારી છું તેથી તરત મારી આગલ દોડી આવી, અને મારો ફીક્કો ચેહેરો જોઇને બોલી કે મારા પ્યારા જીગર તમુને શું છે? મારી પ્યારીથી ખરૂં કારણ છુપાવ્યું ને બોલ્યો કે મારૂં માંથું ઘણુંજ દુખે છે. આ સાંભળી તે ઘણીજ દલગીર થઇ. હું તેણીને કેહવાને વાસ્તે ઉભો થયો હતો તેથી તે બોલી કે તમે બેસી જાવો અને કેહેવો કે તમુને શું થાય છે. મેં તમુને તે દાહાડે જોયા હતા ત્યારે તો સારીપેઠે હતા વાસ્તે મેહેરબાની કરી કહો કે તમુને શું થયું છે. હું જાણું છું કે ખરી બીના તું મારેથી છુપાવે છે. હું મુગો રહ્યો અને આંખમાંથી તપ તપ આંસું પડવા લાગાં તેથી તેણીની બોલી કે હું નહીં જાણતી કે એટલું બધું તમારી ઉપર શું દુઃખ આવી પડયું છે. શું મારાથી કાંઇ તમુને ઇજા થઇ છે? શું તમે મને કેહેવા આવ્યા છો કે હવે પછી તમે મને નથી ચાહતા? મેં કહ્યું કે બાનું એમ નથી જો તમુને એવો શક આવતો હોય તો તમે મારા દુઃખમાં ઉલતો વધારો કરો છો.

મારા દુઃખનું ખરૂં કારણ તેણીની આગલ મારીથી કેહેવાયું નહીં. સાંજ પડી અને ખાવાનું તૈયાર થયું. ખાવા માટે મને પેલી કાળાવાળા કરવા લાગી પણ મારો જમણો હાથ કપાઇ ગયો હતો તેથી ડાબા હાથે ખાવું પડશે એવો વિચાર કરીને મેં તેણીને ના કહ્યું કે મને ભુખ નથી. તેણી બોલી કે તમે મુગા રહો છો તેથી માલુમ પડે છે કે મારા ઉપરથી તમારો પ્યાર ઉતરી ગયો છે. એમ બોલીને મને તેણીએ એક વાઇનનું ગલાસ પીવાને આપ્યું અને બોલી કે એથી તમુને હીંમત અને જોર આવશે. મેં તે ગલાસ ડાબે હાથે લીધું, જેવું મેં ડાબે હાથે ગલાસ લીધું, તેવોજ હું ફોકે ફોક રડવા લાગો. તેણી બોલી કે તમે એમ રડો છો શું કામ? તમે આ ગલાસ જમણા હાથમાં કેમ નહીં પકડતા? હું બોલ્યો કે બાઇ મને માફ કરો મારા જમણા હાથ ઉપર સોજો આવ્યો છે. તે બોલી કે તે મને દેખાડો અને હું તેનો ઇલાજ કરીશ. મેં જવાબ આપ્યો કે એ પર કાંઇ ઓશદ લગાડેલું છે વાસ્તે હાલ તરત તો રેહવા દેવો; એમ કહી પેલો દારૂ હું પી ગયો. તેથી મારી થાક ઉતરી ગઇ અને ઊંઘમાં હું પડયો તે છેક સવાર સુધી ઊંઘાઇ રહ્યો.

મારા હાથને શું બીના બની છે તે જાણુવાની પેલી ઓરતની ઘણી ખાએશ થયાથી તેણીએ હું ભર ઊંઘમાં પડયો એટલે મારો જબો ઊંચકી જોયો ત્યારે પોતાના આશકનો કપાઇ ગયલો હાથ એક કપડામાં વીટાલેલો જોઇને તેણીને કેવો ખેદ થયો હશે? તેણીની સાથે ખાવાને જે રગજગ મેં કીધી હતી તેનું કારણ તે હવે પુરતી રીતે સમજી; અને જે હીનપસતીની કાલી ટીલી મારે કપાલે ચોંટી હતી તે કોઇનેજ માટે નહીં પણ મારી માશુકનેજ ખાતર એવી તેણીની ખાતરી થઇ.

બીજે દાહાડે હું ઉઠયો ત્યારે મેં તેણીને ઘણીજ દલગીર જોઇ, તે બાબદ સર એક હરફ પણ બોલી નહીં પણ મને ખાવાપીવાને બોહોંસ કીધી કાંયકે હું ઘણોજ લેવાઇ ગયો હતો. મેં તેથી કરીને

તેની પાસેથી જવાની રજા માંગી પણ પેલીએ મારો ઝભો પકડીને મને ઉભો રાખ્યો ને બોલી કે તમુને હું હયાંથી જવા દેનાર નથી. હું સારી પેઠે જાણું છું કે આએ બધું દુઃખ મારે ખાતરજ થયું છે. મને જે દલગીરી પેદા થઇ છે તેથી કરીને હું હવે વધારે વાર જીવવાની નથી પણ હું મરી જાઉ તેની અગાઉ તમારા લાભમાં હું એક કામ કરી જાઉંછું. ત્યારપછી પેલીએ એક વકીલને બોલાવ્યો અને કેટલાક સરકારી અમલદારોને તેડી મંગાવીને પોતાની બધી દોલત મારા નામ ઉપર કરાવી. તે લોકો ગયા પછી પેલીએ એક પેટી ઊઘાડીને કહ્યું કે જે તમો મારી પાસે આવીને રોજ પૈસાની કોથલીઓ મુકી જતા હતા તે બધી કોથલીઓ અનામત હયાં છે તે તમે સુખેથી લેવો, અને વલી મને કહ્યું કે હજુરતો તમુને દોલતનો ઢગને ઢગ આપીશ. તે ઉપરથી મેં તેણીનો ઉપકાર માન્યો, અને તેણીને સમજાવ્યું તમે મરવાનો જે ભય ભરેલો વિચાર કીધો છે તે ફેરવવો પણ પેલીએ કંઇ માન્યું નહીં. દુઃખથી અને દલગીરીથી તે બીચારી થોડા દહાડામાં આજારી પડી ને છ કે સાત અઠવાડયામાં તો તે વફાદાર ઓરત મરી ગઇ.

તેણીનાં મરણ પછી તેણીની બધી દોલત મારે હસ્તક થઇ અને જે તલ તમોએ મને વેચાવી આપ્યા હતા તે તેણીની મીલકત હતી.

આએ વાત કરી રહ્યા પછી તે બોલ્યો કે તમો હવે જાણશો કે હું શા વાસ્તે ડાબે હાથે ખાઉંછું. તમારી મેહેરબાનીનો હું ઉપકાર માનું છું અને જ્યારે મારી પાસે આટલી બધી દોલત છે ત્યારે આએ મારા પૈસા જે મેં તમુને રાખવા આપ્યા છે તે તમુને હું ભેટ કરૂંછું, અને તે તમારે કબુલ કરવા. હું વલી તમુને બીજી અરજ કરૂંછું કે આપણે સાથે વેપાર કરયે અને જે ભાગ આવે તે વેંહેંચી લઇએ કાંયકે કેરો શેહરમાં મારા હાથની આવી રીતે બોહારી થયાથી હું ફરીથી એ જમીનપર પગ મુકનાર નથી.

પેલો ખ્રીસ્તી વેપારી બોલ્યો કે જ્યારે તે જુવાન માણુસ મારી આગળ આ વાર્તા કરી રહ્યો ત્યારે જે પૈસા મને ભેટ તેણે આપ્યા હતા તેથી મેં તેનો પાડ માન્યો અને તેની સાથે ભાગમાં વેપાર કરવા હું કબુલ થયો.

એક દહાડો ઠેરવીને અમે મુસાફરી કરવા નીકલ્યા અને સીરીયા અને મેસીપોતેમ્યા ફરીને ઇરાન તરફ મુસાફરી કરતા કરતા તમારાં કાશગર શેહેરમાં અમો આવી લાગા. અમો હીયાં થોડા દહાડા રહ્યા પછી પેલો જુવાન શખ્સ કેહેવા લાગો કે મને ઇરાન જઇને રેહેવા ગમે છે તે ઉપરથી અમે હમારો હીસાબ કરી નાણાં ચુકવી લીધાં અને પછી એક બીજાથી છુટા પડયા. તે ઇરાન તરફ કુચ કરી ગયો અને હું આ શેહેરમાં રહ્યો છું કે જ્યાં તમો નામદારની ચાકરી કરવાનું મને માન મલ્યું છે- આ મારી જે હકીકત હતી તે મેં તમો નામદારને કહી સંભળાવી છે. આ વાત શું તમારા ખુંધા મશકેરા કરતાં વધારે અજાયબ જેવી નથી?"

આ સાંભળી કાશગરનો સુલતાન પેલા ખ્રીસ્તી વેપારી ઉપર ઘણો ગુસ્સે થયો અને બોલ્યો કે "તું ઘણો સરકશ અને બેઅદબ માણુસ નજર આવે છે. તું એક કંગાલ જેવી વાર્તા કરી ને મારા મશકેરા ખુંધાની વાર્તાની બરાબરી કરવાની હીંમત કરે છે? તું એમ ધારીને મલકાતો હશે કે એ રખડતા કંગાલ બદ્દકારની વાર્તા મારા નીરદોષ મસકેરા ખુંધાની ઉત્તમ વાર્તાને પુગી શકશે પણ તેમાં તું ફાવે તેમ નથી. હું ખરેખર કહું છું કે મારા ખુંધા મસકેરાના ખુનના બદલામાં તમો ચારે જણાને ફાંસીને લાકડે લટકાવીશ."

આ સખુનો સાંભલી પેલો મુસલમાન વેપારી ઘણો ધ્રુજવા લાગો અને સુલતાનના પગ આગળ પોતાનું સર નમાવી બોલ્યો "ઓ મારા મુરબ્બી તમો કાંઇબી કરો તે આગમચ મારા થોડા સખુનો

સાંભલો. હું જે વાર્તા તમોને કહી સંભળાઉં તે વાર્તા જો તમારા ખુંધા મસકેરા કરતાં સરસ હોય તો તમો નામદાર અમો સર્વે ઉપર મેહેરબાની કરીને અમોને જીવતદાન બક્ષેશ કરશો?" સુલતાન બોલ્યો "બોલ, હું તારી અરજ કબુલ કરૂં છું." આ ઉપરથી પેલા સુલતાનનાં ઘી તેલવાલાએ પોતાની વાર્તા નીચે મુજબ કહી સંભળાવી:—

કાશગરના સુલતાનના ઘી તેલવાલાએ કહી સંભલાવેલી વાર્તા.

ઓ મોટા સુલતાન! હું ગઇ કાલે એક તવંગર અને વગવાલા માણસને ત્યાં તેની છોકરીના લગન ખાવા ગયો હતો. હું ત્યાં બરાબર વખતસર જવાને ચુકયો નહીં. ત્યાં આ શેહરના દરેક વગવાલા આસામીઓનો મેલાવડો થયો હતો. જ્યારે ક્રીઆ પુરી થઇ ત્યારે અમને એક ઘણું ઉમદા ખાણું ખવાડવામાં આવ્યું. અમો ટેબલપર બેઠા અને જેને જે પસંદ પડયું તે તેણે ખાધું. ખાણાં મધે બીજી તરેહવાર વાંનીઓ સાથે એક વાંની એવી તો સરસ રીતે લસણની પકાવેલી આવી કે તે સર્વેને એટલી તો પસંદ પડી કે હોંસે હોંસે ખાધી. પણ એક ગ્રહસ્થે તો તેને હાથબી લગાડયો નહીં. અમોએ તેણે ઘણી બોંહોંશ કીધી. ત્યારે તેને કહ્યું કે "મેહરબાંની કરીને મને બોંહોંસ કરવી નહીં કારણ કે હું એ વાંનીને અડકવાનોબી નથી. એક વખત એ વાંની ખાઇને શું નીહાલ થયો કે વલી ફરીથી એ ખાઇને હેરાન થાંઉ." આ ઉપરથી અમોએ તેણે પુછયું કે લસણની વાંની તરફ તેને એટલો ધીક્કાર બતાવવાનું કારણ શું? અમો પુછતા હતા તેટલામાં અમારો મેજબાન આવી પુગો. અને તેણે કેહવા લાગો "તમો આ પ્રમાણે મારાં ખાણાંને ઇનસાફ આપો છો? આ લસણની વાંની ઘણીજ સરસ છે તેથી એ ચાખવાને તમારે ના પાડવું નહીં જોઇએ અને આ સર્વેની માફક તમોએ પણ એ ખાંણાંને ઇનસાફ આપવો જોઇએ." તેણે જવાબ આપ્યો કે "મારા મેહરબાન મેજબાન, હું મોટી ખુશી સાથે તમારો સખુન મારે માથે ચહડાવતે. પણ હું ખચીત દલગીર છું કે મને એટલી બોંહોંસ કરો છો, જો તમારી મરજીને આધીન થઇને હું એ વાંની ખાઇશ તો ખાધા પછી મને ચાલીસ વખત ખારથી, ચાલીસ વખત રાખથી અને ચાલીસ વખત સાબુથી મારા હાથ ધોઇને સાફ કરવા પડશે. હું આશા રાખુ છું કે તમો આ ક્રીઆ મને કરવા દેશો કારણ કે લસણની વાંની ખાધા પછી એવી ક્રીઆ કરવાના મેં સોગન લીધા છે જે હું કોઇબી રીતે તોડી શકવાનો નથી!"

અમારા મેજબાને પોતાની જીદ છોડી નહીં ને પોતાના નોકરોને હોકમ કીધો કે ખાર, રાખ ને સાબુ તૈયાર કરવો ને પછી પેલા ગ્રહસ્થને કહ્યું કે "ચાલો હવે આ લસનની વાંની ખાવો, તમારે ગમે એટલી વખત હાથ ધોજો, તમોને જેટલો જોઇએ એટલો સાબુ, ખાર ને રાખ મેં તૈયાર રાખ્યો છે તેની તમારે કાંઇ ફીકર કરવી નહીં."

જો કે આવી બોંહોંસથી પેલો ગ્રહસ્થ ઘણો ગુસ્સે થયલો દેખાયો તોપણ શરમના મારયાએ પેલી લસણની વાંની ખાવા પોતાની આગળ લીધી. અમારી અજાયબી વચ્ચે તેણે પેલી વાંનીમાંથી થોડીક લઇને ફીકરથી ધ્રુજતાં ધ્રુજતાં પોતાના મોહમાં મુકી. તે ખાતો હતો ત્યારે વલી અમોએ વધારે અજાયબી સાથે જોયું કે તેના હાથનાં ફ્કત ચારજ આંગલાં હતાં અને અંગુઠો હતોજ નહીં! જોકે તેણે ઘણીક વાંની ખાધી ત્યાંસુધી કોઇએ તેના અંગુઠાપર ધ્યાન નહીં આપ્યું હતું. પેલા ઘર ધણીએ કહ્યું કે તમારો અંગુઠો ક્યા અકસ્માતથી જતો રહયો છે? કાંઇબી અજાયબ જેવા બનાવ સીવાય એમ બને નહીં માટે તે બનાવ વિશે તમો જે જાણતા હોવો તે અમો સર્વેને જણાવશો તો અમોને મોટી ખુશી ઉપજશે.

પેલા ગ્રહસ્થે જવાબ દીધો કે "તમો ધારો છો તેમ મારા જમણા હાથનોજ અંગુઠો નથી એમ

નહીં પણ મારા ડાબા હાથનો પણ અંગુઠો નથી" એમ બોલી તેણે પોતાનો ડાબો હાથ ઊંચો કીધો કે અમો જોઇ શકયે કે જે તે બોલે છે તે ખરૂંજ છે. વલી તે બોલ્યો કે "એટલુંજ નથી પણ મારા બંને પગના અંગુઠા પણ કાપી નાખેલા છે જે એટલી તો અજાયબ જેવી રીતે કપાઇ ગયા છે જેનું બયાન જો તમો ધીરજથી સાંભલો તો મને કેહવાને કાંઇ અડચણ નથી, પણ તે પેહેલાં મારે મારા હાથ એકસો ને વીસ વખત ધોવા જોઇએ." એ પછી તે ખાણા પરથી ઉઠયો અને એકસો ને વીસ વખત પોતાના હાથ ધોયા પછી પાછો તેબલ પર બેઠો અને પોતાની હકીકત નીચે મુજબ કેહવા માંડી:—

મારા દોસ્તો તમોને ખબર તો હશેજ કે મારો જનમ બગદાદ શેહેરમાં થયો હતો અને મારો બાપ પણ એજ શેહેરમાં કાલીફ હારૂન-અલ-રશીદના રાજમાં વસ્તો હતો જ્યાં તે એક મોટો અને પૈસાવાલો વેપારી ગણાતો હતો. પણ તે ઘણો મોજીલો તથા સોખીલો હોવાથી પોતાના ધંધાપર ઝાજુ ધ્યાન આપી શકતો નહીં હતો તેથી તે જ્યારે મરણ પામ્યો ત્યારે મારે માટે કાંઇ દોલત મુકી નહીં ગયો પણ સામુ કરજ મુકી ગયો જેથી મને મારો વખત ઘણો કરકસરથી ગુજારવો પડયો અને મારી આવકમાંથી મારા બાપનું કરજ ભરવું પડયું હતું. ઘણી સંભાલ અને કરકસરથી મારો વહીવત ચલાવી છેલ્લે સરવાલે મેં મારા બાપનું કરજ ફીટાડયું અને હું છુટો થયો અને પછી થોડી ઘણી દોલત એકઠી કરી સારી હાલતમાં આવી શકયો.

એક દાહાડો જેવો હું દુકાન ઊંઘાડતો હતો તેવામાં એક સ્ત્રી ખચર ઉપર બેસી પોતાની સાથે બે ગુલામ અને એક ખોજાને લઇને મારી દુકાન આગળ આવી ઉભી.

પેલા ખોજાની મદદથી પેલી સ્ત્રી ખચરથી ઉતરી, પછી ખોજો બોલ્યો "બાઇ હું ધારૂં છું કે આપણે ઘણા સકારેથી બજારમાં આવી લાગ્યાં છે, જોવો હજુર તો કોઇએ પોતાની દુકાન ખોલી નથી, જો તમોએ મારૂં કહ્યું માન્યું હતે તો હમણાં તમોને ખોટી થવું નહીં પડતે" તેણીએ આસપાસ જોયું તો ફક્ત મારીજ દુકાન ખોલી હતી તે મારી દુકાન તરફ આવી, મારી રજા લઇ મારી દુકાન ઉપર બેઠી ત્યારે ત્યાં કોઇ ન હતું તેથી તેણીએ પોતાનાં મોહોડાં ઉપરનો બુરખો કાહડી નાખ્યો. એના જેવી ખુબસુરત ઓરત મેં કોઇ દાહાડે જોઇ ન હતી તેથી મેં કેટલોક વાર તેણીની તરફ ટાંકી ટાંકીને જોયા કીધું. મારા આવા દેખાવ ઉપર પેલી કંઇ પણ શક લાવ્યા વગર ઘણો વાર સુધી મારી સામે ઉભી રહી પછી કેટલેક વારે રખે કોઇ આવી જાય એવી ધાસ્તીથી પોતાનો ચેહેરો ઢાંકી નાખ્યો. ત્યાર પછી તે બોલવા લાગી કે તમારી પાસે કાંઇ ઊંચું કપડું છે? હોય તો મને દેખાડો. મેં કહ્યું કે "બાઇ મેં હમણાજ વેપાર કરવા માંડયો છે તેથી મારી પાસે તમે કહો છો તેવાં ઊંચા કપડાનાં તાકા નથી પણ તમોને જે જે જોઇએ છે તે જો તમો મારી દુકાન ઉપર બેસો તો હું દુકાને દુકાન ફરી તેવાં કપડાંની ખોલ કરી લાવી આપીશ. તેથી તમારી મેહનતનો બચાવ થશે. હુંબી વેપારી છું તેથી મને તેઓ ઓછામાં ઓછો ભાવ કેહેશે." તે ઉપરથી પેલીએ મારૂં કહ્યું કબુલ કીધું. હમો બેઉ જણાં કેટલોક વાર વાત કરવા લાગાં અને ઘણો વાર લગાડવાને વાસ્તે મેં તેણીને કહ્યું કે હજુર વેપારીઓની દુકાન ઊઘડી નથી, તેણીની ખુબસુરતી કરતાં તેણીની અક્કલ અને હુશીયારીથી હું ખુશીમાં ઘણોજ ગરક થયો. અંતે થોડો વાર રહીને મને પેલું કપડું સોધવા બજારમાં જવું પડયું. મેં એક કપડું પાંચ હજાર દીરમે વેચાતું લાવી આપ્યું જે લઇ પેલી ચાલી ગઇ. જ્યાં સુધી તે બજારનાં દરવાજા આગલ ગઇ ત્યાં સુધી મેં ફરી ફરીને જોયા કીધું.

જરાવાર પછી હું વિચાર કરવા લાગો કે હું શું દીવાનો થઇ ગયો હતો કે ખુશીમાં ને ખુશીમાં પેલી સ્ત્રી પાસેથી પૈસા પણ લીધા નહીં તો નહીં પણ તેણીનું ઘેરનું ઠેકાણું પણ પુછી નહીં લીધું! મને તરત વિચાર આવ્યો કે વેપારીઓ તો એક દાહાડોબી સબુર કરવાનાં નથી, તેથી તે લોકોની

આગલ જઇને હું કાળાવાલા કરવા લાગો કે જરા સબુર કરો હું તે બાઇને સારી પેઠે ઓલખું છું. હું મારે ઘર મોહબતમાં ગીરફતાર તેમજ કરજની ફીકરમાં ગુંટાયલો ગયો. આટલું બધું કરજ કયાંથી આપશ એવું વિચારીને હું ઘણો ધુજવા લાગો.

મેં મારા માગનારાઓ પાસે આઠ દાહાડા સબુર કરવા માંગી લીધું. બરોબર આઠ દાહાડા થયા કે વેપારીઓ આવીને ઉભા; વળી મેં કાળાવાલા કરી કહ્યું કે બે ત્રણ દાહાડા તેઓએ સબુર કરવી. તેઓ થોડા દાહાડા સબુર કરવા કબુલ થયા પણ બીજે દાહાડે પેલી સ્ત્રી તે દાહાડાની માફકજ તેટલેજ વખતે પોતાનાં માણસો લઇ તેજ ખચર ઉપર બેસી આવી લાગી. તે બોલી કે તમારી પાસે મેં કપડું લીધું તેને માટે તમે આટલા દાહાડા ખોટી થયા છો પણ આજે તમારા પૈસા હું લાવી છું; એમ કહી મને સોનાની મોહરો આપીને કહ્યું કે શરાફને ત્યાં જઇ તે બરાબર છે કે નહીં તેની તપાસ કરવી. હું તેના ખોજા સાથે શરાફની દુકાને ગયો ને ખાતરી કરી આવ્યો. ત્યાર પછી જુદી જુદી બાબત ઉપર તે મારી સાથે વાત કરવા લાગી અને તરેહ તરેહની વાતચીતથી મને ખુશી કીધો. જેવી વેપારીઓની દુકાન ઉઘડી કે મેં તરત તે પૈસા લઇને બધાને ચુકાવી આપ્યા અને બીજું કપડું પેલી બાઇને જોઇતું હતું તે દેખડાવા લાવ્યો. વળી નજદીક એક હજાર સુનાનાં સીક્કા જેટલી કીંમતનાં કપડાંના નવા તાકા જે હું લાવ્યો કે જે લઇને વળી પોતાનું કાંઇ પણ નામ નીશાન કહ્યા વગર તે આગલની માફક ચાલી ગઇ. તેણીનાં ગયા પછી હું વિચાર કરવા લાગો કે પેલી બાઇએ મને પેહેલાં કપડાનાં પૈસા આપ્યા પણ વળી હમણા તો તેનાં કરતાં વધારે કીંમતનો માલ લઇ ગઇ છે માટે હું ધારૂં છું કે તે મને ઠગવા માગે છે કાંયકે બીજા વેપારીઓ તો કાંઇ તે સ્ત્રીને ઓળખતા નથી અને માત્ર મારા નામ પર તે લોકોએ પોતાનો માલ ધીરયો છે.

એક આખો મહીનો હું ધાસતીમાં ને પ્યારના વિચારમાં મરી રહ્યો પણ ત્યાં સુધી પેલી બાઇ તો કાંઇ આવી નહીં. પેલા વેપારીઓ તો ઘણાજ અધીરા થયા તેથી તે લોકોને નરમ પાડવાને મારી પાસે જે માલ હતો તે વેચી થોડા થોડા પૈસા ભરવાને હું તૈયાર થયો. તેવામાં તો ખોદાની મેહેરબાનીથી તે પાછી આગલની માફકજ ભપકાથી આવી લાગી. તે કેહવા લાગી કે "તમારો કાંતો લેવો ને આ સોનું તોલી લેવો કે તે બરાબર છે કે નહીં." આ બોલો સાંભળી મને તુરત જીવ આવ્યો.

પેલીએ મને પૈસા ગણી આપ્યા તેની અગાઉ કેટલાએક સવાલ તે પુછવા લાગી અને મને કહ્યું કે તમે પરણેલા છો કે નહીં. મેં કહ્યું કે નહીં, તે ઉપરથી તે પોતાનાં ખોજાને કહેવા લાગી કે ચાલો હવે આપણું કામ પુરૂં કરો. જે ઉપરથી પેલો ખોજો હસી પડયો અને મને એક ખુનામાં લઇ જઇને હરસે કેહેવા લાગો કે હું ધારૂં છું કે તમો મારી શેઠાણી ઉપર આશક પડ્યા છો પણ તેણીની આગળ તમારી કહેવાની હીંમત ચાલતી નથી; તમે જેટલા તેણીને ચાહોછો તે કરતાં તે તમુને દસ ઘણી વધારે ચાહે છે. તે કપડું લેવાને મસે તમુને જોવા આવેછે અને તેજ કારણસર તેણીએ તમુને પુછયું કે તમે પરણેલા છો કે નહીં. તમુને એક વખત મોહોડેથી કહી દેવું જોઇએ અને તે તરત પરણવાની તૈયારી કરશે એવી મારી ખાતરી છે. હું બોલ્યો કે જયારથી મેં આ બાઇને જોઇ છે ત્યારથી હું તેણીને માટે દીવાનો થઇ ગયો છું પણ મને તેણીની આગળ તે વિશે કેહેવાની હીંમત ચાલી નહીં, પણ તમોએ હમણા જે મને સલાહ આપી છે તેથી હું તમારો ઉપકાર માનું છું.

પેલા ખોજાએ મને સોનું તોલી આપ્યું અને પોતાની શેઠાણીને કેહવા લાગો કે આ વેપારી કબુલ થયો છે: એમ કેહેવાનું કારણ એવું માલમ પડયું કે પેલી બાંઇએ પોતાના ખોજાને મારી સાથ લગનનું સાટું કરવાનું કહી રાખ્યું હશે. હવે પેલી સ્ત્રીએ ઉઠીને જતી વખતે મને કહ્યું કે હમણાં તો હું જાઉં છું પણ પછી હું મારા ખોજા પાસે જે કહેવાડયું તે તમો કબુલ કરજો. મેં તરત જઇને

બધા વેપારીઓનું કરજ ચુકવી દીધું પછી પેલા ખોજાની વાટ જોતો બેઠો. કેટલા એક દહાડા ગયા પછી પેલો ખોજો આવી લાગો.

ઘણીજ આબરૂથી અને આદરમાનથી તેને મેં બેસાડયો અને તેની બાઇની તનદરૂસ્તીની હકીકત પુછી. તે બોલ્યો કે તમારા જેવો ભાયગવંત આશક દુન્યામાં મેં કોઇ પણ જોયો નથી કાંયકે મારી શેઠાણી તો બસ તમુરાજ પ્યારમાં ગરક થઇ ગઇ છે. એક ઘડી તમારા વગર ગુજારવી તે રદ સમજે છે. હું બોલ્યો કે તેણીની ચાલચલણ ઉપરથી તે કોઇ આબરૂદાર ઓરત દીસે છે, ત્યારે પેલો ખોજો બોલી ઉઠયો કે નામદાર કાલીફની સુલતાના ઝોબીદાની તે ખાસ સહી થાયછે, અને ઝોબીદાએ મારી બાઇને પાલીપોસીને મોટી કીધી છે તેથી તે તેણીને ઘણી ચાહેછે, અને જે છુપી વાત હોય છે તે તેણીનીજ આગળ કરે છે. તમારી સાથે પરણવાની વાત મારી બાઇએ ઝોબીદા બાનું આગળ કીધી છે. સુલતાનાએ રજા તો આપી છે પણ તમુને તે જોવા માગે છે કે તમારી હાલત અને ચાલ ચલણને તપાસવાને તેણીથી બની આવે, તમે તો ખચીત સુખમાંજ પડયા છો. કંઇ ધાસતી રાખશો ના. તમે મારી બાઇને ખુશી કીધી તો ઝોબીદાને પણ ખુશી કરવી જોઇએ વાસ્તે મારી સાથે મેહેલમાં ચાલો.

હવે કરવાનું માત્ર એટલુંજ છે કે તમારે મેહલમાં આવવાની તૈયારી કરવી અને હું જેમ કહું તેમ ચાલવાને તમારે ઠરાવ કરવો. મેં તુરતજ જવાબ દીધો કે મેંતો ઠરાવ કરીજ રાખ્યો છે કે કોઇબી જોખમે મારી માશુકને મલવું તેથી તુ જેમ કહે તેમ અને જ્યાં લઇ જાય ત્યાં જવાને હું તૈયાર છું. આ સાંભળી પેલો ખોજો બોલ્યો "તમારો ઠરાવ જાણીને હું ખુશી છું પણ તમને તો ખબર હશે કે મેહલમાં જ્યાં જનાનખાનું છે ત્યાં મરદને જવાની સખ્ત બંધી છે તેથી ત્યાં તમને લઇ જવાનું ઘણું મુશકેલ કામ છે અને તમને લઇ જતી વખતે તદન છુપી રીતે લઇ જવા પડશે. તમારી માશુકે એક તાલ સોધી કાહડી છે અને તે પાર પાડવા માટે તમારી દરેક મદદની ઘણી જરૂર છે. આ બધુ જો પાર પડયું તો તમે સુખી થશો, નહીં તો તમારી જીંદગીનો તમને ભોગ આપવો પડશે.

મેં તેને કબુલાત આપી કે હું તેનો દરેક હોકમ બજા લાવશ. તે બોલ્યો ત્યારે ઠીક છે, તાઇગ્રીસ નદીને કીનારે સુલતાના ઝોબીદાએ નવી મસીદ બંધાવેલી છે ત્યાં તમે આવજો અને અમો આવ્યે ત્યાંસુધી અમારી વાટ જોતા ત્યાં બેસી રેહેજો. તેનું કેહવું મેં કબુલ કીધું અને સાંજ કયારે પડે તેની અધીરાઇથી વાટ જોતો રહયો. જેવી સાંજ પડી કે હું નીમાજ પઢવા પેલી મસીદમાં ગયો જે સુરજ અસ્ત પામવાની દોઢ કલાક અગાઉથી શરૂ થાય છે. સર્વે નીમાજ પઢીને ગયા પણ હું તો પેલા ખોજાની વાટ જોતો ત્યાં બેસી રહયો.

થોડા વખતમાં તાઇગ્રીસના કીનારા તરફ એક બોટ આવતી મારી નજરે પડી જે થોડાક ગોલામો હંકાલી આવતા હતા. તેઓ પોતાની બોટમાં મોટી મોટી પેટીઓ લાવ્યા હતા જે તેઓએ મસીદમાં ઉતારી. ત્યાર પછી તે ગોલામો બધા જતા રહ્યા પણ ફકત એકજ ગોલામ બાકી રહયો જેને મેં પેલી મારી માશુકના ખોજા તરીકે તુરતજ ઓલખી કાહડયો પછી તુરત પેલી મારી માશુકને અંદર દાખલ થતી જોઇ. તેણીને જોઇ હું તેણીની નજદીક જઇ કેહવા ગયો કે તેણીના દરેક હોકમને તાબે થવાને હું તૈયાર છું પણ તેણીએ તુરતજ જવાબ આપ્યો કે 'વાતમા હમણા વખત બોહવાનો નથી.' પછી તેણીએ એક પેટી ખોલી અને મને તેમાં બેસવા કહ્યું. તે બોલી કે "તારા અને મારા બચાવ માટે આ મુજબ સંભાળ લેવાની જરૂર છે પણ તારે કાંઇ ફીકર કરવી નહીં, હું તારી દરેક સંભાલ લઇશ." હુ તેણીની મોહબતમાં એટલો તો ચીકાર થઇ ગયલો હતો કે આગલ શું થશે તેનો કાંઇબી વિચાર કરવા વગર હું તે પેટીમાં કુદી પડયો અને પેલીએ તેનું ઢાંકણું બંધ કરીને તાલુ માર્યું. પેલા તેણીના વીશ્વાસુ ખોજાએ બીજા બધા ગોલામો

બોલાવીને તે પેટી ઊંચકાવી અને પેલા મછવા પર ચહડાવી અને તેજ મછવા ઉપર મારી માશુક તથા બીજા ગોલામો સ્વાર થઇને ઝોબીદાના મેહેલ તરફ કુચ કરી ગયા.

હું પેટીમાં બેઠો બેઠો વિચાર કરવા લાગો કે હું તો હવે એવી ધાસ્તીમાં આવી પડયો છું કે કદાચ એથી મારો જીવ પણ જાય; અને તેથી મારી હુલડાઇને વાસ્તે હું પોતેજ પોતાને ઠપકો આપવા લાગો. પેલી પેટી કલીફનાં મેહેલમાં ઉતારી અને ધારા પ્રમાણે તેને ખોજાઓનો વડો અમલદાર તપાસનાર હતો. પેલો અમલદાર ઊંઘાયલો હતો તેથી તેને ઉઠાડવાની ફરજ પડી. તે ઊંઘમાંથી ઉઠયો હતો તેથી ઘણોજ ચીરડાઇ ગયો અને પેલી સ્ત્રી સાથે લડવા લાગો કે તું એટલી મોડી કેમ આવી? તે અમલદાર બોલ્યો કે બધી પેટી એક એક પછી તપાસ્યા વગર હું તને જવા દેનાર નથી; બધી પેટીઓ તે પોતાનાં ઓરડામાં લઇ ગયો અને જે પેટીમાં મને સંતાડયો હતો તે પેટી ઊંઘાડવા તૈયાર થયો. હું આવી આફ્રત જોઇને તદન મરેહાલ થઇ ગયો.

પેલી સ્ત્રી જેની પાસે તે પેટીની કુંચી હતી તે બોલી કે હું એ પેટી ઊંઘાડવા દેનાર નથી કારણ કે તું સારીપેઠે જાણેછ કે જે કાંઇ ત્યાં હું લઇ આઉં છું તે માત્ર આપણી સુલતાનાને વાસ્તે લાઉછું. આએ પેટી તમામ કીમતી માલથી ભરેલી છે કે જે હમણાંજ કેટલાક વેપારીઓએ મારે હસ્તકમાં આપ્યો છે વળી એ પેટીમાં મકા શેહેરથી "ઝેમ ઝેમ" નામનાં ફુંવારાનું પાણી કેટલીક બાટલીમાં ભરી મુકયું છે તેથી જો એક બાટલી ભાગી જશે અને પેલો માલ ખરાબ થશે તો તુંને બધી વાતનો જવાબ આપવો પડશે. તું આવી રીતે શોખાઇથી જવાબ આપે છે તેથી આપણી સુલતાના તુંને કેવી રીતે સજા કરેછે તે તું હવે પછી જાણશે. તે એવા મીજાજમાં બોલી કે પેલા અમલદારની છાતી બંદ થઇ ગઇ અને તેનેથી વધારે બોંહોંસ થઇ શકી નહીં તેથી તેણે બધી પેટીઓ તે સ્ત્રીના ઓરડામા લઇ જવાને હોકમ આપ્યો.

જેવી પેલી પેટીઓ ઓરડામાં મુકી તેવોજ અવાજ આવ્યો કે કાલીફ આવ્યો છે. આ બોલો સાંભળતાંજ વળી મારો હોશકોશ ઉડી ગયો અને હું તદન બેફામ જેવો પેટીમાં પડયો. કાલીફે પેલી પેટી ઊંઘાડવા ફરમાવ્યું. પેલી સ્ત્રી વાત ઉડાવવા લાગી અને બોલી કે ખુદાવંદ માત્ર બાયડીઓને લાયકનાજ એમાં કપડાંછે તેથી કરીને ઝોબીદાનાં જોયા વગર કોઈ બીજું પેહેલાં એ માલ જોશે તો સુલતાના દલગીર થશે. કાલીફ બોલ્યો કે હું તુને કહુંછું કે એ પેટી ઊંઘાડ? પેલી ઓરત બોલી કે સુલતાના જાણશે તો ઘણીજ દલગીર થશે. કાલીફ બોલ્યો કે હું ખાતરીથી કહું છું કે સુલતાના કાંઇ ગુસ્સે થનાર નથી. બસ હું તુંને ફરમાઊં છું તુરતજ પેટી ઊંઘાડ અને મને ખોટી ના કર! અંતે તેનાં હોકમને તાબે થવું પડયું પણ હું તો ધાસતીથી અંદર અધમુવો થઇ ગયલો હતો. કાલીફ ત્યાં બેઠો અને બધી પેટીઓ એક એક પછી ઊંઘાડી, વખત કાહાડવાને જુદી જુદી ભરતો, નમુનાં અને બીજી ખુશનુમાં ચીજો પેલી સ્ત્રી કાલીફને વારા ફરતી દેખાડવા લાગી કે છેલે તે કંટાળી જાય. પણ તેમ કાંઇ થયું નહીં. બધી પેટીઓ તપાસ્યા પછી પેલી છેલી પેટી રહી કે જે પેલી બાઇ દેખાડવા ચાહાતી ન હતી. કાલીફ બોલ્યો કે હવે પેલી છેલી પેટીમાં શું છે તે દેખાડ! એ બોલ સાંભલ્યાથી હું નહીં જાણતો કે મારામાં દમ રહ્યો હોય! પેલી સ્ત્રીએ જોયું કે પાદશાહ તો એ પણ જોવાજ માગે છે તેથી કરીને તરત બોલી કે હવે મને માફ કરો; એમાં એવી ચીજો છે કે જે રાણીની હજુરમાં દેખડાવસ; તેથી પાદશાહ ઉઠીને ચાલતો થયો. આ બનાવ સાભળી જરા મારામાં જીવ આવ્યો. જેવી પેલી પેટીઓ સુલતાનાના ઓરડામાં આવી તેવીજ ઊંઘાડીને મને બંધમાંથી છોડવ્યો. પેલીએ તરત મને એક દાદર દેખાડીને કહ્યું કે ઉપર જઇને ઉભા રેહો હું તરત આવું છું. જેવો હું ઉપર ચહડીઓ તેવોજ પેલો કાલીફ પેલી સ્ત્રીનાં ઓરડામાં આવ્યો અને જે પેટીમાં મને બંધ કીધો હતો તે ઉપર બેઠો, તે પેલી સ્ત્રીને પુછવા

આવ્યો કે ફેરો શેહેરમાં તેણીએ જે જોયું યા સાંભલ્યું હોય તે મને કેહે. તે લોકોએ કેટલોક વાર સાથે વાત કીધી અને ત્યાર પછી તે પોતાના ઓરડામાં ગયો. જેવી પેલીને ફુરસદ મળી તેવીજ તે મારી પાસે આવીને હજારો માફ માંગવા લાગી કે તમને આટલોવાર ધબરાટમાં નાખ્યા વાસ્તે માફ કરવું. તે બોલી કે તમારા કરતાં તો મને ધણીજ ધાસ્તી હતી. હું ધારૂં છું કે મારી જગાએ જો કોઇ બીજું હોત તો આવી ધાસ્તીમાંથી તમુને કદી છોડત નહીં. અમો પ્યારથી અરસપરસ વાત કરવા લાગાં પછી તેણીએ મને કહ્યું કે તમે જરા થાકી ગયા હશો વાસ્તે સુઇ જાવો હું તમુને કાલે ઝોબીદા આગળ મુલાકાત કરવા લઇ જઇશ, એ કામ ધણું શેહેલુ છે કાંયકે કાલીફ તો માત્ર એકજ રાત રેહેશે. એ વાત સાંભળી હું આરામથી ઊંગાયો અને આવી ખુબસુરત અને સમજુ ઓરત મને મલશે એવા વિચારથી ધણીજ ખુશીથી નીંદમાં પડયો. બીજી સવારે પેલી ઓરત મને સુલતાના આગલ લઇ ગઇ અને ત્યાં મારે કેમ ચાલ ચલાવવી તે વિશે આગલથી શીખવી રાખ્યું.

એક ઓરડો કે જે ધણોજ કીંમતી સામનથી સીંગારેલો હતો તેમાં તે મને લઇ ગઇ. હું જરાકવાર ઉભો એટલે વીસ સુંદર લેબાસથી સીંગારેલી સ્ત્રીઓ આવીને સુલતાનાના તખ્તની આસપાસ અદબથી ઉભી તેઓની પછવાડે બીજી વીસ જુવાન નાજનીનો કશ'બી પોશાકથી સીંગારેલી આવી લાગી, તે લોકોની વચે સુલતાના ઝોબીદા ચાલતી હતી. તેણીનાં નાજુક શરીરપર એટલું તો ઝવાહેર હતું કે તે ધણીજ મુસકેલીથી ચાલતી હતી. તે રાણી આવીને તખ્ત ઉપર બીરાજી. પેલી સ્ત્રી કે જેની સાથે હું પરણુવાનો હતો તે પણુ બાજુએ આવી ઉભી. જેવી સુલતાના આવી બેઠી તેવીજ પેલી બાંડીઓએ મને આગળ આવવાને ઇશારત કીધી. હું આગળ ગયો અને જયાંસુધી મારૂં માથું સુલતાનાં પગ આગળ જે ગાલીચો પડેલો હતો તે ઉપર પડયું ત્યાંસુધી મેં વાંકો વલીને સલામ કીધી. ત્યાર પછી મને સુલતાનાએ ઉઠવાને ફરમાવ્યું અને મારૂં નામ, ખાનદાન, દોલત, સર્વે પુછયું. તે સર્વેનો મે તુરત જવાબ આપ્યો તે સાંભલીને તે સુલતાના ધણી ખુશ થઇ ગઇ. તેણીએ નરમાસથી મારી સાથ વાત કીધી તેથી મારી ખાતરી થઇ કે મને તે ચાહતી હતી. તે બોલી કે મારી છોકરીએ તમુને પસંદ કીધા તે સાંભલી હું ધણીજ ખુશી છું. તેણી એમ બોલી તેનું કારણુ એ કે જે મારી માશુકને સુલતાના ઝોબીદા પોતાની છોકરીની માફક ગણુતી હતી. સુલતાના ફરીથી બોલી કે તમારાં લગન મેં પસંદ કીધાં છે, અને હું હમણાં લગનની તૈયારી કરાઉં છું. તમે દસ દહાડા સબર કરો. તેટલામાં કાલીફ પણુ પાછો આવશે અને તેની પરવાનગી લેવાની પણુ તક મલશે. હું દસ દહાડા સુધી જનાનખાનામાં મોજ મજાહ કરતો રહયો. કારણુ કેં દસ દહાડા સુધી મને મારી છોકરીની હાજરીની જરૂર છે.

ઝોબીદાએ જેવી પોતાનાં ધણીની આગલ લગનની વાત કીધી તેવોજ તે કબુલ થયો, અને ખરચને વાસ્તે કેટલોક ખજાનો આપ્યો. ત્યારપછી તરત પેલી સુલતાનાએ તમામ સર સામન તૈયાર કરાવ્યો. તરત બધા ગવૈયા અને ગાનારાઓને બોલાવ્યા; અને ખુશીમાં અને મોજમજાહમાં નવ દહાડા સુ'ધી મેહેલમાં શાદી રામશાનીની તૈયારી ચાલી, દશમે દહાડે અમારાં ધામધુમથી લગન થયાં અને રાતનાં ખાણું તૈયાર થયું. ખાણુામાં લસણુની બનાવેલી એક વાંની હતી તે વાંની મને ધણી સવાદ લાગાથી હું બીજી વાંની રેહેવા દઇ તેજ ખાવા લાગો. મારા હાથ બરાબર ધોયા વગરજ ફકત લુછીને હું ખાણુાપરથી ઉઠયો જે કમબખ્ત બનાવજ મારીપર આફત લાવ્યો.

રાત પડી કે એક ઓરડો સીંગારી એક તખત ઉપર મને અને મારી મોહોરદારને બેસાડી અમારી આગલ તરેહ તરેહના ગાયનો કેટલાક ગવૈયાઓ ગાવા લાગા, અને રામશગરો નાજુક હલકથી પોતાનાં નખરાં સાથ નાચવા લાગી. મારી મોહોરદાર પોતાનાં રેવાજ પ્રમાણે તરેહ તરેહનો પોશાક જરા જરા વારે બદલતી હતી.

લગન પુરાં થયા પછી હમુને એક ઓરડામાં મુકી બધાં ચાલતાં થયાં, આએ વખતે મારી પ્યારી બાનુને હું બગલગીરી કરવા દોડયો, પણ મને ખુશીથી બગલગીરી કરવાને બદલે તેને ગુસ્સાથી પાછો ધકેલો મારયો ને મોટે મોટે બુમ પાડવા લાગી. તેણીનો સાદ સાંભલીને બધાં દોડી આવ્યાં. એનું શું કારણ હશે તે પુછયા વગર હું તદન ચુપ ઉભો રહયો. પેલી બાંડીઓ મારી બાયડીને કેહેવા લાગી કે એટલા વારમાં તમુને શું થયું, જલદી બોલો કે તમુને હમે મદદ કરયે. તે બોલી કે જલદી આએ બેઅદબ માણસને મારી આગલથી લઇ જાઓ. હું બોલ્યો કે અફસોસ બાઇ મેં શું કીધું કે તમે એટલાં બધાં ગુસ્સે થયાં છો, તે બોલી કે તું ઘણોજ લુચ્ચો માણસ છે, તેં લસણની વાંની ખાધી અને તારા હાથ પણ નથી ધોયા? શું તું ધારે છે કે તારા જેવા ફુવડને હું બગલગીરી કરૂં? તેણીએ બાંડીઓને હોકમ કીધો કે એને જમીન ઉપર નાખો અને મને એક ચાબકો લાવી આપો. તરત બધાંએ મને નીચે નાખ્યો અને મારી બાયડીએ કાંઇ પણ દયા વગર મને જેમ બન્યું તેમ સખ્ત માર મારયો. પછી તરત તે બોલી કે એને સરકારી અમલદાર પાસ લઇ જાઓ, અને જે હાથ નથી ધોયો તે કાપી નખાવે.

હું બોલ્યો કે અરે ખોદા આ મારી ઉપર શું જુલમ છે. એકતો મેં સારી પેઠે માર ખાધો, અને વળી છેલ્લે હાથબી કપાવી નાખે છે? મારો એજ વાંક થયો કે મેં ખાઇને બરાબર હાથ નથી ધોયા. આવી નજીવી બાબદ માટે મારી ઉપર આટલો બધો જુલમ? અફસોસ કે તે વાંની મેં ખાધી. જે બબરચીએ તે રાંધી તે અને જે ગોલામે તે પીરસી તેઓ દરયાવના પેટાંમાં કાંય નહીં ડુબી મુઆ, કે હું ખાઇને આવી રીતે દુ:ખમાં પડતે નહીં.

બધી બાંડીઓ મારા હાથ કાપી નાખવાની વાત સાંભલીને મારા ઉપર દયા કરવા લાગી. તે બાંડીઓ બોલી કે બાઇ એને માફ કરો તમારે એટલાં બધાં ચીરડાવું નહીં. એ માણસ અજાણો છે તેથી કરોને એને આપણી ચાલ ચલણની કાંઇ ખબર નથી; વાસ્તે એનો ગુનાહ માફ કરો. તે બોલી કે નહીં એવા બેઅદબ માણસને કદીપણ માફ કરવું નહીં. બાંડીઓએ જવાબ દીધો કે મેહેરબાની કરીને અમારે ખાતર એને માફ કરો; પણ તેથી તે વધારે ચીરડાઇ અને મને ગાલ દઇને ચાલી ગઇ. હું ત્યાં એકલો નજદીક આઠ દહાડા સુધી પડી રહયો, અને મને ખવાડવાને વાસ્તે એક બુઠી દાસી ખોરાક લાવતી હતી તે સીવાય મને કોઇ પુછતું નહીં હતું. મેં તે ચાકરડીને પુછયું કે મારી બાયડી શું કરે છે? તે બોલી કે લસણનાં ખરાબ વાસથી તે ઘણીજ આજારી પડી છે. તમે જમી રહ્યા પછી તમારા હાથ કેમ નહીં ધોયા કે તમુને આટલું ખમવું નહીં પડતે? મેં કહ્યું કે તે એટલી બધી તે શું નાજુક છે કે વળી આજારી પડી? જો કે તેને મારી તરફ ઘણી ધાટકી ચાલ ચલાવી હતી તોપણ હું તો હજુરબી તેણીને દીલોજાનથી ચાહતો હતો.

એક દહાડે પેલી બુઠી દાસીએ મને કહ્યું કે "તમારી ધણીયાણી હવે સારી થઇ છે અને તે હવે હમામખાનામાં પણ જઇ શકે છે તેથી આવતી કાલે તે તમોને મલવા આવનાર છે, વાસ્તે તમો જરા ધીરજ રાખીને તેણીને પ્યારથી સમજાવી લેજો. તમારી બાંનું ઘણી હુશીયાર તેમજ ડાહાપણ-વાલી છે તેથી અમારી સુલતાના ઝોબીદા તથા તેણીની સર્વે બાંદીઓ તેણીને ઘણી ચાહે છે."

મારી પ્યારી ખરેખર મને બીજે દીવસે મલવા આવી. તેણીએ આવતાં વાર મને કહ્યું કે હું તને મલવા તો આવીછું પણ લસણની વાની ખાઇને તેં જે તારા હાથ ધોયા નહીં તેની તને હું સીક્ષા કરયા વગર રહેવાની નથી" એટલું બોલી તેણીએ પોતાની દાસીઓને બોલાવી, જેઓ તુરતજ હાજર થઇ તેઓને હોકમ કીધો કે મને બાંધીને જમીન પર નાખવો! જે મુજબ તેઓએ તુરતજ મારા મુશકા બાંધ્યા ને પછી મારી બાયડીએ એક અસ્તરો પોતાના હાથમાં લીધો અને મારા બુમ બરાડાની

કાસગરના સુલતાનના ઘી તેલવાલાએ કહી સંભલાવેલી વાર્તા.

લસન ખાનાર ધણીના અંગોઠા કાપી નાખેછે!



"મને જમીન ઉપર નાખ્યો, મારી ઉપર દાસીઓ ચઢી બેઠી, પછી મારી બાયડીએ એક અસ્તરો પોતાના હાથમાં લીધો અને મારા જુમ બરાડાની કાંઈબી દરકાર વગર તેણીએ મારા બન્ને હાથ તથા બન્ને પગના અંગોઠા કાપી નાખ્યા."

[જુઓ સફે ૨૧૯.

કાંઇબી દરકાર કરયા વગર તેણીએ મારા બન્ને હાથ તથા બન્ને પગના અંગોઠા કાપી નાખ્યા. પેલી બાંડીઓમાંની એકે કોઇ જાતનો પાલો મારા જખમ પર બાંધ્યો તેથી લોહી જતું અટકયું. પણ લોહી જવાથી તથા મારા જખમના દુઃખથી હું તુરતજ બેસુધ્ધ થઇ જમીનપર પડયો. [જુઓ પાસેના સફાનું ચિત્ર.

જ્યારે હું સુધીમાં આવ્યો ત્યારે તેઓએ મને થોડોક શરાબ આપ્યો જે પીધાથી હું વધુ હુશીયારીમાં આવ્યો ને બોલ્યો "બાનું હવે હું કદીબી લસણની વાની ખાઇશ નહીં અને જો ખાવશ તો હું સોગન ખાઉછું કે મારા હાથ એક વાર નહીં પણ એકસો ને વીસ વાર ધોઇશ તેમાં ચાલીસ વખત ખારથી, ચાલીસ વખત રાખથી, અને ચાલીસ વખત સાબુથી ધોવશ." આ સાંભલી મારી બાયડી બોલી "ઠીક છે, તારી આ બોલીથી હું તને પાછો ચાહવાને અને તારી બાયડી તરીકે રહેવાને કબુલ થાઉ છું."

પેલા બગદાદના વેપારીએ કહ્યું કે આ કારણ સર હું લસણની વાની બીલકુલ ખાતો નથી અને જો આવી બોંહોંસથી વખતે ખાવી પડે છે તો મારા હાથ એક સો ને વીસ વખત હું ધોયા વગર રેહતો નથી.

પેલી બાંડીએ મારા ઘા ઉપર પેલો પાલો લગાડયો હતો તે ઉપરાંત કાલીફના પોતાના દવાખાનામાંનો એક ઉત્તમ જાતનો મલમ લગાડયો, જેથી થોડા વખતમાં તો મારા જખમો તમામ સાફ થઇ ગયા. ત્યાર પછી હું તથા મારી બાયડી ઘણી સલાહ સંપજથી રેહવા લાગાં અને મેં લસણની વાંની તે પછી આજ સુધી ચાખીજ નહીં. તોપણ આખો દહાડો કાલીફનાં મેહલમાં ગંધાઇ રહેવાનું મને પસંદ નહીં હતું તે છતાં મારી જરાબી નાપસંદગી મેં મારી બાયડીને જણાવી નહીં કારણકે વલી તે નાખુશ થાય અને કાંઇ નવું જુનું કરી નાખે. પણ આખરે મારી બાયડીને મારો કચવાત માલમ પડયો અને તેબી મહેલની બંધ્યાર જગાથી કંટાલી ગઇ હતી પણ સુલતાના ઝોબીદાના તે ઘણા ઉપકારમાં હતી તેથી બોલી શકતી નહીં હતી તોપણ તેણી ઘણી હીંમતવાન તથા ચંચલ હતી તેથી તાલમેલ કરીને સુલતાનાને કહ્યું કે હું આખો દહાડો મેહેલમા રેહવાથી ઘણો કંતાલું છું કારણકે મારી આખી જીંદગી મેં છુટાપણામાં તથા વેપાર વનજમાં ગુજારેલી હોવાથી મેહેલમાં પડી રેહવું બીલકુલ પસંદ પડતું નથી, માટે મેહલની બાહેર રેહવાની પરવાનગી માંગી જે ઝોબીદાએ મોટી ખુશી સાથે આપી તો જોકે મારી બાયડીને તે ઘણી ચાહતી હતી ને તેની હાજરી વગર તેણીને એક ઘડીબી ચાલતું ન હોતું તે છતાં તે પોતાની માનીતી બાંડીની અરજ ના પાડી નહીં શકી.

અમારા લગન પછી એક માસે હું મહેલમાં બેઠો હતો ત્યારે મારી બાયડી થોડાક બોજાએ સાથે આવતી દેખાઇ જે દરેકની ખાંધ ઉપર પૈસાની થેલીઓ હતી. તેઓ પેલી કોથલીઓ મુકીને ચાલતી થઇ પછી મારી બાયડી બોલી "મારા પ્યારા હવે તમોને આ મેહેલના બંધીખાનાની ફરયાદ કરવાની જરૂર રેહેશે નહીં. હવે આપણને છુટથી બાહેર રેહેવાની રજા મલી છે અને આ મેહેલમાંથી બાહેર જઇ જુદા મકાનમાં રહેવાની આપણને ઝોબીદાએ પરવાંનગી આપી છે.

મારી મેહેરબાન સુલતાના ઝોબીદાએ મને આ પચાસ હજાર સીકવીન આપ્યા છે, કે દરેક જાતની સગવડ તથા સુખમાં આપણે રહી શકયે તેથી શેહેરમાં જઇને આપણે લાયકનું એકુ સરસ મકાન શોધી કાહડો.

મેં એક ઘણું સરસ મકાન શોધી કાહડયું અને તેને ઘણું સરસ રીતે સીંગારયા પછી અમો ત્યાં રેહવા ગયાં. અમોએ બન્ને જાતના ગોલામો અમારે ત્યાં રાખ્યા અને તેઓને સરસ પોશાક આપ્યો. ટુકમાં અમો ઘણાં સારી રીતે રેહવા લાગાં અને સુખચેન મારવા લાગાં; પણ અફસોસ! અમારૂં સુખ

વધુ વખત તકી શકયું નહીં. મારી પ્યારી મોહરદાર આજારી પડી અને અમોને પરણ્યાને એક વરસ પુરૂં નહીં થયું તેટલાં તો તે બીચારી આ જેહાનથી કુચ કરી ગઇ.

હું બીજીવાર પરણ્યો હતે અને મારી જીંદગીના બાકીના દહાડા બગદાદમાંજ આબરૂથી કાહડ્યા હતે પણ મને દુન્યાંમાં ફરીને દેશે દેશનો રાહઘાટ જોવાનો શોખ થવાથી મેં મારૂં ઘર વેચી નાખ્યું અને વેપાર જોગ સામાન ખરીદ કરીને એક વંજાર સાથે ઇરાન તરફ કુચ કરી ગયો. ત્યાંથી હું સમરકંદ ગયો અને તે પછી આ શેહેરમાં આવી રહ્યો છું.

"ઓ નામદાર સુલતાન!" પેલો ઘી તેલવાલો બોલ્યો "આ પેલા બગદાદના વેપારીએ કીધેલી વાર્તા તમો નામદારને મેં કહી સંભલાવી છે તે હું આશા રાખું છું કે તમો નામદારને ખચીત અજાયબ જેવી લાગી હશે." સુલતાને જવાબ આપ્યો કે "ખરેખર તમોએ કીધેલી વાર્તામાં કાંઇક અજાયબ જેવું છે ખરૂં તોપણ તે મારા ખુંધા મસકેરાની વાર્તા સાથે સરખાવતાં કાંઇ ઘણી સરસ નથી." તે પછી પેલો યાવધી વેપારી સુલતાનનાં તખ્ત આગલ આવ્યો અને જમીનને બોસા દઇ બોલ્યો કે "જો તમો નામદાર હોકમ ફરમાવો તો હું એક વાર્તા કહી સંભલાઉં જે માટે હું મગરૂરી તો નથી કરતો પણ, તે તમો નામદારને ખચીત ઘણી પસંદ પડશે." સુલતાને કહ્યું કે "જો તારી વાર્તા મારા ખુંધા કરતાં સરસ નહીં હશે તો તું એમ ના ધારતો કે તું બચી જશે. ચાલ જલદી તારી વાર્તા કહી સંભલાવ."

પેલા યાવધી દાકટરે પોતાની વાર્તા નીચે મુજબ શરૂ કીધી:—

યાવધી દાકટરે કહેલી વાર્તા.

જે વખતે હું દમાસકસમાં વૈદકનો અભ્યાસ કરતો હતો અને હજુર તો મેં મારો દાકટર તરીકેનો ધંધો ફતેહમંદી સાથે ચલાવવાનો શરૂ કીધો હતો તેટલામાં એક સવારે એક ગુલામ મારૂં ઘર પુછતો આવ્યો. તેણે મને જણાવ્યું કે તે શેહરના હાકેમને ત્યાં એક માણસ આજારી છે. ત્યાં મને બોલાવે છે. હું તુરતજ તેની સાથે ગયો. તે મને એક દીવાનખાનામાં લઇ ગયો જ્યાં એક ઘણા ખુબસુરત જવાન માણસને મેં જોયો જે દુ:ખથી ઘણોજ હેરાન થતો માલમ પડયો. હું તેને સલામ કરી તેની પડોસમાં બેઠો. તેણે મારી સલામનો જવાબ આપ્યો નહીં પણ મારી તરફ એવી રીતે જોયું કે જાણે હું આવ્યો તે તેની ઉપર મોટી મેહેરબાની કરીને આવ્યો તે માટે મારો ઉપકાર માનતો હોય. પછી મેં તેણે કહ્યું કે "મારા દોસ્ત, મેહેરબાની કરીને તમો મને તમારો જમણો હાથ આપો કે તમારી નાડ જોઇ શકું." આ ઉપરથી ધારા મુજબ પોતાનો જમણો હાથ મને આપવાને બદલે તેણે પોતાનો ડાબો હાથ મારી નજદીક ધરયો. આ ઉપરથી હું અજાયબ થયો. મેં ધાર્યું કે આ જવાન માણસને દુન્યાદારીની બીલકુલ ખબર નથી કેમકે તેણે એટલુંબી માલમ નથી કે દાકટરને જમણોજ હાથ આપવો જોઇએ, પછી મેં તેના ડાબા હાથનીજ નાડ જોઇ, પ્રીસક્રીપશન લખ્યું, અને મારી ફી ગજવામાં મુકી ચાલતો થયો.

મેં તે દરદીને ત્યાં મારી મુલાકાત નવ દીવસ વેર ચાલુ રાખીને દરેક વખતે તેની નાડ જોવા માંગી ત્યારે તેણે મને પોતાનો ડાબો હાથજ આપ્યા કીધો. દશમે દહાડે તે એટલો તો તનદરૂસ્ત થયલો લાગો કે મેં તેણે કહ્યું કે હવે કાંઇ મારી ગરજ નથી રહી, તમો સાજા થયા છો. હવે તમો હમામખાનામાં જઇને નાહીં આવો. ત્યાં દમાસકસનો હાકેમ પણ હાજર હતો તેને મારી શક્તીની પીછાન કીધી અને મેં જે રીતે તે જવાન શખ્સની માવજત કીધી હતી તે ઉપરથી તે એટલો તો

સંતોષ પામ્યો કે મને એક ઘણોજ સરસ ઝભ્ભો ભેટ કીધો અને દમાસકસની હાસપીટાલનો વડો વૈદ નેમ્યો, એટલુંજ નહીં પણ મને પોતાનો ખાસ હકીમ બનાવ્યો. તેણે મને કહ્યું કે તમો જો દર રોજ મારે ત્યાં આવશો તો હું ઘણો ખુશી થઇશ. તેણે પોતાના મકાનમાં મારે સારૂ એક જુદો ઓરડો રાખ્યો અને ત્યાં મારે માટે એક ટેબલ તથા બીજો જોઇતો સામાન રાખી મેલ્યો.

પેલા જવાન શખ્સને મેં સાજો કીધો હતો તેણે મારી મેહનતનો બદલો ઘણો અચ્છી રીતે નવાજ્યો અને મને પોતાનો ખાસ દોસ્ત બનાવ્યો તથા પોતાની સાથે હમામખાનામાં આવવાની અરજ કીધી. ત્યાં જવાની મને ફરજ પડી અને જ્યારે તેના ગોલામોએ તેના કપડાં કાહડ્યાં ત્યારેજ મેં જોયું કે તેનો જમણો હાથ કપાઇ ગયલો હતો, વલી વધારે અજાયબી તો મને એમ લાગી કે તે થોડા વખતનો કાપી નાંખેલો હતો અને તેજ કારણથી તે આજારી પડ્યો હતો, અને જે ખરૂં કારણ હતું તે હમણા સુધી તેણે મારેથી છુપાવ્યું હતું. તેના દોસ્તોએ જ્યારે તેના કાપેલા હાથને સારો કરવા માટે સખ્ત ઉપાયો લીધા હતા ત્યારે તાવથી તેને વખતે નુકશાન નહીં થાય માટેજ મને બોલાવ્યામાં આવ્યો હતો. તેની આવી હાલત જોઇ હું જેટલો અજાયબ થયો તેટલોજ દલગીર પણ થયો. મારા ચેહેરા ઉપરથી તેણે જોઇ લીધું કે મને તેની હાલતપર ઘણી દયા લાગે છે. તે જવાન શખ્સ બોલ્યો કે "મને જમણા હાથ વગરનો જોઇને તમો અજાયબ ના થાવો. એક દીવસે ફરસુદે તમોને તે મેં કેમ ખોહયો તે જણાવીશ ત્યારે તમો એક ઘણીજ અજાયબ જેવી તથા નહીં બને એવી વાત સાંભલશો." અમો જ્યારે હમામખાનામાંથી પાછા આવ્યા ત્યારે તે એક ટેબલપર બેઠો અને વાત કરવા લાગો. તેણે મને પુછ્યું કે જો હું દમાસકસના હાકેમના બાગમાં ફરવા જાઉ તો કાંઇ હરકત તો નથી? મેં તેને ઉતર દીધો કે તેતો ઉલટું તેને ફાયદા ભર્યું થઇ પડશે કારણકે તાજી હવાની તેને ઘણી જરૂર છે. તેણે મને કહ્યું "જો તમો મારી સાથે ફરવા આવો તો ફરતાં ફરતાં હું તમોને મારી હકીકત કહી સંભળાવીશ." મેં તેને કહ્યું કે મને કાંઇ હરકત નથી. હું મોટી ખુશીથી તમારી સાથે આવીશ, અને અમો હાકમના બાગમાં ફરવા ચાલ્યા. અમો બાગમાં આસપાસ ત્રણ ચાર ફેરા ફરયા પછી ત્યાં આગળથી બીછાવી રાખેલા એક ગાલીચા પર બેઠા જે ઝાડોની ઘટામાં પાંઠરેલો હતો. ત્યાં બેઠા પછી તે જવાને પોતાની હકીકત નીચે મુજબ કહેવા માંડી:—

હું "મૌશલ" માં જનમ્યો હતો અને મારાં માબાપ તે શેહેરનાં મુખ્ય આબરૂદાર કુટુંબનાં હતાં. જ્યારે મારો બપાવો મરણ પામ્યો ત્યારે તેના દશ છોકરાઓ જીવતા હતા તેઓ બધા પરણેલા હતા અને તેઓમાં મારો બાપ સર્વેથી વડો હતો. આટલાં બધાં છોકરાઓમાં ફક્ત મારા બાપને પેટેજ હું એકનો એક છોકરો હતો. તેણે મારી કેલવણી ઉપર ઘણી સંભાલ લીધી અને દુન્યાદારીમાં ખપ આવતી દરેક બાબદથી મને માહેતગાર કરવાને તેને કાંઇ કસુર રાખી નહીં.

જ્યારે હું ઉમરમાં આવ્યો અને દુન્યાદારીમાં પડ્યો ત્યારે એક દીવસે હું મૌસલની મોટી મસીદમાં મારા બાપ તથા કાકાઓ સાથે બપોરની નીમાજ પઢવા ગયો. જ્યારે નીમાજ ખલાસ થઇ ત્યારે સર્વે પોતપોતાને મકાને ગયા પણ મારો બાપ તથા કાકાઓ ત્યાં પાંઠરેલા ગાલીચાપર બેસીને વાતો કરવા લાગા. હું તેઓની સાથે બેઠો અને તરેહવાર બાબદોપર વાતચીત કરતાં કરતાં મુસાફરીની વાત તરફ વલાણુ લીધી. જુદા-જુદા મુલકોના જુદા જુદા શેહરોની નાંજનીનોની ખુબસુરતી વિશે ઘણી વખાણ તેઓ કરવા લાગા તથા તે ઉપર તકરાર ચલાવા લાગા. પણ મારા એક કાકાએ કહ્યું કે જો આપણે જુદા જુદા મુસાફરોની વાત ખરી માન્યે તો નાઇલ નદીના કીનારા પર આવેલા મીસર દેશમાં જેવી ખુબસુરતીઓ મલે છે તેવી આખી દુન્યામાં મલવી મુશકેલ છે. આ સાંભલતાંજ મને ત્યાંની ખુબસુરતી વિશે એટલો તો મોટો વિચાર બેસી ગયો કે મેં તેજ ઘડીએ તે દેશમાં મુસાફરી કરવાનો વિચાર

બાંધ્યો. બીજા બધાઓએ બગદાદની તારીફ કીધી અને તે મુસલમાન રાજ્ય હોવાથી ત્યાંની ખુબસુરતીની ઘણી તારીફ ચાલી પણ મીસર દેશે મારૂં એટલું તો ધ્યાણ ખેંચ્યું હતું કે બગદાદ તરફ મારૂં દીલ બીલકુલ ખેંચાયુંજ નહીં. પણ મારા બાપે મારા પેલા કાકાના બોલવાને ટેકો આપ્યો તેથી હું ઘણો ખુશી થયો. મારો બાપ બોલ્યો બીજા લોકો ગમે તે બોલે પણ હું કહું છું કે જેને મીસર દેશ નહીં જોયું તેણે દુન્યાની મોટામાં મોટી અજાયબી નહીં જોઇ એમ હું ધારૂં છું. તે દેશની જમીન ગોયા સુનાની બનાવેલી છે. હું ખરૂં કહું છું કે તેની જમીન એટલી ફૂળદ્રુપ છે કે ત્યાંના રેહવાસીઓને મનસે તે સુનાની ખાણ જેવીજ છે. ત્યાંની તમામ ઓરતો, તેઓની ચાલચલણ તથા બેહદ ખુબસુરતીથી દરેક જોનારનું દીલ ગોયા લુટી લે છે. નાઇલ નદી જેવી દીલ બેહલાવનારી કોઇબી નદી દુન્યામાં છે? તેના જેવાં નીરમળ નીર અને મધ જેવાં મધુર પાણી બીજી નદી ધરાવે છે? આવી સરસ ખુદરતી શોભા ઉપરાંત તે નદીના પાણીથી તેની જમીન એટલી રશાલ બનેલી છે કે બીજા કોઇબી દેશ કરતાં થોડી મેહેનતે હજાર ઘણી વધારે ખેતીવાડી તે દેશના લોકો કરી શકે છે. એક જાણીતો શાહેર કે જેણે મીસર દેશ ફરજનું માર્યું છોડવું પડયુ હતું તેણે કહ્યું છે કે: "હા! તમારા દેશની નીલ નદી તમો ઉપર એક દરરોજનો ખુદરતી આશીરવાદ છે. તે નદીને છોડી જતાં મારી આંખમાંથી નીલ નદીના પાણી મીસાલ આંસું વહે છે. અરે! એ નદીની રચના ભોગવતા ભાગ્યશાલી જીવડાઓ જ્યારે તમો સુખી થઇને એનો મધુર લાહવો ચાખો છો, ત્યારે હું દુઃખી દીલે મારી મરજી વીરૂધ તેને છોડી જાઉં છું."

મારા બાપે મીસરની તારીફમાં બોલવાનું જારીજ રાખ્યું ને તે બોલ્યો કે "જ્યારે તમો તમારી આંખો તેના બે મોટા ફાંટાઓ ઉપર ઠેડવેલી રાખો ત્યારે તમો કેવો તરેહવાર આંખને સુખ આપનારો દેખાવ જોશો! દરેક જાતના સુગંધી ને ખુબસુરત ફુલોનો જથો તમારી આંખને કેવી ઠંડક આપશે! શેહેરો, કસબાઓ, નેહેરો અને બીજી હજારો ચીજો એવી તમારી નજરે પડશે કે તમોને ત્યાંથી એક ઘડીબી ખીસવા ગમશે? જો તમારી નજર બીજી બાજુએ ફેરવશો તો ઇથોપ્યા તરફ તમોને સેંકડો ખેંચાણો મલશે કે તેથી તમો અજાયબીથી દંગજ થઇ જશો. જ્યાં જોશો ત્યાં બાગ બગીચા ને ખેતરો લીલાં કંજાર જેવાં નજરે પડશે. પાણી એવીતો સફાઇથી વેહે છે કે ગોયા રૂપાંની જમીન ઉપર હીરા ચલકે છે! શું કૈરો દુન્યાનું ઘણુંજ પૈસાદાર, મોટું અને બોહલી વસ્તીવાલું શેહેર નથી? ત્યાંની ખાંનગી તેમજ સરકારી ઇમારતો કેવી દબદબા ભરી છે. જો તમો ત્યાંના પીરામીડ જોવા જશો તો તમો પોતે પોતાને અજાયબીમાં ભુલી જશો! તમો એક શબ્દબી બોલી નહીં શકશો અને તેની ગંજાવર બાંધણી કે જેનું શીખર આસમાનનાં વાદલાંને લાગે છે. તમોને કબુલ કરયા વગર ચાલેજ નહીં કે આ પીરામીડો બંધાવનાર નામાંકીત **પેરોસએ** કેટલાં બધાં માણસો તે બાંધવા માટે રોક્યા હશે તથા કેટલો ગંજાવર ખજાનો તેની બાંધણી ઉપર ખરચ્યો હશે તેની ગણત્રી કદીબી થઇ શકેજ નહીં. આવી મોટી ઇમારત દુન્યામાં બીજી કોઇ નથી ને હશે તથા તેની ઉંચાઇ કેટલી છે તે કોઇ કહી શકતું નથી. મીસર દેશની તારીફમાં હું વધું કાંઇ કહી શકતો નથી પણ તેના **દીમીત્યા, રોશેતા અને એલેકઝાનડ્રયા** જેવાં જાણીતાં શેહરો એવાં છે કે ત્યાં દુન્યાના દરેક ભાગ પરથી લોકો આવે છે અને ઇનસાન માત્રના દરેક શોખને લાયકની સર્વે ચીજો ત્યાં તૈયાર મલી આવે છે. ટુંકમાં આ જે મેં કહ્યું છે તે મારી નજરે નજર જોયલી થોડીક વીગત સીવાય વધુ કાંઇ નથી. મેં જવાનીનાં ઘણાંક વરશો ત્યાં ગુજારેલાં છે અને તેની યાદદાસ્ત હજુર મારા ધ્યાણમાંથી જતી રહી નથી અને હું આ જેહાન છોડી જઇશ ત્યાં સુધી મારી નજરમાંથી મીસરની ગોટાઇ ખીસવાની નથી.

મારા બાપે જે કાંઇ કહ્યું તે મારા કાકાઓએ કબુલ કીધું અને મીસર, કૈરો અને નાઇલ નદીની

મોટાઇ સ્વીકારી. મેં જે સાંભળ્યું તેથી મારી ઉલટ એટલી તો ઉશકેરાઇ કે હું આખી રાત ઉંગાઇ શકયો નહીં. થોડા વખત પછી મારા કાકાઓએ કબુલ કીધું કે તેઓને પણ મીસર દેશની મુસાફરી કરવાનો ઘણો શોખ થઇ આવ્યો છે. તેઓએ ઠરાવ કીધો કે મીસરની મુસાફરીએ નીકલવું. મારા બાપે તેઓનો ઠરાવ કબુલ કીધો અને તેઓ ઘણા પૈસાદાર વેપારી હોવાથી એવો ઘણોક માલ ખરીદયો કે તે મીસરમાં તેઓ સારા નફાથી વેચી શકે. મેં તેઓનો ઠરાવ જાણ્યો તેથી હું મારા બાપ પાસે ગયો અને આંખમાં આંસુ લાવીને કહ્યું કે મને પણ તેઓની સાથે લઇ જવો અને મારે હીસાબે પણ થોડોક માલ વેચવા માટે લેવાના કાલાવાલા કીધા. મારા બાપે કહ્યું "તું ઘણોજ જવાન છે અને મુસાફરીના દુઃખો ખમવાની હજુર તારામાં શકતી આવી નથી અને હું ધારૂં છું કે તું તેમાં કાંઇ મેલવવાને બદલે સામું ખોહશે." આ વાતથી મારી ઉલટ કાંઇ તુટી નહીં પણ સામી ઉશકેરાઇ અને મુશાફરીએ નીકલવાને મારા બાપને સમજાવવા ખાતર મેં મારા કાકાઓને કહ્યું, છેલ્લે તેઓ એટલી રજા મેલવાને ફતેહમંદ થયા કે મારે તેઓની સાથે દમાસકસ સુધી જવું અને તેઓએ મને દમાસકસમાં રાખીને મીસર તરફ એકલા જવું. મારા બાપે કહ્યું કે "શેહરે દમાસકસમાં ઘણી ખુબસુરતીઓ છે અને તેજ જોઇને તારે સંતોષ માની લેવો. હું તને દમાસકસથી આગળ જવા માટે રજા આપી શકતો નથી." મને મીસર જોવાની ઘણી ખાયશ હોવા છતાં દમાસકસ સુધીજ જવાની જે રજા મારા બાપે આપી હતી તે હાલતરત કબુલ કરવાની મને ફરજ પડી કારણ કે મારા બાપનું કહ્યું માનવાની મારી ફરજ હતી.

હું મારા બાપ તથા કાકા સાથે "મૌસલ" થી ઉપડયો, અમો મેસીપોતેમ્યા તરફ યુફ્રટીસ નદી પસાર કરી ગયા, ત્યાંથી એલેપો ગયા જ્યાં અમો થોડા દીવસ થેભ્યા. ત્યાંથી અમો દમાસકસ ગયા જેનો દેખાવ જોતાંજ હું તો દગ થઇ ગયો. અમો સર્વે એકજ ધર્મશાળામાં ઉતરયા. તે શેહેર ઘણું મોટુ, ફલદ્રુપ તથા સુધરેલાં લોકોની મોટી વસ્તીથી ભરપુર હતું. અમોએ તે શેહેરમાં ફરી ત્યાંના બાગ, બગીચા, અને સુંદર ઝાડ પાંનોથી અમારી આંખને આનંદ આપ્યો અને દમાસકસની જે તારીફ અમોએ સાંભલી હતી તે સર્વે નજરે નજર જોઇને ખાતરી કીધી તેથી અમને કબુલ કરયા વગર ચાલ્યું નહીં કે શેહેર ખરેખર બાગે બેહસ્તજ છે. થોડા દીવસ દમાકસકસમાં ગુજારયા પછી મારા કાકાઓએ આગલ ચાલવાની તૈયારી કીધી, પણ તે આગમચ મારો માલ સારા ભાવે અને મોટે નફે વેચી નાખવાની તજવીજ કીધી, જેમ કરતાં તેઓએ ઘણો સારો નફો ઉપજાવી મારે હસ્તક એક સારી રકમ કીધી જેથી હું ઘણો ખુશી થયો.

મને દમાસકસમાં રાખીને મારો બાપ તથા કાકા આગલ મુસાફરી કરવા તે શેહેર છોડી ગયા. તેઓનાં ગયા પછી મેં મારા પૈસા સંભાલથી ખર્ચવા માંડ્યા ને લખલુટ ખર્ચથી દુર રહ્યો તોપણ મેં એક ભપકાદાર ઘર ભાડે રાખ્યું. તે તમામ સંગેમરમરનાં પથરનું બાંધેલું હતું તથા ઘણા ઊંચાં ચીતારોથી ચીતારેલું હતું. તેથી આસપાસ એક ખુશનુમાં બાગ હતો જેમાં ઘણાક ફુવારાઓ કયારાઓ વિગેરે હતા. તે ઘર મેં મારેથી બન્યું એટલું સારી રીતે સીંગાર્યું પણ તે જેવું સરસ રીતે બંધાયલું હતું તેવું સરસ રીતે હું તે સીંગારી શકયો નહીં તોપણ મારા જેવા જવાનને લાયકનું તો તે સીંગાર્યું હતું. તે આગલ એક મોટા અમલદારને હસ્તક હતું કે જેનું નામ મહોમદ અબદુલ રેહમાન હતું પણ હમણાં તે એક પૈસાદાર ઝવેરીના હસ્તકમાં હતું જે મેં દર મહીને ફક્ત બે "શેરીફ" નામના સીક્કાનું ભાડું આપવાનું ઠેડવી ભાડે રાખ્યું ત્યાં હું ઘણાક ચાકર નોકરો રાખીને ભપકાથી રેહવા લાગો. કોઇ કોઇ વાર હું મારા ઓલખીતાઓને મારે ત્યાં જમવા તેડતો હતો તેમજ હું તેઓના ઘરમાં મેજબાનીએ જતો હતો. એ રીતે મોજમજાહમાં મારા બાપની ગેરહાજરીમાં હું મારો વખત દમાસકસ શેહેરમાં ગુજારતો હતો.

એક દીવસે હું મારાં ઘરના દરવાજા પર બેઠો હતો તેટલાં એક ઘણા ભપકાદાર કપડાં પેહડેલી અબલા મારી તરફ આવી અને મને પુછ્યું કે "તમો સરસ કાપડ વેચોછો" એટલુંજ પુછીને મારા જવાબની વાર જોવા વગરજ મારાં ઘરમાં દાખલ થઇ તેવોજ હું ઉઠયો અને દરવાજો બંધ કરીને તેણીની પાછલ હું અંદર ગયો અને તેણીને એક ઓરડામાં બેસાડી મેં તેણીને કહ્યું કે "બાઇ મારી પાસે ઘણું જોવા સરસ કાપડ હતું તે બેશક તમારે લાયકનું હતું પણ હું દલગીર છું કે તે મેં બધુ વેચી નાખ્યું છે, અને મારી પાસે હાલ કાંઇ નથી." તેણીએ પોતાનો બુરખો ઉંચકયો જે ઉપરથી તેણીનો ચેહરો ઘણોજ ખુબસુરત માલમ પડયો તેણી બોલી કે "મને કાંઇ કાપડ જોઇતું નથી મને તો ફકત તમોને મલવું હતું અને જો તમારી મરજી હોય તો તમારી સાથે આજની સાંજ ગુજારવાનો મારો ઇરાદો છે."

હું તો આ સાંભલી ખુશ ખુશ થઇ ગયો અને મારા નોકરોને હોકમ કીધો કે થોડીક ફ્રુટ અને શરાબ અમારી નજદીક લાવી મુકવો. અમો ટેબલપર બેઠાં અને પુશકલ શરાબ પીવા સાથે ઘણીક જાતનું ખાણું ખાઇ ધરાયાં અને અરધી રાત સુધી ખુશ ગોફ્તેહગોહમાં ગુજારી. ટુકમાં દમાસકસમાં આવ્યા પછી કોઇ રાત એટલી મોજ મજાહમાં મેં ગુજારી ન હતી. તેણીએ જવા આગમચ માર હાથમાં દશ "શેરીફ" મુકયા અને બોલી કે "આ મારી ભેટ તમારે કબુલ રાખવીજ જોઇએ અને જો તે તમો નહીં લેશો તો હું પાછી કદીબી તમારૂં મોહડું જોઇશ નહીં." આ ઉપરથી તે નાકબુલ કરવાને મારી હીંમત ચાલી નહીં તે ઉપરથી તે આગલ બોલી કે "ત્રણ દીવસ પછી હું લાં પાછી આવશ, સાંજના સુરજ અસ્ત પામવા પછી મારી વાર જોજે." ત્યાર પછી તે મારી રજા લઇ મારેથી છુટી પડી અને પોતાની સાથે મારૂં જીગર લેતી ગઇ.

ત્રણ દીવસ વીટી જતાં વાર લાગી નહીં ને તેણી પાછી પોતાને ઠેડવેલે વખતે આવીને મારી સનમુખ ઉભી. તેણીની વાર હું ઘણી અધીરાઇથી જોતો હતો તેથી તેણીની મેં ઘણી ખુશી સાથે મુલાકાત લીધી. અમોએ આગળની માફક તે રાત ઘણી સારી રીતે મોજમજાહમાં ગુજારી અને જ્યારે તેણી મને છોડી ગઇ ત્યારે આગળા દીવસની માફક બીજા દશ 'શેરીફ' મને બોહોંસ કરી આપવા વગર રહીં નહીં. તેણી પાછો ત્રણ દીવસનો વાયદો કરી ગઇ.

તેણીની ત્રીજી મુલાકાત વખતે અમો પુશ્કલ વાંઇન પીતાં હતાં. ત્યારે તે બોલી "મારા પ્યાર, દોસ્ત તું મારે માટે શું ધારે છે, શું હું ખુબસુરત અને ખુશમીજાજી નથી?" મેં જવાબ આપ્યો "ઓ મારી પ્યારી માશુક! આ સવાલ મને પુછવો જોઇએ છે? મારી દરેક હીલચાલ ઉપરથી તું શું જાણી નથી શક્તી કે હું તારે વિશે શું ધારૂં છું? હું તને દીલોજાનીથી ચાહું છું, તું મારી રાણી છે. અરે તુંજ મારાં જીગરની ધણીઆણી છે." તે બોલી કે "ખરેખર તું આ તારા બોલને તું વલગી રેહશે? નહીં, તું ભુલ ખાય છે. હું ધારૂં છું મારી એક સહી છે જે મારા કરતાં ઘણીજ ખુબસુરત ને જવાન છે તેણીને જ્યારે તું જોશે ત્યારે તું મારી તરફથી તારો પ્યાર પાછો ખેંચી લઇ તેણીને ચાહશે, તેણીની એટલી તો નખરાંબાજ છે કે ફક્ત તેણીના હોઠનું હસવુંજ તને તેણીના પ્યારમાં બાંધી લેશે. મારે તેણીને તારી પાસે લાવવીજ પડશે કારણ કે મેં તારી હકીકત તેણીને કહી સંભલાવી છે તથા તારી ખુબસુરતીનું બયાન તેની આગળ કીધું છે તેથી તેણી તારા પ્યારમાં દેવાની થઇ ગઇ છે અને તેણીને જો તારી સાથ હું મેલવીશ નહીં તો તે ખચીત તારા પ્યારમાં મરી જશે. હું આજેજ તેણીને તારી હજુરમાં લઇ આવતે પણ તારી રજા વગર એ કદમ ભરવું મને દરૂસ્ત નહીં લાગ્યું." મેં જવાબ આપ્યો "ઓ મારી પ્યારી તું ગમે તે કર પણ જે દીલ મેં તને આપ્યુ છે તે કદીબી હું બીજીને આપીશ નહીં." તે બોલી કે "ઠીક છે પણ તું જે બોલે છે તે સંભાલીને બોલજે કેમકે તારૂં જીગર અમો બેની વચ્ચે તપાસમાં મુકાશે."

તે વખતે તો અમો કાંઇ વધુ બોલ્યાં નહીં. પછી તેણીએ જતી વખતે મને દશને બદલે પં-દર "શેરીફ" આપ્યા અને બોલી કે બે દીવસ પછી એક બીજી મેજબાન સાથે હું તારે ત્યાં રાબેતા મુજબ સાંજના સુરજ અસ્ત પામ્યા પછી આવીશ ત્યારે તું અમોને ઘણી સારી રીતે આવકાર આપશે એવી મને આશા છે."

જે દીવસે તેઓ આવવાની હતી તે દીવસે મેં એક ઓરડો ઘણી સરસ રીતે સીંગાર્યો અને તે નાજનીંઓની વાર જોતો બેઠો. તેઓની વાર હું ઘણી અધીરાઇથી જોતો હતો. છેલ્લે તેઓ સાંજ પડતાંજ આવી પુગી. જેવા તેઓએ પોતાના બુરખા કાહડ્યા કે હું તો ગોયા દીવાનોજ થઇ ગયો; પેહલીની ખુબસુરતીએ જેટલો મને મોહીત કીધો તેનાં કરતાં તેણી સાથે આવેલી બીજી ઓરતે પોતાની ખુબસુરતી તથા નાજ નખરાંએ તો મને દીવાનોજ બનાવી દીધો. તેણીનો દેખાવ એક સરખો ઘટ મદાર ને ખુબસુરત હતો. તેણીનો ચેહરો ખુશમીજાજી અને બેહદ ગોરો તેમજ રોશન હતો, તેણીની આંખ એટલી તેજ હતી કે હું ભાયગે એક પલખી તેની સામે બરાબર ટીકીને જોઇ શક્યો નહીં. તે મારા મકાન પર આવી, તે માટે મેં તેણીનો ઉપકાર માન્યો અને તેને લાયકનું આદરમાન હું તેણીને આપી નહીં શક્યો માટે માફ માંગી. તે સાંભલી તે પરીજાદ ઓરત બોલી કે "સામો મારે તમારો ઉપકાર માનવો જોઇએ કે તમોએ આ મારી સહીને મને અત્રે લાવવાની પરવાનગી આપી. હવે અરસ પરસનો ઉપ-કાર માનવાનું એક બાજુએ રાખી છુટાં મનથી આપણે મોજ મજાહ કરવી જોઇએ."

તે ખુબસુરત ઓરતો જેવી આવી પુગી તેવોજ મેં મારા નોકરોને હોકમ આપ્યા મુજબ તેઓએ ખાણું હાજર કીધું અને અમો ત્રણે જણા સાથે એક ટેબલપર જમવા બેઠાં. હું પેલી નવી આવેલી અબલા સામેજ બેઠો હતો કે જેણી મને વારમવાર આંખના ઇશારાથી તથા મનના મોહથી ખુશ કર્યા કરતી હતી. તેણીએ મારૂં દીલ એટલું તો જલદી જીતી લીધું કે મારી પેહલી માશુકની દરકાર કર્યા વગર હું તેણીની સાથે મોહબતી ગોફતેગોહ કરવા લાગો.

આ જોઇ મારી પેહલી માશુક હસવા લાગી ને બોલી કે "કેમ હું તમોને પેહલેથીજ નહીં કહી ગઇ હતી કે તમો મારી સહીને જોતાંજ તેની મોહબતના શીકાર થઇ જશો! અને તે મારૂ બોલવું શું હાલ ખરૂં નથી પડતું?" મેંબી હસતાં હસતાંજ જવાબ આપ્યો કે "પ્યારી જો આ અબલા કે જેણીને તું મારે ત્યાં મેજબાન તરીકે લાવી છે, તેણીની તરફ જો હું બેદરકાર રહું તો તુંજ ફર્યાદ કરે કે મારી લાવેલી મેજબાનની તમો બરોબર આગતાસ્વાગતા નથી કરતા! મારે તો તમો બંનેને સરખી રીતે માન આપવુંજ જોઇએ."

અમોએ ખાણું ખાવા માંડયું અને શરાબબાજીની ગરમીથી હું તથા પેલી મારી નવી મેજ-બાન એકેક સાથે છુટથી વાતચીત કરવાં લાગાં, પણ પેલી મારી પેહલી માશુકને કેટલો ગુસ્સો તથા અદેખાઇ લાગી હતી તેની અમને જરાબી ખબર રહી નહીં. તેણીને લાગેલા ગુસ્સા તથા અદેખાઇનું ભયંકર પરીણામ મને તુરતજ માલમ પડયું. તેણી ખાતાં ખાતાં ઉભી થઇને અમને એમ કહીને બાહેર ગઇ કે "મને કાંઇ અગતનું કામ છે તે કરીને હું તુરતજ પાછી ફરૂં છું." થોડીક ઘડી ગુ-જરી એટલે પેલી નવી આવેલી સ્ત્રીના મોહડાંનો રંગ બદલાયો અને સખત તાંન થઇ આવ્યું તેથી તે મારા હાથમાં બેસુદ્ધ થઇ પડી. આ વખતે મેં મારા નોકરોને મદદ માટે બોલાવ્યા. હું તુરતજ ઓરડા-માંથી બાહેર ગયો અને પેલી બીજી સ્ત્રી માટે પુછયું તો મને મારા નોકરોએ જવાબ દીધો કે તેણી તો બાહેરનો મોટો દરવાજો ખોલી જતી રહી હતી. મને તુરતજ વેહમ આવ્યો કે પોતાની સહીનાં મોતનું કારણ તે પોતેજ હતી અને અદેખાઇને લીધે તેણીએ તે બચારીનો જાન લીધો હતો. તેણીએ

અદેખાઇથી ઉશકેરાઇ જઇને કાતેલ ઝેર પેલી સ્ત્રીનાં પ્યાલાંમાંના શરાબમાં ભેલ્યું હતું અને તે પ્યાલું પેલી સ્ત્રીને પોતાને હાથે તેણીએ આપ્યું હતું.

આ કમકમાત ભર્યા ખુનથી મને ધ્રુજરાં ચહડી આવ્યાં. હું મનમાં બોલવા લાગ્યો કે "હું હવે શું કરૂં? મારૂં શું થશે? હવે વખત ખોહવો એ મોટા જોખમમાં જવા બરાબર છે." પછી મેં મારા નોકરોને હોકમ કરી એક મોટો સંગેમરમરનો પથર જે મારા ઘરના ચોગાનમાં જડેલો હતો તે ઉખેડવા કહયો અને તેની નીચે પેલી સ્ત્રીના મુડદાંને છુપું દાટયું. એ રીતે મારા હોકમને તાબે થઇ મારા નોકરોએ પોતાનું કામ પુરૂં કીધું કે મેં તુરતજ મુસાફરીનો સામાન તૈયાર કીધો અને મારી પાસે જે કાંઇ પૈસા હતા તે લઇને મેં મારા ઘરને તાલું માર્યું અને તે ઉપર મારી મોહોર કીધી. પછી મારા ઘરવાલા પેલા ઝવેરી પાસે ગયો અને તેનું જે ભાડું ચહડેલું હતું તે ચુકવી આપ્યું ને વલી એક વરસનું બીજું ભાડું તેને આંગપર આપ્યું. મેં મારાં ઘરની ચાવી તેને આપી અને કહ્યું કે "મેહરબાંની કરીને જ્યાંસુધી હું આવું ત્યાંસુધી તે તારીજ પાસે રાખવી. મને ઘણું અગત્યનું કામ નીકલી આવ્યાથી મને થોડો વખત બાહેર જવું પડે છે. મને મારા કાકાઓને કેરો મલવું જરૂરનું છે તેથી હું ત્યાં જાંઉ છું." હું રજા લઇ તુરતજ ઘોડેસ્વાર થઇ ચાલતો થયો.

મારી મુસાફરી ફતેહમંદ નીવડી અને હું કેરો કાંઇબી અકસ્માત વગર જઇ પુગો. મને ત્યાં આવેલો જોઇ મારા કાકાઓ કાંઇ થોડા અજબ થયા નહીં. મેં કેરો આવવાના કારણમાં જણાવ્યું કે હું દમાસકસમાં રેહતાં તથા તમારાં કાગજોની રાહ જોતાં ઘણો કંતાળ્યો અને એટલો તો બેચેન થઇ ગયો કે મને કેરો તરફ આવ્યા વગર ચાલ્યુંજ નહીં. તેઓ મને ઘણા પ્યારથી મલ્યા અને હું દમાસકસથી મારા બાપની રજા વગર નીકલી આવ્યો તેથી મબાદા મારો બાપ ગુસ્સે થાય તો તેને સમજાવી લેવાની કબુલાત આપી. તેઓ જે ધર્મશાલામાં ઉતર્યા હતા તેજ ધર્મશાલામાં મેં પણ ઉતારો લીધો અને કેરોમાં જે જે જોવા તથા જાણવા જોગ હતું તે જોઇ વાકેફ થયો.

હવે મારા કાકાઓ પોતાનો માલ વેચી રહ્યા હતા તેથી તેઓ પાછા મૈસલ તરફ જવાની વાત કરવા લાગા અને ઉપડી જવાની તૈયારી વટીક કરી લીધી; પણ કેરોમાં જે જે નવાઇઓ તે જોવાની મારી ઇચ્છા પુરી થઇ નહીં હતી તેથી હું ગુપચુપ મારા કાકાઓને છોડી ગયો. મારા કાકાઓ જે ધર્મશાળામાં ઉતર્યા હતા ત્યાંથી ઘણો દુર હું જઇ રહ્યો અને જ્યાં સુધી તેઓ કેરો છોડી ગયા નહીં ત્યાં સુધી હું તેઓની નજરેજ પડ્યો નહીં. તેઓએ મારી ઘણી તલાશ કીધી પણ હું મલી આવ્યો નહીં તેથી તેઓ સમજયા કે મારી બાપની મરજી વીરૂધ હું ત્યાં આવેલો હોવાથી વખતે ધાસ્તીનો માર્યો હું પાછો દમાસકસ ગયો હોઇશ એમ ધારી તેઓ દમાસકસમાં મને મલવાની આશાથી કેરો છોડી દમાસકસ તરફ કુચ કરી ગયા.

આ પ્રમાણે હું એકલો કેરોમાં ત્રણ વરસ સુધી રહ્યો અને મીસર દેશની દરેક અજાયબી તથા મોજમજાહ ભોગવી તૃપ્ત થયો. જેટલો વખત હું મીસરમાં રહ્યો તેટલા વખતનું મારા દમાસકસનાં મકાનનું ભાડું હું પેલા ઝવેરીને મોકલવાને ચુકયો નહીં. અને તેને અરજ કીધી કે જ્યાંસુધી હું દમાસકસ આવી પુગું ત્યાં સુધી તે ઘર મારે સારૂંજ રાખી મુકવું કારણ કે મને દમાસકસમાં થોડા વરસ રેહવાનું છે. કેરોમાં તો કાંઇ જાણવા જોગ બનાવ બન્યો નહીં પણ હું જ્યારે દમાસકસ પાછો આવ્યો તે વખતે મારી ઉપર જે વીટયું તે સાંભલી તમો અજાયબ થયા વગર રેહશો નહીં.

જ્યારે હું દમાસકસ આવી પુગ્યો, ત્યારે હું મારા ઘરવાળા પેલા ઝવેરી આગળ ગયો, તેને મારી મુલાકાત ઘણી ખુશી સાથે લીધી અને મારી સાથે મારાં ઘર લગી આવ્યો; ત્યાં જોતાં મારી મોહોર જેમ

મેં કીધી હતી તેમ સલામત હતી એટલુજ નહીં પણ અંદર દાખલ થઇ જોતાં સર્વે ચીજ જેમની તેમ અનામત ને સલામત હતી.

જે ઓરડામાં મેં પેલી બે સ્ત્રીઓ સાથે છેલ્લું ખાણું ખાધું હતું તે ઓરડો વારીને સાફ કરતાં મારા નોકરને એક ઘણો ઉમદા સુનાનો હાર મળી આવ્યો જે મધે સુનાના દાનાની સાથે દસ ઘણા મોટાં ને કીંમતી મોતીઓ જડેલા હતાં. તે મારી પાસે તે હાર લાવ્યો, જે જોતાંજ મેં પેલી ઝેર દઇ મારી નાખેલી સ્ત્રીના હાર તરીકે ઓળખ્યો, કેમકે મેં તેણીના ગળાંમાં તે જોયો હતો. મેં ધાર્યું કે તે ઉતાવળમાં ત્યાં પડી ગયો હશે જે મારા જોયામાં આવ્યો નહીં હશે. તે જોતાંજ મારી આંખમાંથી આસું નીકળી પડ્યાં, કારણ મને તે ખુબસુરત સ્ત્રીની યાદ પડી કે જેણીને ઘણી ઘાટકીપણે મારી નાખવામાં આવી હતી. મેં તે હારને એક કપડામાં વીટાળ્યો અને તેને મારી છાતી પર રાખી મુકયો.

થોડા દીવસ મુસાફરીની થાક ઉતાર્યા પછી હું મારા દોસ્ત આશનાવોની મુલાકાત લેવા લાગો. હું દરેક જાતની મોજ મજાહમાં પડયો અને મેં મારા તમામ પૈસા ખરચી નાખ્યા. જ્યારે ઘણી તંગી પડી ને પૈસાની ઘણી જરૂર થઇ લાગી ત્યારે મારો બીજો સામાન વેચવાને બદલે મેં પેલો હાર વેચવાનો ઠેરાવ કીધો. પણ તેમાના કીંમતી મોતીની કીંમતથી હું તદન અજાણો હોવાથી મને ઘણી મુસીબતમાં જવું પડયું.

તે હાર લઇ બજારમાં ગયો અને ત્યાંના દલાલોમાંના એકને તેડીને પેલો હાર દેખાડયો અને કહ્યું કે બજારના મુખ્ય ઝવેરીઓને દેખાડી તેની કીંમત કરીને તે હાર વેચી આપવો. તે હાર જોઇ પેલો દલાલ ઘણો અજાયબ થયો અને બોલ્યો કે "હા! શું સરસ હાર છે! ત્યાંના વેપારીઓએ તો એવો હાર કદાચજ જોયો હશે. તે ખરેખર ઘણો કીંમતી છે. અને તે તેઓ એકમેક ઉપર વધી મોટી કીંમતે ખરીદ કરશે તેમાં કસો શક નથી." તેણે મને એક દુકાન પર બેસવા કહ્યું, કે જે દુકાન મારા ઘર ઘણીનીજ હતી, અને બોલ્યો કે "ત્યાં બેસજો હું હમણા આ હારની કીંમત અંકાવી તથા ઘરાક તૈયાર કરી તમને જબાબ કેહવા આવું છું."

પેલો દલાલ બજારમાં હાર વેપારીઓને દેખાડતો હતો તેટલો વખત હું મારા ઘરવાલા ઝવેરીની દુકાને બેઠો અને તેની સાથે તરેહવાર બાબદો ઉપર વાતો કરતો હતો. પેલો દલાલ પાછો ફર્યો અને મને એક બાજુએ લઇ ગયો. મેં તો ધાર્યું કે તે હારની ઓછામાં ઓછા બે હજાર "શેરીફ" કીંમત અંકાવી આવ્યો હશે, પણ તેણે તો મને તે હારની કીંમત ફકત પચાસ 'શેરીફ' કહી! તે બોલ્યો કે "વેપારીઓ કહે છે કે મોતી તદન ખોટાં છે, નહીં તો તેની ઘણી મોટી કીંમત આવતે, માટે તમારે એ ભાવે તમારો હાર વેચવો છે?" તેને કહ્યું તે મેં માન્યું અને મને પૈસાની ઘણીજ તંગી હોવાથી મેં જવાબ આપ્યો કે "મારાં કરતાં એ બાબદમાં વેપારીઓ વધારે સમજે માટે તમારૂં કેહવું હું ખરૂં માનું છું માટે આ હાર વેચી આવો અને નાણું તુરત મને લાવી આપો."

પેલા દલાલને એક ઘણા પૈસાવાલા ઝવેરીએ મારી પાસે પેલા હારની કીંમત ફકત પચાસ 'શરીફ' કહીને મોકલ્યો હતો, તે માત્ર એટલુંજ જાણવા કે હું તે હારની ખરી કીંમત જાણું છું કે નહીં? પણ જ્યારે તેણે મારો જવાબ જાણ્યો ત્યારે તેની ખાતરી થઇ કે તે હારની ખરી કીંમતથી હું બેખબર છું ત્યારે તેણે અનુમાન કીધું કે મેં તે હાર કેયેથી પણ ચોરેલો હોવો જોઇએ; તેથી પેલા દલાલને સાથે લઇ તે એક પોલીસ અમલદાર આગલ ગયો અને તેને પેલો હાર દેખાડી કહ્યું કે આ હાર મારો છે અને તેનો ચોરનાર, વેપારીના લેબાસે તે બજારમાં વેચવા આવ્યો છે અને આ બે હજાર 'શેરીફ'નો માલ હોવા છતાં ફકત પચાસ 'શરીફ' તે વેચવા તૈયાર થયો છે, તે ઉપરથીજ સાફ સાબેત થાય છે કે તે હાર તેણે ચોરેલો છે."

તે પોલીસના અમલદારે તુરતજ મને પકડી લાવવાનો હોકમ કીધો તે મુજબ મને તેની સામે ઉભો કીધો. તેણે મને સવાલ કીધો કે "આ હાર તારો છે?" મેં હા કહ્યું તે ઉપરથી તે બોલ્યો કે "શું તું એ પચાસ 'શેરીફ' વેચવા માંગે છે?" તે માટેબી મેં હા કહ્યું તે ઉપરથી તે ઘણો ગુસ્સે થયો અને પોતાના સીપાઇઓ તરફ ફરી બોલ્યો કે "આ ધણીને બાંધીને ચાબકાથી ફટકાવી કાહડો કારણ કે જ્યાં સુધી આ વેપારીનો વેશ ધારણ કરનાર ઠગારો ફટકા ખાઇ હલકો થશે નહીં ત્યાં સુધી ખરી બીના જણાવશે નહીં કારણ કે એ પક્કો ચોર દેખાય છે." ચાબુકના ફટકા એટલા તો સખ્ત પડવા લાગા કે મને જુઠું બોલવા વગર ચાલ્યું નહીં. મેં સચાઇને બાજુએ મુકીને કબુલ કીધું કે તે હાર મેં ચોરયો હતો. આ મારો એકરાર સાંભલી તે પોલીસ અમલદારે મારો હાથ કાપી નાખવાનો હોકમ ફરમાવ્યો.

આ ઉપરથી બજારમાં મોટો ગોંગાત મચી રહ્યો. હું જેમ તેમ કરીને મારે ઘર પોંહોંચ્યો. મારો ઘરવાલો મારે ત્યાં આવ્યો અને કેહવા લાગો કે "મારા બેટા તું ઘણો હુશીયાર તથા કાબેલ લાગે છે તે છતાં એમ કેમ બને કે તું આવું ચોરી જેવું નીચ કામ કરી શકે? તું તો ઘણો પૈસાવાલો હતો. તે છતાં તને પૈસાની જરૂર પડી તો તેં મને કાંય નહીં જણાવ્યું હું તને મોટી ખુશીથી પૈસા ધીરતે? જે બની ગયું તે માટે હું દલગીર છું પણ તે છતાં હું હવે તને મારાં ઘરમાં રાખી શકતો નથી માટે તારે બીજું ઘર શોધી લેવું." આ સાંભલી મારી છાતી ફાટી ગઇ, મેં મારા ઘરવાલા પાસે આંખમાં આસું લાવી માંગી લીધું કે ત્રણ દીવસ વધુ મને તેને તે ઘરમાં રેહવા દેવો, આ ઉપરથી તેણે મને ત્રણ દીવસની મેહતલ આપી.

હું એકલો પડયો ત્યારે બોલવા લાગો કે "અફસોસ! મારૂં નસીબ કેટલું ઉંધું થઇ ગયું. હવે હું મૌસલ કયે મોહડે જઇશ? એક ચોર તરીકે મને કેટલી શરમ લાગશે. શું મારો બાપ મને બેગુનાહ ગણશે? તેના ધ્યાનમાં કદીબી એમ આવશે નહીં કે મારા કાંઇ પણ વાંક વગર મેં મારો હાથ ખોહયો હશે." મારી ઉપર જે આફત ગુજરી હતી તેને ત્રણ દીવસ વહી ગયા પછી થોડાક પોલીસના માણસો મારાં ઘરમાં આવ્યાં, વલી વધારે અજાયબ જેવું તો એ હતું કે પેલો વેપારી કે જેને મને જુઠી રીતે શીક્ષા કરાવી હતી તે તથા મારો ઘરવાલોબી તેઓની સાથે હતો. મેં તેઓને પુછયું કે વલી શું મારી પાસે માગો છો? પણ તેઓએ જવાબ આપવાને બદલે મને દોરડાંથી મજબુત બાંધ્યો અને ઘસડતા ને ધક્કા મારતા મને લઇ ચાલ્યા. ઘણા કાલાવાલા કરતાં તેઓએ મને ખુલાસો કીધો કે જે હાર ચોરવાના વાંક માટે મારો હાથ કાંપી નાખવામાં આવ્યો હતો તે હાર તો દમાસકસના હાકેમનો આજ ત્રણ વરસ ઉપર ચોરાયલો હાર હતો, અને તેજ વખતે તેજ હાકેમની એક ખુબસુરત બેટી પણ ગુમ થઇ ગઇ હતી. હવે મારી ધાસ્તી વિશે તમો શું ધારો છો? પણ તેનો કેમ નીકાલ લાવવો તે મેં તુરતજ નક્કી કીધું. મેં મનમાં ધારીજ રાખ્યું કે જે તદન ખરૂં અને બનેલું છે તે તમામ કહી દેવું અને પછી હાકેમની મરજી હશે તો મને માફ કરશે, નહીં તો જાનથી બેજાન કરશે.

જ્યારે હું હાકેમની સનમુખ ઉભો રહ્યો ત્યારે તેને મારી તરફ માયાની નજરથી જોયું, આ ઉપરથ મેં ધાર્યું કે તે મને મારી બક્ષી મારી ઉપર રહેમ કરશે. તેણે મારા બંધ છોડી નાખવાનો હોકમ આપ્યો. પછી તે પેલા ગલેપડુ વેપારી તથા મારા ઘરવાલા તરફ ફરીને બોલ્યો "શું આએજ પેલો જવાન માણસ છે કે જે પેલો હાર વેચવા લાગ્યો હતો?" તેઓએ "હા" કરીને જવાબ આપ્યો, એટલે હાકેમ બોલ્યો કે "ત્યારે તો એને એ હાર ચોરેલો નથી, એની ઉપર ઘણો ગેરઇનસાફ ગુજર્યો છે અને હું ઘણો અજાયબ છું કે એટલી સખ્ત સજા કરવાનું શું કામ પડયું હશે?" આ તેના બોલવા

પરથી મને હીંમત આવી અને હું રડી પડયો અને બોલ્યો કે "મારા મુરંબી હું તદન બેગુનાહ છું એમ સોગન ખાઇને કહું છું. આ હાર આ જુઠા વેપારીનો મેં ચોર્યો નથી. એની લબાડીથી મને હું બેગુનાહ હોવા છતાં ખાલીપીલી ભારી ગજબભરી શીક્ષા ખમવી પડી છે. આ વેપારીને મેં કોઇબી દીવસ આગલ જોયલો નથી તો હું તેને ત્યાં ચોરી તે ક્યાં કરવા જાઉં? પણ મારે કબુલ કરવું જોઇએ કે જ્યારે મને ઘણો માર પડયો ત્યારે મને જુઠું બોલી વાંક કબુલ કરવાની ફરજ પડી હતી કારણ કે ખરૂં કારણું, જે હાલમાં હું તમને જણાવવાને તૈયાર છું, તે છુપાવવા માટે મને આ જુઠું બોલવું પડયું હતું. જો તમો નામદાર ફરમાવો તો આ હાર મને કેમ મલ્યો તે ખરેખરૂં તમને જણાવી દઊં." તે હાકેમ બોલ્યો કે "તે બધું મને ખબર પડી ચુકું છે પણ જે તને ગેરઇનસાફ થયો છે તેનો બદલો તને મળવો જોઇએ. લાવો પેલા કંગાલ જુઠા ને ગળેપડુ વેપારીને સામે અને જે શીક્ષા તને હકનાહક ખમવી પડી છે તેવીજ શીક્ષા એને પણ મળવી જોઇએ. પછી તેને પેલા વેપારીનો હાથ કાપી નાખવાનો હોકમ કીધો."

તે હાકેમનો હોકમ તેજ ઘડી બજા લાવવામાં આવ્યો. પેલા વેપારીનો હાથ કાપી તેને જે શીક્ષા ઘટતી હતી તે કરવામાં આવી. પછી જેઓ ત્યાં હાજર હતા તેઓને બાહેર જવાનું કહ્યું, પછી હું અને તે જ્યારે એકલા પડ્યા ત્યારે તે બોલ્યો "મારા બેટા, હવે વગર ફીકરે તારા હાથમાં આ હાર કેમ આવ્યો તે જણાવ અને મારેથી કાંઇબી છુપાવતો ના." મેં મારી તમામ હકીકત કાંઇબી છુપાવ્યા વગર તે હાકેમની નજદીક કહી સંભળાવી તથા તે હાર મારા હાથમાં કેમ આવ્યો, તે સર્વે તેણે કહી સંભળાવ્યું. હું બોલી રહયો કે તે હાકેમ એક સખ્ત હાય મારી આસમાન તરફ મોહ કરીને બોલ્યો "ઓ ખુદાવનતાલા! તારો ઇનસાફ અદલ છે અને તું જે કરે તેને વગર બડબડ કરવે તાબે થવું એજ બરહક છે." પછી તે મારી તરફ ફરી બોલ્યો "મારા બેટા, મેં તારી હકીકત સાંભળી છે અને જે ગજબ તારી ઉપર ગુજરયો છે તે માટે હું ખચીત દલગીર છું. હવે હું મારી હકીકત તને કહી સંભળાવુ છું. જે બે સ્ત્રીઓની વાત કહી તે બંન્નેનો હું બાપ થાઉ છું.

"જે પેહેલી સ્ત્રી ચાલી ચલાવીને તારા મકાનપર આવી હતી તે મારી વડી દીકરી હતી. મેં તેણીને કેરોમાં મારા ભત્રીજા સાથે પરણાવી હતી પણ તેણીનો વર મરણ પામ્યો હતો અને તે હજારો બદફેલીઓ મીસર દેશથી પોતાની સાથે લેતી આવી હતી. મારી વડી બેટી આવી તેની આગમચ મારી ન્હાની બેટી જે તારા હાથમાં મરણ પામી હતી, તે ઘણી કાયદાસર ચાલનારી તથા સાલેસ હતી અને મને કાંઇબી ફરયાદ કરવી પડે એવી ચાલ તેણી ચલાવતી ન હોતી, પણ મારી વડી દીકરી સાથે તેણીને ઘણી ઘાડી દોસ્તી પડી તેથી તે પણ મારી વડી બેટીની બદીમાં આસ્તે આસ્તે શામેલ થઇ અને તે પણ તેણીને પગલે ચાલવા લાગી.

જે દીને મારી ન્હાની છોકરી તારા મકાનમાં મરણ પામી તેને બીજે દીને જ્યારે હું ખાણાંપર બેઠો ત્યારે મારી ન્હાની છોકરીને મેં નહીં જોઇ. તે વખતે મેં મારી વડી છોકરીને તે વિશે સવાલ કીધો પણ તે સવાલનો જબાબ આપવાને બદલે તે બેહદ રડવા લાગી તેથી હું સમજ્યો કે કાંઇબી ખરાબ પરીણામ નીપજયું છે. મેં તેણીને મારા સવાલનો જવાબ આપવા માટે ઘણી સમજાવી, ત્યારે તેણીએ દચકાં ખાતાં ખાતાં જવાબ દીધો કે "મારા મુરંબી ગઇ કાલે મારી બહેન ઊંચામાં ઊંચો પોશાક પેહરી પોતાના ગલામાં મોતીનો હાર નાખીને બાહેર ગઇ તે હજુર સુધી પાછી ફરીજ નથી." આ ઉપરથી મેં તેણીની આખા શહેરમાં ખોલ કહડાવી પણ તેની કાંઇ નીશાન મલી નહીં. તેટલા વખતમાં મારી વડી દીકરીને તેણીની બહેનનો ગમ એટલો તો લાગો કે તેણીએ આખો દીવસ રડવા માંડયું અને ગમની મારી ખોરાક વીગેરે લેવાનું મોકુફ કરવાથી તથા પોતાના પાપનો પસતાવો કરવાને સબબ તનમનથી એટલી તો લેવાઇ ગઇ કે તેણી સેજ વખતમાં રીબી રીબીને મરણ પામી."

"એજ મુજબ માણસનો હાલ થાય છે" તે હાકેમે આગલ બોલવા માંડયું, "અને જેવું તે કરે છે તેવું પામે છે. પણ મારા બેટા, આપણુ બન્ને એકસરખા કમનસીબ છીએ તેથી આપણો બન્નેનો ગમ ભેગો થવા દે અને આપણે હવે પછી કદીબી જુદા પડશું નહીં. મારી એક ત્રીજી છોકરી છે તેણીની સાથે તારા નેકા કરશું, તેણી તે બન્ને કરતાં વધારે નોજુવાન છે એટલુંજ નહીં પણ તેણીની ચાલચલન ઘણીજ સારી છે. વલી તે ખુબસુરત પણ ઘણી છે. મારૂં ઘર તારૂંજ સમજ અને મારા મરણ પછી તું અને મારી છોકરીજ મારા વારસ છો." મેં જવાબ આપ્યો "મારા મુરબી હું ક્યા શબ્દોમા તમારો ઉપકાર માનું તેની મને સમજ પડતી નથી. તમારી મેહરબાની એટલી તો અપાર છે કે તેનો પાડ કોઇબી રીતે વાળી શકાયજ નહીં." આ સાંભળી તે બોલ્યો "બસ હવે એ પ્રમાણે અરસ પરસ ઉપકાર માનવામાં ખાલી વખત ખોહવો નહીં જોઇએ." પછી તેણે થોડાક સાક્ષીઓને બોલાવીને મારા નેકા પોતાની છોકરી સાથે વગર ધીલે કરી આપ્યા.

પેલો વેપારી જેને મને ગળે પડીને નાહકની શીક્ષા કરાવી હતી તેનો હાથ કાપી નાખવા ઉપ રાંત તેની તમામ માલ મીલકત જપત કરવામાં આવી જે પુષ્કળ હતી, તે સર્વે મારે હસ્તક કીધી. તમોએ જોયું હશે કે હાકેમ મારી ઉપર કેટલી બધી મેહરબાની રાખે છે. વળી મારે તમોને કેહવું જોઇએ કે મારા કાકાઓએ મારી શોધમાં એક માણસ મોકલ્યું હતું જેને મને કાલે શોધી કાહડયો અને મારા કાકાઓના કાગજો મને આપ્યાં છે. તેમાં તેઓએ મારા બાપના મરણના સમાચાર લખ્યાછે. તેઓએ મને મારા બાપની માલ મીલકતનો કબજો લેવાને મૌસલ ખાતે બોલાવ્યો છે; હાકેમ સાથની મારી દોસ્તી અને સંબંધ એટલો તો વધારે છે કે તે છોડીને હું ત્યાં જવાને રાજી નથી. તે માણસને મેં ગઇ કાલેજ પાછો મૌસલ મોકલ્યો છે અને તેની સાથે મારા કાકાઓને સત્તા લખી મોકલી કે મારી મીલકત તેઓએ પોતાના કબજામાં લેવી. અને હવે હું આશા રાખું છું કે મારી માંદગીના વખતમાં મારો ડાબો હાથ તમોને આપવાની જે બેઅદબી મેં કીધી છે તે માટે તમો મને માફ કરશો."

હવે આ વાર્તા પુરી કરી પેલો યાવધી દાકટર કાશગરના સુલતાનને કેહવા લાગ્યો કે "ઓ નામદાર સુલતાન! મૌસલના જવાન વેપારીએ જે વાત મારી આગલ કીધી હતી તે મેં તમો નામદારને કહી સંભલાવી છે. એ પછી દમાસકસનો હાકમ જ્યાંસુધી જીવતો હતો ત્યાંસુધી હું તેને ત્યાં રહ્યો પણ તેના મરણ પછી મને મુસાફરીનો શોખ થવાથી હું મુસાફરીએ નીકલ્યો. મેં ઇરાન દેશમાં મુસાફરી કીધી, ત્યાંથી હીંદુસ્તાન ગયો અને ત્યાંથી તમો નામદારના મુલકમાં આવી હ્યાં વૈદનો ધંધો કરવા માંડયો છે, જે હું ફતેહમંદી સાથે કર્યો જાઊંછું."

કાશગરના સુલતાનને યાવધી દાકટરની વાત અસરકારક લાગી, તેથી તે બોલ્યો "હું કબુલ કરૂંછું કે તારી વાતમાં ઘણીક અજાયબી સમાયલી છે, તોપણુ મારે ખુલ્લું કેહવું જોઇએ કે મારા ખુંધા મસકેરાની વાર્તા તારી વાત કરતાં ઘણી વધારે અજાયબ જેવી તથા અસરકારક હતી તેથી તું ખુશી ના થતો કે તું બચી શકશે, હુંતો તમો ચારેને ફાંસીની શીક્ષા કરીશ." આ સાંભલી પેલો દરજી બાહેર નીકલી જમીન ઉપર ગુઠણુ મંડએ પડીને બોલ્યો કે "ઓ નામદાર સુલતાન તમોને ખુશ ને અજાયબ વાર્તા સાંભલવાનો શોખ છે તો હું ખાતરી આપું છું કે જો તમો નામદાર મારી વાર્તા સાંભલશો તો ખચીત ખુશી થશો." સુલતાન બોલ્યો "જો એમજ છે તો હું તારી વાર્તા પણ સાંભલીશ, પણ એમ ના ધારતો કે જો તારી વાર્તા મારા ખુંધા કરતાં સરસ નહીં હશે તો તું જીવવા પામશે." એ ઉપરથી સુલતાનને નમીને દરજીએ પોતાની વાર્તા નીચે મુજબ સરૂ કીધી:—

દરજીએ કહેલી વાર્તા.

આ શેહરના એક વેપારીએ બે દહાડા ઉપર પોતાના દોસ્તોને એક ખાણું આપ્યું હતું; તેમાં મનેબી જમવાનું ઇજન કીધું હતું. હું પરમદીને તેને ત્યાં જમવા ગયો ત્યારે ત્યાં આસરે વીસેક આસામીઓ એકઠા થયલા હતા.

અમો ઘરના ધણી માટે ખોટી થતા હતા કારણ કે તે કાંઇ અગત્યના કામસર બાહેર ગયલે હતો, પણ તે જ્યારે આવ્યો ત્યારે એક અજાણ્યા જવાન શખ્સને પોતાની સાથે લાવ્યો હતો. આ જવાન માણસે ઘણો સરસ પોશાક પેહેરેલો હતો પણ તે લંગડો હતો. અમો સર્વે ઘરધણીને માન આપવા માટે ઉઠી ઉભા થયા અને પછી પેલા જવાનને અમારી સાથે સોફા પર બેસવા કહ્યું. તે અમારી સાથે બેસવા જતો હતો પણ એક ચોકશ હજામને અમારી મીજલસમાં જોઇ તે ચોંકયો અને એકાએક પાછલ હટી ગયો અને અમને છોડી જવા લાગો. આથી અજાયબ થઇ ઘરધણીએ તેને અટકાવ્યો અને કહ્યું "તમો ક્યાં જાવો છો? હું તમોને અત્રે અમોને માન આપવાને ખાસ બોલાવી લાવ્યો અને જે ખાણું હું મારા દોસ્તોને આપનાર છું તેમાં તમો સામેલ નહીં થતાં અમને એકાએક વગર કારણે શું કામ છોડી જાવો છો?" પેલા જવાને કહ્યું કે "પાખ બોદાવનતાલાના નામથી હું તમોને અરજ કરૂં છું કે મને તમો જવા દેવો અને અત્રે ખોટી ના કરો. તમારા વચે જે હજામ બેઠો છે તેને જોઇ મને ઘણો ધીકાર છુટે છે. જોકે તે જે દેશમાં જનમ્યો છે તે દેશના લોકોના ચેહરાનો રંગ તો સફેદ હોય છે તો પણ એ નાપાકનું મોહડું સીધીભાઇના જેવું કાલું ને કંગાલ છે, પણ તે કરતાંબી વધારે કાલું અને કંગાલ તેનું અંતઃકરણ છે જે તેના ચેહરા કરતાંબી વધારે ભયંકર છે."

અમો તે જવાનના આવા બોલવાપરથી ઘણા અજાયબ થયા અને પેલા હજામ વિશે ખરાબ વિચાર બાંધવા લાગા; તો જોકે અમને ખબર નહીં હતી કે શું કારણથી પેલો જવાન તે હજામ વિશે એવી રીતે બોલતો હતો. અમો આગલ વધીને બોલવા જતા હતા કે આવા ભયંકર ચાલના માણસ સાથે અમો જમવા બેસવાને રાજી નથી. પેલા ઘરના ધણીએ તે જવાન માણસને અરજ કીધી કે તે હજામે તેણે જે નુકશાન કીધું હોય અથવા તો તેનો વાંક હોય તે કહી સંભળાવવો. પેલા જવાન માણસે કહ્યું કે "સાહેબ તમને ખબર નથી પણ એજ નાપાક હજામને લીધે હું લગડો થયો છું, એટલુંજ નહીં પણ મને એના વાંકથી ઘણું સખ્ત નુકસાન થયું છે. આ કારણસર મેં સોગન લીધા છે કે એ કંગાલ જ્યાંબી હોય ત્યાં ઉભું વટીક રેહવું નહીં. તે જે શેહેરમાં રેહતો હોય તે શેહરમાં પણ મારે રેહવું નહીં. એ કારણ સર તો મેં મારૂં વતન બગદાદ છોડયું છે સબબ કે એ ત્યાં હતો. મેં એવા વિચારથી લાંબી મુસાફરી કીધી કે વીસાલ તારતરી દેશના મુખ્ય અને મધ્ય બીંદુમાં હું વસું કે જ્યાં એ નાપાક પોતાના કદમ ક્યાં લાવવાનો હતો? પણ તે મારી આશા ભ્રષ્ટ થઇ અને એના કાલાં કદમ પાછાં મને હ્યાં પણ માલુમ પડ્યાં. માટે મારા મેહરબાનો મને તમારી સાથે જમવા માટે જે માન આપોછો, તે મોટી દલગીરી સાથે ના પાડું છું. મને આજનું આજ તમારૂં શેહર છોડી જવું પડશે અને વળી મને બીજી કોઇ એવી જગ્યા પર જવું પડશે કે જ્યાં આ નાપાક હજામના પગળાં નહીં આવે અને તેનું કાળું મોહ મારી નજરે નહીં પડે." આટલું બોલી તે અમને છોડી જતો હતો પણ પેલા ઘરધણીએ તેને હજુર અટકાવ્યો અને પેલા હજામ સાંમેના ધીકારનું કારણ અમને કહી સંભળાવાને ઘણી બોહોંસ કીધી. પેલા હજામે તો આ સઘળો વખત પોતાની આંખ જમીન તરફ ટીકેલીજ રાખી અને એક શબ્દબી બોલવા વગર ચુપચુપ બેસીજ રહ્યો. અમોબી પેલા ઘરધણીની સાથે તે જવાન માણસને તેનો હેવાલ કેહવા માટે સમજાવવા લાગા, તેથી આખરે તે જવાનને અમારી અરજ કબુલ કરયા વગર ચાલ્યું નહીં. તે એક

સોફા ઉપર બેઠો પણ પેલા હજામ તરફ બીલકુલ જોવા વગર તેની તરફ પીઠ કરી બેઠો અને પોતાની હકીકત આ મુજબ કહેવા લાગો:—

મારો બાપ બગદાદ શેહરનો રેહવાસી હતો. તે મોટાં ખાનદાની કુટુંબનો હતો, તેના દરજ્જા મુજબ તે શેહરના રાજદુવારી અમીર તરીકે સર્વે કામકાજ કરવાને શક્તીવાન હતો, પણ તેને એકાંતગી ભાવતી હતી તેને માનસન્માનની દરકાર નહીં હોવાથી તે ઝાઝો બાહર પડતો નહીં હતો. હું તેનો એક પુરો છોકરો હતો. જ્યારે તે મરણ પામ્યો ત્યારે પુર્ણ કેળવણી લઇ ચુકેલો હતો અને મારા બાપનો ઓહલો વહીવત ચલાવવાને યોગ્ય ઉમરે પુગેલો હતો. મારા બાપની મોટી દોલત હું રીતસર વાપરવા લાગો અને મોજમજાહ માંહે પડી બીજી રીતે મારા પૈસા બેવકુફાઇથી નહીં ખોહતાં એવી અચ્છી રીતે ચાલવા લાગો કે દરેક જન મારી વાખવાખી બોલવા લાગો.

હમણા સુધી તો મને કોઇબી રીતે પ્યાર શું છે તેનો ખ્યાલ પણ હતો નહીં; કારણ કે મારે વગર શરમે કબુલ કરવું જોઇએ કે હું ઓરતોની મંડલીથી સદા દુરનો દુર નાહસ્તો હતો. એક દહાડે હું એક મોહલામાંથી જતો હતો તેટલાં થોડીક ખુબસુરત ઓરતો સાંમેથી મારી તરફ આવતી જણાઇ. તેઓથી દુર જવા માટે હું તે મોહલાની એક ન્હાની આડી ગલીમાં વલી ગયો અને ત્યાંના એક ઘરની સાંમેના એક બાંક ઉપર હું બેસી ગયો. તે સામેના ઘરની બારીમાં ઘણા સરસ ફુલોનાં કુંડાં ટાંગેલાં હતાં તે ઉપર હું મારી નજર ટીકીને જોતો હતો તેટલામાં તે બારી ઉઘડી ને એક બાનુ મારી નજરે પડી કે જેને જોતાંજ મારી આંખ અંજાઇ ગઇ. તેણીએ પણ પોતાની નજર મારી ઉપર નાખીને પોતાના સંગેમુરમરના જેવા સફેદ હાથ બાહેર કાહડી પેલાં ફુલોને પાણી પાયું તથા મારી તરફ મોહબતની એક નજર ફેંકી, પછી બારી બંધ કરી અંદર જતી રહી. આ ઉપરથી હું તેની મોહબતમાં ગીરફતાર થયો એટલુંજ નહીં પણ ઓરતજાત તરફનો મારો ધીકાર પણ નાબુદ થયો. તેણીની અંદર જતી રેહવા પછી મને જે બેચેની થઇ તેનું બયાન હું કરી શકતો નથી.

વિચારમાંને વિચારમાં નીચું માથું કરી હું ઘણો વખત સુધી ત્યાં બેસી રહ્યો હતે પણ તે મોહલામાં એકાએક ગડબડ ને પોકારો થવાથી હું ચોંકી ઉઠયો. હું મારૂં માંથું ઉંચકી ઉભો થયો અને જોઉં છું તો તે શેહરોનો વડો કાજી એક ખચ્ચરપર બેસીને પોતાના પાંચ છ ફરમાબરદાર નોકરો સાથે ત્યાં આવી પુગો હતો. તે પેલાંજ ઘર આગલ ઉતરયો કે જે ઘરની બારીમાંથી પેલી જવાન અબલાએ પોતાનો દેખાવ દીધો હતો; આ ઉપરથી મેં જાણ્યું કે તે અબલા આ વડા કાજીની બેટી હતી.

હું ઘર પાછો તો આવ્યો પણ મોહબતનો આ પેહલોજ ફટકો હોવાથી તે મને ઘણો કારી લાગો. મને તેથી ઘણી સખ્ત તાપ લાગુ પડી અને મારાં ઘરમાં મોટો ગભરાટ થઇ રહયો. મારાં સગાં વહલાંઓને મારી એકાએક વધી પડેલી માંદગીની ખબર પડવાથી તેઓ તુરતજ મને જોવા આવ્યાં અને મને તેનું કારણ પુછવા લાગાં પણ મેં ઘણી સંભાલ રાખી ખરૂં કારણ તેઓથી છુપાવ્યું. આ મારી ચુપકીદીથી તેઓને ગભરાટ વધારે થયો અને કારણ જાણવા વગર દાકટરોએ જે દવા આપી તે પણ કારગાહ લાગી નહીં અને દાકટરો પણ હવે ગભરાવા લાગા અને મારી આશા છોડવા લાગા કારણકે મારૂં દુઃખ કસાંથી નરમ પડે એવું તેઓને દેખાયું નહીં, પણ ઉલટું મારૂં દુઃખ વધવા લાગું.

મારા દોસ્તો મારી જીંદગી વિશે ધાસ્તીમાં પડ્યા હતા, તેટલામાં એક બુઢયાં ઓરતને મારી માંદગીની ખબર પડવાથી તે મને જોવા આવી. તેણે મને ઘણો ધ્યાનથી તપાસ્યો અને છેલ્લે ખોદા માલમ કેવી રીતે તેણે મારૂં દુઃખ પારખી કાહડયું. તેણે મારાં સગાંવહાલાંઓને બાજુ લઇ કહ્યું મારા ઓરડામાંથી બધા જનાઓએ બાહેર જવું અને તેણીને તથા મને એકલો ઓરડામાં રેહવા દેવો.

જ્યારે ઓરડો સઘલાં લોકોથી ખાલી થયો ત્યારે તે બુઢયાં મારા તક્યા આગલ બેઠી. તે બોલી "મારા દીકરા હવે તારી માંદગીનું કારણ છુપાવવાનો કાંઇ સબબ નથી અથવા હું તારી પાસે તે કબુલ કરાવતી નથી. તું મોહબતની માંદગી ભોગવે છે. જો તું મને તારી ભાગ્યશાળી માશુકનું નામ કહે તો તારા દુઃખનો હું તરત ઇલાજ કરી નાખીશ. તે માશુકને હું ભાગ્યશાળી કહું છું તેનું કારણ એ છે જે તારા જેવા હમેસાં ઓરતજાતને ધીઃકારનાર પુરૂષનું તે દીલ જીતી શકી ત્યારે તે ખરીજ ભાગ્યશાળી ઠરે છે."

તે બુઢયાં મારા જવાબની રાહ જોતી બેઠી પણ મને તેના કહેવા ઉપર ભરોશો બેઠો નહીં અને મારો ભેદ તેને ધીરવાને મારી હીંમત ચાલી નહીં. હું તેણી ગમ ફરયો અને એકબી શબ્દ બોલ્યા વગર મેં એક ઉંડી હાએ મારી. ત્યારે બુઢયાં પાછી બોલી કે "શું મારી ઉપર તને વીશ્વાસ નથી? તમો ધારો છો કે હું તમારૂં કામ કરૂં એટલી મારામાં શકતી નથી? તમારા જેવા ઘણાક મોહબતના મારેલાઓને મેં મારેથી બનતી મદદ કીધી છે અને તેઓના પવીત્ર જોડાં સાંધી આપી તેઓને સીધે રસ્તે ઉતારયા છે, તેથી તમારૂં કામ પણ હું પાર પાડી આપીશ.

ટુકમાં તે ભલી બુઢયાં ઓરતે મને એટલો તો સમજાવ્યો કે મને છેલ્લે મારી માશુક વિશે તેણીને કેહવાની ફરજ પડી અને મેં મારી માશુકને જે મોહલ્લામાં જોઇ હતી તેની પણ નીશાની આપી સર્વે બીનાથી વાકેફ કીધી. મેં તે બુઢયાંને કહ્યું કે "જો તમો મારી માશુકને શોધી કાહડવાને શક્તીવાન થાવો અને તેણીને મારો પ્યાર જાહેર કરવાની મેહરબાની કરો તો હું તમારા ઉપકારમાં સદા દબાયલો રહીશ." એ સાંભળી તેણીએ મને જણાવ્યું "બેટા તેં જે નીશાન આપી તે ઉપરથી મેં તુરતજ જાણી લીધું કે તું કોણ ઉપર આશક પડયો છે. તેં ધાર્યું તેમ ખરૂં છે કે તે આ શેહેરના મુખ્ય કાજીની છોકરી છે; અને હું જોઇને અજાયબ થતી નથી, કે તું તેણીની ઉપર આશક પડયો છે; કારણ કે ખરેખર તે ઘણી ખુબસુરત છે તથા આખા બગદાદમાં તેની તારીફ થાય છે. હું જણાવવાને દલગીર છું કે તેણી ઘણી હઠીલી છે અને તે સેહલમાં સમજી જાય એવી નથી. આ શેહેરના કાજીઓ પોતાના ઘરની સ્ત્રીઓ તરફ ઘણાજ સખ્ત રહે છે અને બાહેરના કોઇબી આદમી સાથે તેઓ વાતચીત કરવા દેતા નથી અને ભારી જાપતો રાખે છે. તેમાં આ ખુબસુરત સ્ત્રીનો બાપ તો ઘણોજ કરડો છે અને પોતાની બેટીપર ઘણોજ જાપતો રાખે છે; તેથી તે બીચારી ઘણી મુંઝાય છે. મને ઘણી ધાસ્તી લાગે છે કે હું તેણીને કેમ મળી શકીશ? કારણ કે આ કાજી ઘણોજ પાજી અને મીજાજી છે. તમે જાણોછો તો ખરા કે સરકારી અમલદારો પોતાની સ્ત્રીઓ ઉપર ઘણો તહરાશ રાખે છે, અને વળી તેનાં બાપનો પણ તેની ઉપર ઘણોજ તહરાશ છે. તેટલા માટે સઘલા અમલદારોના ઘરની સ્ત્રીઓ તેઓનાં તાપથી બીહીને કોઇ સાથે પણ મોહોબતમાં પડવાથી દુર રેહે છે. તેઓ રસ્તામાં ચાલે છે ત્યારે મોહોડાં ઉપર બુરખો નાખે છે. જો કોઇ બીજી ઓરત હોતે તો હું તેણીને શેહેલાઇથી સમજાવી શકતે, પણ આએ ઓરતને સમજાવવું એ ઘણું મુસકેલીનું કામ છે; તોપણ કંઇ ફકર નહીં, મારી ઉપર વીશ્વાસ રાખો, હું જેમ બનશે તેમ મેહેનત કરીશ, અને તમને દુઃખમાંથી છોડવીશ.

પેલી બુઢી ડોસી મને છોડી ગઇ, તે પછી તેણીએ જે ધાસતી આપી હતી તે ખરી પડે તો કદાચ તે ફતેહ નહીં પામશે એવા વિચારથી મારૂં દુઃખ ઘણું વધવા લાગું. બીજે દાહાડે તે મારી ખેરખાહ જ્યારે પાછી આવી ત્યારે તેણીનાં ચેહરા ઉપરથી મને માલુમ પડયું કે તે કાંઇ સારી ખબર લાવી નથી. તે બોલી કે "બેટા તુંને એક હઠીલી ઓરત જીતી લેવી છે. જ્યારે હું તેણીની આગળ ગઇ, અને તારાં સર્વે દુઃખથી વાકેફ કીધી, ત્યારે તેણીએ તે બધું ધીરજથી અને ખુશી સાથે સાંભળ્યું. તેણીનાં પ્યારમાં પડવાથી તને જે દુઃખ થયું તે તેણીએ આનંદથી સાંભળ્યું, અને જેવી મેં વાત છેડી કે

તમારી મુલાકાતને વાસ્તે તે ધણીને લઇ આવું? તેવીજ તે ગુસ્સામાં આવીને બોલી કે "જો એવી નાલાયક અને બેશરમી જેવી વાત કરવાનાં હોવો તો ફરીથી પાછાં મારી પાસ આવતા ના."

પેલી બુઢયાં મને કેહેવા લાગી કે તું કાંઇ ફીકર ના કર, અને એકદમ નાહીમત ના થઇ જા, કાંકે હજુર પણ જેમ બનશે તેમ મારી મેહેનત જારી રાખીશ પેલી જુવાન ઓરત મને મળવાને નાખુસ છે, એ સાંભળીને હું અનીશે અફશોશમાં પડયો. મારૂં દુઃખ દહાડે દહાડે વધવા લાગું, અને ડાકટરોએ મારી આશા મુકી. આ મુજબની કંગાળ હાલતમાં હું પડેલો હતો, તેવામાં પેલી બુઢયાંએ મને નવો જીવ આપ્યો. કોઈ નહીં સાંભળે તેમ પેલીએ આવીને મારા કાંનમાં કહ્યું કે તૈયાર થા, અને હું જે ખુશ ખબર લાવીશું તે સાંભળ! જેવા આ બોલ પેલી બુઢયાંને મોહોડેથી મેં સાંભળ્યા, કે એકદમ મારામાં ખુશી પેદા થઇ. હું ઉઠીને ઉભો થયો ને બોલ્યો કે શું કેહેવાનું છે તે તરત બોલો. તે ઉપરથી પેલી બુઢયાં બોલી, કે ખોદા તમુને તંદરોસ્તી આપે એ મારી પેહેલી દુવા છે. હું ગઇ કાલે જ્યારે પેલી બાઇ પાસે ગઇ હતી ત્યારે સારા ભાયગે તે બીછાના ઉપર ખુશ સ્વભાવમાં બેઠેલી હતી તે જોઇ હું એકદમ પોક મુકી રડવા લાગી ત્યારે તેણીએ મને પુછયું, કે નેક માદર તમો શા વાસ્તે રડોછો? તમુને શું દુઃખ છે તે મને તરત જણાવો. હું બોલી કે અફસોસ, જે ધણીને વાસ્તે તે દાહાડે મેં વાત કહી હતી, અને જે તમારી ઉપર આશક પડ્યાથી અતીસે માંદગી ભોગવતો હતો, તે હાલ મરવાની તૈયારીમાં છે. મને તેની ઘણી દયા આવે છે, પણ તમો એટલાં બધાં કેમ ધાતકી થયાં છો? તે બોલી કે હું નહી જાણુતી, કે શા સબબ તમો મને ઠપકો આપો છો? મારે લીધે તે કેમ મરવા પડયો? મેં તેને શું કીધું? મેં તુરત જવાબ દીધો કે બાઇ મેં તમુને તે દાહાડે નહીં કહ્યું હતું કે એક દાહાડે તમે ઝાડને પાણી સીપવા બારીએ ઉભાં હતાં, તે વખતે તમારાં મકાન સામે તે સખસ બેઠેલો હતો, અને તમારી ખુબસુરત પેશાનીનાં ચળકાતથી તે તમારી ઉપર દીલોજાનથી મોહીત થયો; પણ તેની મુરાદમાં તે ફતેહ નહીં પામ્યો તેથી મોતનાં બીછાનાં ઉપર સુતો છે, બાઇ તમે જાણોછો તો ખરાં કે તે દાહાડે તમારી આગળ મેં તેને વિશે વાત કીધી, ત્યારે તમે કેટલાં ગુસે થયાં હતાં? જ્યારે તમારીથી ડરીને હું ગમગીન થયલી તેની આગળ ગઈ કે તરત તે મને જોઇને પાંમી ગયો અને એવી રીતે પોતાનાં ધારેલા કામમાં નીસફળ થયાથી તેનું દુઃખ ઘણું વધવા લાગું અને તે હાલ ઘોરનો રસ્તો પકડવા તૈયાર થયો છે, વાસ્તે તેની ઉપર દયા કરીને તેનો જીવ બચાવવાનો ઉપાય તમારા હાથમાં છે.

જેવું મેં એમ કહ્યું કે ધાસ્તીથી તેણીનાં ચેહેરાનો રંગ ફીકો થઇ ગયો. તે બોલી કે શું તમે બોલોછો તે બરાબર છે, અને ખરૂં છે કે મારા પ્યારથીજ તે બીચારો માંદગી ભોગવે છે? મેં જ્યારે કહ્યું કે બાઇ ખરી વાત, તેની બીમારીનું મુખ્ય કારણ એજ છે. ત્યારે તે બોલી કે તમે જાણોછો કે મારી સાથ મુલાકાત થયાથી તે ધણીનું દુઃખ ઓછું થશે? મેં જવાબ દીધો કે તેમાં શું શક? કાંયકે એમ કરવાથી આપણને હમણા માલુમ પડશે કે તે તંદરોસ્ત થાય છે કે નહીં. ત્યારે તેણીએ એક હાય મારીને મને કહ્યું, કે જાવો ત્યારે તે ધણીને લઇ આવો; પણ જ્યાં સુધી મારા બાપની રજા હોય નહી ત્યાંસુધી હું તેની સાથ સાદી કરનાર નથી, વાસ્તે મારા બાપની રજા વગર સાદીની આશા રાખતાં નાં. હું બોલી કે બાઇ તમો ઘણા નેક છો. હું હવે જઇને તે ધણીને તમારી સાથે વાત કરવા લઇ આવુંછું. ત્યારે તે બોલી કે આવતા શુકરવારને દહાડે બપોરનાં નીમાજ કરવાને વખતે તે ધણીને મારી મુલાકાત માટે લાવજો, સબબ કે તે વખતે મારો બાપ હમેસાં બાહાર જાય છે, તેથી મુલાકાત કરવાને ઠીક પડશે. હું બારીએ ઉભી રહીશ, અને જેવો તે ધણી આવશે કે હું નીચે તેને લેવા આવીશ, પણ મારો બાપ પાછો આવે તેટલામાં તેને જતું રેહેવું પડશે. તે બુઢી ડોશી મારી આગળ બોલી, કે આજે તો મંગળવાર થયો તેથી શુકરવાર આવે તેટલાં સુધી તો તમો તંદોરસ્ત થઇ જશો. જેવી પેલી બુઢી ડોશી બોલી, તેવુંજ મારૂં દુઃખ

ઓછું થઇ ગયું અને તે બોલી નહીં રહી એટલા વારમાં મારામાં અરધો જીવ આવ્યો. મેં એક કોથલી આપીને પેલી બુઢીને કહ્યું કે આએ પૈસાની કોથલી મારે નામે પેલી બાઇને ભેટ આપજો. હવે હું બે ત્રણ દહાડામાં તદન સાજો થઇ ગયો, અને મારાં સગાંવાળાં ખુસી થઇને પોત પોતાને ઘર ગયાં. શુકરવાર થયો એટલે પેલી બુઢી આવી લાગી, જે વખતે સર્વેથી સરસ પોશાક હું પેહેરીને તૈયાર થતો હતો. તે આવીને બોલી કે હવે તમુને નાહાવું જોઇએ. મેં કહ્યું હું એક હજામને બોલાઉ છું, એમ કહીને એક હુશીયાર હજામને મેં તેડવા માણુસ મોકલ્યો તેથી મારો ચાકર આએ કમબખત હજામને તેડી લાવ્યો. આવતાંનેવાર મને આ નાપાકે સલામ કીધી, અને બોલ્યો કે સાહેબ તમારા ચેહેરા ઉપરથી માલુમ પડે છે કે સેજ તમે આજારી છો.

મેં કહ્યું કે ખરી વાત છે, હું ઘણો આજારી હતો, પણ હમણાંજ જરાજરા તનદ્રોસ્ત થયો છું. તે ઉપરથી તેણે જવાબ દીધો, કે ખોદા તમુને હમેશાં તનદ્રોસ્તીની બક્ષેસ કરે અને જીવતા રાખે. મેં તેનો ઉપકાર માન્યો, તેવામાં તે બોલ્યો કે તમે શું મને માથું બોરવા બોલાવ્યો છે? મેં કહ્યું કે એવું નકામું તાહેલું ના કર. જલદી કામ ચલાવ, મને બપોરનાં બાહાર જવું છે. તેણે પોતાનો અશતરો તોબરામાંથી કાહાડીને ઘસતાં ઘસતાં કેટલોક વાર લગાડયો, પણ પાંણી લઇને મારૂં માથું બોરવાને બદલે તેણે પોતાનાં તોબરામાંથી એક હથીયાર કાહાડયું અને મારા ઓરડામાંથી બાહાર જઇ ચોકમાં ઉભો રહીને ખુરશેદની ઉંચાઇ માપવા લાગો. કેટલોક વાર ત્યાં ખોટી થયા પછી હલવે રહીને મારી પાસે તે આવીને થંડે કલેજે કેહેવા લાગો કે, સાહેબ તમુને કાંઇ ખબર છે? આજે આપણા પેગમબરને મક્કા શેહેરમાંથી નાહાસી જવાને છશો ત્રેપણ વરશ થયાં; વાસ્તે આજનો દાહાડો એવો બખતાવર છે કે તમારૂં માથું બોરવાનું ઘણું સારૂં મુરત છે. પણ વળી મને બીજી ફીકર લાગે છે કે આજે તમારા નસીબમાં કાંઇ દુ:ખ પડવાનું લખેલું છે કે, જે તમારી આખી જીંદગીમાં તેમનું તેમ રેહેશે.

ભાઇઓ તમેજ વિચાર કરો કે એક આશક પોતાની માશુકને મલવાને ઇંતેજાર હોય, અને તેને આવી વગર ખપની અડચણો નડે ત્યારે તે કેટલો કંતાલી જાય, અને કેવા ગુસ્સાને આધીન થાય. આવી બેઅદબીથી પેલા હજામ ઉપર હું ઘણોજ ગુસ્સે થઇ ગયો, અને તેને કહ્યું કે તારી શીખામણ તથા અગમચેતી મને બીલકુલ જોઇતી નથી. મેં તેને કહ્યું કે તું માત્ર માથું બોરવા આવ્યો છે વાસ્તે બોરતો હોય તો બોર નહીં તો ચાલ્યો જા કે હું બીજા હજામને બોલાવી મંગાઉ. આ ધમકી આપી ત્યારે તે આસ્તે રહીને બોલ્યો કે સાહેબ તમો એટલા બધા શાને વાસ્તે ગુસ્સે થાઓ છો. તમે જાણુતા નથી કે હજામ લોકો કેહેવા હોય છે. હું બગદાદ શેહેરનો એક નામીચો હજામ છું એટલુંજ નહીં પણ ડાકટરનો, કીમીઆંગરનો, અને જોશીનો ધંધો જાણું છું, અને દરએક જાતની વીદ્યામાં પુર છુ. તે સીવાય વળી હું એક અચ્છો ફીલસુફ છું અને બધા ધારા અને કાનુંનોથી વાકેફ છું. હું એક કવી ગણાઉં છું અને એક અચ્છો ચીતારો પણ છું. હવે મારામાં બાકી શું છે? તમારો ભળો બાપ બધી મારી હુશીઆરીથી વાકેફ હતો તે મને ચાહાતો હતો, અને હમેશ પોતાની સાથે રાખતો હતો, માટે તેની શરમને વાસ્તે હું તમુને દીલોજાનીથી ચાહુ છું, અને બધાં દુ:ખોથી છુટા કરવાને તૈયાર છું.

જોકે હું ઘણોજ ગુસ્સે થઇ ગયો હતો, તો પણ તેના આવા બેવકુફીભર્યાં બોલવા ઉપરથી મને હસવું આવ્યું. હું બોલ્યો કે હવે એ ટકટકીઆ તું મારૂં માથું કયારે બોરશે? તેણે જવાબ દીધો કે સાહેબ તમો મને નકામો ટકટકીઓ કહો છો. બીજા લોકોને તો મારા જેવો ચુપ માણુસ બીજો કોઇ દેખાતો નથી. એ ઉપરથી મેં મારા ચાકરને કહ્યું કે એને શુનાનાં ત્રણ સીક્કા આપી ત્યાંથી કાહાડ, હું આજે માથું બોરાવતો નથી. તેવામાં વળી પેલો હજામ બોલ્યો કે સાહેબ મારા પાંચ ભાઇ છે તેમાં સૌથી વડાનું નામ "બાકબુક," બીજાનું "બાકબર," ત્રીજાનું નામ "બાકબક," ચોઠાનું નામ "અલકુઝ," અને પાંચમાનું નામ

"અલનાસ્કર" છે, જેઓ બધા એટલાતો ટકટકીઆ છે કે મારી ટકટકનો ત્યાં ઠાગ નહીં લાગે. હું તો સર્વેથી ન્હાનો અને હમેશાં ગંભીર રહુંછું. જ્યારે મેં તેને પૈસા અપાવા કહ્યા ત્યારે તે બોલ્યો કે સાહેબ તમે એ શું બોલોછો? કાંઇ મેં તમુને નથી બોલાવ્યા, પણ તમે મને બોલાવ્યો છે, માટે હું તમુને તમારૂં માથું બોર્‌યા વગર છોડનાર નથી. હું કેવો માણુસ છું તે તમો જાણુતા નથી, પણ તમારો બાપ મને સારીપેઠે ઓળખતો હતો, અને તે જ્યારે સંગરા મુકાવવા મને બોલાવતો હતો ત્યારે ખાસ રીતે તરેહ તરેહવાર વાતો મારી પાસે કરાવીને ખુસી થતો હતો. જ્યારે મારી વાત સાંભળતાં તે થાકતો ત્યારે બોલતો કે ભાઇ બસ, કાંઇ તારા પેટમાં તો વાતનાં કુવાના કુવાછે. એક દાહાડે તમારો બાપ મારી વાતથી જ્યારે ઘણોજ ખુશી થઇ ગયો ત્યારે તેને મને સુનાની મોહોર અને એક કીમતી સરપાવ આપીને રવાનાં કીધો. આવી આવી વાત કરતાં નજદીક અરધો કલાક નીકળી ગયો તેથી હું તદન કંટાલી ગયો, અને નાસીપાસ થઇને બોલ્યો કે દુનીયામાં તારા જેવો કોઇ એવો માણુસ નહીં હશે કે બીજાને ગુસ્સે કરી પોતે ખુસી થાય. મેં વીચાર્‌યું કે હવે તો તેની સાથે ભાઇ બાપો કરીને કામ ચલાઊં, તેથી મેં તેને કહ્યું કે ભાઇ ખોદાને વાસ્તે તારી વાત બંધ કર અને તારૂં કામ કર મને ઘણુંજ જરૂરનું કામ છે. મારૂં બોલેલું સાંભલી તે હસવા લાગો, અને બોલ્યો કે બધા માણુસો ડાહ્યાં હોય ત્યારે પછી જોઇએ શું. મને તો એવું મામુલ પડે છે કે તમે જરા આજારી છો તેથી તમારો મીજાજ જરા જરા વાતમાં ફેરવાઇ જાય છે, વાસ્તે જેમ તમારા બાપ બપાવાને હું સલાહ આપતો હતો તેમ તમુને પણ સારી સલાહ આપી ખુસી કરવા ચાહું છું. તમુને યાદ રાખવું કે કોઇબી માણુસ જો પોતાનાં કામમાં ફતેહ નહીં પામે તો તેને બીજા હુશીઆર માણુસની સલાહ લેવી જોઇએ, એવો કાબેલોનો કોળ છે.

હું બોલ્યો કે તમે મને કાંય દુઃખ આપો છો, અને મારો મીજાજ નકામો ફેરવો છો, વાસ્તે જો માથું બોરતા હોય તો બોરો નહીં તો ચાલ્યા જાઓ. એમ કહીને ચીડથી હું ઉઠી ઉભો થયો, અને જમીન ઉપર જોરથી પગ ઠોકયો. જ્યારે આએ કમબખ્ત હજામે જોયું કે મારો મીજાજ ફરી ગયો ત્યારે તે બોલ્યો કે વારૂં બેસો હું તમારૂં માથું હમણા બોરૂ છું. એમ કહી મારૂ માથું ધોયું અને જરાક હાથ મારીને વળી પાછો ઉભો રહી ગયો, અને બોલ્યો કે સાહેબ તમુને એટલું ચીરડાવું નહીં જોઇએ. તમુએ જરા પણ મારી જઇફીનો, અકકલનો અને મરતબાનો મલાજો રાખવો જોઇએ. મેં તેને મુગો રાખ્યો, અને કહ્યું કે ભાઇ તરત માથું બોર. તે બોલ્યો કે હું જાણું છું કે તમુને ઘણુંજ અગતનું કામ છે. મેં તેને કહ્યું કે ત્યારે કયારનો હું તુને શું કહું છું હમણાં સુધીમાં તો તારે માથું બોરવું જોઇતું હતું. આએ વખતે પેલો કમબખત હજામ બોલ્યો કે જરા ધીરા થાઓ, કદાચ જે કામ તમે કરો છો તે વગર વિચારે કરતા હશો વાસ્તે તમોને છેલ્લે પસતાવું પડશે. તમારૂં શું કામ છે તે મને કહો. હું મારી સલ્લાહ જોઇશે તો આપીશ, કાંએકે હજુરતો બપોર થતાં ચાર કલાક જોઇએ વાસ્તે ઉતાવળા ના થાવો. હું બોલ્યો કે બસ તારી સલ્લાહ મને નથી જોઇતી, જેહાનમમાં નાખ તારી સલ્લાહને; આબરૂવાળા માણુસોને ઠેડવેલ્લે વખતે કામ કરવું જોઇએ વાસ્તે જલદી માથું બોર. હું જે બોલતો તેની દરકાર કર્‌યા વગર ઘડીમાં તે અસ્તરો મુકી દઇને બીજાં હથીઆર પકડતો હતો, અને ઘડીકમાં તે મુકી અસ્તરો હાથમાં પકડતો હતો. વળી તેવામાં તે મને મુકીને શુરજની સામે ગયો, અને પાછો આવીને મને કહ્યું કે સાહેબ હજુરતો બપોર થવાને કલાક જોઇએ. હું બોલ્યો કે ઓ ખોદા હવે હું કેમ ખમું, ઓ કમબખત હજામ હમણાં તુને હું ગુંગલાવી મારી નાખીશ. હજામ બોલ્યો કે સાહેબ થંડા થાવો, એટલા બધા ગરમ ના થાવો નહીં તો પાછા આજારી પડી જશો; હું હમણાં તમારૂં માથું બોરી નાખું છું. ત્યારપછી તેણે પાછો અસ્તરો લીધો, અને પહરી ઉપર ઘસીને માથું બોરવા લાગો. વળી બોરતાં બોરતાં તેણે વાત કરવા માંડી કે સાહેબ તમુને હમણાં શું

કામ છે તે જો મને કેહો તો હું તમુને કાંઇ સલાહ આપું, તે તમુને ઘણી કામ લાગશે. તેને ખુશી કરવાને હું બોલ્યો કે હું સારો થયો છું તેથી કેટલાક દોસ્તોએ મને ખાણું આપ્યું છે ત્યાં હું જવાનો છું.

જેવો પેલા હજામે મારે મોહોડેથી સાંભલ્યું કે હું જમવા જનાર છું તેવોજ બોલ્યો કે અરે ખરી વાત મેં પણ મારા પાંચ છ દોસ્તોને આજે જમવા બોલાવ્યા છે, અને હજુર તો કાંઇ મેં તૈયારી કીધી નથી. . મેં તેને કહ્યું કે તું કાંઇ ફીકર ના કર, મારી પાસે ઘણો સરસ દારૂ છે તે અને તરેહ તરેહનો મેવો તારા દોસ્તોને વાસ્તે આપુંછું; પણ તું મારૂં માથું બોર, અને જેમ મારો બાપ તુંને વાત કરવા કેહેતો હતો તેમ હું તુને મુગો રેહેવા અરજ કરૂંછું. જેવો હું એમ બોલ્યો કે તે હજામ બોલી ઉઠ્યો કે અરે ખોદાને વાસ્તે બધો સામન મને દેખાડો કે હું જોઉં તો માલુમ પડે કે મારા દોસ્તોને એટલો સામાન બસ થશે કે નહીં. મેં કહ્યું કે મારી પાસે એક બકરો અને દજન મરઘી છે તે તુને આપીશ. જેવી બધી ચીજ મેં મંગાવી તેવીજ તે તેને તપાસવા લાગો જેથી વલી કેટલોક વખત નીકલી ગયો. વળી તે માથું બોરવા લાગો પણ જરાવાર રહીને બોલ્યો કે સાહેબ હું નહીં ધારતો હતો કે તમો એવા સખી છો કે તમારા બાવા જાણે આએ વખત હાં આવી બેઠા છે. ખચીત હું કદી પણ તમારી મેહેરબાની વીશરશ નહીં. સાહેબ તમે જોવો કે હું પણ પેલો "ઝેનતાત" કે જે લોકોને હમામખાનામાં નહવરાવે છે તેનાં જેવોજ ધોંગી છું. હું વળી "સાલી" કે જે થોડા બળેલા વટેનાં વેચે છે અને "સાલઝ" જે બીયાં વેચે છે, અને "અકીરશા" જે પાલો વેચે છે "અબુમકરઝ" કે જે રસ્તા ઉપર પાણી સીપે છે "કાસમ" જે નામદાર કાલીફનો મસકેરો છે, તેનાં જેવોજ હસમુખો છું. તે લોકો ઉમેશાં નાચી કુદી અને ગીતો ગાઇને આખાં બગદાદ શેહેરને ખુસી કરે છે. હું તેઓનું એક ગીત ગાઉછું; એમ કહી તે એક ગીત ગાવા મંડી ગયો. મેં તેને ઘણોબી અટકાવ્યો પણ તેણે મારૂં કાંઈ માન્યું નહીં. અંતે પોતેજ બોલ્યો કે સાહેબ તમે તમારા દોસ્તોને ત્યાં જવાનાં છો તે લોકો પણ મારા જેવા વાત કરનાર હશે તેથી વળી તમુને કંટાલો આવશે, અને તમુને કાંઈ મોજ મળશે નહીં વાસ્તે મારે ઘેર આવો કે આપણે મોજમાં બેસ્યે. આવી આવી તેની વાતોથી જો કે હું ચીરડાઇ જતો હતો, તો પણ તેની બેવકુફી ઉપર મને હસવું આવતું હતું. મેં તેને કહ્યું કે આજે તો મને જરૂરતું કામ છે વાસ્તે ત્યાં જવું જોઇએ વળી કોઈ દાહાડે તારે ઘેર આવીશ, તું જલદી માથું બોરીને તારે ઘેર જા, કાંકે તમારા દોસ્તો આવીને બેસી રહ્યા હશે. હજામે જવાબ આપ્યો કે તમે આવો તો ખરા મારા દોસ્તો એવા તો ઠોલ્યા છે કે તમારી બધી બેચેની દૂર કરી નાખશે. મેં કહ્યું કે ભાઇ બોહોંશ ના કર મારેથી નહીં બનસે.

તેણે પાછો જવાબ દીધો કે સાહેબ જો તમે મારે ઘેર નહીં આવતા તો મને તમારી સાથે લઈ જાવો, અને જે સામન તમોએ મને આપ્યો છે તે હું મારા દોસ્તોને આપી આવુંછું કે, તે લોકો તેમાંથી મોજ મેળવશે. હું વિચાર કરવા લાગો કે આ તો આખા દાહાડાની પીડા લાગી, અને તેથી એ પાપ હાંથી કયારે પટશે. ભલમણસાઇથી મેં તેને સમજાવ્યું કે યાર તારૂં નકામુ તાહેલુ પુરૂં કરીને તારે ઘેર જા, અને મને છેડ્યા ના કર. હું જ્યાં જાઉછું ત્યાં બીજાને દાખલ કરશે નહીં. હજામે જવાબ દીધો કે, તમે મારી મશકેરી કરોછો. વળી જ્યાં તમો જવાના છો ત્યાં હજામને લઈ જવાની શું અડચણ છે; મને ત્યાં લઇ જશો તો મારી બોલીથી હું બધાને ખુશી કરી નાખીશ. ચાલો શું જવાબ આપો છો, સાથે લઈ જાઓ છો કે નહીં? બીરાદરો એ હજામનાં આએ બોલો સાંભળીને હું ધભરાવા લાગો, અને વિચાર કરવા લાગો કે એ નાપાકથી કેમ છુટો થઈશ. જો એની સામે થયા કરૂં છું તો કજીઓ વધ્યાજ કરે છે. છેક બપોરનો વખત થવા આવ્યો તેથી હવે તો જે તે બોલતો તેને બોલવા દેતો, અને હું ચુપ બેસી રેહેતો હતો. હવે જ્યારે તે મારૂં માથું બોરી રહ્યો ત્યારે મેં તેને કહ્યું કે આ સામન તમારે ઘેર લઇ જાઓ, અને પાછા આવજો હું તમારી વાર જોતો ઉભો રહું છું.

મેં જલદી પોશાક પેહેરી લીધો અને પેલી બાનુંને ઘેર જવા નીકળ્યો, પણ પેલો લુચ્ચો હજામ હું નહીં જાણું તેમ છુપો છુપો મારી પછવાડે ચાલતો હતો, જ્યારે પેલીનાં ઘેર આગળ હું આવ્યો ત્યારે પાછો ફરીને જોઊંવું તો પેલો નાપેકાર હજામ મારી નજરે પડયો; જેને જોઇને મને ઘણીજ ચીઢ લાગી કે હજુર સુધી તે મારી પુઠ મુકતોજ નથી. હું પેલી બાઇનાં ઘેર આગળ ગયો ત્યાં પેલી બુઠી ઓરત મારી વાર જોતી ઉભી હતી તે મને પેલીનાં ઓરડામાં લઈ ગઈ. પણ જેવો હું મારી માશુક સાથે વાત કરવા લાગો કે મોહોલામાં મોટો અવાજ થયો મને સંભળાયો. પેલી જુવાન ઓરત બારી આગળ દોડીને જોય છે તો તેણીએ પોતાના બાપને દીઠો. મેં પણ બારીએ ડોકાવીને જોયું તો, પેલો હજામ આબાદ અમારી સામે બાસતી ઉપર બેઠેલો હતો.

હવે એ વાતથી મને બીહવું પડયું. એક તો પેલા નાપાક હજામથી અને બીજું તો પેલીનાં બાપથી. પેલી ઓરત મારી ધાસ્તી મટાડવાને બોલી કે મારો બાપતો કોઇજ વખત મારા ઓરડામાં આવે છે, વાસ્તે તમે કાંઇ બીહો ના, પણ મબાદા મારો બાપ આવી જાય તેટલા સારૂં તમને સંતાડવાને મેં ઇલાજ કરી રાખ્યો છે. પેલો ખાન ઘેર આવ્યો ત્યારે પોતાનાં એક ગુલામને તે કાંઇ વાંક સર મારવા લાગો કે જેની બુમ આખા મોહોલામાં સંભળાતી હતી, તેથી પેલા હજામે વિચાર્યું કે તે મને મારતો હશે, એવું વિચારીને તે હજામ બુમ પાડવા લાગો, પોતાનાં કપડાં ફાડીને માથે ધુર ભરવા લાગો, અને લોકોની મદદ માગવા લાગો. તેવામાં તેની આગળ લોકો દોડી આવ્યાં અને પુછવા લાગાં, કે તુંને શું થયું છે? તે બોલ્યો કે આએ ખાનનાં ઘરમાં મારા શેઠને મારી નાખે છે. એમ કહીને દોડી જઇને મારા ચાકરોને બોલાવી લાવ્યો કે જે લોકો હાથમાં લાકડી લઇ મારા બચાવને માટે દોડી આવ્યા. જેવા તે લોકો પેલા ઘેર આગળ આવ્યા કે બારણું ઠોકવા લાગા. તે ખબર એક ગુલામે પેલા ખાનને કહી કે સાહેબ કેટલાક માણસો જોર કરી આપણું બારણું ભાંજવા માગેછે. પેલો બુઢો ખાન બારણાં આગળ દોડી આવ્યો, અને પુછવા લાગો કે એ શું બીનાછે. મારા ચાકરો તેનો કાંઇબી ડર રાખ્યા વગર બોલ્યા કે ઓ કુતરા તું અમારા શેઠને શા સારૂં મારી નાખેછે, તેણે શું તાહારૂં બુરૂં કીધુછે. તે ખાન બોલ્યો કે ભલા માણસો તમારા શેઠને હું શું કરવા મારતો તો, હું તો તેને ઓલખતો પણ નથી તે કરતાં મારૂં ઘેર ખોલું છે આવીને શોધોની કે તમારો ધણી ક્યાં છે.

એ સાંભલી પેલો હજામ બોલ્યો કે, ઓ બુઢા આવી મોટી દાઢી રાખીને જુઠું બોલતાં શું શરમ નહીં આવતી? તું જાણતો નથી કે તારી છોકરી ઉપર અમારો શેઠ આશક પડયો છે? તું તેને મારીને અમારી આગલ ઉડાવે છે, પણ તું ખાતર જમાં રાખ કે જો નામદાર કલીફ જાણશે તો તારા હાડકે હાડકાં ભંજાવી નાખશે. વાસ્તે અમારા શેઠને જલદી છોડી દેઇને અમારે સ્વાધીન કર, નહીં તો કાંઇ પણ શરમ વગર તારા ઘરમાં અમો ગુસી જઇશું. તે ખાન બોલ્યો કે એટલું બધું શું કરવા લાંમફાંમ બોલો છો તમુને જોવું હોય તો જાઓ બેલાશક મારા મકાનમાંથી તમારા ધણીને સોધી લેવો. હજુર પેલો ખાન પોતાનું બોલવું પુરૂં કરે નહીં તેટલા તો બધા તેનાં ઘેરમાં ગુસી ગયા અને ખુણે ખુણે મને સોધવા લાગા. પેલો હજામ જે કેહેતો હતો તે હું સાંભલ્યા કરતો હતો તેથી કેઠે ભરાઇ રેહેવાની હું તક જોયા કરતો હતો. હું તરત એક પેટીમાં ભરાઇ ગયો; અને તેનું ઢાંકણું ઢાંકી દીધું. તે આવીને પેટી ઉઘાડવા લાગો, અને જેવો મને અંદર બેઠેલો જોયો તેવીજ પેલી પેટી આ નાપાક હજામે પોતાના માથાં ઉપર મુકી, અને તરત રસ્તા ઉપર નીકળી ગયો. રસ્તામાં ભોગ ચોગડીએ પેલી પેટીનું બારણું ઉગડી ગયું જેથી લોકો મને જોવા લાગાં, અને મારી પછવાડે હુસ્યો! હુસ્યો! કરીને દોડવા લાગાં. મને અતીશે શરમ લાગી, અને એકદમ હું પેટીમાંથી કુદી પડ્યો તેથી એકાએક મારો પગ ભાંગી ગયો, અને લંગડાપણુંની ખોડ આજ શુધી મારામાં રહી ગઇ છે. લોકો મને જોઇને

હસવા લાગાં તેથી મેં કેટલાક પૈસા જમીન ઉપર વેરી નાખ્યા જે ઉંચકી લેવા તેઓ મંડ્યા તેટલામાં હું દોડી ગયો, પણ આએ કમબખત હજામ તો મારી પછવાડે દોડવા લાગો, અને બુમ મારવા લાગો કે ઉભા રહો નાહાશો છો કયાં? તે રસ્તામાં મોટે મોટે પોકારતો કે શું મેં તમુને કહ્યું નહીં હતું કે મને સાથે લઇ જાવો, પણ તમે તો બારમાં રહ્યા, અને અંતે પેલા ખાનનાં ઘરમાંથી નાહાસી આવવું પડયું.

એ પ્રમાણે આ નાપાક હજામ રસ્તામાં બુમ મારતો હતો, અને તેની એવી મરજી કે આખા શેહેરમાં મારી ફજેતી કરવી. તેને મારી પછવાડે દોડતો જોઇ મોહલ્લાગાંના લોકો બારીએથી, અને કોઇ કોઇ તો રસ્તામાં ઉભા રહી મને જોવા લાગાં. અંતે આવી ફજેતી નહીં ખમાયાથી હું એક મારા ઓલખીતાનાં ઘરમાં ભરાઇ ગયો. મેં તે ધણીને કહ્યું કે મેહેરબાની કરીને આ ગાંડો માણુસ મારી પછવાડે આવે છે તેને તમો અટકાવો. એ ઉપરથી તેણે જોર જુલમથી પેલા હજામને અટકાવ્યો તેથી આ અભાગ્યા હજામથી હું છુટો થયો. હું સારો થયો તેટલા દાહાડા પેલા દોસ્તના ઘરમાંજ રહ્યો, કેમકે જો મારે ઘેર હું ગયો હોત તો વલી તે નાપાક આવીને મને કાયર કરતે, તેથી મેં છેલ્લે સરવાલ્લે તે શેહેરજ છોડી જવાનો વિચાર કીધો. થોડાક પૈસા કામ જોગ લઇને હું શેહેર બાહેર નીકલી પડયો અને બાકીનાં મારાં સગાં વાહાલાંને વેંહેચી આપ્યા. હું બગદાદ છોડીને આ શેહેરમાં આવ્યો. મને એવી તો કાંઇ આશાજ નહીં હતી કે આ કમબખત હાંઆંગી આવશે, પણ અંતે એ હાં પણ મલ્યો તેથી મને હવે હાંથી પણ પાછું જવું પડે છે તેથી તમોએ નાખુશ થવું નહીં."

પછી પેલો દરજી સુલતાનની આગલ બોલ્યો કે સાહેબ આએ વાત કરીને પેલો લંગડો માણુસ જતો રહ્યો. અમો તેની વાત સાંભલીને ઘણાંજ અજબ થયા; ત્યારપછી પેલા હજામ તરફ અમોએ નજર કીધી, અને તેને કહ્યું કે જો તમે એ પ્રમાણે કીધું હોય તો તમુને મોટી શરમ છે. તે હજામ બોલ્યો કે "આટલોવાર હું મુગો બેઠો તેનું કારણ એજ કે જે વાત પેલા જવાન લંગડાએ તમારી આગલ કીધી તે તદન ખરી હતી. મેં એવું કીધું ખરૂં, પણ તેની મુનસફી તમુનેજ સોપુંછું. તમોજ વિચારો કે શું પેલો જવાન માણુસ ધાસ્તીમાં આવી નહીં પડયો હતો? ત્યારે જો તેને મદદ નહીં મલતે તો તે હાંથી છુટતે? ઉલટો મારો ઉપકાર માનવાને બદલે તે મને કહે છે કે હું ઘણો 'ટકટકીઓ' છું, પણ મારા નજદીક છ ભાઇ છે તેમાં હું તો સર્વેથી થોડું બોલુંછું. તે લોકો તો ઘણાજ શોખીલા અને ઘોંગી છે તેટલા વાસ્તે જો તમો સાંભલો તો તે લોકોની વાત હું તમારી આગલ કહી સંભલાવું." અમોએ તેની વાત સાંભલવાની મરજી દેખાડ્યાથી તે હજામે પોતાની વારતા નીચે મુજબ કહી સંભલાવી:—

હજામની પોતાની વાર્તા.

ભાઇઓ હાલીફ મોસ્તાન્સર બીલ્લા નામનો એક નામદાર પાદશાહ થઇ ગયો છે કે, જે ગરીબ લોકો ઉપર ઘણીજ મમતા રાખતો હતો; અને પોતે જાતે ઘણોજ નેક હતો. તેના રાજમાં દશ ચોરોની એક ટોલકી લોકોને મારફાર કરી તેઓની દોલત લુટી લેતી હતી, અને બીજા ઘણાં ઘાટકી કામ કરતી હતી. બાદશાહને એ વાતની ખબર પડી તેથી તેણે પોતાના વજીરને તરત હોકમ કીધો કે તે ચોરોને પકડી લાવે. વજીર ઘણો ચાલાક હતો તેથી તરત પેલા ચોરોને પકડી મંગાવ્યા. એતેફાક એવો બન્યો કે તાઇગ્રીસ નદીને કીનારે એક દાહાડે હું ફરતો હતો તેવામાં કોઇ દસ માણુસોને વાહાણ ઉપર ચહડતાં મેં જોયાં. જો કોઇબી સરકારી અમલદારને મેં તેઓની સાથે જોયો હતે તો હું તરત પાંમી જતે કે પેલા દસ જણા ચોર છે, પણ માત્ર તે લોકોનેજ જોયા ઉપરથી મેં એવું વિચાર્યું કે તેઓ આબરૂવાળા શખ્સો છે. તે લોકો કેફ મોજ મારવા જતા હશે વાસ્તે હું પણ તેઓની સાથે જાઉં તો સારૂં. એમ ધારીને હું પણ વાહાણ ઉપર

ચઢ્યો. જ્યારે હમો નદી પસાર કરીને કાલીફનાં મેહેલમાં ગયાં ત્યારે મારી સુધી આવી કે મેં જે સારૂં મત આએ માણુસો વિશે ધરાવ્યું હતું તે તદન ખોટું હતું. અમે વાહણ ઉપરથી ઉતર્યા ત્યારે કેટલાક પોહરાગીરોએ આવીને અમને બાંધ્યા અને કાલીફની આગળ લઇ ગયા. એક બોલ પણ બોલ્યા વગર હું બંધાયો. પેલા પોહરાગીરો એવુંજ ધારતા હતા કે હું પણ તેઓના જેવો એક ચોર છું તેથી મને ધીકારતા, અને મારી ઉપર જુલમ કરતા હતા. જેવા બધા ચોરોને કાલીફ આગલ ઉભા કીધા તેવોજ તેને હોકમ કરયો કે આ ચોરોના તરત માથાં ઉડારે. જલાદે આવીને એક હારમાં અમુને ઉભા રાખ્યા પણ મારા સારાં ભાગ્યે હું નાકે ઉભેલો હતો તેથી તેણે દસ ચોરોનાં માથાં કાપી નાખ્યાં અને મારી આગલ આવીને અચકી ગયો. કાલીફે જોયું કે જલાદ તેનું કહ્યું માણતો નહીં તેથી ચીરડાઇને બોલ્યો કે તુંને મેં શું કહ્યું કે તરત આ દશ ચોરોના માથાં ઉડારી નાખ, પણ તેં તો માત્ર નવજ જણનાં સર કાપ્યા છે. જલાદ બોલ્યો કે નામદાર કાલીફ તમારા હોકમથી કદી પણ હું મારૂં સર ફેરવનાર નથી. તમે જોશો કે મેં દસ જણનાંજ માંથા કાપ્યાં છે. જ્યારે કાલીફે પેલાં માથાં ગણી જોયાં ત્યારે બરોબર દશ નીકલ્યાં તેથી મારી તર્ફ અજબ થઇને જોવા લાગો, અને મારો દેખાવ ચોરનાં જેવો નહીં હોવાથી તેણે મને કહ્યું કે ઓ બુઢા મરદ તું કેમ એ લુચા લોકોની સાથે સપડાઇ ગયો? મેં જવાબ દીધો ઓ મેહરબાન શાહ આજે મેં એ દશ જણને સવારનાં વાહાણ ઉપર ચહડતાં જોયા તેથી એવું વિચાર્યું કે એઓ આજે કેઠે ખાવાપીવા ને મોજ મારવા જતા હશે તેથી હું પણ તેઓની સાથે વાહણ પર ચહડી બેઠો.

નામદાર કાલીફ મુશકેલે પોતાનું હસવું થોભાવી શકયો, પછી ઘણો અજબ થયો, કાંકે આવી ધારતીને વખતે હું ગુપચુપ ઉભો હતો. હવે તમારી ખાતરી થશે કે પેલો લંગડો માણુસ તો મને અમસથો 'ટકટકીઓ' કેહેતો હતો, મેં પાદશાહાને કહ્યું કે સાહેબ મેં મારા ડાહાપણથી ચુપ રેહેવાને અખત્યાર કીધું છે તેથી ઉલતું બીજા મારા ભાઇ છે જેઓને બોલ્યા વગર એક ઘડી પણ ચાલતુ નથી. નામદાર કાલીફે કહ્યું કે હું તમારી ચાલની વખાણ કરૂછું, પણ તમારા ભાઇઓ કેવા હતા તેનું મારી આગળ બ્યાન કરો. શું તેઓના ચેહરા તમોને મળતાજ છે? મેં જવાબ આંપ્યો કે "બીલકુલ નહીં શાહેબ, તેઓ ઘણાંજ ટકટકીઆ હતા, અને અમારા ચેહેરા પણ એક બીજાને મળતા ન હતા. મારો પેહલો ભાઇ ખુંધો, બીજો બોબો, ત્રીજો એક આંખે કાંનો, ચોઠો તદન આંધળો, પાંચમો કાન વગરનો, અને છઠાનો તો હોટ ચીરાએલો હતો. તે લોકોની તરેહતરેહની કાંહાણીઓ ઉપરથી તમો નામદારને માલમ પડશે કે તે લોકો કેવી જાતનાં માણુસો હતાં. નામદાર કલીફની તે લોકોની વાત સાંભળવાની ખાયસ દેખાઇ તેથી મેં તેનાં જવાબની રાહ જોયા વગરજ તે નામદાર આગળ નીચે મુજબ વાર્તા સરૂ કીધી:—

હજામનાં પેહેલા ભાઇ "બાકબુક" ની વાર્તા.

નામદાર કાલીફ, મારો વડો ભાઈ ખુંધો હતો, અને તેનું નામ "બાકબુક" હતું, તે દરજીનો ધંધો શીખી રહ્યો કે, તેણે એક કારખાનાંની સામેની જગોએ એક દુકાન ભાડે લીધી, પણ ઘણી ઘરાકી ન થવાથી તેને પેટ ભરવું મુશકેળ થઇ પડયું. પેલો કારખાનાંવાલો ઘણો સુખી હતો, અને તેની બાઇડી ઘણી ખુબસુરત હતી. એક દાહડે મારો ભાઇ પોતાની દુકાન ઉપર બેસીને કપડાં શીવતો હતો તેવામાં તેની નજર સામે પેલા કારખાનાંવાળાની બાઇડી જે બારીએથી જોતી હતી તેની ઉપર પડી; તેણીને જોતાંવારજ તેણીની ખુબસુરતીથી તે લલચાઇ ગયો, પણ તેણીએ તેને ડાબી નજરે જોયોબી નહીં,

અને તરત બારી બંધ કરી અંદર જતી રહી. ત્યાર પછી તેણીએ તે દીવસે ફરીથી દેખાવ દીધો નહીં. પેલો બીચારો દરજી તો આખો દહાડો બારી તરફજ જોયા કરતો હતો તેથી કરીને રોજનાં જેટલું તેનાથી સીવાઇ શકાયું નહીં. સાંજ પડી ત્યારે તેને દુકાન બંધ કરવાની ફરજ પડી. દુકાન બંધ કીધા પછી પણ તે ઉભોં રહ્યો, કે કદાચ તે કારખાનાંવાળાની બાયડી પાછી આવશે, પણ તે પોતાની મુરાદમાં નીશફળ થયો. તેણે ઘણી અફરવકરે રાત પુરી કીધી. બીજે દાહાડે સવારનાં પોતાની માશુકને જોવા માટે તે સકારેથી દુકાન ઉપર જઇ બેઠો, પણ તે દાહાડેબી પેલી ઓરતે બરાબર દેખાવ દીધો નહીં. ત્રીજે દાહાડે તે બાઇની નજર મારા ભાઇ ઉપર પડી ત્યારે પેલીને માલમ પડયું કે તે તેણીનાં પ્યારમાં લપટાઇ ગયો છે. જેવી આ વાતથી તે વાકેફ થઇ તેવીજ કાંઇ પણ ચીરડાયા વગર મારા ભાઇ સાથે મશકેરી કરવાને તે ખુસીથી તૈયાર થઇ. તે હસ્તી હસ્તી મારા ભાઇ તરફ જોવા લાગી તેમજ મારો ભાઇ પણ હસીને તેણીને જોવા લાગો, પણ મબાદા મોટે હસાઇ જાય તો મારો ભાઇ સમજી જાય કે તે બાઇ તેની મસકેરી કરે છે એવા વિચારથી તેણીએ તરત બારી ધાંકી નાખી. મારો ભાઇ ભોલો હતો તેથી તેણે એવું વિચાર્યું કે તે બાઇ ખરેખરીજ તેના ઉપર મોહીત થઇ છે; અને તેને ચાહે છે. તે બાઇએ મારા ભાઇનો ઘાટ ઘડવાનો ઠેરાવ કીધો. પોતાની પાસે એક ઊંચાં કપડાંનો કકડો હતો તે સીવરાવવાને તેણીએ વિચાર કીધો તેથી તે કકડો રૂમાળમાં વીટાલીને મારા ભાઇ ઉપર એક બાંડી પાસે મોકલ્યો. પેલી બાંડી મારા ભાઇની દુકાન ઉપર આવી અને બોલી કે નમુના પ્રમાણે આએ કકડો વેતરો. તે બોલી કે મારી બાઇએ તમુને સલામ કેહેવરાવી છે, અને ફરમાસ કીધી છે કે સરસ વેતરણ કરી બરોબર સીવજો. મારા ભાઇએ આ ઉપરથી એવું વિચાર્યું કે ખરેખરજ મારી ઉપર તે બાઇ આશક પડી છે, અને તેથી તેણે પેલી બાંડી પાસે કેહેવાડયું કે હું મારૂં બીજું કામ માંડી વાલીને તમારૂં કામ પુરૂં કરી આપીશ. મારો ભાઇ એટલી તો ઝડપથી કામ કરવા લાગો કે તેજ દહાડે તે કામ સીવીને તૈયાર કીધું.

બીજે દહાડે સવારના પેલી બાંડી પાછી પેલો પોશાક લેવા આવી. તરત મારા ભાઇએ સારી પેઠે વીંતાલીને તેણીને તે આપ્યો, અને કહ્યું કે તારી શેહાણીને મારી તરફથી કહેજે કે પોતાનાં સીવવાના કપડાં બીજા દરજીને આપે નહીં. પેલી બાંડી પાછી આવીને બોલી કે હું તમોને કેહતાં ભુલી ગઇ કે તમુને મારી બાઇએ સલામ કેહેવાડી છે, અને પુછાવ્યું છે કે તમે તમારી રાત કેમ ગુજારો છો. વળી પેલી બાંડીએ પોતાની તરફથી કેહતી હોય તેમ મારા ભાઇને કહ્યું કે તમુને કાંઇ ખબર છે, મારી શેઠાણી તમારી ઉપર ઘણીજ આશક પડી છે. મારા ભાઇએ કહ્યું કે ખરેખર મેં પણ આજ ચાર દહાડા થયા જરા ઊંઘ કાહાડી નથી ; હું તેણીની ઉપર ઘણોજ ફીદા ફીદા થઇ ગયો છું. પછી મારો ભાઇ વિચારવા લાગો કે હવે મને તે બાઇ બોલાવ્યા વગર રેહેશે નહીં. જેવી પેલી બાંડી પેલું સીવેલું કપડું લઇ ગઇ તેવીજ એક સાટીનનો કકડો લઇ તરત પાછી આવી, અને બોલી કે તમે જે પોશાક સીવી આપ્યો તે મારી શેઠાણીને બંધ બેસતો આવે છે, અને તેણીને ઘણોજ પસંદ પડયો છે, તેથી ખુશી થઇને તમારી પાસે આ બીજો કકડો સીવરાવવા મોકલ્યો છે. મારા ભાઇએ તે બાંડીને જવાબ દીધો કે આજ સુધીમાં એ તૈયાર કરી આપીશ. પેલી ઓરત જે કામ સોંપે તે મારો ભાઇ જલદી કરી આપે તે માટે વારેઘડીએ બારી આગળ આવીને પોતાનો ખુબસુરત ચેહેરો મારા ભાઇને દેખાડતી હતી. જે પોશાક મારા ભાઇએ સીવ્યો હતો તેના બદલામાં તેને કાંઇ પૈસા મલ્યા નહીં. મારો ભાઇ એટલો તો ભોલો હતો કે તે એમ નહીં સમજ્યો કે તેઓ મને બેવકુફ બનાવે છે. બીચારાએ આખો દાહાડો કાંઇ પૈસા મેલવ્યા નહીં હતા તેથી રાતના ખાવાને સારૂં તેને ઉછીના પૈસા લેવા પડ્યા. બીજે દાહાડે જેવો મારો ભાઇ દુકાન ઉઘાડીને બેઠો તેવુંજ પેલી બાંડીએ આવીને કહ્યું કે મારો શેઠ તમુને કાંઇ કેહેવા બોલાવે છે. તે બોલી કે તમે જે પોશાક મારી બાઇને સીવી આપ્યો તે મારા

શેઠને દેખાડયો તેથી તે ઘણોજ ખુસી થઇ ગયો છે, અને તમારી પાસેજ પોતાનાં કપડાં સીવરાવવા માંગેછે. તે કેહેવા લાગી કે એ બાહણે જો તમે મારા શેઠના ઘરમાં આવતા જતા થાવો તો તમારી ધારણામાં તમો જરૂર પાર પડો. મારો ભાઇ બોલાઇથી તે બાંડીની સાથે ગયો. તે ઘરમાં જેવો મારો ભાઇ ગયો તેવો તેને આબરૂથી બેસાડયો, અને પેલા કારખાનાવાળા ધણીએ એક કપડાંનો તાકો દેખાડીને કહ્યું કે એમાંથી વીશ જભા સીવજો, અને બાકીનું કપડું વધે તો પાછું લાવજો. મારા ભાઇએ રાત દાહાડો મેહેનત કરીને છ દાહાડામાં જભા પુરા કીધા, અને ત્યાર પછી વળી પેલા કારખાના વાળાએ પોતાની ઇજાર સીવવાને માટે બીજો કપડાંનો તાકો આપ્યો. બધાં કપડાં તૈયાર કરીને મારો ભાઇ પેલા કારખાનાવાળા પાસે લઇ ગયો ત્યારે તે બોલ્યો કે તમુને શું જોઇએ છે. મારા ભાઇએ વીશ દરામ રૂપાંનાં માગ્યા. પેલા કારખાનાવાળાએ રૂપું જોખી આપવાને પોતાની બાંડી પાસે તરાજુ મંગાવ્યું ત્યારે પેલી નાપાક દાસીએ ફરેબથી મારા ભાઇને ઇસારત કીધી કે જો તું પૈસા લેશે તો તારી આસા ફોકટ જશે; તેથી મારા ભાઇએ તરત પૈસા લેવાના મોકુફ કીધા. દોરો લેવાની તેની પાસે એક અરધી ન હતી તેથી તે મારી પાસે આવ્યો, અને થોડાક પૈસા માંગવા લાગો; તે બોલ્યો કે માહારા ગ્રાહક હમણા આપતાં નહીં તેથી મને ખાવાને કાંઇ નથી.

મેં તેને થોડાક પૈસા આપ્યા જેથી તેણે થોડા દાહાડા પોતાનું ગુજરાન ચલાવ્યું. એક દહાડે ફરીથી મારો ભાઇ પેલા કારખાનાવાળાનાં ઘરમાં ગયો, અને જેવો પેલો ધણી તેને પૈસા આપવા જતો હતો તેવામાં પેલી બાંડીએ મારા ભાઇને ના કહ્યું, તેથી તેણે પૈસા લીધા નહીં. વળી પેલા કારખાનાવાળાએ એક દગલો સીવવા આપ્યો. જ્યારે તે સીવી લાવ્યો ત્યારે તેને પૈસા આપવા કહ્યા, પણ પેલી બાંડીની ઇશારત ઉપરથી તે બોલ્યો કે હમણાં પૈસાની શું ગરજ છે કોઇ દાહાડે આપણે હીસાબ ચુકવીશું. એમ કહીને બીચારો મારો ભાઇ બુરા લખમાં લપટાયેલો પૈસા વગર ઘેર ગયો. પેલા કારખાનાંવાળાની બાયડી ઘણી લોભી, અને વલી ઘાટકી હતી તે એટલાથીજ ધરાઇ નહીં, પણ પોતાનાં ધણીને કહ્યું કે આ દરજી મારી ઉપર આશક પડયોછે વાસ્તે એની ઉપર આપણને વેર લેવું જોઇએ. તે કારખાનાવાળાએ મારા ભાઇનો ઘાટ ઘડવાને ઠેડાવ કીધો. એક દાહાડે મારા ભાઇને તે કારખાનાવાળાએ ખાવા બોલાવ્યો; અને ખાઇ રહ્યા પછી તે કારખાનાવાળો બોલ્યો કે હવે તો ઘણું અસુરૂં થઇ ગયું છે વાસ્તે હીયાંજ તમે આરામ લેવો. એમ કહીને તેણે મારા ભાઇને સુવાની જગા દેખાડી ત્યારે પછી પોતે અને તેની બાયડી તેઓનાં ઓરડામાં ગયાં. અરધી રાત થઇ કે પેલો કારખાનાંવાળો આવ્યો અને મારા ભાઇને ઉઠાડીને બોલ્યો કે બારા ઘરમાં એક ઘંટી છે તેમાં લોકોનું અનાજ હું દલી મોકલું છું, પણ મારૂં ખચ્ચર આજારી પડયું છે તેથી મેહેરબાની કરીને તમે જો ઘંટી ખેંચશો તો તમારૂં મોટું હેસાન થશે. મારા ભાઇએ તરત હા કહી દીધું. તેથી પેલાએ મારા ભાઇને કમરમાંથી બાંધીને ખચ્ચરની માફક ઘંટીમાં જોડાવ્યો અને ચાબકો મારી ચલાવા લાગો. મારા ભાઇએ કહ્યું કે તમે મને શું કાંમ મારો છો? તે ઉપરથી ઘરધણી બોલ્યો એ તો માત્ર તમુને ઉશકેરવા થકી હું એમ કરૂં છું, કાંયકે ચાબકા વગર મારૂં ખચ્ચર કદી ચાલતું નથી. પાંચ છ વખત મારા ભાઇએ ઘંટી ફેરવી, અને જરા થાક ખાવા ઉભો રહી ગયો તેથી વળી કેટલાક ચાબકા પેલાએ મારયા, અને બોલ્યો કે જલદી કર ઉભો ના રેહે, નહીં તો મારો આતો બગરી જશે. આખી રાત એ પ્રમાણે મારા ભાઇ પાસે આતો દળાવી પેલો કારખાનાવાળો સવારનાં મારા ભાઇને છોડ્યા વગર પોતાનાં ઓરડામાં ગયો. તેવામાં પેલી લુચ્છી બાંડીએ આવીને તેને છોડયો, અને બોલી કે અફસોસ તમુને એવો માર માર્યો તેથી હું અને મારી શેઠાણી ઘણાંજ દલગીર છીએ, અને મારા શેઠે જે ચાલ ચલાવી છે તેથી અમો તદન નાવાકેફ હતા. બીચારો મારો ભાઇ મુગો મુગો પોતાને ઘેર ગયો, અને ત્યાં પછી ઠેડાવ કીધો કે હવે કદી પણ તે કારખાનાવાળાની બાયડીનું નામ લેવું નહીં.

મારી આ વાત સાંભલીને નામદાર કાલીફને તરત હસવું આવી ગયું તે બોલ્યો કે તમે હવે ઘેર જાવો, અને મારો ગોલામ તમુને જે આપે તે લઇને મોજ મજાહ કરો. હું બોલ્યો કે નામદાર શાહ મને પેહેલાં મારા ભાઇઓની વાત પુરી કરવા દેવો પછી હું તમારી આગળથી મારે ઘેર જઇશ. કાલીફ મુગો રહી ગયો તેથી મેં મારી વાત આગળ ચલાવવા માંડીઃ—

હંજામનાં બીજા ભાઇ "બાકબર" ની વાર્તા.

મારો બીજો ભાઈ બોખો હતો; અને તેનું નામ "બાકબર" કરી હતું. જેવો એક દાહાડે તે રસ્તા. માંથી જતો હતો તેવામાં એક બુઢી ઓરત તેને મલી જેણીએ તેને ઉભો રાખીને કહ્યું કે મને કાંઇ વાત કેહેવી છે તે સાંભલો. મારો ભાઈ તરત ઉભો રહ્યો, અને પુછયું કે તુંને શું કેહેવું છે? તે બોલી કે જો તમે મારી સાથે એક મેહેલમાં આવો તો હું ત્યાં તમુને એક ઘણીજ ખુબસુરત ઓરત જેનું તેજ સુરજનેબી ઝાંખો કરે એવું છે તે દેખાડું. તે તમુને આબરૂથી બેસાડશે, અને સારો ખોરાક અને ઊંચો સરાબ તમારી આગળ મુકશે. મારા ભાઈએ કહ્યું કે ઓ ડોશી તું શું ખરૂં બોલે છે? તે ત્યારે તે બુઢી બોલી કે હા હું ખરૂજ કહું છું, પણ ત્યાં તુંને જે તે કેહેશે તે કરવું પડશે. તુંને ત્યાં થોડું બોલવું, અને જે તે કેહે તે કબુલ કરવું. મારા ભાઈએ બધું કબુલ કીધું, અને મુગો મુગો તે ડોશીની પછવાડે ચાલ્યો. એક મોટા દબદબાભર્યા મેહેલમાં તે લોકો આવી પુગાં; જ્યાં ઘણાં ચાકર નફરો ઉભેલા હતા. કેટલાકોએ મારા ભાઈને અંદર જતાં અટકાવ્યો, પણ પેલી ડોશીએ કાંઇ કહ્યું તેથી તેને અંદર જવા દીધો. તે ડોશીએ મારા ભાઇને કહ્યું કે તું સારી ચાલ ચલાવજે, અને જો તું તે બાઇને ખુશી કરશે તો ખચીત જે તું માંગશે તે તુંને મલશે. ત્યાર પછી તેઓ એક ભપકાદાર અને સારી રીતે સીંગારેલા દીવાનખાનામાં ગયાં જેની આસપાસ એક અગાસી બાંધી લીધેલી હતી. આ અગાસી ઉપરથી એક સુંદર બાગનો ઘણો રમણીય દેખાવ નજરે પડતો હતો. તે અગાસી ઉપર પેલી ડોશી મારા ભાઈને એક કોચ ઉપર બેસાડીને પોતાની બાઇને ખબર આપવા ગઇ. મારા ભાઈએ કોઇ દાહાડે એવી ખુસનુમાં જગો જોઇ ન હતી તેથી ઉઠીને બધી ચીજો તપાસવા લાગ્યો, અને ઘણોજ ખુસી થઇ ગયો.

મારા ભાઈએ થોડાવારમાં એક મોટો અવાજ સાંભલ્યો જે સાંભળતાંવાર તે ઘભરાઇને આસપાસ જોવા લાગ્યો તો કેટલીક બાંડીઓને આવતાં પોતાની તરફ જોઇ, તે લોકોની વચમાં એક ખુબસુરત ઓરત ચાલતી હતી. તેણીને જોઇને મારા ભાઈએ ધાર્યું કે પેલી બાઇ એજ હશે. મારો ભાઈ ધારતો હતો કે પેલી બાઇ તેની સાથે એકલીજ વાંત કરવા ઓરડામાં આવશે, પણ તેને બદલે આટલી બધી બાંડીઓને સાથે આવતાં જોઇને તે ઘણો અજાયબ થયો. પેલી બાઇ આવીને એક તખ્ત ઉપર બેઠી તે વખતે મારા ભાઈએ વાંકો વળીને સલામ કીધી. ત્યાર પછી પેલી બાઇએ મારા ભાઇને એક જગા ઉપર બેસવા ફરમાવ્યું, અને બોલી કે તમુને મારા મકાનમાં આવેલા જોઇને હું ઘણીજ ખુસી છું, તમે જે ચીજની ખાંયસ કરશો તે તુરત મલશે. બાકબરે તેણીને કહ્યું કે તમારી હજુરમાં આવ્યાથી મને મોટું માન મલ્યું છે. તે બાઇ બોલી કે તમે ઘણાજ થંડા સ્વભાવના માણસ દેખાવો છે તેથી આપણો બધો વખત આપણે સાથે ખુસીમાં કાહાડશું એવી મને આશા છે.

પછી તરત પેલી બાઇએ ખાણું મંગાવ્યું અને સર્વે જનાં સાથે ખાવા બેઠાં. મારા ભાઇને તેણીએ પોતાની સામે બેસાડયો ને ખાતાંખાતાં પેલીએ જોયું કે મારો ભાઈ તદન ભુખો છે તેથી ઇસારતમાં તેણીએ પોતાની સાહેલીઓને કહ્યું તેથી તેઓ બેધરક હસી પડ્યાં. પેલી સ્ત્રી વારેઘડીએ હસતી હતી તેથી મારા ભાઈએ ધાર્યું કે તેનીપર તે ઘણીજ આશક પડી છે અને એમ વીચાર્યું કે હવે તે પોતાની સાહેલીઓને ત્યાંથી બાહર રવાના કરશે, અને પછી મારી સાથે છુપી ગોફતેગો કરશે. પેલી બાઇ મારા ભાઈની ધારણાં પાંમી

ગઇ તેથી પોતે તેને ઠગવાને માટે ઘણાજ પ્યારથી વાતચીત કરવા લાગી, અને દરએક ચીજ તેને પોતાને હાથે આપવા લાગી. જમી રહ્યા પછી કેટલીક બાંડીઓ વાજીત્ર લઇને ગાવા અને કેટલીક નાચવા લાગી. તે જોઇ મારો ભાઇ પણ ખુશીમાં આવીને નાચવા લાગો, અને તેની સાથે પેલી બાઇ પણ નાચવા લાગી. જરાવાર પછી જ્યારે થાક લાગાથી સઘળાં બેસી ગયાં ત્યારે પેલી બાઇએ થોડો સરાબ મંગાવ્યો અને પોતે એક પ્યાલું પીધું પછી બીજું પ્યાલું ભરીને મારા ભાઇને આપ્યું તેણે ખુશીમાં આવી તેણીનાં હાથ ઉપર બોસ્સા લીધા, અને તેણીની તનદરોસ્તી ચાહી; અને ત્યાર પછી તેણીને આબરૂ આપવા થકી તેણીની આગળ ખડો રહ્યો, જે જોઇને પેલીએ તેને પોતાની પાસે બેસાડયો.

આસ્તે આસ્તે તેણીએ મારા ભાઇનાં ગલામાં હાથ નાખ્યા, અને તેને ગોયા પ્યાર કરતી હોય તેમ ઘોંગ કરવા લાગી ને તે મારા ભાઇને ધબ્બા મારવાની સરૂઆત કરવા લાગી. પેહલાં તો સેજ સાજ તપલીઓથી સરૂ કીધું અને પછી તો એવા મજબુત ધબ્બા મારવા લાગી કે મારા ભાઇની આંખમાંથી આંસુઓ પડવા લાગા. મારો બેવકુફ ભાઇ તેણે પ્યાર સમજવા લાગો અને તેવીજ રીતે પાછો પ્યાર કરવા માટે વિચાર કરવા લાગો કે હું પણ તે બાઇને તપલીઓ લગાઉ, પણ આટલી બધી બાંડીઓ આગળ તેની હીંમત ચાલી નહીં. હવે પેલી બાઇ આસ્તે આસ્તે ધબ્બા મારતાં મારતાં વધારે જોરથી મારવા લાગી કે આખરે મારો ભાઈ ઘણોજ ગુસ્સે થયો અને તરત ઉડીને દુર બેસવા જતો હતો તેવામાં પેલી બુઢ્ઢી જે મારા ભાઇને ત્યાં લઇ ગઇ હતી તે ગુસ્સે થઈને કેહેવા લાગી કે તુંને મેં સીખામણ આપી તે પ્રમાણે કેમ ચાલતો નથી? તરત મારો ભાઇ પાછો જઇને પેલીની આગલ બેઠો, પણ વળી પેલી બાઈ તરેહ તરેહનો લાડ ને નાજ કરવા લાગી. પછી વાત વધીને પેલી બાંડીઓમાંની એકે મારા ભાઇને તમાચેઃ મારયો, બીજીએ કાન ખેંચ્યો, ત્રીજીએ ધબ્બો મારયો જેથી ત્યાં એક હસવા જેવો દેખાવ થઇ પડયો. બીચારો મારો ભાઇ મુગો મુગો બધું ખમતો હતો, અને હસીને પેલી બુઢી ઓરતને કેહેતો કે તમે મને કહ્યું હતું તે બરોબર છે, કાંકે આ બાઈ ઘણીજ ખુબસુરત છે, અને મને ઘણી ચાહે છે. તે બુઢી બોલી કે તમે હજુરતો એનો હરઘો ભાગ પણ જોગો નથી જ્યારે તમો બંને જણાં એખલાં હશો ત્યારે તમુને બધું માલુમ પડશે.

પેલાં વાત કરતાં હતાં તેવામાં પેલી જુવાન ઓરત બોલી કે તમો ઘણા બાહદુર છો કાંકે હું આટલી બધી મશકેરી કરૂંછું તો પણ તમો મુગા મુગા ખમ્યા કરોછો તેથી હું તમુને ઘણી ચાહુંછું. મારો ભાઈ બોલ્યો કે બાઇ તમે જે કરશો તે થોડું છે; તમે મારી ઉપર જે ગમે તે વાતનો અખત્યાર ચલાવો. તે ઉપરથી પેલી બોલી કે તમારી આ રીતની નમનતાઇ ભરેલી ચાલથી મને ઘણી ખુશી ઉપજે છે. એમ કહીને તરત તેણીએ અત્તર અને ગોલાબ મંગાવ્યો, અને તેથી મારા ભાઇને છાંટી નાખ્યો. આવી મેહેરબાની જોઇને મારો ભાઇ તો ગોયા સાતમાં આસમાન ઉપર ચહડી ગયો!

મારા ભાઇની ઉપર અત્તર, અને ગોલાબનો છટકાવ કીધા પછી પાછું ગાયન શરૂ કરાવ્યું. થોડો વાર ગાયન ચાલ્યા પછી તે બાઇએ એક બાંડીને બોલાવીને ફરમાવ્યું કે આ બાકબરને તારી સાથે ઓરડામાં લઇ જા, અને જે કામ મેં તુંને કરવા કહ્યું છે તે તરત બજા લાવ. આ સાંભળી મોટી ખુશી સાથે મારો ભાઈ તરત ઉઠયો, અને પેલી બુઢીને પુછવા લાગો કે મને ઓરડામાં લઇ જઇને શું કરવા માગે છે? તે બુઢી બોલી કે અમારી શેઠાણીની એવી ખાયસ છે કે તમુને સ્ત્રીનો પોશાક પેહેરાવે, અને જોવું કે તમો કેહેવા લાગોછો? પેલી બોલીકે તમારી દાહડી મુછ બોરી નાખીને તમુને સ્ત્રીનો પોશાક પેહેરવો પડશે. મારા ભાઇએ તરત જવાબ દીધો કે તમો બધું કરો, પણ મારી દહાડી જે અલ્લાનું નુર કેહવાય છે તેને હાથ લગાડતા ના, તેને હું બોરવા દેવશ નહીં કારણ કે મને પછી લોકોને મારૂં મોહોડું દેખાડવું ભારી પડશે. તે બુઢી બોલી કે જો તું ના કેહેશે તો તારૂં બધું કામ

બગડી જશે, તું વીચાર કર કે અમારી બાઇ તુંને કેવા પ્યારથી ચાહે છે? બીચારો બાકબર વગર વિચારે જેમ તે લોકોએ કહ્યું તેમ ચાલવાને તૈયાર થયો. તેને એક ઓરડામાં લઇ જઇને તેની મુછ બોસ્યા પછી તેની આંખ આંજી, અને જેવાં તે લોકો તેની દાહાડી બોરવા જતાં હતાં તેવોજ તે બોલ્યો કે હું દાહાડી તો મારો જાન જાય તો પણ બોરવા દેનાર નથી!

સઘળાંએએ તેને ઘણોજ ઠપકો આપ્યો કે એમ કીધાથી તું હાથે કરીને તારા પગમાં કોહાલી મારે છે તેથી અંતે તે બીચારો કબુલ થયો અને પોતાની દહાડી પણ બોરવા દીધી. જેવો તે તૈયાર થયો કે પેલાને બઇરીનો વેશ પેહેરાવીને પેલી જુવાન બાઇ આગળ તેને લાવ્યા તેવીજ તે એટલી તો હસી પડી કે કોચ ઉપરથી પડી ગઇ. પેલી બાંડીઓ તાબડા ફોડવા મંડી ગઇ, અને ત્યાર પછી તે બાઇ પાછી ઉઠીને બોલી કે તમે મારા ફરમાન પ્રમાણે ચાલ્યા તેથી હવે તમારે તાબે મારે થઈ રેહેવું જોઇએ, પણ આપણે એક બીજાનાં પ્યારમાં મજબુત જોડાઇએ તેની અગાઉ એક વાત કહું છું તે તમો કબુલ કરો, અને આજ પોશાકમાં તમો મારી સામે નાચો. તે બેવકુફ જેવો કાંઇબી વિચાર કરવા વગર નાંચવા લાગો તેથી બધાં ખુબ હસવા લાગ્યા, અને તેની ઉપર બધાં તુટી પડીને તેને ઠોંસે ઠોંસે મારવા લાગ્યા કે જેથી મારો ભાઇ આખર બેસુદ્ધ થઇને જમીન ઉપર પડયો. તરત પેલી બુઢી ડોશી તેની આગળ આવીને કાનમાં કેહેવા લાગી કે ઉઠ તારા દુઃખનો હવે છેડો આવ્યો છે. હવે તુંને મારી બાઇનો માત્ર એકજ હોકમ માનવો પડશે, અને તે એ કે તારા દીલમાંથી માત્ર એક લંગોટી સીવાય બધો પોશાક કાહાડી નાખી તેણીની પછવાડે પછવાડે દોડ અને તેણીને પકડી પાડ. અગરજો તું તેણીને પકડશે તો તે તરત તારી તાબેદાર બાયડી થઇ રહેશે. મારા ભાઇએ આ વાત પણ કબુલ કીધી. તેણે બધાં કપડાં ફક્ત લંગોટી સીવાય કાહાડી નાંખ્યાં, અને તે ઓરતની પછવાડે પછવાડે આખા ઘરમાં અગાસી અગાસીએ દોડવા લાગો. તે ઓરત આગળ દોડતી હતી, અને તે પાછળ દોડતો હતો તેવામાં એકાએક દોડતાં દોડતાં પેલી બાઇ એક અંધારા ઓરડામાં નાહાસી ગઇ, અને એક છુપે રસ્તે બીજા ઓરડામાં નીકળી પડી. પેલો બીચારો. અંધારામાં ફાંફાં મારવા લાગો તેવામાં તેને એક બારણું દેખાયુ ત્યાંથી જેવો તે બાહાર નીકલ્યો તેવુંજ કોઇએ તેની પાછળ બારણું બંધ કરી લીધું.

મારો ભાઇ આગળ પાછલ ફરીને જોયછે તો એકાએક પોતે એક મોહોલ્લામાં આવી લાગેલો કે જ્યાં બધા ચમાર લોકો રેહતા હતા. પેલા ચમારો તેને આવી હાલતમાં જોઇ હસવા લાગા, અને પછવાડે દોડીને મારવા લાગા, તેવામાં ભોગજોગે એક ગધેડો આવી લાગો જે ઉપર બીચારા મારા ભાઇને બેસાડીને મોહોલ્લે મોહોલ્લે તે લોકો ફેરવવા લાગા, અને તેની ફજેતી અધુરી હતી તે સમપુર્ણ કરવા જે મોહોલ્લામાં કોટવાલ રેહેતો હતો તે મોહોલ્લામાં તેને લઇ ગયા. કોટવાલ પુછવા લાગો કે એ કોણ છે? તે ઉપરથી પેલા ચમારો બોલ્યા એ માણસને આપણા વજીરનાં ઘેરનું પાછલું બારણું જે અમારા મોહોલ્લામાં આવેલું છે ત્યાંથી આવતાં જોયો છે. પેલા કોટવાલે બીચારા મારા ભાઇને સો ફટકા બાંધી મરાવીને શેહેર બાહાર કાહાડી મુકયો. બીચારો મારો ભાઇ જાણતો નહીં હતો કે મોટા મોટા ઉમરાવોની લાડકી બેટીઓ આવી રીતે ગરીબ લોકોને પકડાવી તેની ઘાતકી મસકેરી કરીને પોતાનો વખત ઘીંગસીંગમાં પુરો કરે છે. આ વાત પુરી કર્યા પછી હું મારા ત્રીજા ભાઇની વાત કરવા લાગ્યો:—

હજામનાં ત્રીજા ભાઇ 'બાકબક'ની વાર્તા.

નામદાર શાહ મારો ત્રીજો ભાઇ જેનું નામ બાકબક હતું તે તદન આંધળો હતો તેથી લોકોને બારણે ભીખ માંગી પોતાનું પેટ ભરતો હતો. દર રોજની ચાલુ ટેવથી તે એકલો મોહોલે મોહોલે રખ-

ડતો અને લોકોનાં બારણાં ઠોકતો. તેને એવી બુરી તેવ હતી કે મુગો મુગો જ્યાં સુધી કોઇ બારણું નહી ઊઘાડે ત્યાંસુધી ઠોકયા કરતો હતો. એક દાહાડે જ્યારે તેણે એક સખ્સના ઘરનું બારણું ઠોકયું, ત્યારે અંદરથી કોઇએ પોકારીને પુછ્યું કે કોણ મારૂં બારણું ઠોકે છે? મારા ભાઇએ પાછો જવાબ બીલકુલ આપ્યો નહીં, પણ ફરીથી જોશમાં બારણું ઠોકવા લાગો. વળી પેલાએ પુછ્યું કે એ કોણ છે તોપણ કાંઇ જવાબ વાલ્યો નહીં. તેથી તેણે આખરે બારણું ઉઘાડયુ અને મારા ભાઇને પુછયુ કે તું શું માગેછે? મારો ભાઇ બોલ્યો કે "ખોદાને વાસ્તે મને કાંઇ આપો હું ભુખે મરૂં છું." પેલો ઘેર ધણી બોલ્યો કે શું તમો આંધલા છો? મારો ભાઇ બોલ્યો અફશોશ મને કાંઇ દેખાતું નથી. પેલો ઘરધણી બોલ્યો કે તમારો હાથ મને આપો. મારો ભાઇ વિચારવા લાગો કે કાંઇ મને તે આપતો હશે તેથી જ્યારે તેણે પોતાનો હાથ બાહાર કાહાડયો ત્યારે પેલો ઘેરધણી હાથ પકડીને પોતાનાં ઓરડામાં તેને લઇ ગયો, તેથી મારા ભાઇને આસા આવી કે તે મને કાંઇ ખવડાવવા લઇ જતો હશે. કારણકે એવી રીતે મારા ભાઇને ઘણાં ઘરોમાંથી ખાણું મલતું હતું. અંદર લઇ જવા પછી મારા ભાઇને એક ઓરડામાં બેસાડીને પેલો બોલ્યો કે તમોને શું જોઇએ છે? મારા ભાઇએ જવાબ દીધો કે સાહેબ તમુને એક વખત કહ્યું કે ખોદાને વાસ્તે મને કાંઇ આપો. તે ઘેર ધણી બોલ્યો કે ઓ નેક આંધળા માણુસ હું એટલુંજ ચાહુંછ કે ખોદા તમુને દેખતા કરે! મારો ભાઇ બોલ્યો કે તમે બારણાં આગલજ કાં નહીં એમ બોલ્યા. આપવાનું કાંઇ મળે નહીં ત્યારે મને નકામો ઉપર સુધીનો ફેરો શું કરવા ખવરાવ્યો? પેલો ઘેર ધણી બોલ્યો કે જ્યારે તમોએ બારણું ઠોકયું ત્યારે મેં તમુને પુછયું તેનો તમે જવાબ કેમ નહીં આપ્યો? લોકોને નકામો એ પ્રમાણે બારણું ઉઘાડવાનો ફેરો પાડવાને તમને સારૂં લાગે છે? મારો ભાઇ બોલ્યો કે તમો હવે શું કેહો છે? તેથી ત્યારે તેણે જવાબ દીધો કે મારી પાસે તમુને આપવાનું કાંઇ નથી. મારા ભાઇએ તેને કહ્યું કે ભાઈ મેહેરબાની કરી જે રસ્તેથી મને ઉપર લાવ્યા તેજ રસ્તે મને પાછો લઇ જાવો. તે ઉપરથી પેલો ઘેર ધણી બોલ્યો કે મને શું કેહે છે, તારી આગળ આ દાદર છે તે રસ્તે ઉતરી જા. મારો ભાઇ દાદર ઉપરથી ઉતરતાં દાદરનું એક ફાંડયું ચુકી ગયો તેથી બીચારો ગગરતો ગગરતો નીચે આવ્યો. આએ બનાવથી મારો ભાઇ ઉઠીને બબરતો અને ગાલો ભાંડતો, બાહાર ચાલ્યો તે જોઇને પેલો ઘેરધણી સાંમો હસવા લાગ્યો.

હવે જેવો મારો ભાઇ રસ્તામાંથી જતો હતો તેવામાં તેનાં બીજા બે આંધળાં ભાઈબંધોએ તેનો અવાજ સાભળ્યો, તેથી તે લોકોએ હાંક મારીને તેણે ઉભો રાખ્યો, અને પુછયુ કે તમુને આજે શું થયું છે. મારો ભાઇ પોતા ઉપર જે પડયું હતું તે કેહેવા લાગો, અને બોલ્યો કે આજ આખા દાહાડાનો હું તો ભુખો છું વાસ્તે ચાલો આપણે પેલાં ઘરમાં જઇએ, અને આપણા પૈસા દાટયા છે તેમાંથી થોડા કહાડીને ખોરાક લાવ્યો ભોગચોગડીએ એવું બન્યું કે પેલો સખ્સ કે જેનાં ઘરમાંથી મારો ભાઇ પડી ગયો હતો તે જાતે ચોર હતો તેથી જે વાત મારા ભાઇએ કીધી તે બારીએથી જેવી તેણે સાંભલી તેવોજ તરત નીચે ઉતરી આવ્યો, અને તે લોકો નહીં જાણે તેમ એક બુઢી દોશી કે જેણીને ત્યાં મારો ભાઇ રેહેતો હતો અને જ્યાં તેણે પોતાની દોલત દાટી હતી ત્યાં પેલો તે લોકોની પાછલ છુપો છુપો ચાલ્યો. જેવા પેલા આંધલાઓ પોતાનાં ઘરમાં ગયા તેવાજ બોલ્યા કે આપણુને બારણું બંધ કરવું જોઇએ નહીં તો કે કોઇ પારકો સખ્સ આવશે તો આપણી ખરાબી થશે. આએ વાત સાંભલીને પેલો ચોર તરત છાપરાં ઉપર ચહડી ગયો, અને બારવત્યા સાથે એક દોરડું ટાંગેલું હતું તે સાથે ટીંગાઇ રહ્યો. હવે પેલા આંધલાઓએ બારણું બંધ કીધું અને અંદર બેઠા. મારો ભાઇ જાણે કે તેની પાસે તેના આંધલા દોસ્તો સીવાયે બીજું કોઇ નથા, પણ તે જાણુતો નહતો કે તેની પાસેજ એક ચોર બેઠેલો છે. તે બોલ્યો કે ભાઇ હું કાંઇ બે-વીશ્વાસુ નથી તમે જુવો કે ગઇ વખતે આપણે જે દશ હજાર દીરમની દશ કોથલી ભરી મુકી હતી

તેમાંથી એક દીરમ પણ મેં લીધો નથી. ત્યાર પછી તેણે પેલી દશ કોથલી બાહાર કાહાડી, અને પોતાનાં દોસ્તોને કહ્યું કે તમારી મરજી પડે તો ગણી લેવો. તે લોકો બોલ્યા કે અમારો તારી ઉપર પુરતો વીશ્વાશછે માટે કાંઇ ગણવાની જરૂર નથી. ત્યાર પછી બધા જણાએ તે દશ કોથલીઓ-માંથી દશ દશ દીરમ કાહાડી લીધી.

બાકીબાકી પેલી કોથલીઓ પાછી બરોબર ઠેકાણે મુકી તેવામાં એક આંધલો બોલ્યો કે ભાઇઓ આજે આપણને પૈસા ખરચવાની કાંઇ ગરજ નથી, મારી પાસે આપણું ત્રણેનું પેટ ભરાય તેટલો પુરતો ખોરાક છે. એમ કહીને તેણે પોતાની પાસેનો ખોરાક એક તેબલ ઉપર મુકયો. પેલો ચોર પણ મારા ભાઇની પાસે બેઠો અને જે નકી માલ હતો તે ખાવા લાગો. તે ચોરે ગમે તેટલું છુંપું રેહેવા ચાહ્યું તો પણ તેનો ચાવવાનો અવાજ આવ્યો તેથી મારો ભાઇ બોલી ઉઠયો કે અરે હ્યાં તો કોઇ પારકો સખ્સ આવી લાગો છે હવે આપણું સત્યાનાસ વલ્યુ. એમ કહીને તેણે લાંબા હાથ કરીને પેલા ચોરનો હાથ પકડયો, ત્યાર પછી તે તેની ઉપર તુટી પડયો, અને ચોર! ચોર! કરી બુમ મારીને ઠોંસે ઠોંસે મારવા લાગો. બાકીના બીજા આંધલાઓ પણ મોટે મોટે ચોર ચોર કરી બુમ પાડવા લાગ્યા, પણ પેલો ચોર ઘણો જોરાવર હતો તેમજ વળી આંખે જોતો હતો તેથી કરીને પોતાનો બચાવ કરવા લાગો, અને પોતે પણ ચોર! ચોર! કરી બુમ મારવા પડયો. આએ પોકારથી બધા પડોસીઓ દોડી આવ્યા. તેઓએ પેલાં બારણું ઉતારી પાડયા અને ઘરમાં આવીને સર્વેને કજીઓ કરતા છુટા પાડ્યા. તે લોકોએ જ્યારે મારામારીનું કારણ પુછયું ત્યારે મારો ભાઈ કેહવા લાગો કે આ માણસને મેં પકડી રાખ્યો છે તે ચોર છે, અને મારા થોડાક પૈસા હ્યાં છે તે ચોરવા આવ્યો છે. પેલો ચોર લોકોને ઘરમાં આવતા જોઇને પોતે પણ આંખ મીંચીને આંધલો થઇ ગયો, અને બોલવાં લાગ્યો કે હું ખોદાનાં કસમ ખાઇને કહું છું કે હું પણ આંધલો છું અને એ લોકો મારો ભાગ આપવાને ના કહે છે. પેલા લોકો ચારો જણાંને કોટવાલ આગલ લઇ ગયા. જ્યારે કોટવાલની આગલ તે લોકોને લઇ ગયા ત્યારે પેલો ચોર જે હજુર આંધલોજ જણાતો હતો તે બોલ્યો કે સાહેબ તમારો વાજબી ઇનસાફ એક આંધલાને બક્ષેસ કરજો, અને ખોદા તમારૂં ભલું કરશે. અમો ચારો જણાં આંધલા છીએ, અને અમે બધાઓએ સંપ કીધો છે કે ફટકા ખાયા વગર અમારી છુપી વાત કોઇ આગલ જાહેર કરવી નહીં, વાસ્તે તમો ફટકા મારવાનું સરૂ કરો, અને જોઇએ તો પેહેલાં મને મારો. મારો ભાઇ બચાવમાં બોલવા જતો હતો તેવામાં બધાએ તેને અટકાવ્યો.

પેહેલે પેલા ચોરને કોટવાલે બંધાવ્યો ત્યાર પછી તેને પચીસ ત્રીસ ફટકા મરાવ્યા; અને જ્યારે તેનાથી નહીં ખમાયા ત્યારે તેણે એક આંખ ઉંઘાડી, અને તરત બીજી ઉંઘાડી દીધી. પેલો કોટવાલ આ ઠગાઇથી ઘણોજ ચીરડાઇ ગયો અને બોલ્યો કે ઓ લુચા આનું કારણ શું? તે ચોર બોલ્યો કે સાહેબ જો તમે મને માફ કરો તો એક અજાયબ જેવી વાત તમો નામદારને જણાવું, અને તમે તમારો બોલ પાલો તેને વાસ્તે શોગંદ ખાવો, અને તેની ઇધાની દાખલ તમારે હાથની વીંતી આપો. પેલા કોટવાલે કબુલાત આપ્યા પછી પેલો ચોર બોલ્યો કે અમો ચારો જણા જોઇ શકીએ છીએ પણ હાથે કરીને આંધલા થઇને લોકોના ઘરમાં ભરાઇ બેસવાનો પેસો પકડયો હતો. આવી ઠગાઇથી અમોએ દસ હજાર દીરમ એકઠા કીધા હતા તે આજે સવારે અમોએ ગણતી વખતે મેં મારો ભાગ માંગયો તે મને આપવાને એ લોકોએ ના પાડયો તેથી અમો વચ્ચે ઝગડો થયો. આ વાત સાંભલીને કોટવાલ ઘણો ચીરડાઇ ગયો અને તરત પેલા બીજા ત્રણ આંધલાઓને બાંધીને બસો બસો ફટકા મરાવ્યા, પણ બીચારા આંધલા તે આંખ કયાંથી ઉંઘાડે? તેવામાં પેલો ચોર વલી બોલતો હતો કે દોસ્તો તમારી આંખ તરત ઉંઘાડો, નકામો શું કરવા માર ખાવો છો, અને એમ કહી વળી કોટવાલને કેહેવા લાગો કે

સાહેબ એ લોકોએ હટ પકડી છે તે મુકતા નથી. પેલા કોટવાલની ખાતરી થઇ કે ખરેખર એ લોકો હટજ કરેછ તેથી તેણે પેલા દીરમ મંગાવ્યા, અને તેમાંથી હડી હજાર દીરમ પેલા ચોરને આપ્યા અને બાકીનાં પોતે રાખ્યા, અને પેલા બીચારા ત્રણે આંધળાંઓને દેશનીકાલ કીધા. આ વાતની જ્યારે મને ખબર થઇ ત્યારે હું છુપી રીતે જઇને મારા ભાઇને લઇ આવ્યો, અને કોટવાલની આગળ હું તેની તરફથી હું ફરીયાદ જનાર હતો કે પેલા ચોરને સજા કરાવું, પણ હું બીધો કે કદાચ મારા ભાઇનું સારૂં ચાહાતાં હુંજ ફાંદામાં આવી પડીશ. આ વાતથી કાલીફ હસી પડયો ત્યાર પછી મારા ચોઠા ભાઇની વાત મેં નીચે મુજબ સરૂ કીધીઃ—

હજામનાં ચોઠા ભાઇ 'અલકુઝ'ની વાર્તા.

નામદાર બાહદશાહ મારા ચોથા ભાઇનું નામ "અલકુઝ" હતું, અને તેણે પોતાની આંખ કેવી રીતે ખોહી તેની વાત તમારી આગળ હું કરૂં છું. મારો ભાઇ ખાટકીનો ધંધો કરતો હતો, અને તે લડાઇનાં કામમાં ઘણો હુશીયાર હતો તેથી તેણે કજ્યાદલાલનો ખેતાબ મળ્યો હતો. હથ્યાર લડાઇની વખતે કેમ વાપડવાં તે કેટલાક લોકોને તેણે શીખવ્યું હતું, અને સારાં સારાં માણસો સાથે તેણે દોસ્તી માંડી હતી, અને તે ઘણોજ પૈસાવાળો ગણાતો હતો. એક દાહાડે તેની દુકાન ઉપર એક સફેદ દાઢીવાલો બુઢો મરદ ગોશ લેવા આવ્યો, અને તેના પૈસા આપી તે ચાલી ગયો. જે પૈસા પેલો બુઢો આપી ગયો તે તદન નવાજ બનાવેલા હતા તેથી મારા ભાઇએ એક ઠેકાણે ઉંચા રાખ્યા. નજદીક પાંચ મહીના સુધી પેલો બુઢો આવીને ગોશ ખરીદ કરી એકજ જાતનાં નવા પૈસા આપતો હતો કે જે મારો ભાઇ ઉંચા કરી રાખતો હતો. એક દાહાડે મારા ભાઇને મેંઢા ખરીદ કરવાં હતાં તેથી પેલી પૈસાની પેટી ઉઘાડીને જોયછે તો બધાં પાંદડાંનાં કકડા માલુમ પડ્યા! જે જોઇને તે ઘણોજ અજબ થયો. આ બનાવથી મારો ભાઇ માથું મોહોડું કુટવા લાગો, અને બુમ પાડીને લોકોને બોલાવા લાગો તેથી બધા દોડી આવ્યા, અને પૈસાને બદળે પાંદડાં જોઇને ઘણા અજબ રહ્યા. મારો ભાઇ બોલ્યો કે ઓ ખોદા જો પેલો લુચો માણસ હમણા મારી નજરે પડે તો તેનું માથું ભાજી નાખું. મારો ભાઇ એમ બોલે છે તેટલામાં તો પેલા બુઢાને આવતાં જોયો, તેવોજ તેને પકડીને બુમ પાડવા લાગો કે કોઇ મને મદદ કરો, આએ બુઢો ચોર છે.

બધાં લોકોની આગલ મારા ભાઇએ સઘલું કહી સંભલાવ્યું તેથી પેળો બુઢો આરતે રહીને બોલ્યો કે જો તું મને હ્યાંથી તુરત જવા દેશે તો ઠીક છે, પણ જો બોંહોંશ કરશે તો આટલાં બધાં લોકોમાં જેટલી તેં મારી ફજેતી કીધી છે તેથી બેવડી હું તારી કરીશ. મારા ભાઇએ કહ્યું કે અરે જા તું શું મારી ફજેતી કરતો તો? હું એક એકીનદાર માણસ છું તેથી હું કોઇથી પણ ડરતો નથી. તે માણસ ચીરડાઇને બોલ્યો કે તારે તુને કાંઇ જોઇએછ? એમ કહીને તે લોકોની આગળ ફરીયાદ કરવા લાગો કે આ ધણી માણસનું ગોશ વેચે છે. મારો ભાઇ બોલ્યો કે તું ઠગારો છે, તેથી પેલો બુઢો માણસ બધાં લોકોને કેહેવા લાગો કે જો તમારી ખાતરી નહીં થતી હોય તો એની દુકાન ઉપર જઇને જોવો હમણાંજ એક માણસને કાપીને ટાંગ્યો છે.

મારા ભાઈએ પેલી પેટી ઉગાડી તેની અગાઉ એક બકરૂં કાપીને દુકાન ઉપર વેચવા મુક્યું હતું તેથી મારો ભાઇ બોલવા લાગો કે તું જુઠું બોલેછ. બધાં લોકો ઉભેલાં હતાં તે લોકોને ગુસ્સો ચહડયો કે આ નાપાક ખાટકી આવો ગુનાહ કરેછ તેથી તે લોકોએ તે બુઢાને છોડી દીધો, અને બધાં મારા ભાઇની દુકાને ગયા ત્યાં જતાં વાર જોય છે તો પેલા બુઢાએ કહ્યું હતું તે માફકજ એક માણસ

ટાંગેલું દેખાયું પણ એમ દેખાવાનું કારણ એ હતું કે પેલો બુઢો જાદુગર હતો તેથી નજરબંદીના જોરથી લોકોને એવું દેખાતું હતું. આ દેખાવ જોઇને એક જણ ઘણોજ ચીરડાઇ ગયો અને ઠોંસે ઠોંસે મારા ભાઇને મારવા લાગો કે એ પ્રમાણે રોજ અમોને માણુસનું ગોશ ખવડાવે છે.

પેલો બુઢો માણુસ પણ આગળ ઉભેલોજ હતો તેથી તેણે મારા ભાઇની આંખમાં એક મુક્કી મારી અને તેને આંધલો કીધો. વલી સર્વે કોઇ જે તેની આગળ ઉભેલું હતું તે તેને માર મારવા લાગું, અને એટલું છતાં પણ તે લોકો ધરાયાં નહીં પણ મારા ભાઇને કોટવાલની આગળ લઇ ગયાં, અને ત્યાં પેલાં કાપેલાં માણુસને દેખાડયું. પેલો બુઢો માણુસ બોલ્યો કે સાહેબ તમે વીચાર કરો કે આએ માણુસ કેવો ઘાટકી હશે કે બકરાંનાં ગોશને બદલે માણુસનું ગોશ એ વેચે છે; વાસ્તે બધાં લોકો તમારો ઇનસાફ જોવા ઉભાં છે. પેલા કોટવાલે બધું સાંભલ્યા કીધું પછી મારા ભાઇએ પેલાં પાદડાં દેખાડીને કહ્યું કે આએ બુઢો પેહેલાં મને પૈસા આપી ગયો હતો તેનાં આ પાદડાંના કકડા થઇ ગયા છે, પણ પેલા કોટવાલે તે વાત માની નહીં, અને પોતે પેલાં કાપેલાં માણુસને નજરે જોયું તેથી તેણે મારા ભાઇને પાંચસો ફટકા મરાવવાનો હોકમ કીધો. ત્યાર પછી જે બધો પૈસો મારા ભાઈ પાસ હતો તે જપત કીધો, અને મારા ભાઇને દેશનીકાલ કીધો.

આએ બીનાં બની તે વખતે હું બગદાદ શેહેરમાં નહીં હતો. જ્યાં સુધી મારા ભાઇનાં બધા ગાહ રૂઝાયા ત્યાં સુધી તે એક છુપી જગા ઉપર ભરાઇ રહ્યો પછી એક શેહેરમાં પોતાનો એક દોસ્ત રેહેતો હતો ત્યાં રાત દાહાડો મુસાફરી કરતો ગયો. તે દોસ્તને ઘેર હમેશાં તે ભરાઇ રેહેતો હતો, અને એ પ્રમાણે ભરાઈ રેહેવાથી તે તદન કંટાળી ગયો હતો તેથી એક દાહાડો શેહેરમાં ફરવા લાગો. રસ્તામાં ચાલતો હતો તેવામાં પછવાડેથી કેટલાએક ઘોડે સ્વારોને આવતા જોઈને તેણે વિચાર્યું કે તે લોકો તેને પકડવા આવતા હશે.

મારો ભાઇ બીહીને એક મોટા ઘરમાં ભરાઇ ગયો, અને બારણું બંધ કરી અંદર છુપાઇ બેઠો. જ્યાં જતાંવાર બેત્રણ ચાકરો નીકલી આવ્યા જેઓએ તેને ગલાંમાંથી પકડયો, અને બોલવા લાગા કે સારૂં થયું કે તું તારી ખુશીથી તારો જીવ આપવા આવ્યો છે, તે લોકો બોલ્યા કે તેંજ અમારા ધણીને લુટીને મારી નાખ્યો છે. તુંજ તે દાહાડાવાલો ચોર છે નહીં ? મારા ભાઇએ કહ્યું કે યારો તમો ભલાં માણુસો દેખાવો છો, તેથી તમને અરજ કરૂં છું કે મને જરા સારી પેઠે ઓળખો, હું તે માસણુ નહીં હોઇશ. તે લોકો બોલ્યા કે નહીં નહીં અમો તુંને સારી પેઠે ઓળખ્યે છીએ કે તું પેલા ચોરોમાંનો એક ચોરછે. વળી તે લોકો બોલ્યા કે વારૂં જોવા દે તારી પાસે પેલી છરી તે દાહાડે હતી તે હજુર છે કે નહીં. એમ કહી તે લોકો મારા ભાઇના ઝાડા જોવા લાગા. મારા ભાઇની પાસે એક છરી હતી તે નીકલી આવી તે ઉપરથી તે લોકો બોલ્યા કે હા ખરેખર તુંજ પેલો ચોર ખરો. મારા ભાઇએ કહ્યું કે શું તારે જે લોકો ચોર હોય તે લોકોજ સાથે છરી લઇ ફરે, અને બીજા નહીં ફરે? ભાઈઓ મારી વાત ધીરજથી તમો સાભળો. તમો જ્યારે તે સાંભળશો ત્યારે મને મારી નાખવા બદલે ઉલતી મારી ઉપર તમો દયાજ લાવશો, પણ તે લોકો તેની વાત સાંભળ્યા વગરજ તેની ઉપર તુટી પડ્યા અને તેને ખુબ માર મારવા લાગા. આ વખતે તેના બરડા ઉપરનાં ઘાહ જોઇ તેઓ બોલ્યા કે શું આ ભલો-માણુસ હોય તો આ મુજબ ફટકા ખાય? આ કોઇ ખરોજ લુચો છે. મારો ભાઇ બુમ પાડવા લાગો કે અફસોસ મેં એટલું બધું તે શું પાપ કીધું કે એક વખત ખોટી રીતે બાંધી માર ખાધો, અને વળી બીજી વખત પણ આવી રીતે મને હકનાહક માર પડે છે.

તે ચાકરો મારા ભાઇનું કાંઇબી સાંભળ્યા વગર ત્યાનાં કોટવાલ પાસ લઇ ગયા. ત્યાં જતાંવાર મારો ભાઇ બોલવા લાગો કે સાહેબ તમારા આસરા હેઠળ હું છું. હું તદન નીરઅપરાધી છું. પણ પેલા

ચાકરો બોલ્યા કે જુવો સાહેબ એના બરડા ઉપર ફટકા જુવો, એ માણસ એવો લુચ્ચો છે કે લોકોનાં ઘરમાં ભરાઇને લોકોને જીવથી મારી નાખે છે. મારા ભાઇની કમર ઉપર ફટકાની નીશાની જોઇને કોટવાલની ખાતરી થઇ તેથી કરીને તેણે તરત હોકમ કીધો કે એને સો ફટકા બાંધી મારે. ત્યાર પછી તેને ગધેડા ઉપર બેસાડીને મોહલે મોહલે ફેરવ્યો કે જે શખ્સ લોકોનાં ઘરમાં ભરાઇ ચોરી કરે તેના આ મુજબ બુરા હાલ થાય છે. ત્યાંથી પણ તેને કાહાડી મુકેયો, અને છેલ્લે જ્યારે મને ખબર થઇ ત્યારે હું જઇને તેને છુપી રીતે અત્રે લઇ આવ્યો, અને તેની બરદાશત કરવા લાગો. તે હજામ બોલ્યો કે જેવી બીજી વાતોથી કલીફ હસ્તો હતો તેવો આ વાતથી તે ઘણોજ દલગીર થયો હતો. આ વાત પુરી કીધા પછી હું મારા પાંચમા ભાઇની વાર્તા નીચે મુજબ કરવા લાગ્યો:—

હજામના પાંચમા ભાઇ "અલનાશ્કર"ની વાર્તા.

સાહેબ, તમુને મેં આગળ કહ્યું છે કે મારા પાંચમા ભાઇનું નામ "અલનાશ્કર" કરી હતું. તે મારા બાપના વખતમાં ઘણોજ આળશુ હતો, અને રોજ હરામનું ખાવા હમેશાં તૈયાર થતો હતો. જ્યારે મારો બુઢો બાપ આ દુન્યાથી કુચ કરી પેલી મીનોઇ જેહાંનમાં ગયો ત્યારે સાતસો દીરમ વારસા તરીકે મુકી ગયો. હમે તે પૈસા ભાઈ ભાઇઓમાં વેંહેચી લીધા, અને એકકા જણને સોસો શીકવીન મળ્યા. મારા ભાઈ અલનાશ્કરે કોઇ દાહાડો એટલો બધો પૈસો જોયો નહીં હતો તેથી કરીને તે તદન ઘભરાઇ ગયો, અને તેણે એક વેપારીની દુકાને જઇ ગ્લાસ અને કાચનાં વાસણો ખરીદ કરવાનો ઠેડાવ કીધો. તેણે તે સામાન ખરીદ કરીને એક ન્હાની દુકાન ભાડે લીધી, અને ત્યાં એક ટોપલીમાં પેલો સામાન ભરી દેવાલે અઘેલીને ઘરાકની વાત જોતો બેઠો. તે દુકાન ઉપર બેસીને મોટે મોટે પોતાના મન સાથે વાત કરવા લાગો, જે વાત એક દરજી જે તેની પડોશમાં સીવતો હતો તેણે સાંભળી લીધી. મારો ભાઇ પોતાના મન સાથે બોલવા લાગો કે "આએ ટોપલીમાં એકશો શીકવીનનો માલ માત્ર હાલ મારી પાસે છે. જો હું એ છુટક વેચશ તો બસો શીકવીન થશે, અને આ બસો શીકવીનનો બીજો કાચનો સામાન ખરીદ કરીશ તો તેના ચારસો શીકવીન કરવાને હું શક્તીવાન થઇશ. એ પ્રમાણે આસ્તે આસ્તે હું ચાર હજાર શીકવીન એકઠા કરીશ, અને ચાર હજાર થયા કે પછી આઠ હજાર થતાં વાર શું? જેવો દશ હજાર શીકવીનનો હું ઘણી થઇશ તેવો આએ ધંધો છોડી દઇને ઝવેરીનો ધંધો કરીશ. ત્યાર પછી હીરા, મોતી, અને માણકનો મોટો વેપાર ચલાવીશ. મારી મરજી માફકનો જો મને પૈસો મળશે તો હું એક મોટું ઘેર ખરીદ કરીશ, ઘોડા ગાડી રાખીશ, અને કેટલાક ચાકરોને રાખીને હું આ દુન્યામાં મોટો ધોંધાટ કરી નાખીશ, અને બધા ગવૈયાઓને અને રામશગરોને મારે ઘેર ગાયન ગાવા બોલાવીશ. પણ જ્યાં સુધી એક લાખ દીરમ મારી પાસે થશે ત્યાં સુધી મારો ધંધો જારી રાખીશ, અને જ્યારે એટલો પૈસો થશે ત્યારે હું એક બાદશાહના જેટલો તંવગર ગણાઇશ. ત્યાર પછી વજીરની છોકરી સાથે પરણવાનું હું માગું મોકલીશ, અને તેને કેહેવાડીશ કે તેની છોકરી મને પસંદ પડેછે.

"અગરજો પેલો વજીર ના કેહેશે તો હું જઇને તેની છોકરીનો હાથ પકડી તેની ઓહોંસપર મારે ઘેર લાવશ. તેણીને મારે ઘેર લાવ્યા પછી હું એક જુવાન બાંડી ખરીદ કરી તેણીની આગળ રાખીશ, અને ત્યાર પછી એક ભપકાવાલા ઘોડા ઉપર શુનેરી સાજ નાંખીને શેહેરમાં ફરવા નીકલીશ, મારી આગલ પાછળ ચાકરોને ચલાવીશ, અને એવા ભારી ભપકામાં વજીરને ઘેર જઇશ કે સર્વે લોકો મારી તરફ જોશે, અને અજાયબીથી મને નમીને સલામ કરશે. જેવો હું વજીરના દાદર ઉપર ચહડીશ તેવો મારા ચાકરોને આગળ પાછળ ચલાવીશ તેથી મારો સસરો મને સામો લેવા આવશે, અને આઆપ

ખુરસી ઉપર બેસાડશે. ત્યાર પછી હું મારા સસરાને બેહજાર સુનાનાં શીકવીન આપીશ કે જેથી મારી સખાવતની વાત આખા ગામમાં પંથરાઈ જશે. ત્યાર પછી તેવીજ રીતે મારે ઘેર આવીશ, અને અગરજો મારી બાયડી મારી ઉપર કાંઇ ભેટ મોકલશે તો હું પાછી મોકલીશ, અને તેણીને એવો હોકમ કરીશ કે તે એક ઓરડામાં ભરાઇ રેહે, અને મારા પુછ્યા વગર કદી કાંઇ પણ કામ કરે નહીં, અને જ્યારે તેણીને હું મલવા જાવું, ત્યારે આબરૂથી મને લેવા આવે. હું રોજ નવાં નવાં કપડાં બદલીશ, અને જ્યારે સાંજ પડશે ત્યારે મારો વખત ગુજારવા મારી પ્યારી ધણીઆણી સાથે બેસીશ, પણ ઘણાજ મીજાજથી અને દમામથી હું ફરીશ, અને તેણીની સાથે કંઈ પણ બોલીશ નહીં. જ્યારે ચંદ્રમાં જેવી સોભિતી મારી માશુક સુંદર લેબાસમાં મારી આગળ આવશે ત્યારે હું તેણીની તરફ ડાબી નજરે જોઇશ પણ નહીં. જ્યારે તેણીની બાંડી મને કેહેશે કે શેઠ જરા તમારી બાનું સાથે વાત કરો, અને એઓ ઉભાં રહ્યાંછે તેમને તમારી પાસે બેસવા કહો ત્યારે હું કાંઇજ બોલીશ નહીં. તેથી તે બાંડીઓ વધારે દલગીર થશે, અને જ્યારે મારા પગ ઉપર માથું મુકી મારી માશુક માફ માંગશે ત્યારે જરા ડોલો ફેરવીને હું મારા ઓરડામાં જતો રહીશ.

"હું ઉઠી જઇશ ત્યારે પેલી ચાકરડીઓ વીચારશે કે મારી માશુકનો પોશાક સારો નહીં હશે તેથી હું ઉઠી ગયો હોઇશ તેથી વલી તે લોકો પોતાની બાઇને બીજો પોશાક બદલાવા લઇ જશે ત્યારે હું વળી નવોજ પોશાક પેહેરી બાહાર આવીશ. જ્યારે મારી પ્યારીને કપડાં પેહેરાવી તે લોકો બાહાર લાવશે ત્યારે વળી કાળાવાળા કરશે, પણ હું કાંઇ સાંભલનાર નથી. એ પ્રમાણે પરણવાને દાહાડેજ એવો ભપકો કરીશ તો પેલી જાણસે કે બાકીના દાહાડા પણ એવન એમજ ગુજારશે, અને તેથી હરદમ મારા તાબામાં રેહેશે. પરણ્યા પછી હું મારી બાંડીઓને પાંચસો શીકવીન વેંહેંચી આપીશ અને જ્યારે હું અને મારી માશુક આરામ કરવા જઇશું ત્યારે હું આખી રાત કોર મંડીને સુઇ રહીશ, અને એક બોલ પણ બોલીશ નહીં. મારી માશુક સવારના ઉઠીને પોતાની માની આગલ રાવ કરશે તેથી કરીને હું ઘણો ખુશી થઇશ. તેણીની મા આવીને મને આબરૂથી બોલાવશે; અને કેહેશે કે સાહેબ, કાંયકે જો કદાચ જમાઇ કરીને કેહે તો હું ચીરડાઇ જાવું, તેથી મને નમનતાઇથી હાથ પકડીને કેહેશે કે મારી છોકરી ઉપર મેહેરબાની રાખો, એ તમુને દીલોજાનથી ચાહે છે, અને તેથી એણીની ઉપર તમારી મેહેરબાની જોઇએ. જોકે મારી સાસુ એ પ્રમાણે મને નમનતાઇથી કેહેશે તોપણ તેણીનું હું સાંભળીશ નહીં ત્યારે મારી સાસુ મારા પગ ઉપર માથું મુકીને કેહેશે કે એ તમુને પોતાના જીગરથી ચાહેછે. હજુર પણ તેણીનું કહ્યું હું સાંભલીશ નહીં ત્યારે મારી બાયડીના હાથમાં શરાબનું પ્યાલું આપી મારી સાસુ કેહેશે કે જા તારા વરને આપ. તારે મારી બાયડી ધ્રુજતી ધ્રુજતી પ્યાલું લઇ મારી આગલ ઉભી રેહેશે, અને જ્યારે જોશે કે હું કાંઇ બોલતોજ નથી ત્યારે તે આંખમાં આંસું લાવી બોલશે કે પ્યારા જીગર, નામદાર શેઠ, એટલું મારે હાથનું કબુલ કરો. તોપણ હું કંઇ બોલીશ નહીં, જ્યારે મારી પ્યારી ઘણો બોંહોંસ કરશે, અને મને કેહેશે કે એટલું મારે ખાતર લેવો તારે હું ચીરડાઇ જઇને તેણીનાં મોહોડાં ઉપર એક મુકી મારીશ અને એક લાત એવી જોરથી મારીશ કે તે નીચે પડી જશે!"

મારો ભાઈ તો ખરેખર એવાજ વીચારમાં લીન થઈ બેઠેલો હતો તેથી ચીડમાં આવી જાણે પોતાની બાયડીને લાત મારતો હોય એમ એક એવી તો જોશમાં લાત મારી કે પેલો ટોપલો ઉડી ગયો ને બીચારાનું બધું બીલોર કામ રસ્તામાં પડી ભાગી ગયું. જ્યારે પેલો ટોપલો ઉડી ગયો, અને તે પેલા દરજીએ જોયું ત્યારે એકદમ હશી પડ્યો અને મારા ભાઇને કેહેવા લાગો કે એ કમબખત શું તુંને શરમ નહીં આવતી કે બીચારી ગરીબ બાયડીને વગર વાંકે તેં આવી રીતે લાત મારી? ખચીત તું કાંઇ કદર હેઠાંનો છે કે તે બીચારી રડે છે તોપણ તુંને દયા આવતી નથી, જો હું તારા સસરાની જગાએ હોતે તો તુંને સો ફટકા મરાવી આખા શેહેરમાં ફેરવતે.

હવે મારા ભાઈની સુદ્ધ ઠેકાણે આવી, અને પોતાની મગરૂરીમાં તેંને જે નુકસાન થયું તેથી તે ઝારએઝાર રડવા લાગો, અને મોહોડું માથું કુટવા લાગો તે જોઈ બધાં લોકો એકઠાં થયાં. કોઇ તો બીચારા અલનાશ્કર ઉપર દયા કરવા લાગો, અને કોઇ તો હસવા લાગો. તે બીચારાની મગરૂરી, અને દોલત બધું કયાં ઉડી ગયું તેની પણ તેને ખબર રહી નહીં. જ્યારે મારો ભાઇ પોતાની બેવકુફાઇ માટે ઝારએઝાર રડતો હતો ત્યારે ત્યાંથી એક મોભાદાર અને ઉંચા પોશાક સજેલી બાનું એક ખચ્ચર પર બેસીને જતી હતી તેની નજર ત્યાં થયલી ભીડ ઉપરથી મારા ભાઇ પર ખેંચાઇ અને તેણીની ત્યાં તે શું છે તે જોવા માટે થોભી અને તેણીએ તે કોણ છે અને શા માટે એટલો રડેછે તે વિશે પુછ્યું. ત્યાં ભેગાં મલેલાં લોકોએ કહ્યું તે ઘણો ગરીબ આદમી છે અને તેની પાસે જે થોડા ઘણા પૈસા હતા તેમાંથી ધંધો કરવા માટે તેને ગલાશકામ એક તોપલી ભરી ખંરીદયું હતું પણ તેના કમનસીબથી તે પડી જવાથી ભાગીને ભુકો થઇ ગયું તેથી તે નાચાર ને પૈ વનાનો થઇ ગયો છે. આ સાંભલીને તેણીને દયા આવ્યાથી તે પોતાના ગોલામ તરફ ફરી ને તેની પાસે જેટલા પૈસા હતા તેટલા મારા ભાઇને આપવા ફરમાવ્યું. તે ગોલામે તેણીના હોકમને તાબે થઇને મારા ભાઇના હાથમાં એક થેલી મુકી જેમાં સોનાના પાંચસો કકડા ભરેલા હતા. આ જોઇને અલનાશ્કરતો ખુશાલીથી ગોયા ફાટીજ ગયો. તેને પેલી બાનુંનો હજારો હજાર ઉપકાર માનયો અને પોતાની દુકાન જેમાં હવે કાંઇ બાકી હતું નહીં તે બંધ કરીને તે પોતાને મકાને ગયો.

એટલા બધા પૈસા સેહલાઇથી મલ્યા તેથી તે ઉપર તહરેવાર હવાઇ વિચાર કરતો હતો તેવામાં કોઇએ આવીને તેનું બારણું ઠોકયું. બારણું ઉગાડવાની આગાઉ તેણે પુછયું કે તું કોણ છે? જવાબમાં કોઇ સ્ત્રીનો અંવાજ આવ્યાથી તેણે તુરત બારણું ઉઘાડયું અને તે બાઇ બોલી કે મારા છોકરા તારી પાસે મારે એક મેહરબાની માંગવી છે. મારો ભાઇ જો કે તે ઓરતને ઓલખતો ન હતો તોપણ શું ફરમાશ છે તે પુછવા લાગ્યો. તેણીએ એક પાણીનું વાસણ માગ્યું, અને તેથી તરત પોતાના હાથ પગ સાફ કરી નીમાજ પઢવા લાગી. નીમાજ પઢયા પછી મારા ભાઇને કહ્યું કે ખોદા તુંને ફતેહમંદી બખશે. મારા ભાઇને જે પાંચસો સોનાના સીક્કા મલ્યા હતા તેથી તે ખુશાલીથી અર્ધો ગાંડો બની ગયો હતો અને દર પા પા કલાકે તે પેલી કોથલી ખોલી સીક્કા ગણી જોતો હતો.

પેલી સ્ત્રીનો પોશાક ઘણોજ સાદો અને મેલો હતો તેથી મારા ભાઇએ ધાર્યું કે તે કાંઇ ભીખ માંગતી હશે તેથી પોતાની કોથલીમાંથી સુનાના બે સીક્કા કાહાડી તે બુઢીને આપવા લાગો. તે જોઇ પેલી ઓરતે પોતાનો હાથ ખેંચી લીધો, અને બોલી કે એમ કરવાનું શું કારણ, હું કાંઇ મીસકીન ભીખારી જેવી નથી કે પારકા ઘરમાં ભરાઇને ભીખ માગું: મારી શેઠાણી એક તવંગર બાનું છે જેણાની પાસથી એટલો તો પૈસો મને મલે છે કે મને કાંઇ ગરજ રેહતી નથી. મારો ભાઇ મનમાં સમજતો ન હતો કે તે તેને લલચાવા સારૂં આવી છે તેથી બોલ્યો કે વારૂં તારે મેહેરબાની કરીને મારી સાથે તમારી બાઇને મુલાકાત કરાવશો. તે બોલી કે અરે મુલાકાત તો શું પણ તમો તેણીની સાથે પરણશો, અને પરણ્યાથી તેણી પોતાની દોલત સાથે તમારે સ્વાધીન થશે. વાસ્તે તમારા પૈસા તમો ઊંચા મુકો, અને મારી સાથે ચાલો. મારા ભાઇને એકાએક આવી બાયડી, અને આટલો બધો ખજાનો મલ્યો તેથી તદન ખુશી થઇ ગયો, અને પેલી ઓરતની પછવાડે પોતાના પૈસા લઇ ચાલવા માંડયું. તે લોકો એક મોટાં ઘેર આગળ આવ્યા કે જ્યાં પેલી ઓરતે બારણું ઠોકયું કે તરત એક દાસીએ તે ઊઘાડયું. પેલી બાયડીએ મારા ભાઇને એક મોટાં દીવાનખાનામાં બેસાડયો કે જેનો ભપકો જોઇને મારા ભાઇની ખાતરી થઇ કે આ કોઇ ઉમરાવનું મકાન છે. પેલી બુઢી ઓરત પોતાની શેઠાણીને ચેતાવવા ગઇ કે એક શખ્સ આવ્યો છે. તેટલામાં મારો ભાઇ કોચ ઉપર બેઠો, અને ગરમી પડતી હતી તેથી કરીને

પોતાની પાઘડી કાહાડીને પાસે મુકી. તરત પેલી ઓરત આવી લાગી, અને તેણીની ખુબસુરતી અને તેણીનો પોશાક જોઇ મારો ભાઇ અજબ થઇ ગયો. જેવી પેલીને આવતાં જોઇ તેવોજ મારો ભાઇ ઉભો થયો, અને સામે લેવા ગયો, પણ પેલીએ તેને પાછો બેસાડયો, અને તેની પાસે પોતે પણ બેઠક લીધી. થોડો વાર બેસીને તે બોલી કે ચાલો તમારો હાથ મને આપો આપણે સગવડે ગોફ્તેગો કરયે; એમ કરીને મારા ભાઇનો હાથ પકડીને તે એક બીજા ઓરડામાં લઇ ગઇ. થોડીઘણી ગોફ્તેગો કરીને પછી તે ચાલી ગઇ, અને બોલી કે હું હમણાં પાછી આઉછું. જરાવાર રહીને પેલી ઓરતને બદલે એક કાળો ઉંચો અને કદાવર હબશી હાથમાં તલવાર લઇને આવ્યો, અને બોલવા લાગો કે તું શું માગે છે? મારો ભાઇ તદન ફ્ગલાઇ ગયો, અને મુગો મુગો ઉભો; તેથી પેલા હબશીએ બધા સુનાના સીક્કા કે જે પેલી સખી બાનુંએ મારા ભાઇને આગલે દીવસે બક્ષેશ કીધા હતા, જે તેની કમરે બાંધેલા હતા, તે મારા ભાઇ પાસેથી લઇ લીધા, અને કેટલાક તલવારના ઘાહ મારી બીચારા મારા ભાઇને જમીન દોસ્ત કીધો. પેલા હબશીએ જાણ્યું કે હવે એ મરી ગયો હશે તેથી થોડુંક મીઠું મંગાવી મારા ભાઇના ઘાહ ઉપર સારી પેઠે લગાડયું, પછી તે જતો રહ્યો; અને પેલી બુઢી જે મારા ભાઇને ફુસલાવીને લઇ આવી હતી તે આવી, અને તેને ઘસડતી એક છુપાં ફાલકાં આગળ લઇ જઇને તે ઉઘાડયુ અને ત્યાં તેને એક ભોંયરામાં ફેંકી દીધો. મારા ભાઇએ ત્યાં કેટલાંક મુવેલાં માણસોને પડેલાં જોયાં તેથી તે ઘણો બીધો. તે બીચારો ત્યાં પડી ગયો, અને તેને વાગ્યું તેથી તે બેસુદ્ધ થઇ ગયો. પેલું બધુ મીઠું તેના ઘાહ ઉપર લગાડયું હતું તેથી તે જીવતો રહ્યો, અને જરા જરા તેને ચાલવાની શક્તી આવી ત્યારે એક રાતનાં પેલું બારણું ઉઘાડી સવાર પડે ત્યાં સુધી એક જગા ઉપર ભરાઇ રહ્યો, જ્યારે પેલી નાપાક બુઢીને મારા ભાઇએ સહવારનાં જોઇ કે જેણીએ આગલું બારણું ઉઘાડયું અને બીજા શેકારને શોધવા ચાલતી થઈ. જેવી પેલી ડોશી બાહાર ગઇ તેવોજ ત્યાંથી નીકલીને મારો ભાઇ મારે ત્યાં આવ્યો, અને મારી આગળ બધી વાત કરવા લાગો. એક મહીનામાં જુદી જુદી દવા લગાડીને મેં તેના ઘાહ રૂજવ્યા.

સારો થયા પછી પેલી બુઢી દદા ઉપર તે પોતાનું વેર લેવા તૈયાર થયો અને તેણે એક કોથલીમાં સુનાંના કટકાને બદલે કાચના કટકા ભર્યા. ત્યાર પછી તેણે પેલી કોથલી ગળે બાંધી, અને બીનો વેશ લઇને પોતાની પાસે એક છુપી તલવાર રાખી તે એક દાહાડો બાહાર ગયો અને પેલી નાપાક બુઢીને રસ્તામાં જતાં જોઇ તેણીને ઉભી રાખીને તેને પુછ્યું કે તારી પાસે એક તરાજુ હોય તો આપ, કાંયકે મારી પાસે પાંચસો સુનાનાં સીક્કા છે તે હું જોખવા માંગું છું, હું હમણાંજ ઇરાનથી આવી છું તેથી મને અત્રે કોઈ સાથે ઓલખ નથી. તે બુઢી બોલી કે બાઇ મારી સાથે આવો મારો છોકરો શરાફ છે તેની પાસે તમારા પૈસા જોખાવ્યે. તે બોલી કે જલદી ચાલો નહીં તો મારો છોકરો દુકાન ઉપર જતો રેહશે. એમ કહીને તે નાપાક બુઢી પાછી પેલાજ ઘરમાં મારા ભાઇને લઇ ગઇ કે જયાં બારણું ઠોકતાં પેલીજ જુની દાસીએ આવીને બારણું ઉગાડયું.

ઘરમાં જતાંવાર પેલીએ પાછો મારા ભાઇને એક ઓરડામાં બેસાડયો, અને પોતાનાં છોકરાને તેડવા ગઇ. પેલોજ લુચ્ચો હબશી તેનો છોકરો થઇને આવ્યો ને બોલ્યો ચાલ બુઢી બાઇ મારી સાથે આવ. ત્યારપછી જે જગાએ તેને પેલાએ માર માર્યો હતો ત્યાંજ લઇ ગયો. અલનાસ્કર ઉઠીને પછવાડે ચાલવા લાગો, અને જેવો પેલો હબશી આગલ ચાલતો હતો તેવામાં પછવાડેથી મારા ભાઇએ તલવાર કાહડી એક એવો ઝટકો માર્યો કે તેનું ડોકું એકદમ ઉરાડી નાખ્યું. ત્યારપછી પેલાનું શરીર, અને ધર પેલાંજ ભોયરાંમાં નાખ્યું. હમેશના રાબેતા પ્રમાણે પેલી ચાકરડી મીઠું લઇ આવી. તે અલનાસ્કરને તલવાર લઇ ગુસ્સામાં ઉભો રહેલો જોઇ પેલું વાસણ નાખી દઇ નાહાસી જવા લાગી, પણ અલનાસ્કર

તેણીની પછવાડે દોડયો અને તેણીનું ડોકું કાપી નાખ્યું. તે ઘોંઘાટ સાંભલી પેલી બુઢી ત્યાં આવી લાગી, પણ અલનાશ્કરે તેણીનો હાથ પકડી લીધો, ત્યારે તે બોલી કે ઓ કમબખત દદા તું કોણ છે? મારો ભાઇ બોલ્યો કે તું તે દાહાડે મારા ઘરમાં આવી હતી, અને બંદગી કરવાનું પાણી માંગ્યું હતું તે ધણી હુંજ છુ. તે સાંભલતાંવાર મારા ભાઇના પગ ઉપર માથું મુકીને તે માફ માંગવા લાગી, પણ મારા ભાઇએ તેણીને કાપીને ચાર ટુકડા કરી નાખ્યા. હવે તે ઘરમાં તો માત્ર પેલીની શેઠાણીજ રહેલી હતી, અને તેણીને કંશી વાતની ખબર ન હતી કે શું થયું છે. મારો ભાઇ તેણીને શોધવા ગયો, અને તેણીને તેણે એક ઓરડામાં બેઠેલી જોઇ. જેવો મારો ભાઇ ઓરડામાં ગયો તેવીજ તે બેસુદ્ધ થઇ ગઇ. તેણીએ કાળા-વાળા કરી કહ્યું કે મને ના માર. મારો ભાઈ બોલ્યો કે બાઇ આવાં નાપાક માણસો સાથે તું શું કરવા રહે છે? તે બોલવા લાગી કે હું એક તવંગર વેપારીની બાયડી હતી, અને આ નાપાક બુઢી મને મલવા આવ્યા કરતી હતી જેણીનાં કાવતરાંથી હું તદન અજાણી હતી. એક દાહાડે તે મને કેહેવા લાગી બાઇ મારે ઘેર આજ લગન છે વાસ્તે તે ખુશાલીમાં તમો જો ભાગ લેશો તો મારી ઉપર ઘણીજ મોટી મેહરબાની થશે. મેં તેણીનું કહ્યું કબુલ કીધું, અને સારો પોશાક પેહડીને સો સોનાના સીક્કા લઇને હું તેણીની સાથે આ ઘરમાં આવી કે જ્યાંકે પેલા પૈસા લુટી લઇને જોર જુલમથી મને ત્યાં રાખી, પણ તે વાતને આજ ત્રણ વરસ ગુજરી ગયાં છે. મારો ભાઇ બોલ્યો કે એ પ્રમાણે તો તેણે ઘણોજ પૈસો એકઠો કીધો હશે. તે બોલી કે હા તેણે પૈસો એટલો તો એકઠો કીધો છે કે ખાતાં ખુટે નહીં. મારી પછવાડે આવો હું તમુને દેખાડું. એમ કહીને પેલી મારા ભાઇને એક ઓરડામાં લઇ ગઇ, અને ઘણીએક સુનાની ભરેલી પેટી દેખડાવી, અને કહ્યું કે જાઓ થોડાંક માણસોને લઈ આવો કે તમારી

[જુવો પાસેના સફાનું ચિત્ર.

સાથે બધી પેટી ઉંચકી લઇ જાય. મારો ભાઇ તરત જઇ થોડાક હેલકરીઓને લઇ આવ્યો, અને લઇને અંદર જઇ જોય છે તો પેલા ઘેરનું બારણું ઉઘાડું પડેલું હતું, અને પેલા ઓરડામાં એકબી પેટી નહીં. પેલી બાઈ ઘણી પક્કી હતી તેથી મારો ભાઈ આવે તેટલાં તો બધી પેટીઓ સપાત થઇ ગઇ. પેલા હેલકરીઓ પાછા ખાલી હાથે નહીં જાય એટલા વાસ્તે ઘેરનો સામાન સર્વે ઊંચકાવીને તે લઇ ગયો, અને પોતનાં પાનસો શીકવીનની કીંમત વાળી નાખી, પણ મારો ભાઇ બધા હેલકરીઓ પાસે સામાન લઇ જતો હતો તેથી આસપાસનાં લોકોને શક ગયો તેથી કોટવાલને જઇને ચેતાવી આવ્યાં. તે દાહાડે તો આખી રાત અલનાશ્કરે ખુશીમાં ગુજારી પણ બીજે દાહાડે સવારના જેવો બાહાર જાય છે તેવામાં કોટવાલના વીસ માણુસોએ આવીને તેને પકડયો. તે લોકો બોલવા લાગા કે ચાલો અમારી સાથે આવો. મારા ભાઇએ તે લોકોને લાંચ આપી છુટી જવાની તજવીજ કીધી પણ તે લોકોએ તેનું કાંઇ માન્યું નહીં, અને તેઓ અલનાશ્કરને બાંધીને લઈ ગયા.

જેવો મારો ભાઇ કોટવાલની હજુરમાં આવી ઉભો તેવોજ કોટવાલ બોલવા લાગો કે ખરૂં બોલજે કે કાલે તું પેલો સામાન તારે ઘેર લઇ ગયો છે તે ક્યાંથી લાવ્યો? મારો ભાઇ બોલ્યો કે સાહેબ હું બધું ખરેખરૂં કહીશ, પણ હું માંગી લઉ છું કે મને માફ કરવું વાસ્તે તમારો કોળ આપો. કોટવાલે પોતાનો કોળ આપ્યો. ત્યારપછી અવલથી તે આખર સુધીની વાત બધી માંડીને મારા ભાઇએ કોટ-વાલની આગલ વાર્તા કહી, અને બોલ્યો કે આ સામન લાવ્યો છે તેનું કારણ એ કે મારા પૈસા વળી જાય, પણ પેલા કોટવાલે બધો સામન મારા ભાઇ પાસેથી લઇ લીધો, અને તે કલીફની આગળ મબાદા ફરીયાદ જાય તેટલા માટે તેને તરત શેહેર બાહાર જવાનો હોકમ કીધો. બીચારો મારો ભાઇ ગુપચુપ શેહેર છોડી પરદેશ જવા લાગો, પણ વલી પુરી કમબખ્તીમાં તો તે ત્યારે પડયો કે જ્યારે

તેમના પાંચમાં ભાઇ "અલનાશકર" ની વાર્તા.

'અલનાશકર' સોનાની પેટીઓ જોઇ છક થાય છે!



"પછી ઓરત મારા ભાઈને એક ઓરડામાં લઈ ગઈ, અને ઘણીએક સુનાની ભરેલી પેટીઓ દેખાડી."

[જુઓ સફો ૨૫૪.

ચોરોએ તેને તદન નાગો કરી લુટી લીધો. તે વાતની જ્યારે મને ખબર થઇ ત્યારે વલી ત્યાં હું ગયો, અને તેને કપડાં પેહેરાવી મારે ત્યાં લાવી મારા બીજા ભાઇઓની માફક તેની બરદાશ્ત કરવા લાગો.

હજામના છઠ્ઠા ભાઇ 'શાકબક' ની વાર્તા.

હવે ફકત મારા છઠ્ઠા ભાઇની વાત કરવાની બાકી રહી છે કે જેનું નામ "શાકબક" હતું. થોડુંએક સુધી જે સો દરામ અમારા બાપનાં વારસામાં તેને મલ્યા હતા તેનો રોજગાર કરી પોતાનું પેટ પુરતું ગુજરાન ચલાવતો હતો, પણ તેવામાં કમનસીબીથી તેના તમામ પૈસા જતા રહ્યા તેથી તે નાચારે ભીખ માગવા લાગ્યો. ભીખ માગવાના વિચારથી તે જેનાં તેનાં ઘરમાં ઘુસ્તો હતો. એક દાહાડે એક મોટી ઇમારત આગળથી તે ચાલી જતો હતો તેવામાં બારણાંમાંથી જોયું તો કેટલાક ચાકરો ચોકમાં ઉભેલા હતા. તે અંદર ભરાયો, અને એક ચાકરને પુછ્યું કે આ મેહેલ કોણનો છે? તે ચાકરે જવાબ આપ્યો કે ભલા માણુસ તુ ક્યાંથી આવ્યો છે કે એ સવાલ પુછે છે? ન્હાનું બચુંબી તને કેહેશે કે આ મેહેલનો ધણી 'બરમીસાઇદ' છે. મારા ભાઇને ખબર હતી કે 'બરમીસાઇદો' ઘણા સખી હોય છે તેથી તે તરત તે ધણી આગળ પૈસા માંગવા ગયો. પેલા ચાકરો પોતાનાં ધણી પાસે તેને લઇ ગયા, પણ તે મેહલ એટલો તો મોટો હતો કે જે ઓરડામાં પેલો ઘરધણી બેઠેલો હતો ત્યાં જવાને કેટલોક ઘેરાવો લેવો પડયો. પેલો ઓરડો તમામ સંગેમરમરનાં પથરની દેવાલોથી બાંધેલો હતો. તેની આસપાસ એક અતીઘણો મોટો ગંજાવર ખુશનુમાં બાગ બનાવેલો હતો જેમાં તરેહ તરેહનાં ફુલો પોતાના સુંદર દેખાવથી ખીલી રહ્યાં હતાં. જુદી જુદી જગાએ ઠંડકને વાસ્તે પાણીનાં ફુવારા ઉડતા હતા. તે આગળ ચાલ્યો તો એક દીવાનખાનામાં એક બુઢા મરદને બેઠેલો તેણે જોયો. મારા ભાઇએ વીચાર્યું કે એજ ઘરધણી હશે, કાંયકે તેણે ખુશીથી મારા ભાઇને આદરમાન આપ્યું અને પુછ્યું કે તમુને શું જોઇએ છે? મારો ભાઇ ઘરધણીની દયા ઉપજાવવા સારૂં રડવા જેવો થઇને બોલ્યો કે સાહેબ હું ઘણોજ ગરીબ માણુસ છું વાસ્તે તમારા જેવા નેક, અને તવંગર માણુસ તરફથી સખાવત મેલવવાની આશાથી હાંસુધી આવ્યો છું. હું તમારી પાસે નહીં આવું તો કોણ પાસે જાઉ? તે બરમીસાઇદ મારા ભાઇને એ પ્રમાણે બોલતો સાંભલીને તદન અજાયબ થઇ ગયો, અને પોતાની છાતી ઉપર હાથ મુકીને બોલવા લાગો કે અરે એવું કદાચ બને કે હું બગદાદ શેહેરમાં રહું અને તેજ શેહેરનો રેહેનારો એ પ્રમાણે દુઃખ ભોગવે? વાસ્તે મારેથી કદી એવું ખમાય નહીં. મારા ભાઇએ તેનાં એવા બોલવા ઉપરથી જ્યારે તેને ઘણા ઘણા આશીરવાદ દીધા ત્યારે તે બરમીસાઇદ બોલ્યો કે હવે આપણે એક બીજાથી કદી પણ છુટા પડશું નહીં. મારા ભાઇએ ખોલાશો કીધો કે સાહેબ હું આજ આખા દહાડાનો ભુખો છું તે ઉપરથી પેલાએ મોટે હાંક મારી એક ચાકરને ફરમાવ્યું કે હાથ ધોવાનું પાણી લાવ. કેટલોક વાર થઇ ગયો પણ કોઇબી ચાકર પાણી લાવ્યો નહીં ત્યારે પેલો ઘેરધણી અમથોજ હાથ ધોવા લાગો, અને મારા ભાઇને કેહેવા લાગો કે ચાલો તમે પણ હાથ ધોવો. મારા ભાઇએ ધાર્યું કે પૈસાવાલા ગરીબ સાથે વારેઘડીએ મશકરી કરે છે તેમ એ પણ મશકરી કરતો હશે તેથી તેની આગળ ગયો અને હાથ ધોવા લાગો. પછી પેલો ઘરધણી બુમ પાડી ખાણું માંગવા લાગ્યો, પણ ખાણું તો કાંઇ આવ્યું નહીં તેથી વળી જાણે આગળ ખાણું મુકયું હોય તેમ પેલો તેમાંથી રોટી ભાંજી મોહોડાંમાં બુક મુકી ચાવવા લાગો, અને મારા ભાઇને કહ્યું કે બેલાશક ખાવો કાંઇ શરમાશો નાં. મારો ભાઇ બોલ્યો કે સાહેબ હું ખાતો નહીં તો શું કરૂ છું. જો કે આગલ કાંઇ ખાવાનું તો મળે નહીં તે પણ બીચારો મારો ભાઇ પેલાની આગલ ખાલીજ બોલતો હતો કે હું ખાઉ છું. પેલા ઘેરધણીએ પુછ્યું કે રોટી કેવી લાગેછે? મારો ભાઇ બોલ્યો કે સાહેબ ઘણીજ સરસ એવી કોઇ દાહાડે

મેં ચાખી હતીબી નહીં. તે ઘરધણીએ ત્યાં કહ્યું કે જે ચાકરે એ રોટી બનાવીછે તેને મેં પાંચસો સુનાનાં સીકા આપ્યા છે. ત્યારપછી તે પેલા ચાકરની વખાણ કરવા લાગ્યો, પણ મારો ભાઇ તો રોટી સ્વપ્નામાંજ ખાતો હતો! વળી પેલાએ બીજી રકાબી માંગી, અને જો કે ત્યાં કાંઇ મળે નહીં તો પણ વળી મારા ભાઇને પેલાએ કહ્યું કે વારૂં સાહેબ આએ ગોશની વાણી તો ચાખી જોવો કેહેવી લાગે છે? મારો ભાઇ શરમાંશરમીમાં બોલ્યો કે સાહેબ ઘણીજ સ્વાદ લાગે છે! ત્યારપછી તરેહ તરેહની વાંણીઓ તેણે મોહડેથી મંગાવ્યા કીધી કે જે ખાબમાંજ આવતી હતી. જે જે બુકો પેલો મારા ભાઇનાં મોહોડામાં મુકતો તે ખાઇને બીચારો તે બોલતો કે આ વાણી ઘણીજ સ્વાદદાર છે તેથી તે બીજી વાંણીઓને વાસ્તે બુમ મારતો પણ સઘલી હવામાં આવીને હવામાંજ ગુમ થતી હતી પણ આવીને સુફરાપર પડતી નહીં હતી. મારો ભાઇ અંતે બોલ્યો કે સાહેબ હવે ઘણું થયું બસ મારેથી ખાતાં ખવાતું નથી. ત્યારપછી જાણે ચાકરો આવીને બધી ખાધેલી રકાબી ઉંચકી લેતા હોય તેમ જરા વાર લગાડીને મારા ભાઇને પેલાએ કહ્યું કે આ સર્વે મેવો ને ફળફળાદી છે તે ચાલો આપણે ચાખ્યે. ત્યાં પછી મારો ભાઇ બોલ્યો કે સાહેબ આપણે તો પેટ ભરીને ખાધું છે, અને હવે મારીથી કાંઇ ખવાવાનું નથી. ત્યારે તે બોલ્યો કે ચાલો આપણે શરાબ નોશ કરયે. મારા ભાઈએ કહ્યું કે સાહેબ મને આ વાત માટે માફ કરો તો ઘણું સારૂં કાંયકે હું શરાબ બીલકુલ મોહપર મુકતો નથી. તે ઘેર ધણી ઘણીજ બોંહોંસ કરવા લાગ્યો ત્યારે મારો ભાઇ બોલ્યો કે સાહેબ તમારી ખાતરને વાસ્તે હું થોડો પીવશ, પણ મને પીવાની ટેવ નથી તેથી મબાદા શરાબની ઝુમમાં કાંઇ મોહમાંથી આડુ અવળું બોલાઇ જશે.

આટલું કેહેતાં છતાં તે ઘેર ધણીએ ઘણીજ બોંહોંસ કીધી, અને પોતે પેહેલે એક પ્યાલું નોશ કીધું પછી બીજું મારા ભાઇને આપીને કહ્યું કે આ મારી પોતાની સલામતીમાં લેવો. મારા ભાઇએ પેલું પ્યાલું કે જે માત્ર હવામાંજ હતું તે લીધું, અને જાણે તેને સુંઘતો હોય તેમ નાખ આગળ લઇ ગયો, પછી સલામ કરી તેમાંનો શરાબ નોશ કીધો, અને બોલ્યો કે આ શરાબ ઘણોજ સરસ છે કે તે પીધેલો બીલકુલ માલુમ પડતો નથી. પેલો ઘેર ધણી બોલ્યો કે મારી પાસે તરેહ તરેહનો શરાબછે. એથી વધારે જલદ જોઇતો હોય તો તે મંગાવી આપું. એમ કહીને જાણે બીજો શરાબ આવી પુગો હોય તેમ ફરીથી બીજું પ્યાલું ભરી મારા ભાઇને આપ્યું. આ વખતે જાણે કે શરાબ ચહડી ગયો હોય તેમ મારા ભાઇએ છાકતો થવાનું બાહાણું કાહડયું તે ઉભો થયો, અને એક એવીતો જોરથી પેલા ઘેર ધણીને મુક્કી મારી કે તે નીચે પડયો તે વળી બીજી મુક્કી મારવા જતો હતો તેવામાં પેલાએ હાથ ધરી લીધો, અને બોલ્યો કે તું ગાંડો થયો છે કે શું? મારો ભાઇ બોલ્યો કે સાહેબ તમોને મેં પેહેલેજ કહ્યું હતું કે મને શરાબની બોંહોંસ ના કરો. પેલો ઘેર ધણી ગુસ્સે થવાને બદલે ઉઠીને હશી પડયો, અને મારા ભાઇને કેહેવા લાગો કે તમારા સ્વભાવનું માણસ મેં ઘણું સુધી સોધ્યું. પણ આજેજ તમો મળી આવ્યા છો કાંયકે હું અજબ થાઉછું કે જ્યાં સુધી મેં તમુને કહ્યું ત્યાં સુધી તમો તમારો જુસ્સો સમાવી શકયા.

આપણે આટલો વાર ખાતા હતા તે કાંઈ ખરેખરૂં ખાવાનું નહીં હતું. જો તમારી જગોએ કોઇ બીજો હોત તો ખચીત ચીરડાઇ જતે પણ તમે તેમ કીધું નથી. હવે મારી ખાતરી થઇ કે તમારા જેવો દોસ્ત મળવો મુશકેળ છે, તેથી તમુને હું અરજ કરૂછું કે આપણે આજથી હમેશાં સાથે રેહેશું અને કદી પણ છુટા પડશું નહીં.

ચાલો હવે આપણે સાથે ખાઇએ, અને તે અલ્લાના હજારો હજાર શુકરાના કરયે. તરત તે બુજોરગ બરમીસાઇદે તાબડા ફોબ્યા, અને કેટલાક ચાકરો નીકલી આવ્યા જેઓએ તરત તેબલ બીછાવી, અને

જેહાંગીર કરાંણીવાલી અરેબીયન નાઇટ્સ.

હજામના છઠ્ઠા ભાઇ ‘શાકબક’ની વાર્તા

‘બરમીસાઇડ’ અને ‘શાકબક’ની મુલાકાત.



[illegible]

[illegible]

જેટલી વાંણી પેહેલી તેઓએ સ્વપ્ના તરીકે ખાધી હતી તેટલીજ વાંણીની રકાબીઓ ખરેખરી આ વખત પીરસવામાં આવી. તે ન્યામત ખાણું ખાઇ રહ્યા પછી નોકરોએ ખાણાની રકાબી ઉંચકી લીધી, અને શરાબનો દોર શરૂ થયો, અને તરેહ તરેહની રામશગરોનો નાચ અને ગાયનના જલસા થવા લાગ્યા. ત્યાર પછી ઘણીજ સારી રીતે તે ઘેરધણીએ મારા ભાઇ સાથે ચાલ ચલાવી.

મારો ભાઇ જરા હુસ્યાર હતો તેથી સઘળો ઘરનો કારભાર પેલા ધણીએ તેને સોંપ્યો. કેટલાંક વરશ પછી પેલો બુઢો મરણ પાંમ્યો, અને તેનો કોઇ વારેશ નહીં હતો તેથી પોતાની સઘલી દોલત સરકારને હવાલે થઇ, પણ સરકારે તેની તમામ દોલત લેતાં મારા ભાઇને દમડી વગરનો કરી મુકયો. વળી મારો ભાઇ પાછો પોતાની આગળી કંગાલ હાલત ઉપર આવી ગયો અને કેટલાક લોકો સાથે માંગી તાંગીને મક્કા શેહેરમાં હજ કરવા ગયો, પણ રસ્તામાં તેઓને લુટારાઓએ લુટી લીધા, તેથી મારો ભાઇ ગુલામ દાખલ પકડાયો, જ્યારથી તે કેદ પકડાયો ત્યારથી એક બીદુઇન આરબનો તે ગુલામ થઇ રહ્યો. તે લુટારો મારા ભાઇને જેમ બને તેમ માર મારવા લાગ્યો કે કાંઇબી કરી તે પૈસા આપીને છુટી જાય, પણ મારા ભાઇએ કહ્યું કે હું ઘણો ગરીબ છું અને મારેથી કદી પણ પૈસા અપાશે નહીં તેથી તેની ઉપર રોજ ચાબકાનો માર પડવા લાગ્યો. અંતે તેના હોટ કાપી નાખ્યા.

તે લુટારાના બીદુઇનની એક ઘણી ખુબસુરત બાયડી હતી. જ્યાં સઘલાઓ બીજી લુટ લેવા ગયા ત્યારે મારા ભાઇને તે બીદુઇન પોતાની બાઇડી આગળ રાખી ગયો ત્યારે તે બાયડી મારા ભાઇને ધીરજ આપવા લાગી, અને પ્યારથી કેહેવા લાગી કે તમો કાંઇ ફકર કરશો ના, હું તમારી ઉપર આશક છું. પણ બીચારો મારો ભાઇ બીધો કે રખે પેલો લુટારો જાણે તો તેને માર ખાવો પડે તેથી જેમ બને તેમ તે પેલી બાઇથી દુર રેહેનો, પણ તે બાઇ ઘણીજ મોહોબતમાં હોવાથી તેનો પ્યાર મેલવવાની કોશેશ કરતીજ રહી તેથી આસ્તે આસ્તે મારો ભાઇ જરા જરા હલી મલી જવા લાગ્યો, અને પોતાનો વખત પેલી સ્ત્રી સાથે ખુશ ગોફતેગોમાં ગુજારવા લાગ્યો. જ્યારે પેલો લુટારો પોતાની મુસાફરીથી પાછો આવ્યો, ત્યારે એક દીવસે તેની બાયડી જે મારા ભાઇની મોહોબતમાં ગીરફતાર થયલી હતી તે પોતાના ધણીની હાજરીબી ભુલી ગઇ અને મારા ભાઇ સાથે પ્યારથી વાત કરવા લાગી. તેથી તે બીદુઇન એકદમ ચીરડાઇ ગયો અને તરત મારા ભાઇને સજ્જર માર માર્યો અને તેને એક પાહાડ ઉપર મુકી આવ્યો કે જ્યાંથી બગદાદ શેહેરમાં જવાનો રસ્તો હતો. કેટલાક મુશાફરોએ એ બાબદ મને જણાવી તેથી હું જઇને તેને મારે ઘેર લઇ આવ્યો.

પેલો હજામ શેવટે બોલ્યો "આ મુજબ મેં મારા છ ભાઇઓની વાત કાલીફ "મોસ્તાન્સર બીલ્લ"ને કહી સંભલાવી, જેથી કાલીફ ઘણોજ ખુશી થયો અને મારી ચાલચલણથી ઘણોજ રાજી થયલો દેખાયો. તે મારા ભાઇઓની વાત યાદ કરતાં ઘણોજ હસ્તો હતો. તે નામદારે મને કહ્યું કે તારૂં નામ 'ગુપચુપ' આપવામાં ઘણી અક્કલ ખરચાઇ છે, કારણકે તે નામને તું પુરતો લાયક છે એમ કોઇબી કબુલ કર્યા વગર રેહશે નહીં. તોપણ મને કાંઇ ખાનગી કારણસર તુને હોકમ કરવો પડે છે કે આ શેહેર તારે તુરત છોડી જવું." મને આ હોકમ મુજબ તુરત અમલ કરવો પડયો અને હું જુદાં જુદાં શેહેરોમાં ઘણાં વરસ સુધી રખડ્યા કીધો. છેલ્લે મને જ્યારે ખબર મલી કે તે કાલીફ તો મરણ પામ્યો છે ત્યારે પાછો શેહેરમાં આવ્યો અને ત્યાં આ લંગડા જવાનની મેં કેવી સેવા બજાવી તે તો તમો જાણો છો. તોપણ તમોએ જોયું કે તે મારી સાથે કેવી નાલાયક ચાલ ચાલાવે છે. મારો સામો ઉપકાર માનવાને બદલે તેણે પોતાનું સ્વદેશ છોડયું કે હું તેની નજરથી દુર રહું. પણ તેને જેવું બગદાદ છોડયું કે હું તેની પુઠે તેની શોધમાં નીકલી પડયો. જો કે મને બીલકુલ ખબર નહીં હતી કે તે કયે રસ્તે અને ક્યાં શેહેર તરફ કુછ કરી ગયો છે? મેં શેહેરોનાં શેહેરો વટાવ્યાં અને આજ દીને એકાએક તે મને આ મેલા-

વડામાં મલી આવ્યો; જ્યાં મેં તેને મળવાની થોડીજ આશા રાખી હતી. વલી મને આશા નહી હતી કે તે મારી ઉપર આટલો બધો ગુસ્સે થયલો છે.

આ મુજબ કાશગરના સુલતાન આગલ પેલા દરજીએ લંગડાની તથા હજામના ભાઇઓની વાર્તા કહી સંભળાવ્યા પછી બોલ્યો કે:—

તે હજામે પોતાની વાર્તા પુરી કીધા પછી અમોએ જોયું કે પેલા લંગડાએ જેમ કહ્યું હતું કે તે મોટો ટકટકયો છે તે કોઇબી રીતે ખોટું નહીં હતું. તોપણ અમોએ ઇચ્છયું કે તે અમારી જયાફતમાં શામેલ થાય અને અમારી સાથે ખાણું ખાય. અમોએ નીમાજ પઢવાનો વખત થયો ત્યાં સુધી ખાણાંની તેબલને અચ્છો ઇનસાફ આપ્યો, પછી સર્વે મેજબાનો છુટા પડયા અને હું મારી દુકાન પર જઇ બેઠો અને જયાં સુધી મારી દુકાન બંધ કરવાનો વખત થયો ત્યાં સુધી ત્યાં બેઠો. તેટલાં પેલો ન્હાનો ખુંધો માણુસ મારી દુકાનપર અર્ધો છાકટો જેવો આવ્યો અને મારી દુકાનનાં બાંક પર બેસી પોતાના ઘોલક સાથે ગાયન ગાવા લાગ્યો. મેં વિચાર્યું કે જો હું તેને મારે ઘર લઇ જઇશ તો મને તેમજ મારી બાયડીનેબી ઘણી ગમત પડશે, તેથી મેં તેને મારા ઘરમાં આવવા માટે તેડું કીધું. મારા ઘરમાં જવા પછી મારી બાયડીએ એક સરસ માછલીની વાંણીની રકાબી ખાવા મોકલાવી તેમાંથી થોડીક માછલી મેં તે ખુંધાને ખાવા આપી જે તે એકેદમ કાંટા કાહડયા વગર ચાંપવા મંડી ગયો અને થોડીક પલમાં તો તે બેશુદ્ધ થઇને પડી ગયો. અમોએ તેણે હુશીઆર કરવાને ઘણા ઉપાયો લીધા પણ ફોકટ ગયા. આ પારકી પીડા અમારી ઉપર જે એકાએક આફત લાવી તેથી અમો તદન ગભરાટમાં પડી ગયાં અને બીજો કાંઇ ઉપાય નહીં સુજવાથી અમો યાહુદી દાકતરના ઘરમાં ખુંધાને નાખી આવ્યાં અને ત્યાર પછી શું શું બન્યું તે તો તમો નામદારને સર્વે રોશન છે. યાહુદીએ તેલવાલાને ત્યાં અને તેલવાલાએ રસ્તમાં એ રીતે ખુંધાનાં મુડદાંને રખડાવ્યું અને ત્યાંથી ખ્રીસ્તી વેપારીને માંથે ખુનનો દાવો આવી પડયો, તે પછી ખરા ગુનાહગાર તરીકે સેવટે હું જાહેર થયો છું. હવે નામદાર સુલતાન તમારા ગુસ્સા ઉપર અમારાં મરણ જીવનનો આધાર રહ્યો છે. તમો નામદારે તમારો ગુસ્સો નરમ પાડ્યો હોય અને તમો મારી કીધેલી વાતથી ખુશ થયા હોવો તો અમોને જીવતદાન બક્ષેશ કરવાની મેહરબાની નવાજેશ કરો."

કાશગરના સુલતાનના ખુશ દેખાવ ઉપરથી દરજીને તથા તેનાં જોડીઆઓને હીંમત આવી કે હવે તેઓના જાન જોખમમાં નથી. સુલતાન બોલ્યો "હું કબુલ કરૂં છું પેલા લંગડાની, જવાનની તથા હજામ ને તેના છ ભાઇઓની વાર્તાએ મને ખુશ કીધો છે અને તમો ચારે જનાને છોડી દેતાં એટલોજ હોકમ કરૂં છું કે આ ખુંધાને સેવટની આરામગાહમાં દફન કરવો અને પેલો હજામ જે હજુર સુધી આ શેહરમાંજ હોવો જોઇએ તેને સોધી લાવીને મારી હજુરમાં ઉભો કરવો." સુલતાને પોતાના એક સવારને દરજીની સાથે રવાને કીધો કે પેલા "ગુપચુપ" હજામને સોધી કાહડે.

પેલો દરજી તથા સવાર થોડાજવારમાં "ગુપચુપ" હજામને લઇને કાશગરના સુલતાન હજુર આવી પુગ્યા. તે નેવું વરસનો એક ઘરડો માણુસ હતો. તેની દહાડી તથા ભવાં બરફ જેવાં સફેદ હતાં તેનાં કાન તેના ખભાં ઉપર લટકતા હતા ને તેનું નાંખ ઘણું લાંબુ ને અનીઆરૂં હતું. તેનો દેખાવ જોતાં સુલતાન મુશકેલે પોતાનું હસવું થોભાવી શકયો. તે બોલ્યો ઓ "ગુપ ચુપ" નો ખેતાબ ધરાવનાર બુજોરગ મને માલમ પડયું છે, કે તું ઘણી અજાયબ જેવી વાર્તા કહી જાણે છે માટે મારી ખાયશ છે કે એક વાર્તા તું મારી આગલ કહી સંભલાવે." તે હજામ નમીને બોલ્યો કે ઓ નામદાર સુલતાન જો તમારી ખાયશ છે તો એકને બદલે એકવીસ વાર્તા તમો નામદારને કહી સંભલાવીશ,

ણું તેની અગાઉ એક સવાલ પુછવાની મને મેહેરબાની કરીને તમો રજા આપશો અને મને મેહેરબાની કરીને કેહેશો કે શું કારણસર આ ખ્રીસ્તી, આ યાહુદી, અને આ મુશલમાન તમારી હજુરમાં ખડા છે. અને આ ખુંધો જે જમીનપર પડયો છે તેનો શો સબબ છે?" હજામની બોલ્લી બોલી સાંભલી સુલતાન મુછમાં હસ્યો અને બોલ્યો, "તેનું તને શું કામ છે?" તેથી હજામ બોલ્યો કે "ઓ નામદાર સુલતાન મને પુછવાનું કારણ એટલુંજ કે મને જે "ગુપચુપ"નો ખેતાબ મલ્યો છે તે કેટલો ખરો છે તેની ખાતરી આપવી! કાશગરના સુલતાને મેહેરબાનીની રાહે પેલા હજામની જીજ્ઞાસા પુરી પાડી અને તેને પેલા ન્હાના ખુંધાની તમામ હકીકત કહી સંભલાવવાનો હુકમ કીધો જે પેલા હજામે ઘણા ધ્યાનથી સાંભલીઓ. જ્યારે તેણે બધી હકીકત બરાબર સાંભલી ત્યારે માથું ધુણાવ્યું અને ગોયા તેના ધ્યાનમાં તે વાત ઉતરી નહીં હતી એમ તેના ચેહેરા ઉપરથી જણાવવા લાગ્યું. તે બોલ્યો "ખરેખર આ વાત બહુ અજાયબ છે પણ મારે બરાબર રીતે આ ન્હાના ખુંધાની લાશ તપાસવી જોઇએ." તે પછી પેલી લાશ આગલ ગયો અને જમીનપર બેઠો. તેને પેલા ખુંધાનું માથું પોતાના બંને ગુઠણો વચે ધર્યું અને ઘણા ધ્યાનથી તપાસ્યું. પછી એટલો તો મોટેથી હસી પડયો અને એટલો ખુશ થઇ ગયો કે તે કાશગરના સુલતાનની હજુરમાં છે તેબી ભુલી ગયો અને હસતાં હસતાં ભોંયપર પડી ગયો. પછી પાછો હસતો હસતો જમીન પરથી ઉઠયો ને બોલ્યો "તમો ગમે તે કહો પણ કોઇ બાહાનાં વગર મરણ પામતો નથી, 'હીલ્લે રોજી અને બાહાને મોત' એ કેહવત મશહુર છે. આ ન્હાના ખુંધાની વાર્તા ખરેખર સોનેરી અક્ષરે જાલવી રાખવા જોગ છે."

આ સખુનો સાંભલી આખી દરબાર વિચારવા લાગી કે કાં તો આ "ગુપચુપ" હજામ દીવાનો છે કાં તો ઘોંગી છે. જ્યારે કાશગરના સુલતાને હજામને તેના બેઅખત્યાર હસવાનો સબબ પુછયો ત્યારે તે હજામ બોલ્યો કે "આ તમારો ન્હાનો ખુંધો મશકેરો મરણ પાંમેલો નથી! પણ હજુ જીવતો છે." સર્વે હાજર રહેલા હજામની વાત સાંભલી ઘણા અજાયબ થયા, પછી હજામે પોતાની પાસેથી એક દવાનો ભરેલો દાબડો કાહાડયો જેમાં તરેહવાર જાતની દવા તથા મલમો ભરેલા હતા. તેમાંથી એક જાતનો મલમ કાહાડી પેલા ખુંધાની ગરદન ઉપર ખુબ તરેહથી મસલ્યો, પછી એક ચીપીઓ લઈ તેનું મોહ પોહોલું કરીને તેના ગલાંમાંથી એક કાંટો ખેંચી કાહડયો અને સર્વેને દેખાડયો. જેવો પેલો કાંટો બાહર આવ્યો કે ખુંધો જરા જરા હીલવા લાગ્યો, અને એક પછી એક અવાચી ખાવા લાગ્યો, અને જાણે કેટલાક વખતની ઉંઘમાંથી ઉઠયો હોય તેમ શેવતે ઉઠીને ઉભો થયો! સર્વે અજાયબ થવા લાગ્યા કે જે ઘણી બે દીવસ સુધી મુંડદાં તરીકે પડી રહ્યો હતો તે જીવતો ખડો થયો. સર્વે તે હજામનો વાંક અને બકબક ભુલી ગયા અને તેની કાબેલ્યતની તારીફ કરવા લાગ્યા. સુલતાન પોતાના પ્યારા ખુંધાને જીવતો જોઇ ઘણોજ ખુશ થઇ ગયો અને તેથી પેલા ખ્રીસ્તી વેપારીને, સુલતાનના ઘી તેલવાલાને, યાહુદી દાકતરને, તથા દરજીને અકેકો સરપાવ આપવાનો હોકમ કીધો, અને સર્વે હકીકત પોતાના દરબારી દફતરમાં સોનેરી હરૂફે લખી લેવાનો હોકમ કીધો; અને પેલા હજામને પોતાની દરબારમાં સારો મુસારો આપતો કરી રાખ્યો.

આ મુજબ **સુલતાના શેહરાઝાદીએ** ખુંધાની વાર્તા ઉપરથી જે જાણુવાજોગ અને ખુશ લંબાન વાતો કહી સંભલાવી અને તે વાતોનો છેડો ખુંધાનો પાછો જીવતો થવામાં આવ્યાથી તે વાત ઘણી મનગમતી થઇ પડી હતી. જેવી **શેહરાઝાદી** બોલતી બંધ પડી કે તેની બેહેન **દીનારઝાદી** બોલી "મારી પ્યારી બેહેન સુલતાના, તમોએ જે વાર્તા હમણા પુરી કીધી તે વાર્તાથી હું અતી ઘણી ખુશ થઇ છું, ખાસ કરીને તેનો છેડો જે રીતે તમો લાવ્યા તેવા છેડાની અમોએ કદીબી આશા રાખી નહીં હતી. હું તો ખરેખર એમજ ધારતી

હતી કે ખુંધો તદન મરણજ પામ્યો હતો." સુલતાન **શેહરીયાર** બોલ્યો કે "હા મને પણ ઘણી અજાયબી એજ બાબદસર લાગી છે, વલી હજામના ભાઇઓની હકીકતથી ઘણી ખુશ અને ગમત આપે એવી હતી." દીનારઝાદી બોલી કે "બગદાદના લંગડા માણસની વાર્તા પણ તેટલીજ ખુશ હતી." આ વખાણ સાંભલી **શેહરાઝાદી** બોલી, "હું જોઇને ઘણી ખુશ છુ કે મારી વાર્તાથી નામદાર સુલતાન તથા મારી બેહેન રાજી થયાં છે અને જો નામદાર સુલતાનની મરજી મારી જીંદગી હજુપણ લંબાવવાની હોય તો હું એથીબી સરસ વાર્તા કહી સંભલાવવાને તૈયાર છું કારણકે **અબુલહુશેન અલી એબન બેકાર** અને કાલીફ હારૂન-અલ-રશીદની માનીતી **શેમસેલનીહાર** વચ્ચેની મોહબતની વાર્તા મને ખબર છે જે વાર્તા છેલ્લી વાર્તા કરતાં ઘણીજ રસીલી છે એમ હું ધારૂં છું." હીંદનો સુલતાન જે **શેહરાઝાદી**ની વાર્તાથી ઘણો ખુશ થતો હતો તેને આ નવી વાર્તાની મજાહ ખોહવા નહીં ગમી તેથી તે મુગો મુગો ઉઠીને નીમાજ પઢવા ગયો અને ત્યાંથી પોતાની દરબારમાં ગયો. બીજી બામદાદ થવાની આગમચ **દીનારઝાદી** પોતાની બેહનને તેની કબુલેલી વાતો કહી સંભલાવવાને ચુકી નહીં અને તે ઉપરથી **શેહરાઝાદીએ** પોતાની નવી વાર્તા નીચે મુજબ શરૂ કીધી:—

અબુલહુસેન અલી એબન બેકાર તથા કાલીફની માનીતી માશુક શેમસેલનીહારની વાર્તા.

નામદાર કાલીફ હારૂન-અલ-રશીદના રાજમાં બગદાદ શેહેર મધે એક ગાંધી રેહેતો હતો જેનું નામ અબુલહસન એબન થાર હતું. તેની પાસે સારી દોલત હતી અને વલી તે ખુબસુરત હોવાથી તેની દોસ્તી ઘણાઓને પસંદ પડતી હતી. બીજા ગાંધીઓ કરતાં તે ઘણો નમાનો અને પોતાના ધંધામાં પુર માહીતગાર હતો. અને પોતાના હસતા દેખાવથી અને પોતાની અક્કલથી, તે આખાં ગામનો પ્યારો થઇ પડયો હતો. કાલીફ તેની ખુબી, અને સારા ગુણોથી વાકેફ હતો માટે તેમાં પોતાનો સઘલો વીશ્વાસ મુકતો હતો. કાલીફે પોતાની સઘળી માનીતી માશુકોને જે જોઇએ તે પુરૂં પાડવાને તેને ઠેરવ્યો હતો, અને તેજ તેઓને મન ગમતાં કપડાં, સામન તથા હીરા મોતી અપાવતો હતો, અને જે ખરચ થતો હતો તે કાલીફ પાસેથી દર મહીને ચુકવી લેતો હતો વળી તે જે ખરીદી કરતો તેમાં ઘણોક ઉંચો તેસ્ટ દેખાડતો હતો.

તેની સારી ચાલથી તેમજ તેના દમામ, અને કાલીફની મેહરબાનીથી અમીર ઉમરાવોનાં છોકરા તથા મોટી પદવી વાલા દરબારી માણસો તેની દોસ્તી કરવાને ઘણા આતુર રેહતા હતા તેથી તેનું ઘર એ સઘળા અમીર ઉમરાવોની મળવાની જગા થઈ પડી હતી. પણ આ સઘળા અમીર ઉમરાવોનાં છોકરાઓ જેઓ તેને મળવા જતા હતા તેઓમાં એક અબુલહુસેન અલી એબન બેકાર નામનો ઉમરાવ હતો જે ઇરાનનાં અસલી બાદશાહી ખાનદાનથી ઉતરેલો હતો તેથી તે ગાંધી તેની વધારે બરદાશત કરતો હતો, અને દોસ્તીનાં હકમો જે કામ તે સોંપતો હતો તે દીલોજાનથી બજા લાવતો હતો. જ્યારથી મુસલમાન લોકોએ ઇરાન દેશ જીતી લીધું ત્યારથી તેનું કુટુંબ બગદાદ શેહેરમાં આવી વસ્યું હતું. આ જવાન શાહાજાદા ઉપર ખુદરતે એકદમ સૌથી સરસ મનનાં, અને સૌથી સરસ બદનનાં ગુણો રેડી દીધા હોય એવું લાગતું હતું. તેના ફરેશતા જેવા ચેહેરાની ખુબસુરતી—કે જેવી ખુબસુરતી બારે હકતાલા આપણને આપણા જનમમાં કોઇજ વખત દેખાડે છે તેનો મધુર અવાજ, તેની ચાલવાની ધપછપ, તેની સભ્યતા, તેની અક્કલ, અને દાનાઇની વાત, તેની તરેહવાર અજાયબ જેવી ચંચલ ચાલો જે કોઈ જોતું હતું તે તેને ચાહ્યા વગર રેહતું હતું નહીં. તે એટલો તો ભલમનસાઇ વાલો હતો કે જ્યારે તે કંઇ બોલે ત્યારે તેનાં બોલવાથી કોઇનાં દીલમાં દુઃખ નહીં ઉપજે એવી રીતે બોલતે

હતો. વળી તેની બોલીમાં એટલો તો મીથાસ હતો કે દરેક જન તેની સાથે ગોફ્તેગો કરવાને તૈયાર થતું. ટુકમાં ઉપર આપેલા બ્યાન ઉપરથી સાફ માલમ પડી આવશે કે આ શાહાજાદાને પેલો ગાંધી બીજા અમીરોના છોકરાઓ કરતાં વધારે ચાહાતો હતો તેમાં કાંઈ નવાઇ ન હતી. વળી આ શાહાજાદામાં જેટલી નેકી હતી તેથી બમની યા ચોમની બીજાઓમાં બદી હતી.

એક દાહાડે આ શાહાજાદો પેલા ગાંધીની દુકાન ઉપર બેઠો હતો ત્યારે એક સફેદ ખચર ઉપર બેસીને એક બાનું આવી લાગી. તેણીની આસપાસ દશ લોંડીઓ પગે ચાલતી હતી કે જેઓની ચાલવાની ધપ, અને તેઓનાં બુરખાઓમાંથી જેટલાં તેઓનાં મોહોડાં દેખાતાં હતાં તે ઉપરથી તો સાફ માલમ પડતું હતું કે તેઓ ઘણી ખુબસુરત હતી. પેલી ખચર ઉપર બેઠેલી બાનુંનાં ગળાંની આસપાસ બે તસુ પોહોલો ગુલાબી રંગનો એક ગલેબંધ બાંધેલો હતો તેની ઉપર અજાયબ જાતનાં મોટા હીરા તથા મોતીઓ જડી લીધેલાં હતાં. તે બાનુંને કાંઇ જોઇતું હતું માટે એબન થાર સાથે વાત કરવા તેની દુકાનમાં આવી. પેલા ગાંધીએ મોટી ગંભીરાઇથી તેણીને વાંકો વળીને સલામ કીધી, અને મોટી આબરૂથી બેસવા માટે એક ખુરસી આપી બેસવાની અરજ કીધી.

હવે પેલો ઇરાનના શાહાજાદો પોતાની ભલમનસાઇ દેખાડવાની આ તક છોડી દેવા ઇચ્છતો હતો નહીં માટે તરત ઉઠીને તેણે એક સુનેરી કપડાંનો તકીઓ તેણીને અઢેલવા આપ્યો. ત્યાર પછી તેણીને સલામ કરી તેણીનાં પગ તલેના ગાલીચાને ચુમી લીધી, અને તે બેસે માટે પોતે કોચને છેડે જઇને ઉભો. પેલી પેલા ગાંધીને પોતાના ઘરગતુ માણસ તરીકે ગણતી હતી તેથી તે ઘણું છુટાપણું વાપડતી માટે તેણીએ પોતાનાં મોહોડાં ઉપરનો બુરખો ઉચકી નાખ્યો અને જેમ ખુરશેદ સીહા રાતને ફાડી દુન્યાને રોશન કરેછે તેમ પેલીએ પોતાના ચેહેરાની અજાયબ જેવી ખુબસુરતીથી પેલા શાહજાદાનું દીલ રોશન કરી નાખ્યું. હવે બીજા હાથ ઉપર પેલા શાહાજાદાનાં ચેહેરાએ પેલી બાનું ઉપર પણ એટલી બધી અસર કીધી કે તેને જોઇને પેલી કદી ધરાતી નહીં હોય એવી રીતે તે શાહજાદાનો ખુબસુરત ચેહરો જોવા લાગી. પેલીએ તેને ઘણા મધુર આવાજથી કહ્યું કે "શેઠ બેસોની." પેલો શાહાજાદો તેણીનાં બોલને તાબે થઇ કોચના એક છેડાપર બેઠો. પેલી તેનાં મોહોડાં ઉપરથી તરત તેના દીલમાં શું થાય છે તે સમજી ગઇ તેથી તેણીએ તરત ઉઠીને ગાંધી સાથે જઇ પોતાનાં આવવાનું કારણ કહી પેલા શાહાજાદાનું નામ, અને વતન પુછીયું. એબન થારે કહ્યું કે "એ મેહરબાન બાનું આ શાહજાદાનું નામ અબુલહુસેન અલી એબન બેકાર છે એનું અસલ વતન ઇરાન છે, અને એની રગોમાં આગલા ઇરાની બાહદશાહોનું લોહી દોડે છે."

પેલી બાનું જેનો નરમ જોસ્સો પેલા શાહજાદાને જોતાં વાર એટલો સલગયો હતો કે તેણીએ જયારે જાણ્યું કે તે આવાં ઉચાં ખાનદાનનો છે ત્યારે તે ઘણી મગન થવા લાગી. તેણીએ ફરીથી પુછ્યું કે તારી ખાતરી છે કે તે ઇરાનનાં બાહદશાહી ખાનદાનથી ઉતરેલો છે? એબન થારે જવાબ આપ્યો કે "હા બાનું ઇરાનના છેલ્લા બાદશાહો એનાં વડવાઓ લાગે, અને જયારથી તે દેશ મુસલમાનોએ જીતી લીધું ત્યારથી એના ખાનદાનનાં શાહજાદાઓ કાલીફની દરબારમાં આવી કાલીફનાં ઘણા પ્યારા થંઇ પડ્યા છે." પેલીએ કહ્યું કે આ જવાન શાહજાદા સાથે જો મને ઓળખાંણુ કરાવી આપશો તો તમારી મોટી મેહેરબાની થશે. પોતાની એક બાંડી ઉપર આંગલી દેખડાવીને કહ્યું કે જયારે આ બાંડીની પાસે તુંને તેડાવું ત્યારે આ શાહજાદાને મેહરબાની કરીને તારી સાથે લેતો આવજે કે જેથી મારા મેહેલની પરોણાગત જોઇ કોઇ આગલ કહે કે બગદાદના ઊંચી પદવીના માણસોમાં લોભ નથી. હું શું કહુંછું તે તું સમજ્યો? જો ખબરદાર ભુલતો નહીં, નહીં તો હું તારી સાથે ઘણી ગુસ્સે થઇશ અને ફરીથી તારી દુકાન ઉપર પગ નહીં મુકીશ.

એબન થાર જે ઘણુ ઉડાં મજખને માણસ હતા તે તેણીના આ બોલો ઉપરથી તેણીની મતલબ તરત પાંમી ગયો. તેણે જવાબ આપ્યો કે મારી શાહાજાદી, મારી રાણી, ખોદા મને તુંને ગુસ્સે કરવાનું કારણ આપ્યાથી વેગલો રાખે, આ જવાબ સાંભલીને પેલી બાનુંએ એબન થારને વાંકી વલી સલામ કીધી, અને પેલા ઇરાંનના શાહજાદા આગલ એક ઘણો ખુશ દેખાવ કરી પોતાનો બુરખો નાખી ખચર ઉપર બેસીને ચાલતી થઇ.

પેલો ઇરાનનો શાહજાદો પેલી બાનું ઉપર એટલો તો આશક પડયો કે તે જ્યાં સુધી તેની નજર પુગી ત્યાં સુધી તેણે તેણીની તરફ જોયા કીધું. એબન થારે પેલા શાહજાદાને કહ્યું કે રસ્તાનાં સઘલા જતા આવતા લોકો તારી તરફ જોયા કરે છે અને બે ત્રણ જણને તો મેં તારી ઉપર તુંને આવા દેખાવમાં જોઇ હસતાં પણ જોયા છે. પેલા શાહજાદાએ કહ્યું કે અફ્સોસ! પેલી ખુબસુરત બાનું જે હ્યાંથી ગઇ તે મારા દીલનો સઘલો સારો કરાર પોતા સાથે લેતી ગઇ છે. મને મેહેરબાની કરીને કેહે કે આ ઘાતકી બાનું જે બીજાઓને વિચાર કરવાનો વખત આપ્યા વગર તેઓનાં દીલ પોતાનાં તરફ ખેંચી લે છે તે કોણ છે? એબન થારે જવાબ દીધો કે માહારા શેઠ આ બાનું બગદાદની ધણી વખણાયલી શેમસેલનીહાર અને આપણા ધણી નામદાર કાલીફની મુખ્ય માશુક છે. પેલો શાહજાદો બોલ્યો કે કોઇએ તેણીને આ નામ વાજબીજ આપેલું છે કાંકે ભર બપોરનાં સુરજના કરતાં તે વધારે ઝલકાત મારે છે. પેલા ગાંધીએ જવાબ આપ્યો કે તેટલાજ વાસ્તે નામદાર કાલીફ તેણીની ઉપર બેહદ પ્યાર રાખેછે અને તે નામદારે મને સાફ હોકમ આપ્યો છે કે તે જે માંગે તે આપજે.

પેલો ગાંધી આ પ્રમાણે પેલા શાહજાદાનો વધતો પ્યારનો જોસ્સો—કે જે જોસ્સો તેની ઉપર મુસીબત લાવ્યા વગર રેહે નહીં એવો હતો તે—અટકાવવાને વાસ્તે બોલ્યો, પણ તેથી તો માત્ર વધારે અને વધારે તેના દીલમાં પ્યારનાં ભભુકા ઉઠયા. તે બોલ્યો કે પ્યારી શેમસેલનીહાર હું આગલથીજ બીહતો હતો કે કોઇ મને તારે વાસ્તે વિચાર કરવા પણ નહીં દેશે; વારૂં એમતો એમ; પણ મારી ખાતરી છે કે તારી તરફના પ્યારની આસા વગર મારીથી તારી ઉપર પ્યાર રાખ્યા વીનાં રેહેવાતુ નથી. હુંતો તુંને ચાહવાનોજ, અને હમેશાં મારાં નસીબને આસીરવાદ દેવાનો કે એક ચીજ જે ખરી બપોરના સુરજનાં કરતાં વધારે ખુબસુરત છે તેનોજ હું માત્ર ગુલામ છું.

હવે જ્યારે પેલો ઇરાંનનો શાહજાદો ખુબસુરત શેમસેલનીહારનાં પ્યારથી પોતાનું દીલ ધોઇ પવીત્ર કરતો હતો ત્યારે, પેલી બાનું પોતાના મેહેલમાં શાહજાદાને કેવી રીતે જોવો, અને તેની સાથે કેમ વાત કરવી તે વીશે વિચાર કરતી હતી. તે બાનુંએ પોતાના મેહેલમાં ગયા પછે થોડો વખત રહીને પેલા ગાંધીને જે બાંડી દેખડાવી હતી, અને જેણીની ઉપર તે પોતાનો સઘલો વીશ્વાસ મુક્તી હતી, તેણીની પાસે પેલા ગાંધી ઉપર કેહવડાવ્યું કે જલદી મારી આગલ તું આવ, અને આવે ત્યારે પેલા શાહજાદાને તારી સંગાથે લેતો આવજે. હવે જ્યારે પેલો ગાંધી શાહજાદા સાથે વાત કરતો હતો, અને કાલીફની માશુક ઉપરથી તેનું દીલ ઉઠાવી નાખવા તરેહવાર રીતે સમજાવતો હતો ત્યારે પેલી ચાકરડી એબન થારની દુકાનમાં આવી. જ્યારે પેલી બાંડીએ બેઉને સાથે જોયા ત્યારે કહ્યું કે ગ્રહસ્થો મારી નામદાર શેઠાણી શેમસેલનીહાર, નામદાર કાલીફની મુખ્ય માશુક, તમોને પોતાની સલામ આપે છે અને કહે છે કે ખોટી થયા વગર મેહેરબાની કરીને તમોએ તેણીના મેહેલમાં આવવાની તસદી લેવી. પેલો ગાંધી તો પોતાની તાબેદારી જણાવવા તરત ઉઠયો અને પેલી બાંડીને જવાબ આપ્યા વગર આનાકાનીથી ચાલવા લાગ્યો. તે જોઇ પેલો શાહજાદો પણ આ મેલાપના ભયનો વિચાર કર્‍યા વગર તેણીની પછવાડે ગયો. પેલો ગાંધી જેને કાલીફની માશુકો પાસે બેધડક જવાની છુટ હતી તેણે જ્યારે પેલા શાહજાદાને પોતાની પાસે જોયો ત્યારે તે ઘણો ખુશી થવા લાગો. પેલી બાંડી જે તેઓની જરા આગલ ચાલતી હતી તેણીની

-પછવાડે તેઓ ચાલવા લાગ્યા, અને ત્યારે પછે કાલીફનાં મેહેલનાં દરવાજા આગલથી શેમસેલનીહારનો મેહેલ જે ઉંધાડો હતો તેની અંદર તેઓ દાખલ થયા. પેલી બાંદી તેઓને એક મોટા દીવાનખાનામાં લઇ ગઇ જ્યાં તેણીએ તેઓને કહ્યું કે મેહેરબાંની કરી જરા થોભો.

પેલો ઇરાનનો શાહજાદો તો ગોયા બાગે બેહસ્તનાં મેહેલમાં બેઠો હોય એવું સમજવા લાગ્યો; તે મેહેલની જેટલી ખુબસુરતી હતી તેથી પણ પોતાનાં મગજમાં વધારીને તે કેહેવા લાગ્યો કે આવો ખુબસુરત મેહેલ મેં કોઇ દીવસે જોયો નથી. તેમાં રચેલા ગાલીચા, દુમાસની સાટીનના તકીઆ, કોચો, અને બીજો સામાન અતીશ કીંમતી અને સોભાયમાન હતો. જોકે તે પોતે એક મોટી શાહાનશાતનો શાહજાદો અને મેહેલોમાં તેનો જનમ થયો હતો તોપણ તે પોતાની માશુક પર એટલો તો ફીદા હતો કે તેની દરેક ચીજ તેને ઘણીજ ઉમદા લાગતી હતી! તેઓ બેઠા પછી એક ગુલામ તરેહવાર જાતનો દારૂ, નવાં નવાં ફલો અને સઘળી જાતની સુંદર વાંણીઓ તેઓને વાસ્તે લાવ્યો. તેઓએ ખાઇ રહ્યા પછે થોડું શરબત પીધું, અને અત્તર અને બીજી ખુશબો છાંટી જીવને ખુશ કીધો. હજુર તો તેઓ પાછા બેસતા હતા તેવામાં પેલી બાંદી આવીને તેઓને પોતાની સાથે તેડી ગઇ. તેઓ જે ઓરડામાં હતા તેનું બારણું ઊઘાડી તેઓને એક બીજી અજાયબ જાતની બાંધણીના ગોલ દીવાનખાનામાં જવું પડયું, તે ઘણુ ખુબસુરત આકરનો ગુંબજ હતો, જેને સો સંગેમરમરના થાંભાથી ટેકો આપેલો હતો. આ થાંબાઓનાં મથાલાંઓ તરેહવાર જાતના સુનેરી ચોપગાં જનાવરો અને પક્ષીઓના ચીતારોથી સીંનગારેલાં હતાં. આ દીવાનખાનામાં ગાલીચાને બદલે એક મોટું સુનેરી કપડું આખા ઓરડામાં પાંથરેલું હતું જેની ઉપર રેસમથી સફેદ અને રાતા બુટા ભરી લીધેલા હતા. પેલા ગુંબજને આરબી લોકોની રીત મુજબ રંગી લીધો હતો જેથી આંખને એક ઘણો ખુશનુમાં દેખાવ લાગતો હતો. બબે થાંભાની વચ્ચે એક ઘણો ખુબસુરત ન્હાનો કોચ તથા ચીનાઇ વાસણો, બીલોરકામ અને બીજી અજાયબ જાતની તરેહવાર ચીજો આંખને ચીતરી આવે એવી રીતે ગોઠવેલી હતી. એ શીવાય દરએક બે થાંભા વચ્ચે એક બારી હતી જેની આગલના કોચ ઉપર બેઠાથી એક ઘણો ખુશનુમાં બાગ દેખાતો હતો, અને તેના સુંદર કીયારાઓમાં બેરંગી પથરાઓ ગોઠવેલા હતા. આ બાગને દરએક છેડે એકકો ન્હાનો ફુંવારો આવેલો હતો જેની અંદરથી પાણી તરેહવાર નળીઓમાંથી અજાયબ રીતે ઉડતું હતું, અને એક ફુંવારો બીજા ફુંવારાથી ઊંચો હતો તેથી ઉંચેનાં ફુંવારાનું પાણી નીચેનાં ફુંવારામાં એક ચાદરની માફક પંથરાતુ હતું; ફુલનાં તથા બીજા ઝાડોના અજાયબ જાતના કુંદાંઓ સરખે તફાવતે પાર ઉપર મુકેલાં હતાં. બાગમાં ફરવાનાં કીયારાની આસપાસ જુદા જુદા દેશોના તરેહવાર ફળ ફુલોના ઝાડો રોપેલાં હતાં કે જેની ઉપર મેંના, બુલબુલ તથા બીજા તરેહવાર પક્ષીઓ પોતાના મધુર રાગે સુંદર ગાયન ગાતાં જેનો અવાજ કાનને બહુ ખુશ લાગતો હતો.

પેલો ઇરાંનનો શાહાજાદો તથા એબન થાર ઘણો વખત સુધી આ ખુબસુરત દેખાવ જોવામાં રોકાયા હતા પણ ઘણું કરીને પેલો ઇરાંનનો શાહજાદો જેણે આગળ આ મેહેલ જોયો નહીં હતો તેથી જે કંઇ નવી ચીજ જોતો હતો તે ઉપર પોતાની અજાયબી દેખરાવતો હતો. એબન થાર જો કે આ ઘણી ખુબસુરત જોવા લાયક જગ્યાપર ઘણીએક વખત આવ્યો હતો તોપણ તેને પણ ઘણીએક નવી ચીજો લાગી. પેલો શાહજાદો બોલ્યો કે અરે ખોદા તારી ખુદરતનો કંઇ પાર નથી અને આજે જેવી તું આ જગાને સુંદર દેખાડે છે તેની કાલે કેવી હાલત થશે તે કોણ જાણે છે? કોણે આગલ વિચાર્યું હતું કે થોડા વરસમાં મારા બાપ દાદાઓના તખ્ત ઉપર બીજો રાજ કરશે, તેઓના બાગો તથા બગીચાઓની ધુલધાની થશે, અને તે દબદબાવાલા બાદશાહોના ફરજંદો પરદેશના રાજાઓની દરબારમાં ટુકડો માંગશે. એવા વિચારમાં જ્યારે શાહજાદો હતો ત્યારે તેની નજર એક બાગની જગ્યા ઉપર પડી

જ્યાં થોડીએક ખુબસુરત રામશગરો સફેદ દુધ જેવા લેબાસમાં હાથમાં સારંગી લઇ સાદાં લાકડાંના તુલો ઉપર બેઠેલી હતી. પેલી સ્ત્રીઓને બરાબર જોવા માટે તેઓ આગલ વધ્યા અને તે ઓરતોના જમના હાથ ઉપર એક મોટો ચોક જોયો જેની અંદર જવાને બાગમાંથી એક ન્હાનો દાદર મુકેલો હતો. પેલી બાંડી જે તેઓને આ ઓરડામાં લાવી હતી તે ત્યાં ન હતી તેથી તેઓ બેઉ જણા સુખેથી વાત કરવા લાગા. ઇરાંનના શાહજાદાએ પેલા ગાંધીને કહ્યું કે તું ઘણો દાનાવ માણુસ છે માટે આ સઘલા ભપકા અને દમામને મારી ખાતરી છે કે એક ઇનસાફ કરનારની માફક ખુશી તથા આતુરતાથી જોય છે પણ હું તો એવુંજ ધારૂં છું કે દુન્યામાં આથી ખુબસુરતી અને ભપકાવાલું કંઇ બીજું છેજ નહીં. પણ જ્યારે હું વિચારૂં છું કે આ કીરતીવાલું અને આંખને ખુસી કરે એવું રેહથાણ ખુબસુરત ઝલકાતદાર શેમસેલનીહારનું છે કે જે દુન્યાનાં સૌથી મોટા દબદબાવાલા બાહદશાહની માશુક છે ત્યારે મને કબુલ કરવું જોઇએ કે મારા જેવો કમ નસીબ માણુસ કોઇ નથી. અને મારા જેવા બુરા સેતારાનું કોઇ હશે નહીં કાંય કે હું જેને મારા જીવનાં કરતાં વધારે ચાહું છુ તેતો આ ઘડીએ બીજાના હાથમાં છે અને તે વળી એવી જગ્યાએ કે જે જગ્યામાં તે પોતાને ગમે તે કરી શકે અને જ્યાં એક ઘડીભાર પણ મારો જાન સલામત છે એવી આશા રાખું નહીં.

એબન થારે જ્યારે ઇરાનનાં શાહજાદાને આ પ્રમાણે બોલતો સાંભળ્યો ત્યારે કહ્યું કે સાહેબ, તમો જેટલા તેણીની ઉપર ફીદા છો તેટલી અગરજો તે તમારી ઇપર ફીદા થશે તો હું તમારી ખાતરી કરી કહું છું કે તમારા જાનની સલામતીનો હું તમોને જવાબ આપશ. જોકે આ દબદબા ભરેલો મેહેલ કાલીફનો છે કે જેણે શેમસેલનીહારને વાસ્તે બાંધ્યો છે અને આ મેહેલને જાવેદાનની મોજનો મેહેલ કરી નામ આપ્યું છે, અને જોકે આ મેહેલ કાલીફનાં મેહેલ સાથે જોડાયલો છે તોપણ તમુને જાણવું જોઇએ કે શેમસેલનીહાર અહીં તદન છુટથી રેહે છે. તેણીની આગળ કોઇ ગુલામો યા છુપા જાસુસો રેહેતા નથી. આ તેણીનું પોતાનું ઘર છે અને તેમાં તેણીને ગમે તે કરવાની છુટછે. તેણીને ગમેછે ત્યારે તે રજા વગર શેહેરમાં જાયછે અને ગમેછે ત્યારે પાછી આવેછે. કાલીફ અહીં કોઇ પણ દાહડે એકાએક આવતો નથી, પણ પોતાનાં આવ્યાની અગાઉ પોતાનાં વડા ખોજા મસરૂરને તેણીને ચેતવવા મોકલેછે કે જેથી તે તૈયાર થઇ રેહે. તેટલા વાસ્તે તમે ખુશી થાવો અને શેમસેલનીહારે તમારે વાસ્તે જે રામશગરો મોકલી છે તેની ઉપર તમે તમારૂં ચીત લગાડો.

જેવો એબન થાર આ બોલો બોલ્યો તેવોજ પેલા ઇરાનના શાહાજાદાએ શેમસેલનીહારની ઘણી પ્યારી બાંડીને પેલી ગાયન ગાનારીઓને ગાવાનો હોકમ આપતી જોઇ. તેઓ સઘલીઓ મીઠા સરોદે ગાયન ગાવા લાગી, અને જ્યારે તેઓએ ઘણોએક વાર સાથે ગાયું ત્યારે, તેઓમાંથી એક જણીએ તેણીને જેમ આગલથી કેહેવામાં આવ્યું હતું તેમ તેણીએ ઘણા મીઠા અને બાંગે બુલંદ રાગે એક ગાયન ગાયું. તે ગાઇ રહી ત્યારે પેલા શાહજાદાને એટલી તો ખુશી લાગી કે તે મોટે મોટે વખાણ કરવા લાગ્યો. તે ગાયનથી તેના પ્યારનો જુસ્સો એટલો તો સલગયો કે તે બોલી ઉઠયો કે શું તને અલ્લાએ લોકોના દીલો પારખવાની શકતી આપી છે કે જેથી તેં મારા દીલને પ્યાર અને મારા દીલનું થોડોએક વખતનું સુસતીપણું આવા મધુર અને મીઠા અવાજથી ગાઇ સંભળાવ્યું અગરજો હું મારા દીલનું બયાન કોઇને આપતે તો એથી વધારે સારી રીતે મારીથી અપાતે નહીં. પેલી રામશગરે કંઇ જવાબ નહીં આપ્યો, પણ બીજાં કેટલાંક ગાયનો ગાયાં કે જેથી પેલા શાહજાદાને એટલું તો લાગ્યું કે કેટલોક વાર તે આંખમાં આંસુ લાવીને પાછો બોલ્યો કે એ સઘલાં ગાયનો મને લાગુ પડે છે. જ્યારે તે ગાઇ રહી ત્યારે રામશગરો સાથે ઉઠી, અને આ નીચલી મતલબના બોલો ઘણા મધુર અને સુંદર અવાજે ગાયા "પુનમનો ચાંદ પોતાનાં સઘળા દમામ સાથે

ખુરશેદની નજદીક જલદીથી આવે છે.” યાને શેમસેલનીહાર જલદીથી ઇરાનનાં શાહજાદા અલી આગળ આવી પોંહોંચશે.

જ્યારે ખરેખર તેઓએ બાગ તરફ જોયું ત્યારે શેમસેલનીહારની દસ વીશ્વાસુ દાસીઓ એક મોટું રૂપાનું અજાયબ તરેહથી કોતરેલું તખ્ત લઇ આવી, જે એક ચોકસ જગા ઉપર તેઓએ મુકયું ત્યારે પછી પેલી દસ કાલી ગુલામડીઓ કેયારામાં થઇને ઝાડની પછવાડે જતી રહી, ત્યાર પછી વલી વીસ બીજી ઘણી ખુબસુરત બાંડીઓ જરાવદાર પોશાકમાં ત્યાં આવી, તેઓ દસ દસની એકકી હાર થઇ ઘણા મધુર સુંદર આવાજે હાથમાં સારંગીઓ લઇ તખ્તની બંને બાજુએ ઉભી રહી ગાયન ગાવા લાગી.

આ સઘલી ચીજો એક એક પછી આવતી જોઇ તેઓનો જીવ એટલો તો ખુશખુશ થઇ ગયો કે હવે તેનો અંત કેમ આવશે તે જોવાને આતુરતાથી તેઓ ઉભા. ત્યાર પછી દરવાજામાંથી દસ બીજી ઘણી ખુબસુરત દાસીઓ ઘણા સુંદર પોશાકમાં આવી ઉંબર આગલ જરા ઉભી રહી કે તુરતજ તેઓની શેઠાણી પોતાનાં સઘલા ઝલકાટ સાથે પુનમના ચાંદ જેવી તેઓની વચ્ચે આવી ખડી રહી.

શેમસેલનીહાર પોતાની સઘલી ચાકરડીઓમાંથી પોતાનાં ખુબસુરત ચેહેરા અને પોતાનાં દમામવાલા દેખાવથી ઓલખાઇ આવતી હતી. તેણીનાં બદન તથા ચેહેરાની ખુબસુરતી વધારવાને ખુદરતે કંઇ પણ બાકી રાખ્યું હોય એવું દેખાતું હતું નહીં. તેણીનું ગોલ મોહોડું, રૂપાલું નાખ, પરવાલાં જેવા હોટો, મોતી જેવા દાંત, ઉચું કપાલ, ગોલ કાલી અને મોટી આંખો, ફીક્કા સુના જેવા બાલ, પતલી કમર, અને ગોલ લાંબી સફેદ દુધ જેવી ગરદનથી તે અતી ઘણી ખુબસુરત લાગતી હતી. તેણીએ એક મોટો સુનેરી સાલ્લો અને તેની ઉપર એક ઘણી તંગ સાતીનની મોટા પતાવાલી ચોલી પેહેરી હતી જેથી તેણીની ખુબસુરતીમાં અજાયબ જેવો વધારો થતો હતો.

હીરા માણેક અને મોતીઓ તેણીનાં દીલ ઉપર ઘણાં સુંદર લાગતાં હતાં, અને જોકે તેની સંખ્યા થોડી હતી તોપણ તે ઘણાં સારી રીતે પસંદ કરેલાં અને મુલ નહીં થઈ શકે એવાં હતાં. ખુરશેદ જેમ વાદલાં ફાડીને દુન્યાને ઝલકાતમંદ કરી નાખે છે તે પ્રમાણે તે પોતાની દાસીઓની વચ્ચેથી પોતાનાં સઘલા દમામમાં આવી રૂપેરી તખ્ત ઉપર બેઠી, તે એવી તો દીપવા લાગી કે જેઓ તેણીને જોતાં હતાં તેઓના દીલ ઝલકાતમંદ થતાં હતાં.

જ્યારે શેમસેલનીહારને ઇરાનનાં શાહાજાદાએ જોઇ ત્યારે તેને પોતાની આંખો તેણીની ઉપરથી ફેરવવા ગમી નહીં. તે એબન થારને કેહેવા લાગો કે જે ચીજને આપણુ સોધ્યે છીએ તે જ્યારે આપણી નજર આગલ આવે છે ત્યારે આપણે મુગા બની જઇએ છીએ. એજ બાનું મારા દીલના દુઃખનું કારણ છે, અને અગરજો મને ગમે એવું દુઃખ લાગશે તોપણ હું તેણીને આશીરવાદ દેતો બંધ પડીશ નહીં. આહા! આહા! તે કેવી ખુબસુરત છે! હું જ્યારે એ દેખાવને જોઊં છું ત્યારે મારો મારા દીલ ઉપર કંઇ પણ આંકોસ રેહેતો નથી. જા! ત્યારે મારા જીવ હું તુંને રજા આપું છું પણ આ નબલા દીલની કંઇ સંભાલ અને બરદાસ્ત લેજે. ઓ ઘાતકી એબન થાર તુંજ મારા દુઃખનું કારણ છે. તુંતો જાણતો હશે કે મને આં લાવ્યાથી હું ખુસી થયો હઇશ પણ મને તો લાગે છે કે આં નહીંજ આવ્યો હોત તો સારૂં. પણ પછી તુરતજ પોતે જે ઠપકો એબન થારને ફોકતમાં આપ્યો હતો તેથી પસ્તાવા લાગ્યો અને પોતાની જબાંનને અટકાવીને તે બોલ્યો કે હું આ તુંને ફોકતનો ઠપકો આપુંછુ, તે મને માફ કર, હું ભુલ્યો છું. હું આવ્યો તેથી મને પોતાને ઠપકો ઘટે છે. એમ કહીને તે પોતાની ચશ્મમાંથી આંસુ પાડવા લાગો. એબન થારે કહ્યું કે તમો મને ઇનસાફ આપો છો માટે હું ઘણો ખુસી છું. મેં તો તમોને પેહેલેથી કહ્યું હતું કે આ નાસકારક પ્યાર તું તારા દીલમાંથી કાહાડી નાખીને વીસરી

જા કાંયકે જેની ઉપર તું ફીદા છે તે કાલીફની પ્યારી માશુક છે, એ શીવાય મેં તુંને બીજી ઘણીક રીતે આ પ્યારથી હાથ ઉઠાવાને સમજાવ્યું પણ તેં મારૂં માન્યું નહીં. આ સઘલું તું જોય છે તે ઉપરથી તુંને તારા દીલમાંથી હજુર પણ આ પ્યાર કાહાડી નાખવો જોઇએ અને ખુબસુતર શેમસેલનીહારે મારી સાથે તુંને બોલાવ્યો છે અને તારી ઉપર જે મેહરબાંની દેખડાવી છે તેનો ઉપકાર માનવા શીવાય તારે કંઇ બીજું કરવું નહીં જોઇએ. તારાં ભમતાં મજખને પાછું તારા હાથમાં લે અને તારી પદવીના માણુસોને જેવી સભ્યતા દેખાડવી જોઇએ તેવી દેખાડવાને તૈયાર થા. જો સુંદર સમસેલનીહાર સામેથી આવે છે; અગરજો હમણા તારો પ્યાર વધે તો તું બીજા ઉપાયો લેતાં સંભાળ રાખજે. તુંને સઘલું જે કંઇ મને કેહેવાનું છે તે એજ કે પ્યાર એક ઠગારો છે કે જે તુંને એવી મુસીબતોમાં લાવી મુકશે કે તારી મેલે તેમાંથી કદીઐ તારીથી છુટાશે નહીં.

એબન થાર જેવો આ સખુનો બોલી રહ્યો કે તુરતજ શેમસેલનીહાર આવી લાગી, અને પોતાનાં તખ્ત ઉપર બેસીને બંને જણુને નમીને સલામ કીધી. પણ શેમસેલનીહારે પોતાની નજર ઇરાંની શાહજાદા ઉપર રાખી મુકી અને જાણે બંને જણા મુગી બોલીમાં વાત કરતાં હોય તેમ દચકાં ખાવા લાગ્યાં અને તે આશક માશુકોએ જો એક હફતા સુધી પ્યાર ભરી ગોફતેગો કીધી હતે તોપણ જેટલો ખુલાશો પોતાના દીલનો એકમેકને નહીં કરી શક્યાં હતે તે કરતાં વધુ આંખના નેજારાથી કરી શક્યાં. ગોયા વાત કીધાથી બંને જણા એકમેકનાં દીલમાં અસર કરતે તેથી બમની અસર એક થોડી પલમાં એકમેકના નેજારાથી થઇ. જેમ જેમ શેમસેલનીહાર પેલા ઇરાંનનાં શાહજાદા ઉપર વધારે અને વધારે જોતી હતી તેમ તેણીની વધારે અને વધારે ખાતરી થતી હતી કે તે તેણીને ઘણો ચાહે છે. અને જ્યારે આ પ્રમાણે શાહજાદાનો પ્યારનો જોસ્સો તે સમજી ત્યારે પોતે દુન્યામાં ઘણીજ સુખી બાંનું છે એવું સમજવા લાગી. છેલે સરવાલે તેણીએ પોતાની આંખ ફેરવી જે રામસગરો ગાતી હતી તેઓને પોતાની આગલ આવવાનો હોકમ કીધો.

જે બાંડીઓ શેમસેલનીહારની આગલ ચાલી આવી હતી તેઓને તેણીએ ઇસારત કીધી તેથી તેઓ પોત પોતાની જગા ઉપર પાછી બેઠી, ત્યારપછી આ ખુબસુરત બાંનુંએ પોતાની એક રામસગરને ગાવા ફરમાવ્યું, જેણીએ થોડોએક વાર પોતાની સારંગી સમારીને એક ગાયન ગાયું જેનો અર્થ એવો ઉઠતો હતો કે જ્યારે બે આશક માશુકો એકમેકને બેહદ પ્યારથી ચાહે, ત્યારે જો કે તેઓના શરીરો જુદાં હોય છે, તો પણ તેઓનું દીલ એકજ હોય છે, અને જ્યારે કંઇ પણ હરકત તેઓની ખુસી અને હોંશની વચ્ચે નડે છે ત્યારે તેઓ આંસુઓ પાડીને કેહે છે કે આપણે એકમેકને પસંદ પડયે છીએ તેથી આપણે એકમેકને ચાહીએ છીએ અને તેટલા વાસ્તે શું આપણુને ઠપકો ઘટે છે? ખરા પ્યારનાં જોસ્સામાં જે કંઇ થાય તેનો ઠપકો નસીબને હવાલે કરવામાં આવેછે.

શેમસેલનીહાર પેલી રામસગરના આંખના પલકારાથી તરત સમજી ગઇ કે આ બોલો જે તેણીએ ગાયા, તે તેણીને અને ઇરાંનનાં શાહજાદાને બરાબર લાગુ પડે છે; પેલો ઇરાંનનો શાહજાદો જે બારીના કતેરા આગલ બેસુદ્ધ જેવો ઉભો હતો તેણે આગલ આવીને જે રામસગરે પેલી સારંગી સાથે ગાયન ગાયું હતું તેણીને બોલાવી, અને જ્યારે તે આગલ આવી ત્યારે કહ્યું કે મેહરબાંની કરીને જે કંઇ હમણાં હું ગાયન ગાઉં છું તે સારંગીમાં બરાબર ઉતારો. એમ કહીને પેલાએ એક ગાયન એવાતો નરમ પણ દબદબાવાલા પ્યારના દેખાવથી મધુર અવાજે ગાયું કે તેનાં પ્યારનો જોસ્સો સાફ દેખાઇ આવ્યો. જ્યારે તે ગાઇ રહ્યો ત્યારે શેમસેલનીહારે પણ તેનો દાખલો લઇ પોતાનું ગાયન એક રામસગરને સારંગીમાં ઉતારવા અને એક જણીને પોતાની સાથે ગાવાનો હોકમ કીધો. તેણીએ એવીતો રીતે પોતાનાં બુલબુલ આવાજે ગાયું કે, પેલા શાહજાદાનાં દીલમાં વધારે અને વધારે પ્યા-

રનાં ઊંડા જખમો લાગ્યા; અને જ્યારે તે ગાઇ રહી ત્યારે વલી પાછું પોતે આગલનાં કરતાં પણ સરસ અને વધારે પ્યારનો જોરસો છુટે એવું એક બીજું મધુર ગાયન ગાયું.

આ બંને આશક માશુકો પોતાનાં પ્યારનાં ભભુકા ગાયનની મારફતે કાહડતાં હતાં ત્યારે શેમસેલનીહારથી પોતાનો જોસ્સો ખમાઇ શકાયો નહીં; તે તરત ઘણી ખુસીમાં આવી તખ્ત ઉપરથી ઉઠી અને દીવાનખાનાનાં બારણાં તરફ આવી. પેલો શાહજાદો ગોયા તેણીની મતલબ સમજી ગયો તેથી તરત ઉઠી તેણીને જલદી મલવા ગયો. તેઓ બંને જણાં બારણાં આગલ મલ્યાં ત્યારે બંને જણે એકમેકનાં હાથ પકડયા, અને એકમેકને બગલગીરી કીધી. તેઓ એટલાં તો પ્યારનાં જોસ્સામાં આવી ગયાં કે પોતાનો ઉભરો ન ખમાયાથી તેઓ બંને બેસુદ્ધ થઇ ગયાં, અને અગરજો શેમસેલનીહારની દાસીઓએ તેઓને પકડી લીધાં નહીં હતે તો બંને જણા જમીનદોસ્ત થયાં હતે.

જ્યારે તેઓ દાસીઓની મદારતથી સુદ્ધીમાં આવ્યાં ત્યારે શેમસેલનીહારે પેહેલ વેહલું પોતાની આસપાસ જોયું, અને ત્યાં એબન થારને નહીં જોયો ત્યારે આતુરતાથી પુછવા લાગી કે તે ક્યાં છે? એબન થાર જે બાહેર જઇને ઉભો હતો તેને જેવી શેમસેલનીહારને પોતાને વાસ્તે પુછતાં સાંભળી તેવોજ તે અંદર જઇને તેણીની આગળ હાથબક્ષ કરી ઉભો. શેમસેલનીહાર એબન થારને જોઇને ઘણી ખુસી થઇ, અને પોતાની ખુસી જણાવવાને તેણીએ ઘણાં નરમ અને આભારી બોલોમાં કહ્યું કે "એબન થાર તેં મારી ઉપર જે કંઇ મોટો ઉપકાર કીધો છે તેનો હું પાડ કેમ વાલી શકશ તે મારાથી કહી નહીં શકાતું. તારા વગર ઈરાંનનાં શાહાજાદાને મેં કદી જોયો પણ નહીં હતે અથવા આ દુન્યામાં આવા સઉથી ખુબસુરત માણુસ સાથે પ્યારમાં પણ નહીં પડી હતે. તું ખાતરી રાખજે કે હું નીમકહરામ થઈ મરનાર નથી. અને અગરજો મારાથી બની શકશે તો જેટલો તેં મારી ઉપર ઉપકાર કીધોછે તેટલો હું તુંને પાછો વાલી આપીશ. એબન થારે આ ઉપકારના જવાબમાં પોતાનું સર નમાવ્યું, અને બોલ્યો કે તું ખુબસુરત પરીની સઘળી મુરાદ પાર પડજો.

શેમસેલનીહાર ત્યારપછી પેલો ઇરાંનનો શાહાજાદો કે જે તેણીની આગલ બેઠેલો હતો તેની આગલ આવી બોલી કે સાહેબ મારી ખાતરી છે કે તમો મારી ઉપર પ્યાર રાખોછો પણ જેટલી તમો મને ચાહોછો તે કરતાં હું તમોને ઓછા ચાહું છું એવો શક ના લાવતા; પણ આપણુને ખુશીમાં ફુલાઇ નહીં જવું જોઇએ. મારા પ્યારા શાહાજાદા જોકે તમારાં અને મારાં દીલનાં વિચારો એક છે તોબી આપણા નસીબમાં મેહેનત, દુ:ખ, અને બેહદ દલગીરી શીવાય બીજું કંઇ નથી એવું મને સાફ માલમ પડે છે. આ સઘળાં દુ:ખોનો કંઇજ ઉપાય ભથી પણ આપણુને એક બીજાને વધારે અને વધારે ચાહાવામાં, ખોદાને આપણી ફીકરો સોંપવામાં, અને આપણાં નશીબાના ઠેરાવ ઉપર સબુરી રાખવામાં છે. પેલા ઇરાંનના શાહાજાદાએ જવાબ આપ્યો કે મારો પ્યારનો જોસ્સો જરાપણ ઓછો થશે એવું વિચારશો તો તમે મારી ઉપર ઘણી ગેરઇનસાફી ગુજારો છો એવું કેહેવાશે. તમારા પ્યારમાં હું એટલો તો ગરકાવ થઇ ગયો છું કે મને વાજબીની રાહે કેહેવું જોઇએ કે આપણા મરણ પછી પણ આપણે કદી છુટાં પડનાર નથી, કાંયકે દુ:ખો, હરખતો, અને હજારો આફતો આપણા પ્યારને એક રતીભાર પણ ઓછો કરવાના નથી. એમ કહેતાં તે રડી પડયો તેથી શેમસેલનીહાર પણ પોતાનાં આંસુઓ અટકાવી શકી નહીં.

આ તક લઇને એબન થાર કાલીફની માશુકને કેહેવા લાગ્યો કે મેહરબાન બાંનું! મને કેહેવું જોઇએ કે આ પ્રમાણે આંસુઓ નાખ્યા બદલે તમો હાલ સાથે મલ્યાં છો માટે તમારે ખુશી થવું જોઇએ, તેને બદલે તમારી દલગીરીનું કારણ સમજી શકતો નથી. જ્યારે તમો હમણા સાથે છો ત્યારે એટલાં દલગીર થાઓ છો તો જ્યારે તમો છુટાં પડશો ત્યારે કેટલાં હેરાન થશો? પણ તેની મને શા માટે વાત કરવી જોઇએ? તમો ઘાં ઘણો વખત થયાં છો માટે હવે તમોને છુટાં પડવુંજ જોઇએ.

શેમસેલનીહારે જવાબ આપ્યો કે અરે તું કેવો ઘાતકી છે; તું કે જે અમારૂં રડવાનું કારણ જાણે છે તેથી પણ અમારી કમબખ્ત હાલત ઉપર જરા તુંને દયા નહીં આવતી? ઓ કમબખ્ત નસીબ! મેં એવો તો શું ગુનાહ કીધો છે કે જે માણસને હું મારા દીલોજાનથી ચાહું છું તેને હું થોડા કલાકભી સુખથી જોઇ પણ શકું નહીં એવા સખ્ત ધારાને મને તાબે થવું પડે છે.

જોકે એબન થારના કહ્યાથી પેલીને જરા દુઃખ લાગ્યું તોપણ તે સારીપેઠે સમજી કે એબને સારાને વાસ્તે કહ્યું છે માટે તેની શીખામણનો સારો ઉપયોગ કરવો જોઇએ. તેણીએ એક પોતાની વીશ્વાસુ દાસીને ઇસારત કીધી કે જલદી બાહેર જઇને એક સુનેરી ખુમચામાં થોડાક સુકો તથા લીલો મેવો એક રૂપાની ન્હાની તેબલ ઉપર મુકીને શાહાજાદાને વાસ્તે લાવ. જ્યારે પેલીએ મેવો લાવીને હાજર કીધો ત્યારે શેમસેલનીહારે તેમાંથી પોતાને હાથે કેટલોક સૌથી સારો મેવો લઇને ઇરાનના શાહજાદાને આપીને કહ્યું કે મેહેરબાની કરીને આ મારે ખાતર ખા. ઇરાંનના શાહજાદાએ મોટી ખુશીથી તે ખાધો અને પછી પોતે થોડોક મેવો લઇને પોતાના હાથે શેમશેલનીહારને આપ્યો કે જે તે પણ તેની મુવાફેક ખાઇ ગઇ. શેમસેલનીહાર પેલા ગાંધીને પણ પોતાની સાથે ખાવા તેડવાને ભુલી નહીં, પણ પેલો ગાંધી તે જગા બચાવ ભરેલી નહીં સમજયો તેથી, અને ઘેર જલદી જવા ઇચ્છતો હતો તેથી તેણીનો જીવ ખુશી કરવાજ તે મેવો તેને મોહોડામાં નાખ્યો. જ્યારે પેલો મેવો ત્યાંથી ઉંચકી લીધો ત્યારે સુનાનાં કુજામાં પાણી લાવીને રૂપાંની તસમાં તેઓનાં હાથ ધોવરાવ્યા. ત્યારપછી તેઓ સઘળાઓ જ્યારે પોતપોતાની જગા ઉપર બેઠાં ત્યારે પેલી દસ કાલી લોંડીઓમાંથી ત્રણ લોંડીઓ જડાવથી જડેલા સુનાનાં પ્યાલાંમાં ઘણો સુંદર શીરાજ વાઇન લાવી એક પ્યાલુ શેમસેલનીહાર આગળ, બીજું ઇરાંનનાં શાહજાદા આગળ અને ત્રીજું એબન થાર આગળ મુક્યું. તેઓ વધારે છુપી રીતે રેહે માટે શેમસેલનીહારે પોતાની પાસે માત્ર દસ કાલી અને દસ સફેદ લોંડીઓ રાખી હતી, જેઓએ સારંગી લઇ ગાવાનું શરૂ કીધું. જ્યારે બાકીની સઘળી દાસીઓ ગઇ ત્યારે એક દારૂનું પ્યાલું શેમસેલનીહારે પોતાનાં એક હાથમાં લઇ થોડા પ્યારનાં બોલો બોલી, અને બીજા હાથમાં પોતાની સારંગી લઇ ગાવા લાગી. જ્યારે તે ગાનું ગાઇ રહી ત્યારે તે પોતાનાં હાથમાનું એક પ્યાલું ઉચકી નોશ કરી ગઇ, અને બીજું શાહાજાદાને આપી કહ્યું કે જેમ તારા પ્યારમાં મ્હારૂં પ્યાલું નોશ કીધું તેમ તું મારા પ્યારને વાસ્તે મેહેરબાની કરી આ નોશ કર. અલીએ પેલું પ્યાલું પ્યાર અને ખુશીનાં જોસ્સામાં આવીને લીધું, અને ત્યાર પછે નોશ કર્‍યાની આગળ પોતે પણ એક ગાયન ગાયું તે એક બીજી બાંડીએ સારંગીમાં ઉતાર્‍યું; તેણે ગાતાં ગાતાં એટલાં આસું તપકાવ્યાં કે જેથી તે પોતાનાં ગાયનમાં બબરયો કે, હું નહીં જાણુતો કે જે શરાબ નોશ કરવા આપ્યોછે તે નોશ કરૂં છું કે મારા આસું હું નોશ કરૂં છું. અંતે શેમસેલનીહારે એક ત્રીજું પ્યાળું પેલા ગાંધીને આપ્યું જેણે તેણીની મેહેરબાંની ખાતર ઉપકાર માન્યો અને સીતાબ નોશ કરી ગયો.

એવી એકબીજા તર્ફે પ્યારની નીશાની દેખડયા પછી એક બાંડીનાં હાથમાંથી શેમસેલનીહારે સીતાર લીધો, અને એવાતો અલાપથી તે ગાયન ગાવા લાગી કે, જાણે એ બેહેસતની પરી આ દુન્યામાં આ શરોદ ખેંચતી હોય એ મુઆફેક ગાયન મચ્યું પેલો ઇરાંનનો શાહાજાદો જાણે જાદુમંત્રનાં બંધથી બંધાયો હોય તે પ્રમાણે તેની નજદીક ઉભો રહી તેણીની તર્ફે ટીકી ટીકીને જોયા કરતો હતો. તે

[જુઓ પાસેના સફાનું ચિત્ર.

લોકો મજાહમાં હતાં તેવામાં એક વીશ્વાસુ દાસીએ દોડતી દોડતી આવીને કહ્યું કે મારી ઓ પ્યારી સાહેબજાદી, આપણો મસરૂર બે અમલદારો, અને કેટલાક ગુલામો સાથે દરવાજા આગળ આવ્યો છે, અને કાલીફનો શું હોકમ છે તે કેહેવા માંગે છે. જ્યારે ઇરાંનનાં શાહજાદા, અને એબન થારે આ વાત સાંભળી ત્યારે તેઓનાં ચેહરાનો રંગ બદલાઇ ગયો, અને જાણે કોઇએ તેઓને ફસાવી નાખ્યા હોય

અબુલહુશેન અલી એબન બેકાર તથા શેમસેલનીહારની વાર્તા.

શેમસેલનીહારના મેહલમાં જલસો.



"શેમસેલનીહારે સીતાર લીધો, અને એવા તો અલાપથી તે ગાયન ગાવા લાગી કે, જાણે એક બેહેસ્તની પરી આ દુન્યામાં શરીર ખેંચતી હોય એ મુબારિક ગાયન મચ્યું. પેલો ઈરાનનો શાહજાદો જાણે જાદુમંત્રના બંધથી બંધાગો હોય તે પ્રમાણે તેની નજદીક ઉભો રહી તેણીની તર્ફે ટીકી ટીકી જોયા કરતો હતો."

[જુઓ સફો ૨૬૮.

તે મુબાદેક ધ્રુંજવા લાગ્યા. પણ જ્યારે શેમસેલનીહારે આ પ્રમાણે જોયું ત્યારે તેણીએ તેઓને ધીરજ આપી જેથી તેઓને ફરી હીમત આવી. જ્યારે શેમસેલનીહારે ઇરાંનનાં શાહાજાદા અને એબન થારની દેહશત નરમ પાડી ત્યારે પોતાની એક ઇતબારી બાંડીને દરવાજા આગળ જઇને મસરૂર અને પેલા બે અમલદારોને જ્યાંસુધી અંદર બોલાવ્યામાં આવે ત્યાંસુધી તે લોકો સાથે વાત કરવાનો હોકમ કીધો. તેણીએ જલદીથી ઓરડાની સઘળી બારીઓ બંધ કરવાનો હોકમ આપ્યો, અને બાગ તરફ રંગીન કપડું નાખવા કહ્યું. પછે તેણીએ એબન થાર અને શાહજાદાને કહ્યું કે તમો આ જગાએ બેશીકર રહો. એમ કહી તેણીએ બાગનો દરવાજો ઓસ્તવાર બંધ કીધો. જો કે શેમસેલનેહાર તેઓને સારી રીતે ધીરજ આપતી હતી તોપણુ તેઓ થર થર ધ્રુંજતા હતા.

જેવી શેમસેલનીહાર બાગમાં ગઇ તેવીજ તેણીએ પોતાની સાથે જે બાંડીઓ હતી તેઓને હોકમ કીધો કે બારી આગળ બેસો, અને ગીતાર વજાડી ગાયન ગાવો કે જ્યાંથી પેલો ઇરાંનનો શાહજાદો, અને એબન થાર તેઓનું ગાયન સાંભળી શકે એવો બંદોબસ્ત કરી તે પોતે રૂપાંના તખ્ત ઉપર બેઠી, અને ત્યાર પછે પોતાની વીશ્વાસુ દાસીને ખબર મોકલી કે હવે પેલા મસરૂર, બે અમલદારો અને ગુલામોને બેશીકર તું મારી હજુર લાવ.

તેઓ ઘણા એશકી વીશ ગુલામો કે જેઓએ કંમરે ખંજર લટકાવ્યાં હતાં, અને સુનાંના કંમરબંધ બાધેલા હતા તેઓની સાથે તેણીના હજુરમાં આવ્યા. જેવી તેઓએ ખુબસુરત શેમસેલનીહારને દુરથી જોઇ તેવાજ તેઓએ વાંકા વલી ઘણી અદબઅદાથી સલામ કીધી ત્યાર પછી તેણીએ તખ્ત ઉપરથી ઉઠીને મસરૂરને પુછવા લાગી કે તું શું ખબર લાવ્યો છે? મસરૂરે જવાબ દીધો કે નામદાર બાંનુ નાંમદાર કાલીફે કેહવાડયું છે કે તમારા ખુબસુરત રોખસારા જોયા વગર મારેથી વધારે વાર થોભાતું નથી; તેટલા વાસ્તે આજ રાત્રે તમારી આગળ આવવાની તે હોંશ રાખેછે માટે એવી એલતેમાસ કીધીછે કે તમો તેની મુલાકાત લેવા તૈયાર રેહજો. ઇમાનદારોનો વડો નામદાર ઉમેદ રાખેછે કે જેવો તે તમુને જોવા ખાતર ઇન્તેજાર છે તેવીજ ખુસીથી તમો તેને એસ્તેકબાળ લેવાને તૈયાર થઈ રેહશો.

આ વાત સાંભલીને પેલી ખુબસુરત શેમસેલનીહાર કાલીફના હોકમને ખુસીથી તાબે થઇછે એ દેખાડવાને માટે જમીન ઉપર પડી અને જમીનને બોસા લીધા. જ્યારે તે પાછી ઉભી થઇ ત્યારે બોલી કે મેહેરબાની કરીને નામદાર કાલીફને કેહજો કે તમો નામદારનો હોકમ ખુસીથી બજાવવામાં હું મારી કીરતી સમજુછું, અને તમો નામદારની દાસી તમુને ઘટતું આદરમાન આપવાને કંઇ પણ કસુર કરનાર નથી. શેમસેલનીહારે તેજ વખતે પોતાની વીશ્વાસુ બાંડીને કહ્યું કે લોંડીઓને હોકમ કરકે કાલીફને લેવા માટે મેહેલ તૈયાર કરી રાખે; અને મસરૂરને રજા આપતી વખતે કહ્યું કે તું જાણેછે કે સઘળી ચીજ તૈયાર થવાને હજુર જરા વખત લાગશે માટે મેહેરબાની કરીને તું જરા નામદાર કાલીફની અધીરાઇ નરમ પાડવાની કોસેસ કરજે કે જ્યારે તે નામદાર અત્રે આવે ત્યારે કોઈ પણ ચીજ બેદાદ પડેલી જોય નહીં.

જ્યારે પેલો મસરૂર અને તેની સાથનાં માણસો ગયાં ત્યારે શેમસેલનીહાર પાછી જ્યાં ઇરાનનો શાહાજાદો અને એબન થાર હતા ત્યાં ગઇ. તેઓને શેમસેલનેહાર મોકલી દેવા ઇચ્છતી હતી તેથી પોતાની દલગીરી જણાવવા લાગી. તે તેઓની આગલ આંખમાં આંસું ભરી આવી, તે જોઇ આપણા એબન થારનાં હોસલાં લેવાયાં. પેલા શાહજાદાએ તેણીને કહ્યું કે બાંનુ આ તમારા દેખાવ ઉપરથી મને માલમ પડેછે કે આપણે હવે જુદા પડવું જોઇએ એવી ખબર તમો આપવા આવ્યાછો; એથી વધારે અગરજો કંઇ ડરવાનું નહીં હોય તો હું ઉમેદ રાખું છું કે તમારી ગેરહાજરી ખમવાને માટે ખોદા મને પુરતી સબુરી આપશે. પણ શેમસેલનીહારે જવાબ દીધો કે અફસોસ! મારાં પ્યારા જીગર

મારા પ્યારા જીવ, તારા નસીબને મારા કમબખત નસીબ સાથે સરખાઉ છું ત્યારે મને લાગેછે કે તું કેવો સુખી અને હું કેવી દુ:ખી છું. બેશક તું મારી ગેરહાજરીથી દુ:ખી થશે, પણ તારૂં દુ:ખ એવું છે કે જે તું મને ફરીથી જોશે એવી ત્હારી આશામાં જશે; પણ મને તો ઓ અદલ અલ્લા! કેવી આફતો ખમવી પડશે. એક માણુસ કે જેને એકલાને મારા જીવ, અને જીગરનાં કરતાં વધારે ચાહુંછુ તેને જોવાથી દુર પડશ એટલુંજ નહીં પણ એક માણુસ કે જે તારે લીધે મારા ધીક્કારમાં આવી પડયો તેને મારે જોયા કરવો પડશે. શું હાં જ્યારે પેલો કાલીફ આવશે ત્યારે મને તું મીશાલના દીલજાન આશકની યાદ નહીં આવશે. મારી મરજી ઉપરાંત અને જ્યારે હું તારી મુરતીનાં વિચારમાં ગીરફતાર થઇશ ત્યારે પેલો કાલીફ કે જે હંમેસ મારી આંખનાં ચમકાતથી, અને ચેહેરાના નવ બહારથી ખુસી થાયછે તેને હવે હું કેમ ખુસી કરી શકશ. જ્યારે હું તેની સાથે વાત કરશ ત્યારે મારૂં મન ગભરાટમાં ને ગભરાટમાંજ રેહેશે, અને તે મને પ્યાર દેખાડશે તેનાં બદલામાં જ્યારે મને પાછો સલુકાઇ ભરેલો જવાબ આપવો પડશે ત્યારે મારી છાતીમાં મારા દરએક બોલો ભાલાની માફક લાગશે તેનાં મયાલુ બોલો અને બોસ્સાને હું કેમ ખામોસ કરીશ. ઓ શાહજાદા તું વિચાર કરકે જ્યારે હું તુંને જોઇશ નહીં ત્યારે મને કેવાં કેવાં દુ:ખો ખમવાં પડશે? હવે આંસુઓ અને દયકાંઓથી કરી તેણીથી વધારે બોલાઇ શકાયું નહીં, અને ઇરાનના શાહાજાદાએ તેણીને જવાબ આપ્યો હતે પણ પોતાની અને પોતાની માસુકની દલગીરી જોઇ તેથી પણ એક બોલ બોલાયો નહીં.

એબન થાર જે આ દેહસત ભર્યા મેહેલમાંથી જલદી નાહાસી જવાનો વિચાર કરતો હતો તેને હાલ સબુરી અખત્યાર કરવાનો દેલાસો આપ્યો. પણ તેવામાં પેલી વીશ્વાસુ દાસી આવી તેથી તેઓની વાતનો અંત આવ્યો, સબબ આવતાંને વાર બોલી, કે ઓ મારી પ્યારી કદરદાન બાનું તમોને કંઇ પણ વખત ખોહવો નહીં જોઇએ; ગુલામો આવવા લાગ્યા છે, અને તમો જાણોછો કે કાલીફ તરત તેઓની પાછળ હાં આવી લાગશે. શેમસેલનીહાર બોલી કે ઓ અલ્લા! કેવી નીર્દયતા! ત્યાર પછી તેણીએ પોતાની વીશ્વાસુ દાસીને કહ્યું કે એઓને જલદીથી અગાસી ઉપર લઇ જા, અને જે ગમથી એક બાજુએ બાગ અને બીજી બાજુએ તાઇગ્રીસ નદી દેખાય છે ત્યાં એઓને બેસાડ; જ્યારે રાત પડયા પછી સીહા અંધારૂ થાય ત્યારે એઓને પાછલે દરવાજેથી સહી સલામત મહેલ બાહાર કાહાડજે. આ પ્રમાણે બોલી રહ્યા પછે શેમસેલનીહારે ઇરાનનાં શાહાજાદાને ઘણી મોહબતથી બગલગીરી કરી. બે આશક માશુકે એકમેકના રૂખસારો ઉપર સેંકડો બોસ્સા લીધા, મગર બન્ને જણાં અરસપરસ એક પણ બોલ બોલ્યા વગર શાહજાદો અગાસી ઉપર ગયો, અને શેમસેલનીહાર ઘણીં ગભરાટ અને દલગીરમાં કાલીફને લેવા ગઇ.

હવે પેલી વીશ્વાસુ દાસી પેલા શાહજાદા, અને એબન થારને શેમસેલનીહારે જે આગસી બાબે કહ્યું હતું તે આગાસી ઉપર લઇ ગઇ, જ્યારે તેઓને ત્યાં બેસાડ્યા ત્યારે પોતે પાછી બાહેર જઇને બારણું બંધ કીધા, તેણીએ જતી વખત કહ્યું કે તમારે કઇ પણ રીતે ડરવું નહીં સબબ જ્યારે વખ્ત થશે ત્યારે હું તમારી આગલ આવશ. હવે જ્યારે શેમસેલનીહારની વીશ્વાસુ દાસી તેઓને આ-ગાસી ઉપર મુકીને બાહેર ગઇ ત્યારે તેઓને વગર ધાસ્તીથી બેસવા કહ્યું હતું. તે ઉપર વીશ્વાસ નહીં આવ્યાથી ઘણા ગભરાઇને તેઓ અગાસી તપાસવા લાગ્યા, પણ જ્યારે તેઓએ જોયું કે કાલીફ યા કોઇ તેનાં નોકર નફરો ત્યાં આવે ત્યારે નાસી જવાનો રસ્તો નથી ત્યારે તેઓ ઘણાં ચોંક્યા અને ખોદાની આજીજી કરવા લાગ્યા.

જે ગમ તેઓ ઉભા હતા તે ગમ એકાએક વીંનીસનમાંથી ઘણી રોશની મારવા લાગી તેથી તેઓ આસ્તેથી તે રોશની ક્યાંથી આવી તે જોવા ગયા, ત્યારે માલમ પડયું કે તે રોશની સો મીન-બતીઓમાંથી આવેછે કે જે મીનબતીઓ જવાન ગુલામો હારબંધ લઇ ઉભેલા હતા. તેની પછવાડે

વલી બીજા સો ગુલામો સુંદર કપડાં સાથ હાથમાં ખંજર લઇ કાલીફનાં જનાનખાનાંની નાજનીનોની ચોકી કરવા ઉભા હતા. તેઓની પછવાડે કાલીફ પોતે હતો જેનાં જમનાં હાથ ઉપર મસરૂર અને લશ્કરનો સરદાર, અને ડાબા હાથ પર વાસીફ અને બીજો અમલદાર હતો.

શેમસેલનીહાર કાલીફને એસ્તેકબાળ લેવા માટે કેયારાની બાજુથી પોતા સાથે પોતાની વીસ ઘણી ખુબસુરત દાસીઓ સાથે ઉભી હતી કે જેઓનાં ગલાંમાં મોતીની માલા, કાનમાં હીરાનાં લુલકો અને એ શીવાય બીજો તરેહવાર જાતનો પોશાક અને તરેહવાર જાતનાં ઘરેણાં પેહેડેલાં હતાં. તેઓએ જ્યારે કાલીફને જોયો ત્યારે ઘણા મધુર અવાજથી ગાયન ગાવા અને વાજીંતર વગાડવા લાગ્યાં. શેમસેલનીહારે જેવો કાલીફને જોયો તેવીજ તે વાંકી વલીને તેને પગે લાગી, અને મનમાં વમાસવા લાગી કે ઓ ઇરાંનનાં ખુબસુરત શાહજાદા! અરે મારા જીગર, મારા જીવ, અગરજો તારી આંખ મને એમ કરતાં જોય તો એટલુજ વિચારજે કે મારૂં કેવું બુરૂ નસીબ છે; અને અગરજો હું હાલ જે આજુજી કાલીફ તરફ બતાઊં છું તેવી તારી આગળ આજુજી બતાવતે તો કંઇ પણુ આનાકાણીને બદલે મને ઉલટી ખુશી લાગતે.

નામદાર કાલીફ શેમસેલનીહારને જોઇ ઘણો ખુશી થયો, અને બોલ્યો કે ઉઠ, મારી પ્યારી! મારી આગલ આવ, હું તુંને ખાત્રીથી કહું છું કે હું તારી આગલથી એટલોવાર બાહેર રહ્યો છું તેથી હું પોતે ઘણો દીલગીર છું. એમ કહી તેણીને ઘણી આસતે રહી ઊંચકી, અને એક રૂપેરી તખ્ત તૈયાર કરાવેલું હતું તે તરફ તેણીને લઇ ગયો, અને પછી તેની ઉપર પોતાની પાસે તેણીને બેસાડી. આ જોઇ તેઓની આસપાસ બીજી બેઠકો ઉપર વીસ દાસીઓ ઘણાં સુંદર લેબાસમાં આવી બેઠી, અને પેલા જવાન ગુલામો જેઓ બતીઓ લઇ ઉભા હતા તેઓને કાલીફે જરા ખુલી હવાની લેહેકી લેવા માટે વીખરાઇ જવા કહ્યું.

જ્યારે કાલીફ પોતાની બેઠક પર બેઠો ત્યારે પોતાની આસપાસ જોવા લાગ્યો, અને આખા બાગમાં પેલી સો મીનબતીઓ જે પેલા જવાન ગુલામો લઇને ઉભા હતા તે શીવાય બીજી લંકા લાગેલી જોઇને ઘણો ખુસી થયો, અને શેમસેલનીહારના ડાહાપણ ઉપર આફરીન કરતો હતો, તેટલામાં ઉપરનાં દીવાનખાના તરફ તેની નજર પડી, ત્યારે સઘલી બારીઓ બંધ જોઇ તેથી તેનું કારણ પુછ્યું પણ પેલી બારીઓ તો હાથે કરીને તેને અચરત કરવા બંધ રાખી હતી; કાંયકે જેવો તે આ બોલો બોલ્યો તેવીજ અંદરના નોકરોએ સઘલી બારીઓ ઉઘાડી નાંખી જેથી તેણે માલમ પડયું કે આજે હમેશના કરતાં વધારે સારી રીતે બાહેરથી અને અંદરથી લંકા લગાડેલી છે. તે બોલ્યો કે ઓ ખુબસુરત પ્યારી શેમસેલનીહાર આ દેખાવનું હું કારણ સમજુ છું; તું મને દેખડાવી આપે છે કે ખુબસુરત દાહાડા મુવાફેક આવી રીતે ઝલકાત ભરેલી રાત પણ થઇ શકે છે.

હવે પેલી તરફ ઇરાનનો શાહજાદો અલી બેકાર અને પેલો ગાંધી એબન થાર જેઓને આપણે અગાસી ઉપર મુકી આવ્યા છીએ તેઓ ત્યાં શું કરે છે તે તરફ આપણું ધ્યાન આપ્યે. એબન થાર તો આ સઘલું જોઇને ઘણો અજાયબ અને ખુશી થતો હતો. તે બોલ્યો કે હું કઇ ઘણો જવાન નથી, અને મારા વખતમાં ઘણીક લંકાઓ, અને ઘણાંક ખુશનુમા દેખાવો જોયલા છે પણ હું નહીં ધારતો કે તેમાંનો એક પણ દેખાવ હું જે હાં હમણા જોઊં છું તેના જેવો અજાયબ મેં કદી જોયો હોય અને તે એટલો ખુશનુમાં હોય. જાદુઇનાં મેહેલોની ખુબસુરતી તથા વખાણો આપણે સાંભલીએ છીએ તથા વાંચ્યે છીએ, તેનો દબદબો પણુ જે કંઇ હાલ આપણે જોઇએ છીએ તેને કદી પોંહોંચી શકે નહીં. તમે જુવો કે કેટલો પૈસો અને કેટલો દબદબો સાથે મલી ગયો છે.

જે ચીજો જોઇને એબન થાર એટલો ખુશી થતો હતો તે ચીજોથી ઇરાંનના શાહજાદાને કંઇ

પણુ ખુશી લાગી નહીં. તે કોઇ ઉપર નહીં પણુ શેમસેલનીહાર ઉપર તાકી તાકીને જોયા કરતો હતો, અને તેણીની આગલ કાલીફને બેઠેલો જોઇને બલી જલી માહેનો માહે ખાક થઇ જતો હતો. તે બોલ્યો કે પ્યારા એબન થાર જે ચીજોને જોઇને તું ખુશી થાય છે તે ચીજોમાં મારૂં શુન મારી ગયલું મન પણુ ખોદા કરેને મોજ લે. પણુ અફસોસ! હું તદન જુદીજ હાલતમાં છું. આ સઘલો મહીમાં જોઇને મારા દુઃખમાં બમનો વધારો થાય છે. જે માશુકને હું મારા જીવ કરતાં વધારે ચાહુ છું તેની સાથે કાલીફને આ પ્રમાણે છુટ લેતો જોઇને હું શું દીલગીરીથી નહીં મરી જાઊ? અરે ખોદા મારૂં નસીબ કેવું ઘાતકી, અને અજાયબ જાતનું છે. એક પલ વાર ઉપર તો હું એવું વિચારતો હતો કે મારા જેવો દુન્યામાં નસીબવાલો અને સુખી આશક કોઇ નહીં હશે, અને હાલ તો જાણે મારા દીલ ઉપર મોતના સખ્ત ફટકા પડતા હોય એવું લાગે છે. મારા પ્યારા એબન થાર હું આ નવા દુઃખનો અટકાવ કરી શકતો નથી. મારી સબુરી સઘલી ખપી ચુકી છે, મારૂં દુઃખ મને નાતવાન કરી નાખે છે, અને મારી હીંમત હારી ખાય છે. હજુરતો આ બોલો શાહજાદો બોલતો હતો તેત્રામાં વાડીમાં કંઇ બન્યું માટે તેને તરત મુગું રેહેવું પડયું, અને તે તરફ પોતાનું સઘળું ધ્યાન તેને લગાડવાની ફરજ પડી.

કાલીફે પેલી દાસીમાંથી એક જણીને પોતાની આગળ સારંગી વગાડીને ગાયન ગાવાનો હોકમ કીધો. તે ગાયન ઘણું પ્યારનાં જોસ્સા ભરેલું હતું તેથી કાલીફ એવું સમજ્યો કે આગલ શેમસેલ-નીહાર તેને પોતાને વાસ્તે ખાસ ગાયનો લાગુ કરીને ગવાડતી હતી તેમજ આ પણુ તેને લાગુ પડે છે એવું વિચારીને તે ઘણો મગ્નન અને ખુશી થવા લાગો. લેકીન હમણાં શેમસેલનીહારની મતલબ એવી નહીં હતી પણુ પેલા સઘળા સખુનો અને ગાયન મધેના વિચારો અલી બેકારને લગાડવા લાગી, અને એક માણુસ જેની આગળ તે વધારે બેસવા ચાહતી નહીં હતી તેને જોઇને તેણીને એટલી તો દીલગીરી લાગી કે તેનો વિચાર કરતાંજ બેસુદ્ધ થઇને ખુરસી ઉપરથી પડી જતી હતી, તેટલામાં એક ખાસ બાંડીએ તેણીને પકડી લીધી, અને પછી સઘળાંઓ ઊચકીને તેણીને એક ઓરડામાં લઇ ગયાં.

અગાસી ઉપરથી એબન થારે આ બનાવ જોયો તેથી ઇરાનનાં શાહજાદા તરફ ફરયો, અને જોવા લાગ્યો, પણુ અફસોસ જે પ્યારનો જોસ્સો હાથી જેવાને પણુ નરમ માખન જેવો કરી નાખે છે, જે પ્યારનાં તીરોનાં જખમથી કેટલાંક લોકોએ દુન્યા તજીછે, અને કેટલાંકો ઘેલા થઇ ગયાછે તેજ પ્યારનાં જોસ્સાથી આ ઇરાનનો શાહજાદો લાંબો થઇને જમીન ઉપર પડયો હતો. આ મોટો બનાવ જોઇને એબન થાર ઘણો ઘભરાયો, અને ઇરાનનાં શાહાજાદાનાં દીલમાં શેમસેલનીહાર તરફનો આવો ગુઠાઇ ગયલો પ્યારનો જુસ્સો જોઇ ઘણો અજબ રહ્યો. ઇર્રાનનાં શાહજાદા અલીને સુદ્ધીમાં લાવવા ગમે તેવીઅી તેણે મેહેનત કીધી પણુ તે સઘળી ફોકટ ગઇ. આવો તે ઘભરાતમાં હતો તેવામાં શેમસેલ-નીહારની પેલી વીશ્વાસુ દાસી હાંફતી હાંફતી તે લોકોની આગલ આવી અને કહ્યું કે જલદી આવો હું તમોને બાહેર લઇ જાઉ, કાંયકે મારીતો; ખાતરીજ છે કે આપણો જીવવાનો આ છેલોજ દાહાડો છે. એબન થારે ઘણા દલગીરી ભર્યા આવાજે કહ્યું કે અમોને બાહેર કેમ કાહડશે; મેહરબાંની કરીને મારી આગલ ચાલ અને ઇરાનનો શાહજાદો કેવી હાલતમાં છે તે જરા જો. જ્યારે પેલી વીશ્વાસુ દાસીએ પેલાને આવી હાલતમાં જોયો ત્યારે તરત પાંણી લેવા દોડી.

શેવટે જ્યારે ઇરાનનાં શાહજાદાનાં મોહોડાં ઉપર પુશ્કલ પાંણી છાંટયું ત્યારે તે હુશીયાર થયો. તે જોઇ એબન થાર બોલ્યો કે ઓ નામદાર શાહજાદા અગરજો આપણે ત્યાં જરા વખત ઉભા રહીશુ તો ત્યાંજ મરવાની નીશાની છે તેટલા વાસ્તે ઉઠો અને જરા હીંમત પકડો કે આપણે આપણી જીંદગી બંચાવ્યે. પણુ તે એટલો નબલો થઇ ગયો હતો કે પોતાને હાથે ઉઠી ઉભો થઇ શકતો નહીં હતો, તેથી એબન થાર અને પેલી વીશ્વાસુ દાસીએ તેનો હાથ પકડ્યો. તેઓ એક ન્હાનો

લોહોડાંનો દરવાજો જે તાઇગ્રીસ નદી તરફ હતો તે ઉઘાડી બાહાર ગયાં, અને એક ખાહી જે નદીની સાથે જોડાયલી હતી તેની બાજુએથી ચાલી ગયાં. પેલી વીશ્વાસુ દાસીએ તાબડા ફોક્યા અને તરતજ એક હલેસાંની ન્હાની બોટ તેઓ તરફ આવી. અલી એબન બેકાર અને પેલો ગાંધી તે બોટમાં બેઠા, અને પેલી વીશ્વાસુ દાસી કીનારે ઉભી રહી. જેવો પેલો શાહજાદો અંદર બેઠો તેવોજ તેણે એક હાથ પોતાની છાતી ઉપરૂ મુકયો, અને બીજો હાથ મેહેલ તરફ લાંબો કરી બોલ્યો, કે ઓ મારા હૈડાંના હાર આ હાથથી મારી ઇમાનદારી ઉપર તું વીશ્વાસ રાખજે, અને બીજો હાથ જે હું મારી છાતી ઉપર મુકું છું તેથી એવું સમજજે કે જે આતસ હાલ મારા જીગરની અંદર જલે છે તે વધતોને વધતો જશે.

હવે પેલો મછવાવાલો પોતાથી જેમ મરાયાં તેમ જોરથી હલેસાં મારવા લાગ્યો, અને શેમસેલની· હારની દાસી પેલી ખાહીને કીનારેથી બોટ સાથે ચાલી પણ જ્યારે પેલી બોટ ખાહી પસાર કરીને નદીમાં પેઠી ત્યારે તે દાસી ઇરાનનાં શાહજાદા અને એબન થારને રૂમાલથી સલામ કરી મેહેલ તરફ પાછી ફરી.

પેલો ઇરાનનો શાહજાદો તો ઘણોજ નાંતવાન થઇ ગયો હતો; પણ એબન થાર તેની આગલ બેસીને તેને હીંમત અને દીલાસો આપતો હતો. તે બોલ્યો, કે તું વિચાર કર કે જ્યારે આપણે બોટ ઉપરથી જમીન ઉપર ઉતરશું ત્યારે મારે ઘેર પોંહોંચ્યા અગાઉ આપણુને ઘણું ચાલવું પડશે; અને તું આવી નાતવાન હાલતમાં અને આવા વખતમાં તારૂં મકાન કે જે મારાં ઘરથી પણ ઘણું દુર છે ત્યાં જાય એ હું ડાહાપણ ભરેલું સમજતો નથી. જ્યારે તેઓ બોટમાંથી ઉતર્યા ત્યારે ઇરાનનો શાહજાદો એટલોતો નાકૌવત થઇ ગયો હતો કે તેનામાં ચાલવાની પણ શકતી નહીં હતી જેથી પેલો ગાંધી ઘણો ઘભરાયો. તેને યાદ આવ્યું કે નદીની આગલજ એક તેનો દોસ્ત રેહે છે તેથી તે પેલા શાહજાદાને તેને ત્યાં લઇ ગયો. તેનાં દોસ્તે તેઓને ઘણાં આદરમાનથી ઘરમાં લીધા, અને ખુરસી ઉપર બેસાડીને પુછ્યું કે તમો એટલી મોડી રાત સુધી કયાં હતા? એબન થારે જવાબ દીધો કે એક માણુસ જેની પાસે હું થોડાક પૈસા માંગતો હતો તે ગામ જાયછે એવું મેં સાંભળ્યું તેથી તરતજ તેનાં ઘેર તરફ ગયો જ્યારે રસ્તામાં મને આ ઉમરાવ મળ્યો, જેણે મારી ઉપર હજારો ઉપકાર કીધા છે. જેવું મેં એ ઉમરાવને કહ્યું કે હું મારા કરજદારને ઘેર જાઉ છું તેવોજ એ પણ મારી સાથે આવવાને તૈયાર થયો. પેહેલે તો મારા કરજદારે ઘણો વખત સુધી રગજગ કરયા કીધી, પણ તેને છેલે કબુલ કીધું, અને તેથી અમોને આટલું મોડું થયું છે. રસ્તામાં આવતાં આ ભલો અમીર કે જેના ઉપકારનો મારેથી બદલો વલાવાનોજ નથી, તેનો એકાએક જીવ બગડી આવ્યો તેથી તારી ઉપર આશા રાખીને આજની રાત તારે ઘેર વીસામો કરવા આવ્યા છીએ.

એબન થારના દોસ્તે આ સઘળું ખરૂં માન્યું અને બોલ્યો કે આ ઘર તમારૂંજ છે, એમ કહીને પેલો ઇરાનનો શાહજાદો કે જેને તે ઓલખતો નહીં હતો તેને પોતાથી બનતી મદદ આપી, પણ એબન થારે તેને કહ્યું કે મારા દોસ્ત આ ઉમરાવનું દુઃખ સઘળું ઉંઘથી નરમ પડશે. પેલો તરત ગાંધીની મતલબ સમજી ગયો તેથી તેઓને સુવાનાં ઓરડામાં લઇ ગયો, અને તે બંનેને ઘણા નરમ સોજાં બીછાનાંઓ ઉપર સુવાડયા.

જોકે ઇરાનનો શાહજાદો ઉંઘાયો તોપણ તે ઘણા બીહામનાં સ્વપ્નાઓથી જાગી ઉઠયા કીધો. તેણે સ્વપ્નમા શેમસેલનીહારને કાલીફનાં પગ આગલ બેસુદ્ધ થઇને પડેલી જોઇ જેથી તે ઉંઘમાંથી બુમ પાડીને જાગી ઉઠયો. બીજી સવારે એબન થાર જેવો ઉઠયો તેવો પોતાને ઘેર જવાની અધીરાઇ બતાવવા લાગ્યો, સબબ તે જાણુતો હતો કે તેને કોઇ દાહાડે રાતનાં બાહેર સુવાની ટેવ નથી; તેથી તેનું કુટુંબ તેની રાહ જોતું ગભરાટમાં પડયું હશે. તે જલદી ઉઠીને પોતાનાં દોસ્તની રજા લેવા ગયો જેણે તેને નાસ્તો કરીને જવાની ઘણી પણું બોહોસ કીધી પણ એબન થારે તેમ કરવા ના પાડી, તેથી

તે બચારો નાસીપાસ થઇને નીમાજ પડવા ગયો. છેલે સરવાલે તે ઘેર આવ્યો, અને પ્રથમ પેલો ઇરાનનો શાહાજાદો જે ઘણી મેહેનતથી ચાલી આવ્યો હતો તેને વાસ્તે એક ઘણુંજ નરમ બીછાણું તૈયાર કીધું, અને તેની ઉપર સાટીનની ચાદર પાંથરીને ઇરાનનાં શાહજાદાનો હાથ પકડીને સુવા લઇ ગયો. તેની નાતવાની એટલી તો વધી ગઇ હતી, કે તેનાથી ઘર નહી જવાઇ શકાય એવું હતું તેથી તેને વાસ્તે પોતાનાજ ઘરમાં એક ઘણું સગવડ ભર્યું દીવાનખાનું તૈયાર કરાવ્યું, અને તેની પદવિ માફક તે દીવાનખાનું સીંગાર્યું. પછી તે કયાં અને કેવી હાલતમાં છે તેથી વાકેફ કરવાને વાસ્તે તેનાં દોસ્તોને ઘર માણસો મોકલ્યાં અને શાહજાદાને નરમ પાડવા સારૂ ઘણો દીલાસો આપ્યો. તેણે કહ્યું કે મારૂં આખું ઘર તારૂંજ છે; ગમે તે રીતે હોકમ કરજે અને જે કંઇ ચીજો જોઇએ તે માંગજે. પેલા ઇરાનનાં શાહજાદાએ જવાબ આપ્યો કે તારી મેહેરબાનીનો મારા દીલોજાનથી હું ઘણો ઉપકાર માનું છું, પણ હું તુંને કાંઇ પણ રીતે મેહેનતમાં નહીં નાખું માટે હું તારી પાસે માંગી લઊં છું, કે હું જાણે તારા ઘરમાં નહીં હોઊં એવી રીતે આરામથી રેહેજે, જો મને જરા પણ માલમ પડયું કે મારા રહ્યાથી તુંને જરા પણ હરખત થાય છે તો એક પળ પણ હું ત્યાં રેહવાનો નથી.

હવે જ્યારે એબન થાર જરા ઘભરાટમાંથી ફારેગ થયો ત્યારે પોતાનાં કુટુંબને શેમસેલનીહારનાં મેહેલમાં જે કંઇ બન્યું હતું તે સઘલું કહી સંભલાવ્યું, અને તે આવા ભયમાંથી બચી ગયો તેથી તેનાં આખાં કુટુંબે ખોદાનાં હજારો હજાર શુક્ર કીધા. પેલા ઇરાનનાં શાહજાદાનાં જે કોઇ નોકરો હતા તેઓ તેનો હોકમ બજાવવાને વાસ્તે એબન થારનાં ઘરમાં આવ્યા, અને તેનાં દોસ્તોને તેની આવી બુરી હાલતની ખબર પડી તેથી તેઓ તેની ખબર લેવા આવ્યા. કેટલાક દોસ્તો તો તેની આગલ આખો દાહાડો બેસી રહ્યા, અને જોકે તેઓની વાતથી તેનાં મનમાનાં દુઃખો દુર નહીં થતાં હતાં તોપણ વાતચીતથી તો આસ્તે આસ્તે ઓછાં થતાં હતાં. સાંજ પડી ત્યારે શાહજાદાએ પોતાને ઘર જવાની રજા માંગી, પણ તેનો નીમકહલાલ દોસ્ત એબન થારે તેની આવી ખરાબ હાલત જોઇને તેનાં કાલાવાલા કરીને બીજો દાહડો પોતાનાં ઘરમાં થોબવા જણાવ્યું અને તેને ગમત આપવાને વાસ્તે પોતે વાજીંત્ર લઇને ઘણાં સુંદર ગાયનો ગાવા લાગ્યો, પણ તે ગાયનોથી તો ઉલટી તેની દીલગીરી ઘણી વધવા લાગી સબબ તેથી તેને ગઇ કાલનાં સેમશેલનીહારના ગાયનો યાદ આવ્યાં. બીજે દાહાડે તો તેનું નાકૌવતીપણું ઘણું વધવા લાગું જેથી એબન થારે તેને ઘર જતો અટકવાને દરૂસ્ત નહીં ધાર્યું અને પોતે પણ તેની સાથે તેને ઘર ગયો. જ્યારે ઓરડામાં તેઓ એખલા હતા ત્યારે એબનૂ થારે કહ્યું કે ઓ પ્યારા શાહજાદા તારી દીલગીરીનો સબબ હું જાણું છું, પણ તે વાજબી યા ગેરવાજબી છે તેનો વિચાર તુંને કરવો જોઇએ. તુંને જાણવું જોઇએ કે તારો પ્યાર એવો છે કે જેથી છેલ્લે તુંને તથા કાલીફની માશુક બંનેને નુકસાનકારક થઇ પડશે, માટે તુંને હાલ તારી દીલગીરી નરમ પાડવી જોઇએ. શાહજાદાએ જવાબ આપ્યો કે પ્યારા એબન થાર નશીઅત કેમ આપવી તે તુને કેવી સેહેલી લાગે છે, પણ અફસોસ તે પ્રમાણે ચાલવાને મને કેટલું કઠણ લાગે તેની તને કાંઇ ખબર છે? તારી શીખામણની કીંમત હું જાણું છું; પણ તેનો ફાયદો લેવાની મારામાં શક્તી નથી. મેં તુંને કહેલુંજ છે કે શેમસેલનીહાર ઉપર જે મારો પ્યાર છે તે હું મારી સાથે ઘોરમાં પણ લેતો જઇશ. જ્યારે એબન થારે જોયું કે તેના બોલવાની કંઇ પણ અસર શાહજાદાની ઉપર થતી નહીં ત્યારે તેણે નાચારે ઉઠી પોતાને ઘેર તરફ જવાની રજા લીધી.

પણ પેલા શાહજાદાએ તેને ઉભો રાખ્યો, અને કહ્યું કે પ્યારા એબન થાર મેં તુંને કહ્યું, કે તારી ડાહી શીખામણો પ્રમાણે ચાલવાને મારામાં શક્તી નથી તેથી હું આસા રાખું છું કે તું કાંઇ પણ રીતે મારી ઉપર ગુસ્સો નહીં કરશે, અને તારી હમેશની દોસ્તીની નીસાનો દેખાડવાને, અને બીજી નશીઅતો આપવાને તું કંઇ પણ રીતે પછાત નહીં રેહશે. મારી પ્યારી શેમસેલનીહાર કેવી હાલતમાં

છે તેની ખબર તું સાંભલે તો તથા મારા આવ્યા પછે તેણીની કેવી હાલત થઇ છે તેની અગરજો ખબર કાહડી મને તેથી વાકેફ કરશે તો હું તારો આભાર કદી વીસરશ નહીં. એબન થારે જવાબ દીધો કે મારા શાહજાદા તુંને ખાતરજમાં રાખવી કે તેણીનાં બેસુદ્ધ થવાથી કાંઇ પણ માંઠા પરીણામો નથી નીપજ્યાં, તેણીની દાસી આપણુને ખબર કેહેવાને જલદી આવશે અને જેવી તે આવશે અને જે કંઇ મને ખબર કેહશે તે હું તુંને આવીને શીતાબ કહીશ.

શાહાજાદા અલીને આવો દેલાસો આપી એબન થાર પોતાને મકાને ગયો. તે શેમસેલનીહારની વીશ્વાસુ દાસી જલદી આવશે એવી વાત જોતો બેઠો; પણ તે દાહાડે તો તે બીલકુલ આવી નહીં, અને બીજે દાહાડો પણ તેમજ ગયો. ઇરાનનાં શાહજાદાને તંદરોસત જોવાને તે ઘણો આતુર હતો તેથી તે તેને જોવા વગર હવે તેનાથી કંઇ વધારે વખત થોભાઇ શકાયું નહીં. તે તેને ઘેર દીલાસો આપવાને ગયો પણ જ્યારે તે ત્યાં પોંહોચ્યો ત્યારે તો તે શાહજાદાનાં બીછાનાં આગળ ઘણાક દોસ્તો ને સગાંવાલાઓ અને હકીમોને બેઠેલા જોયા. આ સઘળાઓ તેનાં દુઃખનું કારણ જાણવાને માટે તરેહવાર ઉપાયો લેતા હતા. જ્યારે પેલા શાહજાદાએ એબન થારને જોયો ત્યારે તે હસી પડયો જેથી એવું માલમ પડયું કે તે બે બાબદસર હસ્યો હતો; એક તો પોતાના દોસ્તને જોવાથી તે ઘણો ખુસી થયો તેથી; અને બીજું તો એ જે હકીમો ઘણાં પણ ફાંફાં મારે છે તોબી તેનાં દરદનું ખરૂં કારણ નથી જાણી શકતા નથી તેથી પણ હસ્યો.

પેલા દોસ્તો, હકીમો અને ખેશીઓ આસ્તે આસ્તે એક એક પછે બાહાર જવા લાગ્યા અને જ્યારે એબન થાર એકલો આજારી શાહજાદા આગળ રહ્યો ત્યારે શાહાજાદાને પુછ્યું કે મારા ગયા પછે તું કેવી હાલતમાં છે? શાહજાદાએ જવાબ આપ્યો કે મને તુંને કહેવું જોઇએ કે મારા પ્યારનાં ભભુકામાં પોતાની મેલે વધારે કોલસા પડ્યા કરે છે જેથી ઈંગાર નરમ પડ્યાને બદલે બળતાંનાં ભભુકા વધતા અને વધતા જાય છે, અને મારી પ્યારી શેમસેલનીહારની ઉપર શું ગજબ ગુજરયો છે તેની બેખબરીથી દરપલે મારૂં દુઃખ ઘણું વધતું જાય છે. વળી મારા ખેશીઓ, મારા દોસતો અને હકીમો જેઓ મારાં દુઃખનું કારણ જાંણુતા નથી, જેઓની હાજરીથી મારૂં દુઃખ સામું વધે છે જેથી તે તમામ લોક ઘભરાટમાં પડે છે. આટલા બધા લોકોને મારી આગળ જોયાથી તું વિચારી નહીં શકતો હશે કે કેટલું મને ખમવું પડે છે? ઓ પ્યારી શેમસેલનીહાર હજુર તું મને મોહબતનો પેગામ કેમ નહીં મોકલતી? મારા પ્યારનાં ભભુકામાં જરા પાણી કેમ નહીં રેડતી? મારા પ્યારા એબન થાર તું જ્યારે મારી આગલ આવે છે ત્યારેજ જરા મારાં જીવને કરાર થાય છે. પણ હું તારી પાસ માફ માંગીને કહું છું કે તું મારી આગલથી કંઇ પણ છુપું રાખતો ના. મારા જીગર કરતાં પ્યારી શેમસેલનીહારની તું શું ખબર લાવ્યો છે? તેં તેણીની વીશ્વાસુ દાસીને જોઇ છે? તુને તેણીએ તેની હાલત વિશે શું કહ્યું છે? એબન થારે જવાબ આપ્યો, કે મેં હજુર કાંઈબી ખબર સાંભલી નથી; પણ જેવા આ સખુનો ઇરાનનાં શાહાજાદાએ સાંભલ્યા તેવાજ તેની આંખમાંથી બેસુમાર આંસુ ગરવા લાગ્યાં; તેની છાતી એટલી તો ભરાઇ આવી કે તેનેથી એક બોલ પણ બોલાઇ શકાયો નહીં. એબન થારે ફરીથી કહ્યું કે ઓ નેક શાહાજાદા મને કેહેવા દે, કે તુંજ તારા જીવને નવી ગમગીની સોધી કાહાડીને દુઃખમાં નાખાવે છે. ખોદાને વાસ્તે તારા આંસુઓ લુંછી નાંખ; અગરજો તારા કોઇ માણસો આવશે તો તુ તારા વિચાર છુપાવાની ગમે તેવી કોશેસ કરશે તોપણ તેઓ તારા મોહોડાંપરથી તારા દીલનું દુઃખ પારખી કાહાડશે. પેલા ડાહ્યા શીખામણ આપનારે ગમે એટલી શીખામનો આપી તે સઘલી ફોકટ ગઇ, સબબ કે શાહાજાદાનાં આંસુઓ તો વધારે અને વધારે પડવા લાગ્યાં. જ્યારે શાહાજાદાની છાતી જે ભરાઇ આવી હતી તે ખાલી થઇ, ત્યારે તે બોલ્યો કે ઓ બુજરોગ એબન થાર, મારા દીલની છુપી

વાતો કેહેવાને મારી જીભને હું કદાચ બંધ પાડું, પણ મારા આંસુઓપર મારો કંઇ અખત્યાર નથી; જ્યાંસુધી શેમસેલનીહારની ખબર નહીં મલશે ત્યાંસુધી તે તો પોતાની મેલે ટપક્યા કરવાનાંજ. અગર જો તે મારી પુંજવાની મુરતી, મારા જીગરનો હાર, આ દુન્યામાં કદાચ નહી હશે તો હું ખાતરીથી કહું છું કે તેની પછવાડે હું એક પલવાર પણ આ દુન્યામાં હસતી ભોગવી શકવાનો નથી. એબન થારે જવાબ આપ્યો કે આવા દુ:ખદાયક વિચારોને તું તારા દીલમાંથી બીલકુલ દુર કર. શેમસેલનીહાર જીવતી છે, એટલી તો તારે પુરતી ખાતરી રાખવી. અગરજો તેણીની ખબર તુને મલી નથી, તો તેનું કદાચ એવું કારણ હશે કે તેણીને તુંને સંધેસો કેહેવાડવાની તક નહી મલતી હશે, અને હું આસા રાખું છું કે કદાચ આજે તેણીને વિશે તું કંઇ પણ સાંભળશે. એ પ્રમાણે બીજા ઘણાંએક દેલાસા આપીને એબન થાર પોતાને મકાને પાછો ફર્યો.

એબન થાર જ્યારે ઘેર પુગ્યો ત્યારે તેણે શેમસેલનીહારની વીશ્વાસુ દાસીને ઘણાં દલગીરી ભર્યા દેખાવથી આવતી જોઇ; જેથી પેલા ગાંધીને ખરાબ તાસીર દેખાવા લાગી. તેને પેલી દાસીને તુરતજ તેણીની શેઠાણીની ખબર પુછી. પેલી દાસીએ જવાબ દીધો કે પેહેલે શાહાજાદાની ખબર કહે સબબ કે મેં તેને એવી ખરાબ હાલતમાં જતો જોયો હતો તેથી મારા જીવને કંઇ પણ ચેન પડતું નથી. એબન થારે જે સર્વે બન્યું હતું તે સઘલું પેલી દાસીને કહી સંભલાવ્યું; તે સાંભળીને પેલી દાસી બોલી કે જેટલું ઇરાનનાં શાહાજાદાએ ખમ્યુંછે અને ખમેછે તેટલુંજ મારી શેઠાણીએ પણ ખમ્યું છે અને ખમે છે. જ્યારે તમારી આગલથી હું પાછી ગઇ ત્યારે મેહેલમાં ગઇ; જ્યાં જોઉં છું તો મારી શેઠાણી ઉપર ઘણાંક ઉપાયો લગાડ્યા છતાં તે બેસુદ્ધીમાંજ હતી. કાલીફ પણ ઘણો દલગીર થઇ તેણીની આગલ બેઠેલો હતો; તેણે સઘલી દાસીઓને અને ખાસ કરીને મને વારેઘડીએ પુછયું કે તેણીનાં દુ:ખનું કંઇ કારણ તમો જાણોછો ? અમોએ પણ સઘલું છુપુંજ રાખ્યું અને કહ્યું કે અમો કંઇ પણ જાણતાં નથી. અમો સઘલાં તેણીની આગલ બેસીને રડ્યાં કીધાં, અને તેણીને સુદ્ધીમાં લાવવાને વાસ્તે મેહેનત કરવામાં અમોએ કંઇ પણ કસુર રાખી નહીં. ટુકમાં છેક મધ રાત્રે તે પાછી સુદ્ધીમાં આવી. કાલીફ કે જે તેણીની આગલ ધીરજથી બેસી રહ્યો હતો તેણે જ્યારે તેણીને પાછી સુદ્ધીમાં આવેલી જોઇ ત્યારે ઘણો ખુસી થયો, અને શેમસેલનીહારને આ દુ:ખનુ કારણ પુછયું. તેણીએ જેવો કાલીફને બોલતાં સાંભળ્યો, તેવીજ પોતાની જગા ઉપર બેસવાની કોસેસ કીધી. તે તેણીને અટકાવે તે અગાઉ શેમસેલનીહારે તેનાં પગ ઉપર બોસા લીધા, અને કહ્યું કે જેહાંપનાહ, હું દલગીર છું કે તમારા પગ આગળ હું મરણ પાંમીને તે બીનો જેહાનમાં પોંહચી નહીં ગઇ. તમારી આટલી બધી મેહરબાંનીઓનો હું કેવી રીતે આભાર માની શકીશ ?

કાલીફે જવાબ આપ્યો કે મને માલમ પડે છે કે તું મને બેહદ ચાહે છે, પણ તેં આજે મારે માટે ઘણી મેહનત અને જેહમત ખેંચેલી લાગે છે, અને તેથીજ તારો આ મુજબ જીવ બગડી આવ્યો હશે; હું તુને આજુજીથી કહું છું કે તું તારી બરાબર બરદાસ્ત લે ને હવે પછી એવી વગર કારણની મેહનતથી દુર રેહેજે, તુંને પાછી સારીપેઠે જોઇને હું ઘણો ખુસી થયો છું. હું તુને નશીહત આપુ છું કે આજની રાત તો તું આંજ રેહેજે અને તારા ઓરડામા જતી ના કારણ કે નહીં તો હીલચાલથી તારો જીવ પાછો બગડશે. ત્યાર પછે તેણીને કૌવત આવે માટે જરા શરાબ મંગાવીને પાયો, અને ત્યાર બાદ તેણીની રજા લઇ પોતાનાં મેહેલમાં ગયો.

જેવો કાલીફ ગયો, તેવીજ મારી શેઠાણીએ નીશાનીથી મને પોતાની આગલ બોલાવીને તમો લોકને વાસ્તે ઘણી આતુરતાથી ખબર પુછી. મેં તેણીની ખાતરી કીધી કે તે લોકો તો ઘણો વખત થયો ગયા; જે સાંભલીને તે જરા ખુસી થઇ. મેં ઇરાનના શાહજાદાની બેસુદ્ધ થવાની વાત મુદ્દલ કહી

નહી, કાંયકે મેં વિચારીયું કે કદાચ કેહીશતો જે હાલતમાંથી અમોએ આટલી જેહમતે તેણીને હુસીઆર કીધી તે હાલતમાં કદાચ તે પાછી પડે; પણ મારી સાવચેતી સઘલી ફોકત ગઇ. તે બોલી કે ઓ મારા પ્યારા શાહજાદા! જ્યાં સુધી હું તુને મારી ચસ્મે જોવશ નહીં ત્યાં સુધી સઘળી મોજ મજાહ મને ઝેરની બરાબર છે. હું તારા દીલની વાત બરાબર સમજું છું અને હું તારી મુવાફેકજ તને ચાહું છું, મારી ખાતરી છે કે જ્યાં સુધી તું મને જોશે નહીં ત્યાં સુધી તું પણ રડયા કરશે. આ બોલો તે એવી તો રીતે બોલી કે તેણીનો પ્યારનો ભભુકો પાછો ઉઠી ઉભો થયો અને ફરીથી તે મારા હાથમાં બેસુદ્ધ થઇને પડી.

તેણીને પાછી સુદ્ધીમાં લાવતાં મને અને બીજી દાસીઓને ઘણો વખત લાગ્યો; અને જ્યારે તે બરાબર પાછી હુસ્યારીમાં આવી ત્યારે મેં કહ્યું કે પ્યારી બાઇ શું તમે પોતે મરી જવાનો અને તે સાથે અમોને પણ મારી નાખવાનો ઠેરાવ કીધો છે કે? અગરજો તમો મને માફ કરો અને મારૂં સાંભલો તો જે ઇરાનનાં શાહાજાદાનાં નામને તમો પુંજો છો, જેને તમોએ તમારા હૈડાંનો હાર કીધો છે, જેનું નામ બીજા નામોથી તમો પવીત્ર ગણો છો, તે નામથી હું તમોને કાલાવાલા કરી કહું છું કે, તમારા જીવની અને ઇરાનનાં શાહાજાદાનાં જીવની ખોહારીનો અટકાવ કરવાનાં હોવો તો એમ ના કરો; તમારો પ્યાર અને હમારી નીમકહલાલી જાલવવાને વાસ્તે હવે મેહરબાંની કરીને જરા તમો સમજીને કામ લેવો. તેણીએ જવાબ આપ્યો કે હું તમારી સંભાલ, તમારા ડાહાપણ અને તમારી શીખામણને માટે તમારો ઘણો ઉપકાર માનું છું. પણ અફસોસ તે સઘળું મારે મનશે નકામું છે. કંઇ પણ આસાથી મને ફુસલાવો ના કાંયકે મારી ખાતરી છે કે અમારાં દુઃખનો નીકાલ ઘોર શીવાય બીજે કેહે પણ આવવાનો નથી.

એક દાસી આ અફસોસભર્યાં વિચારોથી તેણીનું દીલ ફેરવવા માટે વાજીંત્ર વગાડીને ગાયન ગાવા જતી હતી, પણ તેટલામાં તેણીને તેને મુંગી રેહેવા કહ્યું અને મારા શીવાય સઘળીઓને સુવા જવાનો હોકમ કીધો, અને મને પોતાની પાસે આખી રાત બેસાડી રાખી. અરે ખોદા તે રાત કેવી ગઇ! તેણીએ આખી રાત રડવામાં, દચકા ખાવામાં, અને ઇરાનનાં શાહાજાદાનું નામ લેવામાંજ કાહાડી. તે રડતી બોલવા લાગી કે કાલીફ કે જેને હવે હું કદી ચાહવાની નથી તેની માશુક હું શા માટે થઇ, અને ઇરાનનો શાહાજાદો જેણે હું મારા દીલોજાનથી ચાહું છું તેનીજ હું માશુક કાંય નહી થઇ? અફસોસ માહરાં નસીબ ઉપર સદહજાર અફસોસ હોજો! મારેથી જેનાં વગર હવે એક ઘડી નહીં રેહેવાવાનું તેનાં વગર સઘળો વખત કેમ રેહેવાશે?

બીજે દાહાડે સવારે દીવાનખાનામાં સુવાની બરાબર સગવડ નહીં હતી તેથી હું તેણીને તેનાં પોતાના ઓરડામાં લઇ ગઇ, અને ત્યાં સુવાડી તેવામાં કાલીફનાં સઘલા હકીમો તેના હોકમથી તેણીને જોવાને આવ્યા, અને તેઓની પછવાડે જરા વાર પછી નામદાર કાલીફ પોતે આવ્યો. પેલા હકીમોએ શેમસેલનીહારને માટે જે કંઇ દવા મોકલી તે સઘળી નકામી થઇ પડી, અને તેથી કંઇ વળ્યું નહીં સબબ તેઓ તેણીનાં દુઃખનું ખરૂં કારણ જાણતા હતા નહીં, અને કાલીફ આગળ હતો તેથી ઉલટું વધ્યું. આજે રાતે તે જરા સુતી હતી, પણ જેવી ઉઠી તેવીજ તેણીએ ઇરાનનાં શાહાજાદાની ખબર મંગાવી છે. એબન થારે જવાબ આપ્યો કે મેં તુંને સઘળી તેની બીનાથી તો વાકેફ કીધી, તેથી તું જઈને તેણીને કહેકે જેમ તું ઇરાનનાં શાહજાદાની ખબરની અધીરાઇથી વાત જોય છે તેમ તે તારી ખબર અંતરની પણ ઘણીજ દુઃખભરી અધીરાઇથી વાત જોયછે. તે બોલ્યો કે મેહરબાની કરીને જરા તું તેણીને નરમ પાડજે સબબ કદાચ એવીને એવી હાલતમાં તે કાલીફ આગલ કાંઇ પણ બોલ બોલી દેશે તો આપણાં બધાંનાં ગલાં સુલી ઉપર ચહડશે. પેલી વીશ્વાસુ દાસીએ જવાબ દીધો

કે હું તો ઘણી ફીકર કરૂંછું કાંયકે તેણીનાં એવા જોસ્સાથી આપણે સઘળાં મોતનાં ભોગ થઇ પડશું. મેં તો જે કંઇ સઘલું મારા મનમાં હતું તે કહ્યું, પણ તું જે પ્રમાણે કેહેછે તે પ્રમાણે જ્યારે હું કહીશ ત્યારે તે કંઇ પણ ધ્યાન ઉપર વાત ધરશે.

એબન થાર જે ઇરાનનાં શાહાજાદાનાં ઘેરથી તરતનો આવેલો હતો તેણે પોતાની દુકાનનું કામ મુકી દઇને તરત પાછો જવાનું દરસ્ત નહીં ધાર્યું, તેથી પોતાનું કામ કરવા બેઠો અને જ્યારે સાંજ પડી ત્યારે શાહાજાદાનાં ઘર તરફ પોતાનાં કદમો ભર્યાં. પેલો શાહાજાદો સવારનાં જેવી હાલતમાં હતો તેવીજ હાલતમાં હમણાં એકલો પડેલો હતો. શાહાજાદો બોલ્યો કે, એબન થાર ખરેખર મારાં ઘણાં દોસ્તો હશે, પણ તેઓ તારી મુવાફેક મારી સંભાલ નીમખહલાલી ભરી રીતે લઇ શક્યા નથી અને તારા બીજા હજારો ગુણો જેનો હું કેઇ રીતે ઉપકાર વાલી આપીશ તે કહી નથી શકતો, તોપણ તેની કીંમત હું સારી રવેશે સમજુંછું.

એબન થાર બોલ્યો કે, હું તારી પાસે માગી લઊંછું કે તું વધુ ના બોલ, તારી આંખનો બચાવ કરવાને હું મારી આંખ આપવાને તૈયાર છું એટલુંજ નહીં, પણ તારા જીવને બંચાવવાને વાસ્તે મારો જીવ આપવાને પણ રાજી છું. પણ હાલ એકેક પર જીવ ફીદા કરવાની વાત કરવાનો વખત નથી. શેમસેલનીહારે પોતાની વીશ્વાસુ દાસીને તારી ખબર પુછવા મોકલી હતી, અને તે સાથે પોતાની હાલતનું પણ બ્યાન કહેવાડયું હતું. તારે ખાતરી રાખવી કે મેં તારા અતી ઘણાં પ્યારના જોસ્સા વિશે અને તું તેણીને કેવી દીલોજાનીથી ચાહેછે તે શીવાય બીજું કંઇ નથી કહ્યું. ત્યાર પછી એબન થારે પોતા અને પેલી વીશ્વાસુ દાસી વચ્ચે જે કંઇ વાતચીત થઇ હતી તે અવલથી તે આખેર સુધી કહી સંભલાવી.

પેલા શાહાજાદાએ પેલી વાત ઘણાં ધ્યાનથી સાંભલી; અને જેમ વાત ચાલી તેમ તેમ તેણે પ્યાર અને દયાનો જોસ્સો બતાવ્યો, અને જે વાત તે સાંભલતો હતો તે ઉપરથી ઘડીમાં ધાસ્તીના, ઘડીમાં અદેખાઇના, ઘડીમાં દીલાસાના અને ઘડીમાં દલગીરીના વિચારો કરતો દેખાતો હતો; ટુકમાં એક ખરો આશક પ્યારનો માર્યો જેવા આવભાવ કરે તેવા તમામ આવભાવ તે શાહજાદો કરવા લાગ્યો.

તે બંને જણા વચ્ચેની વાત એટલો તો વખત ચાલ્યા કીધી કે રાત ઘણી વીતી ગઇ તેથી એબન થાર તથા ઇરાનનાં શાહાજાદાએ પોતાનાં ઓરડામાંજ રાત ગુજારવા કહી, અને બીજે દાહાડે સવારે જ્યારે આ નીમખહલાલ દોસ્ત ઘર ગયો ત્યારે પાછી શેમસેલનીહારની એકીનદાર દાસી તેની આગલ આવી અને આ પ્રમાણે બોલી કે, "મારી શાહાજાદીએ તુંને સલામ કેહવરાવી છે, અને કેહેવાડયું છે કે મેહેરબાની કરીને આ રૂકો તાબરતોબ ઇરાનનાં શાહાજાદાને હાથોહાથ પોહોચાડજો." પેલો ખંતી એબન થાર તે કાગજ પોતાનાં હાથમાં લઇ દાસીની સંગાથે શાહાજાદાને ઘેર ગયો.

એબન થાર પેલા ઇરાની શાહજાદાનાં મકાનમાં જ્યારે પેલી દાસીને લઇને આવ્યો ત્યારે તેણીને એક દીવાનખાનામાં બેસાડી પોતે શાહાજાદાનાં મકાનમાં ગયો. શાહાજાદાએ જેવો એબન થારને જોયો તેવોજ ખુસી થઇને તેને આતુરતાથી પુછયું કે, તે શું ખબર લાવ્યો છે? એબન થારે જવાબ દીધો કે જેવી તુંને જોઇએ છે તેવીજ ખબર હું લાવ્યો છું. જેવો તું તેણીને ચાહેછે તેવીજ તે તુંને પણ ચાહેછે; શાહજાદા, શેમસેલનીહારની દાસી પાસેના ઓરડા બેઠેલી છે, કે જે તારે વાસ્તે પોતાની શેઠાણી તરફથી એક રૂકો લાવીછે, અને તું તેને અંદર બોલાવે તેની તે રાહ જોયછે. ઇરાની શાહજાદો ઘણો ખુસીમાં આવીને બોલ્યો કે તેણીને તુરત અંદર આવવા દેવો, અને પોતે ધોલીઆ ઉપર તરો થઇ તેણીને સલામ કરવા તૈયાર થઇ બેઠો.

ઇરાનના શાહાજાદાનાં ચાકરોએ જેવો એબન થારને આવતો જોયો તેવાજ તેઓ સઘલા ઉઠી બાહાર જતા રહ્યા હતા. એબન થાર પોતે જઇ તેણીને બારણું ઉઘાડીને અંદર લાવ્યો. પેલા શાહાજાદાએ

તેણીને તરત ઓલખી તેથી તેને મોટાં આદરમાનથી બેસાડી. પેલી દાસી બોલી કે મારા શેઠ મેં તમોને ખાટ ઉપર બેસાડ્યા પછી તમોએ કેટલું બધું દુઃખ ખમ્યું છે તે તમારાં ચેહરા ઉપરથીજ માલમ પડે છે પણ મને આશા છે કે, જે રૂકો હું લાવી છું તે તમોને બચીત તનદરોસ્ત કરશે. એમ કહી તેણીએ પેલું કાગજ આપ્યું તેણે તરત તે લીધું અને ત્યાર પછી તેની ઉપર ઘણાં બોસ્સા દઇને ઉઘાડી નીચે પ્રમાણે વાંચ્યું:—

શેમસેલનીહારે ઇરાનના શાહજાદા અલી એબન બેકારને લખેલો રૂકો.

"જે આસામી આ મારો રૂકો તમારે સ્વાધીન કરશે તે મારા કરતાં વધારે સારી રીતે મારો હાલ તમને કહી સંભલાવશે; કારણ કે આ જેહાંનમાં મારૂં ધ્યાન ફક્ત તમારીજ ઉપર લાગી રહ્યું છે અને જ્યારથી તમો મારી નજરથી દુર થયા છો ત્યારથી શું બને છે તેનું મને બીલકુલ ભાન નથી. તમારા બોસ્સાથી હજુર મારા ગાલ ગરમ છે. તમારી જુદાઇ પછી તમારો ને મારો મેલો આ થોડીક ભાગી તુટી સતરોથી કરવાને મને ખુશી ઉપજે છે, આ થોડીક સતરો તમારા તરફ મોકલતાં મને એટલોજ સંતોષ થાય છે કે મારી ચસ્મ તો તમારી ચસ્મ સાથે મલશે નહીં પણ મારા દસ્તખતથી તમારી સાથે વાત કરવાની તક મલશે એજ ગનીમત છે.

"કેહવત છે કે 'ધીરજ એ સર્વે દુઃખનો ઈલાજ છે,' પણ મારૂં દુઃખ તો ધીરજથી કમતી થવાને બદલે સામું વધે છે. જોકે તમારા સ્વરૂપનો છાપ મારાં જીગર પર કોટરાઈ રહ્યો છે તેથી મારાં નેનો તમારો સુંદર ચેહરો જોવાને અધીરાં બની રહ્યાં છે અને જ્યાં સુધી તમારી પ્યારી મુરતી મારી નજર સામે આવી ઉભી રેહેશે નહીં ત્યાં સુધી મારી આંખ તમારી વાત જોતી તણાતીજ રેહશે. હું તમોને પુછવાની હીંમત કરૂં છું તે માટે મને માફ કરજો પણ મને પુછવા દેવો કે શું તમો પણ એજ મુવાફેક મને જોવાને અધીરા બન્યા છો? હા! તમારી સુંદર આંખો મારે માટે તણાતી રહી છે એમ જાણી તમારી પ્યારી શેમસેલનીહાર કેટલી ખુશી થશે! આ જેહાનમાં મને તમારા મેલાપ જેવું બીજું એકબી સુખ નથી, જ્યારે મારી ખાતરી છે કે તમો પણ મારી મુવાફેક આપણા મીલાપના અધીરા થયલા છો ત્યારે મને કેટલો સંતોષ થાય છે પણ તે મીલાપ ક્યારે થશે? જુદાઈથી મારૂં દુઃખ વધારે ને વધારે તીક્ષન થતું જાય છે અને એ વિચારે મારૂં મગજ ફરે છે.

"જે વિચારો મારી કલમ ચીતરે છે, અને જે વિચારો જણાવ્યાથી મને બેહદ સંતોષ ઉપજે છે તે વિચારો, મારા પ્યારા શાહજાદા મારા હૈડાંનાં તલીયાંમાંથી નીકલે છે કે જ્યાં તમોએ એક એવો ઊંડો મોહબતી ઘા કીધો છે કે જે ઘા તમારી ગેરહાજરીથી ઘણો દુઃખદાયક થઈ પડે છે તોપણ તે ઘા માટે હું હજારો હજાર સુકરાના કરૂં છું. જો તમારી મુલાકાત કરવાની મને છુટ હતે તો એવા હજારો ઘાની હું એક રજભારબી દરકાર કરતે નહીં; ત્યારે તો હું તમારી મુલાકાતની મજાહ ભોગવતે અને મારૂં તમામ દુઃખ ભુલી જતે.

"એવું ના વિચારતા કે જેટલું મારા મનમાં છે તેથી હું વધારે લખું છું. અફસોસ! જે જે બોલો હું સોધું છું તે ઘણાં થંડા માલમ પડે છે, અને ગમે એવી ઈસતેલાહ વાપરૂં છું તોપણ મને એવું લાગે છે કે, હું લખું છું તેથી હું ઘણું વધારે વિચારૂં છું; મારી ચસ્મ દેવાનીની મુવાફેક અહીં તહીં ફરયા કરે છે, અને તમારા આવવાની રાહ જોઇને આંસુ પાડે છે. મારૂં દુઃખી હૈડું તો બસ તમોનેજ માંગે છે. હું હર પલ તમારે વાસ્તે વિચાર કરૂં છું, અને હર પલે મારી છાતી ભરાઇ આવે છે. તમારી તરફ જે મારો પ્યાર છે તેજ તમારી સુરત મારી ચસ્મમાં દેખાવ આપ્યા કરે છે. હું આસમાન તરફ જોઇને મારાં અભાગ્યા નસીબ ઉપર ફરયાદ ઉઠાવું છું. તમો જોશો કે લખતાં લખતાં મારા આંસુઓથી આ કાગજ ધોવાયું છે.

"જેને હું મારા જીગરથી ચાહું છું તેને મલવાને મને જોકે ઉમેદ નથી, તોપણ તેને હું ચાહું છું એ વિચારથી શું હું સુખી નથી? આ ધાસ્તી ભરેલો વિચાર મને એટલો તો દુ:ખી કરે છે કે, જો તમો મને બેહદ પ્યાર કરો છો એવી મને ખબર નહીં હોતે તો હું ખચીતજ મોતને પંજે જીલાતે; પણ આ મધુર વિચાર મારા સઘલા દુ:ખોને બાજુએ મુકે છે અને મારી જીંદગી બચાવી રાખે છે. મારા પ્યારા તું મને હમેશાં ચાહે છે એવું લખજે, અને તે રૂક્કો હું સંભાલી રાખી જ્યારે દરરોજ હજાર દફે વાંચીશ અને હજાર વખત તેની ઉપર બોસા લઈશ ત્યારે જરા સબરથી હું મારા દુ:ખો ભુલીશ. હું એવી દુવા માગું છું કે ખોદા આપણુને એક એવી તક આપે કે, જ્યારે આપણે કોઇની દેહશત વના એક બીજાને ચાહીએ અને આપણી અરસ પરસની મોહબત કોઇ કાલ પણ બંધ પડે નહીં. સલામ! મારા વાહલા તને સલામ! એબન થારને મારી સલામ કેહેજે કે જેનાં આપણે એટલાં આભારી થયાં છીયે."

ઇરાનનાં શાહજાદાએ આ રૂક્કો એક વખત વાંચીને બંધ નહીં કીધો. તે વિચારવા લાગો કે મેં ઘણાજ થોડા ધ્યાનથી વાંચ્યું છે, અને તેથી ફરીથી આસ્તે રહી વાંચતો ગયો. તે દરએક બોલો પોતાનાં હૈડાંમાં લોહીનાં અક્ષરે કોતરતો ગયો; અને તે વાંચતાં વાંચતાં કોઇ વખત હાય મારતો, કોઇ વખત આંસુઓ વરસાવતો અને કોઇ વખત એટલો તો ખુશીમાં આવતો હતો કે હરખનાં પોકાર મારતો હતો! ટુકમાં પોતાની પ્યારીના મુબારક દસ્તનાં અક્ષરો ઉપરથી તેને પોતાની ચશ્મ ખસેડવા ગમતી હતી નહી તે જેવો ત્રીજી વખત વાંચવા જતો હતો, તેવામાં એબન થારે કહ્યું કે, આ દાસીને કંઇ વખત નહીં ખોહવો જોઇએ, માટે તમોએ જવાબ આપવાનો વિચાર કરવો. પેલો શાહાજાદો બોલ્યો કે, અફસોસ, આવા મયાલુ રૂક્કાનો હું કેમ જવાબ આપું? હું જે હાલતમાં છું તે વિશે બોલોમાં શું કહી શકું? મારા મનમાં હજારો વિચારો એક એક સાથે અઠડાવ્યા અને એક એક પછી હજારો વિચાર પકડ્યા પણ જો એક વિચાર આવે છે તો બીજો જતો રેહે છે. જ્યાંલગી મારા મગજ ઉપરનાં લેખો મારા હૈડાંને બેફામ કરે છે ત્યાંસુધી હું કાગજ અને કલમ કેમ લઇ શકું? એમ કહ્યા પછે જે તેબલ તેની આગલ હતી તેમાંથી તે શાહાજાદાએ કાગજ, સહી અને એક કલમ કાહડી.

ઇરાનનાં શાહાજાદાએ જવાબ લખ્યો તેની આગલ પોતાની પ્યારી શેમસેલનીહારનો રૂક્કો એબન થારનાં દસ્તમાં આપ્યો અને કહ્યું કે મેહરબાંની કરી એ રૂક્કો તું મારી આગલ પકડી રહે, જેથી અંદર જોઇને મને શું જવાબ લખવો તે બરાબર ખબર પડે. તેણે રૂક્કો લખવો સરૂ કર્યો, પણ તેની આંખોમાંથી આંસુઓ એટલાં તો ગલવાં લાગ્યાં કે વારે વારે તે લખતાં ઉભો રેહેતો હતો કે જેથી તેનાં આસુંઓ બાહેર પડે. છેલ્લે સરવાલે તેણે પોતાનો રૂક્કો પુરો કીધો, અને એબન થારનાં હાથમાં આપી બોલ્યો કે, મેહરબાંની કરી મારા પ્યારા દોસ્ત તું એ રૂક્કો વાંચ, અને કેહે કે મેં મારા ઘબરાટમાં બરાબર જવાબ આપ્યો છે કે નહીં? એબન થારે નીચે મુજબ તે રૂક્કો વાંચવાને સરૂ કર્યો:—

શેમસેલનીહારના રૂક્કાનો ઇરાનના શાહજાદાએ આપેલો જવાબ.

"જ્યારે તારો રૂક્કો આવ્યો ત્યારે હું દલગીરીનાં ઊંડા દરીઆવમાં ગરક થઇ ગયો હતો, પણ એ રૂક્કાને જોયાથીજ જે ખુશાલીમાં હું આવ્યો તેનું હું બ્યાન કરી શકતો નથી; અને જે રોશની મેં મારી પ્યારીને મારા હરીફનાં પગ આગળ પડેલી જોઇ ત્યારે ખોહી હતી, તેથી બમની રોશની મને તારા પ્યારા રૂક્કાએ આપી. તું કેહે છે કે મારા બોસ્સાથી હજુર તારા ગાલો ગરમ છે; તેમજ મારા હોટો ઉપર પણ આતસના સોલા ઉઠે છે. મારી પ્યારી તારા રૂક્કાના પ્યારા શબ્દોએ મારા જીગરમાં જે કંઇ સીહા હતું તે કાહાડી નાખ્યું, અને મારાં આખાં બદનને રોશની ભરેલું કીધું. તે શબ્દો તું મને કેટલી ચાહે છે અને મારે વાસ્તે તું કેટલું ખમે છે અને હું પણ તારે વાસ્તે કેટલું ખમુંછું તેની તું કદર જાણે છે એવું દેખાડે છે તેથી તે મારા દુ:ખો ઉપર મલમપટ્ટાને અને

દેલાસાને ઠેકાણે કામ આવે છે. તારો રૂક્કો મને એક હાથ ઉપર મ્હારી ચશ્મમાંથી હજારો આંસુઓ ટપકાવે છે, અને બીજા હાથ ઉપર મારા દીલને એટલું બધું તો ઉકલાવે છે કે મને ગમથી અટકાવે છે. જ્યારથી આપણે છુટાં પડ્યાં ત્યારથી મને એક પલનો પણ કરાર નથી. મારી પ્યારી માશુક તારી આગલથી આવ્યા પછી ગમ ભરેલી રીતે મેં મારી જુબાનને હાચો મારી બંધ કીધી હતી, પણ તારા રૂક્કાએ મને પાછી વાચા આપી છે. હું ગમખારીમાં ગેર્ફતાર થઇ ગયો હતો, પણ પ્યારી તારો રૂક્કો વાંચતાંવાર મારી ચશ્મ ને ચેહરા ઉપર ખુસાલી ખીલી આવી. જેવી મેહરબાંનીને હું લાયક નહીં હતો, તેવી મોટી મેહરબાની મારી પ્યારી તેં મારી ઉપર કીધી, તેથી હું એટલો તો અજાયબ થયો કે તેનો પાછો તારો ઉપકાર કેમ વાળીશ તેના વિચારમાં છું. અરે એ મેહરબાનીના બદલામાં શું લખું તે હજુર સુધી હું જાણતો નથી. ટુકમાં તારા મેહરબાંનીભર્યા રૂક્કા ઉપર હજારો બોસ્સા લઇને હું તેને ફરીથી અને ફરીથી વાંચું છું. મારાં જીગરમાં જે કંઇ મોહબતનો આતસ તેં હમેસસુધી રોશન કરયો છે તેમાં જલી બલી રહેવામાં હું એક મોહટી કીરતી સમજું છું. તે આગમો સોસો જોકે હું જાણું છું કે મને મારી નાખશે તો પણ તે બાબે હું કદી ફરયાદ કરવાનો નથી; અને ગમે તેવાં સખત દુ:ખો પડશે તે પણ તુંને એક વખત જોવા ખાતર હું હીંમતથી સોસીશ. ખોદા કરેને આજે તુંને આ પત્ર મોકલ્યા બદલે હું પોતે આવ્યો હતે તો મને કેટલી ખુશી હાંશલ થતે? મારી પ્યારી મારા ગરમ વરસતાં આંસુઓ મને વધારે લખવા દેતાં નથી વાસ્તે પ્યારી! છેલ્લી સલામ."

પેલી છેલ્લી લીટી જ્યારે તે ગાંધીએ વાંચી ત્યારે તેની આંખમાંથી પણ આંસુઓ વેહવા લાગ્યાં. તેણે ઇરાનનાં શાહજાદાનાં હાથમાં કાગજ આપીને કહ્યું કે, લખેલું તમામ બરાબર છે. શાહાજાદાએ કાગજ બંધ કીધું, અને તેની ઉપર પોતાનાં નામની મોહર મારીને પેલી વીશ્વાસુ દાસીને પોતાની આગલ બોલાવીને કહ્યું કે, આ રૂક્કો તારી શેઠાણીને હાથો હાથ આપજે; હું તારી પાસેં માંગી લેઊંછું કે પાધરી એ તેણીનીજ પાસે લઇ જજે, અને મારા નામથી તેણીને સલામ કેહેજે. પેલી દાસી અને એબનથાર બેઉ બાહેર ગયાં, અને પોતપોતાને રસ્તે જવા લાગ્યાં.

હવે એબનથાર જ્યારે પોતાને મકાન પોંહોંચ્યો ત્યારે જે આ મોહબતની મોહકાનમાં પોતાની મરજી ઉપરાંત તે પડયો હતો તેનો વિચાર કરવા લાગ્યો. તેણે વીચાર્યું કે ઇરાનના શાહાજાદા અને શેમસેલનીહાર વચેનો વેહવાર એટલો તો બેવકુફાઇથી ચલાવ્યો છે કે, વધારે વખત કંઇ આ મોહબતની વાત છુપી રહે એવું લાગતું નથી. એક અકલમંદ માણસની માફક તે આવા ભય ભરેલા સંધેસાનાં આકેબત ફેજ ઉપર વિચાર કરવા લાગ્યો. તે પોતાના મન સાથ બોલવા લાગો કે, અગરજો શેમસેલનીહાર એક સાધારણ કુટુંબની બાનું હતે તો હું ઇરાનનાં શાહાજાદાને અને તેણીને સુખી કરવાને મારેથી બનતી કોશેસ કરતે; પણ તે તો કાલીફની માશુક છે કે જે માશુકને કાલીફ પોતાનાં જીગર મીશાલે ચાહે છે; જેની ખુબસુરતીને તે પુંજે છે તેથી અને જેની ઉપર તે દરેક ચીજ ફીદા કરે છે; જેથી જે માણુસ તેની પ્યારીનો પ્યાર બીજી તરફ લઇ જાય તેની અગાઉ હમેસાં તેને પોતાના માથાની આશા મુકીને ફરવું જોઇએ. તેનાં ગુસ્સાનાં પેહેલાં પરીણામના ફળ તો શેમસેલનીહાર ચાખશે. ત્યાર પછી ઇરાનનાં શાહજાદાનો જાન જશે, અને ત્યાર પછી મારી કમબખતીનો દાહાડો આવશે. મને તો મારી આબરૂ, મારૂં કુટુંબ, અને મારી મીલકત તપાસવાની છે. તેથી મારે હમણાથીજ કંઇ ઉપાય લઇને જે ભયંકર જાલમાં હું ફસી પડયો છે, તેમાંથી જલદી છુટવું જોઇએ.

આ વિચારોમાં ને વિચારોમાંજ તેણે આખો દાહાડો અને બાકીની રાત કાહડી. બીજે દાહાડે સવારે તે ઇરાનનાં શાહાજાદા પાસે કોઇબી રીતે તેના પ્યારનો જોસ્સો નરમ પાડવાની મતલબથી ગયો. તેને જે કંઇ પેહેલે નસીયત કીધી હતી તે ફોકટ ગઇ હતી, તેથી નવેસરથી તેણે ઘણું સમજાવ્યું કે, "શેમસેલનીહાર તરફ તારે પ્યાર વધારવાને બદલે તારી સઘલી કોસેસ એકઠી કરીને તેણીનો ખ્યાલ

મુકી દે, કે જેથી તારા જીવની ધાસ્તીમાંથી તું તથા બીજાં ત્રણ ચાર કુરી માણસો બચી, જાય સબબ કે નામદાર કાલીફ જાણશે તો બધાઓને સુલીએ ચહડાવશે. અગરજો નામદાર કાલીફને બદલે કોઇ બીજો હતે તો કંઇજ ફીકર નહીં હતી. સાહેબ અગરજો મારૂં સાંભલતા હોવો તો તમો કસ્સાંનો નહીં પણ તમારા પ્યાર ઉપર મોટી ફતેહ મેલવવાનો વિચાર કરો; નહીં તો તમો પોતે જાન ખોહશો એટલુંજ નહીં, પણ શેમસેલનીહાર જેણે તમો તમારા અંતકરણથી ચાહો છો, જેણે તમારા હૈયાનો હાર ગણો છો, તેને ખચીત પોતાનો જાન આપવો પડશે. હું તમુને આ એક દોસ્ત તરીકે શીખામણ આપું છું, કે જે માટે તમો કોઇ દાહાડે મારો ઉપકાર માનશો."

શાહાજાદાએ એબનથારને ઘણી અધીરાઇથી સાંભલ્યો, અને જ્યારે તે સઘલું બોલી રહ્યો, ત્યારે શાહજાદાએ જવાબ આપ્યો કે "એબનથાર તું શું એવું ધારે છે કે શેમસેલનીહાર જે મને આવા પ્યારથી ચાહે છે તેણીને હું શું મારી તરફથી થોડી ચાહું? તે મને ચાહાવામાં જ્યારે પોતાનાં જાનની ધાસ્તી રાખતી નથી ત્યારે હું કેખસરૂ અને જમશેદનાં ખાનદાનથી ઉતરેલો કેમ રાખી શકું? જે ચીજથી એક સ્ત્રી નહીં ડરે તે ચીજથી હું ડરૂં, અને મારા બાપ દાદાના નામને એબ લગાડું? નહીં, ગમે તેવી મુસીબતો મારી ઉપર પડો, પણ હું મારી પ્યારીને માટે ઘોરમાં પણ દતાવાને તૈયાર થવાનો."

આટલી બધી સમજાવતથી પણ શાહજાદો નહીં સમજ્યો તેથી એબનથાર તેની હઠીલાઇથી ઘણો ગુસ્સે થયો તેથી તરત તેને મુકીને બાહેર આવ્યો, અને રસ્તામાંથી ઘેર જતી વખતે તેને હવે શું કરવું જોઇએ તેનો તે વિચાર કરવા લાગો. આવો વિચાર કરી તે ઘર પુગો તેટલામાં તેનો એક દોસ્ત જે ઝવેરી હતો તેને મલવા આવ્યો. પેલા ઝવેરીએ શેમસેલનીહારની વીશ્વાસુ દાસીને વારે ઘડીએ તેને ત્યાં આવતાં જોઇ હતી, ને તેમજ એબનથારને વારેઘડીએ ઇરાનના શાહાજાદાનાં ઘર આગલ જતાં જોયો હતો, વલી તેને શાહજાદાની બીમારીની વાત જે તેનાં ખરાં કારણ વગર આખા ગામમાં ફેલાઇ હતી, તે પણ સાંભળી હતી તેથી પેલા ઝવેરીને કંઇ શક જવા લાગ્યો; વલી હમણા એબનથારને ઘણા વિચારમાં જોયો તેથી સમજી ગયો કે એ કંઇ ઘણા અગતના કામમાં રોકાયલો છે. તેનું કારણ જાણવા માટે એકદમ જઇને પુછયું કે શેમસેલનીહારની વીશ્વાસુ દાસી વારેઘડીએ શા માટે આવે છે? એબનથાર પોતાને એકાએક આ સવાલ પુછેલો જોઇને જરા પેહેલાં તો ઘભરાયો, પણ બોલી ઉઠયો કે મારા દોસ્ત તે એક ઘણાં નજીવાં કારણને વાસ્તે આવે છે. આ જવાબ આપતી વખતે તેનાં મોંહડાંનો રંગ ફીક્કો મારી ગયો હતો તેથી પેલા ઝવેરીને વધારે શક ગયો. તેને એબનથારને મજબુતાઇથી કહ્યું કે તું મને ત્યારે સાચું નથી કેહેવાનો; અને તું આ પ્રમાણે મારી સાથે ઉડાવવાની વાત કરે છે તો ખરો પણ યાદ રાખજે કે જે આ નજીવી બાબદમાં એક મોટો ભેદ છે. એબનથારે જોયું કે તને જુઠું સમજાવ્યાથી કંઇ વલવાનું નથી, તેથી તેણે કહ્યું કે હા આ ખરૂં છે કે હું એક ઘણી અગતની બાબદમાં હમણાં ગુઠાયલો છું. મેં તે વાત છુપી રાખવાનો ઠેરાવ કીધો છે પણ હું જાણુંછું કે તું મારો કેવી કીસમનો દોસ્ત છે તેથી તુંને પણ હું મારા વીશ્વાસમાં લેવા ચાહું છું; પણ યાદ રાખજે કે જો તેં કંઇ પણ એની અંદર બેવકુફી કીધી છે તો તેથી ત્રણ ચાર ઇનસાનના જીવની ખરાબી થશે, તેટલા વાસ્તે હું તારી પાસે માંગી લઉં છું કે, આ છુપી વાતને તારા જીવની માફક જાલવી રાખજે. આ પ્રમાણે કહીને ઇરાનનાં શાહજાદા અને શેમસેલનીહાર વચ્ચેની પાક મોહબતનો તમામ કીસ્સો કહી સંભલાવ્યો અને જ્યારે તે પુરો થયો ત્યારે એબનથાર મોટા અફસોસ સાથ બોલ્યો કે તું જાણે છે કે દરબારમાં, આખા શેહેરનાં મોટા ઉમરાવોમાં, અને મોટી મોટી શાહાજાદીઓમાં મારી કેવી આબરૂ છે; અને કદાચ આ બેવકુફી ભરેલો વિચાર તે લોકના જાણમાં આવ્યો તો મારી શું આબરૂ રેહેશે? આ વિચારજ મારૂં જીગર ફાડી નાખે છે પણ મેં તો એ ઠરાવ કીધો છે કે, હું જલદી જઇને મારા લેનદારોનું દેવું ચુકવી

આપું, અને મારા કરજદારો પાસેથી મારૂં નાણું વસુલ કરૂં અને મારી સઘલી મીલકત લઇને બેલસોરા જાઉં અને જ્યાંસુધી આ તોફાન વહી જાય ત્યાં સુધી હું તો ત્યાંજ મારો મુકામ કરી રહીશ. ઇરાનનાં શાહજાદા અને શેમશેલનીહાર વચ્ચેની મોહબત એટલી મક્કમ છે કે મારી ખાતરી થાય છે કે તે બીચારાંઓનો કોણ જાણે શું હાલ થશે? કોણ જાણે તેઓ ઉપર શું શું આફત આવી પડશે? હું ખોદા પાસે દુવા માગુ છું કે તેઓ પોતાની ભુલ સુધારે અને સલામત રેહે. પણ અગરજો તેઓનાં કમબખ્ત ને બરગસ્તે સેતારાથી આ વાત કાલીફનાં કાન ઉપર આવશે તો મારી ખાતરી છે કે હું કદીબી તેનાં કેહરમાંથી બચી શકવાનો નથી. વળી હું નહીં ધારતો કે કદાચ તેઓ પોતે મારા જેવા એક બેગુનાહ માણસને જાણી જોઇને ફસાવે; પણ અગરજો તેઓ મને પણ ફસાવે તો તેઓનાં જેવાં નીમખ-હરામ કોઇ નહીં, કાંયકે તેઓને વાસ્તે અને ઘણું કરીને ઇરાનનાં શાહાજાદાને વાસ્તે તો મેં વારે ઘડીએ મારા જાનને ધાસ્તીમાં વટીક નાખેલો છે, અને તેને મેં ઘણી શીખામણો આપી છે કે જેઓનો તે ગમે તો ફાયદો લઇને પોતાનો અને પોતાની માશુકનો હજુર પણ જાન બચાવે. હું જેમ બગદાદ છોડું છું તેમ તેને ગમેતો તેબી છોડે, કારણ કે તેથી મારી ખાતરી છે કે જેમ ત્યાં રહ્યાથી એનાં પ્યારનો જોરસો વધે છે પણ બાહાર જવાથી મારા ધાર્યા મુજબ ખચીત તે જોરસો આસ્તે આસ્તે ઓછો થશે.

એબનથારે આ વાત કહી તે સાંભળીને પેલો ઝવેરી ઘણો અજાયબ થયો. તેણે કહ્યું કે તું મને જે વાત કેહે છે તે ઘણી બારીક છે. કાલીફની માશુક શેમસેલનીહાર, અને ઇરાનનો શાહાજાદો એઓ બંને જણા એક એકનાં પ્યારમાં એટલાં બધાં કેમ લપેટાઈ ગયાં તે વિશે કસ્સો વિચારબી કરી પણ શકાતો નથી. જો કે ગમે એવા પ્યારના જોસ્સાથી તેઓ બળતાં હોય તો પણ તેને તાબે થયાને બદલે તેને અટકાવવો જોઇએ, અને પોતાનાં મગજને વધારે કામે લગાડવું જોઇએ. તેઓનું એવું અંધાપાપણું તેઓ નહીં જોઈ શકતાં એ કેટલું દલગીરી ભરેલું છે. તમારી માફક તેઓનાં પ્યારનાં સઘળાં માઠાં પરીણામો હું પણ સારી રીતે વિચારી શકું છું, પણ તમો દાહાપણવાલા અને અકલમંદ છો તેથી હું તમારા ઠેરાવને પસંદ કરૂં છું. જે કમબખત જાલના ફાસામાં તમો ફસી પડ્યા છો તેમાંથી છટકી જવાનો સરસ ઉપાય તો મને પણ એજ સુજ પડે છે કે તમારે આ શેહેર જેમ બને તેમ જલદી છોડી જવું. આ પ્રમાણે વાત કરીને પેલો ઝવેરી એબનથારની રજા લઇ ઘર જતો હતો, પણ તેને ઉભો રાખીને એબનથારે કહ્યું કે મારા દોસ્ત હું તારી પાસે માંગી લંઉ છું કે આ જે વાત મેં તારી આગલ કીધી છે તેનો એક બોલ પણ તું કોઇ આગલ કેહેતો ના. પેલા ઝવેરીએ જવાબ દીધો કે મારા દોસ્ત તું કઇબી રીતનો ડર મારે વિશે રાખતો ના. હું એક હરફ પણ એ વિશેનો બાહેર પાડીશ નહીં.

જ્યારે બે દાહાડા રહીને પેલો ઝવેરી પાછો એબનથારના મકાન તરફ ગયો ત્યારે તેની દુકાન બંધ જોઇ તેથી તરત સમજી ગયો કે જે પેલા ગાંધીએ કહ્યું હતું તે તેને પાર પાડયું પણ તોબી પોતાની વધારે ખાતરી કરવા માટે તેનાં પડોસીને પુછયું કે આ દુકાન શા માટે બંધ છે તેનું કારણ તું જાણે છે? પડોસીએ જવાબ દીધો કે અમને તેની મુદ્દલ ખબર નથી કોણ જાણે કદાચ એનો ધણી મુસા-ફરી કરવા ગયો હશે. એ સાંભલી તેણે કંઇ વધારે પુછ પરછ કરવા અગત્ય જોઇ નહીં, અને તરતજ તે ઇરાનનાં શાહાજાદા વિશે વિચાર કરવા લાગ્યો, તે પોતાના મન સાથે બોલ્યો કે ઓ દુઃખી શાહા-જાદા જ્યારે તું આ ખબર સાંભલશે ત્યારે તને કેટલી દલગીરી લાગશે? હવે તું શેમસેલનીહાર સાથે કેમ વેહેવાર ચલાવશે? મને ધાસ્તી લાગે છે કે તું મબાદા નાસીપાસીથી મરી જશે. મને તારી ઘણી દયા લાગે છે તેથી જ્યારે તારો એક બીહીકણો વીશ્વાસુ દોસ્ત તને છોડી ગયો છે તેને બદલે હું તુંને પુરતો સંતોષ આપીશ.

જે કામને વાસ્તે તેણે બાહેર આવવાની ફરજ પડી હતી તે ઘણું અગતનું નહીં હતું તેથી તે તેણે પડતું મેલ્યુ, અને ઇરાનનાં શાહાજાદાને એક વખત થોડાંક ઝવેર વેચ્યાં હતાં એ શીવાએ તેની સાથે જો કે બીજી કંઇ ઓલખાણ નહીં હતી તોપણ તે તરત તેનાં ઘર તરફ ગયો, અને એક ચાકરને કહ્યું કે મેહરબાંની કરીને તારા શેઠને કેહે કે કોઇ સખ્સ તુંને ઘણાં અગતનાં કામને વાસ્તે મલવા ઇચ્છે છે. પેલો ચાકર તરતજ પાછો જવાબ લઇને આવ્યો અને ઝવેરીને શાહાજાદાનાં ઓરડામાં લઇ ગયો. પેલો શાહાજાદો પોતાનાં ઓરડામાં પોતાનું માથું તકયા ઉપર મુકી કોચ ઉપર અધેલાઇને બેઠેલો હતો. જેવો પેલા શાહાજાદાએ ઝવેરીને આવતાં જોયો તેવોજ તે તરત ઉઠયો, અને તેને ઓંહોંસ કરીને બેસાડયો, અને પુછયું કે તારૂં કંઇ એવું કામ છે કે જે હું તારે વાસ્તે બજા લાંઉ, યા મારૂં કંઇ કામ છે કે જે તું મેહરબાંની કરી બજા લાવવા આવ્યો છે. પેલા ઝવેરીએ જવાબ દીધો કે શાહાજાદા જો કે તારે.અને મારે બરાબર ઓલખાણ નથી તોપણ કાંઇ અગત્યના સમાચાર કેહેવા હું તારા મકાન પર આવ્યો છું. હું આસા રાખુંછું કે મારી નેક મતલબને વાસ્તે જે કરૂંછું તેને વિશે તું મને માફ કરશે.

આ પ્રમાણે પેલા ઝવેરીએ પેહેલાં ઓળખાણ કરી નીચે પ્રમાણે અવલથી વાત કરવાની સરૂં કીધી. તે બોલ્યો કે, શાહાજાદા મને તુંને જણાવવું જોઇએ કે ઘણાએક વરસ થયાં એબનથાર, અને મારા વચ્ચે વેહેવાર ચાલતો હતો, અને ઘણોક ધંધો અમોએ ભાગમાં કીધો હતો તેથી અમારી એકમેકની દોસ્તી ઘણી વધી હતી. મને ખબર છે કે તમોને તેની સાથે ઘણી ઓલખાણ હતી, અને તમોને આભારી કરવાને વાસ્તે તેણે તમારે માટે ઘણાં જોખમભર્યાં કામો વટીક કીધાં હતાં. આ સઘલી વાત મેં તેની પાસેથી જાણી, કારણ કે અમો એકેકથી કંઇ પણ વાત છુપી રાખતા નથી, અને રાખી પણ નથી, અને કદાચ રાખશું પણ નહીં. હમણાં હું તેની દુકાણે ગયો, અને તેની દુકાણ બંધ જોઇ ઘણો અજાયબ થયો તેથી મેં તેનાં પડોસીઓને તેનું કારણ પુછયું ત્યારે તેઓએ જવાબ દીધો કે એબનથાર તેઓને મલીને બે દહાડાની વાત ઉપર બેલસોરા શેહેર તરફ કુછ કરી ગયા છે. તે જતી વખતે કહી ગયો છે કે મારે ઘણું અગતનું કામ છે તેથી મારા કુટુંબને પણ મારી સાથે લેતો જાઉં છું, માટે અગરજો તમોને કંઇ અગતનું કામ પડે તો મને સુખેથી લખજો હું જે જોઇશે તે મોકલાવીશ. આ જવાબથી મારી ખાતરી નહીં થઇ તેથી હું તમોને તેનાં એકાએક જવાનું કારણ પુછવા આવ્યો છું તેથી અગર જો તમો કંઇ જાણતા હોવો તો મેહરબાની કરીને કહો. "

જેવી આ વાત ઝવેરીનાં મોહોડેથી ઇરાનનાં શાહાજાદાએ સાંભળી તેવોજ પેલા ઝવેરીએ આસા રાખ્યા મુજબ તેનાં ચેહેરાનો રંગ એટલો તો ફીકો મારી ગયો કે દેવાનાંની માફક જોતો હોય તે પ્રમાણે પોતાની નજર ફેરવવા લાગો જેથી ઝવેરીની ખાતરી થઈ કે મારી ખબરથી તે આટલો બધો ઘભરાયો છે. શાહજાદો બોલ્યો કે તું જે મને કેહે છે તેથી હું ઘણો અજાયબ થયો છું; એથી વધારે કમબખતી કોઇ દહાડે મારી ઉપર પડી નહીં હશે. તે પોતાની આંખોમાં આંસુઓ લાવીને બોલ્યો કે અરે! જે કંઇ તું કેહે છે તે અગરજો ખરૂં હોય તો મારી ખરેખરી કમબખતી! શું એબનથાર જે મારો સઘળો દીલાસો હતો, અને જેની ઉપર મેં મારો સઘળો વીશ્વાસ મુકયો હતો તે પણ મને છોડી ગયો? આવા સખ્ત ગાહ પછે મને જીવવાનો વિચાર કરવો નહીં જોઇએ.

ઇરાનનાં શાહાજાદાનાં સખ્ત વિચારની વાત જે એબનથારે ઝવેરીને કહી હતી તેની ખાતરી કરવાને વધારે સાબેતી હવે જોઇતી હતી નહીં. તેનું કહેલું ખોટું હોતે તો પેલો એવી નાસેપાયસીથી બોલતે નહીં; કારણ મોટી નાખુશ ખબર વગર આટલી બધી દલગીરી કોઇને લાગે નહીં.

પેલો શાહજાદો કેટલોક વખત સુધી તો આવા દલગીરી ભરેલા વિચારોમાંજ બેસી રહ્યો, અને સેવટે પોતાનું માથું ઉંચકીને પોતાના નોકરને બોલાવ્યો, અને કહ્યું કે એબનથારને ઘેર જા, અને તેનાં કોઇ નોકરને પુછ કે તે બલસોરા શા માટે ગયો છે. જા દોડતો જા, અને જેમ બને તેમ જલદી પાછો આવીને મને જવાબ કેહે. જ્યારે પેલો નોકર એબનથારનાં ઘર તરફ ગયો ત્યારે પેલો ઝવેરી શાહાજાદા સાથે જુદી જુદી બાબદો ઉપર વાતો કરવા લાગ્યો; પણ શાહજાદાએ તે ઉપર કંઇ ધ્યાન આપ્યું નહીં, તે ઘણી દલગીરીમાં સુસ્ત જેવો બેસી રહ્યો. પેહેલે તો એબનથાર ગયો હોય એવું તેણે માન્યુંજ નહીં, પણ તેટલામાં છેલ્લી વખત જ્યારે તે આવ્યો હતો ત્યારે તેની વચ્ચે જે કંઇ વાતચીત થઇ હતી, અને તે જલદી પાછો જતો રહ્યો હતો તે તેણે જ્યારે યાદ કીધું ત્યારે તે ખરેખર ગયો હશે એવી તેની ખાતરી થઇ.

સેવટે પેલા શાહાજાદાનો નોકર પાછો આવ્યો, અને કહ્યું કે મેં તેનાં ઘરનાં એક જુનાં નોકર સાથે વાત કીધી, અને તેણે મને કહ્યું કે તે તો પોતાના ઘરનાં સઘલાં માણસો લઇને બે દાહાડા થયા બલસોરા તરફ કુચ કરી ગયો છે. જ્યારે હું એબનથારનાં ઘરથી આવતો હતો ત્યારે એક ઘણાં સુંદર કપડાં પેહેરેલી દાસી મને મલી અને મને પુછયું કે ઇરાનનાં શાહાજાદાનો નોકર તું છે? મેં હાનો જવાબ કહ્યો ત્યારે તેણીએ મને કહ્યું કે તેણીને કંઇ તમારી સાથે ઘણી અગતથી વાત કરવા માગે છે. તેથી તે દાસીને હું મારી સાથે તેડી લાવ્યો છું તે આવીને પાછલા ઓરડામાં બેઠેલી છે, તે તમારે વાસ્તે કોઇ મોટા આસામીનો રૂક્કો લાવેલી છે. પેલા શાહાજાદાએ તરત તેણીને અંદર બોલાવી, કારણ કે તેની ખાતરી હતી કે તે શેમસેલનીહારની વીશ્વાસુ દાસી હશે. પેલો ઝવેરી પણ તેણીને ઓલખતો હતો કેમકે તેણીને વારેઘડીએ એબનથારના મકાનપર આવતાં જોઇ હતી. અગરજો તે આવી સારી તકે નહીં આવી હતે તો શાહાજાદો પાછો નાસીપાયસીમાં પડયો હોત. પેલી દાસીએ દાખલ થઇ નમનતાઇથી તેઓને સલામ કીધી.

ઇરાંનના શાહાજાદાએ શેમસેલનીહારની વીશ્વાસુ દાસીની સલામ પાછી વાલી. પેલા ઝવેરીએ જેવી તેણીને આવતાં જોઇ તેવોજ તે ઉઠયો, અને તેઓ સારી પેઠે વાત કરે માટે પાછલા ઓરડામાં ગયો. પેલી વીશ્વાસુ દાસીએ શાહાજાદા સાથે થોડો વખત વાત કીધા પછી તેની રજા લીધી, અને પાછી ગઇ. તે જેટલો દલગીર હતો તેટલો પેલી તેને ખુસી કરી ગઇ; તેની આંખો હવે ચલકવા લાગી, અને ચેહેરો ખુસી ભરેલો દેખાવા લાગ્યો; જેથી પેલા ઝવેરીની ખાતરી થઇ કે તેને પેલી વીશ્વાસુ દાસી તેનાં પ્યારને લગતી કાંઇ ખુશ ખબરથી વાકેફ કરી ગઇ છે.

પછી પેલો ઝવેરી પોતાની જગો પર પાછો બેઠો અને હસતાં હસતાં શાહાજાદાને કહ્યું કે શાહાજાદા મને માલમ પડે છે કે તુંને કંઇ કાલીફનાં મેહેલમાં અગતનું કામ છે. ઇરાનનો શાહાજાદો આ વાતથી ઘણો અજાયબ થયો, અને ધાસ્તી ખાઇ ગયો, અને બોલ્યો કે મને કાલીફનાં મેહેલમાં કંઇ કામ છે એવું તેં શા ઉપરથી જાણયું? પેલા ઝવેરીએ કહ્યું કે પેલી દાસી જે હમણા આાં આવી ગઈ તે ઉપરથી. પેલા શાહાજાદાએ પુછયું કે એ દાસી કોણની છે એમ તું ધારે છે? ઝવેરીએ તરતજ જવાબ આપ્યો કે કાલીફની માશુક શેમસેલનીહારની આ દાસી હતી. હું એ દાસીને અને તેની શેઠાણી બંનેને સારી પેઠે ઓળખું છું; કાંયકે તેઓ વારે ઘડીએ મારી દુકાનમાં ઝવેર ખરીદવા આવતાં હતાં તે શીવાએ હું એટલું પણ જાણું છું કે શેમસેલનીહાર પોતાની આ દાસીથી કંઇ પણ વાત છુપી રાખતી નથી; એ દાસી તેણીની ઘણી વીશ્વાસુ છે. અને ઘણાંક દીવસ થયા તેણીને આ રસ્તા ઉપર આવતી જોઉ છું તેથી મને ઘણી ફીકર લાગે છે, અને શક ઉત્પન થાય છે કે પોતાની શેઠાણીનાં કંઈ ઘણાં અગતનાં કામને વાસ્તે અતરે આવ જાવ કરે છે.

પેલા ઝવેરીનાં મોહોડેથી આ સખુનો સાંભલીને પેલો શાહાજાદો ઘણો ઘભરાયો. તે તેનાં મનમાં વિચારવા લાગ્યો કે જ્યાં સુધી એને કંઇ શક આવતો હોય, યા એ મારી છુપી વાત જાણતો હોય ત્યાં સુધી એ કદી એમ બોલવાને હીંમત નહીં ધરાવે. તેનો કેમ જવાબ આપવો તે નહીં જાણીને તે થોડો વખત સુધી તો મુગો રહ્યો. સેવટે પેલા ઝવેરીને આ પ્રમાણે કેહેવા લાગ્યો કે તેં મને જે બાબદથી વાકેફ કીધો છે તે ઉપરથી તો સાફ માલમ પડે છે કે જે બાબદો વિશે તું મને કહે છે તેથી કંઈ તું વધારે જાણે છે. તું જ્યાં સુધી મને બરાબર કહેશે નહીં ત્યાં સુધી મને એક પલ ભારની પણ આસાયસ મળશે નહીં; તેટલા વાસ્તે હું તારી પાસે માગી લઉછું કે મારેથી એક બોલ પણ છુપાવ્યા વગર જે હોય તેથી મને બરાબર વાકેફ કર.

પેલા ઝવેરીને પણ એવુંજ જોઇતું હતું તેથી એબનથાર, અને તેની વચ્ચે જે કંઇ વાત ચીત થઇ હતી તે સઘલી બરાબર કહી સંભલાવી. તેણે કહ્યું કે તમારી અને શેમસેલનીહાર વચ્ચે જે કંઇ સંધેસો ચાલે છે તે પણ હું જાણું છે, અને એબનથાર આ વાતમાં ભેદુ હતો એવું મબાદા કાલીફને ખબર પડે તેથી તે બીઘો માટે પોતાની મતલબથી મને એકલાનેજ વાકેફ કરીને બલસોરા જરૂર કુચ કરી ગયો છે, અને જે તોફાની વાદલ તેનાં માથા ઉપર ભમ્યા કરતું હતું તે જતું રેહે ત્યાં સુધી તેણે ત્યાં રેહેવાનો ઠેરાવ કીધો છે. પેલા ઝવેરીએ વલી કહ્યું કે હું અજાયબ થાઉછું કે તમોને આવી હાલતમાં મુકીને એને જવા માટે કેમ પોતાની દીલ ચલાવ્યું હશે.

અગરજો શાહાજાદા તું મારે વાસ્તે જાણવા માગે તો મને કબુલ કરવું જોઇયે કે તારી વાત અને હાલત સાંભળીને મને ઘણી દયા આવી તેથી હું ગરીબથી બની શકે એવી તારી નોકરી કરવ-આવ્યો છું. અગરજો તું મેહેરબાની કરીને કબુલ કરે તો હું પણ તારી સાથે એબનથાર જેવો નીમકહલાલ રેહીશ; અને તે સાથે હું વધારે હીંમતવાન અને જોરાવર હોવાથી વધારે મજબુતીથી વળગી રેહીશ. હું તારે વાસ્તે મારી આબરૂ, અને જીંદગીનો ભોગ આપવાને તૈયાર છું અને અગરજો તું મારા બોલ ઉપર શક લાવતો હોય તો આપણું ધર્મ પાક પુસ્તક જે સર્વેથી પવીત્ર છે તેનાં સોગંદ ખાઇને કહુંછું કે આપણી છુપી વાત કોઇને જાહેર નહીં કરશ. ખાતરી રાખ ઓ નેક શાહાજાદા જે દોસ્ત તેં ખોયો છે તેના જેવોજ હું તુંને મલ્યો છું.

આ શખુનોથી શાહજાદાને હીંમત આવી, અને એબનથારને બદલે બીજો મદદગાર દોસ્ત તુરતજ મળેલો જોઇને વધારે ખુશી થયો. શાહાજાદાએ તેને જવાબ આપ્યો કે મને જે કંઇ ખોટ ગઇ તે તેં પુરી આપી તેથી હું ઘણો ખુશી છું, અને તારી મેહરબાંનીનો કીયા શબ્દોમાં ઉપકાર માણું તે હું સમજી શકતો નથી. તારા ઉદારપણાનો બદલો ખોદા વાલી આપે એવી હું આસા રાખુ છું અને જે કંઇ તું મને સઘળું કહે છે તે મારા દીલોજાનથી હું કબુલ કરૂંછું. એક પલ થોભ્યા પછી શાહાજાદો પાછો બોલ્યો કે શું તું મારૂં માણશે કે શેમસેલનીહારની વીશ્વાસુ દાસી તારે વાસ્તે મને શું કેહેવા આવી હતી? તેણીએ મને કહ્યું કે એબનથારને બગદાદની બાહેર જવા તેં કહ્યું, અને જાણે તે શું બોલે છે તે વીશે તેણીની ખાતરી હોય તે પ્રમાણે મને જતી વખતે છેલ્લા આ બોલ કહી ગઇ હતી પણ તેમ કેહવામાં તેને તને ખચીત ઘણી ગેરઇનસાફી કીધી હતી. તેં જે કંઇ સઘલું મને કહ્યું તે ઉપરથી મને સાફ માલમ પડે છે કે તે પોતાની ધારણામાં ઠગાઇ છે. પેલા ઝવેરીએ જવાબ આપ્યો કે શાહાજાદા, એબનથારને વાસ્તે જે કંઇ મેં તુંને કહ્યું તે સઘલું બરાબરજ છે. એટલું ખરૂં છે કે જ્યારે તેણે મને બલસોરા જવા કહ્યું ત્યારે મેં તેને અટકાવ્યો નહીં, પણ કહ્યું કે તારો જે કંઇ ઠેરાવ છે તે વાજબી છે; પણ તેથી તમો મારી ઉપર વીશ્વાસ મુકતાં હાથ ઉઠાવશો ના, મારેથી બનશે તેટલાં ખંતીપણાંથી હું તમારી ચાકરી કરીશ. અગરજો તમોને મારી ચાકરી નહીં જોઇતી

હશે તોપણ મેં જે કંઇ પેહેલાં સોગંદ ખાધા છે તેથી પાછો ફરીને તમારી છુપી વાત હું કોઇને કેહેવાનો નથી. પેલા શાહાજાદાએ જબાબ દીધો કે મેં તુંને ત્યારનું કહ્યું કે પેલી વીશ્વાસુ દાસીનો એક બોલ પણ હું નથી માણુતો, તેણીએ મારી નીમખહલાલથી ચાકરી કરવાની ઉલટથી આ શક ઉપ્તન કીધો હશે પણ તે જેમ મેં માફ કીધો તેમ તું પણ કરશે.

તેઓએ ઘણીં એક વખત એકએકનાં દીલ મેળવીને વાત કીધી, અને શેમસેલનીહાર સાથે સૌથી સેહેલી રીતે સંઘેસો કેમ ચલાવવો તે વિશે બંને જણાએ એકએકની સલાહ લીધી. તેઓએ પેહલો ઠેરાવ એ કીધો કે પેલી વીશ્વાસુ દાસી જો શેમસેલનીહાર તરફથી કાંઇ બીજા વધું સંઘેસા લાવે તો તે પાધરા ઝવેરીને ત્યાંજ લાવે. સેવટે પેલો ઝવેરી ઉઠયો, અને ફરીથી પેલા શાહાજાદાને પોતા ઉપર વીશ્વાસ રાખવાનું કબુલ કરાવીને સલામ કરી પોતાનાં ઘર તરફ ચાલ્યો.

જેવો પેલો ઝવેરી ઇરાનના શાહજાદાના મકાન તરફથી પાછો ફરતો હતો તેવીજ તેની નજર એક રૂકો જે જમીન પર પડેલો હતો તે ઉપર પડી. તે તેણે ઉપાડી લીધો અને તેને મોહર નહીં કીધેલી હોવાથી તે ઉખડીને વાંચ્યો તો તે નીચે મુજબ હતો:

શેમસેલનીહારનો ઇરાનનાં શાહજાદા ઉપર લખેલો રૂકો.

"મારી વીશ્વાસુ દાસીએ મને એક એવી ખબર કહી છે કે જેથી જેટલી મને ફીકર લાગે છે તેટલીજ મારા પ્યારા તમોને પણ લાગતી હશે. એબનથારનું જતું રેહેવું એ ખચીત આપણુને એક મોટી ખોટ છે; પણ પ્યારા શાહાજાદા એનાં ગયાથી તારી જીંદગીની કંઇ પણ ધારતી તારે રાખવી નહીં. અગરજો એક આપણો વીશ્વાસુ મલત્યો ધારતીથી આપણે મુકી નાસી ગયો તો આપણુને એવું વિચારવું નહીં જોઇએ કે તેથી આપણે કમનસીબ છીએ. કારણ કે તેને આપણુ અટકાવી શકતાં નથી. હું કબુલ કરૂં છું કે એબનથારની જે વખતે ઘણી મદદ જોઇતી હતી તે વખતે તે આપણુને કલ્યા વગર જતો રહ્યો છે પણ આ એકાએક આપણી ઉપર આફત આવી પડી છે તેની સામે થઇ આપણુને સબુરી પકડવી જોઇએ અને આપણો ઉછલતો પ્યાર એક ઘડી પણ થંડો નહીં પાડવો જોઇએ. યાદ રાખવું જે કે ચીજ આપણે ઘણી ચાહીએ છીએ તે ઘણી મેહેનત સીવાએ આપણુને કદી પણ મળનાર નથી. તેથી આપણુને નાસીપાયસ નહીં થવું જોઇએ, પણ ખોદાની મેહરબાનીની મારા પ્યારા આપણે આશા રાખવી જોઇએ, ખુદરતની કરામતથી આપણે આટલી મેહેનત પછી છેલ્લે હંમેસ સુધી સુખી રહીશું. સલામ!"

જ્યારે પેલો ઝવેરી ઇરાનનાં શાહજાદા સાથે વાત કરતો હતો ત્યારે પેલી વીશ્વાસુ દાસીએ શેમસેલનીહારનાં મેહેલમાં જઇ એબનથારના જતા રહેવાની બુરી ખબરથી પોતાની શેઠાણીને વાકેફ કીધી. શેમસેલનીહારે તરતજ આ ઉપર ટાંકેલું કાગળ લખીને વીશ્વાસુ દાસીને ઇરાનનાં શાહજાદા આગળ લઇ જવા આપ્યું હતું, પણ તેણીએ ભુલમાં નાખી દીધું હતું તે પેલા ઝવેરીને મળ્યું.

પેલા ઝવેરીને તો જેવું જોઇતું હતું તેવુંજ મળ્યું તેથી ઘણો ખુસી થયો કારણ કે પેલી દાસીનું ખરાબ મત પોતાની ઉપરથી દુર કરવાની અને શાહજાદાએ જે કંઇ તેણીને વિશે કહ્યું હતું તે કબુલ કરાવાની સારી તક મળી. જ્યારે તે કાગળ આખું વાંચી રહ્યો કે તરજ પેલી દાસીને ઘણા ઘબરાતમાં પેલું પડી ગયલું કાગળ સોધતાં જોઇ. પેલાએ જલદીથી તે કાગળ બંધ કીધું, અને છાતી આગળ સાંતવા જતો હતો તેવામાં પેલી દાસીએ જોયું તેથી દોડતી તેની પાસે આવીને કાલાવાલા કરી કેહવા લાગી કે સાહેબ, મારૂં એક કાગળ પડી ગયું છે જે મેં હમણા તમારા હાથમાં જોયું; હું તમારી પાસે માંગી લઊં કે તે મને પાછું આપો. પેલો ઝવેરી જાણે કાંઇ સાંભળ્યું નહીં હોય તે

પ્રમાણે પોતાનાં ઘર તરફ ચાલવા લાગ્યો, અને જ્યારે ઘરમાં ગયો ત્યારે પેલી શેમસેલનીહારની વીશ્વાસુ દાસી તેની પછવાડે આવે માટે બારણું ઉઘાડું રાખ્યું. પેલી પણ તેની પછવાડે તુરતજ અંદર આવી અને જ્યારે તેનાં ઓરડામાં ગઇ ત્યારે તેણીએ કહ્યું કે સાહેબ તમુને તે કાગળનું કંઇ કામ નહીં પડશે માટે મને જલદી પાછું આપો અને અગરજો તમો જાણશો કે તે કોણને વાસ્તે આવ્યું છે તો મારી ખાતરી છે કે તમો તે કદી રાખશો નહીં. વળી મને તમોને કેહેવાની રજા આપો કે વાજબીની રાહે તે તમારે રાખવું સજાવાર પણ નથી.

પેલા ઝવેરીએ પાછો જવાબ આપ્યો તે અગાઉ તેણીને એક ખુરસી ઉપર બેસાડી, અને પછી કહ્યું કે શું આ કાગલ શેમસેલનીહારની તરફથી ઇરાનનાં શાહાજાદાને વાસ્તે નથી આવ્યું? પેલી વીશ્વાસુ દાસીએ એવા સવાલની આશા નહીં રાખી હતી તેથી તદન ફીકી પડી ગઇ. પેલો ઝવેરી બોલ્યો કે આ સવાલથી તું જરા ઘભરાતી હોય એવું માલમ પડે છે: પણ હું તને ખાતરીથી કહુંછું કે હું કંઇ તારી મશ્કેરી કરવા નથી પુછતો. મેં તુંને રસ્તામાં કાગલ નહીં આપ્યું તેનું કારણ માત્ર એટલુંજ કે તું મારી પછવાડે મારે ઘર આવે જેથી મારા મનમાં તુંને કંઇ પુછવાનું છે તે પુછી લઉં. મને કેહકે એક દુઃખ ભરેલો બનાવ જેણે ઉભો કીધો નહીં હોય તેની ઉપર જુંઠું તોહમત મુકવું એ શું વાજબી છે? એબનથારને મેં તેનાં બચાવને વાસ્તે બગદાદથી શીખવીને બાહર મોકલ્યો એવું ઇરાનનાં શાહાજાદાને તેં કહીને શું મારી ઉપર ખરેખરી ગેરઇનશાફી નથી ગુજારી? તો પણ મેં તેમ નથી કીધું એવું સાબેત કરવા માટે હું વખત ખોહવા નથી ચાહતો. હું બેગુનાહ છું એવું ઇરાનનો શાહજાદો વિચારે છે એટલુંજ બસ છે. હું તુંને ફરી કહું છું કે એબનથારને બગદાદથી નસાડવાની તજવીજ કે મદદ તો મેં કીધી નથીજ પણ તે જતો રહ્યો તેથી હું સામો દલગીર થયો છું. તે મારો પ્યારો દોસ્ત હતો તેથી નહીં, પણ ઇરાનનાં શાહજાદા અને શેમસેલનીહાર વચ્ચે ચાલતા સંધેસા, કે જે વીશે તેણે મને વાકેફ કીધો છે, તેઓને હવે પછી કેવી હરખતો પડશે તેથી હું ઘણો દલગીર છું. જેવું મેં બરાબર જાણ્યું કે એબનથાર બગદાદથી બાહેર જતો રહ્યો છે તેવોજ હું શાહાજાદાને ખબર આપવા ગયો, અને તે વખતે તેનાં ઘરમાં તેં મને જોયો. તેને મેં ખબર આપી અને એબનથારની માફક નીમકહલાલ થઇને ચાકરી કરવાનું મેં કબુલ કીધું. તેટલા વાસ્તે હું તારી પાસેથી પણ માંગી લઉ છું કે એબનથારની મુઆફેક મારી ઉપર પણ વીશ્વાસ મુક, અને અગરજો તારા અને તારી શેઠાણીનાં કામને વાસ્તે તું મારી પાસે મદદ નહીં માગશે તો તેમાં તારોજ વાંક નીકલશે. મેં જે કાંઇ તેને જણાવ્યું છે તેથી તું તારી શેઠાણીને વાકેફ કરજે અને તેણીની ખાતરી કરજે કે આવા ભય ભરેલા સંધેસા ચલાવતાં અગરજો મારો જાન જશે તોપણ આવાં એક એકને લાયકનાં આશક ને માશુક વાસ્તે મારો જાન બરબાદ કરવાથી હું કદી પસ્તાવાનો નથી.

પેલી વીશ્વાસુ દાસીએ જ્યારે ઝવેરીને મોહોડેથી આ ન ધારેલા સખુનો સાંભલ્યા ત્યારે ઘણી ખુસી થઇ, અને તેણીએ પોતાની શેઠાણી તરફની ફરજ નીમખહલાલીથી બજાવવાની ઉલટથી પેલા ઝવેરી વીશે જે ખરાબ મત શાહાજાદાને જણાવ્યું હતું તે માટે તેણીએ તેની માફ માગી. તે બોલી કે હું ઘણી ખુશી થઇ છું કે શેમસેલનીહાર અને ઇરાનનાં શાહાજાદાને એબનથારને જલદી ભુલાવી નાખે એવો એક બીજો લાયક મદદગાર મલ્યો છે. મારી શેઠાણીને વાસ્તે જે કંઈ સારૂં મત તું ધરાવે છે તે વીશે હું તેણીની ખાતરી કરવાને ચુકશ નહીં.

જ્યારે પેલી દાસીએ શેમસેલનીહાર અને ઇરાનનાં શાહજાદાની મદદગારી કરવાને પેલા ઝવેરીને ઘણો ઉલટમંદ જોયો ત્યારે તે ઘણી ખુસી થઈ, એવું જોઇને પેલા ઝવેરીએ પોતાની છાતી ઉપરથી

પેલું કાગળ કાહાડી આપ્યું અને બોલ્યો કે "આ લે ને જલદી ઇરાનના શાહજાદા આગળ જા, અને જ્યારે આ રૂક્કાનો જવાબ લઈ પાછી ફરે ત્યારે આ રસ્તેથી જજે જેથી તેનો લખેલો જવાબ હું જોઉ તથા તમારા વચ્ચે થયલી વાતચીતથી પણ વાકેફ થાઉં."

પેલી દાસી તે રૂકકો લઇ તરત શાહજાદાને મકાને ગઇ જેણે તેણીને તરત તે રૂક્કો વાંચી જવાબ લખી આપ્યો. તે જંતી વખત ઝવેરીનાં ઘરમાં આવી જેણે તે જવાબ નીચે પ્રમાણે લખેલો વાંચ્યો:—

શેમસેલનીહારનાં રૂક્કાનો ઇરાનનાં શાહજાદાએ આપેલો જવાબ.

"તારા પ્યારભર્યા રૂક્કાથી મારા મન ઉપર ઘણી અસર થઇ છે, તો જો કે જેટલી હું ઇચ્છતો હતો તેટલી અસર હજુર થઇ નથી. એબનથારને આપણે ખોયો તે વિશે મને દીલાસો આપવાની તું તજવીજ કરે છે. અફસોસ! મારી પ્યારી એબનથારનું જતું રેહેવું એ તો મારા નહીં ટલે એવાં દુઃખોનો એક ઘણો નજીવો ભાગ છે. મારાં દુઃખો તે શું છે તે સર્વેની તને ખબર છે અને મારી પ્યારી તું જાણે છે કે ફકત તારી હાજરીજ તે દુઃખો નીવારણ કરશે. અરે એવો શુભ દહાડો ક્યારે આવશે કે જ્યારે તું મારી આગલથી જુદી પડશે એવી ધાસ્તી વગર હું તુંને મલી શકશ? હાલનો વખત મને કેવો લાંબો લાગે છે તેનો તુંજ વિચાર કર! હજુર આપણે એકમેકને હમેશાં કોઇની ધાસ્તી વગર દીલોજાનથી ચાહશું એવી આશા હું રાખું છું. તું જે કેહેશે તેને હું કબુલ કરશ કારણ કે મેં તો ઠેરાવજ કીધો છે કે તારા જીગરની જે મરજી તેજ મારાં દીલની ખુશી છે. સલામ."

પેલો ઝવેરી જ્યારે પેલું કાગલ વાંચી રહ્યો ત્યારે પેલી વીશ્વાસુ દાસીને તે પાછું આપ્યું. જે લઇ તે જતી વખતે બોલી કે એબનથાર ઉપર જેવો વીશ્વાસ મારી શેઠાણી રાખતી હતી તેવોજ તારી ઉપર રાખવાને હું મારી શેઠાણીને કહીશ, અને તે મને શું જવાબ આપે છે તે વિશે હું તને કાલે સંધેસો કહીશ. અને તેજ પ્રમાણે તે બીજે દાહાડે હસ્તે મોહોડે જ્યારે પાછી આવી ત્યારે પેલા ઝવેરીએ કહ્યું કે તારા મોહડાં ઉપરથીજ મને માલમ પડે છે કે શેમસેલનીહાર પાસેથી તું ઘણી સારી ખબર લાવીછે. તેણીએ જવાબ આપ્યો કે હા તું કેહછે તે ખરૂં છે. કાલે હું ગઇ ત્યારે શેમસેલનીહાર ઘણી અધીરી પડીને મારી વાત જોતી હતી; પણ જતાંવાર મેં તેણીને ઇરાંનના શાહજાદાનું કાગલ આપ્યું, કે જે તેણીએ ગરમ આંસુઓ સાથે વાંચ્યું, અને જયારે વાંચી રહી ત્યારે પાછી ઘણીજ દલગીર થઇ ગઇ. આ વખતે મેં તેણીને કહ્યું કે બાઇ ખરેખર એબનથારના ગયાથી તમોને ઘણી દલગીરી લાગતી હશે, પણ હું તમારી પાસે માંગી લઊં છું કે તે વિશે તમારે દલગીર થવું નહીં. આપણુને બીજો એક એવો ઘણો સારો વીશ્વાસુ માણુસ મલ્યોછે કે જે ઘણાંજ ખંતીપણાથી, અને વધારે હીંમતથી આપણી ચાકરી કરવાને તૈયાર થયો છે. એમ કહીને તમારે વાસ્તે મેં કહ્યું, અને તમો કેવા વિચારથી ઇરાંનનાં શાહજાદાનાં ઘેર ગયા તે વિશે તેણીને જાણીતી કીધી, અને ટુંકમાં તેણીની ખાતરી કીધી કે તમોએ શેમસેલનીહાર અને ઇરાનનાં શાહાજાદા વચ્ચેનો સંબંધ ઘણો છુપો રાખેલો છે અને તમારી બનતી મેહેનતથી તેઓનો વિચાર પાર પડેલો જોવા ઠેરાવ કીધો છે. આ વાત સાંભલીને મારી શેઠાણી ઘણી ખુસી થઇ અને બોલી ઉઠી કે આહા! હું અને ઇરાનનો શાહાજાદો એવા ભલા માણુસનાં કેટલાં ઉપકારી થયાં છીએ! મને તેની સાથે ઓલખાણ કરવી જોઇએ, અને જે વાત તું મને કેહે છે તે તેને મોહોડેથી સાંભલવી જોઇએ. એવી બેહદ મેહરબાંની જે તે પોતાની ખુસીથી કરવા નીકલ્યો છે, અને જેની ઉપર આપણો કાંઇબી ઉપકાર નથી, વાસ્તે તેને મારી નજરે જોઉં તો તેનો ઉપકાર માની શકું. હું ધારૂં છું કે તેને જોયાથી મને ઘણી ખુસી ઉપજશે, પણ તેને જે આપણાં વિશે સારા વિચારો છે તે ઘણા ઉંચા હોવા જોઇએ તેની પુરતી ખાતરી

કરી મારી આગલ તેને કાલે લાવવાને ભુલતી ના. મારી શેઠાણીની ઇચ્છા આ પ્રમાણે છે માટે મારા મેહરબાન તમોને મારી સાથ મેહેલમાં આવવું જોઇએ.

શેમસેલનીહારની દાસીના આ શખુનો સાંભલી પેલો ઝવેરી ઘણો ઘભરાયલો દેખાયો. તેને જવાબ આપ્યો કે મને કેહવાને ભુલવું નહીં જોઇએ કે તારી શેઠાણી મને મેહેલમાં બોલાવે છે તેનો કંઇ તેણીએ વિચાર કીધો છે? એબનથાર જે છુટાપણું ભોગવતો હતો તેનું કારણ એ હતું કે તેને તો કાલીફની રજા હતી, અને તેને ત્યાંના સઘળા અમલદારો અને ચાકરો ઓલખતા હતા તેથી તેને મેહેલમાં જવાની છુટ હતી, પણ હું કેમ અંદર દાખલ થાઊં? તું પણ જાણે છે કે એ વાત કદી નહીં બની શકે એવી છે. હું તારી પાસે માંગી લઊં છું કે જે કંઇ મેં તુંને કારણો બતાવ્યાં તેથી તારી શેઠાણીને જઇને વાકેફ કર, અને કેહે કે તેમ કીધાથી ઘણું માઠાં પરીણામો નીપજશે. અગરજો આ પ્રમાણે શેમસેલનીહાર બેહુંદો વિચાર કરશે તો પોતાનું કામ પાર પાડ્યાને બદલે સામો મને તેમજ બીજા લાગતા વલગતા સર્વેને મોટાં ભયમાં લાવી મુકશે.

આ ઉપરથી પેલા ઝવેરીને શેમસેલનીહારની વીશ્વાસુ દાસીએ પોતાથી બનતી હીંમત આપવાની તજવીજ કીધી. તે બોલી કે તું એવું વિચારેછ કે શેમસેલનીહાર જેને તારી આવી અગતની મદદ જોઇએ છે તે એટલી બેવકુફ છે કે તુંને પોતાની આગલ બોલાવામાં તારા એક બાલને પણ ઇજા થાય એવું કરે? યાદ રાખજે, અને હું વળી તારી ખાતરી કરૂં છું કે તે તુંને એક જરા પણ ઇજા થવા દેશે નહીં. મને અને મારી શેઠાણીને તારૂં ઘણું કામ છે તેથી અગરજો તુંને ઇજા થાય એવું કરીએ તો અમોને પણ નુકસાન થયા વગર રેહ નહીં. તું અમારી ઉપર વીશ્વાસ રાખ અને હું જ્યાં તુંને લઇ જાવું ત્યાં મારી સાથે ચાલ, કેમકે જ્યારે તું પાછો આવશે ત્યારે તુંજ હસીને કેહેશે કે તારી સર્વે ધાસ્તી વગર ફોકટની હતી.

શેમસેલનીહારની વીશ્વાસુ દાસીની તકરાર સાંભલી પેલા ઝવેરીએ પોતાનું મન ફેરવ્યું, અને તેણીની સાથે જવાને ઉઠયો. જોકે ગમે તેટલી તેને હીંમત હતી, તો પણ તેને એટલી તો ધાસ્તી લાગી કે પગના તળ્યાંથી તે માંથાની ખોપરી સુધી તે ધ્રુજવા લાગ્યો. પેલી વીશ્વાસુ દાસીએ તેને આ પ્રમાણે ધ્રુજતો જોઇને કહ્યું કે તમારા દેખાવ ઉપરથી જોતાં લાગે છે કે તમો આવી હાલતમાં મેહેલમાં આવો તે મને દરૂસ્ત લાગતું નથી માટે તમો ઘરમાંજ થેઓ, અને શેમસેલનીહાર તમોને આં મલવા આવવાને કંઇ ઉપાયો લેશે. મારી ખાતરી છે કે પોતાની હોંસ પુરી પાડવાને વાસ્તે તે અહીં આવશે, અને તેટલાં માટે તમો પોતાને ત્યાં આવવાની ગરજ નથી કારણ કે હું ધારૂં છું કે મારા કહ્યાથી મારી શેઠાણી તુરતજ અત્રે આવશે. એમ કહી શેમસેલનીહારની દાસી પાછી ઘેર ગઇ, અને પેલા ઝવેરીની ધાસ્તીથી પોતાની શેઠાણીને જાણીતી કીધી, જેથી તેણીએ તરતજ તૈયારી કીધી ને પોતે ઝવેરીને ઘેર મલવા ગઇ.

પેલા ઝવેરીએ મોટાં માનથી તેણીને પોતાના મકાનમાં દાખલ કીધી અને આદરમાંનથી તેણીને ખુરસી ઉપર બેસાડી કારણ કે શેમસેલનીહાર થાકી ગઇ હતી માટે તેણીએ પોતાનાં મોંહડાં ઉપરથી બુરખો ઉતાર્યો અને પોતાની બેહદ ખુબશુરતી જાહેર કીધી જે જોઇ ઝવેરીની તુરતજ ખાતરી થઇ કે ઇરાનનાં શાહજાદાએ કાલીફની માસુક પર પોતાનું દીલ ફીદા કીધું છે તેમાં કંઇ તેનો વાંક નથી. પેલીએ ઝવેરીને ઘણાજ મેહરબાન ચેહેરે સલામ કીધી, અને કહ્યું કે શાહજાદાનાં અને મારાં કામની વચ્ચે જે તેં તારી મેલે ખંતીપણાથી પડવાની કબુલાત આપી છે તે માટે હું પોતે તારો ઉપકાર માનવા આવી છું. તું યાદ રાખજે કે મારેથી જેમ બનશે તેમ તારો પાર વાળવાને હું કદી ચુકશ

નહીં, અને એબનથારના જવાથી જે મોટી ખુટ પડી હતી તે એટલી જલદી પુરાઇ ગઇ માટે હું ખોદાનો ઉપકાર માનું છું.

એ શીવાએ શેમસેલનીહાર પેલા ઝવેરીની બીજી ઘણી રીતે વખાણ કરી પોતાનાં મેહેલમાં પાછી ફરી. તુરતજ પેલો ઝવેરી શેમસેલનીહાર સાથનાં મેલાપની વાતથી શાહાજાદાને વાકેફ કરાવા તેને ઘેર ગયો; અને જ્યારે ઝવેરી શાહાજાદાની નજરે પડયો ત્યારે શાહાજાદાએ કહ્યું કે હું તારી ઘણો વખત થયો કાગને ડોલે વાત જોઊં છું. પેલી વીશ્વાસુ દાસી તેણીની શેઠાણીનું એક મને કાગલ આપી ગઇ છે, પણ મને કંઇ તેથી ધીરજ આવતી નથી. જો કે મારી પ્યારી શેમસેલનીહાર મને આટલી રીતે ધીરજ આપે છે, પણ તેની ઉપર મને મુદલ આશા આવતી નથી. મારી સબુરીનો અંત આવ્યો છે અને મને શું કરવું જોઇએ તે હું કહી શકતો નથી. એબનથારનાં જવાથી હું નાસેપાયસ થઇ ગયો છું કારણ તે મારો ટેકાવ હતો, અને તે ગયો તેથી મારે મનશે સઘલું ગયું, કારણ કે તેને શેમસેલનીહાર આગલ જવાની રજા હતી તેથી મને કંઇ પણ આશા હતી.

આ બોલો શાહજાદો એટલો તો અસરકારક રીતે અને ઝડપમાં બોલી ગયો કે પેલા ઝવેરીથી વચમાં એક બોલ પણ બોલી તેને અટકાવી શકયો નહીં. પણ તે બોલી રહ્યો ત્યારે ઝવેરીએ કહ્યુ કે શાહાજાદા તારાં દુઃખમાં જેટલો હું ભાગ લેઉછું તેટલો કોઇ લેતો નહીં હશે; અને અગરજો તું મને સબુરીથી સાંભલે તો હું તુંને કેવી રીતે દુઃખમાંથી છોડવીશ તે હું કહીશ. આ બોલો ઝવેરીને મોહોડેથી સાંભલીને શાહજાદો ચુપ બેઠો ને તે જે કહે તે બ્યાન સાંભલવા તૈયાર દેખાયો. પછી પેલો ઝવેરી બોલ્યો કે તું શેમસેલનીહારની સાથે એક જગાએ ખુલી રીતે વાત કરે, અને જે જગાએ તુંને કોઇની ધાસ્તી રેહે નહીં એમ કરવાને વાસ્તે મેં એક યુક્તી સોધી કાહડી છે, અને તે મારી યુક્તી ઘણી મેહેનત અને ચંચલાઇથી કાલને કાલ પાર પડેલી જોવા હું ઇચ્છુંછું. તુંને કોઇબી કારણોને વાસ્તે શેમસેલનીહારના મેહેલમાં તો મુદલ જવુજ નહીં જોઇએ, કારણ કે તું પોતેજ જાણે છે કે તેમ કીધાથી તું કેવી ધાસ્તીમાં આવી પડયો હતો, અને આવા ભયમાં તું ફરી આવી નહીં પડે માટે મેં એક ઘણી અચ્છી જગા સોધી કાહડી છે કે જ્યાં તું બંચાવ ભરેલી રીતે શેમસેલનીહારની મુલાકાત લઇ શકે. જ્યારે પેલો ઝવેરી શાહજાદાને પોતાની શોધેલી યુક્તી કહી રહ્યો ત્યારે તે એટલો તો ખુશી થયો કે તેને ખુશીમાં આવી પેલા ઝવેરીને એક બગલગીરી કીધી.

પછી શાહજાદો બોલ્યો કે તારી આ યુક્તીથી તું એક ઘણા કંગાલ અને મરતા આશકને પાછો જીવ આપે છે. એબનથારનાં ગયાથી જે મને ટોટો ગયો તે તેં બરાબર પુરી આપ્યો છે. તું જે કરશે તે સારૂંજ કરશે એવું ધારી મારૂં સઘલું કામ સરનજામ પાડવા હું હવે તુંનેજ સોંપુ છું.

શાહજાદાએ તેનાં આવાં ખંતીપણાને વાસ્તે તેનો પુરતો ઉપકાર માન્યો, અને પછી ઝવેરી પાછો પોતાને ઘેર ગયો. બીજે દાહાડે વલી શેમસેલનીહારની દાસી તેને ઘેર આવી. ઝવેરીએ તેણીને કહ્યું કે મેં ઇરાનનાં શાહાજાદાને શેમસેલનીહારની જલદી મુલાકાત કરાવાની આશા આપી છે. તેણીએ જવાબ આપ્યો કે હું પણ તેજ કારણ માટે તારી સાથે મસલત કરવા આવી છું, અને હું ધારૂં છું કે આ તારૂં ઘર તેઓનો મેલાપ કરવા લાયકતું છે. પેલા ઝવેરીએ જવાબ આપ્યો કે હા હું ત્યાં એઓનો બરાબર સમાસ કરી શકું, પણ એક મારૂં બીજું ઘર છે કે જ્યાં કોઇ હમણા રેહેતું નથી ત્યાં એઓ વધારે છુટથી વાત કરી શકશે તેટલા વાસ્તે હું ત્યાં સઘલી તેઓને વાસ્તે તૈયારી કરી રાખું છું. પેલી વીશ્વાસુ દાસીએ જવાબ દીધો કે હવે મારૂં કંઇ કામ રહ્યું નથી માટે હું શેમસેલનીહાર આગલ જઇ તેણીની મરજી પુછી તેણીનો જવાબ લઇ જલદી આવું છું.

પેલી વીશ્વાસુ દાસીએ થોડા વખતમાં ઝવેરી આગલ પાછી આવીને કહ્યુંકે મારી શેઠાણીએ કેહેવરાવ્યુ

છે કે આજ સાંજના ચોકસ વખતે હું આવવાને ચુકશ નહીં. તેણીએ પેલા ઝવેરીને એક અશરફીની ભરેલી કોથલી આપી અને સઘલી જોઈતી ચીજો સાથે એક અચ્છો નાસ્તો તૈયાર કરવા હોકમ કીધો. ઝવેરીએ પેલી દાસીને જે ઘરમાં તેઓ મલવાના હતાં તે ઘર દેખાડયું અને ત્યાં તેણીની શેઠાણીને લાવવા કહ્યું, અને જ્યારે તે ગઇ ત્યારે ઝવેરી પોતાનાં દોસ્તોનાં ઘરથી રૂપાં તથા સુનાંની રકાબીઓ, રેસમી ઊંચા પરદાઓ, ઊંચા તકીઆઓ, સુંદર ખુરસીઓ, અને કોચ વતરોગે બીજો તરેહવાર સામાન લઇ આવ્યો. એ પ્રમાણે જ્યારે સઘલી ચીજોથી તે મકાન સીંગારી રહ્યો ત્યારે ત્યાં ઇરાનનાં શાહજાદાને બોલાવી લાવ્યો.

જ્યારે ઇરાનનાં શાહજાદાને પેલો ઝવેરી જે મકાનમાં તેની માશુક શેમસેલનીહાર આવવાની હતી તે મકાનમાં લઇ જવા આવ્યો તે વખતે તે શાહાજાદાને કેટલી ખુસી લાગી હશે તેનો વિચાર આપણે સેહેલાઇથી કરી શકશું. આ ખબરથી તે પોતાનું આગલું સઘલું દુઃખ ભુલી ગયો. તેણે પોતાનો એક ઘણો ઊંચો, અને કીમતી જબો પેહેર્યો, અને પોતા સાથે કોઇ માણસ લીધા વગર ઝવેરી સાથે ગયો. તેને કોઇ નહીં જોય માટે ઘણીએક ગલી ગુચીમાંથી ઝવેરી પોતાને મકાને લઈ ગયો, અને છેલ્લે સરવાલે જ્યારે પેલા ઠેરવેલાં મકાનમાં તેઓ પુગા ત્યારે જ્યાંસુધી શેમસેલનીહાર આવી ત્યાંસુધી બંને જણુઓએ ખુશ વાત ચલાવી.

શાહજાદાને પેલી પ્યારમાં દેવાની થઇ ગયલી પોતાની માશુકની ઘણો વાર રાહ જોવી પડી નહીં. તે સાંજની નીમાજ પઢીને પોતાની વીશ્વાસુ દાસી અને બીજી બે દાસીઓને લઇને આવી. આ બંને આશક માશુકોએ એકએકને જોયાં ત્યારે તેઓને કેવી ખુશી લાગી હશે તેનું બયાન કરવું નહીં બની શકે એવું છે. તેઓ એક કોચ ઉપર બેઠાં, અને એટલાં તો ખુશીમાં ગરક થયાં હતાં કે ઘણોક વખત સુધી એક બોલ બોલ્યા વગર એક બેકની સાંમે તગોતગ જોયા કીધું, પણ જ્યારે તેઓને બોલવાની હીંમત આવી ત્યારે તેઓ એક એક સાથ એવી તો દીલ પગલી જાય તેવી વાતો કરવા લાગ્યાં કે તે સાંભલી પેલા ઝવેરી અને દાસીઓની આંખોમાંથી આંસુ પડવાં લાગ્યાં. પણ પેલા ઝવેરીએ તરત આંસુઓ ખેંચી લઇને તેઓની આગલ ખાવા માટે નીઆમત પકવાનો લાવ્યો ત્યારે પેલા આશક માશુકોએ જરા જરા ખાઇને બંનેએ શરાબ નોશ કીધો. શેમસેલનીહારે પેલા ઝવેરીને પુછયું કે તારી પાસે એક સારંગી યા કંઇ પણ વાજીંતર છે? જેવો તેણીનાં મોહડામાંથી આ સખુનો નીકલ્યા કે પેલા ઝવેરીએ તેણીને ખુશી કરવા સર્વે ચીજો તૈયાર કરી રાખી હતી માટે તેણીને વાસ્તે એક સારંગી લાવ્યો, જે લઇને થોડો વાર પછે તાળ શુર ચહડાવી ગમ ભર્યો તે ગાયનો ગાવા લાગી.

હવે જ્યારે પેલી ખુબસુરત શેમસેલનીહાર ઇરાનનાં શાહજાદાને એ પ્રમાણે પોતાના પ્યારના ઉભરા ગાયન રૂપે કાહડીને ખુશી કરતી હતી તેટલા તો પેલાં મકાનની નીચે ઘણાક મોટા અવાજો સંભલાવા લાગ્યા. તેઓ ઘભરાઇને તે શું હશે તે જોવા જતાં હતાં તેવાંમાં પેલા ઝવેરીનો ગુલામ, જેને તે સાથે લાવ્યો હતો, તે ઘણાં ઘભરાતમાં દોડતો અંદર દાખલ થયો અને તેઓને જાહેર કીધું કે બાહેરથી કોઇ લોકો દરવાજો ભાંજે છે. દરવાજા તોરવાનો અવાજ સાંભલી મેં પુછયું કે તમો કોણ છો, ત્યારે તેઓ જવાબ દીધાને બદલે વધારે જોસથી ઠોકવા લાગા છે. પેલો ઝવેરી બીધો તેથી શેમસેલનીહાર અને ઇરાનનાં શાહજાદાને ત્યાં ઓરડામાં મુકી નીચે શું થાય છે અને કોણ આવ્યા છે તેની બરાબર ખબર લેવા ગયો. જેવો તે ચોકમાં ગયો તેવામાંજ તેણે કેટલાક માણુસોની એક ન્હાની ટુકડીને હાથમાં કતારો અને ભાલાઓ લઇને પોતા તરફ આવતી જોઇ. તે પોતાના જીવની ધાસ્તીથી જાણે દેવાલ સાથે વલગી ગયો હોય તેમ દેવાલને અઘેલી ભરાઈ ગયો, અને તે વખતે તેની આગલથી તેને જોયા વગર દસ માણુસો ચાલી ગયાં.

તેણે વિચાર્યું કે મારેથી શેમસેલનીહાર અને ઇરાનનાં શાહજાદાને કાંઇ મદદ થઇ શકવાની નથી

તેથી તે પડોસીના ઘરમાં જઇને ભરાઇ બેઠો. તે વિચારવા લાગો કે આ માણુસોને બેશક કાલીફે મોકલ્યાં હશે જેને તેની પ્યારી માસુક ઇરાનનાં શાહજાદાને મલવાની છે એવી આગલથી કોઇ ગુલામડીએ યા બેદુએ ખબર આપી હશે. તેણે પોતાનાં ઘરમાં મધરાત લગે ઘણો ઘભરાત અને અવાજ સાંભલ્યો; અને જ્યારે તેણે જાણ્યું કે સઘલું ચુપ થયું છે. ત્યારે તેણે પોતાનાં પડોસી પાસે એક ખંજર લીધું, અને તેથી હથ્યારબંધ થઇને પેલા મકાનના દરવાજામાં પેઠો. તે ઘણો બીહીતો બીહીતો ચોકમાં ગયો, અને ત્યાં જ્યારે એક માણુસને જોયું ત્યારે પુછ્યું કે તું કોણ છે? તે ઉપરથી પેલાએ જવાબ આપ્યો ત્યારે તેના અવાજથી તરત તે માણસને તેણે ઓલખી કાહાડયો કે તે તો તેનો ગુલામ છે. પેલા ગુલામને ઝવેરીએ પુછ્યું કે તું સરકારી માણુસોનાં હાથથી કેમ બચી ગયો? પેલા ગુલામે જવાબ દીધો કે સાહેબ હું ચોકનાં એક ખુનાંમાં ભરાઇ બેઠો હતો, અને જેવા તેઓ અંદર ગયા તેવોજ હું બાહેર નીકલી પડયો, પણ સાહેબ જેઓ ઘર ભાંજીને અંદર આવ્યા હતા તેઓ કંઇ સરકારનાં માણુસો નહીં હતા, પણ તેઓ તો લુટારાઓ હતા જેઓ થોડા દાહાડાની વાત ઉપર એક પડોસનું મોટું ઘર ફાડી અંદરથી ચોરી કરી ગયા હતા. તમો જે કીંમતી સામાન અત્રે લાવ્યા હતા તે વિશે તે લોકોએ સાંભલ્યું હશે, અને તેથી તે લુટી લઇ જવા હ્યાં ઉલટી પડ્યા હતા.

ઝવેરીને જે પેલા ગુલામે કહ્યું તે સઘલું તેને ખરૂં માનયું કારણ કે તે ઘરમાં ગયો, ત્યારે જોયુ તો માલમ પડયું કે શેમસેલનીહાર અને ઇરાનનાં શાહજાદાને વાસ્તે જે સામાનથી ઓરડો સીંગારયો હતો તે સામાન તેઓ લુટી ગયા હતા, અને ટુકમાં સઘલી સુનાં રૂપાંની રકાબીઓ, ઊંચા ગાલીચાઓ અને બીજી સઘલી કીંમતી ચીજો તેઓ ઉઠાવી ગયા હતા. જ્યારે પોતાનાં મકાનને આવી હાલતમાં તેણે જોયું ત્યારે તે બોલ્યો કે ઓ ખોદા મારૂં તો નખોદ વલી ગયું. જે વખતે હું મારા દોસ્તોને તેઓના સામાનના ખરાબા વિશે કહીશ કે તમોએ જે જે ચીજો મને વાપરવા આપી હતી તે તો લુટારાઓ આવી મારૂં ઘર ફાડી લુટી લઇ ગયા ત્યારે તેઓ મને શું કેહેશે? તેઓનાં માલની કીંમત આપવાને હું કદીપણ શક્તીવાન થઇશ નહીં. વલી શેમસેલનીહાર અને ઇરાનનાં શાહજાદાનું શું થયું હશે? આ વાતની ચકચાર એવી તો ફેલાઇ હશે કે કાલીફનાં કાન ઉપર જવા વગર રેહેવાની નથી. તે આ બાબદ વિશે બરાબર ખબર કાહાડશે અને હું તેનાં ગુસ્સાનો ભોગ થઇ પડીશ. પેલો ગુલામ જે પોતાનાં શેઠને ઘણો ચાહતો હતો તે તેને દેલાસો આપવા લાગ્યો. તેણે કહ્યું કે શેમસેલનીહારને તો તેઓએ તેણીનાં દીલ ઉપરથી સઘલું ઝવાહેર કાહડી લઇને છોડી દીધી હશે, અને મારી ખાતરી છે કે હાલતો તે પોતાનાં મેહેલમાં પણ જઇને સુતી હશે; અને ઇરાનનાં શાહજાદાનું પણ તેમજ થયું હશે તેથી હું ધારૂંછું કે કાલીફ આ વાત વિશે ખચીત કંઇ જાણશે પણ નહીં, અને જાણશે તો કંઇ ઝાજી તજવીજ કરશે પણ નહીં. તમોને અને તમારા દોસ્તોને જે નુકસાન ગયું તે ખરેખર નહીં ઉપાય થઇ શકે એવું છે. તેઓ સઘલાઓ જાણે છે કે ચોરોની સંખ્યા ઘણી મોટી છે, અને મેં જે મકાન વાસ્તે કહ્યું તેજ મકાન માત્ર તેઓએ નથી લુટયું પણ બીજા ઘણાએક દરબારના અમીર ઉમરાઓનાં મકાંનો લુટાયાં છે; અને તેઓ સઘળાઓ સારીપેઠે જાણે છે કે તેઓને પકડવાને ઘણીબી તજવીજો થઇ છે, અને હોકમો બાહેર પડ્યા છે પણ પોલીસ તેમાંના એક પણ શખ્સને પકડવાને શક્તીવાન થઇ નથી. તેથી અગરજો જે ચીજો ચોરાઇ છે તે ચીજોની કીંમત તમો તમારા દોસ્તોને આપશો તો મારી ખાતરી છે કે તેઓ કંઇ બોલશે નહીં. તમો ખોદાનો ઉપકાર માનો કે આટલું આપ્યા છતાં તમારી પાસે બીજું ઘણું રેહશે એવી તમારી હાલત છે.

જ્યાંસુધી સહવાર પડી ત્યાંસુધી તેઓ તે લુટાયલા મકાનમાં રહ્યા. તેટલા વખતમાં પેલા ગુલામે પોતાથી બન્યું એટલું કરીને તે મકાનના ભાંગેલા દરવાજા સમાર્યા. સહવાર પડતાંજ તે જે ઘરમાં પોતે રેહતો હતો તે ઘર તરફ ગયો. અને રસ્તે ચાલતાં પોતા પર આવી પડેલી આફતનો વિચાર

કરતો તે બોલવા લાગ્યો કે "અફસોસ! મારા કરતાં ખચીત એબનથાર ઘણો ડાહ્યો; તે પોતાનું ભય પેહેલેથી ચેતી ગયો અને તેને બદલે મેં હાથે કરીને જાણી જોઇને તે ભયમાં માંથુ ખોસ્યું. મારી શું અભાગ લાગી કે આવાં કમનશીબ ને વાંધાભર્યા કામમાં પડયો કે જેમાંથી બચી જવાને બદલે સામો મારો જાન જશે."

જ્યારે સવાર પડી ત્યારે ઝવેરીના મકાનમાં ચાલેલી લુટ અને ભાંજફોડની ખબર આખા શેહેરમાં ફેલાઇ ગઇ અને તેથી ઝવેરીના દોસ્તો તથા ઓલખીતાઓ તેને ગયલાં નુકશાન માટે દીલાસો આપવા માટે તેના મકાનમાં ભેગા મલ્યા. સર્વે જન દીલાસો આપવાને આવ્યા હતા ખરા પણ તેઓની મરજી એ બનાવ કેમ બન્યો તેની પુરતી વીગત મેલવવાની હતી. ઝવેરીએ પોતાના દોસ્તોનો ઉપકાર માન્યો અને જોઇને તે ખુશી થયો કે આટલા બધા મુલાકાત લેવા આવેલામાંથી એકબી સખ્સે શેમસેલનીહાર તથા ઇરાનના શાહાજાદા વિશે એકબી શબ્દ કહાડયો નહીં હતો. આ ઉપરથી ઝવેરીએ ધાર્યું કે કાં તો તેઓ પોતાને મકાને ગયા હશે કાં તો કોઇ સલામત જગાએ નહાસી ગયા હશે.

જ્યારે તે ઝવેરી પોતાનાં મકાનમાં ગયો, કે તેને માટે તુરત ખાણું હાજર કરવામાં આવ્યું. પણ બચારો ઝવેરી એટલો તો દલગીર હતો કે એક બુક પણ ખાઇ શકયો નહીં. જ્યારે બપોર થઇ ત્યારે એક નોકરે આવીને તેને જણાવ્યું કે એક અજાણો માણસ દરવાજા પર આવ્યો છે જે તમને મલવા માંગે છે. આ ઉપરથી ઝવેરી ઉઠયો અને તેને સામો દરવાજામાંજ મલ્યો. પેલો મળવા આવનાર સખ્સ બોલ્યો કે "તમો જોકે મને ઓળખતા નથી તોપણ હું તમને સારી પેઠે પીછાનું છું. અને એક ઘણી અગત્યની બાબદ વિશે તમારી સાથે વાત કરવા માગું છું." આ સખુનો સાંભતાંવાર ઝવેરીએ તે સખ્સને અંદર આવવાની અરજ કીધી. પેલા અજાણા સખ્સે તેને કહ્યું "આ તમારા ઘરમાં નહીં પેલાં બીજા ઘરમાં તમો મારી સાથે આવવાની તસદી લેશો?" આ ઉપરથી ઝવેરી ઘણો અજાયબ થયો અને બોલ્યો કે "તમોએ કેમ જાણ્યું કે આ ઘર શીવાય હજુર બીજું ઘર પણ મારે હસ્તક છે?" પેલાએ જવાબ દીધો કે "મને તે ઘણી અચ્છી રીતે ખબર છે માટે કાંઈબી ધાસ્તી વગર મારી સાથે તમોએ આવવું અને ત્યાં તમોને જે ખબરથી હું વાકેફ કરીશ તેથી તમો ખુશી થયા વગર રેહશોજ નહીં." આ સાંભળી ઝવેરી પેલાની સાથે ગયો અને રસ્તે ચાલતાં તેને જણાર્યું કે મારૂં તે ઘર ગઇ કાલનું ચોરોએ લુટી લીધું છે તેથી ત્યાં હવે કોઇની પરોણાગત કે મુલાકાત થાય એવી હાલતમાં તે રહ્યું નથી.

જ્યારે તેઓ તે મકાન આગલ આવી ઉભા ત્યારે પેલા અજાણા સખ્સે તેના બારણાં ભાગેલાં જોયાં તે ઉપરથી પેલા ઝવેરીને કહ્યું કે "ખરેખર હું જોઉછું કે તમો જે બોલ્યા હતા તે ખરૂંજ છે, ત્યારે તો ચાલો હું તમોને બીજાં મકાનમાં લઇ જાઊં કે જ્યાં આપણે ધીરજથી વાત કરી શકયે." પછી તેઓએ ચાલુ મુકયું અને જ્યાં સુધી સાંજ પડી ત્યાં સુધી વગર થોભવે ચાલ્યાજ કીધા. આટલું લંબાણ ચાલ્યાથી તેમજ રાત નજદીક આવ્યાથી પેલા ઝવેરીના ઘણાં પાકી ગયાં, વલી એક અજાણા માણસના કેહવા પર આ પ્રમાણે ભટકવાથી તેને પોતાની ધીરજ છોડી દીધી અને ફફડવા લાગ્યો પણ તેટલાં તેઓ એક ખોલ્લી જગા ઉપર આવી પુગા કે જ્યાંથી તાઇગ્રીસ નદી તરફ જવાતુ હતું. જ્યારે તેઓ કીનારા પર આવી લાગ્યા ત્યારે એક ન્હાની બોટ જે તે જગોએ તૈયાર હતી તેમાં બેઠા અને સમા કીનારા તરફ ઉતર્યા. ત્યાંથી પેલા અજાણા સખ્સ સાથે એક લાંબા મોહલ્લામાં ચાલ્યા જે રસ્તો પેલા ઝવેરીએ કદીબી જોયલો નહીં હતો. ઘણીક અજાણી ગલીગુચીઓ વતાવીને આખરે એક ઘર આગલ થોભ્યો કે જેનું બારણું ખોલ્લું હતું. તેને પેલા ઝવેરીને અંદર જવા કહ્યું અને પાછલથી એક મજબુત લોખંડના સલ્યાથી તે બારણું પોતે દાખલ થઈને બંધ

કીધું. તે પેલા ઝવેરીને એક ઓરડામાં લઇ ગયો જ્યાં બીજા દસ અજાણ્યા શખ્સો હતા જેઓને પણ પેલો ઝવેરી બીલકુલ ઓલખતો નહીં હતો.

પેલા દસ જણાઓએ ઝવેરીને કાંઇ ઘણો આવકાર આપ્યો નહીં. તેઓએ તેને ફક્ત બેસવ કહ્યું જે ઉપરથી તે બેસી ગયો. ખરેખર બીચારો ઝવેરી ઘણો થાકી ગયો હતો એટલુંજ નહીં પણ આ તદન અજાણ્યા માણસો વચ્ચે તે એકાએક આવી પડ્યો તેથી એટલો તો ધાસ્તી ખાઇ ગયો હતો કે તે ભાયગે ઉભો રહી શકતે. તેઓ પોતાના સરદારની વાર જોતા હતા, જે આવી પુગવાથી તેઓ ખાણું લેવા બેઠા. તે સર્વેએ પોતાના હાથ ધોયા અને પેલા ઝવેરીને પણ ધોવાની ફરજ પાડી. ત્યારપછી તેઓ તેબલ પર તેની સાથે ખાણું ખાવા બેઠા. ખાણું ખાધા પછી તેઓએ ઝવેરીને પુછ્યું કે તેને ખબર છે કે તે કોણુની સાથે વાત કરે છે. ઝવેરીએ કહ્યું, નહીં મને બીલકુલ ખબર નથી કે હું શેહરના ક્યા ભાગ પર છું અને કોણુની સંગતમાં છું. તેઓ બોલ્યા કે "ત્યારે ગઇ કાલે શું શું બનાવ બન્યા તે કંઇબી છુપાવ્યા વગર અમારી આગલ જાહેર કર." આ સવાલ ઉપરથી પેલો ઝવેરી ઘણો અજાયબ થયો અને બોલ્યો કે "સાહેબો, હું ધારૂં છું કે તમો તેથી મારી આગમજના જાણીતા છો." તેઓએ જવાબ આપ્યો કે "ખરી વાત છે, પેલી ઓરત તથા જવાન મરદે અમોને બધી વાતે વાકેફ કીધા છે; પણ તે તમામ બીના તારા પોતાના મોહડાંથી અમારે સાંભળવી છે."

આ ઉપરથી પેલા ઝવેરીની ખાતરી થઇ કે જેઓ સાથે તે હાલ વાત કરે છે તેઓ કોઇ નહીં પણ પેલા લુટારાઓજ છે જેઓએ તેનું મકાન લુટી પાયામાલ કીધું હતું. તેથી તે બોલ્યો કે "સાહેબો અને તે જવાન ઓરત તથા જવાન મરદ વિશે ઘણી ફીકર લાગે છે, માટે મેહરબાની કરીને તમો કહી શકશો કે તેઓ કયાંછે?" આ સાંભળીને તે લુટારાઓએ કહ્યું કે તેઓ તદન સલામત છે. માટે તારે કાંઇબી ધાસ્તી કરવી નહીં. અમોએ તેઓને ઘણી સંભાળમાં રાખ્યા છે અને તેઓને જરાબી ઇજા ન દેતાં સામાં અમારેથી બન્યું એટલી તેઓની મદારત કીધી છે અને અમારામાંથી એકે બી તેમની લાગણીને જરાબી દુઃખ થાય એવું કાંઇ કીધું નથી, તેમજ તનેબી અમો કાંઈ દુઃખ દેવાના નથી તેથી તારે અમારા પર પુરતો વિશ્વાસ મુકવો.

આ શબ્દો સાંભલીને તેમજ શેમસેલનીહાર તથા ઇરાનના શાહજાદાની સલામતી સાંભલી ઝવેરીને ઘણી હીંમત આવી અને આ લુટારાઓથી તેઓના જાનને કસીબી હાણી નહીં પુગી હતી તેથી તે ઘણો ખુશી થયો. તેને તેઓની ઘણી તારીફ કીધી અને તેઓનો હજારો હજાર રીતે ઉપકાર માન્યો. તે બોલ્યો કે દોસ્તો મારે કબુલ કરવું જોઇએ કે હું તમોને બીલકુલ ઓલખતો નથી પણ જોઇને ખુશીછું કે તમો મારેથી અજાણ્યા નથી. તમોએ મારી ઉપર ઘણો ઉપકાર કીધો છે. તમોએ જે ઇનશાન્યતને સોભા આપે એવી ચાલ ચલાવી છે તે ઉપરથી જે છુપી વાત મારી છાતીમાં મેં રાખી છે તે તમારા જેવા બાહદુર, હીંમતવાન અને સ્વતંત્ર માણસોને કેહવાને મને કોઇબી રીતની આંચકી લાગતી નથી. તમારી ઉપર વીશ્વાસ મુકવાને મને હીંમત થાય છે તેનું કારણ જે તમારામાં સારા ગુણો દીપી નીકલ્યા છે તે છે. મારી હકીકત અને જે બે જના તમારા કબજામાં છે તેઓની હકીકત હું તમોને કહુંછું અને જે તમાંમ ખરેખરૂં બન્યું છે તે તમને મોટી ખુશીથી જણાવું છું.

પછી પેલા ઝવેરીએ પેહલેથી છેલ્લે સુધી પોતાની તેમજ શેમસેલનીહાર અને ઇરાનનાં શાહજાદાની કાહણી કહી સંભલાવી અને એકબી બાબદ છોડી ન દેતાં સરૂઆતથી તે તેના ઘરમાં છેલ્લાં શેમસેલનીહાર તથા ઇરાનનો શાહજાદો મલ્યાં ત્યાં સુધીની તમાંમ બીના ઘણી અસરકારક રીતે પેલા લુટારાઓ આગલ કહી સંભલાવી.

પેલા લુટારાઓએ જે સાંભલ્યું તેથી તેઓ ઘણાજ અજાયબ થયા. તેઓએ પુછ્યું, "શું આ

જવાન પેલોજ ઇરાનનો નામીચો શાહજાદો અબુલ હુશેન અલી એબન બેકાર છે? અને આ બાનુ જાણીતી અને અતી ખુબસુરત શેમસેલનીહાર છે?" પેલા ઝવેરીએ જવાબ દીધો કે મેં તદન ખરેખરી અને બીલકુલ સાચી બીના તમોને જણાવી છે. શેમસેલનીહાર તથા ઇરાનના શાહાજાદા જેવાં મોભાદાર આસામીઓ પોતાનો ભેદ તેઓને કદી કહે નહીં પણ મેં તમારા ભલા ખવાસ તરફ નેગાહ કરી તમોને ખરી બીનાથી વાકેફ કરવાને કસ્સી આંચકી ખાધી નથી.

આ ઉપરથી પેલા લુટારાઓ એકએક પછી જઇને ઇરાનનાં શાહાજાદા તથા શેમસેલનીહારના પગપર પડયા ને માફ માંગીને કહ્યું કે અમોએ જ્યારે તે ઝવેરીનું ઘર ફાડયું ત્યારે અમોને બીલકુલ ખબર નહીં હતી કે તમારા જેવા મોભાદાર ને લાયક આસામી ત્યાં હતાં. તેઓએ વલી વધુ એ કહ્યું કે તમો તરફ જે ગુનાહ અમોએ કીધો છે તેનો બદલો વાલી આપવાને તેઓ તૈયાર છે. પછી તેઓએ પેલા ઝવેરીને કહ્યું કે "અમો દલગીર છીએ કે તને જે નુકસાન ગયું છે તે બધુ ભરી આપવાને અમારેથી નહીં બને એવું છે કારણ કે તેનો કેટલોક ભાગ તો અમોએ વેચી નાખ્યો પણ જે રૂપાંની રકાબીઓ વીગેરે કીંમતી સામાન અમારી પાસે બાકી છે તે તારે સ્વાધીન કરવાને અમો તૈયાર છીએ અને બાકીના માટે તું અમોને માફ કરશે એવી આશા રાખ્યે છીએ."

પેલો ઝવેરી લુટારાઓની કબુલાતથી ઘણોજ ખુશ થઇ ગયો અને પોતાના સારાં નશીબ માટે સુકરાના કરવા લાગ્યો. તેઓએ તુરતજ પેલા ઝવેરીનો માલ તેને સ્વાધીન કીધો અને શેમસેલનીહાર તથા ઇરાનના શાહજાદાને જણાવ્યું કે ઝવેરી તમોને ચોકસ જગાએ લઇ જવા માંગે છે ત્યાં જાવો કે જ્યાંથી તમો તમારે મકાને સેહલાઇથી જઇ શકશો; પણ તેઓને રવાના કરવા આગમજ તેઓને સોગંદ લેવા કહ્યા કે તેઓ તે લુટારાઓને પાછલથી હેરાન નહીં કરે. ઇરાનના શાહજાદા, શેમસેલનીહાર તથા ઝવેરીએ તેઓનો સખુન માથે ચહડાવ્યો અને બોલ્યાં કે તેઓ સખ્ત સોગંદ ખાય છે કે આ બાબદથી કોઇને પણ તેઓ જાણીતા કરશે નહીં. આ ઉપરથી તે લુટારાઓ તદન સંતોષ પાંમ્યા અને તેઓની સાથે બાહેર પડ્યા.

તેઓ બાહેર પડ્યા પછી પેલા ઝવેરીને પેલી વિશ્વાસુ દાસી તથા બીજી બે દાસીઓને શેમસેલનીહારની સાથે નહીં જોવાથી ઘણી અજાયબી લાગી તેથી તેને શેમસેલનીહારની આગલ જઈ તેણીને પુછ્યું કે તેની દાસીઓનું શું થયું. તેણીએ જવાબ દીધો કે "મને તેઓ વિશે કાંઇ ખબર નથી કે તેઓનું શું થયું; હું તો એટલુંજ કહુંછું કે આ લુટારાઓ અમોને અત્રે તમારા ઘરમાંથી આ નદી મારફતે આ ઘરમાં લાવ્યા ત્યાંથી અમો તમોને મલ્યાં."

શેમસેલનીહાર અને ઝવેરી વચ્ચે રસ્તામાં કંઈ વધારે વાત થઇ નહીં. તેઓને લટારાઓએ જેમ નદીની બાજુએથી ચલાવ્યાં તેમ ચાલ્યાં કીધાં, અને ત્યાર પછી એક બોટ તૈયાર હતી તેમાં બેસાડી નદીની બીજી બાજુએ તેઓને લઇ ગયા. જે ઘડીએ શાહજાદો, શેમસેલનીહાર, અને ઝવેરી કીનારે ઉતર્યાં ત્યારે તેઓને કોઇ ઘોડે સ્વાર પેહેરેગીરની ટોલકીના પગલાંનો અવાજ સંભલાયો, અને જેવ પેલા લુટારાઓ તેઓને મુકીને થોડે રસ્તે ગયા એટલે તેઓની આગળ આવી ઉભા.

પેલા લુટારાઓએ દુરથી જેવા સ્વારોને જોયા કે પોતાથી બની એટલી ઝડપે તેઓ પાછા પોતાની બોટ હંકાલી ગયા. પેલા ઘોડે સ્વાર ટોલકીનાં સરદારે શાહાજાદાને શેમસેલનીહારને અને ઝવેરીને પુછ્યું કે તમો કોણ છો અને આટલી મોડી રાતે તમો ક્યાંથી આવ્યાં. તે વિશે કંઇ ખરાબ મત બેસે એવી ધાસ્તીથી તેઓથી કાંઇ જવાબ દેવાયો નહીં; પણ છેલ્લે જ્યારે તેઓને જવાબ આપવાની ફરજ પડી ત્યારે પેલો ઝવેરી જેનાં મનમાં કંઇ ઝાઝી ધાસ્તી હતી નહીં તેણે પોતાનું મોહ ઉઘાડી કહ્યું કે સાહેબ હમો આ શેહેરનાં પ્રમાણીક માણસો છીએ, અને જેઓ અમોને હઇ ઉતારી પેલી બાજુએ

ચાલી જાય છે તેઓ સઘળા લુટારાઓ છે કે જેઓ ગઇ રાત્રે અમારૂં ઘર ભાંજી હમોને લુટી લઇ પોતાને ઘેર કેદ લઇ ગયા હતા; જ્યાં તેઓને અમોએ ઘણા મીઠા બોલો બોલી સમજાવ્યા તેથી અમોને છોડી દઈ તેઓ અમોને ત્યાં મુકી ગયા છે. તેઓએ જે કંઇ સઘલું અમારા લોકો પાસેથી લુટી લીધું હતું તેમાંનો થોડો ભાગ અમોને પાછો આપ્યો છે, એમ કહી પેલી રકાબીઓ વીગેરેનું જે બંદલ હતું તે તેણે દેખાડયું.

પેલા સરદારને પેલા ઝવેરીએ જે કંઈ કહ્યું તેથી તેની પુરી ખાતરી નહીં થઇ માટે પોતાના ઘોડાને ઇરાનના શાહાજાદા આગળ લાવ્યો, અને તે બંને જણાં તરફ ટીકીને જોયા પછી કહ્યું કે મને સાચું કેહે કે આ બાનું કોણ છે? તું એને ક્યાંથી ઓળખે અને તું પોતે ક્યાં રહે છે?

આ સવાલથી તેઓ એટલાં તો ઘબરાવાં કે બેમાંથી એકની પણ જવાબ આપવાની પેહેલાં તો છાતી ચાલી નહીં; પણ છેલ્લે શેમસેલનીહારે સઘળાઓને ઘભરાતમાંથી બાહેર કાહાડ્યાં; તે પોતે સરદાર આગળ ગઈ, અને તેને એક બાજુએ લઈ જઇને તે કોણ છે તેથી તેને વાકેફ કીધો. પેલા સરદારે જેવી તેણીની અને શાહજાદાની પદવી જાણી તેવોજ તેને મોટા માન સાથે ઘોડા ઉપરથી ઉતરીને બંને જણાંઓને સેજદો કીધો, અને પોતાનાં માણસોને બે બોટો લાવવાનો હોકમ કીધો.

જ્યારે બોટો આવી પુગી ત્યારે એક બોટમાં શેમસેલનીહારને બેસાડી, અને બીજી બોટમાં ઇરાનનાં શાહજાદા અને ઝવેરીને બેસાડયો. દરએક બોટમાં એક ભોમીયો અને બે હલેસાં મારનારા બેસાડ્યા, અને તેઓને હોકમ કીધો કે એઓ જ્યાં કહે ત્યાં એઓને લઇ જાવો. પેલી બંને બોટોએ જુદો જુદો રસ્તો લીધો; પણ આપણે પેહેલે જે બોટમાં ઇરાનનો શાહજાદો અને ઝવેરી બેઠા તેનું શું થયું તે જોઇએ.

પેલા ભોમીયાને વધારે મેહેનત નહીં પડે માટે પેલા બોટવાલાઓને શાહજાદાએ પોતાનાં ઘેર તરફ ચલાવાનો હોકમ કીધો, પણ પેલો ભોમીયો તો જેમ કહ્યું તેથી ઉલટા ચાલીને કાલીફનાં મેહેલ આગળ ઉભો રહ્યો જેથી શાહજાદો અને ઝવેરી અંદરથી ઘણા ધાસ્તી ખાઇ ગયા તોપણ તેઓએ જાહેરમાં જરા પણ પોતાની ધાસ્તી બતાવી નહીં, પણ હીંમતથી છાતી કાહાડીને બેઠા; કારણ શાહજાદો જાણતો હતો કે હું તો બંને જણાઓને પુરો પડી શકું એવો છું. જોકે શેમસેલનીહારની ગેરહાજરીથી શાહજાદો ઘણો નાહીંમત થયો હતો તોપણ તેનું ખુદરતી જોર અને હીંમત સીંહની માફક હતું, અને લડાઇમાં તેના જેવું જોર થોડા સખ્સોજ રાખતા હતા. તેઓ વિચારવા લાગા કે આ વાતમાં સરદારે દગો કીધો છે, અને તેની મરજી કદાચ અમોને ચોકીદારોને સ્વાધીન કરી સવારના કાલીફ આગળ ઉભા કરવાની હશે.

પણ તેઓનો આ સઘલો વેહેમ ખોટો પડયો, કારણ કે પેલા ભોમીયાની કંઇ તેવી મરજી હતી નહીં. જ્યારે તેઓને ઉતાર્યા ત્યારે સરદારના હોકમ પ્રમાણે કાલીફના પોહોરેગીરોમાંના એક અમલદારને તેઓને સ્વાધીન કીધા, અને કહ્યું કે શાહજાદાને ઘેર પોંહોંચાડવા સારૂં બે સીપાઇઓ આપો. પેલા અમલદારે હોકમને તાબે થઇ જેમ તેને ફરમાવ્યામાં આવ્યું હતું તેમ કીધું. જ્યારે તેઓ ઘર આવ્યા ત્યારે એટલા તો થાકી ગયા હતા કે તેઓથી જરા હીલાતું પણ નહીં હતું.

હવે જ્યારે આ શાહજાદો થાકીને ઘેર આવ્યો ત્યારે તે પોતા ઉપર અને શેમસેલનીહારની ઉપર પડેલી આફતનો, અને ફરીથી તે કોઇ દાહાડે હવે તેણીને જોવા પામશે નહીં તેનો વિચાર કરવા લાગ્યો, અને એટલો તો દલગીર થવા લાગ્યો કે તે પોતાના કોચ પરજ બેસુદ્ધ થઇ ગયો. હવે જ્યારે તેના થોડાએક નોકરો તેને સુદ્ધીમાં લાવવાની કોશેસ કરતા હતા ત્યારે બાકીના નોકરો ઝવેરી આગલ આવ્યા, અને પુછ્યું કે મેહરબાંની કરીને કહે કે અમારા માલેક શાહજાદા ઉપર શું બીના વીતી છે અને તે ક્યાં ગયો હતો. એના ગયાથી અમોને એટલી બધી બેચેની ઉત્પન થઇ હતી કે જેનું બયાન અમો કરી શકતા નથી.

હવે આ પ્રમાણે સઘલાઓ ઝવેરીને કાયર કરવા લાગ્યા ત્યારે ઝવેરીએ કહ્યું કે જે કંઇ બનાવ બન્યો તે ઘણો અચરત સરીખો છે, પણ તે સઘલું હાલ કેહેવાનો વખત નથી માટે તમોએ શાહાજાદા આગલ જઇને તેને જલદી સુદ્ધીમાં લાવવા માટે તમારા લોકથી બનતી મદદ કરવી. સારા નસીબે શાહાજાદો તરત પાછો પોતાની સુદ્ધીમાં આવ્યો, અને જેઓ થોડોવાર અગાઉ ઘણી આતુરતાથી તે ઉપર શું બન્યું તેતું દાસતાન સાંભલવા માગતા હતા તેઓ સઘલા દુર જઇને શેજદો કરી ઘણી નમનતાઇથી નીચે નજર રાખી ખડા રહ્યા.

જોકે શાહાજાદો પાછો પોતાની બરાબર સુદ્ધીમાં આવ્યો હતો તોપણ તે એટલો તો નબલો અને નાતવાન થઇ ગયો હતો કે તે પોતાનું મોહડું ઉઘાડી બોલી શકતો હતો નહીં. તેના સૌથી નજદીકનાં સગાંઓ જ્યારે તેને કાંઇ પુછતાં હતાં ત્યારે તેઓને પણ તે ફક્ત નીશાંનીથીજ જવાબ આપતો હતો. તે એવીને એવીજ હાલતમાં સવાર સુધી રહ્યો. જ્યારે તેની પાસે પેલો ઝવેરી ઘર જવા રજા લેવા આવ્યો ત્યારે તેને પણ માત્ર જરા ડોકી હીલવીને જવાબ આપ્યો, અને તેની તરફ પોતાનો જમનો હાથ ધર્યો; પણ જ્યારે તેના હાથમાં પેલા લોકોએ પાછા આપેલા માલનું બંદલ જોયું ત્યારે પોતાનાં એક નોકરને તે ઊંચકીને તેની સાથે તેના ઘર સુધી ઊંચકી લઇ જવા અસારત કીધી.

પેલો ઝવેરી એક માણસ કે જેને તે મુદ્દલ ઓલખતો હતો નહીં તેની સાથે ગયો હતો તેથી તેના કુટુંબના લોકો ઘણી ફીકરમાં પડ્યાં હતાં, અને તે ક્યારે આવશે એવી સઘલાં વાત જોતાં બેઠાં હતાં; પણ જ્યારે બીજે દાહાડે સવારે પણ તે નહીં આવ્યો ત્યારે સઘલાં કુટુંબના માણસોએ તેની આશા મુકી, અને એવું સમજવા લાગાં કે એની ઉપર કંઇ પણ આફત આવી પડી હશે. તેની બૈરી તેનાં છોકરાંઓ અને તેનાં ચાકરોએ તેને વાસ્તે મોટો ઘભરાત કરી મુક્યો, અને મોટે માટે શોક કરતાં હતાં. પણ જ્યારે તે આવ્યો ત્યારે જેટલી તેઓએ દલગીરી બતાવી હતી તેથી બમની ખુશાલી બતાવવા લાગાં; પણ તોબી એક દાહાડામાં તેના ચેહેરામાં ઘણો ફેરફાર થઇ ગયલો જોઇને તેઓ પણ અજાયબ થયા, અને સમજવા લાગ્યા કે કંઇ પણ આફત પડી છે ખરી. તેણે પોતાને નાતવાન થઇ ગયલો જોયો તેથી તે બે દાહાડાવેર ઘરમાંજ રહ્યો, અને તેટલો વખત પોતાના ઘણા પ્યારા દોસ્તો શીવાય કોઇને આગલ બોલાવતો નહીં હતો.

પણ ત્રીજે દાહાડે જરા પોતાને તંદરોસ્ત થયલો જોઇને તેણે પોતાનું આગલું જોર મેલવવાને માટે બાહેર જરા હવા ખાવા જવાનું દરૂસ્ત ધાર્યું. તે પોતે એક પોતાના ઓલખીતા તવંગર વેપારીની દુકાન ઉપર જઇને બેઠો, અને ત્યાં ઘણો વખત તેની સાથે વાત કીધા પછે તે દુકાન ઉપરથી ઉઠતો હતો તેવામાં કોઇ ઓરતને તેણે અસારત કરતાં જોઇ જેણીને તેણે તરત ઓલખી પાડી કે તે તો શેમસેલનીહારની વીશ્વાસુ દાસી છે. તે ઘણો ખુશી થતો જેમ તેનાથી જલદી ચલાયું તેમ ચાલીને તેણીની તરફ જોયા વગર ઘેર ગયો. તે પેલાની પછવાડે ચાલી ગઇ કારણ કે તે તરત સમજી ગઇ કે આ રસ્તા ઉપરની જગા તેઓને વાત કરવા લાયક નથી, તે હમેશનાં કરતાં જલદી ચાલતો હતો તેથી પેલીથી તેની બરાબર ચાલી શકાયું નહીં માટે તે પેલાને આસ્તેથી હાંક મારીને ધીમે ચાલવા કેહતી હતી. તેણે તેણીનો અવાજ ખુલો સાંભલ્યો, પણ જે કંઇ આગલ સઘલું બન્યું હતું તેથી તેણીની સાથે જાહેરમાં વાત કરવાને તેણે દરૂસ્ત નહીં ધાર્યું, કારણ તે શેમસેલનીહાર સાથે કંઇ વેહેવાર રાખે છે એવો કોઇને વેહેમ આવે માટે તે ઘણો ડરતો હતો. આખા બગદાદ શહેરમાં જણાયલું હતું કે આ દાસી શેમસેલનીહારની છે અને તેણીનું સઘલું કામ તેજ કરે છે. તે મોટે પગલે ચાલીને મસીદ આગલ આવ્યો કે જ્યાં ઘણા થોડા લોકો આવે છે એમ તે જાણતો હતો તેથી ત્યાં ઉભો રહ્યો. તે તેની અંદર ગયો. અને પેલી વીશ્વાસુ દાસી તેની પછવાડે દાખલ થઇ, અને ત્યાં તેઓએ કોઇ સાંભલે નહીં તેમ ઘણો વખત સુધી વાત કીધી.

પેલા ઝવેરી અને વીશ્વાસુ દાસીએ એકમેકને ફરીથી જોયાં તેથી તેઓએ પોતાની ખુશાલી દેખાડી, અને ઘણો વખત સુધી બંને જણાંઓએ જ્યારે પેલા લુટારાઓ કે જેઓએ ઝવેરીનું ઘેર ફાડયું હતું, તે વખતે તેઓનાં સપાતામાંથી બચી કેમ ગયાં હતાં તે વિશે વાત કીધી. પેલા ઝવેરીએ કહ્યું કે તું તથા તારી સાથની પેલી બે દાસીઓ કેમ બચી ગઇ તે વિશે, અને શેમસેલનીહાર જ્યારથી મારી આગલથી ગેઇ ત્યારપછી તેણીને વિશે જે કાંઇ જાણતી હોય તેથી મને વાકેફ કર. પેલીની આતુરતા પણ એટલી તો વધારે હતી કે તેણીએ કહ્યું કે આપણે એકાએક જુદાં પડયાં ત્યારપછી તમારા લોકનું શું બન્યું તે પેહેલે મને કેહ? જ્યારે ઝવેરીએ જોયું કે મારૂં દાસ્તાન પેહેલે કહ્યા વગર છુટકો નથી, ત્યારે તેને સઘલું બયાન તેણીની આગળ કીધું, અને ત્યારપછી બોલ્યો કે તેં જે સઘલું મારી પાસે જાણવા માંગ્યું તે તો હવે મેં તુંને જણાવ્યું તેથી મેહરબાંની કરીને તારી તથા તારી શેઠાણીની વાત મને કેહે.

શેમસેલનીહારની વીશ્વાસુ દાસી બોલી કે જ્યારે મેં પેહેલે પેલા લુટારાઓને જોંયા ત્યારે હું તો એવું સમજી કે તેઓ કાલીફનાં સીપાઇઓ છે, અને કાલીફે શેમસેલનીહારના બાહેર જવાની વાત સાંભલીને પોતાના માણસોને શેમસેલનીહારનો, ઇરાનના શાહજાદાનો, અને આપણો સઘલાંઓનો જાંન લેવા મોકલ્યાં છે. જ્યારે પેલા લુટારાઓને જે ઓરડામાં શેમસેલનીહાર, અને ઇરાનનો શાહાજાદો બેઠેલાં હતાં તે ઓરડામાં દાખલ થતા મેં જોયા ત્યારે એ કાલીફના માણસો હશે એવા વિચારથી હું તારા ઘેર આગલની એક અંધારી ગલીમાં ભરાઇ ગઇ, જ્યાં મારી પછવાડે પેલી બે બીજી દાસીઓ પણ આવી. અમો ત્રણે જણાં ઘણીએક ગલી ગુંચીમાં ભરાતાં ભરાતાં છેલ્લે સરવાલે એક ઘણા ભલા માણસના ઘેર જઇ પુગાં, જે ઘરના લોકોએ અમોને દયા કરી અંદર લીધાં, અને તે રાતતો અમોએ ત્યાંજ કાહડી.

બીજે દાહાડે સવારે તે ઘેરધણી જેણે અમારી સાથે ઘણી સારી ચાલ ચલાવી હતી તેનો તે માટે ઉપકાર માનીને અમો શેમસેલનીહારના મેહેલ તરફ ગયાં, અને હવે પેલાં બે કમનસીબોનું શું થયું હશે તેથી અનજાણું હતાં માટે અમો ઘણાં ઘભરાયલાં અને દુ:ખી થયલાં મેહેલમાં દાખલ થયાં. શેમસેલનીહારની બીજી દાસીઓ અમોને અમારી શેઠાણી વગર આવતી જોઇને ઘણી અચરત થઇ. અમોએ તેઓને કહ્યું કે અમો તેણીને તેણીની એક સહીનાં ઘરમાં મુકી આવ્યાં છીએ અને જ્યારે તેણીની ઘેર આવવાની મરજી થશે ત્યારે તે અમોને ત્યાં બોલાવશે. આ અમારી વાત તેઓએ ખરી માની.

મેં તો આખો દાહાડો ઘણી બેચેનીમાં કાહાડયો, અને જ્યારે ઘણું અંધારૂં થયું ત્યારે એક ન્હાનો છુપો દરવાજો ઉઘાડીને બાહાર આવી, જ્યારે મેં નદી તરફ જોયું ત્યારે એક ન્હાની બોટ ખાહીમાંથી જાણે પાણીના જોરથી ઘસડાઇ જતી હોય એવું મને દેખાયું: મેં તે મછવાવાલાને હાંક મારીને કહ્યું કે નદીની બીજી બાજુએ મછવો ફેરવ, અને અગરજો કોઇ ઓરતને કીનારે જોય તો તેણીને સહી સલામત લઇ આવ.

હું અને પેલી બીજી બે દાસીઓ તે મછવાવાલાના પાછા આવવાની વાત જોતાં અધીરાઇથી ઉભાં રહ્યાં, અને છેલે સરવાલે મધરાતની સુમારે અમોએ એક બોટ પાછી આવતી જોઇ જેની અંદર અમોએ બે માણસોને અને એક ઓરતને સુકાન આગલ બેઠેલાં જોયાં. જ્યારે તે મછવો કીનારે આવ્યો ત્યારે બે માણસોએ તેણીનો હાથ પકડીને પેલી ઓરતને ઉતારી, અને જેવું તેણીનું મોહ મેં જોયુ તેવીજ મેં શેમસેલનીહાર તરીકે તેણીને ઓલખી કાહાડી. તેણીને જોતાં મને કેટલી ખુશાલી ઉપજી હશે તેનું હું બયાન નહીં કરી શકતી. શેમસેલનીહારને બોટમાંથી ઉતારવાને વાસ્તે મેં તરત મારો હાથ આપ્યો ખરેખર તેણીને મારી મદદની જરૂર હતી, કારણ તેણીથી મુદલ ઉભું રેહેવાઇ શકાતું નહીં હતું. જેવી તે ઉતરી તેવીજ તેણીએ મારી આગલ આવી મારા કાનમાં ધીમે અવાજે તેણીના દુ:ખનું સઘલું

બયાન કીધું, અને બોલી કે એક હજાર અશરફીની કોથલી લાવીને આ બે બીચારા સીપાઇઓ જે મારી સાથે આવ્યા છે તેઓને આપ. હું તેણીને પેલા મારી સાથની બે દાસીઓના હાથમાં આપી, અને પેલા સીપાહોને થોડો વખત થોભવા કહી અંદર જઇ હજાર અશરફીની કોથલી લઇ તરત પાછી આવી, અને પેલા બે સીપાઇઓને તે આપીને રવાના કીધા. પેલા ખલાસીને મેં આગલ શેમસેલ-નીહારની શોધ કરવા મોકલ્યો હતો તેને પણ થોડાક પૈસા આપી અમોએ મેહેલનો દરવાજો બંધ કીધો.

ત્યારપછી હું મારી શેઠાણીને તેણીના ઓરડામાં લઇ ગઇ, અને તે ઘણી થાકી ગઇ હતી તેથી અમોએ જલદીથી તેણીના કપડાં કાહાડયાં અને પલંગ ઉપર સુવાડી જ્યાં તેણીએ આખી રાત ઉંઘ વગર બેચેનીમાં કાહાડી.

બીજે દહાડે બીજી સઘલી દાસીઓએ તેણીને જોવાની ખાહેસ બતાવી, પણ મેં તેઓને કહ્યું કે તે ઘણી થાકી ગઇ છે માટે તેણીને પાછું કૌવત આવવાને માટે જરા આસાએસ જોઇએ છે. મેં અને મારી સાથની બીજી બે દાસીઓએ તેણીને અમારેથી બની એટલી મદદ આપી કે તે અમોને જરા ઇસારત કરતી કે દરેક ચીજ લાવીને અમો તુરત હાજર કરતાં હતાં. તેણીએ કંઈ પણ ખાવાને પોતાની મરજી જણાવી નહીં, પણ અમોએ જોર જુલમથી જરા તેણીને ખવાડયું, અને અગરજો જે સરાબ અમોએ તેણીને આપ્યો તેથી તેણીને જરા પાછી શક્તી આવે છે એવું અમુને માલમ નહીં પડયું હતે તો અમોએ તેણીની આશા મુકી હતે. આસ્તે આસ્તે તેણીને ઘણો દીલાસો આપી તેણીની દલગીરી કાહાડી નાખી, અને સેવટે જરા જરા ખાણું આપવાની ખોંહેસ કરવા લાગ્યાં.

જ્યારે મેં જોયું કે તેણીની વગર હરકતે બોલી શકે એવી હાલતમાં આવી છે, કારણ કે પેહેલે તો તે ફક્ત રડ્યા કરતી અને ડચકાં ખાયા કરતી હતી, ત્યારે પેલા લુટારાઓના હાથમાંથી તે કેમ બચી, અને ક્યાં તેણીને કોણે મોકલી તે વિશે હું પુછવા લાગી. તેણીએ એક સરદ હાય મારીને કહ્યું કે મને શું કામ સવાલ કરે છે, પાછું સઘળું મારી દલગીરી તાજી શું કાંમ કરવા પુછે છે? જો પેલા લુટારાઓએ મારી જીંદગી બંચાવ્યા બદલે મને જાનથી બેજાન કીધી હતે તો ઘણું બેહતર થતે; કારણ ત્યારેજ મારી સઘળી કમનસીબીનો છેડો આવતે, બાકી આવાં કંગાલ જીવતરથી તો ઉલટો મારાં દુઃખોમાં બેહદ વધારો થાય છે.

મેં જવાબ આપ્યો કે ઓ બાનું મેં જે તમારી પાસે આ એક અરજ ગુજારી છે તે મને આશા છે કે તમો મને ના નહીં પાડશો. તમો જાણતા નથી કે ઘણું કંગાલ લોકોને પણ પોતાનાં સૌથી મોટાં કમનસીબની વાત કીધાથી ઘણો દેલાસો મળે છે. અગરજો જે હું તમોને પુછુ છું તે મને તમો કહી સંભલાવશો તો મારી ખાતરી છે કે તેથી તમારા દુઃખનો ઘણો ભાગ ઓછો થશે.

"ત્યારે સાંભળ" શેમસેલનીહાર બોલી, "મારી કાહણી એવી છે કે જેવી કાહણી કોઇબી મોહબતના મારેલાં પર કદીબી ગુજરી નહીં હશે. જ્યારે પેલા લુટારાઓ નાંગી તરવાર લઇને અંદર આવ્યા ત્યારે અમોએ વિચાર કીધો કે અમારી જીંદગીનો અંત આવ્યો તેથી મોતની ધાસ્તીને બદલે મને તો ઉલટી ખુસી લાગી, કારણ કે હું જાણતી હતી કે ઇરાનના શાહજાદાની સાથે હું મરશ પણ હું જેમ આશા રાખતી હતી તેમ અમોને મારી નાખ્યાને બદલે બે લુટારાઓને અમારી સંભાળ લેવાનો હોકમ થયો, અને બાકીનાઓ તે ઘરમાં જે સામાન હતો તેના ગાસડા પોટલાઓ બાંધવા મંડી ગયા. જ્યારે તેઓ બાંધી રહ્યા ત્યારે તે સર્વે સામાન પીઠ ઉપર નાખી અમોને સાથે લઇને તેઓ બાહેર ગયા.

"જ્યારે અમો ચાલતાં હતાં ત્યારે જે બે માણસોને અમારી સંભાળ લેવા નેમ્યા હતા તેઓમાંથી એકે મને પુછયું કે હું કોણ છું. મેં જવાબ આપ્યો કે હું નાચનારી રામસગર છું. જ્યારે શાહજાદાને પુછયું કે તું કોણછે, ત્યારે શાહજાદાએ જવાબ દીધોકે હું બગદાદનો એક રેહેવાસી છું.

"અમો જ્યારે પેલા લુટારાઓના મકાન પર આવ્યાં ત્યારે અમારી ઉપર એક બીજી નવી ધાસ્તી આવી પડી. તેઓ સઘળાઓએ અમોને વચમાં ઘેરી મારી તરફ તાંકીને ઘણો વખત સુધી જોયું, અને મારો કીંમતી પોશાક અને જે જર ઝવાહેર મારા બદન પર હતું તેથી મેં મારી પદવી ધાંકી છે એવો તેઓને શક ગયો. તેઓએ કહ્યું કે નાચનારીઓ કંઈ એવાં તારાં જેવાં સુંદર વસ્ત્રો અને ઝવાહેરો નથી પેહેડંતી તેથી તું કોણ છે તે ખરેખરૂં કેહ!

"જ્યારે તેઓએ જોયું કે હું કંઈ તેઓને જવાબ નથી આપતી ત્યારે ઇરાનના શાહજાદાને તેઓએ એક વખત ફરીથી પુછ્યું કે તું કોણ છે તે કહે, કારણ કે તારા દેખાવ ઉપરથી સાફ માલમ પડેછે કે તું બગદાદનો સાધારણ માણસ નથી. તેણે પણ મારી માફક તેનું ખરૂં નામ જાહેર કીધું નહીં, પણ પેલા ઝવેરીનું નામ લઇને કહ્યું કે હું તેને ફક્ત ગમત ખાતર મળવા આવ્યો હતો; જ્યાંથી તમો મને લઈ આવ્યા. પેલા લુટારાઓમાંથી એક લુટારો જે સર્વે ઉપર હાકમી ભોગવતો હોય એવો દીસતો હતો તેણે જવાબ આપ્યો કે હું તે ઝવેરીને ઓળખુ છું તેણે મારી ઉપર આગળ એક ઉપકાર કીધોછે કે જેને માટે તે પોતે જાણતો નથી. તેનું એક બીજું ઘરછે ત્યાંથી કાલે સવારે જઇને હું તેને બોલાવી લાવીશ પણ યાદ રાખજો કે જ્યાંસુધી તે આવીને અમોને કહે કે તમો કોણછો ત્યાં સુધી અમો તમોને છોડીએ એવી આશા ના રાખતાં; પણ તેટલો વખત અમો તમોને કબુલાત આપ્યે છીએ કે તમોને કંઈ પણ ઇજા કરશું નહીં. બીજે દાહાડે તેઓ ઝવેરીને લઈ આવ્યા જેને અમારી ઉપર ઉપકાર કરવાના વિચારથી પેલા લુટારાઓને સઘળું ખરૂં કહી દીધું. તેઓએ તરત આવીને મારી પાસ માફ માંગી, અને હું ધારૂં છું કે ઇરાનના શાહજાદા પાસ પણ માફ માગી કે જેણે તેઓએ એક બીજા ઓરડામાં બંધ કીધો હતો. તેઓએ સોગંદ ખાઈને કહ્યું અગરજો અમો જાણતે કે તે ઝવેરીનું ઘરછે તો કદી તેઓએ તે ઘેર ભાજીયું નહીં હતે. તેઓ તરત મને, શાહજાદાને અને ઝવેરીને નદી કીનારે લઈ ગયા; પણ ત્યાં અમો હજુર તો ઉતર્યાં તેટલામાં ઘોડે સવાર લોકો અમારી આગળ આવી ઉભા.

"તેઓને જોઇ પેલા લુટારાઓ પાછા મછવો હંકાલી ગયા, અને મેં જેવું જમાદાર આગળ જઇને મારૂં નામ કહ્યું અને જણાવ્યું કે ગઇ રાત્રે મને લુટારાઓ પકડી ગયા હતા તેવીજ તેણે મને ઓલખી, અને મારી સાથના બે મરદોને મારે ખાતર છોડી દીધા. તે મને માન આપવાને વાસ્તે તરત ઘોડા ઉપરથી ઉતર્યો અને મને ઉપકારી થયલી જોઇને ઘણો ખુશી થયો. તેણે તરત બે મછવાઓ મંગાવ્યા અને એકમાં મને અને મારી સાથે જે બે સીપાહીઓને તેં જોયા તેઓને બેસાડ્યા, અને બીજી બોટમાં શાહજાદાને અને ઝવેરીને બે સીપાહીઓ સાથે મોકલ્યા; પણ ત્યાર પછી શાહજાદા અને તેના દોસ્તનું શું થયું તે હું નથી જાણતી.

"તેણીએ આંખોમાં આંજુઓ લાવીને કહ્યું કે હું આશા રાખું છું કે અમારા છુટા પડ્યા પછી તેઓને કંઇ પણ ઇજા પુગી નહીં હશે; અને મારી ખાતરી છે કે જેમ હું શાહજાદાની ફીકર કરૂંછુ તેમ શાહજાદો ખચીત મારી પણ કરતો હશે. પેલો ઝવેરી જેના આપણે એટલા ઉપકારી થયાં છીએ અને જેણે આપણે માટે જે ખોટ ખમી છે તેનો બદલો વાળી આપવો જોઇએ. કાલે સવારનાં જ્યારે તું શાહજાદાની ખબર પુછવા જાય ત્યારે હજાર હજાર અશરફીઓની બે કોથલીઓ લેતી જજે, અને તેને મારે નામે આપજે, અને કેહેજે કે મારેથી જેમ બનશે તેમ તારો હું બદલો વાળી આપવાની કોશેશ કરીશ.

જ્યારે મારી ભલી શેઠાણી બોલી રહી ત્યારે મેં કહ્યું કે શાહજાદાનો ખ્યાલ મુકી દો કારણ કે આ પ્યાર મને એવો લાગેછે કે બંને આશક માશુકનો જાન લેશે. ત્યારે તે જોસથી બોલી કે હા હું જાણું છું કે મારો પ્યાર ધાસ્તીની કદી પણ દરકાર કરશે નહીં. જે પ્યાર છ છ મહીનાના રસ્તા ઉપર પોતાના

આશકને શોધવા જાય છે, જે પ્યાર આપણું જાનની ખોહારી કરી નાખે છે, જે પ્યાર નહીં રૂજે એવા ઘા કરે છે, અને ટુંકમાં જે પ્યાર દુન્યાનું બુરૂં યા ભલું કરે છે તે પ્યારનો ઝરો મારા દીલમાં વહે છે. પછી હું બોલી કે બાઇ શાદી કર્યા પછી કોઇની ઉપર નજર લઇ જઇએ તો આપણુ આપણાં ખાવંદના અને ખોદાના ગુનેહગાર થઇએ છીએ. શું તે સાથે વલી તમો આ પ્યારથી કંઇ થોડી ધાસ્તીમાંથી નથી બચી ગયાં? આ ઉપરથી શેમસેલનીહાર ઘણી ગુસ્સે થઇ અને ચીરડાઇને બોલી કે બસ મને જવાબ ના દે, હું તુંને હોકમ કરૂં છું તે તુરત બજા લાવ.

મને તરત મુગું રેહેવાની ફરજ પડી, અને તેણીનો હોકમ બજા લાવવા હું હ્યાં આવી છું. હું તમારા ઘેર આવી હતી પણ તમો તો મને મલ્યા નહીં, અને તમો ક્યાં મલશો તે હું જાણતી હતી નહીં તેથી શાહજાદાને ઘેર જવાનું મન કીધું, પણ તેના ઘરમાં જવાથી કોઇને શક ઉઠે માટે મને ત્યાં જવાની હીંમત આવી નહીં. હું મારી એક સહીને ત્યાં પેલી બે કોથલી મુકી આવી છું, અને અગરજો તમો જરા હ્યાં ઉભા રેહેશો તો હું દોડતી જઇને હમણા તે લઇ આવીશ.

પેલી વીશ્વાસુ દાસી જલદી જઇને પેલા ઝવેરી આગલ તુરતજ બે કોથલી લાવી, અને તેના હાથમાં આપીને કહ્યું કે આ પૈસાથી કરી તારા દોસ્તોનું જે નુકસાન થયું હોય તે વાલી આપ. પેલાં ઝવેરીએ જવાબ આપ્યો કે જેટલા પૈસા ભરી આપવા જોઇએ તેથી તો આ કોથલીમાં ચોગણાં છે, પણ આવી સખાવતે બાહાદુર ખુબસુરત બાનુંના હાથનું કંઇ પણ ભેટ આપેલું કબુલ કરવા માટે હું ના નહીં કહી શકતો. હું તારી પાસે માંગી લઉં છું કે તેણીને મારી તરફથી કહેજે કે તેણીની નેકીની હું જાવેદાન સુધી યાદગારી રાખીશ. પછે પેલા ઝવેરીએ કહ્યું કે જ્યારે તુંને કંઇ મને શમસેલનીહાર વિશે ખબર કેહવી હોય યા કઇ ઇરાનના શાહજાદા વિશેની ખબર સાંભળવી હોય ત્યારે તું હું જે ઘરમાં રહું છું તે ઘરમાં આવજે. એવી ગોઠવણ કરીને તેઓ છુટાં પડ્યાં.

પેલો ઝવેરી ઘણો ખુશી થતો ઘર આવ્યો કારણ કે પોતાના દોસ્તોને આપવા પૈસા મલ્યા એટલુંજ નહીં, પણ જ્યારે તેનું ઘર લુટાયું ત્યારે ઇરાનનો શાહજાદો અને ખુબસુરત શમસેલનીહાર તેના ઘરમાં હતાં એવું કોઇ પણ બગદાદનો રેહેવાસી, તે પોતે અને પેલી ત્રણ દાસીઓ શીવાય, જાણતો હતો નહીં. તે વિચારવા લાગ્યો કે આ ખરૂં છે કે મેં લુટારાઓને તે છુપી વાતથી જાણીતા કીધા છે તોપણ તેઓના સોગંદ ઉપર વીશ્વાસ રાખી શકાય એવું છે. બીજું વલી તેઓ સઘલા દુન્યાના વેહવારથી તદન છુટા પડેલા છે તેથી તેઓ કોઇને કહે એવી ધાસ્તી લાગતીનથી. બીજે દાહાડે જેઓનો સામાન લુટાયો હતો તે દોસ્તોને ઘર તે ગયો, અને તેઓને ઘણી સેહેલાઇથી તેઓનું દામ ચુકવી આપ્યું. બાકીના જે કંઇ પૈસા હતા તેમાંથી થોડાક ગુલામો ખરીદ કીધા અને પેલા બીજાં ઘેરની ચોકી કરવા ત્યાં રાખ્યા. આ પ્રમાણે તે પોતાનું આગલું સઘલું દુ:ખ થોડા વખતમાં ભુલી ગયો, અને બીજે દાહાડે ઇરાનના શાહજાદાના મકાન પર તેની ખબર લેવા ગયો.

શાહજાદાના નોકરોએ પેલા ઝવેરીને કહ્યું કે તું ઘણાં ભાયગશાલી વખતે આવ્યો છે, કારણ કે જ્યારથી તું શાહજાદાને મેલી ગયો છું ત્યારથી તે ઘણો નબલો થઇ ગયો છે, અને વારે ઘડીએ અમો એના જીવની ધાસ્તી રાખ્યે છીએ કારણ કે તે અમારી સાથે એક બોલ નથી બોલ્યો. એમ કહી તેઓએ તેના ઓરડાનું આસ્તેથી બારણું ઉઘાડી તેને અંદર મોકલ્યો. પેલા ઝવેરીએ તેને એટલી તો દુ:ખી હાલતમાં જોયો કે જેથી તેની છાતી ભરાઇ આવી. તે પોતાની આંખો બંધ કરીને બીછાના ઉપર સુતેલો હતો પણ જ્યારે ઝવેરીએ સલામ કીધી, અને હીંમત પકડવા કહ્યું ત્યારે પોતાની આંખ ઉઘાડી અને ઝવેરી તરફ એવો દેખાવ કીધો કે જેથી તેને અંદરખાંનેથી કેટલું વધારે દુ:ખ લાગે છે તે સાફ માલમ પડી આવતું હતું. આ વખત તો તે આગલ જેટલો દુ:ખી હતો તેથી પણ ઘણો

બધારે દેખાવા લાગ્યો. શાહાજાદાએ પોતાની દોસ્તીની પીછાન દેખાડવા માટે ઝવેરીનો હાથ પકડયો, અને ઘણા નબલા અવાજથી કહ્યું કે તું તારા ઘરથી એક તારા ઘણા દુઃખી અને કંગાલ દોસ્તની ખબર લેવા આવ્યો છે માટે હું તારો ઘણો ઉપકાર માનું છું.

ઝવેરીએ જવાબ આપ્યો કે શાહાજાદા હું તારી પાસે માંગી લઉં છું કે મેં જે કંઇ તારી ઉપર ઉપકારો કીધા હોય તે વિશે તું મુદલ બોલ ના. મેં જે તમારી ચાકરી કરવાની તજવીજ કીધી તેના વધારે સારા પરીણામો નીપજતે તો હું ઘણો ખુશી થતે; પણ હમણા તો ચાલો તમારી તંદ- રોસતીનીજ વાત કરીએ. હું તુંને જે હાલતમાં જોઉં છું તેથી મને માલમ પડે છે કે તું બરાબર ખોરાક નહીં લઇ તારા જીવને ખાલીપીલી દુઃખી કરે છે.

શાહાજાદાના નોકરો આ સારી તક છે એવું સમજીને બોલી ઉઠયા કે સાહેબ અમો જ્યારે ઘણી બોંહોંસ કરયે છીએ અને વારે ઘડીએ કાયર કરયે છીએ ત્યારે માત્ર એક જરા રતી ખોરાક મોહોડાં ઉપર મુકે છે અને હમણા પણ ઘણો વખત થયો ખાધું નથી. ઝવેરીએ આ સાંભળીને પોતે પણ ઘણી બોંહોંસ કીધી, અને શાહાજાદાના ચાકરો પાસે અસારતથી ખાણું મંગાવ્યું, અને ઘણાં જોર જુલમથી જરા ખવરાવ્યું.

જ્યારે શાહાજાદાએ ઝવેરીની બોંહોંશથી કરી બે ત્રણ દહાડા થયા ખાધું હતું નહીં તેથી વધારે ખાધા પછે પોતાના નોકરોને ઓરડાની બાહેર જવાનો હોકમ કીધો કે જેથી તે ઝવેરી સાથે બરાબર વાત કરી શકે. જ્યારે ઓરડો ખાલી થયો ત્યારે શાહાજાદો બોલ્યો જે એક તો મારા પ્યારના દુઃખ- થી બેચેન છું, અને વલી તેં મારે વાસ્તે કેટલું બધું નુકશાન ખમ્યું હશે તે હું જાણવા ઘણો ઇન- તેજાર છું, અને મને ઘટે છે કે હમણા તારૂં જે નુકસાન થયું હોય તે ભરી આપવું જોઇએ. પણ હું તારી ખોટ ભરી આપું તેની અગાઉ તારી પાસે હજારો માફ માંગીને પુછું છું કે શેમસેલનીહાર સાથેથી જ્યારનો હું મારા કમનસીબથી છુટો પડયો ત્યારથી તેણીને વિશેની જે કંઇ હકીકત સાંભલી હોય તે મેહેરબાની કરીને મને કહે.

જ્યારે શાહાજાદાને મોહોડેથી ઝવેરીએ આવા બોલો સાંભલ્યા ત્યારે પેલી વીશ્વાસુ દાસીએ જે કંઇ શેમસેલનીહારની ઉપર મેહેલમાં આવ્યા પછી બન્યું હતું તે શાહાજાદાને કહી સંભલાવ્યું, અને તેણીના મેહેલમાં ગયા પછી જે તેણીની તંદરોસ્તીનો બગાડો થયો હતો તેમાં જરા ફેર પડયો ત્યારે તેણીએ શાહાજાદાની કેમ ખબર લેવા મોકલી તે કહી સંભલાવ્યું.

આવા જવાબથી શાહાજાદો દચકાં ખાવા, અને આંસુઓ પાડવા લાગ્યો. તેણે ઉઠવાની તજ- વીજ કીધી અને પોતાના નોકરોને બોલાવીને તે પોતાના સામાનના ઓરડામાં ગયો, અને ત્યાંથી ઘણોક કીંમતી સામાન બંધાવીને પોતાના ગુલામોને હોકમ કીધો કે જલદી ઝવેરીને ત્યાં લઇ જાય.

ઝવેરીએ ઘણુંબી ના કહ્યું પણ શાહાજાદાએ માન્યું નહીં; અને જો કે તેણે કહ્યું કે જેટલું મેં મારૂં ખોહ્યું હતું તેથી ચોગણું શેમસેલનીહારે મને આપ્યું છે તોબી તેનું કંઇ માન્યું નહીં, અને તરત સામાન ઉંચકાવીને તેને ઘેર મોકલાવી દીધો. ઝવેરીનું કંઇ ચાલ્યું નહીં ત્યારે પોતાથી બન્યો તેટલો ઉપકાર માન્યો, અને બોલ્યો કે ઓ સખી શાહાજાદા તારી મેહરબાનીથી હું ગુંગલાઇ ગયો છું; તારી આવી નેકીની ઉપર પોતાનો જીવ કોણ નહીં આપે? કોણ આવા ફલો મેલવવાને પોતાથી બનતી કોશેસ નહીં કરે? એમ કહીને શાહાજાદાથી ઘર જવા માટે રજા માંગી, પણ તેણે ત્યાં રેહેવા કહ્યું, અને અરધી રાત વાત કરવામાં અને હવે પછી શેમસેલનીહારને મલવાને કેવા ઉપાયો કરવા તેના વિચારમાં તેઓએ કાહાડી.

જ્યારે સવાર પડી ત્યારે ઝવેરી શાહાજાદા આગલ ગયો જેણે તેને પોતાની પાસે બેસાડયો. તેણે કહ્યું કે તું જાણે છે કે સઘલી ચીજોનો કોઇ દહાડે અંત આવશે, અને એક આશકને જે ચીજ

તે ચાહાતો હોય તેને ગમે તેવીબી હરખતો નડે તેની દરકાર કરયા વગર તે ચીજને મેળવવી જોઇએ. અગર જો તે એક વખત આશા છોડી દે તો તેને જીવવું ના દરૂસ્ત છે. મારૂં નસીબ આવું સખ્ત છે; તને સારીપેઠે ખબર છે કે જ્યારે બે વખત તેણીની હું મુલાકાત લેવાને શકતીવાન થયો અને મારાં દીલની વાત મારી પ્યારીને કેહવાના અંત ઉપર આવ્યો હતો તેવામાં બેઉ વખત હું ઘણા ધાટકીપણાથી છુટો પડયો, અને બંને વખત મારી આશા તદન ભંગ થઇ ગઇ. હવે મારે વાસ્તે તો મોત વગર કંઇ બાકી નથી રહ્યું. હું હમણાસુધી તો મરી પણ ગયો હતે, પણ આપણું પવીત્ર પુસ્તક આવો આપધાત કરવા ના પાડે છે. પણ મારી તો ખાતરી છે કે હું ઝાઝોવાર જીવવાનો નથી. મારા કલેજામાં એક કીરો પેદા થયો છે, જે મારા બદનને ઇજા પોહોંચાડયા વગર મારૂં અંદરનું દીલ ખાઇ જાય છે, જેથી તે થોડા દહાડામાં મારી ખાતરી છે કે મારો જાન લેશે. એમ કહીને તે મુગો રહ્યો, કારણ આંસુઓ અને દચકાંઓથી તે વધારે બોલી શકયો નહીં.

પેલો ઝવેરી શાહજાદાને દીલાસો આપવાને માટે શેમસેલનીહારની યાદ આપ્યા કરતો હતો, અને તેઓ વળી પાછા જલદી મળશે એવું કહીને તેને આશા આપતો અને ખુસી કરતો હતો. તેણે હમણા કહ્યું કે શેમસેલનીહારની દાસી તેને ઘેર કોણ જાણે આવી ગઈ હશે અથવા કંઈ ખબર લઈ આવશે માટે મને જલદી જવું જોઇએ. શાહાજાદાએ કહ્યું કે હું તુંને જવા દઉછું પણ તને કાલાવાલા કરીને કહુછું કે તું તેણીની ખાતરી કરવા કેહજે કે હું મરશ ત્યાંવેર તેણીને મારી છેલ્લી ઘડી સુધી ચાહાવશ અને તેણીને વિશેનો મારો પ્યાર ઘોરમાં પણ લઈ જઇશ.

પેલો ઝવેરી ઘેર જઈ શેમસેલનીહારની વીશ્વાસુ દાસીની વાત જોતો બેઠો જે થોડો વખત રહીને ઘણીજ ગમમાં ગીરફતાર રડતી રડતી આવી. પેલો ઝવેરી ઘણો બીહીધો તેથી પુછયું કે શું બીનાછે?

તેણીએ જવાબ આપ્યો કે શેમસેલનીહારનું, ઇરાનના શાહાજાદાનું, મારૂં અને તારૂં થોડા વખતમાં સત્યાનાસ થશે, કારણ કે તેણીએ કહ્યું કે આ ભયંકર ખબર હું કહુંછું તે કાન ધરીને સાંભળ, જે મને મેહેલમાં જતાં ખબર પડીછે તે નીચે પ્રમાણે છે:—

શેમસેલનીહારની પેલી જે બે દાસીઓ મારી સાથે હું લાવી હતી તેમાંની એકને કંઈ વાંકને વાસ્તે ફટકાવી હશે, તેથી પેલી દાસીનો માર ખાધાથી મીજાજ ફરી ગયો તેથી તરંત નાસી ગઈ, અને દરવાજો ઉઘાડો હતો તેથી બાહેર જતી રહી. અમો સઘળાં ધારયે છીએ કે નામદાર કાલીફના પોહોરેગીરના આસરા તળે તે ભરાઈ બેઠી છે તેથી તેને તેણીએ સઘળું કહી દીધું હશે.

આજ આફત નથી, જે બીજી દાસી તેણીની સાથે હતી તે પણ નાસી જઈને કાલીફના મેહેલમાં ભરાઈ બેઠી છે; જેથી અમોને ધાસ્તી છે કે તેણીએ પણ સઘળું ફુકી મારયું હશે; કારણ કે જ્યારે હું અહીં આવી ત્યારે કાલીફે શેમસેલનીહારને પોતાના મેહેલમાં બોલાવવા માટે ગુલામો મોકલ્યા હતા. આ તુંને કેહેવા આવવાને મને હમણાંજ માહ મુશકેલીએ તક મળી, ત્યાં શું બન્યું હશે તે હું જાણુતી નથી, તોપણ હું ધારૂં છું કે કંઇબી ખરાબ નહીં બન્યું હોય. તું પણ યાદ રાખજે કે આ છુપી વાત કોઇને કેહેવી નહીં, અને જેમ તેનો તારાથી ઉપાય થાય તેમ કરવો.

વળી પેલી વીશ્વાસુ દાસીએ ઝવેરીને કહ્યું કે તું જલદી શાહાજાદા આગળ જા, અને આ સઘળી બીનાથી તેને વાકેફ કર જેથી આફત આવે તેને વાસ્તે તે બચાવ તૈયાર કરી રાખે અને આપણી નેક સુચનાને વલગી રેહે. ઝવેરીનો જવાબબી સાંભળ્યા વગર તે પાછી જલદીથી જતી રહી.

ખરેખર જે સાંભળ્યું તે ઉપરથી ઝવેરી એટલો ધબરાતમાં પડયો કે તે આગલો પાછલો વિચાર શું કરી શકે? તે કેટલોએક વાર સુધીતો કંઈબી વિચાર કર્યા વગર ધબરાઇને સ્તબ્ધ થઇ ઉભો રહ્યો, ગોયા તેને એક સખ્ત ફટકો પડયો હોય ને તે બેફામ થયો હોય તેમ ઉભો, તોપણ પાછો

જલદી હુશીયારીમાં આવી પોતે કેવી હાલતમાં છે તેનો વિચાર કીધો, અને કાંઈ પણ વખત ખોયા વગર આ બનાવનો હેવાલ આપવાને માટે તે શાહજાદાને મકાને ગયો. તે શાહાજાદા આગળ એવો તો ધભરાતમાં ગયો કે જેથી તેને તરત માલમ પડયું કે તે ઘણી ખરાબ ખબર લાવ્યો છે. તે બોલ્યો કે શાહજાદા હીંમત અને સબુરીનું તારા દીલ ઉપર બખતર પેહર, અને તને હમણા જે એક બુરી ખબર કહું છું તે સાંભળવાને તૈયાર થા.

શાહજાદાએ જવાબ દીધો કે "શું બીનાં છે તેથી મને જલદી વાકેફ કર અને વસવસામાં ના રાખ, અગરજો અગત હશે તો હું મરવાને પણ તૈયાર છું." ઝવેરીએ આ બોલો સાંભલીને જે કંઈ પેલી વીશ્વાસુ દાસીએ તેને કહ્યું હતું તે સઘળી બીનાથી તેને વાકેફ કીધો, અને પછે કહ્યું કે તું જોયછે કે તારો નાસ નહીં અટકાઈ શકાય તેવો છે; માટે નાહસી જઇને તારો જલદી બચાવ કર, કારણ કે જે પળ જાય છે તે ઘણીજ કીમતી છે, વખત ઘણોજ બારીક છે. તને કાલીફ આગળ જવુંજ નહીં જોઇએ, કારણ કે તે તુંને પોતાનાં હડહડતા દુસમનની માફક ગણશે અને તુંને દુ:ખી કરી પછી તારો જીવ લેશે.

આ શબ્દો શાહજાદાએ સાંભળ્યા ત્યારે તે દલગીરીથી, દુ:ખથી, અને ધાસ્તીથી મરી જવાની તૈયારી ઉપર આવ્યો હતો; તોપણ જે ભય ભરેલી હાલતમાં હતો તે યાદ કરી તે પાછો હુશીયાર થયો, અને ઝવેરીને કહ્યું કે આવા બારીક વખતમાં તું શું સલાહ આપે છે? ઝવેરીએ કહ્યું કે ઉપાય કંઈ નથી રહ્યા પણ પવન સાથે વાત કરે એવો ઘોડો લઇને સવાર પડે તેની અગાઉ નાહાસીને 'અનબાર' તરફ પુગવું જોઇએ. જેટલાની તુંને અગસ લાગતી હોય તેટલા નોકરો અને ઘોડાઓ લે, અને મને પણ તારી સાથે નાસી આવવા દે.

શાહાજાદાએ એથી વધારે સારો બીજો કંઈ ઉપાય જોયો નહીં તેથી તરત પોતાનાં ઘરનાં માણસોને પોતાની મુસાફરીને વાસ્તે ઘણો ન્હાનો રીસાલો તૈયાર કરવા હોકમ કીધો જેથી રસ્તામાં જલદી જવાને કંઈ હરકત નહીં પડે. તેણે પોતા પાસે ઘણા પૈસા તથા ઝવેર લીધું; અને પોતાની પ્યારી માની રજા લઈ પોતાનાં પસંદ કીધેલા થોડા ચાકર લઇ મુસાફરીએ નીકળ્યો.

તેઓએ તે આખો દાહાડો અને બીજી એક આખી રાત કોઇ પણ જગાએ ઉભા રહ્યા વગર મુસાફરી કીધી, અને સેવટે જ્યારે પોહોર ફાટવાને બે ત્રણ કલાક બાકી હતા ત્યારે તેઓ તથા તેઓના ઘોડાઓ ઘણા થાકી ગયા હતા માટે જરા થાક લેવાને તેઓ ઉભા રહ્યા.

તેઓ હજુર તો પુરેપુરો દમ પણ ખાઇ રહ્યા નહીં એટલામાં એક મોટી ચોરની તુકડીએ આવીને તેઓને ઘેરી લઇ તેઓ ઉપર હુમલો કીધો. તેઓએ ઘણોએક વખત સુધી તો હીંમતથી બચાવ કીધો અને ચોરોની સામે થયા. પણ સેવટે શાહજાદાના સઘલા નોકરો મારયા ગયા, અને ચોરોની સંખ્યા જે ઘણી હતી તેથી શાહજાદા અને ઝવેરીને તાબે થયા વગર છુટક રહ્યો નહીં. પેલા ચોરોએ તેઓને જીવતદાન બક્ષયું ખરૂં; પણ તેઓનાં સઘલા ઘોડાઓ, અને સામાન તેઓ લઇ ગયા એટલુંજ નહીં પણ તેઓને નાગ્ન કરી તેઓનાં દીલ ઉપરનો પોશાક પણ લઇ ગયા.

જ્યારે પેલા ચોરો તેઓની આગલથી દુર ગયા ત્યારે શાહજાદાએ ઝવેરીને કહ્યું કે તું આપણી હાલત અને આપણા નસીબાનો શું ખ્યાલ બાંધે છે? શું હું મારા મોતની રાહ જોતો બગદાદમાંજ રહ્યો હતે તો વધારે સારૂં નહીં કેહેવાતે? ઝવેરીએ જવાબ દીધો કે શાહજાદા જે આપણા નસીબમાં લખેલું હોય તેજ બને છે. અગરજો ખોદાની મરજી છે કે આપણાં દુ:ખની ઉપર દામ મુકવો તો તેની સામે બડબડાત કરવો નહીં જોઇએ, પણ તેની તરફથી જે સારૂં કે માંઠું થાય તે ઉપર સોકર કરી ગણીમત કરવું જોઇએ. આપણને ત્યાં ઉભુ રેહેવું નહીં જોઇએ, પણ કંઇ ઉપાય શોધવો જોઇએ કે જેથી કદાચ આપણી આ કમનશીબીમાંથી છુટકારો પામ્યે.

પણ શાહજાદાએ બુમ પાડી કે બસ મને તું છોડી જા, મને હાં મરવા દે, કદાચ આપણે હાં હમણા વાત કરયે છીએ તેટલામાં શેમસેલનીહાર કોણ જાણે ત્યાં મરી પણ ગઇ હશે, અને તેણીના મરણ પામ્યા પછી મારૂં જીવવું શું પ્રમાણ? સેવટે ઝવેરીએ ઘણા કાળાવાળાથી તેને સમજાવ્યો, અને તેને સાથે લઇને ઘણો આગલ ચાલ્યો; ત્યારે એક મસીદ આવી જે ઊઘાડી હતી, તેની અંદર તેઓ દાખલ થયા, અને બાકીની રાત ત્યાં કાહાડી.

સવારના પોહોરમાં એક માણુસ મસીદમાં આવ્યો, અને જ્યારે તે બંદગી કરીને પાછો ફરતો હતો ત્યારે ઝવેરીને અને શાહજાદાને ત્યાં એક ખુણામાં બેઠેલા તેણે જોયા. તે તેઓની આગલ ગયો, અને ઘણી નમનતાઇથી સલામ કરી તેણે પુછ્યું કે મને દીશે છે કે તમો આ જગાથી અજાના માણુસો છો. ઝવેરીએ જવાબ દીધો કે હા તમો કહો છો તે ખરૂં છે; અમો બગદાદથી આવતા હતા તેટલામાં અમોને રસ્તામાં ચોરો મલ્યા તેઓએ અમોને સઘલા લુટી લીધા, તેથી તમો જોવો છો તેમ અમો આસરાને માટે હાં બેઠા છીએ, કારણ કે અમો અત્રે કોઇને પણ ઓલખતા નથી. પેલા ગ્રહસ્થે જવાબ દીધો કે અગરજો તમો મારે ઘેર આવો તો હું તમોને મારેથી બનતી મદદ કરવાને તૈયાર છું.

આવા મેહરબાની ભરેલા બોલો સાંભલીને ઝવેરીએ શાહજાદા તરફ ફરીને કાનમાં કહ્યું કે સાહેબ આ માણુસ જેને તું જોય છે તે આપણને ઓલખતો નથી માટે કોઇ ઓલખીનો આવી જાય તેની અગાઉ આપણે આ ભલો માણુસ જે કહે છે તે કબુલ કરવું જોઇએ, કારણ બીજો આપણો કંઇ ઉપાય નથી. શાહજાદાએ જવાબ આપ્યો કે તારે ગમે તેમ કર, કારણ કે તારી સલાહ પ્રમાણે ચલાવાને હું રાજી છું.

પેલા શખ્સે જ્યારે ઝવેરી અને શાહજાદાને મસલત કરતા જોયા ત્યારે પોતે વિચારવા લાગ્યો કે મારૂં નોતરૂં કબુલ કરવાને તેઓ આનાકાની કરે છે એવું સમજીને નરમ અવાજે કહ્યું કે ભાઇઓ તમારી શું મરજી છે? ઝવેરીએ કહ્યું કે ચાલો સાહેબ તમારી સાથે આવવાને અમો તૈયાર છીએ પણ અમોને હરખત એટલી છે કે અમો ઘણાંખરા તમામ નગ્ન અંગ છીએ તેથી તેવે હાલે સાથે આવવાને ઘણાં શરમાઇએ છીએ. ખોદાનાં હોકમથી તે શખ્સનાં હાથમાં તેઓનું દીલ ઢંકાય તેટલું મોટું કપડું હતું તે ઓઢીને તેઓ તેનાં ઘેર તરફ ચાલ્યા. જેવા તેઓ ઘેર પુગા તેવોજ પેલો ગ્રહસ્થ તેઓને વાસ્તે એકકી ઘણા સુંદર કપડાંની જોર લાવ્યો. તેણે જાણયું કે તેઓ ભુખા હશે માટે ગુલામો પાસે તેઓને વાસ્તે ઘણા ન્યામત ખાણાંની રકાબીઓ મોકલી. પણ તેઓએ તો ઘણું થોડુંજ ખાધું, કારણ કે શાહજાદાએ તો તે ખાણાંને આંગલી પણ નહીં લગાડી, અને તે એટલો તો નારીપાયસ અને નબલો થઇ ગયો હતો કે ઝવેરીને તેના જાણની ધાસ્તી લાગવા લાગી.

તેઓના મેજવાનને આખા દીવસમાં તેઓની ઘણી વાર મુલાકાત લીધી અને સાંજનાં તેઓને તે સારી જગા ઉપર સુવાડી ગયો કારણ કે તેને જોયું કે તેઓને આશાયસની અતીઘણી જરૂર હતી. પણ પેલા ઝવેરીને તેને પાછો તુરતજ તેડવાની ફરજ પડી કારણ કે તેને લાગ્યું કે ઇરાનનો શાહજાદો મોતને કાંઠે આવી લાગો હતો, અને તેની સારવાર કરવા માટે ઝવેરી એકલો પડી જવાથી મેજવાનની મદદની તેને જરૂર પડી હતી. તેને જોયું તો શાહજાદો ઘણોજ નબલો પડી ગયો હતો, તે એટલો જલદી થંડો પડતો ગયો કે તે થોડી પળ પણ કાહડે તો તે નવાઇ સમજવા લાગો. તે શાહજાદાની નજદીક ગયો ત્યારે ઘણાજ ધીમા દબાતા અવાજથી શાહજાદો બોલ્યો કે તું જોય છે તેમ આ મારી છેલ્લી ઘડી છે. જે પળ ગુજરે છે તે મારાં મોતને વધારે નજદીક લાવે છે. પણ મને એટલો સંતોષ છે કે મારી છેલ્લી ઘડીએ તું મારી નજદીક હાજર છે. હું મારી જીંદગી ખુશીથી ખતમ કરૂં છું; તેનું કારણ તને કેહવાની જરૂર નથી કારણ કે તને બધું ખબર છે. મને જે ફક્ત દલગીરી લાગો છે તે એટલાજ માટે કે હું મારી પ્યારી માદરનાં હાથમાં મારો છેલ્લો દમ પુરો કરતો નથી.

મારી પ્યારી માદરે મારી ઉપર જે અગણીત ઉપકારો કીધા છે અને જે અસાધરણ મેહરબાનીનો વરસાદ વસાવ્યો છે તેનો સેજસાજ બદલો મેં ફક્ત તેણીની તાબેદારી કરીને વાળી આપ્યો છે. મારી માદર મારા મોતથી અતીઘણી દુ:ખી થશે એટલુજ નહીં પણ મારી છેલીવાર ધંકાતી આંખ તેણીને જોઇ શકી નથી તેમજ મને તેણીના પ્યારા હાથે મીટ્ટી સાથ મેળાવ્યો નહીં તેથી અતીશ્ય કકલશે અને મને યાદ કરી તે પોતાની નાજુક છાતી ફાડી નાખશે. મારા દોસ્ત હું તને અરજ કરૂં છું કે તું તેણીને દીલાસો દઇ કેહેજે કે તારો બેટો પણ તારે માટે મરતી વખતે ઘણો દલગીર થયો હતો, અને મારી તરફથી તેણીને કેહેજે કે મારા રવાનને બગદાદ લાવી મારી ઘોર તેણીના આંસું-ઓથી તાજી રાખે અને તેણીની ભલી દુવાઓથી મારા રવાનનો છુટકારો કરાવે." તે જે મકાનમાં પડેલો હતો તે મકાનનાં ધણીને પણ ભુલ્યો નહીં. તેને તેનો ઘણો ઉપકાર માન્યો કે જે સખી દીલથી આવા વખતમાં આસરો આપ્યો હતો તે ઘણો ઉદાર આસરો હતો. વળી તેને અરજ કીધી કે તેના રવાનને તેના મકાનમાં રેહવા દેવું કારણ કે તેની માદર પોતાના નોકરો સાથે આવી તેને છેલ્લી આરામગાહે પોંહચાડશે. આ પછી ગરીબ બીચારો શાહજાદો બોલતો હંમેશ સુધી બંધ થયો. તે આ ફાની દુનીઆની કુચ કરી ગયો.

શાહજાદાના મરણ પછી બીજેજ દીવસે એક વંજાર જે બગદાદ જતી હતી તેનો લાભ લઈ ઝવેરી બગદાદ તરફ પાછો કુચ કરી ગયો અને તેઓ સાથે મુસાફરી કરતો સહીસલામત બગદાદ પુગો. તે તુરતજ પોતાને ઘર ગયો અને કપડાં બદલી ઝડફમાં ઇરાનનાં શાહજાદાને મકાને ગયો, જ્યાં તેને શાહજાદા વગર એકલો પાછો આવેલો જોઈ સર્વે ઘણાંજ ધભરાતમાં પડ્યાં. તેનૈ શાહજાદાના નોકરોને કહ્યું કે શાહજાદાની માદરને બોલાવી લાવવી, કારણ કે તે તેણીની સાથે વાત કરવા માંગેછે. તુરત ઝવેરીને એક દીવાનખાનામાં લઈ જવામાં આવ્યો, જ્યાં શાહજાદાની માદર થોડીક સ્ત્રીઓની વચમાં બેઠેલી હતી. તેણીને જોતાંને ઝવેરીએ એવાતો દલગીરી ભર્યા ચેહરાથી બોલવા માંડ્યું કે તેઓએ તુરતજ ધાર્યું કે તે કાંઈ બુરી ખબર લાવ્યો છે. ઝવેરી બોલ્યો "ઓ નામદાર શાહજાદી, ખોદા તમોને સલામત રાખે અને તે તમારી ઉપર પોતાનો સાહયો રાખે. તમોને માલમ તો છે કે દરેક ફાની આદમી માટે મોત તો સરજેલુંજ છે."

આટલાજ સખુનો સાંભળી તે દુ:ખી બાનું એક સરદ હાય મારીને બોલી કે "ઓ! તું મારા પ્યારા બેટાના મોતના સમાચાર કહેવા આવ્યો છે કે?" પછી એવી મોટી બુમો ને ચીસો તેણીની દુ:ખની મારી પાડવા લાગી કે ગોયા ધરતી ધ્રુજી રહી. તેણીને જોઇ આસપાસની બીજી સ્ત્રીઓ પણ છાતી ફાડતું રૂદન કરવા લાગી. આથી ઝવેરી જે હજુર સુધી હીંમત રાખી ખામોસ હતો તે પણ બેધડક ફેકેફેક રડવા લાગ્યો. આવી રડાકુત ઘણો વખત ચાલી, તેથી ઝવેરી પોતાનો ગમ ભરેલો સંધેસો કહી શક્યો નહીં; પણ સેવટે તે રડાકુત થોડી નરમ પડી ત્યારે ઝવેરીએ પોતાની તથા શાહજાદાની હકીકત પેહલેથી છેલ્લે સુધી કહી સંભળાવી. તે દુ:ખ ભરી હકીકત પુરી થઈ ત્યારે શાહજાદાની માદરે પુછ્યું કે મરતી વખતે મારા બેટાએ કાંઈ તેને વિશે ખાસ કહ્યું હતું? ઝવેરીએ જવાબ આપ્યો કે "મરતી વખતે તે પોતાની પ્યારી માદર તથા ચાહતાં સગાંવાહલાં ને દોસ્ત આસનાથી દુર પડયો તેથી તે ઘણો દલગીર થયો હતો અને એવી મરજી જણાવી હતી કે તેના રવાનને બગદાદ લાવીને દફન કરવું." આ ઉપરથી શાહજાદાની માદર બીજે દીને તુરતજ પોતા સાથે પુશ્કળ ગોલામો તથા બીજી ઓરતોને લઇ શાહજાદો જે જગા ઉપર મરણ પામ્યો હતો તે તરફ કુચ કરી ગઈ.

જ્યારે શાહજાદાની માદર આ મુજબ કુચ કરી ગઈ ત્યારે પેલો ઝવેરી, જેને રાતના શાહજાદાના મેહલમાંજ રાખ્યો હતો, તે ઘણોજ દલગીરી ભર્યો પોતાના મકાન તરફ ચાલ્યો. તે શાહજાદાના મર-

ણુથી એટલો તો શોકમાં ગરક હતો કે તે ક્યાં જાય છે તેનો પણ તેને વિચાર નહીં હતો. તે બોલવા લાગો કે એક બાહોસ ખુબસુરત અને લાયક શાહજાદો આવી રીતે પોતાની જવાનીના ખીલતા બાહરમા પવીત્ર મોહબતનાં મારાથી કચદાઈ જઈ, આ જેહાનથી હંમેશ સુધી જુદો પડે અને પોતાની હજારો લાયક ઉમેદથી ખાલી અને નાસીપાસ થઈ મરણ પાંમે એ કાંઈ જેવો તેવો ગજબ નહીં કેહવાય. આવા ગંભીર વિચારમાં ને વિચારમાં તે ચાલતો હતો તેવામાં એકાએક તેની સામે એક ઓરત આવી ઉભી અને તેને ચોભાવ્યો. તેને પોતાની આંખ ઊંચી કીધી તો તે ઓરતને શેમસેલનેહારની વીશ્વાસુ દાસી તરીકે ઓલખી. તેણીએ શોકનાં કપડાં પેહડેલાં હતાં ને તેની આંખ આંસુથી ભરપુર હતી. આ દેખાવ જોઇ ઝવેરીની દલગીરી બેવડી ઉભરી આવી; પણ પોતાની જબાં ખોલવા વગર તે ગુપચુપ પોતાના ઘર તરફ ચાલવા લાગો અને પેલી વીશ્વાસુ દાસી તેની પાછલ ગઇ ને તેની સાથેજ ઘરમાં દાખલ થઇ.

તેઓ બેઠાં પછી ઝવેરીએ જબાન ખોલી અને એક સરદ હાય મારી કહ્યું કે અત્યારસુધીમાંતો તેણીને ઇરાનના શાહજાદાના મરણની ખબર પડી હશે અને તેજ તેણીની દલગીરીનું તથા આંસુઓનું કારણ હશે. તેણીએ જવાબ દીધો કે "અફસોસ! મારી દલગીરીનું તે કારણ નથી. પણ શું ઇરાનનો નેક શાહજાદો મરણ પામ્યો? ખરેખર તે પોતાની પ્યારી માશુક શેમસેલનીહારથી છુટો રહી શકયો નહીં. ઓ સુખી રવાનો." તેણીએ પેલા મરણ પાંમેલાં નેક આશક માશુકો વિશે ઇશારો કીધો, "તમો જ્યાંબી હોવો ત્યાં અદેખાઇ કરવાજોગ હાલતમાં છો કારણ કે હવે કોઇનીબી હરકત કે ધાસ્તી વગર તમો એક બીજાંને ચાહી શકશો. આ દુન્યામાં તો તમારી જીંદગીમાં તમો તમારી ઈચ્છા બર લાવી શકયા નહીં પણ બેહસ્તમાં તમોને કોઇ હરકત કરી શકશે નહીં અને તમો એક બીજા સાથ સેહલથી જોડાઇ શકશો."

પેલો ઝવેરી જે હજુર સુધી શેમસેલનીહારના મરણથી બીન વાકેફ હતો તેને જ્યારે પેલી વીશ્વાસુ દાસીને મોહડેથી તે દુ:ખભર્યાં સમાચાર સાંભલ્યા ત્યારે તે વધારે ગમમાં ગીરફતાર થયો. તે એક હાય મારી બોલી ઉઠયો કે "શું શેમસેલનીહારબી મરણ પાંમી? શું તે બગદાદની સૌથી સરસ ખુબસુરતી આ જેહાનથી કુચ કરી ગઇ?" પેલી વીશ્વાસુ દાસીએ આ સવાલ સાંભલી નવા ગમના જોસ્સાથી પોતાની આંખોમાંથી આંસુઓનો વરસાદ વરસાવ્યો અને બોલી "અફસોસ! હા, એ ખરી વાત છે, અને તેટલા માટેજ મેં શોકનો ઝભો મારા આંગપર ઓલવ્યો છે. જે સંજોગમાં તેણીનું મરણ નીપજ્યું છે તે સંજોગ ઘણો અજાયબ જેવો છે અને તે સર્વે બીનાથી તને વાકેફ કરૂં છું; પણ તે પેહલાં હું તને અરજ કરૂં છું કે શાહજાદાનું મરણ કેમ નીપજ્યું તેની સર્વે હકીકત તું મને પેહેલેથી છેલ્લે સુધી કહી સંભલાવ કે તે સાંભલી જેમ હું મારી પ્યારી ને ભલી શેઠાણી શેમસેલનીહારના મરણનો ગમ કરૂં છું તેમાં એ ભલા શાહજાદાનોબી ગમ ભેલીને મારી જીંદગીના છેડા સુધી તેઓ માટે જારી કરૂં."

પેલા ઝવેરીએ તે વીશ્વાસુ દાસીને શાહજાદાને લગતી તમામ બીના કહી સંભલાવી. તેમાં તેને છેલ્લી મુલાકાત તે દાસી સાથે કીધી હતી તે વખત પછી જે જે બન્યું તે છેક શાહજાદાની માદર પોતાના પ્યારા પુત્રની લાસ લઇ આવવા માટે બગદાદ છોડી ગઇ ત્યાં સુધીની સર્વે હકીકત કહી સંભલાવી. તે સાંભલી પેલી દાસીએ પોતાની હકીકત કેહવા માંડી. તે બોલી મેં તને છેલ્લે જણાવ્યું હતું તેમ કાલીફે શેમસેલનીહારને પોતાના ખાસ મેહલમાં બોલાવી હતી. અમોએ ધાર્યું હતું તેજ ખરૂં પડયું અને ખરેખર કાલીફને શેમસેલનીહાર તથા શાહજાદા વચ્ચે થયલી મુલાકાતની ખબર પડી હતી. પેલી ગોલામડીઓ જેઓને જુદી જુદી ઉલટપાલટ તપાસી હતી તેઓએ સર્વે ભરમ ખોલ્લો કરી દીધો હતો. તું ધારતો હશે કે આ ઉપરથી કાલીફને પોતાની માણીતી ઉપર અતી ઘણો ગુસ્સો ઉપજ્યો હશે અને તેથી તેની ઉપર તથા ઇરાનના શાહજાદા ઉપર તે વેર લેવાને તલપ્યો હશે પણ નહીં તેમ હતું નહીં. તેને એક ઘડીબી પોતાના હરીફ વિશે એવો ખ્યાલ કીધો નહીં. તેને ફક્ત શેમસેલનીહારની દયા ખાધી

એટલુંજ નહીં પણ જે થયું તે માટે તે પોતે ઘણોજ દલગીર થયો અને ઉલટું શેમસેલનીહારને તેને તમામ જાતનું છુટાપણું બક્ષયું પેહલેથી કે છેલ્લે સુધી કાલીફે જે નરમાસ ભરી ચાલ તેણીની સાથે ચલાવી તે ખચીત અજાયબ જેવી હતી અને તે નીચે મુજબ હતી:

કાલીફે શેમસેલનીહારની ખુલ્લી મુલાકાત લીધી. તેને તેણીના ચેહરાપર ખોલ્લે ખુલ્લો ગમ જોયો પણ તે ગમથી તેની ખુબસુરતીને જરાબી અલવલ આવેલી ન હતી કારણ કે તેણી કાંઇબી ધારતી કે અજાયબી વગર ત્યાં હાજર થઇ હતી. હંમેસના માયાળુ અવાજે કાલીફે કહ્યું કે શેમસેલનીહાર હું ઘણો દલગીર છું કે તું આટલી દલગીર ચેહરે મારી સનમુખ ખડી રહી છે, તેથી તેને જે દુ:ખ થાય છે તે હું ખમી શકતો નથી. તને બરાબર ખબર છે કે હું તને કેટલો ચાહવું છું અને તે મારા ખરા પ્યારની સાબેતી મેં ઘણીવાર તને આપેલી છે. હજુર હું કાંઇ મારો પ્યાર ફેરવતો નથી અને આ ઘડી પણ તને હું અતીઘણા પ્યારથી ચાહું છું. તારા થોડા ઘણા દુશમનો છે અને તેઓ વારેઘડીએ મારા કાનપર તારે વિશે તરેહવાર વાતો લાવે છે પણ તેઓ મારા મન પર રજ ભારબી અસર કરી શકતા નથી. તેટલા માટે તારા દીલમાંથી તમામ દલગીરીભર્યા વિચારોને હાંકી કાહડ અને આજે સાંજે મારી મુલાકાત માટે તારો મેહલ આરાસ્તે કર અને તારેથી જેટલી બને તેટલી તજવીજ કરી એક અચ્છો દીલખુશ મેલાવડો કર." પછી બીજી ઘણી નરમ અને મોહબત ભરી વાતચીત કરી તે પોતાના દેવાનખાનાની પાસેના એક દબદબા ભર્યા દેવાનખાનામાં તેણીને લઇ ગયો અને પોતે પાછો ફરે ત્યાં સુધી તેને ત્યાં બેસવા ફરમાવી ગયો.

ગરીબ બીચારી શેમસેલનેહારે જ્યારે કાલીફથી તરફ થપકા કે ગુસ્સાને બદલે આટલી મમતા, મેહરબાની અને પ્યાર જોયો ત્યારે પોતે દલગીરીથી એટલી તો સ્તબ્ધ થઇ ગઈ કે તે પુરો પાધરો દમ પણ લઈ શકી. કાલીફના આટલા બધા પ્યાર અને ઉપકાર છતાં નહીં તે તેને ચાહી શક્તી કે નહીં તે પોતાના પ્યારા આશક ઇરાનના શાહજાદાને હંમેશ સુધી મલી શક્તી. આ વિચારજ તેણીને મારી નાખવાને બસ હતો.

થોડો દમ ખાઇ પેલી વિશ્વાસુ દાસીએ પોતાની હકીકત નીચે મુજબ આગળ ચલાવી "કાલીફની અને લનીહારની આ મુલાકાતની હકીકત મેં બીજી દાસીઓ જે ત્યાં હાજર હતી તેઓથી સાંભલી હતી તે તને કેહવા માટે આવી હતી; હું ધભરાતમાં જે મુલાકાતને આપણો નાશ કરનારી ગણુતી હતી તે મુલાકાતતો ઉપર મુજબની હતી. હું જેવી તારી પાસથી પાછી ગઈ તેવીજ શેમસેલનેહાર જે દીવાનખાનમાં હતી ત્યાં ગઈ અને જ્યારે તેણીએ જાણ્યું કે હું તારી આગળથી આવી છું ત્યારે તે અધીરાઇથી શું બન્યું તેણીએ જાણવા મને પોતાની આગળ બોલાવી. તેણીએ કોઈ નહીં સાંભળે એવા ધીમા અવાજથી મારા કાનમાં કહ્યું કે "હું તારી ઘણી ઉપકારી છું કારણ કે તેં મારી ઘણી નીમકહલાલીથી સેવા બજાવી છે. અને હવે તે સેવાનો અંત આવ્યો છે. આજનો દીવસ છેલ્લોજ છે." આ ફક્ત તેના છેલ્લા સખુનો હતા અને હું તે જે જગા પર હતી તે જગા પર એકબી દીલાસાનો હરૂફ તેને કહી શકી નહીં કારણ કે તેમ કરવું ઘણું ધારતી ભરેલું હતું.

સાંજના કાલીફ સેમસેલનેહારના મેહલમાં દાખલ થયો કે વાજીત્રોના આવાજથી દીવાનખાનું ગાજી રહ્યું અને એક ઘણું ઉમદા ખાણું રજુ કરવામાં આવ્યું. કાલીફે શેમસેરનેહારનો હાથ પકડી તેને પોતાની પાસે સોફા ઉપર બેસાડી. તેણીને આ બનાવથી એટલું તો દુ:ખ લાગું અને તેણીની લાગણી એટલીતો જખમી થઈ કે તે બીચારીએ તુરતજ પોતાનો પ્યારો પ્રાણ કીરતારને સ્વાધીન કીધો. જેવો કાલીફ તેણીને સોફા પર બેસાડી રહ્યો કે તુરતજ તે ધલી પડી. કાલીફ સમજ્યો કે તે ફક્ત બેસુદ્ધ થઇ ગઈ હશે અને તેથી તેને ખ્યાલબી નહીં આવ્યો કે શેમસેલનેહાર મરી ગઈ છે.

અમોએ અમારેથી બનતી મદદ તુરત કીધી પણ જ્યાં તનમાં જાનજ નહીં ત્યાં ઇનસાન શું કરી શકે? ફરીથી નેક સેમસેલનેહારે કદી એક દમબી ખેંચ્યો નહીં. આ મુજબ અમો ઉપર મોટામાં મોટો ગજબ આવી પડયો અને અમોએ એક ઘણીજ નેક અને માયાળું શેઠાણી ખોહી.

કાલીફે તેણી પર આસું વરસાવી તેને છેલ્લું માન આપ્યું અને તે પોતાનો ગમ છુપાવી ન શકવાથી ધસાંધસ રડવા લાગ્યો. દીવાનખાનું છોડવા આગમજ તેને હોકમ કીધો કે ત્યાંના તમામ વાજીત્રોનો તુરતજ નાશ કરી નાખવો જે તેના હોકમને એક પળમાં અમલમાં લાવવામાં આવ્યો. હું તેણીના રવાન આગળ આખી રાત સુધી રહી અને તેને નહવાડીને દફન માટે સર્વે તૈયારી કરી રાખી અને તે તમામ રાત મારા આસુંથી તેના રવાનને ભીજવ્યું. બીજી સવારે તેણીએ પોતે પસંદ કરેલી જગા ઉપર અગમજથી પોતા માટે જે દબદબા ભરેલી ઘોર બંધાવી રાખી હતી તેમાં કાલીફના હોકમથી તેણીની લાસને દફનાવવામાં આવી અને જ્યારે તું કહે છે કે ઇરાનના શાહજાદાની લાસને પણ બગદાદ લાવવામાં આવનાર છે ત્યારે તો હું ઠેરાવ કરૂંછું તેજ ઘોરમાં શાહજાદાને પોતાની પ્યારી ને વફાદાર માશુકની ગોદમાંજ દફનાવશું.

ઝવેરી શેમસેલનીહારની દાસીનો ઉપર મુજબનો ઠરાવ સાંભલી ઘણો અજાયબ થયો ને બોલ્યો કે "તું એટલું યાદ નથી રાખતી કે કાલીફ કેમ એમ થવા દેશે?" દાસીએ જવાબ આપ્યો કે એ તુને નહીં બને એવું લાગેછે પણ જ્યારે તું જાણુશે કે શેમસેલનીહારના મરણ પછી તેની સર્વે ગુલામડીઓ તેમજ ગુલામોને કાલીફે છુટાપણું આપ્યું છે અને તેઓ પોતાનું આબરૂથી ગુજરાન કરી શકે એટલું નાણું બક્ષેસ આપ્યુંછે, વળી તે ઉપરાંત મને કાલીફે શેમસેલનીહારની ઘોરની રખેવાલ નેમીછે અને મારા ગુજરાન માટે સારો બંદોબસ્ત કીધોછે. તે સાથે મેં તને કહ્યું તેમ ઇરાનના શાહજાદા અને શેમસેલનીહાર વચ્ચેના પવીત્ર પ્યારથી તે કાંઇ ગુસ્સે થયો નહીં હતો તેમજ તેઓને અદેખાઇથી હેરાન કરવાને પણ રાજી નહીં હતો. આનો ઝવેરી કાંઇ જવાબ આપી શકયો નહીં, પણ તેણીને એટલીજ અરજ કીધી કે તેને શેમસેલનીહારની ઘોર આગલ લઇ જવો કે જ્યાં તે ઘોર ઉપર તે નીમાજ પઢે ને તેણીના ભલા આશીરવાદ મેલવે. જ્યારે તે ઝવેરી ઘોર આગલ આવ્યો ત્યારે તે ઘોરની આસપાસ બગદાદનાં સર્વે ભાગ તરફથી આવેલું ઓરત મરદોનું એટલું તો મોટું તોલું એકઠું થયલું તેને જોયું કે તે ઘોર નજદીક જઇ શકયો નહીં. જ્યારે ઘોર નજદીક નહીં જઇ શકયો ત્યારે તેને દુરથી તે ઘોરને નમશકાર કીધો અને નીમાજ પઢયો. જ્યારે તે પઢી રહ્યો ત્યારે તે બોલ્યો કે "હું ધારૂં છું કે તું જે કરવા માંગે છે તે સેહલાઇથી કરી શકશે; ફક્ત આ પવીત્ર આશક માશુક માટે આપણે જે ખરી બીનાં જાણુએ છીએ તેથી સર્વેને વાકેફ કરવા જોઇએ કારણ કે આ આશક માશુકો જેઓ જોકે જુદે જુદે ઠેકાણે મરણ પાંમ્યાં છે પણ અજાયબ જેવું તો એ છે જે તેઓ ઘણા ખરાં એકજ વખતે આ જેહાંનથી ગુજરી ગયાં છે!" હજુર તો ઇરાનના શાહજાદાની લાસ બગદાદ આવી પુગે તે આગમચ તો આખી પ્રજા એકમત થઇ કે શેમસેલનેહાર અને ઇરાંની શાહજાદો મરણ પાંમ્યાં પછી જુદા દફન થવા નહીં જોઇએ અને તેઓએ ઘોર મધે સાથેજ આસાયસ લેવી જોઇએ. આ ગોઠવણ અમલમાં આવી અને જે દીવસે ઇરાનના શાહજાદાની લાસ બગદાદ આવી પુગવાની હતી તે દીવસે અસાધારણ મોટી સંખ્યામાં બગદાદની તમાંમ વસ્તી વીસ માઇલ સુધી શાહજાદાની લાસને એસતેકબાલ લેવા ગઇ.

પેલી વીશ્વાસુ દાસી શહેરના દરવાજા આગલ તૈયાર ઉભી હતી, જ્યારે ઇરાનના શાહજાદાની લાસ સાથ તેની માદર ત્યાં આવી પુગી ત્યારે બગદાદની તમામ વસ્તીને નામે અરજ કીધી કે આ બે પવીત્ર આશક માશુક કે જેઓનાં દીલ એક હતા તેઓનાં બદન પણ એકજ જગોએ આરામગાહમાં રેહવાં જોઇએ. આ અરજને તે દુ:ખી બાનુંએ કબુલ કીધી અને શાહજાદાની લાસને શેમસેલનીહારની ઘોર

આગલ બાહરેબાહરથી લઇ જવામાં આવી જેની સાથે અતી ઘણી મોટી સંખ્યામાં દરેક જાત અને પદવીનાં લોકો માન ખાતર પગે ચાલતાં ગયાં અને મોટા માન સાથે શાહજાદાની લાસને શેમસેલનેહારની પાસેજ દફન કીધી. આ વખતથી બગદાદના તમામ મુસલમાનોજ નહીં પણ દુન્યાના સઘલા ભાગ પરના મુસલમાનો આ પવીત્ર આશક માશુકની ઘોર ઉપર નીમાજ પઢવા આવે છે અને તેને પવીત્ર ગણી માન આપે છે.

આ દલગીરીભરી વાર્તા પુરી કીધા પછી **સુલતાના શેહરાઝાદી**એ હીંદના સુલતાને કહ્યું કે "ઓ નામદાર મોટા શાહનશાહ! હવે ખુબસુરત શેમસેલનેહાર તથા ઇરાનના શાહજાદા અબુલહુશેન અલી એબન બેકારની વાર્તા તમો નામદાર આગળ મેં પુરેપુરી કહી સંભાળાવી છે અને હું આશા રાખું છું કે મારી આગલી બધી વાર્તાઓ સાથે આ પણ તમોને ઘણી પસંદ પડી હશે."

જ્યારે **દીનારઝાદી**એ જોયું કે તેની બેહને તે વાર્તા પુરી કીધી ત્યારે તેણીએ આવી સરસ વાર્તા કહી સંભાલી તે માટે તેનો ખરાં જીગરથી ઉપકાર માન્યો. **શેહરાઝાદી**એ જવાબ આપ્યો કે "જો નામદાર સુલતાન શેહરયાર મને હજુરબી જીવતી રાખવાની મરજી દેખાડે તો તે **શાહજાદા કરમ-અલ-જમાન**ની ઘણી જાણવાજોગ હકીકત હું કહી સંભાળાવું જે શેમસેલનેહારની વાર્તા કરતાં પણ ઘણી સરસ છે." એટલું બોલી તેણીની મુંગી રહી; આ ઉપરથી **સુલતાન શેહરયાર** પણ તેણીને મારી નાખવાનો હોકમ આપ્યા વગર મુંગોજ રહ્યો કારણ કે બીજી નવી વાર્તા શું હશે તે જાણવાની તેને ખુદરતી જીગ્નાસા થઈ તેથી બીજી રાત સુધી થોભવાને તેને દરૂસ્ત ધાર્યું. બીજી રાત્રે શેહરાઝાદીએ નીચે મુજબ વાર્તા સરૂ કીધીઃ—

ખાલીદાનના શાહજાદા કમર–અલ–જમાન અને ચીનની શાહજાદી બદુરાની વાર્તા.

ઓ નામદાર હીંદના સુલતાન! ઇરાનનો કીનારો છોડ્યા પછી વીશ દીવસની મંજલે ખુલ્લા દર્‍યાવમા જે ટાપુઓ નજર આવે છે તેને ખાલીદાનના બાળકોનાં ટાપુઓ કરી કેહવામાં આવે છે. આ ટાપુઓ ઘણાક પ્રગણાઓમાં વેંહેંચાઇ ગયલાં છે તેમાંનાં ઘણાંક ટાપુઓ મોટાં ફલદ્રુપ અને ભરપુર વસ્તીવાલાં હતાં અને તે સર્વે મલી એક મજબુત રાજ્ય ગણાતું હતું. તેનો આગલો પાદશાહ શાહજમાન નામે થઇ ગયો હતો, જેને ત્યાંની રસમ મુજબ ચાર બાયડીઓ હતી જે દરેક મોટા રાજાઓની બેટીઓ હતી; તે સીવાય બીજી સાહઠ માશુકો હતી.

શાહજમાન પોતાને દુન્યામાં ઘણો સુખી પાદશાહ ગણતો હતો, કારણ કે તેના રાજ્યમાં સલાહ સંપજ સાથે સારો ઉદ્યોગ ચાલતો હતો. પણ ફક્ત તેને એકજ જાતનો સંતાપ હતો. તે ઉમરે ઘણો પુગ્યા છતાં તેને પેટે એક પણ ફરજંદની વૃધી થઇ નહીં હતી, તો જો કે તેને આટલી બધી બાયડીઓ હતી! આનો ઉપાય તેને કાંઈ સુજ પડતો નહીં હતો. તે હંમેશ પોતાની ખુશીની ઘડીમાં એજ અફસોસ કરતો હતો કે આવાં મોટા રાજ તાજનો તે માલેક હોવા છતાં પોતાની પાછલ એકબી લાયક વારસ મુકી જવા વગર ચાલી જશે. ઘણો વખત સુધીતો આ આફત માટે તે મનમાં ને મનમાં મુંજાયા કીધો અને બાહેરથી પોતે ખુશી હોય એવો દેખાવ આપ્યા કીધો. પણ સેવટે તેને પોતાની ચુપકીદી તોડી અને એક દિવસે પોતાના વડા વજીર સાથની ખાંનગી મસલતમાં તેને પોતાનો ઉભરો ઘણા અસરકારક શબ્દોમાં કાહડયો અને આ કમનસીબીનો કાંઈબી ઉપાય તેને ખબર હોય તો તે કરવા કહ્યું.

તે બુજોરગ વજીરે જવાબ આપ્યો કે જો તમો જેહાંપનાંહે કોઇ સાધારણ અને ઇનશાનથી બનતી ચીજ વિશે મારી સલાહ લીધી હતે તો તે વિશે હું તુરત ઉપાય બતાવતે પણ આ તમારો સવાલ, મારે કબુલ કરવું જોઇએ કે, મારાં સર્વે જ્ઞાન અને અનુભવ છતાં પણ મારેથી ફડચો થાય એવો નથી. આવા બનાવ માટે તો ફક્ત તમોએ ખોદાનીજ મદદ માંગવી જોઇએ. અને ફક્ત તેજ પાખ દાદગર તમારી દાદ લઇ શકે. આપણા જાવેજલાલ વખતમાં આપણે ઘણી વંખત તેને વીસરી જઇએ છીએ, તેથી તે કોઇ વખને આપણી ઇચ્છા પુરણ કરતાં અટકે છે અને **પોતાની** યાદ ધરવાની આપણને ફરજ પાડે છે કે **તેની યાદ કરવીજ જોઇએ. તેની** શક્તીની પીછાન જો આપણ કરવાને જરાબી ચુક્યા તો તે પોતાની શક્તીનો મહીમાં એવો તો ગજાવે છે કે **તેના** હાથ સીવાય કોઇબી બાબદ બનતી નથી એમ બંદાને કબુલ કર્યા વગર છુટક રેહતો નથી. તમો આપણી પ્રજામાંથી એવા ઘણા માણસોને પીછાનતા હશે કે જેઓ તે પાક દાદરની યાદમાં હંમેસ મશગુલ રહે છે અને પોતાના બદનને ગમે એવી સખતી પડે છે તોપણ તેઓ તેની યાદથી હાથ ઉઠાવતા નથી. તેવા ખોદાના વલીઓને તમારી બંદગી ભેગી પોતાની બંદગી ગુજારવાને અને તમારી મુશકેલ આશાન થાય તથા તમારી ઇચ્છા પુરણ થાય એવી અરજ ગુજારી કરવાને ફરમાવો અને તેઓને તે માટે તમો નામદાર સારી રીતે બક્ષેશ કરો કે તમારી મુરાદ તુરત તે પાખ દાદાર બર લાવશે. કદાચ આટલા બધા ખોદાના બંદામાંથી કોઇ એવો પાક અને અશો માણુસ નીકલી આવશે કે જેની અરજ તે દાદાર કબુલ કર્યા વગર રેહેશે નહીં."

શાહજમાને પોતાના વડા વજીરની સલાહ માની અને એવી સારી સલાહ આપવા માટે તેને તેનો ઘણો ઉપકાર માન્યો. તેને દરવેશો તથા બીજા બંદગી કરનારા શખ્સોને છુટે હાથે બક્ષેસ કરવાનો હોકમ કીધો; તેવા દરવેશોના મુખીઓને તેને બોલાવ્યા અને તેઓના હાથ નીચેના બીજા દરવેશોને તેની ઇચ્છા બર આવે માટે બંદગી કરવાને અરજ ગુજારવા કહ્યું.

આ મુજબ સર્વે તરફથી બંદગી થવાથી શાહે જમાનની મુરાદ તે બારેતાલા તરફથી બર આવી, તેની એક મોહરદારને હમેલ રહ્યા અને નવ માસે શાહેજમાનને ત્યાં એક વારસ બેટાનો જનમ થયો. પોતાની મુરાદ બર આવવાથી તેને પેલા દરવેશોને તથા બંદગીખોર આલમને પોતાનાં નામ અને દમામને છાજતી બક્ષેસો છુટે હાથે કીધી. શાહજાદાના જણુમ માટે તેને પાયતખ્ત શેહરમાં એક અઠવાડયું ખુશાલીમાં ગુજારવાને ફરમાવ્યું એટલુજ નહીં પણ પોતાનાં બોહલાં રાજ્યમાં પણ ફરમાવ્યું. ન્હાના શાહજાદાને જણુમ પછી તુરતજ શાહજમાન આગલ લાવવામાં આવ્યો જેની ખુબસુરતીથી તે એટલો તો ખુશી થઇ ગયો કે તેનું નામ **કમર-અલ-જમાન** યાને 'જમાને માહતાબ' કરીને રાખ્યું.

શાહજાદા કમર–અલ–જમાનને ઘણીજ સંભાલથી ઉછેરવામાં આવ્યો અને તે સાથે ઘણીજ સરસ કેલવણી આપવામાં આવી તેમજ જ્યારે તે ઉમરમાં આવ્યો ત્યારે તેની સંભાલ માટે એક રખેવાલ અને એક શીક્ષક રાખવામાં આવ્યો. આ બંને શખ્સો પોતાની કાબેલ્યત માટે ઘણા વખનાયલા હતા એટલુંજ નહીં પણ શાહજાદા જેવા ચેલાને પુરતા બરના હતા. તેઓ તરફથી મલતી સર્વે તરબીયત શાહજાદો પણ ઘણી ચંચલાઇથી ઊચકી લેતો હતો ને એક શાહજાદાને છાજતો તે દેખાવ આપતો હતો. જેમ જેમ તે ઉમરમાં વધતો હતો તેમ તે દરેક બાબદમાં ઘણી હુશીયારી દેખાડતો હતો એટલુંજ નહીં પણ દરેક વાતે તે બાહોસ ગણાતો હતો, તેમજ તે મેહરબાંની દેખાડવામાં અને સત્તા ચલાવવામાં પોતાનાં પીતાનો છાપ આપતો હતો.

જ્યારે શાહજાદો પંદર વરસની ઉમરે પુગો ત્યારે શાહે જમાન જે તેને ઘણોજ ચાહતો હતો તેને

તેની હોસ્યારીની દીનપર દીન વધારે ને વધારે ખાતરી થતી જવાથી અને તેના સારા સ્વભાવના તેમજ ચંચલાઇના પુરાવા મલતા ગયાથી પોતાની બુજોર્ગ વય તરફ ધ્યાન પુગાડી પોતાના તખ્ત ઉપર પોતાની હૈયાતીમાંજ તેને પોતાના વારસને બેસાડવાનો વિચાર કીધો. આ પોતાનો વિચાર તેને પોતાના વડા વજીરને જણાવ્યો અને બોલ્યો કે મારો શાહજાદો જે ખુદરતી ઘણો હુશીયાર અને ચંચલ છે તેમજ મેં તેને આપેલી ઉમદા કેળવણીથી તે જે હુશીયારી ધરાવે છે પણ હું ધાસ્તી રાખું છું કે જવાનીની મોજથી તે બધું ખોહી દેશે. મારી પણ હવે ઘણી ઉમર ગુજરી છે અને બુઢાપાનો શેકાર હું થઇ ચુકો છું અને પેલી જેહાનમાં જવા માટે તૈયારી કરી ચુકો છું તેથી મેં ઠરાવ કીધો છે કે મારી હૈયાતીમાંજ મારૂં રાજપાટ મારા કમર-અલ-જમાનને સ્વાધીન કરૂં અને મારી બાકી રહેલી જીંદગી આસાયશમાં ગુજારૂં અને તે કેમ રાજ કરે છે તે જોઈ સંતોષ પામું. મેં લાંબો વખત સુધી રાજની જંજાલ ખેંચી છે તેથી હવે મને આસાયશની ખચીત જરૂર છે.

વડા વજીરે જોયું કે સુલતાનના વિચારોને મળતા થવામાં કાંઇ ફાયદો નથી તોપણ તેને રાજી રાખવા સારૂં તેના વિચારો સાથ ગોયા તે મલતો આવતો હોય એવો બાહરથી દેખાવ કરી તે દાનાવ વજીર બોલ્યો કે નામદાર સુલતાન તમારો વિચાર વાજબી છે; પણ એ વિચાર જો હજુર થોડા વરસ રહીને અમલમાં આવે તો ખચીત ઘણો ફાયદો થાય. શાહજાદો હાલ ઘણોજ જવાન છે અને મારા વિચાર મુજબ જો આટલી જવાન વયમાં તેની ઉપર આ બોહલા ને જોરાવર રાજ્યની જંજાલ આવી પડશે તો તે તેની ઉપર ઘણો મોટો બોજો થઈ પડશે. તમો નામદાર ફીકર કરો છો કે મબાદા તે જવાનીમાં આલસુ થઈ જાય અથવા તો બીજી રીતે મેહનત આપનારો થઇ પડે એ તમારા વિચાર વાજબી છે, પણ તેનોબી અટકાવ કરવાનો આપણા હાથમાં ઉપાય છે. એની આપણે કોઇ સાથે શાદી કરીએ તો કેમ? ઇનસાનની શાદી થયાથી તે એક એવે સીધે રસ્તે ઉતરે છે કે હજારો બદીઓનો અટકાવ થઇ જાય છે. તે પછી તમો નામદારે શાહજાદાને દરરોજ આપણી દરબારમાં બોલાવવો કે જેથી તેને રાજ્ય કારોબારની માહીતી પડતી જાય તથા ઇનસાફના કાનુનોની ખબર પડે અને આપણી દરબારનો જોખમ તેના ધ્યાનમાં આવે અને તખ્તોતાજનો જ્યારે તે માલેક થાય ત્યારે તે સંપુર્ણ સમજ ધરાવતો હોય તો તે આ બોહોળું ને જોરાવર રાજ્ય બરાબર ચલાવી શકે.

શાહ જમાને પોતાના વડા વજીરની સહલા ઘણીજ ખુશીથી સ્વીકારી અને એવી ઉમદા સલાહ માટે તેનો ઉપકાર માન્યો અને જેવો વડો વજીર રજા લઇ ગયો કે શાહ જમાને તુરતજ કમર-અલ-જમાનને બોલાવવા મોકલ્યો.

શાહજાદો દરરોજ ઠેડવેલે વખતે પોતાના પીતા શાહ જમાનને વગર બોલાવવે મલવા જતો હતો તેને હમણા એકાએક શાહ તરફથી તેડું આવ્યું તેથી તે જરા અજાયબ થયો. આ ઉપરથી કમર-અલ-જમાન જેમ દરરોજ જે સાધારણ અને બેફકીરા જેવો શાહને મલવા આવતો હતો તેને બદલે આવતાંને વાર ઘણીજ નમનતાઇથી અને ઘણીજ આબરૂથી જમીન સુધી વાંકો વલી શાહને સલાંમ કીધી. અને પોતાની નજર જમીન તરફજ ટીકેલી રાખી અને ગરીબ ગાય જેવો થઇ ઉભો રહ્યો.

સુલતાને જ્યારે શાહજાદાને આ મુજબ ફેરવાયલો જોયો અને સાધારણ મલતાવડાપણું નહીં જોયું તેથી મોહબતથી બોલ્યો કે "મારા બેટા, તને ખબર છે કે તને શું કાંમ અત્રે બોલાવ્યો છે?" શાહજાદાએ નમનતાઇથી જવાબ વાલ્યો કે "મારા મુરબ્બી, તમારાં દીલમાં શું છે તેની મને કેમ ખબર પડે, ખોદાવનતાલાજ એકલો સર્વેના દીલની વાતનો જાણનાર છે, તેથી તમો નામદારના મુખથી હું સાંભલવાને ઘણોજ ઇતેજાર છું કે તમો નામદારે મને શું કારણસર અત્રે બોલાવ્યો છે." આ સખુનો સાંભલી સુલતાને જવાબ આપ્યો કે "મારી ખુશી છે કે હવે તારી શાદી કરવી. બેટા તું એ વિશે શું ધારે છે!"

શાહજાદો કમર-અલ-જમાન આ શબ્દો સાંભલી ઘણો અજાયબ થયો, તે તદન ઘભરાઇ ગયો, તેના મુખ ઉપર રતાસ ફુટી નીકલ્યો અને શું જવાબ આપવો તે તેને સુજ પડયો નહીં. પણ થોડીક ઘડી ચુપકીદીમાં કાહડી આખરે તે બોલ્યો. "ઓ મેહરબાન બાપ, હું ઘભરાતમાં પડયો, અને તેથી તમારા સવાલનો જવાબ આપતાં વીલમ લાગો તે માટે મને માફ કરશો, કારણ તમો આટલી જવાન વયમાં મારી શાદી કરવાનો સવાલ ઉભો કરશો એવી મને આશા હતીજ નહીં. હું નહીં ધારતો કે હું શાદીની ઝુસરીમાં જોડાઉં એટલો શક્તીવાન છું. મેં ઘણાં ગ્રંથોમાં નામાંકીત લખનારાના લખાનથી જાણ્યું છે કે ઓરતો કેવી ચરીત્રની ભરેલી, ખંધી ને મકારે હોય છે. કદાચ એ વિચારો ભુલ ભરેલા પણ હોય તોપણ તમો નામદારે કરેલી દરખાસ્ત અમલ લાવો તે આગમચ લાંબો વખત વચમાં ગાલી નાખવો અને મને ઘણો વખત વિચાર કરવાનો તમોએ આપવો એવી હું અરજ કરૂં છું."

શાહજાદાના આ જવાબથી સુલતાન ઉપર ઘણી અસર થઇ. શાહજમાન શાહજાદાના સંસાર વીરૂધના વિચારો જાણી ઘણો દલગીર થયો અને તેના કુમલા મન ઉપર ઓરત જાત વિશે જે ખરાબ વિચારો બેસી ગયા હતા તેથી તેને ઘણો અફસોસ લાગો. તોપણ સુલતાને તે વખતે પોતાના પીતા તરીકે હક અથવા સુલતાન તરીકે હોકમ ચલાવવાનું દરૂસ્ત નહીં ધાર્યું અને પોતાનું કહ્યું નહીં માનવા માટે શાહજાદાને કાંઇબી ધમકી કે ઠપકો આપ્યો નહીં પણ ધીરજથી કહ્યું કે "મારા પ્યારા બેટા, આ બાબદ સર હું તારી ઉપર અનઘટતું દબાન કરવાને રાજી નથી પણ હું તને વિચાર કરવાને પુરતો વખત આપું છું તેટલા વખતમાં તું વિચાર કરજે કે મારા બોહલા રાજ્યના વારસ શાહજાદા તરીકે જ્યારે તું તખ્ત પર આવશે ત્યારે તને પેહલો વિચાર એજ આવશે કે તારી પછી તારૂં રાજપાટ ચલાવવાને તારો વારસ કોણ થશે અને તે વખતે આ મારી દરખાસ્તનો ખ્યાલ તને બરાબર આવશે. માટે તેવા પસ્તાવામાં જવા આગમચ તને ઘણો વખત મલ્યો છે, તેનો લાભ લઇને પુખ્ત અકલ દોડાવીને મારી દરખાસ્ત તું કબુલ કરશે એવી મને પુર આશા છે. મારી નજર આગળ તને બચ્ચાં છોકરાંવાલો થયલો જોવાને મને ઘણી હોંશછે અને મારૂં વંશ વધેલું જોવાને હું ઘણો ઉલટમંદ છું.'

પછી શાહજમાને શાહજાદા કમર—અલ—જમાનને વધુ કાંઇ કહ્યું નહીં. તેને પોતાની દરબારમાં છુટથી આવવા દીધો અને તેને ઘટતું આદરમાન આપીને રાજ્યનો અનુભવ મેલવવા દીધો. એ મુજબ એક વરસ ગુજરી ગયું ત્યારે એક દીવશે સુલતાને કમર—અલ—જમાનને એક બાજુએ લઇ જઈ કહ્યું કે "મારા પ્યારા બેટા તને યાદ છે કે તારી શાદી કરવાને તથા તારે લાયકની એક મોહરદાર અપાવવાને મેં તને કહ્યું હતું તેને એક વરસ થયું છે. હવે હજુર તું તે ના પાડીને મારી ખુશાલીનો નાશ કરવા ધારે છે? તું શું એમ કરવા માંગે છે કે મારા મનની એ મુરાદ પામવા વગરજ નાસીપાયસીમાં હું આ જેહાનથી કુછ કરી જાવું? અને મારી જેહમતનો આવો લતીજો મેળવું?"

જેમ ગયે વરસ શાહજાદાએ પોતાનું મક્કમપણું બતાવ્યું હતું તેનું તેજ મક્કમપણું તેને હમણાં પણ દેખાડયું અને કાંઈબી દર રાખ્યા વગર શાહેજમાનને જવાબ આપ્યો કે "મારા પ્યારા મુરબ્બી એ બાબદ સર મેં આખું વરસ પુખ્ત વિચાર કીધો છે અને મારો ઘણો વખત એ સવાલ પર ચુનો-ચરા કરવામાં કાહડયો છે પણ તે બધો વિચાર મને એજ ઠેરાવ પર લાવ્યો કે મારે લગ્નનાં ગાંઠના બંધનમાં આવ્યા વગર કુમારોજ રહેવું જોઇએ અને સંસારની ઝુસરીમાંથી મારી ગરદન મોકલી રાખવી જોઇએ. જે અગણીત દાખલાઓ તવારીખમાંથી ઓરત જાતની બેવફાઇના તથા બેમરવતાઇના મલી આવે છે અને દુન્યાં જેથી તરાહે તરાહે પોકારે છે તેમજ દરરોજ હજારો બનાવો બને છે તેમાં ઓરત-જાતની કપટાઇ તથા બેવફાઇથી બનતા બનાવો વધારે હોય છે તે ઉપરથી મેં પકકો ઠેરાવ કીધો છે

શાહજાદા કમર-અલ-જમાન અને શાહજાદી બદુરાની વાર્તા.

શાહજમાન તથા રાણી ફાતીમા.



શાહજમાન બોલ્યો 'એ પ્યારી બાનુ હું તમને અરજ કરી કહું છું કે તમે એને સમજાવો; એ તમારૂં સર્વે કહેલું સાંભલે છે માટે એને સમજાવી કહો કે એ પ્રકારની બોહોંસ મારી સાથે નહીં કરે." [જુઓ સફો ૩૧૫.

કે મારે કદીબી ઓરત જાતનાં સંબંધમાં આવવુંજ નહીં. તેટલા માટે તમો નામદાર મુરબીને હું અરજ કરૂં છું કે એ બાબદ સર મને માફ કરો કારણ કે કોઇબી તકરાર કે દાખલા દલીલ મને પરણવાને ઉશકેરશે એવું તમારે ધારવું નહીં." આટલું બોલી કમર–અલ–જમાન સુલતાન આગલથી તુરતજ ચાલી ગયો અને સુલતાન શું કહે છે તે સાંભળવા થોભ્યો પણ નહીં.

જો શાહજમાનને બદલે કોઇ બીજો સુલતાન હતે તો પોતાના બેટાની આવી બેઅદબીને માટે તેને મોટી સજા કરતે, પણ શાહજમાન ઘણોજ દાનાવ તથા અદલ હતો, માટે તે ઉપર દરગુજર કરી હજુરથી પોતાના બેટાને માયાથીજ રાહ ઉપર લાવવાનો તેને ઠેરાવ કીધો. કમર-અલ-જમાન જે તેની ઉપર નવી દલગીરીનું વાદલ લાવ્યો હતો તે સર્વે હકીકત પોતાના વડા વજીરની નજદીક જાહેર કરી કેહેવા લાગ્યો કે ઓ દાનાવ વજીર તારી સલાહ મુજબ ચાલી મેં શાહજાદાને શાદી કરવા માટે ઘણો સમજાવ્યો પણ તે ઘણો મકકમ ઠરાવ કરી પરણવા ના પાડે છે. મારી માફક જે બચ્ચાંને માટે રાતદીન ઇંતેજાર હોય તે ખરોજ મુર્ખ છે. કારણ કે ખરાબ બચ્ચાંને લીધે મા બાપોનું સુખ-ચેન સર્વે ધુલ મલી જાય છે. ખેર હોકમ ખોદાનો, પણ હાલ મને કોઇબી એવી તદબીર બતાવ કે આ ઉમેદને ઉંધી વાલનાર બેટાને પાછો નેક રાહ ઉપર લેઇ આવું. વડા વજીરે જવાબ દીધો કે ઓ જેહાંપનાહ તમારે નામુરાદ નહીં થવું જોઇએ, તમારે ધીરજ અખત્યાર કરવી કે જેથી સઘલી મુશ-કેલ આસાન થાય છે, માટે હાલતો એને વીશે ઘટતો વિચાર કરવાને શાહજાદાને એક બીજુ વરસ બક્ષો પછી જો એ પોતાનો ઠેરાવ નહીંજ છોડે તો એને ભર કચેરીમાં બોલાવી નસીએત કરજો કે શાદી કરવા શીવાય રાજ દરબાર તથા રૈયતની હાલત કદી સુધરે નહીં. એટલે તે શાહજાદો આ દબદબા ભરેલા ગ્રહસ્થોની હજુર તમારો સખુન રદ કરશે નહીં.

શાહજમાન જે પોતાના બેટાની શાદી થયલી જોવાને ઘણોજ ઇંતેજાર હતો તેને મનસે એક વરસ ગોયા સેંકડો વરસની મીસાલે લાંબુ નજર આવ્યું. તોપણ પોતાના વજીરનો દાનાઇ ભરેલો સખુન કબુલ રાખી એક વરસ સુધી ધીરજ રાખવાનો ઠેરાવ કીધો.

પછી પેલા વજીરને રવાને કરી શાહાજાદા કમર-અલ-જમાનની માયને આ વાતથી વાકેફ કરવા સારૂ સુલતાન તેણીના ઓરડામાં ગયો, અને આ ભેદ જે તેને હજુર સુધી તે બાનુંથી છુપો રાખ્યો હતો તે તમામ તેણીને જાહેર કરી કેહેવા લાગો કે "ઓ પ્યારી બાનું હું તમને અરજ કરી કહું છું કે તમે એને સમજાવો—એ તમારૂં સર્વે કેહેલું સાંભલે છે માટે એને સમજાવી કહો કે એ પ્રકારની બોંહોંસ મારી સાથે નહીં કરે. જો એ પોતાની બોંહોંસ નહીંજ છોડશે તો હું દલગીર છું કે મને એને સજા કરવાની ફરજ પડશે જેથી એ એની આખી ઉમર સુધી પસતાશે."

[જુઓ પાસેના સફાનું ચિત્ર.

એ સાંભલી ફાતીમા જે શાહજાદાની માનું નામ હતું તેણીએ ફરસુદનો વખત જોઇ શાહાજાદાને પોતાની હજુર બોલાવ્યો ને કેહેવા લાગી કે ઓ બેટા આ પ્રમાણે તારા પીતાને ગોસ્સે કરે છે તે જોઇ હું ઘણીજ દલગીર છું, માટે એમ તને નહીંજ કરવું ઘટે છે. એ સાંભલી કમર-અલ-જમાન કેહેવા લાગો કે ઓ માતા તમને મારા જીગરના રૂજાએલા જખમોને પાછા તાજા કરવા નહીં જોઇએ કારણ કે હું મોટા ગભરાતમાં પડેલો છું તે વખતે વાત દરમ્યાન બબાદા તમો માતાજીને કાંઇ બદ સખુન કેહેવાઇ જશે તો હું તમારો મોટો તકસીરવાર થઇ પડીશ. એ ઉપરથી ફાતીમાં પાંમી ગઇ કે કમર-અલ-જમાનનો ગુસ્સો ઘણોજ ગયલો છે ત્યારે તે વિશે હાલ વધુ બોલવું ન જોઇએ તેથી બાજા સારા વખત માટે તેને મુલતવી રાખ્યું.

તેણી એક દીવસે લાગ જોઇ નરમાસથી કમર-અલ-જમાનને પોતાની હજુરમાં બોલાવી કેહેવા

લાગી કે ઓ બેટા શા માટે તું શાદી કરવા ના પાડે છે? મારા ધારવામાં તો એવું આવે છે કે જ્યારે તું ચાલાક, અને મકરબાજ ઓરતોને ધીક્કારે છે તો તું અપત અને બેસમજ ઓરતસેબી નેકા પાડવાને તો ખચીત ધીકારશે. હું કાંઇ ઠગારી અને મકરબાજ ઓરતોની તરફેણ ખેંચવા ચાહતી નથી કારણ કે હું બધાં તેઓના ચરીત્રથી અચ્છી રીતે તારી માફક વાકેફ છું, પણ એટલા ઉપરથી આપણને શું લાજમ છે કે કુલ્લે ઓરત જાતને બદનામ કરવી જોઇએ? હા બેટા એકબારગી તેં કોઇ કેતાબમાં એ વિશે વાંચ્યું હશે કે જેના લખનારાઓએ આ દુન્યામાં એવી કીસમની બાબદોથી ગભરાત કરી મુકયો છે. પણ વિચાર કર કે તેં શું જુલમી બાદશાહ, રાજા, અને શાહનશાહો વિશેની કંમકમાત ઉપજાવનારી, તથા ખુનખાર બાબદો તવારીખમાં નથી વાંચી? ત્યારે શું તે ઉપરથી તમામ પાદશાહ ને શાહનશાહો ખરાબ થડે છે? તે માટે એક ઓરત બદ થઇ તો શું મુજાકો, પણ આવા માણસ જાતને હીતું લગાડનારા અપત, અને જુલમી પુરૂશો તો તવારીખમાં બેહદ નજરે આવે છે. ત્યારે હવે વિચાર કર બેટા કે જો કોઇ લાયકીવાલી, શયાની અને સમજુ ઓરત માઠાં ભાયગે આવા જુલ્લમીઓને બસ પડી હોય તો તે શું સુખી થાય કે?

એ સાંભલી કમર-અલ-જમાને જવાબ દીધો કે હા મા સાહેબ એ તો મારી ખાતરી છે કે દુન્યા દરમ્યાન ઘણીએક વફાદાર, શયાની, અને ગંભીર તથા પાક દામનની ઓરતો મલી આવશે, ખોદાના હોકમથી એકબારગી તેઓ તમારા જેવીજ ચાલચલનની બાનુંઓ હશે ખરી, તોપણ મને મોટો દર એ લાગે છે કે રખેને મારો બાપ મારે હાથે મારી મોહોરદાર પસંદ કરવાને મના કરે કારણ કે જો મારા બાપની મરજી હું કબુલ રાખી શાદી કરવા કબુલ થાઊં તો તે વલી મને કેવીક મોહરદાર આપવાનો છે? વલી ઘણું તો તે આસપાસના રાજાઓને ત્યાં માંગા મોકલશે, અને તેઓમાંથી કોઇતુંબી માગું માન સમજી તે કબુલ રાખે પછી તે શાહજાદી ખુબસુરત કે બદસુરત હોય. પણ તેણીને મારી મોહોરદાર તરીકે મારી ખુશી વગર કબુલ રાખું તે શા કામનું. એમ કરતાં એકબારગી તે શાહજાદી ઘણી ખુબસુરતબી હોય તોપણ કોણ જાણે છે કે તેણીના અંદરખાનેના સર્વે ગુણો કેહેવા છે? કોણ કહી શકસે કે તે બાનું અંદરખાનેથી ભલા, લાયકીવાલા, મીલનસાર અને નરમ સ્વભાવની છે? કદાચ તે પોતાના પોશાક અને જવાહેરો પાછલ બધો મારો ખજાનો ઉડાવી મારા રાજને તારાજ કરે ત્યારે? વાસ્તે હવે વિચાર કરો વાહાલાં માતાજી આ બાબદથી બીજી કેટલી અડચણો અને મુશકેલીયતો પેદા થાય છે. એટલા માટે હું પરણવાને ના પાડું છું. કદાચ કોઇ શાહાજાદી મારી ખાયશ મુજબનાં સર્વે ભલા ગુણો ધરાવતી હોય તોપણ મેં ઉપર કેહેલી બાબદો કરતાં બીજી ઘણીક અડચણ ભરેલી બાબદો નેકા કીધાથી આવી નડે છે જેથી હું મારા ઠેરાવને વલગી રહી પરણવા ના પાડું છું.

એ સાંભલી તેની મા ફાતમાએ જવાબ દીધો કે ઓ બેટા તેં જે વાંધા લીધા તેના કરતાં બીજા કયા મોતેબર વાંધા લઈ શકશે? એ સર્વે તને ખાલી ધાસ્તી ઉપજાવનાર વાંધા છે તેથી હું સેજ તકરારથી તમારૂં મન ફેરવી શકશ. શાહાજાદાએ જવાબ દીધો કે માતાજી સાહેબ ફીકર નહીં, શુખે તમારા વિચાર જણાવો હું તેઓના ઘટતા જવાબ વાલી શકીશ.

એ સાંભળી ફાતમાએ કહ્યું કે ઓ બેટા હું તને એટલું કેહેવા માગું છું કે જો કોઇ શાહાજાદો માંથાં ભાયગે બદ સ્વાભાવની શાહાજાદી સાથે નેકા પાડેતો ફીકર નહીં, કારણ સુખેથી તે તેણીને સારી સહલા આપી શકે, અને જો ખુશી પડે તો તેણીની એવી બદચાલ સુધારવાને તેણીને સજા કરવાને મુખત્યાર છે.

શાહાજાદાએ જવાબ દીધો કે મા એવી પીડામાં પડવું એ મારા જેવાને કેહેવું ઝેરની મીશાલે છે. તો તે કરતાં બેહેતર એ કે એ બલાના આતશથી દુર રેહી આપણા તન મન, અને આબરૂની જાલ-

વની કરી ખુશાલ રેહવું. એ સર્વે તકરારથી હજુર ફાતમા મજબુતાઇથી કેહેવા લાગી કે ઓ બેટા તારા બોલવા ઉપરથી સાફ માલમ પડે છે કે તારી ઓલાદ જેણે મોટી જાહોજલાલીથી આ ટાપુનું રાજ ચલાવ્યું છે તેના તમે છેલ્લાજ પાદશાહ થવા ચાહો છો.

શાહાજાદાએ જવાબ દીધો કે હા માતાજી હું મારા બાપની પાછલ જીવવાને મુતલગ પસંદ કરતો નથી ને એવુંજ ચાંહુછું કે તેની આગમજ મરૂં તો સારૂં. પણ મારા બાપને કોઇ વાતનો ગમ ખાવો ન જોઇએ, કારણ કે આતો દુન્યાનો રવૈયો છે કે ઘણાએક બાળકો તેમના મા બાપની આગલ મરી જાય છે. વલી હું જેમ ધારૂંછું તેમ મારા બાપ દાદાઓના નેક કદમો ઉપર ઉસ્તવાર રેહી, લાયકી તથા દાદ ભરેલા અદલ કામો કરી આ રાજ ચલાવી એમનો એમ વગર વારસે ગુજરી જાઉં તો મારી સઘલી ઓલાદને મોટી બુજરગી પોંહોંચે. એટલું કેહેવા છતાં તેની માયે તેનો ખ્યાલ છોડયો નહીં. તે હરતરેહથી તેને સમજાવા લાગી, પણ શાહાજાદો એવી તો ડાહાપણ ભરેલી મજબુત તકરાર ચલાવતો કે તે બાનુંનું કસુ ચાલતું ન હતું, અને તે ખામોશી અખત્યાર કરી જતી.

એક વરસ ગુજરી ગયું અને શાહજમાને જોયું કે શાહજાદા કમર–અલ–જમાનના ઠરાવમાં કાંઈબી ફેરફાર થયલો જણાયો નહીં અને તેથી સુલતાન ઘણોજ દલગીર થયો. સેવટે એક દીવશે જ્યારે તે પોતાની દરબારમાં બીરાજેલો હતો અને ત્યાં વડો વજીર, નાયબ વજીરો, દરબારના બીજા ન્હાના મોટા અમલદાર તેમજ લશકરના સેનાધીપતીઓ વગેરે તમામ ઓહ્દેદારો હાજર હતા, તે વખતે લાગ જોઇને સુલતાને શાહજાદા કમર–અલ–જમાનને નીચે મુજબ કહ્યું: "મારા બેટા મેં ઘણો વખત થયો તને જણાવ્યું છે કે તારી શાદી થયલી જોવાને હું ઘણો ઇનતેજાર છું અને હું આશા રાખું છું કે તારા ચાહતા પીતાએ જે વાજબી માંગણી તને કીધી છે તે તું કબુલ કરશે. જે લાંબો વખત તેં ગાલી કાહડયો તેથી મારી ધીરજ જતી રહી છે; આ વખતે જે માંગણી મેં તને ખાનગીમાં કીધી હતી તે માંગણી આ જાહેર દરબારમાં મારા દરબારીઓ તથા અમલદારો હજુર હું ફરીથી કરૂં છું. આ વાજબી માંગણી ના કબુલ કરવાની જો તું જીત ધરશે તો તું મનેજ અપમાન કરશે એમ નથી પણ મારા રાજ્યને પણ નુકસાન કરશે. આ મારી માંગણીમાં મારી સાથે મારી આખી દરબાર જોડાય છે; માટે તેઓની હજુરમાં તું તારો જે વિચાર હોય તે જાહેર કર કે પછી શું ઉપાય લેવા તે અમને સુજ પડે."

શાહજાદા કમર-અલ-જમાને એટલી તો બેદરકારીથી અને એટલા તો જોશથી શાહને જવાબ આપ્યો કે આ મુજબ આખી દરબારની હજુરમાં જે અપમાન તેના બેટાએ તેને આપ્યું હતું તેથી તે અતી ઘણો ગુસ્સે થયો અને બોલ્યો કે "ઓ નાફરમાન દુકતા! તું શું એટલા મીજાજ ને તુમાખથી તારા બાપ તથા સુલતાન સાંમે બોલવાને હીંમત કરે છે?" પછી તુરતજ પોતાના અમલદારોને હોકમ કીધો કે શાહજાદાને કેદ પકડીને શેહરના એક પડત કીલ્લામાં કેદ કરવો, કે તુરતજ શાહજાદાને ભર દરબારમાં પકડી કેદી કીધો ને પેલા જુના કીલ્લામાં લઇ ગયા. જ્યાં શાહજાદાને થોડુંક ફરનીચર, થોડીક કેતાબો અને એક ગુલામ સાથે કેદ રાખ્યો.

શાહજાદા કમર–અલ–જમાનને તેના કેદખાનામાં તેની પ્યારી કેતાબો રાખવાનો હોકમ મલ્યાથી તેને કેદખાનું કાંઇ ભારી પડયું નહીં ને તેને ત્યાં સોવાઇ ગયું. સાંજના તેને પોતાનું આંગ પાક કીધું, નીમાજ પઢયો અને કોરાનના થોડાક શીપારા વાંચ્યા અને જે મુજબ દરરોજ પોતાના પાદશાહી મેહલમાં તે પોતાની સાંજ ગુજારતો હતો તે મુજબ વખત પુરો કરી ત્યાંનો ચેરાગ બુજવ્યા વગરજ પોતાની પડોસમાં મુકીને તે સુઇ ગયો.

તે કીલ્લામાં એક કુવો હતો જેમાં આખો દીવસ જીનીઓના પાદશાહ દામરયાતની બેટી પરી

મઇમોની પોતાનું રેહથાન રાખતી હતી. જ્યારે પાછલી રાત થઇ ત્યારે રોજના પોતાના ધારા મુજબ પરી **મઇમોની** કુવામાંથી ઉપર આવી અને દુન્યાનો રાહધાત જોવા તથા દુન્યાઇ નવાઇઓનો લાહવો લેવા ઉડવાની તૈયારીમાં હતી તેવીજ તેની નજર શાહજાદો જે ઓરડામાં ખુશ નીંદમાં પડયો હતો ત્યાં જે ચેરાગ બલતો હતો તે ઉપર પડી અને તેથી તે ઘણી અજાયબ થઇ કે આ પડત કીલ્લામાં વસ્તી કોણુની થઇ હશે. તે પોતાની અજાયબીને નરમ પાડવા ત્યાં તુરતજ દાખલ થઇ અને દરવાજા પર પેલો ગુલામ ઉંઘતો હતો તેને જગાડ્યા વગરજ શાહજાદાના બીછાના આગલ ગઇ અને તે સુંદર બીછાના પર કોઇને ખુશ નીંદ લેતું જોઇ તે વધારે અજાયબ થઈ.

શાહજાદા કમર–અલ–જમાનનો ચેહરો અરધો ખુલ્લો હતો અને અરધો તેને જે કપડું ઓઢયું હતું તેથી ઢંકાયલો હતો. **મઇમોનીએ** તે ઢાંકણુ જરા ખીસાડયું તો તેની નજરે શાહજાદાનો ખુબસુરત ચેહરો પડયો કે જેવો ખુબસુત જવાન તેને કદી આગલ જોયો હતો નહીં એટલુંજ નહીં પણ તેને આખી દુન્યામાં મુસાફરી કીધી હતી ત્યાં પણ તેની નજરે એવો ખુબરૂ જવાન કદી પડયો હતોજ નહીં. તે પોતાના મન સાથ બોલી, "આ શું ખુબસુરતી? અરે આતો ગોયા ખુબસુરતીની દુન્યા મારી આંખ આગલ રજુ થઈ છે, ખોદાવનતાલાબી જ્યારે એક સરસમાં સરસ પુટલું બનાવે છે ત્યારે તેમાં કાંઇબી ખાંમી રાખતો નથી; આવા દુન્યાં વરનના ખુબસુરત જવાનને શું કારણ આવા બંદીખાનાંમાં રાખી તેની પદવીને અપમાન આપવામાં આવ્યું હશે? આ પ્રમાણે તે બોલી તેનું કારણ એ કે તે જાણુતી હતી કે શાહજાદાને આ પ્રમાણે કેદ કીધેલો છે અને જ્યારે તેને ત્યાં જોયો ત્યારે તેની ખાતરી થઇ કે એ શાહજાદા કમર–અલ–જમાન શીવાય બીજો કોઈ હોય નહીં.

મઇમોની પરી શાહજાદાની ખુબસુરતીથી એટલી તો છક થઇ ગઇ કે સેવટે તેણીએ શાહજાદાના હોઠ પર એક નરમ બોસ્સો લીધો પછી તેને જગાડયા વગર તેના કપાલપર એક ચુમી લીધી અને પેલુ કપડું પાછું તેનાં ચેહરા પર ઓઢાડી તે ત્યાંથી હવામાં ઉડી ગઇ. જ્યારે તે આસમાનની ઉંચાઇએ પુગી ત્યારે તેણીને વાદલામાં પાંખો ફફડવાનો આવાજ આવ્યો ત્યારે જે તરફથી તે અવાજ આવતો હતો તે તરફ ઉડવાની તેણીની જીજ્ઞાસા ઉસકેરાઇ તેથી તે તરફ ફરી. ત્યાં જોતાં તેણીની નજરે એક જીન ઉડી જતો પડયો, જે તે જાતનો જીન હતો કે તે જાતના જીનો ખોદાવનતાલાની શકતીની સાંમે થવાનો ખોટો દાવો કરતા હતા, પણ **મઇમોની** તેથી ઉલટાજ ટોલાની હતી કે જેઓ **સુલેમાનની** મારફતે ખોદાવનતાલાની શકતીની પીછાનત કરતા હતા તથા તેના ફરમાનને માન આપતાં હતાં.

તે જીનનું નામ **દનહાશક** કરીને હતું, જે શામહોરાશ નામના મોટા જીનનો છોકરો હતો. તેને **મઇમોનીને** તુરત ઓલખી અને તેણીને જોઇને તે ઘણો ધાસ્તી ખાઇ ગયો. તે જાણુતો હતો કે તે પરી તેના કરતાં ઘણી જોરાવર તથા પદવીમાં ચહડતી હતી તેથી તે તેણીથી દુરજ નાહસવાની તજવીજ કરતો હતો પણુ પરી **મઇમોની** તેની ઘણી નજદીક આવી પુગાથી કાંતો તેણીની સાથે લડાઇ કરવી કે કાંતો તેણીની મોટાઇ કબુલી તેણીને તાબે થવું એ બેમાંથી એકબી ઉપાય તે જીનને લીધા વગર છુટકો હતો નહીં.

દનહાશકે પેહલે પોતાની જબાન ખોલી ને નરમ પડી જઇ બોલ્યો "ભલી મઇમોની તને ખોદાના પવીત્ર નામના સોગંદ આપીને કહું છું કે તું મને ઇજા કરતી ના અને હું પણુ સોગંદ ખાઇને કહું છું હુંબી તને હરખત કરીશ નહીં."

"નાપાક જીન!" મઇમોની બોલી "તું શું મને ઇજા કરી શકવાનો હતો? મને તારી જરાબી ધાસ્તી નથી તોપણુ જા હું તારી ઉપર મહેરબાંની કરીને કહું છું કે હું તને કાંઇ હરકત કરીશ નહીં. હવે તું મને કહે કે તું ક્યાંથી આવ્યો, તેં શું શું જોયું અને તું હવે બાકીની રાત ક્યાં ગુજારવા

માંગે છે?" દનહાશકે જવાબ આપ્યો કે "ઓ ખુબસુરત પરી આપણો મેલાપ એકાએક થયો છે અને હું તને ઘણી અજાયબ જેવી બાબદ કહેવા માંગું છું અને તે સાંભલવાની જ્યારે તું ખાસ ખાયશજ રાખે છે ત્યારેતો હું કહું છું કે હું ચીન દેશ તરફથી આવ્યો છું. પણ તું મને મારી વાત સાંભલ્યા પછી હું જ્યાં જવા માંગું ત્યાં જવા દેશે કે નહીં?"

મઇમોની બોલી, "ઓ કંગાલ! તું તારી વાત પુરી કર અને ધાસ્તી ના રાખ. તું શું એમ ધારે છે કે તારા જેવા નાપાક જીનોની માફક હું મારો કોલ તોડીને તને નુકસાન કરીશ? પણ યાદ રાખજે કે એકબી શબ્દ ખોટો ના બોલતો અને જે ખરૂં હોય તેજ કહી સંભલાવજે નહીં તો કે હું તારી પાંખ કાપી નાખીશ અને તને ઘટતી શીક્ષા કરીશ."

મઇમોનીનાં આ શબ્દો સાંભલી દનહાશકને ધીરજ આવી પછી પોતાની વાત લંબાવી, તે બોલ્યો કે "ઓ ખુબસુરત પરી હું જે ખરૂં છે તેજ તને કહીશ. ચીન દેશ કે જ્યાંથી હું હમણાં આવ્યો તે દુન્યાંના મોટાં અને જબરદસ્ત રાજ્યોમાંનું એક મોટું રાજ છે તેને જોડાયલું એક ઘણું મોટું બેટ છે. તેના પાદશાહનું ગઇયોર છે તેને પેટે એક અતી ઘણી ખુબસુરત બેટી છે કે તેના જેવી ખુબસુરત નાર જ્યાંરથી દુન્યાં ઉભી થઇ ત્યારથી આજ સુધી કોઇબી થઇ નથી. તારા અને મારા પંથના સઘળા જીનીઓ અને આખી ખલ્ક એકઠી મળી એકે અવાજે તેની ખુબસુરતીની તારીફ કરયે તોપણ જે ખરેખરી તેની ખુબસુરતી છે તેની વખાણ કરી શકયે નહીં. તેણીના બાલ સુંદર સોનેરી રંગના છે અને તે એટલા તો લાંબા છે કે તે તેણીના પંગ સુધી પુગે છે. તે જ્યારે તેણી બાલ સમારે છે ત્યારે તેના ગુલછાં એવાં તો દીપાયમાન થાય છે કે ગોયા તે એક રલીયામણા દરાખના માંદવા જેવા લાગે છે. તે ખુબ સુંદર બાલો અંદરથી તેણીનું મોટું ચલકતું કપાલ એક આયંના માફક ઝમકે છે. તેણીની આંખ મોટી અને કાલી છે અને તે બે ઝલકાતમંદ તારા જેવી દીપે છે. તેણીનું નાખ જેમ ઘણું લાંબુ નથી તેમ ટુકું પણ નથી, અને તેણીની બોલે છે ત્યારે તેમાંથી અતી ઘણો સુંદર સુગંધ નીકલે છે. તેણીનાં દાંત બે મોતીની હાર જેવા છે, પણ સફેદાઇમાં તે ઊંચા ઝવેરાતનેબી ટક્કર મારે એવા છે, અને તેણીનો સાધ એવો તો કોમલ, મીઠો અને પસંદ કરવા જોગ છે કે તે આપણે સાંભલ્યાજ કરયે. તેણીની ગરદન ઘણાજ ઉત્તમ સંગેમરમરનાં સફેદ પથરનાં જેવી સફેદ છે. ટુંકમાં તે એટલી તો ખુબસુરત છે કે તેણીના જેવી ખુબસુરત આખી દુન્યામાં બીજું કોઇ નહીં હશે એમ સર્વે કોઇ કબુલ કરયા વગર રહે નહીં.

"તેણીનો બાપ તેણીની એટલી તો સંભાલ રાખે છે તથા તેણીને એટલી તો ચાહે છે અને તેણીની જે મરજી હોય તે પુરી પાડે છે કે તેમ કોઇ બીજો બાપ કવચીત કરે. ઘણોજ નાજુક પ્યાર ધરાવનાર આશક પણ પોતાની માશુકને જેટલો લાડ નહીં લડાવે તેટલો લાડ તે શાહ પોતાની પ્યારી ને અતી ખુબસુરત બેટીને લડાવે છે. એક અતી ઝનુની અને અદેખો આશક પણ પોતાની માશુકને એટલા જાપતામાં નહીં રાખતો હશે એટલા બધા જાપતામાં શાહ પોતાની બેટીને રાખવાની કાલજી રાખે છે; તોપણ તે બેટીના મનમાં એમ નહીં આવે કે ગોયા તેણીને એકનીએક જગોએ કેદ રાખી છે તેથી તેણીના રેહઠાન માટે સાત જુદા જુદા અને અતી સુંદર મેહલો શાહે બાંધી આપ્યા છે, કે જેની તારીફ મારેથી થઇ શકતી નથી.

"પેહલો મેહલ તમામ સંગેમરમરનો બાંધેલો છે, બીજો કાંસાનો બાંધેલો છે, ત્રીજો તમામ તીખા લોખંડનો, ચોથો નવીન જાતની મીશ્ર ધાતુનો, પાંચમો કાલા ચલકતા પથરનો, છઠો નક્કર રૂપાંનો, અને સાતમો તમામ સોનાનો બાંધેલો છે. શાહે આ બધા મેહલો ઘણાજ સારા ટેસ્ટથી અને ઘણા ઉમદા ને ઊંચા સરસામાનથી ભરપુર કીધેલા છે એટલુજ નહીં પણ તે જે જે ધાતુનાં બનાવેલા છે

તેને મલતીજ બનાવતનો સામાન બનાવવાની સંભાલ રાખી હતી. વલી તે મેહેલોની આસપાસ સુંદર અને અતી રલીયામણા બાગો બનાવવામાં પણ કાંઇ કસુર રાખી નહીં હતી; ઘણી ઉંચી કીસમના ઝાડના કુંડાંઓ, કેયારાઓ, ફુવારાઓ, નેહરો, અને બીજી તરેહવાર રચનાઓથી તે બાગો એવા તો સીંગારેલા છે કે ગોયા "બાગે બેહસ્ત" જેવો તેનો દેખાવ થઇ પડયો છે. ઝાડોની ઘટા એવીતો સરસ છે કે સુરજનો તાપ કયાં પડે છે તેની તો ખબર પડતીજ નથી. શાહનો પોતાનો બાપીકો પ્યાર એટલો તો બોહલો છે કે પોતાની બેટીની સગવડ માટે જેબી ખરચ થાય તે કરવાને જરાબી અચકાતો નથી.

"આ શાહાજાદીની નહીં સરખામની થાય એવી ખુબસુતીથી લલચાઇને જુદાં જુદાં દેશનાં જોરાવર માહારાજાઓ પોતાનાં છોકરાઓનું માંગું મોકલેછે પણ એ સખ્લાઓનાં માગાંને ચીનનો શાહા કબુલ રાખતો નથી કાંયકે તેણે તો એવોજ ઠેરાવ કીધો છે કે શાહાજાદીની મરજી માફકનો ધણી તેણીને અપાવવો, તેથી દેશે દેશથી આવેલા એલચીખાતાંઓ પોતાનું ધારેલું કામ કરયા વગર પાછા ફરતાં, પણ ચીનનો શાહ તેઓને એવી તો સીફતથી સમજાવતો કે કાંઈબી અપમાન જેવું તેઓના ધ્યાનમાં આવતું હતું નહીં.

"શાહજાદી પોતાનાં બાપને કેહતી હતી કે એ નામદાર બાપ તમો મને પરણાવી મને સુખી કરવાની વેતરણમાં છો, પણ તમારા જેવી ચાહ, તમારા જેવું સુખ, આવા સુંદર મેહેલો, આવા ખુશનુમાં બાગબગીચા, મારો ધણી મને કોઈ કાલે પણ આપનાર નથી, વલી મને હાં કાંઇબી પ્રકારનું દુઃખ નથી. આવી જાતનું સુખ હું દુન્યાના કોઇબી ભાગ પર ભોગવી શકનાર નથી. ધણીઓ પોતાની બોહરદાર પર રાજ ચલાવે છે તેમ મારેથી કોઇની તાબેદાર થવાય નહીં. સેવટે એક તંવગર માહ પ્રાકરમી પાદશાહાની તરફથી શાહાજાદીનું માગું આવ્યું. આ પાદશાહ બીજા આગલ માંગુ મોકલી ચુકેલા પાદશાહો કરતાં ઘણાં મોટા અને જોરાવર રાજ્યનો ધણી હતો તેથી ચીનના શાહે આવા બુલંદ રાજા સાથે પોતાની બેટીની શાદી કરી આપવાનો વિચાર બાંધ્યો કારણ કે એવાં જોડાંણથી તે પોતે મોટાઇ તેમજ ફાયદો સમજતો હતો. આ વિચારથી તેણે તે માંગુ કબુલ કીધું, અને જયારે એ વાતની ખબર શાહાજાદીને થઇ ત્યારે તે પોતાની નાખુશી જણાવવા લાગી, અને આગલ માફક પોતાના વિચાર જણાવવા લાગી.

"ચીનના શાહે તેણીને બોહોંસ કરી તે માંગુ કબુલ કરવા કહ્યું. જે ઉપરથી શાહજાદી પોતાનાં નામદાર બાપ અને બાદશાહ તરફનો દબદબો ભુલી જઇ ગુસ્સાથી બોલી કે એ શાહ જો એવી વાત મારી આગલ ફરીથી કરશો તો હું કટાર મારી મારો જાન કબજ કરીશ, અને તમારા જુલમમાંથી છુટી થઇશ. આ વાત સાંભલી બાદશાહ ઘણો ચીરડાઇ ગયો, અને બોલવા લાગો કે તું ઘેલી થઇ છે માટે તુંને સુદ્ધીમાં લાવવી જોઇએ. એમ કહીને બાદશાહે તેણીને એક ઓરડામાં બંધ કીધી, અને પેલા પાદશાહને કેહેવાડયું કે તારા છોકરા સાથ પરણવાને મારી છોકરી ના પાડે છે કારણ કે તેણીનું મગજ ઠેકાણે નથી. ત્યારપછી તરત તેણે શેહેરે શેહેર જાસુસો દોડાવીને જાહેર કીધું કે શાહાજાદી ઘેલી થઇ ગઇ છે માટે કોઇ પણ વેદ તેણીને સારી કરશે તો તેની સાથે તેણીને પરણાવ્યામાં આવશે.

"દનહાશકે કહ્યું કે ખુબસુરત મઇમોની, આવી બીના હાલ બની છે. હું તે ખુબસુરત નાંજનીને રોજ જોવા જાઉં છું, પણ મારા પ્યારને નરમ પાડી તેણી તરફ હું કાંઇ પણ રીતની ખરાબ નજરે જોતો નથી. હું તુંને ભલામણ કરૂં છું કે તેણીને તું આવીને જરા તપાસ, કારણ કે જયારે દુન્યામાં નહીં સરખામણી થઇ શકાય એવી પરીજાદને તું જોશે ત્યારે તું ખચીત હેરતમાં પડશે અને મેં જે વાત કહી છે તે ખરી છે એમ તારી ખાતરી થશે."

આએ વાત સાંભલી દનહાશકને જવાબ આપ્યાને બદલે મઇમોની ખરખર હસી પડી તેથી કરીને તે વિચારવા લાગો કે એકાએક હસીપડવાનું શું કારણ હશે. મઇમોની બોલી કે "તું એક સફેદ ચેહેરેની ઓરતને જોઇ આટલી બડાઇ કરે છે, પણ હું એક ખુબસુરત શાહજાદાની તારી આગલ વાત કરૂં તો તારો જીવ પણ ઠેકાણે રેહે નહીં. હું ધારતી હતી કે તું કાંઇ ઘણી અજાયબ જેવી વાત મારી આગલ કરશે પણ તેં તો એક મલતીજ વાત કીધી છે. શરમ છે તારી ઉપર, કે તું તમામ બડાઇ ભરી વાત કરવાની મારી સાંમે હીંમત કરે છે."

આ ઉપરથી દનહાશક દંગજ થઇ ગયો અને બોલ્યો કે "ઓ ખુબસુરત મઇમોની તું મને પુછવાની રજા આપશે કે તે શાહજાદો કોણ છે?" પરીએ જવાબ આપ્યો કે "જે બીના ચીનની શાહજાદી પર બની છે તેને ઘણી ખરી મલતીજ બીના આ ખુબસુરત શાહજાદા પર વીતી છે. તેના બાપે તેને પણ શાદી કરવા માટે ઘણો સમજાવ્યો પણ તે નાફરમાન થયો અને લગન કરવા ના પાડી, આથી તે શાહ ગુસ્સે થયો અને જે પડત કીલ્લામાં મેં મારૂં રેહથાન રાખ્યું છે તે કીલ્લામાં તેને કેદ કીધો છે અને તેથીજ તે મારી નજરે પડ્યો અને તેની ખુબસુરતી જોઇ હું છક થઇ ગઇ છું."

દનહાશકે જવાબ આપ્યો કે "ઓ પરી તું કહે છે તે ખરૂં હશે પણ જ્યાં સુધી હું તેને નજરે જોઇ ખાતરી કરૂં નહીં ત્યાં સુધી તો કોઇબી ઇનસાન, ફરેસ્તો કે પરી કે જીન કહે તો હું માનું નહીં કે ચીનની શાહજાદી કરતાં કોઇબી આ કે પેલી જેહાંનમાં બીજું ખુબસુરત હોય!" પરી મઇમોની બોલી, "ચુપ! ઓ ચંડાલ ફરીથી એવું જુઠું તારી જબાનથી સાંભલીશ તો તુરતજ તારી જીભ કાપી નાખીશ." આ ઉપરથી દનહાશક નરમ પડી ગયો અને ઘણી નમનતાઇથી જવાબ આપ્યો કે "હું તારી સાંમે થવા માંગતો નથી પણ એટલુંજ કહું છું કે મારૂં બોલવું ખરૂં છે કે ખોટું તે જાણવા માટે મેં કહ્યું તેમ તું મારી સાથે આવ અને નજરે નજર શાહજાદીને જોઇને તારી ખાતરી કર અને પછી હું તારા શાહજાદાને પણ જોઇ મારી ખાતરી કરીશ." મઇમોની બોલી "મને એટલી બધી મેહનત લેવાની કાંઇ જરૂર નથી પણ જો તું તારી શાહજાદીને ઉંચકી લાવી મારા શાહજાદાની પડોસમાં મુકે તો તે બંનેની સરખામણી કરવાને તુરત બની આવે અને પછી આપણો વાંધોબી તુરતજ પતી જાય."

દનહાશકે પરી મઇમોનીનું કહ્યું કબુલ કીધું અને તુરતજ ચીન તરફ ઉડી જવા જતો હતો તેટલાંમાં તે પરીએ તેને અટકાવીને કહ્યું કે "સબર! તું પેહલે મારી સાથે પેલા કીલ્લામાં આવ અને તે જગા બરાબર જો અને ત્યાં તું શાહજાદીને લઇ આવ." તેઓ બંને સાથે ઉડ્યાં અને પેલા કીલ્લામાં આવી પુગાં ત્યાં દનહાશકને તે જગા દેખાડી મઇમોની બોલી "જા હવે જઇને તારી શાહજાદીને અત્રે લઇ આવ; ઉતાવલ કરજે અને જલદી અત્રે આવજે. પણ સાંભલ, જો મારો શાહજાદો તારી શાહજાદી કરતાં ઘણો ખુબસુરત નીવડે તો તારે મને એક કીંમતી ચીજ આપવી અને જો તારી શાહજાદી વધારે ખુબસુરત ઠડે તો મારે તને એક કીંમતી ભેટ આપવી, એવી આપણે શરત મારયે છીએ."

દનહાશકે પરીની શરત કબુલ કીધી અને ઉડી ગયો. તે એક આંખનો પલકારો થાય એટલી ઝડપથી ચીન પુગી ગયો અને નહીં વિચારી શકાય એટલી ઝડપથી ચીનની શાહજાદી, જે ભરં ઊંઘમાં પડેલી હતી, તેણીને પોતાના બંને હાથે ઘણીજ સંભાલથી ઊંચી ને ઊંચી ઉંચકી લાવીને મઇમોની પરીના હાથમાં મુકી જેણીને તે દનહાશકને સાથે લઇ કમર-અલ-જમાનનાં આરાંમગાહમાં લઇ ગઇ અને શાહજાદાની પડોસમાં એકજ બીછાનાપર સુવાડી.

જ્યારે આ મુજબ શાહજાદો કમર-અલ-જમાન અને શાહજાદી બદુરા એકમેકની નજદીક આવ્યાં ત્યારે પરી મઇમોની અને જીન દનહાશક વચ્ચે તેઓની ખુબસુરતી માટે મોટી તકરાર ઉઠી ઉભી

થઇ. થોડો વખત તો તેઓ બંને કાંઇબી બોલ્યા વગર એક મેકની સાંમે ઉભાં રહ્યાં અને ઘણી બારીકીથી બંને પેલાં ખુબસુરતોને નેહાલીને જોવાં લાગ્યાં. સેવટે દનહાશકે પોતાની જબાન ખોલી અને પરી મઇમોનીને કહ્યું કે "હવે હું આશા રાખુંછું કે તું કબુલ કરશે કે મારી શાહજાદી તારા શાહજાદા કરતાં ખુબસુરતીમાં ચઢયાતી છે. શું તું હજુર એ વિશે શકમંદ છે?" પરી છનકો કરી બોલી "શું શક પુછે છે? હા, હજાર વખત મને શક છે! તું તો આંધલો છે કે મારો શાહજાદો જે તારી શાહજાદી કરતાં ઘણીજ ખુબસુરતી ધરાવે છે તે તું જોઇ શકતો નથી. હા, શાહજાદી ખુબસુરત છે ખરી પણ મારા શાહાજાદા જેવી તો નહીંજ. હજુર બંનેની ખુબસુરતી સરખાવી જો અને વગર તાસુબીએ કબુલ કર કે શાહજાદો ખુબસુરતીમાં ચઢયાતો છે અને મારૂં કહ્યું ખરૂં છે."

દનહાશક બોલ્યો "હવે વધારે શું સરખામણી કરૂં? મેં જે કહ્યું તેથી વધારે હું કહી શકતો નથી. જે મેં પેહલી નજરે જોયું તેજ હું હમણાંબી જોઇ શકું છું, મારી આંખે કાંઇ વધારે ઓછું પડતું નથી. તો પણ જો તારી મરજી હોય તો, તારે ખાતર, હું મારૂં મત એક બાજુએ મુકી તારૂં મત કબુલ કરી તને ફકત રાજી કરૂં." પરીએ તુરતજ જવાબ આપ્યો "નહીં, હું તારા જેવા કંગાલ જીનની મેહરબાંની માંગતી નથી પણ આપણે એકુ લવાદ ઠેઠવ્યે અને તે જે કહે તે ખરૂં કરીને કબુલ્યે અને આપણી શરત મુજબ અમલ કરયે, અગર તેમ કરવાને તું રાજી નહીં હોય તો હું મારી શરત જીતેલી કેહવાઉં."

દનહાશક જે કોઇબી રીતે પરી મઇમોનીની સાંમે થવાને રાજી નહીં હતો તેને તરતજ પરીની દરખાસ્ત કબુલ કીધી કે તુરતજ પરીએ પોતાના પગ જમીન પર ઠોકયા. જમીન ફાટી અને તેમાંથી એક ભયંકર દેખાવનો જીન તેજ પળે નીકલી આવ્યો. તે ખુંધો, લંગડો અને વલી સાથે લાગો કાંણો પણ હતો; તેનાં માથા પર છ સીંગડાં અને હાથે અને પગે વાંકાં લાંબા નખો હતાં જે જાનવરના પંજાને મલતાં આવતાં હતાં. જેવો તે જમીન પર ખડો થયો કે તુરતજ જમીન પાછી સંધાઇ ગઇ. તેને પરી મઇમોનીને જોઇ કે તે તેણીના પગ પર પડયો, અને ગુઠણ મંડયે પડી બોલ્યો કે તેનું જે કામ હોય તે કરવાને તે તૈયાર છે.

પરી મઇમોની બોલી "ઉઠ, **કેસકાશ્ચ** (કારણ કે તે જીનનું એ નામ હતું); મેં તને એટલા માટે બોલાવ્યો છે કે તું અમારો લવાદ થાય કારણ કે આ નાપાક દનહાશક સાથે મને વાંધો પડયો છે. આ બીછાના તરફ તારી આંખ ફેરવ ને ઠેડવીને જો અને વગર ધાસ્તીથી કહે કે આ જવાન બાનું અને આ ખુબરૂ મરદમાંથી કોણ વધારે ખુબસુરત છે?"

કેસકાશ્ચે ઘણીજ અજાયબીથી શાહજાદી તથા શાહજાદાને જોયાં અને તેઓની ખુબસુરતીથી દંગજ થઇ ગયો. ઘણો વખત સુધી ઘણાજ ધ્યાનથી બંનેને તપાસી જોયા પછી કોઇબી ઠેરાવ પર આવ્યા વગર તે બોલ્યો કે "મારી બાનું, મારે વગર તાસુબીએ કબુલ કરવું જોઇએ કે મારા ધ્યાનમાં તો એમ આવે છે કે આ બંને જણાઓમાંથી એકમેકથી કોણ સરસ છે તે કોઇ કહી શકે નહીં અને મારૂં મત કોઇબી માટે આપી હું તકસીરવાર થતો નથી. જેમ જેમ હું તેઓને વધારે ને વધારે જોઊં છું તેમ તેમ હું વધારે ને વધારે ગુંચવાડામાં પડું છું. તેઓ બંને ખુબસુરતીમાં એટલાં તો સંપૂર્ણ છે કે કોઇનીબી એક રજબારબી હું ખામી કાહડી શકતો નથી, તેમજ કોઇનેબી હું ઓછું ખુબસુરત ધારતો નથી. ખરેખર જો તેમની કાંઇ ખાંમી જાણવી હોય તો એક રીત છે તે પ્રમાણે કીધાથી એ આપણે જાણી શકશું. અને તે રીત એ છે કે તેઓને એક એક પછી જુદાં જુદાં જગાડવાં અને જ્યારે શાહજાદો જાગે ત્યારે શાહજાદીને માટે તેનું શું મત છે તે જાણી લેવું અને પછી શાહ-

જાદાને ઉંઘમાં નાખીને શાહજાદીને જગાડી તેનું મત શાહજાદા વિશે કેવું છે તે જાણી લેવું. અને કોણુ વધારે પ્યારથી પોતાનો જોસ્સો દેખાડે છે તે ઉપરથી તેઓની ખુબસુરતીનું તોલ કરવું.

જે યુકતી કેસકાશ્ચે દેખાડી તે પરી તથા જીન બંનેને પસંદ પડી. મઇમોંની તરતજ એક ભમરામાં ફેરવાઇ ગઇ અને કમર-અલ-જમાનની ગરદન ઉપર જઇ બેઠી. તેણીએ સખત દંખ તેની ગરદન ઉપર માર્યો કે તે જાગ્યો અને ગરદન ધવડવા માંડી. જેવો તે જાગ્યો કે મઇમોની પાછી પરીના આકારમાં ફેરવાઇ ગઇ અને પેલા બે જીનો સાથે શાહજાદાને નહીં દેખાય એવી રીતે શું થાય છે તે જોવા ઉભી રહી.

પેલા દંખથી તે પોતાની ગરદન પર હાથ ફેરવતો હતો તેટલાં તેનો હાથ પોતાની પાસે સુતેલી ચીનની શાહજાદીના બદનને લાગો. તેને પોતાની ચશમ ખોલી અને કોર મરડી તો અતીઘણી અજાયબી વચ્ચે તેને પોતાની પાસે એક ઘણીજ ખુબસુરત સ્ત્રીને જોઇ. તેને પોતાનું માથું ઉચકયું, તકયાને ટેકવ્યું ને પેલી ખુબરૂ નારને બરાબર નેહાલીને જોવા લાગ્યો. ચીનની શાહજાદીની જવાની તથા તેણીની અસાધારણુ ખુબસુરતીએ શાહજાદાની છાતીમાં તેજ ઘડીએ મોહબતનો આતશ રોશન કીધો, જે આતશની ગરમી તે ખમી શકયો નહીં કારણુ કે આજસુધી મોહબત તે શું તેનો તેને બીલકુલ અનુભવ હતોજ નહીં, તેથી હાલ તેનાં જીગરમાં શું થાય છે તે તે ઘડીભર સમજીબી શકયો નહીં.

તેના જીગરનો તમામ કબજો શાહજાદીની મોહબતે લઇ લીધો અને તેની જબાનથી આ સખુનો નીકલવા વગર રહ્યાજ નહીં કે "હા! શું ખુબસુરતી, કેવો ખુશનુમા દેખાવ, હા, મારાં જીગર, મારાં હૈદાંના હાર!" પછી શાહજાદાએ શાહજાદીના કપાળ પર એક બોસ્સો લીધો તેથી નહીં ધરાતાં તેણીનો હોઠ ચુમ્યો અને સેવટે તેણીના ગોલાબી ગાલને એટલા તો બોસ્સા લીધા કે તેણીની જરૂર જાગી ઉઠતે, પણુ પેલી પરી તથા જીને શાહજાદીને તેણીની ખુદરતી ઉંઘ ઉપરાંત પોતાની કલાથી બેહોશ કીધેલી હોવાથી તેણીની જાગી ઉઠી નહીં.

"કેમ મારી ખુબરૂ બાનું" શાહજાદો મોહબતથી દેવાનો થઇ બોલ્યો "આ તારી મીઠી ઉંઘમાં તારો ખરો આશક કમર–અલ–જમાન તને હરકત કરે છે પણુ તે શા માટે? મોહબત! મીઠી મોહબત માટે! તું ગમે તે પદવીની હોય પણુ હું શું કાંઇ ઓછી પદવીનો છું? શું હું તારી મોહબતને લાયકનો નથી?" એમ બોલી તે શાહજાદીને જગાડવા જતો હતો પણુ તેટલાં એકાએક અટકી ગયો અને બોલ્યો "હા! ખરેખર આએજ પેલી શાહજાદી હશે કે જેની સાથે મારા પીતાએ મારી શાદી કરવા માટે મને બોહોંસ કીધી હતી; જો તેને આ ખુબસુરત નાંજનીનને મને આગમચથી દેખાડી હતે તો આટલી પંચાતી થવા પાંમતેજ નહીં અને ભર દરબારમાં મેં જે નાફરમાની કરીને મારા પીતાને અપમાન કીધું તેમ હું કદી કરતે નહીં અને તે બીચારાને આટલો બધો દલગીરબી કરતે નહીં." હવે શાહજાદો કમર-અલ-જમાન પોતાથી થયલી નાદાની માટે ઘણોજ પસ્તાવા લાગો અને વલી ચીનની શાહજાદીને જગાડવાની અણી ઉપર હતો ત્યારે તેણે વિચાર આવ્યો કે "સબુર, મારા પીતા નામદાર સુલતાને, મને અજાયબીમાં ગરકાવ કરવા માટે આ પ્રમાણે ચોકઠું ઉભું કીધું હશે. તે જાણુવા માંગતો હશે કે મને ખરેખર ઓરત જાત ઉપર ધીકકાર છે કે નહીં અને તેથીજ તેને આ બાનુંને મારી આગલ મોકલી હશે. કોણુને માલમ છે કે સુલતાન વખતે અત્રે છુપો ભરાઇ રહી હું કેવી રીતે એ વખતે મારો વિચાર જાહેર કરૂં છું તે જાણી લે અને મારી ચાલ માટે મને શરમમાં નાખે. વળી આ બીજો વાંક મારા આગલા વાંક કરતા વધારે ખરાબ ગણાય તોપણુ આ પરીચેહર બાનુંની વીંટી સાથે મારી વીંટી બદલી લઉ કે મારી યાદગારી એની પાસે રહે અને એ પ્યારીની યાદગારી મારી પાસે રહે."

શાહજાદીને આંગળે ઘણીજ કીંમતી વીંટી બીરાજતી હતી તે શાહજાદાએ આસ્તેથી સેરવી લીધી અને તેની જગોએ પોતાની પેહરાવી દીધી. જેવો તેને શાહજાદી આગળથી પોતાનો ચેહરો ફેરવ્યો કે પેલી પરી તથા જીનોની કરામતથી શાહજાદાને ઉંઘનો ઝોકો આવ્યો અને તે તુરતજ ભર ઉંઘમાં પડયો.

જ્યારે શાહજાદા કમર-અલ-જમાનની આંખ બંધ થઇ અને તે ઘોરવા લાગો કે દનહાશકે પોતાનો અવતાર એક મચ્છરમાં ફેરવ્યો અને શાહજાદીના હોઠ પર એક નરમ ચટકો મારયો. શાહજાદી ચોંકી ઉઠી અને ઘભરાતમાં પોતાની આંખ ઉંગાડી આસપાસ જોવા લાગી. તેણીને પોતાની પડોસમાં શાહજાદાને સુતેલો જોઇ ઘણીજ અજાયબી ઉપજી, અજાયબી ઉપરથી તેણી વખાણ પર આવી અને વખાણ ઉપરથી તેણીને ખુશાલી ઉપજી કારણ કે તેણીએ પોતાના જોડ્યા તરીકે એક અસાધારણ ખુબસુરત જવાનને જોયો જે જેટલો ખુબસુરત હતો તેટલોજ દબદબાભર્યો ભલો તે દીસતો હતો.

તેણીએ પોતાના રંગીન લબ ખોલ્યા અને બોલી કે "ઓ તુંજ તે જવાન શાહજાદો છે કે જેની સાથે મારો બાપ મારી શાદી કરવા માંગતો હતો? અરે ત્યારે તો મેં કેવી મોટી ભુલ કીધી કે તે મેં પેહલેથીજ નહીં જાણ્યું, જો હું જાણુતે કે તું આવો ખુબસુરત છે તો હું કદીબી તારા જેવા જવાનનો હાથ મારા ભરથાર તરીકે નાકબુલ કરતે નહીં અને તને મારા જીગર કરતાં વધારે ચાહતે. ઉઠ પ્યારા નીંદમાંથી બેદાર થા, શું એક ભરથારે પોતાના લગનની પેહેલીજ રાતે આ પ્રમાણે ભર ઉંઘમાં પડવું જોઇએ?"

આમ બોલી ચીનની શાહજાદીએ કમર-અલ-જમાનને ખુબ જોરથી હીલવવા માંડયો કે તે જાગી ઉઠે અને ખરેખર શાહજાદો તુરતજ જાગી ઉઠયો પણ હતે જો પરી મઇમોનીએ પોતાના જાદુઇ જોરથી તેને પાંછો ભર ઉંઘમાં નહીં નાખ્યો હતે તો. શાહજાદીએ તેને ઘણી વાર ખુબ હીલવ્યો અને જ્યારે જોયું કે તે જરાબી જાગતો નથી ત્યારે તેણી બોલવા લાગી કે "તને શું થયું હશે કે તું જાગતો નથી? આપણાં એવાં તે કોણ હરીફ થઇ લાગાં છે કે તારી ઉપર જાદુઇ ફુકી તને ભર ઉંઘમાં નાખ્યો છે જેથી તું ઉઠીજ શકતો નથી." પછી શાહજાદીએ કમર-અલ-જમાનનો હાથ પકડયો અને તે ઉપર એક નરમ બોસો લીધો કે તેની નજર તેના આંગલાં પર પડી તો તે આંગલાં પર પોતાની કીંમતી વીંટી બીરાજતી જોઇ! પછી પોતાનું આંગલું જોય છે તો તે ઉપર બીજીજ વીંટી જોઇ! તે વીંટી શાહજાદાનીજ હોવી જોઇએ એમ તેણીએ વિચાર્યું. તે વીંટીઓ કેમ બદલાઇ તે તે વિચારી શકી નહીં પણ તેની ખાતરી તો થઇજ કે આ નીશાની લગનનીજ છે. જ્યારે તે શાહજાદી તેને જગાડવામાં મીશકલ થઇ ત્યારે તે મુગી બેઠી કારણ કે તેણીની ખાતરી હતી કે હવે તે શાહજાદો કાંઇ છુટો પડી શકવાનો નથી. તે બોલી કે "જ્યારે હું તને જગાડી શકતી નથી ત્યારે હું વધારે હરકત તને કરવા માંગતી નથી કારણ આપણે ફરી મલવાના ને ફર મલવાનાં તો છીયેજ." એટલું બોલીને શાહજાદીએ શાહજાદા કમર-અલ-જમાનનાં હોઠ ચુમ્યા અને પછી જરા વારમાં તો ભર ઉંઘમાં પડી.

જ્યારે પરી મઇમોનીએ જોયું કે હવે તે બંને આશક માશુકો પાછાં ભર ઉંઘમાં પડ્યાં છે ત્યારે વગર ધાસ્તીએ જીન દનહાશકને કેહવા લાગી કે "કેમ કંગાલ, હવે તેં નજરે જોયું અને તારી ખાતરી થઇ કે તારી શાહજાદી કરતાં મારો શાહજાદો વધારે ખુબસુરત છે? ચાલ, તું તારી શરત હારયો છે, પણ જા હું તે તુને માફ કરૂં છું પણ યાદ રાખજે ને ફરીથી મારી સામે કદી પણ બોંહોંસ કરતો ના ને મારૂં સર્વે કહેલું કબુલ કરજે." પછી તે કેસકાસ્ચ તરફ ફરીને બોલી કે "તારો, મારે ઉપકાર માનવો જોઇએ. તું દનહાશક સાથે આ શાહજાદીને તેણીના મેહલમાં મુકી આવ." દનહાશક અને કેસકાસ્ચ તેણીના હોકમને તાબે થઇ શાહજાદીને ઘણીજ સંભાળથી પોતાના હાથમાં લઈ તેણીના મેહલ તરફ ઉડી ગયા અને પરી મઇમોનીએ પોતાના રેહથાન કુવામાં જઇ આરામ કીધો.

બીજી બાંમદાદે શાહજાદો કમર-અલ-જમાન જ્યારે જાગ્યો ત્યારે પોતાની આસપાસ જોવા લાગ્યો તો પોતે જે બાનુંને રાતના પોતાની પડોશમાં ખુશ નીંદ લેતી જોઇ હતી તે દેખાઇ નહીં અને તેને જતી રહેલી ધારીને તે પોતાના મન સાથે બોલ્યો કે "હું ધારતો હતો તેમજ છે; મારો પીતા મને અજાયબીમાં નાખવા માગે છે તો જો કે મેં તો જે બનાવ બન્યો તે ઉપરથી ખરૂં અનુમાન કરી લીધું અને હું તેનો વિચાર પાંમી ગયો છું." પછી તેને પોતાના રખેવાલ ગોલામને બોલાવ્યો જે હજુર સુધી ઉંઘતોજ હતો તેને ઉઠાડીને જલદીથી પોશાકની તૈયારી કરવાનો હોકમ આપ્યો પણ આટલી ઉતાવલ તે શું કાંમ કરવા માંગે છે તે વિશે એક હરફ પણ કહ્યો નહીં. પેલો ગુલામ એક વાસણમાં સ્વચ્છ પાણી લાવ્યો તે વટી શાહજાદાએ પોતાનું આંગ સાફ કીધું અને બંદગી કરી એક કેતાબ લઇ થોડો વખત વાંચવામાં ગુજાર્યો.

પોતાના નીયમ મુજબ વાંચી રહ્યા પછી શાહજાદા કમર-અલ-જમાને પેલા ગુલામને બોલાવ્યો અને કહ્યું "હ્યાં આવ! જો ખબરદાર એક હરફબી ખોટો બોલ્યોચ તો તારો જાન ખોહશે. ગઇ રાતના જે બાનું મારાં બીછાનામાં મારી પાસે સુતેલી હતી તે ક્યાંથી આવી હતી અને તેણીને હ્યાં કોણ લાવ્યું હતું?"

પેલો ગુલામ શાહજાદાના સખુનો સાંભલી ઘણોજ અજાયબ થયો અને બોલ્યો, "ઓ નામદાર શાહજાદા! તમો કોણને વાસ્તે પુછો છો?" શાહજાદો બોલ્યો "હું તે બાનું વિશે પુછું છું કે જે બાનું મારી સાથે આખી રાત હતી; જેણીની કાંતો અત્રે આવી હોય અથવા તેણીને કોઇ અત્રે લાવ્યું હોય તે બાનું, સમજ્યો, હવે બોલ સાચું નહીં તો તારો જાન ગયો એમ સમજ." તે ગુલામ ધાસ્તીથી ધ્રુજતો બોલ્યો કે "શાહજાદા, હું સોગંદ ખાઇને કહું છું કે તે વિશે મને રજ ભારબી ખબર નથી. હું બારણામાં સુતેલો હતો ત્યારે કોઇ બાનું તે આવેજ ક્યાંથી?" શાહજાદો ગુસ્સે થઇ બોલ્યો, "તું જુઠો છે! નાપાક ચોર જેઓ મને હેરાન કરવા માગે છે તેઓને રાજી કરવા તું મને જુઠું સમજાવાની હીંમત કરે છે?" એવું બોલી શાહજાદાએ એક મજબુત સલાપ તે ગુલામને લગાવી અને નીચે નાખી દીધો પછી બેચાર લાત મુક્કી મારી તેની કમરે મજબુત દોરડુ બાંધ્યું અને ઘસડતો ઘસડતો તેને પેલા કુવા આગલ લઇ જઈ અંદર નાખ્યો અને કુવા મધે લટકતો રાખી પુછવા લાગો કે "ઓ નાપાક ગુલામ જે ખરૂં હોય તે તુરત કહે નહીં તો તને દુબાડી નાખું છું, બોલ, કોણ તે બાનું હતી અને તેણીને કોણ અત્રે લાવ્યું હતું?"

ગરીબ બીચારો ગુલામ! તે અરધો પાણીમાં ને અરધો બાહર એવી લટકતી હાલતમાં વિચારવા લાગો કે શાહજાદો તો ગોયા દીવાનો થઇ ગયો છે તેથી જ્યાં સુધી જુઠું બોલીશ નહીં ત્યાં સુધી જીવ બચવાનો નથી. તેથી તે બુમ પાડવા લાગ્યો કે "શાહજાદા જો તું મને જીવતદાન બક્ષે તો જે ખરેખરૂં બન્યું છે. તેથી તને વાકેફ કરશ અને જે બીના બની છે તે વિશે તારી ખાતરી કરશ."

આ ઉપરથી પેલા ગુલામને કમર-અલ-જમાને કુવામાંથી બાહર ખેંચી કાહડયો અને જમીનપર મુકી ખુલાસો કરવા ફરમાવ્યું. જ્યારે તે ગુલામ કુવામાંથી બાહેર આવ્યો ત્યારે બોલ્યો કે 'ઓ નામદાર શાહજાદા તું જોય છે કે હાલ હું કેવી હાલતમાં છું, માટે મેહરબાંની કરીને મને મારો પોશાક બદલવાની રજા આપ કે પછી નીરાંતે હું બધો ખુલાસો કરૂં" શાહજાદો બોલ્યો, "જા, હું તને રજા આપું છું પણ જલદી કરજે અને પાછો આવી જે બીનાં બની છે તે ખરેખરી કહી સાંભલાવજે."

જેવો શાહજાદાએ પેલા ગુલામને છોડયો તેવોજ તે શાહજાદાને તેના ઓરદામાં ગયલો જોઇ તુરતજ તે ઓરદાનું બારણું બંધ કરીને બીનો ને બીનોજ સુલતાનના મેહલ તરફ જીવ લઇને દોડયો.

સુલતાન શાહજમાન આ વખતે પોતાના વડાં વજીર સાથે શાહજાદાનીજ વાત કરતો હતો. તે કેહતો હતો કે તે આખી રાત સુતો નથી અને શાહજાદાની બેઅદબ અને હુલડાઇ ભરી ચાલ ઉપર અફ્શોસ કરવામાંજ તેને આખી રાત પુરી કીધી હતી.

વડો વજીર પોતાના સુલતાનને દેલાસો આપતો હતો કે કાંઇ ફીકર નહીં શાહજાદાને તેની બેઅદબી માટે વાજબી શીક્ષા થઇ છે અને હવે તે થોડા વખતમાં પોતાની ભુલ જોઇ સમજી જશે. તે બોલ્યો, "મારા મુરબ્બી સરતાજ! તમો શાહજાદા માટે એટલા બધા ફીકરમંદ ના થાવો, જો થોડો વખત શાહજાદો થોકરાશે તો પોતાની મેલે પોતાની જવાનીનો તોર નરમ પાડશે અને પોતાના બેહુંધા વિચારો માટે પસ્તાશે અને તમારી મરજી માફક કરવાને આપ મેલે તૈયાર થશે."

હજુરતો વડો વજીર છેલ્લા બોલો બોલી નહીં રહ્યો તેટલાં પેલો ગુલામ ભીને કપડે હાંફતો હાંફતો ત્યાં આવી પુગો અને શાહજમાન આગળ હાથ જોડી ઉભો અને બોલ્યો કે "ઓ નામદાર સુલતાન હું જે સમાચાર લાવ્યો છું તે સાંભળી તમો નામદાર ખચીત દલગીર થશો. શાહજાદો જીત કરી કહે છે કે તેની પડોસમાં ગઇ રાતના એક ઓરત સુતેલી હતી અને તે એવી તો ચાલ ચલાવે છે, હું માફ માંગી કહું છું કે, મને તેનું મગજ ઠેકાણે છે એવું લાગતું નથી." પછી તે ગુલામે બધી વાત માંડીને કહી સંભલાવી તથા કમર-અલ-જમાને તેની ઉપર શું શું જફા ગુજારી તથા સેવટે તેને કુવામાં નાખી કેમ ગુંગલાવ્યો તે સર્વે બીના કહી અને તેના ખરાપણાનાં દાખલામાં પોતાના ભીનાં કપડાં દેખાડ્યાં.

સુલતાન શાહજમાન આ નવી વાત સાંભલી ઘણોજ ઘભરાયો અને પોતાના વડા વજીરને કેહવા લાગો કે "આતો મોટી આફ્ત આવી પડી છે. હજુર તો તું હમણુંજ મને દીલાસો આપતો હતો કે શાહજાદો જલદી સુધરશે પણ આતો તેથી ઉલટુંજ નજર આવે છે. જા, એક પલ પણ ખોટા વગર તું ત્યાં જા અને જાતે તપાસ કર કે શું બીના બની છે અને જે હોય તે આવીને મને જણાવ." વડો વજીર તુરતજ હોકમ મુજબ ત્યાં ગયો. જેવો તે શાહજાદાના ઓરડામાં ગયો કે તેને શાહજાદા કમર-અલ-જમાનને પોતાના હાથમાં એક કેતાબ લઇ ધ્યાનથી વાંચતો શાંત બેઠેલો જોયો. તેને શાહજાદાને સલામ કીધી અને તેની પડોશમાં અદબથી બેઠો અને બોલ્યો કે "શાહજાદા તારા ગુલામ પર હું ઘણો ગુસ્સે થયો છું કારણ કે તેણે આવી જે ખોટી હકીકત હમણાં કહી તેથી તારો પીતા નામદાર સુલતાન ઘણોજ ઘભરાતમાં પડયો છે." શાહજાદાએ પુછયું "શું કામ મારો પીતા ઘભરાતમાં પડયો છે? મારા ગુલામે શું ખોટી હકીકત કહી? મને પણ એ ગુલામે ફરયાદ કરવાનું કારણ આપ્યું છે."

વજીર બોલ્યો કે શાહજાદા તને આવી સારી હાલતમાં જોઇ હું ઘણો ખુશી છું. ખોદા તને હંમેશાં સલામત રાખે. શાહાજાદો બોલ્યો કે તમોને તે ગુલામે બરોબર કહ્યું નહીં હશે, પણ જ્યારે તમોજ મારી આગલ આવ્યા છો ત્યારે તો હું તમુને પુછવા માગું છું, કે મને કેહેવો કે કાલ રાતને કોણ ઓરત મારી આગલ સુતી હતી?

વજીર અજબ થઇને બોલ્યો કે અરે શાહાજાદા જરા વિચાર રાખીને બોલ. તુંજ દરીઆફ્ત કર કે આએ મેહેલ કે જ્યાં કોઇ માણસ પણ ફટકી નહીં શકે ત્યાં એક ઓરત કેમ આવી શકે? હું તો એવું ધારૂં છું કે તેં ખ્વાબ જોયો છે.

શાહાજાદો ગુસ્સે થઇને બોલ્યો કે બસ તમો જુઠી તકતક ના કરો. હું ખાતરીથી કહું છું કે હું જે બોલું છું તે તદન ખરૂંજ છે. વજીર ગભરાઇને બોલ્યો કે અરે તું જરા ધીરો પડ, અને મને આસતે રહીને કેહે કે તેં કેઇ ઓરતને જોઇ હતી.

શાહાજાદો બોલ્યો કે "હા, હા, હું સારીપેઠે જાણું છું કે તે ઓરતને પણ ઢોંગ કરી સુઈ રેહેવા તમોએ શીખવી રાખ્યું હશે કે તે મારા સુતા પછી પાછી ઉઠીને ગેપ થઇ ગઇ." આ ઉપરથી વજીર બોલ્યો કે "શાહાજાદા હું સોગદ લઇને કહું છું કે કોઇ કાળે અમોએ એવું કામ કીધું નથી. હું તો શું પણ તારો બાપ વાત એ વિશે કાંઇ જાણતો નથી. તું જરા વિચાર કર અને તું તરત કબુલ કરશે કે તે ફક્ત એક સ્વપ્નો હતો."

શાહાજાદો ચીરડાઇ જઇ બોલ્યો "શું કે મારી મશકરી કરે છે?" એમ કહીને તેણે વજીરની દાહાડી પકડી, અને તેને એવો તો માર મારયો કે તે બીચારાને નાહાસવાનો પણ દાવ ફાવ્યો નહીં. તે બીહીતો બીહીતો બોલ્યો કે નામદાર શાહાજાદા જરા મારૂં ધીરજથી સાંભલ પછી તારા હાથ ચલાવ.

જ્યારે વજીરને શાહાજાદાએ છોડયો ત્યારે તે નેક વજીર ધીરજથી તેને કેહેવા લાગો કે શાહાજાદા એ વાતની મને તો ખબર નથી; તે કરતાં જો તારી મરજી હોય તો હું જઇને એ વાત તારા બાપને પુછું? શાહાજાદો બોલ્યો કે હા હું તેમ કરવા માગું છું તું જલદી જઇને ખબર લાવ કે શું આ વાત ખરી છે? વજીર બીચારો ધ્રુજતો ધ્રુજતો શાહાજાદાની આગળથી ઉઠયો, તેનાં ઓરડાનું બારણું બાહારથી બંધ કીધું, અને પોતે દલગીરીથી સુલતાન જઇને કેહેવા લાગો કે નામદાર સુલતાન આપણા ગુલામે શાહાજાદા વિશે જે અહેવાલ આપ્યો હતો તે તદન ખરો છે. એમ કહીને વજીરે સુલતાન સર્વે વાતથી વાકેફ કીધો.

હવે શાહાજમાન પોતાનાં બેટાને હમેશાં ઘણોજ ચાહતો હતો તેથી આ અહેવાલ જાણી ધભરાઇ જઇને એ બાબદ વિશે પોતે જાતે તજવીજ કરવાને ઠેરાવ કીધો. તે વજીર સાથે, પેલો પડત કીલ્લો કે જેમાં શાહજાદા કમર–અલ–જમાનને કેદ રાખ્યો હતો, ત્યાં ગયો અને જતાંવાર તેનો બેટો તેને અસ્ત-કબાલ લેવા આવ્યો સુલતાન પોતાના બેટાની પાસે બેઠો, અને ઘણોક વાર સુધી જુદી જુદી બાબદો ઉપર વાત કરવા લાગ્યો. જે જે સવાલો સુલતાન પુછતો તે સવાલોના જવાબ શાહાજાદો તદન સારી રીતે આપતો હતો તેથી સુલતાન વારે ઘડીએ વજીર તરફ જોતો હતો કે તે કહ્યું તે સઘલું ખોટું છે.

અંતે સુલતાને પેલી ઓરતની વાત છેડી, અને પોતે બોલ્યો કે બેટા તું કેઇ ઓરતની વાત કરે છે? શાહાજાદો બોલ્યો કે પીતાજી મને વધારે છેતરાવાને બદલે મેહેરબાની કરીને મને તેણીની સાથે પરણાવો તો ઘણું સારૂં, આજ સુધી તો હું ઓરત જાતને ધીકારતો હતો, પણ હાલ હું એ નાંજનીને દીલોજાનથી પંસદ કરૂં છું. માટે મારી જેમ બને તેમ જલદી શાદી કરી આપો તો ઠીક પોતાનાં બેટાનાં બોલવા ઉપરથી સુલતાન તો ધભરાઇજ ગયો તે બોલ્યો કે બેટા તું એવું બોલે છે કે જેથી હું અજાયબ થયા વગર રેહેતો નથી. જે તાજ હું હાલ પેહેરૂં છું, અને જે તાજ મારાં મરણ પછી તારા શીર ઉપર શોભા આપશે તે તાજના સોગંદ ખાઇને કહું છું કે હું કોઇ પણ ઓરત વિશે જાણતો નથી. તે સાથે વળી ત્યાં આવી જગામાં કોણ ઓરતની તાકાદ છે કે અંદર ફટકી શકે. વાસ્તે બેટા વિચાર કંર, કોણ જાણે તેં સ્વપ્નો જોયો હશે.

શાહજાદો બોલ્યો કે બાવા! જે બેઅદબી મારેથી થઇ છે તે મને માફ કરો, પણ હું જે બોલું છું તે જરા ધીરજ ધરીને સાંભલો તો ઘણું સારૂં. ત્યાર પછી ગઇ રાતનાં શું શું બન્યું હતું તે તે બાબદથી સુલતાનને શાહજાદાએ સારી રીતે વાકેફ કીધો, અને છેલ્લે સરવાલે પેલી વીંટી દેખાડીને બોલ્યો કે પ્યારા પીંતાજી તમો મારી વીંટી તો સારી પેઠે ઓલખતા હશો, પણ ત્યાં જોવો કે તે બાનુંની વીંટી મેં રાતનાં તેણીને આંગલેથી કાહાડીને પેહેરી હતી એથી હું ધારૂં છું કે હવે તમારી ખાતરી થયા વગર રેહેશેજ નહીં.

આ વાત તદન ખરીજ છે એવું જ્યારે શાહજમાનને દાખલા દલીલથી માલમ પડયું, ત્યારે તેને

શું બોલવું તે પણ તે સુજ્યું નહીં. સુલતાનને ચુપ બેઠેલો જોઇને શાહાજાદો બોલ્યો કે મુરબીજી સાહેબ જે ખુબસુરત બાનું ઉપર હું આટલો બધો મોહીત થયો છું, તે બાનું મને અપાવાને તમોથી બનતી મેહનત કરો, અને મારી ઉપર ઉપકાર કરો.

શાહજમાન બોલ્યો કે બેટા તારી વાત સાંભલવાથી, અને તેથી વધારે આ વીંટી જોવાથી મારી ખાતરી થઇ છે કે એ વાત તો તદન ખરી છે, પણ અરે ખોદા તે બાનું કોણ હશે તે હું જાણું તો કેવું સારૂં? હું જો આજે તેણીને જોઊં તો દુન્યામાં સઉથી સુખી ગણાઉં, પણ મારી રજા વગર અથવા મને જણાવ્યા વગર તે આ દીવાનખાનામાં કેમ દાખલ થઇ શકી હશે? શું ત્યારે તને તે પોતાની ખુબસુરતી દેખાડી એશકમાં ગરકાવ કરવા માટે આવી હતી, અને શું તે તારા સુતા પછી પાછી જતી રહી? ખોદા કરેને આપણે આ ભરમથી વાકેફ થઇએ, કારણ કે એ બાબદ જો નહીં માલુમ પડશે તો આપણને ખચીત ધીરનો રસ્તો સોધવો પડશે. ત્યાર પછી સુલતાન પોતાનાં બેટાનો હાથ પકડી બોલ્યો કે ચાલ બેટા તારા દુઃખમાં મને પણ ભાગ લેવા દે, અને આપણે બંધે દલગીરીમાં સામેલ થઈએ.

શાહાજાદો પોતાના પ્યારમાં એટલો તો ગરકાવ થઇ ગયો હતો કે કેટલાક દાહાડા સુધી તો મેહેલમાનાં એક ઓરડામાં કોઇ સાથે વાત ચીત કીધા વગર ગંધાઇ રહ્યો, અને તેની સાથ શાહજમાન પણ પોતાનાં રાજની લગામ પડતી મુકીને એવી રીતનો વીલાપ પકડી બેઠો કે જે વીલાપ કોઇ પણ ઓછો કરી શકતું નહીં હતું.

વડા વજીરનેજ માત્ર સુલતાન પોતાના ઓરડામાં બોલાવતો હતો, તેથી તેણે એક દાહાડે શાહજમાનને કહ્યું કે જેહાંપના તમો આટલા દાહાડા થયા દરબારમાં બીરાજતા નથી, અને બરોબર ઇનસાફ ચલાવતા નથી માટે લોકો તમારી ઉપર ઘણા ખફા થાય છે, અને ફરયાદ ઉઠાવે છે માટે ઓ નામદાર સુલતાન તમો તમારૂં રાજ જાલવવા માંગતા હોવો તો તમારા બેટાને ત્યાંથી થોડેક દુર એક ખુશનુંમા ટાપુ છે ત્યાં મોકલો, અને આઠ દાહાડામાં બે વખત શાહજાદાની મુલાકાત લેવો.

શાહજમાનને પોતાનાં વજીરનો આ ઠેરાવ પસંદ પડયો તેથી શાહજાદા કમર–અલ–જમાનને તે ટાપુ જે લાંબો વખત થયો ઉજડ પડેલો હતો ત્યાં તુરતજ જોઇતી તૈયારી કરવામાં આવી ને પછી ત્યાં શાહજાદાને મોકલી દીધો કે તેને જોઇ તે એટલો ગમગીન રેહે નહીં.

પેલી શાહજાદીને શાહજાદાની પાસેથી ઊંચકી જીન દનહાશક અને કેસકાશ્ચ તેણીનાં મેહેલમાં મુકી આવ્યા હતા. જેવી પેલી શાહાજાદી બીજી સવારે ઉઠી, ત્યારે પોતાની આસપાસ ફરીને જોયું તેવોજ પેલા શાહજાદાને તેણીએ તદન ગેપ થઇ ગયલો જોયો. તેણીએ તરત પોતાની એક ગુલામડીને મોટેથી બુમ પાડી બોલાવી, તો એકને બદલે બધી દોડી આવી. તેણીની ખાસ ખીદમતગારે તે શું કેહવા માંગે છે તે પુછયું.

શાહજાદીએ જવાબ આપ્યો કે જે શાહાજાદા આગલ હું ગઇ રાતના સુતી હતી, અને જેને હું મારાં જીગરથી વધારે ચાહતી હતી તે શાહાજાદો ક્યાં ગુમ થઇ ગયો છે? પેલી ખીદમતગાર અજબ થઇને બોલી કે મારી પ્યારી બાઇ, કયો શાહજાદો? શાહાજાદીએ જવાબ દીધો કે એક ખુબસુરત ચેહેરાનો જુવાન શાહાજાદો મારી પાસે રાતનાં સુતેલો હતો; અને તે હાલ કયાં જતો રહ્યો? પેલી ગુલામડી બોલી કે બાઇ શું તમો મારી મશકેરી કરો છો કે? તમો રાતનાં સુવા ગયાં ત્યારે તારી સાથે કોઇ માણસ નહીં આવ્યો હતો; તમો એમ શા માટે બોલો છો?

શાહાજાદી ઘણીજ ચીડમાં આવીને બોલી કે, ઓ નાપાક તું મને એ ભેદ કેમ ખોલશો કરતી

નથી. એમ કહીને તેણીના બાલ હાથમાં પકડી તેણીને સજ્જર ઠોકવા લાગી અને બોલવા લાગી કે "નાપાક બુઢી દદા જો તું મને બરાબર કેહશે નહીં તો હું તારો જાન લઇશ." જેમ તેમ પેલી બીચારી ખીદમતગાર તેણીના પંજામાંથી છુટીને રાણીની આગળ નાહસી ગઇ, અને રડતી રડતી કેહેવા લાગી કે "બાઇ તમો જોવો કે શાહાજાદીએ મારા કેવા બુરા હાલ કીધા છે. હું ધારૂં છું કે શાહાજાદી ઘેલી થઇ ગઇ છે, માટે મારી સાથે તમો આવી તેણીને જોઇ જાવો."

ચીનની રાણી પોતાની બેટીને ઘણી ચાહાતી હતી તેથી તરત શાહજાદીના ઓરડામાં ગઇ, અને તેણીની પાસે બેઠી અને ધીરજથી તે સાથે બીજી ત્રીજી વાત કરવા લાગી, પછી આસ્તે રહીને કેહેવા લાગી કે "બેટી તું એટલી શાની ચીરડાઇ ગઇ છે. ખરેખર તુંને તારી દાસીને એ પ્રમાણે મારમારવો નહીં જોઇએ, કારણ કે એવી ચાલ એક તારા જેવી ઉંચી પદવીની શાહજાદીને છાજે નહીં."

શાહાજાદી બોલી કે "માતાજી હું ધારૂં છું કે તમો પણ મારી મશકેરી કરવા આવ્યાંછો, વાસ્તે હું કહું છું કે એટલી બધી મારી સાથે તમારે કઠણાઇ ચલાવવી નહીં અને મારો ધણી મારે હવાલે કરવો કે તે ખુબશુરત જવાન સાથ મારી શાદી થઇ ચુકી છે, તેના વગર મને જરાબી ચેન પડતું નથી અને હું ઘણી બેકરાર થઇ છું."

રાણી બોલી કે "બેટી તું જે બોલેછે તે સાંભલીને હું તો ઘણીજ અજબ થાઊંછું ને તું શું વાત કરે છે તે હું તદન સમજતી નથી." શાહાજાદી પોતાની માની તરફનો દરજજો ભુલી જઇને ઘણી ચીરડાઇને બોલી કે "માય તમોએ અને મારા બાપે મને પરણાવવાને માટે બોહોંસ કીધી હતી, પણ મેં તમારૂં માન્યું નહીં; પણ હાલ પેલો જુવાન શાહાજાદો કે જેને કાલ રાતનાં તમોએ મારી આગલ મોકલ્યો હતો તેની ઉપર એટલીતો હું ફીદા થઇ છું કે જો તેને તમો શીતાબ લાવી નહીં આપશો તો હું આપઘાત કરીને મરી જઇશ."

રાણી ધીરા સ્વભાવથી કેહેવા લાગી કે "પ્યારી બેટી તું વિચાર કર કે તારા ઓરડામાં કોઇ માણુસ જાત કેમ આવી શકે?" પણ તે શાહાજાદી એવીતો ઝનુની બની ગયલી તથા એટલીતો નાસીપાસ થયલી દેખાઇ કે રાણીએ તેણીને થંડી પડવા દેવા માટે તરત છોડી જવાનું વાજબી વિચાર્યુ અને તેણીને મલીને રાણી શાહને મલવા ગઇ કે જ્યાં તેણીએ સર્વે ખુલાસો શાહને કીધો.

પાદશાહને જેવી આ વાતની ખબર પડી તેવોજ તે પોતાની બેટીનાં ઓરડામાં ગયો કે શાહજાદી તરત બોલવા લાગી કે "મેહરબાન મુરબ્બી બીજી વાત હાલ માંડી વાલો, અને મેહેરબાની કરીને જે ખુબસુરત શાહજાદા સાથે તમોએ મારા નેકા કરી આપ્યા છે તે શાહજાદાને મને સોંપી દેવો એટલે બસ."

શાહ બોલ્યો કે "હું શું સાંભલું છું? શું કોઇ મરદ જાત તને ગઇ રાતના મલી ગયો છે?" શાહજાદીએ તરત ઉત્તર વાલ્યો કે "તમો મને એ સવાલ શું કામ કરો છો? તમો જે બન્યું છે તેથી પુરતા વાકેફગાર છો. તેના જેવો ખુબસુરત આદમી બાગેબેહેસ્તમાંબી કોઇ હશે નહીં. હું અરજ કરૂં છું કે તેને મારી આગલ પાછો મોકલો. હું હવે કદીબી તમારી ઇચ્છાનો અનાદર કરીશ નહીં. મેં તે ખુબસુરત જવાનને મારી પડોસમાં સુતેલો જોયો છે, મેં તેને હાંક મારયા અને ઘણી તજવીજ કીધી પણ તે પોતાની ઊંઘમાંથી જાગ્યો નહીં. જુઓ આ તેની વીંટી મારે આંગલે બીરાજે છે તે." એમ કહીને તેણીએ પોતાના બાપને બધી વાતથી વાકેફ કીધો, અને પેલી વીંટી શાહને દેખાડી. આ વીંટી કોઇ મરદની છે એવું જોઇ શાહ ઘણો અજાયબ થયો, તોપણ તેણીનાં બોલવા ઉપર કાંઇ વીશ્વાસ લાવ્યા વગર તે હવે છેકજ હાથથી ગઇ એવું સમજી તેણે તરત હોકમ કીધો કે "તેણીને સાંકલની બેડી પેહેડાવે, કારણ કે નહીં તો મબાદા પોતાની જુમમાં પોતાનો અને બીજાનો જાન લેશે. તેણે વલી મજબુત

હોકમ કીધો કે તેણીનાં ઓરડામાં તેણીની દાસી સીવાય બીજું કોઇ જાય નહીં, અને તેણીનાં ઓરડા આગળ જાથુક પોહોરો રાખે."

ચીનનો શાહ પોતાની વાહલી દીકરીને આવી રીતે ઘેલી બની ગયલી જોઇને કાંઇ થોડો ગમગીન નહીં થયો હતો. તેણે એક દાહાડો દરબાર ભરી અને એવો હોકમ કસ્યો કે જે "કોઇ શખ્સ મારી છોકરીને સારી કરશે તેને હું તેણીની સાથે પરણાવી આપીશ અને તેને મારી ગાદીનો વારેસં બનાવીશ."

ચીનના શાહની આ દરખાસ્ત સાંભલી આવી ખુબસુરત શાહાજાદી સાથે પરણવાની હોંશથી, અને આવાં બોહોલા મુલકનો પાદશાહ થવાની આતુરતાથી, એક બુઢો અમીર જે જાદુઇ વિદ્યામાં ઘણો ખબરદાર ગણાતો હતો તેણે તરત કબુલ કીધું, કે "હું શાહાજાદીને તરત સારી કરીશ." પાદશાહે તરત પાછું જણાવ્યું કે "કોઇ પણ શખ્સ જો મારી છોકરીને સારી નહીં કરે તો તેનું માથું કાપી નાખ્યામાં આવશે, કારણ કે જે શખ્સ જ્યારે આવી શાહાજાદીનો હાથ લેવા તૈયાર થાય ત્યારે તો તેને પોતાની જીંદગીની પણ દરકાર કરવી નહીં જોઈએ."

પેલો અમીર તરત કબુલ થયો તેથી શાહ પોતે તેને શાહાજાદીનાં ઓરડામાં લઇ ગયો કે જેને જોતાં વાર શાહજાદીએ પોતાનું મોહોડું ઢાંકયું. તે બોલી કે "બાવા તમો કોણને હ્યાં લઇ આવ્યા છો? જે ધણી સાથ હું પરણવા માગું છું તે ધણી એ નહીં હોય. આપણા પાક મજહબ મુજબ પારકા ધણીને મારો ચેહરો હું દેખાડી શક્તી નથી." શાહ બોલ્યો કે "મારી બેટી તું કોઇબી રીતે ધારતી ના કર; કારણ કે આ શખ્સ મારી દરબારમાં ઉંચો ઓધો ધરાવનાર એક અમીર છે અને તે તારા હાથનો ઉમેદવાર. છે." શાહજાદીએ જવાબ આપ્યો કે "આ કંઇ પેલો મારો ધણી નથી કે જેને તમોએ મારા ધણી દાખલ કબુલ્યો છે અને જેની વીંટી મારે આંગલે બીરાજે છે? તે સીવાય બીજા કોઇનેબી હું કદીબી કબુલ કરનાર નથી."

પેલા અમીરે તો આશા રાખી હતી કે શાહજાદી જ્યારે દીવાનીજ થઇ છે ત્યારે તો ફાટું ફાટું બોલશે ને ઝનુની જોસ્સાથી મારી સાથે વાત કરશે પણ તેને બદલે તેને નાસીપાસી સાથે જોયું કે શાહાજાદી તો આવી સારી રીતે વાત કરે છે, અને કોઇ શાહાજાદા ઉપર આશક પડી છે તેથી પોતાની મોહબતની ખુવારીમાં કોઇવાર જોશમાં આવી જાય છે. તે તરત બાદશાહના પગ ઉપર માથું મુકીને કેહવા લાગો કે "નામદાર સાહેબ તમો કેહો છે તેમ એ કાંઇ દીવાની નથી, અને તેટલા માટે મારાથી એનું દરદ સારૂં થાય નહીં, વાસ્તે મારી જીંદગી હવે તમારી મરજી ઉપર આધાર રાખે છે." આ સાંભલી ચીનનો શાહ પેલા અમીર ઉપર એટલો ચીરડાઇ ગયો કે તરત તેનું માથું કાપી નાખવાનો હોકમ આપ્યો. કોઇબી રીતે શાહજાદી ઠેકાણે આવશે એવું ધારી થોડા દાહાડા રાહ જોઇ ચીનના શાહે પોતાનાં હાથ નીચેનાં રાજોમાં તથા પોતાની આસપાસનાં બીજાં શેહેરોમાં એવો ધંધેરો ફેરવ્યો કે "કોઇ પણ વેદ, નજુમી, યા જાદુગર મારી છોકરીને સારી કરી શકે એવો હોય તો મારા શેહેરમાં તરત આવવું. અગરજો તે શાહજાદીને સારી કરવામાં ફતેહ પાંમે તો તેને મારૂં રાજ અને મારી બેટી બંને મલશે, અગર તે મારી બેટીનું દરદ નહીં સારૂં કરી શકે તો તેને પોતાનું માથું જલાદને હવાલે કરવું પડશે."

જે પેહેલો ઉમેદવાર આવ્યો તે એક નજુમી હતો; શાહે તેને તુરત શાહજાદીનાં મેહેલમાં મોકલ્યો. પેલો નજુમી શાહજાદીનાં ઓરડામાં આવી એક કોઠલામાંથી એક ત્રાંબાનું વાસણ, એક કેતાબ, અને થોડીક દવા કાહાડવા લાગો, અને આતશ મંગાવાનો હોકમ કીધો. પેલી શાહાજાદી આએ બધા ઢોંગ જોઇને બોલી કે એનું કારણ શું? એક ખોજો જે શાહાજાદી પાસે ઉભેલો હતો તેણે જવાબ આપ્યો કે બાઇ તમારા દીલમાં જે પલીદ ભરાયો છે તેને આ વાસણમાં બંધ કરી બાળી નાખવાનો છે.

ચીનની શાહજાદી આ ઉપરથી ઘણી ગુસ્સે થઇ બોલી કે "ઓ નાપાક તું શું ઢોંગ કરે છે? હું તદન મારી હુશીઆરીમાં છું; બસ મને તું મારા આશક સાથે મેલવી આપ ને પછી મને તદન સારી થયલી સમજ." પેલો નજુમી બોલ્યો કે "અરે જ્યારે એવુંજ છે ત્યારે તો હું તુંને સારૂં કરી શકનાર નથી. તું તારા બાપનેજ કેહે કે તુંને સારૂં કરે. મારી ક્યાં કમબખ્તી લાગી કે તુંને સારૂં હું કરવા આવ્યો." એમ બોલી પાછો ફરયો. જ્યારે પેલા નજુમીને ચીનના શાહની હજુર પાછો લાવવામાં આવ્યો ને જેવો તે શાહની હજુર આવી ઉભો કે ગુલામ બોલે તેની આગમચ નજુમીજ હાવરો બાહવરો બોલવા લાગ્યો કે ઓ નામદાર શાહ તમોએ દુન્યાને જાહેર કીધું છે તે મુજબ મને પણ જણાવ્યું હતું કે તમારી બેટી દીવાની છે, અને તે ઉપરથી મને ખાતરી હતી કે મારાં ઇલમને જોરે હું તેને સારૂં કરી શકતે. પણ જ્યારે મેં તેણીને નજરે જોઇ ત્યારે મારી ખાતરી થઇ કે તે કાંઇ દીવાની નથી પણ તેણીને તો મોહબતનું દીવાનપણું લાગું છે તેમાં મારી યુક્તી કાંઇ ચાલવાની નથી કે નથી મારો ઇલમ કાંઇ કરી શકવાનો પણ તમો નામદારજ તેના દરદનો ઇલાજ તુરત કરી શકશો. અને તે ઇલાજ એ છે જેની ઉપર તે દીલોજાનથી ફીદા છે તે ધણીને તેણીને મેલવી આપો કે તેનું દરદ નરમ પડી જશે." નજુમીના આવા સોખાઇના ને હીંમતભર્યા સખુનો સાંભલી ચીનનો શાહનશાહ ઘણો વિચારમાં પડી ગયો પણ પછી તુરતજ તેનો ગુસ્સો ઉભરી આવ્યો તેથી પેલા નજુમીની ગરદન ઉડારી નાખવાનો તેને હોકમ કીધો.

ટુંકમાં ચીનના શાહે પોતાની બેટીના બાબમાં, નજુમીઓ, વૈદો, અને જાદુગરોમાં ગણાતા નજદીક દોઢસો માણસોને કતલ કીધાં અને તેઓનાં ડોકાંઓ શેહરના જુદા જુદા દરવાજાઓ ઉપર લટકતાં થયાં હતાં. ચીનની શાહજાદીની દાયાને એક મરજવાંન નામનો બેટો હતો; જે ચીનની શાહજાદીની સાથેજ ઉછરેલો હતો તેથી ગોયા તેણીના જોડ્યા દુધ ભાઇ તરીકે ગણાતો હતો. તેઓને બચપણથીજ ઘણી દોસ્તી પડી હતી તેથી તેઓ ભાઇ બેન તરીકેજ ગણાતાં હતાં અને જ્યારે તેઓ મોટાં થયાં ત્યારે છુટાં રેહવા લાગાં તોપણ તેઓ એક બીજાને ભાઇ બેહન તરીકે ખાલેસ પ્યારથી ચાહતાં હતાં.

મરજવાંનને ઘણી ઊંચી કીસમની કેલવણી મલી હતી અને તે ઘણી વિદ્યામાં સંપૂર્ણ હતો તેમાં જોતીશ વિદ્યાબી તે ઘણી સારી રીતે જાણતો હતો. તે ફક્ત પોતાના કાબેલ ઉસ્તાદોથી મલેલી કેળવણી ઉપરજ મરજવાંને પોતાના જ્ઞાનનો આધાર રાખ્યો નહીં પણ દેશે દેશની મુસાફરી કરીને અનુભવ મેલવી પોતાના જ્ઞાનને સંપૂર્ણ કીધું હતું; જે જે વિદ્વાનો જોતીશ વિદ્યામાં કુશલ ગણાતા હતા તે સર્વેની મુલાકાત મરજવાંને લીધેલી હતી ને જેબી દેશનાં કોઇ કાબેલ જોતીશની વાત સાંભલતો ત્યાં જવાને તે જરાબી વીલમ લગાડતો નહીં હતો અને તેની પાસેથી કાંઇબી નવું મેલયા વગર ત્યાંથી પાછો ફરતો નહીં હતો. અને જ્યારે ચીનની શાહજાદી ઉપર આ બધી શખ્તી ગુજરતી હતી તે વખતે મરજવાંન ચીન દેશમાં નહીં હતો પણ ઘણાં વરસ થયાં બાહરગાંમજ ફરયા કરતો હતો.

સેવટે મરજવાંન ઘણાં વરસનો ગાલો નાખી ચીન સરજમીન આવી પુગો અને જેવો શેહરમાં દાખલ થવા જાય છે તેવીજ તેની નજર શેહરના દરવાજા પર પડી તો ત્યાં માણુસનાં ડોકાં ટાંગેલાં જોઇને તે અતીઘણો અજાયબ થયો. જેવો તે પોતાનાં મકાન પર આવી પુગો કે પેલાં ડોકાંઓ વિશે તજવીજ કરવા લાગો, પણ તે પેહલાં તે પોતાની બેહન સમાન પ્યારી શાહજાદીની ખબર પુછવાને ભુલ્યો નહીં, કારણ કે તેણીની યાદ તેના દીલમાં હંમેશ તાજીજ હતી. તેને જે જવાબ મલ્યો તે ઉપરથી તેને ઘણો ખેદ થયો પણ જ્યાં સુધી તેની મા ઘરમાં આવે ને બધી બીનાથી બરાબર રીતે તેને વાકેફ કરે ત્યાં સુધી તે થોભ્યો. જોકે તેની મા શાહજાદી આગલજ હંમેશ ઘણી રોકાયલી રેહતી હતી તે છતાં જ્યારે તેણીએ પોતાના પ્યારા બેટાને આવી પુગેલો જાણ્યો તેવીજ તે તેને

ભેટવા માટે તુરતજ પોતાના મકાનમાં આવી. તેણીએ મલી ભેટી રહેવા પછી આંખમાં આસું લાવી શાહજાદીની હાલત વિશે મરજવાંનને વાકેફ કીધો તથા ચીનના શાહના જુલમની વાત કહી સંભલાવી તેથી મરજવાંને પોતાની માતાને કહ્યું કે શાહની જાણ વગર તેની છુપી મુલાકાત શાહાજાદી સાથે કરાવવી. આ સાંભલી મરજવાંનની માએ થોડો વખત વિચાર કીધા પછી જવાબ આપ્યો કે "હું હમણા તને જવાબ આપી શકતી નથી પણ કાલે વિચાર કરીને જવાબ આપીશ અને કાલે આએજ વખતે હું તને પાછી મલીશ."

શાહજાદીની ચોકી માટે જે ખોજા ગુલામને દરવાજાપર ચોકીદાર તરીકે રાખ્યો હતો તેને ફક્ત પેલી બુઢ્ઢી દાયા શીવાય કોઇને પણ શાહજાદી નજદીક જવા દેવાનો હોકમ હતો નહીં, પેલી દાયાને ખબર હતી કે તે ગુલામ નવોજ હતો અને શાહજાદી તથા તેની વચ્ચેનો સંબંધ તેને માલમ હતો નહીં તેથી તે બોલી કે "તને તો ખબર નહીં હશે પણ આ શાહજાદીને ન્હાનપણથી મેં પાલીપોસીને ઉધારી મોટી કીધી છે અને મારીજ સંભાલ હેઠલ શાહજાદી આટલી મોટી ઉમરની થઇ છે. વલી જે વખતે શાહજાદીનો જણુમ થયો તે વખતેજ મારે ત્યાં પણ એક છોકરીનો જણુમ થયો હતો તેથી એ બંને છોકરીઓને મેં સાથેજ ઉધારી મોટી કીધી હતી. મારી છોકરી થોડુંક થયું પરણી ગઈ છે અને શાહજાદી પર તેણીનો ઘણો પ્યાર હોવાથી તે શાહજાદીને આવા વખતમાં મલી દેલાસો આપવા અત્રે આવવા માંગે છે પણ તે મુલાકાત ઘણી છુપી થવી જોઇએ કે મારી બેટી ત્યાં આવી ગઇ તે કોઇ જાણે નહીં."

પેલી દાયા વધારે બોલવા જતી હતી પણ પેલા ખોજાએ તેણીને બોલતી અટકાવી તે કહ્યું કે "ઠીક છે; શાહજાદીનું કાંઇ ભલું થતું હોય તો તે કરવાને મને ઘણીજ ખુશાલી ઉપજશે. તું જોઇએ તો જઇને તારી છોકરીને ત્યાં તેડી લાવ નહીં તો તેણીને બોલાવી મંગાવ અને રાતને વખતે જ્યારે શાહ સુઇ જાય ત્યારે આ દરવાજા તારે માટે ઉંગાડા રાખીશ." જેવી સાંજ પડી કે પેલી દાયા પોતાના બેટા મરજવાંન આગળ ગઇ. તેણીએ મરજવાંનને ઓરતનો પોશાક એવી તો સીફતથી પેહડાવ્યો કે કો-ઇથી તે મરદ છે એમ કદીબી પારખી શકે નહીં. એવી રીતે સ્ત્રીનો પોશાક પેહડાવી મરજવાંનને શાહજાદી આગળ લઇ ગઇ. પેલા ખોજા ખીદમગારે શાહજાદીના ઓરડાનું બારણું ઉઘાડી પેલી દાયાને તથા મરજવાંનને (દાયાની છોકરી સમજી) તુરતજ દાખલ કીધાં.

મરજવાંનની મુલાકાત શાહજાદી સાથ કરાવ્યાં આગમચ પેલી દાયા શાહજાદી આગલ ગઈ અને બોલી કે "ઓ શાહજાદી આ મારી સાથે આવેલી સ્ત્રીને તું ઓલખે છે? એ ઓરત નથી પણ મારો બેટો મરજવાંન છે, જે પોતાની મુસાફરીથી હમણાજ આવી પુગો છે જેને આ અવતાર આપીને છુપી રીતે હું તારી મુલાકાત માટે લાવી છું. હું આશા રાખું છું કે તું ખુશી સાથે તેની મુલાકાત લેશે."

જ્યારે શાહાજાદીએ મરજવાંનનું નાંમ સાંભળ્યું ત્યારે તેને ઘણી ખુશાલી પેદા થઇ. શાહજાદી તુરતજ બોલી ઉઠી કે "આવ ત્યાં, મારા બેરાદર તારા મોહપરથી બુરખો કાહડી નાખ: કારણ કે ભાઇ બેહનને એકકથી મોહ છુપાવવું નહીં જોઇએ પણ ખુલ્લી રીતે વાતચીત કરવી જોઇએ." મરજવાંને શાહજાદીને ઘણી નમીને સલામ કીધી અને જવાબ આપવા જતો હતો પણ શાહજાદીએ તેને બોલવા દીધો નહીં અને પોતેજ બોલવા લાગી કે "હું જોઇને ઘણી ખુશી છું કે તું આટલા વરસ મુશાફરીએ ગયો અને તે અરસામાં તેં સારી તંદરોસ્તી ભોગવેલી લાગે છે પણ તેં મારી ઉપર તો કાંઇ કાગજ પત્ર લખ્યો નહીં તો નહીં પણ તારી ભલી માતા પર પણ કાંઇ ખબર અંતર લખી નહીં તેનું કારણ શું?"

મરજવાંને જવાબ આપ્યો કે "મેહરબાંન શાહજાદી મારી તરફની તારી મેહરબાંની આટલી હદ સુધીની છે એ જાણી હું ખરેખર ઘણો આંનંદ પામ્યો છું. મારી લાંબી મુશાફરીમાં હું એવી એવી

જગાઓ પર જઇ લાગો હતો કે ત્યાંથી હું કાંઇ લખી મોકલું તે તમોને પુગવું મુશકેલ હતું. હું આપણા શેહરમાં આવી પુગો ત્યારે તમો નામવર શાહજાદી માટે સારા સમાચાર સાંભલવાની પુર આશામાં હતો તેને બદલે તમારી આવી હાલત વિશે સાંભલી હું અતીઅંત દલગીર થયો છું. તોપણ હું ઘણો ખુશી છું કે આટલા બધા માણસોનાં નીશફલ થવા પછી હું તમોને સારૂં કરવાને તુરત વેલ આવી પુગોછું. મ્હારી દેશે દેશ ફરવાની ઝેહમત અને મેલવેલાં જ્ઞાનનો બદલો જો હું તુંને સારૂં કરી મેલવું તો મારી જીંદગીની બધી આશા પ્રાપ્ત થયલી ગણાય. એમ કહીને મરજવાંને પોતાની પાસેની એક કેતાબ તથા બીજી ચીજો ખેંચી કાહાડી, અને બીજી તૈયારી કરવા લાગો, તે જોઇને શાહાજાદી બોલી કે "શું ભાઇ, જે લોકો મને ઘેલીમાં ખપાવે છે તેમના તમો પણ છો કે શું? જરા હું કહું છું તે ધીરજથી સાંભલો એટલે તમારી ખાતરી થશે, અને બીજાઓની માફક તમો ઠગાશો નહીં."

પછી શાહજાદીએ સર્વે હકીકત પેહેલેથી છેલ્લે સુધી મરજવાંનને કહી સંભલાવી. તેણીએ બારીકમાં બારીક હકીકતબી કહી અને કસ્સુ બાકી રાખ્યું નહીં. પેલી વીંટી જે શાહજાદાએ બદલી લીધી હતી તેબી તેને દેખાદી અને બોલી કે "મેં તમારેથી કાંઇબી છુપાવ્યું નથી પણ એટલું તો મારે કેહવું જોઇએ કે એ ખરેખર અજાયબ જેવું છે તોપણ તેમ કેહવામાં હું દેવાની છે એ ધારવું ખચીત વાજબી નથી."

શાહાજાદી જેમ બોલતી તેમ મરજવાંન અજાયબીથી અને આતુરતાથી સાંભલતો હતો. પછી છેલ્લે બોલી ઉઠયો કે "પ્યારી બેહેન હું ધારૂં છું તેમ આ જે તમો કહોછો તે ખરૂં હોય તો મારી ઉપર તમો આજથી વીશ્વાસ રાખો; કાંએકે જે જે દેશોમાં હું નથી ફરયો તે તે દેશોની ખોલમાં ફરી હું પાછો ઘાં આવું ત્યારે તમો એમજ સમજજો કે તમારો પ્યારો આશક તમારીથી હવે દુર નથી રહ્યો." એમ કહીને મરજવાને શાહજાદીની રજા લીધી, અને બીજે દાહાડેજ પાછો મુસાફરી કરવા નીકલી પડયો.

મરજવાંન દેશ દેશ, શેહેરે શેહેર, પ્રગણે પ્રગણે, અને ટાપુ ટાપુએ ફરવા લાગો. જ્યાં જ્યાં તે ગયો, ત્યાં ત્યાં શાહાજાદી બદુરાની અજાયબ જેવી વાત રીવાયે બીજું કાંઇજ તે સાંભલતો નહીં હતો. એમ કરતાં ચાર મહીનાં ગુજરી ગયા ત્યાં સુધી ફરીને તે એક "તોરફ" નામનાં મોટાં શેહેરમાં આવ્યો કે જ્યાં શાહાજાદી બદુરાને બદલે તેણે શાહાજાદા કમર-અલ-જમાનની વાત સાંભલી કે જે બનાવ શાહાજાદી બદુરાનાં જેવોજ આબેહુબ હતો. આ ખુશખબર સાંભલી મરજવાંન ઘણો હરખાઇ ગયો, અને કમર-અલ-જમાનનાં શેહેરની નીશાની લેતાં તેને માલમ પડયું કે તે શેહેરમાં જવાના બે રસ્તા છે; એક ખુશકી ઉપરથી અને એક દરયાવ મારફતે; જેમાં દરયાઇ રસ્તો ઘણો ટુકો હતો. આ કારણ સર મરજવાંન એક વેપારીનું વાહાણ ત્યાં જતું હતું તેમાં ચહડી બેઠો. તે લોકોએ છેક પેલું શેહેર આવ્યું ત્યાં સુધી તો સહી સલામત મુસાફરી કીધી, પણ કમનસીબે જે મેહેલમાં કમર-અલ-જમાન રેહેતો હતો અને જ્યાં આ વખતે શાહજમાન અને તેનો વજીર વાત કરતા હતા તે મેહેલની નજદીક શાહ જમાનની નજર આગલજ તે લોકોનું વાહાણ એક ખરાબા ઉપર અઠડાઇને ભાંગુ.

મરજવાંન અથંગ તરનાર હતો તેથી તરત તે દરયાવમાં કુદી પડયો, અને તરતો તરતો પેલા મેહેલમાં જઇ લાગો જ્યાં પાદશાહાનાં હોકમથી ત્યાંનાં માણસોએ તેને સારી પેઠે અવકાર આપ્યો, તેનાં કપડાં બદલાવ્યાં, અને પછી વજીરની મુલાકાતને વાસ્તે તેને લઇ જવામાં આવ્યો.

મરજવાંન ખુશ દેખાવનો, અને શોહામનો જવાન હતો, અને વલી તે સાથે જે સવાલ વજીર પુછતો તેનાં લાયક હાજર જવાબ આપતો હતો તેથી વજીર તરત તે નવા પરોણા માટે વિશે ઊંચું મત બાંધવા લાગો. તેને તરતજ જોઇ લીધું કે મરજવાંન ઘણો કાબેલ અને વિદ્વાન હતો તેથી તેને

બોલ્યા વગર ચાલ્યું નહીં કે "તમો કાંઇ જેવાં તેવાં માણુસ દીસતા નથી. તમો તો માહીતગાર અને ઘણા અક્કલવાલા દીશો છો વાસ્તે એવું બને કે અમારો શાહજાદો જે આજે કેટલાક મહીના થયા દુઃખમાં પડયો છે, અને તેથી આખી દરબાર અને આખું શેહેર નાખુશ છે તેને તમો સારો કરી શકશો?"

મરજવાંન બોલ્યો કે શાહજાદાને શું દરદ છે તે દરદથી જો તમો મને વાકેફ કરશો તો હું ધારૂં છું કે હું તેને સારો કરી શકીશ. તે ઉપરથી વજીરે પેહેલેથી તે છેલ્લે સુધી શાહજાદા કમર-અલ-જમાન વિશેની બધી માંડીને વાત કીધી. તેને મરજવાંનને કાંઇબી વાત છુપાવ્યા અથવા મુકી દીધા વગર સર્વે વીગતવારે કહ્યું. તેનો જણુમ કેમ થયો, તેને કેવી કેળવણી મલી, શાહજમાને તેને પરણવાને કેમ બોહસ કીધી અને તેને પરનવાને સાફ ના પાડી, પછી ભર દરબાર વચ્ચે તેને નાફરમાની કીધી તેથી તેને કેદ કરવામાં આવ્યો, તે પછી તે કેમ એકાએક એક નહીં જણાયલી ઓરત સાથે મોહબતમાં પડયો, તે સર્વે બરાબર કહ્યું.

આ વાત સાંભલી મરજવાંન ઘણો ખુશી થઇ ગયો, અને બોલ્યો કે તમો મને શાહજાદા આગલ લઇ જાવો કે તેની ઉપર શું ઉપાય લાગુ પડશે તે હું જોઉં. વજીર બોલ્યો કે તમો મારી સાથે આવો, પેહેલાં બાદશાહની તમારી સાથ મુલાકાત કરાઉં જે તમોને જોવાને ઇંતેજાર છે અને ત્યાંજ શાહજાદો પણ તમોને મલશે.

જેવો તે ઓરડામાં મરજવાંન દાખલ થયો, અને તેણે શાહજાદાને પોતાની આંખો બંધ કરી હાથ જોડી ઘોલ્યા ઉપર સુતેલો જોયો, તેવોજ જો કે બાદશાહ શાહજમાન તેની પાસે બેઠેલો હતો તેની દરકાર કરયા વગર મરજવાંન એકાએક બોલી ઉઠયો કે "અરે આ કેવો એકસરખો દેખાવ છે?" પછી મરજવાંને શાહજાદી બદુરા વિશે વિચાર્યું, કાંએકે તે પણ તેવીજ હાલતમાં પડેલી હતી. આ બંને આશક માશુક પોતાની હાલતમાં એક એકને ઘણુંજ મલતાં આવતાં હતાં.

મરજવાંનના આ બોલો સાંભલ્યાથી તે કોણુ શખ્સ છે તે જોવાની કમર-અલ-જમાનની ખાહેશ થઇ, તેથી તેણે પોતાની આંખ ઉઘાડીને તેની તરફ જોયું. મરજવાંન જાતે ઘણો હુશીયાર હતો તેથી તેણે આ તક જોઇને એક એવી કવીતા જોડી કાહાડી, અને તેમાં પેલી શાહજાદી વિશેનું એવું બયાન આપ્યું કે પેલો બાદશાહ યા વજીર કાંઇ સમજ્યા નહીં, પણ શાહજાદો તરત પાંમી ગયો તેથી ખુશી થઇ વિચાર્યું કે હવે મારી માશુકને હું મલી શકીશ. તરત તેણે પોતાનાં બાપને એવી અસારત કરવાની છુટ લીધી કે ઉઠીને મરજવાંનને બેસવાની જગા આપે.

શાહજમાન પોતાનાં બેટાને આ રીતે સુદ્ધીમાં આવેલો જોઇને ઘણો ખુશી થયો, અને વિચારવા લાગો કે હવે એ કદાચ સારો થશે, તેથી તરત પોતે ઉઠીને પોતાની જગા ઉપર મરજવાંનને હાથ પકડી બોહશ કરી બેસાડયો. ત્યાર પછી શાહજમાન પુછવા લાગ્યો કે તમો કયાંથી આવ્યા છો, અને તમો કોણુ છો? મરજવાંને જવાબ આપ્યો કે હું ચીન દેશથી આવેલો છું અને ત્યાંની રૈયત છું. બાદશાહ બોલ્યો કે ખોદા તમુને સલામત રાખે, પણુ તમારે હાથે મારો છોકરો સારો થાય એવી હું આશા રાખું છું, અને તેમ થયું તો હું તમારો પાડ કદી પણુ ભુલશ નહીં. એમ કહીને મરજવાંનને ઓરડામાં એકલો મુકીને શાહ બાહાર જતો રહ્યો.

મરજવાંન શાહજાદાની આગલ ગયો, અને ધીમે સાદે કેહેવા લાગ્યો કે "અએ શાહજાદા હવે તારૂં દુઃખ ભુલી જવાનો વખત આવ્યો છે. જે ઓરત ઉપર તું આશક પડયો છે તેને હું ઓલખું છું તેનું નામ શાહજાદી બદુરા છે, અને તે ચીનના શાહની બેટી છે. તેણીએ જે કાંઇ મારી આગલ વાત કીધી છે તેથી મને માલમ પડે છે કે તેણીનો આશક તુંજ છે, તે કાંઇ તારા કરતાં થોડી દલગીરીમાં નથી

બેઠી." ત્યાર પછી જે વાત શાહજાદીએ તેની આગળ કહી હતી તે વાતથી બધી રીતે કમર-અલ-જમાનને મરજવાંને વાકેફ કીધો, અને બોલ્યો કે "માત્ર તારેથીજ તે શાહજાદી સારી થશે માટે તું તેણીને મળવા આવ, પણ આટલી લાંબી મુસાફરી તું કરે તેની આગમજ તુંને સારી તંદરોસ્તીમાં આવવું જોઇએ."

મરજવાંનની વાતથી શાહજાદા કમર-અલ-જમાન ઉપર અતીઘણી અસર થઇને તે એટલો તો ખુશી થઇ ગયો કે તરત ઉઠવાને તેનામાં એકાએક જોર આવ્યું. તે તરત ઉઠીને બેઠો અને પોતાનો બાપ જે પાછો શાહજાદાના ઓરડામાં આવ્યો હતો તેની પાસે તેને નવાં કપડાં પેહેરવા માંગ્યાં, જે ઉપરથી શાહજમાન કાંઇ થોડો ખુશી નહીં થયો.

શાહજાદો કેમ સારો થયો તેનું કારણ જાણ્યા વગર શાહજમાન મરજવાંનને એકદમ વલગી પડયો, અને તેનો ઉપકાર માનવા લાગો. પછી તરત પોતાના વજીરને આ ખુશખબર કેહેવા માટે ઓરડામાંથી બાહાર ગયો. તેને પોતાના ખજાનાની કોથલી ખોલી ગરીબોને ખેરાત કરવા, અને સઘલા બંદીવાનોને છોડી દેવાનો હોકમ કીધો. આખા શેહેરમાં શાદી રામશનીની ખુશાલીની માફક લોકો પુકારવા લાગાં, અને થાંમેથાંમ ધુમ મચી રહી.

ઘણાંક દાહાડા સુધી ઉંઘ અને ભુખ તજી શાહાજાદાએ પોતાનાં દાહડા કાહાડ્યા હતા તેથી તે ઘણોજ નબલો થઇ ગયો હતો, પણ થોડોક વખત ગયા પછી તે પાછો પોતાની અસલ તંદરોસ્તીમાં આવી સારો થયો. અને તેને માલમ પડયું કે તે મુસાફરી કરવાને તો તે તદન શકતીવાન છે, ત્યારે તેણે મરજવાંનને કહ્યું કે "ઓ પ્યારા દોસ્ત મરજવાંન હવે તારો વચન પાલવાનો બરાબર વખત આવ્યો છે, શાહજાદીની જુદાઇ ખમવાની હવે વધારે તાકાદ મારામાં રહી નથી. તેમજ શાહજાદી પણ મારી જુદાઇ વધારે વખત ખમી શકે એમ હું ધારતો નથી. માટે અમારો મેલાપ કરી આપવાની તજવીજ કરવાની તારી ફરજ છે, માટે કુચની તૈયારી તુરત કરવી જોઇએ. પણ ફક્ત મને એકજ વાતનો ઘણો અંદેશો આવે છે અને તે એકે મારો પ્યારો પેદર મારી જુદાઇ કદી ખમી શકશે નહીં તેથી તે કદીબી મને શાહજાદી આગલ જવાની રજા આપશે નહીં. તે મને પરવાનગી નહીં આપશે તેથી મને ઘણોજ ખેદ થશે અને મારૂં ધારેલું કામ બરહમ મલશે. હું ખચીંત છું કે તે મને પોતાની ચશમ આગલથી ખીસાડવાને કદીબી રાજી થશે નહીં." એમ બોલતાં શાહજાદાની આંખમાંથી નવધાર આસું ચાલવાં લાગાં.

મરજવાંન શાહજાદાને ધીરજ આપતો બોલ્યો કે "ઓ શાહજાદા, જે વાંધો તું હાલ બતાવે છે તેજ વાંધો પેહલેથી મારા મનમાં ઉભો થયો હતો અને તેથી મેં તેનો ઉપાય આગમચથી યોજી રાખેલો છે અને તે પ્રમાણે આપણે અમલ કરશું તો તારો પેદર કોઇબી રીતે આપણાં અત્રેથી રવાના થવાના કામમાં હરકત કરી શકશે નહીં. મારે આટલી બધી જેહમત ખેંચવાનું મુખ્ય કારણ એજ છે કે ચીનની શાહજાદીને તેણીનાં દુઃખમાંથી છોડવવી અને તેણીની મુરાદ બર લાવવી અને મારી તે ફરજ મારે અદા કરવીજ જોઇએ કેમકે એ શાહજાદી પોતાના જણમથીજ મારી સાથે ઉછરી છે અને એક દુધભાઇ તરીકે મને ચાહે છે. ત્યારે મને તેનું દુઃખ નીવારણ કરવા માટે ગમે એટલીબી ઝેહમત, મેહનત, અને દુઃખ સોસવું પડે અથવા મોટા જોખમમાં ઉતરવું પડે તેની કાંઇબી પરવા હું કરતો નથી. તેથી સાંભલ, જો તું તારા પીતાનો હોકમ લેવા જશે તો આપણી જે ઇચ્છા છે તે કદીબી પાર પડશે નહીં. મારા આવવા પછી તું આ ઓરડામાંથી બાહેરબી નથી ગયો તેથી તું તારા પેદર પાસે મારી સાથે શેકારે જવાની થોડા દહાડાની રજા માગી લે. અને બે ત્રણ દીવસ પછી પાછું ફરવાની કબુલાત આપ. હું ધારૂં છું કે એટલી રજા આપવાને તે કોઇબી રીતે વર વાંધો કરશે નહીં. જ્યારે તને રજા મળે ત્યારે તું બે ઘણા અચ્છા ઘોડાઓને તૈયાર કરવાનો હોકમ આપજે અને તેમાંથી એકપર હું સ્વારી કરીશ અને એક પર તું કરજે. પછી શું કરવું તેનો બધો આધાર મારી પર રાખજે."

બીજે દહાડે એક સારી તક જોઇ શાહજાદા કમર–અલ–જમાને પોતાના પીતા પાસે નજદીક જંગલમાં મરજવાંન સાથે શીકારે જવાની બે ત્રણ દીવસની રજા માગી. શાહે જવાબ આપ્યો કે "મને રજા આપવાને હરકત નથી પણ તું મને કબુલાત આપ કે એક રાતથી વધું તું બાહેર રહે નહીં. ઘણી કસરત તને થાકવી નાખશે તેમજ વધુ વખતની તારી જુદાઇ મારેથી ખમાશે નહીં." પછી શાહે શાહજાદા તથા મરજવાંન માટે ઘણાં સરસમાં સરસ ઘોડાઓ તૈયાર કરવાને ફરમાવ્યું તથા દરેક જોઇતી ચીજ એક ઘડીમાં તૈયાર રાખવાનો હોકમ કીધો જ્યારે બધી તૈયારી થઈ રહી કે શાહજમાને કમર-અલ-જમાનને બગલગીરી કીધી અને મરજવાંનની ખાસ સંભાલમાં તેને શીકારે રવાના કીધો.

શાહજાદો કમર-અલ-જમાન અને મરજવાંન જ્યારે શેહર બાહર આવી પુગા ત્યારે પોતાની સાથના બે નોકરોને ઠગવા માટે શેકારને બાહણે તુરત તેઓ પોતાના ઘોડા દપતાવી ત્યાંથી ઘણા દુર નીકલી ગયા. જ્યારે રાત પડી ત્યારે તેઓએ એક ધર્મશાલામાં ઉતારો લીધો અને ત્યાં મધરાત સુધી સુતા પછી મધરાતે મરજવાંન ઉઠયો અને શાહજાદાને, પેલા નોકરોને જગાડ્યા વગર, આસ્તેથી ઉઠાડયો અને તેની પાસેથી તેનો પોશાક માંગી લીધો અને બીજો પોશાક જે પેલા નોકરો તેને માટે ફાલતુ લાવ્યા હતા તે પેહડી લેવા કહ્યું. પછી તેઓ પોતાના ઘોડા પર સ્વાર થયા અને પેલાં નોકરો-માંના એકનો ઘોડો પોતા સાથે લઇ જેમ બને તેમ જલદી ત્યાંથી ચાલતા થયા.

જેવી બામદાદ થઇ તેવાજ આપણા મુશાફરો એક જંગલમાં આવી પુગા જ્યાં ચાર રસ્તા મલતા હતા. આ જગોએ મરજવાંને શાહજાદાને એક થોડી ઘડી થોભવા કહ્યું અને પોતે ગીચ ઝાડીમાં હાંકી ગયો. ત્યાં જઇ તેને પેલા નોકરના ઘોડાને કતલ કીધો, પછી શાહજાદાનો પોશાક ફાડીને તેના લોહીમાં ભીંજવ્યો અને તે પોશાક લાવીને જ્યાંથી ચાર રસ્તાઓ જુદા પડતા હતા ત્યાં વચોવચમાં નાખ્યો.

શાહજાદા કમર-અલ-જમાને મરજવાંનને આનો સબબ પુછયો. મરજવાંને જવાબ આપ્યો કે "જ્યારે તારો પીતા તને આજ રાતે પાછો મેહલમાં ફરેલો નહીં જોશે અને આ આપણા નોકરો ત્યાં જઇને કેહશે કે અમોને ઉંઘતા મુકી તેઓ તો ચાલી ગયા ત્યારે બેશક શાહજમાન પોતાના માણસોને ચોતરફ આપણી શોધમાં મોકલે તો આપણુ પકડાયા વગર રહેજ નહીં, તેથી મેં તારો પોશાક આ મુએલા ઘોડાના લોહીમાં ભીંજવી રસ્તા વચ્ચે નાખ્યો છે કે તે શોધમાં નીકલેલાં માણસો અથવા તો આ આપણાં નોકરોની નજરે તે પડે ને તેની ખબર શાહને પડે તો તે તને મરણ પામેલો ધારે અને તે વધુ સોધ કરતો અટકે તેથી આપણી ધારેલી મુરાદ ફલવાને કસ્સી હરકત થાય નહીં. આ યુક્તી જોકે ઘણી ઘાટકી છે અને તેથી તારા પીતાને અતી ઘણું દુ:ખ થશે તો ખરૂં પણ જ્યારે તું તારી માશુકને મલી તેની સાથે પાછો તારા મુલકમાં જીવતો આવશે ત્યારે જે તેને ખુશાલી ઉપજશે તે તેની આગલી દલગીરીને બીલકુલ ભુલાવી દેશે." શાહજાદો બોલ્યો "ઓ દાનાવ મરજવાંન, તારી યુક્તી એવી છે કે તે મને પસંદ કરવા વગર ચાલતીજ નથી અને તારી આગાહી અને અક્કલ ઉપર હું આફરીન કરૂં છું."

શાહજાદા કમર–અલ–જમાન તથા મરજવાંન પાસે પુરતા પૈસા અને જોઇતું જરજવેરાત હોવાથી તેઓએ સારી રીતે મુસાફરી કીધી અને જેમ ખુશકી તેમજ દરયાવમાં ઘણી અચ્છી સગવડથી તેઓ આગલ વધ્યા અને પોતાની ધારેલી મંજલની દુરી સીવાય બીજી કોઇબી હરકત તેઓને પડી નહીં.

સેવટે તેઓ ચીન દેશની રાજધાણીમાં આવી પુગા. શાહજાદાને પોતાના મકાન પર ઉતારવાને બદલે મરજવાંને તેને એક ધર્મશાલામાં ઉતારો આપ્યો, જ્યાં તેઓ ત્રણ દીવસ સુધી રહ્યા અને મુસાફરીની થાક ઉતારી તાજા થયા એટલુંજ નહીં પણ શાહજાદાને માટે નજુમીનો પોશાક વીગેરે સર્વે

તૈયારી કરી આગમચથી બધુ નક્કી કીધું, પછી તે લોકો હમામખાનામાં નાહાવા ગયા, જ્યાં મરજવાંને એક નજુમીનો પોશાક શાહાજાદાને પેહેરાવ્યો, અને પોતાને ઘેર જઇ પોતાની મા કે જે શાહાજાદીની દાયા હતી તેણીને કહ્યું કે "તું જઇને શાહાજાદીને કેહે કે તારો આશક નજુમીનાં પોશાકમાં આવે છે; તેને લેવા તૈયાર થા."

જે પ્રમાણે મરજવાંને શાહાજાદાને શીખવ્યું હતું તે પ્રમાણે તે શાઉચેત રહીને નજુમીને લાયકનો સર્વે સરનજામ લઈ શાહાજાદીનાં મેહેલ આગલ ગયો અને ચોકીબાંનો તથા બીજા રખેવાલ સાંભલે તેમ પોકારવા લાગો કે "હું એક નજુમી છું અને હું ચીનના શાહનશાહની બેટી બદુરાનું દરદ સારૂં કરવા આવ્યું છું; જો હું તેણીને સારી કરૂં તો તેણીની સાથ શાદી કરૂં અને નહીં તો મારૂં સર જલાદને હવાલે કરૂં."

શાહાજાદા કમર–અલ–જમાનનાં આ જાહેરનામાંથી મેહેલનાં લોકો સીવાય શેહેરનાં બીજાં ઘણાક લોકો શાહાજાદાની આગળ જમાવ થયાં. ત્યાંનાં લોકો તો એવુંજ વિચારતાં હતાં કે હવે દુન્યામાં કોઈ પણ નજુમી, વૈદ કે જાદુગર જીવતો રહ્યો નહીં હશે, અને જો હશે તો એવો બેવકુફ નહીં હશે કે પોતાને હાથે કરી અને જાણી જોઈને પોતાનો પ્યારો જાન આપવા હાં આવે.

તેથી કેટલીક મુદત પછી આજે શાહાજાદાને નજુમીનાં પોશાકમાં આવી રીને પુકારતો જોઇને તે લોકો ઘણાં અજબ રેહેવા લાગ્યાં. શાહાજાદાનો ખુબસુરત અને ચાંદ જેવો ચેહેરો જોઈને સર્વેને ઘણી દયા આવતી હતી, તેથી ત્યાં ભેગાં થયલાં લોકો બોલવા લાગ્યાં કે "અરે ભલા માણુસ હાથે કરીને કાંય મોતનાં પંજામાં પાડવા માગે છે? જા જા ખોદાને વાસ્તે એવો તારો બેહુદો વિચાર ફેરવ, અને આ ખુનામરકીવાલાં શેહેરમાંથી પાછો ફર. શું આ શેહેરના દરવાજા ઉપર લટકતાં ડોકાં તારી નજરે પડતાં નથી કે તું વળી અધુરો હતો તે પુરો થવા આવ્યો છે?"

શાહાજાદો તો લોકોની કાંઈ પણ દરકાર કર્યા વગર યા તે લોકોનું સાંભલ્યા વગર ફરીથી પોકારી બોલ્યો કે "કોઇ મેહેલમાં મને નહીં દાખલ કરતું?" એ ઉપરથી લોકો બોલતાં કે "એ મરવાજ માગે છે. એને ઠેરાવજ કીધો છે કે વગર મોતે મરવું. ખોદા એની જુવાની ઉપર કંઈ રેહેમ લાવે." વલી પાછો થોડો વખત રહી શાહાજાદા કમર–અલ–જમાને જોરથી પોકાર કીધો ત્યારે ચીનનાં શાહનશાહનાં હોકમથી તેનો વડો વજીર બાહાર નીકલી આવ્યો.

તે વજીર શાહાજાદાને શાહનશાહની જનાબ લઈ ગયો. જેવો તે શાહનશાહ આગલ ગયો તેવોજ તેણે તે દબદબાભર્યા શાહને જમીન ઉપર માથું મુકી સલામ કીધી અને તેના પગની ખાકને ચુંમી. ચીનનો શાહનશાહ કમર–અલ–જમાનને એવો જવાન અને ખુબસુરત જોઇ ઘણોજ અજબ થયો, તેનાં દીલમાં એકદમ દયાનો બંધ થયલો ઝરો પાછો વેહેવા લાગો. તેણે તે શાહજાદાને પોતાની પાસે બેસાડીને કહ્યું કે "ઓ જવાન માણુસ હું નહીં ધારતો કે મારી છોકરીને સારી કરવાને માટે તું તારી આટલી ન્હાની ઉમરમાં પુરતો માહીતગાર હોય? જો તું ફતેહ પાંમશે તો ખચીત મોટી ખુસીથી હું તુંને મારો જમાઇ કરશ, પણ એટલું તો મારે તને ખોલ્લું કેહેવું જોઇએ કે ખોદા ન કરે ને તું તારા કમતાલેથી તેમાં નીસફ્લ થાય, યા તારો બરગસ્તે થયલો દાહાડો મારી શાહાજાદીને આરામ કરવા સારૂ જોર નહીં કરે તો તારૂં માથું કપાવી નાખવું પડશે."

શાહાજાદો કમર–અલ–જમાન બોલ્યો કે "ઓ નામદાર શાહનશાહ તમો આવી રેહેમ નજરથી મારી તરફ જોવો છો અને તમો આવી મીઠી જુબાનથી મુજ જેવા એક અજાણ્યા સખ્સ સાથે વાત કરો છો, તેથી હું તમારો મોટો ઉપકાર માણું છું. હું જે દેશથી આવ્યો છું તે દેશ એટલો દુર છે કે તેનું નામબી ચીન સરજમીનમાં જણાયલું નથી; તેથી તમો નામદારે વિચાર કરવો જોઇએ કે એટલી જોખમ મેં કાંઇ લુલા પાયા પર નહીં લીધી હશે. મારી ઇચ્છા ફક્ત એકજ છે અને તે ઇચ્છા બર

લાવવા માટે એકબારગી મારો જાન આપવો પડે તો શું મુજાકો છે? તમો નામદારે મારી ઉપર જે મેહરબાંની દેખાડી છે તે મેહરબાંની માટેજ હું મારો જાન ફીદા કરૂં તો થોડું છે. ટુકમાં હું એટલુંજ કહું છું કે મને વગર વખત ખોહવે મારૂં નશીબ અજમાવવા સારૂ હોકમ કરવો અને મારી શક્તી શું તેનો પુરાવો કરી લેવો."

ચીનના શાહે શાહજાદી બદુરાના રખેવાલ ગુલામને હોકમ કીધો કે આ નજુમીને શાહજાદી હજુર લઇ જવો. જેવો શાહજાદો પેલા ગુલામ સાથે જવા તૈયાર થયો તેવોજ શાહ બોલ્યો કે "એ ખુબસુરત જવાન હજુ પણ જો તું તારો વિચાર ફેરવતો હોય તો તેમ કરવાને તુંને હું ખુશીથી રજા આપવાને તૈયાર છું." પણ તે સાંભલ્યા વગરજ શાહજાદો પેલા ગુલામ સાથે ચાલતો થયો અને પોતાના ઠેરાવ ઉપર તે પુર એતબાર છે એવું દેખાડતો સઘલાંની અચરતી વચ્ચે ત્યાંથી પસાર થયો.

આ મુજબ શાહજાદો કમર–અલ–જમાન પેલા રખેવાલ ગુલામ સાથે ચાલતો એક લાંબી ગૅલરી ઉપર આવી પુગો કે જેને છેડે શાહજાદીનું રેહઠાણ હતું. ત્યાં આવતાંજ શાહજાદાના દીલમાં અતી ઘણી ખુશાલી ઉપજી, કારણ કે જે સબબને લીધે તેને આટલાં બધાં આસુંએ નાખ્યાં હતાં, અને આટલી બધી ઝેહમત ખેંચી હતી; તેનું ફલ આટલું નજદીક આવેલું જોઇ શાહજાદો ઘણો ઉતાવલો થઇ ગયો અને પેલા ગુલામને પાછલ નાખી પોતે એકલો ઝડપથી આગલ ચાલવા લાગો. ગુલામે પણ ઝડપ કીધી લેકીન તેને પુગી શકયો નહીં, તેથી અજબ થઇ જઇ તેને ધરીને બોલ્યો "ભાઇ નજુમી તમો એટલા ઉતાવલા શા માટે થયા છો? મારા વગર તમો કદીબી શાહજાદીના ઓરડામાં જઇ શકશો નહીં. તમો તમારી જીંદગીથી એટલાં તે શું ધરાઇ ગયા છો કે મોતના મોંહમા એટલા જલદી પડવા માંગો છો! આટલા બધા નજુમીઓ પોતાનો જાન આપી ગયા છે પણ તેઓએ કદી એટલી શેતાબી નહીં કીધી હતી."

શાહજાદા કમર–અલ–જમાને જવાબ આપ્યો "દોસ્ત, એનું કારણ એ છે કે તે નજુમીઓ મારા જેટલા પોતાની વિદ્યામાં કુશલ નહીં હતા, તેઓ વગર ફતેહ મેલવવે પોતાનો જાન આપવો પડશે તેની ધાસ્તીમાં હતા તેથીજ તેઓ ધીરા હતા પણ હું તો મારી ફતેહ ઉપર મુસ્તાક છું અને જેટલો જલદી પોંહોંચાય એટલો જલદી ત્યાં પોંહોંચી મારી ખુશી મુજબનું ફલ મેલવું સુખી થાઉ એવી પુરતી આશાથી હું શેતાબી કરૂં છું." શાહજાદો આટલું બોલી રહ્યો કે તેઓ શાહજાદીના રેહઠાણના દરવાજા ઉપર આવી પુગા. પેલા ગુલામે દરવાજો ઉઘાડ્યો અને શાહજાદાને એક મોટા ઓરડામાં દાખલ કીધો કે જ્યાંથી શાહજાદીના ઓરડામાં એક બારણામાંથી દાખલ થવાનું હતું. તે ઓરડામાં દાખલ થવા આગમચ ઘણાજ ધીમા અવાજથી પેલા ગુલામને નીચે મુજબ કહ્યું કે શાહજાદીને કાન તેનું બોલવું પડે નહીં. તે બોલ્યો "તારી ખાતરી કરવા બેમાંથી એક રીતે હું શાહજાદીને સારી કરી શકું અને મારા ઇલમનો પ્રતાપ તુને દેખાડું. તું કહે તો હું શાહજાદીની નજદીક જઇ એક પળમાં તેણીને સારી કરૂં અથવા તું કહે તો આં બાહરો બાહરથી તેણીને જોયા વગરજ સારી કરૂં!"

પેલો ગુલામ તો શાહજાદાનું મક્કમપણું જોઇ દંગજ થઇ ગયો. તેણે હવે મશ્કરી કરવાનું ને તાણું મારવાનું બાજુએ મુકી જવાબ આપ્યો કે "તું બેમાંથી કોઇબી રીતે જો શાહજાદીને સારી કરશે તો તું પોતાને આ દેશમાંજ નહીં પણ આખી દુન્યામાં ફાયસ કરી મુકશે અને આખી જગત તારી તારીફ કરશે ને ત્હારૂં નામ અમર થશે." શાહજાદાએ જવાબ આપ્યો કે "ત્યારે તો તેણીને જોયા વગરજ હું સારી કરૂં છું અને તે માટે તું મારો શાક્ષી રેહજે. જો કે મને મારી ભવીશ્યની ધણીઆણીને જોવાની અતી ઘણી અધીરાઇ પેદા થઇ છે તોપણ તને અજાયબ કરવા માટે થોડી પલ હું મારી ખુશાલીનો લતીજો લેવાનું મુલતવી રાખું છું. તેણે પોતે એક નજામીને લગતો સર્વે સરસામન અને સામગ્રી પોતાની

શાહજાદા કમર-અલ-જમાન અને શાહજાદી બદુરાની વાર્તા.

કમર-અલ-જમાન ને બદુરાનો મેલાપ.



"તેઓ બંને એકેક તરફ દોડયાં અને બગલગીરી કરી પડયાં; તેઓ એટલાં તો ખુશીમાં આવી ગયાં હતાં કે તેઓ એક બોલ અરસપરસ બોલી શકયાં નહીં પણ એકેકને ટીકી ટીકીને જોવાં લાગ્યાં." [જુઓ સફો ૩૩૯.

તૈયાર રાખેલી હતી, તેમાંથી પોતાની લખવાની ચીજો ખેંચી કાહડી અને એક કાગજના ટુકડાપર નીચે મુજબ ચીનની શાહજાદી ઉપર લખ્યું:—

"શાહજાદા કમર-અલ-જમાન તરફથી શાહજાદી બદુરા જોગ,

"પરી શેકલની શાહજાદી! તારી મોહબતથી ધાયલ થયલો કમર-અલ-જમાન, જેને તને તારા મેલાપની જાલેમ રાતે જે છેલ્લો તેમજ પેહલો બોસ્સો લીધો હતો, અને પછી બીજી બાંમદાદે પાછું મલવાના ભરોસે તને પોતાની વીટી પેહડાવી હતી, તે તારો ખરો આશક તારી જુદાઇથી કેટલો દુઃખી થયો હશે તેનો તને ખ્યાલ આપી શકતો નથી. તે એટલો તો સંતોષ માની લે છે કે તેને પોતાનું દીલ તારી ઉંધમાં તુંને સપુર્દ કીધું જે દીલ મરતાં લગી તારી મોહબતમાં ઓસ્તવાર રેહશે. જે જાલેમ ઉંધમાં તું આશુક પડી હતી, તે ઉંધમાંથી તને બેદાર કરી તારી ઝલકાતમંદ ચશ્મોનું તેજ જોવાને તે તલપી રહ્યો હતો પણ બધી કોશેસ છતાં તું બેદાર થઇ નહીં. જ્યારે તું બેદાર થઇ નહીં ત્યારે તેને પોતાના પ્યારનાં બદલામાં પોતાની વીંટી તારે આંગલે પેહડાવી અને તારી વીંટી પ્યારની ઇધાણી માટે પોતાને આંગલે પેહડી જે આ સાથે તારી ઉપર પાછી મોકલતાં એટલીજ તે આશા રાખે છે, કે એ પ્યારી વીંટી જો તું તારી મોહબતની મીઠાસ સાથે તેની ઉપર પાછી મોકલશે તો તે પોતા જેવો ભાગ્યશાલી આશક આ જગતમાં બીજો કોઇ નહીં હશે એમ જાણશે. પણ જો તું આ તેની મોહબતી અરજ ના પાડશે તો તેનો જખમ એવો તેને કારી લાગશે કે હજારો ઉમેદ વચ્ચે તે પોતાના જીગરમાં ખંઝર મારી ત્યાંનો ત્યાંજ પોતાનો જાન તારી ઉપર ફીદા કરશે. તારા જવાબની રાહ જોતો તારો આશક તારા દરવાજા ઉપર ઉભો છે."

જ્યારે શાહાજાદા કમર-અલ-જમાને પોતાનો રૂકકો પુરો કીધો, ત્યારે તેને તેમાં પેલી વીંટી, પેલો ગુલામ નહીં જોય તેમ, મુકી એક પરબીડાંમાં બંધ કરી પેલા ગુલામને આપી ને શાહજાદો બોલ્યો, "લે આ અને તારી શાહજાદી આગલ લઇ જા. જો આ રૂકકો વાંચી તથા તેમાં જે છે તે જોયા પછી તારી શાહજાદી જો તેજ ઘડીએ સારી નહીં થાય, તો જગને જાહેર કરજે કે દુન્યામાં મારા જેવો ઠગારો, બેખબરો અને ધાંમટ નજુમી બીજો કોઇબી હતો નહીં અને હવે પછી થશેબી નહીં."

પેલો ગોલામ શાહજાદીના ઓરડામાં ગયો અને પેલો રૂકકો આપી નમનતાઇથી કેહેવા લાગો કે "ઓ નામદાર શાહજાદી એક નજુમી.જે હમણાંજ પરદેશથી આવી લાગો છે, જે આગલા બીજા સઘલા નજુમીઓ કરતાં ઘણો વિશ્વાસ લાયક માલમ પડે છે, તે જાહેર કરે છે જેવાં તમો નામદાર આ રૂકકો વાંચી રેહશો તેવુંજ તમારૂં તમામ દુઃખ દફે થઇ જશે. હું ઇચ્છું કે તે જેમ જુઠો તેમ ઠગારો સાબેત નહીં થાય." શાહજાદી બદુરાએ તે રૂકકો ઘણીજ બેદરકારીથી લીધો અને તેથી વધારે અનમન્યાં દીલે તે ખોલ્યો; પણ તેણીએ તુરતજ પોતાની વીંટી ઓલખી કાહડી અને પછી પેલો રૂકકો જરા જોયોં નહીં જોયો કે તેણીને એટલી તો ખુશાલી ઉપજી કે તેની ઝુમમાં પોતાની જંજીર તોડી નાંખી અને દરવાજા આગલ દોડી જઇ દરવાજો પોતાના હાથે ઉંઘાડી નાખ્યો. શાહજાદી બદુરાએ તેજ ઘડીએ શાહજાદાને પીછાણ્યો તેમ શાહજાદીને શાહજાદાએ પણ તુરત ઓલખી કાહડી. તેઓ બન્ને એકેક તરફ દોડ્યાં અને બગલગીરી કરી પડ્યાં; તેઓ એટલાં તો ખુશીમાં આવી ગયાં હતાં

[જુઓ પાસેના સફાનું ચીત્ર.

કે તેઓ એક બોલ બરસ પરસ બોલી શક્યાં નહીં પણ એકેકને ટીકી ટીકીને જોવા લાગ્યાં. આ ખુશી ભરેલો બનાવ જોઇ પેલી શાહજાદીની દાયા બાહેર દોડી આવી અને તેઓને ઓરડામાં લઇ ગઇ; જ્યાં શાહજાદીએ પોતાની વીંટી કમર-અલ-જમાનને મોટી ખુશી સાથે પાછી આપી અને બોલી

કે "ઓ મારા પ્યારા શાહજાદા આ મારી વીંટી તું પાછી લે અને તારી વીંટી તો હુંજ રાખું છું, કારણ કે મેં ઠેરાવ કીધો છે કે તારી વીંટી હું મરીશ ત્યાં સુધી મારે આંગલેથી કદીબી કાહડીશ નહીં."

જ્યારે શાહજાદો કમર-અલ-જમાન અને શાહજાદી બદુરા આ મુજબ અરસપરસ પ્યાર બતાવતાં હતાં ત્યારે પેલો રખેવાલ ગોલામ ચીનના શાહને ખબર કરવા દોડયો. તે ત્યાં જઇ બોલ્યો કે "ઓ નામદાર શાહ! આજ સુધી જેટલાબી વૈદો, જાદુગરો ને નજુમીઓ શાહજાદીને સારૂં કરવા આવ્યા હતા તેઓ કોઇજ નહી પણ ખરેખરા મુર્ખો હતા. પણ આ છેલ્લો આવેલો નજુમી કોઇ ઘણોજ ખબરદાર છે, તેને કાંઇ જાદુઇ કેતાબની, આસમાની રૂહોની, કે ખુશબોઇની કે કોઇ પણ હથ્યારની મદદ લીધા વગર અને વલી તેણીને જોયા વગર શાહજાદીને તદન સારી કીધી છે." પછી પેલાં ગોલામે શાહજાદાએ શું શું કીધું તે સર્વે વીગતવારે કહી સંભાલાવ્યું; તેથી ચીનનો શાહ ઘણો અજાયબ તથા ખુશી થયો અને તુરતજ શાહજાદીના ઓરડા તરફ ગયો; જ્યાં જતાં વાર તે શાહજાદીને ભેટી પડયો. શાહે શાહજાદાને પણ બગલગીરી કીધી અને તેનો હાથ લઇ તે શાહજાદીના હાથ સાથે મેલવી બોલ્યો કે "ઓ ભાગ્યશાલી અજાણ્યા મરદ, તું ગમે તે પદવીનો હોય તો પણ હું મારા વચન મુજબ આ શાહજાદીનો હાથ તને મોટી ખુશીથી આપું છું. તોપણ મારી પુર ખાતરી છે કે તું જેમ દેખાય છે તેમ એક સાધારણ નજુમી નથી પણ કોઇ ઉંચા ખાનદાનનો નબીરો છે."

શાહજાદા કમર-અલ-જમાને પોતાથી બની તેટલી નમનતાઇ દેખાડી ચીનના શાહનો તેની મેહેરબાંની માટે ઉપકાર માન્યો. તે બોલ્યો "નામવર શાહ તમોએ મારા વિશે જેમ ધાર્યું તેમ હું કાંઇ નજુમીનો ધંધો કરનારો નથી; પણ તમો જેવા નામદાર મોટા શાહ સાથેની માનવંત સગાઇમાં આવવા માટે એ ધંધો ફક્ત થોડો વખત અખત્યાર કરવાની મને ફરજ પડી છે. હું બાપ દાદે બાદશાહી તોખમથી ઉતરેલો છું અને એક મોટા શાહનશાહનું ફરજંદ છું. મારૂં નામ કમર-અલ-જમાન છે અમારો બાપ શાહજમાન નામે મસહુર છે, તે ખાલીદાનના બાળકોના પ્રખ્યાત ટાપુઓ ઉપર રાજ ચલાવે છે." પછી શાહજાદાએ સર્વે હકીકત ચીનના શાહને કહી સંભલાવી; તેમાં કેવી અજાયબ રીતે શાહજાદી સાથે મેલાપ થયો ત્યાં તેઓએ પોતાની વીંટી કેમ અદલ બદલ કીધી હતી તે પણ જણાવ્યું.

ચીનનો શાહ બોલ્યો "આ વાત એટલી તો અજાયબ જેવી અને જાણવાજોગ છે કે તે આવતા વખત માટે લખી રાખવા લાયક છે. હું તે સોનેરી હરૂફે લખી મારા ખજાનામાં રાખવાનો હોકમ કરૂંછું એટલુંજ નહીં પણ તેની બીજી નકલો જાહેરમાં વેંહચવાનો હોકમ ફરમાઉં છું કે આ અજાયબ જેવો બનેલો ખરો બનાવ જગતની જાણમાં આવે." પછી આ ભાયગશાલી જોડાંના તુરતજ ચીનાઇ રાહ રસમ મુજબ નેકા કરવામાં આવ્યા. ચીનના બોહલાં દેશમાં આ લગનની ઘણીજ મોટી ધાંમધુમ થઇ રહી. તે દીવસ એક મોટા તેહવાર તરીકે યાદગાર થયો. મરજવાંનને આ ધામધુમમાં ભુલવામાં નહી આવ્યો હતો. ચીનના શાહે તેને પોતાનો ખાસ દરબારી બનાવ્યો એટલુંજ નહીં પણ તેને ઘણો મોટો ઓધેદાર બનાવી હજુર વધારે મોટો ઓધો વખત જતે આપવાની આશા આપી.

શાહજાદો કમર-અલ-જમાન અને શાહજાદી બદુરાએ ઘણા વખતની પોતાની ઇચ્છા બર આવેલી જોઇ ખોદાનો આભાર માન્યો અને કેટલાક મહીના સુધી મોજ મજાહ ભોગવી અને ચીનના શાહે તરેહવાર ગમતો ઉભી કરી તથા મીજલસો બોલાવી તેઓની મોજમાં ઉમેરો કરી આપ્યો. ગોયા ચીન દેશમાં આ લગન પછી તેહવારની મોહસમજ ચાલુ થઇ હોય એવો ખુશ હીંગામ થઇ પડયો હતો.

આ મોજ મજાહ વચ્ચે શાહજાદો પોતાના પેદરને તદન ભુલીજ ગયો હતો. તેને એક દીવસે રાતના એવો ભયંકર ખ્વાબ આવ્યો કે તેનો નામદાર બાપ શાહજમાન મોત કાંઠે આવી પડયો છે અને

તે હાય મારી બોલે છે કે "હા! જે બેટાને મેં મારા જીગરથી વધારે ચાહેલો અને જેને મેં ઘણોજ પ્યારથી ઉધારેલો તે હાલ મને ભુલી ગયો છે અને મારા કવખતના મોતનું કારણ થયો છે." શાહજાદો આ ખ્વાબથી તુરતજ હાય અફસોસ કરતો બેદાર થયો. તે રડવા લાગો તેથી શાહજાદી પણ જાગી ઉઠી અને આ ગમગીનીનું કારણ પુછવા લાગી.

શાહજાદો બોલ્યો "અફસોસ! જ્યારે હું હમણા ત્યાં બોલું છું ત્યારે મારો પ્યારો પેદર પોતાનો છેલ્લો દમ ખેંચતો હશે." પછી પોતાના ખ્વાબનું બ્યાન શાહજાદી આગળ કર્યું. શાહજાદી બદુરા જે પોતાના પ્યારા ધણીને હંમેશ ખુશ રાખવાનેજ રાજી હતી તે આ સાંભલી દલગીર થઇ કે હવે શાહજાદો પોતાના બાપને મળવાના ઇરાદાથી તેના દુરદરાજ દેશમાંજ જવાનો વિચાર કરતો હશે; પણ આ વખતે તે ચુપજ રહી અને બીજે દીને સારી તક જોઇને શાહજાદી બદુરાએ ચીનના શાહને ખાનગી રીતે કહ્યું કે "ઓ મેહરબાન બાપ, મારે તારી પાસેથી એક મેહરબાની માંગી લેવી છે અને હું અરજ કરૂં છું કે તે તમારે ના પાડવી નહીં. પણ તમારે એમ તો કદીબી ધારવુંજ નહીં કે આ મારી અરજ હું મારા પ્યારા ધણીની સામેલગીરીથી કરૂં છું, પણ તેથી ઉલટું એ છે કે આ મારી અરજ વિશે શાહજાદાને કાંઇબી ખબર નથી. મારી અરજ આ છે કે શાહજાદા સાથે મને મારા સસરા શાહજમાનની મુલાકાતે જવાની તમો રજા આપો."

ચીનનો શાહ બોલ્યો "તારા જવાથી મને અતી ઘણી દલગીરી ઉપજશે તોપણ હું આ તારી વાજબી માંગણી ના પાડી શકતો નથી અને એ માંગણી તને માન આપે એવી છે કારણ કે તારા ધણીની ઇચ્છા તેના બાપને મલવાની થઇ છે તોપણ તું તેને મલતી થઇ તારા ધણીના પ્યાર માટે આટલી દુરદરાજની જોખમભરી મુશાફરી કરવાને તૈયાર થવાને ડરતી નથી. માટે જા, પ્યારી બેટી હું તને ખુશીથી રજા આપું છું પણ એટલી બોલીથી કે શાહજમાનની દરબારમાં તું એક વરસથી વધું રહો નહીં. હું ધારૂં છું કે તેઓબી કાંઇ આ મારી દરખાસ્ત માટે વાંધો લેશે નહીં." ચીનના શાહનો આ વિચાર શાહજાદી બદુરાએ શાહજાદા કમર–અલ–જમાનને જણાવ્યો જે સાંભલી તે અતી ઘણો ખુશી થઇ ગયો અને તેની તરફના બેહદ પ્યારના આ નવા પુરાવા માટે તેણીનો ઘણો ઉપકાર માન્યો.

ચીનના શાહે તેઓની મુસાફરી માટે જોઇતો દરેક સરસામન તૈયાર કરવાનાં તાકીદના હોકમો કાહડ્યા; તે સર્વે તૈયારી સંપૂર્ણ થઇ ત્યારે તે નવાં જોડાં સાથે કેટલાક દહાડાના રસ્તા સુધી ચીનનો શાહ પોતે તેઓને મુકવા ગયો. પછી તેઓ અરસપરસ મલી પ્યારના આસુંઓ પાડી ચીનના શાહથી જુદાં પડ્યાં. જુદી પડતી વખતે ચીનના શાહે કમર–અલ–જમાનને કહ્યું કે "મારી પ્યારી બેટીને તું હંમેશ ખરા પ્યારથી ચાહતો રહેજે અને તેણીની સંભાળ રાખજે." પછી તે સુખી જોડું ખાલીદાનની ટાપુઓ તરફ ચાલ્યું અને શાહ ચીનની સરહદ તરફ પાછો ફરયો.

જ્યારે શાહજાદા તથા શાહજાદીની આંખમાંથી આંસુઓ સુકાયાં ત્યારે તેઓએ શાહજમાનને મલવાની ખુશાલીમાં બેવડી ઉલટથી પોતાની મુસાફરી સરૂ કીધી અને શાહજમાનને મલવાથી તે બુજોરગ શાહ તેઓને કેટલી ઉલટથી અને ખુશાલીથી ભેટશે તેનો ખુશ ખ્યાલ મનમાં લાવતાં આગલ ચાલવા લાગાં.

એક માસ સુધી મુશાફરી કીધા પછી તેઓ એક સપાટ જંગલમાં આવી પુગાં કે જ્યાં ત્યાં ત્યાં ઝાડો ઉગેલા હતાં અને તેથી એક દીલખુશ ઘટા સાથનો છાંયડો થઇ રહેલો હતો. તે વખતે તાપ ઘણો સખ્ત પડલો હોવાથી શાહજાદા કમર-અલ-જમાને ત્યાંજ પોતાની છાવણી કરવાને દરસ્ત ધાર્યું. તેને શાહજાદી બદુરાની મરજી પુછી તો તેણીએ કાંઇ વાંધો લીધો નહીં પણ બોલી કે "હું હમણાં એજ તમોને કેહવા જતી હતી કે ત્યાંજ ઉતારો કરો; તેટલાંમાં તમોએજ તે વિચાર જણાવ્યો તેથી હું ઘણી ખુશ છું." તેઓએ

તુરતજ આ ખુશનુમાં જગામાં દેહરા તંબુ ઠોકયા કે શાહજાદી પોતાના ખાસ તંબુમાં આરાંમ લેવા ગઇ અને શાહજાદો પોતાના માણુસોને કાંઇક હોકમો આપવા માટે બાહરજ રોકાયો. તેણીએ સગવડ માટે પોતાનો ગલપટો કહાડી પોતાની એક દાસીને આપ્યો જે તેણીએ તેની પડોસમાં મુકયો. પછી શાહજાદી થાકથી ઘણી સુસ્ત થઇ ગઇ હતી તેથી ભર ઉંઘમાં પડી અને તેની દાસીઓ તેણીને ઉંઘતી મુકી ત્યાંથી ખસી ગઇ.

જ્યારે અગતજોગ હોકમો આપી શાહજાદો કમર-અલ-જમાન શાહજાદીના ખાસ તંબુમાં ગયો ત્યારે તેને જોયું તો શાહજાદી બદુરા ભર ઉંઘમાં પડેલી હતી તેથી તે ઘણોજ આસ્તેથી ચાલી તેની પડોસમાં ગયો. જ્યારે તે લેટયો અને અરધી ઉંઘ તેની આંખમાં આવી ત્યારે પેલા શાહજાદીના ગલપટા ઉપર તેની નજર પડી. તે તેને હાથમાં લીધો અને તે ઉપર જડેલા હીરા માણેક વગેરે તપાસવા લાગો તે તેને માલમ પડયું કે એક ન્હાની રેશમી કોથલી સફાઇથી તે ગલેબંધ વચ્ચે સીવેલી હતી અને તે રેશમી દોરાથી બાંધેલી હતી. તે કોથલી દાબી જોતાં તેને માલમ પડયું કે તેમાં કાંઇ કઠણ ચીજ મુકેલી હતી; તે શું છે તે જોવાની ઉલટથી તેને તે કોથલી ઉંગાડી અને એક અકીક બાહર કાહડયું. જે ઉપર કોઇ અજાણી ભાષાના આંકડાઓ કોતરેલા હતા, જે શાહજાદો ઉકલાવી શકયો નહીં. તે બોલ્યો કે આ અકીક ઘણી મોટી ખુબી અને કીંમત ધરાવતું હોવું જોઇએ નહીં તો કે શાહજાદી તેને આટલી સંભાલથી પોતાની પાસે રાખે નહીં. આ અકીક ખરેખર તો એક 'તલેસમાન' અથવા 'તાવીજ' હતું, જે ચીનની શાહજાદીને તેની રાણી માતાએ આપ્યું હતું અને કહ્યું હતું કે આ તલેસમાન જ્યાં સુધી તેણીની પાસે ર્હશે ત્યાં સુધી તેણીને કોઇબી રીતનું નુકસાન થશે નહીં તથા તેની સદા ચહડતી રેહેશે.

આ 'તલેસમાન'ને વધારે બરાબર તપાસવા માટે શાહજાદો તંબુના દરવાજા આગલ ગયો કારણ કે તંબુની અંદર બરાબર ઉજાસ નહીં હતો, હજુર તો તે પેલું 'તલેસમાન' ફેરવીને જોય છે તેટલાં એકાએક એક પક્ષી ઉડી આવી તેના હાથપર તરાપ મારી પેલું 'તલેસમાન' લઇ ઉડી ગયું.

શાહજાદો કમર-અલ-જમાના આ બનાવથી એટલો તો અજાયબ થયો કે શું બની ગયું તેનો તે વિચારબી કરી શકયો નહીં, આ અકસ્માતને તે ઘણો આફત ભરેલો બનાવ ગણવા લાગો અને ફક્ત પોતાની ઉતાવલી ઉલટને માટે શાહજાદીને આટલું બધું નુકશાન ગયું અને તેની કીંમતી ભેટ ખોહી દીધી તેથી તે ઘણો દલગીર થયો. આ ઉપરથી શાહજાદાને એટલી તો ચીઢ ચઢી કે તે થોડો વખત તો એક બોલબી બોલી શકયો નહીં.

તે પક્ષી પેલા "તલેસમાન" સાથે ઉડી ગયું પણ થોડે તફાવતે ઉડી પછી જમીન ઉપર બેઠું અને પોતાની ચાંચમાં પેલું તલેસમાન રાખી ડોલતું ડોલતું ચાલવા લાગું! શાહજાદો તેની તરફ દોડયો અને તે પક્ષીને બીધરાવવાની મજબુત કોશેસ કીધી કે તે પક્ષી ધાસ્તીથી પેલું તલેસમાન પોતાની ચાંચમાંથી નાખી દે પણ તેની તે આશા ભ્રષ્ટ થઇ કારણ કે પેલું પક્ષી તે નાખી દેવાને બદલે ઉડીને થોડુંક આગલ ગયું અને વલી પાછું બેઠું. શાહજાદો તેની પછવાડે પછવાડે જવા લાગો અને એકવાર જ્યારે વધારે નજદીક જઇ પુગો ત્યારે તે પક્ષી પેલું 'તલેસમાન' ગલી ગયું અને ઘણું દુર ઉડી ગયું. શાહજાદો તેની પાછલ એવા ઠેરાવથી ગયો કે પથર મારી તેને મારી નાખે તો પેલું 'તલેસમાન' પાછું હાથ આવે. પાછું તે પક્ષી ઉડી ગયું અને જ્યાં સુધી તે નજરે પડયું ત્યાં સુધી કમર-અલ-જમાન તે તલેસમાન મેલવવાની આશાએ તેની પાછલ પાછલ ગયો.

ડુંગરો અને ખાહીઓ વતાવતું તે પક્ષી આખો દીવસ ઉડતું ગયું અને પોતાની પાછલ શાહજાદા કમર-અલ-જમાનને દોડાવતું ગયું, જેથી શાહજાદી બદુરાના તંબુથી તે ઘણોજ દુર નીકલી ગયો.

જ્યારે સાંજ પણ પડી ગઇ ત્યારે તે પક્ષી કમર–અલ–જમાનથી બચવા માટે એક ઘણાજ ઉંચાં ઝાડ ઉપર જઇ બેઠું કે જ્યાંથી કમર–અલ–જમાન તેને પકડી શકેજ નહીં.

આવી ફોકતની મેહનતથી શાહજાદો બીલકુલ થાકીને લુશ થઇ ગયો અને તેને પાછું પોતાની છાવણીમાં જવાનું મન કીધું. પણ તેને વિચાર્યું કે "હું પાછો કેમ ફરી શકું? શું હું જે જે ખીનો અને ડુંગરો કુદાવી આવ્યો છું તે ઉપરથી પાછો જઇ શકીશ? શું હું અંધારાકીલમાં રસ્તો નહીં ભુલી જઇશ? વલી આરામાં ચાલવાની તાકાદજ ક્યાં રહી છે કે હું જઇ શકુ? એમ કરતાં હું ત્યાં જઇબી પુગું તો 'તલેસમાન' પાછું મેલવ્યા વગર હું શાહજાદી આગલ ગયલોબી શું કામનો?" આવા આવા વિચારો કરતો બીચારો કમર–અલ–જમાન થાકી ગયો; તેમાં એકતો ભુખ, બીજી તો તરશ અને ત્રીજું તો ઉજાગરો એ ત્રણ ચીજથી તે નાસીપાસ થઇ પેલાં ઝાડ હેઠલ પડયો અને આખી રાત તરેહવાર અફસોસ કરવામાં ગુજારી.

જેવી સવાર પડી તેવોજ કમર-અલ-જમાન ઉઠયો અને પેલું નાપાક પક્ષી ઉડે તેની આગમચ તે તેની ચોકી કરવા લાગો. તે એ પાંખવાલો ચોર જેવો જાગ્યો તેવોજ ઉડવા લાગો; તે આસમાન પર ઉડે ને શાહજાદો તેને જોતો જમીનપર દોડે; એ મુજબ આખો દહાડો તે રખડયો પણ આગલા દીવસની માફક તે જરાબી ફતેહ મેલવ્યા વગર નાસીપાસ થયો. રસ્તે ચાલતાં મલતા પાલા અને ફલફલાદીથી તેને પોતાની ભુખને સંતોખી. એ પ્રમાણે તેને દસ દીવસ તે પક્ષીપરજ પોતાની આંખ રાખીને રખડમાં કાહડયા અને રાત તે પક્ષી જે ઉચાંમાં ઉચાં ઝાડપર તેની છેલ્લામાં છેલ્લી ડાલીપર બેસતું તે ઝાડની હેઠલ સુઇને ગુજારી.

તે લુચું પક્ષી એમ દસ દીવસ સુધી ચાલુ ઉડયા કીધું અને બીચારો કમર-અલ-જમાન તેની પછવાડે દોડયા કીધો. પછી અગીયારમે દીવસે તેઓ એક મોટા શેહેરમાં આવી પુગા. જ્યાં તે શેહરની મોટી દેવાલોની ઉપર તે પક્ષી ઉડયું અને હવે શાહજાદા કમર-અલ-જમાનની નજરથી તે સદાનું ગુમ થઇ ગયું. જ્યારે તે દેખાતું બંધ થયું ત્યારે આખરે શાહજાદી બદુરાનું તલેસમ પાછું મેલવવાની આશા હંમેશ સુધીની તેને મુકી દીધી.

ઘણીજ દલગીરી તથા નાસીપાસીથી વલ ખાતો કોઇનાબી દીલાસાની આશા વગર કમર-અલ-જમાન તે શેહેરમાં દાખલ થયો. જે શેહેર દરયાવ કીનારા પર બાંધેલું હતું અને એક ઘણું સરસ બારૂં ગણાતું હતું. ક્યાં જવું અથવા તે ક્યાં જાય છે તે જાણ્યા વગર ઘણો વખત સુધી તે ચાલ્યા કીધો અને છેલ્લે તે બારાં આગલ આવી પુગો. હજુર શું કરવું તેના ઠેરાવ પર આવ્યા વગર તે ચાલ્યા કીધો અને જ્યારે એક મોટો બાગ તેને દેખાયો ત્યારે તે ત્યાં થોભ્યો; તે બાગનો દરવાજો ખુલ્લો હોવાથી તે તેમાં દાખલ થયો. બાગનો રખેવાલ માલી પોતાનું કામ કરતો હતો, કમર-અલ-જમાન જ્યારે દરવાજા આગલ જઇ ઉભો ત્યારે તેની તરફ તે બાગબાનની નજર ગઇ. તેને જોયું કે તે કોઇ અજાણ્યો મુસાફર છે એટલુંજ નહીં તે મુસલમાન પણ છે તેથી તેને શાહજાદાને જલદીથી અંદર આવવા કહી પછી દરવાજો જલદી બંધ કરી દેવા કહ્યું. કમર-અલ-જમાન તુરતજ દાખલ થયો અને પેલા બાગબાન આગલ જઇ દરવાજો શું કામ બંધ કરાવી દીધો તેનો સબબ પુછવા લાગો. તે બાગબાને જવાબ દીધો કે "એમ કરવાનો સબબ એ છે કે તું અત્રે નવોજ આવેલો લાગે છે તે સાથે વલી તું મુસલમાન છે, અને આ શેહેરમાં ઘણો મોટો ભાગ મુરતીપુંજકોનો વસે છે જેઓ મુસલમાનોના કટ્ટા વેરી થઇ લાગા છે અને જે થોડા મુસલમાનો આ શેહેરમાં વસે છે તેઓને ઘણા હેરાન કરે છે અને તેઓને હરેક બાહણે પુશકલ સતાવે છે. હું ધારૂં છું કે આ બાબદથી તું તદન અજાણ્યો લાગે છે.

તું આવા ક્રુર માણસોના સપાટામાંથી બચી આવ્યો છે તે હું એક મોજેજો સમજુ છું. આ મુરતી-પુંજકો તો વારજ જોય છે કે ક્યારે કોઇ અજાણો મુસલમાન તે લોકોના સપાટામાં આવે કે તેને હરેક વાતે હેરાન કરીને પોતાનું વેર લે; હું ખોદાવનતાલાનાં શુકરાના કરૂં છું કે આજે તું તેઓના પંજામાંથી બચી સલામત આવ્યો છે."

કમર-અલ-જમાને પેલા બાગબાનનો અતીઘણો ઉપકાર માન્યો અને એક તદન અજાણા મુસલમાનને આવી સખી તબેહથી આસરો આપ્યો તથા બચાવી લીધો તે માટે તે તેનો ઘણો હેસાનમંદ થયો છે, વીગેરે વધારે બોલવા જતો હતો પણ પેલા બાગબાને વચે બોલી તેને અટકાવ્યો. તે બોલ્યો "હવે ઘણું થયું; મેં કાંઇ વધારે કીધું નથી પણ મારી ફરજ બજાવી છે. તું ઘણો થાકેલો તેમજ ભુખો લાગે છે, માટે આવ થોડો ખોરાક લે અને પછી સુખેથી આસાયશથી બેસ." પછી તે પરોણાને પોતાના ન્હાના પણ સફાઇદાર ઘરમાં લઇ ગયો અને ત્યાં શાહજાદાએ પેટ ભરી સાદુ ખાણું ખાધું, અને થંડુ પાણી પીધું. તે પછી પેલો બાગબાન તેની આગલ બેઠો અને શાહજાદાને અરજ કીધી કે તેનું અત્રે આવવું કેમ થયું તથા તે કોણ દેશનો રેહવાસી છે તે સર્વેનું બયાન ધીરજથી કરવું.

શાહજાદા કમર-અલ-જમાને પોતાના મેજવાંનની ઇચ્છા પ્રમાણે પોતાનો તમામ અહેવાલ કહી સંભલાવ્યો અને પછી તે બાગબાગને પુછયું કે "મારા મુલકમાં જવાનો ટુકામાં ટુકો રસ્તો કયો છે અને કેટલા દહાડામાં ત્યાં જઇ પુગશ કારણ કે હવે શાહજાદી આગલ પાછું જવું નકામું છે; તે કાંઇ મને મલી શકે નહીં કારણ કે આજે અગીઆર દીવસ થયા હું તેણીથી છુટો પડયો છું. મને ખબર નથી કે હજુર તેણીની તેજ જગોએ મારી રાહ જોતી બેઠી હશે કે નહીં, તેમજ તેણીની જીવતીબી હોય એવી મારી ખાતરી નથી." એટલું બોલતાં શાહજાદાની આંખમાંથી નવધાર આંસુઓ પાડવા લાગાં.

શાહજાદાના સવાલના જવાબમાં બાગબાને કહ્યું કે તે જે શેહર વિશે પુછે છે તે શેહરમાં જવા માટે બરાબર એક વરસ થાય; પણ જો દર્યાવને રસ્તે જાયતો વધારે ટુકે રસ્તે તે એબનીના ટાપુઓ પર પુગે અને ત્યાંથી ખાલીદાનના ટાપુઓ પર જવાનો માર્ગ તે શેહલાઇથી મેલવી શકે. તેને કહ્યું કે દર વરશે એક વેપારી વહાણ એબનીના ટાપુઓ તરફ આ શેહેરમાંથી ઉપડી જાય છે તેમાં જો શાહજાદો જાય તો તે ખાલીદાનના ટાપુઓ તરફ જલદીથી જઇ પુગે. તે બાગબાન બોલ્યો જો તું થોડા દીવસ અગાઉથી આવ્યો હતે તો આ વરસે જે વહાણ હંકારી ગયું તે વહાણમાં તું જઇ શકતે પણ હવે તો એક વરસ સુધી તારે થોભવું પડશે અને તેટલો વખત તારે જ્યાં રેહવું હોય તો મારૂં મકાન તારે માટે ખોલ્લું છે; જો તું મારી સાથે રેહશે તો હું ઘણો ખુશી થઇશ.

શાહજાદો આવા ભલા માણસની મુલાકાતથી ઘણો ખુશી થયો કારણ કે જે શેહેરમાં તે કોઇ-નેબી ઓલખતો નહીં હતો ત્યાં તેને આ રીતે એક આસરો આપનાર મલી આવ્યો તેથી તેને શુક-રાના કીધા અને જે ભલાં દીલથી તે બાગવાને તેને આસરો આપવા માગ્યો તે તેને ઉપકાર સાથે કબુલ કીધો અને તે બાગબાન સાથે જ્યાં સુધી એબનીના ટાપુઓ માટેનું વહાણ ઉપડી જાય ત્યાં સુધી રહ્યો; તે આખો દહાડો તો પેલા બાગબાન સાથે તેના કામમાં મદદ કરવાને જતો હતો પણ રાતના જ્યારે તે એકલો પડતો ત્યારે તેને બધો વિચાર પોતાની પ્યારી શાહજાદી બદુરાનોજ આ-વતો અને તેથી હાય અફસોસ કરી આખી રાત આંસુઓ પાડતો હતો.

હવે આપણે શાહજાદાને બાગબાન સાથે છોડીને શાહજાદી બદુરા તરફ આપણી નજર ફેરવ્યે.

શાહજાદી બદુરા થોડો વખત સુતા પછી તે જાગી ત્યારે પોતાની પડોશમાં શાહજાદા કમર-અલ-જમાનને નહીં જોવાથી ઘણી અજાયબ થઇ. તેણીએ પોતાની દાસીઓને બોલાવી અને પુછયું કે

શાહજાદો કયાં છે? દાસીઓએ જવાબ દીધો કે તેઓએ તેને તંબુમાંથી બાહર જતો જોયો હતો પણ હમણા સુધી તે પાછો આવેલો દેખાયો નથી તેમજ તે કયાં ગયો તેબી જણાયું નથી. પછી પોતાના ગલપટા ઉપર શાહજાદીની નજર પડી તો તે ઉપરની પેલી કોથલી ઉગાડેલી માલમ પડી અને તેમાંથી પેલું તલેસમાન જતું રહેલું જણાયું. તેણીએ ધાર્યું કે શાહજાદાએ તે તપાસવા લીધું હશે અને તે પાછું લાવી આપશે. પણ વખત જવા લાગો ને કમર-અલ-જમાન તો પાછો ફરયોજ નહીં તેથી રાત પડી ત્યાં સુધી શાહજાદીએ ઘણી અધીરાઇથી તેની રાહ જોઇ અને તે શું કામ આટલો બધો વખત ગેરહાજર રહ્યો હશે તેનો વિચારબી કરી નહીં શકી. જ્યારે તેણીએ જોયું કે રાત આગળ વધવા લાગી ને તદ્દન અંધારૂં ફીલ થઇ ગયું તો પણ શાહજાદો નહીં આવ્યો ત્યારે તે અતીયંત દલગીર થઇ. તેણીએ પેલાં તલેસમાનને હજારો હજાર કદુવા દીધી, તેના બનાવનારને સેંકડો શ્રાપ દીધા અને જો તેણીની મા તરફ તેણીને માન નહીં હતે તો તે આહરાણીને પણ એવું તલેસમાન આપવા માટે કાંઇ બુરૂં કહેતે. આટલું છતાં તેણીએ જોયું કે બનવા કાલ હતું તેતો બની ગયું અને શાહજાદાનું ગુમ થવું જોઇએ તો તલેસમાનને લીધે હોય કે જોઇએ તો બીજા કોઇ કારણસર હોય તો પણ તેણીએ જેમ બીજી ઓરતો આફત વખતે અસાધારણ ધભરાત બતાવે છે તેવો ધભરાત નહીં બતાવતાં એક એવી યુકતી સોધી કાહડી કે જેવી યુક્તી ઓજાત કવીચીતજ કરવાની હીંમત કરે.

શાહજાદો કમર-અલ-જમાન ગુમ થઇ ગયો તે વાત શાહજાદી બદુરા અને તેણીની દાસીઓ સીવાય બીજું કોઇ જાણતું નહીં હતું; કારણ કે જ્યારે શાહજાદો બાહેર ગયો ત્યારે બીજા રસાલાનાં માણસો તો મુસાફરીની થાકથી એટલાં તો સુસ્ત થઇ ગયાં હતાં કે તેઓ બધાં તંબુની બાહેર સુઇ ગયલાં હતાં. હવે શાહજાદો ગુમ થઇ ગયો છે એવું જો બધાં માણસો જાણે તો મબાદા તેઓ શાહજાદીને હેરાન કરવાને ચુકે નહીં, તેથી શાહજાદીએ પોતાની તમામ દલગીરી એક બાજુ મુંકી અને કાંઇ શક નહીં ઉપજે માટે પોતાની દાસીઓને સખ્ત હોકમ કીધો કે શાહજાદાના ગુમ થવા વિશે કોઇ પાસ એક હરફબી બાહેર કાહડે નહીં. તેણીએ શાહજાદાનો એક પાદશાહી પોશાક પોતે પેહરી લીધો જેથી તે પોતાના ખાવીંદને એટલી તો મળતી આવવા લાગી કે કોઇબી તેણીને શાહજાદી તરીકે પીછાની શક્યું નહીં! અને સર્વે કોઇ તે શાહજાદોજ છે એમ સમજવા લાગ્યું; બીજી સવારે તે તંબુની બાહેર આવી કે બધા નોકરો તેને શાહજાદો સમજી માન આપવા લાગા. તેને ગાંસડા પોટલા બાંધવાનો હોકમ ફરમાવ્યો અને મુસાફરી ચાલુ થવાની ધમાલ ચાલી. જ્યારે બધી તૈયારી થઇ રહી ત્યારે પોતાની જગોએ શાહજાદીએ પોતાની એક દાસીને પાલખીમાં બેસાડી અને પોતે શાહજાદા કમર-અલ-જમાનનાં ઘોડા પર શાહજાદા તરીકે સવાર થઇ ચાલવા લાગી.

થોડા મહીનાની ખુશકી તથા દરયાવની મુસાફરી કીધા પછી ખાલીદાનના ટાપુઓમાં જવા માટે એબનીના ટાપુઓની રાજધાણી ખાતે વાહાણ થોભાવું પડયું. તે ટાપુના રાજકર્તાનું નામ **આરમેનાસ** હતું. જેવું તેઓનાં વાહાણે લંગર કીધું તેવાંજ થોડાં માણસો ઉતારાની જગો શોધવા માટે કીનારે આવ્યાં ત્યારે સર્વેને જાહેર થયું, કે ખાલીદાનના ટાપુઓના મોટા પાદશાહ શાહજમાનનો બેટો શાહજાદો કમર-અલ-જમાન પોતાની લાંબી મુસાફરીથી પાછો ફરતાં હવાની ફેરબદલી માટે આ ટાપુ ખાતે થોભ્યો છે, આ ખબર ત્યાંના પાદશાહ આરમેનાસને પણ તુરત પુગી.

પાદશાહ **આરમેનાસ** પોતાની દરબારના ઘણા ખરા બધા અમીર ઉમરાવો સાથે ઘણોજ જલદીથી શાહજાદાને એસ્તેકબાલ લેવા ગયો અને જેવી શાહજાદી (કમર-અલ-જમાનનાં પોશાકમાં) વાહાણ પરથી ઉતરીને પોતા માટે તૈયાર કીધેલા ઉતારા ઉપર જવા નીકલી તેવીજ તેની મુલાકાત શાહ આરમેનાસે લીધી.

તેને પોતાના પાદશાહી દોસ્તનો બેટો સમજી શાહજાદીને ઘણા માન સાથે આવકાર આપ્યો અને તેને પોતાની સાથે પોતાના ખાસ મેહલમાં તેડી લઇ ગયો અને તેને આખા રસાલા સાથ ઘણી સગવડથી ત્યાં રાખી. શાહ આરમેનાસે તેણીને શાહજાદો સમજી ઘણા મોટા ખેતાબો આપ્યા અને ત્રણ દીવસ સુધી મોટી મોટી જ્યાફતો અને ખાણાંઓ આપી તેની મદારત કરવામાં કાંઇ કસુર રાખી નહીં.

જ્યારે ધાંમધુમના ત્રણ દીવસ ખલાસ થયા ત્યારે પાદશાહ આરમેનાસે જોયું કે શાહજાદો પોતાને દેશ પાછો જવા માટે તૈયારી કરે છે, ત્યારે શાહજાદીને કે જેણીને હજુર સુધી પાદશાહ અરમેનાસ શાહજાદો કમર-અલ-જમાનજ સમજતો હતો, તેને એક બાજુએ લઇ જઇ તે શાહ કેહવા લાગો કે "ઓ શાહજાદા તું જો કે હું હાલ ઘણી મોટી ઉમરે પુગો છું અને મારી હાલત એવી થતી જાય છે કે હવે વધારે વખત હું જીવી શકું એ નહી બનવા જોગ છે, અને મારા મરણ પછી મારૂં રાજ ચલાવનાર વારસ બેટો નથી કે તે મારૂં રાજ ચલાવે. ખુદરતે ફકત મને એક બેટીનું ફરજંદ બક્ષયું છે. જે તારા જેવા ઉંચી તોખમના ખુબસુરત શાહજાદાને લાયકની છે અને તેણી જેટલી ખુબસુરતીમાં સરસ છે તેટલીજ પાદશાહી દરજ્જાને છાજતી કેલવણીમાં પણ સંપૂર્ણ છે. તેથી તું તારે દેશ પાછો ફરવાને બદલે ત્યાંજ રહે અને મારી બેટીનો હાથ, મારા તખ્તો તાજ સાથે, તું કબુલ રાખ; કારણ કે હવે હું વધુવાર રાજ કરવા માંગતો નથી. આટલાં બધાં વરસ સુધી જાહોજલાલીથી મારૂં રાજ ચલાવ્યા પછી તારા જેવા લાયક અને ઉંચા ખાનદાનના શાહજાદાને મારૂં ધીકતું રાજ અને માન પામેલું તખ્ત સપુર્દ કરવાને મને ઘણી ખુશી પેદા થશે."

એબનીના-પાદશાહની આ માંગણીથી શાહજાદી બદુરાને ઘણો ઘભરાત પેદા થયો. તે વિચારવા લાગી કે પાદશાહ મારી સાથે પોતાની બેટીની શાદી કરવા માગે છે મગર તેને ખબર કયાંછે કે હું તેણીના જેવીજ એક શાહજાદી છું. વલી જ્યારે હું આટલો વખત સુધી શાહજાદા કમર-અલ-જમાન તરીકે ફતેહમંદી સાથે ચાલી શકી ત્યારે હવે મારો ભરમ ખોલું તો મબાદા તેથી મને ઘણું નુકસાન થાય અને વલી શાહજમાનના મુલકમાંથી વખતે મને શાહજાદો મળે કે નહીબી મળે તો પછી હું આ તકબી ખોહી દેવું ને સામી રૂસવા થાઉ તેથી આ માગણી કબુલ કરવામાંજ ફાયદો છે. વલી જો કમર-અલ-જમાન તરીકેજ હું એબનીના પાદશાહની માંગણી નહીં કબુલ રાખુંતો એ શાહ પોતાની દોસ્તી તજી મારો દુશમન થાય અને વખતે મારા જાનને નુકસાન પોહચાડે.

થોડો વખત વિચાર કીધા પછી શાહજાદી બદુરાએ ઠેરાવ કીધો કે જ્યારે શાહજાદો વખતે આએ રસ્તે પોતાને દેશ જવા માટે આવી પુગે તો વલી આ બાદશાહાત એક નવી રાણી સુધાં તે શાહજાદાને મલી જાય તો કેવી ખુશાલી ઉપજે? તેનો ખયાલ કરી શાહજાદી બદુરાએ એબનીના પાદશાહ આરમેનાસની માગણી કબુલ રાખવાનો ઠેરાવ કીધો. થોડો વખત વિચાર કરતાં જે તરેહવાર ફેરફારો તેણીના ચેહરા પર થયા હતા તે એબનીના પાદશાહે જોયા પણ તે એમ સમજ્યો કે એકાએક મલતી પાદશાહીથી તે ઘભરાઇ ગયો હશે. શાહજાદી ફીકી પડીને બોલી કે "ઓ મોટા શાહ, જે મોટી બક્ષેસ તું મારી ઉપર કરવા માગે છે તેને હું બીલકુલ લાયક નથી તે છતાં હું તે તારી કીંમતી બક્ષેસ નાકબુલ કરવાની હીંમત કરી શકતો નથી; પણ મારા સુરંબી હું એક કબુલાત વગર તમારી માંગણી કબુલ કરી શકતો નથી; તે એ છે કે તમોએ મને આ મોટું રાજ ચલાવવા માટે બનતી તમામ મદદ કરવી જોઇએ અને દરેક બાબદમાં તમોએ મને સલાહ આપવી જોઇએ, જેવી સલાહ અને મદદ વગર હું આ બોહલું રાજ ચલાવવાને બીલકુલ અશક્ત છું."

આ રીતે લગનનું સાટું ઠોકાયું અને શાહજાદીના લગન માટે આવતી કાલનો દીવસ એબનીના પાદશાહે મુકરર કીધો. શાહજાદી બદુરાએ પોતાના માણસોને આ નવા બનાવથી વાકેફ કર્યા, (જેઓ

હજીરસુધી એવુંજ સમજતા હતા કે તે શાહજાદો કમર-અલ-જમાન છે) અને તેઓ અજાયબ નહીં થાય તેથી કહ્યું કે આ લગન માટે શાહજાદી બદુરાએ પણ પોતાની ખુશી દેખાડી ને પરવાનગી આપી છે. તેણીએ વલી પોતાની દાસીઓને પણ ચેતાવી રાખી કે આગલની માફક આ ભેદ પણ સાચવી રાખવો.

એબનીના પાદશાહને આવો મોભાદાર અને ઉંચી પદવીનો જમાઇ મલ્યો, તેથી તે અતીઘણો ખુશ થઇ ગયો હતો. તે શાહે બીજે દીવસે પોતાની દરબાર ભરી અને ત્યાં જાહેર કીધું કે "મેં મારી બેટીનો હાથ શાહજાદા કમર-અલ-જમાનને આપ્યો છે." પછી શાહજાદો કમર-અલ-જમાન જેને તે પોતાની સાથે દરબારમાં લાવ્યો હતો તેને દેખાડી બોલ્યો કે "આજથી મેં મારૂં રાજપાટ છોડી સર્વે આ નામચીન શાહજાદા કમર-અલ-જમાનને સ્વાધીન કીધું છે માટે તેને તમારા પાદશાહ તરીકે માન આપો." પછી પોતે તખ્ત ઉપરથી હેઠલ ઉતરયો અને પોતાનું તાજ શાહજાદી બદુરા જે શાહજાદાના લેબાસમાં હતી તેનાં માથા પર મુકી તેને તખ્ત પર બીરાજતી કીધી; જ્યાં તેણે દરબાર તરફથી વફાદાર ને નીમકહલાલ રેહવાના કસમ કબુલ્યા અને સર્વેની ખુશાલી વચ્ચે નવા પાદશાહે દરબાર બરખાસ્ત કીધી.

શાહજાદા કમર–અલ–જમાનને નામે આખા શેહરમાં એબનીના પાદશાહ તરીકે ઘંઘેરો ફરયો. નવા પાદશાહના માન માટે આખા શેહરમાં કેટલાક દીવસ સુધી ખુશાલી અને મોજમજાહ ચાલી રહી અને આસપાસના બીજાં શેહરોમાં પણ ખબર કરવાથી ત્યાં પણ તેહવાર તરીકે થોડા દીવસ ખુશ ખુશાલી પંઠરાઇ રહી.

તે દીને સાંજે આખા શેહરમાં મોટી ને ભભુકદાર સુંદર રોશની થઇ અને શાહજાદી હાતાલલનીફસ (એ નામ એબનીના ટાપુના શાહની બેટીનું હતું) શાહજાદી બદુરા જે મરદાની પોશાકમાં હતી ત્યાં હાજર કરવામાં આવી. તેણીએ ઘણોજ સુંદર પોશાક પેહરેલો હતો. મોટી ધાંમધુમ સાથે તે જોડાંની લગન કીયા કરવામાં આવી અને આ જોડાંને એકલાં મુકી સર્વે પોતપોતાને મકાન રવાના થયાં.

બીજે દીને બાંમદાદે શાહજાદી બદુરાને એબનીના નવા શાહ તરીકે હજારો મુબારકબાદીઓ અને સેંકડો જાતની કીંમતી બક્ષેસો અમીર ઉમરાવો તરફથી મલી. પેલી તરફ સવારે જ્યારે શાહ તથા રાણી પોતાની બેટીને મુબારકબાદી આપવા તેના દીવાનખાનામાં ગયાં ત્યારે તેઓની મુબારકબાદીનો જવાબ આપવાને બદલે તે જમીન તરફ જોવા લાગી; તે ઉપરથી શાહ્ને માલમ પડયું કે તે આ શાદીથી શાહજાદી કાંઇ સંતોષ પામેલી દીસતી નહી હતી પણ ઘણીજ દલગીર દેખાતી હતી.

આ ઉપરથી નવી રાણી હાતાલલનીફસને દીલાસો આપવાના ઇરાદાથી શાહ બોલ્યો "મારી પ્યારી બેટી એટલી બધી નાસીપાસ ના થા, તું જાણે છે તો ખરી કે શાહજાદા કમર-અલ-જમાનને તેનો પ્યારો પેદર શાહ જમાન જે ઘણો બેહાલ છે તેને મલવા જતો આપણે અટકાવ્યો છે, તેથી તે હાલ પોતાની ધારેલી નેમ પાર નહી પડવાથી જરા બેચેન જેવો ફરે છે ને મબાદા તે હવે પછી પોતાના બાપને કે કોઇબી સગાં વહાલાંને મલીબી શકે નહીં; એવી હાલતમાં તે આપણે લીધે આવી પડયો છે તેટલા માટે તે દલગીર રેહછે; પણ વખત જતે તેની દલગીરી નીકલી જશે અને એક સારા ચાહતા ખાંવીંદ તરીકે તે તને દીલોજાનથી પ્યાર કરશે."

શાહજાદા કમર-અલ-જમાન તરીકે તથા એબનીના નવા પાદશાહ તરીકે શાહાજાદી બદુરાએ આખો દીવસ સુધી ચોતરફથી મુબારકબાદી મેલવ્યા કીધી અને પછી ત્યાંના લશકરની તપાસ ઘણી ચાલાકીથી લીધી તે સાથે તેણીએ બીજી પાહદશાહી ફરજો એવી તો બજાવી કે આખી દરબારને આ નવા શાહની શક્તી અને રાજનીતી વિશે ઘણું ઊંચું મત બેઠું.

પાછી રાત પડી અને તે પોતાની નવી રાણી હાતાલનીફ્સનાં દીવાનખાનમાં દાખલ થઇ, ત્યાં તેને તેણીએ એવા તો થંડા સ્વભાવથી આવકાર આપ્યો કે શાહજાદી તુરતજ સમજી ગઇ કે તે તેનેથી ઘણી દલગીર થઇ છે અને તેની ચાલથી બેદીલ થઇ છે. આ જોઇ શાહજાદી બદુરાએ તેણીની દલગીરી કાહડી નાખવા માટે તેણીની સાથે લાંબી લાંબી વાતો કરવા માંડી તથા તરેહવાર યુક્તીઓ કરીને તેણીના દીલમાંથી ગમ મુકાવવાની તજવીજ કીધી. ત્યાં તે તેણીને દીલોજાનથી ચાહે છે એવું દેખાડયું. પછી તેણીએ રાણી હાતાલનીફ્સને સુવા જવા કહ્યું અને પોતે નીમાજ પઢવા બેઠી; તેમાં એટલો તો વખત ગાલી નાખ્યો કે રાણી આખરે કંટાલીને સુઇ ગઇ. જ્યારે શાહજાદી બદુરાએ જોયું કે રાણી હાતાલનીફ્સ ઊંઘાઇ ગંઇ છે ત્યારે આસ્તે રહીને રાણીને જગાડ્યા વગર તેની પડોસમાં જઇ સુતી; પણ તેણીને બીલકુલ ઊંઘ આવી નહીં. તે પોતાની હાલત વિશે ઘણી મુન્જાવા લાગી. મરદ તરીકે જે કામ તેને માથે લીધું હતું તેમાં દીનપર દીન જે જોખમદારી વધતી જતી હતી તેથી તે ફીકરમંદ હતી કે હવે આગલ કેમ ચાલશે? રાણી હાતાલનીફ્સ ઘણી નાસીપાસ થયલી લાગતી હતી તેથી તે બીહવા લાગી કે હવે વધારે વખત તેણીનો ભરમ રેહશે નહીં. વલી શાહજાદા કમર-અલ-જમાનની નધારેલી જુદાઇથી તેણીતું જીગર ચાક ચાક થતું હતું. એ રીતે વિચારમા ને વિચારમાં સવાર પડી અને રાણી હાતાલનીફ્સ જાગે તેની આગાઉ શાહજાદી બદુરા ઉઠી અને પછી પોતાનો પાદશાહી જભો ઓલવી દરબારમાં ચાલી ગઇ.

શાહ આરમેનાસ પોતાની બેટીને મળવા સારૂ બીજે દીને જવાને ચુકયો નહીં અને જોયછે તો પાછી તે બીચારી આંસુ વરસાવે છે. તે તુરતજ સમજ્યો કે તેણીના ધણીની તેની તરફની બેદરકારીથી તેની બેટી આં મુજબ દુઃખી થાયછે. આથી તેને ઘણો ગુસ્સો લાગો તેથી બોલ્યો કે "મારી પ્યારી બેટી એક વધુ રાત ધીરજ ધર, મેંજ તારા ખાવીંદને તખ્તો તાજ આપી બુલંદ દરજ્જે ચહડાવ્યો છે અને હુંજ તેને પાછો હલકે દરજ્જે ઉતારી પાડવાને શક્તીવાન છું; આ શું તેને શરમ ભરેલું નથી લાગતું કે મારી આટલી બધી મેહરબાની છતાં તે મારી બેટી સાથે આવી બેઅદબી ભરી ચાલ ચલાવવાની હીંમત કરેછે? જો આજે રાતેબી તે એવીજ રીતે વરતશે તો હું તેને અત્રેથી બેઆબરૂ કરીને કાહડી મેલીશ; કારણ એવી ચાલથી જેમ તુને તેમજ મને પણ ઘણું ખરાબ લાગે છે. તેની આ ચાલ બીલકુલ માફ નહીં થાય એવી છે."

તે દીવસે રાતના શાહજાદી બદુરા રાણી હાતાલનીફ્સનાં ઓરડામાં ઘણી અસુરી ગઇ. આગલી રાતની માફક હ્યાં ત્યાંની ભલતી ભલતી વાતો તેણીની સાથે કીધી અને પછી શાહજાદી બદુરા પાછી નીમાજ પઢવા જવા ઉઠી અને રાણી હાતાલનીફ્સને સુવા જવા કહ્યું; પણ રાણી હાતાલની-ફ્સે તેણીને હાથ પકડી અટકાવી અને પોતાની પાસે પાછી બેસવાની ફરજ પાડી. તે બોલી "પ્યારા ખાવીંદ, ગઇ રાતની મુવાફેક વલી આજ રાતે પણ તમો મને ઠગવા માગો છો, પણ મારા પ્યારા દીલદાર મને તમો ખુલ્લું કહો કે તમો શા માટે મારેથી નારાજ થયા છો? હું તમોને ફક્ત ચાહતીજ નથી પણ તમોને પુંજું છું અને હું પોતાને દુન્યામાં સર્વેથી સુખી માનું છું કે તમારા જેવો અતી ખુબસુરત અને ચાલાક ખાવીંદ મને મળ્યો. તમોએ જેવી ચાલ મારી સાથ ચલાવી છે તેવી ચાલ જો કોઇ બીજી શાહજાદી સાથે તમોએ ચલાવી હતે તો જરૂર તેણીએ તેનું વેર લીધું હતે; પણ હુંતો તમોને દીલોજાનથી ચાહું છું તેથી તમોને ચેતાવવાની મારી ફરજ સમજું છું કે તમારી મારી તરફની વર્તણુકથી મારો બાપ ઘણો ગુસ્સે થઇ ગયો છે અને તે આજની રાતે શું બને છે, તે જોવા માટેજ ફકત થોભ્યો છે. અને જો આજ રાતેબી તમો એજ રીતે મારી સાથે વરતશો તો તે પોતાનો ગુસ્સો હાથમાં રાખી શકશે નહીં અને તેનું પરીણામ ઘણુંજ ખરાબ નીપજશે; માટે મારા પ્યારા ખાવીંદ,

હું તમોને નમનતાઇથી અરજ કરૂંછું કે જે શાહજાદી તમોને દીલોજાનથી ચાહે છે તેની ઉપર તમો પણ તમારૂં દીલ ફીદા કરો."

આ સખુનોથી શાહજાદી બદુરાને અસાધારણ ધભરાત પેદા થયો. રાણી હાતાલનીફ્સે જે કહ્યું તે બોલેબોલ તેણીને ખરૂં લાગું કારણ કે લગનને બીજે દીવસથી જે થંડાપણું શાહ આરમેનાસે તેની તરફ દેખાડયું હતું તેનો ખરો સબબ તેને માલમ પડયો. હવે ફકત બચવાનો ઉપાય એકજ હતો અને તે એ કે પોતે કોણ છે તે ખરેખરૂં રાણી હાતાલનીફસને જણાવી દેવું. પણ તે ઘણીજ ડરવા લાગી કે વખતે રાણી તેથી વધારે ગુસ્સે થાય અને તેનું પરીણામ ઉલટું ખરાબ નીપજે. પણ જ્યારે તેણીએ લંબાન વિચાર કીધો ત્યારે તેણીએ ધાર્યું કે જો શાહજાદો કમર-અલ-જમાન જીવતોજ હશે તો તે પોતાના પીતા શાહજમાનને મલવા માટે જરૂર એબનીના ટાપુઓને રસ્તેજ પોતાના સ્વદેશ જશે માટે આ ટાપુ પર રેહવું તો જરૂરનુંજ થઇ પડયું છે તેથી તેણી હીંમત કરીને રાણી હાતાલનીફસને પોતાનો ભરમ કેહવાને તૈયાર થઇ.

જ્યારે શાહજાદી બદુરા તરેહવાર વિચારમાં લીન થઇને મુંગી મુંગી ઉભીજ રહી ત્યારે રાણી હાતાલનીફસ જવાબ માટે ઘણી અધીરી પડી ફરી કાંઇ બોલવાની તૈયારી કરવા લાગી તેટલાં તેણીને અટકાવી શાહજાદી બદુરા બોલી કે "ઓ મારી અતી ખુબસુરત અને ખુશમીજાજ શાહજાદી હું કબુલ કરૂં છું કે હું તકસીરવાર છું, પણ હું આશા રાખું છું કે તું મને માફ કરશે કારણ કે જે ભરમ હાલ હું તારી આગલ ખોલ્લો કરવા માંગું છું તે ભરમ જાણ્યા પછી તું જરૂર મારી ઉપર ગુસ્સે થવાને બદલે સાંમી દયા કરશે." એટલું બોલતાંજ શાહજાદીએ પોતાની છાતી આગળનો પોશાક ખોલ્લો કીધો અને પાછી બોલી કે "જો! મારી તરફ કે હું કોણ છું! એક તારા જેવીજ ઓરત જાત અને શાહજાદી. શું ત્યારે હું તારેથી માફીની આશા નહીં રાખું? મને ખાતરી છે કે મારી તમામ હકીકત જ્યારે તું સાંભલશે ત્યારે તું જરૂર મારા ગમના આતશ ઉપર દીલાસાનું પાંણી રેડશે અને મારા દુ:ખમાં ભાગ લેશે."

જ્યારે શાહજાદી બદુરા પોતાની તમામ હકીકતથી એબનીની શાહજાદીને વાકેફ કરી રહી ત્યારે બીજીવાર તેણીએ રાણી હાતાલનીફસ પાસેથી માંગી લીધું કે આ તેણીનો ભરમ જાલવી રાખવો એટલુંજ નહીં પણ આ યુકતીમાં તેણીએ પોતાથી બનતી દરેક મદદ આપવી અને જાણે શાહજાદી બદુરા તેણીનો ખરેખરોજ ભરથારજ હોય એમ જાહેરમાં જણાવવું અને જ્યાં સુધી શાહજાદો કમર-અલ-જમાન આવી પુગે ત્યાંસુધી તેઓએ ધણી ધણીઆણી તરીકે રેહવું.

શાહજાદી હાતાલનીફસે જવાબ આપ્યો "ઓ શાહજાદી ખરેખર તારી હકીકત ઘણી અજાયબ જેવી છે; તમારાં જોડાંનો ચમતકારીક રીતે મેલાપ થયા પછી તેમજ અસાધારણ દુ:ખ ખમ્યાં પછી તમારાં લગન થયાં ને વલી એક નજીવા સબબ માટે તમો ધણી ધણીઆણી પાછાં જુદાં પડયાં, એ સર્વે ઘણું ખેદકારક છે. હું ખોદાવનતાલા પાસે ખરાં જીગરથી દુવા માંગું છું કે તમો આશક માશુકનો જલદીથી મેલાપ થાવો. ખાતરી રાખજે કે તારો ભરમ મારી છાતીમાં મારાં જીગર જેટલોજ છુપો રહેશે. હું ઘણી ખુશી છું કે મારાં આખાં રાજ્યમાં હુંજ એક એવી ભાગયશાલી છું કે તારો ભરમ જાણી શકી છું. તું અમારૂં રાજ્ય ઘણી અચ્છી ચાલાકીથી ચલાવે છે તેજ તારી ચંચલાઇ અને હુશીયારીનો પુરાવો છે. મેં તને ભરથાર તરીકે ચાહવા માટે અરજ કીધી તેને ઘણો વખત ગયો નથી પણ હવે હું તને અરજ કરૂં છું કે એક બેહનના પ્યારથી મને તું ચાહ અને તારી તથા મારી મીત્રાઇ હંમેશ સુધી કાયમ રાખ જેથી હું ઘણી ખુશી થઇશ." એટલું બોલી તે બંન્ને શાહજાદીઓ એકેકને ભેટી પડી અને અરસપરસ ઘણા ઘણી રીતના વચનો આપી તેઓ બીછાના પર આરાંમ લેવા ગયાં.

તે શાહજાદીઓ ઘણુાજ સંપમેલથી રેહવા લાગી અને બાહરથી એવો આબેહુબ દેખાવ દેખાડવા લાગી કે દરેક જણુ તેઓને એક ચાહતાં ધણી ધણીઆંણી તરીકેજ ધારવા લાગાં. શાહજાદી હાતાલનીફસની દાસીઓ વટીક એમ સમજવા લાગી કે શાહજાદી બદુરા ખરેખર તેણીનો ધણીજ છે! શાહ આરમેનાસ ને તેની રાણી તેમજ આખી દરબાર પણુ કાંઇબી વેહેમ વગર તેઓને એક સુખી જોડાં તરીકે જોઇ ઘણાં ખુશી રેહવા લાગાં. આ વખતથી શાહજાદી બદુરા વગર ધાસ્તીથી એવી અચ્છી રીતે એબનીના ટાપુનું રાજ ચલાવવા લાગી કે સર્વે પ્રજા તેમજ દરબાર તેથી ખુશ ખુશ રેહવા લાગી.

જ્યારે આ સર્વે બનાવો એબનીના ટાપુઓ ખાતે બનતા હતા અને તેમાં શાહજાદી બદુરા, હાતાલનીફસ, શાહ આરમેનાસ, તેની રાણી, અને આખી દરબાર રોકાયલી હતી ત્યારે શાહજાદો કમર-અલ-જમાન હજુર સુધી મુરતી પુંજકોનાં શેહરમાં પેલા ભલા બાગબાનનાં મકાનમાં રેહલો હતો.

એક દહાડે સવારના સકારેથી કમર-અલ-જમાન રોજના રાબેતા મુજબ પોતાના કામ પર જવાની તૈયારી કરતો હતો તેવામાં પેલા બાગબાને આવી તેને કહ્યું "આજે મુરતીપુંજકોનો મોટો તેહવાર છે તેથી તેઓ મોજમજાહ મારવા ઉતરી પડે છે અને તેથી પોતે કાંઇ કામ ધંધો કરતા નથી તેમ બીજાઓને પણુ કરવા દેતા નથી; સર્વેની સલાહ સચવાય તથા અરપરસ દોસ્તી રહે તેથી ફરજના માર્યા મુસલમાનો પણુ તેઓના તેહવારમાં સામેલ થાય છે અને પોતાનો કામધંધો બંધ રાખે છે. તેથી આજે તારે પણુ કામ પર જવું નહીં. વલી આજે ફરસુદ છે તેથી હું એબનીનાં ટાપુઓ તરફ જતાં વહાણુની ખબર કાહડી આવું છું કારણુ કે હવે તે વહાણુ જવાનો વખત નજદીક આવતો જાય છે. મારા કેટલાક દોસ્તો શેહરમાં છે તેઓથી તેની પક્કી ખબર મલશે, જો તેમ હશે તો આપણુને આગલથી તૈયારી કરી રાખવાનો વખત મલશે." એમ કહી પેલા બાગબાંને પોતાનો સરસમાંસરસ પોશાક પેહડયો અને બાગમાંથી બાહેર પડયો.

તેઓની મોજ મજાહમાં શામેલ થવાને બદલે અને એ બાહણે આખું શેહર જોવાને બદલે શાહજાદો કમર-અલ-જમાન બાગમાં એકલોજ રહ્યો અને તે ફરસુદનો વખત પોતાની અતી ઘણી પ્યારી માશુક શાહજાદી બદુરાની જુદાઇની ગમભરી યાદ કરી પોતાની ચશમ આંસુંથી ભરપુર કરી બાગમાંના ઘાસને ગોયા તાજગી આપતો હતો. આવા ગમમાં ગીરફતાર થઇ તે બાગમાં ભટકતો હતો અને પોતાના દુઃખના દચકાં ખાતો હતો તેવામાં એકાએક બે પક્ષીઓને પાસેના એક ઝાડ પર મોટો ઘોંઘાટ કરતાં સાંભલી ત્યાં તેનું ધ્યાન ગયું તેથી તેને પોતાનું માથું ઉંચુ કીધું અને શું બને છે તે જોવા લાગો.

કમર-અલ-જમાને જોયું તો આ બંને પક્ષીઓ ઘણાજ જોશથી જીવપર આવી લડતાં હતાં અને અકેકને ચાંચથી ફોડી નાખતાં હતાં. થોડી પલમાં તે બેમાંથી એક મુવેલું ઝાડના થડ આગલ પડયું. જે પક્ષી જીતીને જીવ્યું હતું તે પોતાની ફતેહથી ખુશી થતું ઉડી ગયું.

તેજ પળે બીજાં બે મોટાં કદનાં પક્ષીઓ જેઓએ તેઓની લડાઇ દુરથી જોઇ હતી, તેઓ નજદીક ઉડી આવ્યાં અને પેલાં મરણુ પાંમેલાં પક્ષીની આગલ બેઠાં. તેઓએ તે પક્ષીને થોડો વખત ટીકી ટીકીને જોયા કીધું પછી પોતાનાં ડોકાં ધુંનાવી, દલગીરી દેખાડી પોતાના મજબુત પંજાથી ત્યાંની જમીન ખોડી તેની ઘોર બનાવી અને તેમાં પેલાં પક્ષીને મુકયું.

જેવી પેલી ઘોર પર પેલા પક્ષીઓ પોતાની ખોદી કાહડેલી માટી પાછી પુરી રહ્યાં કે ઉડી ગયાં અને થોડાજ વખતમાં પેલાં ખુની પક્ષીને તે જોડાંમાનું એક પક્ષી પાંખ તરફથી અને એક

પગ તરફથી પકડી ઘસડી લાવ્યાં. તે ગુનાહગાર પક્ષી ભયંકર પોકારો મારતું હતું અને જીવપર આવી છુટવાની કોશેસ કરતું હતું. તેઓ તેને પેલા મરણ પાંમેલાં પક્ષીની ઘોર આગલ ખેંચી લાવ્યાં અને તેને કીધેલાં ખુનના બદલામાં વાજબી શીક્ષા કરવા માંડી. તેઓ પોતાની મજબુત ચાંચોથી તેને ટુંપી નાખવા લાગ્યાં અને જ્યારે તે મરણ પાંમ્યુ ત્યારે તેનાં બદનને ચીરી નાખ્યુ અને તેનાં ટુકડે ટુકડા કરીને આસપાસ વીખેરી નાખી પાછાં ઉડી ગયાં.

કમર-અલ-જમાન આખો વખત આ અજાયબ જેવો બનાવ જોતો મુંગો મુંગો દુરજ ઉભો રહ્યો હતો. તે હવે પેલાં ઝાડ આગલ ગયો ને જ્યાં પેલા ગુનેહગાર પક્ષીના બદનનાં ટુકડા ફેલાયલા પડેલા તે ઉપર પોતાની નજર રાખી જોતો હતો તેવામાં તે પક્ષીની હોજરીમાં કાંઇક લાલ ચલકતી ચીજ જેવું તેની નજરે પડયું. તેને તે ચુંથાયલો ભાગ ઉંચકી લીધો અને પેલી લાલ ચીજ તેમાંથી કાહડીને જોઇ તો તે કાંઇજ નહીં પણ પેલું શાહજાદી બદુરાનું તલેસમાન નજરે પડયું! જે તલેસમાન માટે તેને આટલી બધી ઇનતેજારી, દુ:ખ, અને દલગીરી ઉપજી હતી. તે બોલ્યો, "ઓ ધાટકી પક્ષી! તું ખરેખર બીજાને દુ:ખ આપવામાંજ મજાહ સમજતું હતું, મને તારી ક્રુર ચાલથી ઘણું દુ:ખ ખમવું પડયું છે. પણ મેં જે ખમ્યું છે તેના બદલામાં તુંને તારા જાતભાઇઓથી પુરતો લતીજો મલ્યો છે અને તને ઘટતા ફેજે પુગેલું મેં મારી નજરે જોયું છે. 'કર તે જો' એ લ્યાંનું લ્યાંજ છે. બીજાનું નુકસાન કરી કોઇ નફો પાંમતું નથી."

આ બનાવથી કમર-અલ-જમાનને જે ખુશી ઉપજી તેનું બયાન કરવું મુશકેલ છે. તે ફરીથી બોલ્યો, "પ્યારી શાહજાદી, આ ભાયગશાલી પળે મને તારૂં ખોહવાયલું કીંમતી તલેસ્માન મલ્યું છે તે પળથી મને સારા સગન થયલા માલમ પડે છે ને જેમ ન ધારેલી રીતે આ તલેસમાન મને મલ્યું છે તેજ રીતે તું પ્યારી પણ મને હું ધારૂં છું તેનીબી આગમચ મને મલશે. શુકરાના હજારો હજાર કે મારો દહાડો પાછો ફરે એવી આશા આપનારો આજે આ બનાવ બન્યો છે."

આ શબ્દો બોલતાં કમર-અલ-જમાન તે તલેસમાનને ચુમવા લાગો ને તેને સંભાલથી વીંટાલીને પોતાની બાજુ પર બાંધ્યું. જ્યારથી શાહજાદી બદુરાથી તે છુટો પડી ગયો ત્યારથી એક રાતબી તે નીંરાતે ઊંઘાયો નહીં હતો પણ આજે તેને આખી રાત ઘણીજ નીરાંતે નીંદ આવી અને સવારે ખુશ થતો ઉઠયો અને પોતાનો પોશાક પેહડી પેલા બાગબાન પાસે કામ માંગવા ગયો. તે બાગબાને તેને એક ઝાડ દેખાડી કહ્યું કે આ ઝાડ હવે જુનું થવાથી ફલ આપતું નથી તેને ઠડમાંથી કાપી નાખ.

કમર-અલ-જમાને કોડાલી લીધી અને પોતાને કામે લાગો. જ્યારે તે પેલા ઝાડનું ઠડ એક બાજુએથી કાપતો હતો ત્યારે તેની કોડાલી કોઇ એવી કઠણ ચીજ સાથે અઠડી કે તેથી મોટો આવાજ થયો. તેને તરતજ તે બાજુની માટી ખીશાડી જોઇ તો એક ત્રાંબાની મોટી સીલા તેની નજરે પડી તે ઊંચકતાં તેની નજરે એક દાદર પડયો જેને દશ પગઠયાં હતાં. કમર-અલ-જમાન તુરતજ તે ભોંયરામાં ઉતરી પડયો અને જ્યારે તલ્યે પુગો ત્યારે તેની નજરે એક ગુફા જેવી બંધીયાર જગા નજર આવી અને તેમાં પચાસ કાંસાંના ચરૂઓ ઘાંકણ સાથે ગોઠવેલા દેખાયાં. તેને એકક પછી તે બધા ચરૂઓ ઉંગાડી જોયાતો તે તમામ સોનાથી ભરેલા હતા! આ ખજાનાની સોધથી તે અતી ઘણો ખુશી થઇ ગયો અને તે મોટા ખજાનો ત્યાંજ રેહવા દઇ ગોફામાંથી પાછો તે ઉપર આવ્યો, પેલી સીલા પાછી જેમની તેમ ઘાંકી તે ઉપર માતી વાલીને બાગબાનની રાહ જોતો બેઠો.

પેલા બાગબાનને આગલે દીવસે ખબર મલી હતી કે એબનીના ટાપુઓ ખાતે જતું વાહાણ બે ત્રણ દીવસમાં હવે ઉપડી જશે. જેઓએ એ ખબર બાગબાનને આપી હતી તેઓએ તે વાહાણ

ઉપડવાનો ચોકસ દહાડો તેને જણાવ્યો નહીં હતો તો પણ આવતી કાલે ચોકસ દીવસ જણાવવા કહ્યું હતું. તે જે ખબર મેલવવા ગયો હતો તે ખબર મેલવી લાવ્યો તેથી તે બુઢો બાગબાન ઘણો ખુશ થયલો દીસતો હતો. તે બોલ્યો "મારા બેટા, ખુશ થા, અને ત્રણ દીવસમાં સર્વે તૈયારી કરી નાખ કેમકે એબનીના તાપુઓ ખાતે જનારૂં વાહણ હવે ઉપડી જવાનો વખત નજદીક આવ્યો છે. મેં તેના નાખોદા સાથે તારાં ભાડાં વીગેરેનો તમામ બંદોબસ્ત કરી રાખ્યો છે."

કમર-અલ-જમાને કહ્યું "મારા મેહરબાન દોસ્ત આ પળે તેં મને જે ખુશ ખબર આપી છે તેના બદલામાં હું પણ તને બીજી એક વધારે ખુશ ખબરથી જાણીતો કરૂં છું જેથી તું ઘણોજ ખુશી થશે. મારી પાછલ તું આવ અને કુદરતે જે તને બક્ષયું છે તે જોઇ આનંદ પાંમ." કમર-અલ-જમાન પેલા બાગબાનને પેલાં ઝાડ આગલ લઇ ગયો અને પેલું ભોયરૂં ઉંગાડી તેમાં ઉતરયા જ્યાં પેલા સોનાના ચરૂઓ બાગબાનને દેખાડી કહ્યું કે જે ભલો માણુસ આટલા વરસ સુધી રાત દીવસ મેહનત કરતો હતો તેને લાયકનો બદલો ખોદાવનતાલાએ આપ્યો છે.

તે બાગબાન બોલ્યો "મારા બેટા તું એ શું બોલે છે? શું તું એમ ધારે છે કે આ બધો ખજાનો હું મારે હસ્તક લઇશ? નહીં એ સર્વે ખજાનો તારો પોતાનો છે એ ઉપર મારો કસ્સો હક નથી. મારા બાપના મરણ પછી હેંસી વરસ થયાં હું આ બાગમાં કામ કરૂં છું તોપણ કોઇ દહાડે મારી નજરે આ મોટો ખજાનો પડયો નહીં હતો; એ ઉપરથી સાફ માલમ પડે છે કે એ તારેજ નસીબે લખાયલો હતો અને તેથીજ તેં તે શોધી કાહડયો છે. આવો મોટો ખજાનો એક તારા જેવા શાહજાદાનેજ કાંમનો કારણ હું તો હવે મોતને કાંઠે આવી પુગો છું, હવે મને કાંઇબી વધુ જોઇતું નથી. ખોદાવનતાલાએ આ ખજાનો બર વખતેજ તને બક્ષયો છે કારણ કે હવે તું તારાં વતન તરફજ જાય છે જ્યાં તું એ ખજાનાનો ઘટતો ઉપયોગ કરી શકશે."

શાહજાદા કમર-અલ-જમાન તથા બાગબાન વચ્ચે આ બાબદસર ઘણી તકરાર થઇ પછી સેવટે શાહજાદાએ મજબુત વાંધો લીધો કે ઓછામાં ઓછો અરધો ખજાનો પેલો બાગબાન લે નહીં ત્યાં સુધીકદી ખજનાને તે આંગલીબી લગાડશે નહીં. છેલ્લે બાગબાનને શાહજાદાની સરત કબુલ કરવી પડી અને પચીસ પચીસ પેલા ચરૂઓમાંથી તેઓએ સરખે ભાગે વેંહચી લીધા.

તે ખજાનો બાગબાન વેંહચી લીધા પછી પેલો બોલ્યો "મારા બેટા, એટલુંજ કરીને આપણને બેસી રેહવું નથી, આ કીંમતી ખજાનો વાહાણ ચહડાવતી વખતે કાંઇ તદબીર કરીને તે છુપો લઇ જવો જોઇએ કારણ કે જો જરાબી ખબર પડશે કે આટલો બધો ખજાનો એક મુસલમાન અત્રેથી લઇ જાય છે તો તે મુરતીપુંજકો જપ્ત કરી લેશે. એબનીના ટાપુમાં 'ઑલીવ' ફ્લની ઘણી અછત હોય છે અને જેઓ અત્રેથી તે તાપુ તરફ જાય છે તેઓ ઉકમાઇ તરીકે તેમજ વેચી નફો ખાવા માટે અત્રેથી ઑલીવ લઇ જાય છે. તને ખબર તો છે કે મારા પોતાના બાગમાંના એકઠાં કીધેલા પુસ્કલ ઑલીવ મારી પાસે છે તેથી તું આ પચાસ ચરૂઓ લે અને દરેકમાં હેઠલ અરધું સોનું ભર અને ઉપર ઑલીવ ભર અને પછી જે વાહણમાં તું જવાનો છે તે વાહાણપર આપણે ઑલીવ તરીકે ચહડાવીશું.

કમર-અલ-જમાન પેલા બાગબાનની સલાહ માફક બાકીનો આખો દીવસ પેલા ચરૂઓ તૈયાર કરવામાં રોકાયો અને શાહજાદીનું પેલું તલીસમાન જે તે પોતાની બાજુએ બાંધીને હંમેશ ફરતો હતો તે વખતે વલી પાછું ખોવાઇ જાય તેથી સંભાલથી પેલા ચરૂઓના એકમાં મુકયું અને તે ઉપર જણાઇ આવવા માટે એક ખાસ નીશાણી પાડી કે જ્યારે જોઇએ ત્યારે તે જણાઇ આવે. પેલા ચરૂઓ તૈયાર થયા તે વખતે રાત પડવા આવી હતી તેથી તેઓ ઘરમાં ગયા અને ખાણું ખાધું પછી વાત કરવા બેઠા ત્યારે કમર-અલ-જમાને પેલાં બે પક્ષીઓની લઢાઇની વાત કીધી અને તેમાંથી તેને શાહ-

જાદી બદુરાનું તલેસમાન કેમ મેલવ્યુ તે પણ કહ્યું. આ સાંભલી પેલો બાગબાન જેટલો અજાયબ થયો તેથી વધારે ખુશી થયો કે તેના પરોણાની ખોવાયલી કીંમતી ચીજ તેને તેના મકાનપરથી પાછી મલી.

ઘડપણને લીધે અથવા તો તે દહાડે લીધેલી વધારે મેહનતને લીધે તે રાત પેલા બાગબાને સારી કાહડી નહીં, બીજે દીને તો તેની તબીઅત વધારે બગડી અને ત્રીજે દહાડે, કે જ્યારે શાહજાદો વાહાણપર ચહડવાંનો હતો તે દહાડે, તો તેની હાલત ઘણીજ ખરાબ થઇ પડી અને તે એટલો તો બીમાર થઇ ગયો કે ઉઠી બેસીબી શકયો નહીં. હવે તેજ દહાડે વહાણ ઉપડી જવાનું હોવાથી તે વાહાણનો નાખોદા થોડાક ખલાસીઓ સાથે તે બાગબાનના દરવાજા આગલ આવી પુગો અને દરવાજો ઠોકી બાગબાનને બોલાવવા લાગો. કમર-અલ-જમાને દરવાજો ઉગાડયો ત્યારે તેઓએ પુછયું કે કોઇ પરદેશી શખ્સ આજે અમારાં વાહાણમાં એબનીના ટાપુ ખાતે આવવાનો છે તે કયાં છે? શાહજાદાએ જવાબ આપ્યો "તે તો હુંજ આવવાનો છું. જે બાગબાને મારી 'પાસેજ' ખરીદ કીધી છે તે આજારી પડી ગયો છે અને બોલીબી શકતો નથી. તોપણ મેહરબાંની કરીને અંદર આવો અને મારા ઑલીવના ચરૂઓ તથા બીજો સરસામાન તમારાં માણસો પાસે ઉંચકાવી જાવો; હું મારા બુઝોરગ દોસ્તની રજા લઇ તમારી પછવાડે તુરતજ આવું છું."

પેલા ખલાસીઓ કમર-અલ-જમાનનો સામાન તથા પેલા પચાસ ચરૂઓ ઉંચકી વાહાણ પર લઇ ગયા અને તાકીદ કીધી કે તેનેબી તુરતજ નીકલી આવવું. પેલો નાખોદા જતી વખતે કમર-અલ-જમાનને કહેતો ગયો કે "પવન ઘણો સારો છે અને અમો ફકત તમારે માટેજ ખોટી છીએ માટે અસુરૂં કરતા ના."

જેવા પેલા ખલાસીઓ તથા નાખોદા વહાણ તરફ ગયા કે કમર-અલ-જમાન પેલા બાગવાનની રજા લઇ છેલી સલાંમ કરવા માટે તેની આગલ ગયો પણ તેને પેલા ઘરડા બાગબાનને મોતને કાંઠે આવેલો જોયો. તેના મુખ પર અલ્લાહનું નામ હતું અને જેવો કમર-અલ-જમાન તેની પાસે પડી તેના આસીરવાદ મેલવવા ગયો તેવોજ તે અલ્લાહ! અલ્લાહ! બોલતો મરણ પામ્યો.

હવે શાહજાદો એવડા ફાંસામાં આવી પડયો. જો વખત ખોહે છે તો પેલું વાહાણ તેના કીંમતી ખજાના સાથે તેને લીધા વગર હંકાળી જાય. અને જો તે પોતાનો ખજાનો સંભાલવા વાહાણ પર જાય છે તો જે ભલા બાગબાને તેની વગરસ્વાર્થે મદારત કરી એક વરસ સુધી તેને પોતાના મકાનમાં રેહવા દીધો તેના રવાનને તે રખડતું મુકવાના જબુન વાંકમાં આવે છે. તેને પેલા બાગબાનનું બદન સફા કીધું, પછી કફન પેહડાવ્યું અને બાગમાંજ એક ઘોર ખોદી ડાટયો કારણ કે આ મુરતીપુંજકોના દેશમાં મુસલમાનો માટે જુદું કબ્રસ્તાનબી હતું નહીં. હવે તેના દોસ્તને દફન કરવાનાં કામમાં શાહજાદાનો એટલો તો વખત નીકલી ગયો કે સાંજ પડી ગઇ. પછી તે બાગનો દરવાજો બંધ કરી તેની કુંચી પોતાના ગજવામાં મુકી ઉતાવલથી તે બારાં તરફ દોડયો કે જલદીથી તે વાહાણ પર ચહડી બેસે અને રસ્તામાં તે બાગનો ધણી મલી આવે તો તેને હસ્તક તે કુંચી કરવાનો તેનો વિચાર હતો અને જો કોઇજ ધણી ધોરી નહી મલે તો બેચાર શાક્ષીઓની હજુરમાં તે કુંચી કોઇ સારા આસામીને આપવાનો તેને ઠેરાવ કીધો. પણ જ્યારે બારાં આગલ આવી પુગો ત્યારે તેને જણાવ્યામાં આવ્યું કે તેનું વાહાણતો ઘણો વખત થયો લંગર ઉપાડી ચાલતું થયું હતું અને હવે તો તે નજર આગલથીબી ગુમ થઇ ગયું છે. વલી તેઓએ જણાવ્યું કે તેને માટે તે વાહાણ આખા ત્રણ કલાક ખોટી રહ્યું હતું અને જ્યારે તે નહીંજ આવ્યો ત્યારે આખરે હંકારી ગયું હતું.

આ બનાવથી કમર-અલ-જમાન ઘણો ચીરડાઇ ગયો અને જે દેશમાં તેનું કોઇપણ ઓલખીતુ નહીં ત્યાં બીજું એક વરસ રેહવું પડશે તેથી ઘણોજ નાસીપાસ થઇ ગયો, જે તક તેણે એક વરસે મલી હતી તે થોડા કલાક માટે તેને ખોહી દીધી તેથી તે ઘણો દલગીર થયો. તેને એક વરસ વધુ

ચોભવું પડશે તેથી તે જેટલો દલગીર હતો તે કરતાં વધારે દલગીર તે પેલાં તલેસમાન માટે થયો, જે તલેસમાન તેને અજાયબ રીતે ખોહ્યું હતું તે તેને પાછું તેથી વધારે અજાયબ સંજોગથી મેલવ્યું ને વલી પાછું તે ખોહ્યું! હવે તેને તલેસમાન પાછુ મલવાની આસાજ મુકી. બાગ તરફ પાછું ફરવા સીવાએ તેની પાસે બીજો કાઇબી ઉપાય હતો નહીં તેથી તે બાગનો જો કાઇ ધણી હોય તો તેની પાસેથી તે ભાડે લઇ ત્યાંજ બાગબાની કરી એક વરસ ગાલી કાહડવાનો ઠેરાવ કરી તે બારાંમાંથી બાગ તરફ પાછો ફરયો. બાગનું કામ તે એકલો નહીં કરી શકવાથી તેને એક છોકરાને પોતાના હાથ હેઠલ કામ કરવા માટે નોકરીએ રાખ્યો. પેલા બાગબાનનાં મરણ પાંમવાથી અને કોઇ તેનો વારસ નહીં હોવાથી પેલો બાકી રહેલો અરધો ખજાનો શાહજાદા કમર-અલ-જમાનને હાથ આવ્યો જે તેને બીજા પચાસ ચરૂઓમાં ભરી તે ઉપર ઑલીવો પાંઠરીને તૈયાર રાખ્યો કે જ્યારે વક મલે ત્યારે સાથે લેતો જાય.

જ્યારે શાહજાદો કમર-અલ-જમાન આ મુજબ પારકાં શેહરમાં દલગીરી, નાસીપાસી અને અધીરાઇથી બીજાં વરસની રાહ જોતો હતો, ત્યારે પેલું વાહાણ પવન ઘણો સારો લાગવાથી કાંઇબી હરકત વગર એબનીના ટાપુઓ ખાતે પુગી ગયું હતું.

એબનીના નવા રાજા, અથવા ખરૂં કહે તો શાહજાદી બદુરાનો મેહલ બારાંની બરાબર સાંમોજ હોવાથી તેણીએ પેલું વાહણ વાવટા સમેત બારાંમાં દાખલ થતું જોયું ત્યારે તે વિશે ખબર કાહડી તો માલમ પડયું કે ધારા મુજબ મુરતીપુંજકોના દેશથી એક વાહાણ દર વરશે એબનીનાં ટાપુઓમાં આવે છે તેમ આ વાહાણ પણ વેપાર જોગ ઘણો કીંમતી સામાન ભરી આ વરશે ત્યાંથી આવી પુગું છે.

જોકે શાહાજાદી બદુરા આવા દમામથી, અને જાહોજલાલીથી રાજ કરતી હતી તોપણ પોતાના પ્યારા કમર-અલ-જમાનને મલવાની તેણીને દર પળે ઇચ્છા થતી હતી. તેણીએ હાલ વિચાર્યુ કે કદાચ આ વાહાણમાં મારો વાહાલો ધણી આવી લાગો હશે તેથી હું જઇને તેને મલું. જોકે તે મને કદી ઓળખવાનો નથી, તો પણ જ્યારે હું તેને ઓળખાવશ ત્યારે તે ઘણો અજબ થઈ જશે. પેલાં વાહાણમાંનો માલ તપાસવાને, અને તેમાંથી પોતાને વાસ્તે કેટલોક સામાન ખરીદવાને બાહને તેણીએ ત્યાં જવા પોતાને વાસ્તે એક ઘોડો મંગાવ્યો ને કેટલાક અમલદારો સાથે કીનારા ઉપર ગઇ કે જ્યાં પેલો નાખુદા આવી લાગો. શાહજાદીએ નાખુદાને પોતાની આગળ બોલાવી સવાલો પુછવા લાગી કે તું કયાંથી આવ્યો છે? કેટલે દાહાડે તારૂં વાહાણ આવી પુગું, તે શું શું માલ ભરી લાવ્યો છે, ઉતારૂઓ કેઈ કીસમના છે તેમાં કોઈ પારકા દેશનો અજાણો શખ્સ છે કે નહીં, તેને રસ્તામાં શું શું અડચણો પડી હતી ઇત્યાદી સવાલો પુછયા અને છેલ્લે તે શું શું માલ ભરી લાવ્યો છે તેની વીગત માંગી.

પેલા નાખુદાએ દરએક સવાલનો જવાબ ખાતરી ભરેલી રીતે આપ્યો, અને બોલ્યો કે તેનાં વાહાણમાં વેપારીઓ સીવાય બીજો કોઇ પણ પારકો ઉતારૂ આવ્યો નથી, અને તે પોતાની સાથે સફેદ અને રંગેલું ઉંચું કાપડ, જવાહેર, કશતુરી, કપુર, જુદો જુદો મશાલો, અને ઑલીવ વીગેરે બીજી ઘણી જણસો લાવ્યો છે.

શાહજાદી બદુરા ઑલીવની ઘણી શોખીન હતી તેથી તેણીએ જેવું ઑલીવનું નામ સાંભલ્યું તેવીજ તે નાખોદાને કેહવા લાગી કે "તારા વાહાણમાં જેટલાં ઑલીવ હોય તે મારી આગલ તુરત લાવ, હું તે બધાં ખરીદ કરૂં છું અને બીજો કીંમતી સામન પણ કોઇને દેખાડે તેની અગાઉ મને દેખાડજે."

પેલો નાખુદા બોલ્યો કે "ઓ નામદાર શાહ મારી પાસે ઑલીવનાં પચાસ ચરૂઓ છે પણ તેનો ધણી પાછલ રહી ગયો છો. અમોએ તેની ઘણી રાહ જોઇ પણ તે આવ્યો નહીં, અને પવન સારો હતો તેથી હું વાહાણ હંકાલી આવ્યો છું." શાહજાદી બદુરા બોલી કે "કાંઇ ફીકર નહીં તે બધાં ઑલીવો કીનારા ઉપર લાવો તેથી કાંઇ હું તે ખરીદતી અટકીશ નહીં."

તરત નાખુદાએ બોટ મોકલી પેલાં ઑલીવ ઉતરાવી મંગાવ્યાં. શાહાજાદીએ પુછીયું કે એબનીના ટાપુમાં એની કીંમત શું ઉપજે? પેલો નાખુદા કેહેવા લાગો કે "નામદાર શાહ એનો ધણી ગરીબ છે, માટે જો તમો તેને એક હજાર રૂપાંનાં સીક્કા આપશો તો, તે ઘણો ખુસી થઇ જશે." શાહાજાદીએ આ ઉપરથી પોતાના ખજાંનચીને એક હજાર સોનાનાં સીકકા આપવાને હોકમ કીધો અને કહ્યું કે જ્યારે એનો ધણી ગરીબજ છે ત્યારે તો રૂપાંને બદલે હું સોનાના હજાર સીકકા આપુ છું જે તું ઇમાનદારીથી તેને પુગાડજે. ત્યારે પછી શાહાજાદીએ બધા ચરૂઓ મેહેલમાં મોકલી આપવાનો હોકમ કીધો.

હવે રાત પડી ત્યારે શાહજાદી બદુરા રાણી હાતાલનીફ્સને લઇને પેલાં ઑલીવનાં ચરૂઓ આગલ ગઇ; અને તેમાંથી ચાખવાને વાસ્તે એક ચરૂ ઊંગડાવ્યો. અને તેમાંના ઑલીવો તપાસતા માલમ પડયું કે તેને સોનાનો ભુકો વલગેલો હતો! વધારે ખાલી કરતાં તે ચરૂ અરધો સોનાથી ભરેલો જોઇને તે એટલી તો અજબ થઇ ગઇ કે તેનીથી કાંઇ પણ બોલાયું નહીં; તરત તેણીએ બધા ચરૂઓ ઊંગડાવ્યા, અને બધા સોનાથી અરધા ભરેલા જોઇ તેણીની અજાયબી વધતી ગઇ, પણ જ્યારે જે ચરૂમાં તેનો તલેસમાન કમર-અલ-જમાને મુકયો હતો તે ઉગાડયો, અને તેમાં જ્યારે તે તલેસમાન તેણીએ જોયો ત્યારે તે એકાએક બેસુધી થઇ ગઇ.

શાહાજાદી હાતાલનીફ્સ અને બીજી દાસીઓ તરત તેની મદદે દોડી ગઇને પાણી છાંટી તેણીને સુધીમાં લાવ્યાં. જ્યારે તે સુધીમાં આવી ત્યારે તેણીએ પેલો તલેસમાન લઇ છાતીએ દાબ્યો, અને તેને ચુંમી લીધી. પણ પેલી દાસીઓ આગલ આ વાત જાહેર કરવાને તેણીએ દરૂસ્ત નહીં ધાર્યું તેથી તેણીએ તે લોકોને પોતાની આગલથી રૂખ્સત આપી બદુરા શાહજાદી હાતાલનીફ્સને કેહેવા લાગી કે "ઓ પ્યારી શાહાજાદી આ તલેસમાનને ખાતર હું મારા વાહાલા ધણીથી છુટી પડી હતી, અને એ પાછો મારે હાથ લાગો છે ત્યારે મને એવું ગુમાન જાય છે કે આપણે થોડા વખતમાં શાહાજાદા કમર-અલ-જમાનને મલી શકશું."

બીજી સવારનાં પેલા નાખુદાને શાહાજાદીએ તેડી મંગાવ્યો, અને તેને કહ્યું કે "હું માંગી લઉંછું કે મેહેરબાની કરીને મને બરોબર કેહે કે આ ઑલીવનો કોણ ધણી છે અને તે ત્યાં શું ધંધો કરેછે. હું ધારૂં છું કે કાલે તું એમ બોલ્યો હતો કે તે વાહાણ પર ચહડતો રહી ગયો છે અને તે હજુર મુરતીપુંજકોના દેશમાં વસે છે."

તે નાખુદા બોલ્યો કે "નામદાર બાદશાહ, તે ધણીને હું બરોબર ઓલખતો નથી, કારણ કે તેના વિશેનો બધો બંદોબસ્ત મારી સાથે એક બાગબાને કીધો હતો જે ઘણોજ ઘરડો હતો તેને મને પોતાના બાગમાં કામ કરતો દેખાડયો હતો તે ઉપર હું કહું છું કે તે ઘણો ગરીબ હાલતમાં છે. હું તે બાગબાનના બાગમાં તેને તેડવા ગયો હતો પણ તે વખતસર વાહાણ પર નહીં આવવાથી પાછલ રહી ગયો છે."

ત્યારે શાહાજાદી પેલા નાખુદાને કેહેવા લાગી કે તું તરત તારૂં વાહાણ પાછું હંકારી જા, અને પેલા ધણીની શોધ કરી તેને હ્યાં લઇ આવ, કારણ કે તે મારો કરજદાર છે. અગર જો તું મને ના પાડશે તો હું તારો બધો માલ જપત કરી તુંને કેદ કરીશ. હું હમણા મારાં માણસોને હોકમ કરૂં છું કે તું પાછો આવે ત્યાંસુધી તારાં વાહાણમાંનો માલ એક વખારમાં ભરી રાખે, વાસ્તે તું તરત મારો હોકમ બજા લાવ."

પેલા નાખોદાએ શાહનો હોકમ તોડવાની હીંમત કીધી નહીં અને વાહાણ હંકારી જવા સીવાય બીજો કાંઇ છુટકો જોયો નહીં, કારણ જો તે ના કેહે તો મજબુત સજામાં આવી પડે એટલુંજ નહીં પણ તેના બીજા ઉતારૂ દોસ્તો પણ વગર કારણે પાયામાલ થાય, તેથી પેલો નાખુદા મુસાફરીનો ખોરાક અને પાણી ભરી તરત પોતાનું વાહાણ હંકારી ગયો.

પેલાં વાહાણને એટલો તો સારો પવન લાગો કે તે તેજ રાતનાં ધારેલી જગાએ પોહોચ્યું.

વાહાણને લંગર કરયા વગરજ પેલો નાખુદા છ જોરાવર ને ચપરખંધા ખલાસીઓને લઇ એક બોટમાં બેસી કીનારે ઉતરયો, અને કમર-અલ-જમાનના બાગ તરફ ચાલ્યો.

શાહાજાદો પોતાની ખુબસુરત બાંનુ બદુરાની યાદમાં વીલાપ કરતો હતો તેથી તે ઉંઘાયલો નહીં હતો. તે પેલી નાપાક ઘડીને કહુવા દેતો હતો કે જે ઘડીએ તેને પેહલવેહલે પેલા તલેસમાનને હાથ લગાડયો હતો; એવા હાય અફસોસમાં તે એમથી તેમ બાગમાં ફરતો હતો તેવામાં બારણું કોઇએ બાહારથી ઠોકયું; જેવો તે રાતનાજ પોશાકમાં બારણું ઊઘાડવા ગયો તેવાજ પેલા ખલાસીઓ તેને એમનો એમ વાહાણ ઉપર ઘસડી લઇ ગયા.

વાહાણ તરત હંકરાઇ ગયું. ઘણો વાર સુધી તો શાહાજાદો ચુપ બેસી રહ્યો પણ જ્યારે તેને પેલા નાખુદાને ઓલખ્યો ત્યારે તેને કહેવા લાગ્યો કે ભાઇ મારી ઉપર એટલો જુલમ કરી તમો મને શા માટે હીઆં લાવ્યા છો? તેણે કહ્યું કે શું તું એબનીનાં બાદશાહાનો કરજદાર નથી? શાહાજાદો અજબ થઇ બોલ્યો કે ભાઇ હું તો તેને પીછાનતોબી નથી. મેં કયે દાહાડે તેની સાથે વેપાર કીધો છે યા વેહવાર ચલાવ્યો છે? નાખુદા બોલ્યો કે તું જ્યારે તેને મલે ત્યારે તેની આગલ એ પ્રમાણે કેહેજે, પણ હાલ તો ચુપ રેહે અને ધીરજ પકડ.

પવન સારો હોવાથી તરત બીજે દહાડે રાત પડી ત્યારે કમર-અલ-જમાનને લઇને પેલું વાહાણ સુરતી પુંજકોના દેશથી એબનીના બારાંમાં આવી પોંહોંચ્યું. પેલો નાખુદા ઉતરી કમર-અલ-જમાનને મેહેલ તરફ લઇ ગયો. પેલાં વાહાણના આવ્યાની જેવી શાહજાદી બદુરાને ખબર પડી તેવીજ નાખુદા સાથે વાત કરવા તે દોડી અને જ્યારે જેવો પોતાનાં પ્યારા આશકને તેણીએ જોયો ત્યારે જોકે તે એક મજુરના પોશાકમાં હતો તોબી તેને તેણીએ તુરત પીછાન્યો.

પેલો શાહાજાદો થર થર ધ્રુજતો હતો કે બાહાદશાહ મારી પાસે પૈસાની ઉઘરાણી કરશે તેનો હું શું જવાબ દેઇશ. પણ તે એટલું નહીં જાણતો હતો કે પોતાની પ્યારી મોહોરદાર આગલ તે ઉભો છે. જો શાહાજાદી બદુરા ચાહાતે તો કમર-અલ-જમાનને વલગી પડી પોતે ઓલખાઇ આવતે, પણ પોતે એક બાદશાહ તરીકે પોતાનો હોદ્દો બજાવવા માટે પોતાનાં પ્યારા ધણીને થોડોક વાર મુ-જવવાને તેણીએ દરૂસ્ત ધાર્યું. તેણીએ તરત એક અમલદારને હોકમ કીધો કે તારી સંભાલમાં આ માણુસને રાખ, અને કાલે જ્યાં સુધી હું એને બોલઉં ત્યાં સુધી એની બરદાસ્ત લેજે.

જ્યારે શાહાજાદી બદુરા પોતાના પ્યારા ધણી શાહજાદા કમર-અલ-જમાન માટે જોઇતો બંદો-બસ્ત કરી રહી ત્યારે પેલા નાખોદા તરફ ફરીને તેને જે કીંમતી મદદકીધી હતી તેનો બદલો આપ્યો. તેણીએ તુરતજ પોતાના એક અમલદારને મોકલી તેના માલ ઉપરથી જપતી ઉઠાડી મુકાવી અને તેને એક ઘણોજ કીંમતી હીરો ભેટ કીધો, જે તેની છેલી સફરના ખરચ કરતાં ઘણી મોટી કીંમતનો હતો તે સાથે તેને કહ્યું કે જે હજાર સોનાના સીક્કા પેલાં ઑલીવની કીંમતમાં તેને આપેલા છે તે પણ તેનેજ રાખવા કારણ કે ઑલીવની કીંમતનો બંદોબસ્ત તેના ધણી સાથે તે પોતે કરી લેશે.

છેલ્લે તેણીની શાહજાદી હાતાલનીફસના ઓરડામાં ગઈ અને પોતાની યુક્તી કેટલી ફતેહમંદ ઉતરી તેથી તેણીને વાકેફ કીધી. તેણીએ શાહજાદી હાતાલનીફસને અરજ કીધી કે આ ભેદ હજુર છુપોજ રાખવો કારણ કે શાહજાદો કમર-અલ-જમાન હજુર સુધી નહીં જાણતો હતો કે શાહજાદી બદુરાનોજ તે કેદી છે! શાહજાદી હાતાલાનીફસે ખાતરી આપી કે જ્યાં સુધી તેણીની મરજી હશે ત્યાં સુધી તે કદીબી આ ભેદનો પડદો ખોલશે નહીં. એટલુંજ નહીં પણ તેણીએ શાહજાદી બદુરાને પોતાથી બનતી દરેક મદદ આપવાની કબુલાત આપી.

બીજે દીને સવારના પોહરમાં કમર-અલ-જમાનને એક હમામખાનામાં લઇ જવામાં આવ્યો અને ત્યાં તેનું આંગ સાફ કરી એક અમીર તરીકેનો કીંમતી પોશાક પેહડાવી દરબારમાં લાવવામાં આવ્યો. જ્યાં

ચીનની શાહજાદી બદુરા એબનીના શાહ તરીકે તખ્ત પર બીરાજેલી હતી ત્યાં હાજર થઇ આ નવા આવેલા અમીરે પોતાના પાદશાહી રોબથી તથા બેહદ ખુબસુરતીથી આખી દરબારનું ધ્યાન પોતા પર ખેંચ્યું.

ખુદ શાહજાદી બદુરા પણ પોતાના પ્યારા ભરથાર શાહજાદા કમર-અલ-જમાનને તેના ભપકાદાર પોશાકમાં જોઇ કાંઇ થોડી ખુશી નહીં હતી. તેણીનું ધ્યાન પણ ફક્ત કમર-અલ-જમાન પરજ લાગી રહ્યું હતું. બીજા અમીરોની સફમાં તેણીના હોકમ મુજબ કમર-અલ-જમાનને બેઠક મલી હતી. શાહજાદાએ પોતાની જગા લીધા પછી શાહજાદી પોતાના અમીરોને કેહવા લાગી કે "મારા નામદાર અમીર ઉમરાવો, આ નવા આવેલા અમીર કમર-અલ-જમાનને તમારી સફમાં દાખલ કરતાં મને ખુશાલી ઉપજે છે. તે દરેક વાતે તમારી સફમાં બીરાજવાને તદન લાયક છે. મારી મુસાફરીમાં આ અમીરના સારા ગુણોનો મને અનુભવ થયલો છે તેથી હું તમોને ખાતરી આપુંછું કે એ પોતાના ભલા ગુણો તથા જાતી ચંચલાઇથી આ દરબારમાં ઘણો અગત્યનો ભાગ બજાવશે અને પોતાના કાંમથી તમારી એવી ખાતરી કરી આપશે કે તમો દરેક જણ તેની બેહદ તારીફ કરવાને ચુકશો નહીં.

જ્યારે કમર-અલ-જમાને પોતાનું નામ એબનીના શાહને મોહડેથી સાંભળ્યું ત્યારે તે ઘણો અજાયબ થયો. તે બીચારો કદીબી વિચારી નહીં શકયો કે આ તેની પોતાની પ્યારી શાહજાદી બદુરા હતી. વલી જ્યારે તે શાહે તેની ઓલખાણ આપતાં જે તારીફના સખુનો દરબારને કહી સંભલાવ્યા ત્યારે તે વધારે અજાયબ થયો કે જે શાહને તેને કોઇ કાલેબી જોયલો નહીં તે તેની ઓલખાણ અને વખાન કેમ કરેછે?

આ પાદશાહી જબાનથી થયલી વખાન જોકે નધારેલી હતી તો પણ કમર-અલ-જમાનને છાજતી હતી તેથી તેણે તે માટે શાહનો ઉપકાર માનવાનો ઠેરાવ કીધો. તે શાહના તખ્ત આગલ ગુઠણ મુંડયે પડી નમ્યો પછી ઉઠીને બોલ્યો "ઓ મોટા પાદશાહ જે માયા ભરેલી રીતે તમો નામદારે મારી ઉપર મેહરબાની કીધી છે અને આ દરબારમાં મોટું માન આપ્યું છે તે માટે હું તમારો બેહદ ઉપકાર માનું છું પણ તે માટે મારી પાસે પુરતા શબ્દો નથી. હું તમારી વધુ મેહરબાંની મેલવવાને મારેથી બનતી દરેક કોશેસ કરીશ.

જ્યારે દરબાર બરખાસ્ત થઇ ત્યારે શાહજાદી બદુરાએ તૈયાર રખાવેલાં એક મોટાં ને ભપકાદાર મકાનમાં શાહજાદા કમર-અલ-જમાનને એક અમલદાર લઇ ગયો. આ પાદશાહી દમાંમના નવાં મકાનમાં પુશ્કલ ગોલામો અને નોકરો તેના હોકમો ઉઠાવવાને તૈયાર ઉભેલા હતા અને એક તબેલામાં ઘણા સરસ ઘોડાઓ તેની સ્વારી માટે તૈયાર રાખેલા હતા. આ મકાનમાં દરેક ચીજ એક મોટા અમીરનાં દરજ્જાને છાજતી તૈયાર રાખવામાં આવેલી હતી. જ્યારે તે દીવાનખાનામાં ગયો ત્યારે ત્યાંના કારભારીએ એક મોટી કોથલી તેના ખરચ માટે શાહજાદાને સ્વાધીન કીધી જે તમાંમ સોનાના સીક્કાથી ભરેલી હતી. તે બીલકુલ જાણી નહીં શકયો કે આ મેહરબાંની વરસાદ તેની ઉપર કમે ઠેકાણેથી વરસે છે! તે અજાયબીમાં ગરકાવ થઇ ગયો પણ તેને જરાબી વિચાર નહીં આવ્યો કે તેની પોતાની પ્યારી બાંનું બદુરા તરફથી આ સર્વે થાય છે, એમ ધારવાને તેને એકબી કારણ હજુર સુધી મળ્યું નહીં હતું.

ત્રણ ચાર દહાડા ગયા પછી વડા ખજાનચીની જગો ખાલી પડવાથી શાહજાદી બદુરાએ તે જગા પર કમર-અલ-જમાન નેમ્યો. આ પોતાનો નવાં ઓહ્દો તે એટલો તો સારી રીતે ચલાવવા લાગ્યો કે તેથી તે મોટી દરબારના અમીર ઉમરાવોજ નહીં પણ સાધારણ રૈયત પણ તેનેથી ઘણી ખુશી થવા લાગી અને પોતાના ઓહ્દા પર ઘણા સખીસ્વભાવથી તથા ભલમનશાઈથી તે ઘણોજ પ્યારો થઈ પડયો.

આ મુજબ એક તદન અજાણ્યા પાદશાહ તરફથી કમર-અલ-જમાનને દરરોજ ચહડતું ને ચહડતુંજ માન મળતું જવાથી તે આ દુન્યાને મનસે એક ઘણો સુખી માણસ ગણાવા લાગો. પણ આ સુખના વખતમાં તે પોતાની પ્યારી શાહજાદી બદુરાને ભુલી નહીં ગયો હતો. પણ દર પળે, પોતાની મોજ મજાહ વખતે તેમ ફરસુદને વખતે શાહજાદી બદુરાની તે યાદ કરતો હતો અને પેલા અભાગ્યા તલેસ

માનને લીધે તે પોતાની પ્યારી માશુકથી જુદો પડયો તે માટે હાય અફસોસ કરતો હતો. તેને શાહજાદી બદુરાનો ભેદ અત્યાર સુધી માલમ નહીં પડયો તેનું કારણ એકે શાહજાદી બદુરાએ જ્યારે એબનીના તખ્તો તાજનો કબજો લીધો ત્યારે તેને પોતાનું કમર-અલ-જમાન નામ ફેરવી નાખીને પોતાના સસરા શાહ આરમેનાસનું નામ ધારણ કીધું હતું તેથી હાલમાં તે જવાન શાહ આરમેનાસને નામે ઓલખાતો હતો અને થોડાજ દરબારીઓ તેનું ધારણ કીધેલું નામ કમર-અલ-જમાન જાણતા હતા, પણ કમર-અલ-જમાનને હજુર સુધી તે દરબારીઓ સાથે કોઇ વેલા એ વિશે વાત નહીં થવાથી આ ભેદતે પાંમી શકયો નહીં હતો.

શાહજાદી બદુરાએ જોયું કે આ ભેદ કોઇ વાર ફુટી તો જશેજ ત્યારે વધુવાર તે પોતાના પ્યારા ખાવીંદને ઠગવાને રાજી નહીં થઇ. વલી તે હંમેશ જોતી હતી કે શાહજાદો કમર-અલ-જમાન છુપો ગમ ખાતો હતો તેથી તેને વધારે મુઝાવવાને તેનું દીલ ચાલ્યું નહીં. તે જ્યારે કાંઇ રાજદરબારી વાત કમર-અલ-જમાન સાથે કરતી ત્યારે તે ખોલ્લુ જોતી હતી કે તેના દીલમાં તે છુપી હાય મારતો હતો તથા ગમનાં દચકાં ખાતો હતો. વલી વખત જતે શાહજાદીની ખાતરી થઈ કે કમર-અલ-જમાને દરબારના અમીર ઉમરાવોનું તથા પ્રજાનું દીલ એટલું તો જીતી લીધું છે કે જો તે પોતાનું તાજ શાહજાદી કમર-અલ-જમાનના સીર પર મુકે તો તેમ કરવાને કાંઇ હરકત પડે નહીં.

એક દીવસે શાહજાદી બદુરાએ પોતાની બેહનપણી શાહજાદી હાતાલનીફ્સ સાથે ઠેરાવ કરી શાહજાદા કમર-અલ-જમાનને ખાનગીમાં કહ્યું કે "મારે કાંઇ અગત્યની વાત તારી સાથે કરવી છે અને તારી સલાહ લેવી છે માટે આજે રાતના મારા મેહલમાં તારે આવવું. તું તારા માણસોને કહી આવજે કે તેઓ તારી રાહ જોય નહીં કેમકે વાત કરતાં વખત વધારે થશે તેથી તને મારા મેહલમાંજ આજ રાતનાં રેહેવું પડશે."

કમર-અલ-જમાન શાહજાદીએ ઠેડવેલા વખતે મેહલમાં જવાને ચુકયો નહીં. શાહજાદી તેને પોતાના ખાસ દીવાનખાનામાં લઇ ગઇ અને જેવો વડો ખોજો ધારા મુજબ તેઓની સાથે દાખલ થવા જતો હતો તેવામાં શાહજાદીએ તેને કહ્યું તું અંદર ના આવ કારણ કે આજે મને અંદર તારૂં કાંઇ કામ નથી. પણ તું બાહરજ ચોકી કર. પછી શાહજાદી હાતાલનીફ્સ સાથે જે ઓરડામાં તે સુતી હતી તે ઓરડામાં નહીં લઇ જતાં શાહજાદાને જુદાજ ઓરડામાં લઇ ગઇ.

જ્યારે શાહજાદી બદુરા અને શાહજાદો કમર-અલ-જમાન અંદર દાખલ થયાં ત્યારે તેને બારણું બંધ કીધું. પછી પેલું તલેસમાન એક ન્હાના બૉકસમાંથી કાહડી કમર-અલ-જમાન સામે ધરીને શાહજાદી બોલી "ઘણો વખત થયો આ તલેસમાન મને એક નજુમીએ આપ્યું છે અને મને ખબર પડી છે કે તું જોતીશ વિદ્યામાં ઘણો કુશલ છે તેથી એ શું ખુબી ધરાવે છે તે મને કહી સંભલાવ." શાહજાદા કમર-અલ જમાન તે તલેસમાન હાથમાં લઇ બતી આગલ જોવા ગયો. તેને તરત તે તલેસમાન ઓળખ્યું અને અજાયબીથી એક સખત હાય મારી પણ તેથી શાહજાદી મનમાં ઘણી ખુશી થઇ. તે બોલ્યો "ઓ નામદાર શાહ એ તલેસમાનની ખુબી વિશે તું શું પુછે છે? અફસોસ! આ તલેસમાનની ખુબીથી હું એવું દુ:ખ ભોગવું છું કે હવે દલગીરી અને અફસોસથી જરૂર થોડા વખતમાં મરી જઇશ કારણ કે જે શાહજાદીનું આ તલેસમાન છે તે શાહજાદી જેવી ખુબસુરત પરી બેહસ્તમાંબી નહીં હશે. હા તે મારી પ્યારી માશુકથી હું આ તલેસમાનને લીધે જુદો પડયો છું—જો તે મારી પ્યારી હવે મને મલશે નહીં તો મારી જીંદગી નીભી શકશેજ નહીં. તમો નામદાર ધીરજથી મારી હકીકત સાંભળશો તો તમારી ખાતરી થશે કે હું કેવો કમનસીબ આશક છું."

આ ઉપરથી શાહજાદી બદુરા જે મરદના લેબાસમાં એક કબટને હઠેલીને ઉભી હતી તે પોતાનો એક હાથ બીજા હાથમાં ભેરવી બોલી કે "તું તારી હકીકત મને કોઇ ફુરસદને વખતે કહી સંભલાવજે, પણ હું આ તેલસમાનને લગતી કાંઇક બીનાં જાણું છું તે તને કેહવાને ખુશી છું. હાં એક પળ તું ઉભો રહે હું તુરતજ પાછો આવું છું."

[જુઓ પાસેના સફાનું ચિત્ર

શાહજાદા કમર-અલ્લ-જમાન ને શાહજાદી બદુરાની વાર્તા.

શાહજાદી બદુરાં મરદાની લેબાશમાં કમર-અલ-જમાન સાંમે ઉભી છે.



"આ ઉપરથી શાહજાદી બદુરા જે મરદના લેબાસમાં એક કબટને હડેલીને ઉભી હતી તે પોતાનો એક હાથ બીજા હાથમાં ભેરવી બોલી કે તું તારી હકીકત કોઈ ફુરસદને વખતે કહી સંભલાવજે." [જુઓ સફો ૩૫૮.

એમ કહી શાહજાદીએ પાસેના ઓરડા જઇ પોતાની પાદશાહી પાઘડી કાહડી નાખી અને એક પળમાં ઓરતનો પોશાક પેહડી, પેલોજ ગલપટો જેમાંથી પેલું તલેસમાન શાહજાદાએ કાહડયું હતું તે ગલે બાંધી, જ્યાં શાહજાદો ઉભો હતો ત્યાં આવી ઉભી.

કમર-અલ-જમાને તેજ ઘડી પોતાની પ્યારી માશુકને ઓલખી. તે તુરત તેણીની તરફ દોડયો અને અતી ઘણા પ્યારથી તેણીને વલગી પડી બગલગીરી કીધી. તે બોલ્યો "હા! હું ત્યાંના શાહનો કેટલો ઉપકારી છું કે જે મારી ઉપર અસાધારણ મેહરબાંની રાખે છે." શાહજાદી તેને પાછી બગલગીરી કરતાં આંખમાં આસું લાવી બોલી કે "હવે તે શાહને તું કદી પાછો જોઇ શકશે નહીં. જો મારી તરફ અને તને તે શાહ દેખાશે. મારા પ્યારા, મારી પાસ બેસ, સર્વે ભેદ હું તને કહી સંભલાઊં છું."

જ્યારે તેઓ સાથે બેઠાં ત્યારે શાહજાદીએ કહ્યું કે "જ્યારે મેં જોયું કે તું એકાએક ગુમ થયો ત્યારે મેં ધાર્યું કે તું જલદી પાછો ફરશે, પણ જ્યારે તેવું દીસ્યું નહીં ને જો તારા ગુમ થવાની વાત આપણા રસાલાનાં માણસોની જાણમાં આવે તો વખતે તેઓ મને હેરાન કરે તેથી મેં તારો પોશાક પેહડી લીધો અને મારી એક દાસીને મારો પોશાક પેહડાવી દીધો. પછી મુશાફરી આગલ ચલાવી અને એબનીના ટાપુઓ ખાતે આવી પુગતાં ત્યાંનાં શાહે મને શાહજાદો કમર-અલ-જમાન સમજી પોતાની બેટી સાથે મારી શાદી કીધી અને પોતાનું રાજપાટ મને સોંપી દીધું." પછી શાહજાદી હાતાલનીફસની ઘણી તારીફ કરી તેણીએ કેવી કેવી મદદ તથા સામેલગીરી આપી તેને નીભાવી લીધી તથા સેવટ સુધી ભેદ સાચવી રાખવાની કાલજી રાખી તે કહી સંભલાવ્યું. છેલ્લે પેલું તલેસમાન ઑલીવના ચરૂઓમાંથી મલી આવવાથી તેને મુરતીપુંજકોના દેશમાંથી કેમ તેડાવી મંગાવ્યો તે વિશે પણ ખોલાશો કીધો.

શાહજાદી બદુરાએ પોતાની હકીકત કહી રહ્યા પછી શાહજાદાને કહ્યું કે "તલેસમાનને લીધે તું કેમ છુટો પડી ગયો અને મુરતીપુંજકોના દેશમાં કેમ જઇ લાગો તે સર્વે હકીકતથી મને વાકેફ કર." શાહજાદાએ પોતાની હકીકત સર્વે કહી સંભલાવી અને તે પુરી કરતાં શાહજાદાએ ફરયાદ કીધી કે તેણીએ તેને આટલો બધો વખત ખરો ભેદ નહીં કહેતાં ઘાટકીપણે થોભાવ્યા કીધો. તેણીએ ખોલાશો કીધો કે પ્રજાનો પ્યાર તારી તરફ વલાણ લે તેટલો વખત તેણીને થોભવાને ફરજ પડી. પછી તે સુખી જોડું ફરી એક વાર ઘણા પ્યારથી ભેટી પડયું.

બીજી સવારે જ્યારે પોહર ફાટો ત્યારે શાહજાદી ઉઠી. હવે તેણીએ પોતાનો મરદાની તેમજ પાદશાહી પોશાક પેહડયો નહીં પણ પોતાનો ઓરતનોજ પોશાક પેહડી રાખ્યો. તેણીએ વડા ખોજાને કહ્યું કે શાહ આરમેનાસ, જે તેણીનો સસરો ગણાતો હતો, તેને તથા રાણીને જઇ કહેવું કે મેહરબાની કરી જરા મારા ઓરડામાં તેઓએ આવી જવું.

જ્યારે શાહ આરમેનાસ તે ઓરડામાં આવી પુગો ત્યારે ત્યાં તેને એક અજાણી સ્ત્રી તથા નવા ખજાનચીને ત્યાં ઉભેલાં જોયાં, ત્યારે તે ઘણો અજાયબ થયો, કે આ ખજાનચી મેહલના ખાનગી ઓરડામાં કેમ દાખલ થયો હશે? તે વિચાર કરવા લાગો કે કોઇબી અમીર ઉમરાવને મેહલના ખાનગી ઓરડા દાખલ થવાનો હોકમ હતો નહીં ત્યારે તે કેમ અત્રે આવી શકયો હશે? જ્યારે તેણે પોતાની બેઠક લીધી ત્યારે તેને સવાલ કીધો કે શાહ કયાં છે?

શાહજાદી બદુરાએ ખુશ આવાજે જવાબ આપ્યો "ઓ નામદાર શાહ આરમેનાસ, ગઇ કાલે હું શાહ હતો, પણ આજે ફકત ચીન દેશની શાહજાદી બદુરા અને ખરો શાહજાદો કમર-અલ-જમાન, જે શાહજમાનનો બેટો થાયછે, તેની હકદાર મોહોરદાર છું. જો તમો નામદાર અમારી હકીકત સાંભલવાની મેહરબાંની કરશો તો તમોને માલમ પડશે કે મેં જે યુક્તી વાપડી હતી તે વાપડવામાં મેં કાંઇ ખરાબ

મતલબ રાખી નહીં હતી." પછી શાહ અરમેનાસને શાહજાદી બદુરાએ પોતાની તેમજ શાહજાદી કમર-અલ-જમાનની તમામ હકીકત કહી સંભલાવી, જે શાહે પેહલેથી છેલ્લે સુધી ઘણી અજાયબી સાથે સાંભલી.

જ્યારે શાહજાદી બદુરાએ પોતાની જીંદગીનો એહવાલ પુરો કીધો ત્યારે બોલી કે "ઓ નામદાર બુલંદ દરજ્જેના શાહ! આપણા ધર્મમાં એકથી વધુ મોહોરદાર કરવાની છુટ છે, તોપણ તે છુટ ઘણાઓને પસંદ પડતી નથી, લેકીન જો તમો નામદાર રજા આપો તો તમારી બેટી શાહજાદી હાતાલનીફ્સ સાથે શાહજાદા કમર-અલ-જમાનની શાદી કરવામાં આવે અને હું મોટી ખુસી સાથે મારો હક, મારો હોધો અને મારો રાણી તરીકેનો ખેતાબ, શાહજાદી હાતાલનીફ્સને સ્વાધીન કરવાને તૈયાર છું અને તેણીને મારી વડી રાણી તરીકે કબુલ રાખી હું પોતે બીજા વર્ગની રાણી તરીકે રેહવાને રાજી છું. જો તેણી આ બધુ કબુલ કરવાને ના પાડશે, તો હું તેણીએ મારી ઉપર જે મેહરબાંની રાખીને મારો ભેદ તકાવી રાખ્યો તેના બદલામાં ઓંહોંસ કરીને એ માન તેણીને આપીશ. જો તમો નામદારને કાંઇ વાંધો નહીં હોય તો શાહજાદી હાતાલનીફ્સને સમજાવવાનું અને કબુલ કરાવવાનું હું માંથે લઉ છું. અને હું પુર આશા રાખું છું કે તેણીની મારી દરખાસ્ત કબુલ કરીને પોતે સુખી થશે એટલુંજ નહીં પણ મનેબી સુખી કરશે."

શાહ આરમેનાસે શાહજાદી બદુરાની વાત ઘણા ધ્યાનથી ખુશી તેમજ અજાયબી સાથે સાંભલી અને જ્યારે તે બોલતી બંધ થઇ ત્યારે તે શાહજાદા કમર-અલ-જમાન તરફ ફરયો અને બોલ્યો કે "મારા પ્યારા બેટા, તારી પ્યારી ધણીઆણી શાહજાદી બદુરાએ જે યુક્તી વાપડી મારા જમાઇ તરીકે મારૂં રાજ ચલાવ્યું તે રાજ તથા મારી બેટીનો હાથ તું કબુલવાને રાજી હોય તો મને તેમ કરવાને કસ્સો વાંધો નથી. જે ચંચલાઇથી શાહજાદી બદુરાએ મારૂં રાજ આજસુધી ચલાવ્યું છે તેથી તેની જીંદગીના છેડા સુધીબી જો તે મારૂં રાજ ચલાવે તો તેમ કરવાને તે પુરતી શક્તી-વાન દેખાય છે." કમર-અલ-જમાને જવાબ આપ્યો કે "ઓ નામદાર શાહ, મારા પ્યારા બાપને મલ-વાની મારી ગમે એટલીબી ઇચ્છા હોય તો પણ તમો નામદારની મારી ઉપરની તેમજ મારી પ્યારી બદુરા ઉપરની બેહદ મેહરબાંની તથા ઉપકારના ભાર તલે હું એટલો દબાઇ ગયો છું કે તમો નામદારની મરજી પ્રમાણે કરવાને હું તદન રાજી છું."

હવે શાહજાદા કમર-અલ-જમાનને એબનીના ટાપુઓના પાદશાહ તરીકે જાહેર કરવામાં આવ્યો, ને શાહજાદી હાતાલનીફ્સને મોટા દબદબા સાથે શાહજાદા કમર-અલ-જમાન સાથે પરણાવી આપવામાં આવી અને આ નવી રાણીનાં સારા સ્વભાવ, ઉત્તમ ખુબસુરતી અને ખરા પ્યારથી શાહ કમર-અલ-જમાન સુખી જીંદગી ગુજારવા લાગો.

રાણી બદુરા અને રાણી હાતાલનીફ્સ બંને સલાહ સંપજ અને એકદીલીથી રેહવા લાગ્યાં તેમજ શાહ કમર-અલ-જમાનબી બંને તરફ એકસરખું દીલ રાખી તેઓ સાથે પ્યારથી વરતતો હતો.

આ બંને રાણીઓએ તેજ વરસમાં અને એકજ વખતે બે ખુબસુરત બેટાઓનો જણુમ આપ્યો તેથી એબનીના ટાપુઓમાં મોટી ખુશાલીમાં પંઠરાઇ રહી. રાણી બદુરાએ જે છોકરાનો જણુમ આપ્યો તે છોકરાનું નામ શાહ કમર-અલ-જમાને **"અમગીયાદ"** યાને **ઘણોજ ફતેહમંદ**, કરી રાખ્યું અને રાણી હાતાલનીફ્સે જે બેટાંને જણુમ આપ્યો તેનું નામ **"આસાદ"** યાને **ઘણો સુખી** કરીને રાખ્યું.

પેહલું પુસ્તક સમાપ્ત.